ચોથી શ્રેણી

પુસ્તક–૬૬

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯
શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે
થી
તા.૨૫મી જુલાઇ, ૨૦૧૯
શ્રાવણ ૩, ૧૯૪૧ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના  અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

| પુસ્તક–૬૬ | અ નુ ક્ર મ ણિ કા | ચોથી શ્રેણી | |
|---|---|---|---|
| | વિષય | પાના નંબર | |
| | | | |
| | | | |
| તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯ શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે (પ્રથમ બેઠક) | | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૧ | ૪૦ |
| | | | |
| તા.૨૩મી જુલાઇ, ૨૦૧૯ શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે(બીજી બેઠક) | | | |
| | તારાંકિત પ્રશ્નો | ૪૧ | ૫૩ |
| | અતારાંકિત પ્રશ્નો | ૫૪ | ૧૮૦ |
| | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૮૧ | ૧૮૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૧૮૨ | ૨૧૨ |
| | | | |
| તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯ શ્રાવણ ૨, ૧૯૪૧ શાકે | | | |
| | તારાંકિત પ્રશ્નો | ૨૧૩ | ૨૨૫ |
| | અતારાંકિત પ્રશ્નો | ૨૨૬ | ૩૬૧ |
| | ચૌદમી અતારાંકિત યાદી | ૩૬૨ | ૩૯૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૩૯૧ | ૪૦૩ |
| | ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ૨૦૧૮ | ૪૦૪ | ૪૧૧ |
| | ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૮ | ૪૧૨ | ૪૧૭ |
| | ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર બાબત વિધેયક, ૨૦૧૮ | ૪૧૮ | ૪૨૨ |
| | | | |
| તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯ શ્રાવણ ૩, ૧૯૪૧ શાકે | | | |
| | તારાંકિત પ્રશ્નો | ૪૨૩ | ૪૩૪ |
| | અતારાંકિત પ્રશ્નો | ૪૩૫ | ૫૫૩ |
| | તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) | ૫૫૪ | ૫૫૪ |
| | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૫૫ | ૫૫૫ |
| | ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૯ | ૫૫૬ | ૫૬૬ |
| | ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૫૬૭ | ૫૯૧ |
| | ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા)વિધેયક, ૨૦૧૯ | ૫૯૨ | ૫૯૮ |
| | ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૯ | ૫૯૯ | ૬૦૭ |

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯**

**શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**માગણી ક્રમાંક – ૯૨**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૩,૭૯,૭૧,૩૨,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪,૧૩,૫૪,૨૭,૦૦૦/-ની માગણી ક્રમાંક – ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૯૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન.ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક – ૯૫**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૧,૧૦,૯૭,૫૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬,૧૮,૮૬,૫૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૯૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક – ૭૦**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

શ્રીજયદ્રથસિંહજી ચં. પરમાર(પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૯૨,૬૯,૫૫,૦૦૦/–ની માગણી ક્રમાંક –૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક :૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક :૩૭ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્ત રજૂ કરે અને પછી હાજર ના રહે તો કંઇક દંડ રાખવો જોઇએ. દંડ ભલે નોમીનલ હોય પણ દંડ એના નામે લખાય.

**માગણી ક્રમાંક–૨૭**

વન અને પર્યાવરણ વિભાગ

શ્રીજયદ્રથસિંહજી ચં. પરમાર(વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૭,૪૭,૧૧,૦૦૦/– ની માગણી ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૮ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૯–૨૦૨૦**ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **મંગળવાર, તા.૨૩–૭–૨૦૧૯(પહેલી બેઠક)(દસમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

| | | | | |
|---|---|---|---|---|
| **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં.૯૨** | | | | |
| **૧** | ૨૨૨૫– અનુસૂચિત....કલ્યાણ<br>૦૩– પછાત...કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૭,૨૨,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૧)<br>પાના નં. ૯ થી ૧૨ | ૧૦૦ | પછાત વર્ગોના કલ્યાણ માટે બજેટમાં પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર<br>(અજીતસિંહ ચૌહાણ) |
| **૨** | – – " – – | ૧૦૦ | પછાત વર્ગોના લાભાર્થીઓને મળવાપાત્ર લાભો સરળતાથી મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી લાખાભાઈ ભરવાડ<br>(ચંદનજી ઠાકોર) |
| **૩** | – – " – – | ૧૦૦ | પછાત વર્ગના લોકોને જાતિના પ્રમાણપત્રો સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી વિક્રમભાઈ માડમ<br>(સુનિલભાઈ ગામીત) |
| ***૪** | – – " – – | ૧૦૦ | પછાત વર્ગોમાં વ્યાપેલ દુષણો નાબૂદ કરવા જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી ભરતજી ઠાકોર<br>(નિરંજન પટેલ) |
| **૫** | – – " – – | ૧૦૦ | આર્થિક રીતે નબળા વર્ગના લોકોને આવકના દાખલા સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી સોમાભાઈ કોળીપટેલ<br>(જશપાલસિંહ પઢિયાર) |
| ***૬** | – – " – – | ૧૦૦ | ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસના લાભાર્થીઓને નિયમાનુસાર લાભ મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી હર્ષદકુમાર રીબડિયા |
| **૭** | ૨૨૨૫– અનુસૂચિત....કલ્યાણ<br>૦૩– પછાત...કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૭,૨૨,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૧)<br>પાના નં. ૯ થી ૧૨ | ૧૦૦ | પછાત વર્ગોના બોર્ડ નિગમો માટે પૂરતી બજેટ જોગવાઈ કરવા છતાં લાભાર્થીઓને જરૂરી સવલત આપવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી પુંજાભાઈ વંશ<br>(રાજેશકુમાર ગોહિલ) |
| **૮** | – – " – – | ૧૦૦ | પછાત વર્ગોના લોકોનો આર્થિક વિકાસ ઝડપથી થાય તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા। | શ્રી અંબરીષ ડેર<br>(ગેનીબેન ઠાકોર) |
| ***૯** | – – " – – | ૧૦૦ | પછાત વર્ગોના કુમાર અને કન્યા છાત્રાલયોને પુરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી પ્રવિણભાઈ મારૂ<br>(વિમલભાઈ ચુડાસમા) |
| **૧૦** | ૨૨૨૫– અનુસૂચિત...કલ્યાણ<br>૨૮૩–આવાસન<br>૦૧– ઓબીસી–૧૪<br>પંડિત...યોજના<br>રૂ.૮૮,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ–૧),<br>પાના નં. ૨૫ | ૧૦૦ | પંડિત દિન–દયાળ આવાસ યોજનાનો લાભ તેના લાભાર્થીઓને સત્વરે મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી કાન્તીભાઈ ખરાડી<br>(નથાભાઈ પટેલ) |
| **૧૧** | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૦૪–લઘુમતિઓનું કલ્યાણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૧,૬૧,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪(ભાગ– ૧),<br>પાના નં. ૨૯ અને ૩૦ | ૧૦૦ | લઘુમતિ સમાજ માટે બજેટમાં ફાળવવામાં આવતી રકમમાં જરૂરી વધારો કરવા અને કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમનો પુરેપુરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા। | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ***૧૨** | – – " – – | ૧૦૦ | લઘુમતિ સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પુરતી સહાય અને સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા। | શ્રી મહમદજાવીદ પીરઝાદા |

| | | | | |
|---|---|---|---|---|
| **૧૩** | – – " – – | ૧૦૦ | લઘુમતિ સમાજના ઈસમોને રોજગારી મળી રહે તે માટે જરૂરી આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ***૧૪** | ૨૨૩૫–સામાજીક....કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૧૦૧– વિકલાંગોનું કલ્યાણ<br>૦૧–S SW–05 વિકલાંગ કલ્યાણ<br>રૂ. ૧,૬૦,૫૧,૫૭,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪(ભાગ– ૧)<br>પાના નં. ૪૮ અને ૪૯ | ૧૦૦ | વિકલાંગોના કલ્યાણ માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઈ ચૌધરી |
| **૧૫** | – – " – – | ૧૦૦ | વિકલાંગોના પુન:વસન માટે ઝડપી કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| **૧૬** | ૨૨૩૫–સામાજીક....કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૧૦૧– વિકલાંગોનું કલ્યાણ<br>૦૧–S SW–05 વિકલાંગ કલ્યાણ<br>રૂ. ૧,૬૦,૫૧,૫૭,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪(ભાગ– ૧)<br>પાના નં. ૪૮ અને ૪૯ | ૧૦૦ | સંત સુરદાસ પેન્શન યોજના અન્વયે મળતા લાભ ઝડપથી અને નિયમીત રીતે મળે તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઈ સોલંકી |
| **૧૭** | ૨૨૩૫–સામાજીક....કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧– SSW –23 ભિક્ષુકો...ઉત્કર્ષ<br>રૂ. ૧૧,૭૮,૮૮,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪(ભાગ– ૧)<br>પાના નં. ૬૮ અને ૬૯ | ૧૦૦ | ભિક્ષુકોના પુન:વસન માટે તેમજ ભિક્ષુક ગૃહમાં જરૂરી સવલત પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| **૧૮** | – – " – – | ૧૦૦ | વૃદ્ધો, અશકત અને નિરાધારોનું કલ્યાણ કરતી યોજનાઓની અમલવારી સમયસર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ***૧૯** | ૨૨૩૫–સામાજીક....કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૨– SSW -13 તૃતિય....પેન્શન<br>રૂ. ૭,૮૬,૬૧,૭૯,૦૦૦<br>અં.પ્ર. નં.૨૪(ભાગ– ૧)<br>પાના નં. ૬૮ થી ૭૦ | ૧૦૦ | તૃતિય જાતિની વ્યકિતઓને અપાતા પેન્શનની વિગતવાર માહિતી જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ***૨૦** | ૨૨૩૫–સામાજીક....કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૧૦૨– બાળ કલ્યાણ<br>૦૩–SSW -04<br>સંકલિત....યોજના<br>રૂ. ૪૩,૧૨,૩૬,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪(ભાગ– ૧)<br>પાના નં. ૫૪ થી ૫૭ | ૧૦૦ | ચિલ્ડ્રન હોમમાં નાના બાળકોને ત્રાસ આપનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| | | **માગણી નં. ૯૫** | | |
| ***૨૧** | ૨૨૨૫–અનુસૂચિત...કલ્યાણ<br>૦૧–અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– સમાજ...કચેરી | ૧૦૦ | દલિતો ઉપર થતા અત્યાચાર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૭,૨૦,૦૩,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪(ભાગ-૨)<br>પાના નં. ૮૭ અને ૮૮ | | | |
| ૨૨ | - - " - - | ૧૦૦ | દલિતોના સ્મશાનગૃહો અલગ ફાળવવાની નીતિ રદ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| *૨૩ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૧-અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- સમાજ...કચેરી<br>રૂ. ૭,૨૦,૦૩,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૪(ભાગ-૨)<br>પાના નં. ૮૭ અને ૮૮ | ૧૦૦ | દલિતો ઉપર થતા અત્યાચાર સામે તેમના પરિવારોને પૂરતુ રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પૂનમભાઈ પરમાર |
| ૨૪ | - - " - - | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં દલિત પરીવારોના લગ્નના વરઘોડા ઉપર થતા હુમલા અટકાવી ગ્રામજનો સાથે સમજાવટથી કામ લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |
| ૨૫ | - - " - - | ૧૦૦ | દલિતોનો આર્થિક વિકાસ ઝડપી બને તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૨૬ | - - " - - | ૧૦૦ | દલિત પરિવારના વૃધ્ધ, અશકતોને જરૂરી પેન્શન આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| *૨૭ | - - " - - | ૧૦૦ | દલિતોના બાળકોને શાળામાં મધ્યાહન ભોજન વખતે દૂર બેસાડવામાં આવે છે તે અટકાવવા જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૭૦** | | | | |
| ૨૮ | ૨૫૧૫- અન્ય....કાયક્રમો<br>૧૦૧- પંચાયતી રાજ<br>રૂ. ૫,૦૨,૫૩,૧૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯,<br>પાના નં. ૪૯ થી ૫૪ | ૧૦૦ | પંચાયતોના ગેરકાયદેસરના દબાણો દુર કરવામાં થતા વિલંબ માટે જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા (કાળાભાઇ ડાભી) |
| ૨૯ | --- " --- | ૧૦૦ | જીલ્લા પંચાયત હસ્તકની શૈક્ષણિક કચેરીઓમાં થતી ગેરરીતિઓ માટે જવાબદારો સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત (અમિત ચાવડા) |
| ૩૦ | --- " --- | ૧૦૦ | જીલ્લા પંચાયતોની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર (મહેશકુમાર પટેલ) |
| ૩૧ | --- " --- | ૧૦૦ | ગ્રામ પંચાયતોના કથળતા વહીવટ માટે જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા (બાબુભાઇ વાજા) |
| ૩૨ | --- " --- | ૧૦૦ | પંચાયતોમાં આઉટ સોર્સીંગથી થતી કામગીરી બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષીયારા (ચંદ્રીકાબેન બારીયા) |
| ૩૩ | --- " --- | ૧૦૦ | પંચાયતોના પ્રમુખોને મળવાપાત્ર સ્વવિવેકાધીન ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર (પ્રવિણભાઇ મુસડીયા) |
| *૩૪ | ૨૨૧૫- અન્ય...કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>૦૧- C D P વિકાસ આયુક્ત<br>રૂ.૮,૩૪,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯,<br>પાના નં. ૫૫ અને ૫૬ | ૧૦૦ | સભ્યોને ગેરલાયક ઠરાવવાની કામગીરીમાં થતો ભેદભાવ અને વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.સી.જે.ચાવડા (કાંતિભાઇ સોઢાપરમાર) |
| *૩૫ | --- " --- | ૧૦૦ | ગ્રામસભામાં થયેલ ઠરાવ મુજબના કામો કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા (જીતુભાઇ ચૌધરી) |
| *૩૬ | --- " --- | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળાઓ પાછળ થતા ખર્ચાઓ પર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ (લલીતભાઇ કગથરા) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭ | --- " --- | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળામાં અપાતી કીટોની નીચી ગુણવત્તા અંગે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા (શીવાભાઇ ભુરીયા) |
| | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૭** | | |
| *૩૮ | ૨૨૧૫- પાણી....સ્વચ્છતા<br>૦૨- ગટર....સ્વચ્છતા<br>૧૦૬- વાયુ...નિવારણ<br>રૂ. ૧૪,૨૮,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં.૮,પાના નં. ૮ અને ૯ | ૧૦૦ | ઔદ્યોગિક એકમો દ્વારા ફેલાતા પ્રદૂષણને ડામવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અક્ષયકુમાર પટેલ |
| ૩૯ | --- " --- | ૧૦૦ | પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કચ્છ જીલ્લામાં ગેરકાયદેસર ધમધમતા ટાયર પાઇરોલિસીસ ઓઇલ પ્લાન્ટ દ્વારા ફેલાતા પ્રદૂષણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રધુમનસિંહ જાડેજા (સંતોકબેન આરેઠીયા) |
| *૪૦ | --- " --- | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નબળી કામગીરીને કારણે વધતા જતા પ્રદૂષણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઇ જોષી |
| ૪૧ | --- " --- | ૧૦૦ | સોલીડવેસ્ટ મેનેજમેન્ટ અન્વયે પર્યાવરણ જાળવણીમાં થતી ક્ષતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| *૪૨ | --- " --- | ૧૦૦ | મોટા શહેરોમાં ઉભા કરાતા ગેરકાયદેસર મોબાઇલ ટાવરોને કારણે પર્યાવરણને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૪૩ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં આવેલ સિમેન્ટ પ્લાન્ટના કારણે થતા પ્રદૂષણથી ખેતરની ફળદ્રુપ જમીનો પર થતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે.વી.કાકડીયા |
| *૪૪ | ૨૨૧૫- પાણી....સ્વચ્છતા<br>૦૨- ગટર....સ્વચ્છતા<br>૧૦૬- વાયુ...નિવારણ<br>રૂ. ૧૪,૨૮,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં.૮,પાના નં. ૮ અને ૯ | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ચેતનવંતુ બનાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દૂધાત |
| ૪૫ | --- " --- | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નબળી કામગીરીને લીધે રાજયની મોટાભાગની નદીઓ પ્રદૂષિત બનતી જાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજેશ મેરજા |
| *૪૬ | --- " --- | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને વ્યાપક સત્તાઓ મળી હોવા છતાં વધતા જતા પ્રદૂષણને રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મંગળભાઇ ગાવિત |
| *૪૭ | --- " --- | ૧૦૦ | કેનાલો અને ડેમોમાં કેમીકલ્સયુક્ત પાણી છોડાતું બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા |
| ૪૮ | --- " --- | ૧૦૦ | રાજ્યમાં પ્રદૂષણ વધારનાર ટેન્કરો પકડાયા બાદ તેમની સામે કડક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રીઃ હવે રજૂ થયેલ માગણીઓ અને તેના પર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં તા.૧-૪-૧૯૭૮ થી બક્ષીપંચની ભલામણનો સ્વીકાર કરવામાં આવ્યો છે. લગભગ આજની તારીખે બક્ષીપંચની અંદર ૧૪૭ જ્ઞાતિઓનો સમાવેશ થયો છે અને ગઇ લોકસભાની ચૂંટણીમાં સ્પેશિયલ કેટેગરીમાં એક બીજા સમાજનો સમાવેશ કરી કુલ ૧૪૭ જ્ઞાતિઓનો સમાવેશ થયો છે અને લગભગ હું માનું છું ત્યાં સુધી આ રાજ્યની

અંદર ૫૪% જેટલી વસતિ ઓ.બી.સી. સમાજની આવેલી છે. ૫૪% જેટલી વસતિ હોય એ વસતિના ધોરણે બજેટ ફળવાતું નથી. રાજ્યમાં ઓ.બી.સી. સમાજના વિકાસના બજેટમાં રૂ.૧૪૫૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. ભલે રૂ.૧૪૦૦૦ની જગ્યાએ રૂ.૨૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવે એમાં વાંધો હોઇ શકે નહિ. પરંતુ આ આખા વિભાગમાં ૪૨૧૨ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે અને એમાંય ફક્ત ઓ.બી.સી સમાજની વાત કરવામાં આવે તો ૫૪–૫૫% ઓ.બી.સી. સમાજની વસતી આ રાજ્યમાં હોવા છતાંય આ સમાજો માટે રૂ.૧૯૦૦ કરોડની જોગાવાઇ કરી આ ૫૪% વસતિને આ રાજ્યની અંદર મોટામાં મોટો અન્યાય થયો હોય તો આ બજેટની અંદર થયેલો દેખાય છે. ખાસ કરીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયના બાંધકામ માટે ફક્ત રૂ.૪ લાખની સહાય આપવામાં આવે છે. વધુમાં વધુ જે ૧૯૯૮થી અમલમાં છે. એમાં આજ દિન સુધી કોઇ વધારો કરવામાં આવ્યો હોય એવું અમને દેખાતું નથી. એથી આગળ વધીને વાત કરું તો કેન્દ્ર સરકાર તરફથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની હોસ્ટેલ બનાવવા સારુ ૨૦૧૩–૧૪માં રૂ.૨૨૬.૫૦ કરોડની કેન્દ્રમાંથી આપણને સહાય મળી. ૨૦૧૩–૧૪ પછી કેન્દ્ર સરકારમાંથી આ જે સહાય મળતી હતી એ આજ દિન સુધી બંધ થઇ ગઇ. આ પ્રશ્નનો જવાબ સરકારને આપેલો છે. રાજયમાં બક્ષીપંચના છાત્રાલયો, આશ્રમશાળાઓની સગવડતા ખૂબ ઓછી છે ત્યારે હું સરકારને વિનંતી કરું છું કે રાજયની અંદર આટલી ૫૪ ટકા વસ્તી હોય તો ઓ.બી.સી.ના દીકરા, દીકરીઓ ભણી શકે એની વ્યવસ્થા દિવસે દિવસે તમારે વધારે કરવી જોઇએ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વકીલોના વ્યવસાય માટે ફકત ૫૦૦૦ રૂપિયાની સહાય, ૭૦૦૦ની લોન અને ડોકટર બનવા માટે રૂ.૫૦૦૦૦ની સહાય અને રૂ.૪૦૦૦૦ની લોન ૪ ટકા વ્યાજે આપવામાં આવે છે. આ બહુ ઓછી રકમ કહેવાય. ડોકટર બનવામાં બહુ મોટો ખર્ચ થાય છે. બક્ષીપંચને જયારે અન્યાય થતો હોય ત્યારે આ રકમ વધારી અને બક્ષીપંચના બાળકોને ખૂબ લાભ થાય એના માટે હું આપને વિનંતી કરું છું. આટલી બધી વસ્તી ઓ.બી.સી.ની જયારે આ રાજયની અંદર હોય તો શેના માટે તમે એનો અલગ વિભાગ ઉભો કરતા નથી? જેમ બીજા વિભાગો છે એમ ઓ.બી.સી.નો અલગ વિભાગ ઉભો થાય એવી વિનંતી સરકારને હું કરું છું. આ રાજયની અંદર બક્ષીપંચની ઘનિષ્ઠ વસ્તી ધરાવતા લગભગ હું માનું છું ત્યાં સુધી ૧૩૯ તાલુકાઓ છે તો એવા તાલુકાઓમાં સ્વતંત્ર કચેરીઓ શરૂ કરી અને આ સમાજને લાભ આપવા માટે સરકારે પહેલ કરવી જોઇએ. કેન્દ્રના ધોરણે ગુજરાત સરકારે  ક્રિમીલેયર સર્ટિફિકેટ માટે રૂ. ૬ લાખની જે વાર્ષિક આવકની મર્યાદા કરેલી છે એ મર્યાદા વધારીને ઓ.બી.સી.ના બાળકો માટે ૮ લાખ રૂપિયાની મર્યાદા કરવી જોઇએ. કેન્દ્ર સરકાર, રાજય સરકાર, બક્ષીપંચ વિકાસ નિગમની યોજનાઓ, સમીક્ષા માટે સ્ટેટ લેવલે મોનીટરીંગ તંત્ર ઉભું કરી આ સમાજને લાભ આપવો જોઇએ. આ તબકકે હું તત્કાલીન મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીને યાદ કરીશ. આ રાજયના મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ આ રાજયની અંદર ૨૭ ટકા અનામત દાખલ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીની ગાદી પણ છોડેલી. જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે ત્યારથી આ રાજયની અંદર તમામે તમામ બાબતોમાં ધારાસભ્યોની ભરતી થાય, મંત્રીની ભરતી થાય તમામે તમામ ભરતીઓ આમથી તેમ થયે જતી હોય છે પણ ઓ.બી.સી.ના બાળકોની નોકરીમાં કયારેય ભરતી થતી નથી એવું પ્રથમ દ્રષ્ટિએ દેખાય છે. ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓની જી.પી.એસ.સી. વર્ગ–૧, ૨ ની ભરતી જયારે થતી હોય છે ત્યારે એ વધારે માર્કે પસંદ થઇ અને એમની પસંદગી થતી હોય છે ત્યારે એ ઓરલમાં જાય ત્યારે એના ઉપર *(xxx) રાખી ઓરલમાં ઓછા ટકા આપી અને એના વિદ્યાર્થીઓને *(xxx) કરવાનું કામ આ રાજયના અધિકારીઓ દ્વારા થતું હોય છે.

અધ્યક્ષશ્રી : *(xxx) અને *(xxx)શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી બળદેવજી  ચં. ઠાકોર : ગુજરાત રાજયના આર્થિક વિકાસ નિગમ, ઠાકોર અને કોળી વિકાસ નિગમ બનેલું છે એમાં ૧૩, ૧૪ કરોડ રૂપિયાની રકમ ફાળવીને આ નિગમને બહુ મોટો *(xxx) કરવામાં આવ્યો છે. તેર, ચૌદ કરોડ રૂપિયા તમે ગણો તો ફકતને ફકત વહીવટમાં જતા રહે.

અધ્યક્ષશ્રી : ન્યાય કરવામાં આવેલ નથી એમ કહો. *(xxx)શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી બળદેવજી  ચં. ઠાકોર : એ જે રૂપિયા ફાળવેલા છે એ ઠાકોર અને કોળીના દીકરા, દીકરીઓને કામ આવતા નથી. આ રાજયની અંદર સૌથી વધારેમાં વધારે જો બેકલોગની જગ્યા ભરવાની બાકી હોય તો તે ઓ.બી.સી. વિભાગમાં ભરવાની બાકી છે. સરકારને વિનંતી કરું છું કે આવી બેકલોગની જગ્યાઓ ભરી. ઓ.બી.સી.ના બાળકોને તમે નોકરીમાં મદદરૂપ થાવ તેવી વિનંતી કરું છું. આ રાજયની અંદર ઓ.બી.સી. સમાજના ખેતમજૂરો અને ગણોતહક્કની જે જમીનો મળેલી હતી, તેને નવી જૂની કરી આ સરકારની નીતિઓના કારણે તમામે તમામ જમીન ઓ.બી.સી.ની આજે વેચાતી થઇ ગઇ. આપના દ્વારા સરકારશ્રીને વિનંતી કરવા માગું છું કે ભરતી મેળા કરી તમે ભલે ધારાસભ્યો અને એમ.પી. ની ભરતી કરો એની સાથે અમને વાંધો ન હોઇ શકે, પરંતુ આ ઓ.બી.સી. સમાજ માટે આ વિભાગના સમાજ માટે છૂટ છે. અમે તમને અટકાવી નહિ શકીએ. આ ગુજરાતના એક યુવાન નેતા કહેતા હતા કે ઓ.બી.સી. નેતા એવું  કહેતા હતા કે ગુજરાતનો નાથ હું નક્કી કરીશ. અમારામાં ગુજરાતનો નાથ નક્કી ન કરી શક્યા. એ ગુજરાતનો નાથ નક્કી કરવા તમારામાં આવ્યા છે. એ હવે તમે નક્કી કરશો કે ગુજરાતનો નાથ કોણ નક્કી કરવાનો છે. મારે બીજી વાતોમાં પડવું નથી. હું એટલું ચોક્કસ કહીશ કે *(xxx)...

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આ શબ્દ કાઢી નાખવામાં આવે છે. આ જાતિભેદની વાત છે. પ્લીઝ, ફરી કરશો નહીં.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું પંચાયત વિભાગની વાત કરવા માગું છું. જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આ રાજ્યની અંદર આવ્યું છે, ત્યારથી પંચાયત વિભાગના તમામે તમામ પદાધિકારીઓ ઉપર તરાપ મારવાની કામગીરી ચાલી છે. સરપંચોના અધિકારો લઇ લેવાના, તાલુકા પંચાયતા, જિલ્લા પંચાયતના પ્રમુખના અધિકારો લઇ લેવાના, તમામે તમામ પંચાયતોના અધિકારો લઇ સરકારે પંચાયત ઉપર તરાપ મારવાની કામગીરી કરી છે. તમામે તમામ ગ્રામ પંચાયતની અદર મોટા ભાગે ગૌચર અને તળાવના દબાણો કરવામાં આવેલ છે. હું મારા વિસ્તારની વાત કરું તો મોટા મોટા ઉદ્યોગપતિઓએ વારંવાર રજૂઆત કરવા છતાં તળાવો, ગૌચરના દબાણો કરેલ છે. સંકલ્પની અંદર પ્રશ્ન પૂછેલ છે. આજદિન સુધી એવા ઉદ્યોગપતિઓને છાવરવામાં આવ્યા છે. એમની ફેક્ટરીમાં, કારખાનામાં બનેલ તળાવો અને ગૌચરોના કરેલ દબાણો આજ દિન સુધી સરકાર દૂર કરવામાં ઉણી ઉતરી છે. સમગ્ર દેશની અંદર આપણા વડાપ્રધાને સ્વચ્છતાના નામે એક અભિયાન ચલાવ્યું છે. અમારા કલોલ તાલુકામાં ૧૦૦ ટકા એની સફળતા મળી છે એવું સરકાર કહે છે, પણ કલોલ તાલુકામાં શૌચાલયો બનાવ્યા સિવાય ચૂકવણી કરવાના ઘણા બધા કિસ્સાઓ આજે ધ્યાનમાં આવ્યા છે. એની ઉપર તપાસ પણ ચાલી છે. તપાસની અંદર શૌચાલયો બન્યા નથી અને પૈસા ઉપડી ગયા છે, એવા દાખલા અમારા જિલ્લામાં, કલોલ અને ગાંધીનગર જિલ્લામાં બન્યા છે. તમે શૌચાલયની વાત કરો છો, ભારત સ્વચ્છતાની વાત કરો છો, પણ જ્યારે આવા બનાવો બને છે, ત્યારે સરકારને પણ ચિંતા કરવાની જરૂર છે. જાતિ આવકના દાખલા માટે સરકાર તરફથી જે સિસ્ટમ ઉભી કરવામાં આવી છે, એના કારણે વિદ્યાર્થીઓને વારંવાર ધક્કા ખાવા પડે છે. એવી સિસ્ટમ ઉભી કરો કે આપણા વિદ્યાર્થીઓને જાતિ આવકના દાખલા માટે મહેરબાની કરીને તકલીફ ન પડે એવી ચિંતા આપણે બધાએ કરવી પડશે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત..

અધ્યક્ષશ્રી : આપનું વ્યક્તવ્ય પૂરું થાય છે.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી,

''બૂઝતે દિયો કો જલાને કે લીયે જીએ.
ગીરતે હુએ કો ઉઠાને કે લીએ જીએ,
અપને લીયે જીએ તો કયોં જીએ''.

હું આ પંક્તિ સાથે આ માગણી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી લઇને આવ્યા છે, તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

વિશ્વની સોથી મોટી લોકશાહી ભારતીય લોકશાહી અને વિશ્વનું સૌથી શ્રેષ્ઠ બંધારણ એટલે આપણા ભારત દેશનું બંધારણ અને એના રચયિતા એટલે વિશ્વ વિભૂતિ અને ભારત રત્ન ડો.બાબા સાહેબ આંબેડકર. બાબા સાહેબના ૩ મંત્ર હતાઃ શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો. શિક્ષણની વાત આવે ત્યારે કહેવું છે ગરીબ પરિવાર હોય, બાળકો હોંશિયાર હોય, પણ પૈસા ન હોય એટલે સારી સ્કૂલમાં મૂકી શકતા ન હોય. માનનીય અધ્યક્ષશ્રી, વિદેશ જવું હોય પણ પરિસ્થિતિ ન હોય, આ બધું હવે ભૂતકાળ થઇ ગયું છે. ગરીબોની આ વેદના અમારી ભાજપની સરકારે સમજી છે. ત્યારે મારે કહેવું છે કે, વડોદરા સંસ્કારી નગરી અને કહેવાય છે કે સર સયાજીરાવ ગાયકવાડની નગરી છે. આપણા સંવિધાનના રચયિતા ડૉ.બાબાસાહેબ આંબેડકરને વિદેશ જવું હતું ત્યારે મહારાજાએ એમને સ્કોલરશિપ આપી અને વિદેશ ભણવા મોકલ્યા.

અધ્યક્ષશ્રી : વડોદરાના મહારાજ એવું કહો ને..

શ્રીમતી મનીષા વકીલ : વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને બહાર ભણવા મોકલ્યા અને તેમાંથી પ્રેરણા લઇને ભારતીય જનતા પાર્ટીની સરકારે ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોનની યોજના શરૂ કરી. તેમાં રૂ.૧૫ લાખની લોન આપીને આર્થિક મદદરૂપ થવા આવા બાળકોને મદદ કરી છે અને ચાર ટકાના વ્યાજે લોન મળે છે. આજે લગભગ દસ વર્ષથી આ યોજનામાં રૂપિયા ૧૪૬ કરોડનો ખર્ચ કરીને ૧૧૨૦ વિદ્યાર્થીઓને વિદેશ મોકલ્યા છે. મારા વિસ્તારની વાત કરું તો એક ગરીબ કુટુંબ કે જે કપડાં વેચવાવાળાભાઇ છે તેઓ એક દિવસે મારી પાસે આવ્યા. તેમની દીકરી ખૂબ હોંશિયાર અને તેણે કોમ્પ્યુટરમાં ડિગ્રી મેળવી. તેની વિદેશ જવાની ઝંખના હતી. ત્યારે મારી પાસે આવ્યા અને મેં તેમને આ યોજનાની જાણકારી આપી અને તેમને માત્ર ત્રણ જ સપ્તાહમાં રૂપિયા પંદર લાખનું ધિરાણ ચાર ટકાના દરે મળ્યું અને મારે આજે ગર્વ સાથે કહેવું છે કે, આજે તે અનીષા વાઘેલા નામની દીકરીને ત્યાં સરસ જોબ મળી છે. એમેઝોન કંપનીમાં જોબ મળી છે અને તેને હવે ત્યાંની સિટીઝનશીપ મળવાની છે. ત્યારે મને ખૂબ હર્ષની લાગણી થાય છે. કેમ કે તે વડોદરાની દીકરી છે. તેવી રીજે બીજી એવી દીકરી પીયલ મકવાણા તે જયોર્જ મેસિયન યુનિવર્સિટી વોશિંગ્ટન ડી.સી.માં હાલમાં અભ્યાસ કરી રહી છે. ટૂંક સમયમાં તેને પણ ત્યાંની સિટીઝનશીપ પ્રાપ્ત થશે. મને મારા આ સમાજની દીકરીઓ ઉપર અને સરકાર પર ગર્વ થાય છે કે, સમાજના છેવાડાના માણસને મદદરૂપ થાય છે. જયારે બાળકો નાના હોય, આકાશમાં પ્લેન ઉડતા જુએ ત્યારે ખૂબ ખુશ થાય છે. જયાં સુધી પ્લન અદ્રશ્ય ના થઇ જાય ત્યાં સુધી માથુ ઉંચકીને પ્લેનને જોયા જ કરે. એવી જ રીતે ગામમાં કોઇ લક્ઝુરીયસ ગાડી આવે ત્યારે તે ગાડીની આજુબાજુમાં દોડતા હોય. આજુબાજુના લોકો ભેગા થઇ જાય અને તે ગાડી જુએ. આખું ગામ તે ગાડી જોવા ભેગું થઇ જાય. બાળકો બે-પાંચ રૂપિયાની પ્લાસ્ટિકની ગાડી અને પ્લેનના રકમડાં જોઇને રાજી થઇ જતા હોય છે. આ બધા સીન મેં પહેલાં કહ્યું કે જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારની વાત છે. આ પરિસ્થિતિ કોંગ્રેસની સરકાર હતી ત્યારે હતી. અમારી

સરકાર આવી અને આ પરિસ્થિતિએ કરવટ બદલી. સામાજિક અને આર્થિક બદલાવ આવ્યા. આજે ગામડાંના બાળકો પણ સારુ શિક્ષણ પ્રાપ્ત કરે છે. મને કહેતાં આનંદ થાય છે કે, સરકારની કોમર્શિયલ પાયલોટની યોજના દ્વારા ૨૫(પચ્ચીસ) લાખ રૂપિયાની સહાયથી પાયલોટ બનવાનું બાળકોનું સપનું પૂરું થયું છે. આટલી બધી યોજનાઓ બધા જ વિભાગમાં છે. તે લોકો માટે હોય છે. કોંગ્રેસના ભાઇઓને આ ગમતું નથી એટલે જ મારે તેમને કહેવું છે કે, ''વરસી વરસીને અમે થાકી ગયા તોંયે તમે કયાં લીલાછમ થાઓ છો? મૂળનું તો સરનામું મળતું નથી અને પાછા કુંપળના ગીતો ગાઓ છો. અબઘડીએ ધોધમાર વરસવા તૈયાર છે અમારા શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ, બોલો તમે બાળકની જેમ ન્હાવા તૈયાર છો?''

માનનીય અધ્યક્ષશ્રી, ડભોઇ તાલુકાના થુવાવી ગામમાં મહિના પહેલાં એક દુઃખદ ઘટના બની. સફાઇ સેવકોનું ખાળકૂવામાં ઉતરવું અને તેમાં લગભગ સાતેક જણાનું મૃત્યું થયું. ખૂબ દુઃખદ ઘટના હતી. આવી રીતે ગટર કે ખાળકૂવામાં સફાઇ કરવા કોઇ સફાઇ સેવક ઉતરે અને તેનું મૃત્યું થાય ત્યારે આખું પરિવાર ડિસ્ટર્બ થઇ જતું હોય છે અને નિરાધાર બની જતું હોય છે. ડભોઇમાં...

અધ્યક્ષશ્રી : શ્રી જિજ્ઞેશભાઇ, પ્લીઝ, વચ્ચે ના બોલશો.

શ્રીમતી મનીષા વકીલ : ડભોઇમાં જયારે આ ઘટના બની ત્યારે આખી રાત ડભોઇના ધારાસભ્ય જયાં સુધી તેમના શબ બહાર ન નીકળ્યા ત્યાં સુધી હાજર રહ્યા. મારે કહેવું છે કે, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી દિલ્હીના પ્રવાસે હતા અને રાત્રેને રાત્રે ચાર લાખ રૂપિયાની સહાયની ઘોષણા કરી. લાગણીશીલ અને સંવેદનશીલ સરકાર શું છે તે બતાવ્યું. સાથે સાથે અમારા અધ્યક્ષશ્રીએ પણ ત્યાંના ધારાસભ્યશ્રીને ફોન કરીને તેની માહિતી લીધી અને તેમને સાંત્વના આપી. એવી જ રીતે વડોદરાના આજુ બાજુના ધારાસભ્યો તથા ભારતીય જનતા પાર્ટીના આગેવાનો ત્યાં પહોંચ્યા. બે ત્રણ દિવસ પછી અમે લોકો ગામમાં ગયા અને વિઝિટ લીધી.

અધ્યક્ષશ્રી : બહેન, આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય પુંજાભાઇ વંશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે સમાજમાંથી આવું છું એ બક્ષીપંચ સમાજ માનનીય બળદેવજીભાઇએ કહ્યું તે પ્રમાણે રાજયની કુલ વસતિના ૫૨ ટકા જેટલી વસતિ એ ઓ.બી.સી.ની હોય ત્યારે વસતિના પ્રમાણમાં દર બજેટ સત્રમાં વારંવાર એક જ વાત સરકાર સમક્ષ દોહરાવવામાં આવે છે કે, સરકાર દ્વારા જે બજેટની ફાળવણી કરવામાં આવે છે એ ફાળવણી વસતિના ધોરણે કરવામાં આવે. ત્યારે આ વખતે પણ સરકારનું ધ્યાન દોરીએ છીએ કે વસતિના પ્રમાણમાં બજેટની ફાળવણી કરવામાં આવે. પછાત વર્ગ કલ્યાણ યોજનાઓ મુખ્ય ચાર વિભાગોમાં સરકાર દ્વારા વહેંચવામાં આવેલ છે. તેમાં શિક્ષણ, આર્થિક ઉત્કર્ષ, આરોગ્ય અને અન્ય યોજનાઓ અને વહીવટ અને નિર્દેશન. સરકાર દ્વારા બજેટની જે ફાળવણી કરવામાં આવે છે એ બજેટ આ જાતિ માટે અપૂરતું છે પણ જે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે એ જોગવાઇ મુજબ વર્ષની આખર સુધીમાં પણ પૂરેપૂરું બજેટ વાપરવામાં આવતું નથી એ દુઃખદ બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, આંકડા જણાવું તો વર્ષ ૨૦૧૩-૧૪ની અંદર કુલ અંદાજ ૯૫૩.૧૯ કરોડ રૂપિયા હતો એની સામે રૂ.૯૧૪.૧૩ કરોડનો ખર્ચ કર્યો એટલે ૪૯.૯૭ કરોડ રૂપિયા બચત રહી, વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ.૧૭૭.૫૮ કરોડ બચત રહી, વર્ષ ૨૦૧૬-૧૭માં ૨૦૬.૬૪ કરોડ રૂપિયા વણવપરાયેલા પડ્યા રહ્યા, વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૭૬.૮૭ કરોડ રૂપિયા બજેટમાં ખર્ચ કરી શક્યા નહીં, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૭.૪ કરોડ રૂપિયા જેટલી રકમ આ ઓ.બી.સી. માટે બજેટની ફાળવણી કરવામાં આવેલ હતી એ રાજય સરકાર ખર્ચ કરી શકી નથી. માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે મારે કહેવું પડે છે કે, વાતો ઓ.બી.સી.ના નામે કરીએ છીએ, ઓ.બી.સી.ના ઉત્કર્ષની વાત કરીએ, એના ઉત્થાનની વાત કરીએ અને બજેટમાં પૂરતી ફાળવણી ન કરવામાં આવે અને ફાળવણી જે કરવામાં આવે છે એનો પૂરેપૂરો રાજય સરકાર દ્વારા ખર્ચ ન કરવામાં આવે ત્યારે આ જાતિના લોકોને ન્યાય કરવામાં આવતો નથી ત્યારે સરકારને ગંભીરતાપૂર્વક કહું છું કે, આ જાતિના લોકોના વિકાસ માટે મંજૂર થયેલું જે મહેકમ છે એ મહેકમ નિયામક કચેરીથી લઇ જિલ્લા કક્ષાએ જિલ્લા કક્ષાએથી લઇને તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરીક્ષક જે છે એ અઠવાડિયા-પંદર દિવસ સુધી તાલુકા કક્ષાએ હાજર હોતા નથી, આવતા નથી પરિણામે આ જાતિના લોકો માટેની યોજનાઓનું અમલીકરણ જે સમય મર્યાદામાં થવું જોઇએ એ સમય મર્યાદામાં થતું નથી. ગુજરાત કોળી ઠાકોર વિકાસ નિગમની રચના કરવામાં આવી, આ જાતિના ઉત્થાન માટે, આ જાતિના યુવાનોને મદદ કરવા માટે અને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે, એનું કુટુંબ, એનું ઘર આગળ આવે એના માટે કોળી-ઠાકોર વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, કેન્દ્ર સરકાર દ્વારા વાતો ઘણી મોટી મોટી કહેવામાં આવી છે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન દ્વારા વારંવાર આ જાતિના લોકોનો વિકાસ કરવા માટેની વાતો કરવામાં આવી છે પણ છેલ્લા બે વર્ષમાં ૨૦૧૭-૧૮ના વર્ષમાં રૂપિયા ૮.૫૦ કરોડ ગુજરાત કોળી-ઠાકોર વિકાસ નિગમને આપવામાં આવ્યા છે, વર્ષ ૨૦૧૮-૧૯માં ઘટાડીને ૭.૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ૫૨ ટકા વસતિ અને માત્રને માત્ર ૨૦૧૭-૧૮માં ૮.૫૦ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૧૮-૧૯માં ૭.૫૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. મોદી, માલ્યાને લાખ્ખો અને કરોડો રૂપિયા આપવામાં આવે અને વિદેશ ભાગી જાય અને ૫૨ ટકા વસતિ માટે આ પ્રકારની વાત કરવામાં આવે ત્યારે દુઃખ થાય છે, નિગમ હસ્તકની ૫૦ યોજનાઓ છે અને એ મારફતે લોન આપવામાં આવે છે અને જે લોન આપવામાં આવે છે ત્યારે આટલી જ

રકમ ફાળવવામાં આવે છે તો મને લાગે છે કે, એ ન્યાય કરનાર નથી અને ત્યારે સરકારને વિનંતી કરું છું કે આપ ઓ.બી.સી.ની ચિંતા કરતા હોય તો બજેટની અંદર વધુ ફાળવણી કરવામાં આવે, કેન્દ્ર સરકાર તરફથી આ નિગમને વધુ સહાય કરવામાં આવે કે જેથી આ જાતિના લોકોને વધુ સારી રીતે સગવડો મળી રહે. સમાજ સુરક્ષાની અંદર સરકારે જણાવ્યું છે કે, ૧૦ નવા વૃદ્ધાશ્રમ બનાવવા માટેની જાહેરાત કરવામાં આવી છે. એકબાજુ શિક્ષણ માટે આપણે પૈસા ખર્ચીએ છીએ. રાજ્યનું મોટાભાગનું બજેટ શિક્ષણ પાછળ ખર્ચીએ છીએ અને લોકોને શિક્ષિત બનાવીએ છીએ, વૃદ્ધાશ્રમમાં મા બાપોને કોણ વધારે લોકો મોકલે છે? ચિંતાનો વિષય એ છે કે, શિક્ષિત લોકોના જ વધુમાં વધુ મા બાપો લગભગ વૃદ્ધાશ્રમમાં જાય છે. સવારથી સાંજ મજૂરી કરનાર જે વ્યક્તિ છે એના મા–બાપો વૃદ્ધાશ્રમમાં જતા નથી, એટલે શિક્ષણ પાછળ પણ ખર્ચ કરવાનો અને શિક્ષિત બન્યા પછી એના મા–બાપ માટે આપણે પાછો વૃદ્ધાશ્રમમાં ખર્ચ કરવાનો? એના માટે પણ સરકારે ખર્ચ કરવો પડે આ બહુ ગંભીર ચિંતાનો વિષય છે અને એના માટે સરકાર દ્વારા આ પ્રકારની માનસિકતા બદલવા માટે આપણે બધાએ સામૂહિક જવાબદારી નિભાવી અને કામગીરી કરવી પડશે એવું હું ચોક્કસપણે માનું છું. વિકસતી જાતિ હસ્તકની આશ્રમશાળાઓ, લાઇબ્રેરી, પશુઓની ખરીદી, કૂવા અને પાણીની ટાંકી માટે લોનની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. એ છેલ્લી તારીખ ૨૫–૧૧–૧૯૮૮થી અમલમાં છે અને ત્યારબાદ આજ સુધી એમાં વધારો કરવામાં આવ્યો નથી. ત્યારે એમાં લાઇબ્રેરી માટે ધોરણ ૧ થી ૪ માટે ૩૦૦ રૂપિયા, લાઇબ્રેરી માટે ધોરણ ૫ થી ૮ માટે ૫૦૦ રૂપિયા, પશુઓ માટે બે બળદની ખરીદી માટે ૩,૦૦૦ રૂપિયા, આઠ ગાયોની ખરીદી માટે ૬,૦૦૦ રૂપિયા, કૂવા બાંધકામ માટે રૂ.૬,૦૦૦ અને પાણીની ટાંકી તથા પાઇપલાઇન માટે ૬,૦૦૦ રૂપિયાની ફાળવણી નક્કી કરવામાં આવેલ છે. એ વર્ષ ૧૯૮૮થી આ જ દર નક્કી કરવામાં આવ્યા છે ત્યારે રાજ્ય સરકારને હું વિનંતી કરું છું, મંત્રીશ્રીને હું વિનંતી કરું છું, આ જાતિની તમે જ્યારે ચિંતા કરો છો ત્યારે આ દર જે છે એમાં વધારો કરવામાં આવે તો મને લાગે છે કે આ જાતિના વિદ્યાર્થી લોકોને આપણે સારી રીતે મદદ કરી શકીશું. વિકલાંગોને કૃત્રિમ અવયવો ખરીદવા માટે તારીખ ૩૧–૩–૨૦૧૮ની સ્થિતિએ પ્રશ્નોત્તરીમાં સરકારે જે જવાબ આપ્યો છે એમાં છેલ્લાં પાંચ વરસમાં કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને એકપણ રૂપિયાની ફાળવણી કરવામાં આવી નથી. આપણે વિકલાંગોની ચિંતા કરીએ છીએ, દિવ્યાંગોની ચિંતા કરીએ છીએ ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૮ની સ્થિતિએ એકપણ રૂપિયાની ફાળવણી કરવામાં આવી નથી એ ચિંતાનો વિષય છે. ત્યારે આ વિભાગમાં પણ સારી રીતે વ્યવસ્થા કરવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના બજેટની અંદર સીદી જાતિના લોકોના રક્ષણ માટે છેલ્લાં ત્રણ વરસની જોગવાઇઓ સામે બજેટની અંદર જોગવાઇ કરવામાં આવે છે પણ આ જાતિના લોકો માટે છેલ્લાં ત્રણ વરસમાં વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૭૭.૫૦ લાખ, બીજા વરસમાં રૂ. ૧૬.૭૭ લાખ, વર્ષ ૨૦૧૬–૧૭માં રૂ. ૪૦ લાખ અને ત્રીજા વરસમાં વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ. ૪૦ લાખની ફાળવણી કરવામાં આવી પણ આ વર્ગના આ જાતિના લોકો માટે ત્રણ વરસમાં એકપણ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો નથી ત્યારે સરકાર કયા મોઢે વાત કરે છે અમે આ લોકોની જાતિ માટે ચિંતા કરીએ છીએ અને અમે લાગણી વ્યક્ત કરીને કામગીરી કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કામગીરી અંદાજપત્રોમાં ઘણી બધી વાતો કરવામાં આવી છે. રેકર્ડ ઉપરની જે હકીકતો છે અને સ્થળ ઉપરની જે હકીકતો છે આ બન્નેમાં ઘણી બધી વિસંગતતાઓ છે, સરકાર કાગળ ઉપર ઘણી બધી બાબતોમાં વાહવાહી કરે છે પણ સ્થળ ઉપર જોવા જઇએ તો બજેટમાં ફાળવણી પ્રમાણેની કામગીરી કરવામાં આવી નથી અને ત્યારે રાજ્ય સરકાર જે માગણીઓ લઇને આવેલ છે એ માગણીઓમાં પંચાયત વિભાગ અને વન અને પર્યાવરણ વિભાગની પણ માગણીઓ લઇને આવ્યા છે. એમાં રાજ્ય સરકારની મોટાભાગની યોજનાઓ એ ત્રિસ્તરીય માળખાની છે એટલે કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત મારફતે એનું અમલીકરણ કરવામાં આવે છે, ત્યારે આ વિભાગની સવિશેષ જવાબદારીઓ હોય છે કે નાના અને ગરીબ માણસોને રાજ્ય સરકારની યોજનાઓના લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવા માટે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કક્ષાની કામગીરીની વાત કરીએ તો મંજૂર થયેલ મહેકમની જગ્યાએ મોટાભાગે ચાર્જથી ચલાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, આભાર.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો સન્માનીય ગૃહનો અને મારા પક્ષનો હું આભાર માનું છું કે મારામાં વિશ્વાસ મૂકી આ સન્માનીય ગૃહમાં મને બોલવાની તક આપી.

માનનીય અધ્યક્ષશ્રી, આ મારું પહેલું વકતવ્ય છે, મારી પ્રાદેશિક મહેસાણી ભાષાના લય સાથે હું મારું વકતવ્ય રજૂ કરૂં છું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબ તેઓના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબ તેઓની બજેટ પરની ચર્ચા જોતાં બજેટની માતબર રકમ રૂ.૪૨૧૨ કરોડ લઇ વિભાગની કુલ જોગવાઇ પેટે ફાળવવામાં આવેલ છે તેને હું આવકારું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટની વાત કરું તો વર્ષ ૧૯૯૦-૯૧માં કોંગ્રેસની સરકાર અંદાજે ૨૨ કરોડ રૂપિયા આપતી હતી. ( અંતરાય )

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી, તમે દેકારો શું કામ કરો છો ? એ પણ ચૂંટાઇને આવેલા પ્રતિનિધિ છે પ્લીઝ.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર ૧૯૯૫માં બની અને ડબલ કરી ૪૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. આમ, બજેટમાં ઘણો બધો વધારો કરેલ છે અને આજે માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે રૂપિયા ૪૨૧૨ કરોડનું જે બજેટ રજૂ કરેલ છે તેને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા છેલ્લાં ૧૦ વર્ષમાં બેન્કેબલ યોજનામાં અનુસૂચિત જાતિના ૩૫૫૬૫ લાભાર્થીઓને રૂપિયા ૧૨૦ કરોડ રૂપિયાની લોનનું ધિરાણ કરેલ છે.

અધ્યક્ષશ્રી : શ્રી કરસનભાઇ, આપ આરામથી બોલો હું તમને એક મિનિટ વધારે આપીશ.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિની કન્યાઓને સાયકલ સહાય માટે ૧૦ વર્ષમાં રૂપિયા ૩૯ કરોડની જોગવાઇ કરેલ છે. ડો. આંબેડકર વિદેશ અભ્યાસ લોનમાં એક હજાર લાભાર્થીઓને રૂપિયા ૧૪૫ કરોડ આપવામાં આવ્યા છે, આ અમારી યોજના છે. અનુસૂચિત જાતિનાં ઉમેદવારને કોમર્શિયલ પાયલોટ બનવા માટે ૧૦ વર્ષમાં ૪૭ તાલીમાર્થીઓને માટે રૂપિયા એક કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.આંબેડકર આવાસ યોજના માટે ૪૯૦૦૦ લાભાર્થીઓને રૂ.૧૭૫ કરોડની આવાસ બાંધવા માટે સહાય આપેલ છે. અમારા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ૨૦૨૨માં કોઇને ઘરવિહોણા નહીં રાખે તેની હું ખાતરી આપું છું. તમને પણ ઘર મળશે એની જવાબદારી મારી આવે છે. કુંવરબાઇનું મામેરા યોજના માટે ૧૦ વર્ષમાં પચાસ હજાર દીકરીઓને કુંવરબાઇનું મામેરું આપેલ છે અને સમૂહ લગ્નનું આયોજન કરનાર સંસ્થાને યુગલ દીઠ રૂપિયા ૨૦૦૦ પ્રમાણે વધુમાં વધુ ૫૦૦૦૦ રૂપિયાની સહાય આપવાનું નક્કી કરેલ છે અને છેલ્લાં ૧૦ વર્ષમાં ૫૦૦૦ યુગલોને રૂપિયા ૬ કરોડનો લાભ આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ મારા ભાજપ સરકારે વચેટિયાં હતા તે બધા દૂર કરી અને ઓન લાઇનથી સ્કોલરશિપ હોય, લોન હોય કે બીજી જે કંઇ યોજનાઓ હોય તેનું સો ટકા સીધું ધિરાણ થાય. આ વચેટિયાં બધાની ઉપર ચોકડી મારી દીધી અમારી આ ભાજપ સરકારે કામ કર્યું છે. અત્યાર સુધી જે કંઇ કામ કર્યું તે ભાજપ સરકારે કર્યુ છે. વર્ષ ૧૯૮૦માં ખાલી ૪૦૦ રૂપિયા મકાન સહાય માટે આપતા હતા. અમારી સરકાર આવ્યા પછી રૂ.૧૨ હજાર કર્યા અને ખાલી રૂ.૧૨૦૦ આવક હતી તે અમારી સરકાર આવ્યા પછી રૂ.૧ લાખ અને ૨૦ હજારની આવક કરી. રૂ.૧ લાખ ૫૦ હજાર રૂપિયા શહેરી માટે અને અમારી મોદી સરકારમાં નગરપાલિકા વિસ્તારમાં અનુસૂચિ જાતિના લોકોને મકાન બનાવવા માટે રૂ. સાડા ત્રણ લાખની સહાય મળે છે. વાલ્મિકી જાતિના લોકો પોતાનું મકાન બનાવે તો સાડા ત્રણ લાખ રૂપિયા સહાય આપે છે. આમ અમારી ભાજપની સરકાર કામ કરે છે. અમે અત્યાર સુધી કહેતા હતા પણ તમે સમજતા જ નથી. શ્રી પરિમલ સાહેબ અહીંયાથી કહેતા હતા કે સરકારી યોજના બની ગઇ છે, ચોપડે ચડી ગઇ છે પણ વાસ્તવમાં આવી કોઇ યોજના નથી.

અધ્યક્ષશ્રી : શ્રી કરસનભાઇ, આ બાજુ મારી સામે જોઇને બોલો.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : આટલી બધી યોજનાઓ બની ગઇ છે. બે પાઘડીઓ લાવીને પૈસા મૂકીએ તો પણ સમાય એવા નથી. ૪૨૧૨ કરોડ રૂપિયા લઇને આવ્યા છીએ. એટલે હું શ્રી ઇશ્વરભાઇ સાહેબનો અને શ્રી નીતિનભાઇ સાહેબનો આભાર માનું છું. માં યોજનાના કાર્ડની મારા ગામની વાત કરું તો નગરાસણ ગામમાં વર્ષ ૧૯૮૫માં એક ગાંડાભાઇ પટેલ બીમાર પડ્યા અને એમણે પાંચ વિઘા જમીન ખાલી ૨૫૦૦ રૂપિયામાં વેચી દીધી. હું તમને કહું છું કે તમે મારા ઘરે આવજો અને હું તમને બતાવું કે એ ડોશી હજી જીવે છે.

અધ્યક્ષશ્રી : તમને કોઇ ચેલેન્જ કરતું નથી.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : એમણે ટી.બી.ના ઇલાજ માટે પાંચ વિઘા જમીન વેચી અને આપણી સરકાર પાંચ લાખ સુધીની સહાય આપે છે એટલે જે જમીન વેચતા હતા એ બંધ થઇ ગયા. આ કામ ભાજપ સરકારે કર્યું છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સામાજિક સુરક્ષા અને કલ્યાણની તથા અનુસૂચિત જાતિની પેટા યોજનાની માગણીઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે તે ઉપર મારા વિચારો રજૂ કરું છું. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની જ્યારે ચર્ચા થાય ત્યારે ભારતના બંધારણના ૪૬મા અનુચ્છેદનો વિચાર આવે. ભારતના બંધારણના અનુચ્છેદ ૪૬માં જણાવ્યું છે કે રાજ્ય ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કમજોર લોકોના શૈક્ષણિક અને આર્થિક હિતની વિશેષ કાળજી લઇ તેમને સામાજિક અન્યાયથી અને શોષણના તમામ સ્વરૂપ સામે રક્ષણ આપશે. જ્યારે આ અનુચ્છેદનો વિચાર કરું ત્યારે મારા માનસપટ પર સેંકડો વિચારો આવીને જતાં રહે છે અને ક્યાંકને ક્યાંક ભૂતકાળને યાદ કરીએ તો કડવા વિચારો પણ આવે અને ક્યારેક સાંભળીને વિચલિત થવાય એવા પણ વિચારો આવે. મારા એ વડવાઓએ શું ગુના કર્યા હશે કે જેમને આટલી બધી યાતનાઓ અને અત્યાચારનો ભોગ બનવું પડયું છે. શું મારા દેશની સંસ્કૃતિએ એને છૂટ આપી હશે? મારા સમાજની બહેનો

ઉપર જે જોર–જુલમ અને અત્યાચાર થયા એને શું મારા સભ્ય સમાજે સ્વીકૃતિ આપી હશે? આ દેશની અંદર હંમેશા અમારે અમારી યોગ્યતા સાબિત કરવી પડે. જ્યારે એક વર્ગ જન્મથી જ પોતે હંમેશા પંડિત અથવા જ્ઞાની તરીકે ઓળખાતો હોય છે. હું ગમે તેટલો યોગ્ય હોઉં, મારામાં કોઇ પણ યોગ્યતા હોય પરંતુ મારે ફક્તને ફક્ત અનામતની રીઝર્વ સીટ ઉપરથી જ ચૂંટણી લડવી પડે અને ત્યાંથી જ જીતવી પડે. આ સન્માનનીય સભાગૃહમાં અમે ૭૦ ધારાસભ્યો છીએ. એમાં ૧૩ અનુસૂચિત જાતિના ધારાસભ્યો છે. જો કોઇ મિથ્યાભિમાનમાં જીવતા હોય તો એમને મારે કહેવું છે કે જો તમે સામાન્ય સીટ ઉપરથી ચૂંટણી લડો અને જીતો ત્યારે તમારી યથાર્થતા સાબિત થાય. માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનની અંદર એમના પ્રતિભાવો આપશે અને એમની સરકારે શું – શું કર્યું એ એમના ધારાસભ્યશ્રીઓ પણ વર્ણવતા હોય છે. પાછલી સરકારે શું ન કર્યું એની પણ ટીકા–ટિપ્પણી કરશે. કોંગ્રેસને પણ અપમાનીત કરવાના પ્રયત્નો કરશે પણ આ બધું કર્યા પછી મારો મૂળભૂત સવાલ એ છે કે શું આપણે થાનગઢનો હત્યાકાંડ અટકાવી શક્યા?

અધ્યક્ષશ્રી : આપ કાપ દરખાસ્ત ઉપર બોલી રહ્યા છો?

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઉપર બોલી રહ્યો છું. શું આ બધી ટીકાઓથી વરમોરની અંદર એક દલિત યુવાનને તલવારના ઘાથી કાપી નાખવામાં આવ્યો. શું એને આપણે રોકી શક્યા હતા? એક દલિત ધારાસભ્યને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવે અને આપણે એની ચર્ચા પણ ન કરીએ. શું એનાથી આપણે બચી શકીશું? દલિતો પ્રત્યેના અત્યાચાર કરવા અંગે અમને નિયમ –૧૧૬ હેઠળ નોટીસ આપીને એમાં પ્રયત્ન પણ કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : એ ચર્ચા અહીંયા નહિ થઇ શકે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, એ ચર્ચા અહીંયા નહિ થઇ શકે. કયાંક એકલ દોકલ હોય તો કદાચ એ સમાવી ન પણ શકાતી હોય પરંતુ સવાલ છે સંવેદનશીલતાનો કે જે પ્રકારે હમણાં માનનીય ધારાસભ્યશ્રી મારી બહેનશ્રી મનીષાબહેને વાત કરી. ડોભોઇના સુરતીપુર ગામની અંદર સાત સાત યુવાનોના મોત થયા. ખાળકૂવામાં ઉતર્યા એમાં મોત થયા. એ સાત સાત યુવાનોના મોત થયા હોય એના પાંચ કિલોમીટર દૂર સરકાર મહોત્સવ ઉજવતી હોય આ કેટલી લાગણીશીલતા કહેવાય? સાચી વાત છે કે માનનીય ધારાસભ્યશ્રી રાત સુધી હતા પરંતુ એ પરિવારની હું મુલાકાત લેવા ગયો ત્યાં સુધીમાં એક પણ અધિકારીએ કે એક પણ પદાધિકારીએ એ પરિવારના ઘરની મુલાકાત લીધી નહોતી. બાપ બેટો ખાળકૂવાની અંદર મોતના કૂવાની અંદર મૃત્યુને ભેટ્યા. એની અંત્યોષ્ટી માટે પાંચ હજાર જેટલી રકમ આપવામાં આવી નહોતી આ સંવેદનશીલતાની વાત કરું છું. ઘણીવાર આપના પ્રવચનમાં પણ કહો છો. માનનીય નીતિનભાઇ નથી. એ કહે છે કે શ્રી નીતિનભાઇને છંછેડશો નહિ. આજે અન્ય ધારાસભ્યશ્રીઓ છે જયારે સેંકડો દલિતો અપમાનીત થતા હોય ત્યારે તમે છંછેડાવશો કે નહિ? મારે એમને પૂછવું છે કે જયારે દલિતોની હત્યા થાય, જયારે દલિતોના મોતના મોલ લેવાતા હોય ત્યારે તમે છંછેડાવો છો કે નહિ? ત્યારે તમારી અંદર રહેલા આત્મા જાગૃત થાય છે કે નહિ?

આજે આપના માધ્યમથી મારે આપને જણાવવું છે કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અંદર ૧૬ એપ્રિલ, ૨૦૧૬ના રોજ નિયમ–૧૬ હેઠળ એક રાજય સ્તરની તકેદારી સમિતિની રચના કરવામાં આવી હતી અને એમાં ૨૫ કરતાં વધુ સભ્યો ન હોય તે પ્રકારની આ સમિતિની રચના કરવામાં આવી. પરંતુ ૨૭મી જૂન, ૨૦૧૮ના રોજ જાહેરનામાથી નિયમ–૧૬ એના પેટા નિયમ–૧ રદ કરેલો છે. જેથી નિયમ–૩ મુજબ અનુસૂચિત જાતિના અને જનજાતિના તમામ સંસદસભ્યો અને તમામ ધારાસભ્યો આ તકેદારી સમિતિના સભ્યશ્રીઓ બને છે. પરંતુ હમણાં જ તકેદારી સમિતિની બેઠક બોલાવવામાં આવી પરંતુ અમને એક પણ ધારાસભ્યશ્રીને એની અંદર આમંત્રણ આપવામાં આવ્યું નહિ. આના માટે કોની જવાબદારી નક્કી કરવામાં આવી? તા.૭–૨–૨૦૧૭ની અધિસૂચના પ્રમાણે ગુજરાતની અંદર ૧૬ એકસક્લુજીવ કોર્ટોની રચના કરવામાં આવી. પરંતુ આપના માધ્યમથી જાણવા માગું છું કે આ ૧૬ કોર્ટોની અંદર શું ફકત એટ્રોસિટીના કેસ જ ચલાવવામાં આવે છે? ફકત એટ્રોસિટીના જ કેસો ચલાવવામાં આવતા હોય તો માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં જવાબ આપે કે છેલ્લા દસ વર્ષમાં કેટલા કેસો પડતર છે?

દેશની અંદર જે અનુસૂચિત જાતિ પરના અત્યાચારની ઘટનાઓ થાય છે એ ૨૦.૩ ટકા છે. જયારે ગુજરાતની અંદર જે અત્યાચારની ઘટનાઓ થાય છે એની ટકાવારી ૩૬.૩ ટકા છે. ગુજરાતમાં દલિતોની જનસંખ્યા માત્ર સાત ટકા છે પરંતુ દેશની અંદર દલિતો પ્રત્યેના અત્યાચારની ઘટનામાં આપણે ચોથા ક્રમે છીએ. આજે ૨૧મી સદીની અંદર દલિત યુવક પોતાના લગ્ન કરવા જાય ત્યારે ઘોડા ઉપર બેસીને પોતાની જાન ન લઇ જઇ શકે એ કયા પ્રકારની વિકાસ અવસ્થા આપણે કરી છે. દલિત અત્યાચારો માટે દલિતો અન્યાય કરે ત્યારે એ આંદોલનકારીઓ ઉપર કેસ કરવામાં આવે અને આંદોલનકારીઓને સજા થઇ જાય પરંતુ મૂળ ગુનેગારો હજી પણ જામીન ઉપર છૂટા ફરતા હોય છે. દલિત યુવાનો સ્વરક્ષણ માગતા હોય વારંવાર પોલીસને કહેતા હોય કે અમારા જાનનું જોખમ છે તેમ છતાં એનું રક્ષણ પાછું લઇ લેવામાં આવે એના હથીયાર પરવાના પાછા લઇ લેવામાં આવે અને પછી એમનું ખૂન થાય તેમ છતાં કોઇની જવાબદારી નક્કી કરવામાં ન આવે. ખૂબ દુઃખ થાય જયારે આવી ઘટાનો થાય. જયારે જયારે આવી ઘટનાઓ થાય ત્યારે રાજય સરકાર ખૂબ આસાનાથી ચાર લાખની જાહેરાત કરે. આ ચાર લાખની જાહેરાત મુખ્યમંત્રીશ્રીના સ્વભંડોળમાંથી કરવામાં આવી કે કાયદા પ્રમાણે જે ચાર લાખ રૂપિયા આપવાના થતા હતા એ ચાર

લાખની જાહેરાત કરવામાં આવી એની પણ સ્પષ્ટતા કરવી જોઇએ. આ ચાર લાખની જાહેરાત કરી અને અનુસૂચિત જાતિ ઉપર તમે કોઇ ઉપકાર કરતાં નથી અમારો બંધારણીય હક્ક છે. કાયદાકીય પ્રસ્થાપિત કરેલા નાણાં અમને મળવાપાત્ર છે. ઘણીવાર નવ યુવાન આંતરજ્ઞાતિય લગ્ન કરે અને સરકારના અભિયમની જાહેરાત કરે કે મારે મારી પત્નીને લેવા જવું છે અને એ નવ યુવાનને જાહેરમાં કાપી નાંખવામાં આવે ખૂબ દુઃખની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની પ્રાથમિકતા ઉપરથી સમાજનું બંધારણ ઘડાતું હોય છે. રાજય સરકારની પ્રાથમિકતાઓ શું છે, મને દુઃખ થાય માનનીય નીતિનભાઇ જયારે બજેટ પ્રવચન કરતા હતા ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ આવી ત્યારે શ્રી નીતિનભાઇ માત્ર બે લીટી બોલ્યા હતા. આપ સૌ વાંચી જજો, આની અંદર અમે ખૂબ સારા કામ કર્યાં છે. પ્રવચનની અંદર પણ સમાવેશ તસ્દી લીધી નથી, આના પરથી રાજય સરકારની પ્રાથમિકતા નક્કી થાય છે.

ગત બજેટની અંદર વર્ષ ૨૦૧૮-૧૯ બજેટમાં અનુસૂચિત જાતિ પેટા યોજના માટે રૂ.૪૮૮૬ કરોડની જાહેરાત કરેલી. જયારે આ વર્ષના બજેટની અંદર ૩૭૨૯ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : કન્કલુડ કરું તો ગયા વર્ષના બજેટમાં ૨.૬૨ ટકાની ફાળવણી કરી હતી, આ વર્ષના બજેટમાં ૧.૮૬ ટકાની ફાળવણી કરવામાં આવી છે. આના ઉપરથી રાજય સરકારની પ્રાથમિકતાઓ નકકી થાય છે. મારી પાસે ખૂબ માહિતી છે, મારે વાત રજૂ કરવી છે, પછાત સમાજની વાત રજૂ કરવી છે, પરંતુ સમયની ઉપલબ્ધતા ન હોવાથી આપનો આભાર વ્યકત કરી અને મને બોલવાનો મોકો આપ્યો એ બદલ ખૂબ ખૂબ આભાર.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ નગરપાલિકામાં વોર્ડ નંબરઃ ૧, ૩, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૩ અને ૧૪ માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વિજયી થયા છે, તે બધાને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : મને એમ થયું કે માનનીય શંભુજી કાપ દરખાસ્ત મૂકી રહ્યા છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : ૩૫ માંથી ૩૫ વિજેતા બન્યા છે. ગાંધીનગરમાં પણ એક વોર્ડની ચૂંટણી હતી તેમાં પણ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજયી થયા છે, તેમને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબ જે માગણી લઇને આવ્યા છે તેમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની યોજનાઓમાં મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન કરવા માટે હું ઉભો થયો છું.

આ વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો એમાં નવી બાબતોમાં આ વર્ગના વિદ્યાર્થીઓ પેઇન ગેસ્ટ તરીકે રહેતા હોય તો તેવા વિદ્યાર્થીઓને ૧૨૦૦ રૂપિયા ભોજન સહાય આપવાની બાબત આ વખતની નવી યોજનામાં શરૂ કરવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રહેવા તથા જમવા માટે સંયુકત સુવિધાવાળા પાંચ નવા સરકારી આવાસો બનાવવાની પણ યોજના શરૂ કરવામાં આવી છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ૨૮ આર્દશ નિવાસી શાળાઓમાં ધોરણ-૧૦ અને ૧૧ના નવા વર્ગો શરૂ કરવામાં આવશે. ગાંધીનગર, બારડોલી અને મોડાસા ખાતે સમરસ કુમાર અને કન્યા છાત્રાલયોના બાંધકામ માટે રૂ.૮.૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પાલનપુર ખાતે ચાલતી આદર્શ નિવાસી શાળા માટે રૂ.૧૦૦ કરોડના ખર્ચે અધતન સુવિધા સાથેના મકાન બાંધકામ કરવામાં આવશે અને તેને માટે બજેટમાં રૂ.૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારી છાત્રાલયો, નિવાસી શાળાઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રેલીંગ અને હેન્ડીકેપ ટોઇલેટ, લિફ્ટ વગેરે સાધનો સાથેનું આધુનિક ભવન બનાવવા માટે રૂ.૫.૬૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિચરતી જાતિના ૫૦૦ વિદ્યાર્થીઓને રહેવા માટે વધારો કરવા માટે રૂ.૩૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા વિકસતી જાતિના અંદાજિત ૪૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અને ૩૫ લાખ જેટલા બાળકોને ગણવેશ સહાય આપવામાં આવશે. પછાત વર્ગની લગભગ ૧.૬૦ લાખ કન્યાઓને વિના મૂલ્યે સાયકલ સહાય આપવામાં આવશે. વિદેશમાં ઉચ્ચ અભયાસ માટે આ સમાજના વિદ્યાર્થીઓ જાય એમને રૂ. ૧૫ લાખની લોન અને કોમર્શિયલ પાયલોટ માટે જે ટ્રેઇનિંગ લેવા માટે જાય એમને રૂ.૨૫ લાખની લોન ૪ ટકાના વ્યાજે આપવામાં આવે છે. કુંવરબાઇનું મામેરુમાં રૂ.૧૦ હજારની સહાય આપવામાં આવે છે અને સાત ફેરા સમૂહ લગ્નમાં યુગલને રૂ.૧૦ હજારની સહાય આપવામાં આવે છે. ૨૦૦૮થી હું ધારાસભ્ય બન્યો એ વખતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી તરીકે સ્વ. ફકીરભાઇ વાઘેલા સાહેબ હતા અને દર વખતે હું માગણી કરતો કે આ સમાજના વિદ્યાર્થીઓને આવકનો દાખલો અને નોન ક્રિમિલેયરના દાખલા લેવા માટે દર વર્ષે ધક્કા ખાવા ન પડે એ માટે આવકના દાખલા અને ક્રિમિલેયર સર્ટિફિકેટની મર્યાદા પાંચ વર્ષની કરવામાં આવે. આ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે આવકના દાખલા માટે અને ક્રિમિલેયરના દાખલા માટે ૩ વર્ષની સમય મર્યાદા કરી આપી છે. આ સરકારે આ સમાજ શૈક્ષણિક રીતે આગળ વધે તે માટે વિવિધ યોજનાઓ કરી છે. એની સાથે સાથે આ સમાજના જે ગરીબ માણસો છે એ ગરીબ માણસોને મકાન સહાય પણ રૂ.૧.૨૦ લાખની આપવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર અમારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસતિ ૫૪ ટકા છે તેના માટે.....

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો આ સભાગૃહ સમક્ષ મૂકવા ઉપસ્થિત થયો છું. સૌથી પહેલા તો આપણા ગુજરાતનો એક યુવાન આપણા સાડા છ કરોડ પૈકીના એક વડોદરા નિવાસી આરીફ પઠાણે જમ્મુ કાશ્મિરમાં આતંકવાદીઓની સામે લડતા લડતા શહાદત વહોરી છે તેને હું મારા તરફથી શ્રદ્ધાસુમન અર્પિત કરું છું. અલ્લા તાલા એને જન્નત બક્ષે અને તેમના પરિવારજનોને શાંતિ અને શુકુન આપે. માનનીય અધ્યક્ષશ્રી સૌનો સાથ, સૌનો વિકાસ અને હવે એની સાથે જોડાયો છે સૌનો વિશ્વાસ, હમણાં મંત્રીશ્રી....

અધ્યક્ષશ્રી : આપણા મંત્રીશ્રી યોગેશભાઇ પટેલ ખાસ એટલા માટે વડોદરા ગયા છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : સરસ માનનીય અધ્યક્ષશ્રી, એ બાબતે આપણે બધા એક છીએ અને ગુજરાતની સાડા છ કરોડની જનતા તેમની સાથે જ છે એમાં કોઇ સવાલ જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસ અને એમાં ઉમેરાયો હવે સૌનો વિશ્વાસ, હવે આ વિશ્વાસ હું કઇ રીતે કરું તે સમજાતું નથી. બજેટ સ્પીચ થઇ છે એમાં લઘુમતી શબ્દનો ઉપયોગ પણ કરવામાં આવ્યો નથી. હું વિશ્વાસ કઇ રીતના કરું? અને જે બજેટની ફાળવણી કરવામાં આવી છે એની અંદર ગયા વર્ષ કરતા આ વર્ષે રૂ.૧ કરોડ ઓછા ફાળવવામાં આવ્યા છે. વસતિ વધતી હોય, બજેટનો વ્યાપ વધતો હોય અને લઘુમતી સમાજ માટેનું જે બજેટ હોય તે હંમેશા ઘટતું હોય તો વિશ્વાસ કઇ રીતના કરીએ? આપને કહેવા માગું છું કે લઘુમતીના કલ્યાણમાં વર્ષ ૨૦૧૮-૧૯ના ૬૩.૮૩ ની જોગવાઇ સામે રૂ.૧ કરોડ જેટલો ઘટાડો કરીને વર્ષ ૨૦૧૯માં રૂ.૬૨.૯૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. લઘુમતી સમાજના વર્ષ ૨૦૧૬-૧૭માં સમાજ કલ્યાણ વિભાગમાંથી માત્ર ૨.૯૩ ટકાની રકમ ફાળવી હતી જે ઘટાડીને વર્ષ ૨૦૧૯-૨૦માં માં ૨.૩૭ ટકા રકમ ફાળવી છે. એટલે બધે જ ઘટાડો છે. પછાત વર્ગના કલ્યાણમાં વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ જોગવાઇના ૫.૪૨ ટકા રકમ લઘુમતી કલ્યાણ માટે ફાળવી હતી તે ઘટાડીને ૫.૧૨ ટકા કરાઇ છે. લઘુમતી કલ્યાણ માટે વર્ષ ૨૦૧૮-૧૯નું અંદાજિત બજેટ રૂ.૬૬. ૮૩ કરોડની સામે રૂપિયા ૪ કરોડની રકમ ખર્ચાઇ જ નહોતી. જે રકમ ફાળવવામાં આવે છે એ પણ પૂરી ખર્ચાતી નથી. એટલે ઓછી ફાળવણી અને તેની સામે પાછો તેનો ઉપયોગ પણ પૂરો થતો નથી તો કઇ રીતના લઘુમતી સમાજનું કલ્યાણ થશે એ મને સમજાતું નથી. અંદાજિત વર્ષ ૨૦૧૯-૨૦માં લઘુમતી સમાજના લોકો માટે માથાદીઠ રૂપિયા જે સરકાર ખર્ચે છે તેના ઉપરથી એવું લાગે છે કે ફકત ૧૦ રૂપિયાની અંદર લઘુમતી સમાજનો વિકાસ કરવા માગે છે. આ માથાદીઠ એટલી રકમની ફાળવણી થઇ છે. એટલે રોજના ગણીએ તો લગભગ ૨૫ પૈસા. પ્રધાનમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમ માટેની એક સમિતિની રચના કરી છે. તેની મિટિંગો પણ થતી નથી. જિલ્લાવાઇઝ, રાજયવાઇઝ તેની મિટિંગો થવી જોઇએ. વર્ષમાં એક મિટિંગ થાય પણ તેની અંદર કોઇ પ્રગતિ થતી નથી. કોઇ અમલીકરણ થતું નથી. ફક્ત *(xxx) આ મિટિંગો કરવામાં આવે છે. એટલે મારી વિનંતી છે કે કમસેકમ જે બાબતની જાહેરાત થાય, જે બાબતનો આપણે જશ લઇએ તેની ગંભીરતા લઇને તે માટેના કાર્યો કરવા જોઇએ. લઘુમતી વિકાસ નિગમની જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં પણ ૨ લાખ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. માઇનોરિટી ફાયનાન્સ કોર્પોરેશન. તેમાં જોઇએ તો અરજીઓ કરવામાં આવે છે પણ પૂરતી રકમ મળતી નથી. આપને વાત કરું, આમાં નથી આવતું પણ આપણે જશ લઇએ છીએ કે બે લાખ લોકોને દેશમાંથી હજ કરવા મોકલીએ છીએ. ૧૦ હજાર લોકો અમદાવાદથી જાય છે. બે વર્ષથી હજ કમિટીની રચના કરવામાં આવી છે. અત્યારે એરપોર્ટ પર જૂઓ, એટલી અંધાધૂંધી ફેલાયેલી છે. તેની જે વ્યવસ્થા થવી જોઇએ એ થતી નથી. તો તે તાત્કાલિક કરવામાં આવે. પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા જે વિકાસ કરવામાં આવે છે તેની અંદર પણ લઘુમતી સમાજના લોકોને ન્યાય મેળવવા માટે લઘુમતી સમાજના સ્થાપત્યો છે તેને માટે હાઇકોર્ટમાં જવું પડે છે. રાજયના બજેટમાં લઘુમતી સમાજના વિકાસ માટે નક્કર બજેટની ફાળવણી કરવામાં આવે એવી મારી સ્પષ્ટ માગણી છે.

અધ્યક્ષશ્રી : શ્રીમતી ગેનીબેન, તમે અંદર આવી શકો. તમે વચ્ચે આવતા નથી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : રાજયમાં લઘુમતી આયોગની રચના કરવામાં આવે. રાજયના લઘુમતી બહુ સંખ્યા ધરાવતા વિસ્તારોમાં સરકારી ૧૨ ધોરણની શાળાઓ ખોલવામાં આવે. મદરેસા શિક્ષણ આપતી સંસ્થાઓને જનરલ શિક્ષણ મળી રહે. પ્રધાનમંત્રી પોતે કહે છે કે હું એવું વિચારું છું કે એક હાથમાં કુરાન હોય અને એક હાથમાં કોમ્પ્યુટર હોય. જો સરકાર એવું કરવા માગતી હોય તો જે મદરેસાઓ છે, જે આધુનિક શિક્ષણ આપવા માગતી હોય તેમને તાત્કાલિક સરકારી ગ્રાન્ટેડ શાળાઓને મંજૂરી આપવી જોઇએ. લઘુમતી સમુદાય માટે અલગથી બજેટની ફાળવણી કરવી જોઇએ. જે રીતના લઘુમતી સમાજ છે તે આર્થિક રીતે બહુ જ પછાત છે. એટલે તેમાં શિક્ષણનો વ્યાપ વધે, રોજગારીની તકો ઉભી થાય તેના માટે સરકાર પૂરતા પગલાં લે. ફક્ત વાતોથી સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ એ રીતે નહીં ચાલે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મંત્રીશ્રી આ બાબતે વિચારે અને યોગ્ય નિર્ણય લે.

અધ્યક્ષશ્રી : મેં આપને વચ્ચે ડિસ્ટર્બ ન કર્યા. આપના વક્તવ્યમાં જે મિટિંગ કહી, તે *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ મહાનગરલિકામાં ભારતીય જનતા પાર્ટીનો ૩૯ સીટોથી વિજય થયો છે. તે બદલ સમગ્ર ભારતીય જનતા પાર્ટીને અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષશ્રી : શ્રી લલીતભાઇ વસોયા, અહીં તમે પાટલી થપથપાવી ને તે શ્રી કરસનભાઇ વખતે તમે કહેતા હતા. તે અહીં વધારે કરવાનું. એટલે બીજાંને કહેવાનું સારું લાગે પણ પોતે કરતા નથી.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : સાથે સાથે ખેડા જિલ્લા પંચાયતની સીટ પર ભાજપના શ્રીમતી વીણાબેન વિજયી થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સન ૨૦૧૯-૨૦ની માગણી નં. ૯૫ લઇને આવ્યા છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇના નેતૃત્વમાં જે અનુસૂચિત જાતિના લોકોના કલ્યાણના સંનિષ્ઠ પ્રયાસો થયા છે તેને અભિનંદન પાઠવું છું. ગુજરાત ભારતીય જનતા પાર્ટીની સરકારે અનુસૂચિત જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે જુદી જુદી યોજનાઓ હેઠળ નાણાં ફાળવીને છેલ્લા બે દાયકામાં ઘણો વિકાસ સાધ્યો છે. યોજનાઓ એટલે શિડયુલ કાસ્ટ પ્રોગ્રામ યોજના હેઠળ થોડી વાતો કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિઓના સામાજિક અને આર્થિક વિકાસ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની જુદી જુદી યોજનાઓનું અમલીકરણ એક છત હેઠળ થાય છે. તેનાથી રાજયના લોકોનો સામાજિક, આર્થિક સર્વાંગી વિકાસ શકય બન્યો છે. સુનિયોજીત આયોજન દ્વારા અમલીકરણ દ્વારા હાઇપાવર કમિટી તેની વાર્ષિક સમીક્ષા કરતી હોય છે. જેના લીધે આ યોજનાને સફળતા મળી છે. શિક્ષણ ક્ષેત્રે પણ ઉડીને આંખે વળગે તેવો માતબર સુધારો થયો છે જેના હું આકડા રજૂ કરવા માગુ છું. ૧૯૬૧ના કુલ સાક્ષરતાના આંક ૩૦.૪૫ ટકાની સામે અનુસૂચિત જાતિનો સાક્ષરતાનો દર ૨૨.૪૬ ટકા હતો. સન ૨૦૧૯ મુજબ સાક્ષરતાનો દર ૭૮ છે જેની સામે સૌથી વધુ અનુસૂચિત જાતિના લોકોનો સાક્ષરતાનો દર ૭૯.૧૮ ટકા છે જે ખૂબ આનંદની વાત છે. ધો.૯માં અભ્યાસ કરતી ૨૧ હજાર કન્યાઓનું ''મા સરસ્વતી સાધના યોજના'' દ્વારા સાયકલ આપીને કન્યાઓનું સન્માન કરવામાં આવે છે. પાટણ, લુણાવાડા, બોટાદ, ખાતે કુમાર છાત્રાલયો અને પાટણ, ગાંધીનગર, પોરબંદર, વઢવાણ, બોટાદ ખાતે કન્યા છાત્રાલયો માટે આધુનિક સુવિધાઓયુકત મકાન ફાળવવા માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવે છે. ગાંધીનગર, બારડોલી, મોડાસા, સમરસ છાત્રાલય બાંધવા માટે રૂ.૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એવી જ રીતે અરવલ્લી, મહીસાગર, સુરત, વડોદરા, મોરબી ખાતે નવા આંબેડકર ભવન બનાવવા માટે રૂ. દસ કરોડની જાહેરાત કરવામાં આવી છે. દેશની અંદર ઘણી સારી ફોજી સ્કૂલ છે જેવી કે દહેરાદૂન સ્કૂલ હોય, આબુની શેઠીયા સ્કૂલ હોય, અજમેરની સ્કૂલ હોય, મહેસાણાની ખેરવા સૈનિક શાળા હોય, આવી સ્કૂલોની અંદર આ જાતિના લોકોને અભ્યાસ માટે ૫૦ હજાર રૂપિયા સુધીની મદદ કરવામાં આવે છે. માનનીય નૌશાદભાઇએ કહ્યું છે કે અમારા વડવાઓએ કોઇ ભૂલ કરી છે, માનનીય નૌશાદભાઇએ અમારા વડવાઓનો ઇતિહાસ જોઇ લેવો જોઇએ, કોઇ વીતેલી ઘટના હશે એ બાદ કરીએ તો અમારો પણ ઇતિહાસ સુવર્ણઅક્ષરે લખાયેલો છે. આ લોકો માત્ર દલિતોની ઘટના બને તો *(xxx) ભૂતકાળની અંદર એવી ઘટનાઓ બની છે...

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ફલોર ઉપર માનનીય ચીમનભાઇની સરકાર વખતે અમારા માનનીય સભ્યશ્રી ફકીરભાઇ વાઘેલાને નાયબ ડેપ્યુટી સ્પીકર ના બનાવીને અપમાન કરવામાં આવ્યું હતું તો કોંગ્રેસને આ બધી વાતો યાદ આવતી નથી? માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને ધન્યવાદ આપુ છું. ખૂબ ખૂબ આભાર.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહના તમામ ઓ.બી.સી. ધારાસભ્યોએ પોતાની વાત ગૃહ સમક્ષ મૂકી, માનનીય બળદેવજીભાઇએ કહ્યું એ પ્રમાણે ગુજરાતની અંદર બાવન ટકા વસ્તી ઓ.બી.સી. સમાજની હોય અને ઓ.બી.સી. સમાજ માટે માત્રને માત્ર ૧૯૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું હોય, રાજકારણમાં વખાણ અને એ બધી વાતોને સાઇડમાં રાખીને જયારે વાસ્તવિક રીતે જોઇએ તો જે ગ્રામ્ય લેવલે અને હું જે વિસ્તારમાંથી આવું છું, મેં પોતે ૨૦ વર્ષ આ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે જે કામ કરેલું છે અને જે ગ્રાસ રૂટ લેવલ ઉપર જે તકલીફો છે એનું આ ગૃહની અંદર વર્ણન પણ થઇ શકે તેમ નથી. જે ૧૪૬ જ્ઞાતિઓ ઓ.બી.સી. સમાજમાં આવે છે એ ગુજરાતની અંદર પોતપોતાના વિસ્તારમાં દીકરા દીકરીઓને ભણાવવા માટે જે શૈક્ષણિક સંકૂલો બનાવવામાં આવે છે એ શૈક્ષણિક સંકૂલોના બાંધકામ માટે જે તે સમાજના દાતાઓ એ બાંધકામમાં એ પોતાનું અનુદાન આપે છે પણ પાછળથી એની જે કંઇ નિભાવણી કરવાની હોય એ નિભાવણી કરવામાં ખૂબ મોટી તકલીફ પડે છે એટલે જો આ ગુજરાતની અંદર આવા શૈક્ષણિક સંકૂલો હોય, હોસ્ટેલ હોય, હાઇસ્કૂલ હોય અને ૫૦ ટકા આ બજેટની અંદર ફાળવણી કરવામાં આવે અને રાજય સરકાર એને મદદ કરે એવી અપેક્ષા રાખું છું. સાથે સાથે દીકરી ભણાવો, બેટી બચાવો, વહાલી દીકરી આ ઘણી બધી યોજનાઓ રાજય સરકાર મારફત ચાલે છે. પણ સમગ્ર ગુજરાતની અંદર જયાં ૬૦ ટકા વસતિ ઓ.બી.સી. સમાજની હોય એ તાલુકા કક્ષાએ દીકરીઓને ભણવાની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવે કે ધોરણ-૧ થી ગ્રેજયુએટ સુધી ભણવાનું અને રહેવાની વ્યવસ્થા હોસ્ટેલમાં

હોય. હમણાં જ મારે એક અગ્રસચિવશ્રી સાથે ચર્ચા થઇ, એમને ચિંતા વ્યક્ત કરી હતી કે બાળલગ્ન અટકાવવા શું કરવું જોઇએ? મેં કહ્યું કે બાળલગ્ન અટકાવવા દીકરીઓને ભણવાની અને રહેવાની વ્યવસ્થા એક જ જગ્યાએ હોય અને ગ્રેજ્યુએટ સુધી પહોંચે ત્યાં સુધી એમની ઉંમર ૧૮ વર્ષની થઇ જાય અને પછી લગ્ન કરે તો બાળલગ્નનું નિરાકરણ આવી શકે. શ્રી કરસનભાઇ અને ઘણા સભ્યોએ રાજ્ય સરકારના વખાણ કર્યા. ઠીક છે સારી બાબતમાં વખાણ કરવા જોઇએ. પણ શ્રી કરસનભાઇ જેવા ઇમાનદાર માણસે કંઇ લેવું નથી છતાં પણ *(xxx).

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : હું માનું છું ત્યાં સુધી ઓ.બી.સી. સમાજની મોટી કઠણાઇ એ છે કે આ સભાગૃહમાં મોટી સંખ્યામાં સભ્યો બન્ને પક્ષમાંથી ચૂંટાઇને આવ્યા છે ત્યારે વિપક્ષના સભ્યોની વાત સાંભળવામાં આવતી નથી અને શાસક પક્ષના સભ્યો બોલી શકતા નથી. ધારાસભ્ય હોય તો ટિકિટ કપાવાની બીક લાગે છે અને મંત્રી હોય તો સભ્યપદ જવાની બીક લાગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેન, તમામ ધારાસભ્યો કોઇનાથી ડરે એવા નથી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : અમે તો અહીંથી અમારા વડીલ ગયા હતા એમના ઉપર મોટી અપેક્ષા રાખી હતી કે શાસક પક્ષમાં જઇને ઓ.બી.સી. સમાજ માટે સારું બજેટ આપશે એવી આશા હતી. અમને મદદ કરશે એવી આશા રાખી હતી. હું આ ગૃહમાં ઘણા બધા વિભાગો વિશે બોલું છું અને જ્યાં સરકારની વાત સારી કરવાની હોય ત્યાં કરી છે. પણ આજે ઓ.બી.સી. સમાજની વાત છે એ વાત કરું છું. જ્યારે રાજ્યમાં આટલી મોટી વસતિ હોવા છતાં અને ગૃહમાં આટલા બધા ધારાસભ્યો ચૂંટાઇને આવવા છતાં એના ન્યાયની સાચી વાત સ્વીકારવામાં આવતી ન હોય, હું વધારે દુઃખી થઇને કહેતી નથી પણ એટલું કહીશ કે કદાચ હું શાસક પક્ષમાં હોઉ અને આવો અન્યાય કરવામાં આવતો હોય તો ધારાસભ્ય તરીકે રાજીનામું આપી દઉં.

અધ્યક્ષશ્રી : રાજીનામું આપીને ઘણા આ બાજુ આવ્યા છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : ગુજરાતમાં ભૂતકાળમાં બક્ષીપંચના સમાજ માટે ૨૭ ટકા અનામત માટે મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપી દીધું હતું. રાજીનામું આપવું નથી પણ અન્યાય થાય એની સામે લડત આપવી જોઇએ. અમારા બક્ષીપંચ સમાજની લાગણી છે કે એસ.ટી., એસ.સી. સમાજમાં આવકની મર્યાદા ગણવામાં આવે છે એ જ રીતે ઓ.બી.સી. સમાજના વાલીની આવક મર્યાદા ગણવામાં આવે અને લાભ આપવામાં આવે એવી વિનંતી આ તબક્કે કરું છું.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પર્યાવરણ મંત્રીશ્રી માગણી નં. ૨૭ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા મત વિસ્તારમાં કોંગ્રેસની એક સીટ ઉપર કાપ મૂકાયો છે અને અમે ૨૩૧૪ મતથી એસ.ટી.ની સીટ જિલ્લા પંચાયતમાં અમે સારી રીતે જીતી શક્યા છીએ. પર્યાવરણ મૂળભૂત રીતે આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલ છે. મહાભારત કાળથી લઇને આજ દિન સુધી આપણી સંસ્કૃતિ માટે આપણા ગ્રંથોમાં પણ વર્ણન કરવામાં આવલ છે. પર્યાવરણને બચાવવાની શરૂઆત વિષ્ણુ ભગવાનના મત્સ્યાવતારથી લઇને અત્યાર સુધી ચાલી આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન વિષ્ણુએ માછલીનું રૂપ ધારણ કરીને પૃથ્વીને બચાવી હોવાની વાતનું વર્ણન પણ વિષ્ણુ પુરાણની અંદર કરવામાં આવેલ છે. વિષ્ણુ ભગવાને જુદી જુદી યોનીઓમાં અનેક રૂપો ધારણ કરીને મત્સ્ય અવતાર, સુરમા અવતાર એટલે કે કાચબાનો અવતાર, વરાહ અવતાર, નરસિંહ અવતાર વગેરે યોનીઓમાં જન્મ લઇને સમાજને પર્યાવરણનું મહત્વ માટેનું આદર્શરૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વર્તમાન યુગમાં પણ પર્યાવરણને લગતી સમસ્યાઓની અસર માનવીય સંસ્કૃત્તિ પર આપણને જોવા મળી રહી છે. માનવીય સંસ્કૃતિ અને પર્યાવરણ એક બીજાના પુરક આજ દિન સુધી બનતા આવેલા છે. પર્યાવરણ વીના માનવીય સંસ્કૃતિ શક્ય નથી જેથી પર્યાવરણના પાંચ મૂળભૂત તત્વો જળ, જમીન, અગ્નિ, હવા અને આકાશ વગર સંસ્કૃત્તિનું અસ્તિત્વ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે અમે આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ. ૯ મી ઓગસ્ટને અમે વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઊજવવા જઇ રહ્યાં છીએ. અમારો આદિવાસી સમાજ વર્ષોથી વૃક્ષોની પૂજા પણ કરે છે અને વૃક્ષોનું જતન કરવામાં અમારા આદિવાસી વિસ્તારનો અત્યાર સુધી ખૂબ મોટો ફાળો રહ્યો છે એના કારણે પર્યાવરણ સાથે અમારો ખૂબ મોટો નાતો છે. જ્યારે આદિવાસી વિસ્તારની અંદર વન પણ હોય છે. વનને સાચવવાની જવાબદારીમાં પણ મોટાભાગે અમારા આદિવાસી આગેવાનો અને અન્ય લોકોનો સિંહ ફાળો રહ્યો છે ત્યારે આ વર્ષ પણ મારા સંસદિય મત વિસ્તારમાં અમારા લાડિલા સંસદ સભ્યશ્રી સી. આર. પાટિલ, અમારા ધારાસભ્યો, અમારા અગેવાનો, અમારી પાર્ટીના આગેવાનો અને અનેક સંસ્થાઓ દ્વારા અત્યાર સુધીમાં મને કહેતા આનંદ થાય છે કે ૬૦,૦૦૦ જેટલા વૃક્ષો અમે વાવી દીધા છે અને એની સાથે રેઇન વોટર હાર્વેસ્ટિંગ, પાણીની ચિંતા પણ અમે એટલી જ કરી રહ્યાં છીએ. એટલે અમે ૭૦૦૦ જગ્યા પર રેઇન વોટર હાર્વેસ્ટિંગ કરાવી શક્યા છીએ. આપણું રાજ્ય ઔદ્યોગિક રીતે પ્રગતિશીલ છે ત્યારે વિકસિત રાજ્યોની અંદર ઉદ્યોગો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવતા હોય, વાહનો પણ વધતા હોય ત્યારે એ દિશામાં પણ આપણી સરકાર પૂરેપૂરું ધ્યાન આપીને આવનારા દિવસોમાં સી.એન.જી.થી ગાડીઓ ચાલે, ઇલેક્ટ્રિકથી ગાડીઓ ચાલે એ રીતે પણ વધારે આયોજન કરવામાં આવ્યું છે. આપણા આદરણીય નીતિનભાઇ સાહેબે સૌથી વધુ પર્યાવરણ ઉપર પૂરતું ધ્યાન આપ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. શ્રી ઋત્વિકભાઇ મકવાણા.

શ્રી નરેશભાઇ મ. પટેલ : જે કાંઇ અમારા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં સમર્થન આપું છું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, સમાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના અનુસંધાને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની લગભગ ૧૪૦થી વધુ જ્ઞાતિઓ જે ૫૪% થી વધુ વસતિ ધરાવે છે, એસ.સી. જે ૭% થી વધુ વસતિ ધરાવે છે, એટલે કે ટોટલ ૬૧% વસતિ રાજ્યના બે લાખ કરોડના બજેટમાંથી રૂ.૪૨૧૨ કરોડ જેવી માતબર રકમ લઇને સામાજિક સમરસતા અને ગુણવત્તાની વાત લઇને આવ્યા છે ત્યારે મારે આપ સૌનું ધ્યાન દોરવું છે કે, વાત તો સૌનો સાથ અને સૌના વિકાસની હતી. પરંતુ સાહેબ, જે વાત અને વર્તનમાં મેળ ખાતો હોય એવું લાગતું નથી. માનનીય અધ્યક્ષશ્રી,

**''લોભ, લાલચ સભી સે પરે હે, ફિકર હે આયને આજ ભી ખરે હે''**

માનનીય અધ્યક્ષશ્રી, આપણે વાત કરીએ છીએ પછાત વર્ગના બાળકોના ઉત્થાન અને સમરસતા માટેની (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી નૌશાદભાઇ કેમ હસો છો? આયને આજ ભી ખરે હે, ખરે જ રહેજો.

શ્રી ઋત્વિકભાઇ મકવાણાઃ ગઇકાલે ૩૬૦ જેટલી મેડિકલની સીટો વધી, આપણે સૌએ એને વધાવી પરંતુ વાસ્તવિકતા જયારે જોવાની આવે, માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરવાની જયારે વાત આવે ત્યારે આપણે સૌ *(xxx) બની જઇએ છીએ. બજેટની પુસ્તિકામાં જણાવ્યા અનુસાર ઓ.બી.સી.ના લગભગ ૩૫ લાખ વિદ્યાર્થીઓ અને અનુસૂચિત જાતિના ૩,૮૦,૦૦૦ વિદ્યાર્થીઓ જેમને સરકાર દ્વારા શિષ્યવૃત્તિની સહાય કરવામાં આવે છે. પરંતુ ધોરણ–૯ની અંદર ૧૪૦ જ્ઞાતિઓના માત્ર ૨,૭૩,૦૦૦ કુમાર અને ૧,૮૬,૦૦૦ કન્યાઓ પ્રવેશ લે છે. ધોરણ–૧૨ સુધી પહોંચતા પહોંચતા ૧,૧૨,૦૦૦ કુમાર અને માત્ર ૮૧૦૦૦ કન્યાઓ એટલે કે ૨૮ લાખ વિદ્યાર્થીઓ માધ્યમિક શાળામાં જે અભ્યાસ કરે છે જેમાં૧૬ લાખ કુમાર અને ૧૨ લાખ કન્યાઓ છે એ પૈકી ઓ.બી.સી. સમાજની માત્ર ૮૧૦૦૦ કન્યાઓ અને માત્ર ૧૧૨૦૦૦ કુમાર ધોરણ–૧૨ સુધી પહોંચે છે. ૧,૬૧,૦૦૦ કુમાર શાળા છોડી જાય છે અને ૧,૦૫,૦૦૦ કન્યાઓ ધોરણ–૧૨ સુધી પહોંચતા પહોંચતા શાળા છોડી જાય છે. એટલે લગભગ ૪૨ ટકા બાળકો ઓ.બી.સી. સમાજના છે એ ધોરણ–૧૨ સુધી પહોંચે છે. એના ૫૬ ટકા રિઝલ્ટ પ્રમાણે ગણીએ તો માત્ર ૨૦ ટકા કરતા પણ નીચે ઓ.બી.સી.ની સંખ્યા છે એ ધોરણ–૧૨ સુધી પહોંચે છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું કહેવા માંગું છું કે માત્ર કેસરી સાઇકલ આપી દેવાથી એ બાળકોને પ્રોત્સાહન નહીં મળે. ભૌતિક અંતર કદાચ શાળા સુધીનું આપણે ઘટાડી શકીશું. મુખ્ય જે વાત છે એ સામાજિક અંતર ઘટાડવાની છે. શાળાથી ૧૦૦ મીટર દૂર રહેતી દીકરી પણ જો શાળાએ ન પહોંચી શકતી હોય તો એની અનેક સામાજિક સમસ્યાઓ હશે અને એ સમસ્યાઓ દૂર કરવા માટે સરકારે કોઇક વિચારણા કરવી જોઇએ. આ પ્રમાણે ભરતી પ્રક્રિયા આપણી થઇ રહી છે એ ભરતી પ્રક્રિયામાં પણ કયાંય ન્યાય થઇ રહ્યો નથી.(અંતરાય) શિક્ષણ વિભાગ દ્વારા જે ભરતી કરવામાં આવી એ ભરતીની અંદર પહેલા તબકકામાં અનામત કેટેગરીના દાવેદારોની ભરતી કરવામાં આવી અને ઓપન કેટેગરીની ભરતી પછીથી કરવામાં આવી. જે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ સાથે ન્યાય થતો નથી. એવી જ રીતે છાત્રાલયો જે ચાલે છે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના સરકારી છાત્રાલયો..

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય ઋત્વિકભાઇ મકવાણાએ જે મુદ્દાસર વાતો મૂકી છે આપણે બધા એ ધ્યાનમાં લઇશું. *(xxx) બની જઇએ છીએ એ શબ્દ કાઢી નાખવામાં આવે છે. આપણે *(xxx) ન બની શકીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સમૂહ વિકાસ અંગેની જે માગણી લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા અને એને સમર્થન આપવા માટે ઉભો થયો છું. ઇન્ફર્મેશન ટેકનોલોજીનો વ્યાપ વધે. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કમ્પ્યુટરાઇઝેશન હેઠળ જોડાય એના માટે કુલ ૧૪૧૭ ગ્રામ પંચાયતોને કમ્પ્યુટર અને એને આનુષાંગિક સાધનો પૂરા પાડી અને આ રાજયનું ઇન્ફર્મેશન ટેકનોલોજીનું માળખું મજબૂત થાય એના માટે રાજયની ગ્રામ પંચાયતોને જીસ્વાનની કનેકટીવીટીથી જોડવામાં આવી છે. આનું પરિણામ એ આવ્યું કે આજે ગામડાંમાં ઘેર બેઠા જન્મ–મરણનો દાખલો, આવકનો દાખલો, ચારિત્ર્યનું પ્રમાણપત્ર હોય, જાતિનું પ્રમાણપત્ર હોય, વેરાની આકારણીનું બિલ હોય, બી.પી.એલ. યાદી હોય, ૭/૧૨, ૮–અ ના ઉતારા જોઇતા હોય, કરવેરા ભર્યાની પહોંચ જોઇતી હોય, વિવિધ યોજનાના અરજી ફોર્મ જોઇતા હોય, ધોરણ–૧૦ અને ૧૨ ના રિઝલ્ટ જોઇતા હોય તો આ બધું ગ્રામ પંચાયતોની ઓફિસેથી મળી રહે એના માટે રાજયની ૧૪૦૦૬ ગ્રામ પંચાયતો, ૩૩ જિલ્લા પંચાયતો, અને ૨૪૭ તાલુકા પંચાયત કચેરીને જી–સ્વાન કનેક્ટિવિટીથી જોડવામાં આવેલ છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાકી રહેલ ગ્રામ પંચાયતોને જોડવા માટે આ બજેટમાં લગભગ ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. સરકારની આ બાબતની કામગીરીની હું પ્રશંસા કરું છું અને આ જોગવાઇને હું આવકારું છું. એવી જ રીતે ૧૪માં નાણાપંચનાં જે નાણાં ગ્રામ પંચાયતોને સીધા આવે છે. વર્ષ ૨૦૧૫–૧૬થી વર્ષ ૨૦૧૯–૨૦ના સમયગાળા દરમ્યાન મળનાર અંદાજિત રકમ રૂ.૭૭૭૧.૨૬ કરોડ અને પર્ફોર્મન્સના રૂ.૮૬૩ કરોડ મળવાપાત્ર થાય છે. આ ગ્રાન્ટથી ગ્રામ પંચાયતો પીવાના પાણીનાં કામો, સેનીટેશનનાં કામો, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના કામો, સ્ટોર્મ વોટર ડ્રેનેજનાં કામો, આંતરિક રસ્તાનાં કામો, ઇ–ગ્રામની સુવિધાનાં કામો, સ્ટ્રીટ લાઇટ માટે એલઇડી લાઇટનાં કામો, કબ્રસ્તાન, સ્મશાનગૃહ જેવાં કામો હાથ ધરી શકે છે. એના પરિણામે આ કામ માટે વર્ષ ૨૦૧૮–૧૯માં લગભગ રૂ.૧,૯૫૮.૯૬ કરોડની જોગવાઇ કરેલ અને માર્ચ ૨૦૧૯ના અંતે રૂ.૧૯૨૮.૯૨ કરોડની ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને સરકારે ફાળવી દીધી છે. સમરસ ગ્રામ પંચાયત યોજના. ગામડામાં વેરઝેર ન થાય, ગામડામાં ખોટા કાવાદાવા ઉભા ન થાય, ગામડામાં આંતરિક વૈમનસ્ય ઉભું ન થાય એના માટે વર્ષ ૨૦૦૧થી ભાજપની સરકારે એક યોજના યોજના અમલમાં મૂકી છે. જે ગ્રામ પંચાયત બિન હરીફ થાય એ ગામને વિકાસ માટે વધારાની ગ્રાન્ટ ફાળવવી. એના કારણે આજે રાજ્યની ઘણી બધી ગ્રામ પંચાયતો બિન હરીફ થાય છે. એ ગામમાં એટલા વિકાસના પૈસા વધારાના મળે છે, એના પરિણામે ગામનો વિકાસ સારો થાય છે. સાથે સાથે ગામમાં સંપ અને સહકારની ભાવના રહે એના માટે સરકારે ખૂબ સુંદર મજાની કામગીરી કરી છે. ૫૦૦૦ સુધીની વસતિવાળા ગામમાં ૨ લાખ રૂપિયા અને ધોરણ–૮ની મંજૂરી, જો કોઇ ૫૦૦૦થી નીચેની વસતિવાળું ગામ સમરસ થાય તો એને ૨ લાખ રૂપિયા અને ધોરણ–૮ની મંજૂરી જોઇતી હોય તો મંજૂરી પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે. બીજીવાર એ ગામ બિન હરીફ થાય તો ૨.૫ લાખ રૂપિયા અને રૂ.૨ લાખ સુધીના સી.સી. રોડનું કામ મંજૂર કરે છે. ત્રીજી વાર સમરસ થાય તો રૂ.૩,૧૨,૫૦૦ પ્રોત્સાહક ઇનામ અને વિકાસનાં કામો માટે રૂ.૩ લાખ ફાળવવામાં આવે છે. ચોથી વાર બિન હરીફ થાય તો ૪ લાખ રૂપિયા અને વિકાસનાં કામ માટે ૩ લાખ રૂપિયા આપવામાં આવે છે. આ રીતે ૫,૦૦૦થી ૨૫,૦૦૦ સુધીના વસતિવાળા ગામમાં આ બધું આયોજન જોતા ગ્રાન્ટમાં જે રીતે સમૂહ વિકાસનાં કામ માટે નાણાં ફાળવ્યાં છે, તેને હું આવકારું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા અને પર્યાવરણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. હું મારા અરવલ્લી જિલ્લાની વાત કરું છું. અરવલ્લી જિલ્લો ગ્રામ વિકાસ એજન્સીમાં મંજૂર મહેકમ ૨૬નું છે. એમાં ફકત ૨ કાયમી જગ્યાઓ છે. બાકીની ૧૦ કરાર આધારિત છે. ૩ જગ્યા આઉટ સોર્સિંગથી ભરાયેલ છે અને ૧૧ જગ્યાઓ આજે પણ ખાલી છે. તેવી જ રીતે સ્વચ્છ ભારત મિશન ગ્રામિણમાં મંજૂર મહેકમ ૧૦ ની સામે કાયમી જગ્યા એક પણ નહિ અને કરાર આધારિત ૫ જગ્યાઓ ભરેલી છે. મનરેગા યોજનામાં મંજૂર મહેકમ ૬ પૈકી ૨ જગ્યાઓ કરાર આધારિત ભરેલ છે અને ૧ જગ્યા આઉટ સોર્સિંગથી ભરવામાં આવી છે. આમ મોટા ભાગની જગ્યાઓ આઉટ સોર્સના કારણે ૫૦ ટકા ખાલી પડેલ છે. ટેકનિકલ જગ્યા મુખ્ય છે. એટલા માટે અમારા મેઘરજ તાલુકામાં ૨૦૧૨માં ટેકનિકલના કારણે રૂ.૧૨ કરોડનું કૌભાંડ થયું છે. આખે આખું કમ્પ્યૂટર એના ડેટા સાથે સળગાવી નાખવામાં આવેલ છે. જે લોકોને મટીરિયલ્સની ગ્રાન્ટ એમને મળવી જોઇએ, તે આજ દિન સુધી મળી નથી. આઉટ સોર્સિંગમાં કર્મચારીઓની જવાબદારી નક્કી થતી નથી, એના કારણે આટલા મોટા કૌભાંડ થતા હોય છે. આ ગ્રામ વિકાસમાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવતી હોય છે, પણ આવા કૌભાંડોના કારણે ઘણી બધી ગ્રાન્ટ છેવાડાના ગામ સુધી વિવિધ યોજનાની પહોંચતી નથી. અરવલ્લી જિલ્લામાં બેઝ લાઇનના તાલુકાનો લક્ષ્યાંક જોઇએ તો ૧૫,૧૬૦ નો હતો, તેની સામે ૮,૫૪૭ શૌચાલયો પૂર્ણ થયેલ છે. જયારે વર્લ્ડ બેન્કના ૩૨૬૫ના લક્ષ્યાંક સામે ૧૪૫૮ શૌચાલય પૂર્ણ થયેલ છે. આમ લગભગ ૫૦ ટકા જેટલા શૌચાલયો બનેલા છે. આમાં દસ ટકા લોકફાળો ભરવાનો હોય છે. આ શૌચાલયોમાં લોકફાળો ભરી બનાવે પણ છે પરંતુ તેના એસ્ટીમેટ પ્રમાણે બે લાખમાં કામ પૂર્ણ ન થવાના કારણે ઘણાખરા ગામડાઓ આ યોજનાનો લાભ લઇ શકતા નથી. એટલે આ રકમમાં વધારો કરવામાં આવે તો ચોક્કસ આનો સારો લાભ લઇ શકાય તેમ છે. અમારા અરવલ્લી જિલ્લાના મારા તાલુકાની વાત કરું કે, શૌચાલય દરેકના ઘરે હોય, આપણે હમણાં વાત કરી કે, મહિલાઓને પહેલાં રાત પડવાની રાહત જોવી પડતી હતી, પણ સાહેબ, આજે પણ રાત પડવાની રાહ જોવી પડે છે. જે જે શૌચાલયો બનાવેલા છે તે ઘરની આગળ શોભાના ગાંઠિયાની જેમ ફકત ઉભા જ રાખવામાં આવ્યા છે. આજે એકપણ શૌચાલય, હું કોઇ રાજકીય અવલોકન કરતો નથી પણ એકપણ શૌચાલયનો ઉપયોગ કરવામાં આવતો નથી. હું મારા મોડાસા તાલુકાના કવ ગામની વાત કરું તો કાગળના પૂંઠાની ઇંટો બનાવીને તેના પર કેમિકલ ચોટાડીને બનાવીને કૌભાંડ કરીને શૌચાલય બનાવ્યા હતા. આજે એકપણ શૌચાલય ત્યાં ચાલુ નથી. શૌચાલયોમાં જે એજન્સીઓ દ્વારા કામ કરવામાં આવે છે તે બંધ કરીને વ્યક્તિગત શૌચાલય બનાવવામાં વધારો થાય તો ચોક્કસ તેનો સદ્‌ઉપયોગ થઇ શકે તેમ છે. સરકારે ૨૦૨૨ સુધીમાં દરેકને પ્રધાનમંત્રી આવાસ યોજના આપવાની વાત કરી છે. મારા મોડાસા અને ધનસુરા તાલુકાની વાત કરું તો મોડાસા તાલુકામાં ૬૬૧૭ અને ધનસુરા તાલુકામાં ૪૫૬૯ મકાનો કાચી માટીના બનાવેલા છે. આમ કુલ ૧૧૪૯૬ મકાનો કાચા છે. તેની સામે લક્ષ્યાંક ફકત ૧૬૬૦ મકાનોનો મંજૂર કરેલ છે તો આનો લક્ષ્યાંક વધારીને પાકા મકાનો બનાવે તો ગરીબ અને છેવાડાના માણસો જે ઘરની રાહ જોઇને બેઠા છે તેમને આનો સારો

લાભ મળી શકે તેમ છે. મનરેગા યોજના ખેતી સાથે જોડી તે ખૂબ આનંદની વાત છે. આની સાથે ખેતીની વધુ યોજનાઓ જોડવાની વાત છે. જમીનો ધોવાણવાળી હોય ત્યાં પાકા પાળા બનાવવાની અને તેનું ધોવાણ થતું અટકાવવામાં આવે કે જેથી કરીને ખેડૂતના બિયારણ અને ખાતર ધોવાઇ ન જાય. હાલ મનરેગા યોજના અંતર્ગત કૂવો ખોદવાની યોજના પણ અમલમાં છે. તેની અંદર ૫૦ ફૂટ ઉંડો કૂવો ખોદવાની મંજૂરી આપવામાં આવે છે. પરંતુ પાણીના તળ નીચે જવાના કારણે અત્યારે ૮૦ થી ૧૦૦ ફૂટનો કૂવો ખોદવામાં આવે તો જ પાણી મળે. આ યોજના સારી છે અને ખેડૂતોને તેનો ચોક્કસ સારો લાભ પ્રાપ્ત થાય છે. એટલે આમાં પણ રકમ વધારીને કૂવાની ઉંડાઇ ૫૦ ફૂટ છે તે ૮૦ થી ૧૦૦ ફૂટ કરવામાં આવે તો સારો લાભ મળી શકે તેમ છે. અરવલ્લી જિલ્લો આદિવાસી, દલિત, એસ.ટી સમાજ અને બક્ષીપંચ સમાજની વસતી ધરાવતો પછાત જિલ્લો છે. ખેતી આધારિત અમારો જિલ્લો છે પરંતુ સિંચાઇનું પાણી ન હોવાના કારણે  બેરોજગારો છે તે બધા જ આ મનરેગા યોજના સાથે સંકળાયેલા છે. ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહું છું કે, નર્મદા આધારિત અથવા કડાણા હાઇટેક કેનાલથી મંજૂર કરી સિંચાઇની સુવિધા અમારા જિલ્લામાં પ્રાપ્ત થાય તો વધુ રોજગારી મળી શકે તેમ છે અને ખેડૂતોને પાણી મળી શકે તેમ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. સમય કોઇના માટે રોકાતો નથી શું કરીએ. પ્રો. કુબેરભાઇ ડીંડોર.

શ્રી કુબેરભાઇ  મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા પર્યાવરણ મંત્રીશ્રી માગણી નં.૨૭ માટે લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

આ પર્યાવરણની જાળવણી, સંવર્ધન અને સંરક્ષણ કરવાની માનવજાતની સંયુક્ત જવાબદારી છે. ઉમાશંકર જોશીએ કહ્યું છે કે, આ જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, વનો છે વનસ્પતિ. આ ધરતી પર જન્મ લેનારા તમામને શાંતિથી જીવવાનો અધિકાર છે. મનુષ્ય એટલે કે માનવજાતે પોતાની આર્થિક સમૃદ્ધિ વધારવા માટે, ભૌતિક સુવિધાઓ વધારવા માટે આ ધરતીનું અને કૃત્રિમ સંપદાનું દોહન કર્યું છે તેના માટે આ પર્યાવરણ એટલે કે કલાઇમેટ ચેઇન્જનો પ્રશ્ન જટિલ બન્યો છે. તેને સુધારવા માટે આપણી ગુજરાત સરકારનો અથાગ પ્રયત્ન રહ્યો છે. પર્યાવરણનું મહત્વ સમજતા તથા પર્યાવરણની માનવીય સંસ્કૃતિ માટેની જરૂરિયાતોને ધ્યાને રાખતાં સરકારશ્રી દ્વારા પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે. જેથી કરીને રાજયના પર્યાવરણની પરિસ્થિતિ વધુમાં વધુ સૃદ્ઢ બનતી રહે અને તે માટે ગુજરાત ઇકોલોજી કમિશન તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ એટલે કે જીપીસીબી દ્વારા ગુજરાત રાજયના પર્યાવરણને થતી આડઅસરો સાથે શક્ય તેટલા પ્રમાણમાં લોકોના જીવન પર ઓછી અસર થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. તેમાં સરકારશ્રીના આ વિભાગને સફળતા પણ મળી છે. વર્તમાન વિશ્વ સામે ત્રણ જટિલ સમસ્યાઓ ઉભી થઇ છે. તેમાં એક વસતી વિસ્ફોટ, ગરીબી અને પ્રદૂષણ આ ત્રણેય સમસ્યાઓ ખતરનાક છે.  આ ત્રણેય સમસ્યાઓ ખતરનાક છે. આ ત્રણેય સમસ્યાઓને હલ કરવા જાગૃત્ત બનીને સંયુક્ત રીતે પ્રયાસ કરીને સક્રીય અને નક્કર પગલાં નહીં લેવાય આવનારા સમયમાં તો પૃથ્વી પર આપણે નર્ક સમાન જીવન જીવીશું. સાથે સાથે જીવન માટે અનિવાર્ય છે શુદ્ધ હવા, ચોખ્ખું પાણી અને ઝહેરીલી હવાથી મુક્ત આકાશ અને એના માટે પણ સંયુક્ત પ્રયત્નો આપણે બધાએ મિત્રો કરવા પડશે. માનનીય અધ્યક્ષશ્રી, આપણી પૃથ્વીને ક્લીન અને ગ્રીન રાખવા શું શું કરી શકીએ એ વિચારણાના અંતે સંયુક્ત રાષ્ટ્ર સંઘે પણ એક પ્રસ્તાવ મૂક્યો હતો અને આપણા વડા પ્રધાન સન્માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પોતાની મન કી બાતમાં લોકોને એક આહવાન કર્યું કે આપણે બધા સાથે મળીને પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરીએ. પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા આપણા દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ અનુરોધ કરેલ છે અને માનનીય વડાપ્રધાનશ્રીએ પ્રદૂષિત વાતાવરણથી પૃથ્વીને બચાવવા માટે લોકોને લો-ગ્રેડ પ્લાસ્ટીક અને પોલિથિનનો ઉપયોગ બંધ કરવા મન કી બાત દ્વારા અનુરોધ કર્યો છે. સાથે સાથે ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે વિશ્વના તમામ લોકોને વૃક્ષારોપણ કરવાની અપિલ પણ આપણા વડાપ્રધાનશ્રીએ કરી છે અને સંયુક્ત રાષ્ટ્ર સંઘે આપણા ૫૬ ઇંચની છાતીવાળા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને એની જવાબદારી સોંપી છે. ઘણી વાર વિપક્ષના મિત્રો કહેતા હોય છે કે, ૫૬ ઇંચની છાતી તો છાતી ફૂટપટ્ટી કે મેજરટેપથી માપવાની ન હોય પણ ત્વરિત નિર્ણય લેવાની જેનામાં શકિત હોય એ ૫૬ ઇંચની છાતીવાળા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને આ વિશ્વનું પર્યાવરણ સુધારવાની જવાબદારી પણ સંયુક્ત રાષ્ટ્ર સંઘે સોંપી છે. માનનીય અધ્યક્ષશ્રી, એક સમસ્યા એવી પણ છે કે આપણે જયારે બગીચાઓમાં જઇએ છીએ ત્યારે ઘણી વાર બગીચાના મોટા મોટા વૃક્ષોના થડ ઉપર કોતરકામ કરવામાં આવેલું હોય છે અને પ્રેમી પ્રેમિકાઓ પોતાના સાથીના નામની કોતરણી વૃક્ષોના થડ પર કરતા હોય છે. તો આ જે લોકો પોતાના પ્રેમી પ્રેમિકાનું નામ આ રીતે લખે છે એમને મારે આપના માધ્યમથી વિનંતી છે કે, આ રીતે વૃક્ષોની ઉપર નામ લખીને કોતરવાનું બંધ કરે અને એમના પ્રેમી અથવા પ્રેમિકાના નામે એક વૃક્ષ ઉછેરવાનું કામ કરે તો એમની યાદગીરીમાં પર્યાવરણમાં પણ સુધારો થશે. પર્યાવરણનું રક્ષણ કરવાની અને ક્લાઇમેટ ચેન્જની અસરો ઘટાડવાથી આખા વિશ્વને પ્રેરણા આપવાનું અને પ્લાસ્ટીક પ્રદૂષણને હટાવવાની જવાબદારી પણ આપણા બધાની છે અને સાથે સાથે આપણા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણી સાહેબે પણ ગઇ સાલ એક સુત્ર આપ્યું હતું કે એક વ્યકિત એક ઝાડ અને ક્લીન ગુજરાત અને ગ્રીન ગુજરાતનો નારો જેમણે આપ્યો છે ત્યારે બધા જ લોકો એક વ્યકિત એક ઝાડ ઉછેરે તો આ પર્યાવરણની જાળવણી સારી રીતે થઇ શકે એમ છે. માનનીય મંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી માગણી નં. ૯૨ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ મહત્વનો કહી શકાય એવો વિભાગ છે પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય આપવાની વાત હોય ત્યારે આ દેશના અને રાજયના આ જાતિના લોકોની જે લાગણીઓ હોય, જે ઇચ્છાઓ હોય, જે અપેક્ષા સરકાર પાસે હોય એ અપેક્ષા જ્યારે પરિપૂર્ણ ન થાય ત્યારે અનુસૂચિત જાતિના લોકો છે એને ખૂબ દુઃખ થતું હોય છે. ડો. બાબાસાહેબ આંબેડકરે સામાજિક ન્યાય માટે આ દેશનું સર્વશ્રેષ્ઠ બંધારણ આપ્યું. કોઇ એક સમાજ માટે નહીં સમગ્ર આ દેશના લોકો માટે, બહેનો માટે, અન્ય સમાજના લોકોને સામાજિક ન્યાય મળે અને અન્ય પછાત વર્ગના લોકો અને અન્ય સમાજ માટે એમણે સારામાં સારું બંધારણ આપ્યું છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે તેઓ યુવાન મંત્રી છે અને સરકારને પણ કહેવું છે કે, જ્યારે અનુસૂચિત જાતિના લોકોને તમે ન્યાય આપવા માગતા હોય તો આ વિધાનસભાની અંદર પણ એક જ મંત્રી અનુસૂચિત જાતિના છે જેની સામે અન્ય સમાજના બે કે ત્રણ કરતા વધારે મંત્રીઓ છે ત્યારે હું એવી અપેક્ષા રાખું અને માનનીય મંત્રીશ્રીને હું એવી કહીશ કે કદાચ જો હું ચુંટણી હારી ગયો હોત તો એ મંત્રી પણ ન હોત, તો યુવાન વયે એમને જે તક મળી છે તે પરિપૂર્ણ કરવી જોઇએ અને હું એવી લાગણી રાખું છું કે અનુસૂચિત જાતિના બે કે ત્રણ મંત્રીઓ હોવા જોઇએ. આપણે બહેનોની પણ વાતો કરીએ છીએ. બહેનોને ૫૦ ટકા રિઝર્વેશન આપવું. અહીંયાં બહેનોમાં પણ સંખ્યા મંત્રીમંડળમાં જોતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, સમરસ હોસ્ટેલ બનાવવામાં આવી છે. એ સમરસ હોસ્ટેલ અનુસૂચિત જાતિના જે પૈસા ફાળવેલા હોય છે એ ૧૦૦ ટકા અનુસૂચિત જાતિની ગ્રાન્ટમાંથી આ સમરસ હોસ્ટેલ બનાવવામાં આવી છે એમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે એ ૬૦ ટકા હોવું જોઇએ એના બદલે ૧૫ કે ૨૦ ટકા અનામત એમાં આપવામાં આવી છે. અમે ઘણી વખત આની પહેલાં પણ એ માગણી કરી છે જ્યારે આ ૧૦૦ ટકા અનુસૂચિત જાતિની ગ્રાન્ટોમાંથી આ હોસ્ટેલો બની હોય તો એમાં કમસેકમ ૫૦ ટકા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ હોવા જોઇએ. જે માનનીય મંત્રીશ્રીએ આજસુધી આ કર્યું નથી. જે મેરીટ ઉપર એડમિશન આપવામાં આવે છે તો એની અંદર પણ અનુસૂચિત જાતિનું જે મેરીટ લિસ્ટ પહેલાં જાહેર કરવામાં આવે છે જેથી કરીને ઉંચી ટકાવારી ધરાવતા વિદ્યાર્થીઓને અનામતમાં એડમિશન લેવું પડે છે અને જે જનરલમાં આવી શકે તેમ હોય તેને પણ ડરના હિસાબે કે ભાઇ મને અનામતમાં મળશે કે નહિ એવા ડરથી એ જનરલમાં એડમિશન લેવાના બદલે અનામતમાં એડમિશન લઇ લે છે. એના હિસાબે જે નબળા વિદ્યાર્થીઓ હોય અથવા તો ઓછી ટકાવારી ધરાવતા વિદ્યાર્થીઓને જે લાભ મળવો જોઇએ એ લાભ મળતો નથી એટલે અનામતનું લિસ્ટ જ્યારે બહાર પડે ત્યારે જનરલ અને અનામતનું સાથે લિસ્ટ બહાર પડવું જોઇએ, જે આ સરકારે અનુસૂચિત જાતિના નબળા વર્ગના વિદ્યાર્થીઓને એડમિશન ન મળે એના માટેની એમણે આ પેરવી કરી હોય એવું લાગે છે. અનુસૂચિત જાતિના ખેડૂતોને સાંથણીમાં જમીનો ભૂતકાળમાં આપવામાં આવતી હતી એ સાંથણીમાં જમીનો હવે આપવામાં આવતી નથી જે અનુસૂચિત જાતિના જે ખેડૂતો છે એના માટેની કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજનાઓ છે જેમાં ખેડૂત પોતે જમીન ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ આપવામાં આવે છે એનો પણ અત્યાર સુધીમાં કોઇ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો નથી. અધિકારીઓ અને કર્મચારીઓ સાથે જે અન્યાય થાય છે, ઘણી બધી ફરિયાદો મળે છે કે એને એવી પોસ્ટ ઉપર મૂકવામાં આવે છે કે ખરેખર એની લાયકાત પ્રમાણે એને જે પોસ્ટ મળવી જોઇએ એ મળતું નથી એના ઉપર એલીગેશન કરવામાં આવે છે એના સી.આર. ખરાબ થાય એવા પ્રકારની અમુક માનસિકતા ધરાવતા અધિકારીઓ દ્વારા આ કરીને અનુસૂચિત જાતિના લોકોને અન્યાય કરવામાં આવે છે. ઘણી બધી ફરિયાદો એવી મળતી હોય છે એનાથી એ લોકો આત્મહત્યા કરવા માટે પ્રેરાતા હોય છે અમને ફરિયાદ પણ કરતા હોય છે.

બી.પી.એલ.ની યાદીમાં પણ અનેક રીતે ભેદભાવ જોવા મળે છે, જેમાં ખેડૂતો હોય, આર્થિક ખૂબ સદ્ધર હોય, આર્થિક રીતે ખૂબ સાધન સંપન્ન હોય એવા લોકો પણ બી.પી.એલ.ની યાદીમાં આજે છે તો એ યાદીમાં પણ સુધારો થવો જોઇએ અથવા તો એમાં કડક કાયદો લાવવો જોઇએ કે જેથી કરીને બી.પી.એલ.ની યાદીમાં નામ નોંધાવતા પહેલાં એ પોતે ફોરવ્હીલ વાહન ધરાવતો હોય અને ખેડૂત ખાતેદાર હોય, છતાં પણ બી.પી.એલ.ની યાદીમાં હોય એનાથી ગરીબ માણસો એમના લાભથી વંચિત રહી જાય છે.

આર.ટી.ઇ. નીચે વિદ્યાર્થીઓને જે એડમિશન આપવામાં આવે છે. તો ખાનગી શાળાઓમાં એડમિશન અપાઇ ગયું હોવા છતાં ત્યાં વાલીઓને ના પાડી દેવામાં આવે છે. ભાવનગરની પણ અનેક ઘટનાઓ મારી સમક્ષ આવી છે કે રાઇટ ટુ એજ્યુકેશન અંતર્ગત જ્યારે એડમિશન આપવામાં આવ્યું હોય ત્યારે એડમિશન ફરજિયાત આપી દેવું જોઇએ એવો કડક આદેશ અહીંયાથી થવો જોઇએ જે ઘણી સ્કૂલોની અંદર, અમારે ત્યાં ફાતિમા કોન્વેન્ટ સ્કૂલ છે ત્યાં અને બીજી અનેક સ્કૂલોની અંદર એ રીતે એડમિશન આપવામાં આવતું નથી, એટલા માટે એ વંચિત રહે છે અને આગળ ભણવા માટે પણ એનું ભવિષ્ય પહેલેથી શરૂઆતથી જ અંધકારમય બનતું હોય એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેકલોગની જે જગ્યાઓ છે એ જગ્યાઓ પણ ખાલી છે અને એ ભરવામાં આવતી નથી એટલે બેકલોગનું બેલેન્સ થાય એ માટે પણ હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કોન્ટ્રાક્ટ પદ્ધતિ કરવામાં આવી છે એના કારણે સફાઇ કામદારો છે એને અન્યાય થઇ રહ્યો છે આર્થિક રીતે સાધન સંપન્ન લોકો આ કોન્ટ્રાકટ મેળવી લે છે અને સફાઇ કામદારોને જે વળતર મળવું જોઇએ એ ઓછું મળે છે. એટલે એમાં પણ અનામતનો લાભ મળે તેવું કરવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે અને આપે જ્યાં અન્યાય અન્યાય શબ્દ વાપર્યો છે એ કાઢી નાંખવામાં આવે છે અને ન્યાય કરવામાં આવતો નથી એવો સુધારો કરવામાં આવે છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ મારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીને અભિનંદન આપવા છે કે તેણે ખાનગી કંપનીઓમાં અનામતનું ધોરણ દાખલ કરવાની શરૂઆત કરી છે એટલે અહીંયા માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું કે અનામત છે તે ખાનગી કંપનીઓમાં પણ હોવી જોઇએ અને જે કોન્ટ્રાકટ પદ્ધતિ છે તે રદ થવી જોઇએ.

શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇશ્વરભાઇ પરમાર સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ જિલ્લામાંથી આવું છું અને જૂનાગઢ જિલ્લામાં કોંગ્રેસનું ખાતું પણ ખુલ્યું નથી ભાજપ ૪૭ સીટ આગળ છે અને વિશ્વના સૌથી લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કેડેલી વિકાસની કેડી ઉપર ગુજરાત અવિરત પ્રગતિ કરી રહ્યું છે જેના આપણે સૌ સાક્ષી બની રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે સમાજના છેવાડાના માનવી સુધી પાયાની સુવિધા પહોચાડવા માટે સરકારે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. વંચિતોના વિકાસની નેમ સાથે સરકાર દ્વારા કરવામાં આવતા કાર્યો ખરેખર અભિનંદનને પાત્ર છે. અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુકિત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતિઓ, દિવ્યાંગો, વૃદ્ધો, નિરાધારો એમ તમામ જરૂરિયાત મંદ નાગરિકો પોતાના ક્ષેત્રમાં પ્રગતિ કરી અને આગળ વધે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. અને તેના પરિણામે રાજયમાં સામાજિક સમરસતાનું વાતાવરણ નિર્માણ પામ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ નાણાકીય વર્ષમાં રાજય સરકારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે રૂપિયા ૪૨૧૨ કરોડની જોગવાઇ કરી છે જે બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને હું અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીનો ગરીબોના ઉત્થાન માટેનો લોકપ્રિય કાર્યક્રમ એટલે ગરીબ કલ્યાણ મેળો. સરકાર દ્વારા ૧૫૩૦ જેટલા ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧૪૭ લાખથી વધારે લાભાર્થીઓને કુલ રૂ.૨૬,૬૭૭ કરોડની સહાય આપવામાં આવી છે. ૪૦ ટકાથી વધારે દિવ્યાંગ વ્યકિતઓને સમગ્ર રાજયમાં વિના મૂલ્યે પ્રવાસ માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮માં એક લાખથી વધુ લાભાર્થીઓને વિના મૂલ્યે પ્રવાસ માટે રૂપિયા ૨૨ કરોડથી વધુની રકમ એસ.ટી.નિગમને ચૂકવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૬૦થી વધુ વયના વૃદ્ધને કે જેમને ૨૧ વર્ષથી મોટા પુત્ર ન હોય તેવા વૃદ્ધને રાજય સરકાર પ્રતિ માસ રૂપિયા ૭૫૦ની સહાય આપે છે અને વર્ષ ૨૦૧૭–૧૮માં કુલ ૭૦ હજાર લાભાર્થીઓને રૂ.૫૫ હજાર કરોડથી વધારે રકમની સહાય ચૂકવવામાં આવી છે. સરકારે ગાંધીનગર, બારડોલી અને મોડાસા ખાતે સમરસ કુમાર તથા કન્યા છાત્રાલય બાંધવા માટે રૂપિયા ૮.૭૫ કરોડની જોગવાઇ કરી છે. જેથી સમાજના ગરીબ વર્ગના બાળકોને ઓછા ખર્ચે વિના મૂલ્યે રહેવાની સુવિધા ઉપલબ્ધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના યોજના હેઠળ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૧.૮૨ લાખ કન્યાઓને રૂપિયા ૬૫ કરોડના ખર્ચે સાઇકલ ભેટ આપવામાં આવી છે. સૌનો સાથ સૌનો વિકાસની ભાવના સાકાર કરવા બજેટ આપવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને અભિનંદન પાઠવું છું.

શ્રી ચંદનજી ત. ઠાકોર(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં થોડાં દિવસો પહેલાં સમાજ સેવક અને દારૂબંધી માટે સરાહનીય કામ કરનાર મહાન સંતશ્રી પરમ પૂજ્ય સદારામ બાપા ટોટાડા ખાતે બ્રહ્મલીન થયા હતા ત્યારે ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને કૉંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિતભાઇ ચાવડા અને અન્ય મંત્રીઓ અને ધારાસભ્યો સૌએ ભેગા થઇને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. એ બદલ સૌનો આભાર વ્યક્ત કરું છું. પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ગામડાઓમાં ઓ.બી.સી. સમુદાયના લોકો વસે છે. આ સમુદાય સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે. દિન–પ્રતિદિન આ સમાજની શિક્ષણની રૂચિમાં વધારો થતો જાય છે. પાટણ ઉત્તર ગુજરાતનું એક મોટું કેન્દ્ર છે. પાટણ જિલ્લાના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે મોટા ભાગે પાટણમાં આવતા હોય છે. એમને રહેવા માટે મકાનની કોઇ સગવડ નથી અને છે તો એ ઓછા પ્રમાણમાં છે. પાટણ ખાતે ૧,૦૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ બનાવવામાં આવે એવી હું માગણી કરું છું. તા.૩૧/૩/૨૦૧૮ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તક કુલ ૫૭ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક નિવાસી શાળાઓ હતી. ત્યાં ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો ખૂબ ગંભીર છે. કુલ ૭૮૨ જગ્યાઓ મંજૂર થઇ હતી એમાંથી ૨૮૮ જગ્યાઓ ભરાયેલ હતી અને આજે પણ ૨૬૯ જગ્યાઓ ખાલી છે અને ૧૪ જણા ફિક્સ પગારમાં આજે પણ નોકરી કરે છે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ ભણી શકે તેમ ન હોવાથી સરકાર ગંભીર રીતે વિચાર કરે એવી વિનંતી કરું છું. રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે રહેવા માટે હોસ્ટેલ બનાવવામાં આવે છે. એના માટે ચાર લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. આ યોજના તા.૧૩/૧/૯૮થી અમલમાં છે. છેલ્લા ૨૧ વર્ષથી આ સહાયમાં વધારો કરવામાં આવેલ નથી. કન્યા છાત્રાલય બનાવવા માટે એસ્ટીમેટના ૯૦ ટકા અથવા ૧૫ લાખ એમ બંનેમાંથી જે ઓછું હોય એવી સહાય આપવા માટે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું. તા.૩૧/૩/૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ઓ.બી.સી. વર્ગના

વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ માટે સહાય ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૧૩-૧૪માં આખા ગુજરાતમાં ચાર છાત્રાલય બનાવવા માટે પાંચ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. એ ખૂબ ઓછી છે. વર્ષ ૨૦૧૪-૧૫માં બે છાત્રાલય બનાવવા માટે બે લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૫-૧૬માં ત્રણ છાત્રાલય બનાવવા માટે ૨ લાખ ૨૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭માં એક જ છાત્રાલય કરવામાં આવ્યું છે અને એક લાખ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૭-૧૮માં એક પણ રૂપિયો છાત્રાલય માટે ખર્ચવામાં આવેલ નથી. આ ઓ.બી.સી. સમાજમાં મોટા ભાગની વસતી ઠાકોર સમાજની હોય છે. જો આ છાત્રાલયોને પૂરતા પ્રમાણમાં વેગ આપવામાં નહિ આવે તો ૩૩ ટકા વસતી ધરાવતા ઠાકોર સમાજ અને અન્ય ઓ.બી.સી. સમાજમાં સમય પ્રમાણે શિક્ષણ કથળતું જશે.

શ્રી લાખાભાઇ સાગઠીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું મારો સૂર પુરાવું છું. અનુસૂચિત જાતિ પેટા યોજના માટે રૂ.૫૨૭૭.૬૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતના પનોતા પુત્ર એવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો હું ખૂબ-ખૂબ આભાર માનું છું કે અનુસૂચિત જાતિ માટેનું આ બજેટ ખૂબ લાભદાયી છે. મારા મતવિસ્તાર રાજકોટની વાત કરું તો એમાં અત્યારે કુમાર અને કન્યા છાત્રાલયો છે એમાં ૭૫૦ કુમાર વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે અને લગભગ ૩૫૦ જેવી વિદ્યાર્થીનીઓ એનો લાભ લઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરું છું કે એક કુમાર અને એક કન્યા છાત્રાલય આપે તો સૌરાષ્ટ્રમાં રાજકોટ અને આજુ-બાજુના જિલ્લાના વિદ્યાર્થીઓ પણ ત્યાં ભણવા માટે આવે છે. અને એમના રહેવાની સગવડ થાય એટલા માટે એક કુમાર અને એક કન્યા છાત્રાલય આપવામાં આવે તેવી મારી રજૂઆત છે. આપણા રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી દરેક જિલ્લામાં આંબેડકર ભવન અને લાઇબ્રેરી બનાવવામાં આવી છે. ૨૪ જિલ્લામાં આંબેડકર ભવન આવેલા છે. હું રાજકોટની વાત કરું તો અમારે ત્યાં આંબેડકર ભવન અને લાઇબ્રેરી ખૂબ જ અદ્યતન બનાવવામાં આવ્યા છે. આ ભવનમાં ખૂબ મોટા પ્રમાણમાં લોકો વાચન લેખન માટે જાય છે અને એનો લાભ લઇ રહ્યા છે. ગુજરાતમાં નવ જગ્યાએ સમરસ છાત્રાલયો જેમાં ૧૮ કુમાર અને કન્યા છાત્રાલયો બન્યા છે જેમાં આશરે ૧૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. આ સમરસ હોસ્ટેલ ખૂબ આધુનિક અને ફાઇવ સ્ટાર હોટેલ જેવી બનાવવામાં આવી છે જેનો વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. અગાઉની સરકારો હતી હું પણ ભણવા જતો હતો ત્યારે શાળામાં પૂરતા ઓરડા પણ નહોતા એમ ઝાડ નીચે બેસીને ભણતા હતા. પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર આવ્યા પછી દરેક જગ્યાએ ઓરડાઓ બનાવવામાં આવ્યા છે. દરેક ગામમાં શાળા અને આંગણવાડીમાં એક પણ ઓરડો ખૂટતો નથી. મારા ગામની વાત કરું તો બે શાળાઓ આવેલી છે એક ધોરણ ૧ થી ૭ અને બીજી ધોરણ-૧ થી ૮ ચાલે છે. આ શાળાઓ ખૂબ સુવિધાવાળી બનાવવામાં આવેલ છે. રમતગમત વગેરેની સગવડ મળી રહે છે.

સુરેન્દ્રનગરની વાત કરું તો આદર્શ નિવાસી શાળા માટે ૧૨.૪૩ કરોડના ખર્ચે અદ્યતન સુવિધા સાથેનું મકાન બાંધવામાં આવી રહ્યું છે. જેના માટે પ્રથમ તબક્કામાં ૪.૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર દિવ્યાંગોની પણ એટલી જ ચિંતા કરી રહી છે.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ઝીરો અવર્સમાં મેં મારા વિસ્તારની અંદર બનાવ બન્યો હતો એનો પ્રશ્ન રજૂ કર્યો હતો પરંતુ આપે નામંજૂર કર્યો હતો. પરંતુ આજે વન અને પર્યાવરણ મુદ્દા ઉપર બોલવાની તક મળી છે ત્યારે એ મુદ્દો રજૂ કરવા માગું છું.

વન અને પર્યાવરણની વાત, પર્યાવરણને બચાવવાની વાતો તો આ ગૃહમાં અવારનવાર થતી હોય છે. હું આજે જે વાત કરવાનો છું એમાં કોઇ રાજકીય ટીકા ટિપ્પણમાં પડવા માગતો નથી, ફક્ત માનવતાના આધાર ઉપર સત્તાધારી પક્ષના ટ્રેઝરી બેંચના ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી કરવી છે કે માનવતાના ધોરણે તમારામાં થોડી ઘણી સંવેદનશીલતા હોય તો આ મુદ્દા અંગે આ ગૃહ યોગ્ય કરે તેના માટેની મારી વાત છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી મારા વિસ્તારમાં આવેલ વજેસર આશ્રમ ખાતે આવ્યા હતા ત્યારે વેણુ ડેમને માછીમારીમાંથી મુક્ત કરવાનું ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ સ્ટેજ ઉપરથી કહ્યું હતું, આપની જીવદયા પ્રસંશાને પાત્ર છે. ધોરાજી, ઉપલેટા અને જેતપુર....

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થાય છે. માનનીય લલીતભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૧૨-૦૦ થી ૧૨-૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત અધૂરી રહી હતી ત્યાંથી શરૂ કરું છું. ગુજરાતના મુખ્યમંત્રીને મેં કહ્યું તમે જે મછીમારી બંધ કરાવવાની જાહેરાત કરી છે તે આવકારદાયક છે. પરંતુ મારા વિસ્તારના ધોરાજી, ઉપલેટા અને જેતપુર વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના લોકોમાં પણ જીવ છે અને તેમના પ્રત્યે થોડીક જીવદયા દાખવી અને જેતપુરના ઉદ્યોગપતિઓ દ્વારા જે પ્રદુષિત પાણી ભાદર નદીમાં ઠાલવવામાં આવે છે એ તમે બંધ કરાવો તો સારું. ત્યારે મુખ્યમંત્રીએ હસીને મને કહ્યું હતું કે જોશું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલાં મારા વિસ્તારની અંદર વરસાદ ન હતો. વાતાવરણ વરસાદનું બંધાણું, મારા વિસ્તારના ઉદ્યોગપતિઓએ પાંચ પચીસ સાડીના કારખાનાવાળાઓએ ટ્રીટમેન્ટ પ્લાન્ટની અંદર જે કેમિકલયુકત પ્રદુષિત પાણી ભેગું થયું હતું એમને એમ કે વરસાદ થશે અને આ પાણી જતું રહેશે એ પાણી ભાદર નદીની અંદર છોડયું, ભાદર નદીની અંદર એક ટીપું પાણી ન હતું આ ચેકડેમ ૭પ એમ.સી.એફ.ટી ફૂટ પાણી આ ભાદર નદીના ચેકડેમ ઓવરફલો થયા. અવારનવાર આ જેતપુરના કેમિકલ્સયુકત પાણીના મુદ્દા પર જુદી જુદી સંસ્થાઓ અને હું પણ આંદોલન કરીએ છીએ. જયારે આંદોલન કરીએ ત્યારે પ્રદુષણ બોર્ડ દ્વારા ચેકીંગ કરવામાં આવે સો–બસો યુનિટોને કલોઝર નોટિસ આપવામાં આવે, છેલ્લે ચાર જે ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે, એ ગુજરાત સરકારની સહાયતાથી બનાવવામાં આવ્યા છે, એ ટ્રીટમેન્ટ પ્લાન્ટો– એસોસીએશને એનું મેનેજમેન્ટ કરવાનું છે અને પ્લાન્ટ ચલાવવાના છે. પરંતુ આ પ્લાન્ટોમાં ટ્રીટ થયા વગરનું પાણી ભાદર નદીમાં છોડી દેવામાં આવે છે. આ પાણીની અંદર કેમિકલ અને સિલિકેટનું એટલું બધું ઉંચું પ્રમાણ હોય છે કે જેના કારણે જમીન બંજર થઇ જાય છે.

ગઇકાલે એક ટી.વી. ચેનલે એક ૪પ મિનિટનો એક કાર્યક્રમ બતાવ્યો. જેતપુર તાલુકાના ૧૩ ગામની અંદર ખેડૂતોની જમીનની અંદર જે વાવેતર કર્યું હતું તે વરસાદ ખેંચાતા પાણી પાયું અને એના મોલ સૂકાઇ ગયા, આ બહુ ગંભીર મુદ્દો છે. ગુજરાત સરકારની મેડિકલ ટીમ ત્રણેક વર્ષ પહેલાં આ વિસ્તારની મુલાકાતે ગઇ. ચામડીના રોગ, કેન્સરના રોગ, કિડનીના રોગ આ રોગના દર્દીઓનું પ્રમાણ આખા સૌરાષ્ટ્રમાં વધુમાં વધુ ધોરાજી, ઉપલેટામાં જોવા મળ્યું. માનનીય અધ્યક્ષશ્રી, આપણે પણ સ્વીકારીએ છીએ. મારું જળ સમાધિવાળું આંદોલન–ઘણા લોકો આમાંથી નિવેદન કરતા હતા કે આ તો નાટક છે. પણ આ નાટક પછી ગુજરાત સરકારે સ્વીકાર્યું અને ત્યાર પછી બધા ઉદ્યોગોને કલોઝર નોટિસ આપવામાં આવી. આ કલોઝર નોટિસ આપ્યા પછી થાય છે એવું કે એક મહિનાની મુદત આપવામાં આવે. એ ઉદ્યોગપતિઓ ગાંધીનગરની અંદર ધામા નાંખે. ગાંધીનગર આવ્યા પછી જે કાંઇ થાતું હોય તે, મેં પહેલાં કીધું હતું કે ટીકા–ટિપ્પણ નહીં કરું,નથી બોલવું મારે, પણ જે કાંઇ *(xxx) થાતી હોય.

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ કાઢી નાંખીએ છીએ. જે કાંઇ થાતું હોય ત્યાંથી આગળ ચાલોને.

શ્રી લલીત વસોયા : પણ અહીંથી ઉદ્યોગપતિઓ જાય અને કલોઝર નોટિસ ઉઠાવી લેવામાં આવે. વિરોધપક્ષના ધારાસભ્યો પર આ લોકો વિશ્વાસ નહીં કરે. પણ ગૃહની અંદર કહું છું કે સામે બેઠેલા ઘણા લોકો પર મને વિશ્વાસ છે. મારી જે વાત છે એ મારા વિસ્તારના અઢીથી ત્રણ લાખ લોકોને આ ભાદર–ર ડેમનું પાણી પીવા માટે આપવામાં આવે છે. પાંચ હજારથી પણ વધારે હેકટરની જમીનની અંદર આ ચેકડેમ અને ભાદર–ર ડેમનું પાણી જાય છે. જમીન પૃથ્થકરણ કરાવ્યા પછી ૧૨પ ખેડૂતોને ગુજરાત સરકારની લેબોરેટરીએ, માનનીય અધ્યક્ષશ્રી, હું રિપોર્ટ રજૂ કરવા તૈયાર છું. એમણે એમ કહ્યું છે કે આ જમીનની અંદર પાક કોઇ થાશે નહીં એ આ કેમિકલયુકત પાણીના કારણે. બહુ મોટો ઉદ્યોગ છે, આ ઉદ્યોગોને આપણે બચાવવા પણ જોઇએ, આખા દેશની અંદર અને વિશ્વની અંદર જેતપુરની સાડી અને ડ્રેસ પ્રખ્યાત છે. હજારો લોકોને ત્યાં રોજગારી આપવામાં આવે છે. કોઇની રોજગારી બંધ થાય એવું ઇચ્છતો નથી, એ ઉદ્યોગો પ્રત્યે વાંધો નથી, પણ એના માટે નક્કર પગલાં જરૂરી છે. બધા ઉદ્યોગો અઢીથી ત્રણ હજાર ઉદ્યોગો છે તે બધા પ્રદૂષણ ફેલાવતા નથી, નાના ઉદ્યોગોથી ફકત થોડું પાણી નીકળે, પરંતુ મોટા ૫૦ ઉદ્યોગપતિઓને બચાવવા માટે આટલા બધા લોકોના આરોગ્ય સાથે, એની રોજગારી અને એની જમીનો બગડે છે એની સામે ખીલવાડ કરવાનું પાપ આ ગૃહમાં બેઠેલા આપણે બધા કરીએ છીએ. સત્તા સ્થાને બેઠા હોય એટલે કહું છું એવું નથી, એમાં હું બધાને કહું છું. ભારતીય જનતા પાર્ટીના લોકોને નથી કહેતો, મુદ્દો એટલો ગંભીર છે એટલા માટે બધાને કહું છું કે આંખ આડા કાન કરવાનો પ્રયત્ન આપણે બધા કરીશું તો અહીંનું અહીં જ ભોગવવાનું છે. બહુ ગંભીર બાબત છે એટલા ભાટે કહું છું. મેં કીધું સામેની ટીમમાં મને વિશ્વાસ છે. મારી જે વાત છે એમાં શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શ્રી આર. સી. ફળદુ ત્યાં જાય અને રિપોર્ટ આપે કે ખેડૂતોની ૫૦૦૦ હેકટર જમીનમાં પાણી જાય છે અને આ જમીન બગડે છે, લોકોના આરોગ્ય સાથે ચેડા થાય છે, રિપોર્ટ કરે, તો આ સરકાર પગલાં લે, પણ ઉદ્યોગપતિઓ જેવા અહીંયા આવે, *(xxx) કરી જાય અને વાત પૂરી થાય.

અધ્યક્ષશ્રી : આ * (xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ અમારા ઉપર વિશ્વાસ મુકે છે.

શ્રી લલીત વસોયા : હા, હા, તમારા ઉપર વિશ્વાસ છે ને, પણ * (xxx) થાય છે તે હકીકત છે, મારી પાસે કલોઝર નોટીસ છે, એક મહિનાની કલોઝર નોટીસ આપ્યા પછી......

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એક બાજુ અમારા ઉપર વિશ્વાસ મુકે છે અને બીજી બાજુ * (xxx)વાત કરે છે. અમારા ઉપર વિશ્વાસ મુકયો એટલા માટે આભાર માનું છું. અમને * (xxx) કોઇ રસ નથી.

શ્રી લલીત વસોયા : તમને નથી એટલે તો તમારા પ્રત્યે માન છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અમને *(xxx) કોઇ રસ નથી, પ્રજાનું ભલું થાય એમાં જ રસ છે.

શ્રી લલીત વસોયા : એટલા માટે તમારું ધ્યાન દોરું છું. કો'ક સારા માણસ તમારી બાજુ હોય તો તેના વખાણ તો કરવા દો. માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો છે. માનનીય માલતીબેન મહેશ્વરી.

શ્રી લલીત વસોયા : સાહેબ, શ્રી પ્રતાપભાઇનો ટાઇમ મને આપ્યો છે.

અધ્યક્ષશ્રી : તે પૂરો થઇ ગયો.

શ્રી લલીત વસોયા : સાહેબ, તે કયાં થયો છે?

અધ્યક્ષશ્રી : ઘડિયાળ કોઇના માટે કયાં રોકાય છે? ચાલો. શ્રીમતી માલતીબહેન.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જે માગણી નં. ૯૫ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું. આ વર્ષે પણ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં અનુસૂચિત જાતિ કલ્યાણ માટે રૂ.૧૦૬૦.૩૫ કરોડ સહિત અનુસૂચિત જાતિ પેટા યોજના માટે રૂ.૪૮૮૬.૫ કરોડ, આર્થિક પછાત વર્ગો, લઘુમતિ, વિચરતી વિમુકત જાતિઓ અને બક્ષી પંચ જાતિઓના કલ્યાણ માટે રૂ. ૧૮૩૬.૪૬ કરોડ, અન્ય સમાજની સુરક્ષા માટે રૂ.૭૩૫.૯૨ કરોડ, કુલ મળીને રૂ.૭૪૫૮.૪૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આજે જ્યારે હું અનુસૂચિત જાતિની યોજનાઓની વાત કરવા જઇ રહી છું ત્યારે હું આપણા ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરજીને ચોક્કસ યાદ કરીશ. ''અમે છીએ દરિયો, અમને અમારું કૌશલ્ય ખબર છે, જે તરફ નીકળી જઇશું ત્યાં રસ્તો પણ બનાવી લઇશું.'' આ પંક્તિ ડો. આંબેડકરજીના જીવનના સંઘર્ષનું પ્રતિક છે. ડો. બાબા સાહેબ આંબેડકરે જે સ્લોગન આપ્યું છે, શિક્ષિત બનો, સંગઠીત બનો અને સંઘર્ષ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના બાળકો માટે શિક્ષણ મેળવવાનું કાર્ય. એ વિદેશ જઇને ભણી પણ શકે એવું કયારેય સ્વપ્નમાં પણ આ કોંગ્રેસની સરકારમાં જોયુ નહોતું. કારણ કે શિક્ષણ માટેની અનેકવિધ યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની આ રાજય સરકારે આપી છે, કહેતા ખૂબ આનંદ થાય કે શિક્ષણ માટે લગભગ ૨૭ જેટલી યોજનાઓ અનુસૂચિત જાતિના બાળકો હોય કે અનુસૂચિત જનજાતિના બાળકો હોય, બક્ષી પંચના બાળકો હોય, આર્થિક રીતે પછાત વર્ગના બાળકો. આ બધા વર્ગના બાળકો માટે અનેકવિધ યોજનાઓ અમલમાં લાવેલ છે. કોંગ્રેસ સરકારની કે પહેલાંની વાત કરું તો આપણને સૌને ખ્યાલ છે કે આ કોંગ્રેસની સરકારે અત્યાર સુધી અનુસૂચિત જાતિ કે પછાત વર્ગના લોકોનો ફક્તને ફક્ત એક વોટબેંક તરીકે ઉપયોગ કર્યો છે. આ વર્ષે ધોરણ-૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના અંદાજે ૪.૮૬ લાખ અને વિકસતી જાતિના ૪૦ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના ૩.૮૦ લાખ અને વિકસતી જાતિ માટે ૩૫ લાખ વિદ્યાર્થીઓને સહાય આપવા માટે રૂ.૬૦૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ ધોરણ-૧૧માં ભણતા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને રૂ.૧૫ હજારની સહાય અને ૧૨મા ધોરણમાં પણ રૂ.૧૫ હજારની સહાય એમ કુલ રૂ.૩૦ હજારની સહાય કરવામાં આવે છે તેમજ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ૧૧મા ધોરણમાં રૂ.૮ હજારની સહાય અને ૧૨મા ધોરણમાં રૂ.૪ હજારની સહાય એમ કુલ મળીને રૂ.૧૨ હજારની સહાય કરવામાં આવે છે. અનુસૂચિત જાતિની બાળાઓ જેને ભણવામાં સરળતા રહી શકે તેના માટે ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના સહાય હેઠળ ૨૧ હજાર દીકરીઓને સાઇકલની સહાય આપવામાં આવશે. પરીક્ષિત મજમુદાર પ્રિએસ.એસ.સી. શિષ્યવૃત્તિ ધોરણ-૧૦ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની શિષ્યવૃત્તિ, પસંદ કરેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના તેજસ્વી તારલાઓની શિષ્યવૃત્તિ, ડો. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનામાં ૪ ટકાના વ્યાજના દરે રૂ.૧૫ લાખની લોનની સહાય, કોમર્શિયલ પાઇલટની તાલીમ માટે ૪ ટકાના વ્યાજના દરે રૂ.૨૫ લાખની સહાય. ભારતીય જનતા પાર્ટીની રાજય સરકાર, આપણાં સૌના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી, મુખ્યમંત્રીશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ. (અંતરાય) અનુસૂચિત જાતિ સમાજના લોકો માટે હું આપને કહેવા માગીશ કે એક સારું શિક્ષણ જોઇએ, રહેવા માટે આવાસ જોઇએ, સારામાં સારી રોજગારી મેળવવા માટે તક જોઇએ. કહેતા ખૂબ આનંદ થાય કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે શિક્ષણ માટે અનેકવિધ યોજનાઓ કરી એટલું જ નહીં, રોજગારી માટે અનેકવિધ યોજનાઓ, લગ્ન કરવા માટે પણ સાત ફેરા સમુહ લગ્ન યોજના, કુંવરબાઇનું મામેરૂં. આ સરકાર તો એટલી સંવેદનશીલ છે કે ભગવાન ન કરે અને કોઇના ઘરમાં મૃત્યુ પણ થાય તો તેને ૫,૦૦૦ રૂપિયાની ક્રિયા માટેની સહાય આ રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે તેનો મને ગર્વ છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા, પંચાયત, વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણી નં. ૯૨, ૯૫, ૭૦ અને ૨૭ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪થી ૨૦૧૪ સુધી કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર હતી તે દરમ્યાન ગુજરાત સરકાર એમ કહેવા માગતી કે ગુજરાતની અંદર ઉદ્યોગોની સ્થાપના થઇ રહી છે. નવા ઔદ્યોગિક પ્રોજેક્ટો આવી રહ્યા છે તેને અટકાવી રહી છે. અને એમને ક્રીટીકલ ઝોનમાં નાખી રહી છે એવી વાતો થતી પણ વાસ્તવિકતા છે કે અત્યારે છેલ્લા લગભગ ચાર-પાંચ વર્ષથી સતત ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પોલ્યુશન થઇ રહ્યું છે. અત્યારે જે સામાન્યમાં સામાન્ય નાના ઉદ્યોગકાર હોય એને કલોઝર નોટીસ મળે અને જે મોટા ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ હોય અને જે પ્રદુષિત પાણી સીયુટીપીનું સીધું છોડતા હોય એમને કલોઝર નોટીસ મળતી નથી. એ પરિસ્થિતિ અત્યારની ઇન્ડસ્ટ્રીમાં છે ત્યારે ખાલી એક દાખલો આપવા માગું છું કે રાજયની અંદર ઉદ્યોગો તો સ્થપાવા જ જોઇએ. કારણ કે ઉદ્યોગ હોય તો જ લોકોને રોજગારી મળવાની છે અને રાજય સરકારની આવક પણ વધવાની છે. તેની સાથે હવાનું પોલ્યુશન અને પાણીનું પોલ્યુશન એ વાપી, અંકલેશ્વર, વટવા કે ગુજરાત રાજયના અન્ય જિલ્લાઓ છે. જયાં જી.આઇ.ડી.સી. સ્થપાયેલી છે એ જગ્યાએ જે પોલ્યુશન થઇ રહ્યું છે. એમાં અત્યારે Comprehensive Environment Pollution Index ના આકડા અત્યારે આવ્યા. એમાં વડોદરા ૮૯.૦૯, અંકલેશ્વર ૮૦.૨૧ અને વાપી ૭૯.૯૫, સુરત ૭૬.૪૩ અને વટવા ૭૦.૯૪ આ રીતના આકડાઓ છે. એનાથી આગળ વધીને કહું તો National Green Tribunal (એન.જી.ટી) એ સરકારને નોટીસ આપી છે અને સરકારે જે પગલાં લીધાં છે, ગુજરાત પોલ્યુશન બોર્ડની જે જવાબદારી છે એ ગુજરાત પોલ્યુશન બોર્ડ એ જવાબદારી નિભાવતું નથી. સેન્ટ્રલ પોલ્યુશન બોર્ડ દ્વારા જયારે એની તપાસ કરવામાં આવી અને તપાસા કર્યા બાદ એને ક્રીટીકલ ઝોનમાં રાખવામાં આવ્યા, એ ક્રીટીકલ ઝોનમાં જાય એટલે એ બંધ થઇ જાય. ઉદ્યોગો બંધ ન થવા જોઇએ એ ચાલવા જ જોઇએ પણ એના પોલ્યુશનની જે માત્રા છે, હવાનું પ્રદુષણ અને પાણીનું પ્રદુષણ એની મર્યાદા અને એનું સીયુડીપી છોડવામાં આવે છે એ વધુ માત્રામાં હોવાના કારણે આ પરિસ્થિતિ ઉભી થઇ છે. ત્યારે મારે એટલું જ ખાલી ધ્યાન દોરવું છે કે દેશની સૌથી વધારે પ્રદુષિત ઔદ્યોગિક વસાહતો ક્રીટીકલ ઝોનમાં છે એમાં વડોદરા પાંચમા ક્રમે, અંકલેશ્વર ૧૬મા ક્રમે, વાપી ૧૮મા ક્રમે, સુરત ૨૬મા ક્રમે, વટવા ૩૬મા ક્રમે, ભાવનગર ૬૪મા ક્રમે, ઓઢવ ૭૭મા ક્રમે અને મોરબી ૮૧મા ક્રમે છે. આ હાલની ગુજરાતની પરિસ્થિતિ છે. વલસાડની અંદર જી.આઇ.ડી.સી. છે એમાં ઉદ્યોગો સારા છે પણ ત્યાં પોલ્યુશન થાય છે એના કારણે એ વિસ્તારના ખેડૂતોને નુકસાન થઇ રહ્યું છે અને ખેતી નિષ્ફળ જઇ રહી છે. વલસાડમાં ફળાઉ ઝાડો ચીકુ અને કેરીના ઝાડો મોટી સંખ્યામાં છે. દક્ષિણ ગુજરાતમાં આફુસની કેરી એટલે વલસાડનો રાજા છે એમ કહેવાય આ પરિસ્થિતિમાં ખેતી નિષ્ફળ જઇ રહી છે ત્યારે હાલમાં ક્રીટીકલ ઝોનમાં મૂકાયા છે એવા વટવા અંકલેશ્વર અને વાપીમાં પોલ્યુશનની જે માત્રા છે પોલ્યુશનની માત્રા ખૂબ જ વધી રહી છે એના ઉપર કંટ્રોલ લાવવો જોઇએ. આજુબાજુની વિસ્તારમાં જમીનમાં પ્રદુષિત પાણી જાય અને હવાના પ્રદુષણના કારણે બિમારી વધારે ફેલાઇ રહી છે ત્યારે એના ઉપર કંટ્રોલ આવવો જોઇએ, ઉદ્યોગ સ્થપાવા જોઇએ પણ સરકારે પણ એની જાળવણી રાખવી જોઇએ એવી મારી વિનંતી.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર જે માગણી ક્રમાંકઃ ૯૫ લાવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ભારતીય જનસંઘની સ્થાપના બાદ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ કહ્યું હતું કે દરેક સમાજના છેલ્લા પગથીયામાં જે વ્યકિત બેઠી હોય એ વ્યકિતની આપણે પૂજા કરવી જોઇએ, એને આપણે ભગવાન માનવા જોઇએ કારણ કે એ જ આપણો સામાજિક અને માનવીય ધર્મ છે. આ વિચારધારા ઉપર ભારતીય જનતા પાર્ટી ચાલે છે. આ વિચારધારા ઉપર ચાલીને ભારતીય જનતા પાર્ટીના આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને સરકારના તમામ મંત્રીશ્રીઓ ખૂબ કામ કરે છે.

હું જ્યારે અનુસૂચિત જાતિ ઉપર બોલવા ઉભો થયો છું ત્યારે એક વિષય ઘણા લોકો બોલતા હોય છે કે આવક મર્યાદાનું શું? માનવ સહજ સ્વભાવ છે કે જ્યારે કોઇપણ વ્યક્તિ, સમૂહ કે જ્ઞાતિને સરકારી સહાયની યોજનાનો લાભ મળતો હોય છે ત્યારે તે બીજી વ્યક્તિ, સમૂહ કે જ્ઞાતિને મળતા લાભની સાથે તુલના અને સરખામણી કરતો હોય છે. અગાઉ અનામતનો લાભ મેળવવાની યોજનાઓમાં આવક મર્યાદામાં અસમાનતા હતી. પરંતુ આ સંવેદનશીલ સરકારના ધ્યાને આ વાત આવતા તા.૨૫-૧-૨૦૧૯ના રોજ ઠરાવ કરીને અનામતનો લાભ મેળવતી તમામ યોજનાઓમાં આવક મર્યાદામાં વધારો કરીને એક સમાનતા કરી છે તે બદલ હું સરકારનો આભાર માનું છું. ઘણી બધી યોજનાઓ છે જે આપણા અનુસૂચિત જાતિઓ માટે આ સરકારે કરી છે. ગણાવા જઉ તો એમાં અનુસૂચિત જાતિઓ ઉપર અત્યાચારના પ્રસંગે મૃત્યુ સહાય રૂ.૮.૨૫ લાખ આપવામાં આવે છે. ૧૦૦ ટકા અશક્તતા હોય તો પણ રૂ.૮.૨૫ લાખ સહાય આપવામાં આવે છે. ૫૧ થી ૯૯ ટકા અશક્તતા હોય તો રૂ.૪.૫૦ લાખ સહાય અને ૫૦ ટકા કરતા ઓછી અશક્તતા હોય તો રૂ.૨.૫૦ લાખ સહાય આપવામાં આવે છે. એવી જ રીતે શારીરિક ઇજા અને નુકસાનના કિસ્સામાં એક લાખ અને બળાત્કારના કિસ્સામાં ૫ લાખની સહાય આ સરકાર આપે છે. ઘણી બધી યોજનાઓ છે જે લખેલી છે અને આપણે વાંચી શકીએ છીએ. બીજી મારે એક વાત કરવી છે. મારા મનની વાત કરવી છે. વેદ વ્યાસે મહાભારતમાં એક લાખ શ્લોકો લખ્યા અને ત્યારે એ તમામ એક લાખ શ્લોકોનો સાર શું હોઇ શકે એની વાત કરું ત્યારે એમણે અડધા શ્લોકની અંદર એક વાત લખી હતી કે પર પીડા એ પાપ છે અને પરોપકાર એ પુણ્ય છે. પણ પીડા સહન કરીને પરોપકાર કરે, પુણ્ય કરે એ આપણા ડો. બાબા સાહેબ આંબેડકર છે. બાબા સાહેબ આંબેડકરના નામનો પોતાના પ્રવચનમાં લોકો ઉપયોગ કરતા હોય છે કે દલિતના નેતા. દલિતની વાત આવે એટલે બાબા સાહેબનું નામ લેવું પડે. પણ ખરેખર બાબા સાહેબ સર્વ સમાજના છે. એ માત્ર એક સમાજના નથી. માત્ર ભારતના નેતા નથી, એમને દલિતના નેતા

ચીતરવામાં આવ્યા છે પણ ના સાહેબ, એ આખા વિશ્વના નેતા છે. કારણ કે એમણે માનવતાની વાત કરી છે, ઇન્સાનિયતની વાત કરી છે. એમણે વાત કરી છે એ શિક્ષિત બનો, સંઘર્ષ કરો, સંગઠિત રહો એવું બોલીએ છીએ. પણ એક મુખ્ય મુદ્દો કહ્યો છે એ સમાનતાનો મુદ્દો કહ્યો છે. સમાનતા વિષય એ માત્ર ગુજરાત કે ભારતનો નથી. મહાસત્તા અમેરિકા લઇએ તો ત્યાં પણ સમાનતાનો મુદ્દો છે. ત્યાં પણ * (xxx) બહુ મોટો મુદ્દો છે. આ જે ભેદ છે એ અંગેની વિચારધારા જો કોઇએ કહી હોય તો એ બાબા સાહેબે કહી છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો કાઢી નાખીએ છીએ. રંગભેદ છે એમ કહેવાય.

શ્રી હિતુ કનોડિયા : આ જે વિષય બાબા સાહેબે જે વાત કરી છે એને આપણે સમાનતા માટે આગળ વધીએ. મને આ ગૃહમાં વાત કહેતા ખુબ ખુશી થાય છે કે અમારા ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા આદરણીય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ, મને જાણ છે ત્યાં સુધી છેલ્લા ૩૬ વર્ષથી એવું કરે છે કે જ્યારે ૧૪મી એપ્રિલ હોય, દિવાળી કે બેસતુ વર્ષ હોય ત્યારે અનુસૂચિત જાતિનો વિસ્તાર હોય છે ત્યાં જાય છે, ત્યાં આખો દિવસ વિતાવે છે. ત્યાં લોકો સાથે વાતચિત કરે છે. આ કરવાની જરૂર છે. આપણે બધા ધારાસભ્યો છીએ એમણે આપણે આપણા વિસ્તારોમાં જવું જોઇએ. અનુસૂચિત જાતિના વિસ્તારમાં જઇને આપણે એ લોકો સાથે વાતચિત કરીએ. એ લોકોના પ્રશ્નો આપણે આ રીતે સોલ્વ કરી શકીએ છીએ. સરકાર ખૂબ કામ કરી રહી છે, ખૂબ યોજનાઓ લાવી રહી છે. પણ આપણે સામાજિક લેવલે શું કરવું જોઇએ એના માટે આપણે વિચારવાનું છે. હું કહેવા માટે ઉભો થયો છું ત્યારે સફાઇ કામદારો માટે પણ થોડા આધુનિક ઇક્વિપમેન્ટસ વધારે આવે એના માટે થોડી સરકાર ચિંતા કરે. શ્રી નૌશાદભાઇએ વાત કરી હતી એમાં સહમત છું કે અત્યાચારો થાય છે. પણ એ સામાજિક લેવલ ઉપર સોલ્વ કરી શકાય છે. જ્યારે અત્યાચાર થાય અને હોસ્પિટલમાં જ્યારે મૃતદેહ પડ્યો હોય છે ત્યારે ખૂબ દુઃખ થાય છે એ વાત કરતા કે, જ્યારે બહાર કુટુંબના સભ્યો રડતા હોય ત્યારે બહાર મૃતદેહ પર રાજકીય રોટલા શેકાતા હોય આ રીત બંધ થવી જોઇએ. કારણ કે હું સાક્ષી છું અને હોસ્પિટલમાં ગયો છું. મેં આ જોયેલું છે. સાહેબ, આપણા વડિલ એવા નેતાઓ શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી પ્રવિણભાઇ મારૂ પણ છે. પણ સાહેબ, જ્યારે આવા મુદ્દા આવે છે. (અંતરાય) ત્યારે પહેલા આવું નહોતું થતું, પણ હવે આવું થાય છે અને એ બંધ થવું જોઇએ.

અધ્યક્ષશ્રી : શ્રી હિતુભાઇ આપનું વકતવ્ય પૂરું થાય છે. શ્રી પુનમભાઇ પરમાર

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની બજેટની માગણી નંબર ૯૨ પર હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા રાજ્યના પછાત વર્ગો, દિવ્યાંગો તેમજ અન્ય વિચરતી જાતિઓ તેમજ ગરીબ લોકોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ હેઠળ સમાજના લોકોને યોજનાઓના લાભ આપવાની જવાબદારી એ સરકારની છે. સને ૨૦૧૮-૧૯ ના બજેટમાં ગત વર્ષના બજેટની રકમ કરતા ૯૦૫.૬૨ કરોડનો વધારો કરવામાં આવ્યો છે અને કુલ રૂ.૨૩૧૮.૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે આ અમારી વાત છે. પરંતુ ઓ.બી.સી. સમાજની કલ્યાણ યોજનાઓના ખર્ચમાં વધારો કરવાના બદલે લોનની રકમ આપવામાં રૂ.૫૬૦.૬૧ કરોડનો વધારો કરી રૂ.૬૧૧.૨૬ કરોડની જોગવાઇ કરેલ છે. પરંતુ કલ્યાણ યોજનાઓ પાછળ ખર્ચમાં વધારો કરવામાં આવેલ નથી જેથી આ સમાજના ઉત્કર્ષ માટે ઘણી ઓછી રકમ ફાળવવામાં આવેલ છે. ખરેખર આ સમાજના વિકાસ માટેની યોજનાઓમાં વધારે રકમ ફાળવવાની જરૂર હતી તેમજ યોજનાઓનું ફલક પણ વધારવાની જરૂર છે જેથી વધારે લોકોનો સમાવેશ કરીને આ યોજનાઓમાં બીજા છેવાડાના માનવીઓને આપવાનો સરકારે જે પ્રયાસ કરવો જોઇએ એ થયેલ નથી એ દુ:ખદ બાબત છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સમાજ કલ્યાણ માટે વિવિધ યોજનાઓ થકી વંચિત સમાજો માટે કલ્યાણકારી યોજનાઓમાં ફાળવવામાં આવતા નાણાનો પુરતો ઉપયોગ થતો નથી. છેલ્લા ૭ વર્ષમાંથી ૬ વર્ષમાં આ વિભાગ દ્વારા વંચિતોના કલ્યાણ માટે ફાળવવામાં આવેલ રકમોનો ખર્ચ કરવામાં આવ્યો નથી. પૂરતા નાણાં આ સમાજ કલ્યાણ માટે યોગ્ય રીતે વપરાય એવું સરકારે આયોજન કરવું જોઇએ. રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોને ફાજલનું રક્ષણ આપવામાં આવે છે તેવી રીતે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા અને આશ્રમ શાળાના કર્મચારીઓને પણ ફાજલનું રક્ષણ આપવું જોઇએ. અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાના શિક્ષકો, શિક્ષક-કમ-ગૃહપતિ ૨૪ કલાક ફરજ બજાવે છે તેની અસર વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય પર પડે છે જેથી આવી શાળાઓના ગૃહપતિ તથા ગૃહમાતાની અલગ અલગ જગ્યા ઊભી કરી નિમણૂક કરવી જોઇએ. રાજ્યની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓમાં આજ દિન સુધી સાતમાં પગાર પંચનો લાભ મળેલ નથી જ્યારે સરકારના તમામ વિભાગો, બોર્ડ, નિગમો વિગેરેના કર્મચારીઓને સાતમાં પગારપંચનો લાભ મળે છે ત્યારે અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓમાં કર્મચારીઓ કે જે ૨૪ કલાક ફરજ બજાવતા હોય છે તેમને પણ સાતમા પગારપંચનો લાભ મળતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા ૧૯૭૩ના ઠરાવ અનુસાર અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાના શિક્ષકોનો લિયનમાં સમાવેશ થતો હતો તેમાં ૧૯૯૯ સુધીના શિક્ષકોને લાભ આપવામાં આવેલ છે આવો લાભ ૧૯૯૯ પછીના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તમામ કર્મચારીઓને પણ આપવામાં આવે એવી મારી આપના માધ્યમથી માગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, ભાજપ પાર્ટીનું સૂત્ર ખૂબ સરસ અને ખૂબ સુંદર છે ''સૌનો સાથ સૌનો વિકાસ'' માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મારા આણંદ જિલ્લામાં આ વાક્યોનો ઉપયોગ આ પાર્ટીએ ના કર્યો હોય એવું મને લાગે છે. કારણ કે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ મુખ્યમંત્રી હતા ત્યારે પણ આણંદ જિલ્લાને મંત્રીપદ મળતું હતું. આજે ભાજપમાંથી બે નેતાઓ ચૂંટાયેલા છે. ઓ.બી.સી.માંથી લેવા હોય તો અમારા શ્રી ગોવિંદભાઇ પરમાર પણ છે, શ્રી મયુરભાઇ રાવલ પણ છે. માજી મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીના વિસ્તારમાંથી ભાજપમાંથી બે મિત્રો ચૂંટાયા છે એ આપનું સદભાગ્ય છે તો પણ મંત્રી મંડળમાં સમાવેશ કર્યો નથી.

અધ્યક્ષશ્રી : આ તમારી ભલામણ છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : ઓ.બી.સી.ની વાત કરું તો અહીં થોકબંધ મિત્રો ચૂંટાયા છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : સાહેબ, એક મિનિટ.

અધ્યક્ષશ્રી : ટાઇમ જ નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : સાહેબ, અડધી મિનિટ તો આપવી પડશે. અહીંયાં થોકબંધ ઓ.બી.સી. આદિવાસી કેટલાય ધારાસભ્યો ચૂંટાયા છે. મેં ગયા સત્રમાં પણ વાત કરી હતી. અમારા શ્રી શંભુજી છે, અમારા શ્રી ગોવિંદભાઇ છે, અમારા શ્રી કિશોરભાઇ છે, અમારા શ્રી કેસરીસિંહ છે. અસંખ્ય ધારાસભ્યો છે. મેં તો ગયા ગૃહમાં પણ રજૂઆત કરી હતી કે સામાજિક ન્યાયની અંદરથી જુદું પાડી અમારું ઓ.બી.સી. ખાતું જુદું બનાવો અને અમારા ઓ.બી.સી.ના પણ એક મંત્રી બનાવો એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : વિપક્ષ માગણી કરે છે. ભલામણ, માગણી બંને છે. આ બાજુથી કોઇએ કહેવડાવ્યું તો નથીને? શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી માગણી ક્રમાંક-૭૦ લઇને આવ્યા છે એના અનુસંધાનમાં મારા વિચારો રજૂ કરું છું. મનની વૃત્તિ પ્રવૃત્તિ તરફ દોરી જાય તો કોઇ સરસ મજાની આકૃતિનું નિર્માણ થાય છે. ગ્રામ વિકાસની જે કલ્પના હતી આપણી. આપણે જયારે સ્વરાજય મળ્યું અને સુરાજયની જે ઝંખના પ્રજાની હતી એ પંચાયતી ત્રિસ્તરીય માળખાની રચના થયા પછી પણ આપણને એનો અહેસાસ ન થયો. જે તે વખતે ગામડાંઓની શહેરો તરફની આંધળી દોટ કારણ એટલું જ કે શહેરોની સુવિધા જોઇને ગામડાંનો માણસ આકર્ષાય છે અને ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામડાંની જે કલ્પના હતી ગાંધીજી, પૂજય રવિશંકર મહારાજની કે ભારતનું સાચું દર્શન કરવું હોય તો ગામડાંઓમાં જવું જોઇએ અને એ ગામડાંઓ સુદ્રઢ બનાવવા જોઇએ. આ સરકારે અનેકવિધ યોજનાઓ થકી ગામડાંનું અર્થતંત્ર વેગવંતુ બને, ગામડાંની પ્રજાને શહેરો જેવી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટેના અઢળક પ્રયાસો કર્યા અને તેના પરિણામો પણ આપણને મળ્યા. તત્કાલીન મુખ્યમંત્રી અને આજે આપણા પોતાના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે જે વિચાર રજૂ કર્યો કે ગામડાંઓની અંદર વેરઝેર, કાવાદાવા અને ગામડાંઓની સામાજિક સંવાદિતા ન તુટે એ માટે એમણે સમરસ યોજના ગામડાંઓમાં જે દાખલ કરી એને આજની તારીખ સુધીમાં લગભગ મારી જોડે જે આંકડાઓ છે એ પ્રમાણે ૧૩૦૦૦ પંચાયતો બિન હરીફ થઇ. ૧૩૦૦૦૦ વોર્ડના સભ્યો થકી જે આજે સંચાલન ગ્રામ્ય કક્ષાએ થાય છે એના કારણે ગામડાંઓમાં જે સંપ હતો અને વિશ્વાસનું જે વાતાવરણ હતું એ આજે ફરીથી આપણને દેખાય છે, અનુભવાય છે. એવી જ રીતે આ સરકારે માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇના નેતૃત્વમાં જે ૨૦૦૧ થી શરૂ કરેલી ગ્રામ સભાઓમાં પણ બધા તબકકાઓ મળી લગભગ ૧૧ લાખ જેવા પ્રશ્નો આવે છે અને ૯૦ ટકા પ્રશ્નોનું સમાધાન ગ્રામસભાઓમાં થયું. ગ્રામસભામાં એક બીજી વાત કે ગરીબ માણસ હોય, દલિત હોય, છેવાડાનો માનવી હોય એ પોતાની વાત મુકતપણે એ અધિકારીઓ સમક્ષ કરી શકે છે એ ગામડાંઓમાં ગ્રામ વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ છે. આપણે જે પ્રમાણે ડિઝિટલ ભારત તરફ આગળ જઇ રહ્યા છીએ. એમાં ગુજરાતમાં આપણે તો પ્રથમ નંબર આખા વિશ્વમાં પ્રાપ્ત કર્યો છે ગામડાંઓના સંદર્ભમાં વાત કરીએ તો ૬૭.૪૨ કરોડ લોકોએ તો ઈન્ટરનેટ થકી જે દાખલાઓ લેવાના છે એ પ્રાપ્ત કર્યા છે. ૪૫ કરોડ લોકોએ તો ઇ-પીડીએસ ઉપરનો ગ્રામ્ય કક્ષાએ કોમ્પ્યૂટરમાંથી પ્રાપ્ત કરેલ છે. એવી જ રીતે આપણે જે ઇ-વિશ્વ ગ્રામમાં દુનિયામાં પ્રથમ નંબર ગુજરાતનો પ્રાપ્ત થયો છે. તેમજ ઈન્ટરનેટ કનેક્ટિવીટીમાં એશિયામાં પ્રથમ ક્રમાંકમાં છીએ. એજ પ્રમાણે ૧૪માં નાણા પંચ અંતર્ગત ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ આ વિચાર નહોતો કર્યો. નાની ગ્રામ પંચાયતો કેવી રીતે ગામના લોકોના વિકાસમાં સહભાગી બની શકે. એ માટે ૧૪મા નાણા પંચમાં ડાયરેક્ટ ગ્રામ પંચાયતના ખાતામાં, સરપંચના ખાતામાં ડાયરેક્ટ પૈસા જમા થાય. સરપંચ પોતાની રીતે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન બનાવી, ૫ વર્ષનું આયોજન કરી, ગામડામાં ખૂટતી કડીઓનાં કામ, આંગણવાડીનાં કામો હોય, ગટર લાઇનનાં કામ, પીવાના પાણીના પ્રશ્નો હોય એ સરપંચ પોતાની રીતે કરી શકે છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મોંડે મોંડે સદનમાં મારો વારો આવ્યો એ માટે કોટવાલ સાહેબનો ખૂબ ખૂબ આભાર. સમાજ કલ્યાણ વિભાગ સમગ્ર સમાજનો, ગુજરાત અને ભારતની ચિંતા કરવાવાળો વિભાગ છે. એમાં મહિલા હોય કે બાળકો હોય, અનુસૂચિત જાતિ કે જનજાતિ અને ઓ.બી.સી. પણ હોય જે ગરીબ તબક્કાના

લોકો છે, જેઓ વર્ષોથી પિડિત છે અને ભારતીય સમાજ વ્યવસ્થામાં જેને મુખ્ય પ્રવાહમાં ભળવા દેવામાં આવ્યા નથી અને જેના કારણે એમનો સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ થયો નથી, એ વિકાસને મુખ્ય પ્રવાહમાં લઇ જવા સમગ્ર મનુષ્ય જાતને સમાનતા અને બંધુત્વની ભાવનાનો નિર્માણ કરવાવાળો એ ખૂબ પવિત્ર વિભાગ છે. આ વિભાગના માધ્યમથી બહુજન હિતાયે, બહુજન સુખાએ એમ કહીશ કે સર્વ જન હિતાય, સર્વ જન સુખાય આપણે એને ચરિતાર્થ કરી શકીએ તેમ છીએ. હમણાં આ સદનની અંદર એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માઇનોરિટી કોમ્યુનિટીનો વિકાસ થઇ ગયો છે એવી ખૂબ વાતો થઇ. જે લોકો સત્તા પક્ષે વાત કરવી પણ જોઇએ, પણ હું આપને એક કવિના પંક્તિના માધ્યમથી કહેવા માગુ છું કે, ''યુ તો સભી કો પતા હૈ અસલિયતકા, લેકિન દિલ કો બહેલાનેકે લિયે જન્નતકા ખ્યાલ રખના.'' દિલને બહેલાવવા માટેની કોઇ વાત કરતું હોય તો વાંધો ન હોઇ શકે, પણ આ જ ગુજરાત અને ભારતની સામાજિક વ્યવસ્થા શું છે એ બધાને ખ્યાલ છે. મને સંસ્કૃતનો શ્લોક યાદ આવે છે. **पादपानाम् भयंम् वातात**, જેમ વૃક્ષો છે એને પવનનો ભય હોય છે. **पदमानाम् शिशीरात भयंम्** કમળને ઠંડી ઋતુનો ભય હોય છે, **पर्वतानाम् भयंम् वभ्रत** પર્વતોને વીજળીનો ભય હોય છે. પર્વતો ઉપર વીજળી પડે, તો પર્વત પણ ફાટી જાય છે. એમ **साधुनाम् दुर्जनात भयंम्** સજ્જન લોકોને દુર્જન લોકોનો હંમેશ માટે ભય હોય છે. આ ભયને દૂર કરવા માટે રાજ્ય સરકાર ભારત સરકારની કોશિશ એ જનતાની સરકાર હોય અને જનતાની સરકારે કરવી જોઇએ. હું સમાજ કલ્યાણ વિભાગની જે મુખ્ય બાબતો છે, એના ઉપર આવું છું, એ પહેલા સમાજની વાત આવે, એટલે સમાજની વિચારધારા અને સમાજની અંદર જે પ્રવર્તતા વિચારો છે, એની વાત કરવી ઘટે. મારે ખાસ કહેવું છે કે રિઝર્વેશનના આંદોલન પછી સમાજની અંદર હું કોઇપણ રાગ, દ્વેષ, ઇર્ષા એ પ્રકારના તત્વોથી વિભિન્ન થઇને વાત કહી રહ્યો છું. આ વિચારધારાના માધ્યમથી આજે સમાજની અંદર વિઘટનકારી લોકોનો ખૂબ ઉપદ્રવ થયો છે. સામાન્ય વિદ્યાર્થી જયારે શિષ્યવૃતિનું ફોર્મ ભરવા જાય તો ત્યાં શિષ્યવૃતિનું ફોર્મ ભરવાવાળા માણસના મનમાં કયાંક એવું હોય કે આ તો રિઝર્વેશનનો, અનામતનો લાભ લે છે. દીકરી હોય કે દીકરો તેને અપમાનિત કરવામાં આવે છે. આ પ્રકારની વિચારધારા પ્રસ્થાપિત થઇ રહી છે. આપણે સમાનતા અને બંધુતા લાવવાની વાત હતી. આપણો દેશ જયારે આઝાદ થયો અને આઝાદીના માધ્યમથી આપણને જયારે બંધારણ આપ્યું ત્યારે આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓને એક સવાલ કરવામાં આવ્યો, બાબસાહેબને સવાલ કરવામાં આવ્યો હતો કે, તમે જયારે ચૂંટાઇ જશો ત્યારે તમારી રોજગારીનો મામલો જે એક–બે લોકો ચૂંટાશો તો તેનાથી ખતમ થશે પણ સમગ્ર સમાજનું કલ્યાણ કઇ રીતે થશે? ત્યારે મારે એમ...

અધ્યક્ષશ્રી : માનનીય પ્રવિણભાઇ આપનો સમય પૂરો થાય છે. માનનીય કોટવાલજી બીજીવાર એમને સમય વધારે આપજો. શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : એ પ્રતિનિધિત્વનો મામલો છે.

અધ્યક્ષશ્રી : નહીં બોલે. શ્રી પ્રવિણભાઇ સમજદાર છે એ અહીં બોલે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અડઘી મિનિટ.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ. બેસી જાઓ. આપ બેસી જાઓ. હવે ઉભા થાઓ. બોલો હવે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : થેન્ક યુ વેરી મચ. સાહેબશ્રી, આપના માધ્યમથી આ સદનને જણાવવા માગુ છું કે, ત્યારે આ બંધારણના નિર્માણા ડૉ.બાબાસાહેબ આંબેડકરે એમ કહ્યું કે, રિઝર્વેશન ઇઝ નોટ ઓન્લી ફોર એમ્પ્લોઇમેન્ટ. કોઇ રોજગારી લેતો હોય, મેળવતો હોય ઇટ મે બી પોસિબલ હોઇ શકે. પણ નોટ ઓન્લી ફોર એમ્પ્લોઇમેન્ટ ઇટ ઇઝ ધી રીપ્રેઝન્ટેશન. તે પ્રતિનિધિત્વનો મામલો છે. પ્રતિનિધિત્વ આપણે કેવી રીતે કહીએ છીએ. આપણને ખ્યાલ છે અને એટલે તો મેં કહ્યું કે, દિલકો બહલાને કે લીયે જન્નતકા ખયાલ અચ્છા હૈ. તમે રાજી થાઓ, ખુશ થાઓ તેની સામે વાંધો નથી પણ જમીન ઉપરની અસલિયત બદલાવ લાવી રહી છે. માણસ માણસ પ્રત્યે વેરઝેર વધી રહ્યા છે. એટલું કહેવું ઘટે કે સુગમ સમાજ વ્યવસ્થાનું નિર્માણ થાય ત્યારે અને ત્યારે જ સમાજ કલ્યાણ વિભાગ સફળ છે એમ માની શકાય. ધન્યવાદ.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેની ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. આઠમા ધોરણમાં ભણતો વિદ્યાર્થી તે છઠ્ઠા ધોરણની વિદ્યાર્થીનીને ચબરખીમાં આઇ લવ યુ લખીને મોકલે તે કેટલો માસૂમ પ્રેમ હોય. ગુજરાતના ૫૦ લાખ દલિતોના પ્રશ્નોની સમજ મારા સાથી હિતુભાઇ કનોડિયાની એટલી જ માસૂમ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તે દલિત અને આદિવાસી સમાજનો આર્થિક ઉત્કર્ષ થાય તે માટેનું ખાતું નથી. તેનો મૂળ હેતુ સામાજિક ન્યાય એટલે કે સોશિયલ જસ્ટીસ એન્શ્યોર કરવાનો છે. તેના માટે રાજયની સરકારે સમાજની અંદર ઉંચનીચનો જે ખ્યાલ પ્રવર્તે છે અને સમાજમાં ગામેગામ મહોલ્લે મહોલ્લે જે અશ્પૃશ્યતા અને આભડછેટ આજે પણ જીવે છે તેને પણ ખતમ કરવાનો છે. તેના માટે આ બજેટમાં એક ફૂટી કોડી રાખવામાં આવી નથી.

મુદ્દા નંબર બીજો ગઇકાલે માનનીય નીતિનભાઇએ કહ્યું હતું કે, ચંદ્રયાન–૨ મોકલ્યું. પાટલી થપથપાવો. એટલા માટે મન ના થયું કે મોર્ડન સાયન્સ અને ટેકનોલોજીના યુગમાં, ગ્લોબલાઇઝેશનના યુગમાં જયારે આપણે ચંદ્રયાન મોકલીએ છીએ ત્યારે એક સફાઇ કામદારે ગટરમાં ઉતરીને મરવું ના પડે તેના માટેની કોઇ ટેકનોલોજી આપણી પાસે નથી. એટલા માટે રાજયની સરકારને મારા તરફથી ઓફર કરું છું કે, તમે લેખિતમાં બાંહેધરી આપો કે હું જિજ્ઞેશ મેવાણી તમને ૧૧ લાખનું

કેરળમાં શોધાયેલું રોબોર્ટ ગીફ્ટ આપવા તૈયાર છું. તમે વાપરવા તૈયાર છો? સફાઇ કામદારે ગટરમાં ઉતરવું ના પડે એટલા માટે આ મારી એમને ઓફર છે. માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબના પ્રયત્નો હું બિરદાવું છું કે ૧૪ મી એપ્રિલે દલિત સમાજની સાથે બેસે છે અને જમે છે બહું સરસ. ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબને ગુજરાતના ૫૦ લાખ દલિત સમાજના હિતમાં એક નમ્ર વિનંતી કે, એક ગામ એક સ્મશાનની નીતિ બને એવી યોજના લાવો. આ તો મર્યા બાદ પણ આ રાજયની અંદર આવી પરિસ્થિતિ છે કે, દલિતોને સ્મશાનમાં એક જગ્યાએ એક લાકડે બાળવા માટે તૈયાર નથી. તમે લાવો, એક ગામ એક સ્મશાનની નીતિ લાવો તો સામાજિક ન્યાય મળે. ગુજરાતની અંદર જ્યાં પણ અસ્પૃશ્યતા પળાય છે, જ્યાં પણ દલિતોના વાળ કાપતા નથી, જ્યાં પણ કૂવામાંથી પાણી લેવા દેતા નથી, જ્યાં પણ મંદિરમાં પ્રવેશ નથી ત્યાં રાજ્ય સરકાર પ્રોએક્ટિવલી સામે ચાલીને આ અસ્પૃશ્યતા દૂર કરવા જાય અને છતાં પણ જે લોકો અસ્પૃશ્યતા પાળે એની સામે પ્રોટેકશન ઓફ સિવિલ રાઇટ્સ એકટની લાગુ પડતી કલમ મુજબ ગુનો દાખલ થાય, એક પણ ગુનો દાખલ થતો નથી આ તકલીફ છે. વર્ષ ૨૦૧૮ની ૯મી, માર્ચે નાનજીભાઇ સોંદરવા નામના રાજકોટના કોટડા સાંગાણી તાલુકાના માણેકવાડા ગામના એક ભાઇનું ખૂન થયું. પોતાનું ખૂન થાય એની પહેલા ત્રણ મહિના પૂર્વે વિડિયો બનાવ્યો કે આટલા આટલા માણસો આટલા આટલા દિવસમાં મારું ખૂન કરશે એ બાદ પણ એમનું ખૂન થયું. એટ્રોસિટી એક્ટ શું કહે છે કે, પ્રિવેન્શન ઓફ એટ્રોસિટ્રીસ એકટ એટલે દલિત અને આદિવાસીનું ખૂન થાય પછી હરકતમાં નહીં આવવાનું એમની ઉપર અત્યાચાર ન થાય એ માટેનો સ્પેશ્યલ લેજીસ્લેશન છે. પણ અહીં તો માણસ વિડિયો બનાવે કે મારું ખૂન થશે છતાં એને પ્રોટેક્ટ કરવામાં આવતો નથી અને એના એક વર્ષ બાદ એનો દીકરો સતત કહેતો રહ્યો કે હવે મને મારી નાંખશે એનું પણ ખૂન થયું. રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાહેબને એક નમ્ર વિનંતી કરું કે, અનેક વખત મિડિયાના મિત્રો અમને એવું પૂછતા હોય છે કે શ્રી જીજ્ઞેશભાઇ, તમે ક્યારે જવાના? એક વાર સર્વ મિત્રની છાપ ધરાવતા શ્રી વિજયભાઇ રૂપાણી દિલત મિત્ર બને અને એક એટ્રોસિટીની ઘટનાની મુલાકાત લે અને આ ૧૫મી ઓગસ્ટ પહેલા ગુજરાતનું કોઇ પણ એક ગામ અસ્પૃશ્યતા મુક્ત જાહેર કરીને બતાવે.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૯૨ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું અને સામાજિક સુરક્ષા અને કલ્યાણ વિભાગ પર મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગરીબો, વંચિત હોય, અશક્ત હોય, નિરાધાર હોય, વૃદ્ધ હોય કે દિવ્યાંગ હોય આ તમામ વર્ગના લોકોની આશા અપેક્ષાઓ આ વિભાગની માગણી પર નિર્ભર કરે છે. રાજયમાં ૫૨ ટકા બક્ષીપંચ સમાજની વસતિ છે તેમાં ૧૪૬ જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. બક્ષીપંચ સમાજ માટે જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આ સમાજ ઉપર આવ્યો છે. અગાઉ શું પરિસ્થિતિ હતી એ હું સારી રીતે જાણું છું કારણ કે, હું પણ આ બક્ષીપંચ સમાજમાંથી આવું છું અને ભારત દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ જેવી વ્યક્તિ પણ આ બક્ષીપંચ સમાજમાંથી આવે છે ત્યારે હું ગૌરવ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી શ્રી જીજ્ઞેશભાઇ કહે છે કે, દલિતોનું ઘણી જગ્યાએ અપમાન થાય છે પણ એ ભૂતકાળ થયો છે. તમે અમારા ગામમાં આવો, અમારા વિસ્તારમાં આવો દલિતો સાથે અમે ભોજન લઇને આનંદ માણીએ છીએ. (અંતરાય) ભાઇ, અમારા ગામમાં આવો તમે.

અધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, આપે સાંભળવાનું હોય. આપ બોલતા હતા ત્યારે કોઇ ઉભું થયું? આપે સાંભળવાનું હોય શાંતિથી ધીરજ રાખવી એ પણ રાજકારણની એક રમત છે. પ્લીઝ.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ અનુસૂચિત જાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, લઘુમતીઓ, વિચરતી વિમુક્ત જાતિઓ અને અનામત વર્ગ માટે આ વિભાગે સતત ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન યોજનામાં અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિઓના ૧૧૨૦ અને વિકસતી જાતિઓના ૧૩૫૨ વિદ્યાર્થીઓ મળી કુલ ૨૪૭૨ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૫૪.૩૩ કરોડની લોન આપવામાં આવી છે. ચાલુ વર્ષે ૨૦૧૯-૨૦માં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૫૦ વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે દરેકને ૧૫ લાખ રૂપિયાની લોન આપવાનું આયોજન છે. સામાજિક સમરસતા સાથે સામાજિક ન્યાયનું સમગ્ર દેશમાં કોઇ શ્રેષ્ઠ ઉદાહરણ હોય તો ગુજરાતની ૯ સ્થળે બનેલી ૧૮ સમરસ છાત્રાલયો છે જેમાં કુમાર અને કન્યાઓ મળી ૧૨૫૦૦ વિદ્યાર્થીઓ માટે ફાઇવ સ્ટાર હૉટેલ જેવી સુવિધાવાળા છાત્રાલયો બનાવ્યા છે. આ છાત્રાલયમાં ૧૨૫૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૫ ટકા અનુસૂચિત જાતિના, ૧૫ ટકા અનુસૂચિત જનજાતિના, ૪૫ ટકા બક્ષીપંચ જાતિના અને ૧૦ ટકા આર્થિક રીતે પછાત સવર્ણ જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. પાઇલોટની તાલીમમાં અત્યાર સુધીમાં અનુસૂચિત જાતિના ૪૭ અને વિકસતી જાતિના ૩૯ ઉમેદવારોને કોમર્શિયલ પાઇલોટની તાલીમ માટે રૂ.૧૬.૮૦ કરોડની લોન આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ અને મધ્યમ વર્ગ માટેની મહત્વની કુંવરબાઇનું મામેરું યોજનામાં ૧૩,૦૦૦ દીકરી અને વિકસતી જાતિની ૨૨૦૦૦ દીકરીઓ મળી કુલ ૩૫૦૦૦ દીકરીઓને મામેરા યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. મારા વલસાડ તાલુકામાં પણ હું સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરું છું આ સાતફેરા સમૂહલગ્નમાં ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના ૨૨૯૦ અને વિકસતી જાતિની ૪૧૬૫ મળીને કુલ ૬૪૫૫ યુગલોને ૧૦,૦૦૦ રૂપિયાની સહાય આપવાનું આયોજન

છે, જેમાં ૭.૭૫ કરોડ રૂપિયાનો ખર્ચ થનાર છે. સામાજિક સુરક્ષા વિભાગ અનાથ અને નિરાધાર, ત્યજાયેલ બાળકો સાથે, સંઘર્ષમાં આવેલા બાળકો, દિવ્યાંગો અને વૃદ્ધોના સંવર્ધન સશક્તિકરણ માટે સમર્પિત છે. આ હેતુની સિદ્ધિ માટે સમાજ સુરક્ષા ખાતામાં નવ કાયદાઓનો અમલ કરવામાં આવે છે. આ ખાતા દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ના વરસમાં કુલ જોગવાઈ ...

અધ્યક્ષશ્રી : માનનીય ભરતભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભરતભાઈ કી. પટેલ : સર, એક બે મિનિટ આપોને,

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે નહિ.

શ્રી ભરતભાઈ કી. પટેલ : આપોને સર, બધાને આપી છે સર.

અધ્યક્ષશ્રી : એ એમનામાંથી કાપી કાપીને આપી છે. હવે તમે છેલ્લાં છો કોનામાંથી કાપું? હવે મંત્રીશ્રીને બોલવાનું છે. ચાલો જલ્દી પૂરું કરો.

શ્રી ભરતભાઈ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮-૧૯ના વરસમાં ૭૩૫ કરોડ રૂપિયાની જોગવાઈ સામે ૭૫૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે. વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ ૨૦૧૮-૧૯ના વરસમાં ૧૩૧૬૫ લાભાર્થીઓને કુલ રૂ.૧.૬૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આમ જે માગણીઓ મંત્રીશ્રી તરફથી આવેલ છે તે માટે મારા સાથીઓને વિનંતી કરું કે આ સમાજનું ભલું ઈચ્છતા હોય તો એમણે કરેલી કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને આ માગણીઓને ટેકો આપે અને હું પણ આ માગણીઓને સમર્થન આપું છું. આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. વિશ્વ વિભૂતિ ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકરે એમ કહ્યું હતું કે, આ દેશનું બંધારણ મેં લખ્યું છે એટલે સર્વશ્રેષ્ઠ નથી પણ આનો જો અમલ વ્યવસ્થિત રીતે થશે તો હું ચોક્કસ માનું છું કે મારું બંધારણ એ સર્વશ્રેષ્ઠ કહેવાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યમાં ૭ ટકા વસતિ અનુસૂચિત જાતિની આવેલી છે. વરસોથી અમે માગણી કરીએ છીએ કે, ૭ ટકા લેખે અંદાજપત્રની અંદર અમોને રકમ ફાળવવામાં આવે, પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે રાજ્ય સરકાર દ્વારા એ ગમે તે વરસ હોય પણ છેલ્લા વર્ષ ૨૦૧૭-૧૮માં ૫.૪૧ ટકા અને વર્ષ ૨૦૧૮-૧૯માં ૫.૩૧ ટકા જ બજેટ ફાળવવામાં આવે છે. બજેટ એક તો ઓછું ફાળવવામાં આવે, પર્સન્ટેજ પ્રમાણે ફાળવવામાં ન આવે અને એની જે રકમ છે એ રકમ પણ વણવપરાયેલી પડી રહે છે. વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૭-૧૮ના પાંચ વરસના ગાળામાં જો આપણે જોઈએ તો બજેટમાં જે જોગવાઈ કરવામાં આવી હતી એ જોગવાઈ પછી પણ રાજ્ય સરકાર દ્વારા જે બજેટ ફાળવવામાં આવ્યું એ બજેટ પણ ૪૫૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ થયા પછી પણ રાજ્ય સરકારે બજેટ ઓછું ફાળવ્યું છે. ઘણી વખત કહેવાની ઈચ્છા થાય કે, -

''**કોણ કહે છે કે, ફક્ત નફરતમાંજ દર્દ થાય છે,**
**હદથી વધારે લાગણી પણ ઘણી વખત તકલીફ આપી જાય છે.**''

જે રીતે સૌ સભ્યશ્રીઓએ અહીંયા ચર્ચા કરી, માગણીઓમાં ભાગ લીધો, રાજ્ય સરકારે સ્વીકારવું પડશે કે ભારતીય જનતા પાર્ટીની આ સરકારની અંદર દલિતો ઉપર અત્યાચારોનું પ્રમાણ દિવસેને દિવસે વધતું જાય છે. વર્ષ ૨૦૧૫ની અંદર જે ૧૦૪૬ દલિતો ઉપર અત્યાચાર થયા હતા,

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ, આપ આવી જાઓ.

શ્રી શૈલેષ મ. પરમાર: આજે ૨૦૧૮ની અંદર ૧૫૪૫ દલિતો ઉપર અત્યાચાર થયા. એનો મતલબ એ થયો કે છેલ્લાં ચાર વરસમાં ૫૦૦ કરતાં પણ વધારે કેસોમાં દલિતો ઉપર અત્યાચારો થયા છે. આનું કારણ શું છે કે, એક બાજુ બંધારણની કૃપાથી કોઈ ગટરમાં ઉતરે છે, કોઈ દલિતની હત્યા થાય છે, કોઈ બહેન દીકરી ઉપર બળાત્કાર થાય છે અને રાજ્ય સરકાર તરફથી એને કોઈ સહાય આપવામાં આવે છે અને સરકાર જો એનો કોઈ જશ લેતી હોય કે અમે લોકોએ ચાર લાખ રૂપિયાની સહાય કરી દીધી, પાંચ લાખ રૂપિયાની સહાય કરી દીધી દલિતની જો કિંમત તેના મૃત્યુ પછી કે તેમની હત્યા પછી કે બળાત્કાર પછી સહાયમાં ચૂકવવામાં આવતી હોય તો દલિત સમાજને પણ મજબૂર થઈને ભારતીય જનતા પાર્ટીની આ સહાય સામે વિરોધ કરીને સહાય લેવાનુ અમે પણ બંધ કરાવીશું. અમારે સહાયની જરૂર નથી અમારા રક્ષણની જરૂર છે. આ રાજયની અંદર માણસ મૂછ ના રાખી શકે, માણસ વરઘોડો ના કાઢી શકે આ પરિસ્થિતિ રાજયમાં કેમ થઈ છે ? સરકાર કેમ ચૂપ બેઠેલી છે ? વરઘોડો કાઢવા માટે પરમિશનની કેમ જરૂર પડે છે ? મારે દુઃખ સાથે કહેવુ પડે છે કે આજે પણ આ રાજયની અંદર ૩૨ કરતા પણ વધારે ગામોની અંદર દલિત સમાજના લોકો પોલીસ રક્ષણ હેઠળ જીવે છે. અને સુરેન્દ્રનગર એક જ એવો જિલ્લો છે કે જયાં ૨૦ ગામોની અંદર આજે પણ પોલીસ રક્ષણ હેઠળ લોકો ત્યાં જીવન જીવી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉનાનો કાંડ થયો અને ઉનાના કાંડ થયા પછી જે દેશમાં એક આગ લાગી. આ રાજયમાં ઉના કાંડ થયા પછી ઉના કાંડના લોકોને તેનો ન્યાય ના મળ્યો અને ન્યાય ના મળ્યો હોવાના કારણે એ ઉનાના પરિવારના લોકોએ ધર્મ પરિવર્તન કરવુ પડયું ત્યાં સુધીની નોબત આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આવીને ઉભેલી છે. સેપ્ટનો જયારે રિપોર્ટ આવ્યો સેપ્ટનો રિપોર્ટ વિધનાસભામાં રજૂ કર્યા પછી તેને પબ્લિકલી બહાર પાડવામાં આવ્યો. સેપ્ટના રિપોર્ટની અંદર જે હકીકતો બહાર આવી છે તે હકીકતોને આધિન રાજયના મુખ્યમંત્રીશ્રીએ રીમિટિંગો કેમ નથી થતી, છેલ્લી મિટિંગ તેમની દશમા

મહિનામાં થઇ હતી ત્યાર પછી કહેવામાં આવ્યુ છે કે આ રાજયની અંદર થતા દલિતોના અત્યાચારના વિરોધમાં એ અત્યાચાર હોય, બહિષ્કાર હોય, તિરસ્કાર હોય કે અન્ય કોઇ ગુનાઓ બનતાં હોય એ ગુનાઓની અંદર દર ત્રણ માસની અંદર, ત્રણ ઝોનની અંદર સચિવ કક્ષાના નેજા હેઠળ મિટિંગો થવી જોઇએ રાજય સરકારના કોઇ પણ ઝોનની અંદર આવી કોઇ પણ મિટિંગો થતી નથી તેના કારણોસર દલિતો ઉપર દિન–પ્રતિદિન અત્યાચારો વધતાં જાય છે. એક જમાનો હતો કે દલિત સમાજને બાપુ જે રીતે ૧૪મી એપ્રિલે તેમના વિસ્તારના ગામમાં દલિતોના ઘરે જાય છે. શું અમે દલિતોને ત્યાં જમ્યાં એને શું તમે ગૌરવની વાત ગણો છો ? અમે દલિતને ત્યાં ભાણું કર્યુ એ શું ગૌરવની વાત છે ? આ દેશમાં હોય કે આ રાજયમાં હોય એ દલિત માટેની અસ્પૃશ્યતાની જે વાત છે, જે તિરસ્કારની વાત છે એ ચોખ્ખે અને ચોખ્ખી આપણને એમ દેખાય છે કે દલિતના ઘરે જમવા માટે અમે એટલા માટે જઇને છીએ કે અમે તિરસ્કાર કરતા નથી, અમે તેની સાથે આભડછેટ કરતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, અવિરત રીતે એક મંત્રી વર્ષો સુધી રહ્યાં હોય, ધારાસભ્યશ્રી રહ્યાં હોય અને અવિરત જતાં હોય, તમે બાપુને ઉદ્દેશીને કહ્યું એટલા માટે હું કહું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ના હું તો બાપુના વખાણ જ કરૂં છું. દર ૧૪મી એપ્રિલે દલિત સમાજના ઘરે જતાં હોય છે. હું જનરલી વાત કરું છું હું કોઇ શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુને ઉદ્દેશીને વાત નથી કરતો. તેઓ જાય છે તેનુ મને ગૌરવ છે. કોઇ પણ રાષ્ટ્રીય પાર્ટીનો કોઇ પણ આગેવાન દલિતના ઘરે જમવા જાય તેમાં અમારી પાર્ટી પણ આવી ગઇ અને ભારતીય જનતા પાર્ટી પણ આવી ગઇ એ ગૌરવ લેવા જેવી વસ્તુ નથી. આ રાજયમાં આભડછેટના પ્રમાણો વધતાં ગયા છે તેની જવાબદાર રાજય સરકાર છે. અને રાજય સરકારે તેની અંદર ગંભીરતાપૂર્વક વિચારવુ પડશે. ખાલી ચાર લાખ કે પાંચ લાખ રૂપિયાની સહાય આપીને જો જશ લેવાની વાત કરશે એ તો બંધારણીય અધિકારના ભાગરૂપે અમને જે મળવાપાત્ર છે તે અમને આપે છે. સરકાર જયાં સુધી કડક નહીં થાય ત્યાં સુધી દલિતો પરના અત્યાચારો દિન–પ્રતિદિન વધતાં જાય છે. અમે શિડયુલ કાસ્ટમાંથી આવીએ છીએ અનામત સીટ ઉપર આ સભાગૃહમાંથી ૧૩ ધારાસભ્યો જીતીને આવેલા છે. દલિત સમાજ ઉપર જયારે બનાવ બને છે અને અમારા ધારાસભ્ય ઉપર જે ફોન અને મેસેજ અને લોકોના જે કાગળો આવે છે તે તો અમારૂં મન જાણે છે. ઘણી વખત તો એમ થાય છે કે આ ધારાસભ્ય પદમાંથી રાજીનામું આપી અને સોશિયલી કામ કરવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આવુ ના કરતા, રાજીનામું ના આપતા. અમે આપની આ વાતને ગંભીરતાથી સમજીએ છીએ મારે હવે કોઇના રાજીનામા લેવા નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજીનામું ભારતીય જનતા પાર્ટીમાં જોડાવા માટે નહીં.(અંતરાય) અમારા સમાજ માટે.

અધ્યક્ષશ્રી : કોઇ પણ કારણસર રાજીનામું સ્વીકારવાની મારી હવે તૈયારી નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ વિચાર મનમાં પડ્યો છે એ નક્કી થઇ ગયું.

અધ્યક્ષશ્રી : બહુ લાઇટર ટોનમાં વાત છે.

શ્રી શૈલેષ મ. પરમાર : બાપુ, હું આજે હાઉસમાં તમને કહું છું કે હજી તમારું ત્રણ વર્ષનું શાસન છે અને આ ત્રણ વર્ષના શાસનમાં એક પણ દલિત ઉપર બનાવ ન બને તો આ શ્રી શૈલેષભાઇ તમને સરન્ડર થવા તૈયાર છે. સમાજના હિતમાં સરકારશ્રીએ ખૂબ ઉંડાણપૂર્વક વિચારવું જોઇએ. એક ધારાસભ્ય તરીકે અમારા ઉપર જે વિતે છે એ મનની વાત હું કહું છું કે આવનારા દિવસોમાં રાજ્ય સરકારે કડક રીતે અમલ કરીને ગુનાઓ ના બને એ બાબતે સરકાર સતર્ક રહે એવી સરકારને મારી વિનંતી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારે વિશ્લેષણ નથી કરવું પણ મારા છોટા ઉદેપુર જિલ્લામાં અલગ–અલગ ગામડાઓમાં એસ.સી. સમાજની વસતી છે. તેઓને છોટા ઉદેપુર કે બોડેલી કે ડભોઇ ભણવા જવું હોય તો છાત્રાલયની સગવડ નથી. તો આ સમાજ માટે બોડેલી અથવા છોટા ઉદેપુરને કેન્દ્ર ગણીને એમને એક સરકારી છાત્રાલય આપો એવી માગણી છે. બીજી એક વાત એવી છે કે અમારે ત્યાં જમરાલા જ્ઞાતિ છે. એને નથી એસ.સી.માં ગણવામાં આવતી કે નથી એસ.ટી.માં ગણવામાં આવતી. એ આદિજાતિ વિભાગમાં આવતું હોય તો એમાં અને અનુસૂચિત જાતિ વિભાગમાં આવતું હોય તો એનો સરવે કરાવી એને કમસેકમ કોઇ જાતિમાં સમાવો.

અધ્યક્ષશ્રી : શ્રી પ્રદ્યુમનસિંહ જે કહેવું હોય એ એક મિનિટમાં કહી દો. તમારા માટે મને વિશેષ લાગણી છે ખબર નહિ કેમ?

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ ગંભીર છે એટલે બંને તરફથી એક–એક મિનિટ આપો. માનનીય મંત્રીશ્રી જે વાત લઇને આવ્યા છે એ ખૂબ આનંદની વાત છે અને આવતા વર્ષે આનાથી વિશેષ બજેટ લઇને આવો એવી હું આશા રાખું છું. મારા વિસ્તારની અમુક જ્ઞાતિઓને પછાતવર્ગનો બિલકુલ લાભ મળતો નથી. હું મારી વાત ટૂંકમાં કહેવા માગું છું. આપ એમને ન્યાય અપાવો. કોળી સમાજને કોઇ પણ સહાય નથી મળતી. ભીલ, જાગડિયા અને દેવી પૂજક સમાજ, વાઢા સમાજ, ગાડલિયા સમાજ અને નટ સમાજ જે કલરનું કામ કરે છે , ભટ્ટ જે જૂના જમાનામાં હાથ જોતાં હતા આ બધી જાતીઓને પછાત વર્ગનો બિલકુલ લાભ મળતો નથી. અમારા વિસ્તારમાં દલિત સમાજનું કન્યા છાત્રાલય

નથી. એની ખાલી તપાસ થાય. એનું કારણ ગમે તે હોય. ગુજરાતની અને અમારી કચ્છની ભાષામાં શબ્દ ફેર થતો હશે એટલે એ લોકોને કાંઇ લાભ નથી મળતો. તો એ લોકોને લાભ મળે એવી મારી વિનંતી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(રાજ્ય કક્ષાના પંચાયત અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચાયત વિભાગની માગણીઓ ઉપર જે જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે, સૂચનો કર્યા છે, સમર્થન આપ્યું છે, કોઇએ એમના વિચારો વ્યક્ત કર્યા છે તો કોઇએ રાજ્ય સરકારની કામગીરીને બિરદાવી છે. એમના રચનાત્મક સૂચનોને હું આવકારું છું તથા ટીકાઓ અને અવલોકનોમાંથી રાજ્યના વિકાસ માટે યોગ્ય કરવા જેવું હશે તેનું વિશ્લેષણ કરીને અમે હકારાત્મક અભિગમ અપનાવીશું. આ તબક્કે ચર્ચામાં ભાગ લેનારા સરકારના માનનીય સભ્યશ્રીનો આભાર માનું છું. પંચાયતીરાજ વ્યવસ્થા એ વિવિધ કાળથી જુદા-જુદા સ્વરૂપે અમલમાં છે. પંચ ત્યાં પરમેશ્વર એવી આપણી પ્રાચીન પરંપરા અનુસાર ભારત દેશ એ ગામડાઓનો બનેલો છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે ભારત દેશના સાચા દર્શન કરવા હોય તો ગામડાઓમાં જવું જોઇએ. ગામડાઓનો સર્વાંગી વિકાસ થાય તો જે દેશ સમૃદ્ધ બનશે. પૂજ્ય બાપુનું ગ્રામ સ્વરાજનું સ્વપ્ન પૂરું કરવા માટે હાલના વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના સફળ સંચાલન થકી ગ્રામ સ્વરાજનું સ્વપ્ન પૂરુ કરવા અને ગ્રામ કક્ષાએ સંવાદિતતા જળવાય અને વાદ-વિવાદ વિના બિન હરીફ પંચાયતની ચૂંટણી થાય અને પંચાયતો નાણાકીય રીતે સદ્ધર થાય એ માટે રાજ્ય સરકાર દ્વારા સમરસ યોજના અમલમાં મૂકીને પંચાયતોને નાણાકીય રીતે પગભર કરવાનું ભગીરથ કાર્ય માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇ પટેલની સરકારે રાત દિવસ મહેનત કરીને આ વિકાસની ગતિને આગળ ધપાવી છે. વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે તે પ્રવૃતિ ચાલુ રહે તે માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર સતત જાગૃત ચિંતનશીલ અને સંવેદનશીલ બનીને છેવાડાના માનવીને વંચિતોના વિકાસ માટે સતત પ્રયાસ કરી રહેલ છે. પંચાયતનો કાયદો ગુજરાતમાં સને ૧૯૬૧ થી ઘડવામાં આવેલો છે. પુજય મહાત્મા ગાંધીજી અને પુજય રવિશંકર મહારાજના વિચારને લઇને ગામડાંને બેઠા કરવા માટે આ કાયદાનું ઘડતર કર્યું અને તા.૧-૪-૧૯૬૩ થી ત્રીસ્તરીય પંચાયતી રાજની શરૂઆત કરવામાં આવી. પંચાયતી રાજ વ્યવસ્થા ગુજરાતમાં આશરે ૧૮ હજાર જેટલા ગામડાં સુધી વિસ્તરેલ છે. એના સંચાલન માટે હાલમાં ૧૪૨૯૨ જેટલી ગ્રામ પંચાયતો અને ૨૪૮ તાલુકા પંચાયતો તથા ૩૩ જિલ્લા પંચાયતો છે અને તેનો વહીવટ ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા સૂચારુ રૂપે ચાલે છે. સમાજ જીવનમાં પંચાયતી રાજ વ્યવસ્થા એ ખૂબ જ અગત્યતતા ધરાવે છે. લોકશાહીના પાયામા ગ્રામ પંચાયતો છે અને એમના દ્વારા બહુમતિથી સર્વસંમિતથી ઠરાવ દ્વારા નિર્ણય કરવામાં આવે છે. આ જ રીતે તાલુકા પંચાયત જિલ્લા પંચાયતોનો વહીવટ ચૂંટાયેલા પ્રતિનિધિઓદ્વારા થાય છે. પંચાયતોના નિર્ણયની અસર સમાજ જીવન ઉપર પડે છે. ગ્રામ પંચાયત કક્ષાએ ગ્રામ સભા એક અસરકારક પરિબળ છે. જેમાં ગામના તમામ મતદારો તેના સભ્યો છે. આમ સ્થાનિક સ્વરાજયની ત્રણેય પાંખ એ લોકશાહી વિકેન્દ્રીકરણની મહત્વની બંધારણીય સંસ્થા છે, વ્યવસ્થા છે. હાલમાં આશરે ૧ લાખ ૩૫ હજાર કરતાં વધારે ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ દ્વારા રાજયમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા સૂચારુ રૂપે અને સંવાદપૂર્ણ રીતે ચાલી રહેલ છે ત્યારે આ રાજય સરકાર હંમેશા પંચાયતી રાજ વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તે માટે પ્રતિબદ્ધ છે. પંચાયતોને સુપરત થયેલા સરકારી યોજનાઓના યોગ્ય અમલીકરણ સુનિશ્ચિત કરવાની જવાબદારી ત્રણેય સ્તરના ચૂંટાયેલા પ્રતિધિઓની છે. તેઓશ્રી સક્રિય રીતે રસ લઇ શકે તે માટે ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઇઓથી ચૂંટાયેલા પ્રતિનિધિઓને માહિતગાર કરીને માર્ગદર્શિત કરવા અર્થે વખતો વખત સરકારશ્રી દ્વારા વહીવટી અને માર્ગદર્શક સૂચનાઓ પણ પરિપત્ર દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મારા વિભાગની અનુમોદન પરની માગણી રજૂ કરતાં હું ખૂબ જ ધન્યતા અને હર્ષની લાગણી અનુભવું છું. ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની પરિકલ્પના મુજબ અન્ન, વસ્ત્ર, સંસ્કાર, સુવિધા, સુલભ થાય અને આપણા તત્કાલિન આદરણીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇની ''આત્મા ગામડાંનો અને સુવિધા શહેરની'' એ પરિકલ્પના સાકાર થાય અને લાભાર્થીઓને તેનો મહત્તમ લાભ મળે એ માટે મારા વિભાગની અનુદાનની માગણીઓ લઇને હું આવ્યો છું. માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબની આગેવાની હેઠળની આ સરકાર વંચિતોનો વિકાસ લોકશાહીના પાયારૂપ પંચાયત વ્યવસ્થા સુદ્ઢઢ બને અને પ્રજાને તેમની મૂળભૂત જરૂરિયાતો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે મારો વિભાગ કટિબદ્ધ રહેશે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગામડાં વિકાસની હરણફાળમાં પાછળ રહી ન જાય તેવા દ્રઢ સંકલ્પ સાથે આ વિચારને સાચા અર્થમાં અમલમાં મૂકવા માટે નાણાપંચની ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતોના ખાતામાં જમા થાય તેવો નિર્ણય કરીને ગામડાંના વિકાસ અને પંચાયતી રાજના સશકિતકરણ માટે નવો રાહ ચિંધ્યો છે એ મુજબ નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામોની અગ્રતા ગ્રામ પંચાયતો નક્કી કરે તેવો નિર્ણય કરીને ગ્રામ પંચાયતની સત્તામાં વધારો કરેલ છે. ગ્રામ પંચાયતની જે પરિસ્થિતિ હતી એ આપણે સૌ જાણીએ છીએ. ગ્રામ પંચાયતમાં ગ્રામ પંચાયતના સ્ટાફનો કે એના પાણી પુરવઠાના સ્ટાફનો પગાર કરવો હોય તો પણ ગ્રામ પંચાયત પાસે ભંડોળ રહેતું નહોતું તો વિકાસના કામો ગ્રામ પંચાયત કઇ રીતે કરી શકે! આ નાણાપંચની ગ્રાન્ટ એ આપણા ગામના વિકાસ માટે એ ખૂબ મહત્વની યોજના આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે સીધી ગ્રાન્ટ આપણા સરપંચશ્રીઓના હાથમાં આપવાનો એક અભૂતપૂર્વ નિર્ણય આપણી આઝાદી પછી કોઇ કેન્દ્રની સરકારે લીધો હોય તો તે આદરણીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે લીધો છે. વર્ષમાં ઓછામાં ઓછી બે વાર ગ્રામસભા મળે તે માટેની વૈધાનિક જોગવાઇ છે. ગ્રામસભા એ ગ્રામ

પંચાયતની સર્વોપરી સંસ્થા છે. તેના દ્વારા વિકાસના કામોનું સામાજિક ઓડિટ કરવામાં આવે છે. કેન્દ્રના ચૌદમા નાણાપંચના કામોની સમીક્ષા કરી કામોનું પૂર્ણતા સર્ટિફિકેટ પણ આ ગ્રામસભા દ્વારા લેવામાં આવે. જેથી કંકર અને ગ્રેવરની ગ્રાન્ટની ફાળવણી સીધી જ જિલ્લા પંચાયતના હવાલે મૂકવાનો વહીવટી નિર્ણય કરેલ છે, જે વિકાસની પ્રક્રિયાને ગતિમાન કરશે. પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણીય દરજ્જો મળેલ છે. ગ્રામ વિકાસ માટે ફંડ, ફંકશન અને ફંકશનરી રાજય સરકારના સંબંધિત વિભાગો દ્વારા જરૂરી બજેટમાં જોગવાઇ કરીને ગ્રાન્ટો પંચાયતોના હવાલે મૂકવાની સરકારે યોગ્ય વ્યવસ્થા કરેલ છે. આ રીતે ગ્રામ્ય વિસ્તારોનો અવરિત વિકાસ થાય, તેના માટે આ રાજય સરકાર હંમેશાં પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે.

અમારી સરકાર પૂજય મહાત્મા ગાંધીજીના ગ્રામ સ્વરાજયના સ્વપ્નાને સાકાર કરવા તથા સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની પ્રાણ શકિતની પ્રેરણાથી અંખડ ભારતની થયેલ રચનાને ટકાઉ અને વધુ મજબુત બનાવવા માટે આ સન્માનનીય સભાગૃહના સભ્યોના સાથ, સહકાર અને હકારાત્મક અભિગમથી ગુજરાતની વિકાસની પ્રકિયાને આગળ ધપાવવા માટે થઇને આ માગણીઓ લઇને હું સભાગૃહ સમક્ષ આવ્યો છું.

મારા પંચાયત વિભાગની કલ્યાકારી યોજનાઓ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ટૂંકમાં રજૂ કરું તો એમાં મેં વાત કરી કે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે નાણાપંચની ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતના હવાલે મૂકવાનો એક અભૂતપૂર્વ નિર્ણય લીધો, આ ચૌદમા નાણાપંચમાં ભારત સરકાર દ્વારા મળનાર રકમ વર્ષ ૨૦૧૧ની વસ્તીના આધારે ગણીને કુલ ગ્રાન્ટના ૯૦ ટકા, ગ્રામ પંચાયતોની વસ્તીના આધારે અને ૧૦ ટકા ગ્રામ પંચયતના વિસ્તારના આધારે ફાળવણી, એમાં પીવાનું પાણી, સેનિટેશન, આંતરિક રસ્તા, પ્રાથમિક શિક્ષણમાં ખૂટતી પાયાની સુવિધાઓ, આંગણવાડી કેન્દ્રોમાં ખૂટતી સુવિધાઓ, ઇ-ગ્રામની સુવિધાઓમાં વધારો, વીજળીકરણના કામો વગેરે જેવા કામો કરવામાં આવે છે.

પાંચ વર્ષમાં કુલ ૭૭૭૧.૨૬ કરોડની ગ્રાન્ટ મળનાર હતી, ચાર વર્ષમાં કુલ રૂ.૫૮૦૦ કરોડની ગ્રાન્ટની ગ્રામ પંચાયતોને ફાળવણી કરી અને લગભગ રૂ.૨.૯૬ લાખ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૮-૧૯ના રૂપીયા ૧૭૨૫ કરોડ બેઝિક ગ્રાન્ટની ગ્રામ પંચાયતને ફાળવણી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ.૨૬૧૬ કરોડની જોગવાઇ તે પૈકી રૂ.૧૧૬૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આમ ગત વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૧૮-૧૯માં લગભગ ૩૪ ટકાનો વધારો કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી સ્વચ્છ અને સ્વસ્થ ગ્રામ યોજના. સ્વચ્છ અને સ્વસ્થ ગ્રામ યોજના હેઠળ વાત કરીએ તો વર્ષ ૨૦૧૯-૨૦ માં રૂ.૧૦ કરોડ ચાલુ અને રૂ.૩૫ કરોડ નવી બાબત મળીને કુલ રૂ.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન- વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૫૦ કરોડની ચાલુ અને રૂ.૫૨.૮૦ કરોડની નવી બાબત મળીને કુલ ૧૦૨.૮૦ કરોડની જોગોવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવીન પંચાયત ઘર કમ તલાટી આવાસ યોજના- ગ્રામ પંચાયત એ ગ્રામ સચિવાલય હોય છે. જિલ્લા પંચાયતની અંદર અલગ-અલગ એના ૧૬ વિભાગો એનું સંચાલન જિલ્લા પંચાયત કરતી હોય છે. છેક ગ્રામ્ય ક્ક્ષા સુધી ગ્રામ પંચાયતનું મકાન જો વ્યવસ્થિત મળે તો એ ગામનો વિકાસ, યોજનાઓનો અમલ એ ગ્રામ પંચાયત પણ સરળતાથી કરી શકે. ગ્રામ કક્ષાએ ગ્રામ પંચાયત એ ગ્રામ સચિવાલય ગણાય છે. વર્ષ ૧૯૬૩માં પંચાયતી રાજ અમલમાં આવ્યું ત્યારથી પંચાયત ઘરના બાંધકામ અંગે કોઇ નાણાંકીય જોગવાઇ કરવામાં આવતી ન હતી. પરંતુ આ રાજય સરકારે પંચાયતોના મકાનો સુવિધાયુકત બને તેના માટે ગ્રામ પંચાયત મકાન બાંધકામ માટેની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૬-૧૭થી જે ગામડાંમાં પંચાયત ઘર જૂના-પુરાણા અને જર્જરિત હોય. તેવી ગ્રામ પંચાયતોમાં ગામની વસતિના પ્રમાણે પંચાયત ઘરમાં બેઠક વ્યવસ્થા તેમજ અન્ય સુવિધાઓની જરૂરિયાત અલગ અલગ હોય. તેથી એક જ ટાઇપના મકાનોને બદલે વસતિના ધોરણે જરૂરિયાતને ધ્યાનમાં લઇને નવા પંચાયત ઘર કમ તલાટી આવાસ યોજના અમલમાં મૂકીને સુવિધાયુકત મકાન બનાવવામાં આવે છે. ૫ હજારથી ઓછી વસતિ હોય તો ૧૪ લાખ રૂપિયા, ૫ હજારથી ૧૦ હજાર સુધીની વસતિ હોય તો ૧૮ લાખ રૂપિયા, ૧૦ હજારથી વધુ વસતિ હોય તો ૨૨ લાખ રૂપિયા, અત્યાર સુધીમાં લગભગ ૨૯૦૭ નવીન ગ્રામ પંચાયતના ઘર મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ૫૧૨ નવીન ગ્રામ પંચાયત ઘર વર્ષ ૨૦૧૮-૧૯માં મંજૂર કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૨૫ નવીન ગ્રામ પંચાયતના મકાનોના કામો પૂર્ણ કરેલ છે અને રૂ.૧૨૪.૧૯ કરોડનો ખર્ચ થયેલ છે. જે માટે વર્ષ ૨૦૧૯-૨૦માં પણ રૂ. ૫૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. પંચાયત ઘર રિપેરીંગ માટે જે પંચાયત ઘર હોય તેને રિપેરીંગ કરીને અપગ્રેડ કરવા પાત્ર હોય તેવી પંચાયતમાં ગ્રામ પંચાયત ઘર જર્જરિત હોય તેને રિપેરીંગ કરવા પંચાયત દીઠ ૫ લાખ રૂપિયા, અત્યાર સુધીમાં ૧૦૬૮ આવા જર્જરિત મકાનોના રિપેરીંગના કામ મંજૂર કરવામાં આવેલ છે. તે પૈકી ૭૯૨ જર્જરિત ગ્રામ પંચાયતના મકાનોના રિપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવેલ છે અને રૂ.૨૫.૯૨ કરોડનો ખર્ચ થયેલ છે. વર્ષ ૧૯-૨૦માં રૂ.૨૧ કરોડની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. આ મેં વાત કરી ગ્રામ પંચાયતના મકાનની. એવી જ રીતે તાલુકા પંચાયતના મકાનો માટે પણ આપણા તાલુકા પંચાયતના મકાન માટે ભૂતકાળમાં કયારેય ચિંતા કરવામાં આવી નહોતી. પણ આપણી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લગભગ તાલુકા પંચાયતના મકાન માટે રૂ.૨.૪૦ કરોડ જેટલી માતબર રકમ રાજય સરકાર દ્વારા અનુદાન તરીકે તાલુકા પંચાયત કચેરીના બાંધકામ માટે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં દસ નવી તાલુકા પંચાયતોના મકાન માટે મંજૂરી આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૬ તાલુકા પંચાયતોને અનુદાન ફાળવવામાં આવ્યું છે. એમાંથી ૫૪ પૂર્ણ થઇ છે

અને ૭૨ પ્રગતિ હેઠળ છે. આ જ રીતે જિલ્લા પંચાયતોના મકાનો, એમાં રાજય સરકારે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને, જોયું નથી કે જિલ્લા પંચાયત કોંગ્રેસની છે કે ભાજપની છે. એને જિલ્લા પંચાયતનું મકાન મંજૂર કરવું હોય તો તેને પણ સરકારે મંજૂરી આપી છે. રાજય સરકારે ૨૦૧૦થી જે જિલ્લા પંચાયતો જૂની અને જર્જરિત છે તેના નવીન મકાન બાંધકામ માટે ગ્રાન્ટ આપવાનું શરુ કરેલ છે. તે મુજબ રૂ.૨૯.૪૦ કરોડ જેટલી માતબર રકમ સરકાર દ્વારા અનુદાન તરીકે જિલ્લા પંચાયત કચેરીના બાંધકામ માટે આપવામાં આવેલ છે. એ જ રીતે નવરચિત ૭ જિલ્લા પંચાયતોને અનુદાન વર્ષ ૨૦૧૫માં મંજૂર કરવામાં આવેલ છે. જૂની જર્જરિત ૩ જિલ્લા પંચાયતોને વર્ષ ૨૦૧૦ પછી રાજય સરકારે અનુદાન આપેલ છે. આમ કુલ અત્યાર સુધીમાં દસ જિલ્લા પંચાયતોને અનુદાન ફાળવવામાં આવેલ છે. આ દસ મંજૂર કરી એમાંથી ૬ પૂર્ણ થઇ અને ૪ પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં પણ રૂ.૭૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ નવી બાબતોમાં ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતો માટે નવીન વાહન માટે પણ રૂ.૧૬ લાખ જેટલી જોગવાઇ, પંચાયતી રાજય તાલીમ કેન્દ્ર બારડોલીના નવીનીકરણ માટે રૂ.૧૪૪.૯૮ લાખની જોગવાઇ. આ રીતે આપણે ઇ-ગ્રામની અહીંથી વાત થઇ, ઇ-કનેકટીવીટીથી ઇ-ગ્રામ કેન્દ્રો ઉભા કરવામાં હાલમાં લગભગ ૧૪૦૦૬ ઇ-ગ્રામ કાર્યરત છે. વર્ષ ૨૦૧૯માં સિસ્ટમ અપગ્રેડ કરવાના હેતુથી બે હજાર નવા કોમ્પ્યુટરની ફાળવણી, ગ્રામજનોની સુવિધામાં વધારો કરવાના હેતુથી ૧૫૦૦ ગ્રામ પંચાયતોને વોટર કુલર અને સોલારની ફાળવણી, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૧૦ કરોડની જોગવાઇ. સમરસ યોજના માટે પણ વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૭ કરોડની જોગવાઇ, ગરીબ કલ્યાણ મેળાઓ માટે, ગરીબ કલ્યાણ મેળામાં ગરીબી રેખાની નીચે આવરી લેવાયેલા કુટુંબો અને વ્યક્તિઓ માટે વચેટીયાઓનું વર્ચસ્વ નાબૂદ કરવા તેમજ ગરીબોને પૂરે પૂરો લાભ મળી રહે તે માટે અમલમાં મૂકેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, જેમાં જુદા જુદા હેતુ માટે સહાય આપવાની યોજનાઓ સુચિશ્રિત કરવામાં આવી છે. તે તમામ યોજનાના લાભાર્થીઓને એક જ દિવસ તેમને મળવાપાત્ર સહાય રાજય સરકારની યોજનાઓની રકમ મળી રહે તે માટે પ્રત્યેક જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળામાં ૧.૪૭ કરોડ લાભાર્થીઓને રૂ.૨૬,૬૭૬.૮૨ કરોડની નાણાંકીય સહાય. વર્ષ૨૦૧૮-૧૯માં ૩૯ ગરીબ કલ્યાણ મેળામાં ૧૪.૭૦ લાખ લાભાર્થીઓને રૂ. ૨૭૮૭.૨૦ કરોડની સહાય. વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૦ ગરીબ કલ્યાણ મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી રાજય સરકારે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરનું આયોજન કર્યું છે. જેમાં છેલ્લા ચાર વર્ષમાં પંચાયત સેવા વર્ગ-૩માં કુલ ૨૩,૦૬૬ જગ્યાઓ ભરવામાં આવી છે. કેલેન્ડર વર્ષ પ્રમાણે આગામી વર્ષોમાં પણ ભરતીનું આયોજન છે. તાલુકા વિકાસ અધિકારીની સીધી ભરતીથી ૮૫ અને બઢતીથી ૧૨૦ આમ કુલ ૨૦૫ જગ્યાઓ પણ ભરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો વિભાગ, પર્યાવરણ વિભાગ, તેની પણ થોડી વાત આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકું. પર્યાવરણ પ્રભાગની માગણીઓ ઉપર જે કોઇ માનનીય સભ્યશ્રીઓએ ભાગ લઇને સૂચનો કર્યા છે. તરફેણ કરી સરકારશ્રીની કામગીરીને બિરદાવી કે અવલોકનો કર્યા છે તે સૌનો આ તબક્કે આભાર માનું છું, તેમજ સર્વે માનનીય સભ્યશ્રીઓના અમૂલ્ય સૂચનો પર્યાવરણના હિતમાં અને રાજયના સમગ્રતયા વિકાસ માટે ઉપયોગમાં લઇશું. પશ્ચિમના જગત માટે પર્યાવરણની કલ્પના કદાચ નવી હશે પરંતુ હિંદુસ્તાનની ચિરપુરાતન સંસ્કૃતિમાં પર્યાવરણનું મહત્વ હજારો વર્ષોથી જીવનનું અંગ બનેલ છે. આપણે એક એવી સમાજ વ્યવસ્થા, સંસ્કૃતિ અને મહાન પરંપરાના વારસદારો છીએ કે જયાં પ્રકૃતિનું શોષણ નહીં, પણ પ્રકૃતિનું દોહન આપણાં જીવનનો સિદ્ધાંત રહ્યો છે. મહાત્મા ગાંધીજીના ટ્રસ્ટીશીપના સિદ્ધાંત મુજબ આપણે પ્રકૃતિનું રક્ષણ કરવાનું છે, શોષણ નહીં. વર્તમાન યુગમાં માનવી ઔદ્યોગિક ક્રાંતિ બાદ પર્યાવરણ અને તેને લગતી સમસ્યાઓની અસરોથી પીડાઇ રહ્યો છે. માનવીય સંસ્કૃતિ અને પર્યાવરણ એક બીજાના પૂરક આજ દિન સુધી બનતા આવેલા છે. પર્યાવરણ વિના માનવી અને જૈવિક સૃષ્ટિ શક્ય નથી અને પર્યાવરણના પંચમહાભૂતો જેવા કે જળ, જમીન, અગ્નિ, હવા અને આકાશ વગર આપણા સમાજ અને સંસ્કૃતિનું અસ્તિત્વ શક્ય નથી. પર્યાવરણનું મહત્વ સમજતા અને પર્યાવરણની માનવીય સંસ્કૃતિ માટેની જરૂરિયાતોને ધ્યાને રાખતા સરકારશ્રી દ્વારા પૂરતા પ્રયાસો કરવામાં આવેલ છે. રાજયના પર્યાવરણની પરિસ્થિતિ વધુમાં વધુ સુદ્રઢ બનતી રહે અને તે માટે ગુજરાત રાજયના પર્યાવરણને થતી આડઅસરોથી લોકોના જીવન ઉપર શક્ય તેટલા પ્રમાણમાં ઓછી અસર થાય તેવા પ્રયત્નો સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે. પર્યાવરણ પ્રભાગ સાથે રાજયમાં મુખ્યત્વે ચાર સંસ્થાઓ સંકળાયેલી છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત પર્યાવરણ પ્રબંધન સંસ્થા, ગુજરાત ઇકોલોજી કમિશન, ગુજરાત ઇકોલોજીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન. રાજય સરકારમાં પર્યાવરણ પ્રભાગમાં ટેક્નિકલ માળખું સુદ્રઢ કરવા અંગેના કેન્દ્ર અને રાજયના સંકલિત કાર્યક્રમ હેઠળ વર્ષ ૧૯૮૬થી નિયામક-પર્યાવરણ કાર્યરત છે. જેનું મુખ્ય કાર્ય પર્યાવરણ સંશોધન, આયોજન અને સંકલન તથા પર્યાવરણ સંસ્થાપન સંલગ્ન છે. તેમના દ્વારા કરવામાં આવતી કામગીરીમાં મુખ્યત્વે ભારત સરકારના પર્યાવરણ, વન અને કલાઇમેટ ચેન્જ મંત્રાલય દ્વારા ઘડવામાં આવતી પર્યાવરણ નીતિનું રાજય સ્તરે અમલીકરણ, રાજયમાં પર્યાવરણીય અસરગ્રસ્ત વિસ્તારો શોધી કાઢવા અને તેના યોગ્ય વ્યવસ્થાપન માટે ઉકેલ મેળવવાની કામગીરી રાજયમાં સ્વચ્છ ઉત્પાદન માટેની ટેક્નોલોજી મુકરર કરવી અને તેને પ્રોત્સાહિત કરવા.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગુજરાત રાજયમાં પ્રદૂષણને રોકવા માટે, નિયંત્રિત કરવા માટે અને પર્યાવરણનું રક્ષણ કરવા તેમજ પ્રદૂષણ નિયંત્રણ કાયદા અને સંબંધિત નિયમોના અસરકારક અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા

૧૫મી ઓક્ટોબર, ૧૯૭૪ના રોજ પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ની જોગવાઇ અનુસાર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના કરવામાં આવેલ છે. ઔદ્યોગિક વિકાસમાં ગુજરાત રાજ્યની હરણફાળ એ સતત પ્રક્રિયા છે. દર વર્ષે સેંકડો નવા ઉદ્યોગો સ્થપાતા જાય છે. તેવા સમયે માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબની સરકાર વિકાસની સાથે સાથે પર્યાવરણનું જતન થાય તેવા સંતુલિત વિકાસની દિશામાં આગેકૂચ કરવા કટિબદ્ધ છે. આ દિશામાં ડીપ–સી ડીસ્ચાર્જ પાઇપ લાઇન યોજનાની જાહેરાત કરવામાં આવેલ છે. જે પ્રોજેકટની કામગીરી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંકલન હેઠળ હાથ ધરવામાં આવશે. અમદાવાદ, જેતપુર અને વડોદરા ખાતે ઔદ્યોગિક શુદ્ધિકરણ કરાયેલ ગંદા પાણીના નિકાલ અર્થે ડીપ–સી ડીસ્ચાર્જ પાઇપ લાઇન માટે રૂ. ૨૨૭૫ કરોડની સંકલિત યોજના બનાવવામાં આવેલ છે. સમગ્ર દેશમાં આ પ્રકારની પ્રથમ અને વિશાળ યોજના છે. અન્ય રાજ્યોમાં આ પ્રકારની યોજના હાથ ધરાયેલ નથી. આ યોજનામાં સરકારશ્રી દ્વારા પી.પી.પી. ધોરણે સહાય આપવામાં આવશે. ''ના ભૂતો ના ભવિષ્યતિ ''એવી આ યોજના ભૂતકાળમાં ક્યારેય બનેલ નથી અને ભવિષ્યમાં પણ આ પ્રકારની બીજી કોઇ યોજના હાથ ધરાય કે કેમ તેવી આ અભિનવ યોજના છે. આ યોજનાનો મહત્તમ લાભ લઘુ ઉદ્યોગો, સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝને થશે. લાભાર્થી ઉદ્યોગો પૈકી ૯૨ ટકા લઘુ ઉદ્યોગો છે. સૂચિત પાઇપ લાઇન પ્રોજેકટથી કુલ આશરે રૂ.૩૪,૦૦૦ કરોડનું નવું ઔદ્યોગિક મૂડી રોકાણ તેમજ આશરે ૫ લાખ સીધી રોજગારીની નવી તકો અપેક્ષિત છે. પ્રદૂષણ નિયંત્રણ માટેના સસ્ટેનેબલ ઉપાયો શોધવાની દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ રહે છે. Emission Trading Scheme for Particulate Matter Pilot Project હવા પ્રદૂષણ નિયંત્રણની દિશામાં ગુજરાત સરકાર દ્વારા વિશ્વમાં સર્વ પ્રથમ દિશા સુચક પહેલ છે. જેનું ઉદ્ઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે તારીખ.૫મી જૂન ૨૦૧૯ના રોજ થયેલ છે તથા યુનિવર્સિટી ઓફ શિકાગો, યેલ તથા હાવર્ડ યુનિવર્સિટી, જે.પાલ, એમ.આઇ.ટી.ના સહયોગથી સુરત ખાતે અમલમાં આવનાર છે. ભારત સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા પણ સદર પ્રોજેકટને માન્યતા આપવામાં આવેલ છે. પ્રોજેકટ હેઠળ પસંદ કરેલા સુરત વિસ્તારના ઉદ્યોગોને જી.પી.સી.બી. દ્વારા વજનની માત્રામાં પાર્ટિકયુલેટ મેટર ઉત્સર્જન માટે આપવામાં આવેલ પરમીટ કરતાં ઓછા ઉત્સર્જન કરતા ઉદ્યોગો તેમની પાસે રહેલી વણવપરાયેલી પરમીટ વેચશે જયારે આપવામાં આવેલ પરમીટ કરતાં વધુ ઉત્સર્જન કરતા ઉદ્યોગો અન્ય ઉદ્યોગો પાસેથી પરમીટ ખરીદશે. પાર્ટિકયુલેટ મેટર (પી.એમ.)ના ઉત્સર્જનનું વ્યાપાર બજાર અન્ય કોમોડિટીઝના વ્યાપાર સમાન હશે. સદર સ્કીમથી ઔદ્યોગિક એકમોને પ્રદૂષણ નિયંત્રણ માટે પ્રોત્સાહન મળશે. જેથી પી.એમ.ના ઉત્સર્જનમાં ઘટાડો થશે. ઘરગથ્થુ ગંદા પાણી અને ઉદ્યોગોના પ્રદૂષિત પાણીને આધુનિક કક્ષાની ટ્રીટમેન્ટ આપ્યા બાદ પુનઃ વપરાશમાં લેવાની દિશામાં સુરત, કચ્છ અને ગાંધીનગર ખાતે ઉદ્યોગો દ્વારા પ્રસંશનીય કામગીરી થઇ રહેલ છે. જોખમી અને બિનજોખમી કચરાના રિસોર્સ તરીકે ઉપયોગ કરવામાં ગુજરાત રાજયએ નોંધપાત્ર સફળતા મેળવી છે. માર્ચ–૨૦૧૯ સુધીમાં આશરે ૨ કરોડ ૭ લાખ મેટ્રીક ટન જોખમી અને બિન જોખમી કચરાનો સિમેન્ટ ઉદ્યોગોમાં ઉપયોગ કરવામાં આવેલ છે. આ પ્રકારે વેસ્ટના કો–પ્રોસેસીંગ દ્વારા નિકાલના ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ અગ્રેસર નથી તેની સાથે સાથે પર્યાવરણની સુવિધાઓ ઉભી કરવામાં પણ મોખરે છે. ગુજરાતમાં કુલ ૩૩ ઔદ્યોગિક ગંદા પાણીના સામુહિક શુદ્ધિકરણ પ્લાન્ટ–સી.ઇ.ટી.પી. કાર્યરત છે જે સમગ્ર દેશના સી.ઇ.ટી.પી.ના ૩૦ ટકાથી પણ વધુ છે. ઉદ્યોગ સ્થાપવામાં ચલાવવામાં સરળતાની પહેલ એટલે કે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અન્વયે રાજય સરકારે સંખ્યાબંધ પગલાં લીધા છે જેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા એન્વાયરમેન્ટલ કલીયરન્સ (ઇ.સી) મેળવનારા ઔદ્યોગિક એકમોને સી.ટી.ઇ.ની (Consent to Establish) પ્રક્રિયામાંથી મુકિત જુદી જુદી ડાયસ્ટફ પ્રોડકટની તેના ગૃપ પ્રમાણે મંજૂરી આપવામાં સરળીકરણ, કન્સેન્ટની વેલીડીટીના વર્ષોમાં વધારો, કન્સેન્ટ અરજીના નિર્ણયના સમયગાળામાં ઘટાડો જેવા પગલાંઓનો સમાવેશ થાય છે. ગુજરાતના આશરે ૧૬૦૦ કી.મી. લાંબા દરિયા કિનારાને ધ્યાને લઇ દરીયા કાંઠાના જળની ગુણવત્તાનું મૂલ્યાંકન કરી, તેના ટ્રેન્ડનો અભ્યાસ કરી વ્યુહાત્મક આયોજન અને વિકાસની નવી યોજનાઓ નક્કી કરતી વખતે સરકારશ્રીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. બાકીની જે સંસ્થાઓ છે એમાં ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) અને બીજી જે સંસ્થા છે ગુજરાત ઇકોલોજી કમિશન એમાં પણ ખૂબ સરસ આયોજન કર્યુ છે. ભારત સરકાર અને વિશ્વબેંક પુરસ્કૃત પ્રોજેકટ સ્માર્ટ ઇકો વિલેજ પ્રોજેકટનું અમલીકરણ, ન્યુટ્રીશન પાર્કને માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા.૨૫મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ કેવડીયા ખાતે લીધેલ મુલાકાત દરમ્યાન ''ન્યુટ્રીશન પાર્ક'' વિકસાવવાની સુચના આપવામાં આવેલ. જેનો મુખ્ય હેતુ કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા આવતા અસંખ્ય મુલાકાતીઓને પોષણની જરૂરિયાત અને રોજિંદા જીવનમાં તેનું મહત્વ સમજાવી તે વિષયે જાગૃતિ ફેલાવવાનો છે. ગુજરાત ઇકોલોજી એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન, ગીર ફાઉન્ડેશન, એ પણ ખૂબ અગત્યની કામગીરી બજાવે છે. આમ, હું પંચાયત, વન અને પર્યાવરણ વિભાગની પરિણામલક્ષી કામગીરી કરી રહ્યો છું ત્યારે આજની અંદાજપત્રીય ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ભાગ લઇ રચનાત્મક સૂચનો કરેલ છે અને વિભાગની પ્રવૃત્તિઓને બિરદાવેલ છે. આ માટે મારા બન્ને વિભાગવતી એમનો આભારી છું. જે માનનીય સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત લઇને આવ્યા છે, મારી વિનંતી છે કે પંચાયત વિભાગ એ એવો વિભાગ છે કે છેવાડાના વ્યક્તિને સરકારની યોજનાઓનો લાભ મળે, છેવાડાના વ્યક્તિનું જીવન–ધોરણ ઉંચું આવે એવો આ પંચાયત વિભાગ છે અને

આ પર્યાવરણની પરિણામલક્ષી કામગીરી ધ્યાને લેતા તેમની કાપ દરખાસ્તો પરત ખેંચવા અનુરોધ કરું છું અને મેં રજૂ કરેલી અંદાજપત્રીય દરખાસ્તો સર્વાનુમતે પસાર કરવા આ સભાગૃહને વિનંતી કરું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૩ જુલાઇના રોજ હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીઓ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું, તેમાં ૨૨ જેટલા સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે. આ ચર્ચામાં થયેલ સૂચનો, થયેલ પ્રસંશા અને જે કાંઇ ચિંતાઓ વ્યક્ત કરી છે એની મેં ગંભીર નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, યોગાનુયોગ આજે ૨૩મી જુલાઇ ઇતિહાસના પાના ઉપર સુપ્રસિદ્ધ એવા લાલ, બાલ અને પાલ ત્રિપુટી પૈકી બાલ એટલે કે બાલ ગંગાધર તિલક કે જે લોકમાન્ય તરીકેના હુલામણા નામથી ઓળખાય છે તેમનો તથા ક્રાંતિવીર ચંદ્રશેખર આઝાદનો જન્મદિવસ છે. ચારે બાજુએ સમગ્ર ભારત દેશમાં ભારતીય જનતા પાર્ટીનો રાષ્ટ્રવાદ અને સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસના પ્રણેતા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનો જયજયકાર થઇ રહ્યો છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકારના છેલ્લા પાંચ વર્ષના શાસનકાળમાં સમગ્ર ભારતના પ્રજાજનોનો અભૂતપૂર્વ વિશ્વાસ સંપાદન કરીને પુનઃ ગત લોકસભામાં મેળવેલ બેઠકો કરતા પણ વધુ બેઠકો મેળવેલ છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીના સફળ નેતૃત્વને પ્રજાએ ઐતિહાસિક બહુમતિથી વધાવી લીધું છે અને સાબિત કરી દીધું છે કે પ્રજાના સાચા તારણહાર કોણ છે! ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી માટે મને એમ કહેવાનું મન થાય કે મૈં અકેલા હી ચલા થા ગાલીબ યે મંજીલ મગર, લોગ મિલતે ગયે ઔર કારવૈં બનતે ગયેં. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ એ રાજ્યનો લગભગ સૌથી વધુ વસતિ ધરાવતો આ વિભાગ છે. એ લોકોની ઇચ્છાઓ અને અપેક્ષાઓનો આઇનો છે. અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતીઓ અને બિન અનામત વર્ગોનો આ સર્વેજન સમૂહની અપેક્ષાને આપની પરવાનગી સાથે હું વ્યક્ત કરવા માગું છું. હું મારા વિભાગ હેઠળની અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટે રૂપિયા ૧૧૪૭.૨૫ કરોડ સહિતની અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.વી.એસ.પી. માટે રૂ.૫૨૭૭.૬૫ કરોડ, આર્થિક પછાત વર્ગ, લભુમતીઓ, વિચરતી વિમુક્તિ જાતિઓ સહિત બક્ષીપંચ જાતિઓના કલ્યાણ માટે રૂ.૧૯૦૪.૯૭ કરોડ, સમાજ સુરક્ષા માટે રૂ.૧૧૪૧.૯૦ કરોડ એમ મળીને કુલ રૂ.૮૩૪૨ કરોડની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગત વર્ષ કરતા રૂપિયા ૮૮૩ કરોડ ૫૬ લાખ વધારે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનું મન થાય છે કે,

''દુનિયા એ જોઇ છે ગાંધી સરદારની ચાલ, નરેન્દ્રભાઇ અને અમિતભાઇની કમાલ હજુ બાકી છે
લહેરો જોઇ છે ૬ કરોડ ગુજરાતીઓના સાગરની શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇના
સુશાસનની ગર્જના હજુ બાકી છે''

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ કોઇ ધારાસભ્યશ્રીને આ આપી દેવી જોઇતી હતી.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : સાહેબ, મને આપવાનું મન ના થયું. સમગ્ર રીતે જોતા સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ, દિવ્યાંગો, નિરાધાર મહિલાઓ, વૃદ્ધો, ગરીબો વગેરેના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ રૂ.૩૬૪૦ કરોડ ૫૭ લાખની જોગવાઇ સામે વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષમાં રૂ.૪૨૧૧ કરોડ ૬૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું ન્યુ ઇન્ડિયાનું સ્વપ્ન સાકાર થાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ઉદાર મન રાખીને વંચિતોના વિકાસ અર્થે ગત વર્ષ કરતા ૧૬% જેટલી વધુ નાણાકીય ફાળવણી કરીને આ તમામ વર્ગો માટે રૂ.૪૨૧૧ કરોડ ૬૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે જે વંચિતોના વિકાસના ક્ષેત્રને અમારી સરકારે આપેલ અગ્રતા દર્શાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ કુલ રૂ.૨૦૪૮૧૫ કરોડનું બજેટ લેઇને આવ્યા છે. એમાં અનુસૂચિત જાતિ પેટા યોજના એસ.સી., એસ.ટી. માટે રૂ.૫૨૭૭ કરોડ ૬૫ લાખની જોગવાઇ કરી છે તે માટે હું નાણામંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીનો પણ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચામાં જે જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેમની હું ચર્ચા કરું તો શ્રી પુંજાભાઇ વંશનું કહેવું એવું હતું કે, આશ્રમ શાળાઓમાં ૨૦૦૦ના વર્ષથી આજ દિન સુધીમાં આશ્રમ શાળાની ફાળવણી કરેલ નથી અને વૃદ્ધાશ્રમ માટેની વાત કરી. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ ગમે તે પ્રશ્ન હોય અને જ્યારે વૃદ્ધાશ્રમની વાત આવે છે ત્યારે પ્રશ્ન ગમે તે હોય દીકરાઓ મા-બાપને ભલે તે શિક્ષિત હોય કે અભણ હોય કે ગરીબ હોય તો રાજ્ય સરકારે વૃદ્ધોની સમસ્યા સમજીને તેમને દુઃખ, યાતના અને જીવન ગુજારવા માટે ૨૦૧૯માં નવા ૧૦ વૃદ્ધાશ્રમો સ્થાપવાનું નક્કી કર્યુ છે. જે વૃદ્ધો અને નિરાધાર માટે તેમના દીકરાઓ ના હોય તેવા વૃદ્ધોને પણ વૃદ્ધાશ્રમનું આયોજન કરીને તેને પ્રાથમિકતા આપવાનું વિચારી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બળદેવસિંહજીએ જે વાત કરી કે ખૂબ ઓછી જોગવાઇ છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એમને પણ જણાવવા માગું છું કે, જી.પી.એસ.સી.ના ક્લાસ વિષે પણ એમણે ચર્ચા કરી કે જી.પી.એસ.સી.

વર્ગ–૧ અને વર્ગ–૨ની પસંદગીમાં ઓ.બી.સી.ના બાળકોને ઓરલમાં ઓછા માર્ક આપી ન્યાય કરતા નથી. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, જી.પી.એસ.સી.ની હાલની પારદર્શી પદ્ધતિ (અંતરાય)

અધ્યક્ષશ્રી : ન્યાય કરતા નથી એવું સુધરાવ્યું છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : હાલમાં જી.પી.એસ.સી.ની પારદર્શક પદ્ધતિના કારણે આજે હું સરકારશ્રી અને જી.પી.એસ.સી.ના સંચાલકોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કારણ કે, હાલમાં જી.પી.એસ.સી. દ્વારા જે ઓરલ પરીક્ષા લેવામાં આવે છે ત્યારે એમાં જી.પી.એસ.સી.ના બોર્ડ સમક્ષ વિદ્યાર્થી આવે છે ત્યારે કોડ નંબરના આધારે આવે છે અને ઇન્ટરવ્યૂ કોલ કોડ નંબરના આધારે આપવામાં આવે છે અને જેથી તે કઇ જાતિના છે એ બધી જ પ્રક્રિયાઓ ગુપ્ત રાખવામાં આવે છે. બોર્ડમાં ઇન્ટરવ્યૂ વખતે આપેલા માર્કસ પણ ઓનલાઇન મૂકવામાં આવે છે. જેથી માનવસહજ ભૂલ કરી શકે નહીં. આમ જી.પી.એસ.સી.ની આખી પ્રક્રિયા પારદર્શક રીતે કરવામાં આવે છે. સામાન્ય વર્ગના છોકરા, છોકરીઓને કોઇપણ જાતના ભેદભાવ વગર જી.પી.એસ.સી.માં ઇન્ટરવ્યૂ થાય છે અને તે અંગે અમારા વિભાગ તરફથી તાલીમો પણ આપવામાં આવે છે. શ્રી પુંજાભાઇ વંશે ત્રીજી જ્ઞાતિની વાતો કરી કે છેલ્લા ત્રણ વર્ષથી બજેટમાં ફાળવણી થાય છે અને ખર્ચ કરી શકાતો નથી. બહુ દુઃખ સાથે કહેવું પડે કે આઝાદીના ૭૨ વર્ષ થયા. બાવન વર્ષ સુધી લગભગ કોંગ્રેસની સરકારનું શાસન રહ્યું હશે પરંતુ ત્રીજી જ્ઞાતિને પ્રમાણપત્ર કોણ આપે એ હજુ નકકી થયું નથી. પરંતુ આવનારા ૭૨ દિવસની અંદર કેન્દ્રની સરકાર એ નકકી કરી લેશે કે ત્રીજી જ્ઞાતિનું પ્રમાણપત્ર કોણ આપશે? ત્યાર પછી માનનીય નૌશાદભાઇએ પણ ચર્ચામાં ભાગ લીધો. એમણે વડોદરાની ઘટનાની વાત કરી કે ૫૦૦૦ રૂપિયા મળ્યા નથી. હું આપના મારફત સભાગૃહના તમામ સભ્યશ્રીઓને જણાવવા માંગું છું કે મરણોત્તર સહાયના ૫૦૦૦ રૂપિયા મળી ગયા છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ૪,૦૦,૦૦૦ રૂપિયાની જાહેરાત કરેલી એ એમના અંગત ફંડમાંથી જાહેરાત કરેલી અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાંથી ૮,૨૫૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરેલી. તે પૈકી ૫૦ ટકા રકમ એટલે કે ૪,૧૨,૫૦૦ રૂપિયા એ તમામે તમામ અવસાન પામેલા સાતે સાતના પરિવારોના વારસોને મળી ગયેલ છે. બે લાખ રૂપિયા સફાઇ કામદાર વિકાસ નિગમ તરફથી આપવામાં આવેલ છે. એ પણ મળી ગયા છે. ૧૦ લાખ રૂપિયા જે તે એજન્સીએ કે જે તે કોન્ટ્રાકટરે આવું કામ કર્યું હોય કે કરાવ્યું હોય એમની પાસેથી સરકાર અપાવશે એ પણ આવનારા દિવસોમાં એમને ૧૦ લાખ રૂપિયા મળશે અને એક લાખ રૂપિયાનું વિમા કવચ એટલે કે સાતે સાત અવસાન પામનારના પરિવારને ૨૫,૨૫,૦૦૦ રૂપિયા મળશે અને તે પૈકી આજ દિન સુધીમાં ૧૦,૧૨,૫૦૦ રૂપિયાની સહાય એમને ચૂકવી દેવામાં આવી છે. એ જ રીતે શ્રી પ્રવિણભાઇ મારૂએ પણ સરકારી જમીનની ફાળવણીની વાતો કરી. હું આપના માધ્યમથી ગૃહના તમામ સભ્યશ્રીઓને જણાવવા માંગું છું કે ૪૨૩૫૭ લાભાર્થીઓને ૬૪૦૨૬ હેકટર જે અનુસૂચિત જાતિઓના લાભાર્થીઓને ફાળવવામાં આવી છે અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની સંખ્યા ૬૨૦૧ અને ૧૭૯૯૨ હેકટર જમીન ફાળવવામાં આવી છે એટલે કે કુલ ૮૯૯૬૧ લાભાર્થીને ૨૪૧૨૮૯ હેકટર જમીન ફાળવવામાં આવી છે. વિપક્ષના સભ્યશ્રી ચંદનજી ઠાકોરે કહ્યું પાટણ ખાતે સમરસ છાત્રાલય આપવાની વાત કરી છે. તો પાટણ ખાતે સમરસ છાત્રાલય મંજૂર કરવામાં આવ્યું છે. એની રૂ.૧૬ કરોડની વહીવટી મંજૂરી પણ આપી દેવામાં આવી છે. એના બાંધકામની કાર્યવાહી આખરી તબકકામાં છે. વર્ષ ૨૦૨૦–૨૧માં ૫૦૦ કુમાર અને ૫૦૦ કન્યાઓને પણ પ્રવેશ આપવામાં આવશે. પાટણ ખાતે ધોરણ–૯થી ૧૨ માટે આદર્શ નિવાસી શાળા પણ વર્ષ ૨૦૨૦–૨૧માં ૪૦૦ વિદ્યાર્થીઓને ધોરણ–૯માં ભરતી કરવામાં આવશે. આવી જ રીતે જે કંઇ સૂચનો કર્યા છે એના જવાબો મેં આપ્યા છે. શ્રી શૈલેષભાઇએ પણ સૂચનો કર્યા છે. તેની હું વાત કરું તો જિલ્લા કક્ષાએ તમામ તકેદારી સમિતિઓની મિટિંગો મળે છે. અગ્ર સચિવશ્રીની કક્ષાએ પણ મિટિંગ મળી છે. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને પણ મિટિંગ મળી છે અને બંને મિટિંગમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીજી પણ ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય રીતે પ્રજાને વચનો આપ્યા પછી વચન પૂર્તિ ન થવાની સામાન્ય છાપ પ્રવર્તતી હોય છે. પણ હું આજે બજેટમાં અનુસૂચિત જાતિ અને પછાત વર્ગની વાત લઇને આવ્યો છું. જેમાં ચોક્કસ કહી શકીશ અમે જે કહ્યું હતું તે કરીને બતાવ્યું છે. આ ગૃહના ફ્લોર ઉપર અને બહાર જાહેર સેવાઓમાં અમે વારંવાર કહ્યું છે કે અમારું લક્ષ એ કોઇપણ પ્રકારની વોટબેન્ક ઉભી કરવાનું નથી, પરંતુ માનવ માત્રનું કલ્યાણ કરી વંચિતોનો વિકાસ કરવો એ જ અમારું એકમાત્ર લક્ષ છે. અનુસૂચિત જાતિના લોકો ન્યાયની યાચક નહિ, પરંતુ અમે એમને ન્યાયના અધિકારી બનાવવા માગીએ છીએ અને ડો.બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં કહીએ તો અનુસૂચિત જાતિના સમાજને સામાજિક આર્થિક રીતે અન્ય સમાજની હરોળમાં લાવીને તેમનામાં ભારતના શ્રેષ્ઠ નાગરિક તરીકેની અસ્મીતા જગાવવાનો આ ભાજપનો એક તટસ્થ નિર્ણય છે. ડો.બાબા સાહેબ આંબેડકરના આ વિચારોને મૂર્તિમંત કરવા અમલમાં લાવી વંચિતોમાં શ્રેષ્ઠ નાગિરક તરીકેની અસ્મીતા જગાવવાનો અમારી સરકારનો સતત પ્રયત્ન રહ્યો છે. સામાજિક સમરસતા સાથે સામાજિક ન્યાયનું સમગ્ર દેશમાં કોઇ ઉત્તમ ઉદાહરણ હોય તો ગુજરાતમાં ૯ સ્થળોએ બનેલા ૧૮ સમરસ છાત્રાલયો છે. જેમાં કુમાર અને કન્યાઓ મળી કુલ ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધાવાળા છાત્રાલયો બનાવ્યા છે. આ ૧૨૫૦૦ છાત્રાલયોમાં ૧૫ ટકા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ, ૩૦ ટકા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ, ૪૫ ટકા બક્ષીપંચના વિદ્યાર્થીઓ અને ૧૦ ટકા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે, એટલે તમામ જ્ઞાતિ જાતિના વિદ્યાર્થીઓ સાથે રહીને અભ્યાસ કરે અને એ યુવાન વયે આ વિદ્યાર્થીઓને આપણે સાથે રાખીએ તો ત્યાંથી પણ એક સામાજિક સમરસતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડી શકીએ. મને આદરણીય વડાપ્રધાનશ્રી

નરેન્દ્રભાઇ મોદીની યાદ આવે છે. સ્વામી વિવેકાનંદના આદર્શોને મૂર્તિમંત કરવા આ સમરસ છાત્રાલયનું સ્વપ્નું મોદી સાહેબનું હતું. એ મોદી સાહેબે સ્વપ્ન સેવીને એમણે ખૂબ ટૂંકા સમયમાં પરિપૂર્ણ કર્યુ હતું. અનુસૂચિત જાતિ, પછાત વર્ગના લોકો, હિંમતપૂર્વક હસતા મોંઢે આગળ વધી રહ્યા છે. આ સમરસ હોસ્ટેલમાં રહેવાની જમવાની અને નાસ્તા સાથેની બધી જ સગવડો અને સુવિધા સરકાર તરફથી મફત આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ, પછાત વર્ગના લોકો હિંમતપૂર્વક હસતે મોંઢે આગળ વધી રહ્યા છે. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે ૨૧મી સદી ભારતની સદી હશે, તેમાં પણ અનુસૂચિત જાતિ, વંચિતો અને પછાતોની મહત્વની ભૂમિકા હશે. હું અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ અને સમાજ સુરક્ષાની કેટલીક મહત્વની બાબતો સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. વર્ષ–૨૦૧૯–૨૦માં અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતીઓ અને વિચરતી વિમુકત જાતીઓ અને બિન અનામત વર્ગો માટે મૂડી મહેસૂલી સદરે રૂપિયા ૩૦૫૨ કરોડ ૯૬ લાખની જોગવાઇ કરવામાં આવી છે. શૈક્ષણિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિની રૂ.૬૨૯ કરોડ ૬૬ લાખની વિકસતિ જાતિની રૂ.૧૦૭૨ કરોડ ૩૧ લાખ મળી કુલ રૂ.૧૭૦૧ કરોડ ૯૭ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિઓના આર્થિક ઉત્કર્ષ માટે જોઇએ તો અનુસૂચિત જાતિ માટે રૂ.૧૧૭ કરોડ ૨૬ લાખ અને વિકસતી જાતિ માટે રૂ.૧૩૯ કરોડ ૨૦ લાખ એમ કુલ મળી રૂપિયા ૨૫૬ કરોડ ૪૬ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય, વસવાટ અને અન્ય સામાજિક યોજનાઓ માટે અનુસૂચિત જાતિ માટે રૂપિયા ૧૭૭ કરોડ ૧૦ લાખ અને વિકસતી જાતિ માટે રૂપિયા ૧૫૬ કરોડ ૧૭ લાખ મળી કુલ રૂપિયા ૩૩૩ કરોડ ૧૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. હું વર્ષ ૨૦૧૯–૨૦ની નવી બાબતોની વાત કરું તો અનુસૂચિત જાતિ અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનો પોસ્ટ એસ.એસ.સી.માં અભ્યાસ કરતા અને પેઇંગ ગેસ્ટ તરીકે રહેતા વિદ્યાર્થીઓને માસિક ૧૨૦૦ રૂપિયા ભોજન બિલ સહાય આપવાની નવી યોજના શરૂ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કોલેજ કક્ષાના અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે રહેવા જમવાની સંયુક્ત સુવિદ્યાવાળા અનુસૂચિત જાતિના ૫(પાંચ) અને વિકસતી જાતિના ૫(પાંચ) એમ કુલ દસ નવા સરકારી છાત્રાલયો પણ શરૂ કરવામં આવશે. અનુસૂચિત જાતિની ૯ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ૨૮ અને અગરિયા જ્ઞાતિની ૫(પાંચ) આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ–૧૦ અને ધોરણ–૧૧ના નવા વર્ગો શરૂ કરવામાં આવશે. જેના માટે બજેટમાં રૂપિયા ૧૮ કરોડ ૪૭ લાખ ફાળવવામાં આવ્યા છે. પાટણ, મહિસાગર તથા બોટાદ ખાતે અનુસૂચિત જાતિના કુમાર છાત્રાલયો અને પાટણ, ગાંધીનગર, પોરબંદર, વઢવાણ તથા બોટાદ ખાતે કન્યા છાત્રાલયો માટે અદ્યતન સુવિદ્યા સાથેના મકાન બાંધવામાં આવશે. તેના માટે પ્રથમ તબક્કે રૂ.૧૮ કરોડ ૨૫(પચ્ચીસ) લાખની જોગવાઇ કરવામાં આવી છે. ગાંધીનગર, બારડોલી અને મોડાસા ખાતે સમરસ કુમાર કન્યા છાત્રાલય બાંધકામ માટે રૂ.૮ કરોડ ૭૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. પાલનપુર જિલ્લા બનાસકાંઠા ખાતે ચાલતી આદર્શ નિવાસી શાળા માટે રૂ.૬ કરોડના ખર્ચે અદ્યતન સુવિદ્યા સાથેના મકાન બાંધકામ કરવામાં આવશે. જેના માટે બજેટમાં પ્રથમ તબક્કે રૂ.૨(બે) કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અરવલ્લી, મહિસાગર, સુરત, વડોદરા, મોરબી ખાતે જિલ્લા કક્ષાના ડૉ.આંબેડકર ભવન બાંધવામાં આવશે જેના માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રૈયા જિલ્લા રાજકોટ મુકામે ચાલતા સરકારી કુમાર છાત્રાલય અને સુરેન્દ્રનગર ખાતે ચાલતી આદર્શ નિવાસી શાળા માટે રૂપિયા ૧૨ કરોડ ૪૩ લાખના ખર્ચે અદ્યતન સુવિદ્યા સાથેના મકાન બાંધવામાં આવશે. જેના માટે પ્રથમ તબક્કે રૂ.૪ કરોડ અને ૨૫(પચ્ચીસ) લાખની જોગવાઇ પણ કરવામાં આવી છે. સરકારી છાત્રાલયો અને નિવાસી શાળામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે હેન્ડીકેપ ફ્રેન્ડલી ટોઇલેટ લિફ્ટની સુવિદ્યા પણ ઉભી કરવામાં આવશે. જેના માટે બજેટમાં રૂપિયા ૫(પાંચ) કરોડ ૬૧ લાખની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના હયાત સરકારી છાત્રાલયોમાં ૫૦૦ વિદ્યાર્થીઓ અને વિકસતી જાતિના ૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યાનો વધારો પણ કરવામાં આવ્યો છે. જેના માટે બજેટમાં રૂ.૩ કરોડ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. મારા વિભાગે છેલ્લા દસ વર્ષમાં સમાજમાં નબળા, પછાત, અનુસૂચિત જાતિ, લઘુમતિઓ, વૃદ્ધો, નિરાધારો અને દિવ્યાંગો તથા નિરાધાર બાળકોના કલ્યાણ અને રક્ષણ માટે જે કામ કર્યુ છે તેની કેટલીક મહત્વની સિદ્ધિઓ આપની અનુમતિથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. ૨૦૦૧ પહેલાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ શાળાઓ ખુલ્લા પછી નવેમ્બર ડિસેમ્બરમાં ચૂકવવામાં આવતી હતી. આ સરકારે તેમાં ફેરફાર કરીને પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શાળા ખુલતાની સાથે જ પ્રવેશ મહોત્સવમાં શિષ્યવૃતિની ચૂકવણી કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૦૧–૦૨માં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ લોન આપવાની યોજના દાખલ કરી અને તેમાં ઉત્તરોત્તર વધારો કરી આજે વિદેશ અભ્યાસ લોન માટે ૧૫ લાખ રૂપિયા આપીએ છીએ. છેલ્લા દસ વર્ષમાં અનુસૂચિત જાતિના ૧,૧૨૦....

અધ્યક્ષશ્રી : સમાપ્ત કરો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતિ સાધના સાઇકલ યોજનામાં વિકસતી જાતિ અને અનુસૂચિત જાતિની ૬૪૬૧૧ કન્યાઓને સાઇકલની સહાય આપવામાં આવી છે. ભૂતકાળમાં ૩૦૦ રૂપિયા ગણવેશ સહાય આપવામાં આવતી હતી એમાં ૬૦૦ રૂપિયા અત્યારે આપવામાં આવે છે. અગાઉના સમયમાં આવાસ યોજનામાં મકાન બાંધવા માટે ખૂબ જ ઓછી સહાય આપવામાં આવતી હતી જયારે વર્તમાન સરકારના સમયમાં ઉત્તરોતર વધારો કરીને વર્ષ ૨૦૧૮–

૧૯માં ગ્રામ્ય વિસ્તારમાં ૧.૨૦ લાખની સહાયનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ નિવાસી શાળાઓની પણ ખૂબ કાળજી લેવાય રહી છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં પણ આપણે આનો વધારો કર્યો છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત રજૂ કરું છું કે માનનીય મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) માનનીય મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ ઉપરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનું કામકાજ લંબાવવામાં આવે છે.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશઃ)**

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષામાં પણ આવી રીતે અનેક સુધારાઓ કર્યા છે અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને મેળવેલ સિદ્ધિઓને ધ્યાને લઇને ગુજરાત રાજયમાં બાળ સુરક્ષા દ્વારા મુકત થયેલ બાળકો માટે આફ્ટર કેર યોજનામાં પણ નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦માં આ યોજના હેઠળ કુલ ૩૩૩ લાભાર્થીઓને રૂ.૬૨ લાખની સહાય આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ આવતી જે કાંઇ બાબતો છે એની અમે આ માગણીઓ લઇને આવ્યા છીએ અને ખાસ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને મેળવેલ સિદ્ધિઓને ધ્યાને લઇ વિરોધપક્ષના મિત્રો કે જેઓ મારા વિભાગની માગણી ઉપર કાપ દરખાસ્ત લાવ્યા છે તેમને હું વિનંતી કરું છું કે તેઓ પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આવેલ માગણીઓ ગૃહના તમામ સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર રાખે એવી વિનંતી પણ કરું છું.

અધ્યક્ષશ્રી : મારે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, દરેકે દરેક માનનીય સભ્યશ્રીઓએ જે વાત કહી એનો માનનીય મંત્રીશ્રીએ વિગતવાર જવાબ આપ્યો છે. એટલે એમણે નોંધ્યું છે અને જવાબ આપ્યો છે. "અભિનંદન"

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, એમણે જે હમણાં વાત કરી અને આજે જે આ ડે ઓર્ડર છે એની અંદર અનુસૂચિત જાતિ પેટા યોજનામાં મહેસૂલી ખર્ચ માટે રૂ.૩૧૧૦.૯૭ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂ.૬૧૮.૮૬ કરોડની માગણી લઇને આવ્યા છે. એમણે એમના પ્રવચનમાં હું સમજ્યો છું ત્યાં સુધી અનુસૂચિત જાતિ પેટા યોજના માટે રૂ.૫૨૭૭.૬૫ કરોડની વાત કરી છે તો આ બંનેમાં જે તફાવત આવે છે એના અંગે સ્પષ્ટતા કરવા વિનંતી કરું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી છે એ આખા બજેટની વાત કરી છે અને આ ચર્ચામાં એ બધી બાબતો આવતી નથી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે નાણાપંચની ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતો હસ્તક મૂકવામાં આવે છે પરંતુ આના એસ્ટીમેટ બનતા નથી. તાલુકા પંચાયતો મારફત તો અત્યાર સુધી આ ગ્રાન્ટ છે એ વણવપરાયેલી છે તો આ માટે સરકાર કાંઇ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : વણવપરાયેલી હોય તો વાપરીશું એમ કહોને.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી, ગ્રાન્ટ રાજ્ય સરકારમાંથી સીધી જિલ્લા પંચાયત અને જિલ્લા પંચાયતમાંથી સીધી ગ્રામ પંચાયતને મળે છે અને કોઇ કામ નથી થયા એવી કોઇ ફરિયાદ સરકારને મળી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ,

શ્રી બાબુભાઇ કા. વાજા :માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : જવાબ આપી દીધો.

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શ્રી બાબુભાઇ  કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયતવાળા એગ્રીમેન્ટ બનાવતા નથી અને અત્યાર સુધી ગ્રાન્ટ વણવપરાયેલી પડી રહી છે, એના માટેની વાત કરું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી છે તે અમે જોવડાવી લઇશું.

શ્રી પુંજાભાઇ   ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગના ઓ.બી.સી.ના ધારાસભ્યશ્રીઓ દ્વારા જે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, બજેટમાંથી જે યોજનાઓની જિલ્લા કક્ષાએ જે ગ્રાન્ટો આપવામાં આવે છે એ ગ્રાન્ટો પૂરતા સમયમાં મળતી નથી અને પૂરતા સમયમર્યાદામાં વપરાતી નથી અને એના કારણોની અંદર જરૂરિયાતના પ્રમાણમાં જે સ્ટાફ હોવો જોઇએ એ નથી તેથી બજેટમાં ફાળવેલ રકમ પુરી વપરાતી નથી તો સ્ટાફની વહેલામાં વહેલી તકે તમે નિમણૂંક કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ  ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪ પછી સારા પ્રમાણમાં ભરતીઓ થઇ રહી છે અને મારા વિભાગમાં જરૂરિયાત મુજબ અમે આઉટસોર્સીંગથી પણ ભરતી કરી છે અને તેમ છતાંય માનનીય સભ્યશ્રી પુંજાભાઇએ જે વાત કરી છે એ એમનું સૂચન છે.

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એટલું જ જાણવું છે કે, આ રાજ્યમાં બિન અનામત અમલમાં આવ્યા પછી, રાજ્ય સરકાર દ્વારા બિન અનામત આયોગની સ્થાપના તારીખ ૫–૧૦–૨૦૧૭ના રોજ કરી દેવામાં આવી હતી. વરસોથી અમારી માગણી છે કે અનુસૂચિત જાતિ આયોગની સરકારે રચના કરવી જોઇએ. કારણ કે આ આયોગ નવું બન્યું અને તરત જ એની રચના થઇ ગઇ તો આ અનુસૂચિત જાતિનું આયોગ બનાવવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ  ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ વિપક્ષના ઉપનેતાશ્રીનું આ સૂચન છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩,  ૫,  ૭, ૮,  ૧૦, ૧૧,  ૧૩,  ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૨,  ૨૪, ૨૫, ૨૬,  ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૭, ૩૯, ૪૧, ૪૩, ૪૫ અને ૪૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૯૨, ૯૫, ૭૦ અને ૨૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨–૩૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૯**
**શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### મહેસાણા જિલ્લામાં ક્રમિક વર્ગો મંજૂર કરવા બાબત

*૧૭૮૦૮ **ડૉ.આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં કેટલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં વર્ષ-૨૦૧૮માં ધો-૧૧ના ક્રમિક વર્ગો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૦૩ |
| (૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહનાં કેટલા વર્ગો મંજૂર કરવામાં આવ્યા? | (૨) ૦૨ |

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપ આવ્યા એટલે આપને એમ લાગતુ હશે પણ જૂનાગઢ કોર્પોરેશનમાં આ ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીતના અભિનંદન અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારા પક્ષના પ્રમુખને આપીએ છીએ તેનો હરખ અમે વ્યકત કર્યો અને ગુજરાતમાં પેટા ચૂંટણીઓ થઇ એમાં પણ.

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં ગત વર્ષે ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તાલુકાવાર ક્રમિક વર્ગ વધારા સહિત વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી અને કેટલી મંજૂર કરી? સાથે સાથે મારે કહેવુ છે કે, આ સંવદેનશીલ સરકારે ઓબીસીની જ્ઞાતિ જયાં પૂરેપૂરી આખા ગામમાં છે એવા ડાભી ગામમાં સ્પેશિયલ કેસમાં ધોરણ-૯નો ક્રમિક વર્ગ ખોલાવીને જે અમારે ત્યાં મહિલાઓને એટલે કે દીકરીઓને જે પ્રોત્સાહન આપ્યું છે એવી સંવેદનશીલતાની એટલે કે ભારતીય જનતા પાર્ટીની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, ૩૩ કરોડ દેવતાઓનો જયાં વાસ છે, નવ નાથ ત્યાં વસે છે બાવન વીર અને ચોસઠ જોગણીઓ અને ૮૪ સિદ્ધનો જયાં વાસ છે એવા સંત સૂરા અને સાવજની ધરતી ઉપર આજે ભવ્ય વિજય મેળવ્યો છે. ત્યારે અમારી સંવેદનશીલ સરકાર અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીની વિકાસ કુચનો આ વિજય છે અને હું બધા સભ્યો વતી અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહેને જે પ્રશ્ન પૂછયો છે તેના જવાબમાં મારે જણાવવાનું કે મહેસાણાની અંદર મળેલ દરખાસ્તો એટલે કે તેમણે જે ક્રમિક વર્ગ વધારવાની વાત કરી છે તેમાં મળેલ દરખાસ્તો ૪, મંજૂર દરખાસ્તો ૪, કડીની અંદર મળેલ દરખાસ્તો ૯ મંજૂર દરખાસ્તો ૭, બેચરાજીની અંદર મળેલ દરખાસ્તો ૨ મંજૂર દરખાસ્તો ૨, ઊંઝાની અંદર મળેલ દરખાસ્તો ૫ મંજૂર દરખાસ્તો ૪, જોટાણાની અંદર મળેલ દરખાસ્તો ૨ અને મંજૂર દરખાસ્તો ૧, વિજાપુરની અંદર મળેલ અને મંજૂર દરખાસ્તો ૨-૨, વિસનગરની અંદર ૨ દરખાસ્તો આવી અને ૨ મંજૂર કરી, વડનગરની અંદર ૬ દરખાસ્તો આવી તેમાંથી ૪ મંજૂર કરી, ખેરાલુની અંદર ૩ દરખાસ્તો આવી અને ત્રણે ત્રણ મંજૂર કરી. એટલે કે ટોટલ ૩૫ દરખાસ્તો આવી તેમાંથી ૨૯ નામંજૂર કરી અને આ જે નામંજૂર કરી છે તેમાં જે નોર્મ્સ છે તેની અંદર ના આવતા હોય તેવી જ દરખાસ્તો નામંજૂર કરી છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પાછલાં ત્રણ વર્ષની અંદર સમગ્ર ગુજરાતમાં કેટલી ગ્રાન્ટેડ શાળાઓ મંજૂર કરી ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસાણા જિલ્લા પૂરતો પ્રશ્ન છે એટલે રાજયની ટોટલ શાળાઓ આમાં નહીં આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર શેર અને શાયરીઓ દ્વારા પોતાની ઉર્મીઓ વ્યકત કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એક અલગથી પોગ્રામ રાખીશું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એક શેર છે.

અધ્યક્ષશ્રી : સુરૂચિ ભંગ ના થાય તેનું ધ્યાન રાખજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સુરૂચિ ભંગ નહીં થાય એક રોમાન્ટીક શેર છે- ये बचपन की अदायें थी ये जवानी की बहार थी पर ये पहले से ये इल्जाम था फीर भी दिल इतना कातिल ना था. આ જૂનાગઢની જે જીત છે વર્ષોથી ભારતીય જનતા પાર્ટી જીતતી આવી છે પરંતુ આ પહેલી વખતે ભવ્ય સફળતા આખા ભારતમાં પથરાઇ છે.

તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નો

**આણંદ અને વડોદરા જિલ્લામાં જર્જરીત પંચાયત ઘર**

*૧૯૨૫૨ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરિત છે અને કેટલી ગ્રામ પંચાયતોને પોતાનું પંચાયત ઘર નથી, અને

(૨) ઉક્ત પંચાયતોના ઘરની મરામત અને નવા બનાવવા શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **જર્જરીત ગ્રામ પંચાયત ધરાવતી હોય તેની સંખ્યા** | **ગ્રામ પંચાયતને પોતાનું ઘર નથી તેની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | વાઘોડીયા | ૧૬ | ૦ |
| | | સાવલી | ૨૪ | ૦ |
| | | વડોદરા | ૭ | ૦ |
| | | શીનોર | ૨૭ | ૦ |
| | | ડભોઈ | ૪૮ | ૦ |
| | | કરજણ | ૨૪ | ૦ |
| | | ડેસર | ૬ | ૦ |
| | | પાદરા | ૧૮ | ૦ |
| | | **કુલ** | **૧૭૦** | **૦** |
| ૨ | આણંદ | આણંદ | ૫ | ૦ |
| | | ઉમરેઠ | ૪ | ૦ |
| | | પેટલાદ | ૨ | ૦ |
| | | સોજીત્રા | ૧ | ૦ |
| | | ખંભાત | ૭ | ૧ |
| | | બોરસદ | ૬ | ૦ |
| | | તારાપુર | ૧ | ૦ |
| | | **કુલ** | **૨૬** | **૧** |

(૨) ઉક્ત ગ્રામ પંચાયતોના ઘરોની મરામત કરવા અને નવા બનાવવા માટે તા.૩૦−૦૪−૨૦૧૬ અને તા.૦૩−૦૬−૨૦૧૬ના ઠરાવ મુજબ તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વડોદરા જિલ્લામાં ૧૭૦ અને આણંદ જિલ્લામાં ૨૬ ગ્રામ પંચાયતોનું મકાન જર્જરિત છે અને એક આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતનું મકાન નથી તો આ ૧૭૦ અને ૨૬ ગ્રામ પંચાયતોના મકાન સરકારશ્રી કેટલા સમયમાં પૂર્ણ કરવા માગે છે? મારો બીજો સવાલ એ છે કે ગ્રામ પંચાયત આણંદ જિલ્લામાં મકાન નથી એના માટેની સરકારશ્રીની શું વ્યવસ્થા છે? આવા કેટલા મકાન મરામત થઇ શકે એવા છે અને કેટલા નવા બનાવવા જેવા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રૂપાણી સાહેબની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગ્રામ પંચાયતના મકાન બનાવવા માટે નવી નીતિ અમલમાં મૂકી છે. આપણા પંચાયત વિભાગની ચર્ચામાં મેં એની વિગતવાર વાત કરી છે. રાજ્ય સરકારે ગ્રામ પંચાયતના નવીન મકાનો વસતીના ધોરણે આપવાની નીતિ અમલમાં મૂક્યા પછી ઘણી ગ્રામ પંચાયતમાં આ નીતિ પ્રમાણે નવા પંચાયત ઘર બનાવવા માટેની મંજૂરી છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારમાં આપવામાં આવેલ છે. ગ્રામ પંચાયતના નવા મકાનો મંજૂર થાય અને તેની જાણ અન્યને થાય ત્યારે સ્વાભાવિક છે કે નવી માગણીઓ આવતી હોય છે. મેં મારા જવાબમાં જણાવ્યું છે કે વડોદરા જિલ્લામાં ૧૭૦ અને આણંદ જિલ્લાના ૨૬ ગ્રામ પંચાયત ઘર બનાવવા માટેની દરખાસ્ત આવી છે. ગ્રામ પંચાયતના નવા મકાનો અને રીપેરીંગ માટેની દરખાસ્ત અવારનવાર ગ્રામ પંચાયત મારફત તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજ્ય સરકારને મળતી હોય છે. ગુજરાત સરકારે તા.૩/૬/૨૦૧૬ના રોજ જે ઠરાવ કર્યો છે એ ઠરાવની શરતો સંતોષતી જે દરખાસ્ત હોય તેની તબક્કાવાર નાણાકીય ઉપલબ્ધિને ધ્યાનમાં રાખી વિભાગમાંથી મંજૂરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જે દરખાસ્તો આવેલ છે એ વિભાગના ઠરાવ સાથે સુસંગત છે કે કેમ?

તેની ચકાસણી કરી આગળની કાર્યવાહી વિભાગ કરશે. એમણે બીજી વાત આણંદ જિલ્લાની ૨૬ ગ્રામ પંચાયતોની કરી. માનનીય સભ્યશ્રીને પણ ખબર છે કે એમની ગ્રામ પંચાયત પણ જર્જરિત હતી. એમણે સરકારમાં રજૂઆત કરી. રાજ્ય સરકારે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને માનનીય ધારાસભ્યશ્રીની ગ્રામ પંચાયતને પણ મંજૂર કરી છે. રાજ્ય સરકાર ક્યારેય પક્ષાપક્ષી કરતી નથી. પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને અને ગામડાના છેવાડાના વ્યક્તિને લાભ મળે એ માટે ઓફિસ મંજૂર કરી છે. આણંદની ૨૬ પંચાયત પૈકી વર્ષ ૨૦૧૬–૧૭માં ૮ ગ્રામ પંચાયતના નવા મકાન, વર્ષ ૨૦૧૭–૧૮માં ૬ ગ્રામ પંચાયતના નવા મકાન, વર્ષ ૨૦૧૮–૧૯માં ૧૨ ગ્રામ પંચાયતના નવા મકાનો એમ કુલ મળીને ૨૬ ગ્રામ પંચાયતોના નવીન મકાનોને મંજૂરી આપી દેવામાં આવેલ છે જે જવાબમાં લખ્યું છે અને એક ગ્રામ પંચાયત ઘર વિહોણી છે જે નવાગામ, ખંભાતની છે એને પણ વર્ષ ૨૦૧૬–૧૭માં મંજૂરી આપી દેવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં ૭૭ નવી ગ્રામ પંચાયતો મંજૂર કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : એ પૂછ્યું નથી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આપણી સરકારે જે કામ કર્યું છે એની રૂપરેખા આપું છું.

અધ્યક્ષશ્રી : એવું નથી પૂછ્યું.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે તા.૩૧/૫/૨૦૧૯ની સ્થિતિએ વડોદરા ગ્રામ પંચાયતને નવીન મકાન ફાળવવામાં આવેલ છે કે કેમ? જો હા તો તાલુકાવાર કેટલા મકાન ફાળવવામાં આવેલ છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વડોદરા જિલ્લા પંચાયતની વાત કરી એમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૭૭ ગ્રામ પંચાયતો અને એના માટે ૧૧૧૮ લાખ રૂપિયા જેટલી માતબર રકમ મંજૂર કરી છે. એમાં વર્ષ ૨૦૧૬–૧૭માં પાદરામાં ૫, વડોદરામાં ૫, સાવલીમાં ૯, કરજણમાં ૯, ડેસરમાં ૯, શિનોરમાં ૬, ડભોઇમાં ૮, વાઘોડિયામાં ૭, વર્ષ ૨૦૧૬–૧૭માં ૫૪ ગ્રામ પંચાયતના મકાનો, વર્ષ ૨૦૧૭–૧૮માં વડોદરામાં ૩, ડેસરમાં ૧ એમ કુલ ૪, ૨૦૧૮–૧૯માં પાદરામાં ૧, વડોદરામાં ૫, સાવલીમાં ૩, કરજણમાં ૫, ડેસરમાં ૨, શિનોરમાં ૧, ડભોઇમાં ૧, વાઘોડિયામાં ૧ એમ ૭૭ ગ્રામ પંચાયત છેલ્લા ત્રણ વર્ષમાં આ રાજ્યની સરકારે વડોદરા જિલ્લામાં મંજૂર કરી છે.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નડિયાદ જિલ્લામાં જે ગ્રૃપ પંચાયતો છે એને અલગ દરજ્જો કયારે આપવા માગો છો, અને જો દરખાસ્તો ન આવી હોય તો જિલ્લા પંચાયત મોકલી આપે એને અલગ દરજ્જો આપે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રી નવી નોટિસ આપશે તો એનો પણ વિગતવાર જવાબ આપવામાં આવશે.

## સુરત જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ

*૧૭૭૯૦ **શ્રીમતી ઝંખનાબેન પટેલ** (ચોર્યાસી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ઉમરપાડા | ૨૮ |
| બારડોલી | ૧૩૯ |
| કામરેજ | ૧૩૦ |
| પલસાણા | ૫૯ |
| મહુવા | ૧૨૪ |
| માંગરોળ | ૧૮૧ |
| ચોર્યાસી | ૯૮ |
| ઓલપાડ | ૧૪૮ |
| માંડવી | ૧૩૪ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| ઉમરપાડા | ૧૭ | ૫ |
| બારડોલી | ૧૩૪ | ૫ |
| કામરેજ | ૧૧૯ | ૧૧ |
| પલસાણા | ૫૭ | ૨ |
| મહુવા | ૧૨૧ | ૩ |
| માંગરોળ | ૧૭૯ | ૨ |

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| ચોર્યાસી | ૯૨ | ૬ |
| ઓલપાડ | ૧૪૮ | ૦૦ |
| માંડવી | ૧૩૩ | ૧ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી,
- પુનઃલગ્ન કરેલ હોવાથી.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ વિધવા સહાય યોજનાની કેટલી અરજીઓ પડતર હતી અને મંત્રીશ્રી પાસે માહિતી હોય તો હાલની સ્થિતિ શું છે? મારો બીજો પ્રશ્ન છે કે સુરત જિલ્લામાં પતિઓમાં વ્યસન હોવાને કારણે એ બહેનો ખૂબ જ નાની ઉંમરે વિધવા થાય છે. તો સુરત જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ નિરાધાર વિધવા સહાયના લાભાર્થીઓની સંખ્યા શું છે?

શ્રીમતી વિભાવરી દવે : હું મારી લાગણીઓ રોકી શકતી નથી. આજે મહિલા બાબતોના પ્રશ્નો છે અને આજે દેશની અંદર ચંદ્રયાન-૨ જે મોકલવામાં આવ્યું એમાં સેંકડો વૈજ્ઞાનિકો હતા. પરંતુ દેશમાં પહેલી વખત બે મહિલાઓને એમાં ભાગીદાર કરી છે. એમના નામ પ્રોજેકટ ડાયરેકટર મુથ્થૈયા વનિતા.

અધ્યક્ષશ્રી : એ પ્રોજેકટમાં કુલ ૩૦ બહેનો છે.

શ્રીમતી વિભાવરી દવે : કુલ ૩૦ બહેનો છે એ વાત સાચી પરંતુ મુખ્ય ડાયરેકટર અને મિશન ડાયરેકટર રિતુ કરીદાલ આ બંને બહેનોએ આમાં જે લીડીંગ લીધું છે અને દેશને સફળ ચંદ્રયાન મોકલવામાં સફળતા મળી છે એટલે ગુજરાતની તમામ મહિલાઓ અને ભાઇઓવતી એમને અભિનંદન આપું છું અને માનનીય નરેન્દ્રભાઇ જેમને સ્ત્રી સશકિતકરણના સાચા કામો કર્યા છે અને આવી મુખ્ય જવાબદારીમાં મહિલાઓને સામેલ કરી છે એ બદલ એમને પણ અભિનંદન પાઠવું છું.

માનનીય ઝંખનાબહેને બહું સરસ પ્રશ્ન પૂછ્યો છે, એમના વિસ્તારની ચિંતા વ્યકત કરી છે એમાં એમણે કહ્યું કે પડતર અરજીઓ કેટલી છે. એમાં તા.૩૧-૩-૧૯ની સ્થિતિએ બારડોલી, કામરેજ, પલસાણા, મહુવા, માંગરોળ, ચોર્યાસી, ઉધના, ઓલપાડ, મજૂરા, કતારગામ, માંડવી આ બધા તાલુકાની અંદર એક પણ અરજી પડતર નથી. માત્ર ઉમરપાડાની અંદર તા.૩૧-૩-૧૯ની સ્થિતિએ છ અરજી હતી પરંતુ આજની એટલે કે તા.૧-૭-૧૯ની સ્થિતિએ એ છ એ છ નામંજૂર કરી છે અને અત્યારે એક પણ પડતર નથી. એમણે તાલુકાવાર પ્રશ્ન પૂછ્યો છે. તો સુરત જિલ્લાની અંદર ઉમરપાડામાં ૧૧૨ લાભાર્થીઓની સંખ્યા છે. એ જ રીતે બારડોલીમાં ૧૦૩૫, કામરેજમાં ૬૬૦, પલસાણામાં ૪૬૨, મહુવામાં ૧૦૪૬, માંગરોળમાં ૪૪૦, ચોર્યાસીમાં ૫૧૨, ઓલપાડમાં ૭૮૦, માંડવીમાં ૭૫૪ એમ કુલ ૫૮૮૧ લાભાર્થી બહેનો તા.૩૧-૩-૧૯ની સ્થિતિએ છે.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિધવા આર્થિક સહાય યોજનામાં છેલ્લા પાંચ વર્ષની અંદર બજેટ જોગવાઇ, ખર્ચ અને લાભાર્થીઓની સંખ્યા કેટલી છે?

શ્રીમતી વિભાવરી દવે : પાંચ વર્ષના ડેટા માગ્યા છે. સન ૨૦૧૪-૧૫ની અંદર બજેટ જોગવાઇ જોઇએ તો...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ વર્ષવાર નથી માગ્યું કુલ કેટલું બજેટ હતું, કેટલો ખર્ચ કર્યો અને સંખ્યા કેટલી છે એ માગી છે.

શ્રીમતી વિભાવરી દવે : વર્ષ વાઇઝ મારી પાસે માહિતી છે. સન ૨૦૧૯-૨૦માં રૂપિયા ૩૭ લાખ ૬૪ હજાર ૭૦૦ બજેટ ફાળવણી હતી અને ખર્ચ છે રૂ.૮ કરોડ ૧૧૨.૭૧, લાભાર્થીઓની સંખ્યા ૧,૧૯,૧૦૧ છે.

**કચ્છ અને અમદાવાદ જિલ્લામાં ગૌચર દબાણ સેલની રચના**

૧૯૩૩૪ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને અમદાવાદ જિલ્લામાં ''ગૌચર દબાણ સેલ''ની રચના કરવામાં આવી છે કે કેમ, અને | (૧) ના, જી. પરંતુ જિલ્લામાં દબાણ શાખા કાર્યરત છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન પરના દબાણ દૂર કર્યા? | (૨) નીચે મુજબ દબાણ દૂર કરવામાં આવેલ છે.<br>(૧) કચ્છ જિલ્લામાં ૪૩.૩૨.૪૯ હે.આરે.ચો.મી. દબાણ દૂર કરાવવામાં આવેલ છે.<br>(૨) અમદાવાદ જિલ્લામાં ૫૫.૦૩.૧૯ હે.આરે.ચો.મી. દબાણ દૂર કરાવવામાં આવેલ છે. |

તારાંકિત પ્રશ્નો

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા સવાલના રીસ્પોન્સમાં જવાબ આપવામાં આવ્યો છે એમાં કચ્છ અને અમદાવાદ જિલ્લામાં જે ગૌચારના દબાણો દૂર થયા એની માહિતી આપવામાં આવી છે. આ દબાણો એટલા માટે દૂર થઇ રહ્યાં છે કે નામદાર સર્વોચ્ચ અદાલતના બહુ સ્પષ્ટ આદેશો છે કે ચરીયાણ સિવાય ગૌચરમાં બીજી કોઇ પ્રવૃતિ ન થાય. હવે મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે તા.૧૮-૯-૨૦૧૫ના રોજ ભારત સરકારે અદાણી SEZ અને અદાણી પોર્ટની ૧૭ ગામની ગૌચરની જમીન અદાણીને ડાયરેકશન આપેલ કે સામે ચાલીને વોલેન્ટરી સરકારમાં સુપરત કરો. આ પૈકીની કેટલી જમીન અદાણી દ્વારા સુપરત કરવામાં આવી? જો ના કરવામાં આવી હોય તો રાજય સરકારે એમાં શું પગલાં ભર્યાં અને બે ગૌચરની જમીનમાં ઔધોગિક કે બિન-ઔધોગિક કોઇ કામ થઇ શકતું નથી. એવા એકથી વધારે સુપ્રીમ કોર્ટના આદેશ છે છતાં ધોલેરા એસ.આઇ.આરના ૨૨ ગામોની ગૌચરની જમીન દીધી, દહેજ એસ.આઇ.આર. વિસ્તારમાં બે ગામની ગૌચરની જમીન લીધી, રિલાયન્સ SEZ, જામનગર ખાતે પાંચ ગામની ગૌચરની જમીન લીધી, ભાવનગર થર્મલ પાવર પ્લાન્ટ, પાલીતાણા ખાતે બાર ગામની ગૌચરની જમીન લીધી, પીપાવાવ પોર્ટ અમરેલી ખાતે ગૌચરની જમીન લીધી.

અધ્યક્ષશ્રી : તમે મંત્રીની જેમ જવાબ આપવા માંડયા.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : આ બધી ગૌચરની જમીન સરકાર આ કંપનીઓ પાસેથી કયારે ફરી ગૌચર હેડે પરત લેશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આમાં એમણે જે દબાણની વાત કરી, દબાણમાં મારા જવાબમાં લખ્યું છે કે કચ્છ જિલ્લામાં ૪૬.૩૨.૪૯ હે.આરે.ચો.મી. અને અમદાવાદ જિલ્લામાં ૫૫.૦૩.૧૯ હે.આરે.ચો.મી. દબાણ દૂર કર્યું. આ દબાણ દૂર કરવા માટે જે તે ગ્રામ પંચાયત મારફતે દબાણ દૂર કરવામાં આવતા હોય છે. જે ૪૩.૩૨.૪૯ દબાણ દૂર કર્યું. એમાં માંડવીનું જે દબાણ છે તે ૨.૩૫.૫૫, ગાંધીધામનું ૦.૩૫.૦૦, ભચાઉનું ૪૦.૫૧. ૯૪ અને નખત્રાણાનું ૦.૧૦.૦૦ આમ ૪૩.૩૨.૪૯ જેટલું દબાણ આપણે કચ્છની અંદર દૂર કર્યું. એવી જ રીતે અમદાવાદ જિલ્લાની અંદર જે દબાણ દૂર કર્યું, એમનો જે પ્રશ્ન છે દબાણ દૂરનો, એમાં દશક્રોઇમાં ૪૩. ૫૧.૫૬, વિરમગામમાં ૩.૮૪.૯૯, બાવળામાં ૧.૫૫.૫૪, ધંધુકામાં ૪.૯૫.૫૦, સાણંદમાં જીરો, દેત્રોજમાં ૧.૧૫.૬૦, આમ ૫૫.૦૩.૧૯ જે દબાણ દૂર કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી એમણે પેટા બે ની અંદર પૂછયું કે કેટલું દબાણ દૂર કર્યું છે તો આ બન્ને જિલ્લાની અંદર આટલું દબાણ દૂર કરવામાં આવ્યું છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી :(અંતરાય)...

અધ્યક્ષશ્રી : મેં તમને ઉભા થવાનું કહ્યું નથી, પહેલા બેસી જાઓ. પહેલા બેસી જાઓ, પ્લીઝ સાઇલન્સ. એમનો પ્રશ્ન અધૂરો છે તો એમને હું પૂછવા દઇશ. બાકીના બધાએ અવાજ કરવાની જરૂર નથી. હા, પૂછો શું પૂછવું છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : અદાણીને ભારત સરકારે જે જમીન પરત કરવાની...

અધ્યક્ષશ્રી : આરામથી.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : અદાણીને ભારત સરકારે જે જમીન પરત કરવા કહ્યું એ પૈકીની જમીન તમે પરત કેમ લીધી નથી? તમે હવે કેટલા દિવસમાં લેશો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન કર્યો એમાં પૂછયૂં કે વર્ષ ૨૦૧૫, જે એમણે પ્રશ્ન પૂછયો છે એના પેટા બેમાં પાછો જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન પરના દબાણો દૂર કર્યા?

અધ્યક્ષશ્રી : પાંચ વર્ષમાં આવતો નથી, ચાલો. માનનીય બી.જે.પટેલ. આપનો પ્રશ્ન સ્કોપની બહાર ગયો, પ્લીઝ. આપ બેસી જાઓ. આ વાતને સમજો, માનનીય જિગ્નેશભાઇ આ વાતને સમજો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, દબાણ દૂર કરવાના અધિકારો કોને કોને છે? અને દબાણ દૂર કરવાની શું પદ્ધતિ છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ગ્રામ પંચાયત વિસ્તારમાં...

અધ્યક્ષશ્રી : એટલે કાયદેસરની પદ્ધતિની જ વાત ને!

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલું ગૌચર જે ગ્રામ પંચાયતે સુપરત કરવામાં આવેલ હોય, તેવા ગૌચરની નિભાવણી કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય છે. આવા ગૌચરના જો દબાણ થયેલ હોય તો તે દબાણો દૂર કરવાના અધિકારો જે તે ગ્રામ પંચાયતને હોય છે. આના માટે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ ધોરણસરની કાર્યવાહી કરી, અન-અધિકૃત દબાણ દૂર કરવાનું હોય છે. આ માટે ગ્રામ પંચાયતે નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ કરવાની હોય છે. જેવી કે દબાણ અરજી મળ્યા કે આવ્યા પછી ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ કરવામાં આવે છે અને ત્યારબાદ દબાણકારોને નોટિસ પાઠવી તેમને સાંભળવાની તક આપવામાં આવતી હોય છે. તે સાંભળ્યા બાદ બાકીની નિયમાનુસારની કાર્યવાહી પણ તલાટી કમ મંત્રી દ્વારા પૂર્ણ કરવામાં આવતી હોય છે. ગ્રામ પંચાયત આવા ગૌચરના દબાણો દૂર કરવાની કાર્યવાહી કરતી હોય છે અને એની જવાબદારી પણ ગ્રામ પંચાયતની છે. ગ્રામ પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૫ (૨) હેઠળ ગ્રામ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે એવા કિસ્સામાં ગ્રામ પંચાયતે ઠરાવ કરીને તાલુકા વિકાસ અધિકારીશ્રીને જાણ કરવાની હોય છે અને તાલુકા વિકાસ અધિકારીશ્રીને આ ઠરાવ મળ્યા બાદ ૧૦૫ (૭)ની જોગવાઇ મુજબ પેટા કલમ ૧૦૫ (૨) હેઠળની સત્તાઓનો ઉપયોગ કરી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરે છે. ગ્રામ પંચાયત ૧૦૫ (૨)

હેઠળ દબાણ દૂર કરવા માટે ત્રણ મહિના માટે કોઇ પગલાં લીધાં ન હોય તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ ગ્રામ પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૦૩ (૨) હેઠળ દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરે છે. આમ દબાણ દૂર કરવાના અધિકારો મેં જણાવ્યું તે પ્રમાણે છે.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ધોલેરા તાલુકામાં કયા કયા ગામોમાં ગૌચર દબાણના કેસો ધ્યાને આવ્યા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ધોલેરા તાલુકામાં કોઇ દબાણ નોંધાયેલ નથી.

અધ્યક્ષશ્રી : આવી રીતે બધા બોલશો તો નહીં ચાલે, માનનીય રાજેશભાઇ આપને કંઇ પૂછવું છે?

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : ધોલેરા એસ.આઇ.આર.ના ૨૨ ગામના ગૌચર છે એમાં એસ.આઇ.આર. દાખલ થઇ ગયેલું છે અને દબાણો પણ એમાં થઇ ગયા છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : આ પ્રશ્નના જવાબમાં મને વિભાગે જે માહિતી આપી છે એમાં ધોલેરાનું ઝીરો છે. કોઇ દબાણ ધોલેરામાં છે નહીં. આ પ્રશ્ન દબાણનો છે, કેટલા કુલ દબાણ દૂર કર્યા તે સવાલ છે.

**સાવલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

* ૧૮૮૧૧ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) ૪૭ હેક્ટર |
| (૨) તેમાં મુખ્યત્વે કઈ કઈ જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) મુખ્યત્વે પેલ્ટોફોરમ, નીલગીરી, બંગાળી, બાવળ, વાંસ, સાગ, મહુડા, સીતાફળ, આમળા, સરગવા, આંબા, કાજુ, વડ, જાંબુ, પીપળ, લીમડા, કરંજ, કાશીદ, શરુ, સાદડ, રેઈન ટ્રી વિગેરે જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૨૭.૧૫ લાખ |

શ્રી કેતનભાઇ મ. ઈનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાવલી તાલુકાની અંદર સમૂહ વન નિર્માણ યોજના હેઠળ કયા કયા ગામમાં અને કેટલા વિસ્તારમાં કયા કયા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે અને સામૂહિક વન નિર્માણ યોજનાના ફાયદા શું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનું વાવેતર કરીને ખૂબ સારી કામગીરી કરી રહી છે. માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે એમના તાલુકામાં કયા કયા ગામની અંદર વાવેતર કરવામાં આવ્યું છે. એમના તાલુકાની અંદર (અંતરાય) સરસીયા ગામે બે હેકટરમાં ૩૨૦૦ રોપા, ગાંગડીયા ગામે બે હેકટરમાં ૩૨૦૦ રોપા, અલુન્દ્રા ગામે બે હેકટર અને ૮૦૦ રોપા, અહુધા ગામે ૪ હેકટર ૧૬૦૦ રોપા, (અંતરાય), જાવલા ગામે ૪ હેકટર ૧૬૦૦ રોપા અને પીલોડ ગામે ૧૦ હેકટર ૧૦ હજાર રોપા અને કરચીયા ગામે ૭ હેકટર ૭ હજાર રોપા, (અંતરાય) વસંતપુર ગામે પાંચ હેકટર પાંચ હજાર રોપા, મોક્ષી ગામે ૩ હેકટર ૩ હજાર રોપા અને ગરદીયા ગામે અઢી હેકટરમાં ૨૫૦૦ રોપા અને શેરપુરા ગામે અઢી હેકટરમાં ૨૫૦૦ રોપા, જાવલા ગામે દોઢ હેકટરમાં ૬૦૦ રોપા અને ગોઠલા ગામે દોઢ હેકટરમાં ૬૦૦ રોપા, આમ કુલ ૧૩ ગામોમાં ૪૭ હેકટર જમીનમાં ૪૧૬૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. એમનો બીજો પ્રશ્ન એ છે કે કયા કયા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે. તો વાંસ, સાગ, મહુડા, સિતાફળ, સરગવો, આંબો, કાજુ, જાંબુ, પીપળ, લીમડા, સાદડ વગેરે જાતનું વાવેતર કરવામાં આવેલ છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ સુધીમાં થયેલ વાવેતર હેઠળ તાલુકાવાર હેકટર દીઠ કેટલો ખર્ચ થયો છે અને કેટલા માનવ દિન ઉત્પન્ન કરવામાં આવ્યા?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં તાલુકાવાર જોઇએ તો વડોદરા તાલુકામાં એક હેક્ટરનો ખર્ચ રૂ.૨૯,૦૦૦ થયો છે. માનવદિન ૨૦૯૪, સાવલી તાલુકામાં હેક્ટર દીઠ રૂ.૫૮,૦૦૦ ખર્ચ થયો છે, માનવદિન ઉત્પન્ન થયા છે ૫૩૫૫. દેસરમાં હેકટર દીઠ રૂ.૩૭,૦૦૦નો ખર્ચ થયો છે, માનવદિન ઉત્પન્ન થયા છે ૧૩૬૯. વાઘોડીયા તાલુકામાં હેક્ટર દીઠ રૂ.૪૩,૦૦૦ ખર્ચ થયો છે, માનવદિન ઉત્પન્ન થયા છે ૪૨૦૦. ડભોઇમાં હેકટર દીઠ ખર્ચ થયો છે રૂ.૪૮,૦૦૦ અને માનવદિન ઉત્પન્ન થયા છે ૫૧૫૪. કરજણમાં હેકટર દીઠ રૂ.૪૭,૦૦૦ ખર્ચ થયો છે અને માનવદિન ઉત્પન્ન થયા છે ૫૨૪૫ અને પાદરામાં હેકટર દીઠ રૂ.૪૩,૦૦૦ ખર્ચ થયો છે અને માનવદિન ઉત્પન્ન થયા છે ૪૭૧૮. શિનોરમાં હેકટર દીઠ રૂ.૪૫,૦૦૦ ખર્ચ થયો છે અને માનવદિન ઉત્પન્ન થયા છે ૨૮૯૮.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં થયેલ રોપા દીઠ આઇટમ વાર ખર્ચની વિગત શું છે? સામુહિક વન નિર્માણ યોજનામાં શું ફાયદાઓ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય સભ્યશ્રીએ બે પશ્ન પૂછ્યા છે. એક તો સમગ્ર જિલ્લાનો ખર્ચ થયો છે રૂ.૧ કરોડ ૬૦ લાખ ૩૬ હજાર. તો તેમાં નર્સરીમાં ખર્ચ થયો છે રૂ.૫૧.૯૮ લાખ. ખેડાણનો ખર્ચ થયો છે રૂ.૧.૩૫ લાખ, ફેન્સીંગનો ખર્ચ થયો છે રૂ.૨૬.૪૦ લાખ, ખાડા ખોદવાનો ખર્ચ થયો છે રૂ.૨૯.૫૩ લાખ અને વાવેતર અને જાળવણી પાછળ ખર્ચ થયો છે રૂ.૫૧.૧૦ લાખ. આ સામૂહિક વનીકરણ કરીએ છીએ તે વન વિસ્તાર બહાર આપણે વૃક્ષો વધારવાની કામગીરી કરીએ છીએ. તેનાથી આપણને જે ફાયદાઓ થાય છે એક તો વન બહાર વિસ્તારમાં વનીકરણ કરતા વૃક્ષોની સંખ્યામાં સારો એવો વધારો થયો છે. રાજયમાં વૃક્ષોનું પ્રમાણ વધારીને વનો ઉપર ભારણ છે એ આપણે ઘટાડી શકીએ છીએ. વૃક્ષો માટે લોકજાગૃતિ કેળવવાથી વૃક્ષારોપણમાં પણ જનભાગીદારી વધારી શકાય છે અને વન પેદાશની ઉપલબ્ધતા વધારી શકાય છે. વૃક્ષારોપણ દ્વારા લોકોની આવકમાં પણ વધારો થાય છે અને બિન ઉપજાઉ જમીન પડેલી હોય છે, બિન ઉત્પાદનવાળી તે જમીનનો સદુપયોગ થાય છે અને તેમાં ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતમાં જયારે વૃક્ષો કપાય ત્યારે તેમાં આર્થિક લાભ પણ થતો હોય છે અને સ્થાનિક ગરીબ માણસોને રોજી–રોટી પણ મળે છે અને વૃક્ષારોપણના કારણે રાજયનું પર્યાવરણ પણ સચવાય છે.

### અરવલ્લી જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ

૧૭૭૫૧ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો, અને

(૨) અરવલ્લી જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા.૦૬–૦૬–૨૦૧૬ થી

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | રૂ. ૪૪૧.૮૫ લાખ | ૫૨,૨૦૫ |

શ્રી કિશોર બા. ચૌહાણ : દૂધ સંજીવની યોજનાનો હેતુ શું છે અને તેનો અમલ કયારથી શરૂ થયો છે?

અધ્યક્ષશ્રી : અમલ તો તા.૬–૬–૨૦૧૬થી. જવાબમાં લખેલું છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : ગુજરાતમાં ક્યારે થયો?

શ્રી રમણલાલ ના. પાટકર : ગુજરાતમાં ૧૫ જિલ્લા અને ૫૨ તાલુકા તેમાં ૧૯૯૭ની પરિસ્થિતિ એવી કે ટ્રાઇબલ વિસ્તારમાં બાળકો કૂપોષણથી પીડાતા હતા અને ભણવા માટે ઓછા જતા હતા ત્યારે સરકારે બે–ત્રણ યોજના સારી બનાવી. એક સરસ્વતી સાધના યોજના– સાઇકલ આપવાની અને બાળકોને પૌષ્ટિક આહાર મળે તેના માટે દૂધ સંજીવની યોજના અમલમાં મૂકવામાં આવી. ગુજરાતમાં વર્ષ ૨૦૦૭ અને વર્ષ ૨૦૦૮માં બનાસકાંઠાના દાંતા અને અમીરગઢમાંથી આ યોજના શરૂ કરવામાં આવી. અરવલ્લી જિલ્લામાં તા.૬–૬–૨૦૧૬ના દિવસથી શરૂ કરવામાં આવી છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અરવલ્લી જિલ્લામાં દૂધ સંજીવની યોજના ચાલુ કરવામાં આવી છે એ કયા કયા જિલ્લામાં ચાલુ કરવામાં આવી છે? તમામને આનો લાભ આપો છો કે ફકત ટ્રાયબલના તાલુકા પૂરતું સીમિત છે?

શ્રી રમણભાઇ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના માત્ર ૫૧ ટકા જે ટ્રાયબલ તાલુકા હોય એમાં અમલમાં લેવામાં આવે છે. અરવલ્લી જીલ્લાના છ તાલુકા છે એમાંથી ભીલોડા અને મેઘરજ આ બંન્ને ટ્રાયબલ વિસ્તાર છે અને આ બંન્ને ટ્રાયબલ વિસ્તારમાં આપણે ૫૨,૨૫૦૦ બાળકોને આ યોજનાનો લાભ આપ્યો છે. ટોટલ આપણે એક બાળક પાછળ ૧૯૦૦ રૂપિયાનો ખર્ચો કરીએ છીએ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ સંવેદનશીલ ભારતીય જનતા પાર્ટીની સરકાર ભારતની ભાવી તસવીર એવા ગુજરાતના ૫૪ તાલુકાના આદિવાસી વિસ્તારમાં આ જે દૂધ સંજીવની યોજના થકી પોષણ આપવાનો જે સરાહનીય પ્રયાસ કર્યો છે એ બદલ માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇ સાહેબ અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું. આપના મારફત મારે જાણવું છે કે અરવલ્લી જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર લાભ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્યા અને ખર્ચની વિગત આપો.

શ્રી રમણભાઇ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લાની અંદર ભિલોડા અને મેઘરજમાં વર્ષ ૨૦૧૭–૧૮ની અંદર ટોટલ ખર્ચ ૫૩૧ શાળામાં ૫૪,૯૧૧ બાળકોની સંખ્યા થાય છે. એનો ખર્ચ બુક થયો છે રૂ.૩ કરોડ ૫૮ લાખ ૬૪ હજાર અને વર્ષ ૨૦૧૮–૧૯ની અંદર ૫૩૧ શાખા અને એનો ખર્ચ થયો છે ૫૨,૨૦૫. ખર્ચ બુક થયો છે રૂ.૪ કરોડ ૪૧ લાખ ૮૫હજાર.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દાંતા અને હમીરગઢની અંદર દૂધ સંજીવની યોજનાની અંદર જે દૂધ આપવામાં આવે છે. હકીકતમાં એ દૂધ ગુણવત્તાવાળું છે? આ હું એટલા

માટે કહેવા માગું છું કે બાળકો શાળામાં એ દૂધ પીતા નથી અને બારોબાર સાઇડમાં ફેંકી દેતા હોય તો એના કારણો શું છે? એવું ચોખ્ખું કહેવાય કે ગુણવત્તા વગરનું દૂધ આવે તો જ બાળકો ફેંકી દેને? આની ચકાસણી કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નાના બાળકો છે એટલે સ્વાભાવિકપણે કદાચ સાદુ દૂધ એમને નહીં ભાવે એટલા માટે જ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે બાળકોને ભાવે એવા અનેક ફલેવરવાળા દૂધો અમે આપીએ છીએ અને એમાં પૂરેપૂરા પ્રોટીન, વિટામીનો અમે એડ કરીને બાળકોને પૂરેપૂરું દૂધ પહોંચાડીએ છીએ અને કયાંય પણ દૂધ ફેંકી દેવાની ફરિયાદ આજ દિન સુધી મળેલ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીએ કીધું છે તો તપાસ કરાવવી જોઇએ.

**રાજકોટ જિલ્લામાં પુર્ણા યોજના હેઠળ લાભાર્થીઓ**

* ૧૭૭૯૪ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં પૂર્ણા યોજના હેઠળ તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા લાભાર્થીઓ છે?

**જવાબ**

(૧) પુર્ણા યોજના રાજયમાં એપ્રિલ, ૨૦૧૮ થી અમલમાં આવેલ હોય વર્ષ ૨૦૧૭–૧૮ ની માહિતી શૂન્ય છે. જ્યારે વર્ષ ૨૦૧૮–૧૯ માં કુલ લાભાર્થી કિશોરીઓ ૩૪,૫૪૦ છે.

(૨)

| તાલુકો | લાભાર્થી |
|---|---|
| લોધિકા | ૧૪૭૨ |
| જસદણ | ૫૧૮૬ |
| રાજકોટ ગ્રામ્ય | ૪૦૧૨ |
| જામકંડોરણા | ૧૮૩૮ |
| પડધરી | ૧૪૮૨ |
| ઉપલેટા | ૨૯૧૧ |
| ગોંડલ | ૪૯૪૦ |
| જેતપુર | ૩૭૨૨ |
| ધોરાજી | ૩૦૭૦ |
| કોટડાસાંગાણી | ૨૨૪૮ |
| વિછીયા | ૩૬૫૯ |

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પૂર્ણા યોજના શું છે અને તેનો મુખ્ય ઉદ્ઘેશ શું છે? અને બીજો પ્રશ્ન છે કે પૂર્ણા યોજનામાં પોષણયુકત શું લાભ અપાય છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર ઇન્ટરનેશનલ લેવલે દેશની એક દીકરી જેનું નામ છે હીમા દાસ એણે ઇન્ટરનેશનલ લેવલે પાંચ ગોલ્ડ મેડલ જીત્યા છે અને એક મહિલા દેશની એક મહિલા આવું સરસ કામ કરે, એટલું જ નહીં અગત્યની બાબત એ છે એમને પાંચ ગોલ્ડ મેડલના મળેલા પૈસા છે એમાંથી ૫૦ ટકા પૈસા આસામ પૂર પીડિતો માટે પોતે દાનમાં આપ્યા છે. પૂર્ણા યોજનાની જયારે વાત થાય છે ત્યારે પૂર્ણા તરીકે, સંપૂર્ણ સશકત મહિલાની વાત કરતા હું મારી જાતને રોકી શકતી નથી.

અધ્યક્ષશ્રી : એ તો બોલી લીધું એટલે જ અમને ખ્યાલ આવી ગયો કે તમે રોકાતા નથી.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્ણા એટલે કે એબ્રિવેશનમાં પૂર્ણા કહેવામાં આવે છે. Prevention of Under Nutrition and Reduction of Nutritional Anaemia in Adolescents આ એવી પૂર્ણા યોજના છે એ ૧૦૦ ટકા સ્ટેટ બર્ડન યોજના છે. પૂર્ણા એટલે સંપૂર્ણ રીતે પૂર્ણ હોય, એ પોષક તત્વોથી પૂર્ણ હોય, સશક્ત હોય, ગુણોથી ભરપુર હોય એવી દીકરી બનાવવા માટેની યોજના છે. કિશોરીઓ આવનારા દિવસોમાં બે–ચાર વર્ષમાં નજીકના સમયમાં મા બનવાની છે ત્યારે ૧૫થી ૧૮ વર્ષની દીકરીઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. બાળકને જન્મ આપનાર માતા સશક્ત બનશે, શિક્ષિત બનશે તો ગુજરાતનું આવનાર બાળક સશક્ત હશે એટલે આગળની કોઇ ચિંતા કરવાની ન રહે. એના માટે પૂર્ણા યોજનામાં અનેક બાબતો સમાવવામાં આવી છે. રાજ્યની ૧૫થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને પોષણલક્ષી અને જીવન કૌશલ્યથી ભરપુર એવી આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. કિશોરીઓનું પોષણ સ્તર સુધરે તેમજ સ્વનિર્ભર બને એ માટે આંગણવાડી કક્ષાએ વિવિધ પ્રકારની સેવાઓ આપવામાં આવે છે. રાજ્યની દરેક કિશોરીનું શારીરિક આરોગ્ય, માનસિક વિકાસ અને જાગૃત કેળવીને ખરા અર્થમાં એને પૂર્ણા બનાવવામાં આવે છે. આપણી આંગણવાડીઓની અંદર ચાર મંગળવાર દિવસ ઉજવીએ છીએ. ચોથા મંગળવારને પૂર્ણા દિવસ તરીકે ઉજવીએ છીએ. અઠવાડિયામાં એકવાર એમને આયર્ન, ફોલિક

એસિડની ગોળીઓ આપવામાં આવે છે, જેની અંદર લોહતત્વ રહેલું હોય છે. એ કિશોરીઓનું વજન, ઉંચાઇ અને હેમોગ્લોબીન તપાસવામાં આવે છે અને જરૂર જણાયે તેમને તબીબી સારવાર પણ આપવામાં આવે છે. સમયાંતરે આરોગ્ય વિભાગ દ્વારા એમને રૂબેલા અને ધનૂરની રસી આપવામાં આવે છે. આવી અનેકવિધ કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મોરબી જિલ્લાના તાલુકાવાર તા.૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલા લાભાર્થીઓને આવરી લીધા? મારા મિત્રો હર્ષવિભોર થયા અને વિજય માટે અભિનંદન પણ આપું છું. પણ હું એટલું જ કહીશ કે ખરતાં પાન, હસતી કુંપળિયા, અમ વીતી તમ વિતશે, ધીરી બાપુડિયા.

શ્રીમતી વિભાવરી દવે : સભ્યશ્રીને મારે કહેવું છે કે આ જે પાન છે એને પૂરતા પોષક તત્વો મળે તો એ ક્યારેય ખરતા નથી. સારી વિચારધારા, સારા વિકાસના મંત્રો મળે અને સંવેદનશીલતાથી કામ કરે એના પાન ક્યારેય ખરતા નથી. એને પૂરતું પોષણ મળે એટલે લીલાને લીલા જ રહે છે. કોંગ્રેસ ખર્યું પાન છે. જૂનાગઢમાં બધા પાન ખરી ગયા.

**બોરસદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

*૧૭૭૦૬ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં બોરસદ, જિલ્લો આણંદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૧,૯૭,૦૦,૦૦૦/-ની વહીવટી મંજુરી તા.૦૬-૦૭-૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લાના બોરસદ ખાતે બનનાર આ નવીન કોર્ટ બિલ્ડીંગ બનાવવાની આવશ્યકતા કેમ ઉભી થઇ અને આ કોર્ટ બનવાથી શું ફાયદો છે? બીજું, કે અમે ઉમરેઠ માટે સેસન્સ કોર્ટ માગી છે અને ઘણા સમયથી માગણી છે તો એ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા નામદાર હાઇકોર્ટ દ્વારા જે સૂચનો કરવામાં આવ્યા હતા એ પ્રમાણે મને જણાવતા આનંદ થાય છે કે ૧૧ કરોડ ૯૭ લાખ રપિયાના ખર્ચે બોરસદમાં કોર્ટની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ એ કોર્ટ છે કે જ્યારે સરદાર વલ્લભભાઇ પટેલે પોતાની કારકિર્દીની શરૂઆત કરી ત્યારે બોરસદની કોર્ટ એમની કર્મભૂમિ હતી. આ કોર્ટમાંથી એમણે પોતાની કામગીરી શરૂ કરી હતી. પરંતુ ૩૬ વર્ષ જૂની આ કોર્ટ હોવાના કારણે ત્યાં પાર્કિંગની વ્યાપક સમસ્યા હતી. જજિસ, લિટિગન્સ અને વકીલોને બેસવા માટે પૂરતી સુવિધા ન હતી એના કારણે જ જેટલા જજો બેસી શકે એવડી મોટી કોર્ટની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જે જૂની કોર્ટ હતી ત્યાં કોલેજ અને શાળાનું મેદાન આવેલ છે એટલે કોન્સ્ટન્ટ વોઇસના કારણે કોર્ટ પ્રક્રિયામાં અવરોધ ઉભો થતો હતો. આ ઉપરાંત આ જૂની કોર્ટ બિલ્ડીંગ વાસદ-બગોદરા રાજ્ય ધોરીમાર્ગ ઉપર આવેલ છે એટલે વાહનો પાર્ક કરવાની મોટી સમસ્યા હતી. કોર્ટમાં જ્યારે કેસોના ડિસ્પેજ થાય ત્યારે એનો રેકોર્ડ સાચવવા માટેની પૂરતી જગ્યા આ બિલ્ડીંગની જૂની કોર્ટમાં ન હતી. એટલે નવી કોર્ટ બનશે એટલે લેડિઝવાર, જેન્ટસવાર અલગ રહેશે. આના ઉપરાંત પણ અનેક નાની મોટી જે સ્ટાન્ડર્ડ ડિઝાઇન બનશે એ પ્રમાણે સુવિધા થશે અને સુવિધાના કારણે અત્યારનું લોકેશન આણંદ ચોકડી ઉપર આવેલું છે એ આણંદ ચોકડીના લોકેશનના કારણે પેટલાદ, ધર્મજ, વાસદ, ભાદરણ આણંદ આ બધી જગ્યાએથી અરજદારોએ આવવું જવું હશે તો એમને સુગમતા રહેશે. ઉપરાંત તાલુકા સેવા સદન અને મામલતદાર કચેરી પણ એની બાજુમાં છે. માનનીય ધારાસભ્યશ્રી ગોવિંદભાઇએ બીજી માગણી કરી છે કે પોતાના ઉમેરેઠની અંદર એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટની એના સંદર્ભમાં અમે હકારાત્મક રીતે નામદાર હાઇકોર્ટને ઉમરેઠની અંદર લોકોને ડોર સ્ટેપ જસ્ટિસ મળે એ માટે એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ હોવી જોઇએ એવી હકારાત્મક માગણી સાથે અમે નામદાર હાઇકોર્ટને મોકલી આપી છે અને નામદાર હાઇકોર્ટ પોતાના યુનિટ જજ સાથે પરામર્શ કરીને આગામી દિવસોમાં નક્કી કરશે.

અધ્યક્ષશ્રી : બોરસદમાં આદરણીય સરદાર વલ્લભભાઇ પટેલ વકીલ તરીકે કાર્યરત હતા. એટલે એક વાત યાદ આવે છે એ જાણવા જેવી છે. આખાય વિશ્વમાં કોઇ વકીલના લીધે કોર્ટે પોતાની જગ્યાએથી ખસી એટલે બોરસદથી આણંદ જતી રહી હોય આવો કિસ્સો જગતમાં ક્યાંય બન્યો નથી. સરદાર વલ્લભભાઇ પટેલ વકીલ હતા.

**માણસા તાલુકામાં ગ્રામ પંચાયતને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ**

* ૧૭૭૮૨ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૪માં | (૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૪માં |

નાણાપંચના અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) માણસા તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૩૭૫.૦૦/– લાખની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) માણસા તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ ૧૯૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) ફાળવેલ રકમનો પુરેપુરો વપરાશ થયેલ છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે માણસા તાલુકામાં વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝિક ગ્રાન્ટથી ૧૯૭ કામો પૂર્ણ કરવામાં આવેલ છે તેવું મને જાણવા મળેલું. આ ૧૯૭ કામોમાં સેક્ટરવાઇઝ કયા કયા કામો કરવામાં આવેલ છે અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? તેની વિગતો જણાવવા વિનંતી.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪માં નાણાપંચની બેઝિક ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ નાણાપંચની ગ્રાન્ટ ગ્રામ પંચાયતને મળતા ગ્રામ પંચાયત પોતાના વિકાસના કામો જાતે કરી શકે છે. એક સમય એવો હતો કે ગ્રામ પંચાયતમાં સ્વભંડોળ પણ ના હોય, ગ્રામ પંચાયતના સ્ટાફનો પગાર પણ કરી શકાતો નહતો પણ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના પ્રધાનમંત્રી બન્યા પછી ૧૪માં નાણાપંચમાં સીધી ગ્રાન્ટ ગ્રામ પંચાયતને આપીને ગ્રામ પંચાયતની ચિંતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. માણસા તાલુકામાં વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝિક ગ્રાન્ટના ૧૯૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જે સેકટરવાઇઝ એમને કામો પૂછયા એની પાછળ કુલ ૩૭૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. સેકટરવાઇઝ જોઇએ તો એમાં પીવાના પાણી પૂરું પાડવાના કામો કુલ ૨૭ કામો ૪૪.૩૨ લાખ રૂપિયા, સેનીટિશન અંગેના કામો ૫૦ કુલ ૧૪૧.૨૮ લાખ રૂપિયા, રસ્તા–બાંધકામ–જાળવણી ૧૦૬ કામ ૧૬૦.૯૨ લાખ રૂપિયા, ફૂટપાથ બાંધકામનું એક કામ ૪ લાખ રૂપિયા, સ્ટ્રીટ લાઇટ એલ.ઇ.ડી.ના એક કામ ૧.૧૦ લાખ રૂપિયા, કોમ્યુનીટી એસેટના બાંધકામ–જાળવણીના ૨ કામ કુલ ૪.૮૩ લાખ રૂપિયા, પ્રાથમિક શિક્ષણમાં ખુટતી સુવિધાના ૨ કામ ૨.૧૩ લાખ રૂપિયા, આંગણવાડી કેન્દ્રમાં ખુટતી પાયાની સુવિધાના ૨ કામ ૪.૫૦ લાખ રૂપિયા, કબ્રસ્તાન–સ્મશાન ગૃહના ૨ કામો ૬.૬૦ લાખ રૂપિયા અને અન્ય પ્રાથમિક સુવિધાઓના ૪ કામો ૫.૩૨ લાખ રૂપિયા. આમ ૧૯૭ કામો પાછળ ૩૭૫ લાખ રૂપિયાનો ખર્ચો કરવામાં આવેલ છે.

શ્રી લલીત ભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૧૪ માં નાણાપંચની ગ્રાન્ટ આપે ગ્રામ પંચાયતને સીધી આપીએ છીએ. એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ પણ ગ્રામ પંચાયતમાં સીધી ડાયવર્ટ થાય છે. ગ્રામ વિકાસ એજન્સીનો પણ એક રોલ છે તો હવે હું આપના મારફત પૂછવા માગું છું કે, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનો કોઇ રોલ રહ્યો હોય એવું મને લાગતું નથી. બીનખેતી પણ ડાયરેક્ટ આપણે અહીંયા તંત્ર પાસે કરાવી લઇએ છીએ તો આપણી પંચાયત રાજની જે ત્રિસ્તરીય સિસ્ટમ હતી એમાં પંચાયતને રાખીને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત બંધ કરવા માગો છો કે શું? એ હું જાણવા માગુ છું.

શ્રી જયદ્રથસિંહજી પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને કયારેય અન્યાય કરતી નથી, એને વધારાના અધિકારો (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય લલીત ભાઇ, આપને સવાલ પૂછવા દીધો એટલે? (અંતરાય) અરે પણ સાંભળી લો પછી કંઇક કહેવું હોય તો કહો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં કીધું એમ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને કયારેય ભારતીય જનતા પાર્ટીની સરકારે અન્યાય કર્યો નથી. ૧૪માં નાણાપંચની ગ્રાન્ટ, આપણને ખબર છે કે જિલ્લા પંચાયત કોની હતી અને એની કેટલી ફરિયાદો હતી અને એમાં કેટલા પૈસા લેવાતા હતા એ ખબર છે. (અંતરાય) સરકારને ભ્રષ્ટાચારની અનેક ફરિયાદો મળતી હતી અને જયારે સરકાર કડક કાર્યવાહી કરે એટલે કે તમારી સત્તા પાછી લઇ લે આવી વાત કયારેય ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી નથી. હવે હું વાત ઉપર આવું. માનનીય લલીત ભાઇ, તમે જેવા પ્રશ્નો પૂછશો એવા જવાબ મળશે. એટલે હવે હું મારો જવાબ આપું. કેન્દ્ર સરકારમાંથી જે ગ્રાન્ટ આવે છે એ રાજય સરકારને આપે છે. રાજય સરકાર એ ગ્રાન્ટ જિલ્લા પંચાયતને આપે છે અને જિલ્લા પંચાયત ૧૪માં નાણાપંચની ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતના ખાતામાં આપે છે. ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓને જે અધિકારો આપ્યા છે એ આ લોકોને ગમતું નથી એટલે આ લોકો આ સન્માનનીય સભાગૃહમાં ફરિયાદો કરે છે. સરપંચશ્રીઓને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે સત્તાઓ આપી છે એ આ લોકોને ગમતું નથી. એમને ઘરે બેસાડી દીધા. હજી સુધરતા નથી. જૂનાગઢનું જે પરિણામ આવ્યું એના ઉપરથી તો કંઇક શીખો? અમારી સરકારે કયારેય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને અન્યાય કર્યો નથી.

## સ્ટેટ લેવલ વેટલેન્ડ ઓથોરીટીની રચના

*૧૯૧૬૭ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વેટલેન્ડ કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ની જોગવાઈ અનુસાર સ્ટેટ લેવલ વેટલેન્ડ ઓથોરીટીની રચના કરવાની થાય છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ઓથોરીટીની રચના ક્યારે કરવામાં આવી,

(૨) સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગનાં તા.૧૫–૦૫–૨૦૧૭ના ઠરાવથી સ્ટેટ લેવલ વેટલેન્ડ ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે.

(૩) આ ઓથોરીટીની રચના ન કરવામાં આવી હોય તો તેના કારણો શું છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ક્યાં સુધીમાં આ ઓથોરીટીની રચના કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માંગું છું કે તા.૧૫–૫–૨૦૧૭ ના ઠરાવથી સ્ટેટ લેવલ વેટલેન્ડ ઓથોરીટીની રચના કરવામાં આવી છે તો તેમાં કઇ કઇ જગ્યા ઉપર કોની કોની, કયારે કયારે નિમણૂંક કરવામાં આવી? આ ઓથોરીટીની કયારે કયારે બેઠકો મળી અને આ બેઠકોની અંદર શી ભલામણ કરવામાં આવી?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સમગ્ર વિષય આખો નવો છે કારણ કે કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય તરફથી ૨૦૧૬માં વેટલેન્ડના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવ્યા. ત્યારબાદ ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૬ના નિયમોની જોગવાઇને આધીન રહીને તા.૧૫–૫–૨૦૧૭ના ઠરાવથી મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ કુલ ૨૩ સભ્યોની સ્ટેટ વેટલેન્ડ ઓથોરીટીની રચના કરી. ત્યારબાદ આ નિયમો ભારત સરકારને પૂરેપૂરા સંતોષકારક ન જણાતા ફરી ભારત સરકારે તા.૨૬–૯–૨૦૧૭થી આખરી પ્રસિદ્ધિ હજી તો વર્ષ ૨૦૧૭માં થઇ છે અને આની બેઠક પણ રાજ્ય સરકાર દ્વારા હાલમાં જ કરવામાં આવી છે. અત્યારે સમગ્ર માળખું આખું નવેસરથી ગુજરાત સરકાર તૈયાર કરી રહી છે.

## નર્મદા જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા માટે સરકારી છાત્રાલયો

*૧૭૭૫૦ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કુલ–૮ (આઠ) સરકારી છાત્રાલયો કાર્યરત છે.

(૨)

| છાત્રાલય | સંખ્યા |
|---|---|
| કુમાર | ૪ |
| કન્યા | ૪ |

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સરકારી છાત્રાલય શરૂ કરવાનો હેતુ શું છે? આદિવાસી વિસ્તારોમાં સરકારી છાત્રાલયોની શરૂઆત કયારથી થયેલ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમુદાય હંમેશા અંતરીયાળ વિસ્તારમાં રહેતા હોય છે ત્યારે ને વિદ્યાર્થીઓની પરિસ્થિતિ આર્થિક રીતે નબળી હોય એવા વિદ્યાર્થીઓને દૂરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે ભૂતકાળમાં મોકલી શકતા નહોતા અને આવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહી જાય, એવા વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે એના માટે અને શિક્ષણનો લાભ મેળવી શકે એવા હેતુથી જમવા અને રહેવા માટેની આ છાત્રાલયો શરૂ કરવામાં આવી છે અને વર્ષ ૧૯૫૫થી આ યોજના શરૂ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નર્મદા જિલ્લામાં કુમાર છાત્રાલય ૪ અને કન્યા છાત્રાલય ૪ શરૂ કરવામાં આવ્યા છે તો એનું સ્થળ કયાં છે અને ક્યારે શરૂ કરવામાં આવેલ છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં ૪ કુમાર છાત્રાલય અને ૪ કન્યા છાત્રાલય એમ કુલ ૮ છાત્રાલયો રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. એમાં સરકારી કુમાર છાત્રાલય રાજપીપળામાં વર્ષ ૧૯૭૯–૮૦થી શરૂ કરવામાં આવ્યાં. સરકારી કુમાર છાત્રાલય ૨ રાજપીપળામાં એ પણ વર્ષ ૧૯૯૭–૯૮થી શરૂ કરવામાં આવ્યાં. સરકારી કુમાર છાત્રાલય ડેડિયાપાડામાં વર્ષ ૧૯૯૭–૯૮માં શરૂ કરવામાં આવ્યાં. સરકારી કુમાર છાત્રાલય સાગબારા જેવા આદિવાસી તાલુકામાં વર્ષ ૨૦૧૭–૧૮માં શરૂ કરવામાં આવ્યાં. એ જ પ્રમાણે કન્યા છાત્રાલયની વાત કરું તો કસ્તુરબા કન્યા છાત્રાલય રાજપીપળામાં વર્ષ ૧૯૮૧–૮૨થી શરૂ કરવામાં આવ્યાં. કન્યા છાત્રાલય ૨ રાજપીપળામાં વર્ષ ૧૯૯૮–૯૯માં શરૂ કરવામાં

આવ્યાં. સરકારી કન્યા છાત્રાલય ડેડિયાપાડા અંતરિયાળ વિસ્તારમાં વર્ષ ૧૯૯૭-૯૮માં આ છાત્રાલય શરૂ થયાં. કન્યા છાત્રાલય સાગબારામાં વર્ષ ૨૦૦૮-૦૯માં શરૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કન્યા છાત્રાલય ૪ ચાલુ કરવામાં આવી છે. ૪ કુમાર છાત્રાલય ચાલુ કરવામાં આવી છે. જ્યાં આદિવાસી બાળકો ભણે છે. આ છાત્રાલય સરકારી મકાનમાં બેસે છે કે ભાડાના મકાનમાં બેસે છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : આ છાત્રાલયની વાત કરવામાં આવે તો ૩ છાત્રાલયો સરકારી મકાનમાં બેસે છે અને બાકીની જે ૫ છાત્રાલયો એ પૈકી ૩ માં મકાનનાં કામો પૂર્ણતાના આરે છે. ૨ માં જમીન મેળવવાની પ્રક્રિયા ચાલુ છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી છાત્રાલય જેવી આદિવાસી સમાજની શિક્ષણ માટેની યોજનાના કારણે આદિવાસી સમાજના શિક્ષણમાં કોઇ વધારો થયેલ છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સભ્યશ્રીનો પ્રશ્ન ખૂબ સારો છે અને મને ગૃહને જણાવતા આનંદ થશે કે જ્યારે વર્ષ ૨૦૦૧માં વસતિ ગણતરી કરવામાં આવી, ત્યારે આદિવાસી સમાજમાં પુરુષોનો સાક્ષરતાનો દર ૫૯ ટકા હતો. જે વધીને વર્ષ ૨૦૧૧ માં ૭૧.૭૦ ટકા થયો, એટલે કે ૧૦ વર્ષમાં ૧૨.૬૮ ટકાનો વધારો થયો. એ જ પ્રકારે વર્ષ ૨૦૦૧માં વસતિ ગણતરી કરવામાં આવી ત્યારે આદિવાસી મહિલાઓનો સાક્ષરતાનો દર એ ૩૬ ટકા હતો. વર્ષ ૨૦૧૧માં અને રાજ્ય સરકારના પ્રયત્નો અને શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રવેશોત્સવથી લઇને રાજ્ય સરકારે શિક્ષણને મહત્વ આપ્યું. વર્ષ ૨૦૧૧માં જ્યારે ગણતરી થઇ ત્યારે મહિલાઓનો શિક્ષણનો દર ૫૩.૨૦ ટકા થયો, એટલે કે ૧૭ ટકા મહિલાઓના શિક્ષણમાં ખૂબ સારો વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે આદિવાસી સમાજનો શિક્ષણનો દર પુરુષ અને મહિલાઓનો ૪૭.૭૦ ટકા હતો, તે વર્ષ ૨૦૧૧માં એ દરમાં ખૂબ સારો વધારો થયો. આદિવાસી સમાજ શિક્ષણ પ્રાપ્ત કરતો થયો. વર્ષ ૨૦૧૧માં ૬૨.૫૦ ટકા થયો, એટલે કે ૧૦ વર્ષમાં ૧૪.૮૦ ટકા જેટલો વધારો આદિવાસી સમાજમાં શિક્ષણમાં જોવા મળે છે.

**અમદાવાદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

*૧૭૭૮૮ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| દેત્રોજ | ૪૩ |
| બાવળા | ૯૬ |
| ધંધુકા | ૨૫ |
| સાણંદ | ૧૩૪ |
| ધોળકા | ૧૦૯ |
| દસક્રોઇ | ૧૨૮ |
| માંડલ | ૩૨ |
| વિરમગામ | ૮૩ |
| ધોલેરા | ૪ |

(૨)

| **તાલુકો** | **મંજૂર અરજીઓ** | **નામંજૂર અરજીઓ** |
|---|---|---|
| દેત્રોજ | ૪૨ | ૧ |
| બાવળા | ૭૭ | ૧૯ |
| ધંધુકા | ૨૨ | ૩ |
| સાણંદ | ૮૦ | ૧૦ |
| ધોળકા | ૯૬ | ૧૩ |
| દસક્રોઇ | ૧૧૪ | ૧૪ |
| માંડલ | ૩૨ | ૦ |
| વિરમગામ | ૫૬ | ૬ |
| ધોલેરા | ૨ | ૦ |

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

## તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ વિધવા સહાયની કેટલી અરજીઓ પડતર હતી અને આજની સ્થિતિએ હકીકત શું છે તે જણાવે. તેમજ મારો બીજો પ્રશ્ન છે કે, તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ અતિ નિરાધાર વિધવા સહાયના લાભાર્થીઓની સંખ્યા કેટલી હતી?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આજે તો ઓવરડોઝ થઇ ગયો છે એટલે આવતી વિધાનસભામાં. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેમાં સાણંદની અંદર તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ ૪ અરજીઓ પડતર હતી. પરંતુ તા.૧–૭–૨૦૧૯ની સ્થિતિએ તેમાંથી ૪૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને પડતર અરજીની સંખ્યા ૦ છે. વિરમગામ તાલુકાની અંદર તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ ૨૧ અરજીઓ પડતર હતી તેમાંથી તા.૧–૭–૨૦૧૯ની સ્થિતિએ ૨૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે એટલે નામંજૂર અને પડતર અરજી ૦ છે. ધોલેરા તાલુકાની અંદર ૨ અરજીઓ તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ પડતર હતી તેમાં તા.૭–૧–૨૦૧૯ની સ્થિતિએ બંને અરજીઓ મંજૂર કરવામાં આવી છે. પડતર એકપણ નથી અને નામંજૂર અરજી એકપણ નથી. તેમણે તાલુકાવાર લાભાર્થીની બાબત પૂછી છે તો દેત્રોજ તાલુકાની અંદર લાભાર્થીની સંખ્યા ૨૯૫, બાવળા તાલકાની અંદર લાભાર્થીની સંખ્યા ૫૦૬, ધંધુકા તાલુકાની અંદર લાભાર્થીની સંખ્યા ૧૩, સાણંદ તાલુકાની અંદર લાભાર્થીની સંખ્યા ૩૦૯, ધોળકા તાલુકાની અંદર લાભાર્થીની સંખ્યા ૬૪૬, દસક્રોઇ તાલુકાની અંદર લાભાર્થીની સંખ્યા ૧૮૮, માંડલ તાલુકાની અંદર લાભાર્થીની સંખ્યા ૧૬૭, વિરમગામ તાલુકાની અંદર લાભાર્થીની સંખ્યા ૫૩૪, ધોલેરાની અંદર લાભાર્થીની સંખ્યા ૧૪ એમ કુલ ૨૮૭૩ લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરીને લાભાર્થીને લાભ આપવામાં આવે છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષી, મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વિધવા સહાય યોજના કયારથી અમલમાં આવી અને તેમાં રકમમાં કયારે કયારે ફેરફાર કરવામાં આવ્યા?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા સહાય એટલે કે પતિનું અવસાન થઇ જાય ત્યારે વિધવા બહેનને સહાય ચૂકવવાની યોજના વર્ષ ૧૯૭૯થી શરૂ કરવામાં આવી. ત્યારે વિધવા બહેનને માત્ર ૩૦ રૂપિયા અને બાળકોને માસિક રૂપિયા ૨૫ આપવામાં આવતા હતા. તે રીતે તારીખ વાઇઝ જોઇએ તો તા.૧–૮–૧૯૮૦ના દિવસે બંનેની સહાયની રકમ ૫૫ રૂપિયા હતી. તા.૧–૪–૧૯૮૭ના રોજ તે સહાયની રકમ ૧૧૦ રૂપિયા હતી. તા.૧–૮–૧૯૯૦ના રોજ આ સહાયની રકમ ૧૮૦ રૂપિયા કરવામાં આવી, તા.૧–૭–૧૯૯૫ના રોજ ૨૮૦ રૂપિયા કરવામાં આવ્યા, તા.૧–૭–૧૯૯૭ના રોજ ૪૮૦ રૂપિયા કરવામાં આવ્યા, તા.૧–૧૧–૧૯૯૭ના રોજ ૫૮૦ રૂપિયા સહાયની રકમ કરવામાં આવી. તા.૧–૪–૨૦૧૨ના રોજ ૮૫૦ રૂપિયા, તા.૧–૧૧–૨૦૧૬ના રોજ ૧૦૦૦ રૂપિયા અને હમણાં જ ગયા વર્ષે આપણે લેખાનુદાન મંજૂર કર્યું એટલે કે, તા.૧–૪–૨૦૧૯ના દિવસે ૨૧ વર્ષના દીકરાની શરત દૂર કરીને તેમાં ૨૫ ટકાનો વધારો કરીને ૧૦૦૦ રૂપિયાની સહાય હતી તે ૧૨૫૦ રૂપિયા મંજૂર કરી છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં જે બહેનો ઘરડાઘરમાં રહે છે તેવા ઘરડાઘરમાં રહેતી વિધવાઓને આ નિરાધાર સહાય આપવામાં આવે છે કે કેમ, જો આપવામાં ન આવતી હોય તો આપણે આપવા માગીએ છીએ કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, ઘરડાઘરમાં રહેતી વિધવા બહેનો પણ આ બાબતમાં અરજી કરે, અરજીમાં તેમને કંઇ ખૂટતું હશે તો અમે સંવેદનાથી જોઇને તે કેસને લઇશું અને તેમાં અમે ચોક્કસ વિશેષ ઘ્યાન આપીશું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નિરાધાર વિધવા સહાયની ચૂકવણીની પદ્ધતિ શું છે તેમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ? તેમાં સમયસર સહાય ચૂકવવામાં શું વ્યવસ્થા કરવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : ફેરફાર તો તેમણે કહી દીધો છે.

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પૂછે છે કે જે સહાય પહોંચાડવામાં આવે છે તે અંગેનો છે. અગાઉના સમયમાં આ સહાય પોસ્ટ દ્વારા પોસ્ટ માસ્તર મની ઓર્ડરથી પહોંચાડતા હતા. એટલે કે મનીઓર્ડર ઘરે આવે અને તે બિચારી બહેન સહી કરે, ઘરે ન હોય તો તે સહાય પાછી જાય પછી તે કયાં શોધવા જાય! તેમાં વચ્ચે ઘણી બધી ગરબડો થતી હતી. તેમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા છે. અમારા વિભાગમાં વિધવા સહાય એડવાન્સમાં ચૂકવવામાં આવે છે. અમદાવાદની હેડ પોસ્ટ ઓફિસમાં આ સહાય આપીએ છીએ. આખા રાજયની વિધવા મહિલાઓને આ સહાય આપવામાં આવે છે. અમે માર્ચ મહિનાની જે સહાય હોય તે ફેબ્રુઆરી મહિનામાં આપીએ છીએ. એક મહિનો એડવાન્સ આ સહાય અમદાવાદ પોસ્ટ ઓફિસ ખાતે પહોંચાડવામાં આવે છે. જે તે જિલ્લાની હેડ પોસ્ટ ઓફિસમાંથી લાભાર્થીઓના નામ અને રકમની યાદી આ અમદાવાદની પોસ્ટ ઓફિસમાં આવે પછી જે તે જિલ્લાને તેની સહાય પહોંચાડવામાં આવે છે. ગાંધીનગર અને બોટાદની અંદર આ સહાય મહિલાઓને ડાયરેકટ આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીકાળનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના

૧૭૭૨૮ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે? | (૨) નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ તા.૩૦–૧૨–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં વનબંધુકલ્યાણ યોજના અંતર્ગત બસો ફાળવવા બાબત

૧૭૯૩૪ **શ્રી મહેશભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં ટ્રાયબલ–વિસ્તારના ગામોમાં ભણતા વિદ્યાર્થીઓના અપડાઉન માટે ''વનબંધુકલ્યાણ યોજના'' અંતર્ગત કેટલી બસો ફાળવવામાં આવી છે, અને

(૨) કયા–કયા વિસ્તારોમાં ફાળવવામાં આવી છે?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લા | બસની સંખ્યા |
|---|---|---|
| ૧. | નર્મદા | ૦૫ |
| ૨. | ભરૂચ | ૧૭ |

(૨)

| જિલ્લો | તાલુકો | રૂટ | કુલ ટ્રીપની સંખ્યા | તે પૈકી વિદ્યાર્થી ટ્રીપોની સંખ્યા |
|---|---|---|---|---|
| નર્મદા | નાંદોદ | ઝરવાણી | ૧૦ | ૦૪ |
| નર્મદા | નાંદોદ | નઘાતપોર | ૧૪ | ૦૬ |
| નર્મદા | નાંદોદ | દેવીદવ | ૧૫ | ૦૮ |
| નર્મદા | નાંદોદ | ડુમખલ | ૧૩ | ૦૬ |
| નર્મદા | નાંદોદ | ખેરપાડા–સેલંબા | ૧૨ | ૦૬ |
| ભરૂચ | ઝઘડીયા | ફુલવાડી–સેલંબા | ૧૦ | ૦૬ |
| ભરૂચ | ઝઘડીયા | વાડવા | ૧૧ | ૦૫ |
| ભરૂચ | ઝઘડીયા | ધારોલી | ૨૦ | ૦૮ |
| ભરૂચ | ઝઘડીયા | કડીયાડુંગર–આન્ધ્રા | ૨૦ | ૦૮ |
| ભરૂચ | ઝઘડીયા | સીસોદ્રા | ૧૩ | ૦૬ |
| ભરૂચ | ઝઘડીયા | ડણસોલી | ૧૭ | ૦૮ |
| ભરૂચ | અંકલેશ્વર | અંકલેશ્વર–ડેડીયાપાડા | ૦૪ | ૦૨ |
| ભરૂચ | અંકલેશ્વર | અંકલેશ્વર–ડેડીયાપાડા | ૦૪ | ૦૨ |
| ભરૂચ | અંકલેશ્વર | અંકલેશ્વર–ડેડીયાપાડા | ૦૪ | ૦૨ |
| ભરૂચ | અંકલેશ્વર | અંકલેશ્વર–ડેડીયાપાડા | ૦૪ | ૦૨ |
| ભરૂચ | અંકલેશ્વર | થવાઆશ્રમ | ૦૮ | ૦૪ |
| ભરૂચ | અંકલેશ્વર | ધારોલી | ૧૪ | ૦૮ |
| ભરૂચ | અંકલેશ્વર | ઉમરદા આશ્રમ | ૦૮ | ૦૪ |
| ભરૂચ | અંકલેશ્વર | ભમાડીયા | ૧૬ | ૧૦ |
| ભરૂચ | અંકલેશ્વર | ડેડીયાપાડા | ૦૮ | ૦૪ |
| ભરૂચ | અંકલેશ્વર | ડેડીયાપાડા | ૦૮ | ૦૨ |
| ભરૂચ | ઝઘડીયા | નેત્રંગ–વાલપોર | ૧૧ | ૦૫ |
| | | કુલ | ૨૪૪ | ૧૧૬ |

---------

## વડોદરા અને નર્મદા જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ

૧૯૨૭૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૧૨–૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૩૫ (અગ્રતા ક્રમઃ ૨૮૨) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) વડોદરા જિલ્લામાં ૧૯.૧૭.૫૯ હે.આરે.પ્ર. અને નર્મદા જિલ્લામાં ૦.૪૫.૯૭ હે.આરે.પ્ર. ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું,

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિ
(૧) વડોદરા જિલ્લામાં ૧૯.૧૭.૫૯ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૧૯.૧૬.૬૧ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.
(૨) નર્મદા જિલ્લામાં ૦.૪૫.૯૭ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૦.૨૨.૧૬ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઈ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે?

(૨) અને (૩) ગૌચર દબાણો દૂર કરવા સબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઇ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતને આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે.

## ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને ફાળવેલ ગ્રાન્ટ

૧૯૨૫૪ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટના દુરૂપયોગ બાબતની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા માટે સરકારી છાત્રાલયો

૧૭૭૬૮ **શ્રી હિતુ કનોડિયા** (ઇડર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કુલ–૭ (સાત) સરકારી છાત્રાલયો કાર્યરત છે.

(૨)

| છાત્રાલય | સંખ્યા |
|---|---|
| કુમાર | ૩ |
| કન્યા | ૪ |

---------

## નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય

૧૭૭૫૭ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ કેટલી

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કુલ–૩૬૮૫

| | |
|---|---|
| વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે ? | વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |

---------

**ઝગડીયા તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૧૮૮૧૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ઝગડિયા તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારોમાં રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) ૨૨૭ હેક્ટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૮૭.૪૫ લાખ. |

---------

**વિંછિયા તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના**

૧૭૭૩૧ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજકોટ જિલ્લાના વિંછિયા તાલુકા તથા તાપી જિલ્લાના ડોલવણ તાલુકા ખાતે પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે? | (૨) રાજકોટ જિલ્લાના વિંછિયા તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ તા.૨૧–૧૦–૨૦૧૮ ના રોજ તથા તાપી જિલ્લાના ડોલવણ તાલુકા ખાતે<br>પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ તા.૨૧–૧૦–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

**દાહોદની મહિલા આર્ટસ કોલેજની બી.એ.ની ડીગ્રીને માન્ય ન રાખવા બાબત**

૧૯૨૬૯ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ શહેરમાં આવેલ ગુર્જર ભારતીય સંસ્થા સંચાલિત મહિલા આર્ટસ કોલેજમાંથી વર્ષ ૨૦૧૧–૧૨ થી ૨૦૧૪–૧૫ સુધીમાં બી.એ.ની ડીગ્રી મેળવેલ વિદ્યાર્થીનીઓની ડીગ્રી માન્ય રાખવામાં આવતી નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તે અંગેની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૨) ૩ |
| (૩) મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) તા.૦૯–૦૭–૨૦૧૯ના પત્રથી સંસ્થાને પ્રત્યુત્તર પાઠવેલ છે. તથા કલેક્ટરશ્રી દાહોદની સમાન વિગતની રજૂઆતના અનુસંધાને પત્રની નકલ તેઓશ્રીને પણ મોકલી આપેલ છે. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૧૯૧૭૧ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : ચૌદમી વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૩–૦૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૮૮ (અગ્રતાક્રમ–૬૩) ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કાર્યરત આંગણવાડીઓ પૈકી ગાંધીનગર | (૧) તે પૈકી ગાંધીનગર જિલ્લામાં ૩૨ અને મહેસાણા |

જિલ્લામાં ૧૪૪ અને મહેસાણા જિલ્લામાં ૧૩૬ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ ચાલતી હતી, તા.૩૧-૦૫-૨૦૧૯ની, સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા,

જિલ્લામાં ૧૧ આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો નથી, અને

(૨) ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૧૨ અને મહેસાણા જિલ્લામાં ૧૨૫ આંગણવાડીઓના પોતાના મકાનો નથી.

(૩) આવી આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમનાં ક્યાં સુધીમાં મકાન બનાવવાનું આયોજન છે?

(૩) **ગાંધીનગર જિલ્લો**

- બાકી રહેતા ૧૧૨ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

**મહેસાણા જિલ્લો**

- બાકી રહેતા ૧૨૫ આંગણવાડીઓના બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

---------

### માંડલ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

૧૭૭૪૪ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકામાં વર્ષ ૨૦૧૮-૧૯માં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરેલ છે, અને

(૧) ૪૨ હેક્ટર

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૨૪.૨૭ લાખ

---------

### આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની શાળાના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ

૧૮૮૨૩ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ ચાલતી આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ફરજ બજાવતા કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મળેલ નથી તે હકીકત સાચી છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો આ કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા સરકારે શા પગલાં લીધા?

(૨) સાતમા પગારપંચનો લાભ આપવા માટેની દરખાસ્ત સરકારશ્રીમાં રજૂ આત હેઠળ છે.

---------

### બોટાદ અને ભાવનગર જિલ્લાની શાળાઓના જર્જરિત ઓરડાઓ

૧૯૫૫૦ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બોટાદ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓ જર્જરિત હાલતમાં છે, અને

(૧)

| **બોટાદ** | | **ભાવનગર** | |
|---|---|---|---|
| **તાલુકા** | **જર્જરિત ઓરડાઓની સંખ્યા** | **તાલુકા** | **જર્જરિત ઓરડાઓની સંખ્યા** |
| બરવાળા | ૦૭ | ભાવનગર | ૦૭ |
| બોટાદ | ૩૨ | ગારીયાધાર | ૦૨ |
| ગઢડા | ૧૩ | ઘોઘા | ૮૪ |
| રાણપુર | ૦૦ | જેસર | ૦૮ |
| | | મહુવા | ૧૪ |
| | | પાલીતાણા | ૦૦ |
| | | શિહોર | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| | | તળાજા | ૧૯ |
| | | ઉમરાળા | ૦૦ |
| | | વલ્લભીપુર | ૦૧ |
| **કુલ** | **૫૨** | | **૧૪૬** |

(૨) આવા ઓરડાઓ ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે?

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**ગીર સોમનાથ અને ડાંગ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૧૯૨૨૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **ચૌદમી વિધાનસભાના પહેલાં સત્રમાં તા.૨૩-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૯૦ (અગ્રતાક્રમ-૨૩૩) ના અનુસંધાને માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાર્યરત આંગણવાડીઓ પૈકી ગીરસોમનાથ જિલ્લામાં ૪૯૧ અને ડાંગ જિલ્લામાં ૨૯ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ ચાલતી હતી, તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો નથી, અને

(૩) આવી આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમનાં ક્યાં સુધીમાં મકાન બનાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તે પૈકી ગીરસોમનાથ જિલ્લામાં આંગણવાડીનું પોતાનું મકાન એકપણ મકાન બાંધવામાં આવેલ નથી.
ડાંગ જિલ્લામાં ૧૦ આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા.

(૨) ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૪૯૧ અને ડાંગ જિલ્લામાં ૧૯ આંગણવાડીઓના પોતાના મકાનો નથી.

(૩) **ગીર સોમનાથ જિલ્લો**

- ૧૪૨ આંગણવાડીઓના બાંધકામ પ્રગતિ હેઠળ છે. અને ૩૪૯ આંગણવાડીઓના મકાન બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

**ડાંગ જિલ્લો**

- ૧૯ આંગણવાડીઓના મકાન બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

---------

**રાજુલા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૧૦ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજુલા, જિલ્લો.અમરેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મુંજરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૮,૪૯,૨૯,૦૦૦/-ની વહીવટી મંજુરી તા.૦૩-૦૭-૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે.

(૩) બનતી ત્વરાએ.

---------

**જુનાગઢ અને નર્મદા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ બનાવવા બાબત**

૧૯૨૮૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૦૫-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૨૭૦ (અગ્રતાક્રમઃ ૨૩૮) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં જુનાગઢ જીલ્લામાં ૩૭૦ અને નર્મદા જીલ્લામાં ૩૦૫ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જીલ્લાવાર બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને

(૨)

| જિલ્લો | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|
| જુનાગઢ | ૩૭૦ |
| નર્મદા | ૩૦૫ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવેશે?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**મોરબી અને મહિસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ બનાવવા બાબત**

૧૯૨૬૬ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલાં સત્રમાં તા.૦૫-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૨૫૪ (અગ્રતાક્રમ-૧૧૮) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં મોરબી જીલ્લામાં ૯૭ અને મહીસાગર જીલ્લામાં ૪૪૮ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જીલ્લાવાર બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨)

| જિલ્લો | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|
| મોરબી | ૯૭ |
| મહિસાગર | ૪૪૮ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**સરકારી અને ગ્રાન્ટેડ શાળાના ફીક્સ પગારના કર્મચારીઓના પગારમાં તફાવત**

૧૯૧૯૮ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સરકારી માધ્યમિક શાળા તથા ગ્રાન્ટેડ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના ફીક્સ પગારના કર્મચારીઓના પગારમાં તફાવત હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સમાન શાળાઓમાં કામ કરતા કર્મચારીઓના પગારનો તફાવત દૂર કરવા શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વિભાગના તા.૦૨-૦૭-૨૦૧૯ના ઠરાવથી બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોના ફિક્સ પગારમાં વધારો કરેલ હોઈ, સમાન શાળાઓમાં કામ કરતા કર્મચારીઓના પગારનો તફાવત દૂર થયેલ છે.

---------

**આંકલાવ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૧૮ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં આંકલાવ, જિ.આણંદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૨૭-૦૪-૨૦૧૭ના રોજ રૂ.૭,૫૦,૦૦,૦૦૦/- ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

આવેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

---------

**ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી કોર્ટની મંજૂરી**

૧૭૭૨૩ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ બે નાણાંકીય વર્ષમાં તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકકીત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ તા.૨૧–૧૦–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ગ્રામપંચાયતોને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ**

૧૭૭૮૦ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૪માં નાણાપંચના અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) કલોલ તાલુકા પંચાયત દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૩૮૦.૯૮ લાખની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) કલોલ તાલુકા પંચાયત દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ ૧૬૩ કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ફાળવેલ રકમનો પુરેપુરો વપરાશ થયેલ છે.

---------

**ખેડા જિલ્લાના ગામોમાં ગૌચરની જમીનમાં દબાણ**

૧૯૨૬૦ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચરની જમીનમાં કેટલું દબાણ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત દબાણ દૂર કરવા સરકારે શું કાર્યવાહી કરી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | ક્ષેત્રફળ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૧ | ૦૦.૪૫.૬૨ |
| ૨ | વસો | ૦ | ૦.૦૦ |
| ૩ | મહુધા | ૦ | ૦.૦૦ |
| ૪ | કઠલાલ | ૦ | ૦.૦૦ |
| ૫ | ગળતેશ્વર | ૧ | ૦૦.૦૧.૦૦ |
| ૬ | માતર | ૧ | ૦૦.૬૬.૭૭ |
| ૭ | મહેમદાવાદ | ૦ | ૦.૦૦ |
| ૮ | ઠાસરા | ૦ | ૦.૦૦ |
| ૯ | નડીયાદ | ૧ | ૦૦.૮૧.૯૨ |
| ૧૦ | કપડવંજ | ૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૪** | **૦૧.૯૫.૩૧** |

(૨) ગૌચર દબાણો દૂર કરવા સબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી ક્રમ મંત્રીની

મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસીક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.

(૩) કેટલા સમયમાં આ દબાણ દૂર કરવામાં આવશે ?

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત/તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવાની રહે છે.

---------

**સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકામાં ગ્રામપંચાયતોને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ**

૧૭૭૭૯ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૪ માં નાણાપંચના અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ધનસુરા તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાની તમામ ગ્રામ પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૩૮૯.૧૪/- લાખની બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) ધનસુરા તાલુકા પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ ૨૬૪ કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) ફાળવેલ રકમનો પુરેપુરો વપરાશ થયેલ છે.

---------

**રાજકોટ જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણ**

૧૯૨૦૬ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં ધોરાજી અને ઉપલેટા તાલુકામાં ગૌચરની કેટલી જમીનમાં દબાણ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલું દબાણ દૂર કરી કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ક્યાં સુધીમાં દુર કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **થયેલ દબાણ (હે.આરે.ચો.મી.)** |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૦૦.૦૦ |
| ૨ | ઉપલેટા | ૦.૬૪.૭૪ |
| | **કુલ** | **૦.૬૪.૭૪** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉપલેટા તાલુકાના ભીમોરા ગામમાં ૦.૮૦.૯૪ (હે.આરે.ચો.મી.) તેમજ ખાચરીયા ગામમાં ૦.૬૪.૭૪ (હે.આરે.ચો.મી.) દબાણ હતું. તે પૈકી ભીમોરા ગામનું ૦.૮૦.૯૪ (હે.આરે.ચો.મી.) નું દબાણ દુર કરી જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૦૫ મુજબ ગૌચર દબાણો દૂર કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય દબાણો ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયત/તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર દૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**ધંધુકા તાલુકામાં સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ સ્થાપવા બાબત**

૧૯૧૮૮ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ

**જવાબ**

(૧) હા, જી.

જીલ્લાના ધંધુકા તાલુકામાં એક પણ સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકામાં ઉક્ત નવી સરકારી કોલેજ સ્થાપવાનું સરકારનું શું આયોજન છે?

(૨) ધંધુકા કે તેની નજીકમાં પર્યાપ્ત સરકારી, ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર કોલેજો કાર્યરત હોઈ હાલ નવી સરકારી કોલેજ સ્થાપવાનું સરકારનું આયોજન નથી.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૩૬ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| જામખંભાળીયા | ૨૩૨ |
| ઓખામંડળ | ૧૧૨ |
| કલ્યાણપુર | ૫૪ |
| ભાણવડ | ૪૧ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| જામખંભાળીયા | ૧૨૬ | ૯૩ |
| ઓખામંડળ | ૬૮ | ૧૦ |
| કલ્યાણપુર | ૪૧ | ૭ |
| ભાણવડ | ૩૪ | ૧ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**હિંસક પ્રાણીઓના હુમલાથી મૃત્યુ થયેલ પશુઓના માલિકને સહાય**

૧૯૨૨૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જંગલના હિંસક પ્રાણીઓના હુમલાથી મૃત્યુ પામેલા પશુઓના માલિકોને સહાય ચૂકવવામાં આવે છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કયા પ્રાણીઓની કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને આ સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને

(૨) હાલમાં વન અને પર્યાવરણ વિભાગના તા.૦૭–૦૬–૨૦૧૬ના ઠરાવની જોગવાઈ અનુસાર નીચે મુજબની સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | હિંસક પ્રાણીઓ દ્વારા માલઢોર મારણની વિગત | રાહત/વળતરના દર રૂપિયા |
|---|---|---|
| ૧ | દુધાળા પશુ | |
| | ગાય/ભેંસ/ઉંટ/ચાક વિગેરે માટે | ૩૦,૦૦૦/– |
| | ઘેટા/બકરા વિગેરે માટે | ૩,૦૦૦/– |
| ૨ | બિન દુધાળા પશુ | |
| | ઉંટ/ઘોડા/બળદ વિગેરે માટે | ૨૫,૦૦૦/– |
| | રેલ્લો (પાડો–પાડી) ગાયની વાછરડી/ગધેડો/પોની વિગેરે | ૧૬,૦૦૦/– |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કેટલા કિસ્સામાં સહાય ચૂકવવામાં આવી?

(૩)

| જિલ્લો | વર્ષ | |
|---|---|---|
| | ૦૧-૦૬-૧૭ થી ૩૧-૦૫-૧૮ | ૦૧-૦૬-૧૮ થી ૩૧-૦૫-૧૯ |
| જૂનાગઢ | ૪૨૦ | ૩૫૦ |

---------

**બોરસદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૦૭ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં બોરસદ, જિલ્લો આણંદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૧૧,૯૭,૦૦,૦૦૦/- ની વહીવટી મંજુરી તા.૦૬-૦૭-૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

**ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના**

૧૭૭૨૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના કરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે?

(૨) નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ તા.૩૦-૧૨-૨૦૧૮ ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો**

૧૬૯૩૮ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો આપવામાં આવેલ છે ?

સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ગામોની પસંદગીની બાબત પ્રક્રિયા હેઠળ છે.

---------

**ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાઓનું વાવેતર**

૧૭૮૨૧ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯માં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેકટરમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૮૯૫ |
| ૨૦૧૮-૧૯ | ૯૦૩ |

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં

(૨)

આવ્યો ?

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૫૮૦.૩૧ |
| ૨૦૧૮–૧૯ | ૫૧૦.૨૩ |

---------

**રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાએ હિન્દી વિષય ફરજિયાત**

૧૯૨૦૧ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ યુ.જી.સી. દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૮થી તમામ યુનિવર્સિટીઓમાં સ્નાતક કક્ષાએ હિન્દી વિષય ફરજિયાત બનાવવા અંગે પરિપત્ર કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત પરિપત્રનો રાજ્યની યુનિવર્સિટીઓમાં ઉકત સ્થિતિએ અમલ કરવામાં આવેલ છે કે કેમ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેના કારણો શું છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યારથી અમલ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ બનાવવા બાબત**

૧૯૨૩૨ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૦૫–૦૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૨૭૪ (અગ્રતા ક્રમઃ ૩૯) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રાથમિક શાળાઓમાં ગીર સોમનાથ જિલ્લામાં ૧૭૭ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૧૮ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જિલ્લાવાર બનાવવામાં આવ્યા, | (૧) એકપણ નહીં. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| જિલ્લો | ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|
| ગીર સોમનાથ | ૧૭૭ |
| દેવભૂમિ દ્વારકા | ૨૧૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉકત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

---------

**શિહોરી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૧૫ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં શિહોરી, જિ.બનાસકાંઠા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) તા.૨૨–૦૫–૨૦૧૮ના રોજ રૂ.૬,૮૭,૩૫,૯૦૦/– ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉકત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે. |

---------

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ અને સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૧૯૧૪૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૩-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૯૮ (અગ્રતા ક્રમઃ ૩૬) ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાર્યરત આંગણવાડીઓ પૈકી કચ્છ જિલ્લામાં ૭૫૪ અને સાબરકાંઠા જિલ્લામાં ૩૨૫ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ ચાલતી હતી, તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો નથી, અને

(૩) આવી આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમનાં ક્યાં સુધીમાં મકાન બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તે પૈકી કચ્છ જિલ્લામાં ૧૩૪ અને સાબરકાંઠા જિલ્લામાં ૨૦ આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા.

(૨) કચ્છ જિલ્લામાં કુલ ૬૨૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૩૦૫ આંગણવાડીઓના પોતાના મકાનો નથી.

(૩) **કચ્છ જિલ્લોઃ**

- ૬૨૦ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

**સાબરકાંઠા જિલ્લોઃ**

- ૫૩ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ મકાન મનરેગા તથા અન્ય યોજના હેઠળ પ્રગતિમાં છે.
- ૨૫૨ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

---------

**ગીર-સોમનાથ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૩૫ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર-સોમનાથ જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| વેરાવળ | ૧૧૦ |
| તલાલા | ૬૧ |
| સુત્રાપાડા | ૪૦ |
| ઉના | ૧૦૫ |
| કોડીનાર | ૯૯ |
| ગીર ગઢડા | ૩૯ |

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| વેરાવળ | ૧૦૮ | ૭ |
| તલાલા | ૫૪ | ૩ |
| સુત્રાપાડા | ૩૬ | ૩ |
| ઉના | ૧૦૦ | ૫ |
| કોડીનાર | ૭૯ | ૧૫ |
| ગીર ગઢડા | ૩૩ | ૬ |

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૮૯ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ભાવનગર (શહેર) | ૪૩૪ |
| ભાવનગર (ગ્રામ્ય) | ૮૮ |
| ઘોઘા | ૫૮ |
| શિહોર | ૭૭ |
| વલ્લભીપુર | ૧૯ |
| ઉમરાળા | ૪૧ |
| મહુવા | ૧૩૫ |
| જેસર | ૩૦ |
| પાલીતાણા | ૭૯ |
| ગારીયાધાર | ૩૪ |
| તળાજા | ૧૦૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| ભાવનગર (શહેર) | ૩૮૫ | ૧૪ |
| ભાવનગર (ગ્રામ્ય) | ૭૩ | ૭ |
| ઘોઘા | ૪૫ | ૧૩ |
| શિહોર | ૭૫ | ૨ |
| વલ્લભીપુર | ૧૦ | ૬ |
| ઉમરાળા | ૪૦ | ૧ |
| મહુવા | ૧૨૯ | ૬ |
| જેસર | ૨૩ | ૭ |
| પાલીતાણા | ૭૨ | ૭ |
| ગારીયાધાર | ૨૯ | ૫ |
| તળાજા | ૧૦૨ | ૦ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**પોરબંદર એરપોર્ટના વિસ્તરણ માટે નડતરરૂપ બાંધકામ અટકાવવા બાબત**

૧૯૧૭૯ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ પોરબંદર એરપોર્ટના સૂચિત રનવેના વિસ્તરણ માટે નડતરરૂપ બાંધકામ અટકાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂ આતો સરકારને મળી,

(૧) એક રજૂ આત મળેલ છે.

(૨) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ગુજરાત સરકાર અને ભારત સરકારના અધિકારીશ્રીઓની તા.૦૪–૦૨–૨૦૧૯ તેમજ તા.૨૮–૦૫–૨૦૧૯ના રોજ મીટીંગ મળેલ, જેમાં નવો રનવે બની શકે કે કેમ તે અંગે સર્વે કરવા જણાવેલ છે.

(૩) સૂચિત રનવેનું ભવિષ્યમાં વિસ્તરણ થઈ શકે તે

(૩) કલેકટરશ્રી, પોરબંદર દ્વારા કોસ્ટ ગાર્ડને બીજી

માટે નડતરરૂપ બાંધકામ અટકાવવા શું પગલાં લેવામાં આવ્યા?

સૂચના ન મળે ત્યાં સુધી બાંધકામ અટકાવવા હુકમ કરવામાં આવેલ છે. તેમજ નવો રનવે બનાવવા અંગે સર્વેની કામગીરી કલેકટરશ્રી, પોરબંદર દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**શિહોરી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૧૪ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં શિહોરી, જિ.બનાસકાંઠા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૨૨–૦૫–૨૦૧૮ના રોજ રૂ.૬,૮૭,૩૫,૯૦૦/– ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ સહાય**

૧૮૪૨૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ પ્રસુતિ સહાય માટે તાલુકાવાર કેટલી માંગણીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ભરેલ ફોર્મની સંખ્યા |
|---|---|
| બોડેલી | ૧૧૦૫ |
| છોટાઉદેપુર | ૧૯૫૧ |
| જેતપુરપાવી | ૧૪૬૧ |
| કવાંટ | ૧૨૨૩ |
| નસવાડી | ૧૦૬૬ |
| સંખેડા | ૯૬૬ |

(૨)

| તાલુકાનું નામ | માંગણી મંજૂર | કુલ રકમ રૂ. |
|---|---|---|
| બોડેલી | ૧૦૯૮ | ૭૬,૬૩,૦૦૦ |
| છોટાઉદેપુર | ૧૯૪૩ | ૧,૨૧,૦૪,૦૦૦ |
| જેતપુરપાવી | ૧૪૫૩ | ૧,૦૨,૫૪,૦૦૦ |
| કવાંટ | ૧૨૧૦ | ૭૩,૮૯,૦૦૦ |
| નસવાડી | ૧૦૬૧ | ૬૬,૯૭,૦૦૦ |
| સંખેડા | ૯૬૦ | ૬૪,૦૭,૦૦૦ |

---------

**ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ**

૧૮૯૬૮ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) પત્રક–અ મુજબ.

**પત્રક–અ**

| જિલ્લાનું નામ | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| ડાંગ | ૯ | ૧૨ | ૫૧ | ૨૪ |
| **કુલ** | **૯** | **૧૨** | **૫૧** | **૨૪** |

(૨) પત્રક–બ મુજબ.

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, કરાર આધારીત અને ફિક્સ પગારથી ભરાયેલી છે ?

(૩) પત્રક–ક મુજબ.

**પત્રક–બ**

| જિલ્લાનું નામ | વર્ગ–૧ | | વર્ગ–૨ | | વર્ગ–૩ | | વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **ભરાયેલી** | **ખાલી** | **ભરાયેલી** | **ખાલી** | **ભરાયેલી** | **ખાલી** | **ભરાયેલી** | **ખાલી** |
| ડાંગ | ૭ | ૨ | ૫ | ૭ | ૨૦ | ૩૧ | ૨૪ | ૦ |
| **કુલ** | **૭** | **૨** | **૫** | **૭** | **૨૦** | **૩૧** | **૨૪** | **૦** |

**પત્રક–ક**

| જિલ્લાનું નામ | વર્ગ–૧ | | | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **કાયમી** | **કરાર આધારીત** | **ફિક્સ** | **કાયમી** | **કરાર આધારીત** | **ફિક્સ** | **કાયમી** | **કરાર આધારીત** | **ફિક્સ** | **કાયમી** | **કરાર આધારીત** | **ફિક્સ** |
| ડાંગ | ૭ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૭ | ૦ | ૧૩ | ૧૧ | ૦ | ૦ |
| **કુલ** | **૭** | **૦** | **૦** | **૫** | **૦** | **૦** | **૭** | **૦** | **૧૩** | **૧૧** | **૦** | **૦** |

---------

**સંતરામપુર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૭૮૩૧ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) ૧૪૨ હેકટર.

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૨૨.૮૮ લાખ.

---------

**મહિસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય**

૧૭૭૫૮ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે ?

(૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કુલ–૨૫૯૯ વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે.

---------

**નવસારી જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા માટે સરકારી છાત્રાલયો**

૧૭૭૬૫ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કુલ–૧૦ સરકારી છાત્રાલયો કાર્યરત છે.

(૨) તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે ?

(૨)

| **છાત્રાલય** | **સંખ્યા** |
|---|---|
| કુમાર | ૫ |
| કન્યા | ૫ |

શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

**સુરત જિલ્લામાં ગૌશાળાઓને અદ્યતન બનાવવા સહાય**

૧૯૫૨૪ **શ્રીમતિ સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળાઓને અદ્યતન/આધુનિક બનાવવા માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના અન્વેય ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી સંસ્થાઓને સહાય ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **વર્ષ** | **સહાય ચૂકવેલ સંસ્થા** |
|---|---|
| તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૮ | ૧૦ |
| તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૯ | ૪ |

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જર્જરિત પંચાયત ઘર**

૧૯૨૧૮ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરિત છે અને કેટલી ગ્રામ પંચાયતને પોતાનું પંચાયત ઘર નથી, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **જર્જરીત** | **ઘર વિહોણી** |
|---|---|---|---|---|
| ૧ | ગીર સોમનાથ | વેરાવળ | ૩૫ | ૦ |
| | | તાલાળા | ૧૦ | ૨ |
| | | સુત્રાપાડા | ૧૨ | ૧ |
| | | કોડીનાર | ૧૪ | ૨ |
| | | ઉના | ૪૪ | ૨૪ |
| | | ગીર–ગઢડા | ૨૮ | ૬ |
| | | **કુલ** | **૧૪૩** | **૩૫** |
| ૨ | જૂનાગઢ | વંથલી | ૧૩ | ૦ |
| | | જૂનાગઢ | ૨૨ | ૦ |
| | | ભેંસાણ | ૧૦ | ૦ |
| | | કેશોદ | ૧૯ | ૦ |
| | | માંગરોળ | ૨૧ | ૦ |
| | | માળીયા | ૧૧ | ૨ |
| | | માણાવદર | ૧૮ | ૨ |
| | | મેંદરડા | ૨ | ૦ |
| | | વિસાવદર | ૧૨ | ૦ |

(૨) ઉક્ત પંચાયતોના ઘરની મરામત અને નવા બનાવવા શી કાર્યવાહી કરી?

(૨) ઉક્ત ગ્રામ પંચાયતોના ઘરોની મરામત કરવા અને નવા બનાવવા માટે તા.૩૦–૦૪–૨૦૧૬ અને તા.૦૩–૦૬–૨૦૧૬ના ઠરાવ મુજબ તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**બોટાદ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન**

૧૭૭૩૨ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લાની તાલુકાવાર કેટલી આંગણવાડીઓને

**જવાબ**

(૧) ''શૂન્ય''

ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, અને

(૨) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

(૨) તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શનની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે.

---------

**મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો**

૧૬૯૨૨ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો આપવામાં આવેલ છે ?

**જવાબ**

સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ગામોની પસંદગીની બાબત પ્રક્રિયા હેઠળ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ખાલી જગ્યા**

૧૯૩૨૯ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રોમાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ પર નવી નિમણુંકો આપવામાં આવી?

**જવાબ**

(૧)

| **ઘટકનું નામ** | **આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યા** | **આંગણવાડી તેડાગરની ખાલી જગ્યા** |
|---|---|---|
| ગાંધીનગર–૧ | ૧૦ | ૧૬ |
| ગાંધીનગર–૨ | ૧૦ | ૧૨ |
| દહેગામ–૧ | ૧૬ | ૧૭ |
| દહેગામ–૨ | ૧૦ | ૧૪ |
| કલોલ | ૨૭ | ૨૬ |
| માણસા | ૭ | ૧૦ |

(૨)

| **ઘટકનું નામ** | **આંગણવાડી કાર્યકરની ભરેલી જગ્યા** | **આંગણવાડી તેડાગરની ભરેલી જગ્યા** |
|---|---|---|
| ગાંધીનગર–૧ | ૧૦ | ૧૬ |
| ગાંધીનગર–૨ | ૯ | ૯ |
| દહેગામ–૧ | ૧૨ | ૭ |
| દહેગામ–૨ | ૭ | ૭ |
| કલોલ | ૧૪ | ૧૮ |
| માણસા | ૭ | ૧૦ |

---------

**તાપી અને સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ બનાવવા બાબત**

૧૯૨૯૩ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલાં સત્રમાં– તા.૦૫–૦૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૩૧૪ (અગ્રતા ક્રમ: ૧૭૪) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં તાપી જીલ્લામાં ૧૫૩ અને સુરત જીલ્લામાં ૧૮૭ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જીલ્લાવાર બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨)

| **જિલ્લો** | **ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા** |
|---|---|

| | |
|---|---|
| તાપી | ૧૫૩ |
| સુરત | ૧૮૭ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ બનાવવા બાબત**

૧૯૧૯૪ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલાં સત્રમાં તા.૦૫-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૨૪૮ (અગ્રતા ક્રમઃ ૧૦૩) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં સુરેન્દ્રનગર જીલ્લામાં ૩૮૪ અને ભાવનગર જીલ્લામાં ૭૫૪ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જીલ્લાવાર બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨)

| **જિલ્લો** | **ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૩૮૪ |
| ભાવનગર | ૭૫૪ |

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં શાળાના જર્જરિત ઓરડાઓ**

૧૯૩૨૦ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાઓ જર્જરિત છે અને કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ જર્જરિત ઓરડાઓને દૂરસ્ત કરીને નવા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક**

| **અરવલ્લી** | | | **સાબરકાંઠા** | | |
|---|---|---|---|---|---|
| **તાલુકા** | **જર્જીરત ઓરડાની સંખ્યા** | **ખુટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **જર્જીરત ઓરડાની સંખ્યા** | **ખુટતા ઓરડાની સંખ્યા** |
| બાયડ | ૬૯ | ૧૪૮ | હિંમતનગર | ૩૭ | ૧૩૫ |
| ભીલોડા | ૩૯ | ૭૪ | ઈડર | ૨૮ | ૬૬ |
| ધનસુરા | ૪૧ | ૭૬ | ખેડબ્રહ્મા | ૩૭ | ૧૨૮ |
| માલપુર | ૧૫ | ૪૩ | પોશીના | ૧૪ | ૧૪૩ |
| મેઘરજ | ૧૦૬ | ૧૨૫ | પ્રાંતિજ | ૧૭ | ૧૨૬ |
| મોડાસા | ૧૦૨ | ૧૩૦ | તલોદ | ૩૮ | ૧૧૧ |
| | | | વડાલી | ૧૮ | ૩૯ |
| | | | વિજયનગર | ૩૬ | ૮૦ |
| **કુલ** | **૩૭૨** | **૫૯૬** | **કુલ** | **૨૨૫** | **૮૨૮** |

ખૂટતા ઓરડાઓની સંખ્યામાં જર્જરીત ઓરડાઓનો સમાવેશ થયેલ છે.

તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**ભરૂચ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

૧૭૭૫૯ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૮-૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૨૯૧ |

---------

**શિહોરી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૧૬ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં શિહોરી, જિલ્લો.બનાસકાંઠા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) તા.૨૨-૦૫-૨૦૧૮ના રોજ રૂ.૬,૮૭,૩૫,૯૦૦/- ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે. |

---------

**અમરેલી અને બોટાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ બનાવવા બાબત**

૧૯૨૪૨ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલાં સત્રમાં તા.૦૫-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૨૮૨ (અગ્રતા ક્રમઃ ૨૧૪) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) પ્રાથમિક શાળાઓમાં અમરેલી જીલ્લામાં ૩૭૦ અને બોટાદ જીલ્લામાં ૧૩૯ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જીલ્લાવાર બનાવવામાં આવ્યા,

જવાબ: (૧) એક પણ નહીં.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને

જવાબ: (૨)

| જિલ્લો | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૩૭૦ |
| બોટાદ | ૧૩૯ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

જવાબ: (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**બોરસદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૦૫ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં બોરસદ, જિલ્લો આણંદ ખાતે નવી કોર્ટ | (૧) હા, જી. |

બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મુંજરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૧૧,૯૭,૦૦,૦૦૦/-ની વહીવટી મંજુરી તા.૦૬-૦૭-૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

**સંજેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૨૧ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સંજેલી, જિલ્લો.દાહોદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) તા.૦૫-૦૫-૨૦૧૭ના રોજ રૂ.૬,૬૫,૬૦,૦૦૦/- ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે. |

---------

**ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા**

૧૭૮૪૩ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ-૧૦ જગ્યા મંજૂર થયેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યા ખાલી છે, અને | (૨) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની કુલ-૦૯ જગ્યાઓ ભરાયેલ છે. અને કુલ-૦૧ જગ્યા ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે? | (૩) વહીવટી અનુકૂળતાએ. |

---------

**રાજુલા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૦૯ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજુલા, જિલ્લો અમરેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૮,૪૯,૨૯,૦૦૦/-ની વહીવટી મંજુરી તા.૦૩-૦૭-૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**સંજેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૨૦ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) હા, જી. |

નાણાકીય વર્ષમાં સંજેલી, જિ.દાહોદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તા.૦૫–૦૫–૨૦૧૭ના રોજ રૂ.૬,૬૫,૬૦,૦૦૦/–ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

---------

**આંકલાવ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૧૭ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં આંકલાવ, જિ.આણંદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૨૭–૦૪–૨૦૧૭ના રોજ રૂ.૭,૫૦,૦૦,૦૦૦/–ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં સામાજીક વનીકરણ હેઠળ વાવેતર**

૧૯૨૨૪ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સામાજીક વનીકરણ હેઠળ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જંગલ ખાતા દ્વારા કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ,

**જવાબ**

(૧)

| **તાલુકો** | **રોપાની સંખ્યા (લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૭–૧૮** | **૨૦૧૮–૧૯** |
| ભેંસાણ | ૦.૪૬ | ૦.૫૪ |
| જુનાગઢ | ૦.૩૯ | ૦.૭૭ |
| વંથલી | ૦.૩૦ | ૦.૪૯ |
| માણાવદર | ૦.૨૭ | ૦.૬૪ |
| માંગરોળ | ૦.૪૬ | ૦.૬૮ |
| કેશોદ | ૦.૪૭ | ૦.૮૬ |
| વિસાવદર | ૦.૫૮ | ૦.૭૭ |
| મેંદરડા | ૦.૫૪ | ૦.૬૫ |

(૨) ઉક્ત વાવેતર કરવામાં આવેલ વૃક્ષો ફરતે ફેન્સીંગ કરવામાં આવેલ છે કે નહીં,

(૨) હા, જી.

(૩) ઉક્ત વાવેતર કરવામાં આવેલ વૃક્ષો અને તેની ફરતે ફેન્સીંગ કરવા માટે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૩)

| **તાલુકો** | **ખર્ચ (રૂ.લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૭–૧૮** | **૨૦૧૮–૧૯** |
| ભેંસાણ | ૨૯.૫૭ | ૩૩.૬૦ |
| જુનાગઢ | ૪૦.૯૭ | ૫૦.૬૯ |
| વંથલી | ૩૬.૩૭ | ૩૧.૦૪ |
| માણાવદર | ૨૫.૭૧ | ૩૮.૪૨ |
| માંગરોળ | ૩૭.૬૭ | ૩૬.૯૭ |

| | | |
|---|---|---|
| કેશોદ | ૩૫.૧૨ | ૬૪.૮૭ |
| વિસાવદર | ૫૩.૧૭ | ૫૬.૧૨ |
| મેંદરડા | ૪૧.૮૩ | ૩૫.૬૩ |
| માળીયા હાટીના | ૪૦.૩૭ | ૨૭.૦૬ |

(૪) ઉક્ત વાવેતર કરવામાં આવેલ વૃક્ષો પૈકી કેટલાનો ઉછેર થયેલ છે અને કેટલા નાશ પામેલ છે?

(૪) રોપાની સંખ્યા (લાખમાં)

| | **વાવેતર વર્ષ ૨૦૧૭-૧૮** | | **વાવેતર વર્ષ ૨૦૧૮-૧૯** | |
|---|---|---|---|---|
| **તાલુકો** | **ઉછેર થયેલ રોપા** | **નાશ પામેલ રોપા** | **ઉછેર થયેલ રોપા** | **નાશ પામેલ રોપા** |
| ભેંસાણ | ૦.૩૩ | ૦.૧૩ | ૦.૪૧ | ૦.૧૩ |
| જુનાગઢ | ૦.૨૫ | ૦.૧૪ | ૦.૫૮ | ૦.૧૯ |
| વંથલી | ૦.૨૨ | ૦.૦૮ | ૦.૩૫ | ૦.૧૪ |
| માણાવદર | ૦.૧૬ | ૦.૧૧ | ૦.૪૭ | ૦.૧૭ |
| માંગરોળ | ૦.૨૯ | ૦.૧૭ | ૦.૪૯ | ૦.૧૯ |
| કેશોદ | ૦.૨૮ | ૦.૧૯ | ૦.૬૬ | ૦.૨૦ |
| વિસાવદર | ૦.૪૦ | ૦.૧૮ | ૦.૫૪ | ૦.૨૩ |
| મેંદરડા | ૦.૩૭ | ૦.૧૭ | ૦.૪૮ | ૦.૧૭ |
| માળીયા હાટીના | ૦.૪૮ | ૦.૨૦ | ૦.૫૨ | ૦.૧૭ |

---------

## ડાંગ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ

૧૭૭૫૪ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો, અને

(૨) ડાંગ જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા.૦૨-૦૮-૨૦૧૪ થી

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ** | **બાળકોની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૧૮-૧૯ | રૂ.૭૭૬.૧૬ લાખ | ૪૮,૧૯૪ |

---------

## આણંદ જિલ્લાની શાળાઓનું જર્જરીત ઇન્ફ્રાસ્ટ્રક્ચર બાબત

૧૯૨૪૮ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાની સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર જર્જરિત હાલતમાં હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત શાળાઓના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના રીપેરીંગ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા, જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ માટે ફરિયાદ મળેલ છે.
ના, જિલ્લાના તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાંધકામ તાજેતરનાં વર્ષોમાં થયેલ છે, કોઇપણ શાળાનું મકાન જર્જરિત નથી તેમજ જર્જરિત હોવા અંગેની કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) સરકારી પ્રાથમિક શાળાઓની માહિતી

| **વર્ષ** | **થયેલ ખર્ચ રૂ. લાખમાં** |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૭૮.૭૨ |
| ૨૦૧૮-૧૯ | ૪૫.૭૧ |

---------

તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં શિક્ષણ નિરીક્ષક વર્ગ–૨ ની મંજૂર જગ્યાઓ**

૧૭૭૪૦ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં શિક્ષણ નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

**મહેસાણા જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં શિક્ષણ નિરીક્ષકની તારીખ– ૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ નીચે મુજબની જગ્યાઓ મંજૂર થયેલ છે.**

| **ક્રમ** | **જગ્યાનું નામ અને વર્ગ** | **મંજૂર જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | શિક્ષણ નિરીક્ષક વર્ગ–૨ | ૦૩(ત્રણ) |

(૨)

**ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ નીચે મજુબ છે.**

| **ક્રમ** | **જગ્યાનું નામ અને વર્ગ** | **ભરાયેલ જગ્યાઓ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ નિરીક્ષક વર્ગ–૨ | ૦૩ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં માનવ ગરિમા યોજનાનો અમલ**

૧૭૭૬૩ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને સ્વરોજગાર માટે સાધન સહાય આપવા માનવ ગરિમા યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૪૪૭

---------

**અમરેલી જિલ્લામાં તાલુકામાં પંચાયતના મકાનો બનાવવા**

૧૯૨૩૬ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં લાઠી અને બાબરા તાલુકાના તાલુકા પંચાયતના નવા મકાનો બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત બાકી કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પુરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) તાલુકા પંચાયત કચેરી, લાઠીના નવા મકાન બનાવવાની બાબત કાર્યવાહી હેઠળ છે જ્યારે તાલુકા પંચાયત કચેરી, બાબરાના નવા મકાન બનાવવા માટે તા.૦૪–૦૨–૨૦૧૯ના ઠરાવથી રૂ.૨૪૦/– લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે અને આ કામના નકશા–અંદાજો બનાવવાની કામગીરી પ્રગતિમાં છે, જે પૂર્ણ થયે ટેન્ડરની કામગીરી હાથ ધરી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**સંજેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૨૨ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સંજેલી, જિ.દાહોદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે

**જવાબ**

(૧) હા, જી.

હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તા.૦૫–૦૫–૨૦૧૭ના રોજ રૂ.૬,૬૫,૬૦,૦૦૦/– ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) બાંધકામ પ્રગતિ હેઠળ છે.

---------

**પારડી તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૭૮૩૫ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલા રોપાનું વાવેતર કરેલ છે,

(૧) ૭૫ હજાર

(૨) તેમાં મુખ્યત્વે કઇ કઇ જાતના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) મુખ્યત્વે શરૂ, નિલગીરી, બાવળ, આંબા, ગુલમહોર, પેલ્ટ્રોફોર્મ, રેઈન ટ્રી, લીમડા, કાજુ વિગેરે

(૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) રૂ. ૨૫.૬૫ લાખ

---------

**કચ્છ જિલ્લામાં નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવાની મંજૂરી**

૧૭૭૭૮ **ડૉ.નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૧)

| વર્ષ | મંજૂર કરેલ ગ્રામ પંચાયત ઘરની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૨૦ |
| ૨૦૧૮–૧૯ | ૧૩ |
| **કુલ** | **૩૩** |

(૨) તે માટે કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

(૨)

| વર્ષ | મંજૂર કરેલ અનુદાન (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૨.૮૮ |
| ૨૦૧૮–૧૯ | ૧.૮૬ |
| **કુલ** | **૪.૭૪** |

---------

**પંચમહાલ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૮૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ગોધરા | ૫૭૦ |
| કાલોલ | ૩૧૭ |
| હાલોલ | ૨૧૨ |
| ઘોઘંબા | ૧૧૯ |
| જાંબુઘોડા | ૪૭ |
| શહેરા | ૧૪૦ |
| મોરવા (હ) | ૮૬ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| ગોધરા | ૪૭૫ | ૯૫ |
| કાલોલ | ૨૯૪ | ૨૩ |
| હાલોલ | ૨૦૮ | ૪ |

| | | |
|---|---|---|
| ઘોઘંબા | ૧૧૭ | ૨ |
| જાંબુઘોડા | ૪૫ | ૨ |
| શહેરા | ૧૩૮ | ૨ |
| મોરવા (હ) | ૮૬ | ૦ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**પંચમહાલ જિલ્લામાં માનવ ગરિમા યોજનાનો અમલ**

૧૭૭૬૨ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને સ્વરોજગાર માટે સાધન સહાય આપવા માનવ ગરિમા યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૮-૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૦૮

---------

**અરવલ્લી જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા માટે સરકારી છાત્રાલયો**

૧૭૭૪૯ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કુલ-૬ સરકારી છાત્રાલયો કાર્યરત છે.

(૨)

| **છાત્રાલય** | **સંખ્યા** |
|---|---|
| કુમાર | ૩ |
| કન્યા | ૩ |

---------

**અમદાવાદ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન**

૧૭૭૮૩ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, અને

(૨) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં આપેલ ગેસ કનેક્શનની સંખ્યા** |
|---|---|
| બાવળા | ૦ |
| દસક્રોઈ | ૯ |
| સીટી ગ્રામ્ય | ૨ |
| દેત્રોજ | ૧ |
| ધંધુકા | ૦ |
| ધોળકા | ૧ |
| માંડલ | ૦ |
| સાણંદ | ૫ |
| વિરમગામ | ૨ |

(૨) તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શનની

ગેસ કનેક્શન આપવામાં આવશે? સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

---------

**પાવાગઢ ખાતેના વિરાસત વનમાં રોપાનું વાવેતર**

૧૭૮૨૦ **શ્રી જીતેન્દ્ર સુખડીયા** (સયાજીગંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પાવાગઢ (જેપુરા) ખાતેનું વિરાસત વન કેટલા વિસ્તારમાં બનાવેલ છે, અને | (૧) ૬.૫૦ હેક્ટર. |
| (૨) આ વનમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે? | (૨) મુખ્યત્વે ખાટીઆમલી, સપ્તપર્ણી, બોરસલ્લી, વાંસ, રાયણ, ચંદન, ગરમાળો, અર્જુનસાદડ, હરડે, આમળા, બહેડા, બીજોરૂ, લીમડા, અશોકવડ, આંબા, રૂદ્રાક્ષ, કદમ, બીલી, પીપળા, નાળીયેરી, સીમળો, ચંપો, ખાખરો, પાણીનેતર, ફણસ, ખીજડો, મહુડા, અરડુસા, સરગવા, નીલગીરી વિગેરે. |

---------

**વલસાડ જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા માટે સરકારી છાત્રાલયો**

૧૭૭૬૬ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કુલ–૧૫ સરકારી છાત્રાલયો કાર્યરત છે. |
| (૨) તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે? | (૨) |

| છાત્રાલય | સંખ્યા |
|---|---|
| કુમાર | ૮ |
| કન્યા | ૭ |

---------

**બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ખૂટતા ઓરડાઓ બનાવવા બાબત**

૧૯૧૫૫ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં, તા.૫–૩–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૨૧૬ (અગ્રતા ક્રમઃ ૨૧) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રાથમિક શાળાઓમાં બનાસકાંઠા જીલ્લામાં ૧૧૦૪ અને દાહોદ જીલ્લામાં ૧૪૧૬ ઓરડાઓ ખૂટતા હતા તે પૈકી તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલા ઓરડાઓ જીલ્લાવાર બનાવવામાં આવ્યા, | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જીલ્લાવાર ખૂટતા ઓરડાઓની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| જિલ્લો | ખૂટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૧૧૦૪ |
| દાહોદ | ૧૪૧૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવેશે? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

---------

**જામનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન**

૧૭૭૯૩ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેસ કનેક્શન આપવામાં આવેલ હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૧) ''શૂન્ય''

(૨) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેક્શન આપવામાં આવશે?

(૨) તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શનની સુવિધા પુરી પાડવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં ૧૮૧ ''અભયમ'' મહિલા હેલ્પલાઈન શરૂ કરવા બાબત**

૧૯૫૫૯ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ૧૮૧ ''અભયમ'' મહિલા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉકત હેલ્પલાઇન ક્યારથી શરૂ કરવામાં આવેલ છે,

(૨) તા.૦૪/૦૨/૨૦૧૪ થી.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૩)

| વર્ષ | મળેલ ફરીયાદો |
|---|---|
| જૂન ૨૦૧૭ થી મે ૨૦૧૮ | ૧,૩૫,૪૮૧ |
| જૂન ૨૦૧૮ થી મે ૨૦૧૯ | ૧,૭૪,૮૦૫ |

(૪) હેલ્પલાઇન માટે ઉકત વર્ષવાર વાહનો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪)

| વર્ષ | ખર્ચ (રૂ.) |
|---|---|
| જૂન ૨૦૧૭ થી મે ૨૦૧૮ | ૨,૦૩,૪૮,૩૧૫ |
| જૂન ૨૦૧૮ થી મે ૨૦૧૯ | ૨,૯૪,૨૨,૮૩૮ |

---------

**એમ.સી.એ. અભ્યાસક્રમની કોલેજોની બેઠકો**

૧૯૨૬૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં એમ.સી.એ. અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં સરકારી કોલેજોની ૯૦ અનુદાનિત કોલેજોની ૨૨૦ અને સ્વનિર્ભર કોલેજોની ૪૪૨૨ કુલ બેઠકો છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી ?

(૨) વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્યમાં સરકારી કોલેજોની ૯૦ બેઠકો પૈકી ૮૦ બેઠકો ભરાયેલ અને ૧૦ બેઠકો ખાલી રહેલ, અનુદાનિત કોલેજોની ૨૨૦ બેઠકો પૈકી ૨૧૫ બેઠકો ભરાયેલ અને ૦૫ બેઠકો ખાલી રહેલ અને સ્વનિર્ભર કોલેજોની ૫૧૦૦ બેઠકો પૈકી ૨૪૫ બેઠકો ભરાયેલ અને ૪૮૫૫ બેઠકો ખાલી રહેલ છે.

વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં સરકારી કોલેજોની ૯૦ બેઠકો પૈકી ૮૫ બેઠકો ભરાયેલ અને ૦૫ બેઠકો ખાલી રહેલ, અનુદાનિત કોલેજોની ૨૨૦ બેઠકો પૈકી ૨૧૧ બેઠકો ભરાયેલ અને ૦૯ બેઠકો ખાલી રહેલ અને સ્વનિર્ભર કોલેજોની ૪૪૨૨ બેઠકો પૈકી ૨૫૦ બેઠકો ભરાયેલ અને ૪૧૭૨ બેઠકો ખાલી રહેલ.

---------

**રાજુલા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી**

૧૭૭૦૮ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે

(૧) હા, જી.

નાણાકીય વર્ષમાં રાજુલા, જિ.અમરેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી રકમની ક્યારે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૮,૪૯,૨૯,૦૦૦/-ની વહીવટી મંજૂરી તા.૦૩-૦૭-૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે.

(૩) ઉકત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

---------

**ગરીબ ખેડૂતોને વાછરડા અને બળદ પુરા પાડવાની યોજના**

૧૯૩૦૪ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગરીબ ખેડૂતોને વાછરડા અને બળદ પુરા પાડવાની યોજના અન્વયે માન્ય કરવામાં આવેલી એજન્સીઓ દ્વારા વાછરડા અને બળદને બદલે આખલાઓની ગેરકાયદે હેરાફેરી અને કતલના હેતુસર મોકલવાની ગુનાહિત પ્રવૃત્તિઓ થઈ રહ્યાની કેટલી ગંભીર ફરીયાદો ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) ગરીબ ખેડૂતોને વાછરડા અને બળદ પુરા પાડવાની કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) માન્ય એજન્સીઓ દ્વારા થતી આવા ગુનાહિત પ્રવૃત્તિ થતી રોકવા એજન્સીઓ સામે ઉકત સ્થિતિએ શા પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના**

૧૭૭૨૭ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના કરવાની રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે? | (૨) નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટ તા.૩૦-૧૨-૨૦૧૮ ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે. |

---------

**મહીસાગર જિલ્લામાં સળંગ એકમ અંતર્ગત વર્ગ વધારા**

૧૯૫૨૧ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ-૨૦૧૮માં મહીસાગર જિલ્લામાં કેટલી સરકારી માધ્યમિક શાળાઓમાં સળંગ એકમ અંતર્ગત ધો-૧૧ના કેટલા વર્ગ વધારા આપવામાં આવ્યા, અને | (૧) ૦૧ |
| (૨) તે પૈકી સામાન્ય પ્રવાહમાં કેટલા વર્ગો આપવામાં આવ્યા ? | (૨) ૦૧ |

---------

**બનાસકાંઠામાં બાલારામ અભ્યારણની જાહેરાત**

૧૯૧૫૨ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ | (૧) હા, જી. |

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં ''બાલારામ'' ને અભ્યારણ તરીકે જાહેર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત અભ્યારણ પાછળ કેટલી રકમ ફાળવવામાં આવી, અને તે અન્વયે ક્યા કામ પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| કરેલ કામગીરી | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| હદ રેખા સિમાંકન સ્થાપનાની જાળવણી | ૨૦.૦૦ | ૧૯.૦૯ |
| પ્લાન્ટીંગ, ભુમિ અને ભેજ સંરક્ષણ, રહેઠાણ સુધારણા, હેબીટાટ મેનીપ્યુલેશન, તળાવ, ચેકડેમ, પ્લાન્ટીંગ, લેન્ટેના રીમુવલ | ૯.૨૫ | ૮.૦૦ |
| વન્ય જીવો માટે ખોરાક-પાણીની વ્યવસ્થા, પાણીના પોઈન્ટ તથા રીપેરીંગ અને પાણી ભરવાની કામગીરી | ૧.૦૦ | ૦.૭૦ |
| રેસ્ટ હાઉસની જાળવણી, ટુરીસ્ટ સગવડ, આબોરેટમની જાળવણી | ૫.૭૬ | ૫.૭૬ |
| વોચ ટાવર, વાયરલેસ ટ્રેકીંગ, સાધનો વગેરે તથા તેમની જાળવણી તથા રીપેરીંગ | ૩.૭૫ | ૩.૦૦ |
| ગોદામ, સ્ટાફ કવાર્ટસ, માર્ગ, રસ્તાઓ, કચેરી મકાનની જાળવણી | ૬.૭૫ | ૬.૦૦ |
| વન્યજીવ પુનર્વસન, બચાવ તથા સારસંભાળ | ૭.૭૫ | ૭.૦૦ |
| દવ સંરક્ષણ, ફાયર લાઈન, ફાયર ગાર્ડ અને પેટ્રોલીંગ | ૮.૦૦ | ૭.૮૫ |

---------

## મોરબી અને સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો

૧૬૯૫૯ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મોરબી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો આપવામાં આવેલ છે ?

**જવાબ**

સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ગામોની પસંદગીની બાબત પ્રક્રિયા હેઠળ છે.

---------

## ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને ફાળવેલ ગ્રાન્ટ

૧૯૧૫૮ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટના દુરૂપયોગ બાબતની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૩) મળેલ ફરીયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ભરૂચ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર

૧૮૮૧૨ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં સામુહિક વન

**જવાબ**

(૧) ૭૮ હેકટર.

નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? (૨) રૂ.૩૬.૮૯ લાખ.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વેરીફીકેશન**

૧૯૫૪૫ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું સેટઅપ મંજૂર કરવા માટે જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓ પાસેથી શાળાવાર વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે મળવાપાત્ર મહેકમની વિગતો મંગાવવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો મંજૂર મહેકમ થયા બાદ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી શાળાઓમાં શિક્ષકોના મહેકમનું વેરીફીકેશન કરવામાં આવ્યુ,

(૨)

| **ક્રમ** | **વર્ષ** | **જિલ્લો** | |
|---|---|---|---|
| | | **અમદાવાદ** | **ગાંધીનગર** |
| ૧ | ૨૦૧૭ | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત વેરીફીકેશન દરમ્યાન નિયમો પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં કેટલા શિક્ષકો વધુ જણાયા, અને

(૩)

| **ક્રમ** | **વર્ષ** | **જિલ્લો** | |
|---|---|---|---|
| | | **અમદાવાદ** | **ગાંધીનગર** |
| ૧ | ૨૦૧૭ | ૦૦ | ૦૦ |

(૪) આવા વધુ જણાયેલા શિક્ષકોને શિક્ષકોની ઘટ હોય તેવી શાળાઓમાં મૂકવા સરકારે શું કાર્યવાહી કરી ?

(૪) આવા શિક્ષકોને દરવર્ષે કરવામાં આવતા વધ-ઘટ બદલીના કેમ્પમાં ખાલી જગ્યાવાળી શાળામાં સમાવવામાં આવે છે. જે મુજબ ઉપરના વધુ જણાયેલ શિક્ષકોને ઘટવાળી શાળાઓમાં સમાવવામાં આવેલ છે.

---------

**આંગણવાડી કેન્દ્રોમાં બાળક દીઠ પૌષ્ટિક ગરમ આહાર**

૧૯૧૪૭ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૫/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને અપાતા પૌષ્ટિક ગરમ આહારની બાળકદીઠ કિંમત કેટલી છે,

(૧) ઉક્ત પૌષ્ટિક આહારની બાળકદીઠ દૈનિક કિંમત આ મુજબ અંદાજવામાં આવેલ છે.

| **લાભાર્થી વર્ગ** | **દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન)** |
|---|---|
| બાળકો (૬ માસ થી ૭૨ માસ) | રૂ. ૮-૦૦ |
| અતિ ઓછા વજનવાળા બાળકો (૬ માસ થી ૭૨ માસ) | રૂ.૧૨-૦૦ |

(૨) ઉક્ત દર ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત અંદાજવામાં આવેલ કિંમતના દર સરકારશ્રીના તા. ૦૩/૦૨/૨૦૧૮ ના ઠરાવ મુજબ અમલમાં છે.

(૩) ઉક્ત દરમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ, અને

(૩) ઉક્ત દરમાં છેલ્લે સરકારશ્રીના તા.૦૩/૦૨/૨૦૧૮ના ઠરાવથી વધારો કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૭૨ માસના સામાન્ય વજનવાળા

| | |
|---|---|
| | બાળકો માટે રૂ. ૨ /- નો વધારો<br>• ૬ માસથી ૭૨ માસના અતિ ઓછા વજનવાળા બાળકો માટે રૂ. ૩ /- નો વધારો |
| (૪) ઉક્ત દર વધારવા માટે છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા ? | (૪) પૂરક પોષણના નાણાકિય ધોરણોમાં વધારો કેન્દ્ર સરકારની મંજુરીના આધારે થાય છે. |

---------

**મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૧૯૨૭૫ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં, તા.૧૨-૩-૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૪૧ (અગ્રતા ક્રમઃ ૨૬૪)ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લામાં ૦.૩૨.૦૭ હે.આરે.પ્ર. અને છોટાઉદેપુર જિલ્લામાં ૨૦.૪૯.૫૧ હે.આરે.પ્ર. ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું, | (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિ<br>(૧) મહીસાગર જીલ્લામાં ૦.૩૨.૦૭ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૦.૦૬.૦૦ હે.આરે.પ્ર. દબાણ દૂર કરવામાં આવેલ છે.<br>(૨)છોટાઉદેપુર જીલ્લામાં ૨૦.૪૯.૫૧ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી તમામ દબાણ દૂર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને | (૨) ગૌચર દબાણો સબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જીલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. |
| (૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે? | (૩) મહીસાગર જીલ્લાના ગૌચરના દબાણ અંગેના કેસો નામદાર કોર્ટમાં ચાલતા હોઈ મેટર સબજ્યુડીસ બનેલ છે. કોર્ટના નિર્ણયાધિન કાર્યવાહી કરવામાં આવશે.<br>છોટાઉદેપુર જીલ્લામાં દબાણ દૂર થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજુલાની કેલૉરેક્સ સ્કુલને ધોરણ-૧૧ની માન્યતા**

૧૯૨૩૮ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલામાં આવેલ કેલૉરેક્સ સ્કુલને ધોરણ-૧૧ની માન્યતા ક્યારે આપવામાં આવેલ, | (૧) માન્યતા આપવામાં આવેલ નથી. |
| (૨) જો માન્યતા ન આપવામાં આવેલ હોય તો ધોરણ-૧૧માં આ શાળામાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો આ અન્વયે સરકારે શું પગલાં લીધાં? | (૩) શાળાએ કુલ-૦૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હતો. ફરિયાદ મળતાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના ટ્રાન્સફર સર્ટીફિકેટ પરત કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

---------

**રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ દિવ્યાંગ બાળકોને શિક્ષણ**

૧૯૧૬૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ મુજબ રાજ્યમાં દિવ્યાંગ બાળકોને મફત શિક્ષણ પુરી પાડવાની | (૧) હા. |

જોગવાઈ છે તે હકીકત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સાચી છે. કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ દિવ્યાંગ બાળકોને પ્રાથમિક શાળામાં પ્રવેશ આપ્યા બાદ દ્રષ્ટિ ખામીવાળા બાળકોને તજજ્ઞ શિક્ષક દ્વારા શિક્ષણ પુરૂ પાડવા કોઈ આયોજન થયેલ છે કે કેમ,

(૩) જો હા, તો તેના માટે ઠરાવ કે પરીપત્રો ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવેલ, અને

(૪) જો ના, તો દ્રષ્ટિ ખામીવાળા બાળકોને કોના દ્વારા શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે?

(૨) પ્રાથમિક શાળાઓમાં દ્રષ્ટિની ખામીવાળા બાળકોને શાળાના શિક્ષકો ઉપરાંત સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાએ નિયુક્ત થયેલ સ્પેશીયલ એજ્યુકેશનની લાયકાત ધરાવતા બ્લોક રિસોર્સ પર્સન/રિસોર્સ ટીચર દ્વારા શિક્ષણ પુરૂ પાડવા માટેનું આયોજન કરેલ છે.

(૩) ૨૦૧૫ થી ૨૦૧૮ દરમિયાન વિવિધ પત્રોથી કરવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## એમ.બી.એ. અભ્યાક્રમની કોલેજોની બેઠકો

૧૯૨૫૮ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.એ. અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.એ. અભ્યાસક્રમની સરકારી કોલેજની ૬૦, અનુદાનિત કોલેજોની ૪૪૦ અને સ્વનિર્ભર કોલેજોની ૮૪૯૪ કુલ બેઠકો છે.

(૨) વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્યમાં અનુદાનિત કોલેજોની ૪૪૦ બેઠકો પૈકી ૪૦૯ બેઠકો ભરાયેલ અને ૩૧ બેઠકો ખાલી રહેલ અને સ્વનિર્ભર કોલેજોની ૯૪૩૦ બેઠકો પૈકી ૫૯૨૯ બેઠકો ભરાયેલ અને ૩૫૦૧ બેઠકો ખાલી રહેલ.

વર્ષ ૨૦૧૮-૧૯ માં રાજ્યમાં સરકારી કોલેજની ૬૦ બેઠકો પૈકી ૫૮ બેઠકો ભરાયેલ અને ૦૨ બેઠકો ખાલી રહેલ, અનુદાનિત કોલેજોની ૪૪૦ બેઠકો પૈકી ૪૨૨ બેઠકો ભરાયેલ અને ૧૮ બેઠકો ખાલી રહેલ અને સ્વનિર્ભર કોલેજોની ૮૪૯૪ બેઠકો પૈકી ૬૨૦૪ બેઠકો ભરાયેલ અને ૨૨૯૦ બેઠકો ખાલી રહેલ.

---------

## સુરત અને તાપી જિલ્લામાં જર્જરીત પંચાયત ઘર

૧૯૨૮૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે અને કેટલી ગ્રામ પંચાયતોને પોતાનું પંચાયત ઘર નથી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતો ની સંખ્યા | ઘર વિહોણી |
|---|---|---|---|---|
| ૧ | સુરત | માંડવી | ૨૩ | ૦ |
| | | માંગરોળ | ૧૫ | ૦ |
| | | બારડોલી | ૨૦ | ૦ |
| | | ઓલપાડ | ૨૯ | ૦ |
| | | કામરેજ | ૩ | ૦ |
| | | મહુવા | ૭ | ૦ |
| | | પલસાણા | ૧૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ઉમરપાડા | ૨ | ૦ |
| | | ચોર્યાસી | ૫ | ૦ |
| | | **કુલ** | **૧૧૪** | **૦** |
| ૨ | તાપી | વાલોડ | ૩ | ૦ |
| | | વ્યારા | ૧૮ | ૦ |
| | | ડોલવણ | ૯ | ૧ |
| | | સોનગઢ | ૧૧ | ૦ |
| | | ઉચ્છલ | ૧૧ | ૦ |
| | | નિઝર | ૬ | ૦ |
| | | કુકરમુંડા | ૨ | ૨ |
| | | **કુલ** | **૬૦** | **૩** |

(૨) ઉક્ત પંચાયતોના ઘરની મરામત અને નવા બનાવવા શી કાર્યવાહી કરી?

(૨) ઉક્ત ગ્રામ પંચાયતોના ઘરોની મરામત કરવા અને નવા બનાવવા માટે તા.૩૦-૦૪-૨૦૧૬ અને તા.૦૩-૦૬-૨૦૧૬ના ઠરાવ મુજબ તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૧૯૨૧૭ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં, તા.૧૨-૩-૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૬૩ (અગ્રતાક્રમઃ ૯૬) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮.૫૨.૮૩ હે.આરે.પ્ર. અને ગીર સોમનાથ જિલ્લામાં ૪૧૯.૪૪.૮૪ હે.આરે.પ્ર. ગૌચરની જમીન ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮.૫૨.૮૩ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૭.૬૬.૬૦ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) ગીર સોમનાથ જિલ્લામાં ૪૧૯.૪૪.૮૪ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૧.૫૩.૭૮ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) અને (૩)
ગૌચર દબાણો દૂર કરવા સંબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઇ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે.

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઈ.એક્ટ હેઠળ પ્રવેશ**

૧૯૧૮૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર શહેર-જીલ્લામાં શહેર-જીલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| | **આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ** | |
|---|---|---|
| | **અમદાવાદ** | **ગાંધીનગર** |

| | | |
|---|---|---|
| જૂન –૨૦૧૭ની સ્થિતિએ | ૧૪૯૨૮ | ૧૯૦૭ |
| જૂન –૨૦૧૮ની સ્થિતિએ | ૧૯૮૯૩ | ૨૫૪૯ |

(૨) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે સરકારે શા પગલાં લીધાં?

(૨) છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર જિલ્લામાં આર.ટી.ઈ. એકટ હેઠળ પ્રવેશ ફાળવેલ તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા દ્વારા પ્રવેશ આપેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી કોર્ટની સ્થાપના**

૧૭૭૨૬ **શ્રી પિષુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટની સ્થાપના કરવાની રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે?

(૨) તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટ તા.૨૧–૧૦–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**ગુજરાત નેશનલ લો યુનિવર્સીટીને ફાળવેલ ગ્રાન્ટ**

૧૯૧૭૪ **ડૉ સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત નેશનલ લો યુનિવર્સીટીને રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) આ ગ્રાન્ટના દુરૂપયોગ બાબતની કેટલી ફરિયાદો સરકારને મળી અને,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૧૯૨૧૩ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : ચૌદમી વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૩–૦૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૮૦ (અગ્રતાક્રમ–૮૫) ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કાર્યરત આંગણવાડીઓ પૈકી જામનગર જિલ્લામાં ૨૦૮ અને દેવભુમિદ્વારકા જિલ્લામાં ૧૫૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ ચાલતી હતી, તા.૩૧–૦૫–૨૦૧૯ની, સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા,

(૧) તે પૈકી જામનગર જિલ્લામાં ૩૯ અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં ૨૭ આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો નથી, અને

(૨) જામનગર જિલ્લામાં કુલ ૧૬૯ અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧૩૦ આંગણવાડીઓના પોતાના મકાનો નથી.

(૩) આવી આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમનાં ક્યાં સુધીમાં મકાન બનાવવાનું આયોજન છે?

(૩) **જામનગર જિલ્લો**

- ૪૮ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ મનરેગા

યોજના હેઠળ પ્રગતિમાં છે.

- ૧૨૧ આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

**દેવભૂમિ દ્વારકા જિલ્લો**

- ૧૩૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ**

૧૭૭૭૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૮૭ |
| (૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૭૫ ભરાયેલ અને ૧૨ ખાલી |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે? | (૩) વહીવટી અનુકુળતા મુજબ. |

---------

**બોટાદ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૩૮ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બોટાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| બોટાદ | ૧૨૨ |
| ગઢડા | ૭૩ |
| બરવાળા | ૧૪ |
| રાણપુર | ૩૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| બોટાદ | ૧૦૭ | ૧૫ |
| ગઢડા | ૭૨ | ૧ |
| બરવાળા | ૯ | ૫ |
| રાણપુર | ૩૦ | ૭ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી,
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી,
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં આર.ટી.ઈ.એક્ટ હેઠળ પ્રવેશ**

૧૯૨૪૪ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાઈટ ટુ એજયુકેશન એક્ટ અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને બોટાદ શહેર-જિલ્લામાં શહેર-જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને

(૧)

| | આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ | | |
|---|---|---|---|
| | ભાવનગર શહેર | ભાવનગર જિલ્લો | બોટાદ |
| જૂન - ૨૦૧૭ની સ્થિતિએ | ૭૭૭ | ૧૫૧૨ | ૬૩૦ |

| | | | |
|---|---|---|---|
| જૂન – ૨૦૧૮ની સ્થિતિએ | ૯૯૦ | ૧૪૧૪ | ૭૦૭ |

(૨) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે સરકારે શા પગલાં લીધાં?

(૨) પત્રક–૧ સામેલ છે.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ ન આપેલ શાળાનું નામ | શાળા સામે કરેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | સચ્ચિદાનંદ ગુરુકુળ ટ્રસ્ટ સંચાલિત સેંટ મેરીસ સ્કુલ | લઘુમતી શાળા હોવાનો દાવો કરતી અને લઘુમતી દરજ્જાનું પ્રમાણપત્ર ન ધરાવતી સદર શાળાઓએ નામદાર હોઈકોર્ટમાં જુદી જુદી એસ.સી.એ દાખલ કરેલ હતી તથા પી.આઈ.એલ. ૧૦૫/૨૦૧૮ પણ દાખલ થયેલ હતી જેમાં નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૩૦–૦૭–૨૦૧૮ના રોજ રાજ્ય સરકારની તરફેણમાં ચુકાદો આપેલ હતો જેની સામે સદર સંસ્થાઓએ નામદાર સુપ્રીમકોર્ટમાં એસ.એલ.પી. નં. ૨૧૭૧૫/૨૦૧૮ દાખલ કરેલ છે. જે હાલમાં નામદાર સુપ્રીમકોર્ટમાં ન્યાયાધીન છે. |
| ૨ | ભાવનગર | સચ્ચિદાનંદ ગુરુકુળ ટ્રસ્ટ સંચાલિત સચ્ચિદાનંદ ગુરુકુળ વિદ્યાલય | |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌશાળાઓને અદ્યતન/આધુનિક બનાવવા સહાય**

૧૭૭૭૧ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળાઓને અધ્યતન બનાવવા માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી સંસ્થાઓને સહાય ચૂકવવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | સહાય ચૂકવેલ સંસ્થાની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | ૯ |
| તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ | ૭ |

---------

**કચ્છ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ**

૧૭૮૪૬ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ કેટલું છે,

(૧) ૮૭

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ૭૫ ભરાયેલ અને ૧૨ ખાલી

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે?

(૩) વહીવટી અનુકુળતા મુજબ.

---------

**આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને દૈનિક પૌષ્ટિક આહાર**

૧૯૫૫૩ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૫/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને દૈનિક પૌષ્ટિક ગરમ આહાર

(૧) રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સવારનો ગરમ પૌષ્ટિક આહાર પ્રતિ દિન પ્રતિ લાભાર્થી ૫૦ ગ્રામ

બાળકદીઠ કેટલો આપવામાં આવે છે,

પ્રમાણે અને બપોરનો ગરમ પૌષ્ટિક આહાર પ્રતિ દિન પ્રતિ લાભાર્થી ૮૦ ગ્રામ પ્રમાણે અઠવાડિયાના ૭ દિવસ આપવામાં આવે છે.

(૨) બાળકદીઠ આપવામાં આવતા પૌષ્ટિક આહારની કિંમત કેટલી અંદાજવામાં આવેલ છે,

(૨) પૌષ્ટિક આહારની બાળકદીઠ કિંમત આ મુજબ અંદાજવામાં આવેલ છે.

| **લાભાર્થી વર્ગ** | **દર (પ્રતિ લાભાર્થી પ્રતિ દિન)** |
|---|---|
| બાળકો (૬ માસ થી ૭૨ માસ) | રૂ. ૮–૦૦ |
| અતિ ઓછા વજનવાળા બાળકો (૬ માસ થી ૭૨ માસ) | રૂ.૧૨–૦૦ |

(૩) ઉક્ત અંદાજવામાં આવેલ કિંમતના દર ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉક્ત અંદાજવામાં આવેલ કિંમતના દર સરકારશ્રીના તા. ૦૩/૦૨/૨૦૧૮ ના ઠરાવથી અમલમાં છે.

(૪) ઉક્ત ગુણવત્તાનો અને પૂરતો પૌષ્ટિક ગરમ આહાર બાળકોને મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં આ દરમાં ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો?

(૪) ઉક્ત દરમાં સરકારશ્રી દ્વારા છેલ્લા બે વર્ષમાં તા.૦૩/૦૨/૨૦૧૮ના ઠરાવથી નીચે મુજબ વધારો કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૭૨ માસના સામાન્ય વજનવાળા બાળકો માટે રૂ. ૨ /–નો વધારો કરવામાં આવેલ છે.
- ૬ માસથી ૭૨ માસના અતિ ઓછા વજનવાળા બાળકો માટે રૂ. ૩ /– નો વધારો કરવામાં આવેલ છે.

---------

**ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી. કોર્ટની સ્થાપના**

૧૭૭૨૫ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટની સ્થાપના કરવાની રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કોર્ટ ક્યારે કાર્યરત કરવામાં આવેલ છે?

(૨) તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટ તા.૨૧–૧૦–૨૦૧૮ના રોજ કાર્યરત કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં ઉચ્ચ ટેકનીકલ અભ્યાસક્રમોમાં ફી વધારાને માન્યતા**

૧૯૧૯૨ **શ્રી નૌશાદભાઈ સાલંકી** (દસાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ અભ્યાસક્રમોમાં ક્યારે કેટલી રકમનો ફી વધારો સરકાર દ્વારા માન્ય કરવામાં આવ્યો, અને

(૧) (૧) વર્ષ ૨૦૧૭–૧૮માં ૫૭૯ સ્વ–નિર્ભર કોલેજો પૈકી ૧૨૪ સંસ્થાઓમાં રૂ.૫૦૦/– થી રૂ.૩૯૦૦૦/– સુધીનો ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ વધારો કરાયેલ હતો.

(૨) વર્ષ ૨૦૧૮–૧૯માં ૬૦૩ સ્વ–નિર્ભર સંસ્થાઓ

| | |
|---|---|
| | પૈકીની ૧૫૫ સંસ્થાઓને ૧૦૦૦/- થી ૧૮૦૦૦/- સુધીનો ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ વધારો કરાયેલ હતો. |
| (૨) ઉચ્ચ શિક્ષણમાં ફી વધારો કરવાના શાં કારણો છે? | (૨) સ્વ-નિર્ભર સંસ્થામાં અધ્યાપકો અને અન્ય કર્મચારીના પગાર અને ભથ્થામાં ઉત્તરોત્તર થતો વધારો, શૈક્ષણિક ગુણવત્તા માટે જરૂરી માળખાકીય સવલતોનાં વિકાસ અને મરામતના ખર્ચ, નવીનતમ ટેકનોલોજીની લેબોરેટરીઓ માટે અદ્યતન સાધન-સામગ્રી વિગેરેની ખરીદીના ખર્ચને કારણે, ફી રેગ્યુલેટરી કમિટા દ્વારા મંજૂર કરવામાં આવેલ વધારો કરાયેલ હતો. |

---------

**ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો**

૧૬૯૩૫ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજનો દરજ્જો આપવામાં આવેલ છે? | સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ગામોની પસંદગીની બાબત પ્રક્રિયા હેઠળ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં ગૌશાળાઓને અદ્યતન/આધુનિક બનાવવા સહાય**

૧૭૭૬૯ **શ્રી ઋષિકેશ પટે** (વિસનગર) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળાઓને અદ્યતન બનાવવા માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી સંસ્થાઓને સહાય ચૂકવવામાં આવી? | (૨) |

(૧) મહિસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯માં વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) આ ચેકડેમ અને વન તલાવડી બનાવવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| વર્ષ | ચેકડેમ | વન તલાવડી |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩ | ૧૬ |
| ૨૦૧૮–૧૯ | ૧૩ | ૭૩ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|

તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

| | ચેકડેમ | વન તલાવડી |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૭.૨૧ | ૬૩.૬૭ |
| ૨૦૧૮–૧૯ | ૭૩.૯૭ | ૨૨૨.૧૬ |

---------

**રાજ્યકક્ષાના વિજ્ઞાન પ્રદર્શનનું આયોજનના બાબત**

૧૭૭૯૫ **શ્રી જગદીશભાઈ પંચાલ** (નિકોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિજ્ઞાન ક્ષેત્રે પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ માટે રાજ્ય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનનું નિયમિત આયોજન દર વર્ષે કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૮–૧૯માં આ પ્રદર્શનનું આયોજન ક્યાં કરવામાં આવેલ, | (૨) વર્ષ ૨૦૧૮–૧૯માં રાજ્ય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન તા.૨૪ થી ૨૭ જાન્યુઆરી–૨૦૧૯ દરમ્યાન સુર્યા વરસાણી એકેડમી, ભુજ ખાતે કરવામાં આવ્યું હતું. |
| (૩) તેમાં કેટલી શાળાઓએ ભાગ લીધેલ હતો, અને | (૩) રાજ્ય કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં ૪૬૭ શાળાઓએ ભાગ લીધો હતો. |
| (૪) વિજ્ઞાન પ્રદર્શનમાં મુખ્યત્વે કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ? | (૪) આ પ્રદર્શનમાં નીચે જણાવેલ વિષયો મુજબ વિદ્યાર્થીઓ દ્વારા મોડેલ તૈયાર કરી રજૂ કરવામાં આવેલ છે.<br>**મુખ્ય વિષયઃ**<br>જીવનના પડકારો માટે વૈજ્ઞાનિક ઉપાયો<br>**પેટા વિષયોઃ**<br>૧. કૃષિ અને સજીવ ખેતી ૨. સ્વાસ્થ્ય અને સ્વચ્છતા ૩. સંસાધન વ્યવસ્થાપન ૪. કચરાનું વ્યવસ્થાપન. ૫.(એ) પરિવહન અને પ્રત્યાયન (બી) ગાણિતિક નમૂના નિર્માણ.<br>આ ઉપરાંત નીચે જણાવેલ અન્ય કાર્યક્રમોનો પણ આયોજનમાં સમાવેશ કરવામાં આવેલ.<br>૧. વૈજ્ઞાનિક અભિગમ અંગે વકતવ્ય.<br>૨. કચ્છી સપૂત પંડિત શ્યામજી કૃષ્ણવર્માના જીવન કવન પર આધારિત નાટક.<br>૩. આકાશ દર્શન.<br>૪. સફેદ રણ ધોરડોની મુલાકાત.<br>૫. કચ્છના ગામડાની સંસ્કૃતિને ઉજાગર કરતું મિનિ મ્યુઝીયમ. |

---------

**નવસારી જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ**

૧૭૮૪૮ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૫૬ |
| (૨) તે પૈકી, ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૪૫ ભરાયેલ અને ૧૧ ખાલી. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે ? | (૩) વહીવટી અનુકૂળતા મુજબ. |

---------

અતારાંકિત પ્રશ્નો

### જૂનાગઢ અને ખેડા જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ

૧૯૨૧૯ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૬-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નક્રમાંકઃ ૯૯૫૩ (અગ્રતા ક્રમઃ ૩૧૯) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ૧૨૬.૯૧.૭૫ હે.આરે.પ્ર. અને ખેડા જિલ્લામાં ૨૩.૫૩.૪૮ હે.આરે.પ્ર. ગૌચરની જમીન ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિ

(૧) જૂનાગઢ જિલ્લામાં ૧૨૬.૯૧.૭૫ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૭૬.૯૧.૨૯ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) ખેડા જિલ્લામાં ૨૩.૫૩.૪૮ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૨૧.૫૮.૧૭ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) અને (૩) ગૌચર દબાણો દૂર કરવા સબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઇ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે.

---------

### અમદાવાદ જિલ્લામાં સેન્દ્રિય ખાતર બનાવવા સહાય

૧૯૫૩૨ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં સેન્દ્રિય ખાતર બનાવવા માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો કેવી સંસ્થાઓને સહાય આપવામાં આવે છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી સંસ્થાઓને કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ચેરીટી કમિશ્નરશ્રી દ્વારા માન્ય ટ્રસ્ટો સંચાલિત ગૌશાળાઓ/પાંજરાપોળો, સખી મંડળો તેમજ એનિમલ હોસ્ટેલ.

(૩)

| વર્ષ | સંસ્થાઓની સંખ્યા | સહાય રકમ રૂપિયા |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧ | ૫૦,૦૦૦/- |
| ૨૦૧૮-૧૯ | ૦ | ૦ |

---------

### ગુજરાત નેશનલ લો યુનિવર્સીટીને ફાળવેલ ગ્રાન્ટ

૧૯૧૬૪ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત નેશનલ લો યુનિવર્સીટીને રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટના દુરૂપયોગ બાબતની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૩) મળેલ ફરીયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં

**જવાબ**

(૧) કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આવી?

---------

**તાપી અને વલસાડ જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૧૯૨૯૪ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૧૨-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નક્રમાંકઃ ૫૨૫૭ (અગ્રતા ક્રમઃ ૪) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ૭૧.૦૮.૨૬ હે.આરે.પ્ર. અને વલસાડ જિલ્લામાં ૦.૪૬.૧૨ હે.આરે.પ્ર. ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું, | (૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિ<br>(૧) તાપી જિલ્લામાં ૭૧.૦૮.૨૬ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૧૯.૬૨.૦૦ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.<br>(૨) વલસાડ જિલ્લામાં ૦.૪૬.૧૨ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦.૧૦.૧૨ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને<br>(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે ? | (૨) અને (૩) ગૌચર દબાણો દૂર કરવા સબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઇ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે. |

---------

**સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૧૯૧૯૫ **શ્રી સોમાભાઈ કોળી પટેલ** (લીંબડી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલાં સત્રમાં, તા.૧૨-૩-૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૬૯ (અગ્રતાક્રમઃ ૪૬) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૩.૦૩.૬૭ હે.આરે.પ્ર. અને ભાવનગર જિલ્લામાં ૪૯૯.૬૯.૫૯ હે.આરે.પ્ર. ગૌચરની જમીન ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું, | (૧) તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ<br>(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૩.૦૩.૬૭ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી તમામ દબાણ દૂર કરવામાં આવેલ છે.<br>(૨) ભાવનગર જિલ્લામાં ૪૯૯.૯૯.૫૯ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૪૯.૫૧.૩૭ હે.આરે.પ્ર. દબાણ દૂર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને<br>(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે? | (૨) અને (૩)<br>ગૌચર દબાણો દૂર કરવા સંબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઇ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે. |

---------

અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં ગૌશાળા/પાંજરાપોળોને આંતરમાળખાકીય સહાય**

૧૭૭૯૭ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા–પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગૌશાળા/પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨)

| **વર્ષ** | **સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળોની સંખ્યા** | **ચૂકવેલ સહાયની રકમ રૂપિયા** |
|---|---|---|
| તા.૦૧–૦૪–૨૦૧૭ થી તા.૩૧–૦૩–૨૦૧૮ | ૬ | ૨૧,૦૦,૦૦૦/– |
| તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ | ૩ | ૪,૫૧,૮૩૭/– |

---------

**મહેસાણા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધવા બાબત**

૧૭૭૯૨ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં વર્ષ–૨૦૧૮માં આંગણવાડી કેન્દ્રોના કેટલા મકાન બાંધવામાં આવેલ છે, અને

(૨) આ મકાનો કઈ યોજના હેઠળ બાંધવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૨૩ (ત્રેવીસ)

(૨) ૨૩ મકાનો પૈકી ૨૧ મકાન મનરેગા યોજનામાં અને ૨ મકાન રાજ્ય સરકારની જર્જરીત યોજના હેઠળ બાંધવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લામાં નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવાની મંજૂરી**

૧૭૭૭૭ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **મંજૂર કરેલ ગ્રામ પંચાયત ઘરની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૬૩ |
| ૨૦૧૮–૧૯ | ૧૩ |
| **કુલ** | **૭૬** |

(૨)

| **વર્ષ** | **મંજૂર કરેલ અનુદાન (રૂ. કરોડમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૯.૨૨ |
| ૨૦૧૮–૧૯ | ૧.૯૪ |
| **કુલ** | **૧૧.૧૬** |

---------

**દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય**

૧૭૭૭૩ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને સાયકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં

| | |
|---|---|
| ૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે ? | તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ધોરણ-૯માં અભ્યાસ કરતી કુલ-૧૧,૧૩૯ વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે. |

---------

**માતર તાલુકામાં ગ્રામ પંચાયતને ૧૪માં નાણાપંચ અંતર્ગત બેઝીક ગ્રાન્ટ**

૧૭૮૯૮ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાની માતર તાલુકાની તમામ ગ્રામ પંચાયતોને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ની ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) ખેડા જિલ્લાની માતર તાલુકાની તમામ ગ્રામ પંચાયતોને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ રૂ.૪,૭૮,૫૪,૬૪૦/- બેઝીક ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) માતર તાલુકાની ગ્રામ પંચાયતો દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ની મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા તથા કેટલા કામો ચાલુ છે, અને | (૨) માતર તાલુકાની ગ્રામ પંચાયતો દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં મળેલ બેઝીક ગ્રાન્ટમાંથી કુલ ૪૫૮ કામો પૂર્ણ કરવામાં આવ્યા અને ૩૮ કામ ચાલુ છે. |
| (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ? | (૩) ઉક્ત પુર્ણ થયેલ કામો સામે રૂ.૪,૨૫,૧૭,૫૫૫/- ખર્ચ થયેલ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં માનવ ગરિમા યોજનાનો અમલ**

૧૭૭૪૮ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઇસમોને સ્વરોજગાર માટે સાધન સહાય આપવા માનવ ગરિમા યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૮-૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો? | (૨) ૧૦૨૫ |

---------

**દાહોદ જિલ્લામાં કાર્યરત કુમાર અને કન્યા માટે સરકારી છાત્રાલયો**

૧૭૭૬૭ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, | (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કુલ-૧૩ સરકારી છાત્રાલયો કાર્યરત છે. |
| (૨) તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે? | (૨) |

| છાત્રાલય | સંખ્યા |
|---|---|
| કુમાર | ૮ |
| કન્યા | ૫ |

---------

**પાટણ જિલ્લામાં આંગણવાડી તેડાગર બહેનોને રસોઈ તાલીમ**

૧૭૭૪૬ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં આંગણવાડી તેડાગર બહેનોને રસોઇ અંગેની તાલીમ આપવામાં આવે છે કે કેમ? | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાર કેટલી બહેનોએ તાલીમ લીધેલ છે? | (૨) |

| તાલુકાનું નામ | રસોઇ અંગેની તાલીમ લીધેલ તેડાગર |
|---|---|

| | **બહેનોની સંખ્યા** |
|---|---|
| સમી | ૨૨ |
| શંખેશ્વર | ૧૨ |
| હારીજ | ૭ |
| ચાણસ્મા | ૮ |
| સિધ્ધપુર | ૧૧ |
| પાટણ | ૧૫ |
| સરસ્વતી | ૧૦ |
| રાધનપુર | ૭ |
| સાંતલપુર | ૮ |

---------

**ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન બાબતે**

૧૭૭૯૬ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૮–૧૯ માટેનું રાષ્ટ્રીય વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન ક્યાં અને ક્યારે કરવામાં આવેલ હતું,

(૨) આ રાષ્ટ્રીય પ્રદર્શનમાં સમગ્ર દેશમાંથી કેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, અને

(૩) રાષ્ટ્રીય પ્રદર્શનમાં પ્રદર્શન ઉપરાંત કઈ કઈ બાબતોને સમાવેશ કરેલ હતો?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૮–૧૯ માટેનું રાષ્ટ્રીય વિજ્ઞાન–ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન તા.૨૩ થી ૨૮ નવેમ્બર ૨૦૧૮ દરમ્યાન સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ, નવરંગપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

(૨) આ રાષ્ટ્રીય પ્રદર્શનમાં ૨૭૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(૩) સમગ્ર દેશમાંથી આવેલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ગુજરાત રાજ્યની સંસ્કૃતિની ઓળખ થાય તે હેતુસર અક્ષરધામ, ગાંધી આશ્રમ, સાયન્સ સિટી, નર્મદા ડેમ, સ્ટેચ્યું ઓફ યુનિટી, હેરીટેજ સિટી અમદાવાદ–કાંકરીયા તળાવની એક્સપોઝર વિઝીટ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત Our Customs through the Eye of Gravitation Waves, Environment Security, DNA Technology, Innovation and Creativity, Believe to Achieve વિષયો પર બાળ વૈજ્ઞાનિકો સાથે સેમિનાર અને ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

---------

**રાજ્યની યુનિવર્સિટીમાં સત્તામંડળોમાં એસસી/એસટી માટે અનામત પ્રથા**

૧૯૨૪૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **ચૌદમી ગુજરાત વિધાનસભા પહેલા સત્રમાં, તા.૨૩–૦૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૦૨ (અગ્રતા ક્રમ–૧૫૦) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) યુ.જી.સી.એ આપેલ આદેશ મુજબ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સિન્ડીકેટ અને એકેડેમિક કાઉન્સિલ વગેરે)માં એસસી/એસટી માટે અનામત પ્રથા લાગુ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તે કાર્યવાહી તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) જો ઉક્ત કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તો રાજ્યની કેટલી યુનિવર્સિટીમાં ઉક્ત આદેશ લાગુ કરવામાં આવેલ છે, અને

(૩) જો ઉક્ત આદેશ લાગુ કરવાનો ઉક્ત સ્થિતિએ

**જવાબ**

(૧) નિવૃત્ત જજ શ્રી એચ. કે. રાઠોડની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની સમિતિનું પુનઃગઠન કરવામાં આવેલ છે તથા તા.૩૧–૦૫–૨૦૧૯ સ્થિતિએ સમિતિમાં નોડલ ઓફીસરની નિમણૂક કરવાના તબક્કામાં કાર્યચવાહી ચાલુ છે.

(૨) કાર્યવાહી પૂર્ણ થયેલ ન હોવાથી આદેશ લાગુ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સમિતિના સુચનો/ભલામણો રાજ્ય સરકારને

બાકી હોય તો તેનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવશે? મળ્યા બાદ નિયત પ્રક્રિયા પૂર્ણ થયેથી.

---------

**મહેસાણા જિલ્લામાં નવીન તાલુકા પંચાયત ઘર બનાવવાની મંજૂરી**

૧૭૮૬૪ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧(એક) તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી.

(૨) રૂ.૨૪૦.૦૦ લાખ.

**સાબરકાંઠા જિલ્લામાં ગૌશાળાઓને અદ્યતન/આધુનિક બનાવવા સહાય**

૧૭૮૦૪ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળાઓ઼ેને અદ્યતન બનાવવા માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી સંસ્થાઓને સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | સહાય ચૂકવેલ સંસ્થાઓ |
|---|---|
| તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૮ | ૪ |
| તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૯ | ૧ |

**ભરૂચ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ**

૧૭૭૫૫ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો, અને

(૨) ભરૂચ જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૨૫–૦૮–૨૦૧૪ થી

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | રૂ. ૪૦૫.૮૦ લાખ | ૨૨,૭૪૬ |

---------

**વલસાડ જિલ્લામાં સ્ટાફનર્સનું મંજૂર મહેકમ**

૧૭૮૫૧ **શ્રી કનુભાઇ દેસાઇ** (પારડી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સ્ટાફનર્સનું મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે?

**જવાબ**

(૧) ૯૪

(૨) ૭૫ જગ્યાઓ ભરાયેલ અને ૧૯ જગ્યાઓ ખાલી છે.

(૩) વહીવટી અનુકુળતા મુજબ.

---------

**કચ્છ જિલ્લાની શાળામાં વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ**

૧૭૮૧૦ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં કેટલી શાળાઓને લાભ

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ૪૨ સરકારી માધ્યમિક શાળાઓ અને ૦૬ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એમ કુલ–૪૮ શાળાઓમાં વિદ્યાર્થી પહેલ યોજના

આપવામાં આવ્યો, અને — અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯માં લાભ આપવામાં આવ્યો.

(૨) તે અન્વયે કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી? — (૨) રૂ. ૪૮,૦૦,૦૦૦/-

**પંચમહાલ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ**

૧૭૮૪૪ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં મુખ્યસેવિકાનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૮૩ |
| (૨) તે પૈકી, ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૬૮ ભરાયેલ અને ૧૫ ખાલી |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શું છે? | (૩) વહીવટી અનુકુળતા મુજબ. |

**પંચમહાલ જિલ્લામાં નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવાની મંજૂરી**

૧૭૮૫૩ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૧)

| વર્ષ | ગ્રામ પંચાયત ઘરની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૨૫ |
| ૨૦૧૮-૧૯ | ૫૨ |
| **કુલ** | **૭૭** |

(૨) તે માટે કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

(૨)

| વર્ષ | રકમ રૂપીયા (કરોડમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૩.૭૦ |
| ૨૦૧૮-૧૯ | ૭.૫૬ |
| **કુલ** | **૧૧.૨૬** |

---------

**દસક્રોઇ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૭૮૩૬ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ માં કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) ૮૧ હેક્ટર |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૩૧.૯૩ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં ગૌશાળા/પાંજરાપોળોને આંતરમાળખાકીય સહાય**

૧૭૮૦૦ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને — (૧) હા

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી ગૌશાળા/પાંજરાપોળોને સહાય ચૂકવવામાં આવી?

(૨)

| વર્ષ | સહાય ચૂકવેલ ગૌશાળા પાંજરાપોળોની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ રૂપિયા |
|---|---|---|
| તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૮ | ૧૪ | ૪૯,૯૪,૫૬૩/- |
| તા.૦૧/૦૪/૨૦૧૮ થી | ૭ | ૧૭,૮૫,૮૭૫/- |

| તા.૩૧/૦૩/૨૦૧૯ | | |
|---|---|---|

---------

**વલસાડ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૮૪ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯ માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને

(૩) અરજીઓ ના મંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૩૧૮ |
| પારડી | ૧૭૪ |
| વાપી | ૧૬૭ |
| ધરમપુર | ૯૬ |
| કપરાડા | ૪૭ |
| ઉમરગામ | ૧૪૧ |

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| વલસાડ | ૩૧૬ | ૨ |
| પારડી | ૧૨૦ | ૬ |
| વાપી | ૧૩૪ | ૦ |
| ધરમપુર | ૯૦ | ૦ |
| કપરાડા | ૪૭ | ૦ |
| ઉમરગામ | ૧૪૧ | ૭ |

(૩)
- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**બનાસકાંઠા અને સુરત જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૧૯૧૫૭ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : ચૌદમી વિધાનસભાના પહેલાં સત્રમાં તા.૨૩–૨–૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૭૯૫ (અગ્રતા ક્રમઃ૨૫૪) ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કાર્યરત આંગણવાડીઓ પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૩૦૪ અને સુરત જિલ્લામાં ૧૮૬ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ ચાલતી હતી, તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો નથી, અને

(૩) આવી આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમનાં ક્યાં સુધીમાં મકાન બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૯૧ અને સુરત જિલ્લામાં ૧૧૨ આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા.

(૨) બનાસકાંઠા જિલ્લામાં કુલ ૨૧૩ અને સુરત જિલ્લામાં ૭૪ આંગણવાડીઓના પોતાના મકાનો નથી.

(૩) **બનાસકાંઠા જિલ્લોઃ**

૨૧૩ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

**સુરત જિલ્લોઃ**

૨૪ આંગણવાડીનું બાંધકામ પ્રગતિમાં છે અને ૫૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે તબક્કાવાર આયોજન કરેલ છે.

---------

**જામનગર જિલ્લામાં નવીન તાલુકા પંચાયત મકાન બનાવવાની મંજૂરી**

અતારાંકિત પ્રશ્નો

૧૭૮૬૨ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર-ગ્રામ્ય) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં કેટલા તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં ૧(એક) તાલુકા પંચાયતના નવીન મકાન બનાવવા માટે મંજૂરી આપવામાં આવી.

(૨) રૂ.૨૩૯.૦૧ લાખ.

---------

**રાજકોટ શહેર અને જિલ્લામાં તેમજ મોરબી જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ**

૧૯૫૬૦ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં તથા મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર.ટી.ઈ. હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) આર.ટી.ઈ. હેઠળ નિયમોનુસાર પ્રવેશ ન આપતી હોય તેવી તાલુકાવાર કેટલી શાળા સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | **આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ** | | |
|---|---|---|---|
| | **રાજકોટ શહેર** | **રાજકોટ જિલ્લો** | **મોરબી જિલ્લો** |
| જૂન -૨૦૧૭ ની સ્થિતિએ | ૫૧૩૮ | ૨૫૩૪ | ૧૨૯૯ |
| જૂન -૨૦૧૮ ની સ્થિતિએ | ૪૪૮૨ | ૩૨૪૫ | ૧૮૧૯ |

(૨) પત્રક-૧ સામેલ છે.

**પત્રક-૧**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **RTE હેઠળ પ્રવેશ ન આપેલ શાળાનું નામ** | **શાળા સામે કરેલ કાર્યવાહીની વિગત** |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | વિંછીયા | નવ વિધાન ઇંગ્લીશ મીડીયમ સ્કુલ | શૈ. વર્ષ ૨૦૧૭-૧૮ માં ઓનલાઇન પ્રવેશ દરમિયાન સદર શાળા દ્વારા આરટીઇ હેઠળ પ્રવેશ આપવાની ના પાડતા શાળાની મંજુરી રદ કરવામાં આવેલ હતી જે અન્વયે હાલ નામ. હાઇકોર્ટમાં આ મેટર પેન્ડીંગ છે. |
| ૨ | મોરબી | મોરબી | સેન્ટ મેરી સ્કુલ | લઘુમતી શાળા હોવાનો દાવો કરતી અને લઘુમતી દરજ્જાનું પ્રમાણપત્ર ન ધરાવતી સદર શાળાએ નામ.હાઇકોર્ટમાં જુદી જુદી SCA દાખલ કરેલ હતી. તથા, PIL 105/2018 પણ દાખલ થયેલ હતી. જે અન્વયે નામ. હાઇકોર્ટ દ્વારા તા.૩૦-૦૭-૨૦૧૮ નાં રોજ રાજ્ય સરકારની તરફેણમાં ચુકાદો આપેલ હતો. આ ચુકાદા સામે સદર સંસ્થાઓએ નામ સુપ્રીમ કોર્ટમાં SLP NO.21715/2018 દાખલ કરેલ છે. હાલ નામ. સુપ્રીમ કોર્ટમાં આ મેટર પેન્ડીંગ છે. |

---------

**ખેડા અને વલસાડ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

૧૯૨૬૪ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : ચૌદમી વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૩-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૭૧(અગ્રતા ક્રમઃ ૧૨૯) ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાર્યરત આંગણવાડીઓ પૈકી ખેડા જિલ્લામાં ૨૮૬ અને વલસાડ જિલ્લામાં ૨૭૫ આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાઓ ચાલતી હતી,

**જવાબ**

(૧) તે પૈકી ખેડા જિલ્લામાં ૨૩ અને વલસાડ જિલ્લામાં ૫૯ આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા.

તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો બાંધવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કુલ કેટલી આંગણવાડીઓના પોતાના મકાનો નથી, અને

(૩) આવી આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમનાં ક્યાં સુધીમાં મકાન બનાવવાનું આયોજન છે ?

(૨) ખેડા જિલ્લામાં કુલ ૨૬૩ અને વલસાડ જિલ્લામાં ૨૧૬ આંગણવાડીઓના પોતાના મકાનો નથી.

(૩) **ખેડા જિલ્લોઃ**

- ૫૭ મકાનોનું મનરેગા કન્વર્ઝન અંતર્ગત બાંધકામ પ્રગતિ હેઠળ છે.
- ૨૦૬ આંગણવાડી કેન્દ્રોનું તબક્કાવાર આયોજન કરેલ છે.

**વલસાડ જિલ્લોઃ**

- ૬૭ આંગણવાડી મનરેગા યોજના હેઠળ ૧૮ આંગણવાડી ટી.એસ.પી. યોજના હેઠળ અને ૪ આંગણવાડી જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ફંડમાંથી બાંધકામ હેઠળ પ્રગતિમાં છે.
- ૧૨૭ આંગણવાડી કેન્દ્રોનું તબક્કાવાર આયોજન કરેલ છે.

## શિહોર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

૧૭૭૪૫ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯માં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાઓનું વાવેતર છે, અને

(૧) ૪૦ હેક્ટર.

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૨૧.૦૪ લાખ.

---------

## અમરાપુર ગામની જમીનમાં જંગલ વિસ્તારના પાણીથી ધોવાણ

૧૯૫૪૭ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પેડાગડા ગ્રામપંચાયતમાં આવતા અમરાપુર ગામના ખેડૂતોની જમીનમાં જંગલ વિસ્તારનું પાણી પુર રૂપે આવવાથી જમીનનું ધોવાણ થાય છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો જંગલ વિસ્તારમાં પુરથી આવતું પાણી રોકવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) જંગલ વિસ્તારમાં પુરથી આવતું પાણી રોકવા હાલ વન વિભાગમાં કોઈ યોજના અમલમાં નથી. પરંતુ વર્ષ ૨૦૧૬–૧૭માં ઉક્ત વિસ્તારની સીમ પર સંરક્ષણ પાળો બાંધવામાં આવેલ.

---------

## વડોદરા જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ

૧૭૭૯૧ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| વડોદરા શહેર (પૂર્વ) | ૩૫૦ |
| વડોદરા શહેર (પશ્ચિમ) | ૬૯ |
| વડોદરા શહેર (ઉત્તર) | ૬૩ |
| વડોદરા શહેર (દક્ષિણ) | ૧૦૫ |
| વડોદરા (ગ્રામ્ય) | ૨૧૯ |
| પાદરા | ૧૭૯ |

| | |
|---|---|
| કરજણ | ૧૩૭ |
| સાવલી | ૨૬૧ |
| ડેસર | ૧૨૦ |
| ડભોઈ | ૧૯૯ |
| શિનોર | ૩૬ |
| વાઘોડીયા | ૧૪૬ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| વડોદરા શહેર (પૂર્વ) | ૨૮૯ | ૫૭ |
| વડોદરા શહેર (પશ્ચિમ) | ૫૯ | ૪ |
| વડોદરા શહેર (ઉત્તર) | ૫૦ | ૨ |
| વડોદરા શહેર (દક્ષિણ) | ૧૦૦ | ૩ |
| વડોદરા (ગ્રામ્ય) | ૧૫૫ | ૬૨ |
| પાદરા | ૧૭૪ | ૫ |
| કરજણ | ૧૦૮ | ૫ |
| સાવલી | ૨૫૭ | ૪ |
| ડેસર | ૭૮ | ૪૨ |
| ડભોઈ | ૧૯૪ | ૫ |
| શિનોર | ૩૪ | ૨ |
| વાઘોડીયા | ૧૨૨ | ૧૬ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી.
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી.
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**અરવલ્લી જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૩૭ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૧૮–૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| મોડાસા | ૧૯૭ |
| ધનસુરા | ૬૨ |
| બાયડ | ૧૨૫ |
| માલપુર | ૫૯ |
| મેઘરજ | ૫૫ |
| ભિલોડા | ૮૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| મોડાસા | ૧૬૯ | ૨૮ |
| ધનસુરા | ૬૧ | ૦ |
| બાયડ | ૧૦૮ | ૧૩ |
| માલપુર | ૫૫ | ૪ |
| મેઘરજ | ૫૩ | ૨ |
| ભિલોડા | ૮૩ | ૨ |

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી.
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી.

- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓ**

૧૯૧૫૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓના ઓરડાઓ જર્જરિત છે તથા કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) ઉકત જર્જરિત ઓરડાઓની જગ્યાએ નવા ઓરડાઓ તથા ઓરડાઓની ઘટવાળી શાળાઓમાં પુરતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| તાલુકા | જર્જરિત ઓરડાની સંખ્યા | ખુટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| અમીરગઢ | ૦૩ | ૪૬ |
| ભાભર | ૧૮ | ૨૨ |
| દાંતા | ૪૬ | ૧૪૧ |
| દાંતીવાડા | ૪૦ | ૫૩ |
| ડીસા | ૧૨૨ | ૨૩૧ |
| દિયોદર | ૫૫ | ૭૧ |
| ધાનેરા | ૪૮ | ૫૩ |
| કાંકરેજ | ૮૦ | ૧૭૮ |
| લાખણી | ૫૨ | ૬૬ |
| પાલનપુર | ૨૦ | ૪૭ |
| સુઈગામ | ૦૧ | ૧૦ |
| થરાદ | ૫૭ | ૮૪ |
| વડગામ | ૧૮ | ૩૯ |
| વાવ | ૧૯ | ૩૦ |
| **કુલ** | **૫૭૯** | **૧૦૭૧** |

- ખુટતા ઓરડાઓની સંખ્યામાં જર્જરિત ઓરડાઓનો સમાવેશ થયેલ છે.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

---------

**ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમની કોલેજોની બેઠકો**

૧૯૨૦૩ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી ખાલી રહી?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં સરકારી કોલેજોની ૮૯૭૦, અનુદાનિત કોલેજોની ૧૨૯૪ અને સ્વનિર્ભર કોલેજોની ૫૩૫૮૨ કુલ બેઠકો છે.

(૨) વર્ષ ૨૦૧૭–૧૮માં રાજ્યમાં સરકારી કોલેજોની ૮૯૭૦ બેઠકો પૈકી ૮૩૧૮ બેઠકો ભરાયેલ અને ૬૫૨ બેઠકો ખાલી રહેલ, અનુદાનિત કોલેજોની ૧૨૫૪ બેઠકો પૈકી ૧૨૩૫ બેઠકો ભરાયેલ અને ૧૯ બેઠકો ખાલી રહેલ અને સ્વનિર્ભર કોલેજોની ૫૭૮૮૯ બેઠકો પૈકી ૨૪૮૫૬ બેઠકો ભરાયેલ અને ૩૩૦૩૩ બેઠકો ખાલી રહેલ.

વર્ષ ૨૦૧૮–૧૯માં રાજ્યમાં સરકારી કોલેજોની ૮૯૭૦ બેઠકો પૈકી ૮૦૧૫ બેઠકો ભરાયેલ અને ૯૫૫ બેઠકો ખાલી રહેલ, અનુદાનિત કોલેજોની ૧૨૯૪ બેઠકો પૈકી ૧૨૮૦ બેઠકો ભરાયેલ અને ૧૪ બેઠકો ખાલી રહેલ અને સ્વનિર્ભર કોલેજોની ૫૩૫૮૨ બેઠકો પૈકી ૨૧૨૯૬ બેઠકો ભરાયેલ

અને ૩૨૨૮૬ બેઠકો ખાલી રહેલ.

---------

**રાજ્યની યુનિવર્સીટીઓમાં લોકપાલની નિમણૂંક**

૧૯૧૬૦ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની યુનિવર્સીટીઓમાં લોકપાલની નિમણૂંક કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરી લોકપાલની નિમણૂંક કરવામાં આવશે?

**જવાબ**

(૧) UGCની તા. ०૬–०૫–૨०૧૯ના રોજની નવી અધિસુચના મુજબ સર્ચ કમિટીની રચના કરવાના તબક્કામાં કામગીરી ચાલું છે.

(૨) બનતી ત્વરાએ

---------

**ભરૂચ જિલ્લામાં કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્રો**

૧૮૮૧૩ **શ્રી દુષ્યંતભાઇ પટેલ** (ભરૂચ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યાન્વિત છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રમાં વીજ જોડાણ આપવામાં આવેલ છે, અને

(૩) બાકી વીજ જોડાણ ક્યારે આપવામાં આવશે?

**જવાબ**

(૧) ૧૩૭૪

(૨) ૧૩૬૫

(૩) માર્ચ ૨૦૨૦ સુધીમાં

---------

**પ્રાથમિક શાળામાં ધોરણો મુજબનું મંજૂર મહેકમ**

૧૯૫૪૬ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૧ થી ૫ ધોરણ–૬ થી ૮ માં શિક્ષકોનું મહેકમ મંજૂર કરવાના ધોરણો શા છે,

(૨) આ ધોરણોના આધારે ઉક્ત સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં મળવાપાત્ર શિક્ષકોનું કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત મળવાપાત્ર શિક્ષકથી વધુ શિક્ષક મેળવવા એક વિદ્યાર્થીની સંખ્યા વધારે બતાવી મહેકમ મંજૂર કરવામાં આવેલ છે તેવી ઉક્ત જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓ છે?

**જવાબ**

(૧) **ધોરણ ૧ થી ૫**

(૬) ૬૦ વિદ્યાર્થી સુધી ૨ શિક્ષક

(૭) ૬૧ થી ૯૦ વિદ્યાર્થી સુધી ૩ શિક્ષક

(૮) ૯૧ થી ૧૨૦ વિદ્યાર્થી સુધી ૪ શિક્ષક

(૯) ૧૨૧ થી ૨૦૦ વિદ્યાર્થી સુધી ૫ શિક્ષક

(૧૦) ૨૦૦ થી ઉપર વિદ્યાર્થી સુધી – શિક્ષક રેશિયો ૪૦ થી વધવો જોઇએ નહિ.

**ધોરણ ૬ થી ૮**

(૩) ઓછામાં ઓછા ૩ શિક્ષકો – વિજ્ઞાન અને ગણિત માટે ૧, ભાષા માટે ૧, સામાજિક વિજ્ઞાન માટે ૧ શિક્ષક

(૪) દરેક ૩૫ વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછા ०૧ શિક્ષક

(૨)

| જિલ્લાનું નામ | મળવાપાત્ર મહેકમ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ગીર સોમનાથ | ૪૦૬૨ | ૪૦૬૨ |
| જુનાગઢ | ૪૦૪૬ | ૪૦૪૬ |

(૩) એકપણ નહિ.

---------

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં બળાત્કાર પીડિત મહિલાઓના કેસોના નિકાલ માટે ડેઝીગ્નેટેડ કોર્ટ**

૧૯૧૪૮ **ગેનીબેન ઠાકોર : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં બળાત્કાર પીડિત મહિલાઓના કેસો ઝડપથી અને અલગથી ચલાવવા ડેઝીગ્નેટેડ કોર્ટ શરૂ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) રાજ્યમાં બળાત્કાર પીડિત મહિલાઓના કેસો ઝડપથી અને અલગથી ચલાવવા માટે ''ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સયુઅલ ઓફેન્સેસ એક્ટ, ૨૦૧૨ (પોસ્કો)'' ની કલમ–૨૮(૧) હેઠળ સરકારશ્રીના કાયદા વિભાગે તારીખ. ૩૦–૦૪–૨૦૧૯ના અધિસૂચના ક્રમાંકઃ GK/11/2019/SPC/102012/GOI – 35/D થી પોક્સો કેસોની સાથે બળાત્કારના કેસો ચલાવવા માટે રાજ્યના દરેક જિલ્લાના અધિક જિલ્લા ન્યાયાધીશને ડેઝીગ્નેટેડ કોર્ટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આવી ડીઝીગ્નેટેડ કોર્ટ ક્યા સુધીમાં કેટલા જિલ્લામાં રચવામાં આવનાર છે? | (૨) આવી ડીઝીગ્નેટેડ કોર્ટોની તમામ જિલ્લામાં રચના કરવામાં આવેલ છે. |

---------

**છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં વન વિસ્તારમાં વધારો ઘટાડો**

૧૯૨૭૬ **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં વન વિસ્તાર કેટલો છે, | (૧) દાહોદ – ૮૮૪૧૫ હેક્ટર<br>છોટાઉદેપુર – ૭૨૦૭૧ હેક્ટર |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જિલ્લાવાર વન વિસ્તારમાં કેટલો વધારો–ઘટાડો નોંધાયો, | (૨) વધારો કે ઘટાડો નોંધાયેલ નથી. |
| (૩) રાષ્ટ્રીય વન નીતિ–૧૯૮૮ મુજબ કુલ ભૌગોલિક વિસ્તારના કેટલા ભાગમાં વૃક્ષ આચ્છાદિત હોવા જોઇએ, અને | (૩) રાષ્ટ્રીય વન નીતિ–૧૯૮૮ મુજબ રાષ્ટ્રીય સ્તરે કુલ ભૌગોલિક વિસ્તારના એક તૃતિયાંશ ભાગ વન અથવા વૃક્ષ આચ્છાદિત કરવાનો ધ્યેય છે. |
| (૪) ઉક્ત નીતિ મુજબ વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ન હોય તો તેને વૃક્ષ આચ્છાદિત કરવા શા પગલાં લીધા? | (૪) રાષ્ટ્રીય વન નીતિ–૧૯૮૮ ને અનુરૂપ રાજ્યના વધુને વધુ વિસ્તારને વૃક્ષ આચ્છાદિત કરવા માટે વન વિભાગની વિવિધ યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આ યોજનાઓમાં મુખ્યત્વે વન તેમજ વન બહારના વિસ્તારોમાં વનીકરણ, રોપા વિતરણ, સહભાગી વન વ્યવસ્થા જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. |

---------

**અમરેલી અને મહેસાણા જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૧૯૨૩૯ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકૂંડલા) : ચૌદમી ગુજરાત વિધાનસભામાં પહેલાં સત્રમાં તા.૧૨–૩–૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૧૯ (અગ્રતા ક્રમઃ ૧૪૪) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં ૬૫.૧૦.૯૫ હે.આરે.પ્ર. અને મહેસાણા જિલ્લામાં ૪૩૬.૦૮.૫૬ હે.આરે.પ્ર. ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું, | (૧) તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ<br>(૧) અમરેલી જિલ્લામાં ૬૫.૧૦.૯૫ હે.આરે.પ્ર. ગૌચર દબાણ સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા દબાણ દુર કરવામાં આવેલ નથી.<br>(૨) મહેસાણા જિલ્લામાં ૪૩૬.૦૮.૫૬ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૧૫૮.૭૦.૭૪ હે.આરે.પ્ર. દબાણ દૂર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો | (૨) અને (૩) |

દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઇ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે ?

ગૌચર દબાણો દૂર કરવા સંબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઇ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે.

---------

## પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ

૧૯૧૬૨ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલાં સત્રમાં તા.૧૨–૩–૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૧૯૭ (અગ્રતા ક્રમઃ ૧૧૯) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં ૨૬૮.૧૧.૫૪ હે.આરે.પ્ર. અને સાબરકાંઠા જિલ્લામાં ૧.૨૧.૮૩ હે.આરે.પ્ર. ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની જોગવાઇ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીએ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ

(૧) પાટણ જિલ્લામાં ૨૬૮.૧૧.૫૪ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૮૦.૧૩.૮૮ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) સાબરકાંઠા જિલ્લામાં ૧.૨૧.૮૩ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦.૨૧.૮૩ હે.આરે.પ્ર. દબાણ દૂર કરવામાં આવેલ છે.

(૨) અને (૩)

ગૌચર દબાણો દૂર કરવા સંબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઇ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે.

---------

## આણંદ અને વડોદરા જિલ્લામાં જૂથ ગ્રામ પંચાયતનું વિભાજન

૧૯૨૫૯ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૮ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કેટલી જૂથ ગ્રામ પંચાયતોમાં કેટલા ગામો જોડાયેલા છે,

(૨) ઉક્ત કેટલી ગ્રામ, પંચાયતોના વિભાજનની દરખાસ્ત સરકારમાં ક્યારથી પડતર છે, અને

(૩) વસ્તીના ધોરણે અલગ પંચાયત આપવાના ધોરણ પ્રમાણે જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન કરવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | જૂથ ગ્રામ પંચાયતની સંખ્યા | જોડાયેલ ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૪ | ૨૯ |
| ૨ | વડોદરા | ૯૨ | ૧૮૮ |

(૨) ૦ (શુન્ય)

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

---------

**જામનગર અને સુરત જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ**

૧૯૨૮૮ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલાં સત્રમાં તા.૧૨-૩-૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૨૮૯ (અગ્રતા ક્રમઃ ૯૦) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લા ૨૭.૭૮.૪૫ હે.આરે.પ્ર. અને સુરત જિલ્લામાં ૧૫.૨૩.૭૬ હે.આરે.પ્ર. ગૌચરની જમીન ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ કેટલુ દબાણ દૂર કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ ની સ્થિતિએ

(૧) જામનગર જિલ્લા ૨૭.૭૮.૪૫ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૦.૯૧.૦૦ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) સુરત જિલ્લામાં ૧૫.૨૩.૭૬ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૦.૯૧.૪૩ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) ગૌચર દબાણો દુર કરવા સંબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડીયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે.

---------

**નવસારી જિલ્લામાં નિરાધાર વિધવા સહાય યોજનાની અરજીઓ**

૧૭૭૮૭ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર થઈ, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| નવસારી (શહેર) | ૧૦૫ |
| નવસારી (ગ્રામ્ય) | ૧૬૨ |
| જલાલપોર | ૨૧૫ |
| ગણદેવી | ૨૪૪ |
| ચીખલી | ૨૦૫ |
| ખેરગામ | ૬૫ |
| વાંસદા | ૧૨૬ |

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|
| નવસારી (શહેર) | ૯૦ | ૨ |
| નવસારી (ગ્રામ્ય) | ૧૫૪ | ૧ |
| જલાલપોર | ૨૦૦ | ૧૧ |
| ગણદેવી | ૧૮૩ | ૫૯ |
| ચીખલી | ૨૦૧ | ૩ |
| ખેરગામ | ૬૫ | ૦ |
| વાંસદા | ૧૨૫ | ૧ |

(૩)

- ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર હોવાથી
- અરજી સાથે પુરાવા/વિગતો અધુરી હોવાથી
- વાર્ષિક આવક નિયત મર્યાદા કરતા વધુ હોવાથી
- પુનઃલગ્ન કરેલ હોવાથી

---------

## જામનગર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ

૧૯૨૧૪ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૬-૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૯૯૪૪ (અગ્રતા ક્રમઃ ૨૮૩) ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ૨૭.૭૮.૪૫ હે.આરે.પ્ર. અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮.૫૨.૮૩ હે.આરે.પ્ર. ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ હતું તે પૈકી તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલું દબાણ દૂર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત દબાણો દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓએ ક્યારે સમીક્ષા કરી, અને

(૩) ઉક્ત બાકી દબાણ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈ મુજબ પંચાયત દબાણ દૂર ન કરાવી શકે તેવા કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર ક્યાં સુધીમાં કરાવવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ

(૧) જામનગર જિલ્લામાં ૨૭.૭૮.૪૫ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૦.૯૧.૦૦ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૮.૫૨.૮૩ હે.આરે.પ્ર. ગૌચર દબાણ પૈકી ૦૭.૬૬.૬૦ હે.આરે.પ્ર. દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) અને (૩) ગૌચર દબાણો દૂર કરવા સબંધે તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા દર અઠવાડિયે તલાટી કમ મંત્રીની મીટીંગમાં સમીક્ષા કરવામાં આવે છે. જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. કોઈ કારણોસર ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવાનું મુશ્કેલ લાગે તો ગ્રામ પંચાયતે આ બાબતે ઠરાવ કરીને તેની જાણ તાલુકા વિકાસ અધિકારીશ્રીને કરવામાં આવેથી તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવાની રહે છે.

---------

## કચ્છ જિલ્લામાં પશુપાલકોને ગૌચર વિકાસની તાલીમ માટે સહાય

૧૯૫૧૧ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના પશુપાલક/ખેડૂતોને ગોપાલન,ગૌસંવર્ધન, પંચગવ્ય અને ગૌચર વિકાસની તાલીમ આપવા માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં કેટલી સંસ્થાઓને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવા સહાય ચૂકવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | સંસ્થાની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧ |
| ૨૦૧૮-૧૯ | ૧ |

---------

## રાજ્યમાં સેન્દ્રિય ખાતર બનાવવા માટે સહાય

૧૭૭૭૦ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં સેન્દ્રિય ખાતર બનાવવા માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા પ્રકારની સંસ્થાઓને સહાય આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી સંસ્થાઓને કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા

(૨) ચેરીટી કમિશ્નરશ્રી દ્વારા માન્ય ટ્રસ્ટો સંચાલિત ગૌશાળાઓ/પાંજરાપોળો, સખી મંડળો તેમજ એનિમલ હોસ્ટેલ

(૩)

| વર્ષ | સંસ્થાઓની સંખ્યા | સહાય રકમ રૂપિયા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧૫ | ૭,૫૦,૦૦૦/- |
| ૨૦૧૮-૧૯ | ૧૨ | ૬,૦૦,૦૦૦/- |

---------

**ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં જર્જરિત પંચાયત ઘર**

૧૯૨૪૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરિત છે અને કેટલી ગ્રામ પંચાયતોને પોતાનું પંચાયત ઘર નથી, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **જર્જરીત પંચાયત ઘરની સંખ્યા** | **ગ્રામ પંચાયતને પોતાનું ઘર નથી તેની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ભાવનગર | ૬ | ૦ |
| | | ઘોઘા | ૩ | ૦ |
| | | તળાજા | ૧૧ | ૦ |
| | | મહુવા | ૩૪ | ૦ |
| | | જેસર | ૧૬ | ૦ |
| | | શિહોર | ૩૫ | ૦ |
| | | પાલીતાણા | ૯ | ૦ |
| | | ગારીયાધાર | ૨ | ૦ |
| | | ઉમરાળા | ૧૧ | ૦ |
| | | વલ્લભીપુર | ૨૦ | ૦ |
| | | **કુલ** | **૧૪૭** | **૦** |
| ૨ | સુરેન્દ્રનગર | ચોટીલા | ૧૫ | ૪ |
| | | સાયલા | ૨૯ | ૨ |
| | | લીંબડી | ૩ | ૦ |
| | | ચુડા | ૭ | ૦ |
| | | વઢવાણ | ૭ | ૦ |
| | | પાટડી | ૧૮ | ૨ |
| | | લખતર | ૫ | ૧ |
| | | ધ્રાંગધ્રા | ૩ | ૦ |
| | | મુળી | ૦ | ૧ |

(૨) ઉક્ત પંચાયતોના ઘરની મરામત અને નવા બનાવવા શી કાર્યવાહી કરી?

(૨) ઉક્ત ગ્રામ પંચાયતોના ઘરોની મરામત કરવા અને નવા બનાવવા માટે તા.૩૦-૦૪-૨૦૧૬ અને તા.૦૩-૦૬-૨૦૧૬ના ઠરાવ મુજબ તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌશાળા/પાંજરાપોળોને સહાય**

૧૭૮૦૫ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ગૌશાળા-પાંજરાપોળોને આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા સહાય આપવાની કોઇ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી ગૌશાળા/ પાંજરાપોળોને

**જવાબ**

(૧) હા

(૨)

| **વર્ષ** | **સહાય ચૂકવેલ** | **ચૂકવેલ સહાયની** |
|---|---|---|

સહાય ચૂકવવામાં આવી ?

| | ગૌશાળા પાંજરાપોળની સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|
| તા.૦૧-૦૪-૨૦૧૭ થી તા.૩૧-૦૩-૨૦૧૮ | ૩ | ૧૧,૧૫,૪૫૦/- |
| તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૩૧-૦૩-૨૦૧૯ | ૪ | ૧૨,૫૨,૬૬૨/- |

**કચ્છ જિલ્લામાં પશુપાલકોને ગૌચર વિકાસની તાલીમ માટે સહાય**

૧૯૫૧૦ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યના પશુપાલક/ખેડૂતોને ગોપાલન,ગૌસંવર્ધન, પંચગવ્ય અને ગૌચર વિકાસની તાલીમ આપવા માટે સહાયની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં કેટલી સંસ્થાઓને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવા સહાય ચૂકવવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | સંસ્થાની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૧ |
| ૨૦૧૮-૧૯ | ૧ |

---------

**તાપી જિલ્લામાં માનવ ગરિમા યોજનાનો અમલ**

૧૭૭૬૧ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઈસમોને સ્વરોજગાર માટે સાધન સહાય આપવા માનવ ગરિમા યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૮-૧૯માં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો?

(૨) ૮૨૫

---------

**મહેસાણા જિલ્લાની શાળામાં મદદનીશ શિક્ષકોનું મંજૂર મહેકમ**

૧૭૮૧૧ **શ્રી ઋષિકેશભાઈ પટેલ** (વિસનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકોનું કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
|---|---|
| ૩૩ | ૦૮ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| માધ્યમિક | ૨૭ | ૦૬ |
| ઉચ્ચતર માધ્યમિક | ૦૩ | ૦૫ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

**ખેડા અને આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડા બનાવવા બાબત**

૧૮૨૭૭ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

તા. ૨૩મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાના કેટલા નવિન ઓરડા બનાવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ જર્જરિત ઓરડા હોય અને બાળકો અભ્યાસ કરતા હોય તેવા ક્યા તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે,

(૩) ઉક્ત સ્થિતિએ નવિન કેટલા ઓરડા બનાવવા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૪) ઉક્ત નવિન ઓરડાનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) પત્રક-૨ સામેલ છે.

(૩)

| **જિલ્લો** | **વર્ષઃ ૨૦૧૭-૧૮માં ફાળવેલ રકમ રૂ. લાખમાં** | **વર્ષઃ ૨૦૧૮-૧૯માં ફાળવેલ રકમ રૂ. લાખમાં** |
|---|---|---|
| ખેડા | ૧૯૮૫.૬૨ | ૭૮૩.૦૦ |
| આણંદ | ૨૧૨૨.૮૦ | ૧૧૨૫.૪૫ |

(૪) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક-૧**

**ખેડા**

| **તાલુકા** | **વર્ષ ૨૦૧૭-૧૮માં બનાવેલ ઓરડાની વિગત** | **વર્ષ ૨૦૧૮-૧૯માં બનાવેલ ઓરડાની વિગત** |
|---|---|---|
| ગળતેશ્વર | ૧૬ | ૬ |
| કપડવંજ | ૫૭ | ૬ |
| કઠલાલ | ૧૬ | ૦ |
| ખેડા | ૧૩ | ૧૧ |
| મહેમદાવાદ | ૩૦ | ૧૫ |
| મહુધા | ૧૮ | ૨૦ |
| માતર | ૧૭ | ૧૦ |
| નડિયાદ | ૨૬ | ૧૦ |
| ઠાસરા | ૧૭ | ૦ |
| વસો | ૧૮ | ૯ |
| **કુલ** | **૨૨૮** | **૮૭** |

**આણંદ**

| **તાલુકા** | **વર્ષ ૨૦૧૭-૧૮માં બનાવેલ ઓરડાની વિગત** | **વર્ષ ૨૦૧૮-૧૯માં બનાવેલ ઓરડાની વિગત** |
|---|---|---|
| આણંદ | ૩૦ | ૧૦ |
| આંકલાવ | ૩૫ | ૧૦ |
| બોરસદ | ૩૯ | ૧૭ |
| ખંભાત | ૪૬ | ૨૧ |
| પેટલાદ | ૩૦ | ૨૮ |
| સોજીત્રા | ૧૪ | ૦ |
| તારાપુર | ૬ | ૫ |
| ઉમરેઠ | ૩૨ | ૩૨ |
| **કુલ** | **૨૩૨** | **૧૨૩** |

**પત્રક-૨**

**ખેડા**

| **તાલુકા** | **શાળાની સંખ્યા** |
|---|---|
| ગળતેશ્વર | ૩ |
| કપડવંજ | ૨૮ |
| કઠલાલ | ૯ |
| ખેડા | ૨ |

| તાલુકા | શાળાની સંખ્યા |
|---|---|
| મહેમદાવાદ | ૧૪ |
| મહુધા | ૮ |
| માતર | ૧૬ |
| નડિયાદ | ૨૮ |
| ઠાસરા | ૧૦ |
| વસો | ૪ |
| **કુલ** | **૧૨૨** |

**આણંદ**

| તાલુકા | શાળાની સંખ્યા |
|---|---|
| આણંદ | ૩૭ |
| આંકલાવ | ૩૩ |
| બોરસદ | ૫૨ |
| ખંભાત | ૨૫ |
| પેટલાદ | ૨૦ |
| સોજીત્રા | ૬ |
| તારાપુર | ૭ |
| ઉમરેઠ | ૧૯ |
| **કુલ** | **૧૯૯** |

નોધઃ- ઉક્ત જર્જરિત શાળાઓમાંથી અતિ જર્જરિત શાળાઓના ઓરડાઓમાં બાળકોને બેસાડવામાં આવતા નથી.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગૌચર સુધારણાના કામો**

૧૯૩૫૯ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગૌચર સુધારણાના ક્યા કામો તાલુકાવાર હાથ ધરવામાં આવ્યાં,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા કામો ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયા અને કેટલા કામો અધૂરા રહ્યા, અને

(૩) ઉક્ત અધૂરા કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગૌચર સુધારણાનું કોઈ કામ હાથ ધરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં રખડતાં ગૌવંશના પશુઓની નિભાવ સહાય**

૧૯૫૩૯ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રીજ) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૧૯૩૦૧ **શ્રી જીતુભાઇ ચૌધરી** (કપરાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને ડાંગ શહેર જિલ્લામાં શહેર-જીલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| | **આર.ટી.ઈ.એક્ટ હેઠળ પ્રવેશ** | |
|---|---|---|
| | **વલસાડ** | **ડાંગ** |
| જૂન-૨૦૧૭ની સ્થિતિએ | ૩૦૮ | ૩૧ |
| જૂન-૨૦૧૮ની | ૪૭૯ | ૨૪ |

(૨) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે સરકારે શા પગલાં લીધાં?

(૨) છેલ્લા બે વર્ષમાં વલસાડ અને ડાંગ શહેર જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ ફાળવેલ તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળા દ્વારા પ્રવેશ આપેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૬૧ ના લેખિત જવાબ અંગે.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન આપવા માગું છું. મારો પ્રશ્ન ક્રમાંક ૧૬૧ જેમાં પૂછ્યું છે કે, તા.૩૧.૫.૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ તાલુકાવાર કેટલી આર.એમ.એસ.ની માધ્યમિક શાળાઓ આવેલી છે અને, ઉક્ત શાળાઓમાં ઉક્ત સ્થિતિએ મકાન, સેનિટેશન અને અન્ય ભૌતિક સુવિધાઓ છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર મને જવાબ આપવામાં આવ્યો છે કે, ૩૯ શાળાઓ કાર્યરત છે અને મકાન અને ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે? તો એના જવાબમાં હા, એમ કહ્યું છે. જિલ્લા ડી.ઓ. કચેરી તરફથી મને જે જવાબ આપવામાં આવ્યો છે એમાં માત્ર ૧૪ શાળાઓ પાસે મકાન છે અને ૨૫ શાળાઓ પાસે આજની તારીખે પણ મકાન નથી. તો આની અંદર જે વિગતો આપે છે એ ગૃહને ગેરમાર્ગે દોરનારી છે.

અધ્યક્ષશ્રી : શ્રી ઋત્વિકભાઇ, આપ લેખિતમાં આપી દેજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની રજૂઆત અને ડી.ઓ.નો જવાબ બંને ચકાસી લઇશું. આમાં કોઇ ગૃહને ગેરમાર્ગે દોરવાનો વિભાગનો ઇરાદો હોતો નથી, એ ટાઇપ મિસ્ટેક થઇ હોય એટલે (અંતરાય) શ્રી લલીત ભાઇ, શ્રી ઋત્વિકભાઇ બંનેને એજ કહું છું કે ચકાસીને જો ભૂલ હશે તો સુધારી દઇશું.

અધ્યક્ષશ્રી : આપ લેખિતમાં આપી દેજો.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સ્થાનિક ભંડોળ હિસાબના ઓડિટ અહેવાલ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબના સન ૨૦૧૪-૧૫ અને સન ૨૦૧૫-૧૬ના વર્ષના નગરપાલિકાઓના ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ**

**કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૨૨મી જુલાઇ, ૨૦૧૯ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મજુબની ભલામણો કરી છે.

**૧.** સત્રની બેઠક ૧ દિવસ લંબાવવી અને લંબાવેલી બેઠકમાં એટલે કે તા.૨૬/૭/૨૦૧૯ના રોજ સરકારી વિધેયકો અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

**૨.** ગુરુવાર, તા.૨૫/૭/૨૦૧૯ના રોજ સરકારી વિધેયકો નીચે દર્શાવેલ ક્રમમાં ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૯નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુતશુલ્ક (સુધારા )વિધેયક.

(૪) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૯નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક.

(૭) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૯નું ધ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત (સુધારા) વિધેયક.

(૮) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૯નું ગુજરાત જમીન મહેસૂલ (દ્વિતિય સુધારા) વિધેયક.

(૯) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૧૯નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક.

**૩.** શુક્રવાર, તા. ૨૬/૭/૨૦૧૯ના રોજ સરકારી વિધેયકો નીચે દર્શાવેલ ક્રમમાં ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી અને ત્યારબાદ છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો.

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૪-સન ૨૦૧૯નું ગુજરાત ઘરવપરાશ પાણી પુરવઠા (સંરક્ષક) વિધેયક.

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૧૯નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ અને નગરરચના કાયદા(સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૯નું ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૧૯નું ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા(સુધારા) વિધેયક.

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેના સમિતિના ચોથા અહેવાલની રજૂઆત**

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ(સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્ય કક્ષાના સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

**માગણી ક્રમાંક- ૫૭**

**શ્રમ અને રોજગાર વિભાગ**

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬,૯૮,૨૧,૪૩,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૫,૫૫,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.**

શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : માનનીય ભીખાભાઇના નામ ઉપર તમે બધા કેમ હસવા માંડ્યા? હસવું હોય તો આ લોકો હશે તમે કેમ હસો, ધક્કા મારીને કાઢશે મને લાગે છે. (અંતરાય) પણ હું નહિ સ્વીકારું હોં.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૩ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ.પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૭૮ (જિલ્લા વહીવટ)**

**મહેસૂલ વિભાગ**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા પ્રભારી માનનીય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની, મહેસુલી ખર્ચ માટેની રૂપિયા ૩,૭૪,૪૪,૭૧,૦૦૦ ની માગણી ક્રમાંકઃ ૭૮ રજૂ કરૂં છું.

**માગણી ક્રમાંકઃ ૭૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી સોમાભાઇ ગાં. કોળીપટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.**

તા. ૨૩મી જુલાઇ, ૨૦૨૦

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત ભાઇ કગથરા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ભાવેશભાઇ બા. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.**

**કુદરતી આફત અંગે રાહત.**

**માગણી ક્રમાંક-૭૯ ( મહેસૂલ વિભાગ )**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા પ્રભારી માનનીય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની, મહેસુલી ખર્ચ માટેની રૂપિયા ૧૨,૧૯,૫૨,૭૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫૦,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક ૭૯ રજૂ કરૂં છું.

**માગણી ક્રમાંકઃ ૭૯ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.**

શ્રી નાથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૬ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૦ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૨ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૩ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૩ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬૪ રજૂ કરૂં છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬૪ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૯–૨૦૨૦**ના વર્ષના ફેરફાર કરેલ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ પૈકી **મંગળવાર, તા.૨૩–૭–૨૦૧૯(બીજી બેઠક)(અગિયારમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાયેલ માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં. ૫૭** | |
| ૧ | ૨૨૩૦ – શ્રમ...વિકાસ<br>૦૧ – શ્રમ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – LBR-1 શ્રમ આયુક્ત<br>રૂ. ૧૨,૯૧,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | રાજ્યમાં મોટા પાયે ચાલતી બાંધકામ પ્રવૃત્તિ મુજબ સેસ ઉઘરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૨ | --"-- | ૧૦૦ | બાંધકામ પ્રવૃત્તિમાં બિલ્ડરો સેસની રકમ ભરતા નથી તે સત્વરે વસૂલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રતાપ દુધાત |
| ૩ | --"-- | ૧૦૦ | બાંધકામ સાઈટ દ્વારા સેસ ભર્યા ન હોય તો પણ બી.યુ પરમીશન અપાય છે તે સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૪ | --"-- | ૧૦૦ | સરકારી કાર્યક્રમોમાં આપાયેલ કોન્ટ્રાક્ટ અન્વયે કોન્ટ્રાક્ટર દ્વારા બાળ મજુરી કરાવાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૫ | --"-- | ૧૦૦ | કેન્દ્ર સરકારની જુદી જુદી કંપનીઓ હસ્તકની નોકરીઓમાં રાજ્યના સ્થાનિક યુવાનોને ૮૫ ટકા નોકરી આપવાના પરિપત્રનો અમલ કરાતો નથી તેનુ પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૬ | --"-- | ૧૦૦ | બાંધકામ સેસના કરોડો રૂપિયા શ્રમિકોના કલ્યાણ અર્થે વપરાવાને બદલે અન્ય વિભાગની યોજનાઓ પાછળ ફાળવાય છે તેવી વ્યાપક ફરિયાદો સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૨૨૩૦ – શ્રમ...વિકાસ<br>૦૧ – શ્રમ<br>૦૦૧ – નિર્દેશ અને વહીવટ<br>૦૧ – LBR-1 શ્રમ આયુક્ત<br>રૂ. ૧૨,૯૧,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | શ્રમિકો માટે બાંધકામ સેસમાંથી કેટલા આવાસો બનાવ્યા તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| *૮ | --"-- | ૧૦૦ | અમદાવાદમાં મેટ્રો રેલમાં કામ કરતા શ્રમિકોને કોન્ટ્રાક્ટરો દ્વારા સુવિધાઓ અપાતી નથી અને તેનો ખર્ચ બાંધકામ સેસમાંથી થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૯ | --"-- | ૧૦૦ | મેટ્રો રેલ પ્રોજેક્ટમાં શ્રમિકો પાસેથી ૧૦ થી ૧૨ કલાક કામ કરાવાય છે છતાં ઓછુ વેતન ચૂકવાય છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૧૦ | --"-- | ૧૦૦ | શ્રમ આયુક્ત અને તેના હસ્તકની કચેરીઓમાં મળતીયાઓને આઉટ સોર્સીંગથી કામ અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| *૧૧ | --"-- | ૧૦૦ | શ્રમ આયુક્ત હસ્તકની કચેરીઓના શ્રમિકોના પ્રશ્નો સત્વરે હલ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| ૧૨ | --"-- | ૧૦૦ | બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે એકત્રિત કરાયેલ ભંડોળ ઓડિટ ન થઇ શકે તેવી યોજનાઓમાં વપરાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અક્ષયકુમાર પટેલ |
| ૧૩ | --"-- | ૧૦૦ | શ્રમ આયુક્ત અને તેના તાબાની કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મંગળભાઇ ગાવિત |
| *૧૪ | --"-- | ૧૦૦ | વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેતા ઉદ્યોગો નાણાનો વ્યાપક લાભ મેળવે છે છતાં સ્થાનિકોને રોજગારી આપતા નથી તેની તપાસ કરી તાકીદે કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| *૧૫ | ૨૨૩૦ – શ્રમ...વિકાસ<br>૧૦૨–કામકાજની...સલામતી<br>૦૧ – LBR-10<br>અકસ્માતો...એકમ<br>રૂ. ૨૪,૮૨,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫,<br>પાના નં. ૧૧ અને ૧૨ | ૧૦૦ | બોઈલરોની નિયમિત ચકાસણીના અભાવે બોઈલર ફાટવાના બનાવોના લીધે શ્રમિકોના ઘાયલ થવાના અને અપમૃત્યુના બનાવો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ સોઢાપરમાર |
| ૧૬ | --"-- | ૧૦૦ | ઔદ્યોગિક એકમો અને ડ્રોંઇગ પ્રિન્ટીંગ પ્રેસોમાં ફાયર સેફ્ટીના સાધનો જ નથી છતાં ફેકટરી ઈન્સપેક્ટરો દ્વારા તેને મંજૂરીઓ અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.સી.જે.ચાવડા |
| ૧૭ | ૨૨૩૦ – શ્રમ...વિકાસ<br>૦૨–રોજગાર સેવાઓ<br>૦૦૧ –નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩૪,૪૧,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫,<br>પાના નં. ૨૫ અને ૨૬ | ૧૦૦ | રાજ્યમાં બેરોજગારીની સંખ્યા વધતી જતી હોઇ નિવૃત્તિ પછીના કરારો રદ કરી બેરોજગારોને રોજગારી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| ૧૮ | --"-- | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીમાં લાંબા સમયથી નોંધાયેલ બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૯ | --"-- | ૧૦૦ | રાજ્યમાં રોજગારીઓ ન મળવાને કારણે યુવાનોને અન્ય રાજ્યોમાં જવુ પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૨૦ | --"-- | ૧૦૦ | સ્કીલ પ્રમાણે યુવાનોને યોગ્ય રોજગારી આપી રાજ્યનો વિકાસ સાધવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બ્રિજેશ મેરજા |
| ૨૧ | --"-- | ૧૦૦ | મહિલાઓને વ્યાપક પ્રમાણમાં નોકરીઓ મળે એમાં પ્રાથમિકતા આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | --"-- | ૧૦૦ | રાજ્યમાં માંડલ-બેચરાજી, વિઠ્ઠલાપુર, વિસનગર અને સાણંદની કંપનીઓમાં સ્થાનિક યુવાનોને રોજગારી અપાતી નથી તેની તપાસ કરીને સ્થાનિકોને રોજગારી મળે તેવા પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ |
| *૨૩ | --"-- | ૧૦૦ | રાજ્યમાં નવા સ્થપાયેલા ઉદ્યોગોમાં રાજ્યના સ્થાનિક યુવાનોને કેટલી રોજગારી આપી તેનું શ્વેત પત્ર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૨૪ | --"-- | ૧૦૦ | ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સંજયભાઇ સોલંકી |
| ૨૫ | ૨૨૩૦ – શ્રમ...વિકાસ<br>૧૦૧-ઔદ્યોગિક....સંસ્થા<br>૦૧ -EMP-1 સરકારી...યોજના<br>રૂ. ૩,૮૯,૫૧,૯૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫,<br>પાના નં. ૩૧ અને ૩૨ | ૧૦૦ | આઇ.ટી.આઇ.માં અભ્યાસક્રમ મુજબ જુદા જુદા કોર્ષના પૂરતા શિક્ષકોનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| ૨૬ | --"-- | ૧૦૦ | સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અદ્યતન ટેકનોલોજીના સાધનો વસાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નૌશાદ સોલંકી |
| ૨૭ | --"-- | ૧૦૦ | સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ખરીદીમાં થતી ગેરરીતિઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | ગેનીબેન ઠાકોર |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં. ૭૮** | | |
| ૨૮ | ૨૦૫૩ – જિલ્લા...વહીવટ<br>૦૯૩-જિલ્લા..વર્ગ<br>૦૧ -કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૯૫,૧૫,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,<br>પાના નં. ૫૬ અને ૫૭ | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં કર્મચારીઓ/અધિકારીઓની હાજરીની અનિયમિતતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચિરાગભાઇ કાલરીયા |
| ૨૯ | --"-- | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં ધારાસભ્યો અને વિરોધપક્ષના નેતાનું કાર્યાલય તેમજ આમ જનતા દ્વારા થતી રજૂઆતોનો સમયસર નિકાલ થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સોમાભાઇ કોળીપટેલ |
| ૩૦ | --"-- | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં ભૂમાફીયાઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જે. વી. કાકડિયા |
| ૩૧ | --"-- | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાંથી મામલતદાર કચેરીઓમાં આવતા પત્રોનો સમયસર નિકાલ થતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મારૂ |
| ૩૨ | --"-- | ૧૦૦ | જમીન સંપાદનના કેસોમાં વ્યકિતને વિના વિલંબે યોગ્ય વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| ૩૩ | --"-- | ૧૦૦ | ચોમાસા અગાઉ કલેક્ટર કચેરીઓ દ્વારા કુદરતી આપત્તિઓ સામે એક્શન પ્લાન તૈયાર કરવા છતાં ખરા સમયે નિષ્ફળ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૩૪ | --"-- | ૧૦૦ | મામલતદાર કચેરીઓમાં મામલતદારોની અનિયમિત હાજરીના કારણે આમ જનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેશભાઇ ગોહિલ |
| ૩૫ | --"-- | ૧૦૦ | સંકલન સમિતિમાં પૂછાયેલા ધારાસભ્યોના પ્રશ્નોનો સંતોષકારક જવાબ અપાતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઇ વાજા |
| ૩૬ | --"-- | ૧૦૦ | ખાતેદાર ખેડૂતો બનાવી અબજો રૂપિયાના કૌભાંડો થાય છે આ માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લલીતભાઇ કગથરા |
| ૩૭ | --"-- | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં જમીનોના કેસોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શીવાભાઇ ભુરીયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮ | --"-- | ૧૦૦ | કલેક્ટર કચેરીઓમાં જનસેવા કેન્દ્રોમાં આમ જનતાને પડતી હાડમારીઓ તેમજ એજન્ટોનું વર્ચસ્વ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| *૩૯ | --"-- | ૧૦૦ | જિલ્લા કલેક્ટર હસ્તકની મામલતદાર કચેરીના તાબામાં આવતી ગ્રામ ચાવડીના કર્મચારીઓ કચેરી સમય કરતાં દરરોજ મોડા આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા |
| *૪૦ | ૨૦૫૩ – જિલ્લા...વહીવટ<br>૦૯૩–જિલ્લા..વર્ગ<br>૦૧ –કલેક્ટર કચેરીઓ<br>રૂ. ૧,૯૫,૧૫,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,<br>પાના નં. ૫૬ અને ૫૭ | ૧૦૦ | કલેક્ટર કચેરી હસ્તકની કચેરીઓમાં તલાટીઓની ખાલી જગ્યાઓ ન ભરવાથી આમ જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૪૧ | ૨૦૫૩ – જિલ્લા...વહીવટ<br>૦૯૩–જિલ્લા..વર્ગ<br>૦૭– LND-6 જમીન...મહેકમ<br>રૂ. ૩૬,૧૫,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,<br>પાના નં. ૫૯ અને ૬૦ | ૧૦૦ | જમીન દફતરોના કોમ્પ્યુટરાઇઝેશનમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં અને થતી ભુલો સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૪૨ | ૨૦૫૩ – જિલ્લા...વહીવટ<br>૧૯૬–જિલ્લા...સહાય<br>૦૧ –જિલ્લા...અનુદાન<br>રૂ. ૩૧,૮૦,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,પાના નં. ૬૫ | ૧૦૦ | જિલ્લા પરીષદ અને જિલ્લા પંચાયતોને મળવાપાત્ર સહાય સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભાવેશભાઇ કટારા |
| ૪૩ | --"-- | ૧૦૦ | જિલ્લા પરીષદ અને જિલ્લા પંચાયતોને સહાય આપવા છતાં વિકાસના કામો થતા નથી તે સામે અસરકારક પગલા લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાન્તિભાઇ પરમાર |
| | | **માંગણી નં. ૭૯** | | |
| ૪૪ | ૨૨૪૫– કુદરતી...રાહત<br>૦૧–અનાવૃષ્ટિ<br>૧૦૨ –પીવાના...પુરવઠો<br>રૂ. ૭૮,૧૦,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,<br>પાના નં. ૮૪ અને ૮૫ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કરો દ્વારા ત્રણ–ચાર દિવસે એકાદ ટેન્કર પાણી આપવાને બદલે પીવાનું પાણી સમયસર પુરતું આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૪૫ | --"-- | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવતા પાણીના ટેન્કરો બારોબાર વેંચી દેવાય છે અને તેને ખોટા ફેરાઓ દર્શાવી થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કનુભાઇ બારૈયા |
| ૪૬ | ૨૨૪૫– કુદરતી...રાહત<br>૦૧–અનાવૃષ્ટિ<br>૧૦૪–ઘાસચારાનો પુરવઠો<br>રૂ. ૩,૪૧,૦૦,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,<br>પાના નં. ૮૭ અને ૮૮ | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુઓને સમયસર પુરતા પ્રમાણમાં ઘાસચારો અપાતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૪૭ | --"-- | ૧૦૦ | રાજયમાં અછતની વિકટ પરિસ્થિતિની અગમચેતી હોવા છતાં સમયસર ઘાસચારો એકઠો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર |
| ૪૮ | ૨૨૪૫– કુદરતી...રાહત<br>૦૧–અનાવૃષ્ટિ<br>૧૦૪–ઘાસચારાનો પુરવઠો<br>રૂ. ૩,૪૧,૦૦,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧, | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુપાલકોની દયનીય આર્થિક સ્થિતિને ધ્યાને લઇને વિનામુલ્યે ઘાસચારો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નથાભાઇ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૮૭ અને ૮૮ | | | |
| ૪૯ | --"-- | ૧૦૦ | પાંજરાપોળોમાં સમયસર સહાય ન અપાતા મુંગા પશુઓ ઘાસચારાની તંગીથી પીડાતા હોય છે તેમજ તેના વ્યવસ્થાપકો પાંજરાપોળના ઢોરોને છુટા મુકી દેતા હોય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદનજી ઠાકોર |
| ૫૦ | --"-- | ૧૦૦ | પાંજરાપોળ ગૌશાળાઓને સહાય ન અપાતા આંદોલનો થાય છે તે નિવારવા અને કાયમી ધોરણે નિયમિત સહાય મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ |
| ૫૧ | --"-- | ૧૦૦ | પાંજરાપોળ ગૌશાળાઓમાં રહેલ ગાયો-પશુઓની નિયમિત યોગ્ય તબિબિ ચકાસણી થાય તે માટે પુરતી સહાય અપાતી નથી તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાખાભાઇ ભરવાડ |
| ૫૨ | --"-- | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં પશુઓ માટે અપાતો ઘાસચારો હલકી કક્ષાનો અને સડેલો હોવાથી પશુઓ પણ તે ખાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તિભાઇ પરમાર |
| ૫૩ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨,૯૯,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,<br>પાના નં. ૧૨૧ અને ૧૨૨ | ૧૦૦ | અછત અને અતિવૃષ્ટિ સમયે થતા નુકશાનના આંકડા સમયસર તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભરતજી ઠાકોર |
| ૫૪ | --"-- | ૧૦૦ | ભારે વરસાદ અને પુરમાં તંત્ર એલર્ટ પર છે તેવી જાહેરાતો પછી પણ કામગીરીમાં નિષ્ફળતા મળે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| *૫૫ | --"-- | ૧૦૦ | આપત્તિ વ્યવસ્થાપનની પ્રગતિ અને સમસ્યા અંગે સાચી માહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |
| ૫૬ | --"-- | ૧૦૦ | કુદરતી આફતો સામે નાગરીકોને રાહત સામગ્રી સમયસર પહોંચાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સુખરામભાઇ રાઠવા |
| ૫૭ | --"-- | ૧૦૦ | લાંબા સમય સુધી પુર અને વરસાદનાં પાણીથી ભરાયેલા ગામોમાંથી તેનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૫૮ | --"-- | ૧૦૦ | ગયા વર્ષે ગીર સોમનાથ જીલ્લામાં ભારે વરસાદ અને પુરથી ખેડૂતોની જમીનોનું ભારે ધોવાણ થયેલ છે તેની સહાય આજદીન સુધી ખેડૂતોને ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૫૯ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨,૯૯,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૧,<br>પાના નં. ૧૨૧ અને ૧૨૨ | ૧૦૦ | કુદરતી આફતો પછી પુન:નિર્માણ પુન:વસન મૂલ્યાંકન આંકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૬૦ | --"-- | ૧૦૦ | કુદરતી આફતો સમયે દાતાઓ તરફથી કેટલી રકમો સહાય પેટે રાહત ફંડમાં મળી છે તેની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.અનિલ જોષિયારા |
| *૬૧ | --"-- | ૧૦૦ | જિલ્લાઓમાં રહેલ બચાવના સાધનોની કાળજી લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહમદજાવીદ પીરાઝાદા |
| ૬૨ | --"-- | ૧૦૦ | કુદરતી આફતો સામે થતા ભારે નુકશાનનો સરવે કરાવી સત્વરે કેન્દ્ર સરકારને તેની માહિતી આપી સહાય મેળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જિગ્નેશકુમાર મેવાણી |
| ૬૩ | --"-- | ૧૦૦ | કુદરતી આફતો અન્વયે રાજ્ય સરકાર તરફથી કેન્દ્ર સરકારને રાહત પેટે જે રકમની માંગણી કરાય છે તે સંદર્ભે કેન્દ્ર સરકાર તરફથી સાવ મામુલી રકમ જ મંજૂર થાય છે તે સામે યોગ્ય રજૂઆત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અંબરિષ ડેર |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૪ | --"-- | ૧૦૦ | તાજેતરમાં દક્ષિણ ગુજરાતમાં પડેલા ભારે વરસાદ અને પુરના કારણે ઘરોમાં, દુકાનોમાં પાણી ભરાવાથી થયેલ નુકશાનનો તાકીદે સરવે કરાવી સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુનિલભાઇ ગામીત |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને શ્રમ અને રોજગાર વિભાગના મંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. નબળું રાજ લોકોના માનમાં નિશ્ચિતતાના બદલે અનિશ્ચિતતા સર્જે છે. જ્યાં કાયદાનું રાજ નબળું હોય જેમાં ન્યાય અપાવવામાં વર્ષો લાગી જતા હોય છે. આઝાદી પહેલાનું હિન્દુસ્તાન અત્યારે નથી રહ્યું. આ તો આઝાદી પછીનું ભારત છે અને જ્યાં મહાયુદ્ધ થઇ રહ્યું છે, જ્યાં મહાભારતનું નહિ પણ * (xxx) ભારતનું યુદ્ધ થઇ રહ્યું છે એવું લાગી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : ભારતને * (xxx) કહેવું યોગ્ય લાગતું નથી. * (xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના જમાનામાં બોફોર્સથી માંડીને કેટલો બધો ભ્રષ્ટાચાર હતો. એટલે તો તમને કાઢ્યા. હવે * (xxx) ભારત નથી હવે તો ભવ્ય ભારત છે.

અધ્યક્ષશ્રી : થોડું બોલવા દો ને. થોડું બોલીને પુરું થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તા.૩/૭/૨૦૧૯ના ઝાલાવડ સંદેશમાં જે સમાચાર આવ્યા અને એ સમાચાર વાંચ્યા પછી માહિતી મેળવવાની કોશિશ કરી ત્યારે ચોંકાવનારી માહિતી મળી. ચોટીલા તાલુકામાં જમીનનું કૌભાંડ થયું અને એના માટે મેળવેલ વિગતો મુજબ કાયદાને ઉપરવટ જઇ ખોટા દસ્તાવેજો, પુરાવાઓ ઊભા કરી કોર્ટના હુકમનું જુદું અર્થઘટન કરી જમીન મેળવી લેવામાં આવી છે. તેની સામે સુરેન્દ્રનગર કલેક્ટરે સરકારશ્રીને આર્થિક રીતે ત્રણ કરોડ રૂપિયા જેવી રકમનું નુકસાન કર્યાની ફરિયાદ દાખલ કરી છે. આ ફરિયાદના આધારે મામલતદાર અને ચીટનીશથી લઇ અધિક કલેક્ટર સુધી રાજ્યના છ સેવકો જેલમાં છે. જેલમાં છે ત્યાં સુધી બરાબર છે પણ આ પ્રકારનું કૌભાંડ માત્રને માત્ર નીચલી કક્ષાએથી એટલે કે જિલ્લા કક્ષાની કચેરીથી થઇ શકે નહિ. એ રાજ્ય કક્ષાની કચેરી સુધી આવતું હોય છે. આની તપાસ રાજકોટ એ.સી.બી.એ કરી છે અને આ તપાસ રાજ્યના સચિવાલયના એક વિભાગ સુધી પહોંચી છે. કમનસીબી તો એ છે કે જે મામલતદારને જેલમાં પૂરવામાં આવ્યા છે એ મામલતદારે રાજ્ય સરકારના કાયદા વિભાગમાં સીધો પત્ર લખીને માર્ગદર્શન માગ્યું છે. કોઇ પણ વિભાગના નીચલી કક્ષાના અધિકારીએ માર્ગદર્શન માગવું હોય તો એના વિભાગ મારફત માગવાનું હોય છે. જ્યારે આ કેસમાં ચોટીલાના મામલતદારે સીધે સીધું કાયદા વિભાગનું માર્ગદર્શન માગ્યું છે. કાયદા વિભાગના જે તે અધિકારીએ માર્ગદર્શન આપ્યું છે. આ એની બ્રાન્ચમાં આવે છે કે આવતું નથી એ જોવામાં આવતું નથી. એની ચકાસણી કરવામાં આવતી નથી. કાયદા વિભાગે ચકાસણી કર્યા સિવાય માર્ગદર્શન આપ્યું છે. આ માર્ગદર્શન તાત્કાલિક મામલતદાર કચેરી ચોટીલા પહોંચે છે. મામલતદાર ચોટીલા હક્ક પત્રકમાં નોંધ પાડે છે, એની એન્ટ્રી પાડે છે. આટલી ગંભીર પ્રકારની નાણાકીય ગેરરીતિ આચારવામાં આવી હોય તો કાયદા વિભાગમાં આ કોણ અધિકારી છે?, કેટલા વખતથી ફરજ બજાવે છે?, એ નિવૃત્ત થયા છે કે પછી નિવૃત્તિ પછી પણ એમને ચાલુ રાખવામાં આવ્યા છે? રાજ્ય સરકારે આ બધી બાબતોની સ્પષ્ટતા કરવી જોઇએ. સચિવાલય કક્ષાના જે અધિકારીઓ આમાં જવાબદાર હોય જેણે ખોટું અર્થઘટન કરીને કોર્ટની વિરુદ્ધ જઇને માર્ગદર્શન આપનાર અધિકારી સચિવાલયમાં છે એની જવાબદારી ફિક્સ કરીને કાયદેસરના પગલાં લેવા જોઇએ. એ.સી.બી. આની તપાસ કરતી હતી એ શા માટે બંધ કરી દીધી છે એ ચાલુ કરાવવી જોઇએ. એ.સી.બી. તટસ્થ રીતે તપાસ કરવા દેવી જોઇએ. બીજું, આમાં સચિવાલય કક્ષાના જે કોઇ અધિકારીઓ જવાબદાર હોય એની સામે પણ કાયદેસરના પગલાં લેવા જોઇએ અને એમને પણ જેલમાં પૂરે તેવી આપની મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ તો એકજ કૌભાંડ થયું છે ત્યાર પછી બીજું જમીન કૌભાંડ પણ થયું છે. આમાં ૩૯૦ એકર જમીન છે. જયારે બીજું, મેવાસા સેખલીયામાં જમીન ટોચ મર્યાદા કાયદા નીચે જે જમીન ફાજલ પાડી હતી એ ખાનગી જમીન હેરવવાનું એક મોટુ કૌભાંડ આચરવામાં આવ્યું છે એને પણ દબાવી દેવામાં આવ્યું છે. ત્યારે સરકાર પારદર્શક વહીવટની વાત કરે છે ત્યારે મારે કહેવું જોઇએ કે રાજયના મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદના એક જાહેર કાર્યક્રમની અંદર સ્વીકાર્યું હતું કે મહેસૂલ વિભાગ અને ગૃહ વિભાગમાં વ્યાપક ભ્રષ્ટાચાર થાય છે. એવું જયારે રાજયના મુખ્યમંત્રીશ્રી જાહેરમાં સ્વીકારતા હોય અને આપ અહીંયાં પારદર્શક વહીવટની વાત કરતા હોય ત્યારે રાજયમાં બીજું મોટું કૌભાંડ થયું છે. પહેલું ૩૯૦ એકરનું હતું જયારે આ તો ૭૮૭ એકર ફાજલ જમીનનું મોટું કૌભાંડ છે. આમાં કયા અધિકારીઓ સંડોવાયેલા છે એની તપાસ કરવી જોઇએ. મહેસૂલ વિભાગ કે કાયદા વિભાગના જે કોઇ અધિકારીઓ હોય જે વિભાગને લગતું હોય એની સંપૂર્ણ તપાસ એ.સી.બી. દ્વારા થાય એવી મારી માગણી છે. આમાં પણ એ.સી.બી.ને તપાસ સોંપવામાં આવે તો સાચુ બહાર આવશે. આમાં ઉપરથી નીચે સુધીના અધિકારીઓની જવાબદારી હોય એની સામે કાયદેસરના પગલાં લેવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

ગત વર્ષે ભારે વરસાદને કારણે ખેડૂતોની જમીનનું મોટા પાયે ધોવાણ થયું હતું. જેમાં ગીર સોમનાથ હોય કે રાજયના અન્ય જિલ્લાઓ હોય તેઓને આજની તારીખ સુધી વળતર ચૂકવવામાં આવ્યું નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ગત વર્ષે મોટા પાયે જમીનનું ધોવાણ થયું હતું આજે પણ ખેડૂતો સહાયની રાહ જોઇને બેઠા છે તેથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે તાત્કાલિક અસરથી વળતર ચૂકવવામાં આવે.

મહેસૂલ વિભાગ દ્વારા રેવન્યુ તલાટીની ભરતી વર્ષ ૨૦૧૧થી કરવામાં આવી હતી પરંતુ એ કર્યા પછી ભરતી પહેલા જોબ ચાર્ટ વિભાગ દ્વારા તૈયાર કરવા જોઇએ. એ તૈયાર કર્યા સિવાય એમને નિમણૂક આપી દીધી હતી. એ પછી આજે રેવન્યૂ તલાટીઓ પંચાયત કે જે તે સેજામાં કામગીરી કરતા નથી. રેવન્યૂ તલાટીનો પગાર ગ્રેડ ૪૪૦૦ રૂપિયા છે જયારે પંચાયત તલાટીનો પગાર ગ્રેડ ૨૨૦૦ રૂપિયા છે આ રીતે બંનેમાં વિસંગતતા છે. જે વધારે કામ કરે છે એનો ગ્રેડ ઓછો છે અને જે ઓછું કામ કરે છે એનો ગ્રેડ વધારે છે. એટલે ભવિષ્યમાં પ્રમોશન મેળવવામાં પણ મોટી તકલીફો થવાની છે. અગાઉ માનનીય ભૂપેન્દ્રસિંહજી રેવન્યૂ વિભાગ સંભાળતા હતા ત્યારે વિરોધપક્ષના સભ્યો તરફથી રજૂઆતો કરવામાં આવી હતી કે રી-સરવેની માપણી કરવામાં આવી છે એ સંપૂર્ણ રીતે ખોટી કરવામાં આવી છે. માનનીય ધારાસભ્ય પુનાભાઇએ વાત કરેલી કે મારી જમીનની માપણી કરવામાં આવી છે એમાં મને ઓછી જમીન આપેલ છે. આજે ૩૧-૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જમીન રી-સરવેની કામગીરીમાં વિવિધ કંપનીઓને રૂ.૧૭૪.૯૮ કરોડની ચૂકવણી કરી દીધી છે. ૧,૮૩,૯૧૩ ફરિયાદો મળી છે જયારે આજની તારીખે ૧૮૨૯૧ ફરિયાદોનો નિકાલ કરવાનો બાકી છે. આ બાકી છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાને લાગેવળગે છે ત્યાં સુધી રી-સરવે ૩૭૬૧૧ પૈકી ૩૬૦૨૮ બાકી રહે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એક મિનિટમાં માનનીય અધ્યક્ષશ્રી મારી વાત પૂરી કરીશ. ત્યાર પછી એ માપણી થઇ ગઇ. કલેકટર દ્વારા ૩૪૪ ગામો પ્રમોલગેશન કરી દીધાં, આ પ્રમોલગેશન કરી દીધા પછી પણ ૧૫૧૧ ફરિયાદો આજની તારીખે પણ હજી એમાં પેન્ડીંગ છે, માનનીય મંત્રીશ્રી આને ગંભીરતાથી લે. એકવાર પ્રમોલગેશન થઇ ગયા પછી ખેડૂતોની હાલત કેવી થાય છે એ આપણે સારી રીતે સમજી શકીએ છીએ. એટલે માપણી અને રિ-સરવેમાં જે પ્રકારે ગેરરીતિ થઇ છે અને ગેરરીતિની અંદર અને ભવિષ્યમાં ખેડૂતોને જે પ્રકારનું નુકસાન થવાનું છે એ પ્રકારનું નુકસાન ન જાય, એના માટે આને ગંભીરતાથી લઇ અને માપણીના જે કાંઇ પ્રશ્ન છે અગાઉ સરકારે જે કાંઇ વાત કરી છે અને આજે પણ જે સ્થિતિ છે એમાં સુધારા કરી અને ભવિષ્યમાં ખેડૂતોને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી મહેસૂલ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવત છે કે જર, જમીન અને જોરું આ ત્રણ કજીયાના છોરું. આ જમીન કજીયાનું છોરું ન થાય એટલા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને મુરબ્બી નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ ખૂબ કાળજી લઇ રહ્યા છે. આ સરકાર આ મહેસૂલ વિભાગથી જમીન કજીયાનું છોરું ન થાય એટલા માટે ખૂબ જ સંવેદનશીલ છે. જમીન એ સર્વાંગી વિકાસ માટે એક અગત્યનું પરિબળ બની રહે છે. જમીન એક એવો રિસોર્સ છે કે જેમાં આપણે કોઇ જાતનો વધારો કરી શકતા નથી. આજના સમયમાં જમીનની ફાળવણી, જમીન વ્યવસ્થાપન એ અગત્યનો પ્રશ્ન છે.

રાજય અને રાષ્ટ્ર માટે મહત્વના પ્રોજેકટો માટે જમીનના અભાવે વિકાસ ખોરંભે ન પડે તે જોવાનું કામ રાજયનું મહેસૂલ વિભાગ કરે છે. રાજયના જનસમુદાયને મહેસૂલી પ્રશ્નોના કારણે પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે રાજયમાં મહેસૂલમાં ક્રાંતિકારી સુધારા અમલમાં મૂકીને રાજયનો વહીવટ પારદર્શક, સરળ અને ઝડપી બનાવેલ છે. એનો ઉત્તમ દાખલો આજે ઓન લાઇન બિન ખેતીની જમીન કરવાનો નિર્ણય જે સરકારે કર્યો છે, એમાં મને જણાવતાં આનંદ થાય છે-આ બિન ખેતી જમીન માટે ઓન-લાઇન પદ્ધતિ અમલમાં મૂકી છે. પહેલાં ઓન લાઇન બિન-ખેતીની જમીન થતી ન હતી. પહેલાં બિન ખેતી કેવી રીતે થતી હતી તેની વાત પછી કરીશ. આ ઓન-લાઇન જે બિન-ખેતીની જમીનની પરવાનગી માટે રાજય સરકારે તા.૧૬.૮.૨૦૦૦થી અમદાવાદ અને ગાંધીનગર આ બન્ને જિલ્લામાં પાયલોટ પ્રોજેકટ તરીકે બિન-ખેતીની જમીનની પરવાનગી આપવાનો નિર્ણય કર્યો. ત્યાર પછી તા.૧૨.૧૨.૨૦૧૮ના રોજના પરિપત્રથી સમગ્ર રાજયમાં ઓન-લાઇન બિન ખેતીની જમીન કરવાનો નિર્ણય લીધો છે, તે ખૂબ ઐતિહાસિક નિર્ણય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે ત્યાં સુધી અગાઉ અમારા શ્રી પુંજાભાઇ વંશે કહ્યું કે મહેસૂલ વિભાગ અને જે કાંઇ વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રીની જયારે ફરિયાદોના અનુસંધાનમાં ભૂતકાળમાં કોંગ્રેસની સરકારમાં બિન-ખેતીની જમીન કેવી રીતે થતી હતી તેનો મને જાત અનુભવ છે. બિન-ખેતીની જમીન માટે એક સામાન્ય ગામડાની અંદર કોઇને દળવાની ઘંટી માટેની જમીન કરવા માટે બિન-ખેતીની જમીનની પરવાગની લેવાની હોય ત્યારે એ જે વખતે જિલ્લા પંચાયતમાં થતું હતું. જિલ્લા પંચાયતમાં પણ આ પક્ષ હોય કે પેલા પક્ષનું કારોબારીની સત્તાની રૂએ આ જમીન માપણીના જે કાંઇ નિર્ણયો થાય એ પોસ્ટ લેવા માટે ખૂબ જ પડાપડી હતી. એ વખતે શહેરની જમીન હોય તો એક સ્કેવર ફીટનો ભાવ બિન-ખેતી કરવાનો બોલાતો હતો. શહેરથી દૂર જમીન હોય તો એક મિટર અને ત્યાર પછી એનાથી વધારે દૂર હોય તો એકર અને હેકટરનો ભાવ લેવામાં આવતો હતો. એને ધ્યાને રાખીને લોકો હેરાન ન થાય સાહેબ, એક સરવે નંબરની બિન-ખેતી જમીન કરાવવી હોય તો એ બિન ખેતીની

જમીન માટેની અરજી જયારે કોઇ પણ ખાતેદાર કરે કે કોઇ પણ ઇસમ કલેકટરને અરજી કર્યા પછી એ અરજી પ્રાંત પાસેથી મામલતદાર, મામલતદાર પાસેથી સર્કલ ઓફિસર અને તલાટી પાસે આવે અને બધી જ નકલો અને બધા જ વિભાગના અનુસંધાનમાં જયારે માહિતી પૂરી પાડવામાં આવતી હતી ત્યારે દરેક કલેકટરશ્રી જમીન સંપાદનની બાબતનો અભિપ્રાય માગે, જીઇબીના જો ઉપર વાયર જતા હોય તો તેનો અભિપ્રાય માગે, સિંચાઇ કે સ્ટેટ હાઇવે કે નેશનલ હાઇવે હોય તો એનો અભિપ્રાય માગે. સાહેબ, આ અભિપ્રાય લેવામાં જ ઓછામાં ઓછા અઢીથી ત્રણ મહિના જતા હતા અને એ વખતે મારા ખ્યાલ મુજબ ૯૦ દિવસની અંદર બિન ખેતીની પરવાનગી આપવામાં આવતી હતી અને અધિકારીને ખબર પડે કે આ ૯૦ દિવસ પૂરા થાય છે તો ગમે તે ક્ષતિ કાઢીને તમારી અરજી નામંજૂર કરવામાં આવે છે તેમ કહેવામાં આવતું હતું. આ બધી મુશ્કેલીઓના નિરાકરણ માટે અમારી સરકાર, માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર આ મુશ્કેલી ન પડે એટલા માટે ઓન લાઇન બિન ખેતીની પરવાનગીનું કાર્ય હાથ ધર્યું છે તેને હું ખરેખર અભિનંદન આપું છું. રજિસ્ટર્ડ દસ્તાવેજોની જે પ્રક્રિયા છે અને એમાં તા.૧૧-૬-૨૦૦૪થી જે રેકોર્ડિંગ પ્રક્રિયાથી રજિસ્ટર્ડ દસ્તાવેજ કરવામાં આવે છે. અગાઉ આલીની જગ્યાએ માલી અને માલીની જગ્યાએ વાલી, એવા દસ્તાવેજો થતા હતા એ કામ અટકાવવા માટે તા.૧૧-૬-૨૦૦૪થી સબ રજીસ્ટ્રાર ઓફિસમાં રેકોર્ડીંગ દસ્તાવેજ માટે પૂછવામાં આવે છે કે જે કંઇ લેવડ દેવડ કરતા હોય લેનાર અને આપનાર, તો તમારી જમીન કયા ગામની છે, ખેતીની છે કે બિન ખેતી છે? હા કે ના, તમે અવેજની રકમ લીધી છે કે નહીં આ બધી જ વિગતો તપાસ્યા બાદ રજિસ્ટર્ડ દસ્તાવેજ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને બે મિનિટ વધારે આપજો.

અધ્યક્ષશ્રી : રૂપિયા મળ્યા છે કે નહીં એ પહેલું પૂછે છે. અવેજ પૂરે પૂરો મળ્યો કે નહીં અને મળ્યો તો કેટલો મળ્યો એ પણ પૂછે છે.

શ્રી સી. કે. રાઉલજી : હા, માનનીય અધ્યક્ષશ્રી, અને પોતે સ્પષ્ટ કહે છે કે અવેજ મળ્યો છે, હા કે ના, તો હા, એવા પ્રકારના રેકોર્ડીંગથી દસ્તાવેજ કરવામાં આવે છે. આનંદની વાત એ છે કે ભૂતકાળમાં મેં પણ અમુક જમીનના દસ્તાવેજ કરાવ્યા હતા. દસ્તાવેજ મેળવવામાં આઠથી દસ વર્ષ લાગતા હતા. આ રેકોર્ડીંગ પદ્ધતિથી એને એ જ દિવસે અરજદારને જેણે દસ્તાવેજ કર્યો હોય, જેણે જમીન ખરીદી હોય તેને એ જ દિવસે આ રજિસ્ટર્ડ દસ્તાવેજની નકલ મળે છે. એટલું જ નહીં એ રજિસ્ટર્ડ દસ્તાવેજ કર્યા પછી ગામ નમુના નંબર ૬ની અંદર એન્ટ્રી પણ એલ.આર.સી. કરી હોય તો ડાયરેકટ એના ખાતામાં સીધી એન્ટ્રી પણ પડી જાય છે. આટલી સરળ પદ્ધતિથી ભ્રષ્ટાચાર દૂર કરવા માટેનો પ્રયત્ન કરે છે. તેથી આ બાબતમાં હું માનનીય પુંજાભાઇને કહીશ કે ભૂતકાળમાં ૭/૧૨ની નકલ, ૮-અ, ગામ નમુના નંબર ૬, આ બધું કરાવવા માટે તલાટી અઠવાડિયા પંદર દિવસ સુધી મળતા નહોતા. આજે અત્યારે ગામ નમૂના નં. ૬ નું સ્કેનીંગ કરી નાખ્યું છે, ૨૦-૩૦ વર્ષનું રેકોર્ડ આ સરકારે સ્કેનિંગ કરીને લગભગ ૭૯૧૨ ગામોનું દફતર અપડેટીંગ કરી નાખ્યું છે અને આ જે રીતની સરકાર ચાલે છે એ રીતે રાજયના ખેડૂતોને આ બાબતનો ખૂબ જ ફાયદો થયો છે એમ હું માનું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. આ ગૃહની અંદર લગભગ ૯૦થી ૯૫ ટકા સભ્યો ખેડૂતના પુત્રો છે. ભલે સરકાર વાત માને કે ન માને પણ હું બે હાથ જોડીને ખેડૂત તરફથી વિનંતી કરું છું કે જે શ્રી પુંજાભાઇએ રી-સરવેની વાત કરી, શ્રી ચુડાસમા સાહેબ, શ્રી નીતિનભાઇ, આ વાસ્તવમાં સરકારનો હેતુ સારો હતો કે રી-સરવે કરી અને ખેડૂતોને નકશાવાળો ૭/૧૨ આપવો અને નકશામાં ભૂલ ન કરે અને ખેડૂતને સારી રીતે ૭/૧૨ આપવા માટેનો સરકારનો આમાં ઉદેશ સારો હતો. પણ જે કંપની તરફથી રી-સરવે કરવામાં આવ્યો એના કારણે હજારો ભૂલો પડી છે. આજે એક ભૂલ ખેડૂતને ૫૦ હજાર કે લાખ રૂપિયાના ખર્ચામાં ઉતારી દે છે. એટલે હું સરકારને વિનંતી કરું છું કે, આમાં કંઇક તમે પોઝીટીવ વિચારો, કયાંક નાનકડી ભૂલ હોય તો એ ભૂલ સ્વીકારીને જે ખેડૂતના જુના ૭/૧૨ પ્રમાણે જેટલા ગુંઠા જમીન હતી, જેટલું એની જમીનનું માપ હતું એ માપ ઝડપથી આવે એવું સરકાર વિચારે. અત્યારે મોટાભાગના ૭/૧૨માં કોઇને ૮૦ ગુંઠા હોયતો ૨૦ ગુંઠા થઇ ગઇ છે. કોઇની ૨૦ ગુંઠા હોય તો ૧૦૦ ગુંઠા થઇ ગઇ છે. આમાં પુષ્કળ ગણી ન શકાય એટલી ફરિયાદો તમામે તમામ મામલતદાર કચેરીમાં પડી છે. આ પ્રશ્ન હું એટલા માટે કહું છું કે જે ભણેલા ગણેલા અને હોંશિયાર ખેડૂતો છે અને ખબર પડી છે એ તમામે તમામ ખેડૂતોએ અરજીઓ કરી છે. પણ આજ દિન સુધી ૩૦થી ૪૦ ટકા ખેડૂતો એવા છે કે તેમને ૭/૧૨નો અભ્યાસ નથી, ભણેલા નથી અને ખબર નથી પડતી એવા ખેડૂતોએ અરજી કરી પણ નથી એના ૭/૧૨માં ફેરફાર થયો છે કે નહીં તેની પણ ખબર આજે છે નહીં. એટલા માટે સરકાર આ વાતને પોઝીટીવ લઇને જૂના ૭/૧૨ પ્રમાણે તેમના ૭/૧૨માં જેટલી જમીન હતી એટલી તમે કરી આપો એવી ખેડૂત તરફથી બન્ને હાથ જોડી વિનંતી કરું છું. ભલે, આપણે માનીએ કે ન માનીએ. ખરેખર સૌથી મોટામાં મોટો ભ્રષ્ટાચાર થતો હોય તો તે મહેસૂલ વિભાગમાં થાય છે. આ વાત એટલા માટે કરું કે કલોલમાં એક વર્ષ પહેલાં અમે જનતા રેડ કરી. એ જનતા રેડ કરવાથી પ્રાઇવેટ ઓફિસમાંથી જમીનની ૧૫ ફાઇલો મળી. જમીનની ૧૫ ફાઇલો પ્રાન્ત ઓફિસરે કબજે કરી અને કબજે કર્યા પછી આજની તારીખ સુધી એકાદ કર્મચારી ઉપર પગલાં લેવાયા છે અને મોટા કર્મચારી અને કોની ફાઇલો હતી તે આજ દિન સુધી વારંવાર રજૂઆતો કરવા છતાં, પત્રો લખવા છતાં બીજાં કોઇ ઉપર પગલાં લેવાયા નથી. આવા વિભાગોમાં ચુડાસમા સાહેબ, જે આઉટ સોર્સીંગથી માણસો ભરેલા છે. જે કર્મચારીઓ ભર્યા છે એ કર્મચારી ટેકિનકલ કર્મચારી હોતા નથી. ભણેલા-ગણેલાં આ વિભાગનું વધારે જ્ઞાન ધરાવતા હોય એવા કર્મચારીઓ હોતા નથી. તેના

કારણે એ કોમ્પ્યુટર ઉપર કામ કરતા હોય, કોઇએ દસ્તાવેજ કરાવ્યો હોય, કોઇએ વારસાઇની નોંધ કરાવી હોય, કોઇએ બીજી રીતે નોંધ કરાવી હોય એ નોંધમાં ભૂલ પડે અને ભૂલના કારણે ખેડૂતને ધક્કા ખાવાનું પાછું ચાલુ થઇ જાય છે. આ વાત એટલા માટે કરું છું કે ભૂલ કરે ઓપરેટર અને ધક્કા ખેડૂત ખાય. ધક્કા ખાવાથી એ સુધારા હુકમ કરાવવા માટે બે-પાંચ મહિને ફરી વકીલને ફી આપીને તે સુધારો કરાવતા હોય છે. એટલા માટે જે કોમ્પ્યુટરની ભૂલ હોય તો એ ભૂલને ભૂલ નહીં ગણીને સીધું તમારે મામલતદારને કહેવું જોઇએ કે આ કોમ્પ્યુટરની ભૂલ છે. તો મામલતદાર એ ભૂલનો ડાયરેક્ટ સુધારો કરી નાખે. એવી આ તબક્કે સરકારને વિનંતી કરું છું. અમારા સાથી ધારાસભ્ય શ્રી રાઉલ સાહેબ ઓન લાઇનની વાત કરતા હતા. ઓન લાઇન કરો એટલે ઓટોમેટિક એન.એ. થઇ જાય. બહુ સારી વાત છે. ઓન લાઇન કર્યા પછી તમે દરેક કલેકટર કચેરીમાં પૂછવા જજો કે કેટલી અરજીઓ મંજૂર કરી. મોટા ભાગની અરજીઓ નામંજૂર થાય છે અને કેમ થાય છે તેમાં મારે પડવું નથી પણ તમે એક વાત કરતા હતા કે કોંગ્રેસના સમયમાં શું થતું હતું અને શું લેવાતું હતું. અમદાવાદ કલેકટર કચેરીમાં જજો. એન.એ.નો એક મીટરનો શું ભાવ ચાલે છે એ હું તમને કહીશ. આ દરેક જગ્યાએ છે. ઓન લાઇનમાં શું થયું કે નીચેના કર્મચારીઓથી છેક કલેકટર સુધી જે આની પ્રક્રિયા ચાલતી હતી. આમાં ત્રણ જણા જ વચ્ચે આવે છે. બીજા બધાની પ્રક્રિયા બંધ થઇ અને સીધો ૧૦૦ રૂપિયા ભાવ હતો અને ૧૫૦ રૂપિયા ભાવ થઇ ગયો. આ બધી જગ્યાએ ચાલુ છે. તમારે કહેવું હોય તો કહેજો. એટલે અગાઉનું પાછળનું તમે બહુ યાદ ન કરાવતા. ૧૫ વર્ષવાળી જમીન. સરકારે ખેડૂતો માટે સારો પરિપત્ર કર્યો કે જે જમીન ૧૫ વર્ષ જેને થઇ ગયા હોય એને ઓટોમેટીક જૂની શરતની ગણવી. ખેતી-ખેતી વચ્ચે. હું સરકારને વિનંતી કરું છું કે આવી મોટા ભાગની જે અરજીઓ હોય તને તાત્કાલિક ધોરણે જે ૧૫ વર્ષ થઇ ગયા હોય એવા ખેડૂતોને ખેતી-ખેતી વચ્ચે જૂની શરતની કરવા માટેના તમે હુકમ કરો એવી વિનંતી છે.

શ્રી પૂર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ મહેસૂલ વિભાગની રૂ. ૧૬૪૩ કરોડની માગણી ક્રમાંક-૭૮ અને ૭૯ લઇને આવ્યા છે તેને મારું સમર્થન છે અને તે માટે મારા વિચારો રજૂ કરું છું. મહેસૂલ વિભાગ તેનું મુખ્યત્વે કામ લોકસંવાદ કાર્યક્રમથી આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી મોટા ભાગની પ્રક્રિયા ઓન લાઇનના માધ્યમથી અને ફરિયાદનો ઝડપી નિકાલ થાય તે માટે આ વર્ષે મહેસૂલ વિભાગે રૂ.૩૩.૮૩ કરોડની રકમની બજેટમાં જોગવાઇ કરી છે. આજે ગુજરાતની અનેક નગરપાલિકા અને અનેક જગ્યાએ ચૂંટણી થઇ તેમાં ભારતીય જનતા પાર્ટીનો જવલંત વિજય થયો છે તે બદલ અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને સંગઠનના પ્રમુખશ્રી જીતુભાઇને હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. આ અભિનંદન એટલા માટે પાઠવું છું કે વર્ષ ૧૯૮૩માં એક ઘટના બની એ યાદ કરાવું છું કે વર્ષ ૧૯૮૩ની અંદર વર્લ્ડકપમાં હિન્દુસ્તાન જીત્યું આ ક્રિકેટ મેચ જીતતા પહેલાં વેસ્ટઇન્ડિઝની ટીમ વર્ષ ૧૯૭૫માં સુપર પાવર તરીકે હતી પરંતુ વર્ષ ૧૯૮૩માં આપણે વલ્ડકપ જીત્યા. એ જીત્યા પછી તરત જ વેસ્ટ ઇન્ડિઝની ટીમ ભારતના પ્રવાસે આવી, છ ટેસ્ટ મેચ અને છ વન્ડે. એ છ એ છ વન્ડેમાં આપણો પરાજય થઇ ગયો. બે ટેસ્ટ મેચમાં પણ આપણો પરાજય થયો. ત્યાર પછી આપણા લોકો જાગ્યા અને ઉભા થયા કે શું પરિસ્થિતિ છે? વેસ્ટ ઇન્ડિઝના ખેલાડીઓ છ બેટસમેન, એક વિકેટ કીપર અને ચાર બોલર હતા એ ચાર બોલર માલ્કમ માર્શલ, એન્ટી રોબર્ટસ, કોલીંગ ક્રોક અને જયોન ગાર્ડન , ૧૭૫ કિલોમીટરની ઝડપે એ લોકો વાવાઝોડાની જેમ બોલીંગ કરતા હતા. એની સામે આ આક્રમણને ખાળવા માટે કાઉન્સીલીંગ થયું. સુનિલ ગવાસ્કરને બોલાવવામાં આવ્યા અને પૂછવામાં આવ્યું કે એ લોકો વર્લ્ડ કલાસ માર્કમ માર્શલ બોલર હોય તો તમે પણ વર્લ્ડ કલાસ બેટસમેન છો, તમારો અભિગમ બદલો, એ મેચમાં ત્રીજી ટેસ્ટમેચ શરૂ થવાની હતી અને અભિગમ બદલાયો. જે ડીફેન્સ બેટીંગ કરતા હતા સુનિલ ગવાસ્કર એમને એટેક બેટીંગ કરવાનું કહેવામાં આવ્યું અને માર્શલની પહેલી જ ઓવરની અંદર ચાર બાઉન્ડ્રી એમણે ઝીંકી કાઢી એટલું જ નહીં લંચ પહેલાં ૧૦૭ રન નોટ આઉટ કર્યા. સાહેબ, અભિગમ બદલવો પડે. ભૂતકાળની સરકારોનો અભિગમ હતો નહીં, કુદરતી આફત વેળાએ, ભૂકંપવેળાએ (અંતરાય)ભૂતકાળની સરકારનો કયારેય એવો અભિગમ હતો નહિં, અત્યારનું વાવાઝોડું હતું એમાં પ્રકૃતિની સામે લડવા માટે પણ એક તાકાત જોઇએ. લડવા માટે માનસિકતા જોઇએ, અભિગમ જોઇએ. ઝનૂન જોઇએ. રાષ્ટ્રનીતિ માટે આગળ આવવું પડે અને એટલા માટે અમારા જે રીયલ હીરો છે, આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી એમની ટીમ એ દસ જિલ્લાની અંદર અને ૭૫ તાલુકામાં ૭૯૧ ગામમાં ત્રણ લાખ જેટલા લોકોનું સ્થળાંતર કરીને અભૂતપૂર્વ કામ કર્યું. ગ્રાઉન્ડ રીયાલીટીનું કામ કર્યું. લોકોને બચાવવાનું કામ કર્યું અને એ મીશન હતું ઝીરો કેઝ્યુલીટી. આ માનસિકતા જોઇએ. આ સરકારમાં બેઠેલ વ્યકિતઓના મનમાં હતું કે મારા ગુજરાતની કોઇ વ્યકિત મરવી ન જોઇએ એ જીદ અને ઝનૂન એ માટે મગજમાં ખુમારી અને એ અભિગમ હોવો જોઇએ. આ અભિગમ સાથે અમારી ગુજરાત સરકાર કામ કરે છે. અત્યારે વાત થઇ જમીનની. જમીન આપણી ધરતીમાતા છે.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ઓછો સમય છે એટલે મારી વાત ઝડપથી શરૂ કરું છું. આ દેશની અંદર ભારત આઝાદ થયું એ પહેલાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન હતું અને એના શાસનની અંદર કર્મચારીઓ જે રાખવામાં આવતા હતા એ કર્મચારીઓને ગીરમીટીયાના નામથી ઓળખવામાં આવતા હતા. આ ગીરમીટીયા કર્મચારીઓ એટલે કરાર આધારીત કર્મચારીઓ. અંગ્રેજો ગયા પછી આપણે ભૂલી ગયા હતા ફરીથી આ સિસ્ટમ આપણે ત્યાં શરૂ કરવામાં આવી છે. કરાર આધારીત કર્મચારી, આઉટ સોર્સીંગથી ભરવાના કર્મચારીઓ, રોજમદાર કર્મચારીઓ અને આ ગુજરાત સરકારના મોટા ભાગના વિભાગોની અંદર આવી રીતે આઉટ સોર્સીંગ અને કરાર આધારીત કર્મચારીઓ ભરી કોન્ટ્રાકટરોને ખુલ્લું કર્મચારીઓનું

શોષણ કરવા માટેનો પીળો પરવાનો આપણે આપી રહ્યા છીએ. ગુજરાત સરકારની લાઇવલી વુડ પ્રમોશન કંપની કંપની ધારા હેઠળ વર્ષ ૨૦૧૧ની અંદર નોંધાયેલી કંપની છે. આ કંપનીના કર્મચારીઓને ૫,૦૦૦ રૂપિયા ક્લસ્ટર કો–ઓર્ડીનેટર પોસ્ટનું નામ છે અને વર્ષ ૨૦૧૧માં એમનો ૫,૦૦૦ રૂપિયા પગાર હતો અને આજે પણ રૂ.૫,૦૦૦ પગાર આપણે આપીએ છીએ. એના કોઇ કર્મચારીનો પગાર આપણે આજની તારીખ સુધીમાં વધાર્યો નથી. એને કોઇ જાતનું રક્ષણ આપવામાં આવતું નથી. એનું પી.એફ. કાપવામાં આવતું નથી. આની પહેલા મારે બોલવાનું હતું ત્યારે બોલ્યો હતો કે એમ.એલ.એ. ક્વાર્ટરમાં જે કર્મચારીઓ છે એમનું પણ શોષણ થાય છે. (અંતરાય) કંપની ધારા હેઠળ નોંધાયેલ કંપની હોય એમની સામે એનું પાલન થતું ન હોય, કંપની ધારાનું પાલન થતું ન હોય તો એની સામે આપણે એકશન લેતા હોઇએ છીએ. પણ લાઇવલી હૂડ પ્રમોશન કંપની, કંપની ધારા હેઠળ ગુજરાત સરકારની જ આપણી નોંધાયેલ કંપની છે એની સામે આપણે પગલાં લેતા નથી. રોજગારી આપવાની વાતો કરીએ છીએ તો ગુજરાતની અંદર સરકારી રેકર્ડ ઉપર ૪ લાખ ૨૪ હજાર ૯૯૦ બેરોજગારો નોંધાયા છે. એમાંથી ૪ લાખ ૨ હજાર ૩૯૧ શિક્ષિત બેરોજગારો નોંધાયા છે. ૨૨,૫૯૯ અર્ધ શિક્ષિત બેરોજગારો નોંધાયા છે. મારે મારા જિલ્લાની વાત કરવી છે. મારા જિલ્લામાં ૧૫,૯૧૫ શિક્ષિત બેરોજગારોની નોંધણી થયેલ છે. બે વર્ષની અંદર એમાંથી ફક્ત ૮ યુવાનોને રોજગારી આપવામાં આવી છે. આ પરિસ્થિતિ આખા ગુજરાતમાં છે. આઉટ સોર્સ દ્વારા ભરતીઓ કરવામાં આવે છે. આપણે સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારતની વાતો કરીએ છીએ. મોટાભાગના શહેરોમાં, મોટા ભાગની નગરપાલિકાઓની અંદર વાલ્મિકી સમાજના લોકોને સીધી રોજગારી આપવાના બદલે નગરપાલિકા કે કોર્પોરેશન દ્વારા સીધા એમને રોજમદાર તરીકે રાખવાના બદલે એમની ભરતી આઉટ સોર્સથી કરવામાં આવે છે અને જે કંપનીને આઉટ સોર્સનું કામ આપવામાં આવે છે એ કંપની દ્વારા કર્મચારીઓનું શોષણ કરવામાં આવે છે. અંધજન દિવ્યાંગોની વાત કરીએ તો અંધજન શિક્ષિત બેરોજગારને આપણે તાલીમ આપીએ છીએ એમાં વર્ષ ૨૦૧૩–૧૪માં એકને રોજગારી આપી, વર્ષ ૨૦૧૪–૧૫માં એકને રોજગારી આપી એમ કુલ ૩ રોજગારી આપી છે. ૬૩૭ અંધ શિક્ષિતોને આપણે તાલીમ આપી પછી ફક્ત ૩ જણને નોકરી આપવામાં આપણે સફળ રહ્યા છીએ. આઇ.ટી.આઇ. સંસ્થા દ્વારા મહિલા સેનિટેશન ઇન્સ્પેકટરની તાલીમ આપણે આપીએ છીએ. આ તાલીમ વર્ષ ૨૦૧૩–૧૪માં ૨૧૬ને આપવામાં આવી.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું વકતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત થયા પછી ગુજરાતની અંદર ઇન્ડસ્ટ્રીઝ વિકાસનું પ્રમાણ ગુજરાતની શાંતિ અને સલામતિ જોઇને ઉદ્યોગો પુષ્કળ આવવા માંડ્યા છે. એના કારણે એની અંદર જે જરૂરિયાત હોય તો આપણી રોજગાર કચેરીઓ છે એ જે વિસ્તારમાં જે જરૂરિયાત હોય એ ઇન્ડસ્ટ્રીઝ પાસે જઇ અને એનું સંકલન કરીને ઇન્ડસ્ટ્રીઝની કેટલી જગ્યાઓ છે અને આપણા કેટલા બેરોજગાર યુવાનો નોંધાયા છે આ બન્નેનું સંકલન કરીને ભરતી મેળાઓનું આયોજન કરે છે. આ ખૂબ સુંદર યોજના છે. એના કારણે વર્ષ ૨૦૧૮–૧૯માં રોજગાર કચેરીઓ દ્વારા ૧૦૧૪ જેટલા રોજગાર ભરતી મેળાઓ કરવામાં આવ્યા અને એમાં ૨ લાખ ૨૯ હજાર ૮૨૯ એટલે કે ભારતમાં સૌથી વધારે જો રોજગારી આપી હોય તો ગુજરાતે આપી છે. દર હજાર વ્યક્તિએ ભારતમાં ૫૦ બેરોજગારની સામે ગુજરાતમાં માત્ર ૯ જ છે અને એ આપણું ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, આ બધા ટ્રેઇન થયેલા હતા પણ સ્વરોજગાર માટે પણ જે આપણી વિવિધ યોજનાઓ છે જે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો અને બાકીના બધા વિભાગો દ્વારા યોજનાઓ જેવી કે, બાજપાયી બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, માનવ ગરિમા યોજના આ બધી જે યોજનાઓ છે એમાં જે સાધન સહાય આપવામાં આવે છે એના માટે સ્વરોજગાર લક્ષી વિવિધ યોજનાઓની અમલ કરતી જે કચેરીઓ છે એ કચેરીઓના સહયોગથી રોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવે છે અને આ વર્ષે ૮૮૭ સ્વરોજગાર શિબિર યોજી એમાં ૧,૫૨,૬૯૬ ઉમેદારો હતા. એમને માર્ગદર્શન આપવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, કૌશલ્ય વર્ધન કેન્દ્રો છે એમાં ૨૦૦૯ માં આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ કચ્છમાં જે ચિંતન શિબિર હતી એની અંદર ઓછું ભણેલા લોકો હોય, મહિલા હોય એમાં કૌશલ્ય વર્ધન કરીને સ્વરોજગારી મેળવવા માટેના એવા જે સેકટરો છે, ગારમેન્ટ સેકટર, કોમ્પ્યુટર, મોબાઇલ, જી.એસ.ટી., અત્યારે જી.એસ.ટી. નવું આવ્યું એમાં લેઇટેસ્ટ જી.એસ.ટી. કર્યું છે એમાં યુવાનો જાય તો એમને રૂ.૧૦–૧૫ હજારની નોકરી મળી જાય. એકથી ત્રણ મહિનાના ટૂંકા ગાળાની અંદર આમાં તૈયાર થાય છે અને વર્ષ ૨૦૧૦–૧૧થી આજ સુધીમાં ૧૯,૦૪,૧૪૫ લાભાર્થીઓને તાલીમ આપી છે અને એમાં આપણા ગૌરવ માટેની વાત એ છે કે, ૩૯,૦૭૦ મહિલાઓ છે. મારા મણીનગરમાં પણ આવું કૌશલ્ય વર્ધન કેન્દ્ર ચાલે છે. દર ત્રણ મહિને અમે ત્યાં જઇએ છીએ અને એ લોકો બીજા લોકોને બોલાવીને ડાયરેક્ટ ભરતી કરી નોકરી કરાવે છે અને આવા આખા ગુજરાતની અંદર ૩૨૩ કૌશલ્ય વર્ધન કેન્દ્રો છે. માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે પોતાના વિસ્તારમાં, માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર એવું છે કે, આપણે સમાજ સેવા કરીએ છીએ તો સમાજ સેવા બાબતમાં મને એક વાત યાદ આવે છે. એક સંતને એક ભાઇએ પૂછ્યું કે, મારે સમાજ સેવા કરવી છે તો એમણે એવું કહ્યું કે, નડવાનું બંધ કરો એ સૌથી મોટી સમાજ સેવા છે અને સમાજ સેવા કરવા માટે આપણે આપણા વિસ્તારમાં જઇ સરકારની આ બધી યોજનાઓ છે એમાં બધાને સામેલ કરી આપણા વિસ્તારને કૌશલ્યપૂર્ણ બનાવી ગુજરાત સરકારની જે આ યોજનાઓ છે એમાં લાભાર્થી બનીએ અને બીજું, ભારતીય સેનામાં રાષ્ટ્રની રક્ષા સાથે યુવાનો ગૌરવપૂર્ણ રોજગારી મેળવે એના માટે સેનાના આર્મી, નેવી અને એરફોર્સના સહયોગથી લશ્કરી ભરતી મેળા

કરવામાં આવે છે અને સરકાર દ્વારા શારીરિક અને લેખિત પરિક્ષા માટે તાલીમ આપવામાં આવે છે. આ વર્ષે ૨૦૧૮-૧૯માં ૭૧ તાલીમ વર્ગના આયોજનથી ૨૦૮૦ ઉમેદવારોને લશ્કરમાં તાલીમ (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. શ્રી બ્રિજેશ મેરજા..

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દસ જ સેકન્ડ, ૨૦૮૦ ઉમેદવારોને લશ્કરમાં તાલીમ આપી એમાંથી ૧૩૮૦ સુરક્ષામાં પસંદગી પામ્યા છે એ આપણું ખૂબ મોટું ગૌરવ છે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના વરિષ્ઠ નેતા આદરણીયશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા મહેસૂલ વિભાગની રૂ.૩૩૮૩ કરોડની બજેટરી માગણી લઇને આવ્યા છે ત્યારે હું આદરપૂર્વક બેઅદબ મારા તલસ્પર્શી અને તટસ્થ વિચારો રજૂ કરવાની આપની અનુમતિ વાંછું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાતનો પ્રારંભ કરું તે પહેલા માનનીય શ્રી કૌશિકભાઇ પટેલના સારા સ્વાસ્થ્ય અને નિરામય દિર્ઘ આયુષ્ય માટે ગૃહવતી પ્રાર્થના પણ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપે આપના નામેરી માનનીય રાજેન્દ્રભાઇ મોડાસાને કહેલું કે સમય કોઇ માટે રોકાતો નથી. હું એમાં થોડો સુધારો કરીશ. સમય કાયમી કોઇનો થયો નથી. **કાબે અર્જૂન લૂટ્યો વોહી ધનુષ વોહી બાણ** માટે ઊગે એનો આથમે મારા મિત્રો. માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગની માગણી પર બોલી રહ્યો છું ત્યારે મારે ઐતિહાસિક પાત્ર ટોડરમલને યાદ કરવા પડે છે. મહેસૂલી તંત્રનો પ્રારંભ ટોડરમલે કરેલો. હું વિધેયાત્મક વાત કરીશ. વિરોધાભાસ હશે ત્યાં *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી બ્રિજેશ મેરજા : સરકારનું ધ્યાન દોરીશ. વિષય ઉપર આવું તો દેશના દંતકથા સમાન નાયબ વડાપ્રધાન આદરણીય સરદાર વલ્લભભાઇ પટેલે રેવન્યૂ કેડરનો નીંવ નાખેલી, પાયો નાખેલો છે એટલે એટલું કહીશ કે મહેસૂલી તંત્ર એ વહીવટીતંત્રની કરોડરજ્જૂ છે. મહેસૂલ વિભાગના ત્રણ આયામો છે. એક, જમીનનું વ્યવસ્થાપન, બીજું, જમીન રેકર્ડની નિભાવણી અને ત્રીજું. જમીન જે રીતે મહેસૂલી વહીવટ છે એને સુદ્રઢ બનાવવો. આ કામ ભારે મોટું છે. પૂરતો સ્ટાફ માંગી લે એવું છે. મહેસૂલ વિભાગમાં વર્ગ-૪ થી વર્ગ-૧નું ૩૩૮ નું સેટઅપ મંજૂર થયેલું છે. કમનસીબે ૧૧૫ જેટલી જગ્યાઓ ખાલી છે, એ ભરવી જોઇએ. તાજેતરમાં આપણા બધાના જીવ ઉંચા કરી નાખ્યા હતા, વાયુ વાવાઝોડું આવ્યું હતું ત્યારે મહેસૂલી તંત્રએ જે સતર્કતા, સાવધાની, ગંભીરતા, સક્રિયતા દાખવી એ માટે મહેસૂલી તંત્ર અભિનંદનને પાત્ર છે. અધિક મુખ્ય સચિવશ્રીએ ડિઝીટલ સેવાનો ભરપુર ઉપયોગ કર્યો. ટ્વીટર ઉપર, સોશિયલ મિડીયા ઉપર માહિતીની આપ લે કરીને જનતાને જગાડી. પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક મિડીયા સાથે લાઇવ કોન્ટેકટ કરી અને સૌને સાબદા કર્યા. વાયુ વાવાઝોડાની પળેપળની માહિતીથી અવગત કર્યા આ કાર્ય ધન્યવાદને પાત્ર છે. મોટી જાનહાની થતી અટકી ગઇ. અમે પણ અમારા વિસ્તાર નવલખી બંદરમાં જિલ્લા વહીવટીતંત્ર મોરબીએ ખૂબ સારું કામ કર્યું. અમે એની સાથે ખડેપગે ઉભા રહેલા. રાહત રસોડા કર્યા અને લોકોને સ્થળાંતર કરવામાં પણ મદદ કરી. જયારે આપણને પ્રજાએ ખોબલે ને ખોબલે મત આપીને બેસાડયા છે ત્યારે આપણું શ્રેષ્ઠ કર્તવ્ય બને છે. માનનીય ચુડાસમા સાહેબ, આપ સમદ્રષ્ટિ કેળવો, સમભાવ દાખવો. મારે બીજી વાત કહેવી છે. મારો માળીયા તાલુકો, મારા મોરબી મત વિસ્તારનો ૨૦૦૧માં ભુકંપગ્રસ્ત થયેલો. બધી સરકારી કચેરી ધરાશાયી થઇ ગયેલી. આજે ત્યાં તાલુકા સેવા સદન બન્યું નથી. આપશ્રી અમારા માળીયા તાલુકાને સેવા સદન આપો. મહેસૂલી વહીવટી શાસન પિરામીડ જેવું છે. Flow of power not comes from two barrels. Barrel એટલે નાળચુ. It should come only from one barrel. જો આમ થશે તો શાસન વધુ અસરકારક બનશે. વરસાદના માપક યંત્રો પણ અત્યારે કાટ ખાઇ ગયા છે. નવા વસાવો, જાહેર સ્થળે મૂકો. સચિવશ્રી, વિવાદની કચેરીના જૂના કેસોનો નિકાલ કરો, આનાવારીને અસરકારક બનાવો. માનનીય પૂર્ણેશભાઇ મોદી, આપને હું પડકાર ફેંકું છું. આપે વર્ષ ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૮૭ના (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને માનનીય કહો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય મારા મિત્ર, માનવંતા મોદી સાહેબ, હું આપને યાદ કરાવું છું. વર્ષ ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૮૭માં માનનીય નીતિનભાઇ સાહેબ, ત્રણ દુષ્કાળ.

અધ્યક્ષશ્રી : શ્રી બ્રિજેશભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી બ્રિજેશ મેરજા : સાહેબ, એક જ સેકન્ડ. આ વહીવટીતંત્રમાં શ્રી સી.કે. કોષી રાહત કમિશ્નરશ્રી અને શ્રી યોગેન્દ્ર દિક્ષિત, રાહત નિયામકશ્રી વિરોધપક્ષે પણ એમના કામની સરાહના કરી હતી અને ખેડૂતપોથી આત્મારામ પટેલ લાવ્યા અને જમીન મહેસૂલ માફ કર્યું. આભાર સાહેબ.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯-૨૦ના અનુમોદનની માગણીમાં હું મારું મંતવ્ય રજૂ કરું છું. કુદરતી આફત અને રાહત. પાંચ તત્વો આવેલા છે. આકાશ, પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ જેવા કુદરતે રચેલા આ તત્વો છે. જેમાં મનુષ્યસામે આવનાર કુદરતી આફત સામે આગોતરા નિરાકરણ માટે કરવાની તૈયારી, હું આજે આપના દ્વારા શ્રી વિજયભાઇ રૂપાણીજી અને સાથે શ્રી નીતિનભાઇ પટેલને પહેલા તો ખૂબ ખૂબ ધન્યવાદ આપીશ કે વાયુ નામનું વાવાઝોડું

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કુંકાવાનું હતું, કુદરતી આફત થવાની હતી અને સંભાવના પણ દેખાતી હતી અને સૌ લોકો થરથર કાંપતા હતા જે વિસ્તારના લોકો હોય એણે જ એનો અહેસાસ કરેલો હોય ત્યારે કુદરતનો....

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. વિરામ બાદ સાંજે ૬-૦૦ કલાકે ગૃહ ફરીવાર મળશે. સભ્યશ્રી અરૂણસિંહનું વ્યક્તવ્ય ચાલુ રહેશે.

**(વિરામ ૫-૩૦ થી ૬-૦૦)**

**( સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને )**

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ વાત કરી તેમ વાયુ વાવાઝોડું એ કુદરતના નાથ શિવજીની કૃપાથી આ વાયુ વાવાઝોડું નરમ પડી ગયું. આપણા ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સરકારે વાયુ વાવાઝોડાના અનુસંધાને જે કેબિનેટ બોલાવી અને તે રદ કરીને પ્રભારી સચિવોને સંબંધિત જિલ્લામાં મોકલવાની કામગીરી કરી. આ કહેતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું કે ૨ લાખ ૭૮ હજાર નાગરિકોને તાત્કાલિક સ્થળાંતર એ જ દિવસે કરાવી તેમને આશ્રયસ્થાને પહોંચાડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલ છે. નાગરિકોને ફુડ પેકેટ, પીવાના પાણીની વ્યવસ્થા મહેસૂલી તંત્ર દ્વારા કરવામાં આવી અને જે તે કક્ષાના મંત્રીશ્રીઓ અને ભાજપના આગેવાનો લોકોની વચ્ચે જઇને તેમને મદદ કરવાના ભાવ સાથે આ વાયુને જિલ્લા અને વહીવટી તંત્ર દ્વારા ૧૮૬૨ માછીમારોને અને ૩૯૩ બોટોને દરિયામાંથી પાછી બોલાવવાનું કામ આ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ છે. ૫૫૫૦ જેટલી સગર્ભા માતાઓની જાણકારી મેળવી ૩૪૫ સફળ ડિલિવરી કરવાનું કામ કરેલ છે. ખાલી જગ્યાઓએ આવેલી માલ-મિલકતોને રક્ષણ કરવા માટે ૧૩૧૬ જવાનો અને ૩૦૫ વાહન વ્યવહાર રાખવામાં આવેલ છે. એનડીઆરએફની ૪૪ ટીમ, એસડીઆરએફની ૯ અને એસઆરપીની ૧૩ અને ૧૧ એમ કુલ મળીને ૭૭ ટીમ માનવને બચાવવાની કામગીરી કરી રહેલ હતા. શ્રી વિજયભાઇ રૂપાણીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. જ્યારે ધરતીકંપ થયો અને શ્રી નરેન્દ્રભાઇ મોદી તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી આજે દેશના વડાપ્રધાન છે. તે વખતે તેમણે વિધિન મિનિટોમાં બચાવની કામગીરી શરૂ કરી. સુવ્યવસ્થિત રીતે કાટમાળ ખસેડવો, નવા બાંધકામ, મેડિકલ સહાય આપી, પીવાના પાણીની સહાય આપી, ફૂડ પેકેજ આપ્યા, સંસ્થાના વાહનોની વ્યવસ્થા કરવી, વિવિધ સમાજના એન.જી.ઓ. દ્વારા કચ્છને ઉભું કરવાનું કામ કરેલ છે. એ માટે હું શ્રી નરેન્દ્રભાઇ મોદીજીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. અને આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પણ ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. તેમણે જે કામ કરેલ છે તે ખરેખર પ્રશંસનીય છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ વિભાગના મંત્રીશ્રી શ્રમ અને રોજગાર મંત્રીશ્રી પોતાની માગણીઓ લઇને આવ્યા છે, તે અંગે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. મારા સાથી સભ્યોએ પોતાના વક્તવ્યોમાં જણાવતા હતા, માગણીઓને અનુમોદન આપતા હતા અને શાસક પક્ષ તરીકે આપવું જોઇએ, એમાં વિરોધ ન હોવો જોઇએ. તેઓ એમ કહેતા હતા કે રોજગારી માટે ગુજરાતે જે ખેવના કરી છે. મારા મિત્રોને ખબર નહિ હોય કે સૌરાષ્ટ્રમાંથી સુરતમાં રોજગારી માટે ગયેલ વ્યક્તિ આજે પાછો આવી રહ્યો છે. પેટ ભરવા માટે, ખાડો પુરવા માટે ગયેલો, પરંતુ આજે હીરા ઉદ્યોગ ભાંગીને ભૂક્કો થતો જાય છે. નોટબંધી પછી આ દેશમાં અને રાજયમાં બેરોજગારીનું જે પ્રમાણ વધ્યું છ એ મારા મિત્રોને યાદ આવતું નથી. પરંતુ આ યુવાનો જયારે જાગશે ત્યારે મારે સામા પક્ષના લોકોને કહેવું છે અને અમારા પક્ષના લોકો કહેતા હતા કે, યુવાનોનો જઠરાગ્નિ જાગશે ત્યારે ભસ્મિભૂત થતાં વાર નહીં લાગે. કોંગ્રેસે કશું કર્યું નથી તેવું કહેનારા મારા સાથી સભ્યો અને મંત્રીશ્રીઓને કહેવું છે કે, આ વિધાનસભાગૃહમાંથી તમે જે સંબોધન કરો છો તેની સ્થાપના કરવાનું મહત્વનું કામ કોંગ્રેસે કર્યું છે તે કેમ તમે ભૂલી જાઓ છો! અહીં જેની પાસેથી જમીન એકવાયર કરી તે છોકરાંઓની શું દશા છે તે ખબર નહીં હોય. વિધાનસભા એમએલએમાં નોકરી અપાતી હતી. આજે ત્યાં આગળ તેમને આઉટસોર્સથી રાખવામાં આવે છે અને તેમને પગાર મળે છે કે કેમ તેની પણ ચિંતા કરવી જોઇએ. રોજગારીના આખા દેશના જે આંકડા આવ્યા છે તેમાં આખા દેશમાં ગુજરાતની કમનસીબી બેરોજગારીમાં ઉભી થઇ છે. બધે જ તમારી સરકાર છે. મહેસૂલ ખાતાના માનનીય મંત્રીશ્રી ચુડાસમાજી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, મોટામાં મોટું જમીન માપણીનું ચાલતું હોય તો તેમાં મારી પાસે આંકડા છે. જમીન માપણીના પ્રોજેકટમાં *(xxx) અને *(xxx) ચાલી રહ્યું છે.

સભાપતિશ્રી : *(xxx) શબ્દ દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આંધ્રપ્રદેશની બ્લેકલીસ્ટ કંપનીને જમીન માપણીનું કામ આપવામાં આવ્યું. તેના કારણે આ હૈદરાબાદની આ કંપનીએ જે કામ કર્યુ છે અને અંગ્રેજોને કાઢ્યા પછી મહેસૂલી રેકર્ડ જે રાખ્યું છે તે રેકર્ડને કોઇને કોઇ રીતે ચેડાં કરવાનું કામ તેમના હિન્દીભાષી છોકરા લાવીને આ હૈદરાબાદની કંપનીએ કર્યુ છે અને તેના લીધે આ ગુજરાતના ખેડૂતો આજે બરબાદ થઇ રહ્યા છે. જેમના સરવે નંબર હતા તે નંબરમાં અને મારો પોતાનો વિસ્તાર બાબરા છે. બાબરા વિસ્તારનું કલુ જે ગામ છે તેના આખા સરવે નંબરમાં જંગલખાતુ દાખલ થઇ ગયું છે. કેમ જંગલખાતુ આવી ગયું તે ખબર પડતી નથી. જે નામો રાખવાના હતા તે રદ થઇ ગયા છે અને જંગલખાતાનું નામ દાખલ થઇ ગયું છે. અમે સંકલનમાં કહ્યું તો કહે હવે પ્રમોલગેશન થઇ ગયા છે અમે કશું કરી શકીએ તેમ નથી. સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડ એટલે કે એસએલઆર ૧૪

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મહિનાનો રિપોર્ટ કર્યો કે આ જમીનની માપણી ખોટી છે તેવું અમે નથી કહ્યું. જમીન ખાતાના અધિકારીઓ એસએલઆરની જે ટીમો રચાણી હતી અને તેઓએ પણ સ્વીકાર્યુ છે કે આ જમીનની માપણી ખોટી થઇ છે. અધિકારીઓએ જમીનની ચકાસણી થયાના પ્રમાણપત્રો ઇસ્યૂ કરી દીધા છે.

સભાપતિશ્રી : આપની પાસે એક મિનિટ છે. ઘડિયાળ ચાલે જ છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હજું તો બોલવા જ ઉભો થયો છું. જે પ્રમાણપત્રો ઇસ્યુ કર્યા છે તેના કારણે જમીનોમાં જે છોકરાંઓની વારસાઇ થવી જોઇએ તેના બદલે શ્રી સરકાર દાખલ થઇ ગઇ છે. તેના નિયમો છે કે ત્રણ-ત્રણ વરસ સુધી શ્રી સરકાર દાખલ થાય તો જમીનનો માલિક તે જમીનનો માલિક નહીં રહે. આવી પરિસ્થિતિ ત્યાં પેદા થઇ છે. અછતની પરિસ્થિતિ ઉભી થઇ છે તે બાબતમાં કહેવું છે કે, બાબરા, ધારી અને લાઠી તાલુકો અછતગ્રસ્ત જાહેર થયો છે. ઘાસચારા માટે અમે માગણીઓ કરી તો ઘાસચારો આપવામાં જ ન આવ્યો. દસ્તાવેજની ઓફિસ આપણી આવકનું મોટું સાધન છે. ગાંધીનગરની દસ્તાવેજની કચેરી છે ત્યાં જઇને જોવામાં આવે, નોંધણી કરાવવા માટે માણસો કલેક્ટર ઓફિસની બહાર બેઠા હોય છે અને ત્યાં બેસવાની પણ જગ્યા હોતી નથી.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, એકપણ દસ્તાવેજની કચેરીમાં બેસવાની જગ્યા નથી. આ દસ્તાવેજ કચેરીઓ વ્યવસ્થિત કરવામાં આવે તેવી મારી માગણી કરું છું. આડેધડ જમીનોની ફાળવણી કરવામાં આવે છે...

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાજી મહેસૂલ વિભાગ, કુદરતી આફત અને રાહતની માગણી નં.૭૮ અને ૭૯ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને સૂર પુરાવવા ઉભો થયો છું. જે પ્રમાણે માનવ શરીરમાં કરોડરજ્જૂ મહત્વનું અંગ છે તે જ પ્રમાણે સરકારના તમામ વિભાગોમાં મહેસૂલ વિભાગ કરોડરજ્જૂ સમાન છે. તાજેતરના વાયુ વાવાઝોડાની વાત માનનીય સભ્યશ્રીએ કરી. બીજી અનેક વાતો કરી. ગત વર્ષે રાજય સરકારમાં એટલે કે આપણા ગુજરાત રાજયની અંદર ઘણા બધા તાલુકાની અંદર વરસાદ ખૂબ ઓછો થયો હતો. અને એના આધારે જિલ્લા અને તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. અમારી નિર્ણાયક સરકાર, સંવેદનશીલ સરકાર અને ગતિશીલ સરકારે ત્વરિત નિર્ણય લઇ એ કચ્છ હોય કે બીજા અલગ અલગ જિલ્લામાં ઘાસચારાની સગવડ, પીવાના પાણીની સગવડ એવી તમામ વ્યવસ્થાઓ તાબડતોબ કરી અને છેલ્લા ઘણાં વર્ષોમાં આપણે સાંભળ્યું છે એનાથી વિશેષ કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ગત વર્ષે પણ જે રીતે બનાસકાંઠામાં ખૂબ મોટા પ્રમાણમાં પૂર આવ્યું અને એ પૂરમાં જેટલા લોકોને ખૂબ મુશ્કેલી પડી હતી એ પરિવારોને એમાં રાહત મળે તે માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ આખી કેબિનેટને ત્યાં લઇ ગયા હતા અને સરકારના બધા અધિકારીઓને ત્યાં હાજર રાખી અને છેવાડાના માનવી સુધી પૂરેપૂરી સવલત આપવાનું કામ માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇ સાહેબે અને અમારી સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘણી બધી વાત થાય છે, આપણા ખેડૂત પુત્રો માટે આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે તાજેતરમાં ખેડૂતો માટે ખાલી વચન નહીં, ખાલી વિશ્વાસ નહીં પણ સીધે સીધા એમના ખાતામાં ૬૦૦૦ રૂપિયા કોઇ પણ વચેટિયા સિવાય ખાતેદારના ખાતામાં ત્રણ હપ્તાથી જમા કરાવવાનું કામ અને એમાં પણ બે એકરના બદલે સુધારો કરી આ દેશના ખેડૂતોને એમની આવકમાં વધારો થાય એના માટેનું ભગીરથ કાર્ય કર્યું છે. એમના ૭/૧૨ની અંદર કુટુંબના ત્રણ નામ હોય તો ત્રણેને ૬૦૦૦ રૂપિયા એમને મળવા પાત્ર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસૂલ કાયદો એ અંગ્રેજોના જમાનાથી અને હું તો માનું છું ત્યાં સુધી મારા પોતાના ઘરે જૂના ગાયકવાડી સરકારના રેકર્ડ છે એ જમીન મહેસૂલનો કાયદો ખૂબ અગત્યનો હતો, સમય પ્રમાણે એમાં સુધારા કરવામાં આવ્યા. દેશ આઝાદ થયો, વિપક્ષના મિત્રોની સરકાર ખૂબ લાંબા સમય સુધી ચાલી પણ ક્યારેય એમણે ખેડૂતોની ચિંતા કરી નહીં.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી અને શ્રમ અને રોજગાર મંત્રી એમના વિભાગોની જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ જમીન રેકોર્ડ, જમીન નોંધણી અને લેવડ-દેવડ વખતે સ્ટેમ્પ ડ્યુટી ઉઘરાવવાનું કામ પણ આ વિભાગ કરે છે. આ જમીન જે છે એનો રેકોર્ડ અપડેટ કરવા માટે દર ૫૦ વરસે આપણે માપણી કરતા હોઇએ છીએ. છેલ્લે ૧૯૫૨થી ૧૯૫૭માં જમીનનો સરવે થયો હતો અને જે તે વખતે સાંકળથી માપણી થયેલી અને એ પ્રમાણે એમણે લેન્ડમાર્ક મૂકેલા તે પછી હમણા છેલ્લે સેટેલાઇટથી જે સરવે થયો એ સરવે વખતે એમાં લેન્ડમાર્ક ન મૂકવામાં આવ્યા અને એ વખતે જ્યારે માપણી થતી હતી ત્યારે આ જ ગૃહમાં મેં સૂચન કર્યું હતું કે લેન્ડમાર્ક મૂકાવો કે જેથી ખેડૂતોના પ્રશ્નો છે એ હલ થશે. પણ આ વાત આગળ વધી નહીં અને આજે સ્થિતિ એ થઇ છે કે જે ખેડૂતો છે એમના સરવે નંબરો, એમનું ક્ષેત્રફળ અને એમના નકશા બદલાઇ ગયા છે અને અત્યારે જે ખેડૂતો જાગૃત થયા છે અને જ્યારે અરજીઓ કરે છે ત્યારે જિલ્લાની લેન્ડ રેકોર્ડની ઓફીસ છે એમની પાસે પૂરતો સ્ટાફ નથી અને ક્યાંક જ્યારે માપણી કરવા આવે છે ત્યારે માપણી ફક્ત જે રજૂઆત કરે છે એની જ કરીને જાય છે અને એના લીધે પ્રોબ્લેમ સોલ થતો નથી. જૂના રેકોર્ડ પ્રમાણે જે જૂની એમની જમીન છે એ જમીન પ્રમાણે રેકોર્ડ અપડેટ થવો જોઇએ. પહેલી વખત આ સરવે નંબરો બદલાયા જેથી ઘણી મુશ્કેલી પણ પડે

છે એટલે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, જૂનું રેકર્ડ જુઓ અને જૂના રેકર્ડ સાથે અને એના જે લેન્ડમાર્ક હોય એ પ્રમાણે તમે સરવે કરી આપો એવી મારી વિનંતી છે. સાથે અમારા જે વિસ્તારો છે એ ડુંગરાળ વિસ્તારો છે એમાં જંગલની જમીનો પણ આવે છે, એની સાથે રેવન્યૂની જમીન આવે છે, સાથૈ ગૌચરની જમીન પણ આવે છે. એટલે ઘણા બધા માણસો એકબીજાની જમીનમાં અંદર ઘૂસી જાય છે જેમ હમણાં વિરજીભાઇ વાત કરતા હતા તેમ. એના લીધે આ મુશ્કેલી થાય છે. મેં ઘણી વખત જિલ્લા લેવલે પણ રજૂઆત કરી છે. મારી વિનંતી છે કે, આ તમે લેન્ડમાર્ક મૂકો કારણકે એના વગર પછી જ્યારે સરકારને પણ જમીનની જરૂર હશે ત્યારે એ જમીન નહિ મળી શકે. અત્યારે પણ ખેડૂતો શું કરે છે કે, થોડુંક ઝૂંપડું બનાવે, કોઇ નથી બોલતું પછી આગળ વધે, ધીરે ધીરે પાકું મકાન બનાવી દેતા હોય છે ત્યારે એ હટાવવું ખૂબ મુશ્કેલ બને છે. એટલા માટે સરવે કરીને તમે અત્યારે લેન્ડમાર્ક મૂકો એવી મારી વિનંતી છે. સાથે ગામની રચના પણ, શહેરોમાં તો વસતિ વધી એટલે નવા વોર્ડ વધ્યા, નવું સીમાંકન કરવામાં આવ્યું, પણ ગામડાઓમાં વસતિ વધી, જે નવા ફળિયાઓ ડેવલપ થયા, એનો સરવે કરવામાં આવ્યો નથી અને એ ગામો અત્યારે ફળિયા તરીકે જ ચાલે છે જેની વસતિ અત્યારે હજાર, દોઢ હજાર, બે હજાર થઇ ગઇ છે, પણ નાના ફળિયા તરીકે ગણાય છે. મારી સરકારને વિનંતી છે કે, આ ફળિયાઓને રેવન્યૂ વિલેજનો દરજ્જો આપો અને એને મહેસૂલી કોડ નવો આપો. બીજું, મારા ભિલોડા તાલુકાના ચાર ગામો જે ટ્રાયબલ વસતિના છે, એ ગામો નવું સીમાંકન જ્યારે ચૂંટણી વખતે થયું એ વખતે હિંમતનગર તાલુકામાં જતા રહ્યા છે. એ લોકોના ગામ તરફથી ગ્રામસભાનો ઠરાવ નથી. એ લોકો એમ કહે છે કે દૂધ ભરવા માટે અમારી પાસેથી સહીઓ કરાવી ગયા હતા બાકી કોઇ ઠરાવ કર્યો નથી. હવે એ લોકોએ સાચો ઠરાવ કરીને આપના વિભાગને મોકલ્યો છે. મારી વિનંતી છે કે, એમના સામાજિક વ્યવહારો ભિલોડા તાલુકા સાથે છે, એમને ત્યાંથી ભિલોડા તાલુકો દસથી બાર કિલોમીટર થાય છે અને પેલું ૩૫ કિલોમીટર થાય છે એટલે ખૂબ મુશ્કેલી એ લોકોને પડે છે, આવા સંજોગોમાં એ લોકોને પાછા ભિલોડા તાલુકામાં મૂકો એવી મારી વિનંતી છે. સાથે સાથે અમારો ભિલોડા તાલુકો ખૂબ મોટો તાલુકો છે. આખા ગુજરાતમાં ભૌગોલિક રીતે ખૂબ મોટો તાલુકો છે, ૭૦ કિલોમીટરની રેન્જ છે. ભિલોડાને એક નવો તાલુકો શામળાજી આપો એવી મારી વિનંતી છે. ઘણા સમયથી એની ફાઇલ ચાલે છે. ત્યાંથી પાછી આવે જાય એમ થયા કરે છે અને આનો સરવે કરીને એને નવો તાલુકો આપ જાહેર કરો એવી મારી વિનંતી છે. સાથે સાથે અમારી જે જમીનો છે એને ૭૩–એ લાગે છે, વર્ષ ૧૯૬૧માં જે આદિવાસીઓ હતા એને ૭૩–એ લાગેલ છે, પછી વર્ષ ૧૯૮૧માં ૭૩–એએ લાગેલ છે પણ હવે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે, જે આદિવાસી હોય એને જ આ લાગતું હતું. પણ ઘણા એના આધારે પાછાં આદિવાસી થવા જાય છે. એટલે કાયદામાં આ જોઇને આનો નિર્ણય કરવો પડે એમ મને લાગે છે અને સાથે સાથે આદિવાસી વિસ્તારમાં જે જમીનો હતી એને ૭૩–એએ લાગુ કરવામાં આવતો હતો અત્યારે શહેરોમાં કોઇ જમીનો લે છે એને પણ ૭૩–એએ લાગે છે એટલે આમાં આપ અભ્યાસ કરી જે કંઇ નિર્ણય કરવો પડતો હોય તે કરો એવી મારી વિનંતી છે.

શ્રી શશીકાન્ત  મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર જે માગણીઓ લઇને આવ્યા છે હું એને સમર્થન આપવા માટે ઉભો થયો છું. આ રાજ્ય સરકાર, રાજ્યના યુવાનોને રોજગાર મળે તે માટે સતત પ્રયત્નશીલ રહી છે. રાજ્યના યુવાનોને રોજગાર ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે શ્રમિકોની સલામતી, તેમની આરોગ્ય અને તંદુરસ્તીની જાળવણી, ઉપરાંત તેમના કૌશલ્યવર્ધનની સુવિધાઓ માટે તાલીમની વ્યવસ્થા સરકાર દ્બારા પૂરી પાડવામાં આવેલ છે. રોજગાર કચેરીઓમાં નોંધાયેલા ઉમેદવારોને ખાનગી ક્ષેત્રની રોજગારીની તકો ઔદ્યોગિક એકમોમાં મળે તે માટે રોજગાર ભરતી મેળાનું એક સારું સુચારું આયોજન કરવામાં આવે છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત એક લાખ એપ્રેન્ટીસોની ભરતી માટે ૭૮ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરી છે.  આ યોજનામાં ગ્રેજ્યુએટ એપ્રેન્ટિસ માટે રૂપિયા ૩,૦૦૦, ડિપ્લોમા એપ્રેન્ટિસ માટે રૂપિયા ૨,૦૦૦ અને એથી ઓછી લાયકાતના એપ્રેન્ટિસોને રૂપિયા, ૧,૫૦૦ પ્રતિમાસ પ્રોત્સાહનરૂપે વળતર આપવામાં આવે છે. અધિનિયમ હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નેશનલ હાઇવે, રેલ્વે પ્લેટફોર્મ, એસ.ટી. ડેપો, હોસ્પિટલ, પેટ્રોલપંપ વિગેરે સ્થળોમાં દુકાનો ૨૪ કલાક ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવેલ છે. નગરપાલિકા વિસ્તાર હોય કે સ્ટેટ હાઇવે હોય, દુકાનો સવારે ૬ વાગ્યાથી રાત્રીના ૨ વાગ્યા સુધી ખુલ્લી રાખી ધંધો રોજગાર કરી શકશે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાયના વિસ્તારોમાં સવારના ૬ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. સ્થળાંતર કરતા બાંધકામ શ્રમિકોના બાળકો માટે હોસ્ટેલની સુવિધા ઉભી કરવા માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકાર તેમજ શ્રમ અને રોજગાર મંત્રીશ્રીના અથાગ પ્રયાસોથી શ્રમિકો માટે ઘોડિયાઘર, રહેવા માટે ટેન્ટ, સાઇટ ઉપર લાઇન અને ના હોય તો ફાનસ, શ્રમિકો માટે જમવા માટે ટિફિનની વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંવેદનશીલ સરકાર ભૂતકાળમાં આપે જોયું હશે કે ભૂતકાળની સરકારોએ શ્રમિક મારી બહેન કે દીકરી કે મારી માતા શ્રમિક મજૂરી કામ કરતી હોય ત્યારે બે ઝાડના છેડે લૂંગી કે સાડી બાંધી અને નાનુ બાળક તે ઘોડિયામાં ઝૂલતું હોય અને માથા ઉપર તગારા ઉપાડી અને તે કામ કરતી હતી પરંતુ હવે આ સંવેદનશીલ સરકારે તેના માટે ઘોડિયાઘર આપ્યા છે. રહેવા માટે ટેન્ટ આપ્યા છે અને રાત્રેના લાઇટથી માંડીને ફાનસ આપ્યા છે અને શ્રમિક બિમાર પડે તો

તેના માટે ધનવંતરી રથ આંગણે આંગણે જાય અને શ્રમિકોની દવા કરે તે માટે આ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ શ્રમ અને રોજગાર વિભાગમાં ડાયરેક્ટર તરીકે પણ હતો. કૌશલ્ય તાલીમ યોજના અને દિવાળીનો તહેવાર મને યાદ છે લગભગ અંદાજે સાત હજાર શ્રમિકોને આ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તે લોકોની દિવાળી સુધરે તે માટે કૌશલ્ય તાલીમ યોજના હેઠળ તે લોકોના નાના બાળકોને મીઠાઇ, કપડાં અને દિવાળીનો તહેવાર હોવાથી ફટાકડાની વ્યવસ્થા આ શ્રમ રોજગાર વિભાગે તેમની તાલીમનું તાત્કાલિક વળતર સમયસર પૂરું પાડ્યુ એટલે તે લોકોની વ્યવસ્થા થઇ શકી. તેથીય વિશેષ કે શ્રમિકને ટિફિન જોઇએ તો તેના માટે ટિફિન આપ્યુ અને નિઃશુલ્ક ટિફિન અને આ અન્નપૂર્ણા યોજના. મા અન્નપૂર્ણાના નામે તેમાં થેપલાં, રોટલી એક શાક આ બધી જ વ્યવસ્થા કરવામાં આવી છે.

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પરમ મિત્ર શ્રી વિરજીભાઇ હમણાં બોલતા હતા કે અમારા યુવાનો કારખાના બંધ થયા એટલે રોજગારી છોડી અને તેમના વિસ્તારમાં આવી ગયા છે. પરંતુ શ્રી વિરજીભાઇ, એ કેમ આવ્યા છે ખબર છે ? મા નર્મદા ગામડામાં ઘેર ઘેર પહોંચી છે અને તમે આવો મારા વિસ્તારમાં તમને ખબર પડે કે ખેતીનું ઉત્પાદન કેટલું વધ્યું છે અને ખેડૂત પ્રગતિશીલ બન્યો છે. (અંતરાય) ખેડૂતનો દિકરો મારૂતી અને મોટર સાયકલ લઇને ફરતો થયો છે. આને કહેવાય વિકાસ આજ બપોરે તમારો વિકાસ થઇ ગયો સુપડા સાફ થઇ ગયા.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી, શ્રમ રોજગાર મંત્રીશ્રી તેમની જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓ તરફ એમની માગણીઓની સાથે સાથે મારા જિલ્લાની માગણીઓ પણ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમય ઓછો છે એટલે બીજી ચર્ચા નહીં કરી શકું. લાંબા સમયથી આ વિધાનસભા ગૃહમાં એટલે ગત વર્ષે અમે વિધાનસભા ગૃહમાં છોટા ઉદેપુર જિલ્લાના છોટા ઉદેપુર, ક્વાંટ, જેતપુર, બોડેલી, નસવાડી આ તાલુકામાં વસતા ખેડૂતોની જમીનમાં ૭/૧૨માં ૭૩A અને ૭૩AAની એન્ટ્રીઓ પાડવાની બાકી હતી. અનાયાસે આજે આપણી વચ્ચે આપણાં મંત્રીશ્રી હાજર નથી તેમણે હા પાડેલી કે જે આ બાકી રહી જવા પામેલ છે તે એન્ટ્રીઓ પાડી દેવામાં આવશે. ૭૩Aની સાથે સાથે ૭૩AAની એન્ટ્રી જે પાડવાની બાકી છે ક્વાંટ તાલુકામાં ૧૭ જેટલા ગામો છે. ૭૩A લાગ્યો હોય તો ૭૩AA લાગે જ આ સરકારી તંત્રની નિષ્કાળજીના કારણે કહું તો ખોટું નથી આ જે તે વખતની વાત કરૂં છું આજની વાત હું નથી કરતો. જે તે વખતે આ કાયદો લાગુ પડયો તે વખતે તંત્રે કાળજી રાખી નહીં અને જેના કારણે મારા ક્વાંટ તાલુકાના આમસોટા, ઉંડવા, ચાપરીયા, ચીચબા, કસરવાવ, ટવા, ધનીવાડા, ધનપરી, જામલી (મુસટ), નવાલજા, નાની ધોડી, નારૂકોટ, બોરધા, ભૈરથા, રાયપુર, વજેપુર, પીપલદા આ ૧૭ ગામોમાં ૭૩A Aની એન્ટ્રી પડી નથી એને વહેલાસર સરકાર પાડે, નિર્ણય લે એવી અપેક્ષા રાખું છું. છોટા ઉદેપુર નગરમાં બી–૩ સત્તા પ્રકારની મિલકતો આવેલી છે. રાજાઓના વખતથી જમીન ભાડે આપી હતી અને આ બી–૩ સત્તા પ્રકારની જમીન હોવાના કારણે આ મકાનો તબદીલ થઇ શકતા નથી અને એના કારણે અમારા છોટા ઉદેપુરમાં લગભગ ૯૯૬ જેટલી મિલકતો તબદીલ કરી શકાતી નથી. બાપના નામ ઉપરથી છોકરાના નામ પર પણ તબદીલ થઇ શકતી નથી. આ મહેસૂલ વિભાગનો પ્રશ્ન છે. ખાસ કરીને સીટી સરવે વિસ્તારમાં આવે છે. જ્યાં લાગતું હોય ત્યાં એની નોંધ રાખો. મને એક વાર સરકારે જવાબ આપ્યો હતો કે આવી બી–૩ પ્રકારનો કાયદો જ નથી પણ સરકારે મોડે–મોડે પણ સ્વીકાર્યું છે કે છોટા ઉદેપુરમાં બી–૩ પ્રકારની મિલકતો આવેલી છે. આપણે સમૂહ વિકાસની વાતો કરીએ એ. મારો કવાંટ તાલુકો અતિ પછાત તાલુકો છે અને મામલતદાર કચેરીમાં પૂરતો સ્ટાફ નથી અને એના કારણે કામગીરી ઝડપથી થવી જોઇએ એ થઇ શકતી નથી. રેવન્યૂ તલાટી ભર્યા પછી એમનો જોબ ચાર્ટ નક્કી નથી થયો અને એના કારણે મામલતદાર કચેરીમાં એમની પાસેથી કારકુન તરીકેનું કામ લેવામાં આવી રહ્યું છે. વધારાની જગ્યા ભરવા માટે અમે વખતો–વખત રજૂઆત કરી છે પણ એ જગ્યાઓ ભરાઇ નથી. આપણા જોષિયારાજી રેવન્યુ વિલેજની વાત કરતાં હતાં તો અમારે ત્યાં છોટા ઉદેપુર તાલુકાનું રાયસીગપુરા ગામ અને ત્યાંથી ત્રણ કિ.મી. પર વરઘી ફળિયું આવેલ છે. એની વિધિવત દરખાસ્ત થઇ ગઇ. સેટલમેન્ટ કમિશ્નરે મંજૂરી આપી દીધી છે. કલેક્ટરશ્રીને કહ્યું કે રેવન્યૂ ગામ ડિક્લેર કરો પણ આજ સુધી ડિક્લેર થયું નથી. આવા ઘણા બધા ગામડાઓ ફળિયામાં વહેંચાયેલા છે. એમાં ખાસ કરીને કવાંટ તાલુકાનું કનલવા, સીંહાદા, ડુંગરગામ, માણકા, હાફેશ્વર આ બધાં ગામો એવા છે કે એક ફળિયાને બીજા ફળિયામાં જોડવું હોય તો ૨.૫ થી ૩ કિ.મી. વિસ્તાર થતો હોય છે. તો તેવા વિસ્તારમાં આ નવા ગામો ડિક્લેર કરવા જોઇએ. મામલતદાર ઓફિસમાં વહીવટ માટે નાયબ મામલતદારની જગ્યાઓની જરૂર પડે. લાંબા સમયથી જગ્યાઓ ભરાઇ નથી આ નાયબ મામલતદારમાંથી મામલતદારમાં પ્રમોશન આપવાના છે એ પણ અટકેલા છે. આ જગ્યાઓ સરકાર વહેલી તકે ભરે જેથી કરીને તમારું મહેસૂલી માળખું વ્યવસ્થિત રીતે કામ કરે. અમારી ૭૩(એ) અને ૭૩(એએ)ની વાત હતી એ સારી રીતે વિચારીને મારા બાકી રહી ગયેલા ગામડાઓમાં જે તે વખતે તંત્રનો વાંક હતો. *(xxx) જેવી સ્થિતિ ન થાય એની કાળજી રાખો એવી આશા રાખું છું.

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સભાપતિશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

જગદીશ પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દિલીપ ભાઇ શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંક–૫૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને મારું સમર્થન આપું છું. શ્રમ અને રોજગારમાં ઘણા બધા મિત્રોએ પોતાના વિચારો રજૂ કર્યા પણ હું ચોક્કસ કહીશ કે ગુજરાત દિવસે–દિવસે ખૂબ પ્રગતિ કરી રહ્યું છે. જે રીતે વાયબ્રન્ટને લઇને રોકાણકારો આવ્યા છે એ મુજબ જોવા જઇએ તો દ્વારકા, કચ્છ, જામનગર, સિક્કામાં આખું સિમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ હબ ઊભું થયું છે. ગાંધીધામમાં ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટ ઊભો થયો છે. મોટી–મોટી કંપનીઓ આવી છે. અમદાવાદ એક એન્જિનીયરીંગ હબ છે, ટેક્સટાઇલ હબ છે, કેમિકલ હબ છે, હિરા ઉદ્યોગ પણ આવ્યો છે. સુરતમાં પણ ટેક્સટાઇલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ છે. એવી જ રીતે અંકલેશ્વરકમાં કેમિકલ યુનિટો અને એના કારણે બીજા ફેબ્રિકેશન યુનિટો પણ આવ્યા છે. ચાંગોદરમાં પણ એન્જીનીયરીંગ યુનિટો આવેલા છે. મોરબીમાં સીરામિક ઇન્ડસ્ટ્રીઝ થઇ છે, ઓટો મોબાઇલ હબ બન્યા છે. આ બધાના કારણે ખૂબ વધારે સ્કીલ્ડ કાર્યકરોની જરૂર પડતી હોય છે. ગુજરાતમાં લગભગ ૨૩૧ જેટલી જી.આઇ.ડી.સી. આવેલી છે. લગભગ ત્રણ લાખ જેટલા યુનિટ જી.આઇ.ડી.સી. છે. એ સિવાય વટવા, ઓઢવ, નરોડામાં જે પ્રાઇવેટ ઇન્ડસ્ટ્રીઝ યુનિટો છે એમાં લગભગ ૨૫ લાખ કરતાં પણ વધારે કામદારો છે. અગત્યની વાત એ છે કે સરકાર દ્વારા સ્કીલ્ડ કામદારો મળી રહે એ માટે લગભગ ૫૦૦ કરતાં પણ વધારે કૌશલ્યવર્ધન કેન્દ્રો ખોલવામાં આવ્યા છે અને ૧૧૦ જેટલા વિવિધ પ્રકારના કોર્ષ પણ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ચાલુ કરવામાં આવ્યા છે. લગભગ ૧૯ લાખ લોકોએ આની અંદર ટ્રેનિંગ લીધી છે. હું મારા સાથી મિત્રોને કહીશ કે એસ.સી. સમાજના કારીગરો બે લાખ કરતાં વધારે એમાં ટ્રેનિંગ લીધી છે. એસ.ટી. સમાજના ૪ લાખ ૮૧ હજાર યુવક યુવતિઓએ ટ્રેનિંગ લીધી છે. એ જ રીતે ઓ.બી.સી. સમાજના ૫ લાખ ૩૨ હજાર જેટલા યુવક યુવતિઓએ ટ્રેનિંગ લીધી છે. ખાસ કરીને ૧૨ લાખ ૩૯ હજાર કરતાં વધારે બહેનોએ ટ્રેનિંગ લીધી છે. અધર્સની અંદર ૬ લાખ ૭૯ કરતાં વધારે લોકોએ ટ્રેનિંગ લીધી છે. કૌશલ્ય વર્ધક એટલે કે ઉમેદવારોને જે અનુકૂળ સમય હોય એ મુજબ સમય ગોઠવવામાં આવે. કોઇને પાર્ટ ટાઇમની જરૂર હોય કોઇને સવારનો સમય જોઇતો હોય એ પ્રમાણે ડિઝાઇન કરવામાં આવે છે. એ મુજબ સમયની અનુકૂળતા કરવામાં આવે છે. આ યોજનામાં ૨૦ કોન્સેપ્ટ થકી ટૂંકા ગાળાના વ્યવસાયોનું અમલીકરણ કરવામાં આવે છે. ડબલ્યુ એટલે વુમન ઓરીએન્ટલ કોર્ષ, આઇ એટલે ઇન્ડસ્ટ્રીયલ ઓરીએન્ટલ કોર્ષ, એસ એટલે શોપ્સ સ્કીલ એન્ડ સર્વિસ સેકટર રીલેટેડ કોર્ષ, એચ એટલે હાર્ડ કોર એન્ડ ટ્રેડિશનલ કોર્ષ આવી રીતે સરકારે અમારો શ્રમ રોજગાર વિભાગ છે એ કામ કરી રહ્યું છે એનો મને આનંદ થાય છે.

હમણાં જ કોંગ્રેસના સાથી ધારાસભ્ય કહેતા હતા કે સુરતથી માઇગ્રેટ થાય છે. મને કદાચ ખબર નથી કે માઇગ્રેટ થાય છે કે કેમ? એનું કારણ એ છે કે જે ટફની સ્કીમ આવી એના કારણે જે કપાસ ખેતરમાં ઉગતો હતો એ કપાસ હવે જિનીંગ મિલોમાં જવા માંડ્યો અને ટેકસટાઇલ પોલિસીના કારણે ત્યાં સ્પિનીંગ યુનિટો નખાય, ટેકસટાઇલના વિવિંગ યુનિટો નખાયા એના કારણે સુરતના માઇગ્રેટ થયેલ કારીગરો પોતાના ગામ વતનમાં પાછા આવવા મંડયા. એમને બે ફાયદા થયા. સૌની યોજના થકી પાણી પોતાના ખેતર સુધી પહોંચતું થયું, ખેતીવાડી કરવા મળે પોતાના વૃદ્ધા માતા પિતાની સેવા કરવા મળે અને સાથે જે ટેકસટાઇલ યુનિટોનું ડેવલપમેન્ટ થયું, સારી શાળાઓ થઇ, સારા ઉદ્યોગો થયા એના કારણે કદાચ કારીગરો કયાંક માઇગ્રેટ થયા હશે આનંદની વાત એ છે આપણા સમાજ અને ગુજરાતની અંદર દા.ત. બનાસકાંઠા છે ત્યાં એટલા બધા કોલ્ડ સ્ટોરેજ થયા છે કે આપણા ગુજરાતના યુવાનોનો સ્વભાવ રહ્યો છે કે હાર્ડવર્ક કરવું નહિ. ફાઉન્ડ્રી ઉદ્યોગની વાત કરું તો એમાં મેક્સિમમ યુ.પી. બિહારના લોકો કામ કરવા આવતા હોય છે. કોલ્ડ સ્ટોરેજની વાત કરું તો પર પ્રાંતમાંથી કામ કરવા આવતા હોય છે. એ જ રીતે સુરતની અંદર પણ મોટા ભાગના બિહારી કારીગરો કામ કરવા આવતા હોય છે. ચાર દિવસ પહેલાની વાત કરું તો રોડ ઉપર મારા વિસ્તારમાં અત્યારે સદસ્ય અભિયાન ચાલે છે એ કરવા માટે નીકળ્યો ત્યારે એક યુવાન એક વજનકાંટો લઇને ઉભો હતો. એટલે મને કૂતુહલ થયું કે વજનકાંટામાં દિવસ કેવી રીતે પૂરો થતો હશે. ગુજરાતનો યુવાન ગમે તે રીતે ગુજરાતીઓનો સ્વભાવ છે કે પોતાનો સ્વરોજગાર કરવો. એક નાના સામાન્ય વજન કાંટામાં પણ એનુ ગુજરાન પૂરું કરી શકે છે. ગુજરાતની અંદર સ્કીલ રહેલી છે કે ગુજરાતનો યુવાન નોકરી આપવા માટે સર્જાયેલો છે નોકરી કરવા માટે નહિ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જિલ્લાના આદરણીય મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોર શ્રમ અને રોજગાર વિભાગ તથા અમારા સૌના આદરણીય માનનીય ભૂપેન્દ્રસિંહ બાપુ મહેસૂલ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

કોઇપણ શિક્ષિત બેરોજગાર હોય એને રોજગારી આપવી એ સરકારની પ્રાથમિક ફરજ બને છે. કેન્દ્ર સરકારે એટલે કે આપણા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દર વર્ષે એક કરોડ લોકોને રોજગારી આપવાની વાત કરી હતી. ગુજરાત સરકારે પણ દર વર્ષે પાંચ લાખ લોકોને નોકરીઓ આપવાની વાત કરી હતી. પરંતુ કેન્દ્ર સરકારની નેશનલ સેમ્પલ સરવેની ઓફિસ છે જે કેન્દ્ર સરકારની સંસ્થા છે એના આંકડા જોઇએ તો આપણા સૌને માટે અને દેશ માટે રાજય માટે બહું ચિંતાજનક છે. આ આંકડા પ્રમાણે છેલ્લા ૪૫ વર્ષની અંદર બેરોજગારીનો દર વધ્યો હોય તો એ આ છેલ્લા પાંચ વર્ષની અંદર વધ્યો છે. સન ૨૦૧૧–૧૨માં બેરોજગારીનો દર ૩.૪ ટકા હતો એ વર્ષ ૨૦૧૭–૧૮માં ૫.૩ ટકા થયો અને વર્ષ ૨૦૧૮–૧૯માં એ દર વધીને ૬.૧ ટકા થયો છે એટલે કે છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી વધારે થયો છે. બજેટની વાત કરીએ તો ૧ લાખ ૧૮ હજાર બેરોજગારોને નોકરીઓ

આપવાની વાત થઇ. ગુજરાતની અંદર ૪ લાખ ર૪ હજાર શિક્ષિત બેરોજગાર છે જે સરકારના ચોપડે નોંધાયેલા છે. તો સરકારના ચોપડે નોંધાયેલા છે. હમણાં જે પ્રમાણે સરકારે માહિતી આપી એ પ્રમાણે ૪લાખ ર૪ હજારમાંથી માત્ર ૫૪૯૭ બેરોજગારોને સરકારી નોકરી આપવામાં આવી છે. આઇ.એલ.ઓ. એટલે કે ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન તેના આંકડાઓ જોઇએ તો જે દેશની અંદર રાજ્યોનો અન–એપલોયમેન્ટનો રેશિયો છે એમાં તેમાં ગુજરાત સાતમા સ્થાને છે. મેઘાલય પહેલા નંબરે ૧.૫, છતીસગઢ ૩.૩, સિક્કિમ ૩.૫, આંધ્રપ્રદેશ ૪.૫ અને વેસ્ટ બેંગાલ ૪.૬ અને ગુજરાત સાતમા ક્રમે ૭.૮ છે. એન.સી. આર.બી. એટલે કે નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરો તેના આંકડાઓ જોઇએ તો જે પ્રમાણે શિક્ષિત બેરોજગારો આત્મહત્યા કરી રહ્યા છે એ આત્મહત્યાની અંદર ગુજરાતનો આંકડો ૧૧.૬ ટકા એટલે કે ૩૩ રાજ્યોમાંથી રરમા નંબરે છે. જોબ રેઇટ રેશિયો– ગુજરાતમાં જોઇએ તો ર૦૧૮ના જે આંકડાઓ છે એ પ્રમાણે ૩.૮ ટકા છે. કેન્દ્ર સરકારે ફેકટરીઓમાં કામ કરતા લોકો માટે ફેકટરી અધિનિયમ અમલમાં મૂકયો છે. હમણાં જ સરકારનો કેગનો જે રિપોર્ટ આવ્યો, એ કેગના રિપોર્ટની અંદર લખ્યું છે કે, આ રાજ્ય સરકારનો શ્રમ અને રોજગાર વિભાગ આ અધિનિયમનું પાલન કરવામાં સદંતર નિષ્ફળ રહ્યો છે. જે ડાયરેકટર ઓફ ઇન્ડસ્ટ્રીયલ સેફટી હેલ્થ એટલે કે ડી.આઇ.એસ.એચ., અને ઇ.એફ.પી.એસ.ઓ. એમ્પલોયમેન્ટ ફંડ પ્રોવીઝન ઓર્ગેનાઇઝેશન આ બન્નેના આંકડાઓ જુદા જુદા આપવામાં આવ્યા છે.ર૦૧ર થી ર૦૧૫ની અંદર જે નિરીક્ષકો દ્વારા આનું નિરીક્ષણ કરવામાં આવ્યું તેમાં માત્ર ૪૩થી ૫૫ ટકા સુધીનું જ નિરીક્ષણ કરવામાં આવ્યું છે બાકીની ફેકટરીઓનું કોઇ નિરીક્ષણ થયું નથી. વર્ષ ર૦૧રથી ર૦૧૬ સુધી જે શ્રમિકોની ફેકટરી, કામદારોની તપાસમાં ૭૮ ટકાની (અંતરાય)...

અઘ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અઘ્યક્ષશ્રી, મહેસૂલની અંદર વાત કરું તો હમણાં જ બધાએ કહ્યું કે મહેસૂલ વિભાગ એ વહીવટી તંત્રની કરોડરજ્જુ છે. રાજ્ય કક્ષાની તમામ યોજનાઓનું જે અમલીકરણ થાય છે એ મોટા ભાગે મહેસૂલી કર્મચારીઓ દ્વારા થતું હોય છે. અત્યારે મહેસૂલી કર્મચારીઓની મોટા ભાગે ઘટ છે. પાટણની અંદર મારા જિલ્લાની વાત કરું તો નાયબ મામલતદારની અંદર ૮૦ ટકા જગ્યાઓ અને કારકુન સંવર્ગની અંદર ૫૫ ટકા જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ ઝડપથી ભરવામાં આવે. હમણાં જ વાત થઇ કે કારકુન સંવર્ગ અને મહેસૂલી તલાટીના રેશિયા મુજબ જે પ્રમોશનનો વિવાદ ચાલી રહ્યો છે તો હું સરકારશ્રીને વિનંતી કરીશ કે એ ઝડપી પૂરો થાય. આઉટ સોર્સીંગની વાત થઇ, આપણે સૌએ ચિંતા કરવાની જરૂર છે. મેં બહાર જ પૂછ્યું જે કર્મચારીઓ આપણી સેવા કરે છે એને બાર કલાકના મહિનામાં ૬ હજાર રૂપિયા જ આપવામાં આવે છે. આ રીતે કર્મચારીઓનું શોષણ થતું હોય તો (અંતરાય) એમાં વિચારવાની જરૂર છે.

અઘ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થયું. માનનીય શ્રી પિયુષભાઇ.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અઘ્યક્ષશ્રી, આદરણીય મહેસૂલ મંત્રીશ્રી કુદરતી આફત અંગે રાહતની માગણી નંબર–૭૯ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને એમને સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અઘ્યક્ષશ્રી, સૃષ્ટિ ઉપરના સર્વ જીવોમાં મનુષ્ય સૌથી વધુ બુદ્ધિ ધરાવતું પ્રાણી છે. આ બુદ્ધિનો ઉપયોગ કરીને મનુષ્યે અન્ય બધા જ જીવો પર આધિપત્ય જમાવ્યું છે એમ કહું તો ખોટું નથી. મનુષ્ય જયારે એમ સમજી બેઠો છે કે આ સૃષ્ટિનો હું માલિક છું, પરંતુ હક્કીતમાં તે રખેવાડ છે. જે કાંઇ સંપત્તિ મનુષ્યે વારસામાં મેળવી છે, એ સંપત્તિને સુધારીને એમાં વધારો નહીં કરીએ તો કાંઇ નહીં પણ એને વેડફયા વિના જેમની તેમ નવી પેઢીને આપવી એ મનુષ્યની નૈતિક ફરજ છે. પરંતુ મનુષ્ય પોતાની નૈતિક ફરજ ચૂકી ગયો છે એને કારણે કુદરતી આફતોને નોતરી છે એમ હું કહું તો ખોટું નહીં. કોઇ એક ભાગમાં પુષ્કળ વરસાદ, બીજા ભાગમાં દુષ્કાળ, પૂર, અતિવૃષ્ટિ, વાવાઝોડું, ભૂકંપ જેવી કુદરતી આફતોનું કારણ આજના અંગત મનુષ્યની જીવન શૈલી છે એમ કહું તો ખોટું નથી. અમેરિકા જેવો વિકસિત દેશ હોય, કોઇ અતિ પછાત દેશ હોય કુદરતી આફતો સમયાંતરે સમાન રીતે પ્રભાવિત કરે છે. હું એક બે દાખલાઓ આપું, તો નેપાળમાં ર૦૧૫માં ભૂકંપ થયો એમાં ૫૦ હજારથી પણ વધુ લોકો આજે પણ લાકડાના ઘરોમાં રહે છે. સીટી ન્યુયોર્કની વાત છે એમાં ર૦૧રમાં સેન્ડી વાવાઝોડામાં ર૦ હજારથી પણ વધારે લોકોને એક વર્ષ માટે સ્થળાંતર કરવું પડયું હતું એ પણ હકીકત છે. એ જ રીતે ગુજરાત ૧૬૦૦ કિલોમીટર દરિયાકાંઠો ધરાવતું, ગીચ વસતિ વાળું અને સાગરકાંઠો ધરાવતું રાજ્ય છે. અતિ તિવ્રતા ધરાવતા પવનો, ભારે વરસાદ અને મોટા દરિયાઇ મોજા ઉદભવે અને અવારનવાર ઉપસ્થિત થતી કુદરતી આફતોને પહોંચી વળવા અને સમગ્ર જીવ સૃષ્ટિનું રક્ષણ કરવા કુદરતી ચેલેન્જને ફેસ કરવી આ સરકારની મોટી ચેલેન્જ છે. પરંતુ જ્યારથી ગુજરાતની સરકારે સરકારના જે ચાર પાયાના મંત્રો લીધા, પ્રગતિશીલ, સંવેદનશીલ, પારદર્શક અને નિર્ણાયક, આ ચાર મંત્રોને આત્મસાત કરીને આ સરકાર આવી કુદરતી આપદાને પહોંચી વળવા સુસજ્જ બની છે. આવી આપદાઓના નિયંત્રણની જો વાત કરું તો કચ્છના ભૂકંપ વખતે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી એ વખતે જયારે જાપાનના પ્રવાસે ગયા અને મનોમંથન કર્યું કે જાપાન જો ભૂકંપની આફતને અને તેના આંચકાઓને અને આગાહીઓ જો જાણી શકે છે તો આપણું ગુજરાત કેમ નહીં? અને તે વખતે શ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતમાં ઇન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ સેન્ટરની સ્થાપના કરી અને તે જ વખતે વર્ષ ર૦૦૧થી ભૂકંપમાં ગુજરાત આપતી વ્યવસ્થાપનની પણ રચના કરવામાં આવી છે. આઇ.એસ.આર. ગુજરાત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં ર૫ જેટલા જી.પી.એસ. મથકોની સ્થાપના કરવામાં આવેલ છે અને આનાથી નાનામાં નાની હિલચાલને પણ માપી શકાય છે. રાજ્યની તાજેતરની કુદરતી આપદાઓની વાત કરવામાં આવે તો રાજ્યના ૧૧ જિલ્લાઓની અંદર ૫૧ તાલુકાઓમાં

ચાલુ વર્ષે આપણે દુષ્કાળનો સામનો કરેલ છે. પણ મારે આદરણીય મુખ્યમંત્રીના નેતૃત્વમાં મહેસૂલ તંત્રને પણ ખૂબ અભિનંદન આપવા છે કે એમણે એમની જે કામગીરી છે એને આજે બિરદાવી છે. ગુજરાતમાં વાયુ નામના વાવાઝોડાની વાત કરું તો બધાએ ઘણી વાતો કરી છે પરંતુ સરકારની સંવેદનાની છેલ્લી વાત એટલા માટે કરવા માગું છું કે સ્થળાંતરો તો થયા હોય, તેની વ્યવસ્થા કરી હોય, ફૂડ પેકેટોની વ્યવસ્થા કરી હોય, શાળા કોલેજો બંધ કરી હોય એ બધી જ વાત કરી હોય, પણ સરકારની સંવેદના તો જુઓ કે ૫૫૫૦ સગર્ભા મહિલાઓ જે છે એ ભવિષ્યમાં જે બાળકને જન્મ આપવાની હતી તેનો સરવે કરાવવામાં આવ્યો. એક છેલ્લી શાયરી કહીને પુરું કરીશ. ખુશ નસીબ હું મૈં, જો તુને સર પર છત બક્ષ દી, વર્ના યે આફત કી બારીસ જાને કીતનો કો બે ઘર કર જાતી.

શ્રી પ્રતાપ દૂધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં હું મારા વિચાર રજૂ કરું છું. મારા સાથી મિત્ર શ્રી સી. કે. રાઉલજીએ સારી વાત કરી, ઓન લાઇન એન. એ. અને દસ્તાવેજની વાત કરી. આ ઓન લાઇન પદ્ધતિ કયા પ્રકારે આવી, આ ૨૩ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન, આ ટેકનોલોજી લાવવા માટે રાજીવ ગાંધી હોય, સામ પિત્રોડા હોય એની દિર્ઘ દ્રષ્ટિથી આજે ગુજરાતની સરકાર કામ કરી રહી છે. મહેસૂલ મંત્રીશ્રીએ જે વાત કરી અને જે પ્રમાણેની માગણી મૂકી તે પ્રમાણે આ ગુજરાતની અંદર સૌથી કઠીન કોઇ વિભાગ હોય તો એ મહેસૂલ વિભાગ છે. કારણ કે જે મહેસૂલ વિભાગ છે એની અંદર રાજા રજવાડાઓથી ચાલી આવતી એન્ટ્રીઓ હોય, તેના પક્ષકારો હોય, એનું પૃથ્થકરણ કર્યા પછી આગળ વધવાનું હોય. અહીંથી વાત થતી હોય ત્યારે સરકારના વખાણ થાય, સરકારમાં બેઠા છે વ્યાજબી છે, વખાણ કરો. પણ જે પ્રકારે મહેસૂલ વિભાગ મારફત જમીન સેજમાં ફાળવણી કરવામાં આવી હોય, જે પ્રકારે ખેતીની ઉપજાઉ જમીન મહેસૂલ વિભાગ મારફત કંપનીઓને આપવામાં આવી તેના થોડાક આંકડા આપવા માગું છું. મહેસૂલ વિભાગ મારફત બેરોજગાર યુવાનોને રોજગારી મળી રહે તેવી ખેડવાલાયક જમીન ૧૯ લાખ ૮૪ હજાર હેકટર જમીન, બિન ખેતીલાયક જમીનનો જો મહત્તમ ઉપયોગ થયો હોત તો સારું હતું. પણ ખેતીલાયક જમીન આપી અને ખેડૂતના દીકરાની ખેતી નષ્ટ થાય એ પ્રકારનું મહેસૂલ વિભાગ દ્વારા કાર્ય થયું છે. મહેસૂલ વિભાગ મારફત ઘણી વિસંગતતાઓ એ પ્રકારની છે કે સત્તાનો પ્રકાર ઘણીવાર નક્કી ન થતો હોય, રાજા રજવાડાઓની જમીન હોય એ જમીનની અંદર દીવાની જમીનોની અંદર પૃથ્થકરણ કર્યા વગરની ઘણી વખત એવી વિસંગતતા ઉભી થતી હોય કે હું એક વાત કરું કે ભૂતકાળની અંદર ૬૫૭ની કલમ નાખવામાં આવી. હાલની સરકાર કાર્યરત હતી. ૭ વર્ષ સુધી લોકોને પીડા પડી. પાછી ૬૫૭ કલમ હટાવવામાં આવે અને પાછા એ સમયના મિનિસ્ટરો હોય એ લોકોના સન્માન કરવામાં આવે. આ પ્રકારની કલમો પાછી કાઢવામાં આવે. આ પ્રકારની કલમો હોય તેનું પૃથ્થકરણ કર્યા પછી તેનો કાયમી ઉકેલ આવે તેવો પ્રયાસ કરવો જોઇએ. ગામડાંની અંદર મામલતદાર કચેરીએ મામલતદાર જે મહેસૂલ વિભાગ જોતા હોય તેને અન્ય કામોમાંથી આપણે મુક્તિ આપવી જોઇએ. અન્ય કામો એટલે કે ખેડૂત ખરાઇની સાથે જોડાયેલી વાતો હોય, મહેસૂલને લગતી વાતો હોય એટલું જ મામલતદાર ઉપર કામનું ભારણ હોવું જોઇએ. એના સિવાય અન્ય કામોથી મુક્તિ આપીને જયાં આવકના દાખલા હોય એ પ્રકારની કોઇ વાત હોય, જાતિના દાખલા હોય તો એને વિભાગની અંદર વહેંચણી કરીને મામલતદારને આમાંથી મુક્તિ એટલે આપવી જોઇએ કે સૌથી અઘરું કામ મહેસૂલનું છે. અહીંયાં વાત થાય * (xxx) અહીં શ્રમ અને રોજગારની વાતો થતી હોય.

સભાપતિશ્રી : આ શબ્દો કાઢી નાખું છું.

શ્રી પ્રતાપ દૂધાત : શ્રમ રોજગારમાં આખા ગુજરાતમાં લોકરક્ષકની પરીક્ષામાં ૯ લાખ બેરોજગાર યુવાનો પરીક્ષા આપતા હોય આ પરિસ્થિતિ નિર્માણ થઇ હોય ત્યારે સૌથી વધુ બેરોજગારીનું પ્રમાણ વધ્યું છે. આફતની વાત કરી. વાયુ વાવાઝોડાની સારી વાત કરે છે. અહીં મારા સાથી મિત્રોએ વાયુ વાવાઝોડાની વાતો કરી પણ વાયુ વાવાઝોડાની અંદર તમને કયાંક વાયુ ન થઇ જાય તેનું ધ્યાન રાખજો. કારણ કે વાયુ એટલા માટે ન થાય, વાયુ વાયુ વાયુ કર્યા સિવાય ભૂતકાળમાં વર્ષ ૨૦૧૫માં અમારા વિસ્તાર અમરેલીમાં જે પૂર આવ્યું, આજે પણ રાહત માટે લોકો ભટકી રહ્યા છે. રૂ.૩૦૦ કરોડના પેકેજમાં આજે પણ લોકો રાહત માટે ટળવળી રહ્યા છે. રાહત સામગ્રી પહોંચવા ટાણે તો પહોંચે પણ સરકારનું જે પેકેજ છે એ સંપૂર્ણપણે વપરાતું નથી. તેના ઉપર પણ તકેદારી રાખવાની જરૂર છે. અહીં જે પ્રકારે કુદરતી આફતની વાત થઇ તો ભૂતકાળમાં જે પ્રકારની સરકારની કામગીરી હોય. કચ્છમાં ભૂકંપની કામગીરી હોય કે મચ્છુ ડેમ તૂટ્યો હોય. કુદરતી આફત સામે કોઇ સરકાર કયારેય પહોંચી વળી શકતી નથી. તેના માટે આપણે બધાએ સાથે મળી અને જે સરકારની વિસંગતતા હોય તેના ઉપર ધ્યાન આપીને લોકોના કામ કરવા જોઇએ. આભાર.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી દિલીપભાઇ ઠાકોર સાહેબ માગણી નં. ૫૭ લઇને આવ્યા છે ત્યારે તેને મારું અનુમોદ આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમય અને સંજોગોને ધ્યાનમાં રાખીને રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે કાયદાઓમાં, અધિનિયમોમાં ખૂબ મોટા પ્રમાણમાં ફેરફારો કરી અને લોકોની સુખાકારીમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો કર્યો છે ત્યારે હું માનનીય નરેન્દ્રભાઇથી લઇ અને અહીંયા શ્રી વિજયભાઇ, શ્રી જીતુભાઇ, શ્રી અમિતભાઇ અમારા બધા વરિષ્ઠ નેતાગણને હું

---

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આજે ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું કયારનો વિચાર કરું છું કે આજે જૂનાગઢ મહાનગરમાં એક સીટ આવી છે. મિત્રોના ચહેરા ઉપર કોઇ પ્રકારનો ફરક દેખાતો નથી. એટલે મને એમ લાગે છે કે અમારું જે સુત્ર છે કોંગ્રેસ મુક્ત ભારત, એ તરફ પહોંચવા તરફ અમે જઇ રહ્યા છીએ. એટલા માટે મિત્રોનો પણ હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું હમણાં વાત કરતો હતો ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ ૧૯૪૮ને રદ કરી અને નવો અધિનિયમ ૨૦૧૯ લાવી અને ખૂબ મોટા પ્રમાણમાં ગુજરાત રાજયની અંદર લોકોની સુખાકારીમાં અને સગવડતામાં વધારો કરવા માટેનો પ્રયાસ સરકાર દ્બારા ખાસ કરીને શ્રમ અને રોજગાર વિભાગ, અમારા શ્રી દિલીપભાઇ ઠાકોરના વિભાગ દ્બારા કરવામાં આવ્યો છે એ ખૂબ સરાહનીય છે. ખૂબ પ્રતિસાદ મળ્યો છે ત્યારે તેમાં થોડી વાત હું કરીશ કે રાજયમાં દસ કે વધુ શ્રમયોગીને કામે રાખતી સંસ્થાઓ કે દુકાનો હોય કે હોટલો હોય એના માટે નોંધણી કરાવવી ફરજીયાત છે પણ આનંદ સાથે મારે કહેવું જોઇએ કે નોંધણી એક જ વાર કરવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે પહેલાં દર વર્ષે એનું રજીસ્ટ્રેશન કરવામાં આવે, દર વર્ષે એને અધિકારીઓ દ્બારા રીન્યૂ કરવામાં આવે. હવે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ભ્રષ્ટાચાર ખૂબ ઓછો છે પણ પહેલાના વખતમાં એ રીન્યુ કરાવવા જાય તો ખૂબ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હતો. આજે એ ભ્રષ્ટાચારને નાથવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. દસ કે તેથી વધુ શ્રમયોગીઓને જો કામે રાખવાના હોય તો તેની નોંધણી થાય પણ એ નોંધણી કાયમ માટે થાય છે. ફરીવાર એને નોંધણી કરાવવાની નથી રહેતી. એ વેપાર ધંધા હોય, રોજગાર હોય કે દુકાન હોય એનું સ્વરૂપ બદલાય, એનો પ્રકાર બદલાય અથવા તો એ જે ધંધો કે રોજગાર કરતા હોય કે દુકાન ચલાવતા હોય કે એ જે કોઇ સંસ્થા ચલાવતા હોય એના માલિક બદલાય તો એનું નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનું થાય છે. ત્યાં સુધી આ દુકાનધારક કે સંસ્થાઓએ કોઇ પ્રકારની ચિંતા કરવાની જરૂર રહેતી નથી એ આ અધિનિયમની અંદર ખૂબ સારામાં સારી વાત મને ગમી છે. દસ કરતા ઓછા શ્રમયોગીઓ જો કોઇ સંસ્થાની અંદર કામ કરતા હોય તો એમને રજીસ્ટ્રેશન કરાવવાનું આવતું નથી. એવા સંજોગોમાં એ સંસ્થાઓએ સંબંધિત નિરિક્ષકને નિયત નમૂનામાં એ સંસ્થાની વિગતોની ખાલી જાણ કરવાની હોય છે એટલા માટે આ અધિનિયમ દ્બારા મ્યુનિસિપલ કોર્પોરેશનનો વિસ્તાર હોય તો રાત્રીના સમયે હોસ્પિટલ હોય, પેટ્રોલપંપો હોય કે એસ.ટી. ડેપો જેવા ખૂબ મહત્વના, અતિ મહત્વના જે સ્થાનો છે એવા સ્થાનોની અંદર ચોવીસ કલાક સુધી આ સેવા ઉપલબ્ધ રહે તો ખૂબ મોટા પ્રમાણમાં લોકોની અવરજવર હોય, પોતાની જરૂરિયાત પણ પર્યાપ્ત થતી હોય ત્યારે આ અધિનિયમ છે એ લોકો માટે આશીર્વાદરૂપ છે. એજ પ્રમાણે નગરપાલિકા હોય કે સ્ટેટ હાઇવે હોય ત્યાં જતા વાહનો માટે સવારે છ વાગ્યાથી રાત્રીના બે વાગ્યા સુધીની છૂટ આ અધિનિયમની અંદર આપવામાં આવી છે. ટ્રાફિકની સમસ્યાઓ હોય, તો એવા સંજોગોની અંદર આવા સમયમાં ફેરફાર કરવા અધિક સત્તાધિકારી હોય છે એ એમાં વધારો ઘટાડો સમયની અંદર કરી શકે છે. જાહેર આરોગ્ય જોખમાતું હોય, જાહેર સલામતી જોખમાતી હોય તો એવા સ્થાનો ઉપર અને જાહેર ઉપદ્રવ એવી સંસ્થાઓ ઉપર પણ સમયની અંદર ઘટાડો કે વધારો કરી શકાય .

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(રાજપીપળા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર તેમજ મહેસૂલ વિભાગના માનનીય મંત્રીશ્રીઓ પોતપોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. હું ભૂલતો ના હોઉ તો ગુજરાત રાજયમાં ૭૩- A ૧૯૬૦ અને ૭૩-AA વર્ષ ૧૯૮૧માં આ રાજયમાં અમલમાં છે. એ કાયદો લાવવા પાછળનો હેતુ તો એ જ હતો કે આદિવાસી ખેડૂતો છે એ ખેતમજૂર ના થઇ જાય. તેની જમીન બીજા લોકો સસ્તા ભાવે પડાવી ન જાય અને પોતાનું જીવન નિર્વાહ છે એ આદિવાસી જિંદગી જીવે ત્યાં સુધી રાખે એના માટે ૭૩ -AA હતો. કાયદામાં એવી જોગવાઇ છે કે અન્ય કોઇ ખરીદી શકતો નથી, ગીરવે મૂકી શકતો નથી. બક્ષીસ આપી શકતો નથી કે ભાડાપટ્ટે આપી શકતો નથી. પરિણામે એની જે જમીન છે એ જમીન એના વારસો આવે ત્યાં સુધી એ જમીન તે અને તેટલી રહેવાની છે. મારે એક બીજી વાત કરવી છે કે આઠ કિલોમિટરની ત્રિજયા હતી એમાં વેચાણ કરી શકે કે ખરીદી કરી શકે એ કાયદો ઉઠી ગયા પછી મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આજે ખેડૂતો ખેતમજૂરો બની ગયા છે. આ કાયદો ફરી જો અમલમાં લાવો તો મને લાગે છે કે જે થોડી ઘણી જમીનો બચી છે એ રહેશે. નહીં તો આદિવાસી વિસ્તારમાં ખેડૂતો ખેતમજૂર થવાના છે એ ચોક્કસ છે. મારે બીજી વાત એ કરવી છે કે આજે રાજયમાં શિક્ષિત બેકારોની સંખ્યા કોઇપણ રાજ્ય કરતા વધારે છે. હમણાં જ મારા તારાંકિત પ્રશ્નના જવાબમાં મારા જિલ્લાની વાત કરું તો રાજપીપળા રોજગાર વિનિમય કચેરીમાં આ વર્ષની સ્થિતિએ કેટલાને સરકારી નોકરી મળી? મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એક પણ નહીં. ૫ હજાર શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે છતાં એ સ્થિતિ છે. આપણે ભરતી મેળાઓ કરીએ એ ભલે કરો પણ એ ભરતી મેળામાં એવી કંઇ નોકરી મળી જતી નથી કે જેનાથી શિક્ષિત બેરોજગાર પોતાનું જીવન ગુજારવા આજીવિકા મેળવી શકે. તમે ઔદ્યોગિક એકમો છે એમાં એપ્રેન્ટિસ લેવડાવો છો. સરકાર એપ્રેન્ટિસ ભથ્થું પણ આપે છે પણ જ્યારે એનો સમય પૂરો થાય એ વખત પછી એને છૂટા કરવામાં આવે છે. જે એકમ એને એપ્રેન્ટિસની તાલીમ આપે છે એ જ એને છૂટો ન કરતાં એને ત્યાં જગ્યા છે તો ત્યાં કેમ ન રાખે? એ જાતની વ્યવસ્થા રાજ્ય સરકારે કરવી જોઇએ. મહિલા વિનિમય કચેરીની વાત કરી છે. સરકારી કે અર્ધ સરકારી નોકરીમાં ૩૩ ટકા અનામત પણ કરી છે એ સારી વાત છે. પણ એનો અમલ થાય છે કે કેમ? સરકારી ભરતીઓ તમે કરો, અર્ધ સરકારી કરો તો મહિલાઓને નોકરી મળવાની છે. જ્યાં સુધી તમે ભરતી નહીં કરો ત્યાં સુધી ૩૩ ટકા તમારી પેપર ઉપર રહેવાની છે એમ મારું અંગત માનવું છે. મારે આ રાજયના મુખ્યમંત્રીને અભિનંદન આપવા છે. એમણે નિખાલસતાથી કબૂલ કર્યું છે કે અમારા મહેસૂલ અને ગૃહ ખાતામાં સૌથી વધારે

ભ્રષ્ટાચાર થાય છે. દેશના કોઇ મુખ્યમંત્રી આવી નિખાલસતા બતાવી શકતા નથી. એનો મતલબ એ થાય છે કે ભ્રષ્ટાચાર તો છે જ. એ જિલ્લા કક્ષાએ હોય, મામલતદાર કચેરી હોય કે બીજી કચેરીમાં પણ છે. આ ભ્રષ્ટાચાર રોકવા માટે સરકારે તકેદારી રાખવી જોઇએ. મારે ત્યાંની વાત કરું તો આવકનો દાખલો કાઢવો હોય, જાતિનો દાખલો કાઢવો હોય કે આધાર કાર્ડ કાઢવું હોય તો ટેબલ ઉપર વજન મૂક્યા વગર નથી મળતું. તમે માનો કે ન માનો પણ આ હકીકત છે. ૭૩ (એ) એન.એ. કરવાની કલેકટરશ્રીને સત્તા આપી છે. પરંતુ જિલ્લા પંચાયતમાં થતું હતું એના કરતાં પણ વધારે થાય છે. કેન્દ્ર સરકારની જે કંપનીઓ છે એમાં જે ૮૫ ટકાનો પરિપત્ર કર્યો છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એનો પણ અમલ થતો નથી. એ જ રીતે તમે વાયબ્રન્ટ સમિટની વાત કરો છો. એમાં લાખો રૂપિયાના નાણાકીય રોકાણો થાય છે. છતાંપણ રોજગારી ત્યાં પણ મળતી નથી. એના માટે સરકારે તકેદારી રાખવી જોઇએ. સાથોસાથ લઘુતમ વેતન ધારો આ રાજ્યમાં અમલમાં છે. ગરીબ ખેતમજૂર ખેતી સાથે સંકળાયેલ છે. એને આજે લઘુતમ વેતન મળે છે એ ૧૦૦ રૂપિયા કરતાં પણ ગ્રામ્ય વિસ્તારમાં ઓછું મળે છે. મનરેગામાં ૨૮૯ રૂપિયા આપીએ છીએ. એનો અમલ ખેતમજૂરીમાં જાય છે એને પણ મળે એવું કરો તો મને લાગે છે કે એમને આજીવિકા માટે પૂરતું વેતન મળી રહેશે. બીજી વાત કરાર આધારિત આઉટ સોર્સની કરવી છે. સરકારમાં કર્મચારીની વય મર્યાદા પૂરી થાય તો એ નિવૃત્ત થાય છે. આજ સુધીમાં કેટલા અધિકારીઓ કે કર્મચારીઓ નિવૃત્ત થયા છે એના આંકડા બહાર આવતા નથી. ભરતીના આંકડા ઉપર પણ સરકારે ધ્યાન આપવું જોઇએ. મારી બીજી વાત એ હતી કે મેટ્રો રેલ પ્રોજેક્ટમાં કામદારો પાસે ૧૨થી વધુ કલાક કામ લેવામાં આવે છે છતાં એમના કામના કલાકના પ્રમાણમાં મહેનતાણું કે મજૂરી મળતી નથી એના માટે પણ સરકારે ચોક્કસ જાગૃતિ દાખવવી જોઇએ. થેન્ક યુ.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બાબુભાઇ પટેલ.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભૂપેન્દ્રસિંહજી કુદરત આફત અંગે રાહતની માગણી લઇને આવ્યા છે એમાં હું સમર્થન કરું છું અને મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફતની વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચીવળવા આજ સુધી ક્યારેય પ્લાનિંગ ના થયું હોય એવું અભૂતપૂર્વ પ્લાનિંગ કરવા બદલ મુખ્યમંત્રી, ડેપ્યુટી સી.એમ અને વહીવટી તંત્રની ટીમને હું લાખ લાખ અભિનંદન આપું છું. આ ભયંકર વાવાઝોડાથી બચી ગયા. કેમ બચી ગયા? તેની મારે વાત કરવી છે. સાહેબ, મારે કહેવું છે કે, આ સરકારના પૂણ્યથી બચી ગયા. પૂણ્યની વાત કરું તો આ સરકારે ૧૦૮ તત્કાલ મુખ્યમંત્રીએ મૂકી. સાહેબ, અકસ્માત થાય ત્યારે માણસ તરફડતો હોય ત્યારે એના સામે કોઇ જોતું નહતું અને ત્યાને ત્યાં જ તેનો જીવ ખોઇ બેસતો હતો. આ ૧૦૮ની સેવા મૂક્યા પછી એનો જીવ બચાવ્યો એનું પણ અમને પૂણ્ય મળ્યું છે. આ સરકારની અંદર પહેલી વાત કરીએ તો મધ્યમ વર્ગના કોઇને કેન્સર થયું હોય તો આખા ઘરને કેન્સર થાય. મા, બહેન, દીકરી બધા દેવાદાર થઇ જાય અને આ બાજુ દર્દી પતી જાય અને આ બાજુ ઘર પતી જાય. આ સરકારે એવો નિર્ણય કર્યો છે કે, મારે ગરીબ દર્દી, મધ્યમ વર્ગના દર્દીને મરવા દેવો નથી. એમના માટે મા-કાર્ડ અને મા-અમૃત્તમ કાર્ડ અને પાંચ લાખ સુધીની સુવિધા આ સરકારે આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામેવાળા મિત્રોએ જો ધાર્યું હોત તો ૪૦ વર્ષ પહેલા નર્મદા આવી હોત. આ નર્મદાનું પાણી અમે ગામડે ગામડે ખેડૂતોને આપ્યું છે. મારા વિસ્તારમાં ખેડૂતો એ પાણીથી ડાંગર રોપે છે એમના આશીર્વાદથી આજે એમને પૂણ્ય મળ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું છે કે, ઘરે ઘરે જો ૨૪ કલાક લાઇટ મળી હોય તો આ સરકારે આપી એનું પણ અમને પૂણ્ય મળ્યું છે. ઘરે ઘરે નળ આપ્યો એનું અમને પૂણ્ય મળ્યું છે. આ બધા કામના લીધે તત્કાળ મુખ્યમંત્રી જ્યારે ગુજરાતની અંદર અહીંયા હાઉસની અંદર બોલતા હતા ત્યારે આખો દેશ કાન દઇને સાંભળતો હતો કે મોદી સાહેબ શું બોલે છે? મને આજે કહેતા આનંદ થાય છે કે દિલ્હીની અંદર આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન બોલે છે ત્યારે આખી દુનિયા કાન દઇને સાંભળે છે કે એ શું બોલે છે. એથી વધારે મારે કહેવું હોય તો ઉપરવાળો પણ એમનું સાંભળે છે કે, મારા ગુજરાતને સાચવજે ત્યારે આ ઉપરવાળાએ ગુજરાતને સાચવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી દૂધાત કહેતા હતા કે કોંગ્રેસને વાયુ, વાયુ, વાયુ એમને ખબર નથી કે આ જૂનાગઢમાં તમારો વાયુ બહાર નીકળી ગયો. (અંતરાય )

સભાપતિશ્રી : આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : સાહેબ, મારા વિસ્તારની અંદર ડાયરો હતો. આમ તો હું ડાયરામાં જતો નથી પણ ડાયરામાં ગયો. એક ભજન છે તેની એક લીટી મને યાદી રહી ગઇ અને ભજન ગાનાર મારા ભાજપનો મંત્રી હતો. એનું નામ હતું શ્રી જગદીશ ઠાકોર. એણે એવી શરૂઆત કરી પૂન્ય તારું પરવારી ગયું છે. વધી ગયું છે પાપ, કહોને કયાંથી રીઝે રામ? આ કોંગ્રેસવાળાએ ધ્યાન રાખવાની જરૂર છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. આપે બહુ સરસ વાત કરી. ભગવાનની વાત કરી આપે. માનનીયશ્રી જશપાલસિંહ પઢીયાર.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગારના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે (અંતરાય)

સભાપતિશ્રી : આપ આપનું પ્રવચન ચાલુ રાખો. આપની મિનિટો જાય છે.

## શ્રાવણ ૧, ૧૯૪૧ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. આજનો ગુજરાતનો યુવાન જે ગુજરાતનું ભવિષ્ય છે. આજે જે રીતે શિક્ષણમાં મોંઘવારી વધી છે, સ્કૂલો કોલેજોની ફી વધી છે અને આ ઉંચી ફી ભરીને યુવાન શિક્ષિત થઇને ડીગ્રી લઇને બહાર નીકળે છે અને નોકરીની મોટી આશા સાથે રોજગાર મેળવવા માટે જયારે એ બજારમાં જાય છે ત્યારે તેને ત્યાં કહેવામાં આવે છે કે હમણા અમારે ત્યાં વેકેન્સી નથી ત્યારે એ યુવાન માણસની માનસિક પરિસ્થિતિ શું હશે? એ રોજગાર મેળવવા માટે વલખા મારે છે. આપણે જોઇ શકીએ છીએ કે સરકારી નોકરીઓમાં ૨૦૦, ૫૦૦, ૧૦૦૦ જગ્યાઓ માટે જયારે જાહેરાત બહાર પડે છે ત્યારે ફોર્મ ભરાય છે પાંચ લાખ, સાત લાખ કે દશ લાખ. નોકરીઓ કરતા અરજી કરનારાઓની સંખ્યા અનેકગણી વધારે હોય છે. એ ભરતી પછી લોકરક્ષક દળની હોય કે પછી સરકારી વિભાગની હોય. ખાનગી નોકરીઓમાં પણ આ જ હાલત જોવા મળે છે. આજનો ગુજરાતનો યુવાન બેરોજગાર બન્યો છે. મારા મત વિસ્તાર પાદરાની વાત કરું તો અંદાજે ૧૫૦થી વધારે ઉદ્યોગો આવેલા છે પરંતુ સ્થાનિક યુવાન બેરોજગાર છે. રોજગારી મેળવવા માટે વલખા મારી રહ્યો છે પણ તેને રોજગારી મળતી નથી. સરકાર કહે છે કે યુવાનોને તક મળવી જોઇએ. પાદરાના યુવાનો મોટી સંખ્યામાં બેરોજગાર છે. તેમની પાસે સ્કીલ છે, લાયકાત છે છતાંય રોજગારી મળતી નથી. ઘણાબધા ઉદ્યોગો તો એવા છે જેમાં મીનીમમ વેઝીસ પણ આપવામાં નથી આવતા. ભૂતકાળમાં મેં આ બાબતે શ્રમ અને રોજગાર કચેરીમાં સંકલનના માધ્યમથી ઘણી બધી ફરિયાદો પણ કરી હતી પરંતુ હજુ ઘણા બધા કેસોની અંદર સફળતા મળી નથી. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આવી રીતે થતું યુવાનોનું શોષણ બંધ કરવામાં આવે. ઔદ્યોગિક એકમો દ્વારા સ્થાનિક યુવાનોને ૮૫ ટકા રોજગારી આપવાની સરકારની નીતિનું પાલન કરવામાં આવતું નથી. જિલ્લા સંકલન સમિતિના માધ્યમથી મેં અનેક વખત આ વિષયને લઇને રજૂઆત કરેલ, આંકડા પણ માંગ્યા આવ્યા હતા પરંતુ લેખિત જે જવાબ આપવામાં આવે છે તે અને સ્થળ પરની વાસ્તવિકતા કંઇક અલગ જ હોય છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે સ્થાનિક યુવાનોને ૮૫ ટકા રોજગારી આપવાની સરકારની નીતિનું પાદરા અને સમગ્ર રાજયમાં ચુસ્તપણે પાલન કરવામાં આવે જેથી સ્થાનિક યુવાનોને પુરતા પ્રમાણમાં રોજગારી મળી રહે. યુવાનોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે માટે જો પાદરા, મારા વિસ્તારની અંદર જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવે તો રોજગારીનો પ્રશ્ન મહદ્ અંશે હલ થઇ શકે તેમ છે. હાલમાં જે ગામ અને ગામની આજુબાજુ ઉદ્યોગો આવેલા છે તે ગ્રામજનો અવાજ, હવા, પાણી વગેરેનું પ્રદુષણ વેઠી રહ્યા છે. આ અસરગ્રસ્ત ગામોના લોકોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળવી જોઇએ એટલું જ નહીં પરપ્રાંતિય કામદારો કંપનીમાં કામ કરતા હોય તેની યાદી સ્થાનિક પોલિસ સ્ટેશનમાં હોવી જોઇએ. હાલમાં સરકાર દ્વારા ગૃહ ઉદ્યોગમાં નાની દુકાનો તેમજ દુધાળા પશુ વસાવી રોજગારી આપવાની જે વાત કરી છે અને તેનો લાભ લેવા માટે જે યુવાનોએ ફોર્મ ભર્યા છે તેમાં મોટાભાગના કિસ્સાઓમાં બેંકો દ્વારા લોન આપવામાં આવતી નથી. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માંગું છું કે આવા કિસ્સાઓમાં બેંકોને યોગ્ય ભલામણ કરવી જોઇએ. વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઇને પણ સરકારી નોકરી આપવામાં આવી નથી એવો જવાબ તારાંકિત પ્રશ્નોત્તરીમાં આપવામાં આવેલો છે તો વડોદરાના યુવાનો પણ સરકારી નોકરી મેળવવા હકકદાર હોઇ તેમને પણ સરકારી નોકરી મળે એવી મારી ભલામણ છે. હાલમાં જે રીતે કોન્ટ્રાકટ પદ્ધતિ ચાલે છે તેમાં ખરેખર જોવામાં આવે તો યુવાનોનું ખૂબ શોષણ કરવામાં આવે છે. ૫–૭ કે ૧૦ વર્ષથી નોકરી કરતા હોય તો પણ તેમને કાયમી કરવામાં આવતા નથી.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીલ્લા વહીવટી મહેસૂલની ૭૮ નંબરની જે માગણીઓ લઇને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. ગુજરાતનું આ વિધાનસભા ગૃહ અને સચિવાયલ એ ગુજરાતનો પ્રાણ છે. અને જીલ્લા વહીવટી તંત્ર એ હ્રદય છે. હ્રદય બરાબર ધબકતું હોય અને એને પ્રાણ પૂરો પાડે તો આખુંય તંત્ર વ્યવસ્થિત ચાલતું હોય છે. જિલ્લા કલેકટર નીચે આવતી તમામ સેવાઓ કોઇપણ આપત્તિકાળ આવે, દુષ્કાળ આવે, અતિવૃષ્ટિ થાય તેવા સમયે રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર જે કાઇ નીતિ નીયમો ઘડે તેનો અમલ કરવાની જવાબદારી આ વહીવટી તંત્ર મહેસૂલ કરતું હોય છે અને એના દ્વારા આજે ગ્રામ પંચાયતના તલાટી મંત્રીથી શરૂ કરીને નાયબ મામલતદાર, મામલતદાર, ડેપ્યુટી કલેકટર, કલેકટર, રેસીડેન્ટ કલેકટર અને આખું તંત્ર આ મહેસૂલ વિભાગની બધી જ જવાબદારી બખૂબી રીતે નીભાવતું હોય છે. કોઇપણ જમીનનો દસ્તાવેજ થાય તો એની નોંધ થયા પછી કોપી આપોઆપ મહેસૂલ વિભાગમાં જાય અને તેની એન્ટ્રી પાડવાની જવાબદારી મહેસૂલી તંત્ર કરતું હોય છે. જિલ્લાની અંદર આવતી કોઇપણ ગૌશાળા હોય, પાંજરાપોળો હોય અને એમને જે કોઇપણ આપવાની થતી સહાયની જવાબદારી તંત્ર દ્વારા પહોંચાડવામાં આવતી હોય છે. સામેના મિત્રો દ્વારા એક વખત એવી વાત કરવામાં આવતી હતી કે પીપળ પાન ખરંતા તો એના માટે હું કહીશ કે હું એક વખત પ્રેક્ષક દ્વિધામાં બેઠો હતો. મને બરાબર યાદ છે તે વખતે શ્રી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી હતા. આ જ પાટલી ઉપરથી એક ધારાસભ્યશ્રી પ્રવચન કરતા હતા કે ચાર કુટની ચોખડી અને ચાર ચોખડીનો એક દિ એવા ૩૬૦ દિવસ સુધી કોંગ્રેસનું રાજ તપશે. વર્ષ ૧૯૯૦ પછી ગુજરાતની જનતાએ તમને સામે બેસાડ્યા છે. આ બાજુ બેસાડવા ગુજરાતની પ્રજાએ વિચાર કર્યો નથી. આ કોઇ મોંઢા જોઇને લોકો મત આપતા નથી. વહીવટની અંદર જે પ્રકારની કાર્યવાહી થાય છે તે લોકોએ જોઇ છે. વેદના અને સંવેદનાથી આ સરકાર અમલ કરે છે અને એના કારણે જે કાઇ વહીવટી તંત્ર કામ કરે છે, એની અસર આમજીવન અને પ્રજા ઉપર પડતી હોય છે અને એના જ કારણે વારંવાર લોકો ભાજપને અહીયા બેસાડે છે. જે કાઇ અધિકારીઓએ સારી કામગીરી કરે

છે એમને પ્રોત્સાહિત કરવા માટે એને બિરદાવવા માટે પણ રાજ્ય સરકારે સ્પેશ્યલ એના માટેની વ્યવસ્થા કરી છે. ૪ જુદા જુદા વિભાગો કર્યા છે. એક શહેરી વિકાસ વિભાગ આવતું હોય એમાં કલેકટર તંત્ર આવતું હોય, આદિવાસી ક્ષેત્ર આવતું હોય, નવા જિલ્લા સિવાયના જિલ્લા આવતા હોય એવા ૪ અલગ અલગ પેરામીટર્સ નક્કી કરીને ચારેયની હરીફાઇ હોય છે. એની અંદર જે કોઇ પ્રથમ આવે તેને પ્રોત્સાહિત કરવા માટે ૫૧,૦૦૦ રૂપિયા રાજ્ય સરકાર ઇનામ આપીને પ્રોત્સાહિત કરે છે. આ પ્રકારે લોકકલ્યાણનાં કામો પણ આ તંત્ર કરતું હોય છે. મારા રાજકોટમાં વિચાર કરું તો સૂચિત સોસાયટી અને યુ.એલ.સી. માં વસવાટ કરેલા લગભગ ૩૦ હજાર જેટલા મકાન ધારકોને રેગ્યુલર કરવાનો સરકારે નિર્ણય કર્યો, પણ અમલવારી કરવા માટેનું જો નીચેનું તંત્ર કામ કરતું ન હોય તો એનું પરિણામ બરાબર આવે નહીં. મને બરાબર યાદ છે કે રાત્રિના ૧૦-૧૦ વાગ્યા સુધી નાયબ મામલતદાર અને જેને જવાબદારી સોંપી હતી, તેઓ આ વિસ્તારમાં લોકોની વચ્ચે જઇને ફોર્મ ભરતા હતા, એની લોકો ઉપર અસર પડતી હોય છે. સેવા સેતુ કાર્યક્રમ એક જ જગ્યાએથી થાય, એવી તમામ પ્રકારની વ્યવસ્થા એક જગ્યાએથી થતી. આ સરકારે સહાયતાઓ એક જગ્યાએથી મળે. સેઇમ ડે મળે. હમણા રવિવારે મારા વિસ્તારમાં મામલતદાર કચેરીએ હું નીકળ્યો. હમણાં રવિવારે મારા વિસ્તારમાં મામલતદાર કચેરીથી નીકળ્યો તો તેમાં મેં કહ્યું કે, બહેનોનું ટોળું રવિવારે કેમ છે? તો મને કહેવામાં આવ્યું કે અંદર વિધવા બહેનોનો કેમ્પ ચાલે છે. વિધવા સહાયતા અંગેનો કેમ્પ રાખ્યો છે. આખી મામલતદાર કચેરી રવિવારે ચાલુ હતી એટલે તે વહીવટી તંત્રની કામગીરી બિરદાવવા લાયક છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, રેવન્યૂ અંગેના મારા વિસ્તારના બે પ્રશ્નો છે તે માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું. મારા થકી જ દાખલો આપું કે મારા બાપુજીની જમીન હોય અને બે ભાઇઓ છીએ અને તેમાંથી ભૂલમાં એક ભાઇનું નામ નીકળી ગયું છે અને ખેડૂત હક્કમાંથી તેનો હક્ક જતો રહે છે તેવો એક કેસ છે તેના માટે સરકારશ્રીએ વિચારવું જોઇએ. બે સગા ભાઇઓ છે અને ભૂલમાં તેનું નામ નીકળી ગયું છે તો તેના માટે વિચારવું જોઇએ. બીજો મારો પ્રશ્ન એ છે કે, આપણે વર્ષ ૧૯૬૫ અને વર્ષ ૧૯૭૧ની લડાઇમાં જે લોકો પાકિસ્તાનથી અહીં આવ્યા છે તે ગામડાઓ રેવન્યુમાં ચડયા નથી તો તે ગામ રેવન્યુમાં ચડાવવા વિનંતી છે. બીજા પરપ્રાંતીય ગણાય છે જે શીખ અને ચૌધરી છે તેની એન્ટ્રી રદ કરવામાં આવી છે તો તે પણ જોવામાં આવે. બીજું, આપણા ત્યાં વાવાઝોડાની આગાહી હતી ત્યારે તંત્રએ કચ્છમાં ખૂબ સારું કામ કર્યુ અને લોકોને સ્થળાંતર કરાવી લીધા હતા. તો આવા બોર્ડર વિસ્તારમાં, ઉંચાણવાળા વિસ્તારમાં એક એક કોમ્યુનિટી હોલ હોત તો આપણને ઘણી બધી રીતે ઉપયોગી થાત. તો આવા બોર્ડર વિસ્તારના ગામો છે તેમાં એક-એક કોમ્યુનિટી હોલ આવી જાય તો ખૂબ ઉપયોગી થઇ શકે. બીજું કે જે લોકો ત્રણ-ત્રણ વર્ષ સુધી જમીન વાવતા નથી તો તેમને નોટીસ આપવામાં આવે અથવા તો ખાલસા કરી દેવામાં આવે તો તે જમીનમાં વાવેતર થાય. તેનાથી મજૂરોને મજૂરી મળે. ગણોતધારામાં તેનો જે નિયમ હોય તે લાગુ કરવામાં આવે તો ખૂબ ઉપયોગી થશે. આભાર સાહેબ.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓ ઉપર આ સન્માનનીય સભાગૃહના નવ જેટલા ધારાસભ્યશ્રીઓ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. કયાંક સારી બાબતોને બિરદાવવાનું પણ કામ કર્યુ છે. મહદ્અંશે કેટલાક સૂચનો કરવાનું પણ કામ કર્યુ છે. કયાંક રાજકીય રીતે વાત કરીને પણ વાત મૂકવાના પ્રયાસો થયા છે. હું શ્રમ અને રોજગાર વિભાગની નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની રૂપિયા ૧૪૭૧ કરોડની બજેટની માગણી લઇને સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. રાજયના ઔદ્યોગિક અને સર્વાંગી વિકાસમાં, ઔદ્યોગિક શાંતિ અને સલામતિનું વાતાવરણ પૂરું પાડવા શ્રમ અને રોજગાર વિભાગનું મુખ્ય કામ હોય છે. આપણા સૌના જીવનમાં શ્રમ અને કૌશલ્યનું મહત્વ હોય છે. આ બંનેની મારા વિભાગની મહત્વની જવાબદારી છે. વ્યક્તિ થકી સમાજ અને સમાજ થકી રાષ્ટ્ર બને છે. મારા શ્રમ અને રોજગાર વિભાગના શિરે આ વ્યક્તિના ઘડતરની જવાબદારી છે. રાષ્ટ્રના નાગરિક અને કાર્યકુશળ એવા યુવાનોને ગૌરવપૂર્ણ રોજગારીની તકો ઉભી કરવા તે અમારી પ્રાથમિક જવાબદારી છે. તે પ્રાથમિક જવાબદારીના ભાગરૂપે આ વિભાગ મારફત ગંભીરતાપૂર્વક કામ કરવાની દિશામાં આ રાજ્યમાં આગળ વધી રહ્યા છીએ. રાષ્ટ્રના યુવાનોને માંગ મુજબ કૌશલ્યપૂર્ણ તાલીમ આપવાની મહત્વપૂર્ણ કામગીરી તે મારા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. ટેકનોલોજીના વિકાસની સાથે સાથે બદલાતી જતી કુશળ માનવબળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મારા વિભાગ દ્વારા સતત ચિંતનશીલ રહીને અદ્યતન માંગ મુજબ અભ્યાસક્રમો તૈયાર કરવાની તથા આવા અભ્યાસક્રમોને અસરકારક રીતે તાલીમાર્થી સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય મારા વિભાગ મારફત કરવામાં આવે છે. એટલે જ વ્યવસાયિક તાલીમ માટે ૭૭ એન.સી.વી.ટી. અને ૫૩ ડી.સી.વી.ટી. અભ્યાસક્રમો અમલી બનાવ્યા છે અને જેના કારણે આપણા યુવાનો રાજ્ય કક્ષાની તાલીમ ઘર આંગણે લઇ શકે. રાજયના તમામ તાલુકાઓને લક્ષમાં રાખીને તમામ તાલુકાઓમાં અમે સરકારી આઇ.ટી.આઇ.બનાવી છે. આપણા તત્કાલીન મુખ્ય ત્રી અને હાલના દેશના વડાપ્રધાન જ્યારે આ ગુજરાતની જવાબદારી સંભાળતા હતા ત્યારે એમણે એવો એક નિર્ણય લીધો હતો કે રાજયના યુવાનોને, રાજયના પછાત વિસ્તારોના નવયુવાનોને આઇ.ટી.આઇ.ની તાલીમ લેવી હોય તો બીજા જિલ્લાઓમાં જવું પડતું હતું, આ ગરીબનો દીકરો બીજા જિલ્લાઓમાં ક્યાંથી જઇ શકે? અને એટલા જ માટે એ વખતે નિર્ણય લીધો હતો કે, જેટલા તાલુકાઓ છે એ તમામ તાલુકાદીઠ આપણે આ રાજયની અંદર આઇ.ટી.આઇ. ચાલુ કરવાની દિશામાં આગળ વધીએ. મને આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે, એમના નિર્ણયને પણ અમારી સરકારે આગળ વધારવા માટે હંમેશા સતત પ્રયાસો કર્યા છે અને આજે ૨૫૦ તાલુકાઓમાં આ રાજયની અંદર ૨૮૭ સરકારી આઇ.ટી.આઇ. ચાલુ કરીને આ દેશના નવયુવાનોને ઘર આંગણે તાલીમ

આપવાનું કામ અમારા વિભાગ મારફત કરવામાં આવી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રતિ વર્ષે આશરે ૧.૫૦ લાખ તાલીમાર્થીઓને અલગ અલગ કૂશળતાઓ મેળવી કાર્યકૂશળ અમે બનાવી રહ્યા છીએ. જે રાજયના આર્થિક વિકાસમાં સહભાગી થઇ રહ્યા છે. આઇ.ટી.આઇ.ની તાલીમની ગુણવત્તા અદ્યતન અને અદભૂત કક્ષાની જળવાઇ રહે તે માટે અમે આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓની તાલીમ ગુણવત્તા સુધરે, તાલીમ લીધા બાદ તેઓને રોજગારી મળી રહે તે હેતુથી બજારની માગને અનુરૂપ કૌશલ્ય પૂરું પાડવા અમારો વિભાગ અને સરકાર સતત પ્રયત્નશીલ રહે છે. નવી નવી ટેકનોલોજી આવી રહી છે ત્યારે ઊર્જા વિભાગમાં વિંડ મારફત ઉર્જા પેદા કરવામાં આવી રહી છે, સૌર ઉર્જા પેદા કરવાની દિશામાં આપણે ગુજરાતમાં આગળ વધી રહ્યા છીએ અને એટલે અમારા વિભાગ મારફત અમે એવું વિચારી રહ્યા છીએ કે, આગામી દિવસોમાં સૌર ઉર્જામાં અને વિંડ ઊર્જામાં આપણે કુશળ માનવ બળની જરૂરિયાત આપણા રાજયમાં ઉભી થવાની છે ત્યારે નવયુવાનોને આપણે તૈયાર કરવા પડશે અને એટલા માટે અમારી સરકારમાં skill councillor and Gujarat Energy Research and Management Institute મારફત ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો દ્વારા રાજયના ૪૪ સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરોને રીન્યુઅલ એનર્જીની ૪૫ દિવસની તાલીમ પી.ડી.પી.યુ. કેમ્પસ ગાંધીનગર ખાતે આપીને આપણે અત્યારથી જ નવયુવાનોને તૈયાર કરવાની શરૂઆત પણ ગુજરાતમાં આપણે કરી દીધી છે. એવી જ રીતે શિકાગો યુનિવર્સિટી યુ.એસ.એ.ના સહયોગથી સાઇબર સિક્યુરીટીની તાલીમનો વ્યાપ વધારવા ૨૪૦ તાલીમાર્થીઓને ટ્રેનિંગ આપી તદઉપરાંત આંતરરાષ્ટ્રીય સંસ્થા કોમ્યુટર ઇન્ફોર્મેશન સિસ્ટમ કંપની, યુ.એસ.એ. દ્વારા ૧૬૦૦થી વધુ તાલીમાર્થીઓને નેટવર્કીંગની વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી. આઇ.ટી.આઇ. મુંબઇ દ્વારા ૧૫૦૦૦થી વધુ તાલીમાર્થીઓને ઓનલાઇન કોમ્પ્યુટરની તાલીમ પણ આપણા રાજય મારફત આપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી મારુતિ સુઝુકી જેવી કંપનીઓને પણ આપણે આઇ.આઇ.ટી. મુંબઇ અને ઇન્ડો જર્મન ટૂલ રૂમ વગેરે જેવી સંસ્થાનો સહયોગ લઇને આપણા નવયુવાનોને આપણે જે માનવબળ જોઇએ એ કુશળ માનવબળ પૂરું કરવા માટે આવી રીતે તાલીમ આપવાનું કામ અમારો શ્રમ અને રોજગાર વિભાગ કરી રહ્યો છે. કારીગર તાલીમ યોજના અંતર્ગત છેલ્લા ૧૦ વર્ષમાં અમે કુલ ૧૪૦ સરકારી આઇ.ટી.આઇ.માં આશરે ૮૪૫૧૨ બેઠકોનો વધારો કરેલ છે જેના કારણે હાલમાં ૨૮૭ સરકારી આઇ.ટી.આઇ.માં કુલ ૧,૪૯,૮૩૨ બેઠકોની ક્ષમતા થકી સ્કીલ ડેવલપમેન્ટ મિશનને સફળ બનાવવા અમારો વિભાગ કટિબદ્ધ છે. એજ રીતે ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ, સ્વનિર્ભર સંસ્થાઓની ક્ષમતામાં પણ વધારો કર્યો છે. રાજયની બહેનોને પણ આર્થિક રીતે સદ્ધર બનાવવાના ઉમદા હેતુથી રાજયની અંદર ૩૪ મહિલા આઇ.ટી.આઇ. શરૂ કરી છે અને અન્ય ૪૫ સરકારી આઇ.ટી.આઇ.માં મહિલા વિંગ પણ શરૂ કરી છે અને આ સંસ્થાઓમાં તાલીમ મેળવવા અનુસૂચિત જાતિ, જનજાતિ તથા દિવ્યાંગ ઉમેદવારો તેમજ મહિલા ઉમેદવારોની પાસે કોઇ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી અને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓને પ્રતિ માસ સ્ટાઇપેન્ડની યોજનામાં અનુસૂચિત જાતિ, જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને માસિક ૪૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ તેમજ જનરલ કેટેગરીના તાલીમાર્થીઓને ૨૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ પણ આપવામાં આવે છે. આ અંગેનું આવકનું ધોરણ શહેરી વિસ્તાર માટે રૂ.૧ લાખ ૫૦ હજાર તેમજ ગ્રામ્ય વિસ્તાર માટે ૧ લાખ ૨૦ હજાર રૂપિયાનું છે. તાલીમાર્થીઓને ક્યાંક કોઇક વખત અકસ્માત થાય તો આવા તાલીમાર્થીને સામૂહિક અકસ્માત જૂથ વીમા યોજના હેઠળ રૂપિયા એક લાખના વીમા કવચની પણ સુરક્ષા પૂરી પાડવામાં આવે છે. પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ યોજના એટલે કે પી.પી.પી. ધોરણ હેઠળ ૯૧ સંસ્થાઓને આવરી લીધી છે.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

રાજ્યના જે જે અંતરિયાળ વિસ્તારમાં જ્યાં તાલીમની જરૂરિયાત જણાય ત્યાં કૌશલ્યવર્ધન કેન્દ્રો દ્વારા ગ્રામ્ય કક્ષાના ઉમેદવારોને તેઓના ઘરઆંગણે વિનામૂલ્યે સ્વરોજગારી માટેની તાલીમ આપવામાં આવે છે. જેમાં મોટાભાગે મહિલાઓને કેન્દ્રમાં રાખીને આપણી બહેનોને પગભર બનાવવા ભરપુર પ્રયાસો આ વિભાગ મારફતે કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૧૪માં આઇ.કે.વી.કે. યોજના આપણે ગુજરાતમાં દાખલ કરી છે. આજે નવી નવી ટેકનોલોજીની સાથે ઉદ્યોગોમાં નવા મશીનો આવી રહ્યા છે. આપણી આઇ.ટી.આઇ. માં અભ્યાસ કરતા લોકોને નવી ટેકનોલોજીનું જ્ઞાન મેળવવું હોય તો આઇ.કે.વી.કે. યોજના અંતર્ગત તે જ ઉદ્યોગના ઔદ્યોગિક એકમોમાં એમના જ આધુનિક મશીન ઉપર આપણા તાલીમાર્થીઓને તાલીમ આપે તો એમને નવી મશીનરીની તાલીમ મળે અને એમને જોઇતું માનવબળ પણ એમને પૂરું પડી શકે એટલા માટે આઇ.કે.વી.કે. અંતર્ગત ૧૪૪ ઔદ્યોગિક એકમોમાં ૧૧૬૫૦થી પણ વધુ તાલીમાર્થીઓને તાલીમ આપવા માટેનું કામ આ વિભાગ મારફતે કરવામાં આવે છે. અત્યારે નોકરી મેળવવા માટે તાલીમ લીધેલા નવયુવાનો પાસે એન.સી.વી.ટી.ના સર્ટીફિકેટનો ખૂબ આગ્રહ રાખવામાં આવે છે. ક્યાંક ભારત સરકારના યુનિટો હોય એમાં પણ એન.સી.વી.ટી. ના સર્ટિફિકેટનો આગ્રહ રાખવામાં આવે છે. નેશનલ લેવલે પણ એન.સી.વી.ટી.નું સર્ટીફિકેટ હોય તો ત્યાં પણ નોકરીમાં એમને પ્રાધાન્ય આપવામાં આવે છે. એન.સી.વી.ટી. નું સર્ટિફિકેટ જેણે પ્રાપ્ત કરેલું હોય એને વિદેશમાં પણ નોકરી લેવી હોય તો એન.સી.વી.ટી.નું સર્ટિફિકેટ મળેલું હોય એને પ્રાધાન્ય આપવામાં આવે છે. એટલા જ માટે આપણે પણ આ તાલીમાર્થીઓને એન.સી.વી.ટી. એફિલીએશન મળવાથી નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગમાં ન્યૂ દિલ્હીનું પ્રમાણપત્ર મળે છે અને આ પ્રમાણપત્ર નેશનલ લેવલ ઉપર પણ માન્ય ગણાય છે. વર્ષ ૨૦૧૮ સુધીમાં ૫૧૩૬ બેચોમાં અંદાજે ૯૮૦૦૦ તાલીમાર્થીઓને આપણે એન.સી.વી.ટી.ની તાલીમ આપતા હતા અને એનું એફીલીએશન હતું અને હવે વર્ષ ૨૦૧૯ સુધી એ વધીને ૭૭૪૫ બેચમાં ૧,૪૯,૦૦૦

તાલીમાર્થીઓને એન.સી.વી.ટી.ની તાલીમ મળશે અને એન.સી.વી.ટી.નું સર્ટિફિકેટ મળશે એટલે એને નોકરીના ચાન્સ ખૂબ મોટા પ્રમાણમાં વધવાની દિશામાં આપણે આગળ વધારી રહ્યા છીએ. એવી જ રીતે પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના, પી.એમ.કે–ટુ. આ યોજના ભારત સરકારની છે અને એમાં સંપૂર્ણ ખર્ચ ભારત સરકારના બજેટમાંથી કરવામાં આવે છે. સ્કીલ ઇન્ડિયા મિશનના ભાગરૂપે ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઔદ્યોગિક સાહસિકતા મંત્રાલય દ્વારા ફ્લેક્સીબલ યોજના તરીકે શરૂ કરાયેલ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના એ ૧૦૦ ટકા કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે. આ વરસમાં ૨૦૨૦ સુધીમાં ૬૪૨૦૫ યુવાનોને કૌશલ્યબદ્ધ કરવાનું કામ આ યોજના અંતર્ગત ગુજરાતમાં કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. આ યોજનાની અંદર રૂ.૯૮ કરોડ કરતા પણ વધારે રકમ ભારત સરકાર તરફથી આપણને મળવાની છે અને ભારત સરકાર દ્વારા તારીખ ૯–૬–૨૦૧૭થી રૂપિયા ૩૫ કરોડ ૯૪ લાખ ગુજરાતના યુવાનોને તાલીમ આપવા માટે મળી ગયા અને ભારત સરકારના ચાલુ વરસના બજેટની અંદર ૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરી દેવામાં આવી છે. આ સરકાર બોલે એટલું કામ કરવાની દિશામાં આ પાર્ટીની સરકાર આગળ વધી રહી છે. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના–ટુ અંતર્ગત કેન્દ્રીય પુરસ્કૃત રાજ્ય સંચાલિત કુલ ૨૪૩૩૯ તાલીમાર્થીઓની નોંધણી કરીને તાલીમ આપવાનું કામ કરવામાં આવી રહેલ છે. રાજ્યમાં નવ યુવાનોને તાલીમ મળે અને તાલીમની સાથે સાથે એમને થોડુંક વેતન પણ મળે. તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટિસ યોજના આપણા રાજયની અંદર આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીની લાગણીના કારણે આપણે આ રાજયની અંદર દાખલ કરી શકયા છીએ અને એટલા જ માટે તેના ભાગરૂપે આપણે મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના વર્ષ ૨૦૧૮–૧૯ના વર્ષથી અમલી બનાવી છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૮–૧૯માં આપણાં ૭૭,૫૭૪ યુવાનોને એપ્રેન્ટિસ યોજનાનો લાભ આપવાનું ચાલું કર્યું છે અને આ વર્ષે આ યોજના અંતર્ગત ૧ લાખ યુવાનોને એપ્રેન્ટિસ તરીકે લાભ આપવાનું સરકારશ્રીએ નક્કી કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહિત વળતર ૧૫૦૦ ઉપરાંત આપણે તેના વિવિધ કોર્સના આધારે ત્રણ હજાર, બે હજાર અને પંદરસો રૂપિયા વધારે આપવાની દિશામાં પણ આગળ વધીને યુવાનોને રોજગારીની સાથે સાથે વેતન મળે તેવો પણ પ્રયાસ કરવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ. આપણી આઇ.ટી.આઇ.ને વધારે એન.સી.વી.ટી.માં આપણે એફિલેશન થાય તેના માટે ૯ જેટલા નવા મકાનો બનાવવાની દિશામાં પણ આપણે આગળ વધીએ છીએ અને કયાંક આપણે નવા વર્ગખંડો વધારવા પડે તો એ વર્ગખંડો વધારવા માટે પણ આપણે રૂ.૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયની આપણી આઇ.ટી.આઇ.માં નવી ટેકનોલોજીના મશીનો ખરીદવા માટે, નવા સાધનો ખરીદવા માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી ચર્ચાઓ થઇ છે કે આ રાજયમાં રોજગારી આપવામાં આપણે પાછળ છીએ. સમગ્ર ભારત દેશની અંદર સૌથી વધારે રોજગારી આપતું કોઇ પણ રાજ્ય હોય અને ૮૬ ટકા રોજગારી આપવાનું કામ કરતું હોય તો આખા દેશની અંદર તે ગુજરાત રાજ્ય કરી રહી છે. સમયની પાબંદી છે નહીંતર મારી રાજયવાઇઝ આંકડા આપવાની પણ તૈયારી છે. જે રીતે રાજયમાં રોજગારી મળી રહી છે માનનીય વિરજીભાઇ પણ કેટલીક વાતો કરતા હતા કે આ રાજયના બેરોજગાર યુવાનોને *(xxx) માટે ઘણુ બધુ કામ થયું. કેટલાંય વર્ષોથી અમારા મિત્રો આ રાજયની અંદર બેકાર છે અને નવયુવાનોને નોકરી મળતી નથી, બેરોજગાર છે એવી ઘણી બધી વાતો કરી એટલા માટે મારે કહેવું છે કે વર્ષ ૨૦૧૨માં પણ આવી જ વાતો કરી અને વર્ષ ૨૦૧૨માં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. વર્ષ ૨૦૧૪માં પણ ખૂબ વાતો કરી પણ વર્ષ ૨૦૧૪માં પણ આ નવયુવાનોને *(xxx) પ્રયાસ થયો છતાં ૨૬માંથી ૨૬ લોકસભાની સીટો આપણને મળી. વર્ષ ૨૦૧૯માં પણ ફરી વખત આવા પ્રયાસો થયા પણ ૨૦૧૯માં પણ એ જ પરિણામ ગુજરાતમાં આવ્યું. માનનીય વિરજીભાઇ, હવે આ રાજયની અંદર નવયુવાનો પણ ગેરમાર્ગે દોરાવાના નથી, ખેડૂતો પણ દોરાવાના નથી અને એ બધાએ જ નક્કી કરી લીધું છે કે સૌનો સાથ, સૌનો વિકાસ અને ભારતીય જનતા પાર્ટી ઉપર સૌનો વિશ્વાસ પણ બનવાનો છે એટલા માટે એ વિશ્વાસને ધ્યાનમાં રાખીને કેટલાક મિત્રો તમારે ત્યાંથી અમારી પાસે આવીને પણ આ વિકાસ યાત્રામાં ભાગીદાર થયા છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાંખીએ છીએ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બે નવી બાબતો કહેવાની છે.

અધ્યક્ષશ્રી : બધુ જ આવી ગયું આપે કશું જ બાકી રાખ્યું નથી. ૨૬એ ૨૬ કહ્યાં પછી કંઇ બાકી રહ્યું ? કોઇ નવી જાહેરાત છે ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એક–બે નવી બાબત આપણે ધ્યાન ઉપર મૂકીએ છીએ.

અધ્યક્ષશ્રી : તો મૂકોને.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી બાબત બે દિવસ પહેલાં એ ચર્ચામાં હતી, મારા તારાંકિત પ્રશ્નમાં આવી હતી કે કેટલાક વિસ્તારમાંથી કેટલાક લોકો રોજગારી માટે ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારમાંથી બીજા જિલ્લાઓમાં જાય છે. એ વિસ્તારના લોકોના બાળકોને ભણવા માટેની કોઇ સુવિધા નથી, હોસ્ટેલ નથી એવી ચર્ચા આવી હતી. માનનીય અશ્વિનભાઇએ આ વાત મૂકી હતી. પહેલી વખત આ ૧૦ કરોડ રૂપિયાની યોજના આપણે અમલમાં મૂકી અને એવા વિસ્તારોની અંદર તેમના એ રોજકામ માટે બહાર લોકો જતાં હોય અને તેમના બાળકો ત્યાં ભણી શકે, રહી શકે તેના માટે રહેવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા અને વાસણ સાથેની વ્યવસ્થા કરવાનો નિર્ણય આ રાજય સરકારે લીધો છે. એવી જ રીતે વ્યવસાયિક રોગો જે થતાં હોય તેના માટે પણ વધારે રોગ થાય અને માણસ મૃત્યુ પામે એ અમારી સંવેદનશીલ સરકાર સ્વીકારવા માટે તૈયાર નથી એટલા માટે એ સચેત યોજનાની અંદર પણ આવા વ્યવસાયિક રોગો થતાં જ તેનું સ્ક્રીનીંગ થાય અને રોગ થતાં અટકાવી શકીએ તેના માટે રૂ.૧૫ કરોડની નવી યોજના મૂકીને આવા શ્રમિકોને બચાવવા માટે પણ અમારી સરકાર કામ કરવાની દિશામાં આગળ ધપી રહી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાતની શરૂઆત કરું એ પહેલાં શ્રી પુંજાભાઇએ જે વાતથી શરૂઆત કરી હતી એની ચોખવટ કરવા માગું છું. અમારે ભ્રષ્ટાચાર કરવો નથી, કરવા દેવો નથી અને છાવરવો પણ નથી અને આપે જે વાત કરી હતી એમાં સુરેન્દ્રનગર જિલ્લાના બ્રાહ્મણબોર, ચોટીલાના કેસમાં કહેવાતા શેલ્ડીડ આધારે ખાનગી નામે જમીનો દાખલ કરતાં મામલતદારના ત્રણેય હુકમો કલેક્ટરે રદ કર્યા છે. જમીન સરકારમાં દાખલ કરતાં હુકમો પણ થઇ ગયા છે. મામલતદાર ચોટીલાને ટોચ–મર્યાદા ધારા હેઠળ જે કેસ કલમ–૩૭ હેઠળ નાયબ કલેક્ટરે રિવિઝનમાં લીધો જે કાર્યવાહી પૂરી થવામાં છે. મેવાસાના કેસમાં મામલતદારનો ટોચ–મર્યાદાનો કેસ રીવિઝનમાં લઇ નાયબ કલેક્ટરે રદ કરેલ છે. આ કેસમાં સેવાકીય વિગતો જોઇ તેમજ કોર્ટને લગતી બાબત તપાસી જવાબદાર અધિકારીઓ સામે શિસ્ત વિષયક પગલાં લેવાની બાબત પણ વિચારણામાં છે. આ ઉપરાંત બનાવટી દસ્તાવેજ બાબતમાં પણ પોલીસ તપાસ કરવાની સૂચના પણ આપવામાં આવી છે. શ્રી પુંજાભાઇ, Is it OK? તમારું મૌન મારી વાતની સંમતિ બતાવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રી એ તપાસ થઇ નથી. સચિવાલય સંકુલ આમાં સંડોવાયેલું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમે બોલતા હતા ત્યારે હું શાંતિથી સાંભળતો હતો.

અધ્યક્ષશ્રી : એ તો તમે OK પૂછ્યું એટલે કહે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય બળદેવજીભાઇ, નવી અને અવિભાજ્ય શરતની તથા ગણોતધારા હેઠળની ખેતીની જમીનોને ગ્રામ્ય વિસ્તારમાં કોઇ પણ પ્રિમિયમ લીધા વિના જે જમીનોને ૧૫ વર્ષ પૂર્ણ થયા હોય અને કોઇ પણ જાતનો શરતભંગ ન થયો હોય તેવી નવી શરત જમીનની કોઇ પણ જાતની અરજી લીધા સિવાય છેલ્લા ૧૮ માસમાં તા.૧૫/૭/૨૦૧૯ સુધીમાં ૨,૩૩,૪૩૯ જેટલા સરવે નંબરને જૂની શરતમાં રૂપાંતરિત કરી દેવામાં આવ્યા છે અને આપે જ રી–સરવેનું પણ કહ્યું હતું. એમાં જ્યાં સુધી અરજદારને સંતોષ ન થાય ત્યાં સુધી રેકર્ડ આખરી કરવામાં આવશે નહિ. આ એકલા માટે નથી આપ સૌ માટે પણ છે અને આ દરમિયાન આપે જ કહ્યું હતું કે દેશમાં આપણે જ બહુ સારું કામ કર્યું છે પણ ક્યાંક કોઇ એજન્સીએ ગરબડ કરી છે. તો રી–સરવેમાં જે એજન્સીએ ગરબડ કરી, નબળી કામગીરી કરી એની સામે અમે પગલાં ભર્યાં છે. કંપનીનું નામ આઇ.આઇ.સી. છે એને જામનગર જિલ્લામાં ગરબડ કરી એ માટે રૂ.૯૯,૯૮,૩૮૧નો અમે દંડ કર્યો છે. (શ્રી બળદેવજી ભાઇ જગ્યા પર ઊભા થતાં) ના, ના, પ્લીઝ. મારી ઓફિસમાં આવીને કહેજો.

અધ્યક્ષશ્રી : પછી છેલ્લે પૂરું થાય ત્યારે કહેજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : બનાસકાંઠામાં સી–કોમ કંપનીને રૂ.૬૨,૭૫,૨૪૦નો દંડ કરવામાં આવ્યો છે. મહેસાણામાં સી–કોમ કંપનીને રૂ.૩૧,૮૦,૫૯૯ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. શ્રી વિરજીભાઇ, નવી કચેરીઓ માટે આ બજેટમાં શ્રી નીતિનભાઇ આપણને ૬ કરોડ ૧૨ લાખ રૂપિયા આપ્યા છે. એટલે તમારી માગણી પણ સંતોષાશે. શ્રી સુખરામભાઇનો મામલતદાર સંવર્ગમાં પ્રમોશનનો મુદ્દો છે. તા.૨૦/૬/૨૦૧૮ના જાહેરનામાથી ૫૬ નાયબ મામલતદારને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવેલ છે. શ્રી જોષિયારા સાહેબ કહેતાં હતાં કે લેન્ડ માર્ક મૂકવા. એમાં પણ એ અમને વિગતો આપશે તો અમે વિચારણા કરીશું. શ્રી બ્રિજેશભાઇ છે કે નીકળી ગયા? આજના જૂનાગઢના પરિણામો પછી તમે જાતે જ આશ્વાસન લેતા હતાં પણ શ્રી નીતિનભાઇએ મને કહ્યું કે તમે કહેજો. ખાલી જગ્યા એટલા માટે કહું છું કે જો હું બોલીશ તો સાહેબ એ શબ્દ કાઢી નાખશે. ખાલી જગ્યા પડે તો પણ તંગડી ઉંચી ને ઉંચી રાખે. બધાને ટ્યૂબલાઇટ થઇ ગઇ. (અંતરાય) માનનીય બ્રિજેશભાઇ, અમે પણ તમારી પાસેથી એવું ઇચ્છતા નથી. માનનીય સભ્યશ્રી પ્રતાપભાઇએ મોટી વસતિવાળા

વિસ્તારમાં વધારે સરળતા માટે રાજય સરકારે એ વર્ગની ૧૮ નગરપાલિકા વિસ્તારોમાં શહેરની અને જિલ્લાની અલગ અલગ વ્યવસ્થા ઉભી કરવાનો વિચાર કર્યો છે.

માનનીય સભ્યશ્રી વિરજીભાઇએ દુષ્કાળની વાત કરી હતી. અત્યાર સુધીમાં ૧૩.૬૭ કરોડ કિલો ઘાસનું વિતરણ થઇ ગયું છે.
માનનીય સભ્યશ્રી પદ્યુમનસિંહજી તમારા કેસમાં ભૂલ થઇ હશે અને તમે પત્ર લખશો તો અમે સુધારી દેશું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય પદ્યુમનસિંહજી પત્ર લખશે એ તમે વાંચી નહિ શકો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રીએ અહીંયા રજૂઆત કરી છે અહીંયાં ગેલેરીમાં અધિકારીઓ બેઠા છે એમનું એ જ કામ છે એટલે ધારાસભ્યશ્રીએ પત્ર આપવાની જરૂર નથી, આપ બોલ્યા એ જ પત્ર.

જે વિભાગની માગણીઓ લઇને આવ્યો છું એ જમીન ઉપર છે. અન્ન, રહેઠાણ, રોજગારી, વિકાસ એ બધું જ જમીન ઉપર થાય છે. આ ધરતી માતા ગરીબને પણ સાચવે છે અને અમીરને પણ સાચવે છે. ઉદ્યોગને પણ સાચવે છે, પશુ, પક્ષી માનવ આ બધા માટે પોતાના પેટમાંથી પાણી ભરી રાખે છે આટલી ઉદાર છે જન્મભૂમિ. આ ધરતી ઉપરથી ચંદ્ર ઉપર પણ જવાય છે. હવામાં ઉડવું હોય તો પહેલા ધરતી ઉપર દોડવું પડે છે એ પછી ઉપર જવાય છે એવા જમીનના વિભાગની માગણીઓ લઇને આવ્યો છું. આ કોઇ નિર્જીવ વસ્તુ નથી, જમીન સાથે માનવી જોડાયેલો છે અને એ જોડાયેલો છે ત્યારે એની વાત પણ એક મહત્વના પરિબળ તરીકે આ વિભાગ કામગીરી કરી રહ્યો છે.

આ વખતે માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. અંદાજપત્રીય જોગવાઇ રૂ.૩૩૮૩ કરોડ એટલે કે સન્માનનીય રકમ આ કામગીરી માટે આપી છે. આ તબક્કે આપ સર્વેનું ધ્યાન દોરતા મને આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૯–૨૦માં મહેસૂલ, સ્ટેમ્પ ડયૂટી, રૂપાંતર કર મારફત રૂ.૧૨૦૭૪ કરોડ જેટલી મહેસૂલી આવક સાથે મહેસૂલ વિભાગ જી.એસ.ટી. પછી પહેલા ક્રમે આવે છે. મહેસૂલ વિભાગની આ જે કંઇ રકમ છે એમાંથી કુદરતી આફતો માટે અમે ૧૮૨૩ કરોડ રૂપિયા એજ કામ માટે રાખ્યા છે. હું ભગવાનને પ્રાર્થના કરું કે ન દુષ્કાળ આવે, ન વાવાઝોડું આવે કે ન પૂર આવે આ રકમ એમાં ન વપરાય અને બીજા કામ માટે વપરાય તેવી ભગવાન પાસે પ્રાર્થના કરું છું. આપણે એવા દિવસો પણ જોયા છે. કોઇ દસ્તાવેજની નકલ લેવા ગયા હોય એ જૂના જમાનાની હોય તો દફતરોના ડુંગરો પડ્યા હોય, ઓરડા ભર્યા હોય એ દ્રશ્યો અહીંયાં બેઠેલા બધાએ જોયા છે. આ સરકારે એનું કમ્પ્યુટરાઇઝેશન કરીને એક જ મિનિટમાં કોઇપણ વર્ષનો કોઇપણ દસ્તાવેજ હોય એની નકલ મળી શકે છે. માનનીય પ્રતાપભાઇ કહેતા હતા કે સામ પિત્રોડાએ કર્યું છે. એ તમારા છે, એ તમારી સાથે ૨૫ વર્ષથી રહ્યાં છે અને તમારી કેન્દ્રમાં વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી સરકાર હતી ત્યાં કેમ કોઇ કમ્પ્યુટાઇઝેશન કરવામાં ન આવ્યું? તમે નજીક હતા અમે દૂર હતા. (અંતરાય) સામ પિત્રોડાએ જ તમારું હેઠું નાંખ્યું.

ઓન લાઇન એન.એ. ની વાત કરું, મેં એક પ્રશ્નનો જવાબ પણ આપેલો. એન.એ.ની કામગીરીમાં એક કરતાં વધારે એન.ઓ.સી. સમય મર્યાદા. એન.ઓ.સી. સમયમર્યાદા, આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને બાકી બધી બાબતો આપણે બધા જાણીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિખાલસતાથી કબૂલ કર્યું છે એનો મતલબ કે વાસ્તવિકતા એટલી નથી પણ વધારે સારું કરવા માટે એમણે કબૂલ કર્યું છે. મારે આનાથી સારું કરવું છે અને એ સારું કરવા માટે માનનીય અધ્યક્ષશ્રી, એમાં ઓન લાઇનની ઝૂંબેશ કરવામાં આવી, જેમાં જુલાઇ, વર્ષ ૨૦૧૮થી તા.૧૪.૭.૨૦૧૯ સુધીમાં ૩,૫૧,૧૪૯ આટલા મોટા પ્રમાણની અંદર બિન ખેતીની પરવાનગી મેળવવામાં સરળતા અને ઝડપ તથા પારદર્શકતા રહે તે હેતુથી પહેલાં અમે આનો પ્રયોગ કર્યો. એક સાથે આખા રાજયમાં કર્યું હોય અને પછી કાંઇ પ્રયોગ સફળ ન જાય તો તેના બદલે ગાંધીનગર અને અમદાવાદ આ બે જિલ્લામાં પ્રયોગ કર્યો અને આ બન્ને જિલ્લાના પ્રયોગમાં અમે સફળ થયા અને સફળ થયા પછી આખા રાજયમાં અમે કરી રહ્યા છીએ અને અમને સફળતા મળી રહી છે. આ સફળતા જોઇને આખા દેશના લોકો જોવા માટે આવે છે. ત્યાં સુધી આ ટેકનોલોજીનો ઉપયોગ માનનીય વિજયભાઇ રૂપાણીએ ઓન લાઇન એન.એ. અત્યારે કોની પાસે કેટલા વખતથી માત્ર જિલ્લા પંચાયતમાં કે કલેકટરને પૂછવાની જરૂર નથી, એમના નિવાસ્થાને બેઠા બેઠા સી.એમ. ડેસ બોર્ડ ઉપર પણ મગનભાઇ છગનભાઇ વાઘેલા એની કામગીરી, એની કામગીરી કયાં છે, એનું કયાં પેન્ડીંગ છે તે જોઇ શકાશે. આની પાછળનો આશય શું છે? આની પાછળનો આશય માત્રને માત્ર પારદર્શકતા છે. બીજું કાંઇ નહીં, પારદર્શકતા અને સંવેદનશીલતા કે અરે, આટલો વાજબી કેસ હજી પંદર દિવસથી શા માટે પડતર છે. બાકી બધું પણ ત્યાં પણ કોઇનું ન ચાલે એટલા માટે આખા રાજયમાં બધાને આપણને એનો ફાયદો પણ મળ્યો છે. આ નિર્ણય માનનીય અધ્યક્ષશ્રી મહેસૂલ વિભાગનો નહીં રાજય સરકારનો છે. આપણો આ નિર્ણય ક્રાંતિકારી કહી તો પણ ચાલે. વારસાઇ નોંધ પણ ઓન લાઇન કરવાનું નક્કી કર્યું છે. જે બધું હસ્તલેખિત હતું તેના બદલે સરળતા, પારદર્શકતા, ઝડપ અને તા.૯.૩.૨૦૧૯થી તા.૧૫.૭. ૨૦૧૯ સુધીના સમય ગાળા દરમ્યાન ઓન લાઇન ૫૫૫૧ વારસાઇની અરજીઓ દાખલ થઇ જેમાંથી ૩૬૬૮ કાચી એન્ટ્રીઓ નોંધાઇ તે પૈકી ૧૮૩૫ મંજૂર થઇ છે. આ

બધામાં વધારે મહત્વ શું છે સમય ઘટે છે. પારદર્શકતા અને સમય કોઇ એક કામ માટે મારો ધંધો, રોજગાર, કુટુંબ–કબીલો છોડીને મારે પાંચ ધક્કા ખાવા પડે મારા મિત્ર શ્રી બાબુભાઇની વાત સાચી હતી. એ પાંચ ધક્કામાંથી હવે ઓન લાઇન થયુંને, એના અમને આશીર્વાદ મળ્યાને એટલે અમે જીતીએ છીએ. હાશ, સરકારનું સારું થજો કે આ ધક્કા બચાવી દીધા, આ આશીર્વાદ મળે છે અમને. છેલ્લા ૨૫ વર્ષથી અગણિત એવાં કામો કર્યા છે કે જેના કારણે આ પ્રજાના આશીર્વાદ અમને મળતા જ રહ્યા છે. તા.૮.૩.૨૦૧૯ના પરિપત્રથી બિન ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા તેને બોનાફાઇડ ઇન્ડસ્ટ્રીયલ પરપઝ હેઠળ ખરીદેલ ખેતીની જમીનનું પ્રમાણપત્ર મેળવવાની કાર્યપદ્ધતિ પણ ઓન લાઇન કરવાની સૂચના આપી છે.

દસ્તાવેજો વધુ સલામત થાય તે માટે ખરીદ વેચાણના પક્ષકારો તેમજ સાક્ષીઓ માટે વિડીયો રેકોર્ડીંગ પ્રથા હાલમાં હતી તેમાં વધુ એક પ્રયોગ કરીને નોંધણી ફી ઓન લાઇન ઘેર બેઠાં અનુકૂળ સમયે ચૂકવી શકાય એવી વ્યવસ્થા ઉભી કરી છે. ત્યાં જવાની જરૂર પણ નહીં. જૂન વર્ષ ૨૦૧૯ સુધીમાં ૧૨૭૪૫ જેટલા દસ્તાવેજોમાંથી રૂ.૬૦.૫૪ કરોડની આવક પણ સરકારને થઇ છે. તાજેતરમાં ગણોત અધિનિયમ હેઠળ નક્કી થયેલ ખરીદ કિંમત ભરવાની જે તારીખ હતી તા.૩૦.૬.૨૦૧૯ સુધી લંબાવી હતી જે હેઠળ ૩૫૫૬૭ ગણોતીયાઓ કબજા હક્કની રકમ ભરીને એના માલિક બન્યા છે. એવી જ રીતે નવી અને અવિભાજય શરત અને ગણોત ધારા હેઠળની ખેતીની જમીન ગ્રામ્ય વિસ્તારમાં કોઇ પણ પ્રિમિયમ લીધા સિવાય હમણાં જ મેં માનનીય બળદેવજીને કહ્યું એમાં પણ મોટી સંખ્યામાં કામગીરી થઇ છે. સરકાર અને સરકારી હિત સમાયેલું હોય તેવી ફાળવણી અને તેનું મુલ્યાંકન પણ રાજય સરકાર કરે છે. સરકારનું હિત સમાયેલ હોય તેવી જમીનોનું મૂલ્યાંકન વાસ્તવિક રીતે થાય અને ત્યાં શૈક્ષણિક, સામાજિક, ઔદ્યોગિક, ધાર્મિક, રહેણાંક વગેરે ક્ષેત્રો માટે મૂલ્યાંકનની તા.૨૪–૬–૧૧ની નીતિમાં ફેરફાર કર્યો છે અને નવી મૂલ્યાંકન નીતિ અમલમાં મુકી છે. રીન્યુએબલ એનર્જી, આજ કાલ પાણી, વીજળી, પર્યાવરણ, આ બધી સમસ્યાઓ છે એના ઉકેલ માટે પણ, જે મૂડી રોકાણ કરે, બિન ઉપજાઉ, પડતર એવી જમીન ઉપર રાજય સરકારે ભાડા પટ્ટેથી જમીન આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ઔદ્યોગિક જી.આઇ.ડી.સી. નો પણ ઝડપથી વિકાસ થાય, ત્યાં નાના મોટા વેપારીઓ આવે રોજગારી વધે તેના માટે પણ તા.૨૦–૫–૧૮ના ઠરાવથી નવી નીતિ અમે અમલમાં મૂકી છે. મત્સ્યોદ્યોગ માટે પણ ગૌચરની જમીન, ગામ તળ, કબ્રસ્તાન, સ્મશાન, તળાવ જાહેર હિતના કામો માટે ફાળવવાનું, શૈક્ષણિક સંસ્થાઓને રમત–ગમતના મેદાન માટે ભાડા પટ્ટે ફાળવવાનું, જમીનમાં કોઇ પણ પ્રકારનો શરતભંગ ન થયો હોય તો રમત ગમતના મેદાન માટે ભાડા પટ્ટેથી ફાળવી આપવાનું અને રીન્યૂ કરવાની જોગવાઇ પણ કરવામાં આવી છે. વિકલાંગ વ્યકિતને તા.૩૧–૭–૧૮ના ઠરાવથી, એમાં અગ્રતાક્રમમાં આવતા વિકલાંગ વ્યકિતને પાંચ ટકા સુધીની ખેતીની જમીન ફાળવવામાં અગ્રતા રાખવાની અને તેમાં પણ વિકલાંગ મહિલાને જમીન ફાળવવાની પ્રથમ મંજૂરી આપવાની. આખા દેશમાં સૌથી વધારે મીઠું પકવનાર કોઇ રાજય હોય તો આપણે છીએ. અને એના માટે પણ લીઝના સમયમાં અમે ઉદાર બન્યા છીએ. ઇ–ધરા વ્યવસ્થાપન માટે મારે બહુ વર્ણન કરવાની જરૂર નથી. આપણે બધા હવે રૂટના ધારાસભ્યો અને કાર્યકર્તાઓ છીએ અને આપણે તેના અનુભવમાંથી પસાર થઇ રહ્યા છીએ. આખા રાજયમાં કોઇ તાલુકો બાકી નથી કે જયાં અમે આ વ્યવસ્થા ન કરી હોય.

રાહત પ્રભાગ માટે પણ મેં હમણાં જ કહ્યું એમ મોટી રકમ ફાળવવામાં આવી છે અને પહેલીવાર લોક હિત માટે આવડી મોટી રકમ ફાળવવામાં આવી હોય અને આ વખતે એનો આપણે પ્રયોગ પણ કર્યો એનું ઉદાહરણ પણ આખા રાજય અને દેશના લોકોએ જોયું કે, રાજય સરકારે તંત્રએ બધાના સાથ સહકારથી, તમામના સાથ સહકારથી આપણે વાયુ વાવાઝોડાને, ભગવાનના આશીર્વાદ અને પ્રાર્થનાથી, મેં સંકલ્પમાં પણ બહુ વિગતે વાત કરી હતી, પહેલીવાર એવું બન્યું કે મેન્યુઅલમાં ન લખ્યું હોય છતાં પણ ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર આ બન્યું છે. મેન્યુઅલમાં લખ્યું હોય કે આટલા ઇંચ વરસાદ પડે તો જ દુષ્કાળ, આટલા ઇંચ પડે તો જ અર્ધ દુષ્કાળ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદારતા વાપરીને એમના પ્રવચનમાં પરમ દિવસે એમણે કહ્યું હતું કે ૧૪ ઇંચ સુધી જયાં વરસાદ પડયો હોય ત્યાં પણ અસરગ્રસ્ત નામ આપીને એ વિસ્તારને ઘાસ અને એ પશુઓને પાણી આપવાનો પ્રયાસ કર્યો છે. કચ્છના ઢોર, અમે કચ્છમાં આ વખતે એટલી બધી સરસ વ્યવસ્થા કરી. પણ આ વ્યવસ્થાની ખબર નહોતી અને શરત ચૂકથી, ભૂલથી નીકળી ગયા, તો અમે અમદાવાદમાં મારા જિલ્લામાં, એ વખતે તો ચૂંટણી ચાલતી હતી, ધ્યાન ઉપર આવ્યું પણ પરમિશન લઇને, સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં ચૂંટણી ચાલતી હતી છતાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રસ લઇ ઇલેક્શન કમિશનની પરવાનગી લઇને કચ્છના ઢોર માટે સુરેન્દ્રનગર અને અમદાવાદની અંદર ખાસ વ્યવસ્થા કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે નવી જાહેરાત કરવાની છે. સરકારી જમીન ઉપર થતા દબાણની જાણકારી ત્વરિત મેળવવા માટે બાયસેકની સહાયતાથી સેટેલાઇટ દ્વારા, અનઅધિકૃત દબાણ કરવામાં આવે તે સમયે વેબસાઇટ ડિસિઝન સપોર્ટ સિસ્ટમ દ્વારા એસ.એમ.એસ. જનરેટ થશે. કોઇને સમજવું હોય તો તમે આવજો, મારા વિભાગને હું કહીશ, પણ ત્યાં દબાણ થાય અને અહીંયાં આપણને ખબર પડે અને સરકારી જમીન પડતર હોય એમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિની વ્યક્તિઓ, તેઓની ખેતીની સહકારી મંડળીઓને અગ્રતાના ધોરણે આપવા માટેની વ્યવસ્થા કરી છે. એટલું જ નહીં પણ

નવસાધ્ય કરવા માટે પ્રતિ હેક્ટર રૂ.૩૦ હજાર વન ટાઇમ સહાય આપવાની પણ વ્યવસ્થા કરી છે. અતિ આધુનિક ટેક્નોલોજીવાળા ડી.જી.પી.એસ. વસાવવા માટે રૂ.૨૫ કરોડની જોગવાઇ આપી છે. છેલ્લે રાજ્યના ગ્રામીણ વિસ્તારોની મિલકતની માપણી આધુનિક પદ્ધતિથી ચોકસાઇપૂર્વક અને ઝડપી કરવા ગ્રામ્ય વિસ્તારની મિલ્કતોના પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવાની કામગીરી ચોકસાઇથી થાય એ ધ્યાને લઇને ડ્રોન વિમાનના ઉપયોગથી હક્ક ચોકસીની પ્રક્રિયામાં સુધારો, પૂરેપૂરો ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ મને એક જવાબદારી સોંપી છે કે તમારા પ્રવચન પછી કર્ણાટક સરકાર બહુમતી મેળવી શકી નથી. સરકારનું પતન થયું છે. (અંતરાય) મારી તમને બધાને વિનંતી છે કે કાપ દરખાસ્ત પાછી ખેંચીને આ વિભાગની માગણીઓ મંજૂર કરે.

કાપ દરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૨, ૬૩ અને ૬૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક– ૫૭, ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૭–૫૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૪મી જુલાઇ, ૨૦૧૯ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

શ્રાવણ ૨, ૧૯૪૧ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯**
**શ્રાવણ ૨, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

**પાટણ અને તાપી જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

* ૧૬૯૧૬ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ પાટણ અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ પાટણ અને તાપી જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| **જિલ્લો** | **ખેતમજૂરોની કુલ સંખ્યા (તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ)** |
|---|---|
| પાટણ | ૧૧૫૮૪૦ |
| તાપી | ૮૮૧૮૪ |
| **કુલ** | **૨૦૪૦૨૪** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેતમજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

**જવાબ**

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લાં બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| **જિલ્લો** | **તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૯** |
|---|---|
| પાટણ | ૭૬ |
| તાપી | ૦૭ |
| **કુલ** | **૮૩** |

**પ્રશ્ન**

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુંટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| **જિલ્લો** | **તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૯** | |
|---|---|---|
| | **લાભાર્થીની સંખ્યા** | **સહાયની રકમ** |
| પાટણ | ૨૭ | ૨૭,૦૦,૦૦૦/- |
| તાપી | ૦૩ | ૩,૦૦,૦૦૦/- |

**પ્રશ્ન**

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ નિકાલ કરવામાં આવશે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ ખેડૂતોની ચિંતા કરીએ છીએ. છેલ્લા ઘણાં સમયથી ખેડૂતોને, ખેત મજૂરના વારસદારને રાહત ચૂકવવામાં આવતી નથી તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખેત મજૂરનું અકસ્માતે મૃત્યુ થાય ત્યારે ખેત મજૂરોના વારસદારોને સહાય લાંબા સમય સુધી ચૂકવવામાં આવતી નથી તો આ સહાય ચૂકવવા માટે કોઇ સમય ફિક્સ કરવા માગો છે કે નહીં? બીજો પ્રશ્ન, ખેત મજૂરોને અકસ્માતે મૃત્યુ સહાય માત્ર એક લાખ રૂપિયા આપવામાં આવે છે. આ રકમ બહુ ઓછી છે તો એ રકમ વધારવા માગો છો કે નહીં?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજ્યની અંદર ખેત મજૂરોનું અકસ્માતે મૃત્યુ થયું હોય તો એ મૃત્યુના કારણો અરજી થયા પછી મેળવાના હોય છે. અકસ્માતે મૃત્યુ થયા પછી ૯૦ દિવસમાં વારસદારે અરજી કરવાની હોય છે.

અધ્યક્ષશ્રી : પ્રોસીજર નથી પૂછતા. એમણે એટલું જ પૂછ્યું છે કે, સહાય આપવામાં આવતી નથી.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : એમણે એવું પૂછ્યું છે કે, સહાય આપવામાં વિલંબ થાય છે.

અધ્યક્ષશ્રી : ના, એવું કીધું નથી. સહાય આપવામાં આવતી નથી તો કેટલા સમયમાં આપશો? એવું પૂછો છો ને? (અંતરાય)

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : સહાય આપવામાં સમય નક્કી કરવા માગો છો કે કેમ? (અંતરાય)

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વિલંબ એટલા માટે થાય. (અંતરાય) સહાય અમે આપવા માગીએ જ છીએ. અકસ્માતે મૃત્યુ થાય એટલે અમે સહાય આપીએ જ છીએ. (અંતરાય) ખેત મજૂરના ડોક્યુમેન્ટ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : સહાય આપવા માગીએ છીએ જવાબ આવી ગયો અને મૃત્યુના એક લાખ રૂપિયાથી વધારે વધારવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : એક લાખ રૂપિયા આપીએ છીએ. હાલ કોઇ વધારવાની વિચારણા નથી, માગતા નથી.

અધ્યક્ષશ્રી : સૂચન છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સુચારું સૂચન છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : સાહેબ, હું એવું પૂછવા માગું છું કે, સમય ચોક્કસ કરવા માગો છો કે નહીં? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કીરીટભાઇ આવી ગયું. મેં તમારાવતી આટલી કેર લીધી. માનનીય મોહનભાઇ,

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત સામૂહિક જૂથ વીમા યોજના હેઠળ અકસ્માતે મૃત્યુ, અપંગતાના કિસ્સામાં શું સહાય ચૂકવવામાં આવે છે? છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં મંજૂર થયેલ દાવાઓના મૃત્યુના મુખ્ય કારણો શું હતા? અને દાવાઓ નામંજૂર થવાના કારણો શાં હતા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સામૂહિક જૂથ જનતા વીમા યોજના અકસ્માતમાં મૃત્યુના કિસ્સામાં ૧૦૦% સહાય આપણે ચૂકવીએ છીએ અને કોઇ પણ વ્યક્તિના બે અંગ ગૂમાવાય એટલે એને મૃત્યુ સમાન ગણીએ છીએ. અકસ્માતે એક આંખ અને એક હાથ ગૂમાવવામાં આવે તો પણ આપણે એને એક લાખ રૂપિયા વળતર ચૂકવીએ છીએ. બે હાથ ગૂમાવવામાં આવે તો પણ આપણે એક લાખ રૂપિયા ચૂકવીએ છીએ અને બે પગ ગૂમાવવામાં આવે કે એક હાથ અને એક પગ ગૂમાવવામાં આવે તો પણ આપણે એક લાખ રૂપિયા એમને સહાય ચૂકવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજો પ્રશ્ન એ કર્યો કે, તાપી જિલ્લામાં બે વર્ષમાં મંજૂર થયેલા દાવાઓના કારણો પણ જાણવા માગ્યા છે. છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં મંજૂર થયેલા દાવાઓમાં બે વાહન અકસ્માતના કિસ્સાઓ હતા. એક સર્પ ડંશ એટલે કે સાપ કરડવાથી મૃત્યુંનો કિસ્સો હતો. આમ ત્રણ દાવાઓ તાપી જિલ્લાની અંદર મંજૂર થયેલા અને નામંજૂર થયેલા છે એના કારણોમાં બે મૃતકોના વારસદારોને એમને વારસાઇમાં જમીન મળતી હતી એટલે શ્રમયોગીની વ્યાખ્યામાં આવતા નથી એટલા માટે દાવા નામંજૂર કરવામાં આવેલ છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હમણાં સમગ્ર ગુજરાતમાં હૃદય રોગજન્ય, હાર્ટ એટેકના હુમલાનું પ્રમાણ ઘણુ વધારે છે ત્યારે હાર્ટ એટેક એ પણ શરીરનું એક્સિડન્ટ છે તો હાર્ટ એટેકનો આમાં સમાવેશ કરવા માગો છો કે કેમ? મારો બીજો સવાલ એ છે કે, આપણે ત્યાં ૫૦-૫૫ વર્ષની ઉંમરના હોય તેમની પાસે ડ્રાયવિંગ લાઇસન્સ હોતા નથી તો એમાં કાંઇ છૂટછાટ આપવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ અકસ્માત વિમા યોજના છે એટલે અકસ્માતથી જેનું મૃત્યુ થાય એને જ વળતર ચૂકવવામાં આવે છે. બીજો પ્રશ્ન ફરીવાર પૂછે તો હું કહું.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, ડ્રાઇવરનું લાયસન્સ ન હોય તો પણ આપણે એને ચૂકવી શકતા નથી.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી? જેમાં કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી અરજીઓ નામંજૂર થઇ? તેમજ પડતર રહેવા પામેલ છે તેના કારણો સહિત વિગતો આપવા વિનંતી છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પાટણમાં કુલ ૧૩ અરજીઓ મળી તે પૈકી ૪ અરજીઓ મંજૂર થઇ, ૨ અરજીઓ નામંજૂર થઇ અને કુલ ૭ અરજીઓ વિમા નિયામકમાં પડતર છે. એવી રીતે ચાણસ્મા તાલુકામાં ૧૩ અરજીઓ મળી તે પૈકી ૨ અરજીઓ મંજૂર થઇ, ૨ અરજીઓ નામંજૂર થઇ અને ૯ અરજીઓ પૂર્તતા થયા પછી વિમા નિયામકમાં પેન્ડીંગ છે. હારીજ તાલુકાની અંદર ૬ અરજીઓ મળી, ૨ નામંજૂર થઇ અને ૪ અરજીઓ વિમા નિયામકમાં નિર્ણય અર્થે પેન્ડીંગ છે. એવી જ રીતે રાધનપુરમાં પણ ૧૪ અરજીઓ મળી, ૭ અરજી મંજૂર થઇ, એક અરજી નામંજૂર થઇ, ૬ અરજી પૂર્તતા થઇને વિમા નિયામકમાં નિર્ણય અર્થે પડી છે. સમી તાલુકાની અંદર ૪ અરજીઓ આવી, ૩ અરજી મંજૂર થઇ, એક નામંજૂર થઇ, વિમા નિયામકમાં એક પણ અરજી આજની તારીખમાં પેન્ડીંગ નથી. એવી જ રીતે શંખેશ્વર તાલુકાની અંદર પણ ૪ અરજીઓ આવી, ૧ મંજૂર થઇ, ૧ નામંજૂર થઇ, ૨ અરજી વિમા નિયામકમાં પડતર પડી છે. સાંતલપુર તાલુકામાં ૩ અરજીઓ મળી, ૧ અરજી મંજૂર થઇ, ૨ અરજી નામંજૂર થઇ, એક પણ અરજી સાંતલપુરની પેન્ડીંગ નથી. સરસ્વતિ તાલુકામાં ૭ અરજીઓ આવી, બે મંજૂર થઇ, એક નામંજૂર થઇ અને ૪ વિમા નિયામકમાં નિર્ણય અર્થે પડેલી છે. એવી જ રીતે સિદ્ધપુર તાલુકાની અંદર ૧૨ અરજીઓ મળી, ૫ મંજૂર થઇ, ૧ નામંજૂર થઇ અને ૬ વિમા નિયામકમાં નિર્ણય અર્થે પડેલી છે. આમ પાટણ જિલ્લાની અંદર ૯ તાલુકામાં ૭૬ અરજીઓ મળી, ૨૭ મંજૂર થઇ, ૧૧ નામંજૂર થઇ અને ૩૮ અરજીઓ વિમા નિયામકમાં નિર્ણય અર્થે પડેલી છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ, દેત્રોજ ત્રણેય તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલી અકસ્માત મૃત્યુ સહાયની અરજીઓ આવી છે? કેટલા લોકોને સહાય ચૂકવવામાં આવી છે? અને તા. ૩૦-

૧૨–૨૦૧૭ ના રોજ આસોપાલવ ચોકડી, વિરમગામમાં પાંચ મૃત્યુ થયેલા અને તા.૮–૪–૨૦૧૯ના દિવસે ઠાકોર ભાવસંગભાઇ અને ઠાકોર ભીખીબેનના, માદલ ખાતે અવસાન થયેલા એને વળતર ચૂકવવામાં આવ્યું છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પાટણ અને તાપી જિલ્લાનો છે. જિલ્લો અલગ પડે છે એટલે બીજી નોટિસ આપશે તો એમના પ્રશ્નનો હું જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : નવા છે પણ મદદ કરજો.

**પશુપાલકોને પાવર ડ્રીવન ચાફકટર ખરીદી માટે નાણાકીય સહાય**

*૧૯૧૩૨ **શ્રી સુનિલભાઇ ગામીત** (નિઝર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના પશુપાલકોને પાવર ડ્રીવન ચાફકટર ખરીદવા માટે કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે, | (૧) ખરીદ કિંમતના ૭૫ ટકા અથવા રૂ. ૧૫૦૦૦/– બેમાંથી જે ઓછું હોય તે |
| (૨) ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને | (૨) યોજના અમલમાં આવ્યાના વર્ષ ૨૦૧૫–૧૬ થી |
| (૩) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો? | (૩) યોજના અમલમાં આવ્યાના વર્ષ ૨૦૧૫–૧૬ થી ઉક્ત દરોમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી. |

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વર્ષવાર કેટલી અરજી મળી, જેમાંથી કેટલી અરજી મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી? કેટલી અરજીઓ પડતર છે અને પડતર અરજીઓના લાભાર્થીઓને કયાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ પશુપાલકોના ઇલેકટ્રીક ચાફકટરના અનુસૂચિત જનજાતિના પશુપાલકોના એસેટ માટેનો પ્રશ્ન છે. એમાં કુલ અરજીઓ માત્ર ટ્રાયબલ જિલ્લા પુરતી જ હોય છે ૧૪ વત્તા પાંચ જિલ્લાની ૧૪૬૧ અરજીઓ આવી છે. ૧૨૬ અરજીઓ મંજૂર કરી છે. ૮૯ મંજૂર પશુપાલકોને ચાફકટર આવ્યા છે. બનાસકાંઠા જિલ્લાની ૪૬ અરજીઓ આવી છે એમાંથી ૧૦ મંજૂર કરી છે, ૬ ને ચાફકટર આપવામાં આવ્યું છે. એની રૂ.૯૦,૦૦૦ કિંમત છે. ભરૂચ જિલ્લામાં ૪૪ અરજી આવેલ છે અને ૫ મંજૂર કરી છે અને ૨ ને ચાફકટરની ખરીદી માટે ૩૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા છે. ડાંગ જિલ્લામાં ૪૭ અરજીઓ આવી અને ૬ મંજૂર કરી અને એમાં ૩ ને ચાફકટર ૪૫,૦૦૦ની કિંમતના આપવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લાની ૨૧ અરજીઓ આવી છે ૧૦ મંજૂર કરી અને ૭ ને રૂ.૧,૦૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. સાબરકાંઠામાં ૪૫ અરજીઓ ઓનલાઇન મળી છે. ૧૪ મંજૂર કરી અને ૭ ને રૂ.૧,૦૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. સુરત જિલ્લામાં ૩૪૮ અરજીઓ આવી છે. એમાંથી ૧૧ મંજૂર કરી અને ૧૦ ને રૂ.૧,૫૦,૦૦૦ની સહાય આપવામાં આવી છે. વડોદરા જિલ્લામાં ૧૧ અરજી આવી છે, એમાંથી ૩ મંજૂર કરી અને ૩ ને રૂ.૪૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. વલસાડ જિલ્લામાં ૧૩૪ અરજીઓ આવી છે. એમાંથી ૧૪ મંજૂર કરી અને ૭ ને રૂ.૧,૦૫,૦૦૦ ની સહાય આપવામાં આવી છે. દાહોદ જિલ્લામાં ૫૮ અરજીઓ આવી છે. એમાંથી ૬ મંજૂર કરી અને ૫ ને રૂ.૭૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. નર્મદા જિલ્લામાં ૫૪ અરજીઓ આવી છે. એમાંથી ૮ ની અરજી મંજૂર કરી અને ૫ ને રૂ.૭૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. નવસારીમાં ૧૦૦ અરજીઓ આવી એમાંથી ૧૪ મંજૂર કરી અને ૧૦ ને રૂ.૧,૫૦,૦૦૦ની સહાય આપવામાં આવી છે. તાપી જિલ્લામાં ૨૮૯ અરજીઓ આવી એમાંથી ૭ મંજૂર કરી અને ૨ ને રૂ.૩૦,૦૦૦ની સહાય આપવામાં આવી છે. છોટા ઉદેપુરમાં ૮૫ અરજીઓ આવી અને ૬ મંજૂર કરી અને ૨ ને ૩૦,૦૦૦ ની સહાય આપવામાં આવી છે. મહિસાગરમાં ૧૩૨ અરજીઓ આવી અને ૬ મંજૂર કરી અને ૩ ને રૂ.૪૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. અરવલ્લી જિલ્લાની ૪૭ અરજીઓ આવી એમાંથી ૬ મંજૂર કરી અને ૩ ને રૂ.૪૫,૦૦૦ની સહાય આપવામાં આવી છે. એમ કુલ મળીને ૧૪૬૧ અરજીઓ આવી અને ૧૨૬ મંજૂર કરી અને ૭૯ ને રૂ.૧૧,૮૫,૦૦૦ની સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જ્યારે ખેતીવાડી સાથે પશુપાલન માટે અગ્રેસર રહ્યું છે. ખાસ કરીને મહિલાઓ છે, ત્યારે પશુપાલન વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના પશુપાલકો માટે આ સિવાય બીજી સહાયકારી યોજના કોઇ છે? જો હોય તો એના ધોરણો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : સભ્યશ્રીએ પૂછ્યું અનુસૂચિત જાતિના પશુપાલકો માટેની યોજના તો એમાં ગાબણ પશુઓ માટે ખાણદાણ માટેની સહાય માટે ખરીદીના ૭૫ ટકા વધારેમાં વધારે ૩,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના પશુપાલકોને મિલ્ક મશીનની ખરીદી માટે ૭૫ ટકા સહાય ૩૩,૭૫૦ રૂપિયા જેવી સહાય આપવામાં આવે છે. એ જ રીતે દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધ ઘર બનાવવા માટે ૧૦ લાખની સહાયમાંથી ૫૦ ટકા સહાય એટલે કે ૫ લાખ સહાય આપવામાં આવે છે. આ જ વિસ્તારના દૂધ મંડળીના ગોડાઉન બનાવવા માટે ૧૦ લાખની સહાય આપવામાં આવે છે એમાંથી માત્ર ૫૦ ટકા ૫ લાખ સહાય આપીએ છીએ. દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે ઓટોમેટિક કલેક્શન સિસ્ટમ માટે ૧ લાખ રૂપિયા સુધીની સહાયમાં ૮૦ ટકા સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ વિસ્તારના ગ્રામ ઉત્પાદક સહકારી

મંડળીને બલ્ક મિલ્ક કૂલર માટે બીએમસી સહાય માટે એને ખરેખર કિંમતના ૮૦ ટકા આપવામાં આવે છે. રાજ્યની અનુસૂચિત જાતિના વિસ્તારની રાજ્યની ગ્રામ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે દૂધ ભેળસેળની ચકાસણી માટે મશીન એમએડીએમ એની કુલ ખરીદી કિંમતના ૭૫ ટકા વધારેમાં વધારે ૧,૨૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ જ રીતે અનુસૂચીત જાતિની મહિલા માટે ૧૦ બકરી અને ૧ બકરો એમ મળી કુલ ૪૫,૦૦૦ રૂપિયાની ૫૦ ટકા પ્રમાણે સહાય આપવામાં આવે છે. ૨૧ દૂધાળા પશુઓની ખરીદી માટે ૧ થી ૨૦ પશુઓ ખરીદી માટે બેન્કમાંથી લોન લે તો ૧૨ ટકા લેખે સહાય આપવામાં આવે છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે ડાંગ જિલ્લાની ૪૫ અરજીઓ આવી એમાંથી માત્ર ૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને સહાય ચૂકવવામાં આવી છે. બાકીની અરજીઓ મંજૂર થશે કે કેમ? નહિ થાય તો કારણો શાં છે? બીજું, આ અરજી ઓનલાઇનથી કરવામાં આવે છે. ડાંગ જિલ્લામાં પરિસ્થિતિ એવી છે કે ૫ કિ.મી. અંદર છે, ત્યાં આગળ કનેક્ટિવિટી નથી. કનેક્ટિવિટી ન હોવાના કારણે ઓનલાઇન અરજી કરી શકતા નથી. ડાંગમાં મોટા ભાગના પશુપાલકો અભણ અને અજ્ઞાન હોવાના કારણે..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન સીધો છે કે લેખિત અરજી સ્વીકારવા માગો છો કે કેમ?

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : લેખિત અરજી સ્વીકારવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ :માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લાની ૪૭ અરજી આવી હતી તેમાંથી આપણે ૬ મંજૂર કરી છે અને ૩ લાભાર્થીને સહાય આપવામાં આવી છે. આ વર્ષનો અમારો કુલ લક્ષ્યાંક ૧૦૦નો હતો. તે પૈકી ૧૨૬ મંજૂર કરી છે.૭૯ લાભાર્થીને સહાય આપી છે.

અધ્યક્ષશ્રી : આ મંજૂર નામંજૂરની વાત જ નથી. એવું પૂછે છે કે, લેખીત અરજી સ્વીકારવા માગો છો કે કેમ? સ્વીકારવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, અંતરિયાળ વિસ્તાર હશે તો લેખીત અરજીઓ સ્વીકારવામાં આવશે.

અધ્યક્ષશ્રી : સરસ વેરી ગુડ

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, આ યોજનાનો વ્યાપ વધારવાનું એક કારણ એ છે કે, અમૂલ સંઘ સાથે કુલ ૧૮ સંઘ જોડાયેલા છે. લગભગ ૩૫ લાખ સભાસદો છે અને તેમાંથી એક્ટિવ ૩૦ લાખ સભાસદો છે. તેમાંથી એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચના ૧૦ લાખ સભાસદો છે. તેની સંઘો પાસે યાદી છે તો તે યાદી સંઘોમાંથી મંગાવી સીધી સહાય ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, જેવી રીતે અરજી સ્વીકારવાની વાત આપે સ્વીકારી તો આની જાહેરાતમાં પણ આ મુશ્કેલી પડે છે. આપની જાહેરાત આવે છે તો તે ઓનલાઇન મોબાઇલ પર આવે છે. મારી વિનંતી છે કે, આદિવાસી વિસ્તાર છે તેમાં ક્યારે જાહેરાત આવે તેની ખબર પડતી નથી. તો આવી જાહેરાત પેપરમાં આવે તો ખેડૂતોને ખબર પડે. તો આવી કોઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અનુસૂચિત જાતિ અને આદિવાસીઓ માટેની યોજના છે. આ પંદર જિલ્લા પૂરતી યોજના છે. જેમાં ઉંડાણના વિસ્તારમાં ઓનલાઇન જાહેરાતમાં ખબર નહીં પડતી હોય તો આગામી દિવસોમાં તેની જાહેરાતની બહોળી પ્રસિદ્ધિ થાય તેનો સમાજને વધારેમાં વધારે લાભ મળે તેવા પ્રયાસો રાજય સરકાર કરશે.

**પોરબંદર જિલ્લામાં વારસાઇ હક્ક માટેની અરજીઓ**

*૧૮૧૪૨ **શ્રી અરવિંદ રાણા** (સુરત-પૂર્વ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ** |
|---|---|
| પોરબંદર | ૨૨૧૩ |
| રાણાવાવ | ૫૪૧ |
| કુતિયાણા | ૯૧૯ |
| **કુલ** | **૩૬૭૩** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૩૬૭૩ |
| મંજૂર નોંધો | ૩૦૮૧ |
| નામંજૂર નોંધો | ૯૮ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. સોગંદનામા તથા વારસાઈ આંબામાં વારસદારોની વિગત સુસંગત ના હોય, વારસદારો ડુબમાં રહેલ હોવાના

કારણોસર.

૨. મરણ પ્રમાણપત્રમાં આવેલ નામ સાથે સુસંગત ના હોવાના કારણોસર.

૩. કોર્ટમેટર ચાલતી હોય, ના.કોર્ટનો અન્ય આદેશ ના થાય ત્યાં સુધી રેકર્ડમાં ફેરફાર ન કરવા આદેશ થયેલ હોવાના કારણોસર.

૪. સાધનીક કાગળોની અપુર્તતા તેમજ અરજીઓમાં રજૂ સાધનિક કાગળોમાં વિસંગતતા હોવાના કારણોસર.

૫. હાલના ૭/૧૨ માં સંયુક્ત ખાતેદાર આવેલ હોય, જે પૈકી અન્ય ખાતેદારને નોટીસ બજેલ ન હોવાના કારણોસર.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર જિલ્લામાં વારસાઇ હક્ક માટેની અરજીઓના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે તો આપના મારફત જાણવું છે કે, માતા પિતાની હયાતીમાં અથવા હયાતી બાદ ખેતીની જમીનની વહેંચણીના બિનઅવેજ કૌટુંબિક વહેંચણીના સંજોગોમાં રજીસ્ટર દસ્તાવેજ કરવો જરૂરી છે કે કેમ**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માતા પિતાની હાજરી હોય ત્યાં સુધી તો ઠીક છે પણ જયારે માતા પિતાની ગેરહાજરી હોય છે તેવા સંજોગોમાં આ આખી પ્રક્રિયા ખૂબ મુશ્કેલી બની જતી હોય છે. સલાહકાર હોતા નથી એટલે કેટલીકવાર આ પ્રક્રિયા ખૂબ લંબાણમાં પડી જાય છે અને તેના લીધે વારસદારો ખૂબ મુશ્કેલીમાં મૂકાઇ જતા હોય છે. તેના અનુસંધાનમાં રાજયમાં કૌટુંબિક સંબંધમાં કરવામાં આવતી ખેતીની જમીનની સીધી લીટીના વારસદારો વચ્ચે તબદિલીના વ્યવહારોમાં નામ દાખલ કરવાની, નામ રદ કરવાની, કૌટુંબિક વહેંચણી, વારસાઇની પ્રક્રિયા અને પ્રજાને પડતી મુશ્કેલી દૂર કરવા માટે તા.૧૪-૩-૨૦૧૬ના પરિપત્રથી સૂચનાઓ બહાર પાડેલી છે. જે અન્વયે માતા પિતાની હયાતીમાં અથવા હયાતી બાદ ખેતીની જમીનની વહેંચણીના બિનઅવેજ સીધી લીટીના કૌટુંબિક વહેંચણીના સંજોગોમાં રજીસ્ટર દસ્તાવેજ કરવો જરૂરી નથી. રૂપિયા ૧૦૦ની સ્ટેમ્પ ડ્યુટી  ભરપાઇ થયેથી આવી વહેંચણી હક્ક કરવાનો કે નામ દાખલ કરવાનો લેખ કરી શકાય છે.

શ્રી બ્રિજેશ   મેરજા : મારો પ્રશ્ન સાર્વત્રિક છે. સામાન્ય રીતે ઇ.ધરામાં વારસાઇ એન્ટ્રીઓ પાડવામાં ભારે મોટો વિલંબ થાય છે. તેના કારણે સમયસર એન્ટ્રી પડતી નથી. એક યા બીજા કારણોસર ખોરંભે ચડાવવામાં આવે છે. તો એટલીસ્ટ એવું ચેકલીસ્ટ આપો કે જેથી સમયસર માહિતી રજૂ કરે તો એન્ટ્રી પડી જાય. તેવું કંઇ કરવા માગો છો કે કેમ**?**

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાને વધારેમાં વધારે સુવિધા કેમ આપી શકાય તેવા તમામ પ્રયત્નો અત્યારે સરકારે કર્યા છે અને માનનીય બ્રિજેશભાઇનું સૂચન એ દિશામાં છે જો અમારી પાસે એવી રજૂઆત આવશે તો ચોક્કસ એ દિશામાં વિચાર કરીશું અને પ્રજામાં સુવિધા કેમ વધે તેવા અમારા પ્રયત્નો રહેશે.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું  છું કે, ધારો કે મારું વતન વડગામ તાલુકામાં છે હું ત્યાં મૂળ ખેડૂત છું અને અમદાવાદ શહેરમાં વસવાટ કરવાથી અમદાવાદ શહેરમાં આવ્યો. મેં અમદાવાદ શહેરમાં જમીન લીધી અને મારી વડગામ તાલુકાની જમીન મેં વેચી નાંખી છે અને ત્યારબાદ અમદાવાદની જમીન પર મારા દીકરાની વારસાઇ કરાવવા જાવ ત્યારે મારી જોડે હું મૂળ ખેડૂત ક્યાંથી બન્યો એ નોંધ માંગવામાં આવે છે હવે મેં મારા વતનની જમીન તો વેંચી નાંખી છે તો આમાં ફેરફાર કરવા માગો છો કે કેમ? કારણ કે મૂળ જમીન તો મેં વેચી નાંખી છે અને અમદાવાદમાં મારી જમીનમાં મારા દીકરાને વારસાઇ કરવી છે તો આ પ્રશ્ન ખૂબ મોટી સંખ્યામાં છે અને બધી જ જગ્યાએ બધાને નડે છે તો આમાં કાંઇ ફેરફાર કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો જે મૂળ જગ્યાએ એમનું વતન હોય ત્યાંથી આ આખો વ્યવહાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : મને પણ આ તકલીફ પડેલી એટલે આ પ્રશ્ન બરાબર છે. મને પોતાને તકલીફ પડી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે જોગવાઇ છે એ મેં આપને કહી હવે વધારે પ્રમાણમાં આ પ્રકારની ફરિયાદો આવે તો ચોક્કસ અમે વિચાર કરીશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું  છું કે, આ વારસાઇની નોંધો છે એમાં નામંજૂર થયેલી ૯૮ નોંધો છે એમાં પહેલું કારણ તમે દર્શાવ્યું છે કે સોગંદનામા તથા વારસાઇ આંબામાં વારસદારોની વિગત સુસંગત ન હોઇ, વારસદારો ડુબમાં રહેલ હોવાના કારણોસર. તો આ ડુબ અને આંબા શું છે? અને બીજો પ્રશ્ન છે કે આ સીધી લીટીના વારસદારો હોય એના મા બાપ એ કદાચ ગુજરી ગયા હોય એવા સંજોગોમાં આ વારસાઇની નોંધ પડતી હોય છે. આપ એવું કરવા માગો છો કે તલાટીનું જે સોગંદનામું હોય, તલાટીએ જે પેઢીનામું કર્યું હોય એ પછી લગભગ બીજુ કાંઇ આવતું

હોતું નથી અને કોઇ કાગળ અધૂરા હોય ત્યાં સુધી વારસાઇની એન્ટ્રી પાડી નહીં, બધા જ કાગળો સાથે લઇ અને કોઇ કાગળ ખૂટતો ના હોય એ પછી જ તમે વારસાઇની એન્ટ્રી પાડો એવું સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સીધી લીટીના વારસ હોય કે ન હોય તો પણ રીલાયેબલ સોર્સીસ અથવા તો આધાર દસ્તાવેજનો એ તલાટીએ કરેલું પેઢીનામું જ છે અને એના આધારે જ અમે આખી પ્રક્રીયા હાથ ધરીએ છીએ અને આગળની કાર્યવાહી કરીએ છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આંબા એટલે શું? આમાં છે કે, વારસાઇ આંબામાં વારસદારોની વિગત સુસંગત ન હોઇ, વારસદારો ડુબમાં રહેલ હોવાના કારણોસર. તો આ આંબા એટલે શું અને, ડુબ એટલે શું? એ શબ્દો જાણવા છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આંબાની આ એક કલ્પના છે. પણ આખી જે વારસદારની વારસાઇની નામાવલી હોય છે એમાં વારસાઇમાં જે જે નામ હોય છે એને આંબા કહીએ છીએ અને જે નામ ન હોય એ ડુબ કહેવાય છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દીકરીઓની વારસાઇ માટે સરકારે શું વ્યવસ્થા કરી છે? આ પ્રશ્ન હું એટલા માટે પૂછું છું કે, અમારા વિસ્તારમાં એક બાપીકી જે મિલકત હતી એ બાપે એના દીકરાના નામના દસ્તાવેજ કરી નાંખ્યા અને દીકરીને એમાં વારસાઇથી બાકાત કરી દીધી એટલા માટે પૂછું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એ પ્રશ્ન ખૂબ અગત્યનો છે. દીકરીઓના વારસાઇમાં જે હક હોય એ તમામ નોંધોને નોંધવામાં આવે છે તેમજ તેમાંથી જો દીકરીઓનો હક ઉઠાવવા જાય ત્યારે અગાઉ માત્ર દીકરીઓના જવાબ ઉપરથી જ એનો હક્ક કમી કરવામાં આવતો હતો. હવે એ જવાબ દબાણમાં આપ્યો છે, ધાક–ધમકીથી આપ્યો છે, કોઇ લોભ–લાલચથી આપ્યો છે એવું ભૂતકાળમાં ધ્યાને આવ્યું. હવે ગુજરાત સ્ટેમ્પ એકટ ૧૫/૨૦૦૩, તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૧૩નો સુધારો કર્યો છે અને દીકરીઓનો હક્ક ઉઠાવવાનો હોય ત્યારે ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ ઉપર રજીસ્ટ્રેશન કચેરીમાં રીલીફ ડીડ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. જેથી કોઇ ખોટી રીતે, દબાણથી છેતરપીંડીથી અથવા તો કોઇ પણ પ્રકારના દબાણથી દીકરીઓનો હક્ક જતો ન રહે એટલા માટે આ જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, જે રીતે બે વર્ષમાં ૩૬૭૩ અરજીઓ આવી, પાડેલ નોંધો પણ ૩૬૭૩ છે, મંજૂર નોંધો ૩૦૮૧ છે અને નામંજૂર નોંધો ૯૮ છે એટલે કે, ૩૧૭૯ મંજૂર અને નામંજૂર નોંધાયેલ છે. પડેલ નોંધો સામે તો આમાં ૪૯૪ જે અરજીઓ આવેલી છે એનો કોઇ ઉલ્લેખ નથી. તો એ ૪૯૪ અરજીઓ ક્યા પ્રકારની છે? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તા.૩૧–૩–૨૦૧૯ના રોજ બાકી કાચી નોંધ છે તે ૪૯૪ છે. પોરબંદરની ૨૮૭, રાણાવાવની ૭૬ અને કુતિયાણાની ૧૩૧ મળીને કુલ ૪૯૪ કાચી નોંધ છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ઘટના સાથે કહ્યું કે, મને મારા પિતાજીની મિલકત મળેલી છે. હું મારા દીકરાને વારસાઇ નહીં પણ દસ્તાવેજ કરીને આપું છું. હવે દસ્તાવેજ થયો એટલે તે જમીન મારા દીકરાના નામે થઇ ગઇ. એટલે દીકરીઓ તેમાંથી હકક વિહોણી થઇ જાય છે તો તેના માટે સરકાર શું કરવા માગે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આવા કિસ્સાની અંદર ખાસ કિસ્સામાં અમે પોઝીટીવલી વિચાર કરીશું.

**સુરેન્દ્રનગર અને નવસારી જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો**

*૧૬૯૪૭ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલા ખેતમજૂરોના અકસ્માતે મૃત્યુ નીપજ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને નવસારી જિલ્લામાં નીચે મુજબ ખેતમજૂરો નોંધાયેલા છે.

| જિલ્લો | ખેતમજૂરોની કુલ સંખ્યા (તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ) |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧૧૧૯૦ |
| નવસારી | ૭૧૦૬૮ |
| **કુલ** | **૧૮૨૨૫૮** |

(૨) નોંધાયેલ ખેતમજૂરો પૈકી છેલ્લાં બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ ખેતમજૂરોની સંખ્યા

| જિલ્લો | તા.૦૧–૦૬–૧૭ થી તા.૩૧–૦૫–૧૯ |
|---|---|
| સુરેન્દ્રનગર | ૭૭ |

| નવસારી | ૭૫ |
|---|---|
| **કુલ** | **૧૫૨** |

(૩) તે પૈકી કેટલા ખેતમજૂરોના વારસદારોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) નીચે મુજબ ખેતમજૂરોના વારસદાર/કુટુંબોને સહાય ચૂકવવામાં આવી.

| જિલ્લો | તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૯ | |
|---|---|---|
| | **લાભાર્થીની સંખ્યા** | **સહાયની રકમ** |
| સુરેન્દ્રનગર | ૨૮ | ૨૮,૦૦,૦૦૦/- |
| નવસારી | ૦૨ | ૨,૦૦,૦૦૦/- |

(૪) બાકીની સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ વહીવટી કાર્યવાહીની પૂર્તતા થયા બાદ નિકાલ કરવામાં આવશે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેત મજૂરોના મૃત્યુના કિસ્સાની અંદર કલેઇમ કરવાની સમય મર્યાદા પાંચ માસની છે. એટલે આ ખેતમજૂરો છે તે અશિક્ષિત અને કાયદાના જાણકાર હોતા નથી. તેમાં પી.એમ.રિપોર્ટ, પોલીસ તપાસ અને વિશેરાની તપાસ આવે આ બધામાં ખૂબ સમય જાય છે. તેના કારણે પાંચ મહિનાની અંદર કલેઇમ દાખલ કરી શકતા નથી તો આવા કલેઇમ નામંજૂર થતા હોય છે. તો માનનીય મંત્રીશ્રી આ સમય મર્યાદા પાંચ મહિનાથી વધારીને એક વર્ષની કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન એ છે કે, સુરેન્દ્રનગર જિલ્લાની અંદર શ્રમ આયુકત છે તેની પાસે ચાર જિલ્લાઓનો ચાર્જ છે એટલે તે કયાંય ન્યાય આપી શકતા નથી તેના કારણે કિસ્સાઓમાં વધારો થાય છે અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, ૨૦ ટકા કિસ્સા મંજૂર કરવામાં આવ્યા છે અને ૮૦ ટકા કિસ્સા પેન્ડીંગ છે તો તે પેન્ડીંગ રહેવાના કારણો શું છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિક મૃત્યુ અકસ્માતમાં ૯૦ દિવસમાં અરજી કરવાનું નક્કી કરેલ છે. તે કેવા પ્રકારના અકસ્માતથી મૃત્યુ પામ્યો છે તે તમામ દસ્તાવેજો સાથે તેમણે અરજી કરવાની હોય છે. તે અરજી કર્યા પછી તેને કેવા પ્રકારનો અકસ્માત થયો છે, કોઇ એવો કિસ્સો હોય કે જેમાં વિગત મેળવવામાં વાર લાગતી હોય છે, પૂરી વિગતો મેળવવા માટે...

અધ્યક્ષશ્રી : તમે શોર્ટમાં પ્રશ્ન પૂછો તો ખ્યાલ આવે. તમે પ્રશ્ન જ લાંબો પૂછો છો. શોર્ટમાં ફરી પ્રશ્ન પૂછો. માનનીય મંત્રીશ્રી ફરી પૂછે છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું તેમને જવાબ કહી દઉં.

અધ્યક્ષશ્રી : ફરી પૂછવા દો ને? ફરી પૂછવા દો.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જે કલેઇમ કરવાની મુદત છે તે ૯૦ દિવસ છે તેમાં કરી શકતા નથી. તો તેમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૯૦ દિવસની સમય મર્યાદા હાલ પૂરતી છે. તેમનું સૂચન સારું છે વિચારણામાં લઇશું.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજા પ્રશ્નનો જવાબ રહી ગયો. એક જ પ્રશ્નનો જવાબ આવી ગયો.

અધ્યક્ષશ્રી : સારુ, બીજો એક પ્રશ્ન પૂછી લો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એવો હતો કે શ્રમ આયુકત પાસે ચાર જિલ્લાનો ચાર્જ છે તેમાં સમયસર નિમણૂક કરવા માગો છો કે કેમ? ફકત ૮૦ ટકા કલેઇમ મંજૂર કરવાના બાકી છે તો તેના કારણો જણાવવા કૃપા કરશે.

અધ્યક્ષશ્રી : બીજા પ્રશ્નનો જવાબ આપી દો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૮૦ ટકા કલેઇમ ચૂકવવાના બાકી છે તો તેમાં વિવિધ પ્રકારની માહિતી મેળવવાની બાકી હોય છે. એફ.એસ.એલ.નો રિપોર્ટ મેળવવાનો હોય, અકસ્માતે મૃત્યુ પામ્યો હોય તો તેનું લાઇસન્સ છે કે કેમ? માહિતી આવતી હોય ત્યાં સુધી રાહ જોઇએ છીએ. કોઇપણ માહિતી ના પૂરી થાય પછી જ નામંજૂર કરવામાં આવે છે. ત્યાં સુધી ઉદાર મનથી રાહ જોવામાં આવે છે. ખાલી જગ્યાની વાત કરી બીજા કર્મચારી ઉપલબ્ધ થશે તો તે જગ્યા પૂરીશું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા દાવાઓ મંજૂર થયા અને મૃત્યુના કારણો શું હતા?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સુરેન્દ્રનગર અને નવસારીનો પ્રશ્ન હતો મારી પાસે જે માહિતી છે નવસારીની તો તેની અંદર..

અધ્યક્ષશ્રી : કેટલા દાવાઓ આવ્યા ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૭૫ દાવાઓ આવ્યા અને..

અધ્યક્ષશ્રી : કેટલા ચૂકવ્યાં ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બે મંજૂર થયા, ૧૦ નામંજૂર થયા અને ૬૩ દાવાઓની વીમા નિયામકમાં પૂર્તતા થઇ અને ત્યાં પહોંચી ગયેલા છે એટલે જેમ બને તેમ જલ્દી વીમા નિયામક મંજૂરી માટે આગળ વધશે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નવસારી જિલ્લામાં ૭૫ અકસ્માતે મૃત્યુ પામ્યાંના દાવાઓ થયા અને માત્ર બે જ મંજૂર થયા તો નામંજૂર થવાના તો એવા કયા કારણો છે કે આટલા બધા ખેતમજૂરોના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા નથી ? બીજું, કે આ કયા ક્રાઇટેરિયા હેઠળ એવું નક્કી કરવામાં આવે કે આ ખેતમજૂર તરીકેની નોંધણી કરવામાં આવે એ પણ જરા જણાવવા વિનંતી.

અધ્યક્ષશ્રી : જે કારણો મંજૂર કરવાના હોય અને એ કારણો ના હોય એટલે નામંજૂર થાય આટલું જ છે એવું જ કહેશોને તમે ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ મારા પહેલા નંબરના પ્રશ્નમાં કહ્યું કે જે નામંજૂર દાવાઓ થાય છે તેની અંદર કયાંક દાવેદાર ખેડૂત સીધા વારસાઇમાં ખેડૂત ખાતેદાર પણ બનતો હોય તો પણ નામંજૂર થાય, ડ્રાયવીંગ કરતા અકસ્માત થયો હોય અને તેની પાસે લાયસન્સ ના હોય તો પણ આ નામંજૂર થાય છે આવા વિવિધ પ્રકારના કારણો અને કયાંક ડૂબી જવાનો કેસ બન્યો હોય જો ડૂબી જવાનો કેસ બન્યો હોય તો એ નહાવા પડે અને ડૂબી જાય તો એ પોતાની ગફલત ગણાય તેના કારણે પણ નામંજૂર થાય અને જો તે તણાઇ જાય વરસાદનું વધારે પાણી આવે અને તણાઇ જાય તો એવા દાવાઓને મંજૂર પણ કરવામાં આવતા હોય છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતમજૂરો માટે બહુ મહત્વનો પ્રશ્ન છે ત્યારે આ ખેતમજૂરનું મરણ થાય તો કયા કયા તેના વારસદારો આપણે નક્કી કરીએ છીએ અને આ અગત્યનો એટલા માટે છે કે આ લેન્ધી પ્રોસેસ છે. આ જે ખેતમજૂરો છે તે લોકોની માનસિકતા એવી પણ છે કે કયારેક મરી જાય ત્યારે પી.એમ.પણ કરાવી શકતાં નથી. પી.એમ કરાવવા માટે પણ ડરતા હોય છે કે પી.એમ. નહીં કરાવવું જોઇએ તો આમાં થોડી સરળતા થાય અને જયારે ખેતમજૂર, એક ઘરનો મોભી જતો રહે ત્યારે ખેતમજૂર માટે બહુ મોટી મુશ્કેલી આવતી પડતી હોય છે તો આમાં સરળતા પડે.

અધ્યક્ષશ્રી : પી.એમ. કર્યા વગર આપવા માગો છો ?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અને કયા વારસદારોને આપવામાં આવે ?

અધ્યક્ષશ્રી : પહેલાં તો પી.એમ. કર્યા વગર અપાય કે કેમ ? એ શકય જ નથી.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જયારે અકસ્માત શબ્દ લાગે એટલે પી.એમ. કરાવવું ફરજીયાત છે. અને તે સિવાય વીમા નિયામકમાં કોઇ પણ દાવાઓ મંજૂર ના થાય. બીજી તેના વારસદારોની..

અધ્યક્ષશ્રી : પી.એમ. જ ના કરાવે તો પછી તેમાં વારસદારો જ કયાં આવે ?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ કિસ્સાઓની અંદર અકસ્માતે મૃત્યુ પામ્યા પછી પી.એમ.રિપોર્ટ મેળવવા માટેનો જે પ્રશ્ન છે એમાં વધારેમાં વધારે સમય જાય છે. ત્યારે રાજય સરકાર અકસ્માત થઇ ગયા પછી મૃત્યુ પામ્યા પછી પી.એમ. રિપોર્ટમાં કોઇ સમય–મર્યાદા કે લિમિટ બાંધવામાં આવે અને તે સમય–મર્યાદામાં મળી જાય તેવી કોઇ વ્યવસ્થા ગૃહ વિભાગ સાથે સંકલન કરીને કરવા માગીએ છીએ કે કેમ? અને બીજો મુદ્દો કે સુરેન્દ્રનગરમાં ૪૬ પડતર અરજીઓ છે અને નવસારીમાં ૭૩ અરજીઓ છે આ અરજીઓમાં એક વર્ષ કરતા વધારે કેટલી અરજીઓ છે, દોઢ વર્ષ કરતા કેટલી અરજીઓ છે અને બે વર્ષ કરતા પણ કેટલી વધારાની અરજીઓ છે ?

અધ્યક્ષશ્રી : એક વર્ષ પહેલાંની તેમાં બધુ ના આવી જાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, લાંબા સમયથી સતત ચાલે છે એક વસ્તુ બાકી હોય વીમા નિયામક પાસે આવે. એક કવેરી કાઢે પાછી જિલ્લા કક્ષાએ જાય, જિલ્લા કક્ષાએથી તાલુકા કક્ષાએ જાય એટલે બીજા ત્રણ મહિના જાય.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે તેમાં પી.એમ. રિપોર્ટ મેળવવો ફરજીયાત છે. પી.એમ. રિપોર્ટ આપણને જલ્દી મળતો હોય છે. પરંતુ કેટલાંક કિસ્સાઓની અંદર એવા મૃત્યુ અકસ્માત હોય છે કે તેને એફ.એસ.એલ.ના રિપોર્ટ પણ મેળવવાના થાય છે. અને જયારે એફ.એસ.એલ.માંથી રિપોર્ટ મેળવવાનો થાય ત્યારે સમય લાગતો હોય છે અને કેટલાંક કોમ્પ્લીકેટેડ કેસ એવા બનતાં હોય છે કે પ્રાંત અધિકારી કક્ષાએ પણ એ કેસની સુનાવણી કરીને તેની પૂર્તતા થાય ત્યાં સુધી વીમા નિયામકને તેની રાહ જોવી પડતી હોય છે એટલે જેમ બને તેમ જલ્દી બને તેના માટેના પ્રયત્નો બધી જ રીતે કરવામાં આવતા હોય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષ પહેલાં કેટલી અરજીઓ આવી હતી? દોઢ વર્ષ પહેલાં કેટલી અરજીઓ આવી હતી? અને બે વર્ષ પહેલાં કેટલી અરજીઓ આવી હતી.

અધ્યક્ષશ્રી : એક વર્ષનું કહી દો એટલે બધું આવી જાય.

## તારાંકિત પ્રશ્નો

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : છેલ્લા બે વર્ષમાં ઘણી બધી અરજીઓ આવેલ છે. અરજીઓનું લિસ્ટ બહુ લાંબુ છે. જો એમને જોઇતું હોય તો હું લિસ્ટ એમને પણ મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : ના, આવી ગયું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ટેબલ પર મૂકી દેજો.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર ના મૂકતા ટેબલ ઉપર ભારણ ન કરતાં. એમને બતાવી દેજો. (શ્રી પુંજાભાઇ માહિતી માગતા) મળશે, મળશે આપને મળશે. હું આપું છું ને. માનનીય પુંજાભાઇ સમય બગડે છે. પ્રશ્નકાળનો સમય બહુ અગત્યનો છે. પ્લીઝ બેસી જાવ. તમારા પ્રશ્નનો જવાબ તમને મળી જશે. શ્રી શૈલેષભાઇ મેં એમને જવાબ આપવાનું કીધું. પ્લીઝ, મને પ્રશ્ન સાંભળવા દો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે ખેતમજૂર અને ખેડૂતમાં ફરક શું? બંનેના સહાયના ધોરણો શું અને ખેતમજૂરની નોંધણી માટેની આખી પ્રક્રિયા શું છે?

અધ્યક્ષશ્રી : આખી પ્રક્રિયા લેખિતમાં આપજો. બાકી કહો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેતમજૂર એને કહેવાય જેના ખાતે જમીન ન હોય અને ખેડૂત એને કહેવાય જેના ખાતે જમીન હોય છે. ખેડૂતની નોંધણી કૃષિ વિભાગમાં થતી હોય છે અને ખેત–મજૂરની નોંધણી તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ મારા વિભાગ મારફત કરવામાં આવતી હોય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી માત્ર એટલું જાણવું છે કે ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત સામાજિક, આર્થિક સર્વેક્ષણ મુજબ ૬૮ લાખ ખેતમજૂર નોંધાયેલા છે.

અધ્યક્ષશ્રી : શ્રી રીબડિયાજી થાકી જશો અને તોય હું ટર્ન નહિ જ આપું. હાથ તો નીચે રાખો.

શ્રી પરેશ ધાનાણી : આ ખેડૂત અકસ્માત વીમા યોજનામાં જે સહાયની રકમ છે એ રાજ્ય સરકાર સીધી રીતે ચૂકવે છે કે રાજ્ય સરકારે નોંધાયેલ ખેતમજૂરો માટે કોઇ વીમા કંપની સાથે કરાર કર્યો છે? જો રાજ્ય સરકારે કોઇ વીમા કંપની સાથે કરાર કર્યો હોય તો આપણે માથાદીઠ કેટલું પ્રિમિયમ ચૂકવીએ છીએ? રાજ્યમાં વાર્ષિક કેટલું પ્રિમિયમ ચૂકવીએ છીએ અને સામે વીમા કંપની દ્વારા ખેતમજૂરોને કેટલું વળતર ચૂકવવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ખાનગી કંપનીને આપણે પ્રિમિયમ આપતા નથી. આપણી પાસે સ્થળ ઉપર જે ખેતમજૂરો નોંધાયેલ છે એના ૯ કરોડ રૂપિયા સરકારમાંથી આપણે જ વીમા કંપનીને ચૂકવીએ છીએ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડૂતો અને ખેતમજૂર રાત્રે વાડીએ ખૂબ જ ઠંડીમાં ખેતી કરતો હોય અને એના કારણે મૃત્યુ થાય તો એને આ યોજનામાં લેવા માગે છે કે કેમ? અને ૪૫ ડિગ્રીના ધોમધખતા તાપમાં ખેતમજૂર ખેતી કરતો હોય અને લૂ લાગવાથી મૃત્યુ થાય તો એને આ યોજનામાં લેવા માગો છો કે કેમ? ખેતમજૂર આવા કિસ્સામાં જ વધારે મૃત્યુ પામતા હોય છે. તો આવી જોગવાઇ છે કે કેમ અને આગામી દિવસોમાં આ જોગવાઇ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ પણ હાર્ટએટેક જેવું જ છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેતમજૂર અકસ્માત વીમા યોજનામાં એના નિયમો પ્રમાણે અકસ્માત શબ્દ આવે છે એટલે અકસ્માતથી મૃત્યુ થાય એને જ સહાય ચૂકવવામાં આવે છે. બાકી એમનું સૂચન છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના હેઠળ લાભ લેવા માટે અરજદારે કેટલા સમયમાં અરજી કરવાની હોય છે અને ક્યા ક્યા પુરાવાઓ મૂકવાના હોય છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેતમજૂર અકસ્માત વીમા યોજનામાં અકસ્માત થયેથી ૯૦ દિવસની અંદર અરજી કરવાની હોય છે. આ અરજી સાથે ઉંમરનો પુરાવો, અકસ્માતનું કારણ, વાહન ચલાવતા હોય તો પ્રમાણિત ડ્રાઈવિંગ લાયસન્સ પણ આપવાનું હોય છે. મૃત્યુનું સર્ટિફિકેટ પણ આપવાનું હોય છે. આવા પુરાવાઓ એમને રજૂ કરવાના હોય છે.

### પાટણ જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસો

* ૧૮૦૮૦ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૨૫૦–કેસો |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે? | (૨) ૯૨–કેસો |

## તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯
## તારાંકિત પ્રશ્નો

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગણોતની ખરીદ કિંમત કોણ નક્કી કરે છે એના ધારા ધોરણ શું છે કે ગણોત ગુજરી જાય તો એની વારસાઇ દાખલ થઇ શકે છે કે કેમ, એના ધારા ધોરણ શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કૃષિ પંચ, મામલતદાર ગણોતની રકમ એટલે કે ખરીદ કિંમત નક્કી કરે છે. જે રકમ જમીન માલિકને ગણોતીયા દ્વારા ચૂકવવામાં આવે છે. જે ગણોતીયો જમીન માલિક બને છે. એ કાયમી ગણોતીયો છે એક સામાન્ય ગણોતીયા છે. કાયમી ગણોતીયાની જમીન જાતે ખેતી કરતો હોય તો જમીનની ગણતોથી છ ગણી રકમ જેટલી વસૂલવાની રહે છે, આ એનું ધોરણ છે. અથવા ખેડૂતને અથવા મુલતવી રાખેલી તારીખે કાયદેસર લેણી નીકળતી ગણોતની બાકી રકમ હોય તો તે તેમજ જમીન મહેસૂલ અને ઉપકર તરીકે જમીન માલિકે ભરેલી અથવા તો તેની પાસેથી વસૂલ કરેલી રકમ હોય તો આવી રકમ ભરવામાં ગણોતીયાએ વસૂલ કરેલ હોય તો પછીથી બાકી નીકળતી રકમ ભરવાની રહે છે. બીજા ધોરણો નક્કી કરવા માટેનો સામાન્ય ગણોતીયાનું માપ છે. એમાં આકારણી ૨૦ ઘણી કરતાં વધારે ઓછી ન હોય અને આકારણી ૨૦૦ ગણી કરતાં વધારે ન હોય તેવી ટ્રિબ્યુનલ મામલતદાર નક્કી કરે તેવી રકમ તથા જમીન માલિકે જમીન ઉપર બાંધેલા કોઇ બાંધકામો, કૂવાઓ, બંધો કાયમને માટે જડેલી બીજી વસ્તુઓ અને રોપેલા ઝાડોની કિંમત તથા ખેડૂતને અથવા મુલતવી રાખેલી કાયદેસરની નીકળતી રકમ આ પ્રકારના ધોરણોથી એની કિંમત અને મામલતદાર કૃષિ નક્કી કરે છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : પ્રશ્ન ગણોતનો છે. તો ગણોતીયા શું અને એ કેટલા પ્રકારના હોય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મોટા ખેડૂત એ ભાગે જમીન આપે છે અને નાના ખેડૂતને ખેડવા માટે આપે એને ગણોતીયા કહીએ છીએ. એના ત્રણ પ્રકાર છે. બે પ્રકાર હું બોલી ગયો છું. કાયમી ગણોતીયો અને સામાન્ય ગણોતીયો. ત્રીજો ગણોતીયો છે એ સ્વરક્ષિત ગણોતીયો છે. ૧૯૪૮ પછી દર બે વર્ષે ગણોતથી ખેડતા ખેડૂતના નામ, સાત બારમાં નોંધવામાં આવતા હતા. પરંતુ તા.૧-૪-૫૭થી ગણોતીયા નક્કી થયેલા હોઇ એ બંધ કરવામાં આવ્યું છે. એટલે સ્વરક્ષતિ છે. આમ કુલ ત્રણ પ્રકારના છે. કાયમી, સામાન્ય અને સ્વરક્ષિત.

### વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના

*૧૮૧૮૩ **શ્રી ભરતભાઇ પટેલ** (ધરમપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૨૩ |
| ૨ | પારડી | ૮૨ |
| ૩ | વાપી | ૧૭ |
| ૪ | ધરમપુર | ૩૧ |
| ૫ | કપરાડા | ૪૯ |
| ૬ | ઉમરગામ | ૨૪ |
| | **કુલ** | **૩૨૬** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૨૩ | ૦ |
| ૨ | પારડી | ૭૪ | ૮ |
| ૩ | વાપી | ૧૭ | ૦ |
| ૪ | ધરમપુર | ૩૧ | ૦ |
| ૫ | કપરાડા | ૪૯ | ૦ |
| ૬ | ઉમરગામ | ૨૩ | ૧ |
| | **કુલ** | **૩૧૭** | **૯** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે?

(૩)

| ક્રમ | અરજી નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોરમાં સમાવેશ થયેલ ન હોવાથી |

તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ૨ | મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી |
| ૩ | કુટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી હોવાથી |
| ૪ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો સમાવેશ કરવામાં આવ્યો એટલે વિશેષ આનંદ અનુભવું છું એ એટલા માટે કે સંકટ મોચન યોજના અને સંકટ મોચન એટલે શ્રી હનુમાનજી મહારાજ. શ્રી હનુમાનજી મહારાજનો હું પરમ ભકત છું. મને પ્રશ્નનો જવાબ તો મળ્યો છે પરંતુ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સંકટ મોચન યોજના કયારથી અમલમાં આવી અને આ યોજનાનો હેતુ શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછતા પહેલા શ્રી હનુમાનજી ભકત છે તેવું જણાવ્યું ત્યારે મને પણ કહેવાનુ મન થાય કે ''સંકટ કટે મીટે સબ પીરા, જો સુમેરે હનુમત બલબીરા.'' શ્રી હનુમાનજીનું બીજું નામ કેસરીનંદન પણ છે. આપણે ગઇકાલે જોયું કે જૂનાગઢ આખુ કેસરીયુ થઇ ગયું. મહાબલી શ્રી હનુમાનજીનું સ્મરણ કરીએ એટલે શ્રી રામ ભકત હનુમાનજી જે અજર અને અમર છે. તો અસ્ટ સિદ્ધિ અને નવ નિધિના દાતા તરીકે પણ ઓળખવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હવે પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : સંકટ મોચન યોજના એટલે ખરેખર સંકટ મોચન યોજના છે. આ યોજનામાં કુટુંબના મુખ્ય કમાનાર વ્યકતિનું મૃત્યુ થયું હોય. આકસ્મિક કે કુદરતી અવસાન થાય ત્યારે આવા કુટુંબીજનો પર આવી પડેલી અણધારી આફતના કારણે કુટુંબ પર આર્થિક સંકટ આવે છે, આ આર્થિક સંકટને તાત્કાલિક નિવારી શકાય, તે માટે સરકારશ્રી દ્વારા સંકટ મોચન યોજના હેઠળ આવા કુટુંબોને રૂ.૨૦ હજારની તાત્કાલિક આર્થિક સહાય આપવામાં આવે છે. આ સહાય મળવાથી આવા કુટુંબોને તાત્કાલિક ધોરણે રાહત થાય છે અને આવનારા દિવસોમાં એ કુટુંબના સભ્યો અન્ય રોજગારી કે આવક ઉભી કરી શકે તે દિવસો દરમ્યાન આ સહાય ખરેખર સંકટ મોચન સાબિત થાય છે.

સભ્યશ્રીએ એવું પણ પૂછ્યું છે કે, આ યોજના કયારે અમલમાં આવી. આ યોજના તા.૧૫મી ઓગસ્ટ, ૧૯૯૫ના રોજ જાહેર કરેલ સામાજિક કાર્યક્રમ હેઠડળની યોજના છે અને આ સહાય યોજનમાં ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ વીએનપી/૧૦૯૫/ આઇ/૭૭૬૧, તા.૨૫.૯.૧૯૯૫થી રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના આ ગુજરાત રાજયમાં અમલમાં મૂકવામાં આવી છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, હમણાં એમણે ઉલ્લેખ કર્યો કે અષ્ટસિદ્ધિ ન નિધિ કે દાતા તો આ અષ્ટસિદ્ધિ કઇ છે અને નવ નિધિ કઇ છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આના જવાબની જરૂર નથી. માનનીય પિયુષભાઇ, જુઓ આજે ખૂબ બધા બ્રાહ્મણો બેઠા છે, આ પ્રશ્ન મંત્રીને બરાબર નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજનામાં કયારે કયારે અને કયા પ્રકારના સુધારા કરવામાં આવેલ છે અને આની પાત્રના ધોરણો કયાં છે? અને એની સહાયના દરમાં કયારે કયારે વધારો કરવામાં આવ્યો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ સવાલ કર્યો છે કે આ યોજનામાં સહાયના દરમાં કયારે કયારે વધારો કરવામાં આવેલ, અને પાત્રતાના ધોરણોમાં કયારે કયારે કેવા પ્રકારના સુધારા કરવામાં આવ્યા છે.

સહાયના દરમાં સુધારો કર્યાની તારીખ અને સહાયના દરની વિગત આપું તો, તા.૨૫.૯.૧૯૯૫ના રોજ કુદરતી મૃત્યુના કિસ્સામાં ૫ હજાર રૂપિયા, અકસ્માતે મૃત્યુમાં ૧૦ હજાર રૂપિયા. ત્યાર પછીના સુધારાની વાત કરું તો તા.૨૧.૭.૨૦૦૧ના રોજ કુદરતી સંજોગોના કારણે મૃત્યુ થાય તેવા સંજોગોમાં મળવા પાત્ર સહાયની રકમ રૂ.૫ હજાર હતી જે વધારીને રૂ.૧૦ હજાર કરી અને અકસ્માતના કારણે મૃત્યુ પામનારની સહાયની રકમ એ બન્નેની સમકક્ષ કરવામાં આવી. તા.૧૫.૨.૨૦૧૪ના રોજ સહાયના દરમાં રૂ.૧૦ હજારની જગ્યાએ બમણો વધારો કરીને એના રૂ.૨૦ હજાર કરવામાં આવ્યા. વર્ષ ૧૯૯૫ના ઠરાવ ક્રમાંક–વીએનપી/૧૦૯૫/આઇ (અંતરાય)..

અધ્યક્ષશ્રી : ક્રમાંક પૂછયો નથી, ખાલી તારીખ પૂછી છે.

ઇશ્વરભાઇ ર. પરમાર : આ યોજના હેઠળ સહાયની પાત્રતા ગરીબીની રેખા નીચે જીવતા કેટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો. મુખ્ય કમનાર વ્યકતિની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી ઓછી હોય એ પ્રમાણેના સુધારા કરવામાં આવ્યા. વર્ષ ૨૦૦૫માં આ યોજનામાં અરજી કરવાની સમયમર્યાદા વ્યકિતનું અવસાન થાય ત્યારથી બે વર્ષ સુધીની કરવામાં આવી. વર્ષ ૨૦૧૪માં કુટુંબના મુખ્ય કમાનાર વ્યકિતની વય ૧૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી ઓછી હોવી જોઇએ. તેમાં સુધારો કરીને ૧૮ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી કરવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૭માં જે છેલ્લો સુધારો કરવામાં આવ્યો છે તે હું માનનીય સભ્યશ્રીને જણાવું તો આ યોજનામાં લાભ આપવાની પ્રક્રિયામાં બી. પી. એલ. ગુણાક ઝીરોથી ૨૦ના અતિ ગરીબ અને ગરીબ કુટુંબોના લાભાર્થીઓને લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં સરકારી ખરાબાની પડતર જમીનો પર દબાણ**

*૧૯૪૪૯ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં કેટલી સરકારી જમીન તથા સરકારી ખરાબાની પડતર જમીનો પર દબાણ થયેલ છે, અને

(૨) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) **આણંદ જિલ્લો**

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | આણંદ (ગ્રા) | ૯ | ૧૨૪૩૧.૮૦ |
| ૨ | આણંદ (શ) | ૧ | ૫૫૭.૪૦ |
| ૩ | ઉમરેઠ | ૫ | ૪૦૩.૧૪ |
| ૪ | ખંભાત | ૪ | ૧૪૭૦૪૯.૯૧ |
| ૫ | તારાપુર | ૨ | ૬૯૨૭.૦૦ |

**વડોદરા જિલ્લો**

| ક્રમ | તાલુકો | ગામોની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | કરજણ | ૧ | ૨૨૫૧૨ |
| ૨ | પાદરા | ૧ | ૩૦૭૪૭ |
| ૩ | વડોદરા (ગ્રા) | ૫ | ૩૦૮૮૫.૪૭ |

(૨) નિયમોનુસાર કાર્યવાહી કરી બનતી ત્વરાએ દૂર કરવામાં આવશે.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આણંદ જિલ્લામાં ૧૬૭૩૬૯.૨૫ ચો. મી. અને વડોદરા જિલ્લામાં ૮૪૧૪૪.૪૮ ચો. મી. એમ કુલ મળીને ૨૫૧૫૧૩.૭૨ ચો. મી. સરકારી અને ખરાબાની જમીનમાં દબાણો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આવા દબાણો કેટલા સમયથી છે? આવા દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી? અને આવા દબાણો કરવા વાળા ઇસમોને કોઇ દંડ કરવામાં આવ્યો? અને આવા દબાણો કયાં સુધી દૂર કરવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ દબાણો જુદા જુદા સમયથી છે, દબાણો જયારથી ધ્યાનમાં આવ્યા કે તરત જ દબાણ કરનારને દબાણ દૂર કરવા માટેની નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવી છે. અને દબાણો દૂર પણ કરવામાં આવ્યા છે. એમાં સરકારી અને સરકારી અને સરકારી પડતર એમ બે પ્રકારના દબાણો આવેલા છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં અને વડોદરા જિલ્લામાં સરકારી જમીન ઉપર કેવા કેવા પ્રકારના દબાણો થયેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને જિલ્લામાં થઇને કાચા ઝૂપડાઓ, છાપરાઓ, ઢાળીયા એ કુલ મળીને ૧૫, કાચા મકાનો ૧૦ છે, ઉકરડાનું દબાણ ૧ છે, ગલ્લાઓ બે છે, દુકાનો ૩ છે, જિંગા તળાવો ૩ છે, એક ટાવર છે અને એક મંદિર છે અને એક ખેતી વિષયક દબાણ છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, દબાણોમાં ગામ બે, તારાપુર, ૬૯૨૭ ચો. મી.નું દબાણ થયું છે. એ કયા કયા ગામમાં થયું છે અને ઘણા કિસ્સાઓમાં અમુક માણસોના દબાણો દૂર કરવામાં આવતા નથી અને આંખ આડા કાન કરવામાં આવે છે અને અમુક દબાણો દૂર કરવામાં આવે છે. એટલે આવા ભેદભાવ પણ રાખવામાં આવે છે. તો આ કિસ્સામાં કેટલા સમયથી આ ૬૯૨૭ ચો. મી. દબાણ થયું છે અને કયા ગામમાં થયું છે અને..

અધ્યક્ષશ્રી : ૮ થી ૧૦ પ્રશ્નો થઇ ગયા, આટલો લાંબો પ્રશ્નનો જવાબ કયાંથી આપે. સ્પેસિફિક પૂછી લો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મારી પાસે આખું રેકર્ડ છે, અને કોઇની શરમથી દબાણ દૂર નથી કરતા એમ કહે છે, કોઇને અન્યાય થાય છે એ વાત બરાબર નથી. ભારતીય જનતા પાર્ટીની રાજય સરકાર કોઇને પણ શેહ શરમમાં આવ્યા સિવાય નિયમાનુસાર જ અમે કામગીરી કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય પુનમભાઇ, આપને કોઇ વિશેષ ધ્યાનમાં હોય તો મંત્રીશ્રીના ધ્યાન પર મૂકજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વિશેષ કંઇ હોય તો મારા ધ્યાન ઉપર મૂકજો આપણે નિયમાનુસાર પગલાં ભરીશું.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા જાણવું છે કે આ સરકારી જમીનો ઉપર જે દબાણો થાય છે તેને અટકાવવા માટે સરકાર દ્વારા કોઇ આયોજન કરવામાં આવ્યું છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે મારી માગણીઓની ચર્ચામાં ઉલ્લેખ કર્યો હતો, બહેનનો પ્રશ્ન બહુ સરસ છે, આપણે પાસે આધુનિક ટેકનોલોજી છે અને તેનો ઉપયોગ કરીને સરકારી જમીન ઉપર થતાં દબાણ અટકાવવા માટે તેમજ તે બાબતની જાણકારી ત્વરિત મેળવવા માટે આપણે ત્યાં બાયસેક છે. સામેના મિત્રોને જો કદાચ આની માહિતી ન હોય તો ભાસ્કરાચાર્ય સ્પેશ ઇન્સ્ટિટયૂટ છે એ ખરેખર જોવાલાયક છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી, જયારે અહીંયાં મુખ્યમંત્રી હતા ત્યારે એમણે ખૂબ સરસ રીતે એ વખતે આપણી પાસે બે જ ચેનલ હતી, એ પ્રધાનમંત્રી બન્યા પછી આપણી પાસે સોળ ચેનલ છે અને અલગ અલગ વિભાગને અલગ અલગ વિષય માટેની ચેનલો આપી છે, જેમાં સિંચાઇ છે, એજયુકેશન છે, મહેસૂલ છે અને એમાં સેટેલાઇટ સંચાલિત કોમ્પ્યુટર સોફટવેર વિકસાવવાનું આયોજન કર્યું છે. જેમાં સરકારી જમીન ઉપર થતાં દબાણની ત્વરિત જાણકારી મેળવવા બાયસેગની સહાયતાથી સેટેલાઇટ દ્વારા અનઅધિકૃત દબાણ થાય તો તુરત જ વેબ બેઇઝડ ડિસીઝન સપોર્ટ સિસ્ટમ દ્વારા મેસેજ જનરેટ થાય છે. જે સંબંધિત જિલ્લા કલેકટરને સીધો મળી જાય છે. પ્રથમ તબક્કામાં શહેરી વિસ્તાર માટે આવી વ્યવસ્થા વિકસાવવા માટે વર્ષ ૨૦૧૯–૨૦ના બજેટમાં ૫૦ લાખનું આયોજન પણ કર્યું છે અને આ રીતે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આપણને દબાણ થયા પછી કોઇ રજૂઆત કરે અને પછી જાણકારી મળે તેના કરતા સીધી રીતે જાણકારી મળે તેવી વ્યવસ્થા ગોઠવી છે.

**જામનગર જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

*૧૮૧૯૮ **શ્રી રાઘવજીભાઇ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ઇ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૪૬૧૨ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) તા. ૦૯–૦૭–૨૦૧૯ ની સ્થિતિએ ઉક્ત બાકી નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે. |

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તા.૯–૭–૨૦૧૯ની સ્થિતિએ લગભગ ૪૬૧૨ જેટલી પડતર નોંધોનો નિકાલ કર્યો છે તેના માટે માનનીય મહેસૂલ મંત્રી અને રાજયના મહેસૂલી તંત્રને હું અભિનંદન આપું છું. મારો પ્રશ્ન છે કે ખેતીની જમીનમાં બિન ખેતીની પરવાનગી આપવાના સમયે અગાઉના સમયમાં થયેલા હક્ક કમી, હક્ક દાખલ, કૌટુંબિક બિનઅવેજ વહેંચણી થઇ હોય ત્યારે રજિસ્ટર્ડ દસ્તાવેજ કરવો જરૂરી છે કે કેમ? તેમજ આ અંગે કોઇ સમય મર્યાદા છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ખેતીની જમીનમાં બિન ખેતીની પરવાનગી આપવાના સમયે અગાઉના સમયમાં થયેલ હક્ક કમી, હક્ક દાખલ, કૌટુંબિક બિનઅવેજ વહેંચણી થઇ હોય ત્યારે રજિસ્ટર્ડ દસ્તાવેજ કરવાની જરૂર નથી. સમય મર્યાદા અંગે પણ તા.૧૪–૩–૧૬ના પરિપત્ર મુજબ પાંચ વર્ષની મર્યાદા હતી ત્યાર બાદ તા.૧૭–૧૦–૧૭ના પરિપત્રથી આ મર્યાદા પણ દૂર કરવામાં આવેલી છે.

શ્રી જે. વી. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે અમારા ધારી તાલુકામાં જૂની શરતના બહુ વધારે કેસ છે, ૧૫ વર્ષથી સરકારશ્રીએ સૂચના આપ્યા છતાં ૧૫ વર્ષથી તેનો કબજો ધરાવે છે એવા ઘણાં કેસ પેન્ડીંગ છે. ઇરાદાપૂર્વક તેનો નિકાલ નથી થતો જૂની શરતમાં. તો તે કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જામનગર જિલ્લાનો બહુ સારો સવાલ છે પરંતુ અત્યારે હું જે.વી. કાકડીયાને અને બધાને કહું છું કે તમારી આવી કોઇ નાની–મોટી ફરિયાદો હશે, દા.ત. ગઇ કાલે મારી માગણીઓ પૂરી થઇ અને શ્રી પ્રતાપભાઇ અને શ્રી ઋત્વિકભાઇએ અહીંયા મને કહ્યું કે આ એક શિક્ષણની ફરિયાદ છે અને એક મહેસૂલની ફરિયાદ છે. આજે સવારે સાડા અગિયાર વાગ્યે બન્ને મિત્રોને અધિકારીઓ સાથે મારી ઓફિસમાં બોલાવી લીધા અને તેનું નિરાકરણ કર્યું છે. એટલે આવી રીતે કોઇ પણ ધારાસભ્યને નાની મોટી ફરિયાદ હશે તો તેનું નિરાકરણ કરીશું.

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે મોટાભાઇના નામે ચાલતી વારસાઇમાં મળેલ વડીલોપાર્જીતની નવી અને અવિભાજીત શરતોની જમીનમાં મોટાભાઇ સિવાયના અન્ય વારસદારોના નામ દાખલ થઇ શકે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અગાઉ ઘણી જગ્યાએ લાગણીના સંબંધો કે રિવાજ મુજબ જમીનો સંયુક્ત હક્કવાળી હોવા છતાં મહેસૂલી રેકર્ડમાં ગામમાં નમૂના નં.૬ તથા ૭/૧૨માં મોટા ભાઇના નામે ચાલતું હતું. આ પ્રકારનો આપણે બધાએ વર્ષો સુધી અનુભવ કર્યો છે. મોટાભાઇનું અવસાન થવાથી આવી જમીનો તેમના સીધી લીટીના વારસદારોને નામે થાય જેથી આવી જમીનોમાં સંયુક્ત હક્ક છે તેવા બીજાં ભાઇ–બહેનો તેમના કાયદેસરના હક્કથી વંચિત થઇ જાય છે. આવું ન બને તે માટે મહેસૂલ વિભાગના તા. ૧૫–૩–૯૬ના ઠરાવથી માત્ર મોટાભાઇના નામે ચાલતી આવી જમીનોમાં કાયદેસરની કાર્યવાહી કરીને બાકીના હક્કદાર ભાઇઓ–બહેનોના નામ મહેસૂલી રેકર્ડમાં દાખલ કરવાની જોગવાઇ છે.

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**રાજકોટ અને મોરબી જિલ્લામાં બોર/કુવા બનાવવા માટે જમીન**

*૧૯૫૦૦ **શ્રી લલીત ભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર બોર કે કુવા બનાવવા માટે બે ગુંઠા જમીન મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર, કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે,

(૩) આ અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે, અને

(૪) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) રાજકોટ – ૪૧૪
મોરબી – ૩૦૫

(૨)

| જિલ્લો | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|
| રાજકોટ | ૧૭૩ | ૧૭૮ | ૬૩ |
| મોરબી | ૧૩૮ | ૭૮ | ૮૯ |

(૩) સરકારશ્રીની સ્થાયી સુચનાઓ સાથે સુસંગત ન હોવાથી.

(૪) બનતી ત્વરાએ.

---------

**ડીસા તાલુકામાં પસાયતી જમીન**

૧૮૦૭૨ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કેટલા ગામોમાં કેટલી પસાયતી જમીન આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) ઉક્ત સ્થિતિએ રીગ્રાન્ટ થયેલ ન હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) ૩૧ ગામોમાં હે. ૩૪૯–૫૧–૨૧ ચો.મી. જમીન

(૨) હા જી ખંડ ૧ પૈકીની હે. ૧૬૮–૯૩–૩૫ ચો.મી. જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ છે.

(૩) પ્રક્રિયા હેઠળ છે.

---------

**રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ**

૧૯૫૦૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિ દ્વારા શી કામગીરી કરવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે સમિતિની બેઠકો મળી અને તેમાં શા નિર્ણયો કરવામાં આવ્યા,

(૩) ઉક્ત સમિતિએ છેલ્લા કરેલ નિર્ણયોના અમલની જવાબદારી કોને સોંપાઇ છે, અને

**જવાબ**

(૧) પત્રક–૧ સામેલ છે.

(૨) પત્રક–૨ સામેલ છે.

(૩) સમિતિએ કરેલ નિર્ણયોના અમલની જવાબદારી સંબંધિત વિભાગોને સોંપાઈ છે.

(૪) ઉક્ત સમિતિની બેઠકો સમયાંતરે ન મળતી હોય તો તેના કારણો શા છે?

(૪) વિભાગના અગ્ર સચિવશ્રી તેમજ માન.મંત્રીશ્રી (સ.ન્યા)ના અધ્યક્ષપદે નિયમિત બેઠકો યોજાય છે તેમજ સમયાંતરે સમીક્ષા કરી જરૂરી સૂચના આપવામાં આવે છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ જિલ્લામાં ઘરથાળના પ્લોટ**

૧૯૪૫૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : ૧૪ ગુ.વિ.સ.ના પ્રથમ સત્રમાં તા.૨૭-૨-૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૮૦૩ (અગ્રતા-૧૨૭) ના અનુસંધાને **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ લેન્ડ કમિટીએ ઘરથાળના પ્લોટ મંજૂર કર્યા હોવા છતાં કબજો અને સનદ ન સોંપવામાં આવેલ હોય તેવા આણંદ જિલ્લામાં ૧૫૩ અને ખેડા જિલ્લામાં ૩૦ લાભાર્થીઓ હતા તે પૈકી જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને કબજો અને સનદ સોંપવામાં આવેલ, | (૧) આણંદ જિલ્લામાં ૧૫૩ લાભાર્થીઓ પૈકી ૧૩૬ને જ્યારે ખેડા જિલ્લામાં તમામ ૩૦ લાભાર્થીઓને કબજો અને સનદ સોંપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કબજો અને સનદ લાભાર્થીને ન સોંપવાના કારણો શા છે, અને | (૨) આણંદ જિલ્લાના ૧૭ લાભાર્થીઓને પ્લોટની જમીન માપણી બાકી હોવાના કારણે. જ્યારે ખેડામાં પ્લોટ અને સનદ સોંપવાની બાકી રહેતી ના હોઇ, પ્રશ્ન નથી. |
| (૩) ઉક્ત લાભાર્થીઓને પ્લોટનો કબજો અને સનદ કેટલા સમયમાં આપવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૮૧૧૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલિતાણા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઇ-ધરા કેન્દ્રોમાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૩૬૦૭ |
| (૨) ઉક્ત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) ઉક્ત બાકી નોંધોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. |

---------

**અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના**

૧૮૧૫૦ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) મળેલ અરજી<br>સંસ્થા-૧૦<br>યુગલ-૧૯૧ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) મંજૂર અરજી<br>સંસ્થા-૧૦<br>યુગલ-૧૯૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ચૂકવેલ સહાય<br>સંસ્થાઓને - રૂ.૩.૬૨ લાખ<br>યુગલોને - રૂ.૧૯.૦૦ લાખ<br>**કુલ - રૂ.૨૨.૬૨ લાખ** |

---------

અતારાંકિત પ્રશ્નો

## વડોદરા શહેર અને જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ

૧૯૩૦૫ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વડોદરા શહેર અને જિલ્લામાં અનુસૂચિત જાતિના ધોરણ-૧ થી ૮ના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સ્કોલરશીપ આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ખાનગી શાળાઓ દ્વારા સ્કોલરશીપ માટે દરખાસ્ત મોકલવામાં આવતી ન હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) જો હા, તો સ્કોલરશીપ માટે દરખાસ્ત મોકલવામાં ન આવી હોય તેવી કેટલી ખાનગી શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા શહેર અને જિલ્લામાં અનુસૂચિત જાતિના ધો.૧ થી ૮ માં અભ્યાસ કરતાં કુલ ૨૧૨૬૩ વિદ્યાર્થીઓને કુલ રૂ.૨૪૭૮૯૬૫૦/- રકમની સ્કોલરશીપ આપવામાં આવી છે.

| **ક્રમ** | **વર્ષ** | **વિદ્યાર્થીની સંખ્યા** | **ચૂકવાયેલ સહાય** |
|---|---|---|---|
| ૧. | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | ૧૨૩૩૪ | ૧૧૯૪૬૨૦૦ |
| ૨. | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | ૮૯૨૯ | ૧૨૮૪૩૪૫૦ |
| | **કુલ** | **૨૧૨૬૩** | **૨૪૭૮૯૬૫૦** |

(૨) અને (૩) ખાનગી શાળાઓમાં ધોરણ-૧ થી ૮માં સરકારશ્રીની હયાત યોજનાઓ પ્રમાણે

(૧) અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ મા-બાપ/વાલીના બાળકોને શિષ્યવૃતિ અને

(૨) અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓને ખાસ શિષ્યવૃતિ આપવામાં આવે છે.

તે સિવાયની કોઇ દરખાસ્ત મોકલવામાં આવતી ન હોવાથી પ્રશ્નમાં દર્શાવેલ યોજના અંગે ફરિયાદ મળેલ નથી, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં લેન્ડ કમિટીએ મંજૂર કરેલ ઘરથાળના પ્લોટ

૧૯૩૮૮ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર લેન્ડ કમિટીએ ઘરથાળ પ્લોટ મંજૂર કર્યા હોવા છતાં સ્થળ ઉપર કબજો અને સનદ ન સોંપવામાં આવેલ હોય તેવા કેટલા લાભાર્થીઓ છે,

(૨) ઉક્ત લાભાર્થીઓને કબજો અને સનદ ન આપવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત લાભાર્થીઓને પ્લોટનો કબજો અને સનદ કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થળ ઉપર કબજો અને સનદ ન સોંપવામાં આવેલ હોય તેવા અમદાવાદ જિલ્લામાં ૫ અને ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ લાભાર્થીઓ છે.

(૨) લાભાર્થીઓ ફાળવેલ જમીનનો કબજો/સનદ લેવા માંગતા ન હોવાથી, બહારગામ ચાલ્યા ગયેલ હોવાથી, સ્થળ ચકાસણી બાકી હોવાથી, જે જગ્યાએ પ્લોટ ફાળવેલ છે તે જગ્યાએ પ્લોટ લેવા માટે લાભાર્થીઓ સહમત ન હોવાથી, પ્લોટનો કબજો અને સનદ સોંપી શકાયેલ નથી.

(૩) લાભાર્થીઓને બનતી ત્વરાએ પ્લોટનો કબજો અને સનદ સોંપવામાં આવશે.

---------

## ડીસા તાલુકામાં પસાયતી જમીન

૧૮૦૭૧ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડિસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કેટલા ગામોમાં કેટલી પસાયતી જમીન આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) ઉક્ત સ્થિતિએ રીગ્રાન્ટ થયેલ ન હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) ૩૧ ગામોમાં હે.૩૪૯-૫૧-૨૧ ચો.મી. જમીન

(૨) હા જી ખંડ ૧ પૈકીની હે.૧૬૮-૯૩-૩૫ ચો.મી. જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ છે.

(૩) પ્રક્રિયા હેઠળ છે.

---------

## મોરબી જિલ્લામાં પશુ દવાખાનાઓ

૧૯૪૦૪ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાનાઓ આવેલ છે,

(૨) ઉક્ત પશુ દવાખાનાવાર સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| અ. ન. | તાલુકાનું નામ | પશુ દવાખાનાની સંખ્યા | પશુ દવાખાનાનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | મોરબી | ૩ | મોરબી |
| | | | બગથળા |
| | | | આમરણ |
| ૨ | માળીયા (મિ) | ૧ | માળીયા મીયાણા |
| ૩ | ટંકારા | ૨ | ટંકારા |
| | | | મિતાણા |
| ૪ | વાંકાનેર | ૩ | વાંકાનેર |
| | | | લુણસર |
| | | | સિંધાવદર |
| ૫ | હળવદ | ૩ | હળવદ |
| | | | ચરાડવા |

(૨)

| અ. ન. | તાલુકાનું નામ | પશુ દવાખાનાનુ નામ | પશુ ચિકિત્સા અધિકારી મંજૂર મહેકમ | ડ્રેસર મંજૂર મહેકમ | પટ્ટાવાળા/ એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર મંજૂર મહેકમ |
|---|---|---|---|---|---|
| ૧ | મોરબી | પશુદવાખાના મોરબી | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૨ | | પશુદવાખાના બગથળા | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૩ | | પશુદવાખાના આમરણ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૪ | માળીયા (મી) | પશુદવાખાના માળીયા (મી) | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૫ | ટંકારા | પશુદવાખાના ટંકારા | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | | પશુદવાખાના મિતાણા | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૭ | વાંકાનેર | પશુદવાખાના વાંકાનેર | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૮ | | પશુદવાખાના લુણસર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૯ | | પશુદવાખાના સિંધાવદર | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૦ | હળવદ | પશુદવાખાના હળવદ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૧ | | પશુદવાખાના ચરાડવા | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૨ | | પશુદવાખાના ટીકર (રણ) | ૦૦ | ૦૦ | ૦૧ |

(૩) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩)

| અ. ન. | તાલુકાનું નામ | પશુ દવાખાનાનું નામ | પશુચિકિત્સા અધિકારી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
| ૧ | મોરબી | મોરબી | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૨ | | બગથળા | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૩ | | આમરણ | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૪ | માળીયા(મી) | માળીયા (મી) | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૫ | ટંકારા | ટંકારા | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૬ | | મિતાણા | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૭ | વાંકાનેર | વાંકાનેર | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૮ | | લુણસર | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૯ | | સિંધાવદર | ૦૧ | ૦૧ | ૦૦ | -- |

ડ્રેસર, વર્ગ-૪

| અ. ન. | તાલુકાનું નામ | પશુદવાખાનાનું નામ | ડ્રેસર વર્ગ-૪ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
| ૧ | મોરબી | મોરબી | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૨ | માળીયા (મી) | માળીયા (મી) | ૦૧ | ૦૦ | ૦૧ | ૧/૮/૧૯ થી |
| ૩ | વાંકાનેર | વાંકાનેર | ૦૧ | ૦૧ | ૦૦ | -- |

પટ્ટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર, વર્ગ-૪

| અ. ન. | તાલુકાનું નામ | પશુ દવાખાનાનું નામ | પટ્ટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | મંજૂર | ભરાયેલ | ખાલી | ક્યારથી |
| ૧ | મોરબી | મોરબી | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૨ | | આમરણ | ૦૧ | ૦૦ | ૦૧ | ૩૧/૧૨/૧૫ થી |
| ૩ | માળીયા (મી) | માળીયા (મી) | ૦૧ | ૦૦ | ૦૧ | ૧/૧/૧૭ થી |
| ૪ | ટંકારા | ટંકારા | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૫ | વાંકાનેર | વાંકાનેર | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૬ | | લુણસર | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| ૭ | હળવદ | હળવદ | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| | | ચરાડવા | ૦૧ | ૦૧ | ૦૦ | -- |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે. જ્યારે ડ્રેસર, પટ્ટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ-૪ની જગ્યાઓ જિલ્લા પંચાયત દ્વારા આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે.

---------

## છોટાઉદેપુર નગરપાલિકામાં બી-૩ સત્તાપ્રકારની નોંધ પાડવામાં મુશ્કેલી

૧૮૫૭૫ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) છોટાઉદેપુર નગરપાલિકામાં બી-૩ સત્તા પ્રકારની જમીનની નોંધ પાડવામાં વહીવટી પ્રક્રિયામાં મુશ્કેલીઓ છે તે ફરીયાદથી સરકાર તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વાકેફ છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તે નિવારવા છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધાં, અને

(૨) ગાયકવાડ સરકારશ્રી દ્વારા કિરાયા પ્રકારની કેટલી મિલકત અપાયેલ છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી રહેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવાની બાકી છે, તે ક્યાં સુધીમાં પાડવામાં આવશે?

(૩) એક પણ નહીં.

---------

## પોરબંદર જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

૧૮૧૪૩ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ** |
|---|---|
| પોરબંદર | ૨૨૧૩ |
| રાણાવાવ | ૫૪૧ |
| કુતિયાણા | ૯૧૯ |
| **કુલ** | **૩૬૭૩** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૩૬૭૩ |
| મંજૂર નોંધો | ૩૦૮૧ |
| નામંજૂર નોંધો | ૯૮ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. સોગંદનામા તથા વારસાઇ આંબામાં વારસદારોની વિગત સુસંગત ના હોય, વારસદારો ડુબમાં રહેલ હોવાના કારણોસર.
૨. મરણ પ્રમાણપત્રમાં આવેલ નામ સાથે સુસંગત ના હોવાના કારણોસર.
૩. કોર્ટમેટર ચાલતી હોય, ના.કોર્ટનો અન્ય આદેશ ના થાય ત્યાં સુધી રેકર્ડમાં ફેરફાર ન કરવા આદેશ થયેલ હોવાના કારણોસર.
૪. સાધનીક કાગળોની અપુર્તતા તેમજ અરજીઓમાં રજૂ સાધનિક કાગળોમાં વિસંગતતા હોવાના કારણોસર.
૫. હાલના ૭/૧૨ માં સંયુક્ત ખાતેદાર આવેલ હોય, જે પૈકી અન્ય ખાતેદારને નોટીસ બજેલ ન હોવાના કારણોસર.
૬. નોટીસ રજી.એ.ડી. થી ઈસ્યુ કરવામાં આવેલ હોય, પરંતુ નોટીસ બજ્યા વગર પરત આવેલ હોવાના કારણોસર.

---------

## મહીસાગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના

૧૮૨૧૨ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૬૫ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૬૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૩૭,૭૪,૦૦૦/- |

---------

## અમરેલી જિલ્લામાં ઘાસચારાના જથ્થાની જરૂરીયાત

૧૯૪૩૪ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં માસવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર ઘાસચારાના કેટલા જથ્થાની જરૂરીયાત હતી, | (૧) અમરેલી જિલ્લાનો કોઈ જ તાલુકો ચાલુ વર્ષે દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ ન હોઈ, મહેસૂલ વિભાગ દ્વારા બિનદુષ્કાળગ્રસ્ત જિલ્લામાં ઘાસના જથ્થાની જરૂરીયાત કે ફાળવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી તાલુકાવાર, માસવાર કેટલો ઘાસનો જથ્થો ફાળવવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) જરૂરીયાત સામે ઓછો ઘાસનો જથ્થો ફાળવવામાં આવ્યો હોય તો તેના કારણો શાં છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં સંકટ મોચન યોજના**

૧૮૧૮૫ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ગોધરા | ૭૮ |
| ૨ | કાલોલ | ૧૫૦ |
| ૩ | હાલોલ | ૧૧૮ |
| ૪ | ઘોઘંબા | ૭૩ |
| ૫ | જાંબુઘોડા | ૮ |
| ૬ | શહેરા | ૧૯૪ |
| ૭ | મોરવા(હા) | ૧૮ |
| | **કુલ** | **૬૩૯** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૫૯ | ૧૯ |
| ૨ | કાલોલ | ૧૨૬ | ૨૪ |
| ૩ | હાલોલ | ૧૦૬ | ૧૨ |
| ૪ | ઘોઘંબા | ૬૭ | ૬ |
| ૫ | જાંબુઘોડા | ૫ | ૩ |
| ૬ | શહેરા | ૧૬૮ | ૨૬ |
| ૭ | મોરવા(હા) | ૧૮ | ૦ |
| | **કુલ** | **૫૪૯** | **૯૦** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે?

(૩)

| ક્રમ | અરજી નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોરમાં સમાવેશ થયેલ ન હોવાથી |
| ૨ | મૃત્યુ પામનાર વ્યક્તિની ઉંમર ૧૮ થી ઓછી અને ૬૦ થી વધુ હોવાથી |
| ૩ | કુટુંબ તરફથી બીજી વ્યક્તિની અરજી હોવાથી |
| ૪ | બે વર્ષની સમય મર્યાદામાં અરજી કરેલ ન હોવાથી |

---------

**પાટણ જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસો**

૧૮૦૮૧ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને

(૧) ૨૫૦–કેસો

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે?

(૨) ૯૨–કેસો

---------

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ**

૧૮૧૦૫ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ |
|---|---|
| વડોદરા (ગ્રામ્ય) | ૨૩૭૧ |
| પાદરા | ૨૪૩૦ |
| વાઘોડીયા | ૧૨૪૪ |
| ડભોઈ | ૧૩૬૫ |
| કરજણ | ૧૬૦૬ |
| શિનોર | ૭૫૧ |
| સાવલી | ૨૦૪૨ |
| ડેસર | ૭૭૪ |
| વડોદરા શહેર (ઉત્તર) | ૧૧૨ |
| વડોદરા શહેર (દક્ષિણ) | ૧૩૭ |
| વડોદરા શહેર (પૂર્વ) | ૮૪ |
| વડોદરા શહેર (પશ્ચિમ) | ૬૦ |
| **કુલ** | **૧૨૯૭૬** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૨૯૭૬ |
| મંજૂર નોંધો | ૧૦૩૯૬ |
| નામંજૂર નોંધો | ૩૨૭ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શાં છે?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. અરજીમાં પુરતા પુરાવા રજૂ કરેલ ન હોવાથી.

૨. અસલ પેઢીનામુ સામેલ ન હોવાથી.

૩. મરણ થનાર ખેડૂત ખાતેદારનું અસલ મરણ પ્રમાણપત્ર સામેલ ન હોવાથી.

---------

**ખેડા જિલ્લામાં પાલક માતા–પિતા યોજના**

૧૮૧૮૮ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લા ખાતે પાલક માતા–પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૨૬૧

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨૪૦

(૩) ઉક્ત સ્થિતિએ લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ.૫૦,૨૮,૦૦૦/–

---------

**ભરૂચ જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ**

૧૮૧૩૯ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ–ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| જંબુસર | ૧૬૦૬ |
| આમોદ | ૮૯૦ |

| | |
|---|---|
| વાગરા | ૭૩૪ |
| ભરૂચ | ૧૯૮૫ |
| ઝઘડીયા | ૧૨૪૨ |
| અંકલેશ્વર | ૧૦૪૧ |
| હાંસોટ | ૮૨૦ |
| વાલીયા | ૫૨૩ |
| નેત્રંગ | ૪૪૦ |
| **કુલ** | **૯૨૮૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર કરવામાં આવેલ નોંધો** | **નામંજૂર કરવામાં આવેલ નોંધો** |
|---|---|---|
| ૯૨૮૧ | ૭૫૧૫ | ૪૩૨ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શાં છે?

(૩) ઉક્ત નોંધો નામંજૂર થવાના કારણોઃ
- ➢ મરણના દાખલા રજૂ થયેલ ન હોવાના કારણે,
- ➢ પેઢીનામામાં વિસંગતતાના કારણે,
- ➢ ગુજરનાર કબજેદારનું નામ ૭/૧૨ તથા મરણના દાખલામાં વિસંગતતા હોવાના કારણે,
- ➢ હિતસબંધ ધરાવનારને ૧૩૫-ડી ની નોટીસ ન બજવાને કારણે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના**

૧૮૧૫૬ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) **મળેલ અરજી**<br>સંસ્થા-૦૬<br>યુગલ-૧૨૬ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) **મંજૂર અરજી**<br>સંસ્થા-૦૬<br>યુગલ-૧૨૬ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) **ચૂકવેલ સહાય**<br>સંસ્થાઓને- રૂ.૨.૦૮ લાખ<br>યુગલોને- રૂ.૧૨.૬૦ લાખ<br>**કુલ- રૂ.૧૪.૬૮ લાખ** |

---------

**આણંદ ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિને ફાળવેલ જમીન**

૧૫૨૩૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ખેતીવાડી ઉપન્ન બજાર સમિતિને તેઓના વિકાસના કામો માટે રાહત દરે જમીન ફાળવવાનો ઠરાવ તા.૧૭-૧૨-૨૦૧૫ના રોજ થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં કઈ બજાર સમિતિ દ્વારા કેટલી જમીન, કયા સ્થળે મેળવવાની માંગણી સરકારને મળી, અને | (૨) શૂન્ય |
| (૩) તે અન્વયે કઈ બજાર સમિતિને કેટલી જમીન શાં ભાવે ક્યારે ફાળવવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જામનગર જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ**

૧૮૧૨૮ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ** |
|---|---|
| જામનગર (શહેર) | ૧૨૦ |
| જામનગર (ગ્રામ્ય) | ૧૧૯૬ |
| ધ્રોલ | ૫૫૩ |
| જોડીયા | ૫૦૯ |
| કાલાવડ | ૯૭૧ |
| લાલપુર | ૮૨૯ |
| જામજોધપુર | ૯૦૪ |
| **કુલ** | **૫૦૮૨** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૫૦૮૨ |
| મંજૂર નોંધો | ૪૭૨૨ |
| નામંજૂર નોંધો | ૧૩૩ |

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. તકરારી કેસના ઠરાવ આધારે.
૨. વારસાઈ સોગંદનામામાં અપુરતી સ્ટેમ્પ ડ્યુટી.
૩. વારસદારોની વિગતો અપૂરતી હોવાના કારણે.
૪. વારસાઈવાળી જમીનનું અગાઉ વેચાણ થવાના કારણે.
૫. સોગંદનામુ તથા પેઢિનામામાં તફાવત આવતો હોય સાચા વારસદારોની ખરાઈ થઈ શકેલ ન હોય.
૬. મરણ દાખલો રજૂ થયેલ ન હોય.
૭. વારસાઈ આંબો રજૂ થયેલ ન હોય.
૮. વીલનું પ્રોબેટ ન રજૂ કરેલ હોવાથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ**

૧૮૧૪૦ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ-ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ** |
|---|---|
| જૂનાગઢ (ગ્રામ્ય) | ૭૭૪ |
| જૂનાગઢ (શહેર) | ૩૨૬ |
| વંથલી | ૧૫૪૫ |
| માણાવદર | ૧૧૪૮ |
| વિસાવદર | ૪૭૫ |
| ભેંસાણ | ૫૪૩ |
| મેંદરડા | ૪૮૭ |
| માળીયા | ૨૦૪ |
| માંગરોળ | ૧૬૦૮ |
| કેશોદ | ૧૩૧૮ |
| **કુલ** | **૮૪૨૮** |

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | **૮૪૨૮** |

નામંજૂર કરવામાં આવી, અને

| | |
|---|---|
| મંજૂર નોંધો | ૭૯૬૪ |
| નામંજૂર નોંધો | ૩૫૬ |

(૩) ઉકત નોંધો નામંજૂર કરવાના કારણો શા છે ?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. ૧૩૫ ડી ની નોટીસો પક્ષકારોને બજેલ ન હોવાથી.
૨. નિયત પેઢિનામું અરજદાર દ્વારા રજૂ કરેલ ન હોવાથી.
૩. સીધી લીટીના વારસદારો ન હોવાથી.
૪. વારસાઈ આંબામાં સક્ષમ અધિકારીશ્રીની સહી ન હોવાથી.
૫. પંચરોજકામ/પેઢિનામું રજૂ થયેલ ન હોય.
૬. ગા.ન.નં.૮ અ ખેતી બીનખેતીનું પાનીયું સાથે હોવાથી.

---------

**રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બજેટ ફાળવણી**

૧૯૪૨૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે કેટલું બજેટ ફાળવવામાં આવ્યું, અને

(૨) ઉકત ફાળવેલ બજેટ પૈકી ઉકત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | ફાળવેલ બજેટ (રૂ.લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૮૮૭૦૬.૧૧ | ૭૯૪૧૧.૧૯ |
| ૨૦૧૮–૧૯ | ૧૦૦૬૪૫.૦૯ | ૧૦૦૪૪૮.૨૦ |
| ૨૦૧૯–૨૦ (મે.૧૯ સુધી) | ૩૫૫૫૭.૧૮ | ૪૨૯૪.૪૩ |

---------

**ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના**

૧૮૧૬૬ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના અન્વયે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૯ દરમિયાન કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૨ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૫૧ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) ૩૦૨૫૦૦/– |

---------

**આણંદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના**

૧૮૧૫૩ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯માં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના કેટલા યુગલો માટે કેટલી સંસ્થાની અરજીઓ મળી, | (૧) **મળેલ અરજી**<br>સંસ્થા–૦૩<br>યુગલ–૩૮ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની | (૨) **મંજૂર અરજી** |

અરજીઓ મંજૂર કરી, અને

સંસ્થા–૦૩
યુગલ–૩૮

(૩) ઉકત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) **ચૂકવેલ સહાય**
સંસ્થાઓને–રૂ.૦.૭૬ લાખ
યુગલોને–રૂ.૩.૮૦ લાખ.
**કુલ – રૂ.૪.૫૬ લાખ.**

---------

**બોટાદ અને ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર**

૧૯૫૦૩ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૨૫–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર રેપ, ગેંગરેપ, ખુનની ઘટનાઓમાં ધી શીડ્યુલ કાસ્ટ એન્ડ શીડ્યુલ ટ્રાઈબ્સ (પ્રીવેન્શન ઓફ એટ્રોસીટીઝ) એકટ–૧૯૮૯ તથા રૂલ્સ–૧૯૯૫ અને ૨૦૧૬માં બનેલા નિયમોમાં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર કેટલા લોકો તથા કેટલા કુટુંબીજનોને નાણાકીય સહાય, મકાન, જમીન, ઘરવખરી અને ઘરવપરાશની દૈનિક ચીજો માટે ચૂકવવાની થતી રકમ ચૂકવવાની બાકી છે,

(૨) ઉકત સ્થિતિએ અત્યાચારનો ભોગ બનેલા અનુસૂચિત જાતિના લોકોને મળવાપાત્ર વિવિધ સહાય ન ચૂકવવાના કારણો શું છે, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) (અ) તા.૨૫–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૧–રેપ તેમજ ૧–ગેંગરેપ એમ ૨ (બે) બનાવમાં અત્યાચારનો ભોગ બનનાર ૨ (બે) વ્યકિતને નાણાકીય સહાય તથા ઘરવખરી અને ઘરવપરાશની દૈનિક ચીજો માટેની સહાય ચૂકવવાની બાકી છે.

(બ)તા.૨૫–૦૬–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં ૧ (એક) ખૂનના બનાવમાં પેન્શન સહાય ચૂકવવાની બાકી છે.

(૨) (અ) ભાવનગર–મેડીકલ રીપોર્ટ આવેલ ન હોવાથી સહાય ચૂકવેલ નથી.

(બ) બોટાદ–ચાર્જશીટ થવાની બાકી હોઈ પેન્શન સહાય ચૂકવેલ નથી.

(૩) (અ) ભાવનગર–મેડીકલ રીપોર્ટ આવ્યેથી તરત જ સહાય ચૂકવવામાં આવશે.

(બ) બોટાદ–જુન–૨૦૧૯ના એક ખૂનના બનાવમાં ચાર્જશીટ થયેથી પેન્શન મંજૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**અમદાવાદ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૧૯૩૯૨ **શ્રી રાજેશકુમાર ગોહીલ** (ધંધુકા) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાણંદ તાલુકામાં આવેલ ટાટા નેનો પ્રોજેકટમાં છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિકોને રોજગારી પૂરી પાડવામાં આવી,

(૨) ઉકત એકમોમાં સ્થાનિકોને નિયમો મુજબ રોજગારી પૂરી પાડવામાં આવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ (ડિસેમ્બર અંતિત) | સ્થાનિક રોજગારી |
|---|---|
| ૨૦૧૭ | ૧૫૪૪ |
| ૨૦૧૮ | ૧૨૫૯ |

(૨) હા, જી.

| (૩) ઉક્ત સ્થિતિએ લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૩.૨૩,૪૬,૦૦૦/– |

---------

**વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૧૮૨૫૦ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૫૮૮ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૫૭૭ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ૩.૫૭.૭૦ લાખ |

---------

**અમરેલી જિલ્લામાં વોટર ડી–સેલીનેશન પ્લાન્ટ**

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

૧૯૪૪૨ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) :૧૪મી ગુ.વિ.સભાના ત્રીજા સત્રમાં તા.૨૧-૨-૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૧૧૭૦૮ (અગ્રતા-૩૩૩)ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લાના પીપાવાવ નજીક સી વોટર ડી-સેલીનેશન પ્લાન્ટ સ્થાપવા નિર્ણય કરેલ હતો તે કાર્યવાહી કયા તબક્કે છે, | (૧) અમરેલી જિલ્લાના પીપાવાવના રામપરા-૨ ગામ ખાતે ૨૦ એમ.એલ.ડી. ક્ષમતાના સી-વોટર ડિ-સેલીનેશન પ્લાન્ટના કામોના ટેન્ડરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા સ્થળે ઉક્ત પ્લાન્ટ સ્થાપવામાં આવનાર છે, અને | (૨) રામપરા-૨ ગામ પાસે. |
| (૩) ઉક્ત પ્લાન્ટ કેટલી ક્ષમતાનો સ્થપાનાર છે? | (૩) ૨ કરોડ લીટર (૨૦ એમ.એલ.ડી.) |

---------

**રાજ્યમાં બિનઅનામત વર્ગોની વિવિધ સહાય માટેની અરજીઓ**

૧૯૩૫૦ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર રોજગારલક્ષી સહાય, કોચિંગ સહાય, ટ્યુશન સહાય, ભોજન સહાય, વિદેશ અભ્યાસ માટે લોન અને ઉચ્ચ અભ્યાસ માટે લોન મેળવવા બિનઅનામત વર્ગોની કેટલી અરજીઓ મળી, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) ઉક્ત મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી. |

**પત્રક-૧**

| ક્રમ | યોજનાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **તા.૦૧-૦૪-૨૦૧૯ થી તા.૩૧-૦૫-૨૦૧૯** |
| ૧ | રોજગારલક્ષી સહાય | ૦ | ૬૮૯ | ૪૭ |
| ૨ | કોચિંગ સહાય | ૦ | ૪૦૭ | ૧૬૯ |
| ૩ | ટ્યુશન સહાય | ૦ | ૯૧૫ | ૬૦૯ |
| ૪ | ભોજન સહાય | ૦ | ૭૯૧૮ | ૮૪૯૩ |
| ૫ | વિદેશ અભ્યાસ લોન | ૦ | ૪૪૮ | ૨૩૧ |
| ૬ | ઉચ્ચ અભ્યાસ લોન | ૦ | ૧૭૩ | ૪૫ |

**પત્રક-૨**

| ક્રમ | યોજના | વર્ષ ૨૦૧૭-૧૮ | | | વર્ષ ૨૦૧૮-૧૯ | | | તા.૦૧-૦૪-૨૦૧૯ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | પડતર | મંજૂર | નામંજૂર | પડતર | મંજૂર | નામંજૂર | પડતર |
| ૧ | રોજગારલક્ષી સહાય | ૦ | ૦ | ૦ | ૩૮૮ | ૧૭૩ | ૧૨૮ | ૩૦ | ૦૦ | ૧૭ |
| ૨ | કોચિંગ સહાય | ૦ | ૦ | ૦ | ૩૬૭ | ૪૦ | ૦૦ | ૧૬૦ | ૦૦ | ૦૯ |
| ૩ | ટ્યુશન સહાય | ૦ | ૦ | ૦ | ૮૪૧ | ૭૪ | ૦૦ | ૫૮૯ | ૨૦ | ૦૦ |
| ૪ | ભોજન સહાય | ૦ | ૦ | ૦ | ૭૫૩૭ | ૩૮૧ | ૦૦ | ૮૩૦૨ | ૧૦૧ | ૯૦ |
| ૫ | વિદેશ અભ્યાસ લોન | ૦ | ૦ | ૦ | ૩૮૪ | ૬૪ | ૦૦ | ૨૨૪ | ૦૭ | ૦૦ |
| ૬ | ઉચ્ચ અભ્યાસ લોન | ૦ | ૦ | ૦ | ૧૬૫ | ૦૮ | ૦૦ | ૪૧ | ૦૪ | ૦૦ |

---------

**અરવલ્લી જિલ્લામાં બાકી હક્ક પત્રક નોંધો**

૧૮૧૧૮ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લામાં ઈ–ધરા કેન્દ્રોમાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૨૧૫૦ |
| (૨) ઉકત બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) તા.૦૩–૦૭–૨૦૧૯ની સ્થિતિએ ઉકત તમામ બાકી નોંધોનો નિકાલ કરવામાં આવેલ છે. |

---------

**રાજ્યમાં જુના સર્વે નંબરને બદલે નવા સર્વે નંબરો આપવા બાબત**

૧૯૫૬૯ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકારે ખેડૂતોના જમીનના જુના સર્વે નંબરોના સ્થાને નવા સર્વે નંબરો આપવામાં આવે છે તેનો નિર્ણય રાજ્ય સરકારે ક્યારે કર્યો, | (૧) સરકારશ્રી દ્વારા રાજ્યમાં રી–સરવે કરવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. જમીન મહેસૂલ કાયદા અને નિયમોમાં રી સર્વે દરમિયાન આપો–આપ નવેસરથી સર્વે નંબરો આપવાની જોગવાઈ છે. આમ, રાજ્ય સરકારે જુના સર્વે નંબરના સ્થાને નવા સર્વે નંબરો આપવાનો કોઈ ઈલાયદો નિર્ણય કરેલ નથી. |
| (૨) આ જુના સર્વે નંબરોના બદલે નવા સર્વે નંબરો આપવાના કારણો શા છે, અને | (૨) ગુજરાત જમીન મહેસૂલ નિયમો–૧૯૭૨ના પ્રકરણ–૩ (૩) માં થયેલ જોગવાઈ અન્વયે ધારણ કરેલી દરેક જમીનની જુદી જુદી માપણી કરવી, પ્રત કરવી તથા તેની આકારણી કરવી અને તેની હદ નિશાનથી જુદી ઠરાવવી અને જમીનને લગતા રેકર્ડમાં તે સર્વે નંબર તરીકે દાખલ કરવાની જોગવાઈ છે. |
| (૩) તેના કારણે ખેડૂતોને શું ફાયદો થયો ? | (૩) રી સર્વે દરમિયાન જમીનના તમામ સ્વતંત્ર ટુકડાઓને અલગ નંબર આપવાની કાયદાકીય જોગવાઈથી નવા સર્વે નંબર અપાય છે. જેને કારણે ખેડૂતોની દરેક જમીનના અલગ અને સ્વતંત્ર ટુકડાઓને અલગ સર્વે નંબર મળવાથી તેની ચોક્કસ ઓળખ, ઝડપથી અને ચોકસાઈ પૂર્વક થઈ શકે છે. જેથી ખેડૂતો વચ્ચે તથા સહકારી મંડળી/બેંક/સરકારી કચેરી જેવી સંસ્થાઓ સાથે પોતાની ચોક્કસ જમીનનો વ્યવહાર સુગમતા અને ચોકસાઈથી કરી શકે છે. |

**તાપી અને વડોદરા જિલ્લામાં નવા ટયુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ**

૧૯૪૮૮ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વડોદરા જિલ્લામાં જીલ્લાવાર કેટલા ગામોના પીવાના પાણી માટેના નવા ટયુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ બનાવ્યાના કામો મંજૂર થયા, મંજૂર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**તાપી જિલ્લોઃ–**

| વર્ષ | નવા ટયુબવેલ | | | નવી ઓવરહેડ ટાંકીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | ગામો | મંજૂર | પૂર્ણ | ગામો | મંજૂર | પૂર્ણ |
| ૨૦૧૭–૧૮ | ૩૦ | ૫૮ | ૫૧ | ૦૫ | ૦૫ | ૦૫ |
| ૨૦૧૮–૧૯ | ૨૯ | ૫૧ | ૩૪ | ૦૦ | ૦૦ | ૦૦ |

**વડોદરા જિલ્લો**

| વર્ષ | નવા ટયુબવેલ | નવી ઓવરહેડ ટાંકીઓ |
|---|---|---|

| | ગામો | મંજૂર | પૂર્ણ | ગામો | મંજૂર | પૂર્ણ |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૨૨ | ૨૩ | ૨૩ | ૦૯ | ૧૦ | ૧૦ |
| ૨૦૧૮–૧૯ | ૧૧ | ૧૧ | ૧૧ | ૦૪ | ૦૪ | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પીવા લાયક પાણી નહીં મળતુ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી અને મળેલ ફરિયાદો પરત્વે સરકારે શાં પગલાં ભર્યાં?

(૨) ઉક્ત વિગતે છેલ્લા બે વર્ષમાં પીવાલાયક પાણી ન મળવા બાબતે તાપી અને વડોદરા જીલ્લામાં એક પણ ફરીયાદ મળેલ નથી.

---------

## જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવા ટયુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ

૧૯૪૨૩ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જીલ્લાવાર કેટલા ગામોના પીવાના પાણી માટેના નવા ટયુબવેલ તથા નવી ઓવરહેડ ટાંકીઓ બનાવ્યાના કામો મંજૂર થયા, મંજૂર થયેલ કામો પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે,

**જૂનાગઢ જિલ્લોઃ–**

| વર્ષ | નવા ટ્યુબવેલ | | | નવી ઓવરહેડ ટાંકીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | ગામો | મંજૂર | પૂર્ણ | ગામો | મંજૂર | પૂર્ણ |
| ૨૦૧૭–૧૮ | ૧૮ | ૧૮ | ૧૮ | ૦૮ | ૦૮ | ૦૮ |
| ૨૦૧૮–૧૯ | ૨૩ | ૨૩ | ૧૭ | ૦૫ | ૦૫ | ૦૦ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લો**

| વર્ષ | નવા ટ્યુબવેલ | | | નવી ઓવરહેડ ટાંકીઓ | | |
|---|---|---|---|---|---|---|
| | ગામો | મંજૂર | પૂર્ણ | ગામો | મંજૂર | પૂર્ણ |
| ૨૦૧૭–૧૮ | ૦૭ | ૧૦ | ૧૦ | ૦૧ | ૦૧ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પીવા લાયક પાણી નહીં મળતુ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી અને મળેલ ફરિયાદો પરત્વે સરકારે શાં પગલાં ભર્યાં?

(૨) ઉક્ત વિગતો છેલ્લા બે વર્ષમાં પીવાલાયક પાણી ન મળવા બાબતે જૂનાગઢ અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં એક પણ ફરીયાદ મળેલ નથી.

---------

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં લેન્ડ કમિટીએ મંજૂર કરેલ ઘરથાળના પ્લોટ

૧૯૪૧૨ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર લેન્ડ કમિટીએ ઘરથાળના પ્લોટ મંજૂર કર્યા હોવા છતાં સ્થળ ઉપર કબજો અને સનદ ન સોંપવામાં આવેલ હોય તેવા કેટલા લાભાર્થીઓ છે,

(૨) ઉક્ત લાભાર્થીઓને કબજો અને સનદ ન આપવાના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થળ ઉપર કબજો અને સનદ ન સોંપવામાં આવેલ હોય તેવા રાજકોટ જિલ્લામાં ૫૪ લાભાર્થીઓ છે. જ્યારે પોરબંદર જિલ્લામાં લાભાર્થીઓની સંખ્યા શૂન્ય છે.

(૨) ઉકત લાભાર્થીઓને (૧) રાજકોટ જિલ્લાના લાભાર્થીઓને ગામતળમાં દબાણ હોવાથી, ગામતળ ઉપલબ્ધ ના હોવાના કારણે ગામતળ નીમ કરવાની પ્રક્રીયા ચાલતી હોઈ, તથા લાભાર્થીઓ કબજો સંભાળવા સહમત ન હોવાના કારણે, કબજો અને સનદ આપવાના બાકી છે. જ્યારે (૨) પોરબંદર જિલ્લામાં પ્લોટનો કબજો અને સનદ

સોંપવાના બાકી રહેતા ન હોઈ, પ્રશ્ન નથી.

(૩) ઉક્ત લાભાર્થીઓને પ્લોટનો કબજો અને સનદ કેટલા સમયમાં આપવામાં આવશે?

(૩) રાજકોટ જિલ્લામાં ગામતળમાં દબાણો દુર કરેથી તેમજ ગામતળ નીમ થયેથી લાભાર્થીઓને પ્લોટનો કબજો અને સનદ આપવામાં આવશે. પોરબંદર જિલ્લામાં પ્લોટનો કબજો અને સનદ સોંપવાના બાકી રહેતા ન હોઈ, પ્રશ્ન નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઢોરવાડા**

૧૯૪૦૦ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કયા સ્થળે ઢોરવાડા (કેટલકેમ્પ) ચાલે છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં સુરેન્દ્રનગર જિલ્લાના દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ સાત તાલુકાઓ–ધ્રાંગધ્રાં, લીંબડી, સાયલા, મુળી, થાનગઢ, પાટડી અને લખતર પૈકી ધ્રાંગધ્રાં તાલુકામાં એક ઢોરવાડો ચાલે છે, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઢોરવાડાનું નામ | ઢોરવાડાનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રાં | શ્રી લુણા નાના વિવિધલક્ષી માનવ સેવા ટ્રસ્ટ, મું.લુણા નાના તા.ભુજ, જિ.કચ્છ. | મુ.દુદાપુર |

(૨) ઉક્ત ઢોરવાડા વાર કેટલા ઢોરની નિભાવણી ઉક્ત સ્થિતિએ થઈ રહી છે, અને

(૨) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત ઢોરવાડામાં નિભાવતા પશુઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઢોરવાડાનું નામ | જે તે ઢોરવાડામાં નિભાવાતાં પશુઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ધ્રાંગધ્રા | શ્રી લુણા નાના વિવિધલક્ષી માનવ સેવા ટ્રસ્ટ, મું.લુણા નાના તા.ભુજ, જિ.કચ્છ. | ૬૨૨ |

(૩) ઢોરવાડા દીઠ વધુમાં વધુ કેટલા ઢોરની નિભાવણી કરી શકાય?

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૦–૧૨–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક અછત/૧૦૨૦૧૮/૧૦૬૮/સ.૧ની શરત નં.૧૩ મુજબ એક ઢોરવાડા દીઠ વધુમાં વધુ ૧૦૦૦ તથા તીવ્ર દુષ્કાળગ્રસ્ત વિસ્તારો પુરતી પશુઓની સંખ્યા ૧૫૦૦ સુધી વધારી શકાય છે.

---------

**ખેડા અને પંચમહાલ જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકનું મંજૂર મહેકમ**

૧૯૪૬૦ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને પંચમહાલ જીલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુધન નિરીક્ષક વર્ગ–૩નું મંજૂર મહેકમ કેટલું છે

**જવાબ**

(૧)

| અ. નં | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની મંજૂર જગ્યા | પશુધન નિરીક્ષક વર્ગ–૩ની મંજૂર જગ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૨૦ | ૪૪ |
| ૨ | પંચમહાલ | ૨૪ | ૩૭ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| અ. નં | જિલ્લો | પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | પશુધન નિરીક્ષક, વર્ગ–૩ |
|---|---|---|---|

| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડા | ૧૧ | ૦૯ | ૩૦ | ૧૪ |
| ૨ | પંચમહાલ | ૧૭ | ૦૭ | ૧૭ | ૨૦ |

જિલ્લાવાર જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની માહિતી **પત્રક–અ** મુજબ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની અને પશુધન નિરીક્ષક વર્ગ–૩ની રાજયકક્ષાની ખાલી જગ્યાઓ શક્ય તેટલી ઝડપથી ભરવામાં આવશે. જ્યારે પશુધન નિરીક્ષક વર્ગ–૩ની પંચાયત કક્ષાની ખાલી જગ્યાઓ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ભરવાની થાય છે.

**પત્રક–અ**

| અ.નં. | જિલ્લાનું નામ | જગ્યા ક્યારથી ખાલી છે? | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ ખાલી જગ્યાની સંખ્યા | પશુધન નિરીક્ષક વર્ગ–૩ ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ખેડા | એક વર્ષથી ઓછા સમયથી | ૦૦ | ૦૨ |
| | | એક થી બે વર્ષ સુધીની | ૦૨ | ૦૯ |
| | | બે થી ત્રણ વર્ષ સુધીની | ૦૦ | ૦૦ |
| | | ત્રણ વર્ષથી વધુ સમયથી | ૦૭ | ૦૩ |
| | | **કુલ** | **૦૯** | **૧૪** |
| ૨ | પંચમહાલ | એક વર્ષથી ઓછા સમયથી | ૦૨ | ૦૧ |
| | | એક થી બે વર્ષ સુધીની | ૦૪ | ૦૪ |
| | | બે થી ત્રણ વર્ષ સુધીની | ૦૦ | ૦૪ |
| | | ત્રણ વર્ષથી વધુ સમયથી | ૦૧ | ૧૧ |
| | | **કુલ** | **૦૭** | **૨૦** |

---------

**સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના**

૧૮૧૬૦ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯માં સાબરકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજી મળી,

(૧) ૧૯૫૪

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૧૯૫૪

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ.૯૪૪.૮૦ લાખ

---------

**ભાવનગર જિલ્લામાં ઢોરવાડા**

૧૯૪૪૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં અછતગ્રસ્ત જાહેર કરાયેલ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કયા સ્થળે ઢોરવાડા (કેટલકેમ્પ) ચાલે છે,

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ દુષ્કાળ વર્ષ ૨૦૧૮–૧૯માં ભાવનગર જિલ્લાના દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ એકમાત્ર તાલુકા, ગારીયાધારમાં કોઈ ઢોરવાડા ચાલુ નથી. જેથી વિગત શૂન્ય છે.

(૨) ઉક્ત ઢોરવાડા વાર કેટલા ઢોરની નિભાવણી ઉક્ત સ્થિતિએ થઈ રહી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઢોરવાડા દીઠ વધુમાં વધુ કેટલા ઢોરની

(૩) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૧૦–૧૨–

| | |
|---|---|
| નિભાવણી કરી શકાય? | ૨૦૧૮ના ઠરાવ ક્રમાંક અછત/૧૦૨૦૧૮/૧૦૬૮/સ.૧ની શરત નં.૧૩ મુજબ એક ઢોરવાડા દીઠ વધુમાં વધુ ૧૦૦૦ તથા તીવ્ર દુષ્કાળગ્રસ્ત વિસ્તારો પુરતી પશુઓની સંખ્યા ૧૫૦૦ સુધી વધારી શકાય છે. |

---------

**વડોદરા અને પંચમહાલ જિલ્લામાં લેન્ડ કમિટીએ મંજૂર કરેલ ઘરથાળના પ્લોટ**

૧૯૪૭૭ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર લેન્ડ કમિટીએ ઘરથાળના પ્લોટ મંજૂર કર્યા હોવા છતાં સ્થળ ઉપર કબજો અને સનદ ન સોંપવામાં આવેલ હોય તેવા કેટલા લાભાર્થીઓ છે, | (૧) તા.૩૧−૦૫−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થળ ઉપર કબજો અને સનદ ન સોંપવામાં આવેલ હોય તેવા વડોદરા જિલ્લામાં ૨૦ અને પંચમહાલ જિલ્લામાં શૂન્ય લાભાર્થીઓ છે. |
| (૨) ઉક્ત લાભાર્થીઓને કબજો અને સનદ ન આપવાના કારણો શાં છે, અને | (૨) વડોદરા જિલ્લાના લાભાર્થીઓને ફાળવેલ જગ્યા સ્વીકારેલ ન હોવાથી પ્લોટનો કબજો અને સનદ સોંપી શકાયેલ નથી. જ્યારે પંચમહાલ જિલ્લામાં પ્લોટનો કબજો અને સનદ સોંપવાના બાકી રહેતા ના હોવાથી પ્રશ્ન રહેતો નથી. |
| (૩) ઉક્ત લાભાર્થીઓને પ્લોટનો કબજો અને સનદ કેટલા સમયમાં આપવામાં આવશે? | (૩) વડોદરા જિલ્લાના લાભાર્થીઓને ફાળવેલ જગ્યા સ્વીકારેલ ન હોવાથી વિવાદનો ઉકેલ આવેથી પ્લોટ તેમજ સનદ સોંપવામાં આવશે. જ્યારે પંચમહાલ જિલ્લામાં પ્લોટનો કબજો અને સનદ સોંપવાના બાકી રહેતા ના હોવાથી પ્રશ્ન રહેતો નથી. |

**ગાંધીનગર જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ**

૧૮૧૩૫ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧−૦૩−૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇ−ધરા કેન્દ્રોમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં આવેલ અરજીઓ** |
|---|---|
| ગાંધીનગર | ૨૮૧૧ |
| માણસા | ૨૪૩૧ |
| કલોલ | ૨૬૧૩ |
| દહેગામ | ૩૧૩૭ |
| **કુલ** | **૧૦૯૯૨** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, અને કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડેલ નોંધો | ૧૦૯૯૨ |
| મંજૂર નોંધો | ૮૬૧૨ |
| નામંજૂર નોંધો | ૨૫૫ |

(૩) ઉક્ત નોંધો નામંજૂર કરવાના કારણો શાં છે?

(૩) નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. પેઢીનામામાં વિસંગતતા હોવાથી.
૨. મરણના દાખલા રજૂ કરેલ ન હોવાથી.
૩. સોગંદનામું રજૂ કરેલ ન હોવાથી.

---------

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

ચૌદમી અતારાંકિત યાદી

**આણંદ જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

૧૮૧૭૮ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૩) ઉકત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | આણંદ (ગ્રામ્ય) | ૨૨૨૫ |
| ૨ | આણંદ (શહેર) | ૯૦ |
| ૩ | ઉમરેઠ | ૯૨૭ |
| ૪ | આંકલાવ | ૨૦૨૨ |
| ૫ | બોરસદ | ૩૭૭૩ |
| ૬ | પેટલાદ | ૩૪૫૧ |
| ૭ | સોજીત્રા | ૮૩૬ |
| ૮ | તારાપુર | ૯૩૩ |
| ૯ | ખંભાત | ૨૦૧૪ |
| | **કુલ** | **૧૬૨૭૧** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| ૧ | આણંદ (ગ્રામ્ય) | ૧૪૫૯ | ૭૬૬ |
| ૨ | આણંદ (શહેર) | ૬૪ | ૨૬ |
| ૩ | ઉમરેઠ | ૮૪૫ | ૮૨ |
| ૪ | આંકલાવ | ૧૮૮૯ | ૧૩૩ |
| ૫ | બોરસદ | ૩૦૬૪ | ૭૦૯ |
| ૬ | પેટલાદ | ૨૮૬૭ | ૫૮૪ |
| ૭ | સોજીત્રા | ૭૦૨ | ૧૩૪ |
| ૮ | તારાપુર | ૮૬૩ | ૭૦ |
| ૯ | ખંભાત | ૧૫૬૧ | ૪૫૩ |
| | **કુલ** | **૧૩૩૧૪** | **૨૯૫૭** |

(૩)

| ક્રમ | અરજી નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી. |
| ૨ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી. |
| ૩ | સ્થળે રહેતા ન હોવાથી. |
| ૪ | અવસાન થવાથી. |

---------

**ચૌદમી અતારાંકિત યાદી**

અધ્યક્ષશ્રી : હું ચૌદમી અતારાંકિત યાદી વિધાનસભાના મેજ ઉપર મૂકું છું.

**પાટણ જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજનાના કામો**

અતારાંકિતઃ ૪૭૨૬ (૦૭–૦૧–૨૦૧૯) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાની ગ્રાન્ટ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા કામો માટે કેટલી ગ્રાન્ટ રાજ્ય સરકારે ક્યારે આપી, અને

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત કેટલી રકમના કેટલા કામો પૂર્ણ થયેલા છે?

**મુખ્યમંત્રીશ્રી** (આયોજન)**:** (૧૭-૦૬-૨૦૧૯)

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાઓને કામવાર ગ્રાંટ ફાળવવામાં આવતી નથી પરંતુ પ્રાંતો અને નિર્ધારિત રકમ ફાળવવામાં આવે છે, જે અનુસાર તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ પાટણ જિલ્લાને છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૮૫૦૦.૦૦ લાખની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો અંતર્ગત રૂ.૬૪૦૯.૮૮ લાખની રકમના ૩૦૮૭ કામો પૂર્ણ થયેલ છે.

--------

**ભરૂચ અને જામનગર જિલ્લામાં પાકવીમા માટે નોટીફાઈડ કરેલ પાકો**

અતારાંકિતઃ ૫૬૭૨ (૧૩-૦૨-૨૦૧૯) **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં ભરૂચ અને જામનગર જિલ્લામાં કયા પાકો પાકવીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ,

(૨) ઉક્ત જિલ્લાવાર, પાકવાર કેટલા ખેડૂતોની કેટલી જમીન પાકવીમા હેઠળ આવરી લેવામાં આવી,

(૩) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કયા પાકનો કેટલા ટકા ઉક્ત પાક વીમો કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો અને કેટલા ખેડૂતોને ચૂકવવાનો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ પાકવીમો ચૂકવવાનો બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૯-૦૫-૨૦૧૯)

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં ભરૂચ અને જામનગર જિલ્લામાં નીચે મુજબના પાકો પાકવીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ,

| **નોટીફાઈડ થયેલ પાકનું નામ** | | | |
|---|---|---|---|
| **ભરૂચ** | | **જામનગર** | |
| **ખરીફ-૨૦૧૬** | **ખરીફ-૨૦૧૭** | **ખરીફ-૨૦૧૬** | **ખરીફ-૨૦૧૭** |
| ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત), જુવાર, મગ, અડદ, તુવેર, દિવેલા, કપાસ (પિયત), કપાસ (બિન પિયત) અને કેળ | ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત), જુવાર, મકાઈ, અડદ, તુવેર, દિવેલા, કપાસ (પિયત), કપાસ (બિન પિયત) અને કેળ | કપાસ (પિયત), મગફળી, અડદ, દિવેલા અને તલ | કપાસ (પિયત), કપાસ (બિન પિયત), મગફળી, અડદ, મગ, દિવેલા અને તલ |

(૨) ભરૂચ જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| **ખરીફ-૨૦૧૬** | | |
| કેળ | ૮ | ૧૦.૧૦ |
| કપાસ (પિયત) | ૨૫૯ | ૨૦૮.૮૮ |
| કપાસ (બિન પિયત) | ૨૮ | ૫૧.૧૨ |
| તુવેર | ૮ | ૧૯.૪૯ |
| **ખરીફ-૨૦૧૭** | | |
| કેળ | ૯૦૭ | ૧૫.૩૦ |
| કપાસ (પિયત) | ૨૨૮૮ | ૭૮૫.૦૯ |

| | | |
|---|---|---|
| તુવેર | ૬૧૪૬ | ૧૨.૫૯ |

જામનગર જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| **ખરીફ-૨૦૧૬** | | |
| દિવેલા | ૨૫ | ૩૫.૧૧ |
| કપાસ (પિયત) | ૭૩૪૪૭ | ૧૦૬૫૨૭.૭૭ |
| મગફળી | ૮૦૦૨૫ | ૧૧૯૯૭૦.૫૭ |
| તલ | ૩ | ૨.૯૨ |
| અડદ | ૭ | ૧૨.૪૨ |
| **ખરીફ-૨૦૧૭** | | |
| દિવેલા | ૭૩ | ૧૧૫.૦૨ |
| કપાસ (પિયત) | ૮૨૬૮૮ | ૧૧૮૯૧૧.૦૫ |
| કપાસ (બિન પિયત) | ૨૦૯ | ૩૦૦.૬૬ |
| મગફળી | ૬૭૯૦૩ | ૧૦૧૫૮૭.૯૨ |
| મગ | ૮ | ૧૦.૦૮ |
| તલ | ૨૩ | ૩૭.૮૮ |
| અડદ | ૬ | ૮.૩૬ |

(૩) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ ચૂકવવા પાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચૂકવવામાં આવેલ છે. જેની વિગત *પત્રક-૧ અને ૨ મુજબ સામેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં પાકવીમા માટે નોટીફાઈડ કરેલ પાકો**

અતારાંકિતઃ ૫૬૭૫ (૧૩-૦૨-૨૦૧૯) **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કયા પાકો પાકવીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ,

(૨) ઉક્ત જિલ્લાવાર, પાકવાર કેટલા ખેડૂતોની કેટલી જમીન પાકવીમા હેઠળ આવરી લેવામાં આવી,

(૩) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કયા પાકનો કેટલા ટકા ઉક્ત પાક વીમો કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો અને કેટલા ખેડૂતોને ચૂકવવાનો બાકી છે,

(૪) ઉક્ત સ્થિતિએ પાકવીમો ચૂકવવાનો બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૯-૦૫-૨૦૧૯)

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં નીચે મુજબના પાકો પાકવીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ.

| **નોટીફાઈડ થયેલ પાકનું નામ** | | | |
|---|---|---|---|
| **ગાંધીનગર** | | **અમદાવાદ** | |
| **ખરીફ-૨૦૧૬** | **ખરીફ-૨૦૧૭** | **ખરીફ-૨૦૧૬** | **ખરીફ-૨૦૧૭** |
| કપાસ (પિયત), ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત), જુવાર, બાજરી, મગ, મગફળી અને દિવેલા | કપાસ (પિયત), ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત), બાજરી, મગ, મગફળી અને દિવેલા | કપાસ (પિયત), કપાસ (બિન પિયત), ડાંગર (પિયત), દિવેલા, બાજરી, મઠ અને તલ | કપાસ (પિયત), કપાસ (બિન પિયત), ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત), દિવેલા, બાજરી, મઠ અને તલ |

(૨) ગાંધીનગર જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| | **ખરીફ–૨૦૧૬** | |
| બાજરા | ૬ | ૧૦.૯૭ |
| દિવેલા | ૨૩ | ૩૦.૨૨ |
| કપાસ (પિયત) | ૪૨૦૪ | ૬૧૭૬.૫૬ |
| મગફળી | ૨૨ | ૨૮.૧૪ |
| જુવાર | ૯ | ૨૨.૧૭ |
| ડાંગર (પિયત) | ૧૬૪ | ૧૮૪.૯૯ |
| | **ખરીફ–૨૦૧૭** | |
| બાજરા | ૧૭ | ૨૩.૨૨ |
| દિવેલા | ૧૭૭ | ૨૨૩.૭૯ |
| કપાસ (પિયત) | ૨૭૪૯ | ૨૯૭૪.૮૫ |
| મગફળી | ૨૧૬ | ૩૦૦.૯૫ |
| મગ | ૨ | ૦.૭૯ |
| ડાંગર (પિયત) | ૧૭૪ | ૨૩૫.૭૨ |
| ડાંગર (બિન પિયત) | ૧ | ૦.૯૩ |

અમદાવાદ જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| | **ખરીફ–૨૦૧૬** | |
| બાજરા | ૨ | ૦.૭૯ |
| દિવેલા | ૧૬૭૧૫ | ૧૦૨૦૪.૫૯ |
| કપાસ (પિયત) | ૩૨૮૮૫ | ૨૫૬૯૦.૬૦ |
| કપાસ (બિન પિયત) | ૭૭૪ | ૧૬૮૨.૦૨ |
| મઠ | ૨ | ૧.૩૮ |
| ડાંગર (પિયત) | ૯૧૧૯૧ | ૮૪૮૯૬.૮૯ |
| | **ખરીફ–૨૦૧૭** | |
| બાજરા | ૩ | ૦.૫૦ |
| દિવેલા | ૭૩૫૫ | ૪૭૭૭.૮૨ |
| કપાસ (પિયત) | ૧૬૫૦૯ | ૧૪૯૦૯.૨૮ |
| કપાસ (બિન પિયત) | ૯૪૦ | ૨૨૮૦.૯૫ |
| મઠ | ૨ | ૦.૨૦ |
| ડાંગર (પિયત) | ૭૬૦૯૮ | ૭૪૫૬૭.૦૩ |
| ડાંગર (બિન પિયત) | ૨૪ | ૩૨.૫૧ |

(૩) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ચૂકવવા પાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચૂકવવામાં આવેલ છે, જે અંગેની વિગત *પત્રક–૧ અને ૨ મુજબ સામેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પાક વીમા માટે નોટીફાઈડ કરેલ પાકો**

અતારાંકિતઃ ૫૬૭૭ (૧૩–૦૨–૨૦૧૯) **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

ચૌદમી અતારાંકિત યાદી

(૧) વર્ષ–૨૦૧૬ અને વર્ષ–૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કયા પાકો પાક વીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ,

(૨) ઉક્ત જિલ્લાવાર, પાકવાર કેટલા ખેડૂતોની કેટલી જમીન પાક વીમા હેઠળ આવરી લેવામાં આવી,

(૩) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કયા પાકનો કેટલા ટકા ઉક્ત પાક વીમો કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો અને કેટલા ખેડૂતોને ચૂકવવાનો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ પાકવીમો ચૂકવવાનો બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૮–૦૫–૨૦૧૯)

(૧) વર્ષ–૨૦૧૬ અને વર્ષ–૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં નીચે મુજબના પાકો પાકવીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ,

| **નોટીફાઈડ થયેલ પાકનું નામ** | | | |
|---|---|---|---|
| **જૂનાગઢ** | | **પોરબંદર** | |
| **ખરીફ–૨૦૧૬** | **ખરીફ–૨૦૧૭** | **ખરીફ–૨૦૧૬** | **ખરીફ–૨૦૧૭** |
| મગફળી, કપાસ (પિયત), અડદ, કપાસ બિન પિયત | મગફળી, કપાસ (પિયત), અડદ, કપાસ (બિન પિયત) | મગફળી, મગ, કપાસ (પિયત), અડદ, દિવેલા, કપાસ (બિન પિયત) | મગફળી, કપાસ (પિયત), દિવેલા, કપાસ (બિન પિયત) |

(૨) જૂનાગઢ જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| **ખરીફ–૨૦૧૬** | | |
| કપાસ (પિયત) | ૮૮૨૭ | ૯૨૫૦.૫૦ |
| કપાસ (બિન પિયત) | ૬ | ૯.૧૪ |
| મગફળી | ૧૬૩૧૦૦ | ૨૧૫૩૨૦.૧૦ |
| અડદ | ૧૪ | ૧૪.૪૯ |
| **ખરીફ–૨૦૧૭** | | |
| કપાસ (પિયત) | ૧૦૪૦૬ | ૧૧૩૨૬.૩૧ |
| કપાસ (બિન પિયત) | ૨૩ | ૩૭.૪૩ |
| મગફળી | ૧૫૫૦૫૭ | ૨૧૧૨૬૧.૦૮ |
| અડદ | ૨ | ૧.૪૨ |

પોરબંદર જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| **ખરીફ–૨૦૧૬** | | |
| કપાસ (પિયત) | ૩૬૧ | ૫૩૨.૯૩ |
| કપાસ (બિન પિયત) | ૯ | ૧૧.૦૦ |
| મગફળી | ૬૫૪૪૦ | ૭૫૯૪૪.૯૩ |
| મગ | ૨ | ૨.૦૩ |
| **ખરીફ–૨૦૧૭** | | |
| દિવેલા | ૧૦ | ૧૯.૩૫ |
| કપાસ (પિયત) | ૩૨૯ | ૭૧૫.૬૮ |
| કપાસ (બિન પિયત) | ૧ | ૧.૨૪ |
| મગફળી | ૩૩૭૬૦ | ૭૬૮૧૫.૬૩ |

(૩) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિ ચૂકવવા પાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચૂકવવામાં આવેલ છે, જે અંગેની વિગત *પત્રક–૧ અને ૨ મુજબ સામેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**આણંદ અને રાજકોટ જિલ્લામાં પાકવીમા માટે નોટીફાઈડ કરેલ પાકો**

અતારાંકિતઃ ૫૬૭૮ (૧૩-૦૨-૨૦૧૯) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં આણંદ અને રાજકોટ જિલ્લામાં કયા પાકો પાકવીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ,

(૨) ઉક્ત જિલ્લાવાર, પાકવાર કેટલા ખેડૂતોની કેટલી જમીન પાકવીમા હેઠળ આવરી લેવામાં આવી,

(૩) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કયા પાકનો કેટલા ટકા ઉક્ત પાક વીમો કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો અને કેટલા ખેડૂતોને ચૂકવવાનો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ પાકવીમો ચૂકવવાનો બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૯-૦૫-૨૦૧૯)

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં આણંદ અને રાજકોટ જિલ્લામાં નીચે મુજબના પાકો પાકવીમા માટે નોટીફાઈડ કરવામાં આવેલ,

| **નોટીફાઈડ થયેલ પાકનું નામ** | | | |
|---|---|---|---|
| **આણંદ** | | **રાજકોટ** | |
| **ખરીફ-૨૦૧૬** | **ખરીફ-૨૦૧૭** | **ખરીફ-૨૦૧૬** | **ખરીફ-૨૦૧૭** |
| ડાંગર (પિયત), કપાસ (પિયત), બાજરી, દિવેલા અને કેળ | ડાંગર (પિયત), કપાસ (પિયત), બાજરી, દિવેલા અને કેળ | મગફળી, કપાસ (પિયત), કપાસ (બિન પિયત), બાજરી, દિવેલા અને તલ | મગફળી, કપાસ (પિયત), કપાસ (બિન પિયત), દિવેલા |

(૨) આણંદ જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| **ખરીફ-૨૦૧૬** | | |
| બાજરા | ૯૬ | ૮૩.૧૭ |
| કેળ | ૧૧૩૨ | ૧૧૪૦.૭૯ |
| કપાસ (પિયત) | ૧૨ | ૫.૯૩ |
| ડાંગર (પિયત) | ૪૯૭૬ | ૮૦૨૦.૫૨ |
| **ખરીફ-૨૦૧૭** | | |
| બાજરા | ૧૩૩ | ૬૭.૫૮ |
| કેળ | ૪૬૪ | ૧૭૬.૧૩ |
| કપાસ (પિયત) | ૩૬ | ૩૬.૩૮ |
| ડાંગર (પિયત) | ૮૫૦૦ | ૬૪૩૬.૬૯ |

રાજકોટ જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| **પાકનું નામ** | **ખેડૂતોની સંખ્યા** | **પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.)** |
|---|---|---|
| **ખરીફ-૨૦૧૬** | | |
| દિવેલા | ૧ | ૨.૨૧ |
| કપાસ (પિયત) | ૭૬૯૧૮ | ૧૨૬૪૯૪.૧૬ |
| કપાસ (બિન પિયત) | ૪૩ | ૫૨.૦૩ |
| મગફળી | ૧૪૯૮૮૭ | ૨૮૬૨૪૧.૯૪ |

| પાકનું નામ | ખેડૂતોની સંખ્યા | પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.) |
|---|---|---|
| ખરીફ-૨૦૧૬ | | |
| તેલ | ૧ | ૩.૨૪ |

| પાકનું નામ | ખેડૂતોની સંખ્યા | પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.) |
|---|---|---|
| ખરીફ-૨૦૧૭ | | |
| દિવેલા | ૧૨ | ૩૦.૨૬ |
| કપાસ (પિયત) | ૬૭૨૧૫ | ૧૪૬૭૫૧.૫૯ |
| કપાસ (બિન પિયત) | ૫૫ | ૯૨.૪૯ |
| મગફળી | ૧૩૫૨૯૫ | ૨૭૧૮૩૩.૩૯ |

(૩) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ ચૂકવવા પાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચૂકવવામાં આવેલ છે. જેની વિગત *પત્રક-૧ અને ૨ મુજબ સામેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**વડોદરા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાકવીમા માટે નોટીફાઇડ કરેલ પાકો**

અતારાંકિતઃ ૫૬૮૦ (૧૩-૦૨-૨૦૧૯) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં વડોદરા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કયા પાકો પાકવીમા માટે નોટીફાઇડ કરવામાં આવેલ,

(૨) ઉક્ત જિલ્લાવાર, પાકવાર કેટલા ખેડૂતોની કેટલી જમીન પાકવીમા હેઠળ આવરી લેવામાં આવી,

(૩) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કયા પાકનો કેટલા ટકા ઉક્ત પાક વીમો કેટલા ખેડૂતોને ચૂકવવામાં આવ્યો અને કેટલા ખેડૂતોને ચૂકવવાનો બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ પાકવીમો ચૂકવવાનો બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :** (૦૯-૦૫-૨૦૧૯)

(૧) વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૭ની ખરીફ પાક સીઝનમાં વડોદરા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નીચે મુજબના પાકો પાકવીમા માટે નોટીફાઇડ કરવામાં આવેલ,

| નોટીફાઇડ થયેલ પાકનું નામ | | | |
|---|---|---|---|
| વડોદરા | | દેવભૂમિ દ્વારકા | |
| ખરીફ-૨૦૧૬ | ખરીફ-૨૦૧૭ | ખરીફ-૨૦૧૬ | ખરીફ-૨૦૧૭ |
| કપાસ (પિયત), કપાસ (બિન પિયત), ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત), મકાઇ, બાજરી, તુવેર અને દિવેલા | કપાસ (પિયત), કપાસ (બિન પિયત), ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત), મકાઇ, બાજરી, તુવેર, કેળ અને દિવેલા | મગફળી, કપાસ (પિયત), મગ દિવેલા અને તલ | મગફળી, કપાસ (પિયત), મગ દિવેલા અને તલ |

(૨) વડોદરા જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| પાકનું નામ | ખેડૂતોની સંખ્યા | પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.) |
|---|---|---|
| ખરીફ-૨૦૧૬ | | |
| બાજરા | ૧૩૯ | ૭૦.૭૨ |
| દિવેલા | ૧૫ | ૧૧.૫૪ |
| કપાસ (પિયત) | ૨૪૮૮ | ૧૮૯૯.૨૩ |
| મકાઈ | ૨ | ૪.૦૩ |

| પાકનું નામ | ખેડૂતોની સંખ્યા | પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.) |
|---|---|---|
| ડાંગર (પિયત) | ૬૩૬ | ૫૨૨.૫૮ |
| તુવેર | ૧૭૭ | ૧૩૬.૭૧ |
| **ખરીફ–૨૦૧૭** | | |
| બાજરા | ૪૪ | ૨૭.૮૨ |
| દિવેલા | ૨૭ | ૨૭.૫૧ |
| કપાસ (પિયત) | ૪૦૨૬ | ૨૮૭૫.૧૧ |
| કપાસ (બિન પિયત) | ૧૧ | ૮.૬૬ |
| મકાઈ | ૩ | ૨.૨૬ |
| ડાંગર (પિયત) | ૩૫૪ | ૩૧૭.૯૮ |
| તુવેર | ૧૨૪ | ૧૨૫.૭૫ |

દેવભૂમિ દ્વારકા જિલ્લાની પાકવાર માહીતી નીચે મુજબ છે.

| પાકનું નામ | ખેડૂતોની સંખ્યા | પાક વિમા હેઠળ આવરેલ વિસ્તાર (હે.) |
|---|---|---|
| **ખરીફ–૨૦૧૬** | | |
| દિવેલા | ૭ | ૧૫.૮૬ |
| કપાસ (પિયત) | ૩૦૦૩ | ૪૫૨૨.૨૧ |
| મગફળી | ૮૮૧૪૬ | ૧૪૦૦૦૬.૮૨ |
| **ખરીફ–૨૦૧૭** | | |
| દિવેલા | ૩ | ૭.૭૩ |
| કપાસ (પિયત) | ૩૦૨૪ | ૭૧૩૨.૫૬ |
| મગફળી | ૫૫૫૯૭ | ૧૩૮૬૨૨.૨૬ |
| મગ | ૧ | ૦.૬૧ |
| તલ | ૧ | ૦.૬૩ |

(૩) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ ચૂકવવા પાત્ર દાવા સંબંધિત વિમા કંપની દ્વારા ચૂકવવામાં આવેલ છે. જે અંગેની વિગત *પત્રક–૧ અને ૨ મુજબ સામેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓને અને રાજ્ય સરકારના કર્મચારીઓને રજા પગારમાં વિસંગતતા બાબત**

અતારાંકિતઃ ૫૭૦૦ (૧૯–૦૩–૨૦૧૯) **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ૧૦૦ ટકા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને નિવૃત્તિ સમયે ૧૫૦ રજાનો પગાર આપવા સરકારે ઠરાવેલ છે. જ્યારે રાજ્ય સરકારના કર્મચારીઓને નિવૃત્તિ સમયે ૩૦૦ રજાનો પગાર આપવામાં આવે છે. તે ગંભીર વિસંગતતાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ વિસંગતતાના મુખ્ય શા કારણો છે, અને

(૩) ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને થતો અન્યાય દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલા ભર્યા છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૧–૦૬–૨૦૧૯)

(૧) હા, જી.

(૨) એકાઉન્ટ જનરલની કચેરી, રાજકોટ દ્વારા વિભાગના તા.૦૨–૧૧–૨૦૧૩ના પરિપત્ર ક્રઃ બમશ/૧૧૨૦૧૩/ ૬૮/ગ થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને નિવૃત્તિ સમયે રજાનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા બાબતે લેવાયેલ નિર્ણય બાબતે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવેલ હતા.

જ્યાં સુધી આ પ્રશ્નો અંગે નાણા વિભાગનો પરામર્શ ના થાય ત્યાં સુધી જરૂરી સ્પષ્ટતા થઈ શકે તેમ ના હોવાથી વિભાગ દ્વારા તા.૨૩-૧૦-૨૦૧૮ના પરિપત્રથી ઉક્ત તા.૦૨-૧૧-૨૦૧૩ના પરિપત્રનો અમલ સ્થગિત કરવામાં આવેલ હતો. આ કારણોસર વચ્ચેના થોડા સમય માટે વિસંગતતા ઉદ્‌ભવેલ હતી.

(૩) વિભાગના તા.૦૩-૦૬-૨૦૧૯ના પરિપત્ર ક્રઃ બમશ/૧૧૨૦૧૩/૬૮/ગ થી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિ સમયે રજાનું રોકડમાં રૂપાંતર કરવા બાબતે જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ થઈ હોઈ, આ બાબતે હવે કોઈ વિસંગતતા રહેતી નથી.

--------

**અમદાવાદ જિલ્લામાં સરકારી હોસ્પિટલો/દવાખાનામાં ભરવામાં આવેલી જગ્યાઓ**

અતારાંકિતઃ ૩૩૨૯ (૨૪-૧૨-૨૦૧૮) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં અમદાવાદ જીલ્લામાં સરકારી હોસ્પીટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કઈ જગ્યાઓ આઉટ સોર્સીંગ, કરાર આધારિત અને વીઝીટીંગ ધોરણે ભરવામાં આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા પગારથી ઉક્ત વ્યક્તિઓને નિમણૂંક આપવામાં આવેલ છે, અને

(૩) કઈ ગ્રાન્ટ/યોજનાઓમાંથી ઉક્ત પગાર ચૂકવવામાં આવે છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૩૦-૦૫-૨૦૧૯)

(૧), (૨) અને (૩) પત્રક-અ અને પત્રક-બ સામેલ રાખેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**અમદાવાદ જિલ્લામાં સરકારી હોસ્પિટલો/દવાખાનામાં ભરવામાં આવેલી જગ્યાઓ**

અતારાંકિતઃ ૩૪૨૯ (૨૪-૧૨-૨૦૧૮) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં અમદાવાદ જીલ્લામાં સરકારી હોસ્પીટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કઈ જગ્યાઓ આઉટ સોર્સીંગ, કરાર આધારિત અને વીઝીટીંગ ધોરણે ભરવામાં આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા પગારથી ઉક્ત વ્યક્તિઓને નિમણૂંક આપવામાં આવેલ છે, અને

(૩) કઈ ગ્રાન્ટ/યોજનામાંથી ઉક્ત પગાર ચૂકવવામાં આવે છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૩૦-૦૫-૨૦૧૯)

(૧), (૨) અને (૩) *પત્રક-અ અને *પત્રક-બ સામેલ રાખેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ધી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ લાઈસન્સીંગ એન્ડ રજીસ્ટ્રેશન રેગ્યુલેશન-૨૦૧૧ સમયે રજીસ્ટર્ડ થયેલા કતલખાનાઓ**

અતારાંકિતઃ ૫૭૨૭ (૦૬-૦૬-૨૦૧૯) **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા): **તા.૨૨-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્ય શ્રી બળદેવજી ઠાકોરના અ.તા.પ્ર.ક.૨૦૭૭ના અનુસંધાને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર અને જૂનાગઢ મ્યુનીસીપલ કોર્પોરેશન સંચાલિત રેગ્યુલેટેડ કતલખાનાઓ ધી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અને નિયમો અને રેગ્યુલેશન ૨૦૧૧નું પાલન ન કરતાં ઈસમોને લાયસન્સો આપવામાં આવ્યાં નથી તે હકીકત સાચી છે,

(૨) ઉપરોક્ત કાયદા અને ભારત સરકારના ધી સ્લોટર હાઉસ રૂલ્સ–૨૦૦૧ અન્વયે લાયસન્સ વિના કોઈ પણ કતલખાના ચલાવી શકાતા નથી તે હકીકત પણ સાચી છે કે કેમ, અને

(૩) જો હા તો, લાંબા સમયથી ગેરકાયદે ચાલતા ઉપરોક્ત કતલખાનાઓ સામે શી કાર્યવાહી કરી, અને તેની જવાબદારી કોને સોંપાઈ છે?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) **:** (૦૩–૦૭–૨૦૧૯)

(૧) હા, તે હકીકત સાચી છે.

(૨) હકીકત સાચી છે.

(૩) ઉપરોક્ત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કતલખાનાઓ પૈકી અમદાવાદ, વડોદરા અને રાજકોટ કોર્પોરેશન દ્વારા સંચાલિત કતલખાનાઓએ લાયસન્સ મેળવવા સંબંધિત ડેઝીગ્નેટેડ ઓફીસરને અરજી કરેલ છે. જ્યારે સુરત, જામનગર અને જૂનાગઢ કોર્પોરેશન દ્વારા સંચાલિત કતલખાનાઓને લાયસન્સ મેળવી લેવા સુચના આપેલ છે અને તેની જવાબદારી જે તે કોર્પોરેશનના ડેઝીગ્નેટેડ ઓફીસરને આ કાયદા અન્વયે જવાબદારી સોંપવામાં આવેલ છે.

--------

**ટાટા મોટર્સ લિ.ને સરકારે ચૂકવેલ લોન**

અતારાંકિતઃ ૪૬૧૧ (૦૧–૦૧–૨૦૧૯) **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ટાટા મોટર્સ લી. અને રાજ્ય સરકાર વચ્ચે નેનો પ્લાન્ટ અંગેના તા.૦૧–૦૧–૨૦૦૯ના ઠરાવ અન્વયે સરકારે ટાટા મોટર્સ લી.ને તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલી લોનની રકમ ક્યારે ચૂકવી,

(૨) ટાટા મોટર્સ લી. દ્વારા કરાઈ રહેલ કરારભંગ અંગે, ઠરાવ અન્વયેની ઉચ્ચ કક્ષાની મોનીટરીંગ સમિતિએ રાજ્ય સરકારને ક્યારે રીપોર્ટ આપ્યો, અને

(૩) તે અન્વયે રાજ્ય સરકારે શા પગલાં લીધા?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૦૩–૦૭–૨૦૧૯)

(૧) ટાટા મોટર્સ લી. અને રાજ્ય સરકાર વચ્ચે નેનો પ્લાન્ટ અંગેના તા.૦૧–૦૧–૨૦૦૯ના ઠરાવ અન્વયે સરકારે ટાટા મોટર્સ લી.ને તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં નીચે મુજબ લોનની રકમ ચૂકવવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | લોનની રકમ ચુકવેલ તારીખ સાથે (કરોડમાં) | |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | તા.૧૪–૦૫–૨૦૧૩ | રૂ.૧૦૬.૨૫ |
| | | તા.૦૬–૦૭–૨૦૧૩ | રૂ.૧૦૬.૨૫ |
| | | તા.૧૨–૧૨–૨૦૧૩ | રૂ.૩૦.૦૨ |
| | | તા.૦૫–૦૩–૨૦૧૪ | રૂ.૯.૮૨ |
| ૨ | ૨૦૧૪–૧૫ | તા.૨૮–૦૮–૨૦૧૪ | રૂ.૨૦.૩૩ |
| | | તા.૦૫–૧૧–૨૦૧૪ | રૂ.૭.૭૩ |
| | | તા.૧૩–૦૨–૨૦૧૫ | રૂ.૯.૧૯ |
| | | તા.૨૫–૦૩–૨૦૧૫ | રૂ.૨૨.૭૧ |
| ૩ | ૨૦૧૫–૧૬ | તા.૦૭–૧૨–૨૦૧૫ | રૂ.૨૦.૮૯ |
| | | તા.૧૯–૦૩–૨૦૧૬ | રૂ.૨૧.૫૯ |
| | | તા.૩૦–૦૩–૨૦૧૬ | રૂ.૧૯.૫૩ |
| ૪ | ૨૦૧૬–૧૭ | તા.૦૭–૧૨–૨૦૧૫ | રૂ.૨૦.૮૯ |
| | | તા.૧૯–૦૩–૨૦૧૬ | રૂ.૨૧.૩૯ |
| | | તા.૩૦–૦૩–૨૦૧૬ | રૂ.૧૯.૫૩ |
| ૫ | ૨૦૧૭–૧૮ | તા.૦૭–૧૦–૨૦૧૭ | રૂ.૩.૮૨ |

(૨) અને (૩) આવો રિપોર્ટ કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

ચૌદમી અતારાંકિત યાદી

**વાયબ્રન્ટ સમીટ-૨૦૧૭ના પ્રચાર પ્રસાર માટે મોકલેલ અધિકારીના ખર્ચ બાબત**

અતારાંકિતઃ ૪૬૪૯ (૦૭-૦૧-૨૦૧૯) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૭ના પ્રચાર અને વિદેશી રોકાણકારોને સમીટની પૂર્વ ભૂમિકા આપવા કયા સનદી અધિકારીઓને કયા દેશોમાં ક્યારે મોકલવામાં આવ્યા, અને

(૨) વિદેશ જતા આ અધિકારીઓને સરકારે પ્લેન ટીકીટ, વીઝા, મેડીક્લેઇમ, દૈનિક ભથ્થા, રહેવા જમવા તથા અન્ય ખર્ચાઓ પેટે કેટલી રકમનો ખર્ચ કરેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૧૩-૦૬-૨૦૧૯)

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૭ના પ્રચાર અને વિદેશી રોકાણકારોને સમીટની પૂર્વભૂમિકા આપવા અંગે જે સનદી અધિકારીઓને વિવિધ દેશોમાં મોકલવામાં આવેલ તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | અધિકારીનું નામ | દેશ | તારીખ |
|---|---|---|---|
| ૧. | શ્રી પંકજ કુમાર, આઇએએસ મેનેજિંગ ડિરેક્ટર<br>ગુજરાત રાજ્ય માર્ગ વાહવ્યવહાર નિગમ | ઓસ્ટ્રેલિયા | ૧-૮-૨૦૧૬ થી<br>૫-૮-૨૦૧૬ |
| ૨. | શ્રીમતી મમતા વર્મા, આઇએએસ ઉદ્યોગ કમિશનર | ઈઝરાયેલ<br>યુ.કે. | ૧-૮-૨૦૧૬ થી<br>૯-૮-૨૦૧૬ |
| ૩. | કુ.એસ.અર્પણા, આઇએએસ<br>માન. મુખ્યમંત્રીશ્રીના અર્ગ સચિવ | રશિયા, પોલેન્ડ, નેધરલેન્ડ | ૫-૯-૨૦૧૬ થી<br>૧૩-૯-૨૦૧૬ |
| ૪. | શ્રી એસ.જે.હૈદર, આઇએએસ<br>અગ્ર સચિવ<br>પ્રવાસન | ઓમાન<br>યુએઈ | ૪-૯-૨૦૧૬ થી<br>૮-૯-૨૦૧૬ |
| ૫. | શ્રી એમ.કે.દાસ<br>અગ્ર સચિવ<br>અન્ન અને નાગરિક પુરવઠા અને કન્ઝ્યુમર એફેર્સ | જાપાન<br>દક્ષિણ કોરીયા | ૧૭-૧૦-૨૦૧૬ થી<br>૨૧-૧૦-૨૦૧૬ |
| ૬. | શ્રી ભરતલાલ, આઇએફએસ<br>રેસિડેન્ટ કમિશનર, નવી દિલ્હી | કેનેડા<br>યુએસએ<br>(ઈસ્ટકોસ્ટ) | ૬-૯-૨૦૧૬ થી<br>૧૬-૯-૨૦૧૬ |
| ૭. | શ્રી ધનંજય દ્વિવેદી, આઇએએસ<br>સચિવ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | યુએસએ<br>(વેસ્ટ કોસ્ટ) | ૧૨-૯-૨૦૧૬ થી<br>૧૬-૯-૨૦૧૬ |
| ૮. | શ્રી પી.કે.પરમાર, આઇએએસ<br>અગ્ર સચિવ, શહેરી વિકાસ વિભાગ | દક્ષિણ આફ્રિકા<br>કેન્યા | ૧૨-૯-૨૦૧૬ થી<br>૧૬-૯-૨૦૧૬ |
| ૯. | શ્રી એલ.ચાંગો, આઇએએસ<br>અગ્ર સચિવ<br>પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ | ફ્રાન્સ<br>જર્મની | ૨૬-૯-૨૦૧૬ થી<br>૧-૧૦-૨૦૧૬ |
| ૧૦. | ડૉ.રાજીવ કુમાર ગુપ્તા, આઇએએસ<br>અગ્ર સચિવ<br>શ્રમ અને રોજગાર વિભાગ | સાઉદી અરેબિયા<br>કુવૈત, કતાર | ૩-૧૦-૨૦૧૬ થી<br>૧૦-૧૦-૨૦૧૬ |
| ૧૧. | શ્રી અશ્વિની કુમાર, આઇએએસ<br>માન.મુખ્યમંત્રીશ્રીના સચિવ | સિંગાપોર<br>તાઈવાન | ૬-૧૦-૨૦૧૬ થી<br>૧૨-૧૨-૨૦૧૬ |
| ૧૨. | શ્રી રૂપવંત સિંઘ, આઇએએસ<br>મેનેજિંગ ડિરેક્ટર<br>ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિ. | તાઈવાન | ૬-૧૦-૨૦૧૬ થી<br>૦૮-૧૦-૨૦૧૬ |
| ૧૩. | શ્રી સંજય પ્રસાદ, આઇએએસ<br>અગ્ર સચિવ<br>કૃષિ અને સહકાર વિભાગ | ચાઈના<br>હોંગ કોંગ | ૧૭-૧૦-૨૦૧૬ થી<br>૨૧-૧૦-૨૦૧૬ |

(૨) વિદેશ જતા આ અધિકારીઓને સરકારે ટિકિટ, વિઝા, મેડીક્લેઇમ, દૈનિક ભથ્થા, રહેવા-જમવા પેટે કુલ રૂ.૭૨,૩૬,૭૦૯.૦૦નો ખર્ચ કરેલ છે.

--------

**રાજ્યમાં ટ્રાન્સપોર્ટ ઇક્વીપમેન્ટ અને પાર્ટસ ગ્રુપમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૫૦૦ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં એમએસએમઇ એન્ટરપ્રાઇઝમાં ટ્રાન્સપોર્ટ ઇક્વીપમેન્ટ અને પાર્ટસ ગ્રુપમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ)**:** (૨૦-૦૬-૨૦૧૯)

તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં એમએસએમઇ એન્ટરપ્રાઇઝમાં ટ્રાન્સપોર્ટ ઇક્વીપમેન્ટ અને પાર્ટસ ગ્રુપમાં નીચે મુજબ મૂડીરોકાણ આવેલ છે.

| ક્રમ | સમગાળો | રોકાણ (રૂ.કરોડ) |
|---|---|---|
| ૧ | જાન્યુ.-૧૪ થી ડીસે.-૧૪ | ૩૮ |
| ૨ | જાન્યુ.-૧૫ થી ડીસે.-૧૫ | ૮૦ |
| ૩ | જાન્યુ.-૧૬ થી ડીસે.-૧૬ | ૩૩ |
| ૪ | જાન્યુ.-૧૭ થી ડીસે.-૧૭ | ૬૦ |
| ૫ | જાન્યુ.-૧૮ થી ડીસે.-૧૮ | ૭૦ |

--------

**રાજ્યમાં અર્થ-મુવીંગ મશીનરી સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૫૦૨ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં અર્થ-મુવીંગ મશીનરી સેક્ટરમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૨૧-૦૬-૨૦૧૯)

તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં એટલે કે તા.૦૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન રાજ્યમાં અર્થ-મુવીંગ મશીનરી સેક્ટરમાં કોઇ મૂડી રોકાણ થયેલ નથી.

--------

**રાજ્યમાં કેમીકલ સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૫૪૪ (૨૮-૦૧-૨૦૧૯) **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેમીકલ સેક્ટરમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૨૧-૦૬-૨૦૧૯)

તા.૩૧-૧૨-૨૦૧૮ ની સ્થિતિએ રાજ્યમાં કેમીકલ સેક્ટરમાં છેલ્લાં પાંચ વર્ષમાં આવેલ મૂડીરોકાણની વર્ષવાર માહિતી નીચે કોષ્ટક મુજબ છે.

| ક્રમ | વર્ષ (કેલેન્ડર વર્ષ) | મૂડીરોકાણ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૨૯૫.૦૦ |
| ૨ | ૨૦૧૫ | ૧૪૮૭.૦૦ |
| ૩ | ૨૦૧૬ | ૨૪૮૯.૦૦ |
| ૪ | ૨૦૧૭ | ૨૦૨૭.૮૪ |

| | | |
|---|---|---|
| ૫ | ૨૦૧૮ | ૧૭૧૪.૦૦ |

---------

**રાજ્યમાં ફોટોગ્રાફી રો ફીલ્મ એન્ડ પેપર સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૫૬૭ (૨૮–૦૧–૨૦૧૯) **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ફોટોગ્રાફી રો ફીલ્મ એન્ડ પેપર સેક્ટરમાં કેટલું મૂડી રોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૨૧–૦૬–૨૦૧૯)

તા.૩૧–૧૨–૨૦૧૮ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ફોટોગ્રાફી રો ફીલ્મ એન્ડ પેપર સેક્ટરમાં નીચે મુજબ મૂડીરોકાણ આવેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **મૂડીરોકાણ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૨૯૫.૦૦ |
| ૨ | ૨૦૧૫ | ૩૧૮.૦૦ |
| ૩ | ૨૦૧૬ | ૪૭૯.૦૦ |
| ૪ | ૨૦૧૭ | ૪૧૦.૦૦ |
| ૫ | ૨૦૧૮ | ૨૯૧.૦૦ |

---------

**રાજ્યમાં ફરમેન્ટેશન ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૬૨૨ (૨૮–૦૧–૨૦૧૯) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ફેરમેન્ટેશન ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરમાં કેટલું મૂડીરોકાણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૧૩–૦૬–૨૦૧૯)

તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં એટલે કે તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન રાજ્યમાં ફેરમેન્ટેશન ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરમાં લાર્જ પ્રોજેક્ટમાં મૂડીરોકાણ આવેલ નથી તેમજ એમએસએમઇ સેક્ટરમાં ફરમેન્ટેશન એક વચગાળાની પ્રક્રિયા હોઇ માહિતી આપી શકાય તેમ નથી.

---------

**રાજ્યમાં સીરામીક્સ સેક્ટરમાં મૂડીરોકાણ**

અતારાંકિતઃ ૫૬૩૪ (૨૮–૦૧–૨૦૧૯) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર સીરામીક્સ સેક્ટરમાં કેટલું મૂડીરોકારણ આવ્યું ?

**મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) **:** (૨૧–૦૬–૨૦૧૯)

તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં સીરામીક્સ સેક્ટરમાં છેલ્લાં પાંચ વર્ષમાં આવેલ મૂડીરોકાણની વર્ષવાર માહિતી નીચેના કોષ્ટક મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ (કેલેન્ડર વર્ષ)** | **મૂડીરોકાણ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૧૪ | ૯૭૫ |
| ૨ | ૨૦૧૫ | ૨૧૩૪ |
| ૩ | ૨૦૧૬ | ૪૪૨૫.૭૧ |
| ૪ | ૨૦૧૭ | ૨૭૬૭.૧૬ |

--------

**રાજ્યમાં જિલ્લાવાર શુધ્ધ પીવાનું પાણી આપવા બાબત**

અતારાંકિતઃ ૪૬૨૩ (૦૩-૦૧-૨૦૧૯) **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર): **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોમાં સ્થાનિક સોર્સથી પીવાલાયક પાણી મળતું નથી, અને

(૨) આવા ગામોને શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે સરકારે શાં પગલા લીધા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૦૨-૦૭-૨૦૧૯)

(૧) રાજ્યમાં ૧૨૯૫૦ ગામોમાં સ્થાનિક સોર્સમાં પીવાલાયક પાણીનો ઓછો જથ્થો હોવાનાં કારણે આ ગામો રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડનાં માધ્યમથી જોડાયેલ છે. તે પૈકી ૮૯૭૬ ગામો નર્મદા આધારીત છે અને બાકીનાં ૩૯૭૪ ગામો અન્ય સ્થાનિક સોર્સ આધારીત છે.

(૨) ગુજરાત સરકારે રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ દ્વારા ૧૨૯૫૦ ગામો જોડાણ કરેલ છે. તે થકી દૈનિક ૩૦૦ કરોડ લીટર પાણી પુરૂ પાડવામાં આવે છે. ૨૮૪૨ ગામોનો સમાવેશ કરતી ૨૭ મુખ્ય જુથ પાણી પુરવઠા યોજનાઓના કામો પ્રગતિમાં છે.

રાજ્યમાં બાકી રહેલા ગામોને પૂરતું પીવાલાયક પાણી મળી રહે તેનું તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર ઈન્દિરા આવાસ યોજના**

અતારાંકિતઃ ૪૨૯૭ (૦૩-૦૧-૨૦૧૯) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા અને કેટલા પૂર્ણ થયા,

(૨) આ માટે ઉકત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ આવાસો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૧૬-૦૫-૨૦૧૯)

(૧) તા.૩૦-૦૯-૨૦૧૮ની સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજનામાં મંજૂર કરેલ આવાસો અને પૂર્ણ કરેલ આવાસોની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મંજૂર કરેલ આવાસો | પૂર્ણ કરેલ આવાસો |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૯૯૪૨૨ | ૬૨૮૭૦ |
| ૨૦૧૪-૧૫ | ૩૧૫૦૬ | ૧૯૬૯૦ |
| ૨૦૧૫-૧૬ | ૨૮૨૬૩ | ૧૬૫૭૭ |
| ૨૦૧૬-૧૭ | ૩૩૦૭૫ | ૩૩૦૭૫ |
| ૨૦૧૭-૧૮ | ૧૦૪૨૨ | ૧૦૪૨૨ |

જિલ્લાવાર અને વર્ષવાર વિગતો આ સાથે સામલ *પત્રક-૧ થી ૫ મુજબ છે.

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | કુલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૪૪૬૩૧.૨૩ |
| ૨૦૧૪-૧૫ | ૩૨૭૦૯.૩૫ |
| ૨૦૧૫-૧૬ | ૧૭૫૫૭.૦૮ |

| | |
|---|---|
| ૨૦૧૬–૧૭ | ૧૬૩૪૪.૩૪ |
| ૨૦૧૭–૧૮ | ૧૫૪૫૭.૫૨ |
| **કુલ** | **૧૨૬૬૯૯.૫૧૩** |

જિલ્લાવાર ખર્ચની વિગતો આ સાથે સામેલ *પત્રક–અ મુજબ છે.

(૩) ઉકત બાકી રહેલ આવાસોની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. ઈન્દિરા આવાસ યોજનાની ગાઈડલાઈન મુજબ લાભાર્થીએ આવાસ જાતે બાંધવાનું હોય છે. આથી આવાસોનું બાંધકામ લાભાર્થી દ્વારા આગળ વધારાતા પૂર્ણ કરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**અમદાવાદ જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેકશન કમિશનર દ્વારા તપાસ બાબત**

અતારાંકિતઃ ૩૯૫૦ (૨૧–૦૧–૨૦૧૯) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેકશન કમિશનર દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ કરવામાં આવી,

(૨) ઉકત તપાસણી દરમિયાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) ઉકત કચેરીઓ પૈકી કઈ કચેરીમાં ક્યા પ્રકારની ગેરરીતિઓ ઘ્યાને આવી, અને

(૪) તે અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૦૨–૦૩–૨૦૧૯)

(૧)

| ક્રમ | તપાસણી કરેલ કચેરીનું નામ | કેટલીવાર તપાસણી કરી |
|---|---|---|
| ૧ | કલેકટર કચેરી, અમદાવાદ વર્ષ–૧/૨૦૧૫,૧/૨૦૧૭ | ૨ |
| ૨ | પ્રાંત કચેરી, વિરમગામ વર્ષ–૭/૨૦૧૫ | ૧ |
| ૩ | પ્રાંત કચેરી, અમદાવાદ (પશ્ચિમ) વર્ષ–૬/૨૦૧૫ | ૧ |
| ૪ | પ્રાંત કચેરી, સાણંદ વર્ષ–૧૦/૨૦૧૩, ૨/૨૦૧૭ | ૨ |
| ૫ | પ્રાંત કચેરી, દશક્રોઈ વર્ષ–૧૧/૨૦૧૩, ૭/૨૦૧૭ | ૨ |
| ૬ | પ્રાંત કચેરી, ધોળકા વર્ષ–૦૬/૨૦૧૪, ૧૦/૨૦૧૭ | ૨ |
| ૭ | પ્રાંત કચેરી, ધંધુકા વર્ષ–૦૮/૨૦૧૪, ૯/૨૦૧૭ | ૨ |
| ૮ | સીટી ડેપ્યુટી કલેકટર (ઈસ્ટ), અમદાવાદ વર્ષ–૦૬/૨૦૧૬ | ૧ |
| ૯ | નાયબ કલેકટરશ્રી (બીનખેતી) અમદાવાદ વર્ષ–૧૦/૨૦૧૩, ૮/૨૦૧૪, ૯/૨૦૧૫, ૧/૨૦૧૭, 3/૨૦૧૮ | ૫ |
| ૧૦ | ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના એકમ–૧, ધંધુકા વર્ષ–૦૫/૨૦૧૪ | ૧ |
| ૧૧ | વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદ વર્ષ–૦૮/૨૦૧૫ | ૧ |
| ૧૨ | મામલતદાર કચેરી, સાણંદ ૧૨/૨૦૧૫, ૨/૨૦૧૬ | ૨ |
| ૧૩ | મામલતદાર કચેરી, બાવળા ૨/૨૦૧૫, ૫/૨૦૧૮ | ૨ |
| ૧૪ | મામલતદાર કચેરી, માંડલ વર્ષ–૪/૨૦૧૫ | ૧ |
| ૧૫ | મામલતદાર કચેરી, ધોળકા વર્ષ–૯/૨૦૧૬ | ૧ |
| ૧૬ | મામલતદાર કચેરી, દેત્રોજ વર્ષ–૧/૨૦૧૪, ૧/૨૦૧૬ | ૨ |
| ૧૭ | મામલતદાર કચેરી, ધંધુકા વર્ષ–૨/૨૦૧૮ | ૧ |
| ૧૮ | મામલતદાર કચેરી, વિરમગામ વર્ષ–૦૮/૨૦૧૪ | ૧ |
| ૧૯ | મામલતદાર કચેરી, દસક્રોઈ વર્ષ–૧૨/૨૦૧૪ | ૧ |
| ૨૦ | મામલતદાર કચેરી, ધોલેરા, ૧૦/૨૦૧૬ | ૧ |
| ૨૧ | જિલ્લા પંચાયત કચેરી, અમદાવાદ વર્ષ–૧/૨૦૧૫, ૪/૨૦૧૭ | ૨ |

| | | |
|---|---|---|
| ૨૨ | તાલુકા પંચાયત કચેરી, સાણંદ વર્ષ–૧૨/૨૦૧૫ | ૧ |
| ૨૩ | તાલુકા પંચાયત કચેરી, દેત્રોજ વર્ષ–૧/૨૦૧૬ | ૧ |
| ૨૪ | તાલુકા પંચાયત કચેરી, માંડલ વર્ષ–૪/૨૦૧૫ | ૧ |
| ૨૫ | તાલુકા પંચાયત કચેરી, ધોળકા વર્ષ–૯/૨૦૧૬ | ૧ |
| ૨૬ | તાલુકા પંચાયત કચેરી, ધંધુકા વર્ષ–૨/૨૦૧૮ | ૧ |
| ૨૭ | તાલુકા પંચાયત કચેરી, વિરમગામ વર્ષ–૦૮/૨૦૧૪ | ૧ |
| ૨૮ | તાલુકા પંચાયત કચેરી, દસક્રોઈ વર્ષ–૧૨/૨૦૧૪ | ૧ |
| ૨૯ | તાલુકા પંચાયત કચેરી, બાવળા વર્ષ–૦૨/૨૦૧૫ | ૧ |
| ૩૦ | તાલુકા પંચાયત કચેરી, ધોલેરા વર્ષ–૧૦/૨૦૧૬ | ૧ |

(૨) ઈન્સ્પેકશન દરમિયાન મહેસૂલ તપાસણી કમિશનરશ્રીની કચેરી દ્વારા મહેસૂલી તથા પંચાયત કચેરીઓની નિયત થયેલ પ્રશ્નાવલીમાં જણાવેલ બાબતોની તપાસ કરવામાં આવી જેની વિગત આ સાથે સામેલ *પરિશિષ્ટ–૧ થી ૭ માં દર્શાવેલ છે.

(૩) કલેકટર કચેરી–૨, પ્રાંત કચેરી–૧૧, બિનખેતી એમક–૫, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી–૨, મામલતદાર કચેરી–૧૨ જિલ્લા પંચાયત કચેરી–૨ તથા તાલુકા પંચાયત કચેરી–૯ ની તપાસણી દરમિયાન વહીવટી ક્ષતિઓ કેસના નિકાલની કામગીરીમાં વિલંબ તથા કાર્યપધ્ધતિમાં થયેલ સામાન્ય ત્રુટી–ક્ષતિયુકત કાર્યવાહી કરવામાં આવતી હોવાની બાબત ધ્યાનમાં આવેલ છે.

(૪) ૧. ક્ષતિઓ અન્વયે વહીવટી બાબતોમાં જરૂરી સુધારાઓ કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. નિયત કાર્યવાહીમાં ક્ષતિ માટે ભવિષ્યમાં કાળજી લેવાની સુચનાઓ આપવામાં આવેલ છે.

૩. ક્ષતિ નોંધના મુદ્દાઓની પૂર્તતા સંબંધિત કચેરી દ્વારા કરાતા પારા નિકાલ ગણવામાં આવેલ છે. બાકી રહેલ પૂર્તતા માટે કલેકટરશ્રી તથા પ્રાંત અધિકારીશ્રીઓને અર્ધ સરકારી પત્રો દ્વારા પ્રસંગોપાત ધ્યાન દોરવામાં આવેલ છે. તેમજ મેમોરીડીંગ વખતે જરૂરી સુચનાઓ/માર્ગદર્શન આપવામાં આવેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેકશન કમિશ્નર દ્વારા તપાસ બાબત**

અતારાંકિતઃ ૩૯૮૬ (૨૧–૦૧–૨૦૧૯) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા): **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૯–૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રેવન્યુ ઈન્સ્પેકશન કમિશનર દ્વારા કઈ કચેરીની કેટલીવાર તપાસ કરવામાં આવી,

(૨) ઉકત તપાસણી દરમિયાન કઈ બાબતોની તપાસ કરવામાં આવી,

(૩) ઉકત કચેરીઓ પૈકી કઈ કચેરીમાં ક્યા પ્રકારની ગેરરીતિઓ ધ્યાને આવી, અને

(૪) તે અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા ?

**મહેસૂલ મંત્રીશ્રી :** (૨૭–૦૩–૨૦૧૯)

(૧) *પત્રક–અ મુજબ.

(૨) ઈન્સ્પેકશન દરમિયાન મહેસૂલ તપાસણી કમિશનરશ્રીની કચેરી દ્વારા મહેસૂલી તથા પંચાયત કચેરીઓની નિયત થયેલ પ્રશ્નાવલીમાં જણાવેલ બાબતોની તપાસ કરવામાં આવી જેની વિગત આ સાથે સામેલ *પરિશિષ્ટ–૧ થી ૫ માં દર્શાવેલ છે.

(૩) કલેકટર કચેરી–૩, પ્રાંત કચેરી–૩, મામલતદાર કચેરી–૫, જિલ્લા પંચાયત કચેરી–૩ તથા તાલુકા પંચાયત કચેરી–૪ ની તપાસણી દરમિયાન વહીવટી ક્ષતિઓ, કેસના નિકાલની કામગીરીમાં વિલંબ તથા કાર્યપધ્ધતિમાં થયેલ સામાન્ય ત્રુટી–ક્ષતિયુકત કાર્યવાહી કરવામાં આવતી હોવાની બાબત ધ્યાનમાં આવેલ છે.

(૪) ૧. ક્ષતિઓ અન્વયે વહીવટી બાબતોમાં જરૂરી સુધારાઓ કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. નિયત કાર્યવાહીમાં ક્ષતિ માટે ભવિષ્યમાં કાળજી લેવાની સુચનાઓ આપવામાં આવેલ છે.

૩. ક્ષતિ નોંધના મુદ્દાઓની પૂર્તતા સંબંધિત કચેરી દ્વારા કરાતા પારા નિકાલ ગણવામાં આવેલ છે. બાકી રહેલ પૂર્તતા માટે કલેકટરશ્રી તથા પ્રાંત અધિકારીશ્રીઓને અર્ધ સરકારી પત્રો દ્વારા પ્રસંગોપાત ધ્યાન દોરવામાં આવેલ છે. તેમજ મેમોરીડીંગ વખતે જરૂરી સુચનાઓ/માર્ગદર્શન આપવામાં આવેલ છે.

(*પત્રક અને પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર રસ્તાના સુધારણા પાછળ ખર્ચ**

અતારાંકિતઃ ૫૨૭૬ (૨૨-૦૧-૨૦૧૯) **ગેનીબેન ઠાકોર** (વાવ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૮ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર રાજ્ય ધોરી માર્ગો તેમજ પંચાયત હસ્તક ક્યા રસ્તાને સુધારવા કેટલા ખર્ચે મંજૂરીઓ આપવામાં આવી,

(૨) આ રસ્તાઓ પૈકી તાલુકાવાર ક્યા રસ્તાઓનું કામ ક્યા તબક્કે છે, અને

(૩) ઉકત રસ્તાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**નાયબ મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) **:** (૦૨-૦૫-૨૦૧૯)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી નાણાખાતાની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં ગુજરાત રાજ્યના હિતમાં હું મારા વિચારો રજૂ કરવા માંગું છું. વિકાસની વાતો ઘણા વખતથી આપણે સાંભળી રહ્યા છીએ. ગુજરાત વિકાસશીલ રાજ્ય છે એવું પણ સાંભળી રહ્યા છીએ પરંતુ આજે જી.ડી.પી. રેશિયો જોઇએ તો જી.ડી.પી. રેશિયા ઉપરથી ખ્યાલ આવશે કે આપણે કેટલા વિકાસમાં આગળ વધી રહ્યા છીએ? આપણો રૂપિયો કયાંથી આવે છે અને આપણો રૂપિયો કયાં ઘસાઇને જાય છે અને વિકાસ પાછળ કેટલો વપરાય છે એની ચિંતા જરૂર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી કરતા હશે પરંતુ રાજ્ય ઉપર કુદકે ને ભુસકે જે દેવું વધી રહ્યું છે એ વધતા દેવાને કારણે લોકોમાં ચિંતાનો વિષય ઉભો થયો છે. આજે જે બાળક જન્મે છે તે બાળક જન્મતાની સાથે ૪૦,૦૦૦ દેવાની સાથે જન્મ થાય તેવી પરિસ્થિતિ થઇ છે. ગાંધીનું ગુજરાત છે. સરદાર વલ્લભભાઇ પટેલ એક લોખંડી તાકાત હતી જેમણે આ રાજ્ય કરતા પણ દેશની ચિંતા કરી હતી અને દેશની ચિંતા કરનારા લોખંડી પુરુષ જયારે દેશને મળ્યા હોય, એમનું રાજ્ય હોય ત્યારે ગુજરાતની ખૂબ ચિંતા કરવાની જરૂર છે. રાજયનું બજેટ વધવા જતા વિકાસનું ફંડ ઓછું ફાળવાય છે એની અમને સતત ચિંતા થાય છે. એના માટે મોટી રકમ આપવી જોઇએ પરંતુ અપાતી નથી. સરકાર ચિંતા કરે છે લોકોના ઘરે નળમાં પાણી આવશે. મહેસાણામાં તો એવું કહેવામાં આવતું હતું કે નળમાં પાણીને બદલે પેટ્રોલ આવશે. કલ્પસર માટે કેટલા વર્ષોથી આપણે ચિંતા કરીએ છીએ. આ રાજયના અન્ય મુખ્યમંત્રીઓ અનેક પ્રકારની વાતો કરતા ગયા છે. કેશુભાઇ પટેલ જેવા કલ્પસરનું સ્વપ્નું જોતા હતા એમાં નાણા ફાળવાતા નથી. મારા સામેના પક્ષના મિત્રો અનેક વખત કહે છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આ રાજયના મુખ્યમંત્રી હતા અને એમણે આ કરવા માટે ચિંતા કરી છે અને તે કરવા માટે ચિંતા કરી છે એવી વાતો કરતા હતા. એક હું બુક વાંચતો હતો એમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના શબ્દો આવ્યા છે. પાણીના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે કલ્પસર યોજનાને નકકર સ્વરૂપ આપવા માટે સરકાર કટિબદ્ધ છે. આવી વાતો કરતા હતા એ આજે દેશના બીજી વખત વડાપ્રધાન બન્યા છે. મારા મિત્રો, પાટલી થપથપાવીને છવ્વીસેછવ્વીસ બેઠક આપી છે. ગુજરાતનો આભાર માનો કે ૨૬ બેઠક આપીને આવડા મોટા તમને મત આપ્યા છે ત્યારે મારું સૌરાષ્ટ્ર પાણી વિહોણું થતું હોવાને કારણે દક્ષિણ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. ત્યાં પણ ધંધા રોજગાર ઉપર તરાપ પડી છે. હીરા ઉદ્યોગ ભાંગી રહ્યો છે. એના માટે આ બજેટમાં કોઇ ચિંતા કરી હોય એવું મને લાગતું નથી. કલ્પસર યોજના માટે સૌની યોજનાની સરકારે યોજના કરી છે ત્યારે કલ્પસર યોજના માટે પણ ૧૩૦ કરોડ રૂપિયા ભાડભૂત બેરેજ બનાવવા માટે ફાળવ્યા છે. મારે તો નાણામંત્રીશ્રીને કહેવું છે કે સૌરાષ્ટ્રને જો બચાવવું હોય, આવડો મોટો આપણે ખર્ચ કરીએ છીએ ત્યારે નર્મદા માત્ર ગુજરાત નહીં ચાર રાજયો આધારિત યોજના છે. અને કલ્પસર યોજના એવી છે કે માત્ર ગુજરાત ઉપર આધારિત યોજના છે. અને એ યોજના માટે નાણાની વધારે ફાળવણી કરવામાં આવે તો ભવિષ્યમાં મારી સામેના મિત્રો ગઇકાલે કહેતા હતા કે શ્રી વિરજીભાઇ નર્મદા યોજના તમારા સુધી આવી છે. એટલા માટે સુરતમાંથી તમારા યુવાનો ફરી વખત સૌરાષ્ટ્રમાં આવ્યા છે. સૌરાષ્ટ્રનો રાજકોટ અમુક વિસ્તાર, ભાવનગર અમુક વિસ્તાર, જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં એક પણ વિસ્તારમાં નર્મદાનો ખેતી માટે લાભ મળતો નથી. પીવાના પાણી માટે મહિસાગર પરિયોજના બનાવી, એમાંથી નર્મદાનું પાણી આવ્યું, એમાંથી જરૂર પીવાના પાણી માટે લાભ મળી રહ્યો છે, પરંતુ એ લાભ ન મળવાના કારણે આજે સૌરાષ્ટ્ર ભાંગી રહ્યું છે. મારે તો નીતિનભાઇને વિનંતી કરવી છે કે તમે કરજ ભલે વધારો છો. *(xxx) પીવાના પાણીની વ્યવસ્થા નથી થઇ તે પરિસ્થિતિ નિર્માણ થતી જાય છે કે તે નિર્માણ થતી પરિસ્થિતિમાં ગઇ કાલે મેં વાત સાંભળી હતી કે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચૂંટણી હોવા છતા પણ સુરેન્દ્રનગર અને કચ્છના પશુપાલકો છે, તે બહાર જતા એને રોકી દેવામાં આવ્યા. સારી વાત છે. શા માટે એને બહાર જવું પડે છે? તો પીવાના પાણીની આવી ગંભીર સમસ્યાઓ, કલ્પસર માટેની કલ્પના. આ કલ્પસર યોજના કરવી જરૂરી એટલા માટે બની છે કે નાણાની ફાળવણી માટે બહુ મોટું મન રાખવામાં આવે. અમે કહેશું કે કોંગ્રેસ તમારી સાથે છે. તો તમે કહેશો કે અમારે કોંગ્રેસની જરૂર નથી. પરંતુ સારા વિચારો કોંગ્રેસ જરૂર આપે ત્યારે તમે લઇ જવા માટે તૈયાર છો. તો અમારા વિચારોની સાચી વાત સ્વીકારવા માટેની જરૂર નથી. મારે તો નીતિનભાઇને વિનંતી કરવી છે. આજે ગુજરાત મહત્વનું રાજ્ય છે. મહત્વનું એટલા માટે છે કે ગુજરાતનો ઇતિહાસ જોઇએ તો આ ગુજરાત રાજ્યે દેશને સ્વતંત્રતા અપાવવા માટેનો હાથ ઝાલ્યો હોય તો ગુજરાતના સરદાર વલ્લભભાઇ પટેલે અને ગાંધીજીએ અંગ્રેજોને સમાપ્ત કરવા માટેનું કામ કર્યુ છે. આ ગુજરાત. ગરવું ગુજરાત. મને તો ગૌરવ થાય છે કે આ મુંબઇ રાજમાંથી ગુજરાત જ્યારે ૧૯૬૦ માં જુદું પડ્યું, ત્યારે ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી જો કોઇએ આપ્યા હોય તો મારા ડો.જીવરાજ મહેતા અમરેલી જિલ્લાએ આપ્યા છે. આવી સરસ મજાની ગુજરાતની વાતો છે ત્યારે જી.એસ.એ.ટી. ના અમલ માટેની સરકાર વાતો લઇને આવી છે. જી.એસ.ટી.ના અમલ બાદ ટેક્સ વહેલો ઉઘરાવી લેવામાં આવે છે. પરત જતો નથી. અમારા સી.જે.ચાવડા સાહેબ બોલતા હતા બહુ સાચી વાત બોલ્યા હતા. આ કોણ ટેક્સ ઉઘરાવે છે? બિલિંગ વ્યવસ્થાની ખામીના કારણે વચેટિયાઓ ટેક્સ ઉઘરાવી લે છે અને સરકાર સુધી પહોંચતો નથી અને જે લોકો સાચો જી.એસ.ટી. ભરી દે છે, એમને પાછી પરત ચૂકવણી થતી નથી, એટલે વેપાર ઉદ્યોગ ઉપર મોટી અસર થતી જાય છે. એમાં પણ સરકારે વિચારવાની જરૂર છે. પેન્શન માટેની માગણીઓ લઇને આવ્યા છે, ત્યારે મંત્રીશ્રીને કહેવું છે કે કેન્દ્ર સરકારની પેન્શન ઉપર આધારિત અપરણિત દીકરીઓ છે, એને પણ પેન્શન મળે છે. ગુજરાત રાજ્ય તો ગરવું ગુજરાત છે. વ્હાલી દીકરી માટેની આપણે ચિંતા કરીએ. નામો સરસ રૂપકડા આપીએ, પરંતુ એમના પેન્શનર ઉપર આધારિત એમની દીકરીને એકે એક જિલ્લામાં આવા ૫–૧૦ કિસ્સા આવે એ દીકરીઓને પેન્શન મળવા માટેની સરકારે કયારેય વિચારણા કરી છે ખરી? વ્હાલી દીકરી કેવી રીતે વ્હાલી દીકરી થશે. પેન્શન આધારિત જે દીકરી છે આવા જૂજ કિસ્સાઓ છે. તેમને પેન્શન ન મળવાને કારણે આ દીકરીઓ બીજા ઉપર આધારિત થતી જાય છે. અમુક દીકરીઓ આધારિત થતી જાય છે ત્યારે એને નિરાધાર જેવી પરિસ્થિતિ અનુભવે છે. મારે તો સરકારને વિનંતી કરવી છે આવા કિસ્સા શોધીને કેન્દ્ર સરકારની પેન્શન આધારિત સ્કીમ અન્વયે પુત્રીઓને આજીવન કુટુંબ પેન્શન આપવા માટેની કામગીરી ચાલે છે તેવી કામગીરી અહીયા પણ કરવી જોઇએ. એવી જો કામગીરી કરવામાં આવશે તો મને લાગે છે ૧૦૦થી વધારે કુટુંબની દીકરીઓને બીજા ઉપર આધારિત રહેવું પડશે, એથી વધારે તો નહિ હોય તો, તો સરકાર ઉપર ભારે બોજો પણ પડવાનો નથી. દીકરીઓ માટે વિચારવું જોઇએ, તેવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. બજેટમાં દર વર્ષે વધુ નાણાની જોગવાઇ કરવામાં આવે છે, પણ મારે દુઃખ સાથે કહેવું છે કે આવા નાણાની જોગવાઇ કરવામાં આવે છે. આટલા લાખનું બજેટ. મારી સામેની પાટલીના મિત્રો એવું કહેતા હતા કે આટલું મોટું બજેટનું કદ વધાર્યુ છે. રાજ્યમાં જ્યારે નોટોનું પ્રમાણ વધતું હોય ત્યારે દર વર્ષે મોંઘવારી વધતી જાય છે. એમ કદ વધે છે. આજથી જ્યારે દેશ સ્વતંત્ર થયો ત્યારે પેટ્રોલ, ડીઝલનો કયા ભાવે મળતું હતું? આજે કયા ભાવે પેટ્રોલ ડીઝલ મળે છે? તે દિવસે ખેડૂતોને ખાતર કયા ભાવે મળતું હતું? આજે ખાતર કયા ભાવે મળી રહ્યું છે? જેમ મોંઘવારી વધે છે તેમ બજેટનું કદ વધે છે. પાટલી થપથપાવવાને બદલે તેનો લાભ આપણે સામાન્ય વ્યક્તિ સુધી પહોંચાડીએ છીએ કે કેમ? આજે અમીર અમીર બને છે. ખાતર ઉપર જીએસટી લેવાતો હોય તો મારે કહેવું છે કે, બીજા રાજ્યોની સરખામણીમાં ખાતર ઉપર જીએસટી વધારેમાં વધારે ગુજરાતમાં લેવાય છે. ખેડૂતની ચિંતા કરીને ખાતર ઉપરનો બધો જ ટેક્સ માફ કરવો જોઇએ. આ દેશમાં અનાજ ઉત્પન્ન કરવા માટે કોઇનો મહત્વનો ફાળો હોય તો તે જગતના તાતનો છે. ખાતર ઉપર ટેક્સ લેવાતો હોય તો તે નાબૂદ કરવા માટેની મારી માગણી છે. સરકારના દેવા તથા જવાબદારીઓમાં અવિરતપણે વધારો નોંધાતો જાય છે. તે ચિંતાનો વિષય બન્યો છે. સતત દેવુ વધે તેની સામે વિકાસ થાય તો બરાબર છે પણ વિકાસને બદલે આજે કયા પ્રકારની પરિસ્થિતિ ઉભી થઇ છે. અત્યાર સુધી નોકરી ઉપર હતા તેમને નિવૃત્ત થાય પછી ફરી વખત આપણે નોકરીમાં રાખીએ છીએ. યુવાનોની ચિંતા થતી નથી. યુવાન નોકરીની શોધમાં જાય છે. બે–બે વર્ષ ફરી વખત તેમની નોકરી લંબાવવામાં આવે છે. કોઇ અધિકારી સારા હોય તો લંબાવો.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. આપ બેસી જાઓ. તમામ સભાસદોને ધ્યાનમાં રહે અધ્યક્ષ કોઇપણ વાત કરે તે વાત ઉપર તેને સાંકળીને કોઇ કોમેન્ટ અહીં ના થઇ શકે. જે આપે કરી છે તે રદ કરવામાં આવે છે. વચ્ચે આપને ડીસ્ટર્બ કર્યા નથી. આ ત્રણ મિનિટ વધારે ગણીને જ મૂકી છે ને સચિવશ્રી. ૧૩.૨૬ લખી છે. આપની મિનિટ પૂરી થઇ ગઇ છે. માનનીય બ્રિજેશ મેરજા.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી): માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના ઉપનેતા સન્માનનીય શ્રી નીતિનભાઇ નાણા વિભાગની માગણી લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. નાણાકીય ફાળવણી, સમતોલ વિકાસ અને નાણાં સમયસર વપરાય તેની ચિંતા હું વ્યક્ત કરીશ. માનનીય નાણામંત્રીશ્રી પ્રત્યેક બાબતની ચિવટ રાખનારા છે. કરકસર વહીવટ અને હિસાબ કિતાબમાં માહેર છે. સાથોસાથ રાજકીય અવલોકનો કરવામાં પણ માહેર છે. રાજકીય હિસાબ કિતાબો

પણ સરભર કરે છે. ત્યારે મારી વિનંતી છે કે મેણાં–ટોણાં મારવાની અમારી કાપ દરખાસ્તમાં કરકસરતા દાખવે તેવી આપના મારફત હળવાશથી આ વિનંતી કરું છું. બીજી વાત કરવી છે કે, આર્થિક અનુસાશન...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પાસેથી કહેવાની રીત શીખવા જેવી છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, બીજી હળવાશથી વાત કરવી છે. માનનીય ભુપેન્દ્રસિંહજી અમારી વ્યથા છે કે, હમ આહે ભી ભરતે હૈ તો હો જાતે હૈ બદનામ.

અધ્યક્ષશ્રી : તેની આગળ ના બોલતા.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, ''વહાં સબ કુછ હોતા હૈ તો કુછ નહીં હોતા.'' મૂળ વાત ઉપર આવું તો માનનીય સૌરભભાઇ દાઓસના ઓકસપામના અહેવાલમાં કેટલાક ડરામણાં તથ્યો બહાર આવ્યા છે. દુનિયાના ૬૨ ટકા લોકો પાસે અડધી સંપત્તિ છે. ભારતમાં ધનિકોનો આંકડો પાંચ વર્ષ પહેલાં ૩૮૮ હતો તેમાં પાંચ વર્ષ બાદ આજે ફક્ત ૯ ધનિકો પાસે દેશની ૭૩ % સંપત્તિ છે. આ ૭૩ % સંપત્તિ આ ૧ % ટકા ધનવાનો પાસે છે. માનનીય નીતિનભાઇ એમના બજેટમાં પાંચ સિદ્ધાંતો લાવ્યા છે, તેમાં કૃષિ, રોજગાર, સિંચાઇ, ગ્રીન એન્ડ કલીન ઊર્જા અને પર્યાવરણ. ત્યારે મારે કહેવું છે કે, સિંચાઇ માટે સૌરાષ્ટ્રમાં એક મોટો ડેમ બાંધવો જોઇએ. નવી આઇટમમાં જોગવાઇ કરવી જોઇએ. નવા સરકારી મકાનો બંધાય તેમાં તમે વોટર હાર્વેસ્ટીંગ અને રૂફટોપની જોગવાઇ કરો તો જળ સંચય થાય. ગુજરાત દેશનું અગ્રણી નાણાકીય શિસ્ત અને સદ્ધરતા ધરાવતું રાજ્ય છે ત્યારે હું એટલું ચોક્કસ કહીશ કે ફાળવેલા નાણાંનો પાઇએ પાઇનો સમતોલ હિસાબ રખાય. શ્રી સૌરભભાઇ બેઠા હોય ત્યારે વાત કરવાનું મન થાય કે, જીડીપી માટે ત્રણ પરિમાણો નક્કી કરવાના હોય છે. Primaryમાં એગ્રીકલ્ચરલ અને ઈરીગેશન હોય છે. Secondaryમાં મેન્યુફેકચરીંગ હોય છે અને Tertariમાં સર્વિસ સેકટર એટલે કે સેવાકીય બાબતો હોય છે. ઇન્ટરનેશનલ મોનિટરીંગ ફંડ અને તેના જેવી જે સંસ્થાઓ છે તે આ Tertari બાબત ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરતી હોય છે. ત્યારે માનનીય નીતિનભાઇને વિનંતી કરું છું કે, નોન–પ્રોડક્ટિવીટી ખર્ચ ઉપર કાપ કરીને ગુજરાત સરકાર સર્વિસ સેકટર ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરે. જી.એસ.ટી. વિશે ઘણું કહેવાયું, બે વર્ષ થઇ ગયા એના લવાદો માટે જી.એસ.ટી.ની કાઉન્સિલ પણ હોવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં સત્તા પલટો થતો હોય છે. આગે સે ચલી આતી હૈ. છતાં વહીવટી તંત્ર સરકારની નીતિ અને મત્તા એ જૂની ચાલુ રાખતી હોય છે. નામ લેવાની માનનીય અધ્યક્ષશ્રીએ ના પાડી છે એટલે માનનીય નીતિનભાઇ હું નામ નહીં લઉં પણ એટલું ચોક્કસ કહીશ કે પારદર્શક નીતિ માટે એ ચોક્કસ સુવિખ્યાત છે. ''મત્તા''મીન્સ નાણાં અને નીતિ–મત્તાનો અખત્યાર સંભાળે છે, એટલે ''મત્તા'' વાપરવામાં વિરોધ પક્ષને ''ખત્તા'' ન ખવડાવો એવી વિનંતી કરું છું. નાણાં વિભાગ એ વહીવટી તંત્રનું ચાલકબળ છે. માનનીય નીતિનભાઇના *(xxx) છે. મંત્રીશ્રીઓએ પણ એમના ખાતાના નાણા મેળવવા માટેની જે લગામ શ્રી નીતિનભાઇ પાસે છે ત્યારે સરકારના વિવિધ વિભાગો માટે નાણા વિભાગ વહીવટની ખાલી જગ્યાઓ ભરે એ માટે ઉદાર નીતિ અપનાવે. જે તે વિભાગમાં નાણા વિભાગના એફ.એ. કામ કરતા હોય છે એ ચીકાશ ઓછી કરે તો સારી યોજનાઓ આપણે પ્રજાને આપી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય શિસ્તની વાત કરું તો બજેટમાં નાણાની યોગ્ય ફાળવણી થાય એ તો ખૂબ જરૂરી છે પરંતુ ફાળવેલા નાણા જે તે હેતુ માટે ફાળવેલ હોય એ કામમાં જ વપરાય, સમયસર વપરાય એનો પણ આગ્રહ સેવવો જોઇએ. નાણાકીય શિસ્ત હોવી જરૂરી છે કારણ કે કરવેર વસૂલાતમાં વેચનારની ભૂલનો ભોગ ખરીદનાર ન બને એની ચીવટ રાખવી જોઇએ. હમણા નામદાર સુપ્રીમ કોર્ટે પણ આ બાબતમાં ચૂકાદો આપ્યો છે. માનનીય નીતિનભાઇ, બોર્ડ–કોર્પોરેશનને અપાતી ગ્રાન્ટ વણવપરાયેલી રહે છે એનો હિસાબ ક્યાંય આ બજેટમાં દેખાતો નથી, એના ઉપર આવેલું વ્યાજ એ પણ તમે યોગ્ય સ્તરે વાપરો એવી વિનંતી છે. કમનસીબે કરવેરાની નીતિઓ એવી બનાવી છે કે ધનિકો વધુ ધનિક બને અને ગરીબો વધુ ગરીબ બનીને વિષચક્રમાં ફસાતા જાય છે. ઉધાર પૈસા લેવા ગરીબો મજબૂર બનતા જાય છે, પરિણામે વ્યાજખોરીનું વિષચક્ર વિષમતાપૂર્વક આગળ ધપે છે. નાણાંની ફાળવણી વખતે બજેટમાં ગરીબોની ખેવના કરવી જોઇએ અને જે સાતમા પગાર પંચનો અહીં અમલ કરવામાં આવ્યો છે. પરંતુ કર્મચારીઓને એચ.આર.એ., સી.એલ.એ. અને ટી.એ. તો છઠ્ઠા પગાર પંચ પ્રમાણે આપવામાં આવે છે, તો એમાં પણ આપ ઉદારતા દાખવો. કરવેરા સંબંધી વાત કરીએ તો દુનિયાના ૧૦ ટકા સૌથી વધુ ધનિકોની તુલનામાં ૧૦ ટકા ગરીબ લોકો સૌથી વધુ ટેક્સ ભરે છે એ જોતા રાજ્ય સરકારે ધનિકો ઉપર કરવેરા વસૂલ કરવા સખ્તાઇ દાખવવી જોઇએ અને જે રીતે સૌરભભાઇ એક સરસ શબ્દ વાપરે છે ''કોન્સિયસનેશ ટેક્સ'' એનો અંતરાત્મા ઢંઢોળીને ઉદ્યોગપતિઓને ટેક્સ ભરવા મજબૂર કરવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, એજ આદર્શ વિચારધારા છે કે જેમાં ન્યાય, સમાનતા આધારિત શ્રેષ્ઠ કલ્યાણ થતું હોય. વાઇબ્રન્ટ કરો વાંધો નથી પણ કોરપોરેટ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી પણ અપનાવો, કોર્પોરેટ જગતને સર્વિસ સેકટર તરફ દોરી જાવ. શ્રી અઝીમ પ્રેમજીનો દાખલો આપુ તો એમની સંપત્તિની ૮૦ ટકા રકમ શિક્ષણ અને આરોગ્ય પાછળ વાપરે છે. દેવાની વાત કરી છે એટલે હું ઘી અને દેવાને નહીં સાંકળુ પણ બજેટરી ડિસ્ટ્રીબ્ફશન એવું ન કરો કે, જેને કારણે ગરીબોને ઘી તો ન પીવા મળે પણ દૂધ પણ દોહ્યલુ થયું છે અને છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ છે ત્યારે ગરીબો પછેડી પ્રમાણે સોડ તાણે અને બે છેડા ભેગા કરે એ રીતે આપણી આર્થિક સમતુલા કરો. બજેટમાં શ્રી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નીતિનભાઇ સમાધાન યોજના લાવ્યા છે, મારી જાણકારી મુજબ ગુજરાતમાં ૬૩૯૩ જેટલા ઉદ્યોગગૃહો પાસે ૨૯૦૦૦ કરોડની વસૂલાત બાકી છે આ નાણાં સત્વરે સમાધાનના ધોરણે વસુલાય તો રાજ્યની તિજોરીમાં એની આવક થશે અને ગરીબો માટે વપરાશે. નાણામંત્રીશ્રી આપ આર્થિક અનુશાસનનું કડકાઇથી પાલન કરો એ પણ ખૂબ જરૂરી છે. માનનીય નાણા મંત્રીશ્રી ૨૦૧૮-૧૯માં નેટ ઇન્ટરેસ્ટ અને ગ્રાન્ટ આધારિત કેન્દ્ર સરકારનો ખર્ચ જી.ડી.પી.ના ૭ ટકા હતો. ફુગાવો, બેરોજગારી, સિક્યુરીટી વગેરે ઉપરના ખાનગી ખર્ચા એમાં ગણાય છે ત્યારે મધ્યમ વર્ગીય લોકો અવઢવમાં અટવાયા છે. આજે ઓટોમોબાઇલ ક્ષેત્રે જુઓ તો દ્વિચક્રી વાહનોની ખરીદ શક્તિ ઘટી છે માત્ર લક્ઝરીયસ કારો જ બજારમાં દેખાય છે ત્યારે મધ્યમ વર્ગ ઉપરનું જે ખર્ચ છે એને તમે પ્રોત્સાહીત કરો તો એની ખરીદ શક્તિ વધશે. મારે વચ્ચે રૂમીની એક બહુ મજાની વાત કહેવી છે. અધ્યક્ષશ્રી : સમય પૂરો થવા આવ્યો છે,

શ્રી બ્રિજેશ મેરજા : ત્રીસ સેકન્ડ્સ છે સર.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે,

શ્રી બ્રિજેશ મેરજા : સર.

**અપને શબ્દો કો ઉંચા ઉઠાઓ, આવાજ કો નહિ, વર્ષા ફુલ બહતી હૈ, તૂફાન નહિં**

અધ્યક્ષશ્રી :* (xxx) એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે, માનનીય મંત્રીશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાણાં વિભાગ અને નાણાં વિભાગને લગતા અન્ય ખાતાઓને લગતી વિગતોની માગણી સહિત હું અહીંયા ઉપસ્થિત થયો છે. ગુજરાતનું બે લાખ ચાર હજાર કરોડ રૂપિયા ઉપરાંતનું બજેટ, અમારા બધાજ મંત્રીશ્રીઓના જુદા જુદા વિભાગોની જરૂરિયાત પ્રમાણે રાજ્યની પ્રાયોરિટીને બધાજ વિસ્તારોને લાભ મળે, બધી જ જ્ઞાતિ, જાતિ, સમાજ, વિસ્તારને લાભ મળે એ રીતે અમે આ બજેટ વિધાનસભામાં રજૂ કર્યું અને દરેક વિભાગની માગણીઓ ઉપર સન્માનનીય સભ્યોએ ખૂબ વિશાળ અને ઉંડાણપૂર્વક ચર્ચા કરી અને એમના સૂચનો, ફરિયાદ, આક્ષેપ જેને જે ફાવતું હોય એ પ્રમાણે એમણે રજૂ કર્યું છે. એક શબ્દ આપે કાઢી નાંખ્યો કે નાણાં મંત્રી એટલે આ રીતે. પણ અમારી સરકાર એ ટીમવર્ક વાળી સરકાર છે, અમારો પક્ષ પણ ટીમવર્ક વાળો પક્ષ છે, અમારું સંગઠન પણ ટીમવર્કથી કામ કરે છે અને સાહેબ જેમ ક્રિકેટની ટીમ હોય કે ફૂટબોલની ટીમ હોય કે કબ્બડી કે ખો-ખો ની ટીમ હોય જો સંકલન કરીને કામ કરે તો એ વિજયી થાય છે પણ જેમને સંકલન કરતા નથી આવડતું, જેમને સંગઠન કરતાં નથી આવડતું એવા લોકો બધી જગ્યાએ વારંવાર નિષ્ફળ જાય છે અને આ નિષ્ફળ ગયેલા લોકો જુદા જુદા પ્રકારની ટીપ્પણીઓ કરે એ સમજી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, અનેક વ્યથાઓથી આજે, અનેક ઉપાધિઓથી, અનેક નિષ્ફળતાઓથી આજે મિત્રો પીડાઇ રહ્યા છે. રાજ્યની કોઇ ચુંટણી એવી નથી થતી કે જ્યાં થોડુંક આગળ પડીને કે ઉંચું જોઇને ફરી શકે. અમારા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અત્યારે નથી, અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી પણ આ સન્માનનીય સભાગૃહના સભ્ય છે એ પણ અત્યારે ઉપસ્થિત નથી, એ બન્ને આજે જૂનાગઢની જનતાનો આભાર માનવા ત્યાં ગયા છે. ૬૦માંથી ૫૪ સીટ. આ વિચાર પણ કોઇ ના કરી શકે અને કોંગ્રેસ કહેવાય મુખ્ય વિપક્ષ એટલે એમ હોય કે ભાઇ ભા.જ.પ. પછી કોંગ્રેસ જ આવે, હવે તો સાહેબ એમાંય ત્રીજા નંબરે આવી ગયા અને આ એન.સી.પી.વાળા ચાર સીટ લઇ ગયા અને આ કોંગ્રેસને, સાહેબ આપણે ગુજરાતીમાં એક કહેવત છે ને કે સમ ખાવા પૂરતી, સમ ખાવા પૂરતી એક બેઠક જૂનાગઢ ની જનતાએ આપી છે. હું રાજકીય રીતે કહેવા માગતો નથી. આ બધું છાપાઓમાં, પેપરોમાં, ટી.વી.માં કાલનું બધું ચાલે છે. હું આ વાતને એ રીતે જોડવા માગું છું. શ્રી લલીતભાઇ , તમે પણ ત્યાં ગયા હતા ટી.વી.માં તમારું નિવેદન મેં જોયું હતું કે આમ કરી નાંખીશું અને તેમ કરી નાંખીશું ને ભા.જ.પ.ને શોધ્યો નહિ જડે, વિગેરે વિગેરે. આ શ્રી લલીતભાઇ બેઠાં છે (અંતરાય) મેં તમને જોયા હતા, (અંતરાય) ના નામ ટંકાય, અહીંયા હાજર હોય એનું નામ ટંકાય. તમે ત્યાં ગયા હતા.

શ્રી લલીત વસોયા : મારા નામે ખોટી વાત કેમ કરો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે ત્યાં પ્રચારમાં ગયા હતા. માનનીય અધ્યક્ષશ્રી, હું આ વાત એટલા માટે કહું છું. અમે કોઇ રાજકીય અભિમાનથી કે અમે જીતી ગયા, જૂનાગઢ મ્યુનિસિપલ કોરપોરેશન, એ બહુ મોટું તંત્ર અમારા હસ્તક આવી ગયું એવું કહેવાનો અમારો ઇરાદો નથી. મારો કહેવાનો ઇરાદો એ છે કે, જે સાચું કરે, પારદર્શકતાથી, પ્રમાણિકતાથી પ્રજાની પડખે રહે અને પ્રજાની જરૂરિયાત પ્રમાણે જ્યારે જે જે કરવાપાત્ર હોય. એ કામ જે સરકાર કરે, જે પક્ષ કરે તેને સરકારને અને પક્ષને ગુજરાતની અને દેશની જનતા હંમેશા સમર્થન આપે છે આ સતત આપતી જાય છે તેના હું ઉદાહરણ આપું છું. સી.જે.ચાવડા બોલ્યા, માનનીય વિરજીભાઇ બોલ્યા, માનનીય બ્રિજેશભાઇ બોલ્યા માનનીય બ્રિજેશભાઇની થોડી વાતોને હું સારી રીતે લઉં છું. શ્રી વિરજીભાઇની વાતોને પણ લઉં છું ડો.સી.જે.ચાવડાની કોઇ વાતોમાં મને કોઇ તથ્ય કે ઉંડાણ દેખાયું નહીં એટલે એમની કોઇ વાતનો હું ઉલ્લેખ નહીં કરું. માનનીય અધ્યક્ષશ્રી, આપણે એવા ગૌરવવંતા ગુજરાતના નાગરિકો છીએ સવા સવા કરોડ ગુજરાતીઓ આજે ગુજરાતમાં, દેશમાં અને દુનિયામાં કોઇ જગ્યા એવી નથી કે આપણું ગૌરવ આપણે ના માણતા હોઇએ. જયાં જયાં ગુજરાતી જે ક્ષેત્રમાં જુઓ એ ક્ષેત્રમાં અગ્રેસર ગુજરાતી બધી જ બાબતોમાં ગુજરાતીઓ આગળ છે. મને એ પણ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જણાવતા આનંદ થાય છે કે, આપણાં ભારતના મહાન વૈજ્ઞાનિકોએ જે ચંદ્રયાન-૨ મોકલ્યું તેમાં ઘણાં સ્પેર પાર્ટસ તે આપણી ગુજરાતની ફેક્ટરીઓમાં આપણાં સારામાં સારા નિષ્ણાત કારીગરોએ બનાવેલાં કોમ્પ્યુટરાઇઝ હોય કે મિકેનીકલ હોય કે સોફ્ટવેર પ્રકારના હોય એ સાધનો એ ચંદ્રયાનમાં ગુજરાતમાં બનેલાં લગાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ઇસરો નામની સંસ્થાની વાત થાય છે તેના સ્થાપક ડો.વિક્રમ સારાભાઇ એ આપણાં ગુજરાતી હતા. અહીંયા સરદાર વલ્લભભાઇનો ઉલ્લેખ થયો મહાત્મા ગાંધીજી સાહેબ અમે જોઇએ છીએ અને અમને ખૂબ આનંદ થાય છે. હું તો ઘણાં વર્ષોથી આ સભાગૃહમાં સભ્ય તરીકે બેઠો છું પણ આપ જયારે પધારો છો બપોરે ૧૨-૦૦ કલાકે ત્યારે મહાત્મા ગાંધીજીની આ પ્રતિમાને, આ તૈલચિત્રને આપ નમસ્કાર કરી અને આપનું આસન ગ્રહણ કરો છો. આવા મહાત્મા ગાંધીજીના ગુજરાતના આપણે નાગરિકો છીએ. સરકારની ટીકા ચોક્કસ કરો, સરકારની ભૂલ હોય તો ચોક્કસ ધ્યાન દોરો, સરકારને કંઇ નવુ માગવું હોય તો તમે કહી શકો તમારો હક્ક છે. તમે પણ અઢી ત્રણ લાખની પ્રજાના પ્રતિનિધિ છો અમે તમારું કોઇ અવમૂલ્યન કરવા માગતા નથી પણ માણસ બોલે એવો દેખાય. માણસ જેવુ બોલે એવુ સામા માણસો તેનું મૂલ્યાંકન કરતા હોય છે. આપણે કોઇ લગ્નમાં ગયા હોઇએ, કોઇ પ્રસંગમાં ગયા હોઇએ અને કોઇ ૨૦-૨૫-૫૦- કે ૧૦૦ માણસનો સમૂહ બેઠો હોય અને આપણે કોઇ એવી સુંદર વાત કરીએ, બધાને ગમે એવી, રસ પડે એવી વાત કરીએ તો લોકો આપણાં પ્રત્યે અભિભૂત થાય. અને ઘણાં લોકો એવી નાંખી દેવાની, એવી ફાલતુ વાતો કરે કે પહેલાં બસ્સો અઢીસો માણસ લગ્નની જાનમાં બેઠાં હોય તેને એમ થાય કે આવો વળી અહીંયા કયાંથી આવી ગયો, આને કોણે જાનમાં આમંત્રણ આપ્યું એટલે આવા લોકો પણ મળે છે. જે સન્માનીય છે, જે પ્રજાના પ્રતિનિધિ તરીકે ઉચ્ચ કક્ષાની, ઉચ્ચ ભાવનાથી સારી વાતો અહીંયા કરે છે ટીકા પણ થાય, સરકારની ટીકા ચોક્કસ કરવી જોઇએ. અને અમારા વડાપ્રધાન નરેન્દ્રભાઇનું આપ ભાષણ જુઓ નરેન્દ્રભાઇમાંથી અમે તો શીખેલાં જ છીએ અને શીખીએ છીએ તમારે પણ શીખવાનું છે. મોદી સાહેબે જયારે આ નવી વખત અમારી એન.ડી.એ.ની મોદી સાહેબની સરકાર બની ત્યારે પ્રથમ પ્રવચનમાં પણ માનનીય નરેન્દ્રભાઇએ લોકસભામાં વિપક્ષને એમ કહ્યું કે હું તમારી સંખ્યા સામે નહીં જોઉં પણ હું તમારી ભાવનાઓ સાથે, તમારા મંતવ્યો સાથે, તમારા સૂચનો સાથે તમારી કામગીરીનું હું મૂલ્યાંકન કરીશ. ટોળાંઓ તો સાહેબ ગમે એટલા હોય વિદ્વાન હોય એને વિદ્વાનની કદર થાય. હિંમતવાળો હોય, શુરવીર હોય તેની કદર થાય નમાલા ગમે એટલા ફરતાં હોય પણ તેને કોઇ પૂછતું ના હોય. પણ એક વિદ્વાન હોય, તેજસ્વી હોય એક પૂજય સાધુ-સંત આવે તો આખી સભા ઉભી થઇ અને તેને માન આપતી હોય છે. એક વિદ્વાન આવે, આપણાં કોઇ પ્રોફેસર આવે, કોઇ શહેરના અગ્રણી ડોકટર આવે, કોઇ સારા દાતા આવે તો સમાજ ઉભો થઇ અને તેને આવકારતો હોય છે. અને ગમે તેવા માણસ આવે તો તેની કોઇ નોંધ લેવાતી નથી. હું તો બધાને વિનંતી કરૂં કે આપણે બધાજ ત્રણ ત્રણ લાખના પ્રતિનિધિઓ છીએ આપણે એવી રીતે આપણી જાતને ઉઠાવવી જોઇએ કે સમાજમાં પણ આપણું ગૌરવ વધે, આપણને જોનાર, વાંચનાર, સાંભળનાર એ પણ એમ કહે કે, કહેવું પડે અમારો પ્રતિનિધિ છે. બાકી ગપ્પાં મારવા, વારંવાર જુઠ્ઠું બોલવું, અનેક વખત જેના ખુલાસા થઇ ગયા હોય કે આ નથી, આ નથી, આ નથી છતાં એ એ જ ગાણું ગાયે રાખે છે. તો પછી તમારી વાતની કોઇ વેલ્યુ ના રહે. આપણી ગુજરાતી ભાષામાં સુંદર કહેવાત છે કે વાઘ આવ્યો, વાઘ આવ્યો, વાઘ આવ્યો કરે. અહીંયા ઘણા વાઘ આવ્યો, વાઘ આવ્યો એવું આખો દિવસ કરે છે. પાણી નથી મળતું, રોજગારી નથી મળતી, શિક્ષણ નથી મળતું, સ્કુલમાં ઓરડાઓ નથી, શિક્ષકો નથી, વીજળી નથી, ડૉક્ટરો નથી, રસ્તા નથી. સાચું હોય એ કહે. અમે બધાં મંત્રીઓ અને ભારતીય જનતા પક્ષના અમારા ધારાસભ્યોની એક મજબૂત ટીમ છે. અમારી આ ટીમ સંવેદનશીલ છે. અમે એનું ગૌરવ પણ લઇએ છીએ અને દરેકની વાતને અમે મહત્ત્વ આપીએ છીએ પણ એ લોકો વાઘ આવ્યો, વાઘ આવ્યો કરે છે. આ કહેવત આપણે નાનપણથી સાંભળીએ છીએ. ખાલી – ખાલી આખા ગામને રાત્રે દોડાવે, આખી રાત જગાડે. લોકો ફાનસો અને લાકડીઓ લઇને નીકળે તો ક્યાંય વાઘ ના હોય. આવું આઠ-દસ વખત થયું એટલે પછી ગામવાળાએ આવવાનું બંધ કર્યું અને એક દિવસ આ અફવા ફેલાવનારા, વારંવાર જુઠ્ઠું બોલનારા લોકોના ઘરે ખરેખર વાઘ આવ્યો અને એણે બૂમાબૂમ કરી. તો ગામમાંથી કોઇ આવ્યું જ નહિ. એમણે કહ્યું કે આ તો જુઠ્ઠો છે. ખોટા ઉજાગરા કરાવે છે. એમાં બધું આવી ગયું. જેને જે લાગુ પડતું હોય એ બધાં સમજી લો, સ્વીકાર કરી લો. હું કોઇ ડાયરાનો કલાકાર નથી, હું કોઇ સ્ટેજનો કલાકાર નથી, હું કોઇ લેખક નથી. આ તો મારા મનમાં જે વાતો આવી એ આપની સમક્ષ રજૂ કરી છે. હું નાણા વિભાગની માગણી લઇને આવ્યો છું. અમે બધાંને જમાડીને જમવાવાળા છીએ. આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ આપણા ઘરે લગ્ન પ્રસંગ હોય તો બધાં મહેમાનોને જમાડીને પછી યજમાન જમતા હોય છે. અત્યારે અમે બધાં ભાજપના સભ્યશ્રીઓ આનંદની વાતો કરવા માટે સાંજે મળીએ છીએ. જેમના તરફથી અમને આમંત્રણ મળ્યું હોય, જે અમારા યજમાન હોય એ છેલ્લે જમે છે. કેમ કે, કોઇ વહેલાં – મોડા આવે તો બધાંને જમાડીને જમે છે. એમ અમારો નાણા વિભાગ પણ બધાં જ વિભાગોને ૨ લાખ ૪ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા પછી છેલ્લે નાણા વિભાગનું બજેટ લઇને આવ્યો છું. નાણા વિભાગ અગત્યનો વિભાગ છે. કારણ કે, રાજ્યની આર્થિક સ્થિતિનું બેરોમીટર નાણાકીય સદ્ધરતા છે. દરેક રાજ્યના નાણા વિભાગની કામગીરીથી એનું મૂલ્યાંકન થતું હોય છે. મારા બજેટના પ્રવચનમાં પણ મેં કહ્યું હતું કે મને એકલાને નહિ, એમને એકલાને નહિ આખા ૧૮૨ ધારાસભ્યોને એક ગૌરવ છે કે આપણી બધાંની ઉપસ્થિતિમાં ૨ લાખ ૪ હજાર કરોડ રૂપિયાની માતબર રકમનું બજેટ આપણી ગુજરાત સરકારે આપ્યું છે. હું તો એક પ્રતિનિધિ છું, નાણામંત્રી તરીકે હું છું, બીજું કોઇ પણ હોઇ શકે, અન્ય પણ હતા. અહીંયા ઘીની વાત થઇ. સૌથી વધુ બજેટ રજૂ

કરવાનું સન્માન તો અમારા વજુભાઇ વાળા સાહેબને મળ્યું છે. અમે ૧૯૯૮માં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ચાલુ કરી. એ વખતે આ જ મિત્રો હતા જે કહેતા હતા કે દેવું છે, દેવું છે. ત્યારે મને યાદ છે કે શ્રી વજુભાઇ વાળા સાહેબ અહીંયા નાણામંત્રી તરીકે ઊભા થઇને બોલ્યા હતા કે તમે ચિંતા ન કરો. આપણે તો દેવું કરીને ઘી પીવાનું છે. દેવું ભરનારા ભરશે. અહીંયા કોઇએ કહ્યું કે ગુજરાતમાં એક બાળક જન્મે તો એના માથે ૪૦,૦૦૦ રૂપિયાનું દેવું છે. સાહેબ, હું મિત્રોને કહેવા માગું છું કે તમારી પાસે ગુજરાત સરકાર વતી એક પૈસો પણ લેવા કોઇ આવ્યું? તમે કોઇ જામીન બન્યા છો? તમારું ઘર, મિલકત, જમીન ગુજરાત સરકારે ગીરો મૂકાવી છે? હું બધું  જ કહીશ  તમે ચિંતા ન કરશો. આપણા ગામમાં બધી જાતના લોકો હોય. કોઇકને ખાલી પાંચ હજાર જોઇતા હોય તો આખું ગામ ફરે તો પણ કોઇ ન આપે. અને કોઇને અડધી રાતે ૫૦ હજાર જોઇતા હોય અને બારણું  ખખડાવે કે મારે ફલાણા કામ માટે અત્યારે ૫૦ હજાર જોઇએ છે. બારણું એકનું ખખડાવ્યું  પરંતુ આખો મહોલ્લો જાગી જાય અને કહે તમે કેમ આવ્યા છો તો કહે કે  મારા ૫૦ હજાર જોઇએ છે. તો બધા શું કહે કે મારે ત્યાંથી લઇ જાવ, પેલો એમ કહે કે મારે ત્યાંથી લઇ જાવ. આ ગુજરાત સરકારે એવી પ્રતિષ્ઠા મેળવી છે કે જાહેરમાં સરકાર નિવિદા બહાર પાડે,  સ્ટેટ બેંક હોય, વિશ્વબેંક હોય, જાયકા હોય,  એશીયન ડેવલપમેન્ટ બેંક હોય,  પહેલું  ભરણું ગુજરાત સરકારનું ઓછા વ્યાજનું આખી દુનિયા ગુજરાત સરકારને પૈસા આપવા માટે તેયાર છે. આ પૈસા અમે કોઇ ઉડાવી દેવા માટે નથી ખર્ચતા.  અમે સાહેબ આ રકમ ગુજરાતના વિકાસ માટે ગુજરાતની જરૂરિયાતોને પૂરી કરવા માટે મેં એક પ્રશ્નમાં અગાઉ કહ્યું છે આ કોના કારણે થયું એ ગુજરાત જાણે છે.  નર્મદા યોજના રૂ.૨૫ હજાર કરોડમાં પૂરી થવાની હતી પરંતુ અત્યાર સુધીમાં  ૭૦ હજાર કરોડ ખર્ચ થઇ ચૂકયો છે અને હજી થોડો થશે. એના માટે કોણ જવાબદાર છે? રૂ.૨૫ હજારનું કામ રૂ.૭૦ હજારે શા માટે પહોંચ્યું એ લોકોને શરમ થવી જોઇએ કે અમારા પક્ષના કારણે, અમારી નબળી નેતાગારીના કારણે અમારા ઉપરવાળાના અન્યાયના કારણે આ ૨૫ હજાર કરોડના ગુજરાતે રૂ.૭૦ હજાર કરોડ ખર્ચવા પડે. એ કામ  અમારે કામ પૂરું નહિ કરવાનુ?  ગુજરાતમાં ૧૮ લાખ હેકટરમાં સિંચાઇનું પાણી આપીએ છીએ. ખેડૂતોને પાણી નહિ આપવાનું? અહીંયા માનનીય સભ્યશ્રી વિરજીભાઇ અને બ્રિજેશભાઇએ કહ્યું કે અમને પાણી આપો. સૌની યોજનામાં ૧૨ હજાર કરોડ રૂપિયા કરતાં  વધારે ખર્ચ થઇ ચૂકયો છે. સુજલામ સુફલામ યોજના માનનીય નરેન્દ્રભાઇએ અમલમાં મૂકી હતી ત્યારે આ લોકો કહેતા હતા કે ગુજરાતને દેવામાં ડૂબાડો છો, બહું ખર્ચો થયો, ભ્રષ્ટાચાર થયો. આ ત્રણ ચાર વસ્તુ જ આવે છે. ગળથૂથીમાં લઇને શીખ્યા છે કે પાંચ છ વાર બોલવાનું દેવું, ભ્રષ્ટાચાર, ખોટું થયું વગેરે વગેરે. આજે આ સુજલામ સુફલામ થઇ ત્યારે ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને કહું છું  કે એનાથી ફાયદો ન થયો હોય તો ઉભા થઇને કહો કે ફાયદો નથી થયો. આ નર્મદા યોજનાથી ગુજરાતમાં ૧૮ લાખ હેકટરમાં પાણી આપીએ છીઅ. ચાર કરોડ ગુજરાતીઓને પીવાનું  પાણી આપીએ છીએ. શું એનાથી ફાયદો નથી થયો કોઇ ઉભા થઇને કહે. આ સૌની યોજના સૌરાષ્ટ્રના ધારાસભ્યો શું એનાથી ફાયદો નથી થયો. હું ચોકક્કસ વિરોધપક્ષે શું કહેવું  જોઇએ કે તમે ભાવનગર સુધી જીતુભાઇના વિસ્તાર સુધી પાણી લઇ ગયા તો હવે ભાવનગરથી અમરેલીની લાઇન નાખો આવી માગણી કરવાનો આપનો અધિકાર છે. પણ મૂળમાંથી ભ્રષ્ટાચાર ભ્રષ્ટાચાર ખોટુ થયું વધારે ખર્ચો થયો પૈસા ઉડાડી માર્યા, દેવું કર્યું. દેવું તો કરવું પડે  નર્મદા યોજના પૂરી કરવા રૂ.૭૦ હજાર કરોડ ખર્ચવા પડે. નર્મદા યોજના પૂરી કરવી હોય તો પૈસા કોણ આપવાના છે. ગુજરાત સરકારની પ્રમાણિકતા અને પારદર્શિતા એના કારણે આખી દુનિયા ગુજરાત માટે પૈસા ધીરવા તૈયાર છે. બૂલેટ ટ્રેન મોદી સાહેબ લાવ્યા છે. જાપાન જેવો દેશ જાયકાએ આપણને લોન આપી એનું વ્યાજ શું? ૦.૦૧ ટકો  એક લાખ કરોડ રૂપિયા આ દેશમાં વપરાશે, હજારો લાખો લોકોને રોજગારી મળશે, કારખાનાઓ ચાલશે, મટિરિયલ વેચાશે. આ એક લાખ કરોડ  એ બીજા કશામાં નથી જવાના આ પ્રજા માટે મોદી સાહેબ કરે છે તેમ છતાં તમે વિરોધ કરો છો. આ કેવી રીતે તમે કરો છો. આપણો મોદીસાહેબે મેટ્રો અમદાવાદને આપી. મારે કહેવું  છે અમે દિલ્હી જઇએ ત્યારે બીજા રાજયો  અમને ગમ્મતમાં કટાક્ષમાં કહે છે કે અત્યારે બધે ગુજરાતની વાહવાહ ચાલે છે આવી ગુજરાતની વાહવાહ થતી હોય તો કોના પેટમાં  શું રેડાય છે એ જ મને તો ખબર નથી પડતી.  કોના પેટમાં શું રેડાય છે એ જ મને તો ખબર નથી પડતી સાહેબ. શું રેડાય છે સાહેબ,  આનંદ થવો જોઇએ, આપણા ગુજરાતનું ગૌરવ વધે આપણા દેશનું ગૌરવ વધે, સ્વર્નિભર આપણું  રાજય છે. આપણે લોનો લઇએ છીએ એનો પણ સાહેબ અંદાજ થોડો આપું. સાહેબ, મને સમયની મર્યાદા છે. આપ કહો સાહેબ, ચાર વાગ્યા સુધીનો સમય આપો તો બધી માહિતી આપવા તૈયાર છું, પણ ગિલોટીન કરવું પડે તે હું સમજી શકું છું. દેવા માટેની વાત વારંવાર કરે છે. શ્રી સૌરભભાઇ નાણામંત્રીશ્રી હતા ત્યારે પણ જવાબ આપેલો છે, માનનીય વજુભાઇ ગવર્નર સાહેબ એમની પણ જવાબદારી વધી ગઇ. કર્ણાટકમાં બધું  એમણે નક્કી કરવાનું છે. સાહેબ, ગુજરાત કયાંનો કયાંય વહીવટ કરે છે. કર્ણાટકમાં શું કરવું એ હવે ગુજરાતી નક્કી કરી શકશે. આ આપણા માટે આનંદ અને ગૌરવ છે સાહેબ. એટલે આ ગુજરાત તો ચારે બાજુ વ્યાપ્ત છે. જયાં જયાં નજર મારી પડે ત્યાં મને ગુજરાતી દેખાય આખા દેશમાં આવું બની રહ્યું હોય ત્યારે આજ ગૃહના સભ્ય માનનીય આનંદીબેન પટેલ ભારતના મોટામાં મોટા ૨૨ કરોડથી વધુ વસ્તી ધરાવતા રાજયના ગર્વર્નર નિમાય સાહેબ એનો આપણને આનંદ હોય. સાહેબ, ગુજરાતીઓ, આપણા અધિકારીઓ આ રહી જતા હતા તો આપણા એક આઇ.એ.એસ. અધિકારીને જાપાન પણ મોકલ્યા અને બીજા એક અધિકારીને રાષ્ટ્રપતિના પર્સનલ સેક્રેટરી તરીકે મૂક્યા છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, રાષ્ટ્રપતિજીના પર્સનલ સેક્રેટરી તરીકે રાષ્ટ્રપતિજીએ આપણા ગુજરાતના એક સિનિયર આઇ.એ.એસ.ને પસંદ કર્યા છે. સાહેબ, આ બધો આપણેને ફાયદો છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

દેવાવાળી વાત ઉપર આવું. (અંતરાય) અહીં નવા આવશે અમે નવા લાવીશું અને નિકાસ પણ કરીએ છીએ અને આયાત પણ કરીએ છીએ. આપણા ગુજરાતના જી.એ.એસના ઓફિસરોને (અંતરાય) આજે માનનીય અધ્યક્ષશ્રી મને આનંદ છે. મારા ધ્યાનમાં નહોતું, અમારા સૌથી મોટા નેતા કે જેમણે અમને બધાને માર્ગર્શન આપ્યું છે પૂર્વ મુખ્યમંત્રી અને ખેડૂતોના નેતા માનનીય કેશુભાઇ પટેલનો પણ આજે જન્મ દિવસ છે. આપણે બધા એમને પાટલીઓ થપથપાવી શુભેચ્છા પાઠવીએ. (અંતરાય) અમે બધાને યાદ કરીએ છીએ. અમારા બધા નેતા મળી આવ્ય પણ ખરા, મળી આવ્યા અને શુભેચ્છાઓ પણ પાઠવી આવ્યા છે. (અંતરાય) શ્રી નિરંજનભાઇ, મારે સાહેબ આવડી મોટી ૨ લાખ કરોડની તિજોરી સાચવવાની હોય કોઇ પંજો પાછો પડી ન જાય એની ચિંતા પણ મારે કરવાની હોય. એટલે મારું ધ્યાન નહોતું તમે ધ્યાન દોર્યું એ બદલ આભાર. પણ હું ખાત્રી આપું છું કે, કોઇ પંજો આજે નહીં અને કદી પણ ગુજરાતની પ્રજાની તિજોરી પર અમે નહીં પડવા દઇએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી એમના પ્રવચન દરમ્યાન આ સભ્યો આ ગૃહની અંદર થતી ચર્ચાઓ, સભ્યો દ્વારા થતી ચર્ચાઓ માનનીય અધ્યક્ષશ્રી ગપ્પાં મારવા સાથે સરખાવી. આ ગૃહની અંદર ચૂંટાયેલો જનપ્રતિનિધિ આવે છે એ જમીનની હકીકતો સાથે જોડાઇ અને સરકાર પાસે સત્ય લાવવા પ્રયત્ન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય નાણા મંત્રીશ્રી ખૂબ વરિષ્ઠ આગેવાન છે. સાહેબ, રાજયમાં બજેટનું કદ વધતું જાય છે, આપણું દેવું વધતું જાય છે, વ્યાજનું ભારણ વધતું જાય, કરની આવક વધતી જાય તો પણ સ્થાવર અને જંગમ મિલકતો ઘટે છે. સરકારી સેવાની જવાબદારીઓ ઘટી રહી છે. વિકાસશીલ ખર્ચની ટકાવારી ઘટી રહી છે. આ દેવાના બોજ નીચે દબાયેલી આપણી ભાજપની સરકાર હવે ગુજરાતના ભવિષ્યને પણ ગિરવે મૂકવાનું કામ કરી રહી છે.(અંતરાય) ભવિષ્યનું શું થાશે માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : વિરોધપક્ષનો સમય પૂરો થયેલ છે. આપે જે કહેવાનું હતું એ કહી દીધું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મારો સમય બગડે છે. ચૌદ દિવસ સુધી બોલ્યા છે. આવું ને આવું કહ્યું છે. (અંતરાય) મારી પાસે પણ શબ્દો છે પણ મર્યાદાના કારણે નથી બોલતો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ. પાછા એમને છેડો નહીં, બેસી જાઓ હવે ચાલો.

શ્રી પરેશભાઇ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે કર્ણાટકની વાત કરી, સાહેબ તમે કર્ણાટકમાં કબ્બડી રમવામાં પાવરધા છો અને ગુજરાતમાં કામ કરવામાં ખો શું કામ આપો છો એ અમારે સવાલ પૂછવો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમે કોઇને ખો આપતા નથી, અમે અમારી જવાબદારી ઉપાડીએ છીએ અને ખો માં તમને આઉટ કરી દઇએ છીએ, વારંવાર આઉટ કરી દઇએ છીએ, કાયમ હારી જ જાઓ છો, કોઇ પણ રમત હોય એમને હારી જ જવાનું આવડે છે તો અમે શું કરીએ? એમના ટ્રેઇનર એવા હોય, એમના કોચ એવા હોય, તો અમે શું કરીએ? તમે અમારા કોચ જુઓ, અમારા ટ્રેનર જુઓ, હજુ ઇચ્છા હોય તો આવો શીખવાડી દઇશું બધું. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય ભીખાભાઇ, જૂનાગઢ ની જનતાનો ગુસ્સો અહીંયા ન ઉતારશો. સાહેબ તમારી જગ્યાએ બીજો કોઇ હોય ને તો અઠવાડિયું અહીંયા આવે જ નહીં. અને જૂનાગઢ પણ ન જાય, ઉપર ગિરનારમાં કયાંક કોઇક ગુફામાં જતું રહેવું પડે. હું કહું છું કે ગુજરાતનો ૬૨.૭૯ ટકા આવક એ વિકાસ કામો માટે આ બજેટમાં અને દરેક બજેટમાં આપણે ફાળવી છે. બધું જ બતાવ્યું છે, પણ સાહેબ હું શું કરું ન વાંચે તો મારો વાંક? ૧૩મું નાણા પંચ જયારે હતું, કોંગ્રેસની યુ. પી.એ. ની સરકાર હતી, એણે જે જોગવાઇઓ કરી, આખા દેશ માટે કરી છે, એકલા ગુજરાત મમાટે નહીં કે દેવું કરવાની વ્યાખ્યા શું? કયુ રાજય કેટલું દેવું કરી શકે, અને વધારાનું દેવું કોને કહેવાય. ૧૩માં નાણા પંચે રાજવિતિય શિસ્ત, અને દેવાના નોર્મ્સ, કોંગ્રેસ સરકારે નક્કી કરેલું ૧૩મું નાણા પંચ, એમાં એમણે જે ભલામણો કરેલી અને જે નોર્મ્સ નકકી કર્યા છે એમાં એમણે એવું નક્કી કરેલું કે કોઇ પણ રાજય એનુ એકંદર ઘરગથ્થુ ઉત્પાદન એટલે જી.એસ. ડી. પી.ના ૨૭.૧૦ ટકા સુધીનું દેવું કરી શકશે. લોનો લઇ શકશે. આપણે ગુજરાતની અંદર એ મર્યાદા ઘણી નીચી છે અને ફીસ્કલ ડેફિસીટમાં પણ ૩ ટકાની જે મર્યાદા હતી એની સામે આપણે ખૂબ જ નીચા છીએ. ભારત સરકારના જે ૧૩ માં નાણા પંચે આખા દેશ માટે ૨૭.૧૦ ટકાની મર્યાદા દેવાની નક્કી કરી છે એની આ વર્ષના બજેટમાં ૧૫.૬૯ ટકાએ, એટલે મળવા પાત્ર કરતા લગભગ ૧૧ ટકા ઓછી રકમ બહારથી ગુજરાતની અમારી સરકારે લોનો લીધેલી છે. બીજું સાહેબ ફીસ્કલ ડેફિસીટ કહેવાય એમાં પણ ૩ ટકાની આખા દેશ માટે જે મર્યાદા છે, આપણુ ગુજરાત ૧.૮૪ ટકામાં છે. એટલે આપણે તો જે લઇ શકીએ એના કરતા અડધાથી પણ ઓછી રકમ બજારમાંથી લીધી છે. આ ગુજરાત સરકારની એક સીદ્ધિ છે. બીજા રાજયના આંકડા મંગાવવા હોય તો વેબસાઇટ ઉપર જઇને શ્રી પરેશભાઇ જોઇ લેજો એટલે ખબર પડે કે દુનિયા કયાં ચાલે છે. બીજી જે કેટલીક ચર્ચાઓ અહીંયા કરવામાં આવી છે, હું સમયની મર્યાદામાં કહીશ કે દેવાની સ્થિતિ અમે સતત ઘટાડતા જઇએ છીએ. ૨૦૦૪-૦૫માં રાજયનું જે દેવું હતું તે જી.એસ.ડી.પી.ની સરખામણીમાં ૨૮.૪૮ ટકા હતું. ૨૮ નું ૨૭.૫૬ થયું, ૨૫.૬૦ થયું, ૨૪.૯ થયું, ૨૩.૬૫ થયું, ૨૨.૭૩ થયું, ૨૦.૫ થયું, ૧૮.૮૨ થયું, ૧૮.૫૧ થયું, ૧૭.૭૩ થયું, ૧૭.૫૬ થયું. વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૭.૨૮ થયું, વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૬.૧૭ થયું, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૭.૦૩ થયું અને આ વર્ષે ૧૫.૬૯ ટકાની મર્યાદામાં આ ગુજરાત જાહેર દેવામાં છે. એટલે વર્ષ ૨૦૦૪-૦૫એ ૨૮.૪૮ ટકા હતું. અમારા બધાના સક્રિય પ્રયત્નોથી, નાણાકીય શિસ્તથી, સારા કામથી અને સારા ઉપયોગથી અમે ૧૫.૬૯ સુધી પહોંચ્યા છીએ અને અમારું લક્ષ્ય છે. ગુજરાતના જાહેર દેવામાં હજુ પણ ઘટાડો કરવો અને એક પણ દિવસ, એક પણ લોન સાહેબ, આપણે ડીફર નથી થયા.

મોડા નથી થયા. આ આપણી ગુજરાતની મોટી ઉપલબ્ધિ છે. સાહેબ, હું જી.એસ.ટી. કાઉન્સિલનો મેમ્બર છું. બધા રાજયો, ખાસ કરીને વિપક્ષના રાજયો અરૂણ જેટલીજી નાણામંત્રી હતા ત્યારે વિનંતી કરતા હતા કે રીઝર્વ બેંક પાસે લોન લેવાની મર્યાદા વધારી આપો. આપણને ગૌરવ છે કે ૧૪ વર્ષથી ગુજરાત સરકારે એક પણ વખત ઓવરડ્રાફ્ટ નથી લેવો પડ્યો. અનેક રાજયો ઓવરડ્રાફ્ટ લે, ત્યારે તો પગાર કરે છે. આ સરખામણી કરવી જોઇએ અને અભિનંદન આપવા જોઇએ. તેના બદલે ટીકાઓ કરે છે એ મારી દૃષ્ટિએ વ્યાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પારદર્શકતા. અમે જે નક્કી કર્યું. ગુજરાત સ્ટેટ ડી.બી.ટી. પોર્ટલ ઉપર ૧૪ વિભાગોની ૨૨૫ સ્કીમો મૂકી છે. અમે નથી કહેતા કે ડાયરેક્ટ ટ્રાન્સ્ફર થઇ ગયા, લાભાર્થીના ખાતામાં. કર્મચારીના ખાતામાં. વર્ષ ૨૦૧૯-૨૦માં ૩ કરોડથી વધુ લાભાર્થીને રૂ.૫૫૯૧ કરોડથી વધુ રકમ ડાયરેક્ટ લાભાર્થીઓના ખાતામાં અમે સીધી જમા કરી. કોઇ જગ્યાએ પહેલાં કહેવાતું હતું ને કે ભારત સરકાર રૂપિયો મોકલે છે તો ૧૫ પૈસા વચમાં ઓગળી જાય છે. કોઇ પંજો એને દબાવી દે છે. એ બધું ગયું. આ કરવાના કારણે પ્રજાના ૧૦૮ કરોડ રૂપિયા અમે બચાવી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારનો ગુજરાત માટે જે લાભ મળે છે તેનો ઉલ્લેખ કરવો છે. અટલબિહારી બાજપાઇજીના નામવાળી અટલ પેન્શન યોજનામાં તા.૩૧-૩-૧૯ સુધીમાં ૬,૭૯,૦૫૪ લાભાર્થીઓને આપણે સાંકળી લીધા છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના. આકસ્મિક મૃત્યુ અને સંપૂર્ણ વિકલાંગના કિસ્સામાં રૂ.૨ લાખ રૂપિયા અને આંશિક વિકલાંગના કિસ્સામાં ૧ લાખ રૂપિયા આપે છે. તેમાં ૬૧,૦૫,૦૩૬ લોકોને આપણે એનરોલમેન્ટ કર્યું છે. પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના. આ ગરીબ માણસોની યોજના છે. જીવન વીમા પોલીસીમાં વીમાધારકનું કોઇ પણ કારણસર મૃત્યુ થાય તો તેના પરિવારજનોને ૨ લાખ રૂપિયા ચૂકવવામાં આવે. તેમાં તા.૩૧-૩-૧૯ સુધી ૨૫,૬૫,૪૩૨ વ્યક્તિઓનું એનરોલમેન્ટ કર્યું છે. પ્રધાનમંત્રી જન ધન યોજના. આઝાદીના દાયકાઓ સુધી ગરીબ માણસ બેંકનું પગથીયું નહોતો ચડતો. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ આગલી સરકારમાં પ્રધાનમંત્રી જન ધન યોજના અમલમાં મૂકી. ગુજરાત પૂરતી વાત કરું તો તા.૩૧-૩-૨૦૧૯ સુધીમાં ૧,૩૭,૩૧,૧૮૧ ગરીબોએ બેંકમાં ખાતા ખોલાવ્યા. જે કોંગ્રેસ ગરીબી હટાવવાની વાત કરતી હતી એ કોંગ્રેસે ગરીબોને બેંકનું પગથીયું નહોતું બતાવ્યું. આ મોદી સાહેબે બતાવ્યું. આ મારે તમને કહેવું છે. તેમાં કેટલી રકમ જમા થઇ? આ ગરીબોની બચત. ૪,૧૭૪ કરોડ રૂપિયા ગુજરાતના ગરીબોએ ૧,૩૭,૦૦,૦૦૦ ખાતામાં જમા કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી મુદ્રા યોજના. (અંતરાય) ભાઇ, સાંભળો. તમારે હજુ બહુ શીખવાનું છે. તમે સુરત રહો કે સાવરકુંડલા રહો એ નક્કી કરો પહેલાં. પછી બધું નક્કી કરીશું આપણે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી મુંદ્રા યોજના, નાના માણસોને વગર જામીને લોન આપવાની યોજના મોદી સાહેબે અમલમાં મૂકી, મને જણાવતાં આનંદ થાય છે કે એમાં બે ભાગ છે. શીશુ લોન અને કિશોર લોન, શિશુ લોનમાં ૧૩ લાખ ૬ હજાર ૮ વ્યકિતઓને લોન ચૂકવવામાં આવી અને ૩,૮૧૧ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા. કિશોર લોનમાં ૩ લાખ ૯ હજાર ૬૮૭ લોકોને ૪૭૬૪ કરોડ ચૂકવવામાં આવ્યા. અકસ્માત વીમા યોજના, અહીં જુદી જુદી યોજનાઓની વિગત આપવામાં આવી છે. અમારું જે વીમા નિગમ છે જે ગુજરાતના નાણા વિભાગ હસ્તક છે. એની થોડી માહિતી જો હું આપને બધાને આપું તો આપને બધાને આનંદ થશે કે ગુજરાત સરકાર કેટલું મોટું કામ વીમા યોજનાઓ માટે કરે છે. મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતમાં સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ કુલ સવા છ કરોડ ગુજરાતીઓમાંથી ચાર કરોડ ગુજરાતીઓને ગુજરાતની અમારી ભા.જ.પ.ની શ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર દ્વારા જુદી જુદી વીમા યોજના નીચે અમે આવરી લીધા છે. અમે ચાર કરોડ ગુજરાતીઓને આવર્યા એમાં ખાતેદાર ખેડૂતો, અસંગઠિત શ્રમિકો, પ્રાથમિક શાળાથી માંડી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, વિધવાઓ, વિકલાંગ, હીરાઘસુ કારીગર ભાઇઓ અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. ચાર કરોડ ગુજરાતીઓનો સમાવેશ કર્યો, ના કરે નારાયણ અને કંઇ થાય તો એનું પ્રીમીયમ આપણે ભરીએ છીએ. આપણી ગુજરાત સરકારની કંપની પ્રીમિયમ ભરે છે અને એ ખાનગી કંપની નહીં આપણું કોર્પસ ફંડ બનાવ્યું છે અને એના દ્વારા અમે કરીએ છીએ. જી.એસ.ટી.નો પણ થોડો ઉલ્લેખ કરી લઉં. સમયની મર્યાદા છે. જી.એસ.ટી.માં પણ ગુજરાત સરકારની ઘણી આવકો આપણે મેળવતા જઇએ છીએ. ગુજરાતની જી.એસ.ટી.ની જે કામગીરી છે એ આપણી ખૂબ અગત્યની કામગીરી છે. રાજયની આવકમાં પણ એનો ખૂબ મોટો હિસ્સો છે ત્યારે હું થોડા આકડા આપું કે વર્ષ ૨૦૧૮-૧૯માં આપણા જે કરદાતાઓ નોંધાયેલા છે એના ૯૧ ટકા લોકોએ રીટર્ન ભરી દીધા છે અને વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૧ કરોડ ૪૦ લાખ રીટર્ન આપણા જી.એસ.ટી. ડીપાર્ટમેન્ટે એ હેન્ડલ કર્યા અને વેપારીઓને એનો લાભ આપ્યો છે. મને એ પણ આનંદ છે કે પેટ્રોલ ડીઝલના જયારે દેશમાં અસામાન્ય ભાવ વધ્યા હતા ત્યારે દેશમાં ગુજરાત એક એવું રાજય હતું કે અમે અમારો પેટ્રોલ ડીઝલનો વેટ તા.૫-૧૦-૨૦૧૮ના રોજ ૨૦ ટકા જે હતો એમાં ૩ ટકા ઘટાડો કરી અને ૧૭ ટકા કર્યો હતો એવી જ રીતે નાના વેપારીઓને એક કરોડના બદલે દોઢ કરોડ સુધી હવે આપણે એને compensationનો લાભ આપીએ છીએ. રજીસ્ટ્રેશન પહેલાં ૨૦ લાખ સુધી કરવાનું હતું હવે ૪૦ લાખ સુધી મુકિત આપી છે. એફોર્ડેબલ હાઉસિંગ એમાં પણ ૮ ટકા વેરો હતો એ ઘટાડીને ૧ ટકા કર્યો અને ૧૨ ટકાનો ઘટાડીને ૫ ટકા કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, મારે ઘણું ઘણું કહેવાનું હતું પણ સમયની મર્યાદાને લીધે નથી કહી શકતો ભવિષ્યમાં આપણે ફરી કોઇ પ્રસંગે વાત કરીશું. મારે એક અગત્યની જાહેરાત કરવી છે. અમારી પ્રજા, અમારી સરકાર ઉદ્યોગો માટે, ખેડૂતો માટે, પ્રજા માટે કેટલી સંવેદનશીલ છે, અમે કોઇક નિર્ણય કર્યો હોય પણ પછી વ્યાજબી રજૂઆત આવે, યોગ્ય રજૂઆત આવે તો એનું નિરાકરણ પણ અમે કરીએ છીએ. અગાઉ મેં રજૂ કરેલા

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

અંદાજપત્રમાં પ્રવચન–ખમાં કેપ્ટીવ પાવર માટેના વીજ કરના દરમાં હાલના પપ પૈસામાંથી વધારીને ૭૦ પૈસા કરવાની તથા વીજ કરના દરને WPI સાથે સાંકળી લેવાની જાહેરાત કરી હતી. તેની સામે ઉદ્યોગો તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ, મારી સમક્ષ રજૂઆત કરવામાં આવી કે આ દરમાં થોડોક ઘટાડો કરો. કારણ કે દેશના બીજા રાજ્યો કરતા ગુજરાતમાં આ દર વધારે છે. એમની વાજબી માગણી સ્વીકારી અમે નિર્ણય કર્યો છે કે જે પપ પૈસામાંથી ૭૦ પૈસા કરવાની જાહેરાત કરી હતી એ પપ માંથી ૬૦ પૈસા કરવાની હું જાહેરાત કરું છું. ડબલ્યુ.પી.આઇ.એ જે નિર્ણય કર્યો હતો એને અમે રદ કરીએ છીએ. એટલે હવે એની જે આવક છે એ લગભગ ૧૩૦૦ કરોડ રૂપિયા દર વર્ષે એમાં યુનિટે એક પૈસાનો વધારો કર્યો છે. ૭૦ પૈસાના બદલે હવે પાંચ પૈસાના વધારા સાથે ૬૦ પૈસા કરવાની જાહેરાત કરું છું. એના માટેનું સુધારા બિલ હું વિધાનસભામાં આવતી કાલે રજૂ કરીશ.

**કાપ દરખાસ્ત ક્રમાંક – ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક – ૧૫, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

ગિલોટીન કરેલ માગણીઓ

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૯–૨૦ના ફેરફાર કરેલ અંદાજપત્રના વાર્ષિક નાણાકીય પત્રમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી પર માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ ગઇ છે. આથી બાકીની પ૬ માગણીઓ પૈકી બે માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની પ૪ માગણીઓ, માગણી ક્રમાંક – ૧, ૭, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧, ૭, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : હવે હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરું છું.

**રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક–૩૬ અને ૩૭**
**મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**
**(વિરામ બપોરના ૨–૧૯ થી ૩–૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**દાખલ કરવા માટેના બિન–સરકારી વિધેયકો**

**ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબતની જોગવાઇ કરવા માટેનું વિધેયક.**

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**
**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૯નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ૨૦૧૮

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન-સરકારી વિધેયકો**

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૩**

ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ૨૦૧૮

**ગુજરાત રાજ્યમાં લઘુમતી કોમોના કલ્યાણ માટે અને તેમના જાન-માલના રક્ષણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, •રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૩-સન ૨૦૧૮નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી,

''**મોત ઇસકી હે જીસ કો જમાના કરે યાદ, યુ તો દુનિયા મેં સબ આતે હે મરને કે લિયે**''

માનનીય અધ્યક્ષશ્રી, દેશનું અને ગુજરાતનું ગૌરવ એવા આરીફખાન પઠાણને હું શ્રદ્ધાંજલિ આપું છું.

અધ્યક્ષશ્રી : એને કહેવાય કુલ્લુ નબ્જીલ જાયેલ કતૈલ મૌત.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : થેંક યુ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વસતા લઘુમતી કોમના લોકોનું કલ્યાણ અને તેમના જાન-માલનું રક્ષણનું કાયદો કરવા હું આ વિધેયક લઇને સભાગૃહ સમક્ષ આવ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણની જોગવાઇઓ મુજબ રાજ્યમાં વસતા બધા જ લોકોના જાન-માલનું રક્ષણ અને કલ્યાણ માટેની જવાબદારી રાજ્ય સરકારની છે. રાજ્યમાં વસતા બધા જ લોકો શાંતિ અને એખલાસથી રહે તે જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે હમણાં કેટલાક વર્ષોથી *(xxx), અસામાજિક અને ગૂંડાતત્વોનું જોર વધતું જોવા મળ્યું છે. આવા *(xxx) પોતાના *(xxx) માટે રાજ્યના શાંતિભર્યા માહોલ, એકતા અને એખલાસ જળવાય રહે તેવું ઇચ્છતા નથી અને કોઇ ને કોઇ બહાના હેઠળ લઘુમતી કોમના લોકો માટે કોઇ ને કોઇ બહાને ઘર્ષણ ઊભું કરીને લઘુમતી કોમના લોકો ઉપર હુમલા કરીને, હિંસા આચરીને લઘુમતીના જાન-માલને નુકસાન પહોંચાડે છે. (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સર, આ બિલ છે. બિલની ઉપર હું બોલું છું. કોઇ બિલની બહારની વાત નથી બોલતો. કોઇનું નામ નથી આમાં. આમાં કોઇ પક્ષનું નામ નથી, કોઇ સંસ્થાનું નામ નથી, કોઇ પક્ષનું નામ નથી. (અંતરાય)કોઇ સંસ્થા કે કોઇ પક્ષનું નામ નથી લીધું મેં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ. માનનીય બળદેવભાઇ, તમે બેસી જાવ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : કોઇ સંસ્થા કે કોઇ પક્ષનું નામ નથી લીધું મેં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો હું સાંભળી લઉં. (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : અરે, કોઇનું નામ થોડું લીધું છે મેં? સાહેબ, મારો સમય (અંતરાય)

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : આમાં કયાં ગરિમા રહી? બિલની ગરિમામાં તો રહેવું જોઇએ કે નહીં?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમના કહેવા પ્રમાણે ગુજરાતમાં લઘુમતી ઉપર વારંવાર એવું કયારે બન્યું છે છેલ્લા ૨૪-૨૫ વર્ષમાં? એક પણ વખત નહીં અને વારંવાર તમે કહો છો પાછા, અવારનવાર કહો છો પાછા.

અધ્યક્ષશ્રી : ના, ના એ જવાબ આપજો પછી. પ્લીઝ, ગો અહેડ જવાબ આપજો, કડક જવાબ આપજો. (અંતરાય) પ્લીઝ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતીના લોકો ઉપર હિંસા આચરીને લઘુમતીના જાનમાલને નુકસાન પહોંચાડતા હોય તેવા *(xxx), અસામાજિક અને ગુંડાતત્વોને પોલીસની, વહીવટીતંત્ર કે કેટલાક રાજકીય લોકોના તરફથી રક્ષણ મળે છે તો એનાથી આવા ગુંડા તત્વો (અંતરાય)

---

• વિધેયક તા.૨૨મી માર્ચ ૨૦૧૮ ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

* આ શબ્દો અસંસદીય હોવાથી અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, ૨૦૧૮

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ બધું સાંભળી લેવાનું માનનીય અધ્યક્ષશ્રી? આ તો કેવું? (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારા ઉપર આક્ષેપ નથી કર્યો. પ્લીઝ, બેસી જાવ. તમે બધા કેમ ઉભા થાવ છો? બળદેવભાઇ, તમારે તો ઉભા થવાનું જ ન હોય. પ્લીઝ, બેસી જાવ. (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : તમારા ઉપર કેમ લો છો તમે બધું? આ બધું કેમ લે છે એમના ઉપર? એમનું નામ નથી લેતા અમે. તમારું નામ નથી લેતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પૂર્ણેશભાઇ, બેસી જાવ.(અંતરાય) પંડયાજી, બેસી જાવ. તમે બધા બોલજો. એક સાથે બોલવા માંડો બધા. (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જેના પરિણામે,(અંતરાય)

અધ્યક્ષશ્રી : ઇમરાનભાઇ, એક મિનિટ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સત્યથી વેગળું બોલવું, ગુજરાતમાં આવી કોઇ પરિસ્થિતિ જ ન હોય. કોઇ પોલિસનું રક્ષણ મળતું હોય, કોઇ રાજકીય પીઠબળ હોય એવો એક દાખલો તો બતાવો. તમારા નાનાનાના દાખલાઓ છે એ અમે નામથી આપી શકીએ તેમ છીએ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : એ એમની પોતાની લાગણી વ્યકત કરે છે. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું મારી કરું છું. એવું ના ચાલેને યાર.

અધ્યક્ષશ્રી : શ્રીમતી મનીષાબેન, ઉભા થઇ જાવને. શાના માટે તમે ઉભા થાવ છો? તમારે ઉભા ન થવાનું હોય. અહીંયા જવાબદાર નેતા ઉભા છે તમારા, મંત્રીશ્રી ઉભા છે. આ બધા સભ્યોનો સામે ચાલીને શાંતિ ડહોળવા માટેનો આ પ્રયાસ છે. શ્રી પરેશભાઇ, આવું ના ચાલે. શ્રી વિક્રમભાઇ, તમે સિનિયર સભ્ય છો. તમે બેસી જાવ પ્લીઝ.(અંતરાય) અરે આપ બેસી જાવને પણ એમની સાથે વાત ચાલે છે. આપ બેસી જાવ. બેસી જાવ. શ્રી ઇમરાનભાઇ, મારી વિનંતી છે. મારી વાત સાંભળો. આપણે બધા સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં છીએ. તમને વિપક્ષના સભ્યો હોય, સત્તાધારી પક્ષના સભ્યો હોય બધા જ એકબીજા, આપને બંનેને માનથી જુએ છે. એ સંજોગોમાં અત્યારે ગુજરાતની જે શાંતિ છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સાહેબ, શાંતિ છે. ખાલી મારી વાત મૂકું છું.

અધ્યક્ષશ્રી : ગુજરાતની જે શાંતિ છે એમાં ખાલી વકતવ્યના કારણે હોબાળો ન થાય એટલે તમે એ વાતને જરા સારી રીતે અને થોડું નરમ વધુ કરોને.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : હું સમજું છું. મારા સમાજમાંથી આવું છું સાહેબ.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, જે સમાજમાંથી આવે છે, એ સમાજની જે લાગણી છે એ લાગણી ધારાસભ્યને વ્યકત કરવાનો અધિકાર છે. સરકારશ્રી એનો જવાબ આપે કે અમે આટલું આટલું કરીએ છીએ. વાત પૂરી થઇ ગઇ.

અધ્યક્ષશ્રી : મને કયાંય એવું લાગશે તો હું આખું નિવેદન કાઢી નાખીશ પણ મને એકવાર સાંભળવા દો. એમને બોલવા દો. સભ્યનો સમય જઇ રહ્યો છે પ્લીઝ. ગો અહેડ

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : સાહેબ, મને પૂરો સમય આપજો. માનનીય અધ્યક્ષશ્રી, જેના કારણે ગુજરાતની અંદર શાંતિ અને સલામતિનું વાતાવરણ ડહોળાઇ જાય છે. જેનાથી ધંધા અને રોજગાર ઉપર અસર પડે છે. આવા લોકો(અંતરાય) વાતો કરે છે. જેના કારણે દેશ અને રાજ્યનું (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમની સાથેનો પ્રશ્ન પૂછ્યો નથી. શંકાઓ વ્યક્ત કરે છે. એને કરવા દો. એ શંકાઓ વ્યક્ત કરી શકે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : હું રાજ્યની ચિંતા કરી રહ્યો છું. હું ગુજરાતી છું. ગુજરાતની ચિંતા કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : તમે ભવિષ્યકાળની વાત કરો. વર્તમાનમાં કશું નથી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : મારી ગુજરાતની ચિંતા કરી રહ્યો છું. ગુજરાતમાં રહેતા માઇનોરિટીની ચિંતા...(અંતરાય)

અધ્યક્ષશ્રી : દોહરાઇ ન જાય તેની ચિંતા કરજો એમ કહોને?

શ્રી પરેશ ધાનાણી : એમને રક્ષણ આપવામાં આવે. એ બિલકુલ સંસદીય શબ્દોને રજૂ કરી રહ્યા છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને રક્ષણ આપ્યું એટલે મેં કહ્યું બધા બેસી જાઓ પ્લીઝ. મેં રક્ષણ આપ્યું. આપના કહ્યા વગર પણ આપ્યું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યનો સમય વ્યતિત કરવા માટે થઇને (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ભુપેન્દ્રસિંહજી, મને એવું લાગશે તો આખું વ્યક્તવ્ય કાઢી નાખીશ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : મને બોલવા તો દો.

અધ્યક્ષશ્રી : શાંતિથી બોલોને. આવું થઇ શકે આવું થઇ શકે એમ કહો. આવું થયું છે નહીં.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : મારી લાગણી છે સાહેબ હું અત્યારે કહી રહ્યો છું. હું અત્યારે કહી રહ્યો છું આપને. જો શબ્દો ખોટા લાગે તો કાઢી નાખજો આપ. ગુજરાત દેશભરમાં જ્યારે એક વિકાસશીલ રાજ્ય તરીકે ઉભરી રહ્યું છે, ત્યારે ચિંતા હું ગુજરાતની કરું છું. ગુજરાતના અને દેશના વિકાસ માટે રાજ્યમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ રહેવું જરૂરી છે.(અંતરાય) અમને ખબર છે. ખબર છે. હવે સાંભળો થોડું. મારી ચિંતા એની છે. જિલ્લામાં કોમી એખલાસ અને શાંતિ, સલામતી જળવાઇ

રહે. લોકો જાનમાલની રક્ષણ થાય તેની જવાબદારી જિલ્લા મેજિસ્ટ્રેટ અને જે તે જિલ્લાના પોલીસ કમિશ્નર કે જિલ્લા પોલીસ વડાની છે. છતા જિલ્લામાં આવા કોઇ બનાવો બને તો આ બે જિલ્લાના અધિકારીઓની ચૂંક કે બેદરકારી કારણરૂપ હોય છે. જો આ બે જિલ્લા અધિકારીઓ પૂરતી તકેદારી રાખે અને અગમચેતીના પગલાં લે તો આવા બનાવો બનતા જ અટકી જશે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : ૧૦ મિનિટ છે સાહેબ.

અધ્યક્ષશ્રી : ૧૦ મિનિટ થઇ ગઇ.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : ના સાહેબ, ૧૦ મિનિટ છે. હજુ તો કોઇ વ્યક્તવ્ય..

અધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, મારી સાથે એ બાબતમાં દલીલ ન કરો. શ્રી ઇમરાનભાઇ, સાંભળો પહેલા. પહેલા સાંભળો. પહેલા સાંભળી લો. ૩-૦૨ એ શરૂ કર્યું અને ૩-૧૨ મિનિટ થઇ. તમારી ૧૦ મિનિટ પૂરી થઇ ગઇ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે બિલના પ્રભારી સભ્ય છે અને ખૂબ બૃહદ ચર્ચા થાય છે. સરકાર પણ એનો યોગ્ય પ્રતિભાવ આપે. એટલે અનુકૂળતાએ અમે સરકારની વિનંતીમાં સમય પણ વધારીએ છીએ. આજે પણ વધારવો પડે તો અમારી તૈયારી છે. (અંતરાય) પ્રભારી સભ્ય છે એટલે એમની વાત રજૂ કરવાનો સમય આપો.

અધ્યક્ષશ્રી : પહેલા તમે બેસી જાઓ. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. ના એમનો સમય પૂરો થઇ ગયો. બે મિનિટ બીજી આપું છું.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : ના, ૫ મિનિટ. શ્રી ગ્યાસુદીનભાઇ વાળી મને આપી દો. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકમાં લઘુમતીના જાનમાલના રક્ષણ ઉપરાંત લઘુમતી લોકોના આર્થિક અને સામાજિક અને શૈક્ષણિક વિકાસનાં કામો જેમ કેન્દ્ર સરકારમાં અલગ મિનિસ્ટર સાથે માઇનોરિટી ઓફ અફર્સ મીનિસ્ટર યુ.પી.માં અને વેસ્ટ બંગાલમાં જે રીતે અલગ ડિપાર્ટમેન્ટ ઉભા કરીને તેવી રીતે ગુજરાતની અંદર પણ આવું ડિપાર્ટમેન્ટ ઉભું કરવામાં આવે. આવું ડિપાર્ટમેન્ટ ઉભી કરવાની જરૂર એટલા માટે થાય છે કે આપણા લોક લાડિલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ જેની વાત કરી છે. એના માટે વડાપ્રધાને ૧૫ મુદાના કાર્યક્રમ હેઠળ બધા જ સમુદાયના બધા જ મુદાઓને લઘુમતીઓના ઉત્કર્ષ અને કામો હાથ ધરાય અને સચ્ચર સમિતિના રિપોર્ટની ભલામણો મુજબ ગુજરાતમાં લઘુમતી લોકોના કલ્યાણ અને ઉત્થાન માટેનાં કામો સ્વતંત્ર રીતે થાય એના માટે એક કુલફ્લેજ ડિપાર્ટમેન્ટ ઉભી કરવાની જરૂર છે. ગુજરાતની અંદર જેમ નેશનલ કમિશન ફોર માઇનોરિટી ઉભું કરાયેલ છે. તેવી જ રીતે ગુજરાતમાં પણ એક અલગ રીતે વર્ગના લોકો માટે અલગ કોર્પોરેશન, બોર્ડ કે કમિશન સરકારે બનાવવું જોઇએ. તે જ રીતે ગુજરાતમાં પણ લઘુમતીના લોકોને ન્યાય મળે અને લઘુમતીના લોકોનો સર્વાંગી વિકાસ થાય. ગુજરાતમાં લઘુમતી કમિશન નામનું એક અલગ કમિશન ઉભું કરવાની જરૂર છે. ખાસ કરીને દેશના બીજા રાજયોના ગૃહમંત્રી કરતાં આપણા ગૃહ રાજયમંત્રીશ્રી પ્રદિપસિંહને જે પ્રસંશનીય કામગીરીનો એવોર્ડ મળ્યો છે તે બદલ તેમને હું અભિનંદન પાઠવું છું. મોબ લિન્ચીંગની જે ઘટનાઓ બને છે તેના કારણે ગુજરાતનું નામ બદનામ થાય છે. ગુજરાત નહીં પણ જયાં મોબ લિન્ચીંગની ઘટનાઓ બની છે તેના માટે કાયદો બનાવવો ખૂબ જરૂરી છે. હું આ જે વિધેયક લઇને આવ્યો છું તે સભાગૃહના બધા જ સભ્યો સર્વાનુમતે સ્વીકારે તેવું ઇચ્છું છું. બીજું કે, લોકોના જાનમાલ ઉપર હુમલો કરનારા અને તેમની મિલકતોને સળગાવીને તોડફોડ કરી નુકસાન પહોંચાડનારા ગુંડાતત્વોને પકડીને તેમને સાત વર્ષ સુધીની કેદની સજા કરવા મેં કલમ.પમાં જોગવાઇ કરી છે તેમાં સૂચવ્યું છે. કોમી હિંસામાં જેનો જાન ગયો હોય તેવા ઘરવાળાઓને પાંચ લાખનું સરકાર વળતર ચૂકવે અને મિલકતમાં જેટલું નુકસાન થયું હોય તેટલું વળતર સરકાર ચૂકવે તેવી જોગવાઇ કલમ.૬માં સૂચવું છું. આવા ગુંડાતત્વોની હિંમત ન થાય અને ભવિષ્યમાં આવા કામોથી દૂર રહે તે માટે અને લઘુમતી ઓના જાનમાલના રક્ષણ માટે આ બિલ લઇને આવ્યો છું. લઘુમતીઓ માટે હાઉસિંગ યોજના બને.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા આ સભાગૃહમાં ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક ૨૦૧૮ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા લઘુમતી ઓના કલ્યાણ અને સંરક્ષણ વિધેયકમાં જે જોગવાઇઓ લાવ્યા છે તે તમામ જોગવાઇઓ કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા ૨૦૦૮માં બહાર પાડેલી માર્ગદર્શક સૂચનાઓમાં અને માનનીય વડાપ્રધાનશ્રીના નવા પંદર મુદ્દાના કાર્યક્રમમાં માનનીય સભ્યશ્રીના વિધેયકની તમામ જોગવાઇઓ સામેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિદા ફાજલી હિન્દીના શાયર છે અને મુસ્લિમ છે તેમની પંક્તિથી આ વિધેયકની વાત કરવા માંગું છું. નિદા ફાજલીએ કહ્યું છે કે, પંછી, માનવ, ફૂલ, જલ અલગ અલગ આકાર, માટીકા ઘર એક હી સારે રિશ્તેદાર. બચ્ચા બોલા દેખકર મસ્જિદ ઇતની બડી આલિશાન, અલ્લાહ તેરે એક કે લિયે ઇતના બડા મકાન. લઘુમતીઓના સંરક્ષણ, સંવર્ધન અને કલ્યાણ માટે આ મિત્રો વાતો કરે છે કે પણ મને કહેતાં દુઃખ એ બાબતનું છે કે, અનુસૂચિત જનજાતિઓ માટે પર-પર વર્ષ પછી કેન્દ્રમાં અલગ મંત્રાલય ખોલવામાં આવ્યું. લઘુમતી બાબતોનું મંત્રાલય પણ ૫૮ વર્ષ પછી કેન્દ્રમાં ખોલવામાં આવ્યું. કયાં તમે એ વાત કરતા હતા. શિક્ષણ સશક્તિકરણના માધ્યમથી અમારા કેન્દ્રીય મંત્રી આજે કામ કરી રહ્યા છે. શૈક્ષણિક સશક્તિકરણમાં ૨૦૧૮-૧૯માં છાત્રવૃતિ યોજના જે લઘુમતી સમાજ માટે ૧ થી ૧૦ ધોરણમાં ભણતા ૩ લાખ ૯૨ હજાર ૩૬૬ વિદ્યાર્થીઓને ૨ કરોડ ૩ લાખ ૫૧ હજાર રૂપિયા ડીબીટીથી ચૂકવવામાં આવ્યા છે. ૧ થી ૮ ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને ૩

લાખ ૫૫ હજાર ૩૨૦ વિદ્યાર્થીઓને ૩ જોડી ગણવેશ માટે ૨૧.૨૩ લાખની સહાય આપવામાં આવી છે. લઘુમતી સમાજના વિદ્યાર્થીઓ માટે મૌલાના આઝાદ શિક્ષણ ચલો પરદેશ વિદેશમાં અભ્યાસ માટે પણ આપવામાં આવે છે. નઈ ઉડાન અંતર્ગત યુપીએસસી અને જીપીએસસી માં તેમને મદદ કરવામાં આવે છે. તેના માધ્યમથી આપણો ગુજરાતનો ૨૨ વર્ષનો મુસ્લિમ વિદ્યાર્થી આઇપીએસમાં આ શિક્ષણનો લાભ લઇને આગળ વધ્યો છે. આર્થિક સશક્તિકરણ માટે શીખો ઔર શીખાઓ લઘુમતી ના કૌશલ્ય વિકાસ માટે પરંપરાગત કળાઓને વિકાસ હેતુમાં શિક્ષણ આપવામાં આવે છે. પ્રધાનમંત્રી જન વિકાસ યોજના, ડિપ્લોમા, ટેકનિકલ તાલીમો માટે ૨૦૫૨૨ વિદ્યાર્થીઓને રૂ.૧ કરોડ ૨ લાખ ૦૪ હજાર જેટલી રકમ ડીબીટીના માધ્યમથી આપવામાં આવી છે. લઘુમતી વ્યવસાયીક કોર્સ માટે ૩૩૮૯ કૂશળ કારીગરો માટે રૂ.૮,૧૨,૪૪૦૦૦ જેટલી રકમ ડી.પી.ટી.ના માધ્યમથી વિદ્યાર્થીને આપવામાં આવી છે. વિશિષ્ટ જરૂરિયાત છે નયી રોશની એમાં પણ લઘુમતીના સંરક્ષણ માટે કામ કરવામાં આવ્યું છે અને મને કહેતા આનંદ થાય છે કે, આજે આ ગુજરાતના આ ગૃહમાં ગુજરાતના હાલના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ જૈન સમાજના છે અને જૈન સમાજ પણ લઘુમતી સમાજ છે અને તેઓ લઘુમતીઓના કલ્યાણ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી કરી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતી સમાજે પણ પારસી લઘુમતી, જૈન લઘુમતી, સિંધી લઘુમતી સમાજે જેવી રીતે હિન્દુ સમાજ સાથે સમરસતા સાથે સરકારી યોજનાનો લાભ લઇને પ્રગતિ કરી છે તેમ મુસ્લીમ લઘુમતી સમાજે પણ શિક્ષણથકી આમાં જોડાવું જોઇએ. સાથે સાથે લઘુમતી સમાજને મારી નમ્ર અપિલ છે કે હિન્દુ સમાજની યુવાન દીકરીઓને લવ જેહાદના નામે કેટલાક લઘુમતી સમાજના લોકો ભગાડી જવાની જે પ્રવૃત્તિ કરે છે એને પ્રોત્સાહન ન આપવું જોઇએ અને લવ જેહાદની પ્રવૃત્તિ બંધ થવી જોઇએ. મારે લઘુમતી સમાજના મિત્રોને પણ કહેવું છે કે, હમ દો હમારે દો એ સુત્રને અપનાવવું જોઇએ પછી હમ દો હમારે બાર હમારે બાવીસ આ સુત્ર નહીં અપનાવવું જોઇએ. આપણે કુટુંબ નિયોજન, નાનું કુટુંબ સુખી કુટુંબ શિક્ષિત કુટુંબ જરૂરી છે. લઘુમતી સમાજ પોતાન સંતાનોને કબાડીના ધંધામાંથી બહાર લાવીને હાયર એજ્યુકેશન આપે અને ડોકટર, ઇજનેર, આઇ.પી.એસ. બનાવે અને આઇ.એ.એસ.ની ટ્રેનિંગ જે સરકાર આપે છે એમાં ભાગ લઇને મિત્રો કામ કરે. મિત્રો આ બધી યોજનાઓના માધ્યમથી આજે દેશમાં જે ૨૦થી ૪૦ ટકા લઘુમતી સમાજની પ્રભાવિત જે સીટો છે ૧૨૩ સીટો એમાંથી ભારતીય જનતા પાર્ટીને ૮૨ ધારાસભ્યો આપ્યા છે એટલે લઘુમતી સમાજ પણ જાગૃત છે અને એને પણ ખબર છે કે અમારો વિકાસ કોણ કરવા જઇ રહ્યું છે. માનનીય ઇમરાન ખેડાવાલા મહિલા સશક્તિકરણ પરનું બિલ લઇને આવ્યા હોત તો મને આનંદ થાત, મહિલાઓના ઉત્થાન માટે તીન તલ્લાકનો મુદો લઇને આવ્યા હોત તો મને આનંદ થાત. મને કહેતા એ બાબતનું દુઃખ છે કે આ દેશમાં જ્યારે ઇન્દોરની શાહબાનો ૧૯૭૮માં ૬૨ વર્ષની ઉંમરે એના પતિ મહેમુદ ખાને જ્યારે તલ્લાક આપી દીધા, પાંચ પાંચ દીકરીઓ લઇને એ જાય ક્યાં? એટલે ઇન્દોરની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં એણે કેસ કર્યો અને કોર્ટે માત્ર એને રૂ.૨૫ રૂપિયા વળતર આપ્યું એના પછી શાહબાનોએ ન્યાય મેળવવા માટે ભોપાલ હાઇકોર્ટમાં રીટ કરી અને ભોપાલ હાઇકોર્ટે જજમેન્ટ આપ્યુ એમાં રૂ.૧૮૯.૨૦ રૂપિયા ભરણ પોષણ આપવા માટે હુકમ કર્યો અને એને ન્યાય ન મળ્યો એટલે શાહબાનો સુપ્રીમ કોર્ટમાં ગઇ અને વર્ષ ૧૯૮૫માં સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ આવ્યું અને સુપ્રીમ કોર્ટે કહ્યું કે શાહબાનોને ૨૦૦ રૂપિયા ભરણ પોષણ આપવામાં આવે. પણ કોંગ્રેસ સરકારે વોટ બેન્કની રાજનીતિને ધ્યાને રાખીને કેટલાક મૌલવીઓના કહેવાથી આખો એક્ટ બદલવાનું કામ કર્યું અને એ વખતે વર્ષ ૧૯૮૬માં તત્કાલીન ગૃહ પ્રધાન શ્રી આરીફ મહમદ બેગ, સંસદમાં આ કાયદાના વિરુદ્ધમાં અને શાહબાનોના સમર્થનમાં અઢી કલાક સુધી ચર્ચા કરી અને શ્રી આરીફ બેગ જેઓ રાજય કક્ષાના ગૃહ મંત્રી હતા એમણે એમના પદેથી રાજીનામું આપી દીધું.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા જે વિધેયક લઇને આવ્યા છે એની બાબતમાં હું મારા થોડા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની અંદર સૌથી વધારે લઘુમતી એટલે મુસ્લીમ વસતિ ધરાવતો દેશ એટલે ભારત અને ભારતમાં સૌથી વધારે સુરક્ષિત અને દરેક પ્રકારની સુવિધા સાથે બહુમતી સમાજની સાથે રહેતો આ લઘુમતી સમાજ અને એમાં પણ ગુજરાતની અંદર સૌથી વધુ લઘુમતી વસતિ ધરાવતા વિસ્તારનું હું પ્રતિનિધિ કરું છું. શ્રી ઇમરાનભાઇની અને શ્રી ગ્યાસુદ્દીનભાઇની વાત સાથે હું મારા વિચારો વ્યક્ત કરું છું. તો ગુજરાતની અંદર તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના આજના વડાપ્રધાન, તત્કાલિન ગૃહમંત્રી અને આ દેશના આજના ગૃહમંત્રી શ્રી અમીતભાઇ શાહ અને આજના ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબની સરદાર વલ્લભભાઇ પટેલ જેવી દઢ નિષ્ઠાની સાથે ગુજરાતની અંદર છેલ્લાં વીસ–બાવીસ વરસથી એકપણ પ્રકારના કોમી છમકલાં નથી થયા અને હું સાક્ષી સાથે કહી શકું કે મારો મત વિસ્તાર એટલે કોંગ્રેસના સમયની અંદર દર બે વરસે કોમી છમકલાં થાય અને એનું એપી સેન્ટર જુહાપુરા એ મારા મત વિસ્તારની અંદર જ છે. છેલ્લાં બાવીસ વરસથી પણ શ્રી ઇમરાનભાઇ અને શ્રી ગ્યાસુદ્દીનભાઇ પણ કહેશે કે એક પણ જાતનું કોમી છમકલું મારા મત વિસ્તારની અંદર નથી થયું અને મારે તો એમને એવું કહેવું છે કે, કેન્દ્ર સરકારના જે આયામો છે એ મારા વિસ્તારની અંદર પૂરેપૂરા પરિપૂર્ણ થાય છે, કોમી મિટિંગો પણ થાય છે. સમયાંતરે બધા લોકોની સાથે બેસીને પણ પોલીસ સ્ટેશનની અંદર આ બાબતની કાર્યવાહી થાય છે, ક્યારેય કોમી છમકલાં ન થાય, આ દરેક બાબતની ચિંતા પૂરેપૂરી મારા મત વિસ્તારમાં થાય છે. મારે સાથે સાથે એમને એ પણ કહેવું છે કે, જે મારા મત વિસ્તારની અંદર પીવાનું પાણી મળે છે એ જ એમના મત વિસ્તારની અંદર પણ મળે છે, મારા મત વિસ્તારની અંદર જે માં કાર્ડના લાભો મળે છે એ એમના મત વિસ્તારની અંદર પણ મળે છે, મારા મત વિસ્તારની અંદર જે રોડ

રસ્તા બને છે એ એમના મત વિસ્તારની અંદર પણ બને છે, ગુજરાત સરકારના જેટલા લાભો છે એ તમામ લાભો એ વિસ્તારના લોકોને મળે છે. માનનીય પ્રોફેસર શ્રી કુબેરભાઇ ડિંડોરે વાત કરી એ મુજબ ગુજરાત સરકારના અને કેન્દ્ર સરકારના તમામ લાભો એ વિસ્તારને પ્રાપ્ત થાય છે. પણ મારે દુઃખ સાથે એ પણ એમને કહેવું પડે કે, જે કાયદા કાનૂન અમારા લોકો, બહુમતી સમાજના લોકો પાળે છે અને કાયદા પ્રમાણે રહે છે એ કાયદા પ્રમાણે ત્યાં નિયમોનું પાલન નથી થતું. ગુજરાતની અંદર સૌથી વધારેમાં વધારે જો ગેરકાયદેસર બાંધકામો થતાં હોય તો એ જુહાપુરાની અંદર થાય છે. જેટલા કતલખાનાઓ છે તો એ સૌથી વધારેમાં વધારે જુહાપુરાની અંદર છે. મારે એમને એવું કહેવું છે કે જે કોમી છમકલાં અને કોમી અશાંતિ ઉભી કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે એ જુહાપુરાની અંદરથી થઇ રહ્યો છે. મારે એમને એ કહેવું છે કે, હિન્દુ સમાજની પાસે તમે જે માગણી રાખો છો એ જ વસ્તુ તમારે પણ કરવી જોઇએ, ગુજરાતના, ભારત સરકારના જેટલા નિયમો છે એ નિયમોનું પણ પાલન કરવું જોઇએ. જ્યારે કોમી એખલાસ ગુજરાતની અંદર બાવીસ બાવીસ વરસથી અત્યારે છે તો ખોટાં આ પ્રકારના વિધાયકો લાવીને ગુજરાતના શાંત પાણીને ડહોળવાનો પ્રયાસ ના કરવો જોઇએ. ગુજરાત સરકારના અને કેન્દ્ર સરકારના તમામ લાભો અત્યારે એ પ્રજા ભોગવે છે અને ખૂબ શાંતિનો માહોલ છે. દરેક પ્રજા, મુસ્લિમ સમાજના આગેવાનો પણ કહે છે કે આખા ભારતની અંદર સૌથી સુરક્ષિત અને સૌથી સમૃદ્ધ જો કોઇ લઘુમતી  સમાજના હોય તો એ ગુજરાતમાં છે. તમામ પ્રકારના લાભો એમને મળે છે અને ખૂબ શાંતિના માહોલની અંદર આજે દેશ ચાલી રહ્યો છે તો મારી શ્રી ઇમરાનભાઇને ખાસ ભલામણ છે કે ગુજરાત સરકારના અને કેન્દ્ર સરકારના તમામ પ્રકારના પ્રયાસો છે કે દેશની અંદર શાંતિ અને સલામતિ જળવાઇ રહે અને એ જળવાઇ રહી છે ત્યારે આ વિધેયક અપ્રસ્તૂત છે અને મારી એમને ભલામણ છે કે દેશ આગળ વધી રહ્યો છે અને નયા દેશની તરફ લઇ જવા માટે જ્યારે દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ કટિબદ્ધ છે તો એની અંદર સહયોગ આપવો જોઇએ અને સરકારની સાથે રહીને શ્રી કુબેરભાઇએ જે વાત કરી એ પ્રમાણે સરકારને અને દેશને સહયોગ આપો અને સહયોગ આપીને દેશને આગળ તરફ લઇ જાઓ, આજે દેશ ચાંદ તરફ આગળ વધી ગયો છે તો ફરીથી એકવાર મારી ઇમરાનભાઇને ભલામણ છે કે એમનો પ્રસ્તાવ છે એ પાછો ખેંચી લે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, મારી બહુ નમ્ર વિનંતી છે અને સકારાત્મક એક સૂચન પણ છે લાંબો સમય નથી એટલે હું લાંબુ નહીં બોલુ પણ એટલી વિનંતી કરૂં છું કે બહુ સારી બાબત છે આપણાં સમગ્ર ભારતમાં અત્યારે મોબ લીંચીંગની ઘટનાઓ બનતી હશે પરંતુ આપણું ગુજરાત તેનાથી સલામત રહ્યું છે તે નાની મોટી ઘટના ધ્યાન ઉપર આવી છે વધારે નથી આવી પરંતુ મારી એટલી વિનંતી છે કે આપણું ગુજરાત શાંત અને સલામત છે એવી શાંતી અને સલામતિ કાયમ રહે સુપ્રીમ કોર્ટે પણ સૂચના આપી છે કે મોબ લીંચીંગ માટે કાયદો બનવો જોઇએ. યોગી આદિત્યનાથજીને ત્યાં એક પંચ નીમાયું અને પંચે પણ કહ્યું કે મોબ લીંચીંગ માટે કડક કાયદો બનવો જોઇએ. તો મારી એટલી વિનંતી છે કે આપણી શાંતી અને સલામતિ કાયમ રહે તેના માટે આપણે રાજ્ય સરકાર અગમચેતીના ભાગરૂપે એક એવો કાયદો બનાવે કે જેનાથી કોઇ પણ વ્યકિત આવુ મોબ લીંચીંગ કરી ના શકે એટલી જ મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : તેમના સૂચનને હકારાત્મક રીતે લઇએ.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા ગુજરાત લઘુમતી  કલ્યાણ અને સંરક્ષણ વિધેયક–૨૦૧૮ લઇને આવ્યા છે ત્યારે શ્રી ઇમરાનભાઇ ખેડાવાલાએ લઘુમતી  કલ્યાણ અને સંરક્ષણ વિધેયક–૨૦૧૮માં તેઓએ લઘુમતી ઓની ચિંતા કરી છે તે આવકારદાયક છે પરંતુ આપણે સમગ્ર ગુજરાતમાંથી જયારે ૧૮૨ સભ્યો અહીંયા ચૂંટાઇને આવ્યા છે ત્યારે આપણાં શબ્દો થકી કંઇ શાંત વાતાવરણ ડહોળાઇ ના જાય તેની સૌપ્રથમ કાળજી આપણે પહેલાં લેવી જોઇએ. લઘુમતી ના બે પ્રકારો છે ધાર્મિક લઘુમતી અને ભાષાકીય લઘુમતી. લઘુમતીમાં મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, પારસી, યહુદી અને શીખ એમ કુલ મળીને સાત જાતિઓનો સમાવેશ થાય છે. અને ભાષાકીય લઘુમતી ની હું વાત કરું તો સિંધી, મરાઠી અને ઉર્દુ. લઘુમતી ની વસતિ ટકાવારીની રીતે જોઇએ તો ગુજરાતમાં અંદાજીત ૧૨ ટકા જેટલી વસતિ છે અને તેમાં મુસ્લિમો અને જે મેં સાત જ્ઞાતિઓ ગણાવી તે સાતે સાત જ્ઞાતિઓ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, હિંદુ હોય, મુસ્લિમ હોય, શીખ હોય કે ઇસાઇ હોય તે અમારી ભારતીય જનતા પાર્ટી તે ચારે ચાર તરફથી તે હિંદુસ્તાનનો વિકાસ કરનારી જ્ઞાતિઓમાં અમે ગણના કરીએ છીએ. હું વાત કરું તો રામાયણમાં શ્રીરામે ભકિતરૂપી રાજનીતિ કરેલી, મહાભારતમાં શ્રીકૃષ્ણજીએ યુકિતરૂપી રાજનીતિ કરેલી, સહદેવ શ્રી અટલજીએ વિકાસરૂપી રાજનીતિ કરેલી અને હાલમાં આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી વિકાસ, વિશ્વાસ અને શાંતિપૂર્ણ રીતે રાજનીતિ કરી રહ્યાં છે ત્યારે મારે આ કલ્યાણની વાતો કરું તો લઘુમતી ઓના કલ્યાણ અને સંરક્ષણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૯માં ગુજરાત રાજ્ય અલ્પ સંખ્યક નાણાં નિગમની સ્થાપના કરી છે અને તેના માટે ૨૦ કરોડ રૂપિયાની શેરમૂડીની તેમાં જોગવાઇ કરી છે. આ નિગમ રાજ્ય સરકારનું જાહેર સાહસ છે આ નિગમ રાષ્ટ્રીય અલ્પ સંખ્યક વિકાસ અને નાણા નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનલાઇઝીંગનું પણ કામ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નિગમ દ્વારા રાષ્ટ્રીય નિગમ તથા રાજ્ય સરકારશ્રીની યોજનાનું સતત અમલીકરણ કરતુ નિગમ છે. ધાર્મિક અલ્પ સંખ્યક સમુદાયમાં મુસ્લિમ, શીખ, જૈન, ખ્રિસ્તી, પારસી, બૌદ્ધ અને યહુદીનો સમાવેશ થાય છે. નિગમના રાજ્યના અલ્પ સંખ્યક સમુદાયના આર્થિક રીતે નબળાં વર્ગોના આર્થિક વિકાસ માટે કામગીરી કરી છે. નિગમ દ્વારા વિવિધ યોજનાઓ અન્વયે મુદ્તી ધિરાણ

યોજનાની હું વાત કરું તો શિક્ષણ, માઇક્રો ફાયનાન્સ અને ડેરી મારફતે આ સંઘને વર્ષ ૨૦૦૧થી ૨૦૧૮ સુધીમાં આશરે ૧૮ હજાર લાભાર્થીઓને રૂ.૮૯ કરોડ ૨૮ લાખનું ધિરાણ આપવામાં આવ્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯-૨૦ના જૂન અંતિત ધંધા રોજગાર માટે અને ઉચ્ચ શિક્ષણ માટે કુલ ૧૯૨ જેટલા વિદ્યાર્થીઓને રૂ.૩ કરોડ ૨૮ લાખનું ધિરાણ પણ આપવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે બજેટમાં ઓછી જોગવાઇ થઇ છે એમ માનનીય ગ્યાસુદ્દીન ભાઇ કહેતા હતા. આ લઘુમતી સમાજનો પ્રશ્ન છે ત્યારે હું કહેવા માગું છું કે વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૫૧.૬૬ કરોડ, વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૮૬.૮૪ કરોડ અને વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૬૫.૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮-૧૯ કરતાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૨ કરોડ ૮૯ લાખ રૂપિયાની ઘટ થઇ છે પણ આ લઘુમતીની મુસ્લિમ જ્ઞાતિની ૨૪ જ્ઞાતિઓનો બિન અનામતમાં સમાવેશ થયો છે અને ૩૦ જ્ઞાતિઓનો બક્ષીપંચમાં સમાવેશ થયો છે એટલે ૫૪ જેટલી જ્ઞાતિઓ લઘુમતીમાંથી બાદ થતાં માત્ર ૮૯ લાખ રૂપિયાની જોગવાઇ ઓછી થઇ છે. એટલે બજેટમાં ઓછી જોગવાઇ કરવાની વાત સાથે હું સંમત નથી. વિદેશ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વાર્ષિક છ લાખની મર્યાદામાં અને જે તે સમયે આ નિગમમાં ફંડ ઉપલબ્ધ હોઇ તે દ્વારા ૧૫ લાખની વિદેશ અભ્યાસ લોન પણ આપવામાં આવે છે. એમાં વય-મર્યાદા પણ ૧૬ વર્ષથી ૩૨ વર્ષની છે. એમાં વ્યાજ દર માત્ર ૩ ટકા છે. ૯૦ ટકા લોન રાષ્ટ્રીય નિગમ, ૫ ટકા લોન રાજ્ય સરકાર દ્વારા અને ૫ ટકા વિદ્યાર્થીઓનો ફાળો હોય છે અને લોન શિક્ષણ પૂર્ણ થયાના ૬ માસ પછી ૬૦ સરખા હપ્તાઓમાં નિગમને પરત ભરપાઇ કરવાની હોય છે અને આ નિગમ દ્વારા ૧૪૪૭ લાભાર્થીઓને રૂ.૧૨.૧૪ કરોડનું ધિરાણ પણ આપેલ છે. વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમની ચર્ચા થઇ છે એટલે હું વિશેષ ચર્ચામાં પડવા માગતો નથી પરંતુ લઘુમતીના કલ્યાણ અને સંરક્ષણ માટે માનનીય વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત જે કાર્યવાહી કરવામાં આવે છે. એ કાર્યવાહીની વાત કરું તો લઘુમતીના શિક્ષણ માટે જેમ બને તેમ શિક્ષણની તકો વધારવા માટે રાજ્ય સરકાર ચિંતિત છે. આંગણવાડીઓ શરૂ કરવી, આરોગ્ય વિષયક બાબત હોય તો એ માટે આરોગ્ય વિષયક રેફરન્સ સેવાઓ પૂરી પાડવી. સર્વ શિક્ષા અભિયાન અને કસ્તુરબા ગાંધી વિદ્યાલય યોજના અને એમની આ યોજના હેઠળ શિક્ષણની યોજના હેઠળ શિક્ષણનું પ્રમાણ વધારવાની પણ જોગવાઇ કરવામાં આવી છે. ઉર્દૂ પ્રાથમિક શાળામાં ચોથા ભાગની સંખ્યા લઘુમતી કોમના બાળકોની હોઇ ત્યાં ઉર્દૂ ભાષા શીખવાડવા માટે અને ભાષાના શિક્ષકોની નિમણૂક કરવાની જોગવાઇ પણ આ સરકારે કરી છે અને આ યોજનામાં કેન્દ્ર સરકાર પણ સહાય ચૂકવે છે. મદરેસા શિક્ષણનું આધુનિકરણ કરવા માટે તેજસ્વી વિદ્યાર્થિઓને શિષ્યવૃત્તિ પણ અપાય છે. એનાથી વધારે હું વાત કરું તો લઘુમતીઓને આર્થિક પ્રવૃત્તિ અને રોજગારી માટે વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમમાં સરકારી નોકરી મેળવવા માટે લઘુમતીઓને તાલીમ આપવાની યોજના પણ અમલમાં છે. આર્થિક પ્રવૃત્તિઓ માટે વધારાની ધિરાણ સહાય યોજના પણ અમલમાં છે. ટેકનિકલ તાલીમ માટે સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે વિકાસ કરવા માટેની જોગવાઇ પણ કરવામાં આવી છે. લઘુમતીઓના જીવન-ધોરણમાં સુધારો કરવા માટે ગ્રામ્ય કક્ષાએ રહેતા લઘુમતીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ ચોક્કસ ટકાવારી મુજબ મકાન સહાય પણ આપવામાં આવે છે. લઘુમતી કોમના માણસો ઝૂંપડપટ્ટીમાં ન રહે તે માટે તેઓને ઇન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ પણ લાભ આપવામાં આવે છે અને જવાહરલાલ નહેરું અર્બન રીન્યુઅલ મિશન હેઠળ પણ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. માનનીય મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને માનનીય વડાપ્રધાનશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત તા.૨૯/૧/૨૦૧૬ના ઠરાવથી સ્ટેટ લેવલ કમિટીની રચના પણ કરવામાં આવી છે. સ્ટેટ લેવલે સમિતિની પણ રચના કરવામાં આવી છે. ભારત સરકારની વિવિધ યોજનાઓ પણ છે. મેં અગાઉ પણ કહ્યું હતું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથેના શાંતિપૂર્ણ માહોલમાં કામ કરી રહી છે ત્યારે હું માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇ જે વિધેયક લઇને આવ્યા છે એ પરત ખેંચે તેવી વિનંતી કરું છું.

ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક પર માનનીય સભ્યશ્રી કુબેરભાઇ ડીંડોર, માનનીય સભ્યશ્રી કિશોરભાઇ ચૌહાણ, માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇ તથા માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમાર સાહેબે તેમના વિચારો રજૂ કર્યા છે.

આપણે ત્યાં ગાયોની કતલ માટે કડકમાં કડક કાયદો બનાવવામાં આવ્યો છે.અશાંત ધારાનો ખૂબ કડક કાયદો બનાવવામાં આવ્યો છે. આર.ટી.ઓ. નિયમો માટે પણ કડકમાં કડક કાયદો બનાવ્યો છે. એવી જ રીતે આ વિધેયક લઇને આવ્યો છું એ સુપ્રીમ કોર્ટની ગાઇડ લાઇન પ્રમાણે મોબ લિન્ચીંગ ઘટનાઓ બને છે તેના માટે આ સરકાર કડકમાં કડક કાયદો બનાવે તેવું મારું સૂચન છે.

હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૩-સન ૨૦૧૮નું લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક પરત ખેંચવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૩૩-સન ૨૦૧૮નું લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક પરત ખેંચુ છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પરત ખેંચી લેવામાં આવે છે.

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૮

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક*–૧૫**

**ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૮**

**રાજ્યના કોઇ અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપિત કોર્પોરેશન (નિગમો) રાજ્ય સરકારની માલિકીથી અથવા તેના નિયંત્રણથી ચાલતી સરકારી કંપનીઓ, મંડળીઓ, સ્થાનિક સત્તામંડળોના રાજ્ય સરકારના અમુક કક્ષાના જાહેર સેવકો દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળ કરવામાં આવેલાં ગુનાઓની તપાસ કરવા અથવા તપાસ કરાવવા ગુજરાત રાજ્ય તકેદારી આયોગની રચના માટે જોગવાઇ કરવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૮નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, તકેદારી આયોગ વિધેયકને કાયદાની જોગવાઇમાં આવે તેવી લાગણી સાથે આ વિધાનસભા ગૃહમાં હું આ બિલ લઇને આવ્યો છું.

તકેદારી આયોગમાં કોઇ અસરકારક કાયદો ન હોવાને કારણે જાહેર સેવકોમાં દિન પ્રતિદિન ભ્રષ્ટાચારનું પ્રમાણ વધતું જાય છે. સેવાના માધ્યમથી સત્તા સેવાના માધ્યમ બનવાને બદલે સત્તા એટલે સેવા સમજવાની જરૂર છે પણ ભ્રષ્ટાચારની મૂળ લાલસામાં એટલા બધા મૂળ ઉંડા ઉતરી ગયા છે કે એને અસરકારક કાયદા વગર નિર્મૂળ કરવું સહેલું નથી. આજે ભ્રષ્ટાચાર કરવામાં બિલકુલ શરમ રહી નથી. આપણા પૂર્વજો કેવી સાદગી રાખતા હતા અને સત્તાનો સેવાને ઉત્સવ સમજતા હતા તેવું હવે રહ્યું ન હોય તેવું લાગી રહ્યું છે. કોઇ કાર્યક્રમોમાં જઇએ છીએ પ્રેસ મિડિયા દ્વારા સમાચારો સાંભળીએ છીએ ત્યારે દુઃખ સાથે જાહેર સેવક એક આગેવાન તરીકે અવારનવાર અમે એવું સાંભળીએ છીએ કે રાજકારણ એક મલાઇ દાર વ્યવસાય બન્યો છે. આવું સાંભળીને જયારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કામગીરી કરવા જાય છે ત્યારે ઘણી વખત શરમથી માથું પણ ઝૂકી જાય છે. જાહેર કાર્યક્રમોમાં જઇએ છીએ ત્યારે અવારનવાર ટીકાઓ પણ સાંભળવી પડે છે. જાહેર સેવકોને ટીકા સાંભળવી પડતી હોય છે પરંતુ આના માટેનો કાયદો જો લાવવામાં આવે સરસ મજાની કલમો સાથે લાવવામાં આવે. જાહેર સેવકોમાં ભ્રષ્ટાચાર સંપૂર્ણ નથી એવું તો નહિ કહી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે પણ આપણી વિધાનસભાની ૧૮૨ની જે એફિડેવીટ રજૂ થઇ છે, એમાંથી મને મળેલ માહિતી પ્રમાણે ૨૬ ટકા ઉપર ગંભીર ગુના નોંધાયેલા છે. આ એફિડેવીટ પરથી હું કહું છું. અનેક વખત આ વિધાનસભામાં ચર્ચાઓ થઇ ચૂકી છે. તા. ૩જી જુલાઇ, વર્ષ ૨૦૧૯ ના પ્રશ્ન ક્રમાંકઃ૧૪૯૭૦, ૩૨ ક્રમે આવ્યો છે. તા.૩૧.૫.૨૦૧૯ની સ્થિતિએ બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા પાઇપ લાઇનમાં ભ્રષ્ટચાર થયો છે કે કેમ? એ બાબતનો પ્રશ્ન પૂછાણો છે. સરકારે સ્વીકારવું પડયું કે ભ્રષ્ટાચાર થયો છે. સભ્યશ્રીએ પૂછયું કે કેટલો ભ્રષ્ટાચાર થયો છે તો હાલ અમારી પાસે અંદાજ નથી, પણ અમારા અંદાજ પ્રમાણે રૂ.૮૩.૬૩ કરોડની ગેરરીતિ ધ્યાન પર સરકારને આવી છે. એક કાર્યપાલકને ફરજ મોકૂફ કરવામાં આવે.પરંતુ આના બદલે આનો જો વૈધાનિક દરજ્જો આપવામાં આવે અને એમ કરીને પારદર્શી રીતે નિયમન કરવા માટે ગુજરાત રાજયમાં કાયદો લાવવો જરૂરી છે. તકેદારી આયોગ માટે કાયદો લાવવાનો ઉદ્દેશ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, વર્ષ ૧૯૮૮ હેઠળ ગુનાઓ શોધ તપાસમાં તકેદારી પોલીસ એસ્ટાબ્લીશમેન્ટ કામગીરી પર વધારે અસરકારક દેખરેખ રાખવા અને નિયંત્રણ રાખવા માટે મંડળ ઉભું કરવાના હેતુ સાથે આ બિલ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની અગાઉ પણ ચર્ચા આ વિધાનસભા ગૃહમાં ૨૦૧૩માં થઇ ચૂકી છે. સભ્ય તરીકે તે વખતે ઘણા સભ્યશ્રીઓએ તેમાં ભાગ લઇ ચૂકયા છે, તે વખતે માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું હતું કે, તકેદારી આયોગની રચના થાય એ દિશામાં દેશની કેન્દ્રની સરકારે પણ વિચારણા કરી છે. એટલા માટે રાજયમાં જેમ ગુજરાત સરકારે પણ તા.૬.૨.૨૦૦૬ ના રોજ એક પત્રથી સ્ટેટ વિજીલન્સ કમિશન બિલ, વર્ષ ૨૦૦૫નો ડ્રાફ્ટ પણ મોકલી આપ્યો છે. જયારે સરકાર પોતે આવો ડ્રાફ્ટ મોકલી આપવા માટે ચિંતા કરતી હોય ત્યારે એ વખતે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી અને હાલ પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. હું કોંગ્રેસ પક્ષ તરફથી પ્રતિનિધિત્વ કરું છું. તે વખતે કેન્દ્રની સરકાર કોંગ્રેસની હતી કદાચ આવો એક મલ્ટી સ્ટેટ એકટ ઉભો કરવા માટેની વિચારણા ચાલતી હોય એટલે ગુજરાત સરકાર રાહ જોઇને બેઠી હોય. પરંતુ આજે કેટલા આક્ષેપો થઇ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી એટલી બધી વિગતો સાથે આવ્યો છું જો બધી વિગતો બોલવામાં આવે તો મારો સમય પણ જતો રહે એમ છે.

૧૮૨માંથી ૨૬ ગંભીર ગુનામાં, બીટ કોઇન માટે આઇ.પી.એસ. અધિકારીઓ પર આરોપ મૂકવામાં આવે. બીટ કોઇન માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર પણ આરોપ મૂકવામાં આવે. જેલમાંથી એ ફરાર થાય, છતાં પણ એની અમલવારી થતી ન હોય એમ લાગે છે. ભાજપના એક પૂર્વ ધારાસભ્ય પર દુષ્કર્મનો કેસ કરવામાં આવે. દુઃખ લાગે માટે હું નામ નહીં બોલું, ઘણા ગૃહમાં હાજર પણ હશે.

અધ્યક્ષશ્રી : નામ ન બોલાય, ચાલો.

* આ વિધેયક ૮મી માર્ચ, ૨૦૧૮ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૮

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : નામ નહીં બોલું. એમની પર એ કરવામાં આવે છતાં પણ કાગીરી ન થાય. રૂ.૩૦ કરોડનું કૌભાંડ વિધાનસભામાં નહીં ચગાવવા માટે લાખો રૂપિયાની લાલચો લેવામાં આવે અને છતાં પણ એની પર કોઇ કાર્યવાહી ન થાય. ધારાસભ્યની ધરપકડ થાય જેલમાં છે, પાછા ચૂંટાઇ પણ જાય. આવી કોઇ કાયદાકીય જોગવાઇ ન હોવાના કારણે આવું બધું બનતું હોય છે. કલમ−૪૨૦ની જે મારી પર પણ ગુનો દાખલ કરવામાં આવે ન થાય એવું નથી, મારી પર પણ થયો છે. પરંતુ જો આવું તકેદારી આયોગ હોય તો ખરેખર આ ગુનાના જે ગંભીર આક્ષેપો થયા છે, એમની તપાસ થઇ શકે. એક ધારાસભ્ય પર આઇ.પી.સી ની કલમ હેઠળ ગુનો નોંધાય છે, કોર્ટની કેસની સુનાવણી પણ થાય છે. એમાં લાંબો સમય નંખાય છે. સરકારી વકીલો એના માટે ટાઇમ અને તારીખો માગે છે. વર્ષ ૧૯૯૧માં જે આરોપ થયા છે, એના આરોપનામા ઘડાયા જ નથી, એની પણ વિગતો મારી પાસે છે. એમાં આ ગૃહના સભ્ય પણ આવી જતા હશે. ગુજરાતમાંથી ચૂંટાયેલા સાંસદો પણ આમાં આવતા હશે અને તાજેતરમાં આપે જોયું હશે કે એક સાંસદ અને ધારાસભ્ય રહી ચૂકેલા આજે કેદ પણ ભોગવવાનો માટેનો હુકમ પણ થયો છે. રેતી ચોરી કેસમાં પણ અનેક ધારાસભ્યો આવ્યા છે. ગૃહમાં બેઠા હશે એમની પણ ધરપકડ કરવામાં આવી છે અને દંડ પણ આપવામાં આવ્યા છે. સરકારી તંત્ર તરફથી આવી બધી કામગીરી કરવામાં આવી છે. એક ધારાસભ્ય તો એમ બોલ્યા છે કે હું કોંગ્રેસનો ધારાસભ્ય હતો ત્યારે બારોબાર ખાઇ થતો હતો. હવે હું કોંગ્રેસનો ધારાસભ્ય નથી બીજા પક્ષમાં જોડાઇ ગયો, પક્ષનું નામ નહીં દઉં, હવે હું ખાતો નથી એમ કહે છે. તે દી ખાઇ જતો હતો, એટલે કોંગ્રેસ બદનામ થઇ. જો આના માટે તકેદારી આયોગ કરવામાં આવે કાયદાકીય જોગવાઇથી તો જે અનેક મોટી આવી વિટંબણાઓ હતી, તેમાંથી બહાર લાવવા માટેના જરૂર પ્રયાસો થઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, હાલની સરકાર દેશમાં અને અહીંયા પણ એક જ પક્ષની છે. લોકપાલ માટે અન્ના હજારેએ આંદોલન કર્યું હતું. હમણા મેં કયાંક વાંચ્યુ, મેં ૨૬ પત્રો વડાપ્રધાનશ્રીને લખ્યા છે, મને એક પણ પત્રનો જવાબ આપવામાં આવતો નથી. લોકપાલ માટે કેવી જાગૃતિ આવી હતી. આ લોકપાલની નિમણૂક માટે આવડી મોટી જાગૃતિ આવી તો પણ રાજ્ય તકેદારી આયોગ એક માત્ર ઠરાવથી નીમાયું છે. કોઇ કડક કાયદો ન હોવાના કારણે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અધિકારીઓ કે જેમનું સેવા કરવાનું કામ છે તે કરતા નથી અને ભ્રષ્ટાચારની લાલચમાં આવી જાય છે. રાજયમાં સૌથી મોટો ભ્રષ્ટાચાર મહેસૂલમાં ચાલી રહ્યો છે એવું આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ પણ સ્વીકાર્યું છે. ત્યારે મારે આ ગૃહના સભ્યોને વિનંતી છે કે આ તકેદારી આયોગ માટેનું જે બિલ લઇને હું આવ્યો છું તેને કાયદાનું સ્વરૂપ આપવા માટે આખું ગૃહ સંમંત થાય, હું પણ દોષિત હોઉં તો મને પણ ન છોડવામાં આવે. આવા દસ, વીસ કે પચ્ચીસ ટકા લોકો હશે એના કારણે બધા જ બદનામ થઇ રહ્યા છે એટલે આ બિલને સ્વીકારવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિરજીભાઇ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક ૧૫ સન ૨૦૧૮નું ગુજરાત તકેદારી આયોગ વિધેયક લાવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. ગુજરાત તકેદારી આયોગની રચના સને ૧૯૬૪માં થઇ. અને ૧૯૯૦ સુધી, ૨૬ વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી. અને ત્યારે કોઇ પણ વખત એમણે આ વિચાર નહીં કર્યો કે આની કાયદામાં જોગવાઇ કરવી પડે. આટલા વર્ષો પસાર થયા પછી એમણે કયારેય આવા વિધેયકનો વિચાર નથી કર્યો. આ બિન સરકારી બિલ જે લાવ્યા છે અને એમ કહ્યું કે આ અસરકારક નથી, માનનીય અધ્યક્ષશ્રી, કોઇ કાયદો અસરકારક નથી, આ સરકાર પોતે અસરકારક છે એમ કહું તો ખોટું નથી. કાયદાની કયાં વાત કરો છો, કાયદા તો એટલા બધા છે કે મારે એમ કહેવું પડે કે જેટલા કાયદા વધારે એટલું નુકસાન લોકશાહીને વધારે હોય છે. કાયદો ન હોય તો ચોક્કસ લાવવો જોઇએ, મારે આઇ.એ.એસ. અને આઇ.પી.એસ., સરકારી કર્મચારીઓ છે તેનો દાખલો આપું તો એ કબૂતર જેવા છે એમ કહું તો ખોટું નથી. એમને હાથમાં રાખો અને પ્રેમ બતાવો તો પણ એ ફફડે, અને એને જો ધમકાવો તો પણ ફફડે, માથે તલવાર રાખીને કયારેય કદી કોઇ સારું કામ થઇ શકે નહીં. આપણું ગુજરાત તકેદારી આયોગ છે, હું આંકડામાં પડવા નહોતો માગતો, પણ આંકડા સાંભળશો તો ખ્યાલ આવશે કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વર્ગ ૧ અને વર્ગ ૨ માં ૨૦૦૦ જેટલા અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. આ આયોગ જયારે જાગૃત હોય અને કયાં નવા કાયદાની જરૂર છે, અને નવા કાયદાની વાત કરે તો મારે ફકત એક વારતા કરવી છે જે માનનીય વિરજીભાઇને ખૂબ સુસંગત છે. જંગલની અંદર એક વખત એક નિર્વસ્ત્ર સાધુ પરમાત્માની તપશ્ચર્યા કરતા હતા ત્યારે ત્યારે ત્યાંથી વટેમાર્ગુ લોકો પસાર થતા હતા, એમને થયું કે આ સાધુ નિર્વસ્ત્ર છે, દિગંબર છે, એટલે એમને પોતડી આપી દઇએ, એમણે પોતડી પહેરલી લીધી, લોકોને તકલીફ પડે છે ને, પરંતુ થોડા સમયમાં ઉંદર આવવા લાગ્યા અને એને કોતરવા લાગ્યા, એટલે મહારાજને બિલાડી લાવવી પડી. બિલાડી પાળ્યા પછી એને દૂધ જોઇએ. અને એને માટે એમને ગાય પાળવી પડી. ગાય જંગલમાં કયાં રાખે? અને એ કોઇના ખેતરમાં જઇને ચરી આવી, એટલે ગ્રામ પંચાયતને એની ઉપર કેસ કરવો પડયો, આ કેસ કોર્ટમાં ચાલ્યો, મહારાજે કહ્યું આ બધી ઝંઝટમાં હું કયાં પડું, એટલે એમણે પોતાની પોતડી કાઢીને મૂકી દીધી. કાયદામાં આવું ન થાય, કાયદાનો દુરઉપયોગ ન થાય, ઇન્ડિયન પિનલ કોડની અંદર ૨૧૨થી ૨૧૫ સુધીમાં આનું પ્રાવધાન છે. માનનીય વિરજીભાઇને ખબર નહીં હોય, સરકારનો અમલદાર સામેનો લાંચ રૂશ્વતનો કાયદો, જેમાં સરકાર લાંચ રૂશ્વતના કેસો કરવા પણ કટિબદ્ધ છે, આવા અનેક કેસો અધિકારીઓ ઉપર થયા છે. એટલે જયારે કાયદો અસરકારક હોય, અને સરકાર અસરકારક હોય તો તમે એવું નહીં કહી શકો કે આ બિન અસરકારક બિલ છે. એટલે આ બિલ લાવવાની કોઇ જરૂરિયાત નથી. આ આયોગ સ્વતંત્ર રીતે કામ કરે છે અને આટલા વર્ષોથી કામ કરે છે. આયોગે શિક્ષાત્મક પગલાં લેવાનું સૂચવ્યું છે. આ છે અસરકારક સરકાર અને અસરકારક આયોગ. આ આયોગ સતત કાર્યશીલ

છે. દર વર્ષે આમાં સમીક્ષા બેઠકો પણ થાય છે. એક વર્ષ જૂના જે કેસો હોય તેના નિકાલ માટે બેઠકો પણ થાય છે. આ સંજોગોની અંદર નાની મોટી શિક્ષા તમામને જયારે કરવામાં આવતી હોય અને ફરજ મોકૂફીની પણ શિક્ષા કરવામાં આવતી હોય છે. વર્ષ ૨૦૧૦થી ૨૦૧૪ સુધીમાં ૩૮,૦૦૦ જેટલી ફરિયાદ આ આયોગને મળી છે. આ આયોગ દ્વારા હું જો એક દાખલો આપું તો સન ૨૦૧૦થી સને ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪ એ દરમ્યાન જે અધિકારી કે કર્મચારી સામે નિયમાનુસાર શિક્ષાત્મક કાર્યવાહી જે ભલામણો કરેલ છે તેની સરકારી અધિકારીઓ, કર્મચારીઓ જુદી જુદી કેટેગરીના મુજબની ભલામણો આયોગ દ્વારા કરવામાં આવી છે. તેની સામે શિક્ષાત્મક કાર્યવાહીની પણ ભલામણ કરેલ છે. આદરણીય વિરજીભાઇને વિનંતી કરવા માગું છું કે ગુજરાતના તકેદારી આયોગનો ૫૪મો વાર્ષિક અહેવાલ વાંચ્યો હોય તો મને ખબર છે કે બિલ ન લાવત. તેમણે આ અહેવાલ પૂરેપૂરો વાંચી જવાની જરૂર હતી. તો આ કાયદાનો જ અમલ એમાં થયો છે એમ કહું તો ખોટું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૪૮૫૮ જે અધિકારી-કર્મચારીઓની કેટેગરી છે તેને પણ આયોગે અલગ અલગ પાડી છે. ગેઝેટેડ ઓફિસરો છે એ ૨૭૯૬, નોન ગેઝેટેડ ૧૯૫૭, અધર એમ્પ્લોઇ છે તેને ૮૦ની કેટેગરી પાડી છે અને ઓલ ઇન્ડિયા સર્વીસમાં જે કરે છે તેને ૨૫ની કેટેગરી પાડીને કુલ ૪૮૫૮ કર્મચારીઓની કેટેગરી પાડી છે ત્યારે હું એમ માનું છું કે જયારે આ કાયદો જ અને અત્યાર સુધી આયોગ ખૂબ સારી રીતે કામ કરી રહેલ છે ત્યારે હું માનું છું કે આમાં કાયદામાં જોગવાઇ કરવાની જરૂર નથી. એટલે આપને વિનંતી કરું છું કે ઓલરેડી જયારે કાયદો છે ત્યારે અસરકારક બિલ લાવવાની જરૂર નથી. આભાર.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સદસ્ય માનનીય વિરજીભાઇ ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક લઇને આવ્યા છે તેમાં મને મળેલા સૂચનો દ્વારા મારી વાત ગૃહ સમક્ષ મૂકવા ઇચ્છી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોંઘો અને મોડો મળેલો ન્યાય પણ અન્યાય છે. પહેલાંના સમયમાં અને આજે પણ અમુક કિસ્સાઓમાં ભ્રષ્ટાચારની કોઇ સાથે વાત કરવી અથવા તો કોઇને લાંચની ઓફર કરવી એ મોટા ભાગે સ્વાભિમાની માણસ માટે અપમાન ગણાતું ત્યારે આજે આ બાબતની અંદર ઘણો બધો સુધારો થયો છે. એટલા માટે કયાંકને કયાંક આ રાજયની જનતાએ, આ દેશની જનતાએ ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર છે, એ સૂત્રને અપનાવી લીધું છે. આપના માધ્યમથી હું કહેવા માગું છું કે આયોગને સ્વાયત્ત સંસ્થા તરીકે જયારે આપણે જોગવાઇ કરી હોય અને સત્તા ન આપી હોય તો કયાંકને કયાંક સરકાર દ્વારા આયોગને પાંગળું બનાવવા માટેના પ્રયત્નો સભાનતાપૂર્વક થઇ રહ્યા છે એવું કહેવામાં આવશે. કોઇ હલકી ગુણવત્તાના કામો થતા હોય, કોઇ નબળી ગુણવત્તાના કામો થતાં હોય, કયાંય ભ્રષ્ટાચારની વાત હોય, બીજી-ત્રીજી કોઇ વાત હોય ત્યારે ચોક્કસપણે આ બાબતને ગંભીરતાથી લઇ અને યોગ્ય કરવું જોઇએ અને યોગ્ય થવું જોઇએ. તેના માટેની જયારે ચર્ચા થતી હોય ત્યારે આપણે બધા જ એવું ઇચ્છીએ કે આ બાબતમાં આ આયોગને એવી સત્તા આપવી જોઇએ જેથી કરીને પ્રજા સુધી પહોંચાડવામાં આવતો પૈસો સરકારલક્ષી છે એ યોગ્ય પ્રજાભિમુખ થઇ શકે અને તો જ કયાંકને કયાંક પ્રજાનો ભરોસો સરકાર ઉપર અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ઉપર સૌથી વધુ વધશે એવું હું માનું છું. આવી જેટલી અરજીઓ આવેલી છે તે ભ્રષ્ટાચારની હોય, નબળી ગુણવત્તાવાળા કામોની હોય આ બધી જ અરજીઓ પ્રજા સમક્ષ મૂકવી જોઇએ જેથી કરીને પ્રજાને પણ ખ્યાલ આવે કે આપણો દેશ કે આપણું રાજય કઇ દિશામાં જઇ રહેલ છે. જે નબળી ગુણવત્તાવાળા કામો થઇ રહ્યા છે તેમાં પણ પારદર્શકતા લાવવા માટે આવી બધી જ બાબતો પ્રજા સમક્ષ મૂકવી પડશે. બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે જયારે પણ દંડની સામે આવી કોઇ બાબતો આવતી હોય ત્યારે તેમાંથી બચવા માટે અમુક ફાઇલો ગૂમ થતી હોય છે. અમુક ફાઇલો સળગી જતી હોય છે અથવા તો મોડી મોડી પ્રક્રીયાઓ થતી હોય છે ત્યારે આવી બાબતમાં પણ તકેદારીના ભાગરૂપે જે અધિકારીઓ ભૂલ કરે છે એની સામે સ્પષ્ટપણે પગલા લેવાવા જોઇએ એવું હું સ્પષ્ટપણે માનુ છું. હમણાંજ માનનીય વિરજીભાઇએ કીધું એમ આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને આપણા નેતા એમણે પણ જાહેર ચર્ચાની અંદર સ્વીકાર્યુ કે આ રાજયની અંદર બે ગૃહોની અંદર સૌથી વધુ ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે, હું એ બાબતને પણ ચિંતાથી જોવા માંગું છું કે આ રાજયના મુખ્યમંત્રીશ્રી પણ જો આ બાબતની ચિંતા કરતા હોય તો આપણે બધાએ કોઇક એવો કાયદો લાવવો જોઇએ અથવા તો જે સંસ્થા આમાં સારી રીતે કામ કરી રહી છે એને નવી આયામો સાથેની શકિત જો આપણે આપીએ તો ચોક્કસપણે આમાં ઘણું બધું સારું થઇ શકે અને સરકાર દ્વારા આવો જો કોઇ દંડ આપવામાં આવતો હોય તો એ માત્ર અને માત્ર એની ભૂલોની સુધારણા માટે આપવામાં આવતો હોય છે એટલે એ બાબતને પણ પોઝીટીવ લઇ અને આમાં ચોક્કસપણે કહેવું જોઇએ. છેલ્લી વાત હું આપના માધ્યમથી કહેવા માગું છું કે થોડા સમય પહેલાં જયારે આપણા બધાનો પગાર વધ્યો ત્યારે આખાએ રાજયમાં આપણે બધાએ અનુભવ્યું છે કે લોકોએ કીધું કે, તમે તમારું કરી લીધું અમારું શું? તો હું એવું માનુ છું કે જયારે આવી બધી બાબતોમાં આપણે એક થતા હોઇએ ત્યારે તકેદારી આયોગની બાબતમાં પણ આપણે બધા એક થઇ અને જો ઘણું બધું સારું કરી શકીએ તો પ્રજાભિમુખ વહીવટ ઘણો બધો સારો થશે. મારા પહેલાના વકતા માનનીય કનુભાઇ જે હમણાં વાત કરતા હતા એ મારી ભૂલ જો ના થતી હોય તો ૨૦૧૩માં માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જે કહેવામાં આવેલું હતું એનો એમણે પુનરોચ્ચાર કર્યો છે અને ફરી વખત કહુ છું કે આવનારા સમયની અંદર આ બાબતમાં હજી ઘણું બધું સારું કરવામાં આવે જેથી કરીને પ્રજાના માનસમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની શાખ વધુ સુધરે એટલું કહીને વિરમું છું. આપ સૌનો આભાર.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના અને કોંગ્રેસ પક્ષના સીનીયર નેતા એવાશ્રી વિરજીભાઇ તકેદારી આયોગનું જે આ બિલ લઇને આવ્યા છે એના માટે મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતમાં તકેદારી આયોગ

છે જ અને એમાં કોઇપણ સેવામાં ફરજ બજાવતા અખિલ ભારતીય અધિકારી અને જાહેર સેવકનો એ ભ્રષ્ટાચાર તપાસ કરાવી શકે છે આ ઉપરાંત સચિવાલયના તમામ વિભાગો, ખાતાના વડાઓ, બોર્ડ, નિગમ, પંચાયતો, મહાનગરપાલિકા, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, શહેરી વિકાસ મંડળો પાસેથી લાંચ રૂશ્વત પ્રતિષેધ તથા તકેદારીને લગતા અહેવાલો અને પત્રકો મંગાવી શકે છે. હમણાં શ્રી વિરજીભાઇએ જે વાત કરી, આયોગ છે, ખૂબ સારી કામગીરી કરે છે પણ જયાં પ્રશાસન કે સરકાર અસરદાર છે એવું અમારા સભ્યશ્રીએ કહ્યું અને અસરદાર સરકાર હોય તો તકેદારી આયોગ જે હોય એ પણ અસરદાર હોય જ કારણ કે એમણે જે કહ્યું એના દાખલા ઉપરથી કે પ્રશ્ન પૂછયો કે કેટલો ભ્રષ્ટાચાર થયેલો છે અને એનો જવાબ આવ્યો કે આશરે આટલો , તો આમાં ચકકસ એની જવાબદારી નકકી થઇ હશે, એની તપાસ થઇ હશે અને તપાસ થવાની વ્યવસ્થા આ સરકારમાં છે માટે આ થયું. આપણે જાણીએ છીએ કે ભ્રષ્ટાચાર આ દેશમાં, આપણા ગુજરાતમાં અને તમામ લોકોમાં, મને યાદ છે કે પહેલાં તો ભ્રષ્ટાચાર એટલો બધો વ્યાપી ગયો હતો એના કારણે આપણે જોયું કે આદરણીય કેશુભાઇ, નરેન્દ્રભાઇ અને બાકીની બધી અત્યારની વિજયભાઇની સરકારો આવી ત્યાં સુધી નિયમો એમણે એવા બનાવ્યા કે જેના કારણે ભ્રષ્ટાચાર થઇ શકે નહીં અને આ ભ્રષ્ટાચારમુકત ભારત અને ગુજરાત આ ભારતીય જનતા પાર્ટીએ બનાવ્યું છે અને એનો દાખલો છે કે આખા દેશમાં અને ગુજરાતમાં ભ્રષ્ટાચારના કોઇ આરોપ નથી અને હોય તો આપણે જ પકડયા છે. સરકારની જો નિયત સારી હોય તો ભ્રષ્ટાચારમુકત વિકાસ થઇ શકે અને એનો આપણે દાખલો જોયેલો જ છે. કારણ કે એની પારાશીશી પ્રજા છે અને પ્રજા હરહંમેશ એક પાર્ટીને મત આપે એનો અર્થ એ થયો કે પ્રજાએ જોયું છે અને જોયા પછી એમને ખબર છે કે આ જ પાર્ટી એવી છે કે જે ભ્રષ્ટાચાર વિહોણી છે. એનું સુશાસન છે માટે ભારતીય જનતા પાર્ટીને મત મળે છે. એટલા મત મળે છે કે એની ટકાવારી હવે વધતી જાય છે. જૂનાગઢ નો તાજેતરનો દાખલો છે. અમારી ટકાવારી છે, જીત છે એ સંપૂર્ણ છે. એક સભ્યએ ચિંતા વ્યક્ત કરી ધીરી બાપુડિયા, પણ અમારા અટલજી કહે છે કે ભારતીય જનતા પાર્ટી કા કાર્યકર્તા યા તો જીતતા હૈ યા શીખતા હૈ. તમે શીખવા માંડશો ત્યારે તમને ખબર પડશે કે આ સરકાર કઇ રીતે ભ્રષ્ટાચારમુક્ત રહી. આ તકેદારી આયોગ કામ કરે છે એને મુક્ત મને કામ કરવા દીધું અને બિલકુલ ભ્રષ્ટાચાર ન થાય એના માટે સતત જાગૃત્ત છે. અમારી સરકાર અસરદાર છે. બીજો દાખલો આપું તો આખા દેશમાં મતદાન થયું, સર્વેક્ષણ આવ્યું એ મુજબ જેના ગૃહમંત્રી અસરદાર હોય એની સરકાર અસરદાર તો હોય જ ને?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર ગુજરાત તકેદારી આયોગ વિધેયક, ૨૦૧૮ લઇને આ સન્માનનીય સભાગૃહમાં આવ્યા છે. જેમાં આદરણીય ધારાસભ્ય અમરીશભાઇ ડેર, પિયુષભાઇ, સુરેશભાઇ પટેલ બધા લોકોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે અને પ્રવર્તમાન સંજોગોની સૌથી વધારે કોઇ ચિંતા સમાજને હોય તો એ ભ્રષ્ટાચાર છે. એના સંદર્ભમાં આપણે જ્યારે ચૂંટાયેલા લોકો તરીકે આ સન્માનનીય સભાગૃહમાં બેસીએ છીએ તો એના માટે કડકમાં કડક કાયદો હોવો જોઇએ એવી એમણે ચિંતા વ્યક્ત કરી છે. મારે માત્ર પ્રભારી સભ્યશ્રીએ એટલું જ કહેવું છે કે ગુજરાતમાં જે સન્માનનીય સભાગૃહનું આપણે પ્રતિનિધિત્વ કરીએ છીએ એ ધારાસભ્યશ્રીઓએ ભૂતકાળમાં તા.૧૭-૪-૧૯૬૪ના ઠરાવથી રાજ્યમાં તકેદારી આયોગની રચના કરવામાં આવી છે. આ તકેદારી આયોગ એ સ્વતંત્ર છે, ઓટોનોમસ છે. ગૃહ વિભાગ એની સંપૂર્ણ ચિંતા કરે છે અને જી.પી.એસ.સી.ની જેમ મોભો અને દરજ્જો એ બધું જ આ તકેદારી આયોગને આપવામાં આવ્યું છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે આ રાજ્યમાંથી દેશના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી કે જેણે ૧૪-૧૪ વર્ષ સુધી ગુજરાતમાં વિકાસ યજ્ઞ કર્યો. એક તપસ્વી રાજનેતાની જેમ ગુજરાતના વિકાસની યાત્રા જેમણે અહીંથી આદરી અને દેશના લાખો કરોડો લોકોની આશાનું કિરણ બન્યા. ગુજરાત એ મારો આત્મા છે અને ભારત એ મારો પરમાત્મા છે એ વિચાર સાથે પોતાની આગળ-પાછળ કોઇ નહીં, માત્ર ગુજરાતનો વિકાસ એવું લક્ષ અને એક પ્રમાણિક મુખ્યમંત્રી તરીકે એમણે સતત રાજ્યની અંદર પ્રમાણિકતાથી આ રાજ્યની શાસન વ્યવસ્થા ચાલે એ માટેનો યજ્ઞ અને એ યજ્ઞને ત્યારબાદના મુખ્યમંત્રીશ્રીઓ, આજે શ્રી વિજયભાઇ રૂપાણી આગળ લઇ જઇ રહ્યા છે. ત્યારે મારે કહેવું છે કે કર્મચારી, અધિકારી કે જાહેર સેવકની વ્યાખ્યા હેઠળ જેમણે ગેરરીતિ આચરી હોય, જેમણે દુરુપયોગ કર્યો હોય એના માટે સચિવાલયના તમામ વિભાગોની, જુદા જુદા બોર્ડ, કોરપોરેશનો, નિગમોની આ અંગેની કાર્યવાહીનું નિયમન થાય છે અને એમાં કોઇ ત્રૂટી જણાય તો તકેદારી આયોગ દ્વારા એન્ટી કરપ્શન બ્યૂરોને સોંપવામાં આવે છે. એની સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવે છે અને એન્ટી કરપ્શનની કાર્યવાહી પણ કરવામાં આવે છે. હું આ તકેદારી આયોગની કાર્યવાહી પિયુષભાઇએ કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષના રિપોર્ટ મેં જોયા તો તકેદારી આયોગને વર્ષ ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭ માં એવરેજ ૭ થી ૮ હજાર જેટલી ફરિયાદો મળે છે. અને એની સામે કાર્યવાહીઓ પણ આ આયોગ દ્વારા કરવામાં આવી છે અને વર્ષ ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭ના ૧૭૦૦, ૫૧૧, ૪૯૮, ૪૧૩ ક્રમાનુસાર મળેલી ભલામણોના લીધે પગલા પણ લેવામાં આવ્યા છે અંતે પાંચ વર્ષમાં ૭૯૬ જેટલી જુદા જુદા પ્રકારની શિક્ષાના હુકમો પણ કરવામાં આવ્યા છે. સાથે સાથે આ તકેદારી આયોગના માધ્યમથી preventive vigilance પણ આપણે ઊભું કરી શકીએ છીએ. કેટલીક જગ્યાએ સરકારી કામોમાં થતી ગેરરીતિઓના નિરીક્ષણના આધાર ઉપર રૂ.૨૬ કરોડ જેટલા સરકારી તિજોરીમાં જમા પણ કરાવ્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે, જિલ્લા કક્ષાએ જે વિકેન્દ્રીત વ્યવસ્થા છે એમાં તકેદારીને લગતા કેસોની ઝડપથી કાર્યવાહી થાય અને કલેક્ટર એના અધ્યક્ષ હોય છે આનું નિયમન પણ તકેદારી આયોગ દ્વારા કરવામાં આવે છે. આ સરકાર પારદર્શકતા, સંવેદનશીલતા,

નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર આધાર સ્તંથો ઉપર ચાલે છે અને એમાં સૌથી અગત્યનું છે પારદર્શકતાનું જતન થાય એટલા માટે આ સરકારે Gujarat on fast track ના માધ્યમથી અનેક કામો કર્યા છે. સૌથી મોટું કામ કર્યુ હોય તો રાજ્યના Anti-Corruption Bureau ને સઘન બનાવવા માટેનું કામ કર્યું છે અને conviction rate પહેલા Anti-Corruption Bureau ના કેસોમાં ૨૫% જેટલો હતો એમાં ૩૪% થયો છે એટલે ૯% નો વધારો કર્યો છે. ૪ વર્ષના આંકડા જોઇએ તો એમાં સંડોવાયેલા આરોપીઓની સંખ્યા ૩૭૧ હતી અને માત્ર વર્ષ ૨૦૧૮ના એક જ વર્ષમાં આરોપીઓની સંખ્યા ૭૨૯ એટલે ૯૬%નો વધારો ACB દ્વારા કરવામાં આવ્યો છે. ૪ વર્ષમાં ACB દ્વારા ૨૪૬ ગુના નોંધ્યા છે. જ્યારે વર્ષ ૨૦૧૮ માં એક જ વર્ષમાં ૩૩૨ જેટલા ગુના એટલે કે ૨૬% ગુના નોંધણીની અંદર વધારો કર્યો છે આની પાછળ પ્રબળ ઇચ્છા શક્તિથી રાજ્યના મુખ્યમંત્રીએ ACBના માધ્યમથી સરકારની તિજોરી હોય, પ્રજાના ખિસ્સામાંથી કોઇ પૈસા પડાવવા માટે કોઇ જાહેર સેવક પ્રયાસ કરે એ આપણે હરગીજ ચલાવવા માગતા નથી. એના માટે આપણે સતા સ્થાને બેઠા છીએ જેમાં એક માત્ર આશયથી ACBની ટેકનોલોજી સાથેની આખી ઝૂંબેશ ફાળવવામાં આવેલ છે. જુદી જુદી યોજનામાં ફાળવવામાં આવેલા નાણા એ યોજનામાં વપરાય છે કે નહીં અને એનો ક્યાંય દુરુપયોગ થતો હોય, ગત દિવસોમાં ખેત તલાવડીના ૨૮, સીમ તલાવડીના ૪, પાણીના ટાંકના એમ વિરજીભાઇએ ચિંતા વ્યક્ત કરી કે સરકારી યોજનાઓનો કોઇ કર્મચારી કે અધિકારી દ્વારા પોતાના ખિસ્સામાં નાખવાનો પ્રયાસ થતો હોય તો પણ આ રાજ્ય સરકારે ભૂતકાળમાં ના થયા હોય એવા કડકમાં કડક એકશન લીધા છે. અનેક ચેકડેમો હોય, અનેક રસ્તાઓની ગુણવત્તાનો સવાલ હોય, કોઇ કર્મચારી પોતાને મળેલા પાવરની રૂએ યોજનાના અમલીકરણના માધ્યમથી જો પોતે સંપત્તિ એકત્ર કરે અને એ સંપત્તિ આવક કરતા વધારે હોય તો disproportionate assetના માધ્યમથી એની સામે ઇન્કવાયરી પણ નામદાર તકેદારી આયોગના માધ્યમથી સૂચના દ્વારા કરવામાં આવી છે. સુરતની અંદર બનતી તક્ષશીલાની ઘટના હોય અને તક્ષશીલાની ઘટના બનવામાં કોઇ અધિકારીઓ સંકળાયેલા હોય તો રાજ્ય સરકારનું ACB પણ નિદોર્ષ લોકોના, નાગરિકોના જાન ગૂમાવવાના કારણે જેમણે સત્તાનો દુરુપયોગ કર્યો છે એને બક્ષવા નથી માગતી આવી કડકાઇ પણ આ કેસની અંદર છે. પોલીસ તપાસની અંદર કોઇ પોલીસ અધિકારી ખોટી રીતે કોઇનું નામ દાખલ કરે અથવા ગુનેગાર હોય એનું નામ કાઢે તો એની ઉપર, ટેન્ડરના કામોની અંદર કોઇ ગેરરીતિ થઇ હોય, આર.ટી.ઓ.ના કામની અંદર ગેરરીતિ હોય, ખાણ-ખનીજમાં કોઇ ભ્રષ્ટાચાર હોય, તકેદારી આયોગ પાસે જ્યારે આ પ્રમાણેની કોઇ પણ વિગતો આવે છે તો તકેદારી આયોગ પૂરી સઘનતાથી એની ચિંતા કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારે પ્રવચનમાં આદરણીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે એક સમય હતો કે ઉપરથી એક રૂપિયો આવે છે. ૮૫ પૈસા ખવાઇ જતા હતા. ૧૫ પૈસા જ પ્રજા માટે વપરાતા હતા. આજે સમય બદલાયો છે. સત્તા ઉપર બેઠેલા પ્રમાણિક લોકોના કારણે ઉપરથી રૂપિયો આવે છે અને સવા રૂપિયો પ્રજાના હિત માટે વપરાય છે. આપણે સૌએ જોયું છે આ દેશની અંદર અનેક મોટા મસ કૌભાંડો થયા છે લાખો, કરોડો રૂપિયાના. બોફોર્સનું કૌભાંડ, આદર્શનું કૌભાંડ, ટુજીનું કૌભાંડ, થ્રીજીનું કૌભાંડ, અગષ્ટા વેસ્ટલેન્ડનું કૌભાંડ જયારે આ પ્રમાણેના કૌભાંડો થાય છે ત્યારે વિરજીભાઇએ સાચું કહ્યું છે કે રાજકારણ એ મલાઇદાર લોકો માટેની વ્યવસ્થા છે એ આવા કૌભાંડોના કારણે કહેવામાં આવ્યું છે. આ સરકાર, એક શ્રી નરેન્દ્ર મોદી, પોતાના ઘરબાર છોડીને જેણે ભારત માતાના ચરણોમાં આખું જીવન સમર્પિત કર્યું છે આ તિજોરી ઉપર કોઇનો પંજો ન પડે અને જો પંજો પડે તો એને જેલના હવાલે કરવા માટેનું સામર્થ્ય આ સરકારની અંદર છે. આપણે સૌ જાણીએ છીએ કે ભ્રષ્ટાચાર નિવારવા માટેનું જો કમિટમેન્ટ હોય તો આપણે ટેકનોલોજીમાં અનેક સુધારા કર્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે જિલ્લા પંચાયતમાં પહેલા એન.એ.ની અંદર શું થતું હતું? બધા જાણીએ છીએ કે જિલ્લા પંચાયત જેની પણ હોય એન.એ.ના માધ્યમથી વ્યાપક ભ્રષ્ટાચાર થતો હતો. આજે એ ભ્રષ્ટાચારની માત્રા કેમ નહીંવત કરવામાં આપણે સફળ રહ્યા? સ્ટ્રોંગ વિલપાવર. એક વખતે સરકાર નકકી કરે કે અમારે ભ્રષ્ટાચાર નથી થવા દેવો. એ પ્રમાણે શિક્ષકોની ભરતીમાં ભૂતકાળમાં વર્બેટમ વાંચજો તો એ વર્બેટમની અંદર શિક્ષકોની ભરતીમાં હજારો રૂપિયા અને લાખો રૂપિયાના કૌભાંડો થતા હતા. આર.ટી.ઓ.ની અંદર કોઇ વાહન અંદર દાખલ થાય ચેકપોસ્ટ ઉપર કમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવ્યું. ટેકનોલોજીનો સિસ્ટમની અંદર ઉપયોગ થાય. હા, બિટકોઇનનો ગુનો અમે દાખલ કર્યો છે. મારી પાસે એ લોકો આવ્યા હતા અને એમણે રજૂઆત કરી. અમે સી.આઇ.ડી. ક્રાઇમના અધિકારીઓને બોલાવીને કીધું કે કોઇપણ ચમરબંધી હોય એને છોડશો નહીં. એને જેલના હવાલે કરવાનું જો સામર્થ્ય હોય તો એ ભારતીય જનતા પાર્ટીની શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની આ સરકારની અંદર છે. સત્તાસ્થાને બેઠા પછી આપણે પ્રજાના સેવક તરીકે છીએ.પોતાની સરકારના કાળના સમયમાં પોતે કે પોતાની સમગ્ર કર્મયોગીની વ્યવસ્થામાંથી કયાંય પણ સરકારી તિજોરીનો પૈસો વ્યર્થ ન જાય એ આપણું સહિયારું કમિટમેન્ટ છે. માનનીય વિરજીભાઇને હું વિનંતી કરું છું આપણી પાસે લોકાયુકત છે, આપણી પાસે તકેદારી આયોગ છે અને આપણી પાસે રાજયનું સઘન એન્ટીકરપ્શન બ્યૂરો છે. રાજયની પ્રજાના કરમાંથી ઉઘરાવેલા પૈસાનું પાઇપાઇનું જતન કરવું એ આપણી સૌની સહિયારી ફરજ છે અને કયાંય સિસ્ટમની અંદર ત્રુટી હશે તો એને વધારે સઘન બનાવીને આ તકેદારી આયોગમાં એમણે જે કલ્પના કરી છે અને એ કલ્પનાના આધાર ઉપર વધારે સુદ્રઢ વ્યવસ્થા કરવાનો અમે ચોકકસ પ્રયત્ન કરીશું એટલે હું માનનીય વિરજીભાઇને વિનંતી કરું છું કે આટલી સઘન વ્યવસ્થા હોય અને અમારી નિષ્ઠાથી અમે જો વ્યવસ્થિત કરતા હોઇએ તો એ પાછું ખેંચે એવી વિનંતી કરું છું.

ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર બાબત વિધેયક, ૨૦૧૮

અધ્યક્ષશ્રી : માનનીય પ્રભારી સભ્યશ્રી. શ્રી શૈલેષભાઇ, જોરથી કહોને. ના, ના. માનનીય શૈલેષભાઇ સાચી જ સલાહ આપશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું આ તકેદારી આયોગને એક કાયદાનું સ્વરૂપ આપવા માટે અને જાહેર સેવકો કે સેવા કરવાના ઉદ્દેશથી કામ કરતા કોઇપણ વ્યક્તિ ઉપર ખોટા આક્ષેપ ન થાય એનાથી બચવા માટે કાયદાનું સ્વરૂપ લાવવા માટેની ચિંતા વ્યકત કરું છું. પિયૂષભાઇ દેસાઇ મારા સન્માનનીય સભ્યશ્રીએ પોતાની વાત કરી. અગાઉ પણ બિલ આવ્યું ત્યારે એક કિસ્સો ટાંકયો હતો. કોણે ટાંકયો હતો એ નામ નહીં બોલું આપે તો વાંચી લીધું છે. આયોગના વાંચવાના આંકડા તૈયાર જ હતા હું એના ઉપરથી જ બોલતો હતો. વધતી જાય છે એની ચિંતા છે. ત્યારે કાયદાના સ્વરૂપે લાવવું જોઇએ, એટલા માટે લાગણી વ્યક્ત કરી. એસીબી ટ્રેપમાં વધારો થયો છે. માનનીય મંત્રીશ્રીએ આંકડા આપ્યા. જ્યારે એસીબીમાં રજૂઆત કરીએ છીએ, એમાં હું પણ આવું છું. એસીબી સારી રીતે કામ કરે છે એ બાબતમાં હું પણ સ્વીકાર કરું છું. જેના કારણે ઘણા અધિકારીઓ જેલ હવાલે પણ થયા છે. શ્રી અમરીષભાઇ ડેર તરફથી સરસમજાનાં સૂચનો થયાં. મારા શ્રી સુરેશભાઇ પરમ સ્નેહી મિત્ર છે. અવાર–નવાર મીટિંગમાં ભેગા થઇએ છીએ. તેમણે સાચાં સૂચન કર્યાં. ભ્રષ્ટાચાર એ આપણા જાહેર સેવકો માટે બહુ મોટો ગંભીર વિષય બન્યો છે, ત્યારે આ સ્વરૂપે લાવવા માટેની લાગણી વ્યક્ત કરી હતી. મારા કોઇ સભ્ય એમ કહેતા હતા કે ભાજપની સરકાર આવ્યા પછી ભ્રષ્ટાચાર ઓછો થયો છે. વાજપાઇજીએ પણ કહ્યું હતું તે બાબત નહિ કહું, પરંતુ માનનીય મંત્રીશ્રીએ પોતાની વાતો સાથેની, લાગણી સાથેની વાતો કરી, ત્યારે મારો વિચાર મત ઉપર મુકવા માટેનો હતો, પણ આ બિલ પાછું ખેંચવાની સભાગૃહ પાસે અનુમતિ માંગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૮નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૩**

**ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર ( પવિત્ર ધામની જાહેરાત કરવા) બાબત વિધેયક, ૨૦૧૮**

**ભારતીય રાજ્યતંત્ર ઉપર એક છાપ ઉભી કરવાના અને ધર્મ તથા સાંસ્કૃતિક ઓળખનું રક્ષણ કરવાના હેતુથી, યાત્રાળુઓ માટે ધાર્મિક શ્રદ્ધા કેન્દ્રની પવિત્રતાની જાળવણી, ધર્મના સિદ્ધાંતોના સૂચિતાર્થ, તત્વજ્ઞાનની આચારપદ્ધતિ માટેની જોગવાઇ કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઇ કરવા માટેનું વિધેયક**

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૮નું ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર (પવિત્ર ધામની જાહેરાત કરવા) બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક સુંદર મજાનો વિષય લઇને હું આ ગૃહ સમક્ષ આવ્યો છું. રાજ્ય સરકારે દીર્ઘદ્રષ્ટી રાખીને યાત્રાધામની ચિંતા કરીને યાત્રાધામના વિકાસ અને યાત્રાળુની સુવિધા માટે થઇને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની રચના વર્ષ ૧૯૯૫માં કરવામાં આવેલ છે. યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ગુજરાતના યાત્રાધામ ખાતે યાત્રાળુઓની સુવિધાનાં કામો હાથ ધરેલ છે. અને ખૂબ જ સુંદર પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહેલ છે. યાત્રાધામના વિકાસનાં કાર્યોમાં આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે અત્યંત નિકટતાથી મારો કામ કરવાનો અનુભવ છે. એમ હું માનીશ કે યાત્રાધામના વિકાસ માટે થઇને એમણે જે પ્રયત્નો કરેલા, એના પાછળનું મુખ્ય કારણ લોકોની ધાર્મિક માન્યતા, ધાર્મિક સંસ્કારો એને વ્યાપક રીતે સંવર્ધન થાય અને સાથે સાથે એનાથી વધારે મહત્વનો મુદો જણાવું છું કે યાત્રાધામનો વિકાસ કરવાથી ગુજરાતમાં જબરજસ્ત નવી રોજગારીની તક પ્રાપ્ત થશે. એટલે આ આધાર ઉપર યાત્રાધામ વિકાસ બોર્ડ અને વિભાગ કામ કરી રહ્યું હતું. રાજ્ય સરકારે ૬ જેટલા યાત્રાધામને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરેલ છે. આ છ યાત્રાધામની જેમ જ અન્ય પવિત્રધામો પણ જાહેર કરવા અને તેનો સુયોજિત વિકાસ થાય તે માટે આ બિનસરકારી વિધેયક રજૂ કરું છું. આ બિનસરકારી વિધેયક રજૂ કરવાનો આશય યાત્રાધામની પવિત્રતા, તેનું ધાર્મિક મહત્વ સચવાઇ રહે તથા યાત્રાધામ ખાતે દર્શનાર્થે યાત્રાળુંઓના માનસ પણ એક સારી છાપ લઇને જાય અને તેઓની ધાર્મિક લાગણી જળવાઇ રહે તે માટે આવા યાત્રાધામોને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવામાં આવે તો ત્યાં પણ સુયોજિત વિકાસ કરી શકાય તેમ છે. યાત્રાળુંઓને વિવિધ પ્રકારની સુવિધાઓ જેવી કે પીવાનું શુદ્ધ પાણી, યાત્રાધામની સ્વચ્છતા, સેનીટેશન, યાત્રી નિવાસ તેમજ દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે બેટરી સંચાલિત ઇ–રીક્ષા, રેમ્પ, વ્હીલચેર જેવી સુવિધા ઉભી કરવામાં આવે તો તેઓ આવા યાત્રાધામની એક સારી છાપ લઇને જશે. લોકો આસ્થા અને વિશ્વાસથી આવા યાત્રાધામોની મુલાકાતે જાય છે અને તેનું

* વિધેયક તા.૮મી માર્ચ, ૨૦૧૮ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રમાણ ગુજરાતમાં સવિશેષ છે એટલે તેનું મહત્વ સમજીને આ વિષય ઉપર હું સભાગૃહનું ધ્યાન દોરવા માંગું છું. જેના પરિણામે યાત્રાળુંઓની સંખ્યામાં વધારો થશે, ત્યાં વસતા લોકોને રોજગારી પણ વ્યાપક પ્રમાણમાં મળી રહેશે, સ્થાનિક વિસ્તારનો વિકાસ થશે અને લોકોમાં યાત્રા સ્થળની શ્રદ્ધા અને ભક્તિમાં વધારો થશે. રાજય સરકારે યાત્રાધામના વિકાસના ઘણા કામ કરેલા છે. સોમનાથ, અંબાજી, દ્વારકાની કાયાપલટ કરી છે. આપણે બધા તે અનુભવી રહ્યા છીએ. જેના પરિણામે આ યાત્રાસ્થાનોની મુલાકાતે આવતા યાત્રાળુંઓની સંખ્યામાં ઘણો વધારો થયો છે. તે જ રીતે અન્ય યાત્રાધામોને પણ પવિત્ર યાત્રાધામ જાહેર કરીને તેનો સુયોજિત વિકાસ કરવાના ધ્યેયથી આ વિધેયક રજૂ કરી રહ્યો છું. પવિત્ર યાત્રાધામ જાહેર કરવાથી તે સ્થળની ધાર્મિક શ્રદ્ધાને બાધ ન આવે તેવું વાતાવરણ ઉભું થશે. કોઇપણ વ્યક્તિ આવા સ્થળની પવિત્રતામાં દખલરૂપ ન બને, યાત્રાળુંઓની સુરક્ષિતતા, યાત્રાધામોની સલામતિ અને સુરક્ષા વધુ મજબૂત કરી શકાશે. આમ જો કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ દ્વારા યાત્રાધામની સુરક્ષા અને સ્વચ્છતામાં અડચણ થાય તેવી પ્રવૃત્તિ કરે તે માટે દંડની જોગવાઇ કરવી જોઇએ. આવી જોગવાઇ હાલ નથી. તેવું કરીને તેઓની સામે ઘટતી કાર્યવાહી થાય તે બાબતે આ વિધેયક શુભ આશયથી લાવી રહ્યો છું. રાજય સરકારનો અભિગમ હાલમાં હકારાત્મક હોઇ હું વિનંતી કરું છું કે, રાજય સરકાર આ બાબતમાં વિચારણા કરીને આ વિધેયકનો અમલ કરવા હકારાત્મક અભિગમ રાખે. તીર્થસ્થાનો જેના નિયંત્રણ હેઠળ હોય તેવી સ્થાનિક સંસ્થા, ટ્રસ્ટ, સરકારી કચેરી આવા તીર્થસ્થાનોમાં આવતા યાત્રાળુંઓની લાગણીઓ અને તેમની મૂળ માન્યતાઓમાં થઇ રહેલા ભયને દૂર કરવા માટે જરૂરી સત્તા સુપરત કરવાની જોગવાઇ આ વિધેયકમાં કરવી જોઇએ. આવી જોગવાઇ અત્યારે અમલમાં નથી. જેથી કોઇ તીર્થસ્થાનોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોય અને યાત્રાળુંઓને આવવા જવામાં મુશ્કેલી પડે અને તેમના માલસામાનને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાય તે માટેની સત્તાઓ સુપરત કરવી જોઇએ. તે માટે કોઇપણ જગ્યાએ તપાસ કરવાની અને પ્રવેશ કરવા માટેની સત્તા સુપરત કરવી જોઇએ. આનો ભંગ કરવા બદલ વિવિધ સજા માટેની જોગવાઇ કરવી જોઇએ. જેથી આવી પ્રવૃત્તિને વેગ ન મળે અને યાત્રાળુઓ કોઇપણ જાતના ડર, શંકા કે કુશંકા વગર શ્રદ્ધાથી યાત્રાધામની મુલાકાત લઇ શકે.

શ્રી પ્રતાપ દૂધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, જીતેન્દ્રભાઇ ધાર્મિક શ્રદ્ધા અને પવિત્રધામનું વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. સંતો, શાસ્ત્રો અને મંદિરો ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભો અને વાહકો રહ્યા છે. હું જે વિસ્તાર સૌરાષ્ટ્રમાંથી આવું છું તે સંતોની અને શૂરાઓની ભૂમિ છે, દોહા અને છંદ અમારા વિસ્તારની અંદર ગવાતા હોય છે. સૌરાષ્ટ્રની અંદર પવિત્ર યાત્રાધામ પાલીતાણા જૈન મુનિઓનું ધર્મસ્થાન હોય અને ત્યાંથી મારો મત વિસ્તાર લાગુ પડતો હોય ત્યારે ભાવનગર, અમરેલી અને ત્યાંથી જૂનાગઢ આ યાત્રાધામની અંદર દરવર્ષે તેમની યાત્રાઓ કરતા હોય છે. આ યાત્રાધામમાં દર વર્ષે જૈન મુનીઓ એમની યાત્રાઓ કરતા હોય ત્યારે આ વિસ્તારને જોડતા રોડને ચાર માર્ગીય રોડ બનાવવામાં આવે એવી લાગણી વ્યક્ત કરું છું. આ વિસ્તારમાં પાલિતાણાથી જતી વખતે વચ્ચે આવતું મારું લિલિયા, મોટા લિલિયામાં પણ એક યાત્રાધામ આવેલું છે અને એક ટ્રસ્ટથી ચાલતું અંટાળેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે એ મંદિર નીચે જમીનો છે અને એ મંદિરમાં અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે અને એ મંદિર મારફત સમાજ સુધારકના કામો થતા હોય ત્યારે આ વિધેયક મારફત અમારા લિલિયાના અંટાળેશ્વર મહાદેવના મંદિરને પવિત્ર યાત્રાધામ તરીકે બિરુદ આપવામાં આવે એવી લાગણી વ્યક્ત કરું છું. ત્યાંથી આગળ જતા અમરેલી પહોંચતા અમારા ભોજલરામ બાપાનું મંદિર આવેલું છે જ જલારામ બાપા સાથે જોડાયેલી લાગણી સાથેનું મંદિર પણ એક મોટું યાત્રાધામ છે. આ મંદિરો પ્રાઇવેટ ટ્રસ્ટો દ્વારા ચાલતા હોય બધી જ સુવિધાઓ જે જીતેન્દ્રભાઇએ હમણા વાત કરી એવી બધી જ સુવિધાઓ હોય ત્યારે ફકત એમને પવિત્ર યાત્રાધામનું બિરુદ આપવામાં આવે તો ત્યાંથી સૌરાષ્ટ્રમાં આગળ વધતા જંગલ વિસ્તારથી જતા તુલશીશ્યામનું પણ એક મંદિર આવેલું છે એ પણ એક પવિત્ર યાત્રાધામ છે. આનો આખો રૂટ એક બનાવવામાં આવે અને આ યાત્રાધામ મારફત સમાજ સુધારકના કામ થઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર લિલિયાના અંટાળેશ્વર મહાદેવના મંદિરના કારણે ઘણો જ સમાજ લાગણી વ્યક્ત કરતો હોય ત્યારે એ વિસ્તારમાં ગુનાઇત પ્રવૃત્તિ ઘણી બધી ઓછી થઇ છે અને અમારા પોલીસ સ્ટેશનોમાં જીરો પ્રમાણમાં ગુનાઇત પ્રવૃત્તિનું આપ રેકર્ડ તપાસી શકો છો. યાત્રાધામનું સરસ મજાનું આ વિધેયક જીતેન્દ્રભાઇ સુખડિયા જે લઇને આવ્યા છે એમને અભિનંદન આપુ છું કારણ કે આ યાત્રાધામ મારફત આપણું ગુજરાત આખા હિન્દુસ્તાનમાં યાત્રાધામ તરીકે પ્રખ્યાત હોય તો એમની ઉપર સરકારશ્રીએ જે ભાર મૂક્યો છે એમાં વધારે પડતું બજેટ ફાળવવામાં આવે અને એના મારફત સોમનાથ મંદિર જવા માટે અમારા રસ્તામાંથી જવાતું હોય ત્યારે સોમનાથ પહોંચતા અને ત્યાંથી દ્વારકા અને ત્યાંથી વિરપુર આવતા હોય આની વચ્ચેના રૂટને એક યાત્રાધામ રૂટ નામ આપવામાં આવે એવી મારી લાગણી હું વ્યક્ત કરું છું તેમજ અમારું પીપવાવ, પીપાવાવ માટે એવું સાંભળેલું છે અને લોક વાયકા એવી છે કે, પીપાવાવમાં દ્વારકા મંદિર જેટલું જ મહત્વ ધરાવે એવું એક પીપાવાવ રણછોડરાયનું મંદિર છે જ્યાં દેશમાં સૌથી પહેલા અન્નછેત્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ પીપાવાવ મંદિર માટે એમ કહેવાય છે કે એક રાજા-મહારાજાએ ત્યાં આવીને એ મંદિરની સ્થાપના ત્યાં કરી હતી. પીપાવાવના મંદિરના એ રાજા-મહારાજા જ્યારે સંત બન્યા ત્યારે એમણે એક વાત કરી કે, પીપા પાપ ન કીજીયો, તો પુન કીયા સો સારું, કીસી કા કૂછ ના લિજીયો તો દાન દીયા સો સારું. કોઇને કાંઇ આપો નહીં તો કાંઇ નહીં પણ કોઇનું કાંઇ ન લ્યો તો દાન કર્યા બરાબર છે. આ યાત્રાધામના વિધેયકમાં માનનીય જીતેન્દ્રભાઇ જે વાત લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું અને યાત્રાધામોનો વિકાસ થવો જોઇએ

અને વધારે પડતા પવિત્ર યાત્રાધામ બને એ જરૂરી છે. આજે ૬ છે એને બદલે બીજા ૮-૧૦ બને એવી લાગણી વ્યક્ત કરું છું. "આભાર"

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સિનિયર સભ્ય આદરણીય શ્રી જીતેન્દ્રભાઇ વિધાનસભામાં જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યાત્રાધામોની અને યાત્રાળુઓની ચિંતા પ્રગટ કરીને યાત્રાધામોની સુરક્ષા, સલામતી અને યાત્રાળુઓને માટે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય એ માટે આ વિધેયક રજૂ કરેલ છે જેથી તેઓને હું અભિનંદન પાઠવું છું. માનનીય ધારાસભ્યશ્રીએ ગુજરાતના યાત્રાધામોને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવા અને યાત્રાધામોની સ્વચ્છતા, સુવિધા અને સુઆયોજીત વિકાસ કરવો અને યાત્રાળુઓને લગતી પ્રાથમિક સુવિધાઓ માટે ચિંતા સેવીને આવી સુવિધાઓ યાત્રાધામોને પૂરી પાડવાના આશયથી ગૃહમાં આ વિધેયક રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર યાત્રાધામોની સુરક્ષા, સલામતી અને પ્રાથમિક સુવિધાઓ માટે જાગૃત છે. છેલ્લા પાંચ વર્ષની અંદર આને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્ય સરકારે યાત્રાધામોના વિકાસ માટે કરેલ વિવિધ કામગીરીનો ટૂંકમાં ચિતાર આપુ છું. રાજ્ય સરકારે યાત્રાધામોની સુરક્ષા, સલામતિ, સ્વચ્છતા અને યાત્રાળુઓની સુવિધાઓમાં વધારો કરવાના આશયથી વર્ષ ૧૯૯૫માં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની રચના કરેલ છે. આ બોર્ડના મુખ્ય હેતુઓ જોઇએ તો- પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરેલ સ્થળોનો શાંતિપૂર્ણ અને ધાર્મિક પ્રવૃત્તિ માટે અનુકૂળ સ્થળો તરીકે વિકાસ કરવો. આ પવિત્ર યાત્રાધામો માટે માસ્ટર ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવો અને તેનો અમલ કરવો. સામાજિક અને નાગરિક આધાર માળખાકિય સુવિધાઓ ઉભી કરવી. યાત્રાળુઓને જમવાની, રહેવાની અન્ય સુવિધાઓના વિકાસ માટે જરૂરી પગલાં લેવા. યાત્રાધામો ખાતે વાતાવરણની સ્વચ્છતા, સુંદરતા અને પવિત્રતા જાળવવા માટે જરૂરી પગલાં લેવા. યાત્રાધામો ખાતે દર્શનાર્થે આવતા યાત્રાળુઓને વિવિધ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવી જેવી કે, શુદ્ધ પીવાનું પાણી, સેનીટેશન યુનિટની વ્યવસ્થા, દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે વ્હીલચેર, બેટરીથી ચાલતા વાહનની સુવિધા, રેમ્પ બનાવવા વિગેરે. રાજ્ય સરકારે યાત્રાધામો અને યાત્રાળુઓની ચિંતા કરીને તેઓને સુરક્ષા અને સગવડતા મળી રહે તે માટે જ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની રચના કરેલ છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મુખ્ય ૬ પવિત્ર યાત્રાધામો ઉપરાંત રાજ્યના મહત્વના યાત્રાધામો ખાતે પણ વિવિધ વિકાસના કામો હાથ કરીને યાત્રાળુઓની સુરક્ષા, સલામતી અને પ્રાથમિક સુવિધાના કામો હાથ ધરેલા છે. માનનીય ધારાસભ્યશ્રીએ સેવેલ ચિંતાને હું બિરદાવું છે. પરંતુ આ જ પ્રકારની ચિંતાને ધ્યાને લઇને જ રાજ્ય સરકારે યાત્રાધામોના વિકાસની વિવિધ કામગીરી હાથ ધરેલ છે. જે પ્રત્યે હું માનનીય ધારાસભ્યશ્રીનું ધ્યાન દોરું છું. ગુજરાત રાજ્યના આઠ યાત્રાધામો ખાતે ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા જળવાય તે માટે સોમનાથ, દ્વારકા, અંબાજી, ડાકોર, ગીરનાર, પાવાગઢ, શામળાજી અને પાલીતાણા ખાતે ઉચ્ચ કક્ષાની સ્વચ્છતાની કામગીરી શરૂ કરેલ છે. ભારત સરકાર દ્વારા બીજા તબક્કામાં સોમનાથ મંદિરને સ્વચ્છ આઇકોનિક પ્લેસ તરીકે જાહેર કરેલ છે જે અંતર્ગત તારીખ ૨-૧૦-૨૦૧૮ના રોજ સ્વચ્છતા અંગે થયેલ કામગીરી બાબતે ભારત સરકાર દ્વારા દ્વિતિય પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે. ગુજરાત સરકાર હસ્તકના ઐતિહાસિક મહત્વના મંદિરોની માલમિલકત અને યાત્રાળુઓની અકસ્માત આગના બનાવોની સુરક્ષા મળે તે હેતુથી સોમનાથ, દ્વારકા, અંબાજી, બેચરાજી, શામળાજી અને રૂપાલ ખાતે અગ્નિશામક અને બીજા અન્ય ૩૦ જેટલા મંદિરોને પ્રાથમિક સારવારનું કીટ-બોક્સ પૂરા પાડવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ફાયર અને સેફ્ટી, ગુજરાતના મુખ્ય યાત્રાધામો સોમનાથ, દ્વારકા અને અંબાજી ખાતે લાખો યાત્રાળુઓની સલામતિ અને સુરક્ષા ધ્યાને લઇને અગ્ન-શામક સાધનો પૂરા પાડેલા છે. યાત્રાધામો ખાતે સિનિયર સીટીઝન તથા દિવ્યાંગ યાત્રાળુઓ પાર્કીંગથી મંદિર સુધી અને મંદિર પરિસરમાં સહેલાઇથી દર્શનનો લાભ લઇ શકે તે માટે મહત્વના યાત્રાધામો તથા વિવિધ સંપ્રદાયના મંદિરો ખાતે બેટરી ઓપરેટેડ ઇ-રીક્ષા તેમજ વ્હીલ ચેર પૂરી પાડવામાં આવેલ છે. પાવાગઢ ખાતે શ્રી મહાકાળી માતાજી મંદિરના વિકાસ માટે વિવિધ કામો જેવા કે, પગથીયા પહોળા કરવા, ટોયલેટ બોક્સની કામગીરી ઉપરાંત મંદિર પરિસરનું વિસ્તૃતીકરણ, પાથ વે પર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી પ્રગતિમાં છે. આમ, ગુજરાત સરકારે યાત્રાધામોના વિકાસ અને યાત્રાળુઓની પ્રાથમિક સુવિધાના વિવિધ કામો હાથ ધરેલા છે, જેના પરિણામે યાત્રાધામ ખાતે દર્શનાર્થે આવતા યાત્રાળુઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. આપના માધ્યમથી હું એ પણ કહેવા માગું છું કે, ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે પવિત્ર યાત્રાધામો અને યાત્રાળુઓની ચિંતા કરી છે. જેમાં મારા જિલ્લામાં અંબાજી જે શક્તિપીઠ આવેલ છે જેમાં લાખો નહિ પણ કરોડો યાત્રાળુઓ ભાદરવા મહિનામાં દર્શનાર્થે આવતા હોય છે તે માટે સરકારશ્રીએ કરોડો રૂપિયા ખર્ચીને તાજેતરમાં ફોરલેન બનાવેલ છે. એ માટે હું સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને દિલથી આભાર માનું છું. આ ફોરલેન પૂરો થવા આવેલ છે. તેવી જ રીતે આ સંવેદનશીલ સરકારે અમારે ત્યાં ધરણીધર ભગવાનનું મંદિર છે જે ઢીમાં મંદિર તરીકે પ્રખ્યાત છે. તેમાં પણ લાખ્ખો યાત્રાળુઓ આવતા હોય છે, તાજેતરમાં ઢીમાં મંદિર ખાતે સરકારશ્રીએ અંદાજે પાંચ કિલોમીટર લાંબો ફોરલેન રોડ બનાવવા માટે બજેટમાં જોગવાઇ કરી છે જેના માટે હું સરકારશ્રીનો આભાર માનું છું. સતત ચિંતા કરતી આ સરકાર છે. યાત્રાળુઓને કોઇ તકલીફ ના પડવી જોઇએ. યાત્રાળુઓને પૂરતી સુરક્ષા મળવી જ જોઇએ તેની સતત તકેદારી રાખતી આપણી આ સરકાર છે. આ સરકારે યાત્રાધામોની

ચિંતા કરી છે. શ્રદ્ધાળુઓની લાગણી તેમજ તેમના શ્રદ્ધાના કેન્દ્રોની ચિંતા કરી છે. છેલ્લાં ૨૫ વરસથી આ ગુજરાતમાં હિન્દુ સમાજની એટલે કે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર છે તે માટે આ સરકારનો હું આભાર માનું છું.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જીતેન્દ્રભાઇ સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૩ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરૂં છું. અમારા જિલ્લામાં ત્રણ યાત્રાધામ વિકાસ મંદિરો આવેલા છે તેમાં ડાકોર, ગલતેશ્વર અને ફાગવેલ છે. આપણે પહેલાં ડાકોરની વાત કરીએ તો ઘણાં રૂપિયા આ સરકારે ફાળવ્યા, ફાળવેલા જ છે પણ સુવિધાના નામે મીંડુ.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલામાં પહેલું ટુરીઝમ પંદર વર્ષથી પડેલું છે આ બધા રોડ ઉપરથી જતાં હશે, ત્યાં આવતા હશે તેમને ખબર હશે પણ આ કાયમના માટે ટુરીઝમ બેકાર પડેલું છે અને તેની સામે કોઇ જોતું નથી. બીજા નંબરમાં ડાકોરમાં જે ગોમતી તળાવ આવેલું છે તેમાં એક મશીન લાવીને મૂકેલું પણ તે એમને એમ જ છે, કોઇ સાફસૂફી થઇ નહીં અને પાછું એ પાણી એવુ અને એવુ રહ્યું. આમ તો લોકો જેમ ગંગાનું પાણી પવિત્ર માને છે તેમ આ ગોમતીના પાણીને પવિત્ર માને છે પણ એની એ પરિસ્થિતિમાં પૈસા ઘણાં ખર્ચાયા પણ એ જ પરિસ્થિતિમાં છે તેમાં જઇ શકાય એવુ નથી. એટલે તેના માટે પૈસા ઘણાં ફાળવ્યાં છે પણ કંઇ થયુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાં ગોમતી ઉપર સારાં બ્લોક નાંખેલા પણ તે બ્લોક તોડી અને પાછાં પત્થર બેસાડવામાં આવ્યા પણ જો આવા ખોટાં ખર્ચા બંધ કરી અને ડાકોરની અંદર કોઇ મોટી ધર્મશાળા બનાવવામાં આવે તો યાત્રાળુઓ આવે તો તે રહી શકે. અહીંયા રહેવાનું બહુ મોંઘુ પણ જો ધર્મશાળા ખોલે તો ઘણું સારું થાય. માનનીય જીતેન્દ્રભાઇ હું તમને કહું છું. અહીંયા ગોમતી ઘાટ અને મંદિરની આજુબાજુ કોઇ પાણીની પરબ કે શૌચાલયની સુવિધા નથી. અને જે દુકાનો તોડી નાંખી અને આગળ જે જગ્યા છે તે તો છે જ અને જો એમાં એક શૌચાલય બનાવે તો ઘણું સારું થાય અને યાત્રાળુઓને આશીર્વાદરૂપ બનશે. ગોમતી ઘાટ ઉપર ગાંધીબાગ આવેલો છે તે ગાંધીબાગમાં જવા માટે ગોમતીની વચ્ચે પુલ બનાવો કે ઝુલતો પુલ બનાવો તો ગમે તે રીતે કરો તો એની અંદર લાખો રૂપિયાનો ખર્ચો કરેલો છે, રૂમો બનાવેલી છે બધુજ બનાવેલું છે પણ ઓકવર્ડ જગ્યા ઉપર છે આમ સીધો રસ્તો હોય તો બાગમાં જવાય.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : એક મિનિટ સાહેબ, ત્યાં રહેવા માટે જો સગવડ બનાવવી હોય તો ગાયકવાડની હવેલી જે મંદિરની જોડે જ આવેલી છે અને ત્યાં એક મોટી ધર્મશાળા બનાવો તો સારામાં સારી વ્યવસ્થા થઇ શકે તેમ છે.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, સને –૨૦૧૮ ગુજરાત વિધેયક ક્રમાંક–૨૩ લઇને માનનીય જીતેન્દ્રભાઇ સુખડીયા બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાલાસિનોર તાલુકા અને વિરપુર તાલુકામાં કોઇ આવુ યાત્રાનું ધામ વિકસાવવામાં આવેલું નથી. માટે વીરપુર તાલુકામાં જોધપુરથી નજીક આવેલ કેદારેશ્વર જે શંકર ભગવાનનું સ્વયંભૂ શિવલિંગવાળું મંદિર આવેલ છે. એની આજુ–બાજુ ખૂક વિસ્તૃત વિસ્તારમાં જંગલ આવેલ છે. આ જંગલની વચ્ચે પહોંચવા માટેનો રસ્તો આજ દિન સુધી હતો નહિ પણ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ચાલુ વર્ષે એની મંજૂરી આપી છે અને એ મંજૂરીથી આ મંદિર સુધી પહોંચી શકાશે. એ માટે હું એમનો ખૂબ–ખૂબ આભાર માનું છું. આ રસ્તાના લીધે આજુબાજુના ગામડાના લોકો શ્રાવણ માસમાં એના દર્શન કરવા માટે જઇ શકશે. માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળાના અસંખ્ય બાળકો શ્રાવણ મહિનામાં પ્રવાસ કરવા માટે જાય છે અને સાથે–સાથે વન ભોજન પણ કરવામાં આવે છે. આ મંદિરની આજુ–બાજુ પાણીની સારી વ્યવસ્થા થાય, બાળકો શાંતિથી બેસી શકે, યાત્રાળુઓ શાંતિથી બેસી શકે એવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે એવી મારી વિનંતી છે. આ સ્થળ પર્યાવરણના એવા વાતાવરણ વચ્ચે આવેલ છે કે સેરી નદીનું ઉદગમસ્થાન પણ ત્યાં જ છે. એવી જ રીતે નવગજા પીરની કબર પણ ત્યાં આવેલ છે. એવી જ રીતે લાલિયા લુહારનો એક મોટો કિલ્લો પણ ત્યાં ડુંગર ઉપર બનાવેલ છે. આ સ્થળ યાત્રા માટે ખૂબ ઉત્તમ સ્થળ છે. આથી આ વાતને ધ્યાનમાં રાખીને કેદારેશ્વર મંદિરનો વિકાસ કરવા માટે ધ્યાન દોરું છું. આ વિસ્તાર બૃહદ ખેડા જિલ્લો, બનાસકાંઠા જિલ્લો અને પંચમહાલ જિલ્લો એમ ત્રણ જિલ્લાની સરહદ ઉપર આવેલ છે. આથી એના સવિશેષ વિકાસ માટે ધ્યાન આપી એને યાત્રાધામમાં સમાવવામાં આવે એવી આશા રાખું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આ સુંદર બિલ લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું. મારા કચ્છમાં કાળો ડુંગર છે ત્યાં આજની તારીખમાં સાંજે પ્રસાદ ચડે છે ત્યારે લોમ, લોમ બોલે એટલે સફેદ કલરના લોમ આવે છે. એને યાત્રાધામમાં વિકસાવવાની જરૂર છે. બીજું, સોપરી ઉપર ૧૨ વર્ષ તપ કર્યું છે એવા ધોરમનાથનું યાત્રાધામ આવેલ છે એને જલદી પૈસા ફાળવવામાં આવે તો વિકાસના કામ થાય. બીજું અમારી હાજીપીરની જગ્યા છે ત્યાં બોમ્બે અને ગુજરાતમાંથી પણ લોકો આવે છે. એ જગ્યા પણ વિકસાવવામાં આવે. અમારા આશાપુરા માતાનું મંદિર છે એનો સારી રીતે વિકાસ થાય એવી આશા રાખું છું. કોટેશ્વરમાં ખૂબ પૈસા ફાળવેલા છે. ત્યાં એક નાનું એવું તળાવ છે અને નર્મદાની લાઇન પણ ત્યાંથી નજીક છે. તો એ તળાવમાં પાણી ભરવામાં આવે એવી આશા રાખું છું. આ સિવાય અબડાસાનું મંદિર પણ યાત્રાધામ તરીકે વિકસાવવામાં આવે એવી આશા રાખું છું.

## ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર બાબત વિધેયક, ૨૦૧૮

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી કહેવા માગું છું કે યાત્રાધામ માટે જ્યારે સરકાર આટલા બધાં કાર્યો કરતી હોય છે ત્યારે મારે આ સભાગૃહ સમક્ષ એક વાત મૂકવી છે અને માનનીય મંત્રીશ્રી પાસે હું માગણી કરું છું. અંજાર તાલુકાના ખંભરા મુકામે પરમપૂજ્ય વેલજી દાદાનું એક મહત્ત્વનું ધામ છે. આ ધામનું મહત્ત્વ એટલા માટે છે કે આ વેલજી દાદાએ પોતાના દેહ ત્યાગનો સમય, મિનિટ અને સેકન્ડ સાથે એક મહિના પહેલાં જણાવી દીધો હતો. આખા દેશમાંથી અને વિદેશમાંથી ઘણા બધાં વૈજ્ઞાનિકો આવ્યા હતા કે આ શક્ય જ નથી. આ દાદા મારા જ સમાજમાંથી આવે છે. આ દાદાએ જે સમયે કહ્યું હતું એ જ મિનિટે અને એ જ સેકન્ડે એમણે દેહ ત્યાગ કર્યો છે. ત્યાં લાખોની સંખ્યામાં યાત્રાળુંઓ આવે છે. એમના અંતિમ સંસ્કારમાં સરકાર તરફથી આદરણીય શ્રી પુનમભાઇ મકવાણા તે વખતના સી.એમ. સાહેબે મોકલ્યા હતા. આને યાત્રાધામ તરીકે વિકસાવવામાં આવે તેવી મારી માગણી છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર(દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી અમારા સાથી સભ્યશ્રી જીતેન્દ્રભાઇ સુખડીયા વિધાનસભામાં રજૂ કરેલા બિન સરકારી વિધેયક સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૩ ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર (પવિત્રધામની જાહેરાત કરવા) બાબતનું વિધેયક લઇને આવ્યા છે એમાં આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ શ્રી પ્રતાપભાઇ દૂધાત, માનનીય સભ્યશ્રી શશીકાંત પંડ્યા, સભ્યશ્રી કાંતિભાઇ પરમાર, સભ્યશ્રી અજીતસિંહ ચૌહાણ, માનનીય સભ્યશ્રી પદ્યુમનસિંહજી તથા સભ્ય શ્રીમતી માલતીબહેને પણ પોતાના વિચારો રજૂ કર્યા છે.

સદર વિધેયક સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે ત્યારે સૌથી પહેલા તો મારે માનનીય સભ્યશ્રી જીતેન્દ્રભાઇ સુખડીયાનો ખાસ આભાર માનવો છે, કેમ કે ગૃહ સમક્ષ એમના વિચારો રજૂ કરીને માનવીય આસ્થાની આધ્યાત્મિકતાની સુપેરે એમણે રજૂઆત કરી છે. આ ધરતી ઉપર અનેક જીવો વિહરી રહ્યા છે. પરંતુ માનવ જન્મ જ એક એવો છે કે જે એક આસ્થા સાથે જીવ જોડાયેલો છે. ધંધો રોજગાર કરે છે, પોતાના કુટુંબનું રક્ષણ કરે છે અને જીવન શાંતિથી વિતાવે છે અને પાછળથી જો કોઇ એક તાકાત હોય તો એ આપણો ધર્મ અને એ પ્રત્યે જે આપણી સૌની અથાગ આસ્થા જોડાયેલી છે. જો કે ઘણા લોકોને ધર્મની વાત આવે ત્યારે કયાંક કેટલાક લોકોનું મન સંકોચાતું જોવાતું હોય તેવું આપણને જોવા મળે છે. એ લોકો ધર્મ અને ધર્મ પ્રત્યેની આસ્થાને ખૂબજ સંકુચીત રીતે જૂએ છે. પરંતુ મને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર ધર્મની કોઇ જાતિ કે વ્યકિત કે ધર્મ સમુદાય સાથે કયારેય જોડતી નથી અને દરેક ધર્મના લોકોને એક સમાન ભાવની નજરથી જૂએ છે. ગુજરાતમાં અનેકવાર ધાર્મિક સદભાવના ઉદાહરણો પણ આપણને જોવા મળ્યા છે. આ સંજોગો માટે માનનીય ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઇ સુખડીયાને ફરીવાર આ બિલ લાવવા બદલ એમનો પણ આભાર માન્યા વગર રહી શકતો નથી.

હું એમને ધ્યાનથી સાંભળી રહ્યો હતો એમનો એક એક શબ્દ સાંભળી રહ્યો હતો. આ બિલ ઉપર જે જે સભ્યશ્રીઓ બોલતા હતા એ હું ધ્યાન પૂર્વક સાંભળતો હતો અને એમના સુચારુ સૂચનોની નોંધ પણ કરી છે. યાત્રાધામની વાત કરતા હતા, યાત્રાધામના સ્થળો એક શ્રદ્ધાનો વિષય બન્યા છે. ધાર્મિક સ્થળોની પ્રાથમિક સુવિધાની અને વિકાસ માટે આપણે બધા એમની વાત સાથે સંમત થઇ એવી સરળ અને સીધી વાત તેઓ કરતા હતા. આપના માધ્યમથી માનનીય ધારાસભ્યશ્રીઓને ખાસ આ સન્માનનીય સભાગૃહના માધ્યમથી આસ્થાના કેન્દ્ર એવા યાત્રાધામોના વિકાસ માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલી વિવિધ વિકાસના કામોની કેટલીક બાબતો તરફ ધ્યાન દોરવા માગું છું.

રાજયમાં આવેલા આપણા આસ્થાના કેન્દ્ર તરફ ધ્યાન દોરવા માગું છું. સૌથી પહેલા તો રાજય સરકાર દ્વારા ગુજરાતના યાત્રાધામોનો સુયોજીત વિકાસ થાય યાત્રિકોને યાત્રાધામના સ્થળે પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થાય તેવા આશયથી ૧૯૯૫માં માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ તા.૧૦-૭-૧૯૯૫ના ઠરાવથી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની સૌ પ્રથમ રાજયની અંદર રચના કરવામાં આવી હતી. પ્રવાસન નિયામકના તા.૧૨-૮-૧૯૯૭ના કરેલા આદેશથી આ રાજયની અંદર આવેલા અંબાજી, ડાકોર,ગિરનાર, પાલિતાણા, સોમનાથ અને દ્વારકા જેવા યાત્રાધામોને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. યાત્રાધામોમાં દર્શન માટે આવતા યાત્રાળુઓને પ્રાથામિક સુવિધા મળી રહે એ માટે. પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે કામો કરેલા છે. શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, મંદિરો અને મંદિરોને જોડતા રસ્તાઓની સ્વચ્છતાની વ્યવસ્થા, વાહનોના પાર્કીંગની વ્યવસ્થા, યાત્રાળુઓને રહેવા માટે યાત્રી નિવાસ, સેનીટેશન યુનિટની વ્યવસ્થા, યાત્રાળુઓ અને યાત્રાધામની સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા જેવી અનેક વિવિધ પ્રવૃતિઓ હાથ ધરેલ છે. આ અંગે રાજય સરકારે યાત્રાધામ વિકાસ બોર્ડને જરૂરી સત્તા અને નાણાકીય સાધનો પણ પૂરાં પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત સરકારે યાત્રાધામ વિકાસ બોર્ડને અપાતી નાણાકીય સહાયમાં ઉત્તરોઉત્તર વધારો કર્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં પણ યાત્રધામોના વિવિધ વિકાસના કામો માટે રૂ.૧૬૪ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇના કારણે મને આશા છે કે ગુજરાતમાં આ યાત્રાધામોની રોનક બદલાશે અને પ્રવાસીઓને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં પણ આવશે. મારે ગૃહના ધ્યાને એક ખાસ વાત મૂકવી છે કે રાજયમાં આવેલા અને કોઇ પણ ખાનગી ટ્રસ્ટ દ્વારા સંચાલિત મંદિર કે અન્ય ધાર્મિક સ્થાનોના વિકાસ માટે પણ રાજય સરકાર તેમાં પણ કામ કરવાની દિશામાં આગળ વધે છે. ગમે તે સંપ્રદાયના હોય પણ સંપ્રદાયના ભેદભાવ રાખ્યા સિવાય ખાનગી

ટ્રસ્ટો દ્વારા સંચાલિત આવા યાત્રાધામોના વિકાસ માટે કામની અંદાજીત રકમના ૩૦ ટકા જો ટ્રસ્ટ ભરવા સંમત થાય તો ૭૦ ટકા રકમ આપણે આપીને તેના કામો કરવાની દિશામાં આપણે આગળ વધીએ છીએ. આ સરકાર સત્તાના વિકેન્દ્રીકરણમાં માને છે. એટલા માટે જિલ્લા કક્ષાએ પણ આવાં કામો થઇ શકે, જિલ્લા કક્ષાની માગણીને ધ્યાનમાં રાખીને કામ થઇ શકે, એટલા માટે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાનમાં એક પ્રવાસન નિગમની સમિતિ બનાવવામાં આવી છે. એમાં તમામ ધારાસભ્યો એ સમિતિના સભ્ય હોય છે. જે જે ધારાસભ્યોને આ સમિતિમાં જવાનું થાય તો આ સમિતિમાં તમારી આ વાત મૂકજો અને કલેકટર કક્ષાએ અમે કલેકટરશ્રીને પણ (અંતરાય) ગ્રાન્ટ આપીશું એ કામ કરી શકશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વિનંતી કરી દો, ઝડપથી.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : ઝડપથી વિનંતી કરી દઉં. ઘણા બધા કામો કરીને રાજય સરકાર આગળ વધી રહી છે. દરેક યાત્રાધામ, માનનીય સભ્યશ્રીને લાગણીને સમજી શકું છું. યાત્રાધામની અંદર બીજા સ્થાનોનો સમાવેશ થાય એવી એમની લાગણી છે. પરંતુ બીજા સ્થાનોનો સમાવેશ કરીશું તેના સિવાય પણ ગુજરાતમાં તમામ આવા યાત્રાધામોના વિકાસ કરવા માટે રાજય સરકાર ઉદાર હાથે કામ કરવાની દિશામાં આગળ વધી રહી છે. ખાનગી ટ્રસ્ટોના પણ દેવસ્થાનોને આગળ વધારવા માટે રાજય સરકાર આગળ વધી રહી છે ત્યારે એમની લાગણીને હું ખૂબ ગંભીરતાપૂર્વક સમજી શકું છું. પરંતુ રાજય સરકાર આ રીતે જયારે કામ કરવાની દિશામાં આગળ વધી રહી હોય ત્યારે યાત્રાધામમાં કોઇ સ્થાન ન સમાવાયેલ હોય તો પણ તેને એવા જ આપણે પવિત્ર ગણીએ આગળ વધી રહ્યા છીએ ત્યારે માનનીય સભ્યશ્રીને વિનંતી કરું છું કે આપે જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે તે આ તમામ રાજય સરકારની કામગીરી જોઇને આપ આપનું બિન સરકારી વિધેયક પાછું ખેંચી લો તેવી વિનંતી કરું છું.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક લાવવાનો મારો હેતુ ફકત એટલો હતો કે દેશ-વિદેશમાં જેમણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે એવા આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇની દ્રષ્ટિમાં આસ્થા અને વિશ્વાસ અને સાંસ્કૃતિક ધરોહરને મજબુત બનાવવા માટે થઇને યાત્રાધામનો સર્વાંગી વિકાસ થવો જોઇએ તે રીતની વાત લઇને આવેલા. સાથે બીજો મુદ્દો પણ હતો કે વ્યાપક પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થશે. આ બે હેતુ હતા. મારા આ વિષય પર સભ્યો સર્વશ્રી પ્રતાપભાઇએ, શ્રી શશીકાંતભાઇએ, શ્રી કાનજીભાઇએ, શ્રી અજીતસિંહ, શ્રી પ્રદ્યુમનસિંહ, શ્રીમતી માલતીબેન મહેશ્વરીએ તેમજ માનનીય મંત્રીશ્રીએ પણ અમુક પ્રકારની ખાત્રી આપી છે. એટલે આ બાબતનો તાત્કાલિક અમલ થાય તે રીતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી આશા રાખું છું.

હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૩- પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૮નું ગુજરાત તીર્થસ્થાન અને શ્રદ્ધા કેન્દ્ર (પવિત્ર ધામની જાહેરાત કરવા) બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨૫મી જુલાઈ, ૨૦૧૯**
**શ્રાવણ ૩, ૧૯૪૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### કચ્છ અને જામનગર જિલ્લામાં મરીન પોલીસ સ્ટેશનવાર મંજૂર મહેકમ

*૧૯૬૪૬ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને જામનગર જિલ્લામાં મરીન પોલીસ સ્ટેશનવાર સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક–અ મુજબ

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રીયા સતત ચાલતી પ્રક્રીયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

**પત્રક–અ**

| ક્રમ | મરીન પોલીસ સ્ટેશન | સંવર્ગ | મંજૂર મહેકમ | હાજર | ખાલી | ખાલી જગ્યાઓ પૈકી કેટલા સમયથી જગ્યા ખાલી છે |
|---|---|---|---|---|---|---|
| ૧ | મુંન્દ્રા (કચ્છ) | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૦૧ | ૦૦ | – |
| ૨ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૦૫ | ૦૩ | ૦૨ | ત્રણ માસથી |
| ૩ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૫ | ૦૫ | ૦૦ | – |
| ૪ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૩ | ૦૮ | ૦૫ | છ માસથી |
| ૫ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૩ | ૦૩ | ૦૦ | – |
| ૬ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૦ | ૦૦ | ૧૦ | ૧૨ માસથી |
| ૧ | જખૌ (કચ્છ) | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૦૧ | ૦૦ | – |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૦૨ | ૦૦ | ૦૨ | ૧(એક) જગ્યા ૫ માસથી તથા ૧(એક) જગ્યા એક વર્ષ અને સાત માસથી ખાલી છે |
| ૩ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૦૫ | ૦૩ | ૦૨ | છ માસથી |
| ૪ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૩ | ૦૩ | ૦૦ | – |
| ૫ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૦ | ૧૮ | ૦૨ | ત્રણ માસથી |
| Hb-291-1 | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૨ | ૦૧ | ૦૧ | છ માસથી |
| ૭ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૫ | ૦૩ | ૧૨ | ૧૨ માસથી |
| ૮ | | ડ્રાઈવર | ૦૨ | ૦૨ | ૦૦ | – |
| ૧ | માંડવી (કચ્છ) | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૦૦ | ૦૧ | ત્રણ માસથી |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૦૨ | ૦૧ | ૦૧ | છ માસથી |
| ૩ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૦૫ | ૦૪ | ૦૧ | છ માસથી |
| ૪ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૩ | ૦૨ | ૦૧ | ત્રણ માસથી |

તારાંકિત પ્રશ્નો

| ક્રમ | મરીન પોલીસ સ્ટેશન | સંવર્ગ | મંજૂર મહેકમ | હાજર | ખાલી | ખાલી જગ્યાઓ પૈકી કેટલા સમયથી જગ્યા ખાલી છે |
|---|---|---|---|---|---|---|
| ૫ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૦ | ૧૪ | ૦૬ | ૧૨ માસથી |
| ૬ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૨ | ૦૦ | ૦૨ | ત્રણ માસથી |
| ૭ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૫ | ૦૧ | ૧૪ | છ માસથી |
| ૮ | | ડ્રાઈવર | ૦૨ | ૦૧ | ૦૧ | ત્રણ માસથી |
| ૧ | કંડલા (કચ્છ) | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૦૧ | ૦૦ | – |
| ૨ | | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૦૪ | ૦૨ | ૦૨ | ૧૨ માસથી |
| ૩ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૦૮ | ૦૮ | ૦૦ | – |
| ૪ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૪ | ૧૦ | ૦૪ | ૧૨ માસથી |
| ૫ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૪૧ | ૨૫ | ૧૬ | ૧૨ માસથી |
| ૬ | | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૦૧ | ૦૦ | – |
| ૭ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૨ | ૦૨ | ૦૦ | – |
| ૮ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૮ | ૦૨ | ૧૬ | ૧૨ માસથી |
| ૯ | | ડ્રાઈવર | ૦૨ | ૦૨ | ૦૦ | – |
| ૧ | બેડી (જામનગર) | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૦૧ | ૦૧ | ૦૦ | – |
| ૨ | | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૦૬ | ૦૬ | ૦૦ | – |
| ૩ | | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૪ | ૦૪ | ૦૦ | – |
| ૪ | | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૧ | ૧૧ | ૦૦ | – |
| ૫ | | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૦૪ | ૦૪ | ૦૦ | – |
| ૬ | | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ | ૧૨ | ૦૦ | – |

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા: માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજીનો આભાર માનવા માગું છું કે જામનગર જિલ્લાનું મહેકમ પૂરું છે. તો કચ્છમાં મહેકમ અધૂરું છે. માંડવી અને જખૌ વચ્ચે વારંવાર ડ્રગ્સની હેરાફેરી પકડાય છે તો એ મહેકમ ક્યારે પૂરું કરવા માગે છે અને મરીન પોલીસ દળમાં જે ભરતી કરવા માંગીએ છીએ એ ભરતી આપણા પોલીસ દળમાંથી જ કરો છો કે અલગથી એનું બીજું દળ રચવામાં આવે છે એ જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ તા.૩૧–૫ની સ્થિતિએ જે પ્રશ્ન પૂછ્યો હતો એ વખતે સ્વાભાવિક ક્રમમાં ત્યાં મહેકમ ઓછું હતું પરંતુ મને જણાવતા આનંદ થાય છે કે આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો અને આપણાં જે ૨૨ જેટલા મરીન પોલીસ સ્ટેશનો છે, આ મરીન પોલીસ સ્ટેશનોમાં વચ્ચેના સમયમાં દરિયાઇ પરિસ્થિતિ થોડી ચિંતાકારક થઇ હતી. અગાઉ કચ્છ પશ્ચિમ, પૂર્વ અને જામનગરના બેડી બંદરોમાં હાજર સંખ્યા ૨૬૨ જેટલી આજની સ્થિતિએ છે. અગાઉ ૨૬ ટકા ઘટ હતી એ ઘટીને અત્યારે માત્ર ૧ ટકા જેટલી ઘટ દરિયાઇની મરીન પોલીસ સ્ટેશનની અંદર છે. આખા દરિયાકાંઠાની અંદર કોઇપણ પ્રકારની અસંદિગ્ધ પ્રવૃત્તિ ન થાય એના માટે રાજ્ય સરકારે આ મરીન પોલીસ સ્ટેશનોમાં સતત દરિયાઇ પેટ્રોલીંગ, બાયોમેટ્રીક કાર્ડ અને દરેક બોટોની ચકાસણી, મરીન પોલીસ કોસ્ટગાર્ડ અને ટાસ્કબોટ આ બધાનું નેવી જોડે સંયુકત ટ્રાફિક જીપ કરવામાં આવે છે. ફીશરમેન અવેરનેસના કાર્યક્રમ હોય છે. આ પ્રમાણે દરિયાકાંઠે દ્વારકા હોય, સોમનાથ હોય, અનેક નવા ઈન્ડસ્ટ્રીયલ વ્હાઈટલ ઈન્સ્ટોલેશન આવેલા છે. આ બધી જ જગ્યાની સુરક્ષા માટે રાજ્ય સરકાર મરીન પોલીસ સ્ટેશનના માધ્યમથી ગુજરાતનો દરિયાકાંઠો સલામત રહે એના માટે સતત કાર્યરત છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે ગુજરાતના દરિયા વિસ્તારમાં એવા ઘણાં બધા ટાપુઓ આવેલા છે એમાં કોઇ માનવ વસ્તી રહેતી નથી તો ગુજરાત સરકારે સલામતીની કોઇ ચિંતા કરી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ ગુજરાતનો ૧૬૪૦ કિલોમીટર કરતા વિશાળ દરિયાકાંઠો છે અને આ દરિયાકાંઠે અનેક ઉદ્યોગો, ધાર્મિક સ્થાનો ઉપરાંત રાજ્યની અંદર ૧૪૦ જેટલા જુદાજુદા ટાપુઓ આવેલા છે. આ ટાપુઓનો સરવે કરવામાં આવ્યો છે. એનો ભૌગોલિક વિસ્તાર, ક્ષેત્રફળ, કેટલા માણસો ત્યાં રહે છે, સુરક્ષા, સલામતીના આધાર ઉપર આ ૧૪૪ ટાપુઓ પૈકી ૮૯ ટાપુ એવા છે કે જ્યારે ત્યાં ભરતી આવે ત્યારે એ ટાપુ એમાં ડૂબી જતા હોય છે અને બાકીના ૫૫ ટાપુઓ એવા છે કે જે ડૂબી જતા નથી. તેમાં ૪૯ ટાપુઓ ઉપર માનવ વસ્તી રહેતી નથી અને માત્ર ૬ જેટલા ટાપુઓ ઉપર માનવ વસ્તી રહે છે. જ્યાં માનવ વસ્તી રહે છે અને જ્યાં માનવ વસ્તી નથી એ બધા જ ટાપુઓ સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલછે એટલે મરીન પોલીસ, નેવી કોસ્ટગાર્ડ, મરીન ટાસ્કફોર્સ આ બધા દ્વારા એની વિઝિટ લેવામાં આવે છે અને જ્યારે આજે આ વિષય નીકળ્યો છે ત્યારે હું સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માંગું છું કે માનનીય

## તારાંકિત પ્રશ્નો

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા જેટલા માનવ રહિત કે માનવ વસ્તીવાળા ટાપુઓ છે એમાં સુરક્ષાની દ્રષ્ટિએ કોઇ કચાશ ન રહે એના માટે માનનીય નાણામંત્રીશ્રીએ આ વખતે બજેટનું પ્રોવિઝન કરીને એની સુરક્ષા સઘન બનાવવા માટેનો પ્રયત્ન કર્યો છે. જે માનવ વસતિવાળા ટાપુઓ છે તે સભાગૃહના ધ્યાન ઉપર રહે તેમાં અજાત ટાપુ દેવભૂમિ દ્વારકામાં, સંખો દ્વારા બેટ દ્વારકા જિલ્લાના દેવભૂમિનો, મીઠા ચૂસણા દેવભૂમિનો, શિયાળબેટ અમરેલીનો, પીરમ બેડ ભાવનગરનો, આલિયા બેડ એ ભરૂચનો, પીરોટન ટાપુ જામનગરમાં જેમાં મરીન નેશનલ પાર્કના અને વન વિભાગના જ માત્ર કર્મચારીઓ રહે છે. આમ આ ટાપુઓની ચિંતા આપણે કરી છે.

શ્રી વિક્રમભાઈ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમણે બહુ વિસ્તૃત જવાબ આપ્યો. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાનો દરિયાકિનારો એ પાકિસ્તાનથી જોડાયેલ છે અને સતત પેટ્રોલિંગના હિસાબે પૂરેપૂરું માનવબળ અને પૂરાં સાધનોની જરૂર છે. જ્યાં ટાચાં સાધનો છે, જે સાધનો જોઇએ એટલા પ્રમાણમાં નથી, તો શું પૂરેપૂરાં સાધનો આપી દરિયાઇ સુરક્ષા વધુ મજબૂત કરવા માગો છો કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ આખી દરિયાઇ સુરક્ષા માટે ૨૨ જેટલા કોસ્ટલ પોલીસ સ્ટેશન છે. મરીન ટાસ્ક ફોર્સ છે. સાગર રક્ષક દળ છે. આ ઉપરાંત આ લોકોને વિશિષ્ટ પ્રકારની તાલીમ મળે અને રાજ્ય સરકારશ્રી દ્વારા આ દરિયાઇ સુરક્ષા માટે ૩૦ જેટલા ઇન્ટરસેપ્ટર બોટ રાખવામાં આવી છે. એ બોટો નિયમિતપણે ચાલે એના માટે તેનો કોમ્પ્રિહેન્સીવ મેન્યુઅલી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે, જેના કારણે કોઇપણ બોટોનો કોઇપણ મેઇન્ટેનન્સનો પ્રકાર હોય તો તાત્કાલિક સોલ્યુશન કરવામાં આવે છે. મેં કહ્યું તેમ જે ચિરાગભાઇ કાલરિયાએ પ્રશ્ન પૂછ્યો છે જે તે વખતે ૨૬ ટકાની ઘટ હતી. આજે માત્ર માનવ મહેકમની ૧ ટકા જેટલી ઘટ છે. સાધનસંપન્ન છે અને ગુજરાતના દરિયાકાંઠાની સલામતી આ દિવસોમાં વધારે અગ્રીમ જવાબદારી છે. રાજ્ય સરકાર તેમાં કોઇ કચાશ રાખવા માગતી નથી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા વિસ્તારમાં અલંગ મોટામાં મોટું શીપ યાર્ડ આવેલ છે, ત્યાં ૩ માર્ચ–૨૦૧૮ના રોજ વરૂણ નામની ટગ જે કસ્ટમ અધિકારીઓને લઇને આવતી હતી તે અચાનક સળગી હતી, પરંતુ સદનસીબે કોઇ જાનહાનિ થઇ નહોતી. આજે ટગ એક વર્ષ પછી શીપમાં ડીઝલ ભરવા માટે જતી હતી જે ધડાકાભેર સળગી ગઇ અને ૩ માણસો આજે પણ લાપત્તા છે. બીજા ૩ માણસો સારવાર દરમ્યાન બચી ગયા છે, તો આ ટગ એક્સક્લુઝિવના લાઇસન્સ વગર ગઇ હતી, એના માટે જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં આવ્યાં છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પ્રશ્ન મરીન પોલીસ સ્ટેશનનો છે. દરિયાઇ સુરક્ષા માટેની ચિંતા છે. અલંગની અંદર એક અલગ પોલીસ સ્ટેશન છે અને રાજ્યનો શ્રમ રોજગાર વિભાગ આવા અકસ્માતો બને તેમાં જરૂરી પગલાં લેતો હોય છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાનની સરહદ સાથે જોડાયેલ ૧૬૦૦ કિ.મી. કરતા વધુ લંબાઇનો દરિયાકિનારો ધરાવતા જામનગર જિલ્લા માટે સુરક્ષાનો બહુ મહત્વનો પ્રશ્ન છે, ત્યારે માનનીય મંત્રીશ્રી જણાવે કે દરિયાઇ સુરક્ષા માટે મરીન પોલીસ સ્ટેશન સિવાય બીજી કોઇ વ્યવસ્થા સરકારે કરેલ છે કે કેમ? કરેલ હોય તો વિગતો શી છે? આ એજન્સીના સંકલન માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મેં અગાઉ કહ્યું તેમ એકલા મરીન સ્ટેશન આધારિત ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારો રેઢો ન મૂકાય. રાજ્ય સરકારે પૂરી ગંભીરતાથી એક મરીન ટાસ્ક ફોર્સ નામનું અલાયદું તંત્ર કર્યું છે. જેની અંદર સ્પેસિફિક જેને દરિયામાં તરવાની કે અન્ય પ્રકારની સ્કીલ છે તેઓની ભરતી કરવામાં આવે છે. આના માટે મરીન ટાસ્ક ફોર્સની અંદર ૧૧૩૩ જગ્યા મંજૂર કરવામાં આવી છે. માત્ર જગ્યા મંજૂર કરી એટલું નહિ, પણ હમણાં મુખ્યમંત્રીશ્રીની અનુમતિથી રાજ્યના એડિશનલ ડીજીપી કક્ષાના અધિકારીના સુપરવિઝન હેઠળ એ.ટી.એસ.માંથી લઇ જઇને એની નીચે ૩ એસ.પી., ૯ ડી.વાય.એસ.પી. આની અંદર એવા હોય છે કે જે પાણી અને જમીન બંનેની અંદર કામ કરી શકે તેવા એમસીએફ કમાન્ડોની ફોર્સ ઉભી કરવામાં આવી છે. દરિયાઇ ક્ષેત્રમાંથી કોઇપણ આતંકવાદી પ્રવૃતિ થાય તો તેનો વળતો મુકાબલો કરી શકે છે. આ બધા લોકોને પોરબંદર ખાતે અને ચિલ્કા ઓરિસ્સા તથા કોચી કેરાલા ખાતે એડવાન્સ તાલીમ આપવામાં આવે છે. મને જણાવતાં આનંદ થાય છે કે શ્રી નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતના દરિયાકાંઠાની સુરક્ષાની ચિંતા તેઓ કરતા હતા. ગુજરાતને શું મળ્યું તો ગુજરાતને નેશનલ એકેડમી ફોર કોસ્ટલ પોલીસ માટે ૧૦૦ એકર જમીન આપણે આપી છે અને આખા રાષ્ટ્રનું વડુંમથક ત્યાં સ્થાપવામાં આવ્યું છે. ત્યાં અત્યારે તાલીમના માધ્યમથી ફોર્સને પ્રશિક્ષિત કરવામાં આવે છે. આમ માનનીય રાઘવજીભાઇએ દરિયાકાંઠાની સુરક્ષા ઉપરાંત દરિયાકાંઠે કોઇપણ પ્રકારની દાણચોરી ન થાય, કોઇપણ પ્રકારના વિસ્ફોટકોની હેરાફેરી કરવામાં કોઇ સફળ ન બને તેના માટે મરીન ટાસ્કફોર્સ અને રાજ્યના એડીશનલ ડી.જી.(એટીએસ)ના નેતૃત્વ હેઠળ સમગ્ર દરિયાકાંઠાની સુરક્ષાની રાજ્ય સરકાર ચિંતા કરે છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે વાત દરિયાની ચાલે છે. સર્વમિત્ર એવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દરિયાદિલ છે. ત્યારે આપણાં મોરબી અને રાજકોટ જિલ્લામાં એકમાત્ર નવલખી બંદર આવ્યું છે. મારા મત વિસ્તારમાં ૮૦ કિલોમિટરનો દરિયાઇ પટ્ટો આવેલ છે. ત્યારે અમારે પહેલાં લોન્જમાં નવલખીથી સીધું કરાંચી જવાતું હતું. ત્યારે આપ આ નવલખી બંદરે નવું મરીન પોલીસ સ્ટેશન આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : જે બોલ્યા એ હજુ મંત્રી બન્યા નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બ્રિજેશભાઇ હમણાં તો આપણે મોરબીમાં રહો, કરાંચી રહેવા દો. હું મોરબી જિલ્લાનો છું અને મને નવલખી પોર્ટની ખબર છે. જે કોસ્ટલ સિક્યોરિટીનો સરવે કરવામાં આવ્યો અને તેના આધાર ઉપર રાજ્યની અંદર ૨૨ પોલીસ સ્ટેશનો બનાવવામાં આવ્યા. જ્યાં ઇન્ડસ્ટ્રીયલ સઘનતા હોય, ગીચતા હોય તેના આધાર ઉપર નક્કી કરવામાં આવ્યું. તેવી આવશ્યકતા હશે તો ત્યાં આઉટ પોસ્ટનો ચોક્કસ વિચાર કરી શકીશું અને દરિયાઇ સુરક્ષામાં કોઇપણ પ્રકારની ચૂક આપણે કરવા માગતા નથી.

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

*૧૯૭૦૧ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૨૦૧૭ અન્વયે મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમગાળો** | | | |
|---|---|---|---|---|
| | **તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮** | | **તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯** | |
| | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે. ટન** | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે. ટન** |
| મહીસાગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| પંચમહાલ | શૂન્ય | શૂન્ય | ૭ | ૧૨,૬૧,૩૦૦ |

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે કઇ બાહ્ય એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૨)

| **એજન્સીનું નામ** | **ચૂકવેલ રકમ રૂ. લાખમાં** |
|---|---|
| ડી.એચ.જીઓ કન્સલટન્સી | ૨.૩૭ |
| એસ.બી.આઇ. કેપિટલ માર્કેટ્સ લિ. | ૧૩.૬૩ |

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મહિસાગર જિલ્લામાં સાદી રેતીના બ્લોકસની હરાજી કરવા બાહ્ય એજન્સીને રકમ ચૂકવવાના કારણો શું છે, આ એજન્સી નક્કી કરવા કઇ પદ્ધતિ અપનાવવામાં આવે છે, તે એજન્સીને ૧૫ લાખ ચૂકવેલ છે તેની સામે ૧૨ કરોડ ૬૧ લાખ ૩૦૦ મે.ટનમાંથી કેટલી રકમ રોયલ્ટી પેટે સરકારને મળી**?**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પારદર્શક રીતથી દરેક લીઝ ઓક્શન કરીને વેચવી તેવો એક નિર્ણય લીધેલો છે. જ્યારે પણ લીઝ આઇડેન્ટીફાઇ કરીએ છીએ તો તેના બ્લોકસ પાડવામાં આવે છે અને બ્લોકસ પાડ્યા પછી તે બ્લોકનું આઇડેન્ટીફીકેશન થાય છે. તેમાં સરવે થાય છે, ટોપોગ્રાફી અને જીયોલોજીકલ સરવે થાય છે. મિનરલ રિસોર્સિસ કેટલા છે, કેટલા ટન છે તેની બધી તૈયારી કરવામાં આવે છે. આ બધી સ્ક્રુટિની કર્યા પછી આ બધું જ કામ એક એજન્સીને ટેન્ડર દ્વારા આપણે આપતા હોઇએ છીએ. આ એજન્સીને આપણે નિયમિત ફી આપીએ છીએ. આમાં બે પ્રકારની એજન્સી હોય છે. એક સરવે કરવાવાળી એજન્સીનો ભાગ છે અને બીજી એજન્સી ટેન્ડર પ્રોસેસ કરે છે. ટેન્ડર પ્રોસેસની પ્રક્રિયામાં ડોક્યુમેન્ટસ બનાવવાના હોય છે તે ડોક્યુમેન્ટસ મળ્યા પછી ટેન્ડર અપલોડ થાય છે. અપલોડ કર્યા પછી પ્રિબીડ કોન્ફરન્સ કરવામાં આવે છે. પ્રિબીડ કોન્ફરન્સમાં શું શું હોય છે તેના સવાલો લેવામાં આવે છે અને તેમાં અમારા વિભાગના અધિકારીઓ જોડે બેઠા હોય છે. તેમાં ક્વેરીઝ હોય છે અને તેનું ઇવેલ્યુશન કરે છે. બીડ કર્યા પછી ટેક્નિકલી કોણ ક્વોલિફાઇડ થાય છે અને ક્વોલિફાઇડ થયા પછી બીડ ઓપન થાય છે. આ બધી જ પ્રક્રિયા આ એજન્સી મારફત કરવામાં આવે છે. અને એ એજન્સી અંગે માનનીય સદસ્યશ્રીએ પૂછ્યું તો બે એજન્સીઓ છે એક ડી.એચ.જી.ઓ. કન્સલ્ટન્સી રાખી છે. જે સર્વેની કામગીરી કરે છે અને જે કામગીરી સોંપી છે એને ૭૦૧૪ રૂપિયા પ્લસ ટેક્સ પર હેક્ટર આપણે આપીએ છીએ. આ જે વિસ્તારની વાત કરે છે એમાં તેને કુલ ૨.૩૭ લાખ આપ્યા છે. બીજું, એસ.બી.આઇ. કેપિટલ માર્કેટ જે ટેન્ડરની પ્રક્રિયાની અંદર કર્યું છે એને પર બ્લોક આપવામાં આવે છે એટલે બ્લોકનું ઓક્શન થાય છે એને બ્લોક પ્રમાણે આપવામાં આવે છે પેલાને હેક્ટરનું સર્વે થાય છે એને હેક્ટરના સર્વે પ્રમાણે આપવામાં આવે છે એને ૨.૨૦ લાખ પર બ્લોકનું પેમેન્ટ આપવામાં આવે છે.

## શ્રાવણ ૩, ૧૯૪૧ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે માઇન્સ અને મિનરલ્સ ડેવલપમેન્ટ રેગ્યુલેશન એક્ટ અને ગુજરાત માઇન્સ મિનરલ્સ અને કન્સેશન રૂલ્સમાં સુધારા કરવા માટેની શું જરૂર પડી અને ખનિજોની ફાળવણીમાં પારદર્શકતા લાવવા માટે ગુજરાત સરકારે કયા કયા પગલાં લીધા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનામાં હતું કે જે અરજી કરે એને આ લીઝ આપી દેવામાં આવતી હતી. એટલે વહેલો તે પહેલોનું ધોરણ હતું, એટલે જીઓલોજીસ્ટ સર્વે કરે તે ખબર પડે કે અહીંયા રેતી છે કે અહીંયા પથ્થર છે તો તુરત જ અરજી કરે અને એ પ્રમાણે થતું હતું. એની અંદર કોઇ પરદર્શકતા રહેતી ન હતી એટલે સરકારે નક્કી કર્યું કે આ બધું જ આપણે બંધ કરવું છે અને એકદમ ટ્રાન્સપરન્ટ વેથી આપણે કામગીરી કરવી છે એટલે એ ટ્રાન્સપરન્સી લાવવા માટે. બીજું, ઘણી વખત અરજી કર્યા પછી બહુ જ સમય લાગતો હતો એટલે આ જે વહીવટી ડીલે હતું એ દૂર કરવા માટે અને વધારેમાં વધારે બ્લોક્સ ઓક્શન કરીએ તો વધારેમાં વધારે મૂડી રોકાણ આવે તો સરકારને રોયલ્ટી પણ મળે. ઓક્શન દ્વારા વધારાનું જે પ્રિમિયમ મળે એ ધ્યાનમાં રાખીને મિનરલ્સ રૂલ્સમાં આપણે ફેરફાર કર્યા અને આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ ખૂબ આગ્રહપૂવર્ક રાજ્યના બધા જ બ્લોકો અને ૬૮૬ બ્લોકો આ વર્ષે હાથ ઉપર લીધેલા છે કે જે આપણા પ્રોસેસ દ્વારા કરીએ છીએ. આખી એક નવી જાતની પ્રોસેસ કરી છે આ પ્રોસેસ એવી છે કે જે પેન્ડીંગ એપ્લીકેશન હતી એ રૂલ્સ બન્યા પહેલા એ બધી જ એપ્લીકેશન આપણે ઇનએલિજીબલ કરી નાંખી એટલે એ એલિજીબલ રહેશે નહીં, માત્ર એ જ એલિજીબલ રહેશે કે જ્યાં રાજ્ય સરકારે પહેલા મંજૂરી આપી દીધી હોય, પહેલા વ્યક્તિએ એન્વાયરમેન્ટ લેટરનું ક્લિયરન્સ લઇ લીધું હોય, એન.એ. કરવાની એની પ્રક્રિયા ચાલુ થઇ ગયેલી હોય, માઇનીંગ પ્લાન એપ્રુવ થઇ ગયેલો હોય એવા લોકોને જ આપણે આની અંદર મંજૂરી આપી. બાકી સંપૂર્ણપણે બધાની અરજીઓ કેન્સલ કરી અને આપણે ઇ–ઓક્શન પ્રોસેસ કર્યો. જેમ મેં કહ્યું કે ઇ–ઓક્શન પ્રોસેસની અંદર આપણે આઇડેન્ટીફાઇ કરીએ છીએ કે કઇ કઇ જગ્યા છે, કેટલું ખાણ ખનિજ ત્યાં નીકળશે એ જોઇએ છીએ, ફોરેસ્ટ લેન્ડ હોય તો એ છૂટું પાડીએ છીએ અને આ કર્યા પછી ટેન્ડર ડોક્યુમેન્ટ બહાર પાડી અને બે સ્ટેજની અંદર આપણે ટેન્ડર પ્રોસેસ કરીએ છીએ. પહેલાં આપણે ટેક્નિકલ બીડ લઇએ છીએ અને એ ટેક્નિકલ બીડમાં ઓ.કે. થાય અને સાથે સાથે એમાં પ્રાઇસ બીડ પણ લઇએ છીએ અને માત્ર પહેલા પાંચને સિલેક્ટ કરીએ છીએ એટલે એ પાંચને સિલેક્ટ કરીએ બાકીના બધા રહી જાય. દાખલા તરીકે પહેલાં દસ જણાં આવ્યા હોય તો એ દસ વચ્ચે એકવાર હરિફાઇ થઇ જાય અને પહેલાં પાંચ જણ જે સ્ટ્રોંગેસ્ટ બીડવાળા હોય એને જ લઇએ છીએ અને એ પાંચમાંથી જે સૌથી વધારે હાઇએસ્ટ હોય એ બેઇઝ પ્રાઇસ બને છે અને એ બેઇઝ પ્રાઇસ બન્યા પછી એના પછી બીજું એક ઓક્શન થાય છે એટલે જે પહેલાંનું હાઇ હોય એના પછીના ઓક્શનમાં જેના વધારેમાં વધારે પૈસા મળે એને આપણે આ બીડ આપીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આપણે જે લિઝ આપીએ છીએ અને બ્લોક્સ ફાળવીએ છીએ એ બ્લોકમાં ડિપોઝીટ લેવામાં આવે છે એ ડિપોઝીટ પરત આપવામાં બહુ વિલંબ કરવામાં આવે છે તો એની કોઇ સમય મર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ? અને જે લોકોએ ડિપોઝીટ કરી હોય એ ડિપોઝીટ પરત કરવાની થાય ત્યારે એના એકાઉન્ટમાં ડાયરેક્ટ નાંખવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઓક્શન કર્યા પછી પેમેન્ટ અંગેની જવાબદારી સાથેની આખી એક પ્રોસીઝર હોય છે હવે એ પ્રોસીજરના આધારે એ લોકોને પેમેન્ટ આપવાનું હોય છે. ફર્સ્ટ બીડ હોય, સેકન્ડ બીડ હોય એ પ્રમાણે એ લોકો પેમેન્ટ આપતા હોય છે.

અધ્યક્ષશ્રી : ના, ના. વિલંબ થાય છે એની વાત કરે છે.

શ્રી સૌરભ પટેલ : ઓક્શનની પ્રક્રિયામાં ડિપોઝીટના ભાગરૂપે જે રકમ છે એને પરત કરવામાં વિલંબ થતો હશે...

અધ્યક્ષશ્રી : એટલે હા કે ના જ પૂછે છે.

શ્રી સૌરભ પટેલ : વિલંબ થતો હશે તો હું ચોક્કસ જોઇ લઇશ.

અધ્યક્ષશ્રી : અને ડિપોઝીટ ડાયરેકટ એના એકાઉન્ટમાં પરત કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધું ઇ–પેમેન્ટ જ થતું હોય છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : શ્રી ડિંડોર, તમારો પ્રશ્ન છે એટલા માટે તમને પૂછવા નથી દેતો.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તારીખ ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં હરાજીમાં મૂકેલ સાદી રેતીના બ્લોક્સની પરિસ્થિતિ શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લાની અંદર આપણે ત્રણ તાલુકા પૈકી ગોધરામાં ૪ મૂક્યા હતા, કાલોલમાં ૨ મૂક્યા હતા, ઘોઘંબામાં ૧ મૂક્યો હતો, આમ કુલ ૭ બ્લોક ઓક્શનમાં મૂક્યા હતા અને એ સાતે સાત બ્લોકના ઓક્શનની અંદર આપણને સફળતા મળી નથી. તેનું મૂળ કારણ છે કે જે આપણે બેઝ પ્રાઇસ રાખ્યો હતો એ બેઝ પ્રાઇસ આપણને મળ્યો નહિ અને એ ન મળવાના કારણે આપણે એ બીડ કેન્સલ કર્યા, પરંતુ આપણે પાછું રી–ઓક્શન કરવાની પ્રોસેસ ચાલુ કરી દીધી છે અને એ રી–ઓક્શનની પ્રોસેસ પહેલાં વધારે માહિતી આપવા માટે, વધારે લોકો ઓક્શનના

બીડની પ્રોસેસમાં આવે એના માટે આપણે એક નવી પદ્ધતિ પણ ચાલુ કરી છે અને જાણકારી પણ આપીએ છીએ. પાછા લોકો આવે એટલે પાછું રી–ઓક્શન આપણે કરી શકીએ.

**ભાવનગર જિલ્લામાં ગેસ પાઇપલાઇન**

* ૧૮૨૮૯ **શ્રી દેવાભાઇ માલમ** (કેશોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પાઇપલાઇન મારફતે રાંધણગેસ પહોંચાડવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં ૧૯,૭૦૦થી વધુ ઘરોમાં પાઇપલાઇન દ્વારા ઘરેલું ગેસ કનેક્શન આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ગેસપાઇપલાઇન દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જીલ્લામાં ગેસ પાઇપલાઇન દ્વારા ભાવનગર તથા પાલિતાણા તાલુકાઓને આવરી લીધેલ છે. |

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યના સી.એન.જી અને પી.એન.જી.ના વપરાશ માટે દેશમાં ઉત્પન્ન થતો ગેસ મળે છે કે ઇમ્પોર્ટ થતો ગેસ મળે છે? જો દેશમાં ઉત્પન્ન થતો ગેસ મળતો હોય તો એ ક્યારથી મળે છે?

શ્રી સૌરભ પટેલ : આ દેશની અંદર નીતિ બનાવી છે કે પહેલો હક્ક લોકોનો રહેશે. એક જમાનો હતો કે દેશમાં ઉત્પાદન થતો ગેસ મોટા મોટા ઉદ્યોગકારો લઇ જતા હતા અને એમનો નફો દિવસે દિવસે તગડો થતો હતો. આદરણીય પ્રધાનમંત્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમણે અનેક અનેક રજૂઆતો કરી હતી. કેન્દ્રમાં ઘણાં બધા પત્રો લખ્યા હતા અને પત્રો લખીને આપણે એક લડત ઉપાડી. એ લડતના કારણે છેવટે કોર્ટમાં મેટર ગઇ અને કોર્ટે નક્કી કર્યું કે પહેલો હક્ક લોકોનો છે. એટલે ડોમેસ્ટીક અને ઇમ્પોર્ટેડના પ્રાઇસની અંદર બહુ તફાવત હોય છે. ડોમેસ્ટીક પ્રાઇસ બહુ સસ્તો હતો અને ઇમ્પોર્ટેડ પ્રાઇસ બહુ મોંઘો હતો એટલે એલ.એન.જી. લાવીને આપણે આપતા હતા. પહેલાં બધા જ પાઇપ ગેસ એલ.એન.જી. દ્વારા આપવામાં આવતો હતો. જ્યારે આપણે લડત લડી અને ગુજરાતે પહેલ કરી. કેન્દ્ર સરકારે ૨૦૧૪થી નિર્ણય લીધો કે સંપૂર્ણપણે ગેસ આપણે ભારત સરકારને આપવો પડશે, એ નોટીફાઇડ થઇ ગયું અને એ રિપ્રેઝન્ટેશન આપણે ૨૦૧૧માં આપ્યા, બધી જ જગ્યાએ આપ્યા અને એ જ એલોકેશન આજની તારીખમાં સસ્તો ગેસ દેશમાં ઉત્પાદન થતો મળે છે એના કારણે રૂપિયા ૮ થી ૧૦ પ્રતિ કિલો ભાવમાં ફરક છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જુદી જુદી જગ્યાએ પાઇપલાઇન દ્વારા ગેસ પહોંચાડવામાં આવે છે. પાઇપલાઇન જે વખતે ખોદાય તેના કારણે રોડ તૂટતા હોય છે તો એ રિપેર કરવા માટે જે તે એજન્સી રિપેર કરે છે કે એ રોડ તૂટ્યા પછી તાલુકા પંચાયત હોય કે નગરપાલિકા હોય એ રિપેર કરતા હોય છે? આ કહેવાનો ભાવાર્થ એટલા માટે છે કે, જ્યારે પાઇપલાઇન નંખાતી હોય ત્યારે..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન આવી ગયો તમારો, કોણ રિપેર કરે છે?

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હા.

શ્રી સૌરભ પટેલ : જવાબદારી તો મારા ખ્યાલ પ્રમાણે કંપનીની જ છે અને કંપની ખર્ચ કરતી હશે. કદાચ કંપની એનો ખર્ચ આર.એન્ડ બી. ને પણ આપતું હશે પણ મારી પાસે આની સંપૂર્ણપણે માહિતી નથી કે કેવી રીતે કોણ કરે છે પણ જવાબદારી તો ચોક્કસ અમારી જ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો, આવી ગયો. મારે બીજાને પ્રશ્ન પૂછવા દેવા છે. પ્લીઝ, આવી ગયું, ધ્યાનમાં આવી ગયું. આટલું બધું ધ્યાનમાં આવી ગયું છે ને. આટલો સરસ પ્રશ્ન અને સરસ જવાબ આવી ગયો ને.

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભાવનગર જિલ્લામાં ભવિષ્યમાં પી.એન.જી. કનેક્શન આપવાનું આયોજન શું છે અને ભાવનગર જિલ્લાના ગારીયાધાર, જેસર અને મહુવા તાલુકામાં ઘરેલું કનેકશન આપવા માટેનું શું આયોજન છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવતા બે વરસમાં આપણે ભાવનગર જિલ્લામાં ૨૪ હજાર કનેકશન આપવા માટેનું આયોજન છે, તેની અંદર ભાવનગર શહેરમાં ૧૮૯૪૭, ગારીયાધારમાં ૩૯૪, મહુવામાં ૧૮૮૪, પાલીતાણામાં ૧૨૬૧, શિહોરમાં ૧૧૩૪, તળાજામાં ૨૯૭, વલ્લભીપુરમાં ૩૨૩ એમ કુલ ૨૪૨૪૦ કનેકશનો આપવાનું આપણે પ્લાનિંગ કરેલું છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગુજરાત ગેસની જે જવાબદારી સોંપવામાં આવી છે તો તેમાં કેટલા જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે? અને આ કંપની દ્વારા જે

કામગીરી કરવામાં આવે છે, ખેડૂતોની જમીન જે આપણે લઇએ છીએ અને પાથરવા માટે લઇએ છીએ એ જમીનમાં જ્યાં સરકારી જમીન આવતી હોય અને રસ્તાની બાજુમાં જ્યાં પાઇપ લાઇન નાખી શકાતી હોય ત્યાં ખેડૂતોની જમીનના બદલે સરકારી જમીનમાં ગૌચર હોય કે સરકારી ખરાબો હોય અને રસ્તાની નજીકમાં નાંખી શકાતી હોય તો આ કંપનીને સૂચના આપવી જોઇએ કે જેથી કરીને ખેડૂતોની કિંમતી જમીનોને બચાવી શકાય. તો આ બાબતે રાજ્ય સરકાર શું કરવા માગે છે અને આમાં કયા જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ? અને આ કામગીરી કયાં પહોંચી છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્ન ભાવનગર જિલ્લાનો છે પણ હું ચોક્કસ માનનીય સભ્યશ્રીને કહીશ કે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ દિલ્હી પ્રધાનમંત્રી તરીકે ગયા તે પહેલાં અને તે પછી અહીંયા બહુ ઓછા જિલ્લાઓને recognition પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટ દ્વારા આપવામાં આવ્યું હતું અને તેના કારણે બધા જિલ્લાઓને લાભ મળ્યો નહોતો. છેલ્લા દોઢ બે વર્ષની અંદર આખા ગુજરાતમાં બધા જિલ્લાઓને તે લોકોએ કવર કરી નાંખ્યા છે. એક પણ જિલ્લો બાકી નથી પરંતુ એની અંદર જે ઓક્શન પ્રક્રિયા અને બિડિંગ પ્રક્રિયા થઇ હતી તેમાં મોટાભાગના જિલ્લાઓ ગુજરાત ગેસને મળ્યાં છે. બે–ચાર જિલ્લા એવા છે કે જે ખાનગી કંપનીઓને પણ મળેલાં છે એટલે ગુજરાત ગેસ જ્યાં લીધેલું છે તે ગુજરાત ગેસનું આખું આયોજન આપણાં તરફથી છે. ખાનગી કંપનીઓનું આયોજન ખાનગી કંપની કરે છે.

**ટેક્સટાઇલ ઉદ્યોગમાં ટફ સબસિડી**

* ૧૯૬૭૦ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ ટેક્સટાઇલ્સ ઉદ્યોગોમાં ટફ સબસિડી આપવામાં આવે છે કે કેમ, | (૧) ના, જી. રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં આવેલ કેટલા વિવર્સની સબસિડી ચૂકવવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સબસિડી ચૂકવવાના બાકી રહેવાના કારણો શા છે, અને બાકી સબસિડી ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રતાપ દૂધાત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્ર સરકારમાં આપણાં વડાપ્રધાન હોય,

અધ્યક્ષશ્રી : પ્રશ્ન.

શ્રી પ્રતાપ દૂધાત : તો ટેક્સટાઇલ્સ જગતની ૪ હજાર કરોડ રૂપિયાની ટફની સબસિડી બાકી છે તે અપાવવા માગો છો કે કેમ ? અને નવી અરજી હાલ સ્વીકારતા નથી તો આ યોજના ચાલુ રખાવવામાં કેન્દ્ર સરકારને રજૂઆત કરવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ટફની યોજના કેન્દ્ર સરકારની છે. માનનીય સભ્યશ્રી કહે છે કે ૪ હજાર કરોડ રૂપિયા બાકી છે. આપણી પાસે કોઇ જ માહિતી આ વિષયમાં છે નહીં કે આજની તારીખમાં પણ જે લોકોને ટફના લાભ મળ્યાં છે તેની રજૂઆત પણ અમારી પાસે આવી નથી. કોને લાભ મળ્યા છે તેની પણ માહિતી નથી. આમ, સંપૂર્ણપણે અરજી લેવાનું કામ, અરજી સ્વીકારવાનું કામ, પેમેન્ટ આપવાનું કામ આ બધું જ ડાયરેક્ટ કેન્દ્ર સરકારમાંથી થાય છે પણ આપના ધ્યાનમાં એવા કોઇ વિષય હોય તો આપ ચોક્કસ અમને મોકલજો. વ્યક્તિઓ કોણ કોણ બાકી છે અને જે કંઇ હશે તે આપણે કેન્દ્ર સરકાર જોડે લઇશું.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ વિકાસશીલ સરકારની અંદર ટફ દ્વારા ખૂબ બધી રાહતો થઇ છે. સુરતની અંદર water jet looms પણ ઘણી બધી આવી છે અને ઘણાં બધા સ્પીન્ડલો આવ્યા છે તો કેટલા નવા સ્પીન્ડલો આવ્યા અને ઉદ્યોગ જગતના કારણે કેટલા લોકોને રોજગારી મળી, શું બેનીફિટ થયા તેનો સહેજ વિગતે જવાબ આપે.

અધ્યક્ષશ્રી : વિગતે નહીં, ટૂંકમાં.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ટફના પુષ્કળ લાભો ગુજરાતની કંપનીઓએ લીધા છે. એ લોકોએ મોર્ડનાઇઝેશનમાં આપે છે, એ લોકો નવી મશીનરીમાં આપે છે, બધું આપે છે અને ચોક્કસ ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મળી છે. આપણી પણ ટેક્સટાઇલ પોલિસી છે તે ટેક્સટાઇલ પોલિસીના કારણે આપણું જે ૨૫ લાખ સ્પીન્ડલનું ટાર્ગેટ હતું તે ટાર્ગેટથી આપણે ઘણું બધું ક્રોસ કરી લીધું છે એટલે રાજ્ય સરકારની નીતિ હોય અને કેન્દ્ર સરકારની પોલિસીના કારણે ગુજરાતને ખૂબ મોટા પ્રમાણમાં ટેક્સટાઇલ ક્ષેત્રે લાભ મળેલો છે.

**પંચમહાલ જિલ્લામાં એમએસએમઇ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

* ૧૮૪૦૪ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૨ એકમોની |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ? | (૨) ઉક્ત સ્થિતિએ કોઇ એકમને સહાય ચુકવેલ નથી. |

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે તારીખઃ ૩૧-૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી છે ? અને આ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી છે ? અને ઉકત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું થયુ છે ?

અધ્યક્ષશ્રી : તમારે કયા તાલુકા જાણવા છે? જે બે-ત્રણ હોય તે બોલો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે જ છે. જે તાલુકાવાઇઝ ડિટેઇલ્સ મળી છે તે ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ની છે. હાલોલ તાલુકામાંથી સ્મોલમાંથી ૧ મળી છે, મિડિયમની ૧ મળી છે એટલે કે ૨ અરજીઓ મળી છે. કાલોલ તાલુકામાંથી ૧ મળી છે એટલે કુલ-૩ અરજીઓ ૨૦૧૭-૧૮માં મળી છે અને ૨૦૧૮-૧૯ની અંદર હાલોલમાં ૩ અને કાલોલમાં ૧ એમ કુલ-૪ અને પંચમહાલ ડિસ્ટ્રીકટમાં ૭ અરજીઓ આપણને મળી છે. એ ૭ અરજીઓમાંથી જે મંજૂર કરવામાં આવી છે તે પંચમહાલ ડિસ્ટ્રીક્ટમાં ૨૦૧૮-૧૯માં ૨ મંજૂર કરવામાં આવી છે અને ૨૦૧૭-૧૮માં એકેય મંજૂર કરવામાં આવી નથી. આજની તારીખમાં જે પેન્ડીંગ એપ્લીકેશન છે તે માત્ર ૧ જ છે. જે હાલોલમાં છે અને એમાં ક્વેરી રેઇઝ કરી છે એના કારણે પેન્ડીંગ છે અને બે લોકોને પેમેન્ટ આપવાનું બાકી છે એનું કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં પેમેન્ટ આપી દઇશું અને સાત અરજીઓ રીજેક્ટ થઇ છે. એનું કારણ એ છે કે એ લોકોએ Proper documentation આપ્યું ન હતું. એના કારણે એ અરજીઓ રીજેક્ટ થઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં આજની તારીખે છેલ્લે એમ.એસ.એમ.ઇ.ના કુલ કેટલા એકમો નોંધાયા છે અને છેલ્લા બે વર્ષમાં કેટલા એકમો બંધ થયા છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જિલ્લાના વ્યાજ સહાય માટેનો પ્રશ્ન છે. કેટલા એકમોને વ્યાજ સહાય મળી છે એનો છે. સભ્યશ્રીએ બીજી નોટિસ આપવી પડશે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમ.એસ.એમ.ઇ.ના એકમોની ગુણવત્તા સુધારણા યોજના શું છે અને આ યોજના હેઠળ કેટલી મદદ આપવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની નીતિ છે કે નાના-મોટા ઉદ્યોગોને જુદા-જુદા લાભો આપવામાં આવે છે. કેપિટલ ઇન્વેસ્ટમેન્ટનો લાભ હોય, ઇન્ટરેસ્ટનો લાભ હોય, ક્વૉલિટી સર્ટિફિકેશનનો લાભ હોય, ટેકનોલોજી ઇક્વીઝીશનનો લાભ હોય, પેટન્ટનો લાભ હોય એવી રીતે જુદી-જુદી ઇન્સેન્ટીવ સ્કીમ દ્વારા માઇક્રો એટલે કે ૨૫ લાખ સુધીની મેન્યુફેક્ચરીંગ એક્ટીવીટી માટે સહાય આપવામાં આવે છે અને સર્વિસ એક્ટીવીટીની ૧૦ કરોડ સુધીની પ્લાન્ટ એન્ડ મશીનરી માટે સહાય આપવામાં આવે છે. smallમાં ૨૫ લાખથી ૫ કરોડ અને mediumમાં ૫ કરોડથી ૧૦ કરોડની સહાય આપવામાં આવે છે. ૧૦ કરોડની પ્લાન્ટ અને મશીનરી હોય એ લોકોને આ યોજનામાં સહાય આપવામાં આવે છે. ક્વૉલિટી સર્ટિફિકેશનની વાત કરી એમાં ૫૦ લાખ સુધીની પ્લાન્ટ એન્ડ મશીનરીનું રોકાણ હોય તો એને એની ઇ.આર.પી. સિસ્ટમમાં આપણે મદદ કરીએ છીએ. એમાં આપણે વધારેમાં વધારે ૧ લાખ રૂપિયા સુધીની મદદ કરીએ છીએ. બીજું કે ૨ કરોડ રૂપિયા સુધીનું રોકાણ હોય તો એને વધારેમાં વધારે ૧ લાખ રૂપિયા સુધીની અને ૧૦ કરોડ રૂપિયા સુધીનું હોય તો પણ વધારેમાં વધારે ૧ લાખ રૂપિયા સુધી ઇ.આર.પી. સિસ્ટમમાં આપણે સોફ્ટવેર માટે મદદ કરીએ છીએ. આપણે હાર્ડવેરમાં પણ મદદ કરીએ છીએ. એમાં એનું કાંઇ પણ મૂડી રોકાણ હોય પછી એ ૫ લાખનું હોય, ૨ કરોડનું હોય કે ૧૦ કરોડનું હોય આપણે એને હાર્ડવેર માટે વધારેમાં વધારે રૂ.૫ લાખ સુધીની મદદ કરીએ છીએ અને એના કારણે એ લોકો હરિફાઇમાં વધારે competitive બન્યા છે.

## એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ

*૧૮૭૬૭ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્ય દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ | (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં |

## તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| છેલ્લા વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે ? | રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કુલ- ૫૨૭ કેસોના ૪૫૯૮ નમુનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. |

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશના ગૌરવ સમાન ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના પ્રશ્નના અનુસંધાને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુનામાં વપરાયેલ ફાયર આર્મ્સ અને બુલેટના એનાલિસીસનો કોઇ ડેટાબેઝ ફોરેન્સિ સાયન્સ લેબોરેટરી રાખે છે કે કેમ અને ડેટા બેઝની શું ઉપયોગિતા છે અને કોઇ ગુનાના ડિટેક્શનમાં મદદ મળે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગુજરાતની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સમગ્ર દેશ અને દુનિયામાં જાણીતી છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ આપણી ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ડેવલપમેન્ટ માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રધાનમંત્રી બન્યા બાદ રૂ.૩૦૦ કરોડની માતબર સહાય કેન્દ્ર સરકારની યોજના હેઠળ કરવામાં આવી છે. ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા પાછળ પોલીસતંત્ર ઉપર કોઇ સક્ષમ તંત્ર હોય તો એ ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી છે. કોઇ પણ ગુનો બને અને પછી ગુનેગારને પકડવા માટે અને પકડાયા બાદ એને સજા અપાવવા માટે ગુજરાત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી આપણને ઉપયોગી થાય છે. માનનીય ધારાસભ્યશ્રી સુરેશભાઇનો જે પ્રશ્ન છે એ અનુસાર ફાયર આર્મ્સમાંથી જ્યારે ફાયરિંગ કરવામાં આવે છે ત્યારે એમાંથી નીકળતી બુલેટ એ કેટલાક નિશ્ચિત પ્રકારના ચિન્હો છોડી જાય છે અને કોઇ ઘટના બન્યા પછી ઘટના ઉપર એ વસ્તુનું ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં નિરીક્ષણ કરવામાં આવે છે અને એની અંદર જ્યારે આ વેપન ઉપર વિશિષ્ટ પ્રકારના ચિન્હો હોય. જેને Integrated Ballistic Identification System કહેવામાં આવે છે એના આધાર ઉપર ડેટા તૈયાર કરવામાં આવે છે. અત્યારે આપણી લેબોરેટરી પાસે Integrated Ballistic Identification System હેઠળ ૧૭૨૦ ડેટા અને ૩૮૨૦ અન્ય ફાયર આર્મ્સ એના સીગ્નેચર ડેટા ઉપયોગી છે. આ ડેટા માત્ર ઉપયોગી નહિ પરંતુ આપણી પાસે જે ગુના આવે છે એમાં સન ૨૦૧૬માં સાવરકુંડલામાં ગુનો બન્યો હતો એમાં બિનવારસી મુદ્દામાલ મળ્યો હતો. એમાં પરવાના વગરની પિસ્તોલ નંગ-૨ મળી હતી. એનું વિશ્લેષણ કરતાં આ જે ગુનેગારો હતા એ પકડાતા આપણે પ્રસ્થાપિત કરવામાં સફળ રહ્યા હતા કે બંને ગુનામાં એક જ પિસ્તોલ વપરાઇ છે. એના આધારે આપણે સજા અપાવી શકયા હતા. એ જ પ્રમાણે ગાંધીનગર, કલોલ અને કડી એમાં ત્રણ જેટલા ગુના બન્યા હતા. એક એક્સીસ બેંક, એક એસ.બી.આઇ. બેંક અને કડીની અંદર હાઇવે ઉપર મોટરસાઇકલ ઉપર જતા ત્રણ ઇસમોને પોલીસ દ્વારા રોકવાનો પ્રયત્ન કર્યો ત્યારે એમની ઉપર ફાયરીંગ કર્યું. આ ત્રણેય ગુનાની અંદર જે રીવોલ્વર વપરાઇ હતી એ સરખા પ્રકારની હતી એ આપણે એફ.એસ.એલ.ની મદદથી ઉકેલી શકયા એટલે આ એક નવી સિસ્ટમના માધ્યમથી ગુનેગારોને પકડવા માટે એફ.એસ.એલ. આપણને ઉપયોગી થાય છે. શ્રી રાકેશભાઇ જ. શાહ : આપણે સૌ જાણીએ છીએ કે એફ.એસ.એલ. અને ગુજરાતનુ ગૃહ ખાતુ ગુનાઓ ઉકેલવામાં ખૂબ અગ્રેસર છે અને વર્તમાન સમયમાં આપ પણ જાણો છો કે ગુનેગારો પણ ક્યાંક હાઇફાઇ થઇ ગયા છે. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એફ.એસ.એલ. અન્ય કઇ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે કે જેના માધ્યમથી ગુના ઉકેલાય છે અને છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું એનાલિસીસ કર્યું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આપણી એફ.એસ.એલ. એ સમગ્ર દેશભરના લોકોને ઉપયોગમાં આવે છે. એમાં મારે માનનીય સભાગૃહને જણાવવું છે કે આ ટેક્નોલોજીના કારણે જુદા જુદા પ્રકારના દસ્તાવેજોનું આઇડેન્ટીફિકેશન કરી શકીએ છીએ. આજકાલ નકલી નોટો બનાવવા માટેના કોઇ ગુના હોય તો એ પણ આપણે ઉકેલી શકીએ છીએ. પોલિગ્રાફ લાઇડિટેક્ટર છે કોઇ માણસ સાચું બોલે છે કે ખોટું બોલે છે, એના શરીરમાં જે ફેરફાર થાય તે મશીન સામે બેઠાં હોય તો એમાંથી આપણને ખબર પડી શકે. દા.ત. હમણાં જૂનાગઢની ચૂંટણી થઇ ગઇ. એમાં જાણવું હોય કે આણે કામ કર્યું છે કે નથી કર્યું એ એમાંથી આપણને ખબર પડી શકે છે. માનનીય ભીખાભાઇ, તમે મશીન સામે બેસો તો શરીરમાં ફેરફાર થાય તો કર્યું કે ન કર્યું એની ખબર પડે. માનનીય અમિતભાઇ કહેશે તો કરાવડાવો. તમે કહેશો તો એમનો પણ ટેસ્ટ થઇ જાય. જૂનાગઢમાં કોંગ્રેસમાં ચર્ચા થાય છે કે એક સીટ કોણ જીતાડી લાવ્યું. નાર્કો એનાલિસીસ છે, એક suspected detection system છે. Layered Voice Analyzer છે. આજકાલ cyber crimeના ગુનાઓ પણ વધે છે એ cyber crimeના ગુનાઓનું voice spectrograph અને નાર્કોટીક ડ્રગ્સ, ડી.એન.એ. આ પ્રમાણેના વિશિષ્ટ પ્રકારના ગુનાઓ એ રાજયની એફ.એસ.એલ. દ્વારા ઉકેલવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય મંત્રીશ્રીએ વિવિધ જાતની તપાસની વાત કરી એમાં મારે જાણવું છે કે સુરતમાં થોડા સમય પહેલા જે રીતની આગની ઘટના બની એના કારણે ૨૨ માસૂમ બાળકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો. ત્યાં તંત્ર અને સરકાર એકબીજા ઉપર દોષનો ટોપલો ઢોળે છે કે આ પોલીસની જવાબદારી હતી, જી.ઇ.બી.ની જવાબદારી હતી, સંચાલકની જવાબદારી હતી. તે તમામની તપાસ એફ.એસ.એલ. દ્વારા કરવામાં આવી છે, તો એમાં શું તપાસ થઇ અને કયા જવાબદારો સામે શું પગલાં લીધાં અને પ્રદિપસિંહભાઇએ અમારી તપાસ કરવાની વાત કરી તો મારી આપના માધ્યમથી એટલી

જ વિનંતી છે કે અહીંથી ઘણાં બધા લોકોને કોઇકને રાજ્યકક્ષામાંથી કેબિનેટમાં જવું છે, કોઇકને મંત્રી બનવું છે તો આપણા કોઇ ઉપરના આગેવાનને બોલાવીને એમનો પણ ટેસ્ટ કરવો કે આવનારા મંત્રી કોણ બનવાના છે એ ખબર પડે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તક્ષશિલાની દર્દનાક ઘટના જેમાં નિર્દોષ બાળકોએ પોતાના જાન ગુમાવ્યા. એ અત્યંત દુઃખદ ઘટના છે. એના પ્રત્યે રાજ્ય સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઘટના બનવાની ક્ષણથી પૂરી સંવેદનાપૂર્ણ વ્યવહાર કરવામાં આવ્યો છે. આની સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા તાત્કાલિક સૂચના આપવામાં આવી હતી. આ ઘટના બનવાની પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશન હોય, ઉર્જા વિભાગ હોય અન્ય કોઇ વિભાગ હોય, જે કોઇ કસૂરવાર હોય એ કોઇને છોડવામાં આવશે નહીં એવો સ્પષ્ટ નિર્ધાર માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરવામાં આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટના બન્યા બાદ ત્યાંના પોલીસ કમિશનરની સીધી દેખરેખ હેઠળ સંપૂર્ણ તપાસ કરવાનું કામ કરવામાં આવ્યું. ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનો સંપૂર્ણપણે એમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા આપણને મળેલા ઇન્પુટ્સ આધાર પર ચાર્જશીટની અંદર પણ ઉલ્લેખો કરેલા છે અને ચાર્જશીટના ઉલ્લેખોના આધાર પર સરકારના જવાબદાર કર્મચારી કે અધિકારી હતા તેમને પણ જેલના હવાલે કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. રહી વાત તમે અમારી જે ચિંતા કરી છે એ અમારી ચિંતા ન કરતા. અમારો તો એક પરિવાર છે અને પરિવારમાંથી જે નિર્ણય જેના માટે જ્યારે લેવામાં આવશે અને અમારું દિલ પણ મોટું છે અને તમામને આવકારવા માટે અમે તૈયાર છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૭ માનનીય નરેશભાઇ.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : મારા નામ જોગ ઉલ્લેખ કર્યો છે મને એક પ્રશ્ન પૂછવા દો.

અધ્યક્ષશ્રી : શાંતિ થશે ને તમને એક પ્રશ્નમાં. પૂછી લો ચાલો. (અંતરાય) એમને પૂછી લેવા દો, નહીં તો એમને શાંતિ નહીં થાય.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : મંત્રીશ્રીએ એમના જવાબમાં મારા નામ જોગ મારો નાર્કો ટેસ્ટ કરવાની વાત કરી છે ત્યારે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અરે, તમારો નથી કરાવવાનો.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : તમે સાહેબ, મારી વાત તો સાંભળો. મંત્રીશ્રીને મારે પૂછવું છે કે ભાજપના જ કોર્પોરેટરે ફરિયાદ કરી છે કે રૂપિયા દોઢ કરોડનું કામ સાડાચાર કરોડ રૂપિયામાં પેમેન્ટ કરાવ્યું છે તો આમાં તપાસ કરાવી અને નાર્કો ટેસ્ટ કરાવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ચાલો, પ્રશ્ન ક્રમાંક–૭ , આમાં જવાબની જરૂર નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શ્રી ભીખાભાઇ આ તમારી લડાઇ છે. તમારું ખરાબ દેખાય (અંતરાય)

શ્રી ભીખાભાઇ ગ. જોષી : આમાં ખરાબ તમારું દેખાય, મારું નહીં.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપની વાત આવી ગઇ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એ નોંધાયેલા ગુના હેઠળ ગુનો નોંધ્યો છે, તેની તપાસ ચાલે છે પણ મારે શ્રી ભીખાભાઇ એટલું જ કહેવું છે કે છેલ્લે તમારું ખરાબ લાગે એટલા માટેનો આ ધંધો થયો છે. તમારા એક માણસને ટિકિટ આપી છે, મને કહો. (અંતરાય) એ કયા માણસને ટિકિટ આપી છે.

**તાપી જિલ્લા પંચાયતને ફાળવેલ ગ્રાન્ટ ઇન એઇડની રકમ**

* ૧૮૩૨૦ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ફાળવવામાં આવે છે, અને | (૧) કુલ રૂ.૨૨૪૭૬.૧૯ લાખ |
| (૨) ઉક્ત સમયગાળામાં તાપી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઇન એઇડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ.૧૨૮૯.૩૧ લાખ. |

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૭, માનનીય નરેશભાઇ. બોલો આપ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : હવે પહેલેથી પૂછું સાહેબ. એક વાર પૂછી નાંખ્યું છે. ફરીથી પૂછું સાહેબ.

અધ્યક્ષશ્રીઃ હવે કોઇને નહીં બોલવા દઉં, ફરીથી પૂછવું પડે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારને અભિનંદન આપું છું. આ રેતીની લીઝ બાબતમાં જે પારદર્શકતા આવી છે અને એ પારદર્શકતાના કારણે તાપી જેવા આદિવાસી જિલ્લામાં ૧૨૮૯.૩૧ લાખ ગ્રાન્ટ મળી છે. તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે તાપી જિલ્લામાં ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના વર્ષમાં તાલુકાવાર કયા ગામોને કેટલી ગ્રાન્ટ મળી.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રીઃ કોઇ પણ બે તાલુકા કહો. બધા નહીં. બોલો. કોઇ પણ બે તાલુકા કહેશે, કાં તો તમે નામ આપો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : તાલુકા ત્રણ છે સાહેબ. એ તો લીઝના વિસ્તારના છે એમાં.

અધ્યક્ષશ્રીઃ ત્રણમાંથી બે આપશે. તાલુકાના ઘણા લાંબા લીસ્ટ થઇ જાય છે પછી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પેમેન્ટ આપવામાં આવ્યું છે એની અંદર તાલુકા ડોલવણમાં ૯ ગામડાં છે, કુકરમુંડામાં ૮ છે, નીઝરમાં ૭ છે, ઉચ્છલમાં ઝીરો છે, સોનગઢમાં ૯ છે, વાલોડમાં ૬ છે અને વ્યારામાં ૪ છે. એમ ૨૦૧૬–૧૭ની ગ્રાન્ટ આપવામાં આવી અને ૨૦૧૭–૧૮ની પણ એ જ પ્રમાણે ગ્રાન્ટ આપવામાં આવી છે. આ બન્નેનું ટોટલ જોવા જઇએ તો ૧૨ કરોડ રૂપિયા છેલ્લા બે વર્ષની ગ્રાન્ટ જુદા જુદા ગામડાંમાં માઇનીંગનું જે ઉત્પાદન થયું છે તે પ્રમાણે આપવામાં આવી છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જે જિલ્લા પંચાયતને ગ્રાન્ટ આપવામાં આવે છે એ ક્રાઇટેરિયામાં આવતા ગામડાંને જિલ્લામાં પંચાયત મારફતે ચૂકવવામાં આવે છે કે પછી જનરલ ચૂકવવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ટોટલ રોયલ્ટીની ઇન્કમ હોય છે એ રોયલ્ટીની ઇન્કમ, દા. ત. ગઇ સાલની રોયલ્ટીની જેટલી ઇન્કમ હોય એ રોયલ્ટીની ઇન્કમમાંથી પાંચ ટકા વહીવટી ખર્ચ બાદ કરીને જે એમાઉન્ટ આવતી હોય તે એમાઉન્ટમાં ૫૦ ટકા જિલ્લા પંચાયતને જાય છે અને જે ગામોમાંથી લીઝની ઇન્કમ થઇ હોય એ ગામને ૫૦ ટકા જાય છે, એટલે ગામમાંથી જે રોયલ્ટી આવી હોય તે ગામને ૫૦ ટકા જાય અને ૫૦ ટકા જિલ્લા પંચાયતને જાય. રાજ્ય સરકારે જે કામગીરી નક્કી કરેલી હોય તે કામગીરીની અંદર એ લોકોને એ પૈસા વાપરવા પડે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ તાપી જિલ્લામાં જે ૩ તાલુકા છે એમાં છેલ્લા બે વર્ષમાં આ લીઝમાંથી કેટલી આવક થઇ અને તાલુકાવાર કેટલી લીઝો આપવામાં આવેલ છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લાની અંદર કુલ ૧૭૧ લીઝો છે. એમાં ઓર્ડીનરી સેન્ડની ૧૦૬ છે. એ ઓર્ડીનરી સેન્ડમાં ૨૦૧૭–૧૮માં એ લોકોને રૂ.૧૧.૩૮ કરોડની આવક થઇ હતી. ૨૦૧૮–૧૯માં રૂ.૮.૧૯ કરોડની આવક થઇ હતી. એમ કુલ રૂ.૧૯.૫૭ કરોડની આવક થઇ હતી. આ તાપી ડિસ્ટ્રીકટમાં જે આવક થઇ એમાંથી ૫ ટકા એ લોકોના કાપી અને જોવા જઇએ તો ૨૦૧૭–૧૮ના ૧૦.૮૦ મળે અને ૨૦૧૮–૧૯ના ૭.૭૮ મળે એટલે રૂ.૧૮.૫૯ કરોડ મળે. ૧૯.૫૭ની ઇન્કમની સામે એ લોકોને ૧૮.૫૯ કરોડ રૂપિયા મળે છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે મારો ડાંગ જિલ્લો એ નવસારી અને તાપી જિલ્લાને અડીને આવેલો છે. મારા ડાંગ જિલ્લામાં છેલ્લા ૩ વર્ષથી રોયલ્ટી કે પરમિટ આપવામાં આવતી નથી. ત્યાં કલેક્ટર પરમિટ આપતા હતા તે પણ બંધ થઇ ગઇ છે. સાદી રેતી માટે પણ મુશ્કેલી ઉભી થાય છે તો પરમિટ આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન તાપી જિલ્લાનો છે અને ડાંગ જિલ્લામાં કદાચ ફોરેસ્ટ એરિયાના કારણે મળતું નહીં હોય, પણ સભ્યશ્રીએ જે વિષય મૂક્યો છે તો હું ચોક્કસ તપાસ કરીને એમને માહિતી આપીશ.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રેતીની લીઝ પેટે જે વસૂલ કરેલી રકમ હોય એ રકમ જે જગ્યાએ લીઝ હોય એ ગામોને જ આ રકમ આપવામાં આવે છે કે અન્ય ગામોને આ રકમ આપવામાં આવે છે? બીજું કે જે ગામોની લીઝ હોય એ જ ગામોને રકમ નહીં ફાળવવામાં આવી હોય અને અન્ય ગામોને કોઇ અધિકારીએ ફાળવી દીધી હોય તો એમની સામે પગલાં લઇ શકાય કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ કીધું કે આખા જિલ્લામાં જેટલી લીઝ આપેલી હોય એ લીઝની રોયલ્ટીની ઇન્કમ કાઢવામાં આવે છે. હવે એ રોયલ્ટીની ઇન્કમમાંથી રાજ્ય સરકાર ૫ ટકા વહીવટી ખર્ચ તરીકે રાખે છે. ૯૫ ટકા પૈસા એ જિલ્લાને પરત કરવામાં આવે છે. હવે ગઇ સાલ દા. ત. જેટલી રોયલ્ટીની ઇન્કમ થઇ હોય તેની રકમ બીજા વર્ષે ચૂકવવામાં આવે છે, તે જ વર્ષે ચૂકવવામાં આવતી નથી. બીજાં વર્ષે બજેટમાં તેનું પ્રોવિઝન કરવામાં આવે છે. દા. ત. ગઇ સાલ સો કરોડ રૂપિયાની એક જિલ્લાની ઇન્કમ થઇ હોય તો પાંચ ટકા કાપીને ૯૫ કરોડ રૂપિયા એ જિલ્લાને આ વર્ષે આપવામાં આવે છે. હવે ૯૫ કરોડ આપવામાં આવે એ ૯૫ કરોડમાં બે ભાગલા કરવામાં આવે છે, ૫૦ ટકા જિલ્લા પંચાયતને આપવામાં આવે છે અને ૫૦ ટકા જે ગામમાંથી રોયલ્ટી નીકળી હોય તેના પ્રમાણમાં એમને આપવામાં આવે છે. એટલે કોઇને ૧ કરોડની રોયલ્ટી નીકળી હોય તો પાંચ ટકા કાપીને ૯૫ લાખ રૂપિયા એ ગામને આપવામાં આવે છે. ૧ કરોડના ૯૫ લાખ જિલ્લા પંચાયતને આપવામાં આવે છે. આ બધુ ઓન લાઇન થાય છે એટલે ભૂલ થવાની શક્યતા નથી. જે જિલ્લા પંચાયતને જાય છે તે રૂપિયા ક્યાં કઇ રીતે વાપરવા તે જિલ્લા પંચાયતે નકકી કરીને વાપરવાના હોય છે અને સરકારની ગાઇડ લાઇન પ્રમાણે એ નકકી થતું હોય છે.

### વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ

૧૮૭૫૭ **શ્રીમતી મનિષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૬૮૪૯ |

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે સુરક્ષા સેતુ યોજના હેઠળ મહિલા સંરક્ષણ ઉપરાંત મહિલા સશક્તિકરણ માટે અન્ય કઇ કઇ કામગીરી કરવામાં આવે છે? તા. ૩૦-૪-૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં થયેલ કામગીરીની વિગતો શું છે? ખાસ કરીને વડોદરા ગ્રામ્યમાં શું કામગીરી કરવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ એ રાજ્ય સરકારના પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા રાજ્યમાં પ્રજા અને પોલીસ વચ્ચે એક સેતુ બને અને પોલીસની સારા પ્રકારની કામગીરી થાય તેના માટે આ આયોજન કરવામાં આવ્યું છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રમાણે આમાં બરોડા ગ્રામ્યમાં મહિલા પખવાડીયાની ઉજવણી કરવામાં આવી છે. મહિલા કાનૂની જાગૃતિ દિવસ, બેટી બચાવો, બેટી પઢાવોની વાત હોય, માનવ અધિકાર દિવસની ઉજવણી પણ કરવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર બરોડામાં વ્યસનમુક્તિ, કેફી પદાર્થના દુરુપયોગ બાબતમાં, ચક્ષુદાન, અંગદાન અંગેના કાર્યક્રમમાં વિશ્વ આરોગ્ય દિન અંગે પોલીસ હેડકવાર્ટરની અંદર મહિલા સુરક્ષા માટે જુદા જુદા સ્થાનો ઉપર આયોજન કરવામાં આવ્યું છે. અભયમ હેલ્પ લાઇન. અભયમ હેલ્પલાઇન અંગેની એપ માનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા શરૂ કરાવવામાં આવી છે. એ એપ એવી છે કે જેની અંદર તમે કનેક્ટ થયા હો અને તમે મોબાઇલ હલાવો કે પછી તેનું બટન દબાવો તો તાત્કાલિક તેના કંટ્રોલ સ્ટેશનમાં ધ્યાન જાય અને જેના કારણે મહિલાઓ કોઇ પણ પ્રકારની મુશ્કેલીમાં હોય તો તાત્કાલિક આપણી પી.સી.આર. વાન અને બાકીની પોલીસ ત્યાં પહોંચી શકે. આ એપ સાથે મહત્તમ લોકો જોડાય એ ઉપરાંત સ્ત્રી-પુરુષ સમાનતા, ટ્રાફિક અવેરનેસ એવા જુદા જુદા વિષયોની સાથે બરોડા ગ્રામ્યમાં સુરક્ષા સેતુ દ્વારા મહિલા સશક્તિકરણના અનેક નાના મોટા કાર્યક્રમો કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મને એમ વિચાર આવ્યો કે આ પુરુષ મોબાઇલ હલાવીને બટન દબાવે તો પોલીસ જશે કે કેમ?

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : હું જાણવા માગું છું કે સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦-૪-૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને સ્વરક્ષણ માટે વિશિષ્ટ પ્રકારની તાલીમ આપવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં મેં જે ઉલ્લેખ કર્યો છે એ પ્રમાણે ૬૮૪૯ મહિલાઓને તો બેઝીક તાલીમ આપવામાં આવેલ છે. આ તાલીમમાં ૧૫ દિવસની બેઝીક તાલીમ હોય છે અને ૩૦ દિવસની એડવાન્સ તાલીમ હોય છે. ૩૨૦ જેટલી મહિલાઓને એડવાન્સ તાલીમ આપવામાં આવી છે. એટલે કુલ ગણીએ તો ૭,૧૬૯ જેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી છે. આ તાલીમ વડોદરામાં ૨૧૫ બહેનોને આપવામાં આવી છે. ડભોઇમાં ૧૦૫ બહેનોને આપવામાં આવી છે. આખા રાજ્યનું જોઇએ તો ૧,૩૩,૦૦૦ કરતાં વધારે બહેનોને બેઝીક તાલીમ અને એડવાન્સ તાલીમ ૨૭૩૭ એટલે ૧,૬૦,૦૦૦ બહેનોને કરાટેની તાલીમ આપીને તેને ક્યારેક મુશ્કેલીનો સમય હોય તો ત્યારે પ્રતિકાર કરી શકે તે માટે સુરક્ષા સેતુ દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવે છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ હેઠળ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે ખૂબ સારી બાબત છે પણ તાલુકા કક્ષાના કન્યા વિદ્યાલયો હોય અને કુમાર અને કન્યાઓ માટે તાલુકા કક્ષાના શૈક્ષણિક સંકુલો હોય, તેમાં દીકરીઓની સુરક્ષા માટે કોઇ એક પોઇન્ટ રાખવામાં આવે અને તેમાં મહિલા કોન્સ્ટેબલની નિમણૂક કરવામાં આવે. આવું કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પછી ગુજરાતના પોલીસતંત્રમાં છેલ્લા દસ વર્ષમાં ૫૦ હજાર કરતાં પણ વધારે ભરતી કરી છે. આ ૫૦ હજાર ભરતીમાં ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ૩૩ ટકા જેટલી મહિલાઓની ભરતી કરી છે. આ ૩૩ ટકા મહિલાઓની ભરતીના કારણે આજે એ પ્રશિક્ષિત થયેલી મહિલાઓને જ્યારે એના જિલ્લાની અંદર (અંતરાય) શ્રી ભીખાભાઇ, હજી આગળ મને બોલાવો નહીં તો સારું છે. (અંતરાય) એમને એક કહી દઉં..

અધ્યક્ષશ્રી : ના, ના, જવાદો ને, પછી પાછા એ બોલશે. શ્રી ભીખાભાઇ પણ પછી હાથ ઉંચો કરશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ના, ના. તમે બધા કહેતા હો તો કહી દઉં..(અંતરાય)

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સુરક્ષા સેતુ યોજના હેઠળ રાજ્યમાં સુરક્ષા સેતુ રથ ફેરવવામાં આવે છે તો આ હકીકત સાચી છે? જો હા, તો તા.૩૦-૪-૨૦૧૯ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં કેટલા જિલ્લાઓમાં આવા સુરક્ષા સેતુ રથ ફેરવવામાં આવ્યા અને સુરક્ષા સેતુ રથ દ્વારા લોકજાગૃતિ માટે શું કામગીરી હાથમાં લીધી છે?

અતારાંકિત પ્રશ્નો

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સુરક્ષા સેતુ દ્વારા લોકોને પ્રશિક્ષિત કરવા માટે જિલ્લા તાલુકા સ્થાનો ઉપર અમારો સુરક્ષા રથ જાય, ત્યાં આગળ લોકોને પ્રશિક્ષિત કરે એના માટેનું એક આયોજન કરવામાં આવ્યું છે. આના માટે અમારી ૯ રેંજ, ૪ પોલીસ કમિશ્નરેટ અને એક અમદાવાદ પોલીસ કમિશ્નર એમ કરીને ૧૯ જેટલા રથો રાજ્યની અંદર ફરે છે. અંતરિયાળ વિસ્તારોની અંદર પણ સુરક્ષા સેતુ રથ ફરે, ત્યાં પોલીસની કામગીરી મહિલા સશકિતકરણ, સ્વરક્ષણ અંગેની માહિતી, રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓની જે સાફલ્ય ગાથાઓ છે અને શાળામાં અભ્યાસ કરતા બાળકોને, સિનિયર સીટીઝનને સુરક્ષા સેતુ એ પોલીસ અને પ્રજાની વચ્ચે માધ્યમ બને એ રીતે પ્રશિક્ષિત કરવા માટેનો પ્રયાસ કરે છે.

અધ્યક્ષશ્રી : બહેનોને આજે એમ થાય ને કે ભાઇઓ વિશાળ દિલના છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ વિધાનસભામાં ૩૩ ટકા પ્રમાણે મહિલાઓને મંત્રી બનાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન એમને લાગુ ના પડે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષને ચોક્કસ લાગુ પડે. ચોક્કસ એટલા માટે લાગુ પડે છે કે ૨૬માંથી લોકસભાની અંદર સૌથી વધારે ચૂંટાઇને કોઇ ગયેલ હોય તો ભારતીય જનતા પાર્ટીની બહેનો ગઇ છે. વિધાનસભામાં બહેન તમે છો અને અમારે ત્યાં ટીકીટોની માત્રા પણ વધારે છે એટલે બહેન, ત્યાં ભવિષ્ય સારું નથી, ભવિષ્ય અહીંયા સારું છે.

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

૧૯૭૧૯ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનીજ નિયમો–૨૦૧૭ અન્વયે ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧–૫–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે કઇ બાહ્ય એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | | | |
|---|---|---|---|---|
| | **તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | **તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | |
| | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** |
| ભરૂચ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| નર્મદા | શૂન્ય | શૂન્ય | ૮ | ૨૪,૪૮,૦૦૦ |

(૨)

| **એજન્સીનું નામ** | **ચુકવેલ રકમ રૂ.લાખમાં** |
|---|---|
| ડી.એચ.જીઓ કન્સલટન્સી | ૨.૩૧ |
| પ્રાઇસ વોટર હાઉસ કુપર્સ પ્રા.લી. | ૨.૪૬ |

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અગ્રતા પ્રશ્ન–૧ના જવાબમાં જણાવ્યા મુજબ ૭ બ્લોકની હરાજી કરવા ખાનગી એજન્સીઓને ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે અહીં ૮ બ્લોકની હરાજીમાં ૪ લાખ ૭૭ હજારનો ખર્ચ કરવામાં આવેલ છે. તો ખાનગી એજન્સીઓને કઇ પદ્ધતિથી રકમ ચૂકવવામાં આવે છે? અને બીજું કે આ ખાનગી એજન્સીઓને કામ આપ્યા સિવાય સરકાર પોતે કામ કરવા ઇચ્છે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળના સવાલના જવાબમાં વિગતવાર કહ્યું હતું કે આ જેટલી એજન્સીઓ છે એ સરકારના આદેશ પ્રમાણે જ કામ કરે છે. એ લોકોની સ્પેસિફીક જવાબદારીઓ હોય છે. એ લોકોની જવાબદારી એ હોય છે કે જે રાજ્ય સરકારે નકકી કરેલા બ્લોકની અંદર લેટેસ્ટ ટેકનોલોજી દ્વારા એ લોકોનો સરવે કરવામાં આવે છે. સરવે કરીને ટોપોગ્રાફી કરવામાં આવે છે. એમાં રીઝર્વ્સ કેટલા છે એ રીઝર્વ્સ મૂકવામાં આવે છે. એ રીઝર્વ્સ ૫ વર્ષના ગાળાના હોય કે ૫ વર્ષના ગાળાના માઇનીંગ હોય છે. એ રીઝર્વ્સ લોંગટર્મના હોય તો એ પ્રમાણે કરવામાં આવે છે. એમ કરીને સંપૂર્ણપણે આ જે આઠે આઠ બ્લોક આપવામાં આવ્યા છે એ બધા આદિવાસી ભાઇઓને આપવામાં આવ્યા છે. આપ કહેતા હો તો હું નામ પણ બોલું, એ નામો બોલું એટલે આપને ખ્યાલ આવશે કે આ જે પણ બ્લોક આપવામાં આવ્યા છે એમાં કિશોરભાઇ ભોગીલાલ વસાવા ...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવવામાં આવેલ)**

**ગાંધીનગર જિલ્લામાં એમએસએમઇ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૯૨ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૩૦૫ એકમોની અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧૩૬ એકમોને રૂ.૧૨૧૯.૧૯ લાખની સહાય ચૂકવવામાં આવી. |

---------

**દામનગર નગરપાલિકા દ્વારા બગીચો બનાવ્યા વગર બિલો ચૂકવવા બાબત**

૧૯૬૬૭ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં આવેલ દામનગર નગરપાલિકા દ્વારા બગીચો બનાવ્યા વગર જ સંબંધિત એજન્સીને બીલો ચુકવ્યા હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હાજી |
| (૨) જો હા, તો ઉક્ત બગીચો બનાવવાની કામગીરીનો વર્ક ઓર્ડર ક્યારે, કઈ એજન્સીને આપવામાં આવેલ, | (૨) મારૂતી એન્ટરપ્રાઈઝ, રાજકોટને તા.૦૩-૦૨-૨૦૧૫ થી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામગીરીમાં ક્યા પ્રકારની કેટલી ગેરરીતી સામે આવી, | (૩) (૧) સ્થળ ફેરફાર<br>(૨) મંજૂર થયેલ ટેન્ડર મુજબની કામગીરી કરવામાં આવેલ નથી.<br>(૩) નિયમોનુસારની મંજુરી મેળવ્યા વગર એકસ્ટ્રા/એક્સેસ આઈટમોની કામગીરી કરી તેનું ચુકવણું કરેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગેરરીતિમાં કેટલી વ્યક્તિઓની જવાબદારી નક્કી કરી શા પગલાં લેવામાં આવ્યા, અને | (૪) પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓ, ભાવનગરની કચેરી દ્વારા તપાસની કામગીરી ચાલુ હોઈ તપાસ પૂર્ણ થયેથી જવાબદારી નક્કી કરવામાં આવશે. |
| (૫) ઉક્ત બાબતનો રીપોર્ટ કોના ધ્વારા ક્યારે પ્રાદેશિક નિયામકને સોંપવામાં આવેલ ? | (૫) કલેક્ટરશ્રી અમરેલી દ્વારા તા.૨૨-૦૬-૧૮ થી પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓની કચેરી, ભાવનગર ઝોનને રિપોર્ટ સોંપવામાં આવેલ છે. |

---------

**એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ**

૧૮૭૧૭ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રીજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા. ૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે? | (૨) તા. ૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કુલ-૧,૧૮૯ કેસોના ૯,૩૯૧ નમુનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે. |

**રાજ્યના જિલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવાનું આયોજન**

૧૮૭૦૯ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જિલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી |

અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના મોનીટરીંગ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરાના મોનીટરીંગ માટે તમામ જિલ્લા ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ રાજ્ય સ્તરે મોનિટરીંગ માટે રાજ્ય સ્તરનાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની ગાંધીનગર ખાતે વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં કો-ઓપરેટીવ સોસાયટી બેંક દ્વારા છેતરપીંડીની ફરિયાદ**

૧૯૫૭૭ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કો.ઓપરેટીવ સોસાયટી બેંકો દ્વારા નાગરિકોને ઉંચા વ્યાજ આપવાની લાલચ આપી ગેરરીતિઓ કરવા બદલ કેટલી બેંકો સામે છેલ્લા બે વર્ષમાં છેતરપીંડીની ફરિયાદો મળી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અંગે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૪૭ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૧) ૨૦૦ એકમોની અરજીઓ

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૭૨ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૯૮ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩) ૩૪૧ એકમોને રૂ.૧૩૨૯.૫૮ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**દાહોદ શહેર અને જિલ્લામાં દ્વિચક્રી વાહનોની ચોરી**

૧૯૩૪૨ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલા દ્વિચક્રી વાહનોની ચોરી થઈ,

(૧)

| શહેર/તાલુકા | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ |
|---|---|---|
| દાહોદ શહેર | ૬૦ | ૬૯ |
| દાહોદ તાલુકા (શહેર સિવાય) | ૪૨ | ૨૩ |
| ગરબાડા | ૩ | ૪ |

| | | |
|---|---|---|
| ધાનપુર | ૦ | ૧ |
| દેવગઢ બારીયા | ૬ | ૬ |
| લીમખેડા | ૧૨ | ૧૩ |
| સીંગવડ | ૦ | ૧ |
| ઝાલોદ | ૨૧ | ૪૬ |
| ફતેપુરા | ૮ | ૭ |
| સંજેલી | ૨ | ૩ |

(૨) તે પૈકી કેટલા વાહનો અને વાહનચોર પકડાયા, અને

(૨) ૪૯ વાહનો અને ૫૪ વાહનચોરો પકડાયા.

(૩) દ્વિચક્રી વાહનોની ચોરી થતી રોકવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી ?

(૩) સાસ્ગુજ પ્રોજેક્ટ હેઠળ સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવેલ છે તથા અવાર નવાર વાહન ચેર્કીંગ ડ્રાઈવ રાખવામાં આવે છે.

---------

**નવસારી જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૬૯ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૯૩

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ?

(૨) કુલ–૪૨ એકમોને કુલ રૂ.૩૩૭.૬૨ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**સુરત ગ્રામ્ય જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૮૭૬૩ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦–૦૪–૨૦૧૯ ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) ૪૪૦૫

---------

**એફ.એસ.એલ. દ્વારા સાયબર ક્રાઈમને લગતા કેસોનું પૃથક્કરણ**

૧૮૭૧૮ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત–પશ્ચિમ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ. દ્વારા સાયબર ક્રાઈમને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો તા. ૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા આ પ્રકારના કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે?

(૨) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તા. ૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા સાયબર ક્રાઈમને લગતા કુલ–૧,૨૪૨ કેસોના ૩૪,૯૨૪ નમુનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

---------

**ઝાલોદ તાલુકામાં પ્રોહીબીશન એક્ટ હેઠળ નોંધાયેલ ગુનાઓ**

૧૯૭૦૩ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ કેટલા ગુનાઓ નોંધાયા,

(૧) ૧૨૧૮

(૨) તે પૈકી એકથી વધુ વખત ઉક્ત ગુનાઓ નોંધાયા હોય તેવા કેટલા ગુનેગારો છે, અને

(૨) ૪૭

(૩) વારંવાર ગુનાખોરી કરતા આવા કેટલા ઈસમો સામે શા પગલાં લીધાં ?

(૩) તમામ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે તેમજ ૦૮ ઈસમો વિરુદ્ધ પ્રોહીબીશન-૯૩, ૨૨ ઈસમો વિરુદ્ધ તડીપાર અને ૧૭ ઈસમો વિરુદ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------

## જોડીયા અને ધ્રોલ તાલુકામાં રેતી ચોરીના નોંધાયેલા કેસો

૧૯૬૪૩ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ જામનગર જિલ્લાના જોડીયા અને ધ્રોલ તાલુકા વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં રેતી ચોરીના કેટલા કેસો નોંધાયા,

(૧)

| વર્ષ | તાલુકો | કેસો |
|---|---|---|
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | જોડીયા | ૩૯ |
| | ધ્રોલ | ૧૮ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | જોડીયા | ૬૦ |
| | ધ્રોલ | ૨૨ |

(૨) રેતી ચોરી કરનાર કેટલા ઈસમો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨)

| વર્ષ | તાલુકો | કેસોની સંખ્યા | ઈસમોની સંખ્યા | લેવામાં આવેલા પગલા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | દંડકીય વસૂલાત | દંડકીય હુકમ | પોલીસ ફરિયાદ |
| ૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ | જોડીયા | ૩૯ | ૩૯ | ૩૯ | શૂન્ય | શૂન્ય |
| | ધ્રોલ | ૧૮ | ૨૦ | ૧૫ | ૦૨ | ૦૧ |
| ૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ | જોડીયા | ૬૦ | ૬૦ | ૫૮ | ૦૨ | શૂન્ય |
| | ધ્રોલ | ૨૨ | ૨૨ | ૨૨ | શૂન્ય | શૂન્ય |

(૩) રેતી ચોરી અટકાવવા શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) જિલ્લા ખાણ ખનીજ કચેરીના અધિકારી તેમજ ક્ષેત્રિય કર્મચારીઓની ટીમ દ્વારા સતત ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવે છે તેમજ ગેરકાયદેસર ખનન રોકવા આકસ્મિક દિવસ/ રાત્રી દરમ્યાન ચેકીંગ કરવામાં આવે છે. તેમજ ડ્રોન દ્વારા સર્વે કરી ખનીજ ચોરી કરતા ઈસમો સામે નિયમોનુસાર દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે.

---------

## એફ.એસ.એલ. દ્વારા સાયબર ક્રાઈમને લગતા કેસોનું પૃથક્કરણ

૧૮૭૪૯ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યની

(૧) હા, જી.

એફ.એસ.એલ. દ્વારા સાયબર ક્રાઇમને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા આ પ્રકારના કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

(૨) રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાયબર ક્રાઇમને લગતા કુલ-૧,૨૪૨ કેસોના ૩૪,૯૨૪ નમુનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં જીઆઇડીસી**

૧૯૫૮૦ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી જીઆઇડીસી આવેલી છે,

(૨) તે પૈકી તાલુકામાં એક પણ ન હોય તેવા ક્યા તાલુકાઓ છે, અને

(૩) એક પણ જીઆઇડીસી ન હોય તેવા તાલુકાઓમાં જીઆઇડીસી ક્યાં સુધીમાં સ્થાપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| ડીસા | - ૧ |
| પાલનપુર | - ૧ |
| દાંતા (અંબાજી) | - ૧ |
| કાંકરેજ (શિહોરી) | - ૧ |
| પાલનપુર (ચંડીસર) | - ૧ |
| દીયોદર | - ૧ |

(૨) વડગામ, અમીરગઢ, ધાનેરા, દાંતીવાડા, લાખણી, થરાદ, વાવ, સુઇગામ અને ભાભર.

(૩) ઔદ્યોગિત વસાહત સ્થાપવા સરકારી પડતર જમીન એક જથ્થે ઉપલબ્ધ કરાવવા જિલ્લા કલેક્ટર પાસે વિગતો માંગી છે. આવી જમીન ઉપલબ્ધ થયા બાદ વિચારણા કરી શકાશે.

---------

**પંચ/કમિશનના બાકી અહેવાલો**

૧૯૫૫૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં બનતા બનાવો અંગે તટસ્થ તપાસ માટે ગૃહ વિભાગ દ્વારા નીમાયેલ ક્યા પંચ કે કમિશનના અહેવાલો સરકારને મળવાના બાકી છે,

(૨) ઉક્ત ક્યા પંચ કે કમિશનની મુદ્દતમાં કેટલી વખત કેટલા સમયનો વધારો કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત પંચ કે કમિશનની મુદ્દતમાં વધારો કરવાના કારણો શું છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ પંચ કે કમિશન સમયમર્યાદામાં તપાસ પૂર્ણ કરી અહેવાલ સુપ્રત કરે તે માટે સરકારે શું પગલાં લીધા ?

**જવાબ**

(૧) માન. ન્યાયમૂર્તિ શ્રી કે.એ.પૂજ(નિવૃત) તપાસ પંચ

(૨) માન. ન્યાયમૂર્તિ શ્રી કે.એ.પૂજ(નિવૃત) તપાસ પંચ, ત્રણ વખત, ૧૮ માસ

(૩) (૧) વહીવટી પ્રશ્નો
(૨) તપાસ પંચની માંગણી

(૪) વહીવટી પ્રશ્નો ઉકેલવામાં આવેલ છે.

**વાયબ્રન્ટ સમીટ-૨૦૧૭ માં નવા ઉદ્યોગો માટે એમ.ઓ.યુ.**

૧૯૫૯૩ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ-૨૦૧૭ નવા ઉદ્યોગો માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ ઉક્ત કેટલા ઉદ્યોગો કેટલા મૂડીરોકાણ સાથે કાર્યાન્વિત

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૭ માં સૂચિત મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી.

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૭ માં તા.૩૧-૦૫-૨૦૧૯ ની સ્થિતિએ મંજૂર થયેલ

થયા ?

ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન પૈકી કમિશન્ડ થયેલ ૧૫,૨૮૯ પ્રોજેક્ટસમાં રૂ.૩,૦૩,૩૧૬ કરોડનું મૂડીરોકાણ આવેલ છે.

મોનિટરીંગ સિસ્ટમમાં ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શન ફાઇલ કરનાર ઇન્વેસ્ટર દ્વારા રજૂ થતી માહિતીના આધારે મૂડીરોકાણની વિગતો અપડેટ થતી હોય છે. આથી જ્યારે માહીતી અપડેટ થયેલ હોય તે તારીખ મુજબની વિગતો હોય છે,જેથી તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ જે ખરેખર મૂડીરોકાણ હોય તે સિસ્ટમમાં જોવા મળતું નથી, પરંતુ જે તારીખે માહિતી અપડેટ થયેલ હોય તે તારીખની હોય છે. આથી કોઇ ચોક્કસ તારીખની સ્થિતિએ પ્રોજેક્ટોમાં આવેલ મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થતી નથી, જેથી સિસ્ટમમાં જે મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થાય છે તેનાથી વધારે મૂડીરોકાણ હોઇ શકે.

---------

**રાજકોટ જિલ્લામાં એમએસએમઇ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૫૪ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ-દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૧) ૨૦૫૦ એકમોની

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૩૮૫ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૩૫૪ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૧૮૪ એકમોને રૂ.૧૧૪૦.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**નરી આંખે ન જોઇ શકાતી હોય તેવી ફિંગરપ્રિન્ટને ઉપસાવવાની સવલત**

૧૮૮૧૭ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજ ઉપરની નરી આંખે જોઇ શકાતી ન હોય તેવી ફિંગરપ્રિન્ટને ઉપસાવવાની સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કેવા પ્રકારની સવલત ઉપલબ્ધ છે ?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં આધુનિક થર્મલ ફિંગરપ્રિન્ટ ડેવલોપરની સવલત ઉપલબ્ધ છે.

**દાહોદ જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૮૭૫૯ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) ૭૩૯૬

**નરી આંખે ન જોઇ શકાય તેવી ફિંગરપ્રિન્ટને ઉપસાવવાની સવલત**

૧૮૭૩૩ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં દસ્તાવેજ ઉપરની નરી આંખે જોઇ શકાતી ન હોય તેવી ફિંગરપ્રિન્ટને ઉપસાવવાની સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૦–૦૪–૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કેવા પ્રકારની સવલત ઉપલબ્ધ છે ? | (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં આધુનિક થર્મલ ફિંગરપ્રિન્ટ ડેવલોપરની સવલત ઉપલબ્ધ છે. |

---------

**સાબરમતી રિવરફ્રન્ટ કંપનીને ફાળવેલ ગ્રાન્ટ**

૧૯૬૧૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ ની સ્થિતિએ સાબરમતી રિવરફ્રન્ટ કંપનીની રચના કરવામાં આવી છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત કંપનીને રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ કે રકમ ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ઉક્ત કંપનીને વર્ષવાર કેટલી રકમ ફાળવી ? | (૩) છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ઉક્ત કંપનીને રકમ ફાળવવામાં આવેલ નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં વાહન અકસ્માતના બનાવો**

૧૮૬૨૪ **શ્રી જીજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વાહન અકસ્માતના કેટલા બનાવો બન્યા હતા, | (૧) પત્રક– અ મુજબ |
| (૨) આ બનાવો માટેના કયા કારણો હતા, અને | (૨) પુરઝડપે અને બેદકરારીથી વાહન હંકારવાના કારણે, વળાંકના કારણે તથા વાહન આગળ અચાનક કોઈ પ્રાણી આવી જવા જેવા કારણોસર. |
| (૩) આ અકસ્માતનાં બનાવો રોકવા શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) અકસ્માતના બનાવો રોકવા સારૂ પોલીસ વિભાગ દ્વારા અવાર નવાર વાહન ચેકિંગ ડ્રાઈવ રાખવામાં આવે છે, પુર ઝડપે વાહન ચલાવનારાઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૨૭૯ મુજબ તેમજ અડચણ રૂપ વાહનો ઉભા રાખનારાઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૨૮૩ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. ઉપરાંત મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ મુજબ પણ જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. વધુમાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહ અન્વયે અલગ અલગ તાલુકાના સ્થળોએ શાળાઓમાં રોડ સેફ્ટી સેમીનાર યોજી લોકજાગૃતિના તથા ટ્રાફિક અંગે જાગૃતિ લાવવાના કાર્યક્રમો કરવામાં આવેલ છે, તેમજ હેલ્મેટ વિતરણ પણ કરવામાં આવેલ છે. ૧૬ થી ૧૮ વર્ષના શાળા/કોલેજોના બાળકોને લાયસન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અકસ્માતો નિવારવા છેલ્લા બે વર્ષમાં ડી.એ.કેસોના નિકાલ કરવામાં આવેલ, જેમાં ડ્રાઈવીંગ |

લાઈસન્સ વગર તથા ભયજનક રીતે વાહન ચલાવવા જેવા ગુનાઓમાં દંડ પણ વસુલ કરવામાં આવેલ છે.

**પત્રક–અ**

| **સમયગાળો** | **તાલુકાનું નામ** | **વાહન અકસ્માતના બનેલ બનાવોની સંખ્યા** |
|---|---|---|
| તા.૦૧–૦૫–૨૦૧૭ થી તા.૩૦–૦૪–૨૦૧૮ | પાલનપુર | ૧૩૪ |
| | વડગામ | ૪૭ |
| | દાંતા | ૭૫ |
| | ડીસા | ૧૦૪ |
| | અમીરગઢ | ૪૮ |
| | લાખણી | ૧૫ |
| | દાંતીવાડા | ૧૬ |
| | ધાનેરા | ૪૨ |
| | થરાદ | ૫૧ |
| | વાવ | ૧૦ |
| | સુઈગામ | ૭ |
| | દિયોદર | ૨૦ |
| | ભાભર | ૨૩ |
| | કાંકરેજ | ૪૯ |
| તા.૦૧–૦૫–૨૦૧૮ થી તા.૩૦–૦૪–૨૦૧૯ | પાલનપુર | ૧૪૫ |
| | વડગામ | ૫૬ |
| | દાંતા | ૬૨ |
| | ડીસા | ૧૦૮ |
| | અમીરગઢ | ૫૪ |
| | લાખણી | ૧૫ |
| | દાંતીવાડા | ૧૩ |
| | ધાનેરા | ૨૯ |
| | થરાદ | ૪૯ |
| | વાવ | ૧૮ |
| | સુઈગામ | ૯ |
| | દિયોદર | ૨૩ |
| | ભાભર | ૧૬ |
| | કાંકરેજ | ૪૧ |

---------

**રાજ્યમાં એસઓપીસીના દરોનો અમલ**

૧૯૬૭૯ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં SOPC (શીડ્યુઅલ ઓફ પોર્ટ ચાર્જીસ) ના દરો ક્યારથી અમલમાં છે, | (૧) તા.૦૧–૦૪–૨૦૧૯ થી રાજ્યમાં એસઓપીસી (SOPC)ના દરો અલમાં છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે ઘટાડો કરવામાં આવેલ, | (૨) દરોમાં ઘટાડો કરવામાં આવેલ નથી. |
| (૩) જો ઉક્ત દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હોય તો ક્યારે ઘટાડો કરવામાં આવેલ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઘટાડો કરવાના કારણો શું છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં ખનિજોની ઈ–હરાજી**

૧૮૩૩૧ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક અને પારદર્શક રીતે ઈ–હરાજીથી ખનીજોની ફાળવણી માટે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) આ કાર્યવાહી હેઠળ વડોદરા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ ખનીજવાર કેટલા બ્લોક ઈ–હરાજીમાં ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) રાજ્યમાં ગૌણ ખનીજનો નિકાલ પારદર્શક પદ્ધતિથી ઈ–ઓકશનથી થાય તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા તા.૨૪–૦૫–૨૦૧૭ થી ગુજરાત માઈનોર મિનરલ કન્શેશન રૂલ્સ, ૨૦૧૭ પ્રસિધ્ધ કરેલ છે. જે અન્વયે તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૬૮૬ ગૌણ ખનીજના બ્લોક ઈ–હારજી માટે ઈ–ઓકશન પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવેલ.

(૨) વડોદરા જીલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૫૩ ગૌણ ખનીજના બ્લોક ઈ–હારજીથી નિકાલ કરવા નોટીસ ઈન્વાઈટીંગ ટેન્ડર (NIT) પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે પૈકી ૧૦ સાદીરેતી ખનીજના બ્લોકમાં ઈ–ઓકશનની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઈ લેટર ઓફ ઈન્ટેન્ટ (LOI) આપવામાં આવેલ છે અન્ય ૩૦ સાદી રેતી ખનીજના બ્લોક તથા ૧૩ બ્લેક્ટ્રેપ ખનિજના બ્લોક ઈ–ઓક્શનની કાર્યવાહી હેઠળ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૪૫ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની એરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૧૧૯ અરજીઓ

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૪૩ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૬૩ |

(૩) ૧૫૧ એકમોને રૂ.૧૧૯૨ લાખની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

---------

**રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં ઓએસડી/ચેરપર્સનની ભરાયેલ જગ્યા**

૧૯૧૯૧ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં ઓએસડી અને યુનિવર્સિટીના ચેરપર્સન તરીકેની જગ્યા ભરાયેલ છે કે કેમ,

(૨) ઉક્ત જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની યોગ્યતા/લાયકાતના નિયમો શા છે,

(૩) ઉકત જગ્યા ભરવા છેલ્લા બે વર્ષમાં અધિક મુખ્ય સચિવ (ગૃહ)ના અધ્યક્ષપદ હેઠળ કમિટીની રચના ક્યારે કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ના, જી

(૨) રક્ષા શક્તિ યુનિવર્સિટી અધિનિયમ–૨૦૧૩ની કલમ–૭(૧) (એ) મુજબ યુનિવર્સિટીના ચેરમેન તરીકે શાસનના કોઈ પણ ક્ષેત્ર, પોલીસ અધ્યયન, ન્યાયતંત્ર, સંરક્ષણ અધ્યયન અથવા આંતરિક સલામતિના ઉત્કૃષ્ટ કામગીરી કરેલ હોય તેવા ઉમેદવારની રાજ્ય સરકાર દ્વારા નિમણૂકની જોગવાઈ છે.

(૩) અને (૪) રક્ષા શક્તિ યુનિવર્સિટી અધિનિયમમાં ચેરમેનની જગ્યા માટે કમિટીની રચના અંગેની જોગવાઈ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત કમિટીની બેઠકો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે મળી?

---------

**આઈ.એ.એસની નિમણૂંક**

૧૯૫૬૫ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઈ.એ.એસની ઘટ અંગે કેન્દ્ર સરકાર ને કરેલ રજૂઆત મુજબ કેન્દ્ર સરકારે કેટલા આઈ.એ.એસની ગુજરાત સરકારને નિમણુંક આપી, | (૧) ૨૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા આઈ.એ.એસની ઘટ છે, અને | (૨) ૬૫ |
| (૩) ઘટ નિવારવા સરકારે શાં પગલાં લીધા? | (૩) આઈ.એ.એસમાં ભરતીની સત્તા અને કાર્યવાહી ભારત સરકારનું ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ અને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન કરતા હોય છે. રાજ્ય સરકારની દરખાસ્તથી કેન્દ્ર સરકારે છેલ્લાં બે વર્ષમાં સીધી ભરતીથી ૧૭ અને બઢતી/પસંદગીથી ૧૧ અધિકારીઓની નિમણૂક કરેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લાના તાલુકાઓના અતિપછાત તાલુકાઓમાં સમાવેશ**

૧૯૬૦૮ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭–૦૭–૨૦૦૬ના ઠરાવથી કૌલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ અતિપછાત તાલુકાઓમાં અમદાવાદ જિલ્લાના કયા તાલુકાઓનો સમાવેશ થાય છે, અને | (૧) કૌલગી સમિતિએ જાહેર કરેલ તત્સમયના મૂળ ૩૦ અતિપછાત તાલુકાઓમાં તત્સમયના અમદાવાદ જિલ્લાના બરવાળા તાલુકાનો સમાવેશ થતો હતો, જે તાલુકોનો ત્યારબાદ નવરચરિત બોટાદ જિલ્લામાં સમાવેશ થાય છે. |
| (૨) સમાવિષ્ટ તાલુકાઓના વિકાસ માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શું આયોજન કરેલ છે? | (૨) ઉપરોક્ત પ્રશ્ન ખંડ–૧ના જવાબ પ્રમાણે તત્સમયના મૂળ અમદાવાદ જિલ્લામાં અને હાલના બોટાદ જિલ્લામાં સમાવિષ્ટ તાલુકાઓના વિકાસ માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વિકાસશીલ તાલુકા યોજનાની ગ્રાન્ટમાંથી કરેલ આયોજન (વહીવટી મંજુરી) અંગેની વિગતો નીચે મુજબ છેઃ– |

**બોટાદ જિલ્લો (તત્સમયે અમદાવાદ જિલ્લો)**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) | મંજૂર કરેલ કામોની રકમ (રૂ.લાખમાં) | મંજૂર કરેલ કામોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | બરવાળા | ૨૦૧૭–૧૮ | ૨૦૦.૦૦ | ૨૩૭.૭૯ | ૧૨૬ |

---------

**કચ્છ જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી**

૧૮૨૯૩ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ (પશ્ચિમ) જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા કચ્છ (પશ્ચિમ) જીલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૧૦ સીએનજી સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) ઉક્ત પરિસ્થિતિએ કચ્છ(પશ્ચિમ) જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા કચ્છ(પશ્ચિમ) જીલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ભુજ, |

આવેલ છે? | નખત્રાણા, માંડવી તથા મુન્દ્રા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**પોરબંદર જિલ્લામાં ખનીજ ચોરીના કેસો**

૧૯૬૩૭ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) :૧૪ ગુ.વિ.સભા પ્રથમ સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ૧૧૨ (અગ્રતા-૧૬૯) ના અનુસંધાને **માનનીચ મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોરબંદર જીલ્લામાં ખનીજ ચોરીના કેસો પૈકી રૂ.૪૮૫૦૪.૮૪ લાખની દંડની રકમ વસુલવાની બાકી હતી, તે પૈકી કેટલી રકમ તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વસુલવામાં આવી, | (૧) કોઈ રકમ વસુલ કરવામાં આવી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કોની પાસેથી વસુલવાની બાકી છે, અને | (૨) પત્રક સામેલ છે. |
| (૩) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં વસુલવામાં આવશે? | (૩) અપીલ / રીવીઝન / કોર્ટકેસ / સહીતની તમામ ન્યાયિક પ્રક્રીયા પૂર્ણ થયા બાદ વસુલવાની કાર્યવાહી થતી હોય છે. |

( પત્રક સચીવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો**

૧૮૭૭૦ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને<br>(૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૧) અને (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ-૩૯૨ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને<br>ઉકત કુલ-૩૯૨ રહેણાંકના મકાનોના રૂ.૭૬૩૮.૪૬ લાખના પ્રોજેકટ પૈકી ખર્ચ થનાર છે. સદરહુ કામગીરી પ્રગતિ હેઠળ હોઈ હાલ કોઈ ચુકવણું કરવામાં આવેલ નથી. |

---------

**ઉના શહેરમાં ભૂગર્ભ ગટર યોજના**

૧૯૬૬૧ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** ૧૪ મી ગુ.વિ.સ.ના પ્રથમ સત્રમાં તા.૨૧-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ પ્રશ્ન ક્રમાંકઃ ૮૩૭૮ (અગ્રતા-૨૪૦) ના અનુસંધાને (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગીર-સોમનાથ જિલ્લામાં ઉના શહેરમાં ભુગર્ભ ગટર યોજનાનું કરવામાં આવેલ કામ નકશા-અંદાજોમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ સ્થળ પર કરવામાં આવેલ નથી અને નબળી ગુણવત્તાના કામો કરવામાં આવ્યા હોવાની ફરિયાદ અન્વયે ક્ષેત્રીય કચેરીની પૂર્તતા/એક્શન ટેકન રિપોર્ટ મોકલવા જણાવેલ, તે તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ક્યારે મળેલ છે, | (૧) એકશન ટેકન રીપોર્ટ તા.૦૧-૦૭-૨૦૧૯ ના રોજ મળેલ છે. |
| (૨) મળેલ રિપોર્ટમાં કેવા પ્રકારની ગેરરીતીઓ સામે આવી, અને<br>(૩) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) અને (૩) અહેવાલ ચકાસણી હેઠળ છે. |

---------

**કચ્છ અને જામનગર જિલ્લામાં ભાડે/લીઝથી અપાયેલ જમીન**

## અતારાંકિત પ્રશ્નો

૧૯૫૭૪ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ અને જામનગર જિલ્લામાં આશાપુરા માઈનકેમ કંપનીની પોતાની માલિકીની જમીનમાં કેટલી લીઝો અને સરકાર દ્વારા ભાડે/લીઝથી અપાયેલ જમીનમાં કેટલી આવેલી છે,

(૨) ઉક્ત લીઝવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા પ્રકારના ખનીજનો કેટલો જથ્થો કાઢવામાં આવ્યો, અને

(૩) તે અન્વયે સરકારને વર્ષવાર રોયલ્ટી પેટે કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આશાપુરા માઈનકેમ કંપનીની પોતાની માલિકીની જમીનમાં અને સરકાર દ્વારા ભાડે/લીઝથી અપાયેલ જમીનમાં નીચે મુજબ લીઝો આવેલ છે.

| જિલ્લો | માલિકી જમીન | સરકારી જમીન |
|---|---|---|
| કચ્છ | ૦૮ | ૩૧ |

- જ્યારે જામનગર જિલ્લામાં આશાપુરા માઈનકેમ કંપનીની પોતાની માલિકીની જમીનમાં અને સરકાર દ્વારા ભાડે/લીઝથી અપાયેલ જમીનમાં કોઈ લીઝો આવેલ નથી.

(૨) અને (૩) ઉક્ત લીઝવાર તથા વર્ષવાર વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

| ક્રમ | ખનિજનો પ્રકાર | લીઝનું નામ | ખનિજ | ગામ | તાલુકા | સરકારી/ ખાનગી | તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮ | તા.૦૧-૦૬-૧૮ થી તા.૩૧-૦૫-૧૯ | તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮ | તા.૦૧-૦૬-૧૮ થી તા.૩૧-૦૫-૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ઉત્પાદન મે.ટન | ઉત્પાદન મે.ટન | આવક રૂ.માં | આવક રૂ.માં |
| ૧ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | બેન્ટોનાઈટ | મિયાણી | અબડાસા | સરકારી | ૩૦૦૦ | ૪૮૦૦ | ૩૭૧૫૭ | ૬૩૭૮૨૦ |
| ૨ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | બેન્ટોનાઈટ | વામોટી | અબડાસા | સરકારી | ૫૦૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગૌણ | આશાપુરા માઈનકેમ ઈન્ડ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૨૭૬૫૦ | ૨૩૭૦૦ | ૬૫૨૩૦૧ | ૩૨૩૫૩૨ |
| ૪ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૦ | ૬૫૫૦ | ૦ | ૬૪૭૦૬૪ |
| ૫ | ગૌણ | આશાપુરા માઈનકેમ ઈન્ડ. | બેન્ટોનાઈટ | વાંઢ | માંડવી | સરકારી | ૫૭૦૦ | ૦ | ૨૮૪૦૨૦ | ૨૬૧૧૮૨ |
| ૬ | ગૌણ | આશાપુરા માઈનકેમ ઈન્ડ. | બેન્ટોનાઈટ | હમલા | માંડવી | સરકારી | ૮૭૫ | ૦ | ૦ | ૦ |
| ૭ | ગૌણ | આશાપુરા માઈનકેમ ભુજ | બેન્ટોનાઈટ | કાંઢાય | અબડાસા | સરકારી | ૦ | ૨૩૨૦૦ | ૦ | ૨૯૪૨૧૮ |
| ૮ | ગૌણ | આશાપુરા માઈનકેમ ભુજ | બેન્ટોનાઈટ | કાંઢાય | અબડાસા | સરકારી | ૦ | ૫૦૦૦ | ૦ | ૩૨૩૬૩૦ |
| ૯ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | બેન્ટોનાઈટ | માતાના મઢ | લખપત | સરકારી | ૩૫૦૦ | ૧૮૦૦૦ | ૫૬૮૪૯૮ | ૨૨૯૨૮૩૯ |
| ૧૦ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | ઝુલરાય | લખપત | સરકારી | ૨૩૫૩૨ | ૧૫૧૦૦ | ૧૫૯૧૮૧૫ | ૧૨૯૯૪૮૮ |
| ૧૧ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | વામોટી | અબડાસા | સરકારી | ૯૫૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | નાની | અબડાસા | સરકારી | ૪૨૭૫૦ | ૯૮૦૦ | ૩૮૮૯૩૫૮ | ૧૭૪૩૮૯૩ |
| ૧૩ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | રાયધણજર | અબડાસા | સરકારી | ૪૦૦૦ | ૦ | ૨૬૩૭૮૧ | ૦ |
| ૧૪ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | ડેનામા | લખપત | સરકારી | ૭૫૦૦૦ | ૬૬૭૫૦ | ૫૨૭૯૮૮૮ | ૪૪૮૫૫૩૫ |
| ૧૫ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | હમલા | માંડવી | સરકારી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | નુંધાતડ | અબડાસા | સરકારી | ૪૪૨૫૦ | ૩૯૩૨૦ | ૫૨૮૪૪૫૪ | ૪૩૩૮૭૪૩ |
| ૧૭ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૭૪૩૦૦ | ૬૫૩૭૦ | ૬૩૫૭૧૬૪ | ૭૦૧૮૭૪૭ |
| ૧૮ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૭૦૦૦ | ૫૯૦૦૦ | ૧૧૨૧૭૮૨ | ૭૦૫૫૧૫૧ |
| ૧૯ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૦ | ૧૦૦૦ | ૧૦૭૮૪૪ | ૦ |
| ૨૦ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૧૮૬૮૦૦ | ૦ | ૯૧૨૩૯૭૫ | ૭૭૭૩૪૩ |
| ૨૧ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૦ | ૦ | ૬૦૦૦ | ૩૨૩૩૩૦ |
| ૨૨ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૦ | ૦ | ૪૪૦૦૦ | ૩૨૩૬૩૦ |
| ૨૩ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૩૦૦૦ | ૦ | ૩૨૩૫૩૨ | ૦ |
| ૨૪ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | લક્ષ્મીપર | નખત્રાણા | સરકારી | ૦ | ૬૫૦૦ | ૨૨૧૪૩૦ | ૦ |
| ૨૫ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | રોહા | નખત્રાણા | ખાનગી | ૧૭૦૦ | ૦ | ૨૮૬૨૧૮૨ | ૦ |
| ૨૬ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | વાંઢ | માંડવી | ખાનગી | ૨૩૦૦ | ૧૭૫૦ | ૨૪૯૧૫૦ | ૧૬૫૦૦૧ |
| ૨૭ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | વાંઢ | માંડવી | ખાનગી | ૪૪૦૦ | ૬૦૦ | ૫૮૦૦૫૨ | ૦ |
| ૨૮ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | શેરડી | માંડવી | ખાનગી | ૮૫૦૦ | ૬૭૦૦ | ૨૦૧૨૫૮૧ | ૦ |
| ૨૯ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | હમલા | માંડવી | ખાનગી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | વાંઢ | માંડવી | ખાનગી | ૦ | ૦ | ૭૨૧૭૦૨ | ૭૬૩૧૭૨ |
| ૩૧ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | વાંઢ | માંડવી | ખાનગી | ૪૭૫૦ | ૦ | ૦ | ૧૪૬૨૪૬ |
| ૩૨ | ગૌણ | આશાપુરા માઈનકેમ લિ. | બેન્ટોનાઈટ | વાંઢ | માંડવી | ખાનગી | ૬૦૦ | ૨૨૯૫ | ૧૫૧૨૦૬ | ૩૭૪૪૧૭ |
| | | | | | | **કુલ** | **૫૨૫૦૫૭** | **૩૫૫૪૩૫** | **૪૧૭૩૩૮૭૨** | **૩૩૫૯૪૯૮૧** |
| ૩૩ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | વાઈટ ક્લે | મોખાણા | ભુજ | સરકારી | ૦ | ૧૭૦ | | |
| ૩૪ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | વાઈટ ક્લે | કુનરીયા | ભુજ | સરકારી | ૦ | ૭૦ | ૨૬૪૭૦૮ | ૦ |
| ૩૫ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | વાઈટ ક્લે | ધોરાવાર | ભુજ | સરકારી | ૦ | ૦ | ૨૮૨૩૬ | ૦ |
| ૩૬ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | વાઈટ ક્લે | મમુઆરા | ભુજ | સરકારી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૭ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | વાઈટ ક્લે | ધ્રોબાણા | ભુજ | સરકારી | ૦ | ૦ | ૨૮૨૩૬ | ૦ |
| ૩૮ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | વાઈટ ક્લે | કુનરીયા | ભુજ | સરકારી | ૦ | ૧૦૦ | ૦ | ૦ |
| ૩૯ | ગૌણ | આશાપુરા માઈનકેમ પ્રા.લિ. | વાઈટ ક્લે | મંગવાણા | ભુજ | સરકારી | ૦ | ૦ | ૧૭૬૪૭૨ | ૦ |
| | | | | | | **કુલ** | **૦** | **૩૪૦** | **૪૯૭૬૫૨** | **૦** |
| | | | | | | | | **વર્ષવાર કુલ આવક-** | **૪૨૨૩૧૫૨૪** | **૩૩૫૯૪૯૮૧** |

## બનાસકાંઠા જિલ્લામાં કો.ઓપરેટીવ સોસાયટી બેંક દ્વારા છેતરપીંડીની ફરિયાદો

૧૯૫૬૨ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૮ ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નઃ ૧૧૪૯ (અગ્રતા-૧૩૫) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી બેંક દ્વારા નાગરિકોને ઉંચા દરે વ્યાજ આપવાની લાલચ આપી ગેરરીતિઓની તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ૮ ફરિયાદોમાં તપાસ ચાલુ હતી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ તપાસમાં તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કેટલા આરોપીઓ સામે તપાસ પૂર્ણ કરી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૨) ૧૦ |

---------

## રક્ષા શક્તિ યુનિવર્સિટી ઓએસડી/ચેરપર્સનની ભરાયેલ જગ્યા

૧૯૧૭૩ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં ઓએસડી અને યુનિવર્સિટીના ચેરપર્સન તરીકેની જગ્યા ભરાયેલ છે કે કેમ, | (૧) ના, જી |
| (૨) ઉક્ત જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની યોગ્યતા/લાયકાતના નિયમો શા છે, | (૨) રક્ષા શક્તિ યુનિવર્સિટી અધિનિયમ-૨૦૧૩ની કલમ-૭(એ) (૧) મુજબ યુનિવર્સિટીના ચેરમેન તરીકે શાસનના કોઈ પણ ક્ષેત્ર, પોલીસ અધ્યયન, ન્યાયતંત્ર, સંરક્ષણ અધ્યયન અથવા આંતરિક સલામતિના ઉત્કૃષ્ટ કામગીરી કરેલ હોય તેવા ઉમેદવારની રાજ્ય સરકાર દ્વારા નિમણૂકની જોગવાઈ છે. |
| (૩) ઉક્ત જગ્યા ભરવા છેલ્લા બે વર્ષમાં અધિક મુખ્ય સચિવ (ગૃહ)ના અધ્યક્ષપદ હેઠળ કમિટીની રચના ક્યારે કરવામાં આવી, અને | (૩) અને (૪) રક્ષા શકિત યુનિવર્સિટી અધિનિયમમાં ચેરમેનની જગ્યા માટે કમિટીની રચના અંગેની જોગવાઈ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કમિટીની બેઠકો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે મળી? | |

---------

## નવસારી જિલ્લા પંચાયતને ફાળવેલ ગ્રાન્ટ ઈન એઈડની રકમ

૧૮૩૧૮ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવેલ છે, અને | (૧) કુલ રૂ|.૨૨૪૭૬.૧૯ લાખ |
| (૨) ઉક્ત સમયગાળામાં નવસારી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે? | (૨) કુલ રૂ|.૩૫૫.૨૮ લાખ |

---------

**એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથ્થકરણ**

૧૮૮૧૮ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે? | (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કુલ–૧,૧૮૯ કેસોના ૯,૩૯૧ નમુનાનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

**એફ.એસ.એલ. દ્વારા પોલિગ્રાફ પધ્ધતિથી કેસોનું પૃથક્કરણ**

૧૮૭૫૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફોરેન્સિક સાયકોલોજી વિભાગમાં પોલિગ્રાફ પધ્ધતિથી કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે? | (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલિગ્રાફ પધ્ધતિથી કુલ–૬૭ કેસોના ૧૬૫ નમુનાનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

**ગુન્હામાં વપરાયેલ ફાયર આર્મ્સ, બુલેટના ખોખાઓનો ડેટાબેઝ**

૧૮૭૪૭ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગુન્હામાં વપરાયેલ ફાયર આર્મ્સ, બુલેટ તથા કારતૂસના ખોખાઓનો ડેટાબેઝ જાળવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સદરહુ ડેટાબેઝની ઉપયોગીતા શી છે? | (૨) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ગુન્હા સંબંધિત કબ્જે લેવાયેલ બુલેટ, ફાયર થયેલ કારતૂસના ખોખા અને કબ્જે લેવાયેલ હથિયારમાંથી લેબોરેટરીમાં કરેલ ટેસ્ટ ફાયર બુલેટ તથા કારતૂસના ખોખા પરના ફાયર આર્મ્સની લાક્ષણિકતાઓ જેવી કે ફાયરીંગ પીન માર્કસ, બ્રીચ ફ્રેસ માર્કસ, રાઈફલીંગ માર્કસ વિગેરેનો સરખામણી કરવા માટે ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફીકેશન સીસ્ટમનો ઉપયોગ કરી ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવે છે. આ ડેટાબેઈઝની મદદથી અલગ અલગ ગુન્હાઓને સાંકળી ફાયર આર્મ્સથી થયેલા અને વણઉકેલાયેલ ગુન્હાઓનો ઉકેલ લાવી શકાય છે. |

---------

**કચ્છ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૪૧ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) ૧૩૫ અરજીઓ |

વર્ષમાં કચ્છ જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૬૬ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૬૯ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩) ૩૧૨ એકમોને રૂ.૧૦૭૯.૮૯ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**સાસગુજ અન્વયે મોનીટરીંગ વ્યવસ્થા**

૧૮૭૩૧ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત ) પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરા માટે મોનિટરીંગ માટે તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ કોઈ વ્યવસ્થા રાખવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા પ્રકારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરાના મોનિટરીંગ માટે તમામ જિલ્લા ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ રાજ્ય સ્તરે મોનિટરીંગ માટે રાજ્ય સ્તરનાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની ગાંધીનગર ખાતે વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

---------

**પાટણ સબ જેલમાં ઓપન યુનિવર્સિટીઓ મારફત કેદીઓને ડિગ્રી**

૧૮૭૪૩ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં આવેલ પાટણ સબ જેલમાં ઓપન યુનિવર્સિટીઓ મારફત કેદીઓને ડિગ્રી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કઈ ઓપન યુનિવર્સિટીઓ મારફત ડિગ્રીઓ આપવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૧. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
૨. ઇન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

---------

**ગુજરાત રાજ્ય હજ કમિટીની નિમણુંક**

૧૯૧૮૫ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય હજ સમિતિઓનો કાર્યકાળ છેલ્લે ક્યારે પુર્ણ થયેલ છે,

(૨) તે અન્વયે નવી ગુજરાત હજ કમિટિની નિમણુંક

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય હજ સમિતિનો કાર્યકાળ છેલ્લે તા.૨૮–૦૭–૨૦૧૮ના રોજ પુર્ણ થયેલ છે.

(૨) બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે.

કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા, અને

(૩) ક્યાં સુધીમાં હજ સમિતિની નિમણુંક કરવામાં આવશે?

(૩) બનતી ત્વરાથી.

---------

**અમીરગઢ તાલુકામાં જીઆઈડીસી માટે ફાળવેલ જમીન**

૧૯૫૮૫ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં જીઆઈડીસી માટે જમીન ફાળવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જીઆઈડીસીની કામગીરી કયા તબક્કે છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને ક્યાં સુધીમાં જીઆઈડીસી કાર્યરત કરવામાં આવશે? | |

---------

**દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી**

૧૮૨૯૨ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા દાહોદ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૮ સીએનજી સ્ટેશનો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા દાહોદ, ઝાલોદ, લીમખેડા તથા દેવગઢ બારિયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૫૩ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી, | (૧) ૨૦૯ એકમોની |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) (નીચેનું કોષ્ટક) |

| **ક્રમ** | **વર્ષ** | **મંજૂર અરજીઓ** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૬૧ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૧૩૩ |

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી? | (૩) ૩૦૮ એકમોને રૂ.૧૩૧૦.૮૫ લાખની સહાય ચૂકવવામાં આવી. |

---------

**ડેમેજ હાર્ડડીસ્કમાંથી ડેટા મેળવવાની સવલત**

૧૮૭૫૩ **શ્રી વિવેકભાઈ પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ હાર્ડડીસ્કમાંથી ડેટા મેળવવાની | (૧) હા, જી. |

સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ડેમેજ હાર્ડડીસ્કમાંથી ડેટા મેળવવા બાબતે કેટલા કેસો/નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ડેમેજ હાર્ડડીસ્કમાંથી ડેટા મેળવવા બાબતે કુલ-૧૯ કેસોના ૧૦૫ નમુનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

---------

## આણંદ અને મહીસાગર જિલ્લામાં પકડાયેલ દારૂ

૧૯૬૮૫ **શ્રી કાંતિભાઈ સોઢા પરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

**જવાબ**

(૧) પત્રક મુજબ

**પત્રક**

**તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૯**

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દેશી દારૂ (રૂપિયા) | વિદેશી દારૂ (રૂપિયા) | બિયર (રૂપિયા) |
|---|---|---|---|---|
| આણંદ | આણંદ | ૨,૧૭,૩૪૦ | ૧,૭૪,૯૧,૫૫૦ | ૧૧,૯૮,૩૭૩ |
| | ઉમરેઠ | ૩૨,૨૪૦ | ૧૦,૧૯,૦૧૦ | ૧,૨૯,૫૬૦ |
| | પેટલાદ | ૪૬,૮૦૦ | ૬૩,૬૧,૬૫૫ | ૭,૪૯,૬૭૦ |
| | બોરસદ | ૬૪,૯૨૦ | ૧,૫૩,૨૫,૫૦૪ | ૨,૯૨,૧૦૦ |
| | આંકલાવ | ૬૪,૫૮૦ | ૧૪,૭૮,૦૨૦ | ૪,૧૩,૪૫૦ |
| | ખંભાત | ૨૪,૫૨૦ | ૩,૨૬,૦૨૦ | ૧,૮૦૦ |
| | સોજીત્રા | ૯,૩૮૦ | ૫૬,૭૯,૦૫૦ | ૬૩,૧૫૦ |
| | તારાપુર | ૯,૮૦૦ | ૩૫,૨૪,૭૩૦ | ૯૭,૨૦૦ |
| મહિસાગર | લુણાવાડા | ૪૧,૩૬૦ | ૫૮,૨૨,૨૧૭ | ૬,૦૬,૬૮૦ |
| | સંતરામપુર | ૪૮,૦૬૦ | ૧૧,૪૮,૬૩૦ | ૧૪,૩૫,૩૧૦ |
| | કડાણા | ૨૮,૯૦૦ | ૭,૫૪,૪૦૦ | ૧,૮૫,૨૦૦ |
| | ખાનપુર(બાકોર) | ૯૨૦ | ૧૪,૯૬,૮૮૮ | ૧,૩૭,૬૦૦ |
| | વીરપુર | ૧૭,૨૪૦ | ૫,૬૭,૭૬૮ | ૧,૬૪,૨૦૦ |
| | બાલાસિનોર | ૨૫,૫૬૦ | ૩૫,૦૯,૭૫૬ | ૪,૦૧,૯૦૦ |

(૨) કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૨) વાસદ

(૩) સૌથી વધુ દારૂ પકડાયો હોય તે પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીઓ સામે શાં પગલાં લીધા, અને

(૩) રોકડ દંડ અને ખાતાકીય/પ્રાથમિક તપાસની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) દારૂનું વેચાણ અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેર-ફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં

પકડાઈ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાતલમાંથી પણ છોડાવી ન શકાય તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા–ફરતા આરોપીઓ પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન–૯૩ જેવા અટકાયતી પગલા લેવામાં આવેલ છે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં રેતીની લીઝ આપવા માટેના જાહેરનામા

૧૯૩૧૫ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જિલ્લામાં રેતીની લીઝ આપવા માટેના કેટલા જાહેરનામા બહાર પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| સમગાળો | જાહેરનામાની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | ૦૧ |
| તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | ૦૬ |

**પ્રશ્ન**

(૨) જાહેરનામા બહાર પાડ્યા પછી કેટલા લીઝ હોલ્ડરોએ વર્ષવાર લીઝની માંગણી કરેલ અને તે પૈકી કેટલાની માંગણી મંજૂર અને કેટલાની માંગણી નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૨) જાહેરનામા બહાર પાડ્યા પછી કુલ–૧૩૪ બ્લોકમાં ૩૭૦ બીડરોએ બ્લોકની માંગણી કરેલ, જે અન્વયે ૪૧ બીડરો સફળ થયેલ અને ૧૭ બ્લોક અસફળ થયેલ, જ્યારે બાકીના ૭૬ બ્લોક હરાજીની પ્રક્રિયા હેઠળ છે.

| સમગાળો | કુલ માંગણી | સફળ | અસફળ | પ્રક્રિયા હેઠળ |
|---|---|---|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | ૧૩૪ | ૪૧ | ૧૭ | ૭૬ |

**પ્રશ્ન**

(૩) પેસા એક્ટ હેઠળ ઉક્ત જાહેરનામાં પૈકી કેટલા

**જવાબ**

(૩) ઉક્ત જાહેરનામાં પૈકી કુલ–૬૪ શિડ્યુલ

આદિવાસીઓને ઉક્ત સ્થિતિએ વર્ષવાર રેતીની લીઝ આપવામાં આવી?

બ્લોકમાંથી ૪૧ બ્લોકની સફળ હરાજી પૂર્ણ થયેલ છે. તેમાંથી ૧૯ પ્રિફર્ડ બિડર દ્વારા અપફ્રન્ટ પેમેન્ટ ભરપાઈ થતા તમામ ૧૯ સફળ બીડરોને ઈરાદાપત્ર (LOI) આપવામાં આવેલ છે જ્યારે અન્ય કાર્યવાહી હેઠળ છે.

---------

**સચિવાલય નાયબ સેક્શન અધિકારી વર્ગ–૩ ની જગ્યાઓ**

૧૯૬૨૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સચિવાલય નાયબ સેક્શન અધિકારી, વર્ગ–૩ સંવર્ગમાં તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) મંજૂર થયેલ ૧૫૧૩ જગ્યાઓ માંથી ૧૦૦૮ જગ્યાઓ ભરેલી છે. અને ૫૦૫ જગ્યાઓ ખાલી છે. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બે કે તેથી વધુ વર્ષથી ખાલી છે, અને | (૨) ઉક્ત જગ્યાઓ પૈકી કુલ–૭૪ જગ્યાઓ બે કે તેથી વધુ વર્ષથી ખાલી છે. |
| (૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ખાલી જગ્યાઓ વહીવટી અનુકુળતાએ ભરવામાં આવશે. |

---------

**સુરત જિલ્લામાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના**

૧૮૪૦૭ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૯ ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ અંતર્ગત ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ પ્રોત્સાહન મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે, | (૧) તા.૩૧–૩–૨૦૧૯ ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ અંતર્ગત ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ પ્રોત્સાહન મેળવવા માટે કુલ–૧૬ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) તે પૈકી–૩ અરજીઓના રજિસ્ટ્રેશન મંજૂર થયેલ છે, અને |
| (૩) આ અરજીઓ થકી કેટલું સંભવિત મૂડીરોકાણ અને રોજગારી ઉભી થનાર છે? | (૩) આ મંજૂર થયેલ અરજીઓ થકી કુલ રૂ. ૫૩૮૮.૨૪ લાખનું સંભવિત મૂડીરોકાણ અને ૨૦૩ ની રોજગારી ઉભી થનાર છે. |

---------

**રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં ઓએસડી/ચેરપર્સનની ભરાયેલ જગ્યા**

૧૯૧૮૦ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રક્ષા શક્તિ યુનિવર્સિટી ઓએસડી અને યુનિવર્સિટીના ચેરપર્સન તરીકેની જગ્યા ભરાયેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) ઉક્ત જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની યોગ્યતા/લાયકાતના નિયમો શા છે, | (૨) રક્ષા શક્તિ યુનિવર્સિટી અધિનિયમ–૨૦૧૩ની કલમ–૭(એ) (૧) મુજબ યુનિવર્સિટીના ચેરમેન તરીકે શાસનના કોઈ પણ ક્ષેત્ર, પોલીસ અધ્યયન, ન્યાયતંત્ર, સંરક્ષણ અધ્યયન અથવા આંતરિક સલામતિના ઉત્કૃષ્ટ કામગીરી કરેલ હોય તેવા ઉમેદવારની રાજ્ય સરકાર દ્વારા નિમણૂંકની જોગવાઈ છે. |
| (૩) ઉક્ત જગ્યા ભરવા છેલ્લા બે વર્ષમાં અધિક મુખ્ય સચિવ (ગૃહ)ના અધ્યક્ષપદ હેઠળ કમિટીની રચના ક્યારે કરવામાં આવી, અને | (૩) અને (૪) રક્ષા શક્તિ યુનિવર્સિટી અધિનિયમમાં ચેરમેનની જગ્યા માટે કમિટીની રચના અંગેની જોગવાઈ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કમિટીની બેઠકો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે | |

વર્ષમાં ક્યારે ક્યારે મળી?

---------

**ગુજરાતના દરિયાકિનારે નવા બંદરોના કરાર અન્વયે કાર્યરત બંદર**

૧૯૭૨૫ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતના દરિયાકિનારે નવા બંદરોના કરાર અન્વયે છેલ્લા બે વર્ષમાં ક્યાં બંદર કાર્યરત થયા, અને | (૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોઈ નવા બંદર કાર્યરત થયા નથી. |
| (૨) ઉક્ત બંદરો પર યાતાયાતના દરમાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ચીનના રાષ્ટ્રપ્રમુખની અમદાવાદ મુલાકાત**

૧૯૬૮૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪ માં ચીનના રાષ્ટ્ર પ્રમુખની અમદાવાદ મુલાકાત વખતે રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનો કરાર થયો હતો તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આ પાર્ક સ્થાપવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) ચાઈના સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ સંસ્થાએ ૨૦૦.૮૨ હેક્ટર જરૂરીયાત પૈકી ૫૫.૨૮ હેક્ટર જમીન ખરીદી છે. બાકીની જમીન મેળવવાનું કામ ચાલુ છે. |
| (૩) ક્યા સ્થળે આ પાર્ક સ્થાપવામાં આવશે? | (૩) સાણંદ નજીક. |

---------

**એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથ્થકરણ**

૧૮૭૪૬ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૪–૨૦૧૯ની સ્થિતિએ રાજયની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૦–૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેટલા કેસોનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે? | (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કુલ–૧,૧૮૯ કેસોના ૯,૩૯૧ નમુનાનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે. |

---------

**પાટણ સબ જેલમાં ઓપન યુનિવર્સિટીઓ મારફત કેદીઓને ડિગ્રી**

૧૮૭૪૨ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં આવેલ પાટણ સબ જેલમાં ઓપન યુનિવર્સિટીઓ મારફત કેદીઓને ડિગ્રી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ ઓપન યુનિવર્સિટીઓ મારફત ડિગ્રીઓ આપવામાં આવે છે? | (૨) ૧. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>૨. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી |

---------

**ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી**

૧૮૨૯૬ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૧૧ સીએનજી સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ભાવનગર, ઘોઘા, મહુવા, પાલિતાણા, શિહોર, તળાજા તથા ઉમરાળા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ અને કચ્છ જિલ્લાની જેલોમાં કેદીઓ ઉપર હુમલા થવાના બનાવો**

૧૯૬૫૨ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને કચ્છ જિલ્લાની જેલોમાં કેદીઓ ઉપર હુમલા થવાના કેટલા બનાવો બન્યા,

(૨) જેલોમાં બેરોકટોક રીતે દારૂની બોટલો અને મોંઘા મોબાઇલ આવતા હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૩) જો હા, તો ઉક્ત જેલોમાં કેદીઓ પાસેથી કેટલા મોબાઇલ મળ્યા, અને

(૪) જો હા, તો આ અંગે જવાબદારો સામે શું પગલાં ભર્યા?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨), (૩) અને (૪) રાજ્યની જેલોમાં સમયાંતરે આકસ્મિક ઝડતી તપાસ હાથ ધરવામાં આવે છે અને તે દરમિયાન કેદીઓ પાસેથી નવ (૯) મોબાઇલ ફોન મળી આવેલ, જે અન્વયે પોલીસ ફરિયાદ દાખલ કરી જવાબદાર ત્રણ કર્મચારીઓને ફરજ મોકૂફી હેઠળ મૂકી, તેઓ વિરૂદ્ધ ખાતાકિય તપાસ શરૂ કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ અને સુરત જિલ્લામાં રેગ્યુલેટેડ/રજીસ્ટર્ડ કતલખાનાઓ**

૧૯૭૨૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા રેગ્યુલેટેડ/રજીસ્ટર્ડ કતલખાનાઓ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કતલ માટે કતલખાનાવાર કેટલો ક્વોટા માન્ય કરેલ છે, અને

(૩) તે અન્વયે કતલખાનાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા સંવર્ગના કેટલા પશુઓની કતલ કરવામાં આવી?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લો - ૦૧ (એક)
સુરત જિલ્લો - ૦૨ (બે)

(૨) કતલ માટે કતલખાનાવાર અઠવાડિક ક્વોટા (ભેંસ/પાડા)

| | | | |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ | | -૨૧૨ |
| (૨) | (અ) | સલાબતપુરા | -૧૦૦ |
| | (બ) | રાંદેર | -૦૧ |

(૩) <u>**અમદાવાદઃ-**</u>

| |
|---|
| વર્ષ ૨૦૧૭-૧૮માં ૫૪૮૦ ભેંસ/પાડા |
| વર્ષ ૨૦૧૮-૧૯માં ૭૪૬૪ ભેંસ/પાડા |

<u>**સુરતઃ-**</u>

<u>**સલાબતપુરા કતલખાનામાં**</u>

| |
|---|
| વર્ષ ૨૦૧૭-૧૮માં પાડા-૨૨૩, ભેંસ-૧૯૧૧ |
| વર્ષ ૨૦૧૮-૧૯માં પાડા-૧૪૨, ભેંસ-૨૦૮૯ |

<u>**રાંદેર કતલખાનામાં**</u>

| |
|---|
| વર્ષ ૨૦૧૭-૧૮માં પાડા-૦૫, ભેંસ-૧૨૭ |
| વર્ષ ૨૦૧૮-૧૯માં પાડા-૦૬ |

## રાજકોટ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ

૧૮૩૩૭ **શ્રી કાંતીભાઈ બલર** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૧૧૬

(૨) ૧૧૭ એકમોને રૂ.૪૮૪.૬૯ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

## વડોદરા જિલ્લાના તાલુકાઓનો અતિ પછાત તાલુકાઓમાં સમાવેશ

૧૯૭૧૪ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭–૦૭–૨૦૦૬ના ઠરાવથી કૌલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ અતિ પછાત તાલુકાઓમાં વડોદરા જિલ્લાના કયા તાલુકાઓનો સમાવેશ થાય છે, અને

(૨) સમાવિષ્ટ તાલુકાઓના વિકાસ માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) કૌલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ અતિપછાત તાલુકાઓમાં તત્સમયના વડોદરા જિલ્લાના ક્વાંટ, નસવાડી અને જેતપુર–પાવી તાલુકાઓનો સમાવેશ થયેલ હતો. આ તાલુકાઓ ત્યારબાદ નવરચિત છોટાઉદેપુર જિલ્લામાં સમાવેશ થાય છે.

(૨) ઉપરોક્ત પ્રશ્ન ખંડ–૧ના જવાબ પ્રમાણે મૂળ વડોદરા જિલ્લામાં અને હાલના છોટાઉદેપુર જિલ્લામાં સમાવિષ્ટ તાલુકાઓના વિકાસ માટે તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વિકાસશીલ તાલુકા યોજનાની ગ્રાન્ટમાંથી કરેલ આયોજન (વહીવટી મંજૂરી) અંગેની વિગતો નીચે મુજબ છેઃ–

–હાલ છોટાઉદેપુર જિલ્લો (તત્સમયે વડોદરા જિલ્લો)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) | મંજૂર કરેલ કામોની રકમ (રૂ.લાખમાં) | મંજૂર કરેલ કામોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ક્વાંટ | ૨૦૧૭–૧૮ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૧૪ |
| | | ૨૦૧૮–૧૯ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૨૨ |
| ૨ | નસવાડી | ૨૦૧૭–૧૮ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૪૦ |
| | | ૨૦૧૮–૧૯ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૧૯ |
| ૩ | જેતપુર–પાવી | ૨૦૧૭–૧૮ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૫ |

---------

## પાટણ અને મહેસાણા જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી

૧૯૫૯૦ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનીજ નિયમો–૨૦૧૭ અન્વયે પાટણ અને મહેસાણા જીલ્લામાં જીલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| જીલ્લો | સમગાળો | | | |
|---|---|---|---|---|
| | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
| | બ્લોકની સંખ્યા | જથ્થો મે.ટન | બ્લોકની સંખ્યા | જથ્થો મે.ટન |
| પાટણ | શૂન્ય | શૂન્ય | ૧૫ | ૫૨,૦૨,૩૧૮ |

(૨)

| એજન્સીનું નામ | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ડી.એચ.જીઓ કન્સલટન્સી | ૧૨.૩૪ |

| | |
|---|---|
| એસ.બી.આઇ. કેપિટલ માર્કેટ્સ લિ. | ૬૭.૯૭ |
| પ્રાઈસ વોટર હાઉસ કુપર્સ પ્રા.લી. | ૩.૮૮ |
| એન કોડ સોલ્યુશન્સ (એ ડીવીઝન ઓફ જીએનએફસી લી.) | ૨.૮૭ |

---------

**રક્ષા શકિત યુનિવર્સિટીમાં ઓએસડી/ચેરપર્સનની ભરાયેલ જગ્યા**

૧૯૨૫૭ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રક્ષા શકિત યુનિવર્સિટી ઓએસડી અને યુનિવર્સિટીના ચેરપર્સન તરીકેની જગ્યા ભરાયેલ છે કે કેમ,

(૨) ઉકત જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની યોગ્યતા/ લાયકાતના નિયમો શા છે,

(૩) ઉકત જગ્યા ભરવા છેલ્લા બે વર્ષમાં અધિક મુખ્ય સચિવ (ગૃહ) ના અધ્યક્ષપદ હેઠળ કમિટીની રચના ક્યારે કરવામાં આવી, અને

(૪) ઉકત કમિટીની બેઠકો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે મળી ?

**જવાબ**

(૧) ના, જી

(૨) રક્ષા શકિત યુનિવર્સિટી અધિનિયમ–૨૦૧૩ની કલમ–૭(એ)(૧) મુજબ યુનિવર્સિટીના ચેરમેન તરીકે શાસનના કોઈપણ ક્ષેત્ર, પોલીસ અધ્યયન, ન્યાયતંત્ર, સંરક્ષણ અધ્યયન અથવા આંતરિક સલામતિના ઉત્કૃષ્ટ કામગીરી કરેલ હોય તેવા ઉમેદવારની રાજ્ય સરકાર દ્વારા નિમણૂંકની જોગવાઈ છે.

(૩) અને (૪) રક્ષા શકિત યુનિવર્સિટી અધિનિયમમાં ચેરમેનની જગ્યા માટે કમિટીની રચના અંગેની જોગવાઈ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ચીનના રાષ્ટ્રપ્રમુખની અમદાવાદ મુલાકાત**

૧૯૭૧૭ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૪માં ચીનના રાષ્ટ્ર પ્રમુખની અમદાવાદ મુલાકાત વખતે રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનો કરાર થયો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આ પાર્ક સ્થાપવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) ક્યા સ્થળે આ પાર્ક સ્થાપવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ચાઈના સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ સંસ્થાએ ૨૦૦.૮૨ હેકટર જરૂરીયાત પૈકી ૫૫.૨૮ હેકટર જમીન ખરીદી છે. બાકીની જમીન મેળવવાનું કામ ચાલુ છે.

(૩) સાણંદ નજીક.

---------

**જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં વ્યાજખોરોના ત્રાસથી આપઘાતના બનાવો**

૧૯૩૧૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કર્યા હોય તેવા કેટલા બનાવો બન્યા,

**જવાબ**

(૧)

| **જિલ્લા** | **તાલુકા** | **તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮** | **તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯** |
|---|---|---|---|
| | | **બનાવની સંખ્યા** | **બનાવની સંખ્યા** |
| જૂનાગઢ | જૂનાગઢ | ૦૩ | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| | ભેંસાણ | ૦૧ | ૦૦ |
| | મેંદરડા | ૦૧ | ૦૦ |
| ગીર–સોમનાથ | એકપણ બનાવ બનેલ નથી. | | |

(૨) ઉકત બનાવો પૈકી કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) ૩૧ ઈસમો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કર્યા હોય તેવા બનાવોમાં મૃત્યુ પામનાર વ્યકિતને આપઘાત કરતાં અગાઉ કોઈ પોલીસ ફરીયાદ કરી હતી કે કેમ, અને

(૩) ના, જી.

(૪) જો ફરીયાદ કરેલ હોય તો તેમાં પોલીસ તંત્ર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ અને જો કોઈ કાર્યવાહી ન કરી હોય તો તેના કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

૧૯૬૫૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનીજ નિયમો–૨૦૧૭ અન્વયે ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (કવોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | | | |
|---|---|---|---|---|
| | **તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮** | | **તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯** | |
| | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** |
| ગીર સોમનાથ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| જૂનાગઢ | શૂન્ય | શૂન્ય | ૦૮ | ૭,૯૩,૦૬૩ |

(૨) ઉકત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨)

| **એજન્સીનું નામ** | **ચૂકવેલ રકમ રૂ.લાખમાં** |
|---|---|
| સોહમ ફેરો મેગ્રેસ પ્રા.લિ. | ૨.૪૫ |
| પ્રાઈસવોટર હાઉસ કુપર્સ પ્રા.લી. | ૨.૪૬ |

---------

**ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો**

૧૮૭૭૧ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામા પોલીસ વિભાગ માટે કુલ–૩૯૨ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

ઉકત કુલ–૩૯૨ રહેણાંકના મકાનોના રૂ.૭૬૩૮.૪૬ લાખના પ્રોજેકટ પૈકી ખર્ચ થનાર છે. સદરહું કામગીરી પ્રગતિ હેઠળ હોઈ હાલ કોઈ ચૂકવણું કરવામાં આવેલ નથી.

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

૧૯૬૨૬ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનીજ નિયમો–૨૦૧૭ અન્વયે સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (કવોરીલીઝ) કેટલા જથ્થા

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | |
|---|---|---|
| | **તા.૦૧/૦૬/૨૦૧૭ થી** | **તા.૦૧/૦૬/૨૦૧૮ થી** |

માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

| | **તા.૩૧/૦૫/૨૦૧૮** | | **તા.૩૧/૦૫/૨૦૧૯** | |
|---|---|---|---|---|
| | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** |
| સુરેન્દ્રનગર | શૂન્ય | શૂન્ય | ૧૦ | ૧૫,૨૫,૯૨૦ |
| બોટાદ | શૂન્ય | શૂન્ય | ૩૧ | ૪૩,૫૪,૩૨૭ |

(૨) ઉકત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨)

| **એજન્સીનું નામ** | **ચૂકવેલ રકમ રૂ.લાખમાં** |
|---|---|
| સોહમ ફેરો મેગ્નેસ પ્રા.લિ. | ૬.૪૦ |
| નિમીષ સિંઘવી | ૦.૭૨ |
| પ્રાઈસ વોટર હાઉસ કુપર્સ પ્રા.લી. | ૨.૪૬ |

---------

**પાટણ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૮૮ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૧) ૭૦ એકમોની

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૨)

| **ક્રમ** | **વર્ષ** | **મંજૂર અરજીઓ** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૧૩ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૨૦ |
| | **કુલ** | **૩૩** |

(૩) ઉકત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૩૨ એકમોને રૂ.૧૯૯.૫૯ લાખનું વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખનિજોના નમૂનાઓનું પૃથ્થકરણ**

૧૮૩૧૬ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ રાજયમાં ખનિજોના નમૂનાઓના પૃથ્થકરણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી. ગાંધીનગર રાયસણ ખાતે ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા હસ્તકની ''પેટ્રોગ્રાફી એન્ડ મીનરલ કેમેસ્ટ્રી લેબોરેટરી'' કાર્યરત છે. જેમાં ખનિજોના નમૂનાઓના પૃથ્થકરણ માટેની વ્યવસ્થા છે.

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી વ્યવસ્થાઓ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુલ કેટલા નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે ?

(૨) ૧૯૬

**ગીફટસીટીમાં આઈએલએન્ડ એફ એસ ડેવલપમેન્ટ રાઈટસની રકમની ચૂકવણીની પ્રક્રિયા**

૧૯૫૯૮ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી લિ.

(૧), (૨) અને (૩) આઈએલ એન્ડ એફએસ એ

(ગીફ્ટ)માં આઇએલએન્ડ એફએસના ડેવલપમેન્ટ રાઈટસની રકમની ચૂકવણી કરવા અંગેની પ્રક્રિયા તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉકત રાઈટ્સ ખરીદવા માટે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ રકમ ચૂકવવામાં આવી હોય તો કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની થાય છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

બાકીની રકમના ડેવલપમેન્ટ રાઈટસ પરત(SURRENDER) કરેલ છે. જે અંગેની બાબત વિચારણા હેઠળ છે.

---------

**રાજ્યના જિલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવાનું આયોજન**

૧૮૭૨૯ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જિલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના મોનિટરીંગ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરાના મોનિટરીંગ માટે તમામ જિલ્લા ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ રાજ્ય સ્તરે મોનિટરીંગ માટે રાજ્ય સ્તરનાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની ગાંધીનગર ખાતે વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

---------

**રાજકોટ અને ભાવનગર શહેરમાં મુખ્યમંત્રી આવાસ યોજના**

૧૯૬૭૬ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ રાજકોટ અને ભાવનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી આવાસ બનાવાયા અને,

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ રાજકોટ અને ભાવનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે મળેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| શહેર | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ | તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ સુધી |
|---|---|---|---|
| રાજકોટ | ૫૧૭૮ | ૫૦૭ | ૨૨૦ |
| ભાવનગર | ૩૫૮૬ | ૮૯૬૫ | ૩૩ |
| **કુલ અરજીઓ** | **૮૭૬૪** | **૯૪૭૨** | **૨૫૩** |

(૨) તે પૈકી વર્ષવાર કુલ ૧૨૨૭૫ અરજીઓ મંજૂર કરી જેની માહિતી નીચે મુજબ છે. જે પૈકી ૪૯૬૦ આવાસો બનાવાયા છે.

| શહેર | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ | તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ સુધી |
|---|---|---|---|
| રાજકોટ | ૪૮૩૫ | ૬૧૧ | ૪૨૮ |
| ભાવનગર | ૨૯૦૦ | ૩૫૦૧ | ૦ |

| કુલ મંજૂર અરજીઓ | ૭૭૩૫ | ૪૧૧૨ | ૪૨૮ |
|---|---|---|---|

| શહેર/વર્ષવાર આવાસ બનાવાયા | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ | તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ સુધી |
|---|---|---|---|
| રાજકોટ | ૧૦૧૫ | ૩૧૩૩ | ૩૦ |
| ભાવનગર | ૦ | ૭૮૨ | ૦ |
| **કુલ આવાસ બનાવાયા** | **૧૦૧૫** | **૩૯૧૫** | **૩૦** |

(૩) ઉક્ત આવાસ બનાવવા કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૩) ઉક્ત આવાસ બનાવવા રૂ.૪૩૪.૨૨ કરોડ ચૂકવવામાં આવ્યા.

---------

## ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી

૧૮૩૦૯ **શ્રી વી. ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૩૧ સીએનજી સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ભરૂચ, અંકલેશ્વર, જંબુસર, ઝઘડીયા, હાંસોટ, વાગરા તથા વાલિયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

## મહેસાણા જિલ્લામાં એમએસએમઇ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

૧૮૩૫૬ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૪૪૫ એકમોની

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૧૨૮ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૯૦ |
| | **કુલ** | **૩૧૮** |

(૩) ૫૦૮ એકમોને રૂ.૫૦૫૫.૮૮ લાખની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

---------

## સાસગુજ અન્વયે મોનીટરીંગ વ્યવસ્થા

૧૮૭૩૦ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાસગુજ (સેઇફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરા માટે મોનિટરીંગ માટે તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ કોઈ વ્યવસ્થા રાખવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કયા પ્રકારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે? | (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરાના મોનિટરીંગ માટે તમામ જિલ્લા ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ રાજ્ય સ્તરે મોનિટરીંગ માટે રાજ્ય સ્તરનાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની ગાંધીનગર ખાતે વ્યવસ્થા રાખવામાં આવેલ છે. |

---------

### સુરત ગ્રામ્ય જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ

૧૮૭૫૫ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૪૪૦૫ |

---------

### ટાટા મોટર્સ લી. દ્વારા નેનો કારનું ઉત્પાદન

૧૯૬૧૯ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારના તા.૦૧-૦૧-૨૦૧૯ના ઠરાવની શરતો પૈકી શરત નં-૧૨ અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ લી.ને પ્રથમ ફેઝમાં દર વર્ષે ૨,૫૦,૦૦૦ નેનો કારનું મહત્તમ ઉત્પાદન કરવાનું હતું, તો તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નેનો કારનું ઉત્પાદન થયેલ છે, અને | (૧) તા.૦૧-૦૧-૨૦૦૯ના ઠરાવની શરત નંબર ૧૨માં ૨,૫૦,૦૦૦ નેનો કારનું ઉત્પાદન કરી શકે તેવો પ્લાન્ટ નાખવાની જોગવાઈ છે.<br>તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુક્રમે ૧૪૪૬ અને ૬૧૩ નેનો કારનું ઉત્પાદન થયું. |
| (૨) નેનો કારનું ઉત્પાદન ઓછું થતું હોય, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કંપની સામે શું પગલા લીધા? | (૨) નેનો કારનું ઉત્પાદન ઓછું થતું હોય તો પગલા લેવા બાબતે ઠરાવમાં કોઈ જોગવાઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો

૧૮૭૧૫ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/ કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) અને (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/કર્મચારીઓ માટે કુલ-૧૬૬ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને |
| (૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | ઉકત કુલ-૧૬૬ રહેણાંકના મકાનોના રૂ.૧૮૭૫.૨૨ લાખના પ્રોજેકટ પૈકી તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ કુલ ૫૨૯.૭૨ લાખની રકમનો ખર્ચ થયેલ છે. |

---------

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાસગુજ પ્રોજેક્ટ**

૧૮૭૮૨ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૧(એક) વર્ષમાં સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધાર્મિક સ્થળો આવરી લેવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા મંદિર ધાર્મિક સ્થળને આવરી લેવામાં આવેલ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૫ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦૫ એકમોની અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૬૬ એકમોને રૂ.૧૦૨૨ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૯૬ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૫૬ એકમો |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૧૮૦ એકમોને રૂ. ૨૦૯૫.૧૦ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**વલસાડ અને નવસારી જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો**

૧૯૭૩૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર/પોલીસસ્ટેશનવાર કસ્ટોડીયલ ડેથના કેટલાં બનાવો બન્યા, અને | (૧) વલસાડ જિલ્લાના વાપી તાલુકાના વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ૦૧(એક) કસ્ટોડીયલ ડેથનો બનાવ બનેલ છે. |
| (૨) તે અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) મેજીસ્ટ્રીયલ ઈન્કવાયરીના અંતે કોઈ પોલીસ અધિકારી/કર્મચારી જવાબદાર ગણવામાં આવેલ નથી. જેથી કાર્યવાહીનો પ્રશ્ન ઉભો થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૩ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડિસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૭૦ એકમોની અરજીઓ

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) ૯૯ એકમોને રૂ. ૯૮૨.૪૬ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો**

૧૮૭૧૪ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/ કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/કર્મચારીઓ માટે કુલ-૧૬૬ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

ઉક્ત કુલ-૧૬૬ રહેણાંકના મકાનોના રૂ.૧૮૭૫.૨૨ લાખના પ્રોજેક્ટ પૈકી તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ કુલ ૫૨૯.૭૨ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૯૭ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૮૨ એકમોની

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૨૦૧૮ | ૧૮ |
| ૨ | ૨૦૧૮-૨૦૧૯ | ૧૭ |

(૩) ૧૨ એકમોને રૂ.૬૭.૬૫ લાખની વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

---------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં ક્વોરી લીઝોની ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા તપાસણી**

૧૯૫૯૬ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર કાળા પથ્થર, કપચી જે બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી.

**જવાબ**

(૧)

| જિલ્લો | ક્વોરી લીઝોની સંખ્યા |
|---|---|
| મહેસાણા | ૫૩ |
| પાટણ | શૂન્ય |

(૨) ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS)થી જિલ્લાના તમામ લીઝ હોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસીક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતું હોય છે.

૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ. લાખમાં) |
|---|---|---|
| મહેસાણા | ૧૭ | ૪૫.૪૭ |
| પાટણ | ૫૦ | ૭૮.૬૮ |

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શાં છે?

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલિફો અન્વયે સરકારશ્રીમાં રજૂ આત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતીની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/ ૧૮૦/છ, તા.૦૬-૧૨-૨૦૧૮ થી કરવામાં આવેલ છે. સમિતીના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં પકડાયેલ દારૂ**

૧૯૭૩૪ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૨) કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૩) સૌથી વધુ દારૂ પકડાયો હોય તે પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીઓ સામે શાં પગલાં લીધા, અને

(૪) દારૂનું વેચાણ અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) પારડી

(૩) રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ઠપકો, ખાતાકીય/પ્રાથમિક તપાસ તથા ફરજ મોકુફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો અદાતલમાંથી પણ છોડાવી ન શકાય તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે

સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલા લેવામાં આવે છે.

**પત્રક**

| જિલ્લા | તાલુકા | દેશી દારૂની કિંમત (રૂપિયા) | વિદેશી દારૂની કિંમત (રૂપિયા) | બિયરની કિંમત (રૂપિયા) |
|---|---|---|---|---|
| નવસારી | નવસારી | ૧,૧૦,૩૨૦ | ૩,૭૪,૫૫,૦૪૯ | ૫૩,૭૮,૨૭૮ |
| | જલાલપોર | ૧,૬૬,૭૪૦ | ૩૧,૧૪,૩૯૨ | ૩,૬૭,૯૦૦ |
| | ગણદેવી | ૧,૪૩,૦૮૦ | ૧,૦૪,૮૫,૫૦૦ | ૨૮,૧૦,૧૮૮ |
| | ચીખલી | ૪૭,૮૦૦ | ૧,૬૭,૭૩,૧૩૯ | ૪૩,૯૩,૦૯૦ |
| | વાંસદા | ૫૪,૨૦૦ | ૭૮,૪૬,૪૪૦ | ૩૩,૯૦૦ |
| | ખેરગામ | ૧૫,૯૬૦ | ૨૭,૧૮,૪૯૮ | ૭,૦૨,૩૦૦ |
| વલસાડ | વલસાડ | ૮૭,૩૮૦ | ૭,૧૯,૮૮,૨૭૫ | ૮૪,૬૮,૫૦૦ |
| | પારડી | ૫,૫૨૦ | ૪,૮૫,૮૧,૬૨૫ | ૨૩,૨૫,૫૦૦ |
| | વાપી | ૯,૫૨૦ | ૫,૨૫,૫૫,૪૧૫ | ૧૫,૩૮,૮૦૦ |
| | ઉમરગામ | ૧૬,૯૪૦ | ૪,૭૬,૪૮,૯૦૦ | ૨૦,૨૦,૧૦૦ |
| | ધરમપુર | ૯,૯૬૦ | ૫૧,૧૪,૩૦૦ | ૧૨,૫૫,૬૦૦ |
| | કપરાડા | ૧,૦૬૦ | ૪૦,૮૨,૪૩૦ | ૧૪,૪૨,૯૦૦ |

---------

**વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી**

૧૯૬૯૭ **શ્રી કાળાભાઈ ડાભી** (કપવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ઉદ્યોગ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવી, અને | (૨) પત્રક-૧ મુજબ. |
| (૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શાં છે? | (૩) પત્રક-૨ મુજબ. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

- ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS)થી જિલ્લાના તમામ લીઝ હોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફલાઇંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતું હોય છે.
- ૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ

ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| બનાસકાંઠા | ૬૦ | ૬૬.૫૭ |
| કચ્છ | ૬૭ | ૧૫૪.૫૬ |

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે?

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલીફો અન્વયે સરકારશ્રીમાં રજૂ આત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/

૧૮૦/ છ, તા.૦૬/૧૨/૨૦૧૮થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

**ઉદ્યોગોને પ્રોત્સાહન માટે ટાટા મોટર્સ લી. સાથે કરારો**

૧૯૫૫૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકાર દ્વારા ટાટા મોટર્સ લિ. સાથે શું કરારો કરવામાં આવ્યા હતા,

(૧) સાણંદ ખાતે ટાટા નેનો પ્રોજેક્ટ સ્થાપવા તા.૦૭–૧૦–૨૦૦૮ ના રોજ ટાટા મોટર્સ લી. સાથે સ્ટેટ સપોર્ટ એગ્રીમેંટ કરવામાં આવેલ. જે અન્વયે તા.૦૧–૦૧–૨૦૦૯ ના રોજ લોન સ્વરૂપે પ્રોત્સાહન આપવા ઠરાવ કરવામાં આવેલ છે. તે ઠરાવની જોગવાઈ અનુસાર સદરહુ કંપની સાથે તા.૩૦–૦૩–૨૦૧૩ના રોજ લોન એગ્રીમેંટ કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા ટાટા મોટર્સ લિ.ને કેટલી લોન તથા કઈ સુવિધાઓ પૂરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને

(૨) તા.૦૧–૦૧–૨૦૦૯ના ઠરાવની જોગવાઈ અનુસાર, ટાટા મોટર્સ લી.એ ભરેલ વેટ અને સીએસટી ના જેટલી ૦.૧ ટકાના સાદા વ્યાજે, વીસ વર્ષ સુધી લોન આપવાનું નક્કી કરવામાં આવેલ છે. સદરહુ પ્રોજેક્ટ સ્થાપવા આવશ્યક હોય તેવી જરૂરી મંજૂરીઓ ઝડપથી મળે તેના મોનીટરીંગ અને અમલીકરણ માટે હાઈ લેવલ કમિટીની રચના કરવામાં આવેલ છે.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે?

(૩) જુલાઈ–૨૦૧૭ સુધી સદરહુ કંપનીએ ભરેલ વેરા સામે રૂ.૫૮૭.૦૮ કરોડની લોન આપવામાં આવી છે.

---------

**ડેમેજ હાર્ડડિસ્કમાંથી ડેટા મેળવવા સવલત**

૧૮૭૨૩ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ હાર્ડડીસ્કમાંથી ડેટા મેળવવાની સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ડેમેજ હાર્ડડીસ્કમાંથી ડેટા મેળવવા બાબતે કેટલા કેસો/નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે?

(૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ડેમેજ હાર્ડડીસ્કમાંથી ડેટા મેળવવા બાબતે કુલ–૧૯ કેસોના ૧૦૫ નમુનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

---------

**દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી**

૧૮૨૯૧ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા દાહોદ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૮ સીએનજી સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા દાહોદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા દાહોદ, ઝાલોદ, લીમખેડા તથા દેવગઢ બારિયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં એમએસએમઇ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૪૪ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૭૯ અરજીઓ

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૩૩ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૪૬ |

(૩) ૧૬૯ એકમોને રૂ.૩૫૪.૯૬ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**અમદાવાદ શહેરમાં આરોપીઓની પાસા હેઠળ ધરપકડ**

૧૯૬૧૪ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં કેટલા આરોપીઓને પાસા હેઠળ ધરપકડ કરવામાં આવી કે પકડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ગુનેગારો પૈકી કેટલા ગુનેગારો નામદાર હાઇકોર્ટના હુકમથી છોડવામાં આવ્યા અને કેટલા ગુનેગારોને પાસા બોર્ડ દ્વારા છોડવાના હુકમ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧)

| સમયગાળો | પાસા હેઠળ ધરપકડ કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૬-૨૦૧૭ થી ૩૧-૦૫-૨૦૧૮ સુધી | ૯૪૧ |
| તા.૦૧-૦૬-૨૦૧૮ થી ૩૧-૦૫-૨૦૧૯ સુધી | ૧૩૭૯ |
| **કુલ** | **૨૩૨૦** |

(૨)

| નામદાર હાઇકોર્ટના હુકમથી છોડવામાં આવેલ આરોપીઓની સંખ્યા | પાસા બોર્ડ દ્વારા છોડવામાં આવેલ આરોપીઓની સંખ્યા |
|---|---|
| ૧૨૯૯ | ૫૩૦ |

---------

**રેકોર્ડીંગ આધારિત સ્વયં સંચાલિત ફરિયાદ સેલ**

૧૯૩૪૧ **શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ ગૃહ

**જવાબ**

(૧) હા, જી.

વિભાગ-સચિવાલય કક્ષાએ રેકોર્ડિંગ આધારિત સ્વયં સંચાલિત ફરિયાદ સેલ કાર્યરત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી અને કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ મળેલ ૬૫ ફરિયાદો પૈકી ૬૨ નો નિકાલ કરવામાં આવેલ છે જ્યારે તા.૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.

---------

## ભાવનગર અને જામનગર શહેરમાં મુખ્યમંત્રી આવાસ યોજના

૧૯૬૮૦ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ ભાવનગર અને જામનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી આવાસ બનાવ્યા અને,

(૩) ઉક્ત આવાસ બનાવવામાં કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ ભાવનગર અને જામનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **શહેર (મળેલ અરજીઓ)** | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ સુધી** |
|---|---|---|---|
| ભાવનગર | ૩૫૮૬ | ૮૯૬૫ | ૩૩ |
| જામનગર | ૯૫૬ | ૨૯૭ | -- |
| **કુલ અરજીઓ** | **૪૫૪૨** | **૯૩૬૨** | **૩૩** |

(૨) તે પૈકી વર્ષવાર અરજીઓ મંજૂર કરી, આવાસ બનાવ્યા તેની વર્ષ વાર માહિતી નીચે મુજબ છે.

વર્ષ વાર અરજીઓ મંજૂર કર્યાની વિગત

| **શહેર (મંજૂર કરેલ અરજીઓ)** | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ સુધી** |
|---|---|---|---|
| ભાવનગર | ૨૯૦૦ | ૩૫૦૧ | ૦ |
| જામનગર | ૬૦૦ | ૫૧૦ | ૦ |
| **કુલ મંજૂર કરેલ અરજીઓ** | **૩૫૦૦** | **૪૦૧૧** | **૦** |

વર્ષવાર આવાસ બનાવવામાં આવ્યાની વિગત

| **શહેર (બનાવેલ આવાસો)** | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ સુધી** |
|---|---|---|---|
| ભાવનગર | - | ૭૮૨ | ૦ |
| જામનગર | ૬૦૦ | ૫૧૦ | ૦ |
| **કુલઆવાસો** | **૬૦૦** | **૧૨૯૨** | **૦** |

(૩) ઉક્ત આવાસ બનાવવા રૂ.૨૬૦.૫૩ કરોડ ચૂકવવામાં આવ્યા.

---------

## વડોદરા જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ

૧૮૩૬૫ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું

**જવાબ**

(૧) ૭૫ એકમોની

(૨) ૭૩ એકમોને રૂ.૪૭.૦૩ લાખ રકમનું ચૂકવણું

ચૂકવણું કરવામાં આવ્યું? કરવામાં આવ્યું.

---------

**સાબરકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૯૯ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫ એકમોની |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૫ એકમોને રૂ.૧૦.૬૧ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં ક્વોરી લીઝોની ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા તપાસણી**

૧૯૬૨૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કાળા પથ્થર, કપચી જે બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી, અને

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| જિલ્લો | ક્વોરી લીઝોની સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૫૮ |
| અમદાવાદ | શૂન્ય |

(૨) ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS) થી જિલ્લાના તમામ લીઝહોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતું હોય છે.

૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૧૬૫ | ૨૭૪.૮૩ |
| અમદાવાદ | ૧૮૨ | ૧૮૦.૩૮ |

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલીફો અન્વયે સરકારશ્રીમાં રજૂ આત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/

૧૮૦/ છ, તા.૦૬/૧૨/૨૦૧૮થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

**ખેડા અને નડિયાદ તાલુકામાં ખનીજ ચોરી**

૧૯૫૬૭ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને નડિયાદ તાલુકામાં ખનીજ ચોરીના કેટલા કિસ્સા પકડવામાં આવ્યાં, તે પેટે કેટલો દંડ વસુલવામાં આવ્યો, અને

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને નડિયાદ તાલુકામાં ખનીજ ચોરીના નીચે મુજબના કેસો તથા દંડની વસૂલાત કરવામાં આવી.

| સમયગાળો | નડિયાદ તાલુકો | | ખેડા તાલુકો | |
|---|---|---|---|---|
| | કેસની સંખ્યા | વસૂલાત રૂ.લાખમાં | કેસની સંખ્યા | વસૂલાત રૂ.લાખમાં |
| તા.૦૧-૦૬-૧૭ થી તા.૩૧-૦૫-૧૮ | ૨૮ | ૨૪.૧૬ | ૦૬ | ૧૨.૭૬ |
| તા.૦૧-૦૬-૧૮ થી તા.૩૧-૦૫-૧૯ | ૦૬ | ૬.૬૨ | ૧૭ | ૧૮.૩૪ |
| **કુલ** | **૩૪** | **૩૦.૭૮** | **૨૩** | **૩૧.૧૦** |

(૨) બે થી વધુ વાર ખનીજ ચોરમાં પકડાયેલ ઈજારદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) બે થી વધુ વાર ખનીજ ચોરીમાં કોઈ ઈજારદાર પકડાયેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૮૫ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૩૦ એકમોની

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) ૧૦૧ એકમોને ૧૧૮૫.૬૩ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**રાજ્યમાં શીડયુલ ઓફ પોર્ટ ચાર્જીસના દરોમાં વધારો કરવાની જોગવાઈ**

૧૯૬૩૮ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં SOPC (શીડ્યુઅલ ઓફ પોર્ટ ચાર્જીસ)ના દરોમાં દર ત્રણ કે પાંચ વર્ષ ૨૦% વધારો કરવાની જોગવાઈનો અમલ થયો નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૧) એસ.ઓ.પી.સી. (શીડ્યુઅલ ઓફ પોર્ટ ચાર્જીસ)માં તમામ લેવાપાત્ર દરોમાં ત્રણ કે પાંચ વર્ષે ૨૦% વધારો કરવાની જોગવાઈ નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરિયાઈ ટ્રાફિક અન્વયે પ્રતિ ટન સામે વર્ષવાર કેટલી આવક નોંધાઈ?

(૨) લાગુ પડતુ નથી.

---------

**ખેડા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૪૨ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા

(૧) ૧૧૪ એકમોની

એકમોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૬૨ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૫૨ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

(૩) ૨૪૨ એકમોને રૂ.૨૨૪૦.૪૩ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**કચ્છ જિલ્લામાં મરીન પોલીસ પાસે પેટ્રોલિંગ માટે સાધનો ઉપલબ્ધ ન હોવા બાબત**

૧૯૫૭૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં મરીન પોલીસ પાસે પૂરતા પ્રમાણમાં પેટ્રોલીંગ માટેના સાધનો ન હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, હોય તો રાજ્યની દરિયાઈ સીમાની ચુસ્ત સુરક્ષા માટે આવા સાધનો પુરા પાડવા છેલ્લા બે વર્ષમાં સરકારે શું કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા સાધનો કેટલા ખર્ચે પુરા પાડવામાં આવ્યા?

**જવાબ**

(૧) અને (૨) સરકારશ્રી તરફથી પુરતા પ્રમાણમાં સાધન-સામગ્રી સમયસર ફાળવવામાં આવતી હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સરકાર દ્વારા ૧૨ ટનની ઈન્ટરસેપ્ટર બોટસ, ૫ ટનની ઈન્ટરસેપ્ટર બોટસ, જીપ તથા મોટર સાયકલ, All Terrain Vehicle (ATV) સાધનો કુલ રૂ.૯,૫૯,૧૮,૦૦૦/- (અંકે રૂપિયા નવ કરોડ ઓગણસાઈઠ લાખ અઢાર હજાર પુરા) ના ખર્ચે પુરા પાડવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં રોયલ્ટીમાંથી હિસ્સા પેટે ચૂકવવાની રકમ**

૧૯૫૬૩ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ ના વર્ષમાં રેતી, ગ્રેનાઈટ અને માર્બલની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની કેટલી રકમ ચૂકવવાની થતી હતી,

(૨) તે પૈકી કેટલી રકમ ઉક્ત જિલ્લાને ચૂકવવામાં આવી છે, અને

(૩) બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) જિલ્લા પંચાયતોને રેતી, કંકર, ગ્રેવલ ખનિજની થયેલ રોયલ્ટીની આવકના ૯૫% રકમ ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ચૂકવવામાં આવે છે.

તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮ના વર્ષમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીમાંથી હિસ્સા પેટેની રૂ.૩૧૮૫.૫૦ લાખ રકમ ચૂકવવાની થતી હતી.

(૨) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ કુલ રૂ.૨૨૧૪.૦૬ લાખ

(૩) જેમ બને તેમ જલ્દીથી.

---------

**બીઆરટીએસ અને એએમટીએસમાં ખાનગી કંપનીઓ પાસેથી બસો ભાડે લેવા બાબત**

૧૯૬૦૫ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં બીઆરટીએસ અને એએમટીએસમાં ખાનગી કંપનીઓ પાસેથી બસો ભાડે મેળવવાથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને આર્થિક નુકશાન પહોંચતું હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી,

**જવાબ**

(૧) બીઆરટીએસ- શૂન્ય
એએમટીએસ- ૦૧ (એક)

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) મળેલ ફરિયાદ અન્વયે તા.૨૪-૦૪-૨૦૧૯ના રોજ પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૩) બસ સપ્લાય કરતી ખાનગી કંપનીઓને ફાયદો ન થાય અને નિગમ, સરકાર અને મુસાફરોનું હિત સચવાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) સરકાર અને નિગમનું હીત જળવાઇ તે હેતુથી પારદર્શક ટેન્ડર પ્રક્રિયા, કડક ટેન્ડર શરતો, સતત ઓપરેશન કંટ્રોલ, પેનલ્ટીની જોગવાઇઓ જેવા પગલાં લેવામાં આવેલ છે.

---------

**રાજ્યના જિલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવાનું આયોજન**

૧૮૭૨૮ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જિલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના મોનીટરીંગ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરાના મોનીટરીંગ માટે તમામ જિલ્લા ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ રાજ્ય સ્તરે મોનિટરીંગ માટે રાજ્ય સ્તરનાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની ગાંધીનગર ખાતે વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

---------

**બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી**

૧૮૨૯૮ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૫ સીએનજી સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા બોટાદ તથા ગઢડા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**આણંદ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૪૩ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૨૨૪ અરજીઓ

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૨૦૧૮ | ૪૯ |
| ૨ | ૨૦૧૮-૨૦૧૯ | ૬૯ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ

(૩) ૨૧૬ એકમોને રૂ.૯૧૮.૭૩ લાખની રકમનું

| | |
|---|---|
| સહાય ચૂકવવામાં આવી ? | ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**કચ્છ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૮૪૦૦ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૧ એકમોની |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૨૧ એકમોને રૂ.૧૩૨.૯૫ લાખ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**ભરૂચ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૩૮ **શ્રી વિનોદભાઇ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૬૩ એકમોની |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૬૭ એકમોને રૂ.૪૨.૨૪ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**રોયલ્ટી ઈન્સપેક્ટર, વર્ગ–૩ ની જગ્યાઓ**

૧૮૩૨૭ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી ખાતે રોયલ્ટી ઈન્સપેક્ટર, વર્ગ–૩ સંવર્ગની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૧) ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી ખાતે રોયલ્ટી ઈન્સપેક્ટર, વર્ગ–૩ સંવર્ગની ૬૮ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ જગ્યા પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) રોયલ્ટી ઈન્સપેક્ટર, વર્ગ–૩ સંવર્ગની ઉક્ત કુલ જગ્યાઓ પૈકી ૪૦ જગ્યાઓ ભરાયેલ છે તથા ૨૮ જગ્યાઓ ખાલી છે. |
| (૩) ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૩) રોયલ્ટી ઈન્સપેક્ટર, વર્ગ–૩ સંવર્ગની ભરતી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પ્રક્રિયા હેઠળ છે. |

---------

**સાબરમતી સેન્ટ્રલ જેલમાં સજા પૂરી થઈ ગયેલા કેદીઓ**

૧૯૬૧૭ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ ખાતે સાબરમતી સેન્ટ્રલ જેલમાં સજા પુરી થઈ ગઈ હોય તેવા કેટલા કેદીઓ છે, | (૧) એકપણ નહીં. |
| (૨) ઉક્ત કેદીઓને સજા પુરી થઈ ગઇ હોવા છતાં ન છોડવાના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) આવા કેદીઓને ક્યાં સુધીમાં છોડવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૮૭૬૦ **શ્રી રમેશભાઇ કટારા** (ફતેપુરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) ૭૩૯૬

---------

**સુરત જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ–૨૦૧૨ હેઠળ અરજીઓ**

૧૮૩૮૬ **શ્રી અરવિંદ રાણા** (સુરત–પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત ટેક્સટાઇલ પોલીસી–૨૦૧૨ હેઠળ ટેક્સટાઇલ ક્ષેત્રની તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૭૮

(૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૧૩૧૨.૩૦ કરોડ

---------

**સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૮૭ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની એરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૫૮૭૯ એકમો

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) ૩૮૨૭ એકમોને રૂ. ૨૫૮૨૪.૨૦ લાખની કેપીટલ સબસિડી નું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**આણંદ અને નર્મદા જિલ્લામાં ક્વોરી લીઝોની ફ્લાઈંગ સ્કવોડ દ્વારા તપાસણી**

૧૯૬૮૬ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કાળા પથ્થર, કપચી જે બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે,

(૧)

| જિલ્લો | ક્વોરી લીઝોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૮ |
| નર્મદા | ૨૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી, અને

(૨) ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS) થી જિલ્લાના તમામ લીઝહોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ

ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતુ હોય છે.

૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| આણંદ | ૨૦ | ૨૧.૨૩ |
| નર્મદા | ૭ | ૮.૨૩ |

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે?

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલિફો અન્વયે સરકારશ્રીમાં રજૂઆત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/ ૧૮૦/ છ, તા.૦૬/૧૨/૨૦૧૮ થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં લાંચ રુશ્વત બ્યુરોને તપાસ માટે અરજીઓ**

૧૯૩૧૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટા ઉદેપુર જિલ્લામાં લાંચ રુશ્વત બ્યુરોને કયા વિભાગની તપાસ માટે કેટલી અરજીઓ તાલુકાવાર મળી,

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર જીલ્લાની વિગતો

| **તા. ૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વિભાગનું નામ** | **કેટલી અરજીઓ મળી** |
| ૧ | છોટા ઉદેપુર | મહેસૂલ વિભાગ | ૧ |
| ૨ | સંખેડા | મહેસૂલ વિભાગ | ૧ |
| અન્ય તાલુકમાં એક પણ નહીં | | | |

| **તા. ૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વિભાગનું નામ** | **કેટલી અરજીઓ મળી** |
| ૧ | છોટા ઉદેપુર | મહેસૂલ વિભાગ | ૨ |
| | | ગૃહ વિભાગ | ૨ |
| | | આદિજાતી વિકાસ વિભાગ | ૨ |
| | | અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ | ૧ |
| ૨ | બોડેલી | મહેસૂલ વિભાગ | ૨ |
| ૩ | પાવીજેતપુર | પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ | ૧ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓની તપાસ કરી અને શા પ્રકારના પગલા લીધા, અને

(૨) મળેલ તમામ અરજીઓની તપાસ ચાલુ છે.

(૩) બાકી અરજીઓની તપાસ અને નિકાલ કયાં

(૩) અરજીઓની તપાસ અન્વયે રેકર્ડ મેળવી,

સુધીમાં કરવામાં આવશે?

સબંધિતોના નિવેદન મેળવી, પુરવાનું મુલ્યાંકન વગેરે કાર્યવાહી હાથ ધરી તપાસ કરવામાં આવતી હોય, ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહીં.

---------

**વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ નો ખર્ચ**

૧૯૬૧૧ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૯નો ખર્ચ ઉદ્યોગ વિભાગના બજેટના આઈએનડી-૫ ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ હેડ હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવેલ, અને

(૩) તે પૈકી કેટલો ખર્ચ કઈ બાબત માટે કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) હા

(૨) ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો હેડ હેઠળ કુલ રકમ રૂ. ૯૩૭૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ફાળવાયેલ રકમની સામે કુલ ખર્ચ રૂ. ૭૭,૯૦,૫૦,૬૭૧/- (અન્વેષણ આધિન) નોલેજ પાર્ટનર, નેશનલ પાર્ટનર, પ્રમોશનલ મટિરીયલ્સ, પ્રી-સમિટ ઈવેન્ટ, મિડિયા, ક્રિએટીવ એજન્સી, ગ્લોબલ સ્ટાર્ટઅપ સમિટ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ હોસ્પિટાલીટી, એક્ઝીબીશન એન્ડ સેમિનાર, ઈવેન્ટ મેનેજમેન્ટ અને અન્ય વહીવટી ખર્ચાઓ વિગેરે બાબતો માટે કરવામાં આવ્યો.

---------

**તાપી અને સુરત જિલ્લામાં ક્વોરી લીઝોની ફ્લાઈંગ સ્કવોડ દ્વારા તપાસણી**

૧૯૭૨૬ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કાળા પથ્થર, કપચી જે બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | ક્વોરી લીઝોની સંખ્યા |
|---|---|
| તાપી | ૬૫ |
| સુરત | ૧૩૫ |

(૨) ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS) થી જિલ્લાના તમામ લીઝહોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતુ હોય છે.

૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| તાપી | ૨૩ | ૩૦.૨૦ |
| સુરત | ૪૮ | ૮૮.૬૩ |

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે?

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલીફો અન્વયે સરકારશ્રીમાં રજૂઆત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/

૧૮૦/ છ, તા.૦૬/૧૨/૨૦૧૮ થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

**આણંદ અને સુરત જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

૧૯૬૮૪ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનિજ નિયમો–૨૦૧૭ અન્વયે આણંદ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે કઈ બાહ્ય એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | સમયગાળો | | | |
|---|---|---|---|---|
| | તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | | તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | |
| | બ્લોકની સંખ્યા | જથ્થો મે.ટન | બ્લોકની સંખ્યા | જથ્થો મે.ટન |
| આણંદ | શૂન્ય | શૂન્ય | ૧૦ | ૨૯,૫૩,૫૩૧ |
| સુરત | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

(૨)

| એજન્સીનું નામ | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| સોહમ ફેરો મેગ્નેસ પ્રા. લી. | ૩.૩૫ |
| એસ બી આઈ કેપીટલ માર્કેટ્સ લી. | ૧૯.૪૭ |
| એન કોડ સોલ્યુશન્સ (એ ડીવીઝન ઓફ જીએનએફસી લી.) | ૨.૩૯ |

---------

**બોટાદ જિલ્લામાં ગેસ પાઈપલાઈન**

૧૮૨૯૫ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ બાટોદ જિલ્લામાં પાઈપલાઇન મારફતે રાંધણગેસ પહોંચાડવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બોટાદ જિલ્લામાં ગેસપાઈપલાઈન દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં ૩૩૦૦થી વધુ ઘરોમાં પાઈપલાઈન દ્વારા ઘરેલું ગેસ કનેક્શન આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા બોટાદ જીલ્લામાં ગેસ પાઈપલાઈન દ્વારા બોટાદ તાલુકાને આવરી લીધેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૮ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) ૧૬૯ એકમોની અરજીઓ

વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) ૩૦૬ એકમોને રૂ.૨૭૨૨.૪૩ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**ભાવનગર જિલ્લામાં ગેસ પાઇપલાઇન**

૧૮૨૯૦ **શ્રી આર.સી. મકવાણા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પાઇપલાઇન મારફતે રાંધણગેસ પહોંચાડવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ગેસપાઇપલાઇન દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં ૧૯,૭૦૦થી વધુ ઘરોમાં પાઇપલાઇન દ્વારા ઘરેલું ગેસ કનેક્શન આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભાવનગર જીલ્લામાં ગેસ પાઇપલાઇન દ્વારા ભાવનગર તથા પાલિતાણા તાલુકાઓને આવરી લીધેલ છે.

---------

**જૂનાગઢ શહેરમાં બનાવેલ શેલ્ટર હોમ**

૧૯૬૫૩ **શ્રી ભીખાભાઈ જોષી** (જુનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શેલ્ટર હોમ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત ફાળવેલ રકમ પૈકી જુનાગઢ શહેરમાં કેટલા ખર્ચે કેટલા શેલ્ટર હોમ બનાવવામાં આવ્યા?

**જવાબ**

(૧) જુનાગઢ શહેરને ફાળવેલ ગ્રાન્ટ

| **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૩૬.૩૧ |
| ૨૦૧૮–૧૯ | ૧૮.૮૩ |

(૨) ૪ શેલ્ટર હોમના નવીનીકરણની કામગીરી પ્રગતિમાં છે.

**સુરત શહેરમાં બનાવેલ શેલ્ટર હોમ**

૧૯૭૨૩ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શેલ્ટર હોમ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત ફાળવેલ રકમ પૈકી સુરત શહેરમાં કેટલા ખર્ચે કેટલા શેલ્ટર હોમ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) સુરત શહેરમાં ફાળવવામાં આવેલ વર્ષવાર ગ્રાન્ટની વિગતો

| **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૮૪૮.૯૬ |
| ૨૦૧૮–૧૯ | ૪૪૬.૩૪ |

(૨)

| | |
|---|---|
| (૧) | ૧ કામ પૂર્ણ – રૂ.૧૧૫.૦૧ લાખના ખર્ચે |
| (૨) | ૪ બાંધકામ પ્રગતિ હેઠળ |

**અમરેલી જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૯ **શ્રી કાંતીભાઇ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ? | (૨) ૭૪ એકમોને ૫૧૮.૧૫ લાખ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**વડોદરા અને અમદાવાદ શહેરમાં મુખ્યમંત્રી આવાસ યોજના**

૧૯૭૧૫ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ વડોદરા અને અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧-૦૫-૧૯ની સ્થિતિએ વડોદરા અને અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના મળેલ અરજીની માહિતી નીચે મુજબ છે. |

| **શહેર** | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **૦૧-૦૪-૧૯ થી ૩૧-૦૫-૧૯ સુધી** |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૦૭૦ | ૭૩૫૭૫ | ૦ |
| વડોદરા | ૧૦૫૫૬ | ૩૨૫૭ | ૪૬૨૯ |
| **કુલ** | **૧૧,૬૨૬** | **૭૬,૮૩૨** | **૪૬૨૯** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી આવાસ બનાવ્યા અને | (૨) વર્ષવાર મંજૂર કરેલ અરજીઓ અને બનાવેલ આવાસની વિગત |

| **શહેર** | **મંજૂર કરેલ અરજીઓ** | | | **આવાસ બનાવાયા** | | |
|---|---|---|---|---|---|---|
| | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **૦૧-૦૪-૧૯ થી ૩૧-૦૫-૧૯ સુધી** | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **૦૧-૦૪-૧૯ થી ૩૧-૦૫-૧૯ સુધી** |
| અમદાવાદ | ૩૬૪ | ૮૧૨ | ૭૩૩૬ | ૩૬૪ | ૮૧૨ પ્રગતીમાં | ૭૩૬૬ પ્રગતીમાં |
| વડોદરા | ૬૧૨૭ | ૨૦૯૯ | ૨૧૮૨ | ૪૨૦૨ | ૧૮૪૫ | -- |
| **કુલ** | **૬૪૯૧** | **૨૯૧૧** | **૯૫૧૮** | **૪૫૬૬** | **૧૮૪૫, ૮૧૨ પ્રગતીમાં** | **૭૩૬૬ પ્રગતીમાં** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત આવાસ બનાવવા કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) ઉક્ત આવાસ બનાવવા ચૂકવવામાં આવેલ રકમ નીચે મુજબ છે. |

| **શહેર** | **આવાસ બનાવવા ચૂકવવામાં આવેલ રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|
| અમદાવાદ | ૬૭.૯૩ |
| વડોદરા | ૨૫૨.૮૩ |

---------

**વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી**

૧૯૫૯૧ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ઉદ્યોગ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવી, અને | (૨) **પત્રક-૧** મુજબ. |
| (૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શાં છે? | (૩) **પત્રક-૨** મુજબ. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

અતારાંકિત પ્રશ્નો

## ગુજરાત દીપોત્સવી અંકની નકલો છપાવવાનો ખર્ચ

૧૯૬૯૧ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતાં ગુજરાતના દિપોત્સવી અંકની વર્ષવાર કેટલી નકલો છપાવવામાં આવી અને વર્ષવાર કેટલો ખર્ચ થયો,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ગુજરાતના દિપોત્સવી અંકની વર્ષવાર છપાયેલ નકલો અને વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. :–

| વર્ષ | છપાયેલ નકલો | ખર્ચ રૂ. |
|---|---|---|
| તા.૧–૬–૨૦૧૭ થી તા.૩૧–૫–૨૦૧૮ | ૧૫,૦૦૦ | ૨૨,૯૮,૫૩૨/– |
| તા.૧–૬–૨૦૧૮ થી તા.૩૧–૫–૨૦૧૯ | ૧૦,૦૦૦ | ૯,૬૨,૦૪૮/– |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે વર્ષવાર કેટલાં અંકો મફત વિતરણ કરાયા અને કેટલા અંકો વેચાણથી આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૨) માહિતી ખાતા દ્વારા વર્ષવાર મફત વિતરણ કરાયેલ અંકો તેમજ વેચાણથી આપવામાં આવેલ અંકોની વિગતો નીચે મુજબ છે. :–

| વર્ષ | વિનામૂલ્યે વિતરણ કરાયેલ નકલો | વેચાણ કરાયેલ નકલો |
|---|---|---|
| તા.૧–૬–૨૦૧૭ થી તા.૩૧–૫–૨૦૧૮ | ૮,૫૨૦ | ૬,૪૮૦ |
| તા.૧–૬–૨૦૧૮ થી તા.૩૧–૫–૨૦૧૯ | ૫,૦૯૧ | ૪,૯૦૯ |

**પ્રશ્ન**

(૩) વેચાણ પેટે વર્ષવાર કેટલી આવક થઈ ?

**જવાબ**

(૩) માહિતી ખાતા દ્વારા વર્ષવાર અંકોના વેચાણ પેટે થયેલ આવકની વિગતો નીચે મુજબ છે. :–

| વર્ષ | વેચાણ પેટે થયેલ આવક રૂ. |
|---|---|
| તા.૧–૬–૨૦૧૭ થી તા.૩૧–૫–૨૦૧૮ | ૧,૯૩,૫૬૦/– |
| તા.૧–૬–૨૦૧૮ થી તા.૩૧–૫–૨૦૧૯ | ૧,૩૦,૨૪૬/– |

---------

## નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં પકડાયેલ દારૂ

૧૯૭૧૮ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

**જવાબ**

(૧)

| જિલ્લા | તાલુકા | દેશી દારૂની કિંમત (રૂપિયા) | વિદેશી દારૂની કિંમત (રૂપિયા) | બિયરની કિંમત (રૂપિયા) |
|---|---|---|---|---|
| નર્મદા | સાગબારા | ૨૭,૧૦૦ | ૧૮,૩૬,૧૫૦ | ૧,૬૫,૫૦૦ |
| | ડેડીયાપાડા | ૨૫,૧૬૦ | ૧૭,૦૪,૬૬૦ | ૧,૩૦,૪૦૦ |
| | ગરૂડેશ્વર | ૪૪,૫૨૦ | ૬,૦૬,૦૮૫ | ૬૭,૫૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | તિલકવાડા | ૩૫,૬૪૦ | ૧,૩૪,૩૦૦ | ૩૫,૬૦૦ |
| | નાંદોદ | ૧,૮૪,૮૪૦ | ૯,૭૬,૬૯૫ | ૩,૫૯,૧૦૦ |
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૪૪,૫૪૦ | ૨,૪૮,<br>૭૨,૨૨૩ | ૪૩,૮૩,૪૦૦ |
| | ક્વાંટ | ૨૨,૦૨૦ | ૯૫,૭૧,૮૪૨ | ૨૮,૯૯,૩૯૦ |
| | જેતપુર પાવી | ૯૬,૬૮૦ | ૯૩,૪૮,૭૨૦ | ૭,૯૮,૧૬૫ |
| | બોડેલી | ૭૪,૭૮૦ | ૭૦,૯૩,૦૭૭ | ૧૨,૭૮,૭૯૫ |
| | સંખેડા | ૩૪,૭૧૦ | ૫,૪૨,૫૪૩ | ૩,૫૦,૩૦૦ |
| | નસવાડી | ૩૭,૩૭૦ | ૩૯,૯૩,૮૦૨ | ૬,૮૨,૨૮૫ |

(૨) કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૨) છોટાઉદેપુર

(૩) સૌથી વધુ દારૂ પકડાયો હોય તે પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીઓ સામે શા પગલાં લીધા, અને

(૩) રોકડ દંડની શિક્ષા કરેલ છે.

(૪) દારૂનું વેચાણ અટકાવવા સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યા ?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ–વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઇ કરી છે. દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઇ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખ થી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઇ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો અદાલતમાંથી પણ છોડાવી ન શકાય તેવી જોગવાઇ દાખલ કરવામાં આવી છે.સ્ટેટ મોનિટરીંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરીયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. નાસતા–ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઇવનું આયોજન કરી, આવા ઇસમો વિરૂદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન–૯૩ જેવા અટકાયતી પગલા લેવામાં આવે છે.

---------

**રાજ્યમાં BOOT અન્વયે ખાનગી બંદરના કરારની મુદત વધારવાની પડતર દરખાસ્તો**

૧૯૬૫૯ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં BOOT અન્વયે ખાનગી બંદરના કરારની મુદ્દત વધારવાની કેટલી દરખાસ્તો પડતર છે, અને

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં BOOT અન્વયે ખાનગી બંદરના કરારની મુદ્દત વધારવાની નીચે મુજબની દરખાસ્તો મળેલ છે.

| | |
|---|---|
| | ૧. મુન્દ્રા<br>૨. પીપાવાવ<br>૩. પેટ્રોનેટ એલ.એન.જી.–દહેજ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કરાર અન્વયે કયા બંદરોની કઈ જેટી પર થયેલ ખર્ચ સામે કેટલું સેટઅપ જમા થયું અને કેટલી રકમ હાલના કરાર મુજબ ૩૦ વર્ષની મુદ્દતે ખર્ચ સામે ચૂકવવાની થશે ? | (૨) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ સેટ–ઓફ જમા થયેલ છે.<br>૧. મુન્દ્રા–આશરે ૩૭૭૧.૯૫ કરોડ<br>૨. પીપાવાવ–આશરે ૬૮૦.૬૬ કરોડ<br>ઉપરોક્ત બંદરો સિવાય બીજા કોઇ બંદરને સેટઓફ આપવાનું થતું નથી.<br>હાલમાં, ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા કોસ્ટ વેરિફિકેશનની કામગીરી પ્રગતિમાં છે જે પૂર્ણ થયા બાદ જ ચૂકવવાની રહેતી રકમ નક્કી થઈ શકશે. |

---------

**આણંદ જિલ્લા પંચાયતને ફાળવેલ ગ્રાન્ટ ઇન એઈડની રકમ**

૧૮૩૧૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવેલ છે, અને | (૧) કુલ રૂા.૨૨૪૭૬.૧૯ લાખ |
| (૨) ઉક્ત સમયગાળામાં આણંદ જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે? | (૨) કુલ રૂા.૬૨૬.૬૪ લાખ |

---------

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં જેલોમાં નિરીક્ષણ**

૧૯૬૨૭ **શ્રી સોમાભાઇ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રીઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલોના વોર્ડ, યાર્ડ, બૅરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું, | (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં એકપણ મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ નથી. |

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| રાજકોટ મધ્યસ્થ જેલ જિલ્લો : રાજકોટ | ૦૩–૧૧–૨૦૧૭<br>૧૪–૦૩–૨૦૧૮<br>૨૬–૧૨–૨૦૧૮<br>૩૧–૦૫–૨૦૧૯ |

| | |
|---|---|
| (૩) નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ખામીઓ/ક્ષતિઓ સામે આવી, અને | (૩) કોઇ ક્ષતિ કે ખામી જણાય આવેલ નથી. |
| (૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટણ જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૦ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે | (૧) ૩૩ એકમોની અરજીઓ |

વર્ષમાં પાટણ જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ?

(૨) ૧૨ એકમોને રૂ.૧૪૫.૪૪ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**ડેમેજ હાર્ડડિસ્કમાંથી ડેટા મેળવવા સવલત**

૧૮૭૫૨ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ.માં ડેમેજ હાર્ડડિસ્કમાંથી ડેટા મેળવવાની સવલત ઉપલબ્ધ છે કે કેમ, અને

(૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ડેમેજ હાર્ડડિસ્કમાંથી ડેટા મેળવવા બાબતે કેટલા કેસો/નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ડેમેજ હાર્ડડિસ્કમાંથી ડેટા મેળવવા બાબતે કુલ–૧૯ કેસોના ૧૦૫ નમૂનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

---------

**ખાણ અને ખનીજના નિયમો બનાવવા ખાનગી એજન્સીને કામ સોંપવા બાબત**

૧૯૫૯૯ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ખાણ અને ખનીજના નિયમો બનાવવા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવેલ છે,

(૨) ઉકત એજન્સીને કામ આપવા સરકાર દ્વારા ક્યારે મંજૂરી આપવામાં આવેલ, અને

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં ખાણ અને ખનીજના નિયમો બનાવવા કોઈપણ ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી**

૧૮૩૦૭ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉકત સ્થિતિએ આણંદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા આણંદ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૧૭ સીએનજી સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા આણંદ જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ખંભાત, પેટલાદ, તારાપુર તથા આંકલાવ તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

**ભાવનગર શહેરમાં બનાવેલ શેલ્ટર હોમ**

૧૯૬૭૭ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શેલ્ટર હોમ માટે કેટલી રકમ ફાળવવામાં

**જવાબ**

(૧) ભાવનગર શહેરને ફાળવવામાં આવેલ ગ્રાન્ટની વિગતો.

આવી, અને

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૭-૧૮ | ૫૪.૧૨ |
| ૨૦૧૮-૧૯ | ૫૪.૧૨ |

(૨) ઉકત ફાળવેલ રકમ પૈકી ભાવનગર શહેરમાં કેટલા ખર્ચે કેટલા શેલ્ટર હોમ બનાવવામાં આવ્યા ?

(૨) ૪ શેલ્ટર હોમના નવીનીકરણની કામગીરી રૂ.૧૦૮.૨૪ લાખના ખર્ચે પૂર્ણ.

---------

**એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ**

૧૮૭૧૬ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કુલ-૧૧૮૯ કેસોના ૯૩૯૧ નમુનાનું પૃથક્કરણ કરવામાં આવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૬૩ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૩૧૦ અરજીઓ.

(૨) ઉકત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ?

(૨) ૨૩૩ એકમોને રૂ.૨૬૧૮.૬૯ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ ની જગ્યાઓ**

૧૮૩૨૬ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનર કચેરી ખાતે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૧) ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનર કચેરી ખાતે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગની ૫૫ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ જગ્યા પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગની ઉક્ત કુલ જગ્યાઓ પૈકી ૨૬ જગ્યાઓ ભરાયેલ છે તથા ૨૯ જગ્યાઓ ખાલી છે.

(૩) ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

(૩) મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ સંવર્ગની ભરતી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા પસંદગી પ્રક્રિયા હેઠળ છે. બઢતીથી ભરવાની જગ્યાઓ માટેની પ્રક્રિયા ચાલુમાં છે.

---------

**સુરત જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી**

૧૮૩૧૪ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી

(૧) હા, જી.

માટે ગ્રાન્ટ ફાળવણી કરવા સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે ?

(૨)

| વર્ષ | તાલુકો | રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | માંડવી | ૨૧.૦૦ |
| | માંગરોળ | ૨૬.૧૬ |

---------

**ધોલેરા સરમાં ઉદ્યોગકારો દ્વારા થયેલ એમઓયુ**

૧૯૬૨૧ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ધોલેરા સરમાં કેટલા ઉદ્યોગો સ્થાપવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા ઉદ્યોગકારો દ્વારા ઉક્ત સ્થિતિએ એમઓયુ કરેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ એમઓયુ થયેલ કેટલા એકમોએ ઉત્પાદન શરૂ કર્યુ અને કેટલા એકમો પ્રારંભિક તબક્કે છે, અને

(૪) ઉક્ત તમામ એકમો ક્યાં સુધીમાં કાર્યરત થશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ધોલેરા સરમાં કોઈ ઉદ્યોગો સ્થાપવામાં આવેલ નથી.

(૨) કુલ ૨૧ ઉદ્યોગોએ એમઓયુ કરેલ છે.

(૩) મે.ટૉરેન્ટ પાવર લિ.એ પાવર સબ-સ્ટેશન બનાવવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે.

(૪) મે.ટાટા કેમિકલ્સ લિ. દ્વારા ઈલેક્ટ્રોનિક વિહીકલની બેટરીના ઉત્પાદન માટે ટૂંક સમયમાં એકમ માટેનું માળખું તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

---------

**સાબરકાંઠા જિલ્લા પંચાયતને ફાળવેલ ગ્રાન્ટ ઈન એઈડની રકમ**

૧૮૩૨૪ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસૂલ કરેલ રોયલ્ટીની રકમમાંથી કેટલી રકમ જિલ્લા પંચાયતોને ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સમયગાળામાં સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| અ.નં. | વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૮,૪૬૮.૩૭ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૪,૦૦૭.૮૨ |
| | **કુલ** | **૨૨,૪૭૬.૧૯** |

(૨) રૂ.૧૬૮૮.૨૧ લાખ.

---------

**મોરબી જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી**

૧૮૩૦૩ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ મોરબી જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા મોરબી જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૧૨ સીએનજી સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા મોરબી જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા માળિયા, મોરબી, ટંકારા તથા વાંકાનેર તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

## અરવલ્લી જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

૧૮૩૬૦ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજી મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૭૬ એકમોની

(૨)

| વર્ષ | એકમો |
|---|---|
| ૨૦૧૭–૧૮ | ૨૪ |
| ૨૦૧૮–૧૯ | ૨૧ |

(૩) ૧૧૭ એકમોને રૂ.૧૦૦૬.૯૯ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

## ડાંગ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો

૧૮૭૭૬ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ–૦૮ રહેણાંકના મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

ઉક્ત કુલ–૦૮ રહેણાંક મકાનો માટે તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ ૧૧૬.૧૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

## કપરાડા, ધરમપુર અને વાંસદા તાલુકાઓમાં ઘર વપરાશ માટે ગેસ પૂરો પાડવો

૧૯૭૩૮ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લામાં કપરાડા, ધરમપુર અને વાંસદા તાલુકાઓમાં ઘરવપરાશ માટે ગેસ પૂરો પાડવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરી ગેસ કનેક્શન પૂરા પાડવામાં આવશે?

**જવાબ**

| (૧) જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રીઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું, | (૨) |

| જેલનું નામ | નિરીક્ષણની તારીખ |
|---|---|
| પાલનપુર જિલ્લા જેલ જિલ્લો : બનાસકાંઠા | ૨૭–૦૬–૨૦૧૭ |
| | ૧૮–૧૧–૨૦૧૭ |
| | ૦૯–૧૨–૨૦૧૮ |
| | ૧૦–૦૪–૨૦૧૯ |

પાટણ જિલ્લામાં એકપણ મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ નથી.

(૩) નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ખામીઓ/ક્ષતિઓ સામે આવી, અને

(૩) કોઇ ક્ષતિ કે ખામી જણાય આવેલ નથી.

(૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ મહાનગરપાલિકાના ૪૮ વોર્ડમાં પાણી પૂરૂં પાડવા બાબત**

૧૯૫૫૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકામાં આવેલ ૪૮ વોર્ડમાં પાણી દૈનિક કેટલા સમય માટે પૂરું પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં પાણી પૂરું પાડવાની પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો આ વોર્ડમાં પ્રજાજનોને ઘરેઘરે પાણી પૂરું પાડવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૪) કેટલા સમયમાં ઉક્ત વોર્ડોમાં ઘરેઘરે પાણી પૂરું પાડવામાં આવશે?

**જવાબ**

(૧) ૨(બે) કલાક

(૨) દક્ષિણ ઝોનમાં બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં અમુક વિસ્તારમાં જરૂરીયાત મુજબ ટેન્કરથી પાણી પુરું પાડવામાં આવે છે.

(૩)

- બહેરામપુરા વોર્ડમાં નવી વસાહત વિસ્તારમાં બોરથી પાણીના નેટવર્ક દ્વારા તેમજ બાકી રહેતા વિસ્તારમાં પબ્લીક ટેપ દ્વારા અને વિવિધ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કથી ઘરેઘરે પાણી પૂરું પાડવાનું આયોજન કરેલ છે.
- લાંભા વોર્ડમાં નવો બોર તથા નવી પાણીની ટાંકી બનાવવામાં આવેલ છે. તેમજ સૈજપુર વિસ્તારમાં નવી પાણીની ટાંકી તથા નેટવર્ક નાંખવાની કામગીરી ચાલુમાં છે.
- વટવા વોર્ડમાં સ્મૃતિમંદિર ખાતેની હયાત અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની ક્ષમતા વધારવા તથા ઓવર હેડ ટાંકીની કામગીરી ચાલુમાં છે.

(૪) બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કની કામગીરી પૂર્ણ થયેથી.

---------

**રાજકોટ મધ્યસ્થ જેલ અને જામનગર જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ**

૧૮૭૨૫ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ–દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ મધ્યસ્થ જેલ તથા જામનગર જેલમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે કે કેમ,અને

(૨) જો હા, તો કુલ કેટલા કેદીઓને જિલ્લાવાર કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| જિલ્લો | કાયદાકીય સલાહ | કાયદાકીય સહાય |
|---|---|---|
| રાજકોટ | ૧૧૫૭ | ૪૬ |
| જામનગર | ૬૦ | ૪૨ |

---------

અતારાંકિત પ્રશ્નો

**ગુન્હામાં વપરાયેલ ફાયર આર્મ્સ અને બુલેટના ખોખાઓનો ડેટાબેઝ**

૧૮૭૨૪ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં ગુન્હામાં વપરાયેલ ફાયર આર્મ્સ, બુલેટ તથા કારતૂસના ખોખાઓનો ડેટાબેઝ જાળવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સદરહુ ડેટાબેઝની ઉપયોગીતા શી છે? | (૨) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ગુન્હા સંબંધિત કબ્જે લેવાયેલ બુલેટ, ફાયર થયેલ કારતૂસના ખોખા અને કબ્જે લેવાયલ હથિયારમાંથી લેબોરેટરીમાં કરેલ ટેસ્ટ ફાયર બુલેટ તથા કારતુસના ખોખા પરના ફાયર આર્મ્સની લાક્ષણિકતાઓ જેવી કે ફાયરીંગ પીન માર્કસ, બ્રીચ ફ્રેસ માર્કસ, રાઈફલીંગ માર્કસ વિગેરેનો સરખામણી કરવા માટે ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈડેન્ટીફિકેશન સીસ્ટમનો ઉપયોગ કરી ડેટાબેઝ તૈયાર કરવામાં આવે છે. આ ડેટાબેઈઝની મદદથી અલગ અલગ ગુન્હાઓને સાંકળી ફાયર આર્મ્સથી થયેલા અને વણઉકેલાયેલ ગુન્હાઓનો ઉકેલ લાવી શકાય છે. |

---------

**બરવાળા નગરપાલિકામાં અન્ડરગ્રાઉન્ડ ગટરલાઈનનું કામ યોગ્ય રીતે ન થતું હોવાની ફરીયાદ**

૧૯૬૮૧ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બરવાળા નગરપાલિકામાં અન્ડરગ્રાઉન્ડ ગટર લાઈનનું કામ યોગ્ય રીતે થયું/ થતું ન હોવા અંગેની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) આવી કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો આ ફરિયાદ અન્વયે સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૮૭૫૮ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૬૮૪૯ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો**

૧૮૭૭૨ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને<br>(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૧) અને (૨)<br>તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/કર્મચારીઓ માટે કુલ–૧૬૬ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને |

ઉક્ત કુલ -૧૬૬ રહેણાંકના મકાનોના રૂ.૧૮૭૫.૨૨ લાખના પ્રોજેક્ટ પૈકી તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ કુલ ૫૨૯.૭૨ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

---------

**મોરબી અને ભાવનગર જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

૧૯૬૩૯ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૨૦૧૭ અન્વયે મોરબી અને ભાવનગર જીલ્લામાં જીલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઇ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | સમગાળો | | | |
|---|---|---|---|---|
| | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
| | બ્લોકની સંખ્યા | જથ્થો મે. ટન | બ્લોકની સંખ્યા | જથ્થો મે. ટન |
| મોરબી | શૂન્ય | શૂન્ય | ૧ | ૧,૦૯,૭૭૧ |
| ભાવનગર | ૩ | ૭,૦૫,૧૪૬ | શૂન્ય | શૂન્ય |

(૨)

| એજન્સીનું નામ | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ડી.એચ.જીઓ કન્સલટન્સી | ૦.૭૦ |
| એસ.બી.આઇ. કેપિટલ માર્કેટ્સ લિ. | ૯.૪૫ |
| એન કોડ સોલ્યુશન્સ (એ ડીવીઝન ઓફ જીએનએફસી લી.) | ૧.૦૬ |

---------

**ખેડા જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૮૪૦૨ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૬ એકમોની.

(૨) ૬ એકમોને રૂ.૨૫.૫૧ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**કચ્છ અને અમદાવાદ જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

૧૯૫૭૬ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૨૦૧૭ અન્વયે કચ્છ અને અમદાવાદ જીલ્લામાં જીલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | સમગાળો | | | |
|---|---|---|---|---|
| | તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૮ | | તા.૦૧-૦૬-૨૦૧૮ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | |
| | બ્લોકની સંખ્યા | જથ્થો મે. ટન | બ્લોકની સંખ્યા | જથ્થો મે. ટન |
| કચ્છ | ૦૪ | ૧૧,૮૮,૦૦૦ | ૨૨ | ૧૭,૯૯,૪૦૯ |

| | | | | |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૦૩ | ૧૨,૦૫,૮૦૫ | ૧૨ | ૩૬,૦૪,૪૮૧ |

(૨) ઉક્ત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઇ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨)

| એજન્સીનું નામ | ચૂકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ડી. એચ. જીઓ કન્સલટન્સી | ૪.૦૦ |
| જીઓ માઈનીંગ કન્સલ્ટન્ટ | ૨.૪૧ |
| ઈ-સ્કવેર જીઓ સર્વિસ | ૩.૭૪ |
| એસ બી આઇ કેપિટલ માર્કેટ્સ લિ. | ૧૮.૪૦ |
| પ્રાઈસવોટર હાઉસ કુપર્સ પ્રા.લી. | ૨.૭૭ |
| એન કોડ સોલ્યુશન્સ (એ ડીવીઝન ઓફ જીએનએફસી લી.) | ૧.૧૭ |

---------

**અમરેલી જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપિટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૮૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૯ એકમોની |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ? | (૨) ૭૪ એકમોને ૫૧૮.૧૫ લાખ રકમનું ચૂંકવણું કરવામાં આવ્યું. |

---------

**આણંદ જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૮૪૦૧ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૮ એકમોની અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧૧ એકમોને રૂ.૩૫.૬૭ લાખની રકમનું ચૂંકવણું કરવામાં આવ્યું. |

---------

**ભાવનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપિટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૨ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૭૭ એકમોની |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧૪૪ એકમોને રૂ.૧૦૭૪.૦૨ લાખની રકમનું ચૂંકવણું કરવામાં આવ્યું. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૩૩ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે | (૧) ૨૪ એકમોની |

વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું ?

(૨) ૨૪ એકમોને રૂ.૧૫૩.૫૩ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

**અમદાવાદ શહેરમાં નકલી પોલીસ બનીને લોકોને હેરાન કરતા આરોપીઓ**

૧૯૬૧૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાંથી નકલી પોલીસ બનીને લોકોને હેરાન કરતા, પૈસા ઉઘરાવતા અને ડરાવતા કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત પકડવામાં આવેલ આરોપીઓ પૈકી કેટલા આરોપીઓ એક કરતાં વધુ વખત પકડાયા?

**જવાબ**

(૧)

| | **પકડાયેલ આરોપી** |
|---|---|
| તા.૦૧–૦૬–૨૦૧૭ થી તા.૩૧–૦૫–૨૦૧૮ | ૧૭ |
| તા.૦૧–૦૬–૨૦૧૮ થી તા.૩૧–૦૫–૨૦૧૯ | ૧૮ |

(૨) એકપણ નહી

---------

**મહેસાણા જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ –૨૦૧૨ હેઠળ અરજીઓ**

૧૮૪૧૦ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલીસી–૨૦૧૨ હેઠળ ટેક્સટાઇલ ક્ષેત્રની તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્પીનીંગ એકમો મંજૂર કરવામાં આવ્યા,

(૨) આ સ્પીનીંગ એકમોમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવેલ છે, અને

(૩) આ સ્પીનીંગ એકમોમાં કેટલી સ્પીંડલ સ્થાપિત થયેલ છે ?

**જવાબ**

(૧) ૬

(૨) રૂ. ૪૮૮.૫૯ કરોડ

(૩) ૧,૫૦,૮૧૬

---------

**આણંદ અને અમદાવાદ જિલ્લામાં જેલોમાં નિરીક્ષણ**

૧૯૬૮૭ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રીઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને અમદાવાદ જિલ્લામાં ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) હા, જી.

(૨) આણંદ જિલ્લામાં એકપણ મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ નથી.

| **જેલનું નામ** | **નિરીક્ષણની તારીખ** |
|---|---|
| અમદાવાદ મધ્યસ્થ જેલ<br>જિલ્લો : અમદાવાદ | ૨૦–૦૬–૨૦૧૭<br>૧૧–૧૦–૨૦૧૭<br>૧૦–૦૧–૨૦૧૮<br>૦૭–૦૩–૨૦૧૮<br>૦૮–૦૩–૨૦૧૮ |

| | |
|---|---|
| | ૦૪-૦૪-૨૦૧૮<br>૧૯-૦૪-૨૦૧૮<br>૨૭-૦૫-૨૦૧૮<br>૧૬-૦૭-૨૦૧૮<br>૧૫-૦૯-૨૦૧૮<br>૩૦-૧૨-૨૦૧૮<br>૨૧-૦૪-૨૦૧૯<br>૨૨-૦૪-૨૦૧૯<br>૨૫-૦૪-૨૦૧૯<br>૨૪-૦૫-૨૦૧૯<br>૨૮-૦૫-૨૦૧૯<br>૩૧-૦૫-૨૦૧૯ |

(૩) નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ખામીઓ/ક્ષતિઓ સામે આવી, અને

(૩) કોઇ ક્ષતિ કે ખામી જણાય આવેલ નથી.

(૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે?

(૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં આવે છે.

---------

**તાપી અને સુરત જિલ્લામાં જેલોમાં નિરીક્ષણ**

૧૯૭૨૭ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રીઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ-૧૯૭૫ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું,

(૨) તાપી જિલ્લામાં એકપણ મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ નથી.

| **જેલનું નામ** | **નિરીક્ષણની તારીખ** |
|---|---|
| લાજપોર મધ્યસ્થ જેલ<br>જિલ્લો : સુરત | ૨૩-૦૯-૨૦૧૭<br>૩૦-૧૧-૨૦૧૭<br>૨૯-૧૨-૨૦૧૮<br>૦૪-૦૫-૨૦૧૯ |

(૩) નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ખામીઓ/ક્ષતિઓ સામે આવી, અને

(૩) કોઇ ક્ષતિ કે ખામી જણાય આવેલ નથી.

(૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૭ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૬૯ એકમોની અરજીઓ

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યું?

(૨) ૩૦૬ એકમોને રૂ.૨૭૨૨.૪૩ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જીલ્લામાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના**

૧૮૪૦૬ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ અંતર્ગત ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ પ્રોત્સાહન મેળવવા માટે કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને

(૩) આ અરજીઓ થકી કેટલું સંભવિત મૂડીરોકાણ અને રોજગારી ઉભી થનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ–૨૦૧૫ અંતર્ગત ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ પ્રોત્સાહન મેળવવા માટે કુલ–૩૦ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે.

(૨) તે પૈકી–૨૨ અરજીઓના રજીસ્ટ્રેશન મંજૂર થયેલ છે.

વધુમાં રજિસ્ટ્રેશન આપેલ એકમો પૈકી ૧ એકમને પ્રોવિઝનલ એલીબીજીટી સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવેલ છે, અને

(૩) આ મંજૂર થયેલ અરજીઓ થકી કુલ રૂ.૨૪૪૯૮૦.૪૯ લાખનું સંભવિત મૂડીરોકાણ અને ૭૪૬૦ ની રોજગારી ઉભી થનાર છે.

---------

**જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી**

૧૯૬૫૪ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌણ ખનીજ નિયમો–૨૦૧૭ અન્વયે જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (ક્વોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને

(૨) ઉકત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | | | |
|---|---|---|---|---|
| | **તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૮** | | **તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૩૧/૦૫/૨૦૧૯** | |
| | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** | **બ્લોકની સંખ્યા** | **જથ્થો મે.ટન** |
| જૂનાગઢ | શૂન્ય | શૂન્ય | ૮ | ૭,૯૩,૦૬૩ |

(૨)

| **એજન્સીનું નામ** | **ચૂકવેલ રકમ રૂ.લાખમાં** |
|---|---|
| સોહમ ફેરો મેગ્નેસ પ્રા.લિ. | ૨.૪૫ |
| પ્રાઇસ વોટર હાઉસ કુપર્સ પ્રા.લિ. | ૨.૪૬ |

---------

**સુરત શહેરમાં મુખ્યમંત્રી આવાસ યોજના**

૧૯૭૨૪ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૧૯ની સ્થિતિએ સુરત શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૧૯ની સ્થિતિએ સુરત શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી આવાસ યોજના અન્વયે ૬૨૮૬૩ અરજીઓ મળી, વર્ષવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે :–

| | **વર્ષ ૨૦૧૭–૧૮** | **વર્ષ ૨૦૧૮–૧૯** | **તા.૦૧–૦૪–૧૯ થી તા.૩૧–૦૫–૧૯ સુધી** |
|---|---|---|---|
| **અરજીઓ મળી** | **૩૩૧૩૦** | **૩૧૫૭** | **૨૫૫૭૬** |

(૨) તે પૈકી વર્ષવાર અરજીઓ મંજૂર કરી તેની તેમજ

આવાસ બનાવ્યા, અને,

આવાસ બનાવ્યાની વિગત નીચે મુજબ છે.

| | વર્ષ ૨૦૧૭-૧૮ | વર્ષ ૨૦૧૮-૧૯ | તા.૦૧-૦૪-૧૯ થી તા.૩૧-૦૫-૧૯ સુધી |
|---|---|---|---|
| અરજી મંજૂર કરી | ૨૪૬૪૬ | ૧૮૬૯ | ૨૫૫૭૬ અરજીઓ ચકાસણી હેઠળ છે. |
| આવાસ બનાવાયા | ૨૨૬૪ | ૫૨૯૪ | ૧૬૧૬ |

(૩) ઉક્ત આવાસ બનાવવા કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩) ઉક્ત આવાસ બનાવવા માટે રૂ.૬૫૪.૯૯ કરોડ ચૂકવવામાં આવ્યા.

---------

## આણંદ અને અમદાવાદ જિલ્લામાં પકડાયેલ દારૂ

૧૯૬૯૩ **શ્રી પુનમભાઇ પરમાર** (સોજિત્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૨) કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૩) સૌથી વધુ દારૂ પકડાયો હોય તે પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીઓ સામે શાં પગલાં લીધા, અને

(૪) દારૂનું વેચાણ અટકાવવા સરકાર દ્વારા શા પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ**

(૧) **પત્રક** મુજબ

(૨) બગોદરા

(૩) ખાતાકીય કાર્યવાહી હાથ ધરેલ છે.

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેર-ફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓને અદાતલમાંથી પણ છોડાવી ન શકાય તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા

અટકાયતી પગલા લેવામાં આવે છે.

**પત્રક**

| તા.૦૧-૦૬-૨૦૧૭ થી તા.૩૧-૦૫-૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **દેશી દારૂ (રૂપિયા)** | **વિદેશી દારૂ (રૂપિયા)** | **બિયર (રૂપિયા)** |
| આણંદ | આણંદ | ૨,૧૭,૩૪૦ | ૧,૭૪,૯૧,૫૫૦ | ૧૧,૯૮,૩૭૩ |
| | ઉમરેઠ | ૩૨,૨૪૦ | ૧૦,૧૯,૦૧૦ | ૧,૨૯,૫૬૦ |
| | પેટલાદ | ૪૬,૮૦૦ | ૬૩,૬૧,૬૫૫ | ૭,૪૯,૬૭૦ |
| | બોરસદ | ૬૪,૯૨૦ | ૧,૫૩,૨૫,૫૦૪ | ૨,૯૨,૧૦૦ |
| | આંકલાવ | ૬૪,૫૮૦ | ૧૪,૭૮,૦૨૦ | ૪,૧૩,૪૫૦ |
| | ખંભાત | ૨૪,૫૨૦ | ૩,૨૬,૦૨૦ | ૧,૮૦૦ |
| | સોજીત્રા | ૯,૩૮૦ | ૫૬,૭૯,૦૫૦ | ૬૩,૧૫૦ |
| | તારાપુર | ૯,૮૦૦ | ૩૫,૨૪,૭૩૦ | ૯૭,૨૦૦ |
| અમદાવાદ શહેર | અમદાવાદ શહેર | ૩૮,૬૦,૯૪૦ | ૮,૩૫,૮૫,૩૯૧ | ૪૧,૮૪,૩૦૪ |
| અમદાવાદ ગ્રામ્ય | વિરમગામ | ૩૫,૪૨૦ | ૧,૧૨,૮૭,૭૯૦ | ૫,૧૪,૪૫૦ |
| | માંડલ | ૨૨,૩૨૦ | ૧૯,૭૦,૫૦૦ | ૬૬,૫૦૦ |
| | દેત્રોજ | ૨૦,૫૦૦ | ૭૫,૯૪,૦૫૦ | ૭૦,૦૦૦ |
| | ધોળકા | ૪૨,૩૦૦ | ૩૯,૫૭,૯૦૮ | ૪૪,૦૦૦ |
| | બાવળા | ૩૯,૨૦૦ | ૩,૭૩,૯૮,૪૯૦ | ૨૪,૯૨,૩૦૦ |
| | ધંધુકા | ૩૮,૫૦૦ | ૧૧,૬૦,૬૯૦ | ૨,૮૦૦ |
| | ધોલેરા | ૪,૨૨૦ | ૨૫,૦૯,૩૦૦ | ૨૯,૫૦૦ |
| | સાણંદ | ૧,૦૪,૨૬૦ | ૯૧,૯૫,૫૨૬ | ૮૭,૫૪૫ |
| | દસક્રોઇ | ૨,૬૦,૯૪૦ | ૪,૭૨,૬૯,૫૪૪ | ૯,૬૧,૧૯૫ |
| | સી.ટી. | ૬૭,૧૬૦ | ૪૬,૭૧,૮૨૦ | ૧,૪૩,૧૦૦ |

--------

**ગીર સોમનાથ અને છોટા ઉદેપુર જિલ્લામાં ક્વોરી લીઝોની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા તપાસણી**

૧૯૬૬૦ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ અને છોટા ઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કાળા પથ્થર, કપચી જે બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફ્લાઈંગ સ્કવોડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **ક્વોરી લીઝોની સંખ્યા** |
|---|---|
| ગીર સોમનાથ | ૨૩ |
| છોટાઉદેપુર | ૧૪ |

(૨)

- ઇન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS)થી જિલ્લાના તમામ લીઝહોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતું હોય છે.
- ૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ગીર સોમનાથ | ૧૪ | ૧૪.૫૩ |
| છોટાઉદેપુર | ૪ | ૪.૦૫ |

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે?

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલીફો અન્વયે સરકારશ્રીમાં રજૂ આત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/ ૧૮૦/ છ, તા.૦૬/૧૨/૨૦૧૮થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

**ખેડા જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૮૪ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૫૮ એકમોની અરજીઓ

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ?

(૨) ૫૮ એકમોને રૂ.૫૦૨.૧૬ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાસગુજ પ્રોજેક્ટ**

૧૮૭૪૦ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા ૧(એક) વર્ષમાં સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધાર્મિક સ્થળો આવરી લેવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

(૨) સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા મંદિર ધાર્મિક સ્થળને આવરી લેવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલીસી-૨૦૧૨ હેઠળ અરજીઓ**

૧૮૪૦૯ **શ્રી જગદીશ પંચાલ** (નિકોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્સટાઇલ પોલીસી-૨૦૧૨ હેઠળ ટેક્સટાઇલ ક્ષેત્રની તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૮૮

(૨) આ એકમોમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે?

(૨) રૂ. ૪૧૪૯.૫૭ કરોડ

---------

**આણંદ જિલ્લામાં એમએસએમઇ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૮૧ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે

(૧) ૧૧૬ એકમોની અરજીઓ

વર્ષમાં આણંદ જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ?

(૨) ૬૫ એકમોને રૂ.૫૮૭.૮૩ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ક્વોરી લીઝોની ફ્લાઈંગ સ્ક્વોર્ડ દ્વારા તપાસણી**

૧૯૬૭૮ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કાળા પથ્થર, કપચી જે બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી, અને

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧)

| જિલ્લો | ક્વોરી લીઝોની સંખ્યા |
|---|---|
| ભાવનગર | ૭૭ |
| બોટાદ | ૫૦ |

(૨) ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS)થી જિલ્લાના તમામ લીઝ હોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતું હોય છે.

૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ભાવનગર | ૧૮ | ૪૨.૩૫ |
| બોટાદ | ૪૮ | ૩૫.૩૭ |

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલીફો અન્વયે સરકારશ્રીમાં રજૂ આત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/ ૧૮૦/ છ, તા.૦૬/૧૨/૨૦૧૮થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

**સુરત ગ્રામ્ય જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૧૮૭૫૪ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત ગ્રામ્ય જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૪૪૦૫

**મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાંકના મકાનો**

૧૮૭૪૧ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને<br>(૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૧) અને (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં પોલીસ માટે કુલ–૦૬ બિન–રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને<br>ઉકત કુલ–૦૬ બિન–રહેણાંકના મકાનોના રૂ.૩૭૩.૪૦ લાખના પ્રોજેકટ પૈકી તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ કુલ ૧૧૭.૬૦ લાખની રકમનો ખર્ચ થયેલ છે. |

---------

**ભરૂચ જિલ્લામાં ગેસ પાઈપલાઈન**

૧૮૨૮૮ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં પાઈપલાઈન મારફતે રાંધણગેસ પહોંચાડવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં) માં ૧,૨૦,૫૦૦થી વધુ ઘરોમાં પાઈપલાઈન દ્વારા ઘરેલું ગેસ કનેકશન આપવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ગેસ પાઈપલાઈન દ્વારા ક્યા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) ઉકત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ભરૂચ જિલ્લામાં ગેસ પાઈપલાઈન દ્વારા ભરૂચ, અંકલેશ્વર, જંબુસર, ઝગડિયા, વાગરા તથા વાલિયા તાલુકાઓને આવરી લીધેલ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં એમએસએમઇ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૭૬ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦૫ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૬૬ એકમોને રૂ.૧૦૨૨ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**રાજકોટ જિલ્લામાં એમએસએમઇ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૪૧૮ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ–ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૫૩૦ એકમોની અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું ? | (૨) ૧૨૨૨ એકમોને રૂ.૮૩૯૦.૦૯ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાંકના મકાનો**

૧૮૭૭૩ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) અને (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં પોલીસ માટે કુલ-૦૬ બિન-રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને |
| (૨) આ માટે ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | ઉકત કુલ-૦૬ બિન-રહેણાંકના મકાનોના રૂ.૩૭૩.૪૦ લાખના પ્રોજેક્ટ અંતર્ગત તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ કુલ ૧૧૭.૬૦ લાખની રકમનો ખર્ચ થયેલ છે. |

---------

## સાસગુજ અન્વયે મોનીટરીંગ વ્યવસ્થા

૧૮૭૧૦ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત ) પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરા માટે મોનિટરીંગ માટે તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ કોઈ વ્યવસ્થા રાખવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા પ્રકારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે? | (૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરાના મોનિટરીંગ માટે તમામ જિલ્લા ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ રાજ્ય સ્તરે મોનિટરીંગ માટે રાજ્ય સ્તરનાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની ગાંધીનગર ખાતે વ્યવસ્થા રાખવામાં આવેલ છે. |

---------

## વલસાડ અને નવસારી જિલ્લામાં સાદી રેતીના બ્લોકની હરાજી

૧૯૭૩૯ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ગુજરાત ગૌણ ખનીજ નિયમો-૨૦૧૭ અન્વયે વલસાડ અને નવસારી જીલ્લામાં જીલ્લાવાર સાદી રેતીના કેટલા બ્લોક (કવોરીલીઝ) કેટલા જથ્થા માટે હરાજી કરવા જાહેરાત તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવી, અને | (૧) ગુજરાત ગૌણ ખનીજ નિયમો-૨૦૧૭ અન્વયે વલસાડ અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સાદી રેતીના કોઈ બ્લોક (કવોરીલીઝ) ના જથ્થા માટે હરાજી કરવામાં આવેલ નથી. |
| (૨) ઉકત હરાજીની કાર્યવાહી માટે બાહ્ય કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં સાસગુજ પ્રોજેક્ટ હેઠળ કેમેરા

૧૮૭૮૪ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૦/૦૪/૨૦૧૯ની સ્થિતિએ સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ હેઠળ બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાઓમાં સીસીટીવી નેટવર્ક કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો છેલ્લા ૧ (એક) વર્ષમાં કેટલા કેમેરા કાર્યાન્વિત કરવામાં આવેલ છે ? | (૨) સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત તા.૩૦/૦૪/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૩૨ કેમેરાઓ સહિત તા.૨૫/૦૬/૨૦૧૯ની સ્થિતિએ કુલ ૧૩૯ કેમેરાઓ |

કાર્યાન્વિત કરવામાં આવેલ છે, તે રીતે તા.૩૦/૦૪/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ ૧૨૬ કેમેરાઓ સહિત તા.૨૫/૦૬/૨૦૧૯ની સ્થિતિએ કુલ ૧૩૨ કેમેરાઓ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૪૬ **શ્રી હિતુ કનોડિયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૧૧૯ એકમોની

(૨)

| **ક્રમ** | **વર્ષ** | **મંજૂર અરજીઓ** |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૪૩ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૬૩ |

(૩) ૧૫૧ એકમોને રૂ.૧૧૯૨ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**નવસારી અને વડોદરા જિલ્લામાં જેલોમાં નિરીક્ષણ**

૧૯૭૩૬ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય જેલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રીઝન (સ્ટાફ ફંકશન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વડોદરા જિલ્લામાં ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું,

(૩) નિરીક્ષણ દરમ્યાન ક્યા પ્રકારની ખામીઓ/ક્ષતિઓ સામે આવી, અને

(૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે ?

**જવાબ**

(૧) હા,જી

(૨) નવસારી જિલ્લામાં એકપણ મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ નથી.

| **જેલનું નામ** | **નિરીક્ષણની તારીખ** |
|---|---|
| વડોદરા મધ્યસ્થ જેલ<br>જિલ્લોઃ વડોદરા | ૨૭–૦૯–૨૦૧૭<br>૧૧–૧૧–૨૦૧૭<br>૨૮–૦૨–૨૦૧૮<br>૧૬–૦૩–૨૦૧૮<br>૦૩–૦૪–૨૦૧૮<br>૦૪–૧૨–૨૦૧૮ |

(૩) કોઈ ક્ષતિ કે ખામી જણાય આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા અને વડોદરા જિલ્લામાં પકડાયેલ દારૂ**

૧૯૬૯૯ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૧) પત્રક મુજબ

(૨) કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ કિંમતનો દેશી દારૂ, વિદેશી દારૂ અને બિયર પકડાયો,

(૨) કરજણ

(૩) સૌથી વધુ દારૂ પકડાયો હોય તે પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીઓ સામે શા પગલાં લીધા, અને

(૩) રોકડ દંડ, ઈજાફો અટકાવવો, ખાતાકીય/પ્રાથમિક તપાસ, ફરજ મોકુફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) દારૂનું વેચાણ અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા?

(૪) નશાબંધી અધિનિયમમાં સુધારો કરી, કાયદાને કડક બનાવી દારૂના ઉત્પાદન, ખરીદ-વેચાણ અને હેરફેર કરનારા ગુનેગારોની સજામાં ત્રણ ગણો વધારો કરી ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરી છે.

દારૂ પીને જાહેરમાં દંગલ કરનાર, અસભ્ય વર્તન કરનારને ૩ વર્ષ સુધીની કેદ, દંડની જોગવાઈ અને નશાબંધીની અમલવારી કરનાર ફરજ પરના અધિકારીને અડચણ, હુમલો કરનારને ૫ વર્ષ સુધીની કેદ અને રૂ.૫ લાખથી ઓછો નહી તેટલા દંડની જોગવાઈ કરી છે.

ગેરકાયદેસર હેરાફેરીને અટકાવવા માટે આ ગુનામાં પકડાઈ જતા વાહનોને જપ્ત કરવામાં આવે છે. તેમજ પોલીસ દ્વારા આવા જપ્ત થયેલ વાહનો આરોપીઓ અદાલતમાંથી પણ છોડાવી ન શકે તેવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલ ખાતે પ્રજાની સીધી ફરિયાદ મળે તે માટે ટોલ ફ્રી નંબર અને વોટ્સઅપ નંબર કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

વધુ પ્રોહિબિશનના મુદ્દામાલવાળા કેસોમાં Prevention of Money Laundering Act મુજબ તેઓની મિલકત જપ્તી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરી, આવા ઈસમો વિરુદ્ધ સી.આર.પી.સી. હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો વિરુદ્ધ પાસા, તડીપાર અને પ્રોહિબિશન-૯૩ જેવા અટકાયતી પગલા લેવામાં આવે છે.

**પત્રક**

| તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **દેશી દારૂ (રૂપિયા)** | **વિદેશી દારૂ (રૂપિયા)** | **બિયર (રૂપિયા)** |
| ખેડા | નડીયાદ | ૧,૯૩,૧૪૦ | ૨૭,૪૪,૮૦૦ | ૫,૭૯,૫૦૦ |
| | ઠાસરા | ૫૦,૮૪૦ | ૧૦,૦૦,૯૦૦ | ૯૭,૯૦૦ |
| | ગળતેશ્વર | ૨૪,૫૬૦ | ૧૭,૭૨,૭૦૦ | ૨,૨૩,૫૦૦ |
| | વસો | ૨૩,૬૨૦ | ૧૧,૦૩,૧૦૦ | ૪૦૦ |
| | માતર | ૨૧,૭૧૦ | ૪,૬૯,૧૦૦ | ૭૧,૨૦૦ |
| | કપડવંજ | ૫૩,૭૮૦ | ૩૦,૨૬,૫૦૦ | ૧,૮૦,૮૦૦ |
| | કઠલાલ | ૨,૧૯,૨૦૦ | ૨૩,૭૮,૮૦૦ | ૧,૨૧,૦૦૦ |
| | મહેમદાવાદ | ૨,૧૩,૦૪૦ | ૩૮,૦૨,૭૦૦ | ૨,૦૧,૩૦૦ |

| તા.૦૧/૦૬/૨૦૧૭ થી તા.૩૧/૦૫/૨૦૧૯ | | | | |
|---|---|---|---|---|
| **જીલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **દેશી દારૂ (રૂપિયા)** | **વિદેશી દારૂ (રૂપિયા)** | **બિયર (રૂપિયા)** |
| | ખેડા | ૬૦,૮૨૦ | ૬૭,૩૦,૯૦૦ | ૪,૧૨,૦૦૦ |
| | મહુધા | ૨૭,૬૭૦ | ૬,૮૬,૩૦૦ | ૨,૬૦,૪૦૦ |
| વડોદરા | વડોદરા શહેર | ૧૧,૧૧,૮૦૫ | ૪,૯૯,૫૩,૮૦૪ | ૩૧,૪૨,૫૮૫ |
| વડોદરા ગ્રામ્ય | વડોદરા તાલુકા | ૧,૪૧,૭૪૦ | ૨,૪૦,૬૬,૭૫૪ | ૧૮,૧૨,૭૦૫ |
| | કરજણ | ૫૮,૫૪૦ | ૫,૧૨,૩૦,૩૯૦ | ૩૨,૬૯,૯૦૦ |
| | શિનોર | ૨૮,૯૨૦ | ૭,૯૩,૪૫૦ | ૨૭,૪૦૦ |
| | સાવલી | ૮૬,૦૬૦ | ૧,૦૨,૨૦,૭૦૩ | ૧૦,૭૧,૫૦૯ |
| | ડેસર | ૨૨,૯૪૦ | ૧૮,૮૧,૯૬૪ | ૯૩,૩૦૦ |
| | પાદરા | ૮૦,૨૦૦ | ૭૫,૪૦,૭૯૭ | ૩,૯૭,૩૦૦ |
| | વાઘોડીયા | ૮૦,૩૮૦ | ૧,૩૬,૦૧,૨૧૮ | ૩૩,૯૬,૬૪૪ |
| | ડભોઈ | ૮૩,૦૬૦ | ૯૯,૦૩,૮૮૫ | ૧૧,૦૬,૦૭૫ |

---------

**છોટઉદેપુર જિલ્લામાં રેતી ખનનની મળેલ અરજીઓ**

૧૯૭૦૯ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટા ઉદેપુર જીલ્લાની ઓરસંગ, ભારજ અને સુખી નદીના પટમાંથી સાદી રેતી ખનન કરવા કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર કરવામાં આવેલ લીઝ પૈકી કેટલી એસ.ટી. કેટેગરીમાં લીઝ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર શહેરમાં બનાવેલ શેલ્ટર હોમ**

૧૯૬૫૧ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શેલ્ટર હોમ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત ફાળવેલ રકમ પૈકી જામનગર શહેરમાં કેટલા ખર્ચે કેટલા શેલ્ટર હોમ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જામનગર શહેરને ફાળવેલ ગ્રાન્ટ | |
|---|---|
| **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** |
| ૨૦૧૭-૧૮ | ૫૩.૧૦ (બીજો હપતો) |
| ૨૦૧૮-૧૯ | ૭૮.૬૮ |

(૨)

| | |
|---|---|
| ૧ કામ પૂર્ણ | રૂ.૮૭.૯૮ લાખના ખર્ચે |
| ૧ પ્રગતિ હેઠળ | |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૮૩૧૫ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી કરવા સરકારે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) હા, જી.

(૨)

છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમની ફાળવણી કરેલ છે ?

| વર્ષ | રકમ રૂ.લાખમાં |
|---|---|
| નસવાડી | ૧૦૧.૭૫ |

---------

**રાજુલા અને જાફરાબાદ તાલુકામાં કાર્યરત જીઆઈડીસી**

૧૯૬૭૫ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જીલ્લામાં રાજુલા અને જાફરાબાદ તાલુકામાં કેટલી જીઆઈડીસી કાર્યરત છે, | (૧) રાજુલા–૧<br>જાફરાબાદ–૧ |
| (૨) ઉક્ત તાલુકામાં ઉક્ત સ્થિતિએ કેટલી નવી જીઆઈડીસી સ્થાપવાનું આયોજન છે, અને | (૨) હાલ કોઈ આયોજન નથી. |
| (૩) ઉક્ત આયોજન ક્યાં સુધીમાં પૂર્ણ કરી નવી જીઆઈડીસી સ્થાપવાની મંજુરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૯૧ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૫૬ એકમોની |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૧૮૦ એકમોને રૂ.૨૦૯૫.૧૦ લાખની રકમનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**વડોદરા શહેરમાં બનાવેલ શેલ્ટર હોમ**

૧૯૭૧૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર શેલ્ટર હોમ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૧) વડોદરા શહેરને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમા) |
|---|---|
| ૨૦૧૭–૧૮ | – |
| ૨૦૧૮–૧૯ | ૫૩.૩૨ |

(૨) ઉક્ત ફાળવેલ રકમ પૈકી વડોદરા શહેરમાં કેટલા ખર્ચે કેટલા શેલ્ટર હોમ બનાવવામાં આવ્યા?

(૨) ૨ શેલ્ટર હોમના નવીનીકરણની કામગીરી પ્રગતિમાં

---------

**બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં ક્વોરી લીઝોની ફ્લાઈંગ સ્ક્વોર્ડ દ્વારા તપાસણી**

૧૯૫૮૮ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કાળા

(૧)

| જિલ્લો | ક્વોરી લીઝોની સંખ્યા |
|---|---|

પથ્થર, કપચી જે બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે,

| | |
|---|---|
| બનાસકાંઠા | ૧૪૪ |
| ગાંધીનગર | શૂન્ય |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી, અને

(૨) ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS) થી જિલ્લાના તમામ લીઝહોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતું હોય છે.

૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| બનાસકાંઠા | ૬૦ | ૬૬.૫૭ |
| ગાંધીનગર | ૨૮ | ૪૮.૫૨ |

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે?

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલીફો અન્વયે સરકારશ્રીમાં રજૂ આત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/૧૮૦/છ, તા.૦૬/૧૨/૨૦૧૮થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

## મોરબી જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ

૧૮૪૧૯ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૪૬૨ એકમોની અરજીઓ

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું?

(૨) ૧૫૨ એકમોને રૂ.૨૩૪૧.૪૨ લાખ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનોની કામગીરી

૧૮૩૦૬ **શ્રી પરસોતમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો ઉભા કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લા (પીએનજીઆરબી, નવી દિલ્હી દ્વારા અધિકૃત કરેલ વિસ્તારમાં)માં કુલ ૧૬ સીએનજી સ્ટેશનો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા કયા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં સીએનજી સ્ટેશનો દ્વારા ચોટીલા, લખતર, લીંબડી, વઢવાણ તથા સાયલા તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

---------

શ્રાવણ ૩, ૧૯૪૧ શાકે

અતારાંકિત પ્રશ્નો

**મોરબી જિલ્લામાં એમએસએમઈ એકમોની ગુણવત્તા સુધારણા યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૩૫ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને ગુણવત્તા સુધારણા યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૪ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવ્યું? | (૨) ૪ એકમોને રૂ.૪.૮૨ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. |

---------

**વલસાડ અને ડાંગ જિલ્લામાં જેલોમાં નિરીક્ષણ**

૧૯૭૩૩ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રીઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ અને ડાંગ જિલ્લામાં ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું,<br>(૩) નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ખામીઓ/ક્ષતિઓ સામે આવી, અને<br>(૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે? | (૨), (૩) અને (૪) વલસાડ અને ડાંગ જિલ્લામાં એકપણ મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**માહિતી અને પ્રસારણ વિભાગમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણુકો**

૧૯૬૯૦ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ માહિતી અને પ્રસારણ વિભાગમાં માહિતી નિયામક વર્ગ–૧, મદદનીશ માહિતી નિયામક વર્ગ–૨, સબ એડીટર વર્ગ–૩ અને માહિતી મદદનીશ વર્ગ–૩ની ભરતી માટે વર્ષ ૨૦૧૫ માં આપેલ જાહેરાત બાદ ચાર વર્ષ સુધી ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેલ નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થવાના કારણો શા છે, અને | (૨) ભરતીની પ્રક્રિયા પૂર્ણ થયેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ક્યાં સુધીમાં આ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણૂંકો આપવામાં આવશે? | (૩) ભરતીની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે, સહાયક માહિતી નિયામક(સંપાદન), વર્ગ–૨ની નિમણૂક આપવાની કાર્યવાહી આખરી તબક્કામાં છે, તે સિવાય તમામ નિમણૂકો આપવામાં આવી છે. |

---------

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં કવોરી લીઝોની ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા તપાસણી**

૧૯૬૪૨ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનિજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કાળા પથ્થર, કપચી જે

**જવાબ**

(૧)

| જિલ્લો | કવોરી લીઝોની સંખ્યા |
|---|---|

બાંધકામ પથ્થર તરીકે ઓળખાઈ છે તેવી કેટલી ક્વોરીલીઝો આવેલી છે,

| | |
|---|---|
| રાજકોટ | ૧૭૭ |
| પોરબંદર | ૨૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી લીઝોની તપાસણી/માપણી ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા અને જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવી, અને

(૨) ઈન્ટીગ્રેટેડ લીઝ મેનેજમેન્ટ સીસ્ટમ (ILMS) થી જિલ્લાના તમામ લીઝહોલ્ડર દ્વારા નિકાસ કરવામાં આવતા ખનિજ જથ્થા, ઈસ્યુ કરવામાં આવતી રોયલ્ટી, ખનિજ સભર વાહનના ફેરાઓ, ભરપાઈ કરવામાં આવતી રોયલ્ટી, ડેડરેન્ટ, માસિક પત્રકો વગેરેની સતત તપાસણી જિલ્લા અધિકારી દ્વારા કરવામાં આવે છે. આવી જિલ્લા અધિકારીઓ દ્વારા કરવામાં આવતી તપાસણીનું મોનીટરીંગ ફ્લાઇંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવતું હોય છે.

૩૧/૦૫/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બ્લેકટ્રેપ ખનિજના બિનઅધિકૃત કેસોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | કેસોની સંખ્યા | વસૂલાત (રૂ.લાખમાં) |
|---|---|---|
| રાજકોટ | ૧૨ | ૯.૩૭ |
| પોરબંદર | ૩૮ | ૩૭.૧૨ |

(૩) ઉક્ત લીઝોની તપાસણી કે માપણી ન કરવામાં આવી હોય તો તેના કારણો શા છે?

(૩) બ્લેકટ્રેપ ક્વોરી એસોશિએશન દ્વારા ખાડા માપણી તથા અન્ય ધંધાકીય તકલીફો અન્વયે સરકારશ્રીમાં રજૂ આત કરતા તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સમિતિની રચના સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃએમએમઆર/૧૦૨૦૧૭/૧૮૦/છ, તા.૦૬/૧૨/૨૦૧૮થી કરવામાં આવેલ છે. સમિતિના અહેવાલના આધારે વૈજ્ઞાનિક રીતે માપણી અંગે નિર્ણય કરવાનું નિર્ધારિત કરેલ છે.

---------

**બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં સાસગુજ પ્રોજેક્ટ હેઠળ કેમેરા**

૧૮૭૮૩ **ડૉ. આશાબેન પટેલ** (ઉંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ સાસગુજ (સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત) પ્રોજેક્ટ હેઠળ બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાઓમાં સીસીટીવી નેટવર્ક કાર્યાન્વિત કરવામાં આવેલ છે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી

(૨) જો હા, તો છેલ્લા ૧(એક) વર્ષમાં કેટલા કેમેરા કાર્યાન્વિત કરવામાં આવેલ છે?

(૨) સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૩૨ કેમેરાઓ સહિત તા.૨૫–૦૬–૨૦૧૯ની સ્થિતિએ કુલ ૧૩૯ કેમેરાઓ કાર્યાન્વિત કરવામાં આવેલ છે, તે રીતે તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ ૧૨૬ કેમેરાઓ સહિત તા.૨૫–૦૬–૨૦૧૯ની સ્થિતિએ કુલ ૧૩૨ કેમેરાઓ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાંકના મકાનો**

૧૮૭૬૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગમાં

**જવાબ**

(૧) અને (૨) તા.૩૦–૦૪–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા

અધિકારીઓ/ કર્મચારીઓ માટે કુલ કેટલા રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગમાં અધિકારીઓ/ કર્મચારીઓ માટે કુલ-૨૬૩ રહેણાંકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

ઉક્ત કુલ-૨૬૩ રહેણાંકના મકાનોના રૂ.૪૨૭૦.૯૯ લાખના પ્રોજેક્ટ પૈકી તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ રૂ.૨૧૭.૧૦ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

---------

**બોટાદ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૫૧ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની અરજીઓ વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૧૬ એકમોની

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭-૧૮ | ૫ |
| ૨ | ૨૦૧૮-૧૯ | ૧૧ |

(૩) ૨૯ એકમોને રૂ.૭૨.૩૧ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**રાજ્યના જીલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવાનું આયોજન**

૧૮૭૦૮ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના જીલ્લા મુખ્ય મથકો માટે સીસીટીવી લગાવવા અંગે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના મોનિટરીંગ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી

(૨) તા.૩૦-૦૪-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવનાર કેમેરાના મોનિટરીંગ માટે તમામ જિલ્લા ખાતે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તેમજ રાજ્ય સ્તરે મોનિટરીંગ માટે રાજ્ય સ્તરનાં કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની ગાંધીનગર ખાતે વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ખનિજોના નમૂનાઓનું પૃથક્કરણ**

૧૮૩૧૭ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ખનિજોના નમૂનાઓના પૃથક્કરણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી. ગાંધીનગર રાયસણ ખાતે ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા હસ્તકની ''પેટ્રોગ્રાફી એન્ડ મીનરલ કેમેસ્ટ્રી લેબૌરેટરી'' કાર્યરત છે

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી વ્યવસ્થાઓ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના કુલ કેટલા નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

(૨) કુલ ૪૧૪

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જેલોમાં નિરીક્ષણ**

૧૯૬૦૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જેલ મેન્યુઅલ તેમજ ગુજરાત પ્રીઝન (સ્ટાફ ફંક્શન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આઇ.જી.પી. કક્ષાના અધિકારીએ મધ્યસ્થ જેલ અને જિલ્લા જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક કે અન્ય નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું,

(૩) નિરીક્ષણ દરમ્યાન કયા પ્રકારની ખામીઓ/ક્ષતિઓ સામે આવી, અને

(૪) સમયાંતરે નિરીક્ષણ કરવામાં ન આવ્યું હોય તો તેના કારણો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અરવલ્લી જિલ્લામાં એકપણ મધ્યસ્થ જેલ કે જિલ્લા જેલ આવેલ નથી.

| **જેલનું નામ** | **નિરીક્ષણની તારીખ** |
|---|---|
| હિંમતનગર જિલ્લા | ૦૮–૧૧–૨૦૧૭ |
| જેલ | ૦૮–૧૨–૨૦૧૭ |
| જિલ્લો : સાબરકાંઠા | ૦૭–૧૨–૨૦૧૮ |

(૩) કોઇ ક્ષતિ કે ખામી જણાય આવેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને કેપિટલ સબસિડી યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૮૨ **શ્રી રાઘવજીભાઇ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપીટલ સબસિડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી રકમનું ચુકવણું કરવામાં આવ્યુ?

**જવાબ**

(૧) ૨૦૯ એકમોની અરજીઓ

(૨) ૮૯ એકમોને રૂ.૧૦૧૮.૬૬ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**બીઆરટીએસ અને એએમટીએસમાં ખાનગી કંપનીઓ પાસેથી બસો ભાડે લેવા બાબત**

૧૯૬૩૩ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં બીઆરટીએસ અને એએમટીએસમાં ખાનગી કંપનીઓ પાસેથી બસો ભાડે મેળવવાથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને આર્થિક નુકશાન પહોંચતું હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) બસ સપ્લાય કરતી ખાનગી કંપનીઓને ફાયદો ન થાય અને નિગમ, સરકાર અને મુસાફરોનું હિત સચવાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) બીઆરટીએસ– શૂન્ય
એએમટીએસ– ૦૧ (એક)

(૨) મળેલ ફરિયાદ અન્વયે તા.૨૪–૦૪–૨૦૧૯ના રોજ પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૩) સરકાર અને નિગમનું હીત જળવાઇ તે હેતુથી પારદર્શક ટેન્ડર પ્રક્રિયા, કડક ટેન્ડર શરતો, સતત ઓપરેશન કંટ્રોલ, પેનલ્ટીની જોગવાઇઓ જેવા પગલાં લેવામાં આવેલ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૧૮૩૫૨ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઇ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં માઇક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા એકમોની વર્ષવાર મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૨૦૯ અરજીઓ

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૬૧ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૧૩૩ |

(૩) ૩૦૮ એકમોને રૂ.૧૩૧૦.૮૫ લાખની સહાય ચૂકવવામાં આવી.

---------

**બીઆરટીએસ અને એએમટીએસમાં ખાનગી કંપનીઓ પાસેથી બસો ભાડે લેવા બાબત**

૧૯૬૫૭ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં બીઆરટીએસ અને એએમટીએસમાં ખાનગી કંપનીઓ પાસેથી બસો ભાડે મેળવવાથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને આર્થિક નુકશાન પહોંચતું હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) બસ સપ્લાય કરતી ખાનગી કંપનીઓને ફાયદો ન થાય અને નિગમ, સરકાર અને મુસાફરોનું હિત સચવાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) બીઆરટીએસ– શૂન્ય

એએમટીએસ– ૦૧ (એક)

(૨) મળેલ ફરિયાદ અન્વયે તા.૨૪–૦૪–૨૦૧૯ના રોજ પ્રત્યુત્તર પાઠવેલ છે.

(૩) સરકાર અને નિગમનું હીત જળવાઇ તે હેતુથી પારદર્શક ટેન્ડર પ્રક્રિયા, કડક ટેન્ડર શરતો, સતત ઓપરેશન કંટ્રોલ, પેનલ્ટીની જોગવાઇઓ જેવા પગલાં લેવામાં આવેલ છે.

---------

**અધ્યક્ષશ્રીનો નિર્ણય**

**તા. ૧૬–૭–૨૦૧૯ના રોજ સભ્યશ્રી પુંજાભાઇ વંશે ઉઠાવેલ પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે.**

અધ્યક્ષશ્રી : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન મંગળવાર, તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ સભ્યશ્રી પુંજાભાઇ વંશે ઉઠાવેલ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં સભ્યશ્રી નૌશાદ સોલંકીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૭૪૨૨ (અગ્રતા–૪૧) તેમજ સભ્યશ્રી સોમાભાઇ કોળીપટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૭૪૨૪ (અગ્રતા–૯૩)માં સુરેન્દ્રનગર જિલ્લાના સમાન પ્રશ્નમાં પ્રશ્ન ખંડ–૨ના જવાબના પત્રક–૨માં તા. ૩૧–૫–૨૦૧૯ની સ્થિતિએ કોલેજોની સંખ્યા પૈકી ખાનગી કોલેજની સંખ્યા અનુક્રમે ૧૫ અને ૧૧ દર્શાવેલ છે. તેમજ સભ્યશ્રી નથાભાઇ પટેલના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૭૩૯૧ (અગ્રતા–૧૧૦) અને સભ્યશ્રી શીવાભાઇ ભુરિયાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૭૩૯૫ (અગ્રતા–૧૮૩)ના બનાસકાંઠા જિલ્લાના સમાન પ્રશ્નમાં સમાન સમયની સ્થિતિએ પ્રશ્ન ખંડ–૨ના જવાબના પત્ર–૨માં ખાનગી કોલેજની સંખ્યામાં અનુક્રમે ૨૬ અને ૨૩ દર્શાવેલ છે. આમ, એક સરખા જવાબોની માહિતીમાં તફાવત જોવા મળે છે તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને મેં સભ્યશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર સ્વીકાર્યો હતો અને આ અંગે મેં સભ્યશ્રીએ ટાંકેલ વિગતોનો અભ્યાસ કરી નિર્ણય પછીથી જાહેર કરીશ તેમ જણાવ્યું હતું.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

ઉપરની તમામ હકીકત ધ્યાને લેતાં આ અંગે શિક્ષણ વિભાગના અગ્રસચિવ પાસે જરૂરી સ્પષ્ટતા માંગવામાં આવી હતી અને વિભાગે તેમના ખુલાસામાં ઉક્ત ભુલોનો સ્વીકાર કરેલ છે અને ભવિષ્યમાં આવી ક્ષતિનું પુનરાવર્તન ન થાય તે માટે પૂરતી કાળજી લેવામાં આવશે તેની બાંહેધરી આપેલ છે.

આથી માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશના પોઇન્ટ ઓફ ઓર્ડરનો હું સ્વીકાર કરું છું અને ભવિષ્યમાં આવી વિસંગતતાઓ ન થાય તે માટે પૂરતી કાળજી રાખવા માટે શિક્ષણ વિભાગને જણાવું છું તથા માનનીય શિક્ષણ મંત્રીશ્રી કક્ષાએ પણ તેની નોંધ લેવા જણાવું છું.

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

### વન ખાતા દ્વારા યુવાનોને માર મારવા બાબત

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય વન મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

તાજેતરમાં ગીર જંગલની મધ્યમાં આવેલ રાવલ ડેમ પાસે માછીમારી કરવા ગયેલ યુવાનોને તુલસીશ્યામ રેન્જના આર.એફ.ઓ.એ માર મારેલ છે તેમજ રૂપિયા દસ હજારનો દંડ કરી પંદર કલાક સુધી ગોંધી રાખેલ છે. આ યુવાનોની તબિયત બગડતાં તેઓને દવાખાને દાખલ કરેલ છે. નિર્દોષ યુવાનોને માર મારવાના કારણે આમ જનતામાં આક્રોશ ફેલાયેલ છે. જે નિવારવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

શ્રી ગણપતસિંહ વે. વસાવા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની ઉક્ત સુચના અન્વયે, પ્રસ્તુત બનાવ સંદર્ભે મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જૂનાગઢનો અહેવાલ મેળવવામાં આવેલ છે. તદનુસાર તા. ૧૯–૭–૨૦૧૯ના રોજ તેમની હેઠળની ગીર (પૂર્વ) વન વિભાગ, ધારીના કાર્યક્ષેત્રની તુલસીશ્યામ રેન્જ કચેરીના રેન્જ ફોરેસ્ટ ઓફિસર તેમના તાબા હેઠળની ટીમ સાથે ગીર અભયારણ્યમાં કોઠારિયા રાઉન્ડની ચીખલકુબા–૨ બીટના ખોડાગાળા નામે ઓળખાતા વિસ્તારમાં પેટ્રોલિંગ કરતા હતા. તે દરમિયાન તા. ૧૯–૭–૨૦૧૯ના રોજ સવારના ૫–૦૦ કલાકે ૫ (પાંચ) જેટલા અજાણ્યા ઇસમોની શંકાસ્પદ હિલચાલ જણાતાં ટીમે આ ઇસમોને અટકાવવાનો પ્રયાસ કરતાં તેઓએ માથે ઉપાડેલ માછલી ભરેલી પ્લાસ્ટીકની થેલીઓ ફેંકીને ભાગવાનો પ્રયાસ કરેલ. તે પૈકી ૨ ઇસમો પકડાઇ ગયેલ અને બાકીના ૩ ઇસમો અંધારાનો લાભ લઇને નાસી ગયેલા.

પકડાયેલા ઇસમોની પૂછપરછ કરતાં તેઓ ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના વડલી ગામના રહેવાસી હોવાનું અને રાવલ ડેમમાં માછીમારી કરવા આવેલ હોવાનું જાણવા મળેલ. વધુ પૂછપરછ કરતાં તેઓના નામ (૧) અજીતભાઇ ઇસ્માઇલભાઇ સમા, ઉ.વ. ૨૮ રહે. વડલી, (૨) જાવીદભાઇ હસનભાઇ સમા, ઉં.વ.૨૨, રહે વડલી જણાવેલ. ત્યારબાદ રોજકામ માટે સ્થાનિક પંચો (૧) શ્રી હનુભાઇ કાળુભાઇ પરમાર, રહે. નીતલી, તા. ગીરગઢડા, (૨) શ્રી શાંતિભાઇ ભીખાભાઇ કથીરિયા, રહે. નીતલી, તા. ગીરગઢડાને બોલાવેલ હતા. બન્ને પંચો ખાંભા રેન્જ કચેરીએ બપોરે ૨–૦૦ કલાકે પહોંચતાં ઉપરોક્ત બન્ને ઇસમોએ પંચો રૂબરૂ પોતાનો ગુન્હો કબૂલ કરેલ છે અને નાસી છૂટેલા ત્રણ ઇસમોના નામ (૧) વજીરભાઇ ઉમરભાઇ લલાણી, રહે. વડલી, (૨) મહેબુબ માકુભાઇ લલાણી, રહે. વડલી અને (૩) મજીદ માકુભાઇ લલાણી, રહે. વડલી હોવાનું જણાવેલ છે.

રાવલ ડેમ નજીકના જે વિસ્તારમાંથી આ ઇસમોને પકડેલ છે તે સ્થળ ગીર અભયારણ્ય વિસ્તારમાં આવેલ છે. વન્ય પ્રાણી (સંરક્ષણ ) અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨૭(૧) મુજબ અભયારણ્ય વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવેશ કરવો ગુન્હો બનતો હોવાથી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર, તુલસીશ્યામ દ્વારા તેમની વિરુદ્ધ તુલસીશ્યામ રેન્જ ગુના નંબર ૦૩/૨૦૧૯–૨૦થી ગુન્હો નોંધવામાં આવેલ. વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઇ મુજબ બન્ને ગુનેગારોએ ગુનો કબૂલ કરીને કાયદેસર રીતે ગુન્હો માંડવાળ કરવા લેખિતમાં સહમતિ આપતાં, એડવાન્સ રિકવરી પેટે વ્યક્તિ દીઠ રૂપિયા ૫૦૦૦ લેખે કુલ ૧૦,૦૦૦ વસૂલ લેવામાં આવેલ છે. તા.૧૯–૭–૨૦૧૯ના સાંજના આ બન્ને ગુનેગારોની સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ખાંભા ખાતે તબીબી તપાસ કરાવેલ છે. જેમાં તબીબી અધિકારીશ્રી દ્વારા આ ઇસમોની તપાસ કરતાં બન્ને ઇસમો શારીરિક અને માનસિક રીતે તદ્દન ફીટ હોવાનું સર્ટિફિકેટ આપેલ છે. ત્યારબાદ આ બન્ને ઇસમોને મુક્ત કરવામાં આવેલ હતા. વન વિભાગના સ્ટાફ દ્વારા ગીર અભયારણ્યમાં રાવલ ડેમ વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવેશ કરેલ આ ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ગુન્હાની તપાસ, પ્રાથમિક પૂછપરછ, પંચ રોજકામ, ગુન્હા માંડવાળ અને મેડિકલ તપાસ જેવી કાયદેસરની પ્રક્રિયાઓ પૂર્ણ કરી ગુનેગારોને મુક્ત કરવામાં આવેલ છે. આ ગુનાની વધુ તપાસ ચાલુ છે. વન વિભાગના અધિકારી અને કર્મચારીઓએ આમાં તેમની ફરજના ભાગરૂપે અભયારણ્ય વિસ્તારની જાળવણી, વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને વન સંપદાના રક્ષણ માટે કાયદેસરની કાર્યવાહી કરેલ છે. વધુમાં, મળેલ વિગતો પ્રમાણે પ્રસ્તુત બનાવના ગુનેગાર શ્રી અજીતભાઇ ઇસમાઇલભાઇ સમા, રહે. વડલી, તા. ગીરગઢડા દ્વારા તુલસીશ્યામ રેન્જના આર.એફ.ઓ., ફોરેસ્ટર તથા બે અજાણ્યા ફોરેસ્ટ કર્મચારીઓ વિરુદ્ધ માર મારવા અંગે તા. ૨૦–૭–૨૦૧૯ના રોજ ૨૦–૩૦ કલાકે ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે. આ બાબતે પોલીસ ખાતા દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો છે અને કાયદાનો કોઇપણ ભંગ કરે તો તેની સામે સખ્તાઇથી પગલાં લેવા જોઇએ. અસામાજિક પ્રવૃત્તિઓ થતી હોય કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોય તો તેની સામે કડક હાથે કામ લેવું જોઇએ અને પગલાં લેવાં જોઇએ. આ જે યુવાનો માછીમારી કરવા ગયેલા હતા, જે ગેરકાયદેસર છે. ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા પકડાયા અને ત્યારબાદ એમને જે બેફામ રીતે મારવામાં આવ્યા એ ખરાબ છે. આપને પણ ફોટોગ્રાફ રજૂ કર્યા છે અને માનનીય મંત્રીશ્રીને પણ ફોટોગ્રાફ રજૂ કર્યા છે ત્યારે આ પ્રકારની ઘટનાઓ બને એ કોઇપણ સંજોગોમાં ઉચિત નથી. સવાલ એ છે કે તમે નિવેદન કરો છો એ નિવેદનમાં જણાવ્યા પ્રમાણે આ બન્ને લોકોને ખાંભા ઓફિસે લઇ ગયા પછી એમને સરકારી હોસ્પિટલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઇ ગયા. ત્યાં એમની ચકાસણી કરવામાં આવી અને માનસિક અને શારીરિક રીતે ફીટ છે એવું સર્ટિફિકેટ આપ્યું. ત્યારબાદ એ ઘેર ગયા, ઘેર ગયા પછી બીજા દિવસે સવારે સરકારી હોસ્પિટલ ઉના ગયા. ત્યાં એમની ચકાસણી થઇ, સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઉનાના ડોક્ટરે એમને વધુ સારવાર માટે અન્ય જગ્યાએ જવા જણાવ્યું. ત્યારબાદ તેઓ મહેતા હોસ્પિટલમાં ગયા ત્યાં સારવાર કરતાં એકને ફ્રેકચર થઇ ગયું. (અંતરાય)એકને હાથમાં ફ્રેકચર થઇ ગયું. (અંતરાય) હું એમ કહેવા માગું છું કે, એક ડોકટર એમ કહે છે કે ફીટ છે અને સર્ટિફિકેટ આપે છે અને બીજાં દવાખાને જાય તો એકને પગમાં અને બીજાને હાથમાં ફ્રેકચર છે. આ બે પ્રકારની બાબત રેકર્ડ ઉપર આવી છે. આ વાત બરાબર નથી. ખાંભા હોસ્પિટલે શું ચકાસણી કરી? ટ્રીટમેન્ટ શું કરી? રેકર્ડ ઉપર ફ્રેક્ચરો આવ્યા છે ત્યારે આમાં તટસ્થ તપાસ કરીને જે કોઇ જવાબદાર હોય એ જવાબદારો સામે આપણે પગલાં લેવા માગીએ છીએ કે કેમ? અને ભવિષ્યમાં આ પ્રકારના બનાવો ના બને એના માટે રાજ્ય સરકાર, વન વિભાગ શું કરવા માગે છે? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને આ બે સર્ટિફિકેટો અલગ અલગ છે એ બાબતે સ્પષ્ટતા કરવામાં આવે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારું નિવેદન વહેંચ્યું છે એ સ્વયં સ્પષ્ટ છે. ટૂંકમાં વાત કરું તો સાસણના સિંહો એટલે આપણા સમગ્ર ભારતનું ગૌરવ અને જેને ગુજરાતની ઓળખ કહીએ છીએ એ માત્ર અને માત્ર એશિયા ખંડમાં ગીરમાં એમનો વસવાટ છે ત્યારે એનું રક્ષણ થાય એ આપણા સૌની જવાબદારી બને છે. ૨૦મી સદીમાં માત્ર ૨૦ જેટલા સિંહો અહીંયા નિવાસ કરતા હતા. એ પ્રજાના સહકારથી અને સરકારના પ્રયત્નોથી આજે ૫૨૩ ઉપર આ સંખ્યા થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા લોકલાડિલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આ સિંહોનું સંવર્ધન થાય એના માટે લાંબા ગાળાના આયોજન સ્વરૂપે ૩૫૦ કરોડ રૂપિયાનું પેકેજ મંજૂર કર્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી પોતે સાસણ ગીરમાં આવ્યા, સિંહોના સંવર્ધન અને રક્ષણ માટે ઉચ્ચ કક્ષાથી બેઠક થઇ અને અધિકારીઓને માર્ગદર્શન પણ આપ્યું છે. અમારા વન વિભાગના અધિકારીઓએ નિવેદનમાં જણાવ્યું છે કે, ૧૯મી તારીખે સવારે ૫-૦૦ વાગ્યાની આસપાસ પેટ્રોલિંગ કરતા હતા ત્યારે આ પાંચ અજાણ્યા ઇસમો એમને ધ્યાનમાં આવતા ત્રણ ભાગી ગયા, બે પકડાયા. બંને લોકોએ સ્વીકાર કર્યો કે અમે અહીં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો અને ત્યાર પછી એમણે જે કાંઇ કાયદેસરની કાર્યવાહી કરીને ડોક્ટરી ટ્રીટમેન્ટ અપાવીને મુક્ત કર્યા છે પણ આરોપીઓને એનાથી સંતોષ ના થતાં અમને જે માહિતી મળી છે એ પ્રમાણે એમના તરફથી પોલીસ ફરિયાદ પણ વન વિભાગના અધિકારીઓની સામે દાખલ કરવામાં આવી છે. એટલે હવે સંપૂર્ણ તપાસ બાપુની પોલીસ કરશે પણ ભૂતકાળમાં બહારની ટીમો આવી અને ૮ જેટલા સિંહોનો શિકાર પણ કર્યો હતો. એટલે આ સરકારની જવાબદારી અને ફરજના ભાગરૂપે કાર્યવાહી કરવામાં આવી છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો ઓડિટ અહેવાલ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો ઓડિટ અહેવાલ**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો ઓડિટ અહેવાલ**

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૯

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો ઓડિટ અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૮નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**કામધેનુ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ**

**શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૧૭-૨૦૧૮નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૮-૨૦૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૬**

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૯

સન ૨૦૨૦ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૬, સન ૨૦૧૯ના ગુજરાત વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૧૯ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે વિનિયોગ વિધેયક સહિત અન્ય સરકારી કામકાજ ચર્ચા માટે હાથ ધરાનાર છે. વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે ૨૨ સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૮(૩)ની જોગવાઇ અનુસાર આ વિનિયોગ વિધેયક ઉપરની સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મુલત્વી રાખવા નક્કી કરેલ સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય છે પરંતુ આ વિધેયક બાદ અન્ય સરકારી કામકાજ પણ હાથ ધરવાનું હોઇ વિનિયોગ વિધેયક ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતાં મને મળેલી સત્તાની રૂએ હું મુદ્દાઓ ઉપરની ચર્ચા માટે દરેક સભ્યશ્રીને બે મિનિટનો સમય ફાળવું છું. મુદ્દાઓ આપનાર સભ્યો ઉપસ્થિત કરેલ મુદ્દાઓ ઉપરની ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રીએ આપ્યા બાદ વિધેયક તરત જ સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે. માનનીય ઇન્દ્રજીતસિંહ પરમાર.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને જણાવવા માંગું છું કે મારા ખેડા જિલ્લાના મહુધા મતવિસ્તારમાં ગયા વર્ષે પણ મેં જી.આઇ.ડી.સી.ની માગણી કરી હતી. ત્યાં મારો વિસ્તાર અતિ પછાત છે. ત્યાં યુવાન દીકરા, દીકરીઓ બેરોજગાર છે અને રોજગારી માટે દૂરદૂરના જિલ્લાઓમાં જાય છે તો નાયબ મુખ્યમંત્રીશ્રીને મારી નમ્ર અરજ છે કે મારા મહુધા મત વિસ્તારમાં જી.આઇ.ડી.સી. કરવામાં આવે તો ત્યાંના જે યુવાન

---

* વિધેયક તા.૨૪મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

દીકરા, દીકરીઓ છે એ ત્યાં જ રોજગારી મેળવે એ ત્યાં સ્થાપિત થાય. મારા મત વિસ્તારમાં જે યુવાન દીકરા, દીકરીઓ છે એ ખેતમજૂરીએ જાય છે તો એ ખેતમજૂરીએ જતાં અટકે અને આવી જી.આઇ.ડી.સી. બનાવવામાં આવે તો ત્યાં એમને રોજગારી મળે અને જે ગેરમાર્ગે જાય છે એ પણ ન જાય અને ખરાબ રસ્તે જતા અટકે. એથી નાયબ મુખ્યમંત્રીશ્રીને મારી નમ્ર અરજ છે કે ત્યાં નવી જી.આઇ.ડી.સી. બને. ગયા વર્ષે પણ મારી માગણી હતી અને આ વર્ષે પણ મારી માગણીને સંતોષ આપે એવી મારી આપશ્રીને નમ્ર અરજ છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર તળાજા વિધાનસભામાં ૪ લાખ કરતા વધારે વસતિ છે. વિધાનસભાના પ્રથમ સત્રની અંદર પણ મેં નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી પાસે મારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી.ની માગણી કરી હતી, ત્યારે પણ નીતિનભાઇ સાહેબે મને આશ્વાસન આપ્યું હતું કે આ વર્ષે અમે ૨૫ નવી જી.આઇ.ડી.સી. આપી છે. આવતા વર્ષે તળાજાને જી.આઇ.ડી.સી. આપવા માટે ગંભીરતાથી વિચારીશું. અલંગનો શીપ બ્રેકિંગનો મોટામાં મોટો બિઝનેસ મારા મત વિસ્તારમાં આવેલ છે. મારા મત વિસ્તારમાં એક પણ મોટો ઉદ્યોગ નથી, ત્યારે આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી છે કે વહેલામાં વહેલી તકે મારા મત વિસ્તાર તળાજાને જી.આઇ.ડી.સી. આપવામાં આવે, જેથી કરીને અમારા વિસ્તારમાં જે ૨૨ થી ૨૫ હજાર રૂપિયાની રોજગારી માટે બહાર જવું પડે છે. એમને સ્થાનિક રોજગારી મળી શકે. આપના માધ્યમથી નીતિનભાઇને વિનંતી કે વહેલામાં વહેલી તકે મારા મત વિસ્તારને જી.આઇ.ડી.સી. આપવામાં આવે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર રાઇટ ટુ એજ્યુકેશન ગરીબો માટે ખૂબ જ આશીર્વાદ સમાન શૈક્ષણિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આજે એક વિસંગતતા ઉભી છે. અમદાવાદ શહેરની વાત કરું તો ૨૫૦૦૦ કરતા પણ વધારે અરજીઓ એડમિશન પ્રવેશ માટે આવેલી. તેમાં ૨૦ થી ૨૧ હજારની આસપાસ એડમિશન આપી શકાય છે. ૧૦,૦૦૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓ પ્રવેશ વગર વંચિત રહી જતા હોય છે. જે આપણાં માટે ખૂબ જ ચિંતાનો વિષય છે. ગરીબોનો પ્રશ્ન છે. જે વાલીઓ પોતાનાં બાળકોને સારી શૈક્ષણિક સંસ્થામાં ભણાવી શકતા નથી એ સરકારના આ કાયદા હેઠળ ગરીબ વિદ્યાર્થીઓને ન્યાય મળે અને ત્યાં ભણાવવામાં આવે તેવી વ્યવસ્થા સરકારે વિચારવી જોઇએ. એની અંદર ૬ કિ.મી.નો કાયદો છે એ ૬ કિ.મી.ની અંદર પ્રવેશ આપવો. તો તે કાયદામાં સુધારો કરીને નજીકમાં નજીક એક કિ.મી. ઘરની આસપાસ હોય. ગરીબો પાસે સાધનની વ્યવસ્થા હોતી નથી. તે લોકો વાહનનો ખર્ચ ઉપાડી નથી શકતા. તેમને ઘરના સ્થળથી નજીકમાં નજીક પ્રવેશ મળવો જોઇએ. બીજી વિસંગતતા એ છે કે પ્રવેશથી વંચિત રહી ગયા હોય તે ગમે તેમ કરીને બીજી શાળામાં પ્રવેશ લઇને અભ્યાસ કરતા હોય અને બીજાં વર્ષે ફરી પ્રવેશ લેવા માટે એપ્લીકેશન કરતા હોય, ત્યારે એમની એપ્લીકેશન ગ્રાહ્ય રાખવામાં આવતી નથી અને કહે છે કે તમે તમારું શિક્ષણ કાર્ય શરૂ કરી દીધેલ છે. ત્યારે ગરીબ માણસ તો એક વર્ષ ગમે તે ખર્ચ કરીને બાળકને ભણાવી દે છે. ફરીથી પ્રવેશ લેવા જાય તો તેમને પ્રવેશ મળવો જોઇએ એવી મારી લાગણી છે. સરકાર આમાં સંવેદનશીલ બનીને પ્રશ્ન વિચારે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : છેલ્લાં ૫ વર્ષની અંદર ૭૩ જેટલી સરકારી શાળાઓ બંધ થઇ છે. એની સાથે સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વાત કરું તો લગભગ ૯૬ પ્રાથમિક શાળાઓ બંધ થઇ છે. મારી માગણી છે કે સરકારી શાળાનું સ્તર દિવસેને દિવસે ઘટતું જાય છે. શિક્ષકોને ઇતર કામગીરી સોંપવામાં આવે છે. એના લીધે શિક્ષણ આપવા ઉપર એની અસર પડતી હોય છે. શિક્ષકો પાસે ઇતર પ્રવૃત્તિ ન કરાવવી જોઇએ. શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટેનો પ્રયાસ કરવો જોઇએ. જે રીતે દિલ્હીની અંદર આપ પાર્ટીએ મોડેલ અખત્યાર કર્યું છે. એ મોડેલ અનુસાર લોકો અત્યારે પ્રાઇવેટ શાળા છોડીને સરકારી શાળામાં ભણવા જાય છે. ગુજરાત તો દરેક વસ્તુમાં દેશને રાહ ચીંધનારો છે. ગુજરાતની અંદર એવું કરવું જોઇએ કે જેનું અનુસરણ આખો દેશ કરે. બીજું, સરકારી શાળાઓ મારા કોર્પોરેશન વિસ્તારમાં અમદાવાદ શહેરની અંદર ૯૬ શાળાઓ બંધ થઇ હતી, તો કોર્પોરેશને પ્રશંસનીય રીતે ૮ શાળાઓ અત્યારે અંગ્રેજી માધ્યમમાં તબદીલ કરીને ચાલુ કરી છે. મારા વિસ્તારમાં એ જ થયું છે. ૮૦૦ વિદ્યાર્થીઓ કાલુપુર પબ્લિક સ્કૂલમાં ત્યાં આગળ એડમિશન લીધા છે. જે શાળા બંધ થઇ છે, જેમને ગુજરાતી નથી ભણવું તો તેનું માધ્યમ બદલીને પણ શાળાઓ ત્યાં ચાલુ કરવી જોઇએ. ઘણી બધી જગ્યાએ અમદાવાદ, રાજકોટ, વડોદરાથી માગણી આવે છે, જે નામાંકિત લોકો છે એમને જે બંધ પડેલી સરકારી શાળાઓ છે તે સરકારી ધારાધોરણો મુજબ લઇને ચલાવવા માગતા હોય તો એવા વ્યવસ્થિત લોકો હોય, વિશ્વાસુ લોકો હોય તો એવા લોકો જો મફત શિક્ષણ આપવા માગતા હોય તો આપણી પ્રોપર્ટી છે, ઇન્ફ્રાસ્ટ્રકચર છે એ લોકોને આપવા માટે વિચારવું જોઇએ, કે જેથી કરીને ગુજરાતનું શિક્ષણનું સ્તર વધે. આર.ટી.ઇ.ના એડમિશન લીધા છે તેમાં ઘણી શાળાઓમાં વાલીઓને ધમકાવવામાં આવે છે.તેમાં કે તમે તેમાં એડમિશન ન લો. બીજું, એફ.આર.સી.ના નિયમો બનાવેલા છે. તેમાં ૩૫ હજારથી વધારે ફી ન લેવી તેની જગ્યાએ ૫-૫ લાખ ફી છે. તેની ૪૯ ફરિયાદો તો અમદાવાદમાં જ મળી છે.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા માંગરોળ અને માળીયા વિસ્તારમાં કોઇ ફેક્ટરી કે ઉદ્યોગ નથી, પણ માળીયાથી લઇ છેક દિવ સુધીનો દરિયાકિનારો છે. તેમાં દરિયાઇ ખેડૂતોને પ્રોત્સાહન મળે તે માટે જેટીના પ્રશ્નો છે, તેમાં માંગરોળમાં જે જેટી છે તેના પાંચેક વર્ષથી હું પ્રયત્ન કરું છું. અગાઉના વીસ વર્ષથી પ્રયત્નો કરેલા છે. તો સેરીયાજબારા, ચોરવાડ અને શીલ આ ત્રણ વિસ્તારમાં જેટી બનાવવામાં આવે તેવી માગણી છે. સરકારે ૨૧૦ કરોડની જોગવાઇ કરેલી છે તેમાંથી આ ત્રણ બંદરો માટે ૨૦ થી ૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવે તો ત્રણેય માછીમારીના બંદરોને લાભ

મળે તેમ છે. માંગરોળમાં એક બોટ ઉતારવાના ૫૦ હજાર રૂપિયા જેટલો ફંડ અથવા ફાળો લે છે. આ ત્રણ બંદરો જો વિકસાવવામાં આવે તો તે ફાળો પણ બંધ થઇ જાય તેમ છે. અમારા વિસ્તારમાં જોઇએ તો તે વખતે બાબુભાઇ માનનીય મંત્રીશ્રીએ આશ્વાસન પણ આપેલું હતું કે તમારા આ ત્રણેય બંદરોનો વિકાસ કરવા માટે જે કંઇ ગ્રાન્ટ આવશે તે આપીશું. તો આ વખતે ૨૧૦ કરોડની ગ્રાન્ટ છે તેમાંથી ફક્ત ૨૫ કરોડ રૂપિયા વાપરવામાં આવે તો અમારા વિસ્તારને પૂરેપૂરો લાભ મળી રહે તેમ છે. તે લાભ આપવા માટે માનનીય મંત્રીશ્રીને ભલામણ, વિનંતી અને આગ્રહ પણ કરું છું.

શ્રી પ્રતાપ દૂધાત (સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના પેન્શનરોની પત્નીના અવસાન બાદ તેમના પર આધારિત પુત્રીને કુટુંબ પેન્શન આપવાની જોગવાઇ છે. જ્યારે રાજ્ય સરકારના પેન્શનરોની પત્નીના અવસાન બાદ તેના પર આધારિત પુત્રીને પેન્શન આપવાની કોઇ જોગવાઇ નહીં હોવાથી આ નિયમમાં સુધારો કરી આના પર આધારિત પુત્રીને આવકના અભાવને કારણે જીવન જીવવું મુશ્કેલ બને છે. તે પુત્રીઓને સમાજની અંદર અપેક્ષિત અસહાય હાલતમાં જીવવું પડે છે. ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું અને લાગણી વ્યક્ત કરું છું કે, કેન્દ્ર સરકારની જેમ આપણા રાજ્ય સરકારના પેન્શનરોની પત્નીઓના અવસાન બાદ દીકરીઓને પેન્શન આપવામાં આવે. આભાર.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે સિંહ અને નરસિંહની ભૂમિ અંગેની વાત કરવા માગું છું અને ગૃહને એ બાબતથી અવગત કરવા માગું છું કે, સિંહના મોત તે ખૂબ ગંભીર તપાસનો વિષય બન્યો છે. રાજ્યમાં નોંધાયેલા ૫૨૩ પૈકી ૨૨૨ સિંહો બે વર્ષમાં મોતના મુખમાં ધકેલાઇ ગયા છે. આપણે ભવ્ય વિરાસતની વાત કરીએ છીએ પણ આ બાબતમાં આપણે ઉદાસીનતા સેવીએ છીએ. સૌથી વધુ મોત તો કમનસીબે વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪૦ જેટલા થયા છે. તેમાં ૨૩ સિંહના મોત તો અકુદરતી રીતે થયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાસણમાં તાજેતરમાં એવી જાહેરાત કરેલી હતી કે, સિંહના ગળામાં રેડિયો કોલર્સ ટેગ લગાડવામાં આવશે. જે સેટેલાઇટથી સિંહનું લોકેશન બે વખત બતાવશે. અંદાજે ભૂલતો ન હોઉં તો ચાર લાખના ખર્ચે. આવા સિંહોના ગળામાં ટેગ પહેરાવીને સિંહોના લોકેશન મેળવતા રહેવાની સારી અદ્યતન ટેક્નિકલ બાબત લાવેલા હતા. પરંતુ કમનસીબે આ વન અધિકારીઓની અણઆવડતના કારણે એક સિંહનું મોત થયા પછી આ ટેગ કરેલા સિંહનું લોકેશન મળતું નથી. એટલું જ નહીં પણ જ્યારે આપણે ટુરિઝમને પ્રોત્સાહિત કરવા માગીએ છીએ ત્યારે જંગલના અધિકારીઓ પોતાની આંતરિક ગેરરીતિઓ બહાર ન આવે એટલે ટુરિસ્ટોને આવતા અટકાવવા માટે અને સિંહના દર્શનથી ટુરિસ્ટોને વિમુખ રાખવા માટે જે હોમ સ્ટે છે તેને રીન્યુ કરતા નથી. તો આપણે એકબાજુ ટુરિઝમને પ્રોત્સાહન આપીએ છીએ. આપણા સિંહો વિશ્વ વિખ્યાત છે. ઇન્ટરનેશનલ લોકો આવતા હોય તો આવા રિસોર્ટને મંજૂરી આપવાની ઉદારતા દાખવો.

ડો. અનિલ જોષિયારા (ભીલોડા): માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભિલોડા અને મેઘરજ તાલુકામાં પાયાની સુવિધાઓ, બારમાસી પાકા રસ્તાઓની રજૂઆતો હું ઘણાં સમયથી કરું છું અને માનનીય મંત્રીશ્રીનો પણ ખૂબ સારો પ્રતિસાદ હોય છે. દર વર્ષે એની માહિતી પણ મંગાવે છે પરંતુ અમારા ભિલોડા તાલુકાના લગભગ ૧૫ રસ્તાઓ અને મેઘરજ તાલુકાના ૧૬ રસ્તાઓ છે. એમાં ઘણાં તો રેવન્યુ વિલેજ છે અને આ ગામો છે એની વસતિ ૫૦૦થી ઉપર છે. આવી જગ્યાએ બારમાસી પાકો રસ્તો નથી અને ત્રણ જગ્યાએ હાથમતી નદી અને ઓઢા પાસે વાત્રક નદી એ જગ્યાએ પુલ ન હોવાના કારણે અવર જવરની ખૂબ મોટી મુશ્કેલી પડે છે. દર વર્ષે અમારા ટ્રાયબલ વિભાગમાં ૧૧૦૦ કરોડ રૂપિયા રસ્તાઓ માટે ફળવાય છે પણ અમારા જે તાલુકાઓ છે એમાં આ પૈસા આવતા નથી. એના લીધે અમને આ પાયાની સુવિધાઓ મળી શકતી નથી, તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ વખતે આ જે રસ્તાઓ છે બે-બે, ત્રણ-ત્રણ કિલોમીટરના જ રસ્તાઓ હોય છે, તો આ રસ્તાઓ જે બાકી છે એને માટે આ વખતે રકમ ફાળવો અને જે ઉપલા કંઠાળિયાથી નીચલા કંઠાળિયા વચ્ચે હાથમતી નદી આવતી હોવાથી દસ-પંદર કિલોમીટર ફરીને જવું પડે છે. એવું જ મેઘરજ તાલુકાના ઓઢા પાસે વાત્રક નદી પર પુલ ન હોવાના કારણે ફરી ફરીને જવું પડે છે તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આ જગ્યાએ જ્યાં જ્યાં મુશ્કેલી છે ત્યાં તમે આ રસ્તાઓ અને પુલની સગવડ કરો. આપના અધિકારીઓ સ્થળ ઉપર આવી ગયા છે અને હમણાં આ વિધાનસભાના સમયે પણ અધિકારીઓ આવી ગયા છે. એમણે પણ જોયું છે અને પહેલાં પણ આપની સૂચનાથી અધિકારીઓ સ્થળ પર આવી ગયા છે. અધિકારીઓએ જોયા પછી એમને એમ લાગ્યું કે આ ખરેખર જરૂરિયાતવાળા વિસ્તારો છે તો મારી આપને વિનંતી છે કે ગમે તે રીતે તમે આ માટે પૈસા ફાળવી અને જોબ નંબર આપીને આ ગામડાઓને રસ્તાની સુવિધા આપો.

ડો. સી. જે. ચાવડા (ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની જે કેનાલો બની રહી છે એમાં મુખ્ય કેનાલથી માંડી પ્રશાખા કેનાલો સુધી ૮૧ હજાર કિલોમીટર જેટલી લંબાઇની કેનાલો બનાવવાની હતી. વર્ષોથી કેનાલનું કામ ચાલે છે. જમીન સંપાદનના પ્રશ્નો પણ હશે પરંતુ જ્યાં સુધી ખેડૂતના ખેતર સુધી પાણી ન પહોંચે ત્યાં સુધી નર્મદાનો આપણે પૂરેપૂરો ઉપયોગ કર્યો એમ ન કહેવાય. સોશ્યલ ઇકોનોમીક સર્વેના અનુસંધાને દેશને, રાજયને અને ખેડૂતને આબાદીમાં જે ફાયદો થવાનો હતો એ આપણે લઇ શકતા નથી. આપણે જોઇ શકીએ છીએ ખરા પણ એનો ઉપયોગ કરી શકતા નથી. એટલે સરકારે જેમ બને તેમ ઝડપી પગલાં લેવા જોઇએ અને કેનાલોનું કામ પૂરું કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ગાંધીનગર જિલ્લામાંથી મુખ્ય કેનાલ પસાર થાય છે. આ કેનાલમાં અમને વર્ષોથી પાણી જોવા મળે છે પણ એનો ઉપયોગ અમારા જિલ્લાના ખેડૂતો કરી શકતા નથી. ફક્તને ફક્ત જ્યાં કેનાલ પસાર થાય છે એમાં અમે વર્ષોથી જોઇએ છીએ કે વધુમાં વધુ આપઘાત કરવાના કામમાં આવે છે. મોટા ભાગે વર્ષે ૧૦૦ થી ૧૫૦ લોકો આ નર્મદા

કેનાલમાં આપઘાત કરે છે પણ એક ખેડૂતના ખેતર સુધી પહોંચાડવાનું કામ થતું નથી અને અમારા ગાંધીનગર જિલ્લાને લાભ મળતો નથી. ડાયરેક્ટ ન પણ મળી શકે. કદાચ સોશ્યલ ઇકોનોમીક સર્વેમાં ન હોય તો પણ આના કારણે બીજાં જિલ્લાઓમાં પહોંચે, ધારો કે મહેસાણામાં પાણી પહોંચે, બનાસકાંઠામાં પાણી પહોંચે અને ધરોઇનું કે બીજી કોઇ જગ્યાએથી લાવીને વધારાના પાણીનો ઉપયોગ કરીને અમારા માણસા તાલુકાના કેટલાક ગામોમાં કે કલોલ તાલુકાના કેટલાક ગામોમાં પાણી આવી શકે એના માટે માનનીય મંત્રીશ્રી કાળજી પણ લેતા હોય છે, તો નર્મદાની કેનાલનું કામ ઝડપી પૂરું થાય અને ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચે એવી મારી લાગણી છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે મારો દાહોદ જિલ્લો સો ટકા આદિવાસી જિલ્લો હોવાને નાતે જે આદિવાસી ભાઇ–બહેનો બહારના જિલ્લાઓમાં મજૂરી કરવા જાય છે ત્યારે અમારા જિલ્લામાં કોઇ સ્થાનિક રોજગારી મળે એવું કાંઇ છે નહીં. હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે અમારા આદિવાસીના છોકરા–છોકરીઓ ભણીગણીને બેરોજગાર બન્યા છે, કેમ કે અહીંયા કોઇ જી.આઇ.ડી.સી. કે નાના ઉદ્યોગો નથી એટલા માટે દાહોદ જિલ્લો અને મારો મત વિસ્તાર જે એમ.પી.ની બોર્ડર પર આવેલ છે ત્યાં જી.આઇ.ડી.સી. કરીને નાના ઉદ્યોગોની સ્થાપના થાય તો ત્યાં સ્થાનિક રોજગારી મળે એવી અપેક્ષા રાખું છું. આદિવાસી તાલુકાઓમાં જે ચોરી–લૂંટફાટના બનાવો ખૂબ બને છે એને અટકાવવા માટે આ પ્રયત્ન કરી રહી છું ત્યારે અમારા આદિવાસી જિલ્લામાં આવા નાના મોટો ઉદ્યોગો આપો કે જેથી રોજગારી મળે એવી આશા રાખું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર(પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આદિવાસી વિસ્તારમાં રસ્તાઓની સગવડતા અપૂરતી છે. એ બાબતમાં હું વખતોવખત ચર્ચા કરતો આવ્યો છું. મારા કવાંટ તાલુકાના જે રસ્તાઓ છે એ રસ્તાઓને લાંબા સમયથી ડામર સપાટી પર લાવવાની જરૂર છે. એવા રસ્તાઓ માટેની દરખાસ્ત આ સરકારમાં પડી રહી છે તેને મંજૂરી આપો. ખાસ કરીને મારો કવાંટ તાલુકાનો કરજવાટ–મોટી ટોકરી–બોરધા ગામ વચ્ચે જે નદી આવે છે તે કરા કોતર એના ઉપર પુલ બનાવવા માટે વખતોવખત અમે રજૂઆત કરી છે. સરકાર એને મંજૂરી આપે. બીજો એક રસ્તો છે રાયછા–ચીખલી માર્ગના ચીખલી ગામ પાસે જે મધ્યપ્રદેશને જોડે છે. એ રસ્તા ઉપર એક નાની નદી છે. એ નદી ઉપર ડીપ–વે બનાવેલો છે એના બદલે પુલ થાય એવી અપેક્ષા રાખું છું. બૈઢીયા–કેલધરા–કોચવડ–આમછોટા ગામને જોડતો ગ્રામ્ય રસ્તો ૨૦૦૮–૦૯માં ડામર થયેલો, તે પછી ડામર થયેલો નથી. દસ વરસ જેટલો સમય પસાર થયો છે. આ ગ્રામ્ય રસ્તાને સુધારવા માટે સરકાર જોબ નંબર આપે એવી અપેક્ષા રાખું છું. ટવા–કનરવા–ગોઢધા–ગુગલીયા માર્ગમાં ગુગલીયા ગામ પાસે દૂધવાલ કોતર આવેલ છે. આ દૂધવાલ કોતર ઉપર પણ એક ડીપ થાય અથવા તો પુલ થાય એવી અમારી સૌની માગણી છે. ક્વાંટ–છોટાઉદેપુર સ્ટેટ હાઇવે ૨૫ કિલોમીટરની લેન્થવાળો છે એ ૨૫ કિલોમીટરની લેન્થને પહોળો કરવાનું કામ અને ડામર કામ કરે એવી અપેક્ષા રાખું છું.

શ્રી સંજયભાઇ જે. સોલંકી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા તાલુકા જંબુસરની અંદર પૌરાણિક મંદિરો જેવા કે સ્તંભેશ્વર મહાદેવ, કંબોઇ, કાવી અને રામેશ્વર મહાદેવ આવેલા છે. શ્રાવણ માસ એટલે હિંદુઓનો પવિત્ર માસ છે. અમારા વિસ્તારમાં શ્રાવણ માસમાં રોજના દસ હજાર જેટલા યાત્રાળુઓ આવતા હોય છે, તો કંબોઇ આવવા માટે વડોદરા અને ભરૂચથી સ્પેશિયલ બસોની સુવિધા કરવામાં આવે તે જરૂરી છે. નાળા જવા માટે નીતિનભાઇએ એક રસ્તો આપ્યો છે પણ બીજો રસ્તો કાવી– કંબોઇનો આ વરસે મંજૂર કરે તો કંબોઇ માટે શ્રાવણ માસની અંદર ખૂબ ગીર્દી થાય છે તે અટકે. ખંભાતથી કાવી એક કિલોમીટરનો દરિયો આવેલો છે. સૌરાષ્ટ્રથી જે લોકોએ દર્શન માટે આવવું હોય તે લોકોને ખૂબ નજીક પડે. આ રસ્તો અને પુલ માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ મંજૂર કરે એવી વિનંતી કરું છું.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે મેલું ઉપાડવાની પ્રથા અથવા તો મેલું સાફ કરવાની પ્રથા ધીમે ધીમે ઓછી થાય એના માટે બધી જ સરકારોએ ભૂતકાળમાં કામ કર્યું છે. આજે પણ સરકાર કામ કરી રહી છે અને એના માટે કદાચ અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ નાના અને મધ્યમ કદના શહેરોમાં ખૂબ સારી રીતે કામ કરે એના માટેના આયોજનો થયેલા. મારા રાજુલા શહેરની અંદર પણ અંદાજે રૂપિયા ચાળીસ કરોડ જેટલી મોટી રકમથી અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ કરવા માટેનું કામ જે તે વખતે થયેલું. હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું અને દુઃખ સાથે કહેવા માગું છું કે આવી ગટરો કરવા માટે લેવલીંગનું કામ જે છે એ પ્રાણવાયુનું કામ કરતું હોય છે. જો લેવલીંગ યોગ્ય દિશામાં કરવામાં ન આવે તો ક્યાંકને ક્યાંક ગંભીર પરિસ્થિતિ થતી હોય છે. રાજુલાની અંદર માત્ર ૨૫ ટકા જેટલા કનેક્શનો અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજમાં આપ્યા છે છતાં પણ પરિસ્થિતિ દયનીય છે. જો ૧૦૦ ટકા અન્ડરગ્રાઉન્ડ કનેકશનો આપવામાં આવે તો પરિસ્થિતિ વણસી શકે તેમ છે અને આ યોજના તદ્દન ગેરવાજબી ઠરે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જે પાઇપો ખરીદવામાં આવ્યા છે એ પાઇપો સ્ટાન્ડર્ડ વેન્ડર્સ પાસેથી ખરીદવામાં આવ્યા નથી, સાથે સાથે જ્યારે પણ આ પાઇપો ખરીદી છે ત્યારે એનું થર્ડપાર્ટી ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું નથી. એનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું નથી એટલે કે જે લોડથી પ્રેશર ફ્લો થવો જોઇએ એ બાબતની અંદર પણ જો દુર્લક્ષ સેવવામાં આવેલ હોય તો પરિસ્થિતિ ઘણી બધી ગંભીર થઇ રહે તેમ છે. મારું રાજુલા શહેર એ પત્થરોનું શહેર છે. પથરાળ જમીનની અંદર જ્યારે ખોદકામ કરવામાં આવે છે, પાઇપ ફીટીંગ કરવામાં આવે છે ત્યારે જો યોગ્ય તકેદારી

રાખવામાં ન આવે તો ઘણી બધી વિપરીત પરિસ્થિતિ થઇ શકે છે. પી.એમ.સી. એટલે કે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ દ્વારા આ આખો પ્રોજેક્ટ હેન્ડલ કરવામાં આવ્યો છે. એમની પણ જવાબદારીઓ નક્કી કરવામાં આવી નથી. એવી ગંભીર પરિસ્થિતિમાંથી મારું શહેર પસાર થઇ રહેલ છે. છેલ્લી વાત કે આવી પરિસ્થિતિને ધ્યાને લેતાં જ્યાંસુધી ૧૦૦ ટકા કામ પૂર્ણ ન થાય ત્યાંસુધી એને ચલાવવાની જવાબદારી બે વરસ માટે બીજાંને આપવામાં આવી હતી પણ આ જવાબદારીમાં પણ દુર્લક્ષ્ય સેવવામાં આવ્યું છે એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, રાજુલા શહેરમાં આવો ૪૦ કરોડ રૂપિયાનો પ્રોજેકટ હોય અને ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થતો હોય તો એમાં યોગ્ય કાર્યવાહી અને યોગ્ય ચકાસણી થાય એવી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું, આભાર.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું, ખાસ કરીને ગુજરાતમાં જે જીવંત નદીઓ છે તેમાં તાપી, નર્મદા, મહી તે ખૂબ અગત્યની નદીઓ છે. આખું ગુજરાત જ્યારે જળસંકટમાંથી પસાર થઇ રહ્યું છે ત્યારે પુરાણોમાં પણ કહેવાય છે કે, ગંગા સ્નાને, નર્મદા દર્શને અને તાપી સ્મરણે. તો એ તાપી નદી આજે ખૂબ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહી છે અને તેનું મુખ્ય કારણ પ્રદૂષણ છે. ખાસ કરીને ઉદ્યોગોમાંથી જે પ્રદૂષણ ઠલવાય છે તે ખૂબ ગંભીર ઘટના થઇ રહી છે. સાથે સાથે જે શહેરો જોડાયેલા છે તેનું ગંદું પાણી પણ તાપી નદીમાં ઠલવાય છે. સુરત શહેર આખું કે જ્યાં લાખો લોકોની વસતિ રહે છે તેને પીવા માટે આ તાપી નદીમાંથી પાણી આપીએ છીએ, તો આ ખૂબ ગંભીર પ્રશ્ન છે અને તાપી બચાવવા માટે અને તેનું પ્રદૂષણ અટકાવવા માટે ગંભીરતાથી વિચારે અને પગલાં લે એવી સરકારશ્રીને મારી વિનંતી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં કપાસના પાક વીમા માટે આ ગૃહમાં પણ ભારે ચિંતા થઇ ચૂકી છે. અમરેલી જિલ્લાના ધારી, બાબરા અને લાઠી આ ત્રણ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા અને મગફળીનો પાક વીમો મળ્યો, પરંતુ કપાસના પાક વીમા માટે આ ગૃહમાં ૫૨ મિનિટ એક પ્રશ્નની ચર્ચા પણ થઇ ચૂકી છે. તમામ સભ્યોને પણ આમાં તક મળી છે. મારી તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કરોડો રૂપિયાનું આપણે પ્રિમિયમ ચૂકવીએ છીએ. કેન્દ્ર સરકાર પણ ચૂકવે છે, રાજ્ય સરકાર પણ ચૂકવે છે અને ખેડૂતો પણ કરોડો રૂપિયા ભરે છે. પ્રશ્ન પૂછતાં જે એક આંકડો આવ્યો, ૭૯૯ કરોડ રૂપિયાનું પ્રિમિયમ ખેડૂતોએ ભર્યું છે. ૨૨૦૦ કરોડ રૂપિયા રાજ્ય સરકારે ભર્યું, ૨૨૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે ભર્યું. આવો દસ વર્ષનો હિસાબ કરીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે જે પ્રિમિયમ ભર્યું છે તે પ્રિમિયમ રૂપે પ્રાઇવેટ કંપનીઓ તગડો નફો લઇ જાય છે. ગયા વખતના પ્રશ્નમાં ૩ હજાર કરોડ રૂપિયા માત્ર છ કંપનીઓ પ્રિમિયમ રળી ગઇ. ખેડૂતોને તેણે રૂપિયા ૩૧૦૦ કરોડની ચૂકવણી કરી ત્યારે હું માનનીય મંત્રીશ્રીને આપના મારફત નિવેદન કરવા માગું છું, વિનંતી કરવા માગું છું કે ખેડૂતોને મદદરૂપ થવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર જે પ્રિમિયમ ભોગવે છે અને ખેડૂતો ભરે છે. ખેડૂતો પાસેથી આવું પ્રિમિયમ વસૂલ લેવામાં ન આવે અને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર જે પ્રિમિયમ ભોગવે છે તેવો દસ વર્ષનો હિસાબ કરીને આ પ્રિમિયમ આપણે કંપનીઓને ભરવાને બદલે એ હિસાબ પ્રમાણે દર વર્ષે ખેડૂતોના ખાતામાં સીધું જ આપીએ તો મને લાગે છે કે ખેડૂતોને મદદરૂપ થવાશે. દર વર્ષે કંપનીઓ જુદા જુદા દાખલાઓ આપે. માનનીય અધ્યક્ષશ્રી, હું દસ ગામની મંડળીનો પ્રમુખ છું. મારા પોતાના ગામમાં માત્ર ૪૨ ખેડૂતોને કપાસનો વીમો મળ્યો છે, બાકીનાને નથી મળ્યો એટલે એમાં પણ પીયત અને બિન પીયતના નામે તફાવત કાઢવામાં આવે છે ત્યારે રાજ્ય સરકાર બહુ ગંભીરતા દાખવે. આ ગૃહે બહુ ગંભીરતા દાખવી છે એવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ કે અનુસૂચિત જનજાતિ કે અન્ય કોઇ વિદ્યાર્થીઓનું ભવિષ્ય શરૂઆતથી જ ન બગડે તેના માટે સરકારે જાગૃત રહેવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ. નીચે જે વિદ્યાર્થીઓને એડમિશન મળતાં હોય તેમાં અધિકારીઓ દ્વારા ઘણી બધી ગેરરીતિ થાય છે અને ખાનગી શાળાઓ એ પણ એડમિશન આપવાથી ઈન્કાર કરી દેતી હોય છે. મારા ભાવનગર જિલ્લામાં બે વિદ્યાર્થીઓ એવા હતા કે જેણે ગુજરાતી માધ્યમમાં એડમિશન માગેલું અને તેને અંગ્રેજી માધ્યમમાં આપી દેવામાં આવ્યું. મેં જયારે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને આ રજૂઆત કરી ત્યારે તેમાં સુધારો કરી આપ્યો. બહુ આનંદની વાત છે અને તેમને અભિનંદન આપું છું પણ વિદ્યાર્થીઓ સાથે જે ચેડાં થાય છે, તેમાં ખાસ કરીને સરકાર દ્વારા જે ફ્રી–શીપ કાર્ડ આપવામાં આવે છે તે ખાનગી શાળાઓમાં ફ્રી–શીપ કાર્ડ હોવા છતાં વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉઘરાવવામાં આવે છે અને એવું કહેવામાં આવે છે કે સરકારમાંથી અમને સમયસર પૈસા જમા થતા નથી એટલે જ્યારે સરકારમાંથી પૈસા મળશે ત્યારે તમને પરત આપવામાં આવશે. મારા મત વિસ્તારની રંઘોળાની એક સ્કૂલની વાત કરું તો જ્યારે મેં ટ્રસ્ટી સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે સરકાર દ્વારા અમને પૈસા સમયસર નહીં મળવાના કારણે અમે એક તો ફી ઓછી લઇએ છીએ અને એમાં અમારે આ કરવું પડે છે.સરકાર દ્વારા જે ફ્રી–શીપ કાર્ડ માટે eligible વિદ્યાર્થીઓ હોય એના પૈસા સરકારે તાત્કાલિક ચૂકવવા જોઇએ. વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા હોવાના કારણે પૈસા આપી શકતા નથી. આર.ટી.ઇ. એક્ટ નીચે ભાવનગરની શાળામાં વિદ્યાર્થીઓ એડમિશન લેવા ગયા ત્યારે એમને ના પાડવામાં આવી અને એવું કારણ દર્શાવવામાં આવ્યું કે અમે કોર્ટમાં ગયા છીએ એટલે આ એડમિશન અમે નહિ આપી શકીએ. જ્યારે સ્કૂલ કોર્ટમાં ગઇ હોય ત્યારે એ સ્કૂલે આર.ટી.આઇ. નીચે એડમિશન આપવા ન જોઇએ કારણ કે એમાં બાળકોનું ભવિષ્ય બગડે છે. તો હું સરકારને વિનંતી કરું છું કે આવી બાબતમાં ધ્યાન રાખો.

પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે અપૂરતા વરસાદને કારણે ખેડૂતો ચિંતામાં છે અને જુદા–જુદા તાલુકાઓમાં વાવેતર થયું છે એનો ૫૦ ટકા જેવો પાક પણ નિષ્ફળ ગયો હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. ગયા વર્ષે મારા ગીર–સોમનાથ જિલ્લાના ૬ તાલુકાઓમાં ભારે વરસાદ પડ્યો હતો અને તેના કારણે ખેડૂતોનું વાવેતર સંપૂર્ણપણે નિષ્ફળ ગયું હતું પણ એની સાથો–સાથ મોટાપાયે જમીન પણ ધોવાઇ ગઇ હતી. ત્યારબાદ અમે સરકારશ્રીને વારંવાર રજૂઆત કરી છે. એ વાતને એક વર્ષ થવા છતાં આજ દિન સુધી મહેસૂલ વિભાગે સરવે કર્યું છે કે કૃષિ વિભાગે સરવે કર્યું છે, કઇ રીતે સહાય આપવાના છે, હેક્ટરે આપવાના છે કે એકરે આપવાના છે, કેટલી સહાય આપવાના છે એ આજની તારીખે સ્પષ્ટ થયું નથી ત્યારે હું સરકારશ્રીને, નાણામંત્રીશ્રીને અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ગયા વર્ષે મોટા ભાગના ખેડૂતોની ધોવાયેલી જમીનનો તાત્કાલિક અસરથી સરવે કરીને જેમને સહાય ચૂકવવાપાત્ર થાય છે એને તાત્કાલિક અસરથી ચૂકવી દેવામાં આવે. અત્યારે ચોમાસુ ચાલે છે ત્યારે સહાય ચૂકવવામાં આવે તો એમણે બિયારણ માટે, વાવેતર માટે બેંકમાંથી વ્યાજે પૈસા લીધા હોય તો એમને આર્થિક રીતે નુકસાન સહન કરવું ન પડે એટલા માટે તાત્કાલિક અસરથી આ ખેડૂત સહાય ચૂકવી દેવામાં આવે એવી સરકારને હું વિનંતી કરું છું.

જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આમ તો મારો મુદ્દો વલસાડ જિલ્લાનો છે પણ સમગ્ર રાજ્યને લાગુ પડે એવો છે. વલસાડ જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૨,૯૫,૦૦૦ હેક્ટર છે અને એકરમાં કહું તો ૭,૩૭,૫૦૦ એકર જમીન છે. એના કુલ સરવે નંબર ૧,૭૭,૮૪૦ જેટલા છે. હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ખાલી એક વર્ષમાં એટલે કે તા.૧/૮/૨૦૧૮ થી તા.૨૫/૭/૨૦૧૯ સુધીમાં ૬૮૮૧ જેટલી વાંધા અરજીઓ આવી હતી એમાંથી ફક્ત ૩૭૯૯નો નિકાલ થયો અને ૩૦૮૨ જેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, એટલે ટકાવારીના ધોરણે ગણીએ તો ફક્ત ૫૫ ટકા કામગીરી થઇ છે. આખા વલસાડ જિલ્લામાં ૧,૭૭,૮૪૦ સરવે નંબર હોય ત્યારે એની માપણી કરવા માટે ડી.જી.પી.એસ. મશીન આવે છે એ આખા વલસાડ જિલ્લામાં એક જ છે. બીજાની તો વાત છોડો, મારા પોતાના સરવે નંબરના ક્ષેત્રફળમાં ભૂલ છે. એ સુધારવા માટે મેં સાતમા મહિનામાં અરજી કરી હતી. એક વર્ષ થઇ ગયું. હું ડી.એલ.ઓ. કચેરીમાં બે થી ત્રણ વખત જઇ આવ્યો. આમ જોઇએ તો જો મારું કામ ન થાય તો સામાન્ય માણસનું કામ કઇ રીતે થઇ શકે? મેં આવી પાંચ અરજીઓ આપી છે. વલસાડ જિલ્લામાં એક જ ડી.જી.પી.એસ. મશીન છે એમાં વધારો થાય એવી મારી વિનંતી છે. આ પરિસ્થિતિના કારણે આવનારા દિવસોમાં ઘણા બધાં ઝઘડાઓ ઊભા થવાના છે. અભણ અને અજ્ઞાન લોકો છે. એમને ખબર નથી કે અમારા સરવે નંબર કે જમીનમાં ભૂલો થઇ છે એ બાબતમાં સરકાર ધ્યાન આપીને કામ કરે તેવી વિનંતી છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની મેડિકલ કોલેજોમાં બે દિવસ પહેલા માનનીય નીતિનભાઇએ સીટો વધારવાની જાહેરાત કરી હતી એ બદલ હું એમને અભિનંદન આપું છું. પરંતુ મેડિકલ કોલેજોમાં એડમિશન માટે ડોમીસાઇલની વ્યવસ્થા કરી છે. સન ૨૦૧૭માં ડોમીસાઇલના નિયમો બનાવેલા હતા કે ધોરણ ૧૦ અને ૧૨ ગુજરાતમાં પાસે થયલા હોવા જોઇએ. સન ૨૦૧૮માં જે નિયમો બનાવ્યા એમાં ધોરણ–૧૦ અને ૧૨ ગુજરાતમાં પાસ થયેલા હોવા જોઇએ. ગુજરાત રાજ્યમાં ડોમીસાઇલ હોવું જોઇએ. પરંત સન ૨૦૧૯માં એવું પ્રોવિઝન કર્યું કે ગુજરાત રાજ્યનું ડોમીસાઇલ હોવું જોઇએ. ગુજરાતમાં જન્મ થયેલો હોવો જોઇએ. ધોરણ–૧૨ ગુજરાતમાંથી પાસ કરેલ હોવું જોઇએ, જ્યારે ધોરણ–૧૦ અન્ય રાજ્યમાં કરેલ હોય તો પણ ચાલશે. જ્યારે નેટની અંદર બીજાં રાજ્યોની સરખામણીમાં ગુજરાતનું પરિણામ ઓછું હોય છે એના લીધે બીજાં રાજ્યના વિદ્યાર્થીઓ માત્ર ગુજરાતની અંદર આવીને ધોરણ–૧૨ની પરીક્ષા આપે છે એના લીધે ગુજરાતના વિદ્યાર્થીઓને નુકસાન થાય છે. ગયા વર્ષે ગૃહ મંત્રાલયની એક ટીમ બનાવવામાં આવી હતી અને એણે ખોટા ડોમીસાઇલ કર્યા હતા એની સામે કડક કાર્યવાહી કરી હતી એટલે જે જૂના ડોમીસાઇલના નિયમો હતા એ ચાલુ રાખીને એ પ્રમાણે ગુજરાત રાજ્યમાં મેડિકલમાં પ્રવેશ મળે તેવી વિનંતી કરું છું.

શ્રી નથાભાઇ હે. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, બેટી બચાવો, બેટી પઢાવોનું આપણું સુત્ર છે. શાળાએ જતી કન્યાઓ ધોરણ–૧ થી ૯માં અભ્યાસ કરે એના માટે સરકાર દ્વારા સહાય આપીને એને પ્રોત્સાહિત કરવામાં આવે છે એ પ્રશંસનીય છે પરંતુ ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓમાં સ્ટાફની ભરતી ન થવાને કારણે વિદ્યાર્થિનીઓને માધ્યમિક શિક્ષણથી વંચિત રહેવું પડે છે. એ બહાર ભણવા જઇ શકતી નથી. મારી સરકારશ્રીને વિનંતી છે કે માધ્યમિક શાળાઓમાં સ્ટાફની પૂરતી ભરતી કરવામાં આવે.

ઉત્તર ગુજરાતમાં બીજાં જિલ્લાઓની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લો પછાત છે અને ગ્રામ્ય વિસ્તારોમાં માધ્યમિક શાળાઓ ઓછી હતી. છેલ્લા દસેક વર્ષથી શિક્ષણમાં જાગૃતિ આવી છે ત્યારે સરકારી ગ્રાન્ટેબલ શાળાઓ ઉભી કરવી જોઇએ. આ જિલ્લાને અન્યાય થયો છે, પછાત જિલ્લો છે એટલે એના માટે પેકેજ જાહેર કરીને ગ્રાન્ટેબલ શાળાઓ ફાળવે તેવી વિનંતી છે. હાલમાં જે ખાનગી ટ્રસ્ટો દ્વારા માધ્યમિક શાળાઓ ચાલે છે એને પણ ગ્રાન્ટેબલ શાળા બનાવવી જોઇએ એવી મારી વિનંતી છે. માધ્યમિક શાળાઓ માટે નવી નીતિ જાહેર કરવામાં આવી છે એમાં ૭૫૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે, એનો અમલ થઇ રહ્યો છે પરંતુ બધી માધ્યમિક શાળાઓને એનો લાભ મળતો નથી. તેથી ગ્રામ્ય વિસ્તારના લોકો આટલી ફી ન ભરી શકવાના કારણે શિક્ષણની વંચિત રહી જાય છે. તેથી ૭૫૦૦ રૂપિયા આપવાની સરકારશ્રીએ પોલિસી નક્કી કરવી જોઇએ અને બનાસકાંઠાને ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓ મળે તેવી મારી સરકારશ્રીને વિનંતી છે.

## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૯

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર નર્મદા નદીને કિનારે આવેલો છે. નર્મદા નદીને કિનારે આવેલા યાત્રાધામો જેવા કે મોટી કોરલ, નારેશ્વર, માલસર, કુકસ, માંડવા, દિવાબેટ, વ્યાસબેટ, અનસુયા માતા જેવા પવિત્ર યાત્રાધામો નર્મદા નદીના કિનારે આવેલા છે. નર્મદા માતાના દર્શનથી પવિત્ર થવાય તેમજ નર્મદાજીની પરિક્રમાનું એટલું જ મહત્વ છે. સાધુ, સંતો અને હજારો શ્રદ્ધાળુઓ નર્મદાજીની પરિક્રમા કરતા હોય છે. તો આવી પવિત્ર નર્મદાજીના કિનારા ઉપર પરિક્રમા પથ બનાવવામાં આવે તેમજ શૌચાલય, ઘાટ તેમજ મહિલાઓ માટે કપડાં ચેઇન્જ કરવા માટેની સુવિધાઓ ઉભી કરવા મારી ભલામણ છે.

મારા વડોદરા અને ભરૂચ જિલ્લાની હદ ઉપર આવેલ નાંદ અને સોમજ દેલવાડાને જોડતો એક નાનો પુલ બનાવવામાં આવે તો પરિક્રમાવાસીઓનો ૧૫ થી ૨૦ કિલોમીટરનો ફેરો બચી જાય અને આશીર્વાદરૂપ બને એવી મારી લાગણી છે. હાલમાં ગોરખ ટેકરી (નારેશ્વર) અને પોર તેમજ માલસરમાં યાત્રાધામ વિકાસ દ્વારા જે કામો ચાલી રહ્યા છે એ ગોકળગાયની ગતિએ ચાલે છે તે સ્પીડમાં ચાલે તેવી મારી માગણી છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં જે નર્મદા કેનાલો છે એ ઓવરફ્લો થાય અને જો એનું તળાવ સાથે જોડાણ આપવામાં આવે તો આ વધારાનું પાણી તળાવમાં સ્ટોરેજ થાય. જ્યારે શોર્ટેજ હોય ત્યારે નહીં પણ આ વધારાનું પાણી રણને બદલે તળાવમાં જાય અને ખેડૂતો એનું પિયત કરી શકે. ડિસ્ટ્રીબ્યુશન કેનાલો છે એની હાઇટ ઓછી હોવાના કારણે ઓવરફલો થાય છે અને તૂટી જાય છે તો આવી કેનાલોની હાઇટ વધારવામાં આવે. આ બે મારા પ્રશ્નો હતા. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રી સાહેબ આના માટે નર્મદા વિભાગને સૂચના આપી અને આ અગત્યના હોવાથી જરૂર કરશે તેવી અપેક્ષા રાખું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને કેટલો સમય આપવાના છો? તે પ્રમાણે હું વિગતો આપું. પટેલ સાહેબ, સચિવશ્રી, કેટલી મિનિટ આપી છે મને? કેટલી મિનિટ આપી છે મને? (અંતરાય) નો લિમિટ.

અધ્યક્ષશ્રી : જે પ્રશ્નો છે એના ઉપર જ જવાબો આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારી પાસે બહુ વિગત છે. એક તો માનનીય સભ્યશ્રીઓએ જે કાપ દરસ્તો રજૂ કરી છે તેમને જવાબ આપવો અથવા મારી વાત કરીને પૂરું કરું અથવા બન્ને કરું. મારી ઇચ્છા છે કે સભ્યશ્રીઓએ મહેનત કરી આ મુદ્દા ઉપસ્થિત કર્યા છે, તો પહેલાં એમને જવાબ આપી દઉં સાહેબ.

અધ્યક્ષશ્રી : હું આપને એવી વિનંતી કરું કે એમના મુદ્દાઓ જે છે એ આપ સોલ્વ કરજો, એમાં બધું આવી ગયું, હવે આપને જે કહેવું હોય તે કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સૌ પ્રથમ તો બધા સભ્યશ્રીઓનો આભાર માનું કે આ બજેટ સત્રના કામની આજે પૂર્ણાહુતિ થવાની છે. વિભાગોની માગણીઓ, નાણા વિભાગની માગણી તે બધું જ આપણે ગઇ કાલે પૂર્ણ કર્યું. આજે ભારતના બંધારણની કલમ-૨૦૪(૧) મુજબ વિધાનસભા ગૃહમાં મતપાત્ર માગણીઓ ચર્ચાથી અને બાકીની પર માગણીઓ ગિલોટીનથી જે ગઇ કાલે આપણે મંજૂર કરી. તેમજ આપના દ્વારા રજૂ કરવામાં આવેલ બે માગણીઓ આપણે સર્વાનુમતે મંજૂર કરી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓમાં મતપાત્ર અને બિન મતપાત્ર બન્ને માગણીઓનો સમાવેશ થઇ ચૂક્યો છે. એના અંગે વિસ્તૃત ચર્ચા થઇ છે. વિભાગ વાઇઝ ચર્ચા થઇ, જનરલ બજેટ ઉપર ચાર દિવસ ચર્ચા થઇ, બધું જ થયું છે. આપણા બંધારણની એક ખાસિયત કે વિશિષ્ટતા જુઓ, ભલે આપણે બધું મંજૂર કર્યું હોય પણ આ વિનિયોગ વિધેયક મંજૂર ન થાય ત્યાં સુધી ગુજરાત સરકાર, અમારો કોઇ પણ વિભાગ આ બે લાખ ચાર હજાર કરોડ રૂપિયાના બજેટમાંથી એક રૂપિયાની મંજૂરી આ સન્માનનીય સભાગૃહ ન આપે ત્યાં સુધી સાહેબ, અમે આમાંથી એક રૂપિયો વાપરી શકીએ નહીં, ખર્ચ કરી શકીએ નહીં. ઇવન સરકારનો પગાર પણ ન ચૂકવી શકીએ. એટલે ઝીણી ઝીણી બાબતોને આવરી લઇ આપણા બંધારણે આ જોગવાઇઓ કરી છે. એમાં વિનિયોગ વિધેયક મહત્વનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિનિયોગ વિધેયકમાં સમાવેશ કરેલી મહેસૂલી ખર્ચની રૂપિયા ૧૦૪૪૩૫૩૦૯૬૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૩૬૧૨૪૩૦૪૫૦૦૦ની મળી કુલ રૂપિયા ૧૪૦૫૫૯૬૧૪૧૦૦૦નું આ વિનિયોગ વિધેયક ક્રમાંક-૨૬ આજે મેં સન્માનનીય ગૃહમાં રજૂ કર્યું છે. આ ગૃહ જ્યારે મંજૂરી આપશે તે પછી જ કોઇ પણ વિભાગને લગતી બાબત હોય તો અમે ટ્રેઝરીમાંથી એનો ખર્ચ કરી શકીશું. એટલે આજનો દિવસ ભલે બજેટ આખું મંજૂર થઇ ગયું પણ આ વિનિયોગ વિધેયક તેની છેલ્લી ચાવી છે. આ ચાવી આજે તમે અમને આપશો આ ૧૮૨ ધારાસભ્યશ્રીઓ પાસેથી, પછી અમે આ બે લાખ ચાર હજાર કરોડના બજેટની તિજોરી ખોલી શકીશું. આટલી બધી સત્તા આપણને પ્રજાએ, બંધારણે જ્યારે આપી હોય ત્યારે ૨૨ જેટલા સભ્યોએ નાના મોટા મુદ્દાઓ મૂક્યા છે તેનો પણ હું થોડો ટૂંકમાં જવાબ આપવા માગું છું. સભ્યશ્રી ઇન્દ્રજીતભાઇ પરમાર અને શ્રી કનુભાઇ બારીયા આ બન્ને સભ્યશ્રીઓએ એમના વિસ્તાર માટે જી.આઇ.ડી.સી. બનાવવાની માગણી કરી છે. આ વાત સાબિત કરે છે કે આ કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ પણ સ્વીકારે છે કે ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ થતો જાય છે, વધતો જાય છે, વાયબ્રન્ટ ગુજરાતથી નવા ઉદ્યોગો આવતા જાય છે અને જી.આઇ.ડી.સી.ની જરૂર છે. જો જરૂર ન હોત તો માગણી જ ન કરી

હોત, પણ બધાને ખ્યાલ છે કે ગુજરાતનો ઉદ્યોગ વિભાગ, જી.આઇ.ડી.સી. જેટલી વધુ જગ્યાએ એકમો સ્થાપે, નાના મોટા ઉદ્યોગો જે તે તાલુકામાં અને જિલ્લામાં આવે તો લોકોને, યુવાનોને આપણે વધુ રોજગારી આપી શકીએ. પહેલાં તો ખેડા જિલ્લાની વાત કરું તો ખેડા જિલ્લામાં નડિયાદ, માતર, કપડવંજ અને ઠાસરામાં જી.આઇ.ડી.સી. ચાલે છે. જી. આઇ. ડી. સી. એટલે કોઇ એમ માની લે કે સરકાર જમીન ફાળવી દે, કમ્પાઉન્ડ વોલ બની જાય, ઓફિસ બની જાય એટલે જી.આઇ.ડી.સી. બની ગઇ, પણ એ પૂરતું નથી. જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગકાર આવવા જોઇએ. નાનો લેથ મશીન વાળો ઉદ્યોગકાર આવે, થોડો મધ્યમ કક્ષાનો ઉદ્યોગકાર આવે, એન્જિનિયરીંગ, પ્લાસ્ટીક કોઇ પણ પ્રકારનો ઉદ્યોગકાર, વાસણો બનાવવાનું નાનું મોટું કોઇ કારીગરીનું કામ કરવાનું, એન્જિનો રિપેર કરવાના, ખેતીવાડીના સાધનો બનાવવા કે રિપેર કરવાનું જે કોઇ કામમાં આવવું હોય, ઉદ્યોગકારની માગણી જ્યાં આવે ત્યાં હંમેશા અમે મદદરૂપ થઇ અને એમને નજીકમાં નજીક, એમને જરૂરી પૂરતી જગ્યા જી.આઇ.ડી.સી. માટે ફાળવીએ છીએ. મને જણાવતા આનંદ થાય છે કે મુખ્યમંત્રી અને અમારી કેબિનેટના મંત્રીશ્રીઓની ઉદારતા, ગુજરાતમાં રોજગારી વધારવા માટે, ઉદ્યોગોને વધુ ધમધમતા કરવા માટે જી.આઇ.ડી.સી.ને જે જમીન મળે એ મોટા ભાગે સરકારની હોય છે. ગુજરાત સરકારે આ વર્ષે નિર્ણય કર્યો, કેબિનેટમાં મહેસૂલ વિભાગની દરખાસ્ત આવી, શ્રી કૌશિકભાઇ આજે ઉપસ્થિત નથી. એમના વિભાગે દરખાસ્ત મોકલી, જી. આઇ. ડી. સી.એ માગણી કરી કે અમને જો ગુજરાત સરકાર ઓછી કિંમતે જમીન આપે તો અમે પણ નાના મોટા ઉદ્યોગકારોને ઓછી કિંમતે, વ્યાજબી કિંમતે જમીન આપી શકીએ. ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર ગુજરાતની અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા કેબિનેટમાં નિર્ણય કર્યો કે જી. આઇ. ડી. સી.ને જે જમીન આપવામાં આવે તેની કિંમત ખૂબ ઓછી લેવી. એટલે જી. આઇ. ડી. સી.ને ઓછી કિંમતે જમીન મળે તો સ્વાભાવિક છે કે જી. આઇ. ડી. સી. નાના ઉદ્યોગકારને, સ્થાનિક ઉદ્યોગકારને ઓછી કિંમતે જમીન આપી શકે. અમે બહુમાળી જી. આઇ. ડી. સી. પણ ચાલુ કરી. જગ્યાનો અભાવ હોય અને નીચે નાનું કોઇ કારખાનું હોય, ઉપર એક બીજું કારખાનું હોય, તો જેમ રહેવામાં ફ્લેટ સિસ્ટમ છે, એમ નાના નાના ઉદ્યોગ માટે જી.આઇ.ડી.સી.એ બહુમાળી મકાનો બનાવ્યા અને કોઇ ખરીદી ન શકે તો ભાડે આપવાનું પણ ચાલુ કર્યું છે. આ રીતે સરકાર ઉદ્યોગોને પ્રાધાન્ય આપે છે અને ગુજરાત આગળ પણ છે. સભ્યશ્રી કનુભાઇએ તળાજાની વાત કરી તો તળાજામાં જી.આઇ.ડી.સી. માટે સરકારી જમીન મેળવવા માટે તળાજાના મામલતદારને વિગતો રજૂ કરવાની અમે સૂચના આપી છે. એટલે એ આવે, જમીન પ્રાપ્ત થાય અને ઉદ્યોગકારની માગણી આવે, બન્ને ભેગું થાય તો ચોક્કસ આપણે આગળ વધીશું. શ્રીમતી ગેનીબેન એમની કાપ દરખાસ્ત વખતે હાજર નહોતા, પણ સાહેબ, આપે બહેનો ઉપર આજે વિશેષ દ્રષ્ટિ રાખી છે અને એમને પણ તક આપી છે. શ્રીમતી ગેનીબેન બહાર હતા અને પાછા આવ્યા, છતાં એમણે નર્મદાનો પ્રશ્ન ઉભો કર્યો છે.

અધ્યક્ષશ્રી : આપના જેટલો જ હું ઉદાર છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : થેન્ક્યુ સાહેબ. આપે સમભાવથી, સમદ્રષ્ટિથી આખું બજેટ સત્ર પૂરું કર્યું છે એના માટે અમે બધા સભ્યો આપને અભિનંદન આપીએ છીએ. બનાસકાંઠા જિલ્લો નર્મદાનો સૌથી મોટો અને સૌથી વધુ લાભાર્થી જિલ્લો છે. વડોદરા, સુરેન્દ્રનગર, થોડો મહેસાણા અને બનાસકાંઠા મોટો જિલ્લો. આ નર્મદાના મૂળ લાભાર્થી જિલ્લાઓ છે. તેને તો ઘણું પાણી મળે છે. ગેનીબેનના વાવ વિસ્તારમાં જે જમીન ૫,૦૦૦ રૂપિયે વીઘો કોઇ લેનાર નહોતું, આજે ૧૦,૦૦,૦૦૦ રૂપિયે પણ કદાચ કોઇ વેચતું નહીં હોય. જ્યાં કશું પાકતું નહોતું, જયાંથી લોકો હિજરત કરીને બહાર જતાં હતા. બનાસકાંઠાવાળા આખા ગુજરાતમાં મજૂરીકામે જતા હતા એ બનાસકાંઠામાં આજે ખેડૂતો ગામેગામ હજારો મણ જીરૂ અને બીજાં બધા પાકનું ઉત્પાદન કરતા થઇ ગયા છે. એટલે આપણે નર્મદા મૈયાનો અને અમારી ગુજરાત સરકારની કામગીરીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. એટલે તેમાં મારે વિશેષ કંઇ કહેવાનું રહેતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ-સુફલામ યોજના પણ માનનીય નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે આપી છે. બનાસકાંઠા જિલ્લાને અને ઉત્તર ગુજરાતને તેનો લાભ મળ્યો છે. ભૂતકાળની સરકારોમાં તમે કદી કલ્પના નહોતી કરી, ભૂતકાળની સરકારો અડધા ઇંચની પાઇપલાઇન નહોતી નાખી શકતી તેના બદલે અમારી ગુજરાતની ભાજપ સરકારે કિલોમીટરના કિલોમીટર સુધી સુજલામ-સુફલામ કેનાલ કરી અને ખેડૂતોને પાણી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હિંમતસિંહભાઇએ આર.ટી.ઇ.ના કાયદા નીચે ગરીબ વિદ્યાર્થીઓને એડમિશન નથી મળતા એવી જે વાત કરી. અમારા શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીની બહુ ઇચ્છા અને કાયમ એમનો આગ્રહ હોય છે કે આર.ટી.ઇ. કાયદાનો ગુજરાતમાં પૂરો ઉપયોગ થવો જોઇએ. શ્રી હિંમતસિંહભાઇએ અને શ્રી ગ્યાસુદ્દીનભાઇએ પ્રશ્ન પૂછ્યો છે, તેમને હું ચોક્કસ કહીશ કે ભારત સરકારના કાયદા પ્રમાણે શાળાની સંખ્યાની મર્યાદાના ૨૫ ટકા વિદ્યાર્થીઓને આપણે આર.ટી.ઇ. કાયદા પ્રમાણે પ્રવેશ આપવો જોઇએ અને તેનો જે ખર્ચ થાય, મેં અગાઉ પણ કહ્યું છે કે સ્કૂલો મફત ભણાવતી નથી. તેનું કરોડો રૂપિયાનું ખર્ચ ગુજરાતની ભારતીય જનતા પક્ષની સરકાર આ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને ભણવા માટે એ વિદ્યાર્થીવતી સ્કૂલોમાં ગ્રાન્ટ આપે છે અને ૩૦૦૦ રૂપિયા વિદ્યાર્થીદીઠ આપીએ છીએ. હું જો માહિતી આપું તો છેલ્લા ત્રણ વર્ષમાં ૨,૨૩,૮૧૫ જેટલા નબળા અને વંચિત જૂથના વિદ્યાર્થીઓને આર.ટી.ઇ. કાયદા પ્રમાણે પ્રવેશ આપવામાં આવ્યો છે. આ પ્રવેશમાં કોઇ ફોન કરે અને આને લઇ લો એવી રીતે નહીં, ઓન લાઇન સિસ્ટમ. મેરીટ ઉપર અને ગૃહમાં આપને સૌને જાણીને આનંદ થશે કે ૭૫ ટકા, ૮૦ ટકા આવા માર્ક લાવેલા ગરીબ વિદ્યાર્થીઓ જ ઓન લાઇન મેરીટ પ્રમાણે આમાં પ્રવેશ લઇ શકે છે.

ગરીબોને વધુ સારું ભણાવવાનું કામ અમારી ભારતીય જનતા પક્ષની સરકાર કરી રહી છે. સભ્યશ્રી બાબુભાઇ વાજાએ પણ ચોરવાડમાં માંગરોળમાં ફીશીંગ જેટી બનાવવાનો એક પ્રશ્ન ઉભો કર્યો છે. (અંતરાય) માનનીય ગ્યાસુદ્દીનભાઇ, તમારી વાત આવી ગઇ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તમે પૂછજો.

અધ્યક્ષશ્રી : એ પ્રશ્ન જવાબ આપવા જેવા નથી. મારી અપેક્ષા એવી છે કે ૨–૨૦ પહેલાં આપે પૂરું કરવું જોઇએ.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : સાહેબ, બાબુભાઇ વાજાનો જે પ્રશ્ન છે, એમની જાણકારી માટે કહું કે ૧૫૮ કરોડ ૩૦ લાખ રૂપિયાના ખર્ચે આ જેટી બનાવવાની મંજૂરી અમે આપી દીધી છે. અત્યારે તેનું કામ આગળ પ્રગતિમાં છે. એટલે માછીમાર હોય, મત્સ્ય ઉદ્યોગ હોય, દરિયા કિનારે રહેતા ગરીબો હોય તેના માટે અમારી સરકાર હંમેશા પ્રયત્ન કરીને રોજગારી આપીને સુખી કરવાનું, સમૃદ્ધ કરવાનું કામ કરે છે. (અંતરાય) ચર્ચા નહીં થાય આમાં.

અધ્યક્ષશ્રી : તમે સાંભળો, એ બધું ધ્યાનમાં લેશે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : આ કામ ચાલુ થયું નથી? ૧૫૩ કરોડ મંજૂર નથી થયા? ન થયા હોય તો ઉભા થઇને કહો. શ્રી પ્રતાપભાઇનો જે પ્રશ્ન છે કે પેન્શનપાત્ર જે પરિવારો છે તેની વિધવા દીકરીઓ હોય અથવા કુંવારી દીકરીઓ હોય તેને પણ પેન્શનપાત્ર ગણવી. ગુજરાત સરકારની પેન્શન નીતિ ઉદાર છે. જે પેન્શનર કર્મચારી હોય, પતિ અથવા પત્ની, એમને તો પેન્શન મળે જ છે પણ એમના બાળકો પણ ૨૫ વર્ષની ઉંમર સુધીના થાય ત્યાં સુધી એમને પણ માં–બાપ ગુજરી જાય છતાં પણ કુટુંબ પેન્શન આપણે આપીએ જ છીએ. એ પરિવારમાં પણ કોઇ બિલકુલ અશક્ત અથવા જે કંઇ કમાઇ ન શકતા હોય, વિકલાંગ હોય, અંધ હોય, માનસિક વિકલાંગ હોય એવા બાળકને પણ આપણે પેન્શન આપીએ જ છીએ એટલે એ પણ પ્રશ્ન રહેતો નથી. ગીરના સિંહોની વાત થઇ, અત્યારે ૨૦૧૫ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૨૩ સિંહો ગુજરાતમાં નોંધાયા છે. ૨૦૦થી વધુ સિંહ ગીર વિસ્તારમાં રક્ષિત વિસ્તારની બહાર છૂટા ફરે છે અને હવે તો સોશિયલ મિડિયામાં, મોબાઇલ ઉપર, છાપામાં, ટી.વી.માં સિંહના ટોળેટોળાં ફરતા હોય છે એવા ફોટા આપણે જોઇએ છીએ એટલે સિંહનું રક્ષણ કરવામાં અમારા ગણપતભાઇએ ખૂબ રસ લઇ અને કામગીરી કરી છે. રેડીયો કોલર, જી.પી.એસ. સિસ્ટમ લગાવી છે એટલે સિંહ ફરતા ફરતા વિખૂટો થઇ જાય અને ન મળે તો જી.પી.એસ. સિસ્ટમથી આપણે શોધીને એ બિમાર હોય, પરિવારથી વિખૂટો પડી ગયો હોય તો એના પરિવાર સાથે મિલાપ કરી આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : સાહેબ, આમેય આપણે સિંહોને તો રક્ષણ આપીએ જ છીએ ને?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : સિંહને રક્ષણ અમે ચોકકસ આપીએ છીએ સાહેબ. આ સિંહો જૂઓને બધા, અમારા પ્રદિપસિંહજી, અમારા હકુભા, અમારા શ્રી ભુપેન્દ્રસિંહજી, અમારા બધા સભ્યશ્રીઓ, અમારા શ્રી જયદ્રથસિંહ, આજે અભિનંદન આપવા જોઇએ, આપણા શ્રી જયદ્રથસિંહજીનો આજે જન્મદિવસ છે. એમને પણ આપણે બધા જ શુભેચ્છા પાઠવીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : નીતિનભાઇ, અમારા ઠાકોરોનું...

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : ઠાકોરો તો બક્ષીપંચમાં આવે ને ભાઇ? ઠાકોર, તમે શ્રીમતી ગેનીબેન, આપણા શ્રી દિલીપસિંહજી બધા છો જ તમે. તમારા અમારામાં છે સક્ષમ લોકો. ઠાકોર સમાજમાં હવે અમારે વધારો પણ થયો છે. તમારી શકિતવધી છે.

અધ્યક્ષશ્રી : માનનીય જુગલજી રાજ્યસભામાં મોકલ્યા..

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : હા, જી. શ્રી જુગલજીને રાજ્યસભામાં મોકલ્યા. કોઇ કોંગ્રેસવાળાએ આઝાદી પછી આજ સુધીમાં રાજ્યસભામાં એક પણ ઠાકોરને મોકલ્યા હોય તો નામ આપો તમે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય માધવસિંહજી સોલંકી ઠાકોર પરિવારના હતા. મુખ્યમંત્રી બન્યા હતા.. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યસભાની વાત છે. (અંતરાય) મારે ચર્ચા નથી કરવી. આ ઠાકોરોનું એવું છે શ્રી બળદેવજીના કહેવા પ્રમાણે કે જ્યાં ક્ષત્રિય આવે તો એમ કહે કે અમે ક્ષત્રિય. શ્રી માધવસિંહભાઇ ક્ષત્રિય હતા. આજે ઠાકોરની વાત આવી તો કહે કે શ્રી માધવસિંહભાઇ ઠાકોર હતા. હવે શ્રી માધવસિંહભાઇને અને શ્રી ભરતસિંહભાઇને જ જાહેર કરવા દો કે એ ક્ષત્રિય છે કે ઠાકોર છે? મારે આમાં પડવું નથી. એ તમે નકકી કરો. શ્રી સી. જે. ચાવડાજીએ નર્મદાની કેનાલોની વાત કરી છે. આખું ગુજરાત નર્મદા કેનાલનો લાભ લે છે. ઉત્તર ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં જ્યાં નર્મદાની કેનાલનો લાભ નથી મળતો ત્યાં સુજલામ સુફલામ અને સૌનીની પાઇપલાઇન નાખી અમારી સરકારે પીવાનું પાણી, ખેતી અને પશુપાલન માટે ખૂબ મોટી યોજનાઓ બનાવી છે. ડો. જોષિયારાજીએ જે રસ્તાઓ પૂરતી વાત કરી છે તો સાહેબ, ડો.જોષિયારાજી જમતા જાય છે અને માંગતા જાય છે. એ એમનો અધિકાર છે. મેઘરજ તાલુકામાં ૨૦૧૬, ૧૭, ૧૮, ૧૯માં ૧૯ કરોડ ૩૩ લાખ રૂપિયાના ૧૫ રોડના કામો મંજૂર થયા. ૪ કરોડ ૫૧ લાખ રૂપિયાના ૫ પુલનાળાના કામ મંજૂર થયા અને એમના જ વિસ્તાર ભિલોડામાં ૧૯ કરોડ ૬૨ લાખ રૂપિયાના ૧૯ રસ્તાના કામ અને ૪ કરોડ ૪૫ લાખ રૂપિયાના પુલનાળાના કામ મંજૂર કર્યા છે. આ વખતે પણ આપે જે માગણી કરી છે એમાં શક્ય હશે, વ્યાજબી હશે તો ચોકકસ બધાને, ૧૮૨ સભ્યોને આપવાનું છે એમાં માનનીય જોષિયારા સાહેબ, આપનો પણ સમાવેશ થઇ જશે. માનનીય ચંદ્રિકાબેન બારીયાએ આદિજાતિ

વિસ્તારમાં રોજગારીની તકો પૂરી પાડવા માટેની રજૂઆત કરી છે. અમે પોલીસ, એસ.આર.પી., સૈનિક, ખડતલ આદિવાસી યુવાનોને બીજું બધું તો ખરું જ સાહેબ, પણ વધારે લશ્કરમાં અને એ બધામાં ભરતી થાય એ માટે સ્પેશિયલ પ્રકારની તાલીમ અને અન્ય કોચીંગ આપીએ છીએ. શ્રી સુખરામભાઇ રાઠવાએ શિક્ષણ અને આરોગ્યની જે રજૂઆત કરી છે. ૨૦૧૬–૧૭, ૨૦૧૭–૧૮ અને ૨૦૧૮–૧૯ના ત્રણ વર્ષ દરમિયાન આદિજાતિ વિસ્તારમાં ૨૪૫૦ કરોડના રસ્તાઓ, પુલોની મંજૂરી અમારી સરકારે આપી છે અને એના ઘણાં કામો થઇ ગયા છે અને ઘણાં થશે પણ ખરા. એવી જ રીતે એમણે શિક્ષણની વાત કરી. રાજ્યમાં અત્યારે જિલ્લા પંચાયત અને નગરપાલિકા સંચાલિત ૩૨,૭૪૦ પ્રાથમિક શાળાઓ છે અને આદિવાસી વિસ્તારમાં પણ બધી જ જગ્યાએ બધા જ પ્રકારની એકલવ્ય મૉડેલ સહિતની તમામ પ્રકારની ઉચ્ચ શિક્ષણ આપતી, આઇ.ટી.આઇ.નું શિક્ષણ આપતી બધી શાળાઓ છે. એનો લાભ પણ આદિવાસી વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં મળે છે. ૨૫૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણીના અને સિંચાઇના પ્રોજેક્ટોના કામ પણ અત્યારે ચાલી રહ્યા છે. એટલે ભૂતકાળમાં જે આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણી બીજી સરકારોએ આપ્યા ન હતા, સિંચાઇના પાણી આપ્યા ન હતા એ અમે નીચેથી પાણી ઉપાડી ત્યાં પહોંચાડવા મોટો ખર્ચ કરીને લાભ આપીએ છીએ. સંજયભાઇ સોલંકીએ થંભેશ્વર મહાદેવની વાત કરી. આપણે બધા શિવભક્ત છીએ. અમારી સરકાર ધર્મ અને સંસ્કૃત્તિ માટે બનાવેલી સરકાર છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા બધી જગ્યાએ કામો શરૂ કર્યા છે. ગઇ કાલે જ મંત્રીશ્રીએ કહ્યું કે રૂ.૧૫૦ કરોડના કામો આ વર્ષે પવિત્ર યાત્રાધામમાં કરીશું અને નર્મદા નદીની પરિક્રમા છે એને પણ વધુને વધુ વ્યવસ્થિત કરવાના કામો મંજૂર થયા છે અને એમણે જે કહ્યું ત્યાં રૂ.૧ કરોડ ૯૧ લાખના થંભેશ્વર મંદિરના કામો માટે કલેક્ટરે દરખાસ્ત કરી છે. એ મંજૂર થશે એટલે આપણે આગળ વધીશું. શ્રી અમરીશભાઇ ડેરે રાજુલા નગરપાલિકાની ભૂગર્ભ ગટરની ચર્ચા કરી છે.રૂ.૪૯ કરોડના ખર્ચે એ યોજનાના કામો અમલમાં આવ્યા છે. એમણે કહ્યું કે લેવલ બરાબર નથી. ટેક્નિકલ અભ્યાસ કરાવતાં એ લેવલ બરાબર માલૂમ પડ્યા છે. તાપી નદીમાં ગંદા પાણીની શ્રી આનંદભાઇ તરફથી ચર્ચા થઇ. તાપી નદીમાં કોઇપણ પ્રકારનું ઔદ્યોગિક પાણી નાખવામાં આવતું નથી. એ ખરું કે શહેરી વિસ્તારના ન્હાવા–ધોવા અને બાથરૂમ વગેરેનું પાણી સુરત નદીમાં પડે છે. ત્યાં શહેરી વિકાસ વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એસ.ટી.પી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વગરે બનાવી બને એટલું ચોખ્ખું પાણી નદીમાં નાખવા આ વખતે અગાઉ જાહેરાત કરી હતી એ પ્રમાણે ભારત સરકારના સહયોગથી રૂ.૯૦૦ કરોડ કરતા વધારે રકમ ખર્ચી પવિત્ર તાપી મૈયાને શુદ્ધ કરવાનો પ્રોજેક્ટ અમારી સરકારે હાથ ઉપર લીધેલ છે. માનનીય વિરજીભાઇએ અમરેલી જિલ્લાના ખેડૂતોના કપાસના પાક વીમાની વાત કરી. છેલ્લી સ્થિતિ પ્રમાણે અમરેલી જિલ્લાના કુલ ૩૫,૫૦૬ ખેડૂતોને ૩૮ કરોડ ૧૮ લાખ ૭૦ હજાર રૂપિયાનો પાક વીમો ચૂકવી દેવામાં આવ્યો છે અને બાકીનાની કામગીરી ચાલુ છે. મેં ગઇ કાલે પણ કહ્યું હતું કે આવ્યું એ કહેતા નથી અને રહી ગયું એ કહે છે. આ ૩૮ કરોડ આવ્યા અને બાકી છે એમ તમે કહો તો અમે સંમત છીએ. પણ આવેલાને તો આવકારો. શ્રી પ્રવિણભાઇ મારૂએ પણ અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓને સ્કોલરશીપની વાત કરી છે. અમારા મંત્રીશ્રી ઇશ્વરભાઇના નેતૃત્વમાં અમે કામ કરીએ છીએ. સાંભળવા જેવા આંકડા છે. અનુસૂચિત જાતિ કલ્યાણ માટે ૬ પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ૫૦૦ રૂપિયાથી માંડી રૂ.૮,૦૦૦ સુધીની અને ૬ પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત નક્કી થયા પ્રમાણે વર્ષ ૨૦૧૭–૧૮થી વિદ્યાર્થીઓને સીધા એમના બેંકના ખાતામાં જમા થઇ જાય. જૂની સરકારો વખતે પહેલાં ૮૫ ટકા ચવાઇ જતા હતા. એ ચવાઇ ન જાય. કેટલા રૂપિયા ચૂકવ્યા?

અધ્યક્ષશ્રી : ૧૫% નહિ ૮૫ % એ હું નથી કહેતો, એ આપ પહેલાં એવું કહેતા હતા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અગાઉ એક વડાપ્રધાનશ્રીએ કહેલું કે કેન્દ્ર સરકાર જે રકમ મોકલે છે એ ગમે તે પંજામાં ખવાઇ જાય છે, ચકડોળાઇ જાય છે અને ૧૫ પૈસા જ પ્રજા સુધી પહોંચે છે. આ મેં નથી કીધું, એક મોટા પક્ષના એક વડાપ્રધાનશ્રીએ આ નિવેદન કરેલું છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : આપના મુખ્યમંત્રીશ્રીએ ગૃહ વિભાગ અને મહેસૂલમાં સૌથી વધારે ભ્રષ્ટાચાર થાય છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમે ભ્રષ્ટાચારને ડામવા કડક પગલા લઇએ છીએ. ક્યાંય ખોટું થતું હોય તો અમે અટકાવવા કડકાઇથી કામ કરીએ છીએ પણ તમારા વડાપ્રધાને પોતે કબૂલ કરેલું એ વખતે તો સાહેબ, આખા દેશમાં ફક્ત ને ફક્ત (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે ખૂબ ચર્ચાઓ અગાઉ કરી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોંગ્રેસ સરકારમાં થતું હતું અને ક્યાં જતું હતું એ બધાને ખબર છે. બળદેવજી, ૭,૯૨,૬૭૨ વિદ્યાર્થીઓને રૂ.૧૨૩ કરોડ અમારી ભાજપની સરકારે સીધેસીધા એમના ખાતામાં જમા કર્યા અને ૧,૮૧,૯૩૮ વિદ્યાર્થીઓને રૂ.૩૫૨ કરોડ ૨૭ લાખ શિષ્યવૃત્તિ સીધી એમના ખાતામાં જમા કરી. એટલે લગભગ ૪૫૦ કરોડ રૂપિયા એસ.સી. સમાજના વિદ્યાર્થીઓને અમારી સરકાર અભ્યાસમાં શિષ્યવૃત્તિ આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પુંજાભાઇ વંશે જમીન ધોવાણની વાત કરી છે. એ તો બહુ જાણકાર છે. ૪૨ કરોડ રૂપિયા આ વખતે જમીન ધોવાણના તા.૧૬–૭–૨૦૧૮નાં રોજ ભારે વરસાદ થયો એના કારણે મંજૂર કર્યા છે. ગીર સોમનાથ જિલ્લામાં

૪૩ કરોડ ૬૮ લાખ રૂપિયા મંજૂર કર્યા છે અને ઊના તાલુકાના ૮ ગામો અને ગીરગઢડાના ૪ ગામ જે અસરગ્રસ્ત હતા એમના ખેડૂતોને પણ ૩૨ લાખ રૂપિયા ચૂકવવા માટે ટી.ડી.ઓ.ના હવાલે મૂકી દેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જીતુભાઇ ચૌધરીએ જમીન માપણીનો પ્રશ્ન મૂક્યો છે. એમને ત્યાં એક મશીન ફાળવી આપ્યું છે. કુલ ૬૯૪૪ વાંધા અરજીઓ આવી હતી. ૩૮૦૮ અરજીઓનો નિકાલ કર્યો છે અને એક સિનિયર સરવેયર, ૪ સરવયેયર આ વાંધા અરજીઓના નિકાલ માટે કામગીરી કરી રહ્યાં છે. સભ્યશ્રી કીરીટભાઇએ ડોમીસાઇલ વિદ્યાર્થીઓના પ્રશ્નની વાત કરી. એ તો પ્રોફેસર છે. એમણે તો સરકારનો આભાર માનવો જોઇએ કે ગુજરાતના વિદ્યાર્થીઓને વધુ એડમિશન મળે અને સરળતા થાય એટલા માટે અમે આ વખતે નિયમમાં સુધારો કરી જેનો જન્મ ગુજરાતમાં થયો છે, જેમણે ૧૨મું ધોરણ ગુજરાતમાં પાસ કર્યું હોય એ ગુજરાતી જ છે. એમ કરવાથી એણે સર્ટિફિકેટ લેવા દોડાદોડી ન કરવી પડે એ સરળતા કરી અને મોદી સાહેબનો અને શ્રી અમિતભાઇનો આભાર માનો કે ૫૫૦૦ મેડિકલની સિટો થઇ ગઇ. હવે ગુજરાતના સેંકડો વિદ્યાર્થીઓ જેને એડમિશન નહોતું મળવાનું એને મળવાપાત્ર થઇ ગયું. આ ભાજપની કેન્દ્રની સરકાર કરી શકે. બીજાં બધાં ખાલી વાતો કરી શકે. ખાલી ખોટા આંદોલનો જ કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નથાભાઇએ દાંતીવાડા, ધાનેરા તાલુકામાં શિક્ષણની વાત કરી છે. ધાનેરા તાલુકામાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : પાપડી ભેગી ઇયળ બફાઇ ગઇ. શ્રી કીરીટભાઇએ તો આભાર માન્યો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આભાર નથી માન્યો. (અંતરાય) એક બાબતનો માન્યો. ભાઇ, આભાર માનવો હોય તો કાપ દરખાસ્ત શું કરવાને લાવ્યા? આભાર દરખાસ્ત લાવોને.

અધ્યક્ષશ્રી : બોલવા મળે ને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે કહેતા હોય તો એમનું વાંચું સાહેબ. (અંતરાય) શ્રી કીરીટભાઇ, હું સંપૂર્ણ તૈયારી સાથે જ આવું છું. શ્રી નથાભાઇએ જે કીધું કે ધાનેરા તાલુકામાં ૧૨૭ પ્રાથમિક શાળા છે, જેનું મહેકમ ૬૭૫ મંજૂર થયેલ છે અને એમાં ૬૬૦ શિક્ષકો કામ કરે છે. ૧૫ જગ્યા રિટાયરમેન્ટ અને બદલીથી ખાલી છે. ૬ થી ૮ ની શાળાઓમાં ૪૦૫નું મહેકમ છે. ૪૦૪ શિક્ષકો છે, ૧ જ શિક્ષકની ઘટ છે. અને દાંતીવાડા તાલુકામાં ૯૮ પ્રાથમિક શાળામાં કુલ ૩૯૭ જગ્યા મંજૂર છે. એમાં ૩૯૬ શિક્ષકો કામ કરે છે. એક જ જગ્યા કોઇપણ કારણસર ખાલી છે અને ૬ થી ૮ ની શાળામાં ૨૩૩ મહેકમની સામે ૨૨૯ શિક્ષકો કામ કરે છે એટલે શિક્ષણ માટે પણ અમારી સરકારે કોઇ જગ્યાએ ઘટ ન રહે એ માટે મોટા પ્રમાણમાં બજેટ ફાળવ્યું છે. (અંતરાય) મારે માહિતી તો આપવી પડે ને, તમે એક માંગો, મારે પાંચ આપવી પડે. શ્રી નથાભાઇ, હું પીરસવા નીકળ્યો છું. થાળીમાં તમે ના કહો તો પણ મારે મૂકવાનો આગ્રહ કરવો પડે. શ્રી અક્ષયભાઇએ પણ એમને ત્યાંના પ્રશ્નો રજૂ કર્યા એની મેં સ્પષ્ટતા કરી દીધી છે. આમ ૨૨ માનનીય સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત મૂકી હતી (અંતરાય) સોરી, સોરી, વિધેયકના મુદ્ધા મૂકયા હતા. મહિનો કાપ દરખાસ્ત સાંભળ્યું એટલે મગજમાં રહી ગયું.

અધ્યક્ષશ્રી : માં અને માસી એક જ કહેવાય.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એટલે આ બધું જ સાહેબ, સારું કરીએ છીએ. આજે મારા બજેટનો છેલ્લો દિવસ છે. આ વિનિયોગ વિધેયક આપણે સર્વાનુમતે મંજૂર કરીએ અને નાનામાં નાના ગરીબ, આદિવાસી, બક્ષીપંચ, દલિતના ઘરથી માંડી મોટામાં મોટા નર્મદા જેવા પ્રોજેક્ટો, મોટા હાઇવે, મોટી સ્કૂલો, કોલેજો, મેડિકલ કોલેજો, હોસ્પિટલો સહિતનું કામ આ બજેટમાં લીધું છે તો સર્વાનુમતે આપ વિનિયોગ વિધેયક મંજૂર કરો એવી સર્વને વિનંતી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૯નું ગુજરાત વિનિયોગ વિધેયક ક્રમાંક–૨૬નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૯નું ગુજરાત વિનિયોગ વિધેયક ક્રમાંક–૨૬નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૯નું ગુજરાત વિનિયોગ વિધેયક ક્રમાંક–૨૬નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય પરેશભાઇ, આમાં સર્વાનુમતે થયું હોત તો સારું હતું કારણ કે બધાને જોબ નંબર આમાંથી જ મળવાના છે. તમને પણ. બધા ૧૮૨ની વાત કરી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આમાં બધું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માત્ર રસ્તા નહીં, શાળા, કોલેજ, બસસેવા બધું આમાંથી તમને મળવાનું છે બે લાખ ચાર હજારમાંથી.(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : આ વખતે આમ પણ રાજ્યની તિજોરીનો સદઉપયોગ થાય એવા આશયથી જ્યાં જ્યાં સારા કામો છે એને અમે સકારાત્મક લીધાં છે. ટેકો આપ્યો છે અને આવતા દિવસોમાં અમે વિરોધપક્ષ તરીકે પણ રાજ્યની તિજોરીનો

સદઉપયોગ થાય એટલે માગણીઓમાં ખૂબ સકારાત્મક રહેવાના છીએ. વર્ષ પછી મૂલ્યાંકન કરીશું, જે વિભાગ બરાબર કામ નહીં કરે એની માગણીઓનો અમે વિરોધ કરવાના છીએ.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીઓને પોતાની જગ્યા ન છોડવા અંગે**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. મારે એક બાબત તરફ સભાગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવાનું છે કે વિધાનસભાના નિયમ-૩૦ની જોગવાઇ મુજબ જ્યારે જ્યારે અધ્યક્ષ ઉભા થાય અથવા તો બોલે ત્યારે કોઇપણ સભ્યએ પોતાની જગ્યા ઉપરથી ઉભા થવું નહીં કે પોતાની જગ્યા છોડવી નહીં અથવા પોતાની જગ્યા લેવી નહીં. નિયમની આ જોગવાઇનું ચુસ્તપણે પાલન થાય તેનું ધ્યાન રાખવા માનનીય સભ્યશ્રીઓને જણાવું છું. આજે માનનીય શૈલેષભાઇ પરમારે મારું ધ્યાન દોર્યું છે એટલે હું આ જાહેરાત કરું છું.

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૧**

**ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯**

**ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ(સુધારા) વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટેમ્પ ડ્યુટીમાં ફિક્સ રકમના દરોમાં ફેરફાર કરવાનું બિલ લઇને આજે હું આવ્યો છું. રાજ્યના વિકાસ માટે કરવેરા એક જોગવાઇ છે અને એ કરવેરા રાજ્ય સરકાર વિકાસના કામમાં ખર્ચ કરે છે. પ્રાચીન સમયથી લઇને આજદિન સુધી કોઇપણ શાસન કરવેરા સિવાય ચાલ્યું નથી. સામાન્ય પ્રજાની, લોકહિતની કામગીરી એકત્ર થયેલા કરવેરા દ્વારા જ વિકાસનાં પાયાનાં કામો થાય છે. કેન્દ્ર સરકારના હોય કે રાજ્ય સરકારના હોય એ બધાં જ કામોમાં કરવેરા ખૂબ મહત્વની જોગવાઇ અને આવક છે. મેં કહ્યું તેમ પ્રાચીન સમયથી રાજ્યના વિકાસ માટે અન્ય જવાબદારીઓ સહન કરવા માટેના કરવેરા નાખવા અને સુધારા કરવાની આવશ્યકતા પડે છે. આખા દેશમાં માળખાકીય સુવિધા, પાયાની સુવિધાઓમાં સૌથી વધારે સામાન્ય માણસને સ્પર્શ કરતા રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી આ બધા જ પાયાનાં કામો ગણાય છે. ઇન્ફ્રાસ્ટ્રકચર કહેવાય છે, માળખાકીય સુવિધા કહેવાય છે. એ બધી સુવિધાઓમાં આખા દેશમાં ગુજરાત મોખરે છે. આ કામના આધારે જ ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપની સરકાર બની હતી. જેટલી સુવિધાઓ વધારીએ એટલી રકમ જોઇએ. આપણને જ્યોતિગ્રામ જોઇએ છે. પહેલાં વીજળી ક્યારે આવે છે એ કોઇને ખબર નહોતી, ક્યારે જાય છે એ બધાને ખબર હતી. ઘરમાં ૨૪ કલાક વીજળી આપવા માટે ખર્ચ થાય. ખર્ચ વગર કંઇ શક્ય જ નથી. મા વાત્સલ્ય અને મા અમૃતમ યોજના આવ્યા પહેલાં ગરીબ માણસ રીબાઇને, પીડાઇને આર્થિક ભીંસમાં આવીને પૈસા વગર મરતો હતો. આજે આ કરવેરામાંથી થયેલ આવકમાં એ મા વાત્સલ્ય હોય કે અમૃતમ યોજના. પહેલાં રોડ ઉપરના અકસ્માતમાં પોલીસ-કોર્ટ કેસમાં હું કે તમે ઉભા નહોતા રહેતા. હવે ૧૦૮ની સગવડ થઇ અને અનેક લોકોના જીવ બચ્યા છે, તે ૧૦૮ની સુવિધા જોઇએ છીએ. ખેડૂતોને કૃષિ, વીજ જોડાણો જોઇએ છે. ગામેગામ રસ્તા જોઇએ છે. ઘરે ઘરે પાણી જોઇએ છે. સરકારી શાળા કોલેજો જોઇએ છે.

અધ્યક્ષશ્રી : ગૃહના વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ ફરી ૩-૦૦ કલાકે મળશે.

**( વિરામ ૨-૩૦ થી ૩-૦૦ કલાક )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો સારી સુવિધાઓ માટે અને સારી સગવડતાઓ માટે નાણાંકીય સ્ત્રોતની જરૂરિયાતની. મેં કહ્યું તેમ જ્યોતિગ્રામ હોય, આયુષ્યમાન ભારત યોજના હોય, ૧૦૮ની સેવા હોય, ખેડૂતોની જરૂરિયાતો માટેના કૃષિ વીજ જોડાણો હોય, રસ્તા, પાણી અને નવી બસ જોઇએ છે. ગરીબ કુટુંબોને અલગ અલગ પ્રકારની અનેક સહાય હોય છે. ક્યારેક ફ્લડ આવે, ક્યારેક દુષ્કાળ પડે અને અન્ય કુદરતી આફત આવે ત્યારે, દા.ત. આ વખતે વાયુ વાવાઝોડું આવ્યું અને રાજ્ય સરકાર પાસે આ એક ફંડ હતું તેના કારણે બધી જ આગોતરી વ્યવસ્થા કોઇપણ પ્રકારની કમી સિવાય કરી શક્યા. તે સ્ત્રોત છે કરવેરા. નાગરિકોએ આ કરવેરા ભરવાની ફરજ પણ છે. વિકસિત દેશોમાં તો ઓછાં કરવેરા અથવા કરવેરા માફની કલ્પના જ નથી. ઓછાં હોવા જોઇએ, માફ કરી દેવામાં આવે તેવી કલ્પના જ નથી. સારી

* વિધેયક તા. ૨જી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સુવિધા તો વધારે ચૂકવણી. આ દષ્ટિકોણથી આપણે તે દિશામાં જવું જોઇએ. રાજ્ય સરકાર ઓછાં કરવેરાથી વધારે સુવિધામાં માને છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ચોવીસ વર્ષની અંદર ઓછામાં ઓછા કર, જે આઠ વર્ષ પહેલાં હતા, પંદર વર્ષ પહેલાં હતા, ઓગણીસ વર્ષ પહેલાં હતા તેવા કરવેરામાં હું પણ સુધારો કરવાની વાત લાવ્યો છું. મેં મારી ઓફિસમાં એક બોર્ડ લગાવ્યું છે. ઇન્વેસ્ટ યોર ડ્યુટીઝ એન્ડ અર્ન યોર રાઇટ્સ. તમારી ફરજનું રોકાણ કરો અને પછી અધિકાર કમાઓ. આજકાલ માનસિકતા ફરજનું રોકાણ કર્યા સિવાય કમાવવાની છે. પહેલાં ફરજ બજાવવાની અને તે પછી જ અધિકાર મળે છે. સ્ટેમ્પ ડ્યૂટી તે સ્ત્રોત છે અને લાંબા સમય પછી આ બિલ અહીં આવે છે. ત્રીસ વર્ષ પહેલાંની ચીજવસ્તુઓના દર, વ્યવસાયિક સેવાઓના દરમાં જોઇએ તો ઘણો તફાવત છે. રાજ્યમાં ગુજરાત સ્ટેટ અધિનિયમ–૧૯૫૮ અનુસૂચિ–૧માં જુદા જુદા લેખના પ્રકાર પ્રમાણે કુલ ૫૮ આર્ટિકલનો સમાવેશ થાય છે. ૫૮ આર્ટિકલના કુલ ૧૩૫ પેટા આર્ટિકલ છે. જે પૈકી ૯૧ પેટા આર્ટિકલના લેખો ઉપર તેમાં સમાવિષ્ટ બાબતની કિંમત ઉપર ટકાવારીના ધોરણે સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવે છે. ૩૩ આર્ટિકલમાં સમાવિષ્ટ થયેલ ૪૪ પેટા આર્ટિકલ ઉપર ફીક્સ રકમના આધારે સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવે છે. આમ અનુસૂચિમાં જુદા જુદા પ્રકારના દસ્તાવેજો જેવા કે, વહીવટી ખર્ચ, દત્તક પત્રક, સોગંદનામું, એપ્રેન્ટીસ લેખ, રદ કરવાનો લેખ, લગ્ન નોંધણી, છૂટાછેડા બાબતનો લેખ, બાંહેધરીપત્રો, નોટરીનું લખાણ, ભાગીદારીના લેખ, કુલમુખત્યારનામું, કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિએશન, જામીનખત અથવા ગીરોખત, પટ્ટો છોડી દેવાના લેખ, ટ્રસ્ટ જેવા અમુક પ્રકારના લેખો ઉપર ફીક્સ રકમથી સ્ટેમ્પ ડ્યુટી લેવામાં આવે છે. આવી ફીક્સ ડ્યુટીવાળા આર્ટિકલને સ્ટેમ્પ ડ્યુટીમાં જ વધારો કરવાનું આ બિલ લઇને આવ્યો છું. મારે એક વાતની સ્પષ્ટતા કરવી છે કે સ્થાવર મિલકતના વેચાણ કે તબદિલીના દસ્તાવેજ જેવા આર્ટિકલ કે હાલમાં જેનો સ્ટેમ્પ ડ્યુટીનો ટકાવારી મુજબનો દર છે તેમાં કોઇપણ પ્રકારનો આમાં સમાવેશ થતો નથી. જે ૪.૯૦ ટકા હાલ છે તેમાં આપણે કોઇપણ પ્રકારનો વધારો કરતા નથી. રાજ્યમાં ઘણાં સમયથી સ્ટેમ્પ ડ્યુટીના ફીક્સ રકમના દરો કોઇપણ જાતના ફેરફાર વગરના અમલમાં છે. સોગંદનામું અને નોટરીના લખાણ લેખો માટે હાલમાં સ્ટેમ્પ ડ્યુટી દર રૂપિયા ૨૦ છે તે ૨૦૦૦ની સાલથી અમલમાં છે. ૧૯ વર્ષ પછી એમાં હું ૫૦ રૂપિયા કરવાની દરખાસ્ત લઇને આવ્યો છું. દત્તકપત્રક, લગ્ન નોંધણી તથા અમુક પ્રકારના ભાગીદારી લેખ ઉપર હાલનો સ્ટેમ્પ ડ્યુટી દર જે ૧૦૦ રૂપિયા છે એ ૨૦૦૬થી ચાલે છે, ૧૩ વર્ષથી ચાલે છે, એ ૧૦૦ના રૂપિયા ૨૦૦ રૂપિયા કરવાની દરખાસ્ત લઇને હું આવ્યો છું. જ્યારે વારસાગત મિલકતમાં કૌટુંબિક સભ્યો દ્વારા કુટુંબના સભ્યોની તરફેણમાં હક્ક જતો કરવાના લેખમાં ૧૦૦ રૂપિયા સ્ટેમ્પ ડ્યુટીનો ૨૦૧૩માં ૬ વરસ પહેલા અમલ થયો હતો તેમાં વધારો કરીને રૂપિયા ૨૦૦ કરવાની દરખાસ્ત લઇને હું આવ્યો છું. વહીવટી ખર્ચ, એપ્રેન્ટીસશીપ લેખ, રદ કરવાનો લેખ, ગીરો મૂકેલી મિલકતની ફેરમાલિકી ખત વગેરે લેખો પરનો સ્ટેમ્પ ડ્યુટી દર તા.૧.૪.૨૦૦૬થી એટલે કે ૧૩ વર્ષથી રૂપિયા ૧૦૦ હતો એના રૂપિયા ૩૦૦ કરવાની દરખાસ્ત લઇને હું આવ્યો છું. મુખત્યારનામામાં પેટા આર્ટિકલ ૪૫(ક) થી ૪૫(ઘ)ના લેખો પર ફીક્સ સ્ટેમ્પ ડ્યુટીનો દર જે ૧૦૦ રૂપિયા હતો એ ૨૦૦૦થી અત્યારે ૧૯ વર્ષ પછી એમાં વધારો કરીને રૂપિયા ૩૦૦ની દરખાસ્ત લઇને હું આવ્યો છું. ગૃહના માનનીય સભ્યશ્રીઓનું એ બાબત ધ્યાન દોરતા જણાવવાનું કે, અનુસૂચિ–૧ના જુદા જુદા પ્રકારના લેખના દર ઘણાં જ જૂના છે, ૬ વર્ષ, ૧૩ વર્ષ અને ૧૯ વર્ષ અને તે કરતા પણ વધુ વર્ષોથી નિયત કરેલા હતા. રાજ્યમાં વિકાસની સાથે બજારોમાં થતાં ફેરફારની સાપેક્ષમાં ફીક્સ રકમવાળા દરોની સમીક્ષા કરતા આ દરોમાં ઘણાં લાબાં સમયથી ફેરફાર થયેલ ન હોવાથી તેમાં ફેરફાર આવશ્યક હોય. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક ઉદાહરણ આપવું છે કે, રાજ્યમાં રૂપિયા ૨૦ની રકમના ફિઝિકલ સ્ટેમ્પ પેપર પ્રજાને પૂરા પાડવામાં અંદાજીત ખર્ચ કેટલો છે? એ ૨૦ રૂપિયાના સ્ટેમ્પની બાબતમાં જાણવા જેવી બાબત છે. પ્રિન્ટીંગ ખર્ચ ૧૫ રૂપિયા થાય છે, સ્ટેમ્પ વેન્ડરનું કમિશન ૦.૬૦ પૈસા છે. અંદાજીત ખર્ચ ૧૫.૬૦ રૂપિયા થાય છે જે સ્ટેમ્પ પેપરની કિંમતના ૭૮ ટકા ખર્ચ થાય છે. આ ખર્ચમાં ફક્ત સ્ટેમ્પ પેપરની છપામણી તથા સ્ટેમ્પ પેપર ઉપર સ્ટેમ્પ વેન્ડરને આપવામાં આવતા કમિશનને જ ગણેલ છે. વધારમાં આ સ્ટેમ્પ પેપર ભારત સરકારના સિક્યોરીટી પ્રિન્ટીંગ પ્રેસ ખાતેથી ગાંધીનગર ખાતે લાવવાના તેમજ ગાંધીનગર ખાતેથી જિલ્લા પેટા તિજોરી કચેરી ખાતે પહોંચાડવાનો ટ્રાન્સપોર્ટ ખર્ચ તથા વિતરણ કામગીરીમાં રોકાયેલ અધિકારી/કર્મચારીના પગારનો પણ ખર્ચ થાય છે. અમુક વધારો એવો છે કે રોજ રોજ એ ખર્ચ કરવાનો નથી. દાખલા તરીકે બસના ભાડામાં વધારો થાય તો સામાન્ય માણસને રોજ ઉઠીને એનો સામાનો કરવો પડે, પણ શ્રી પરેશભાઇ, જીવનમાં એકાદ–બે વખત જ એવો પ્રસંગ આવે, એનાથી વધારેવાર ન આવે તો એ વખતે એને વધારાના ૧૦૦ રૂપિયા પોસાય. એ કોઇ નબળો પ્રસંગ હોય કે સારો પ્રસંગ હોય પણ આ પ્રસંગો રોજ રોજ નથી આવતા, તો એને ધ્યાનમાં લઇને હું આ બિલ લઇને આવ્યો છું. સર્વે માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ બિલ સર્વાનુમતે પસાર કરે.

શ્રી પરેશ ધાનાણી(**વિરોધપક્ષના નેતાશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન્માનનીય ગૃહ સમક્ષ ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનું હાર્દ જે છે અને ઉદ્દેશો અને કારણો સરકારે દર્શાવ્યા છે એમાં સરકારે જણાવ્યું છે કે જાહેર જનતા માટે વ્યવહારતા, તર્કસંગતતા અને સરળતા લાવવાના હેતુથી સ્ટેમ્પ ડ્યુટીના જુદા જુદા નિયત દરોને વધુ તર્કસંગત બનાવવાનું જરૂરી જણાય છે.

## ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ના કાયદા તળે સરકાર દ્વારા સ્ટેમ્પ ડ્યુટીના જુદા જુદા નિયત દરો જે સને ૨૦૦૪માં વધારવામાં આવેલ હતા, ત્યાર બાદ અત્યારે સ્ટેમ્પ ડ્યુટીના દર વધારવા આ બિલ સન્માનીય ગૃહ સમક્ષ આવ્યું છે. માનનીય નાણામંત્રીશ્રીએ પણ એમના બજેટ પ્રવચનની અંદર આ બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. માનનીય મંત્રીશ્રી અને સરકાર પણ સારી રીતે વાકેફ છે કે આ વીતેલા દસ, બાર, પંદર વરસની અંદર જે પ્રકારે વિવિધ સરકારી યોજનાઓ અને સુવિધાઓ મેળવવા માટે વિવિધ કચેરીઓ મારફતે અરજીઓ લેવામાં આવે, આજે સરકારને સામાન્ય માણસ ઉપર વિશ્વાસ નથી રહ્યો એટલા માટે વ્યક્તિએ પોતે એની અરજી સાથે, એની રજૂઆત સાથે, એની માગણી સાથે સોગંદનામું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. રાજ્યના સામાન્ય અને ગરીબ વર્ગને બહોળી સંખ્યામાં સ્પર્શતું આ બિલ સન્માનનીય ગૃહ સમક્ષ આવી રહ્યું છે. આ ગૃહમાં મારી બજેટની ચર્ચાઓ વખતે શરૂઆતમાં પણ કહ્યું હતું કે સરકારે સમયને ઓળખવો જોઇએ અને જ્યારે જ્યારે રાજ્યની પ્રજા પરસેવાની કમાણી કરી કરવેરાથી રાજ્યની તિજોરીઓ છલકાવતી હોય એની ઉપર આફત આવે એવી જરૂરિયાત ઉભી થાય ત્યારે રાજ્યે મોટું મન રાખી અને પ્રજાના પૈસાને ફરી પાછાં પ્રજાને ઉપયોગી બનવા માટે થઇને કામે લગાડવા જોઇએ. એના કરનું ભારણ ઘટાડવા માટે થઇને ક્યારેક સરકારે નિર્ણય કરવો જોઇએ. આપણું ભારત, હિંદુસ્તાનમાં રામરાજ્યની આપણે સૌ કલ્પના કરીએ છીએ. આ દેશની સંસ્કૃતિએ વારસામાં જે આપણને આપ્યું, રઘુકૂલ રીત સદા ચલી આઇ, પ્રાણ જાય પર વચન ન જાય. આ દેશની સંસ્કૃતિ હતી. બાપદાદાએ આપણને જે વારસો આપ્યો હતો, આ દેશના ઈતિહાસમાં હજારો દાખલા ટંકાયેલા છે કે માણસે એકવાર જીભ કચરી દીધી ને એ જીભ માટે જીવ દઇ દેતા. એકવાર જીભ દીધી તો જીભ માટે કોઇનો જીવ લેવો હોય ને તો ન ખચકાય એવી ખુમારી સાથે આ દેશનો સામાન્ય માણસ, આ દેશની સંસ્કૃતિના ખોળે ઉછર્યો, પાંગર્યો અને મોટો થયો. આજે વારસામાં જે આપણને રામરાજ્ય મળ્યું હતું, રામરાજ્યના સંસ્કારો મળ્યા હતા, જે વચનબદ્ધતા હતી એ ક્યાંકને ક્યાંક ઘસાતી જાય છે. સામાન્ય માણસ અને સરકાર વચ્ચે ક્યાંકને ક્યાંક અવિશ્વાસનું વાતાવરણ ઉભું કરવામાં આવી રહ્યું છે. એટલે જ જ્યાં જીભના કરારથી આખું જીવન જીવાઇ જતું હતું ત્યાં લેખિત કરારો કરવા માટે સામાન્ય માણસે મજબૂર થવું પડે છે અને એનું પ્રમાણ સતત વધતું જાય છે. સરકાર કરવેરો લે તેનો વાંધો નથી, સ્ટેમ્પ ડ્યુટી વસૂલે તેનો વાંધો નથી, રજીસ્ટ્રેશનની આકરી ફી વસૂલે તેનો વાંધો નથી, પણ આ રાજ્યનો સામાન્ય માણસ, પોતે ચૂંટેલી સરકાર ઉપર એને ભરોસો હોય, એકવાર સરકારે જે કાયદો બનાવ્યો છે, સરકારે જે નિયમો બનાવ્યા છે, સરકારે જે માપદંડો બનાવ્યા છે એ મુજબ હું સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરીને, મારા સ્ટેમ્પ પેપર ઉપર લખેલું લખાણ સરકારી કચેરીમાં નિયત ફી ભરીને રજીસ્ટ્રેશન કરાવું એટલે મારી ઘરવખરી, માલમિલકત, જમીન એ સુરક્ષિત થઇ જશે. આપણે સૌ એના સાક્ષી છીએ કે જ્યાં જીભના વચન ઉપર જીવન જતું હતું ત્યાં કરારોની સંખ્યા વધી અને લોકોને લેખિત કરારો કરવાની જ્યારે મજબૂરી ઉભી થઇ ત્યારે સરકાર દ્વારા એ મજબૂરીનો દુરૂપયોગ કરીને લેખિત કરારના કર વારંવાર વધારવામાં આવ્યા. એ કરારો કરવા માટે માણસને મજબૂર કરવામાં આવ્યા. લાખો-કરોડો રૂપિયાની સરકારને આવક થાય છે અને એમાં સ્ટેમ્પ ડ્યુટી અને સરકારી રજીસ્ટ્રેશન ફી, સામાન્ય માણસ ઇચ્છે છે કે એની મિલકત, એની જમીન એ બધાની સુરક્ષા થશે અને મારા બાપ દાદાના વારસામાં પરસેવાથી કમાયેલી, એ કમાણીનું ઘર હોય, મકાન હોય, ઘરવખરી હોય, જમીન હોય હું એક વખત સ્ટેમ્પ પેપર ઉપર પાકા પાયે નિયમોનુસાર લખાણ કરાવી લઇશ, સરકારી કચેરીઓમાં કરવેરો ભરો અને સરકારી કચેરીમાં હું રજીસ્ટ્રેશન કરાવી લઉં એટલે કોઇ માઇના લાલની તાકાત નથી કે મારું જમીન મકાન ઝૂંટવી જશે. અને તેમ છતાં આજ ઉંચા કરવેરા, સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન પછી પણ રાજ્યની અંદર જમીન અને મકાન એવી મિલકતો ઉપર જોખમ વધ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, જમીન માફિયાઓ, મકાન માફીયાઓ સામાન્ય માણસ કે જેનું છત્ર નથી, જેનો અવાજ મારા કે તમારા સુધી, આ ગૃહ સુધી પહોંચતો નથી એવી સામાન્ય માણસની વારસામાં મળેલી મિલકતો તેની જીંદગીભરની મરણ મૂડી સમાન, પરસેવાની કમાણીમાંથી વસાવેલી મિલકતો તે ઉંચા કરવેરા ભરે, સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરે, સરકારી કચેરીએ જઇને ઉંચા રૂપિયાના કરવેરા ચૂકવી અને રજીસ્ટ્રેશન કરાવે અને એમ છતાં તેવી જમીન અને મિલકતો ઉપર જમીન માફિયાઓનો ડોળો આજે સતત વધતો જાય છે. ખાનગી મિલકતો, જમીનો ઉપરનું જોખમ વધતું જાય છે અને આ સરકાર ઉપર ભરોસો મૂકી અને સ્ટેમ્પ ડ્યુટી વાપરી હોય, રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તેમ છતાં સામાન્ય માણસે પોતાના ઘર-બાર, મકાન ,જમીનને બચાવવા માટે રાત ઉજાગરા કરવા પડે અને ક્યાંય જમીન માફિયાઓ આંબી જાય, પોલીસ સ્ટેશને ધક્કા ખાય, રેવન્યુની કોર્ટે ધક્કા ખાય, બાપદાદાની વારસામાં મળેલી મિલકત હોય, જીંદગીભરની મરણમૂડીથી કમાયેલી મિલકત હોય તેને બચાવવા માટે આખો ભવ વિતી જાય એવા હજારો લોકો આ ગુજરાતની અંદર આજે પણ પીડિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની આવકો, હું કરવેરાનો વિરોધી નથી પણ કરવેરો ચૂકવવા માટે રાજ્યની જનતાની સક્ષમતાને પણ સરકારે હંમેશા ધ્યાનમાં લેવી જોઇએ. આપણે જમીન ઉપર વેરો વધાર્યો, પાણી ઉપર વેરો વધાર્યો, ભોજન ઉપર વેરો વધાર્યો, રહેઠાણ ઉપર વેરો વધાર્યો, શિક્ષણ એટલે કે જ્ઞાનના યજ્ઞ ઉપર વેરો વધાર્યો. તંદુરસ્ત જીવનની સૌની પરિકલ્પના છે. પરમ કૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરીએ કે બધાને તંદુરસ્તી આપે. માંદું પડવું એ કોઇનો શોખ નથી પણ રખેને કુદરત રૂઠ્યો, વાતાવરણ અનુકૂળ ન હોય, સરકારની અથવા વહીવટી તંત્રની બેદરકારીના કારણે રોગચાળો ફાટી નીકળે અને માણસ માંદો પડે તો તેની આરોગ્યની સુવિધાઓ પણ આજે મોંઘી થઇ છે. એ આરોગ્યની સેવાઓ ઉપર પણ કયાંય અને કયાંય કરવેરાનું ભારણ સરકારે વધાર્યું છે. એક તરફ આપણે સંકલ્પ કરીએ કે ચાલો સૌ સાથે મળી અને દિપક જલાવીએ,

ગુજરાતના ગામડાંના છેવાડાના વ્યક્તિના ઘરે અજવાળું થાય એવા આ ગૃહની સંકલ્પ કરીએ અને બીજી તરફ આજે પણ મારા ગરવા ગુજરાતના ગામડાંમાં કેટલાય ઘરની અંદર વીજળીનું કનેકશન નથી પહોંચ્યું, તેમ છતાં વીજળીના વેરામાં પણ આપણે સતત અને સતત સીધી કે આડકતરી રીતે વધારો કરવાનું ચૂકયા નથી. આ દેશની ખુમારી છે, આ રાજ્યની ખુમારી છે. પરસેવાની કમાણીથી તેના ઘરનો ચૂલો સળગે, એના પરિવારનું ભરણ-પોષણ થાય એ ખુમારી સાથે આ રાજ્યનો સામાન્ય માણસ એના આવકના સ્ત્રોત વધારવા માટે સંઘર્ષ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ માણસ તેના પરસેવાની કમાણીથી એના ઘરનું ભરણ-પોષણ થાય, એની માંની ગોદમાં ઉછરતું ભારતનું ભવિષ્ય તેનું સારું શિક્ષણ થાય, તેનું આરોગ્ય જળવાય તેના માટે સવારે સાત વાગ્યે ઉઠી અને રાત્રીના અંધારા સુધી પરસેવો પાડતા માણસની પરસેવાની આવક છે તેના ઉપર પણ વેરો વસૂલવાનું સરકાર ક્યાંય ચૂકતી નથી. કોઇ માણસ વધુ મહેનત કરી પરસેવાની કમાણી કરે એ આવક ઉપર પણ સરકારે સતત કરવેરાનું ભારણ વધાર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ, આ રાજ્ય કૃષિ અને ઋષિનું રાજ્ય અને એમાંય ૭૦ ટકા કરતા વધુ લોકો એ ખેતી ઉપર નિર્ભર છે ત્યારે આજે પણ રાજ્ય અને રાષ્ટ્રની અંદર સૌથી ઓછાં ખર્ચે વધુમાં વધુ રોજગારી આપનારું કોઇ ક્ષેત્ર હોય તો એ કૃષિનું ક્ષેત્ર છે. આ જગતનો તાત જીવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. ઢેફાં તોડી, જમીનને ધાવી અને પોતાના પરિવારનું ભરણ-પોષણ કરવા માટે ખેડૂત રાત-દિવસ ઉજાગરા કરે છે. મોંઘુ ખાતર, મોંઘુ બિયારણ, મોંઘી જંતુનાશક દવાઓ, મોંઘા ખેત ઓજારો ઉપર સરકારે સતત કરવેરાનું ભારણ વધાર્યું છે. ખેડૂતનો ઉત્પાદન ખર્ચ વધ્યો, ઉત્પાદન ખર્ચ વધ્યા પછી જે કૃષિ ઉત્પાદન થાય છે એ મોંઘુ થાય છે.

**સભાપતિ ડૉ.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ઇતિહાસમાં, આઝાદ ભારતમાં લોકશાહી શાસન વ્યવસ્થામાં ગુજરાત હોય કે ભારત હોય કોઇ પણ પક્ષની સરકારે જગતના તાતની પરસેવાની કમાણી ઉપર કરવેરો લાદવાનું પાપ નહોતું કર્યું. ખેડૂતના દિકરાના ઉત્પાદન ઉપરથી કરવેરો વસૂલવાનો કોઇને વિચાર પણ આ દેશમાં નહીં આવ્યો હોય. મારે દુ:ખ સાથે કહેવું પડે કે આ ગાંધી અને સરદારના ગુજરાતમાં ખેડૂતો જે જમીનને ધાવી ધાન પકવે છે એવા ૪૩ જેટલા કૃષિ ઉત્પાદન ઉપર રાજ્ય સરકારે ૨૦૦૮ થી ૫ ટકા વેરો વસૂલવાની શરૂઆત કરી. આ પ્રમાણેના ૧ લાખ કરોડના કૃષિ ઉત્પાદનમાં ૨૦૦૮થી આજે ૧૧-૧૨ વર્ષ વીતી ગયા છે ત્યારે દર વર્ષે સરેરાશ ૫,૦૦૦ કરોડ રૂપિયા અનાજનું ઉત્પાદન થાય છે, કૃષિ પાકનું ઉત્પાદન થાય છે એમાંથી વેરો વસૂલવાનું કામ કર્યું. ગુજરાતમાં ૨૦૦૮થી કૃષિ ઉત્પાદન ઉપર વેરો વસૂલવામાં આવતો હતો. આ ગુજરાતના પનોતા પુત્ર આ દેશના પ્રધાનમંત્રી થયા. 'એક દેશ, એક ટેક્ષ' ના નારા સાથે આખા ભારતના જગતના તાતના કૃષિ ઉત્પાદન ઉપર જી.એસ.ટી.ના નામે ૫ ટકા કરવેરાનું ભારણ લાદવામાં આવ્યું. બાપુએ બાળપણમાં કદાચ આઝાદીકાળના એ દિવસો જોયા હશે. ધૂળિયા કેડી, ચાલીને પદયાત્રાથી લઇને ગાડાં આવ્યા, વેલડાં આવ્યા, ઘોડા-ગાડી આવી, સાયકલ આવી, મોટર સાયકલ આવી, મોટરો આવી, બસ આવી, ટ્રેન આવી, એરોપ્લેન આવ્યા. આ દેશનો માણસ એક છેડેથી બીજા છેડે જઇ દેશને ઓળખી શકે. રાજ્યનો માણસ એક છેડેથી બીજા છેડા સુધી જઇ રાજ્યને ઓળખી શકે, રાજ્યના સંસ્કારોને, સંસ્કૃતિને એના જીવનમાં ઉતારી શકે એના માટે પરિવહન વ્યવસ્થા પણ દિવસે-દિવસે સરળ કરવી જોઇતી હતી, સસ્તી કરવી જોઇતી હતી. પરંતુ વિતેલા વર્ષોમાં આ રાજ્ય સરકારે પરિવહન સેવાઓમાં સતત ભારણ વધાર્યું છે અને સામાન્ય માણસ આજે એના ઘરેથી ક્યાંય હટાણું કરવા જવું હોય, બાળક નિશાળે ભણવા જાય, કોઇને દવાખાને જવું હોય તો સરકારી બસ ન મળે અને ખાનગી વાહનોની અંદર પણ ઉંચા ભાડાના દરથી લૂંટાવું પડે. આમ સામાન્ય માણસ ઉપર પરિવહન વેરાનો ભાર પણ સતત વધ્યો છે. આ દેશની સંસ્કૃતિ, રાજ્યની સંસ્કૃતિમાં ફટાણા ગવાતા અને મનોરંજન મેળવાતું, ગીતો ગવાતા અને મનોરંજન મેળવાતું, લોક ગીતો ગવાતા અને મનોરંજન મેળવાતું. મને યાદ છે એ દિવસો, બિલ્લા રમતાં, લખોટીઓ રમતાં, માચીસની છાપથી રમતાં, ગિલ્લી-દંડો પણ રમતાં, ખૂચામણી દાવ પણ ચોમાસું આવે એટલે રમતાં, ગરિયો અને જાળી લઇને ભમરડો ફેરવવાનો ક્યાંય કર નહોતો. મનોરંજન એ માણસના જીવનની જરૂરિયાત છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આજે મનોરંજનની સુવિધાઓ પણ દિવસે-દિવસે મોંઘી થતી જાય છે. સરકારની જવાબદારી શું? સામાન્ય માણસ લોકશાહીમાં એના અમૂલ્ય મતથી એક કાર્યકર્તા ઉપર ભરોસો મૂકે અને બહુમતીથી સરકાર બનતી હોય છે. સામાન્ય માણસ આ દેશની ખુમારી છે એ પરસેવાના ટીંપે એ પેદા કરી શકે. (અંતરાય) માનનીય સૌરભભાઇ, હું વેરા ઉપર જ બોલી રહ્યો છું. બહુ વસુલ્યું છે, સાંભળો. પરસેવાની કમાણીથી ઘરનું ગુજરાન થાય, પરિવારનું ભરણ પોષણ થાય તો સરકાર સામે હાથ ન લંબાવે પણ જ્યારે માણસ પરસેવો પાડે અને છતાં જીવનના બે છેડાં ભેગા ન થાય ત્યારે એના મતથી ચૂંટાયેલી માઇ-બાપ સરકાર એનું છત્ર બને, એના સુખ દુ:ખમાં ભાગીદાર બને એવી અપેક્ષાએ આ લોકશાહીની અંદર મતદાતા એના મતનું દાન કરતો હોય છે. સરકારનું કામ સામાન્ય માણસની સેવાનું ક્ષેત્ર છે તેનો વ્યાપ વધારવાનું છે. સરકારનું કામ સામાન્ય માણસની સુવિધા વધારવાનું છે. એની સમસ્યાઓનો ત્વરિત હલ લાવવાનું છે પણ કમનસીબે આ ભારતીય જનતાપાર્ટીના શાસનમાં આજ સરકાર ક્યાંયને ક્યાંય કરવેરાનું ભારણ વધારીને નફો કરવાની વૃતિથી ક્યાંક વેપાર તરફ તો આગળ નથી વધીને, એવો સામાન્ય માણસ સવાલ કરતો થયો છે. આજે સરકારની કોઇપણ સેવા એ તલાટી મંત્રીથી લઇને મુખ્યમંત્રીની કચેરી સુધી જઇએ. એના ભોજનનો પ્રશ્ન હોય, રહેઠાણનો પ્રશ્ન હોય, વીજળીનો પ્રશ્ન હોય, રસ્તાનો પ્રશ્ન હોય.

ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ સ્ટેમ્પ ડ્યુટીનું બિલ છે.

સભાપતિશ્રી : બિલના પર્વ્યુમાં બોલો ને?

શ્રી પરેશ ધાનાણી : આપના મારફત મંત્રીશ્રીને વિનંતી કરું છુ કે મેં જેટલી વાતો મૂકી એની ઉપર સરકાર ટેક્સ ન લેતી હોય તો તમે ડસ્ટર લઇને બધું ભૂંસી નાખજો. સરકારની જવાબદારી સેવા કરવાની છે, એના બદલે સરકાર ક્યાંયને ક્યાંક સરકારી સેવા, સરકારની યોજનાઓ અને સરકારની સુવિધાઓની અંદર વેરાઓનું ભારણ વધારતી આવી છે. સેવાનું ક્ષત્ર પણ આજે ક્યાંયને ક્યાંક સરકારમાં બેઠાં એના માટે મેવાનું ક્ષેત્ર તો નથી થયું ને તેવો સામાન્ય માણસમાં સવાલ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીનું અને સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે સરકારી સ્ટેમ્પ ડ્યુટી અને સરકારી કચેરીમાં રજિસ્ટ્રેશન કરાવીએ છીએ. રાજ્યની મહેસૂલી આવકોની અંદર માત્ર સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશનથી આવકો થઇ. આ ગાંધી અને સરદારના ગુજરાતમાં૧૯૯૭–૯૮માં અંદાજીત ૪૧૧ કરોડની વાર્ષિક આવક હતી. ગુજરાતના પનોતા પુત્રએ ગુજરાતની ગાદી સંભાળી ત્યારે ૨૦૦૨–૦૩ના વર્ષમાં હું ધારાસભ્ય હતો, ત્યારે ૬૪૯ કરોડ થઇ હતી અને આજે સામાજિક આર્થિક સર્વેક્ષણ ૨૦૧૮–૧૯ના પાના જોઇએ તો ૧૭૦૦ ટકાના વધારા સાથે ૨૦૧૭–૧૮માં સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશની ૭૨૫૪ કરોડથી વધારે આવક આ રાજ્ય સરકારે કરવેરાના બોજ લાદીને કરી છે. સામાન્ય માણસ ઉપર વેરો વધાર્યો છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી અને ગૃહનું ધ્યાન દોરવું છે. ૧૯૯૭–૯૮માં રાજ્યના કરવેરા છે એ રૂ.૬૫૯૧ કરોડની આવક હતી. ૨૦૦૨–૦૩માં રૂ. ૯૫૨૯ કરોડ થઇ અને આજે ૧૧૦૦ ટકાના વધારા સાથે ગુજરાતની પ્રજાની પરસેવાની કમાણીમાંથી સીધી કે આડકતરી રીતે ૭૧૫૪૯ કરોડ રૂપિયા રાજ્ય સરકારે ૨૦૧૭–૧૮માં વસૂલ કર્યા છે. રાજ્યમાંથી ભારત સરકાર કરવેરા વસૂલે છે એ કરવેરાની આવકો ૧૯૯૭–૯૮માં રૂ.૧૫૭૪ કરોડ હતી. ૨૦૦૨–૦૩માં રૂ.૧૩૫૪ કરોડ થઇ અને આજે ૨૦૧૭–૧૮માં ૨૦૭૮૨ કરોડ રૂપિયા આવક થઇ છે. હું મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે રાજ્યની કુલ મહેસૂલી કરવેરાની આવકો છે. ૧૯૯૭–૯૮માં રૂ.૮૧૬૫ કરોડ હતી. ૨૦૦૩–૨૦૦૪માં રૂ.૧૦,૮૮૩ કરોડ હતી. આજે ગુજરાતની અંદર મહેસૂલી કરવેરાની આવક રૂ.૯૨૩૩૧ કરોડ કરતાં વધુ વસૂલી અને આ ગુજરાતની પ્રજા ઉપર આપણે કરવેરાનું ભારણ વધાર્યું છે. તેમ છતાં સરકાર આજે સૂચિત બિલથી ગુજરાતની ગરીબ, બિચારી સામાન્ય પ્રજા પર કરવેરાનું ભારણ વધારે એવું બિલ લઇને ગૃહ સમક્ષ આવેલ છે. માનનીય મંત્રીશ્રી જે ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક ૨૦૧૯ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે આનો મેં વિગતે અભ્યાસ કર્યો અને બિલની અનુસૂચિના આર્ટિકલ–૨ થી ૫૮ વચ્ચે સ્ટેમ્પ ડ્યુટીના જે દરો નિયત કરેલા હતા, એમાં કયાંક ૨૫૦ કે ૩૦૦ ગણો વધારો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે સરકાર જે બિલ લઇને આવી છે, એ બિલની અનુસૂચિના આર્ટિકલ–૨ માં સરકારે સૂચવ્યું છે કે વહીવટી ખર્ચમાં ભારતના વારસા અધિનિયમ–૧૯૨૫ હેઠળ અથવા સરકારી સેવિંગ્સ બેંક અધિનિયમ, ૧૯૭૩ની કલમ–૬ હેઠળ આપેલા ખતનો સમાવેશ થાય. તેવા વહીવટી ખતો અત્યાર સુધી એમાં સો રૂપિયા લેવાતા હતા એના બદલે ૩૦૦ રૂપિયાનું ભારણ આ ખતો પર સરકારે નાખ્યું છે. સરકારની આ સૂચનાથી જે વારસાઇ નોંધો છે, બાપ–દાદાએ જે વારસામાં આપ્યું છે તે નવી પેઢીએ પોતાના ખાતે મેળવવું પણ હવે મોંઘું થશે અને એમાં ૩૦૦ ટકાનો વધારો આ ભારણ ચૂકવવું પડશે. એક તો હું મહેસૂલ મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આજ દિવસ સુધી જે વારસાઇ નોંધો છે એ વિના મૂલ્યે કરવામાં આવતી હતી અને એ વારસાઇ નોંધો વાલીઓની હયાતીમાં પણ કરવામાં આવતી હતી. આ ગૃહમાં મેં પહેલા પણ ધ્યાન દોર્યું હતું કે આ જે વાલીની હાજરીમાં આવી વારસાઇ કરવાની થાય ને તો આપણે કર ભારણ વધારી દીધું છે. એના માટે લેખો કરવા પડે, એવી જોગવાઇઓ સરકારે કરી અને કરની આવકો વધારી છે. વાલીની ગેરહાજરીમાં ક્યાંક વારસોની ભાગ–બટાઇ કરવાની થાય તો બાપુ, તમારા જેવા બે ઠરેલા માણસ વચ્ચે બેસે ત્યારે માંડ સમાધાન થાય. વાલીની ગેરહાજરી હોય, વારસોની વચ્ચે ભાગ પાડવાનો થાય ત્યારે સીધી લીટીના વારસદાર ભાઇઓ હોય કે બહેનો. આજે બહેનોને પણ એમનો જે વારસાઇ હક્ક છે એ મળે. આ દેશની આપણી સંસ્કૃતિ ચાલી આવી છે એ મુજબ રાજીખુશીથી હક્ક જતો કરે તો વાંધો નહીં, એ નિયમ લાવ્યા બાપુ એ અમે આવકાર્યું. આપણે સૌ અહીંયાં બેઠલાં સમાજના આગેવાનો છીએ અને જાણીએ છીએ કે ક્યાંય વાલીની ગેરહાજરી થાય, બારમું ન પત્યું હોય તે પહેલાં તો ઘરમાં રણસંગ્રામ થાય, કુટુંબના વડીલો, પડોશી જેનું માન–પાન રાખે તેવા પાંચ જણનું પંચને બોલાવવું પડે અને બાપદાદા વારસામાં ક્યાંક નફો મૂકીને ગયા છે કે આપણે દેણું ભરવાનું છે પહેલાં એનો હિસાબ–કિતાબ કરવો પડે. એમાં વારસાઇ ભાગની અંદર પાંચ મધ્યસ્થીઓ અઠવાડિયું એક મહેનત કરે ત્યારે તો હક્ક–હિસ્સાની વહેંચણી થતી હોય છે. એમાંયે વારસાઇ નોંધોની અંદર સરકાર ૩૦૦ ટકાનો વધારો કરી અને શું આ રાજ્યમાં એક કુટુંબ એક પરિવાર સુખ શાંતિથી ન જીવે, એની વારસાઇ સરળતાથી ન થાય, એવું આયોજન બાપુ, તમે શું કામ કર્યું, મારો ગુજરાતનો સામાન્ય માણસ તમને સવાલ પૂછે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિના આર્ટિકલ–૩થી દત્તકપત્ર ઉપર પણ સ્ટેમ્પ ડ્યુટીનો વેરો વધારવાનો નિર્ણય સરકારે કર્યો છે. દત્તક કોને લેવું પડે? ક્યાંક કોઇ પોતાના વહાલસોયા પુત્રનું ભરણપોષણ કરવામાં સક્ષમ ન હોય, કોઇ વ્હાલસોઇ દીકરી નિરાધાર બની હોય, તેને કોઇ છત્ર ન હોય, તેવા જરૂરિયાતમંદ વ્યક્તિ કોઇ સુખી ઘરે જાય, કોઇ સુખી–સંપન્ન પરિવાર તેને દત્તક લે, એ બાળકનું ભવિષ્ય સુધરે, આજે એ બાળકના ભવિષ્ય સુધરવા ઉપર પણ આ સરકારે પ્રશ્નાર્થ મૂક્યો છે. કોઇ વ્યક્તિ જરૂરિયાતમંદ બાળકને દત્તક લે તો એ દત્તક લેવાના કરારમાં પણ રૂ. ૧૦૦નો ખર્ચ થતો હતો એમાં સીધો બમણો

વધારો કર્યો છે. કોઇ બાળકને દત્તક લેવામાં, કોઇ ગામને દત્તક લેવામાં આવે, ક્યાંય સેવાઓ, સરકારી સેવાઓ, એમાં સુખી સંપન્ન માણસ ભાગીદાર થઇ અને સરકારી સેવાઓ એને પોતાના શીરે જીમ્મેદારી, પ્રાઇવેટ, પી. પી. પી. મોડલ, લોકોની જનભાગીદારી કોઇ પણ સરકાર માટે આવકાર્ય છે. આ ગૃહ એને આવકારે છે. પણ આપણી જે જવાબદારીઓ છે એ નિભાવવામાં આપણે નિષ્ફળ નીવડયા છીએ અને ક્યાંક આપણે એ નિભાવવામાં ઉણા ઉતર્યા છીએ. આપણી ઉણપ અને આપણી નિષ્ફળતાને ઢાંકવા માટે કોઇ વ્યક્તિ સામેથી ટેકો કરવા આવે, મદદ કરવા આવે, એ આપણી ઉણપોને ઢાંકવા માટે આવે તો આવા દત્તક પત્રક ઉપર પણ સ્ટેમ્પ ડ્યુટી વધારીને સરકારે સામાન્ય માણસની જે ભાવના છે એને ઠેસ પહોંચાડવાનું કામ કર્યું છે. અનુસૂચિના આર્ટિકલ-૪ એટલે કે સોગંદનામુ. બાપુ, આ ભારતીય જનતાપાર્ટીની સરકારમાં હવે સમ ખાવાના પણ મોંઘા થશે. સત્ય ઉપર પ્રતિજ્ઞા કરવાની, સાચું બોલવાના અધિકાર ઉપર પણ તમે કરવેરાનું ભારણ વધાર્યું છે.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, ૯ બિલ છે અને બોલનાર ઘણાં સભ્યો છે.

શ્રી પરેશભાઇ ધાનાણી : હું બિલ ઉપર જ બોલું છું. બિલની બહાર કશું બોલતો નથી.

સભાપતિશ્રી : તમારા મુદ્દા રહી ન જાય એટલા માટે.

શ્રી પરેશભાઇ ધાનાણી : જી, માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની સંસ્કૃતિ અને સાંસ્કૃતિક વારસો. કોઇ સમ ખાઇ લે, કોઇ મંદિરે હાથ મૂકીને સમ ખાઇ લે એટલે ૭ પેઢીના વેર પૂરા થઇ જાય. આ ગૃહ એનું સાક્ષી છે કે કોઇએ સમ ખાઇ લીધા, એ સમ ઉપર સામાન્ય માણસનો જે વિશ્વાસ હતો. આજે સામાન્ય માણસ અને સરકાર વચ્ચે અંતર વધતું ગયું. વ્યવસ્થા એવી કથળી કે હવે સામાન્ય માણસના સમ ઉપર વિશ્વાસ ઉઠી ગયો અને સામાન્ય માણસને સત્ય પ્રતિજ્ઞા ઉપર ક્યાંય જાહેર કરવું હોય તો એ સોગંદ ખાવાનું પણ આ સરકારે મોંઘું કર્યું છે. આ સોગંદનામું ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ પેપર, કોઇએ શૌચાલયની સહાય માંગવી હોય તો સોગંદનામું, કોઇએ રહેઠાણનું ઘર માંગવું હોય તો સોગંદનામું, કોઇએ સરકારી યોજનામાં સાયકલ માંગવી હોય તોય સોગંદનામું, આજે સરકારની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અને છવ્વીસે છવ્વીસ વિભાગ, ૪૨ પ્રભાગ, ૧૯૨ કરતા વધુ બોર્ડ, નિગમ અને કોર્પોરેશન, એની વ્યક્તિગત સહાય યોજનાઓમાં સામાન્ય માણસ એ સેલ્ફ એટેસ્ટેડ પત્ર મોકલે તો આ સરકારને સામાન્ય માણસ ઉપર હવે ભરોસો નથી રહ્યો. સરકારની તમામ યોજના, માગણી, રજૂઆત એની ઉપર સ્ટેમ્પ વાપરવાનો અને સ્ટેમ્પ ઉપર, સોગંદનામા ઉપર જાહેર કરવાનું. માણસે પોતાની સત્ય પ્રતિજ્ઞા સરકાર સામે વ્યક્ત કરવાની કાયદાકીય વ્યવસ્થા છે. આ સોગંદનામા જે ૨૦ રૂપિયાનો એક સોગંદનામામાં ખર્ચ થતો હતો. લખવાવાળા ૫૦ લઇ જતા હતા. બસભાડાના ૫૦-૧૦૦ થતા હતા. એક દિવસનો રોજગાર સોગંદનામુ કરાવવા જાય ત્યાં વ્યર્થ જતો હતો. સામાન્ય માણસ સરકારી યોજનાનો લાભ લેવા જાય તો એક દિવસનું તેનું મહેનતાણું જાય. એક દિવસ તેનો સમય બરબાદ થાય અને આ મંદીના કાળમાં ખિસ્સામાંથી ૨૦૦થી ૨૫૦ ઓછા થાય ત્યારે તો તે અરજી કરી શકતો હતો અને તેમાં પણ સરકારે જો આવા બિનજરૂરી સોગંદનામાથી સરકારી યોજનાને મુક્ત કરી હોત તો અમે આવકારત, પણ લોકોની જરૂરિયાત છે ત્યારે સરકાર માં-બાપ સામે એ સરકારી સહાય લેવા માટે થઇને આખો દિવસ લાઇનમાં ઉભો રહે. ધક્કા ખાય, ૨૦૦-૫૦૦ રૂપિયાનો ખર્ચ થાય. સાહેબ, સોગંદનામુ ૨૦ રૂપિયાનું હતું, હવે તેના ૫૦ રૂપિયા કર્યા. સામાન્ય માણસને સરકારની કોઇ પણ યોજનાનો લાભ લેવો હશે તો આ ૫૦ રૂપિયાનો સ્ટેમ્પ. ૫૦૦ રૂપિયાની માગણી રજૂ કરવા માટે તેના ખિસ્સામાંથી ઓછા થશે. એટલે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કમસેકમ આ સોગંદનામા ઉપર સરકારી માગણીઓ અને સહાય અથવા રજૂઆત કરવાની થાય તો સ્ટેમ્પ ડ્યુટીમાંથી આ તમામ સરકારી યોજનાઓને મુક્તિ આપવી જોઇએ અને સામાન્ય માણસ વિના મૂલ્યે તેનો અધિકાર સરકાર સમક્ષ રાખે તેના માટે સરકારે દરવાજા ખોલવા જોઇએ. કોઇ સામાન્ય માણસ સરકાર પાસે તેની યોજના લઇને, વાચા લઇને, વ્યથા લઇને જાય. તેની મજબૂરી છે તેમાંથી બહાર નીકળવા સરકારનો દરવાજો ખટખટાવે ત્યારે તો સૌરભભાઇ, આ સરકાર દરવાજા બંધ કરી દે છે. તેને અરજી કરવા માટે થઇને કરવેરાનું ભારણ વધારે છે. આ સરકાર શ્વેતપત્ર બહાર પાડે તો આ રાજ્યમાં આવા સોગંદનામાથી થતી આવક, કુલ અરજીઓમાંથી સ્ટેમ્પ પેપરની જેટલી આવક થાય છે એટલા રૂપિયા તો લોકોને સહાયમાં ચૂકવાતા પણ નહીં હોય.

માનનીય અધ્યક્ષશ્રી, આ અનુસૂચિના આર્ટીકલ-૫માં કબૂલાતના દસ્તાવેજ ઉપર પણ ૩૦૦ ટકાનો સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કર્યો છે. બાપુ, કોઇને ભૂલ તો વિના મૂલ્યે સ્વીકારવા દો. કોઇ કબૂલાત કરે, કોઇ સત્યને સ્વીકારી તેનું કબૂલાતનામું કરવાનું થાય તો આવા દસ્તાવેજ ઉપર પણ આ સરકારે ૩૦૦ ટકાનો સ્ટેમ્પ ડ્યુટીનો ભાવ વધારો કર્યો. કોઇ માણસે કબૂલાત કરવી હોય તો આ કબૂલાત માટે પણ સરકારે આ મોંઘવારી વધારી છે એટલે કાલ માણસ રખે ને પશ્ચાતાપ થયો હશે, ક્યાંય કબૂલાત કરવી હશે, ભૂલને સ્વીકારવી હશે તો આ વેરાના ભારણના કારણે આવી ભૂલ સ્વીકારવામાં પાછું પગલું ભરશે અને રાજ્યની અંદર સામાન્ય માણસના તાણાં-વાણાં જોડાયેલા છે તેની અંદર અંતર ઉભું થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આર્ટીકલ-૯. સત્તા વાપરીને કરેલી નિમણૂક. કોઇ વ્યક્તિ પોતાના વતી પોતાના કરતા વધુ ભરોસો હોય એવા વ્યક્તિને ટ્રસ્ટી તરીકે નિમણૂક કરે. એ સરકાર હોય, એ સહકારી ક્ષેત્ર હોય, એ સામાજીક ક્ષેત્ર હોય, એ ધાર્મિક ક્ષેત્ર હોય. બધા જ લોકોને જેના ઉપર વિશ્વાસ હોય આવા વ્યક્તિઓની સામુહિક રીતે ટ્રસ્ટી તરીકે નિમણૂક થતી હોય છે. આવા ટ્રસ્ટીઓની નિમણૂક કરવા માટે અત્યાર સુધી સ્ટેમ્પ ડ્યુટીનો દર હતો તેમાં પણ સરકારે ૩૦૦ ટકાનો વધારો કર્યો. મારા કરતાં મને જેના ઉપર વધુ વિશ્વાસ છે તેને હું મારું સર્વસ્વ સોંપવા તૈયાર છું અને સર્વસ્વ સોંપવા માટે થઇને પણ મોંઘા

કરવેરાનો બોજ તેના માથે આવે. તેને મોંઘા કરવેરા ચૂકવવા પડે. કોઇ ટ્રસ્ટીના નામે સર્વસ્વ સોંપવા તૈયાર હોય ત્યારે એ સામાન્ય માણસના ભરોસાનું સરકારે સન્માન કરવું જોઇએ એને બદલે એના ઉપર પણ વેરો વધારી અને સરકારે સામાન્ય માણસના ભરોસાને ઠેસ પહોંચાડવાનું કામ કર્યુ છે. અનુસૂચિનું આર્ટીકલ–૧૦. કોઇપણ જાતની આકારણી અને મૂલ્યાંકન કરવા માટે પણ સરકારે સ્ટેમ્પ ડ્યુટીના દર વધાર્યા છે. આકારણી ક્યારે કરવાની થાય? કોઇ સામાન્ય માણસને એના પરસેવાનો રોટલો ખાવો છે. એની પાસે પૂરતું ધન નથી, બેંકોના પગથીયા ઘસાઇ જાય, એને સરળતાથી સસ્તા દરે લોન મળતી નથી. વ્યાજકવાદીઓની જાળમાં ફસાય, ઉંચા વ્યાજના ભારણ નીચે એનું ભવિષ્ય રૂંધાતું હોય ને ત્યારે એણે સરકારી બેંકોની અંદર લોન લેવા માટે ક્યાંય જામીનગીરી મૂકવાની થાય, જામીનગીરી માટે આપણી જનેતા સમાન જમીન હોય, આપણા આશરા સમાન મકાન હોય, આની આકારણી કરાવીએ અને આકારણીના આધારે એ વ્યકિતને ક્યાંકને ક્યાંક બેંક લોન આપતી હોય છે. સરકાર તો સહાય ના કરે પણ પરસેવાનો રોટલો ખાવા માટે સરકારી બેંકો પાસે લોન લેવા જાય તો અમારી મિલકતની આકારણી માંગે પણ કરવેરો વધુ ચૂકવવો પડે એવી સ્થિતિ સરકાર શું કામ ઉભી કરી રહી છે? બિલની અંદર આર્ટીકલ–૧૧થી એપ્રેન્ટિસશીપ ડીડ ઉપર પણ સરકારે સ્ટેમ્પ ડ્યુટીનું ભારણ વધાર્યું છે. કોઇ વ્યવસાય, કોઇ હુન્નર અથવા કોઇ કામ શીખવા માટે કોઇ માસ્ટરના હાથ નીચે મૂકેલો કોઇ શીખાઉ વ્યકિત, કોઇ કુશળ કાર્યકર્તાની કુશળતામાં વધારો થાય અને અનુભવી માણસના હાથ નીચે એનું કૌશલ્ય વર્ધન થાય. કાલ મારું ગુજરાત અને રાષ્ટ્ર, વિશ્વની અંદર ભારતને મહાસત્તા બનાવવામાં એના કૌશલ્યનું રોકાણ કરશે. મારી અને તમારી ચિંતામાં ભારતનું ભવિષ્ય એ ભાગીદાર થવાનું છે પણ ક્યાંય એપ્રેન્ટીસશીપ ડીડ કરવાની થાય, આ ડીડમાં પણ સરકારે ૩૦૦ ટકાનો વધારો કર્યો છે. સરકારની જવાબદારી છે કે આ રાજ્યનું ઉભરતું યુવાધન એને કૌશલ્યવર્ધક બનાવે. જે કૌશલ્યવર્ધન કેન્દ્રો સરકાર ગુજરાતમાં ચલાવતી હતી આવા કૌશલ્યવર્ધન કેન્દ્રો વધારવા જોઇતા હતા એને બદલે દુઃખ સાથે કહેવું પડે છે કે આ બજેટમાં આવા કૌશલ્ય વર્ધન કેન્દ્રો ચાલતા હતા એ ઓછા કરવાનું કામ આ સરકારે કર્યું. એની જવાબદારીઓથી હાથ ધોવાનું કામ આ સરકારે કર્યું. કોઇ ગરીબની ઝૂંપડીમાં પેદા થયેલું ભારતનું ભવિષ્ય એના કૌશલ્યને સ્વબળે ખીલવવા માટે કોઇ અનુભવી માણસના છત્ર નીચે એ જીવનનું ઘડતર કરવા જાય તો આવી એપ્રેન્ટિસશીપ ડીડ ઉપર પણ સરકારે ૩૦૦ ટકાનું કરવેરાનું ભારણ વધાર્યું છે. કોઇ ચુકાદો આવે એ ચુકાદો પણ આ સરકારે મોંઘો કર્યો છે. જ્યારે કોઇ બે વ્યકિત હોય, બે સંસ્થાઓ હોય, બે કંપનીઓ હોય, સરકાર અને ખાનગી ક્ષેત્ર હોય ક્યાંયને ક્યાંય કરારોની અંદર વિસંગતતા હોય, સમજૂતીનો અભાવ હોય અને આવા પ્રશ્નોના નિરાકરણ કરવા માટે મધ્યસ્થીની નિમણૂક કરવામાં આવે છે. મધ્યસ્થી એટલે બન્નેની વચ્ચેનો જે વિવાદ છે એને સુલઝાવી કામ આડે પાટે ઉતર્યું હોયને બાપુ, એને સવળે પાટે ચડાવવાનું કામ મધ્યસ્થી કરતા હોય છે. હવે એક તો આખું ગુજરાત પાટાથી નીચે ઉતરી ગયું છે. એમાં પણ તમારી મધ્યસ્થીની અપેક્ષા રાખીએ છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : કોંગ્રેસ પાટા ઉપરથી નીચે ઉતરી ગઇ. ગુજરાત તો બરાબર સ્થિતિમાં છે.

શ્રી પરેશ ધાનાણી : કોઇ માણસને લવાદ તરીકે, મધ્યસ્થી તરીકે આપણે નિમણૂક આપીએ એ મધ્યસ્થીના કારણે સરકાર અને સામાન્ય માણસ વચ્ચેની સમસ્યાનું સમાધાન થતું હોય તો એ સૌના માટે હિતકારી હોય છે. આવી સેવાને કરવેરામાંથી મુકિત આપવી જોઇએ, પણ દુઃખ સાથે કહેવું પડે કે મધ્યસ્થીની ભૂમિકા બજાવવામાં પણ મને બે બિલાડી અને વાંદરાની વાર્તા યાદ આવે છે. એક રોટલાના બે ભાગ પાડવા માટે બે બિલાડી ઝગડી, તો બન્ને બિલાડી ભૂખી મરી જાય અને વાંદરો એક એક બટકું કરીને આખો રોટલો ખાઇ જાય. ક્યાંક આવી સ્થિતિ આ કરવેરાથી આ રાજ્યમાં ન થાય એના માટે આ ગૃહે અને સરકારે ચિંતા કરવી પડશે. આર્ટિકલ–૧૬ રદ કરવાનો લેખ પણ ૩૦૦ ટકા મોંઘો કર્યો છે. સમજૂતીથી જ્યારે કોઇ બે વ્યક્તિ વચ્ચે વિવાદ પૂરો થાય, સમયગાળો પૂરો થાય, એણે નક્કી કરેલ માપદંડો છે એ બન્ને તરફથી પરિપૂર્ણ થતા હોય અને અગાઉથી કરેલ કરારો રદ કરવા હોય તો આવા કરારો રદ કરવા માટે પણ હવે ગુજરાતના સામાન્ય માણસે ૩૦૦ ટકા વધુ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડશે. અગાઉથી કરેલ કરારો, મોંઘી વીજળી ખરીદવાના કરારો કર્યા, મોંઘું પાણી ખરીદવાના કરારો કર્યા, ક્યાંક આ ગુજરાતના ભવિષ્યને ગીરવે મૂકવાનું પાપ આ સરકારે કર્યું નથી ને એ વિચારવાનો સમય હવે આવ્યો છે. હું વિનંતી કરું છું કે, કમસે કમ આજે જંગી દેવાના બોજ, ઉંચા વ્યાજના ભારણ નીચે દબાયેલ ગુજરાતની સરકારની તિજોરી આજે ખાલી છે. દર વર્ષે લોન લેવા માટે દર દર ફરવું પડે એવી સ્થિતિ છે અને તિજોરી ખાલી થઇ તો ક્યાંક ગુજરાતના ભવિષ્યને તો સાથે મળીને ગીરવે નથી મૂકતા ને એની આ ગૃહે ચિંતા કરવી પડશે. કરાર રદ કરવાની વ્યવસ્થાને માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ મોંઘી કરી છે. હું વિનંતી કરું છું કે, કમસે કમ આ મોંઘા ભાવે વીજળી ખરીદવાના આગોતરા કરાર કર્યા હતા, મોંઘા ભાવે મીઠું પાણી ખરીદવાના આગોતરા કરાર કર્યા છે એ કરાર રદ કરવાના થાય તો એ વિનામૂલ્યે કરી દેજો બાપુ. આર્ટિકલ–૧૯, કોઇ વાતની પતાવટ કરવી હવે ભા.જ.પ.ના રાજમાં મોંઘી થશે. પતાવટ વખતે ૩૦૦ ટકાની સ્ટેમ્પ ડ્યુટીનો વધારો. મારા મત વિસ્તારના એક નાના એવા ગામમાં ત્રણ ખેડૂતો શેઢાથી પાણી નીકળે, મારા ખેતરમાંથી કે તમારા ખેતરમાંથી, આપણાં બેમાં નહીં તો પડોશમાં એ અંગે ૨૦૦૬માં કેસ થયો. ૨૦૧૭ સુધી કેસ લડતા રહ્યા. પોલીસ સ્ટેશનના પગથિયા ચડતા રહ્યા, ચપ્પલ ઘસાઇ ગયા અને બે–અઢી લાખ રૂપિયાનો ખર્ચ થયો. મારે પતાવટમાં જવું પડ્યું. આ ૩ ખેડૂતોને ભેગા કર્યા કે આ પાણી મારા ખેતરમાંથી, તમારા ખેતરમાંથી જશે કે બાજુવાળાના ખેતરમાંથી તો બે ચાસ ઓછા થશે. આ ૧૦ વર્ષ લડ્યા, પોલીસમાં અને ન્યાય પાલિકાના ધક્કા ખાઇને અઢી–અઢી લાખ રૂપિયાનો ખર્ચ થયો એમાં એક એક વીઘો જમીન ઓછી થઇ ગઇ. આ મારા

ખુદનો અનુભવ છે. સાહેબ, હું પતાવટ કરવા ગયો હતો. સારું થયું વહેલા પતાવટ થઇ ગઇ. અત્યારે પતાવટનો કરાર થયો હોત તો ૩૦૦% ચૂકવવા પડત.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હજીય આ જી.આર. નીકળે તે પહેલા પતાવટ કરવી હોય તો કરી નાખજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ બિલ આવ્યું છે એના આર્ટિકલ–૨૧ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. રાજ્ય સરકાર આર્ટિકલ–૨૧થી નકલ અને ઉતારાની નકલ જોઇતી હોય તો એના ઉપર પણ ૩૦૦% વધારો લઇને આવી છે. આજે કોઇ પણ માણસે સરકાર સાથે અને સહકારી ક્ષેત્ર સાથે, ખાનગી ક્ષેત્ર સાથે કોઇ ન્યાયપાલિકામાં ક્યાંય એણે કરેલા વ્યવહારની ઓથેન્ટિક નકલ જોઇતી હોય, એનો આધાર–પુરાવો. આવા નકલ અને ઉતારા કઢાવવા માટે પણ હવે આ ગુજરાતના સામાન્ય માણસને ૩૦૦% સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કરી કરવેરાનું ભારણ ચૂકવવું પડશે. માનનીય મહેસૂલ મંત્રીશ્રી બાપુ સાહેબ પણ ખેડૂત હશે. હું ખેડૂતનો દીકરો છું અને ખેડૂતના દીકરો હોવાનું સર્ટિફિકેટ ૭ નંબર, ૧૨ નંબર, ૮–અ, ૬ નંબર આ ગુજરાતની અંદર જગતનો તાત એનો વારસ વિનામૂલ્યે એ ખેડૂત હોવાનું સર્ટિફિકેટ લઇને ખુલ્લી બજારમાં નીકળી શકતો હતો. આ ભાજપની સરકારે હવે ખેડૂતના દીકરાએ ખેડૂતના દીકરા હોવાનો પુરાવો, ૭/૧૨ પહેલા ભેગું આવતું હતું બાપુ, આ દાખલો આપનારાને એવું શું બળ પડ્યું કે ૭ અને ૧૨ બેય જુદા કરી દીધા? ૭ નંબર, ૧૨ નંબર, ૮–અ અને ૬ નંબર કોઇ એક ખેડૂતના દીકરાને વારસામાં મળેલી જમીન, એના પરસેવાથી ઉપાર્જન કરેલી જમીન એણે દર ૬ મહિને તપાસવા જવું પડે. એના નામે જે જમીન આવતી હતી એ આજ મારા નામે છે કે નહિ? આ વારસાઇ મિલકત ઉપર ક્યારે કોઇ કબજો કરી જાય. પહેલાં તો લખાણના કરાર થતા હતા, કાગળ પર નોંધ પડતી હતી. હવે ભારતીય જનતા પાર્ટીની સરકારે એનો ઇલેક્ટ્રોનિક ડેટા, એનું કોમ્પ્યુટરાઇઝેશન થયું સૌરભભાઇ અને હવે તમારા નામની જમીન મારા નામે, મારા નામની જમીન ક્યારે બાપુના નામે થઇ જાય એના આવતા દિવસોમાં આધાર પુરાવા રહેવાના નથી. રખેને આપણા કોમ્પ્યુટરાઇઝેશન રેકર્ડ ઉપર વૈશ્વિક હેકરો દ્વારા હુમલો કરવામાં આવશે ને તો ભૂતકાળમાં જે આપણું કાગળ આધારિત રેકર્ડ હતું. રખેને ક્યાંય ખોવાઇ જાય તો રાજ્ય કક્ષાએ એની પ્રત રહેતી હતી જેથી ભવિષ્યમાં ફરી પાછું આપણે એ રેકર્ડ પુન:સ્થાપિત કરી શકતા હતા. આજે આપણું આ ઇલેક્ટ્રોનિક રેકર્ડ જે છે, બાપુ, પાકિસ્તાનથી આવીને કોઇ હેકર ગુજરાતમાં મોઢું મારી જાયને તો આપણી પાસે એના આધાર પુરાવા નહિ રહે આવી સ્થિતિમાંથી ગુજરાતને બચાવવાની ચિંતા આ સન્માનનીય ગૃહે કરવી પડશે અને એમાંય ૭/૧૨નો ઉતારો, ૬ નંબર, ૮–અ વિના મૂલ્યે મળતા હતા એના પાંચ રૂપિયા ફી વસૂલવાનું કામ ખેડૂતના દીકરા ઉપર, કાના માતર વગર ખેડૂતને આધાર પુરાવો હતો ને એના ઉપર પાંચ રૂપિયા પ્રતિ પ્રત ભારણ નાખ્યું અને મારી ભૂલ ના થતી હોયને તો માનનીય મહેસૂલ મંત્રીશ્રી ગૃહને વિતેલા વર્ષોમાં આ ૭/૧૨ના ઉતારાથી ૨૪૯ આપણા તાલુકા છે. મેં અમરેલીમાં એક વખત અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો તો ૭/૧૨ના ઉતારામાં વર્ષે મામલતદાર કચેરી એકાદ કરોડ કમાઇને દેતી હશે. મારી ભૂલ ન થતી હોય, પાકા આંકડા નથી એટલે આ ગૃહની મારફત સત્ય પ્રજાને જાણવા મળે કે ૭/૧૨ના ઉતારા જે વિનામૂલ્યે મળતા હતા. આજે ૫–૫ રૂપિયાની કમાણીમાં ગુજરાતના ખેડૂતના ખીસ્સામાંથી આપણે વિતેલા વર્ષોમાંથી કેટલા ખંખેર્યા એ જાણવાનો ગુજરાતના ખેડૂતોને અધિકાર છે. કોઇપણ નકલ મેળવવી હોય, કોઇપણ ઉતારો મેળવવો હોય, માણસે સ્ટેમ્પનો ખર્ચો કર્યો હોય, રજિસ્ટ્રેશન ફીની ચૂકવણી કરી હોય અને પછી આવી પ્રતોની નકલ મેળવવા માટે થઇને સામાન્ય માણસે ૩૦૦ ટકા વધુ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવી પડે એ આપણા સૌના માટે શરમજનક ઘટના છે. હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ અંગે પુનઃવિચારણા કરવી જોઇએ. આર્ટીકલ–૨૨, કોઇ વ્યક્તિએ અંદરોઅંદર કરાર કર્યા, સામો લેખ કર્યો, બીજી નકલ સારી ભાષામાં કહેવાયને તો એમ.ઓ.યુ. મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ. જેની નકલ બંને વ્યક્તિઓ પાસે હોય એવો સામો લેખ કરવાનો હોય તો હવે એમ.ઓ.યુ. પણ મોંઘા થવાના છે. એક જ સમાન કરાર, એની બે અસરકારક વ્યક્તિઓને અધારનો પુરાવો રાખવો આ બિલથી મોંઘો થશે. સામાન્ય માણસને હવે એમ.ઓ.યુ. કરવાના હશે તો એ કરાર પણ મોંઘા થશે. શ્રી સૌરભભાઇ, સારું થયું. વાઇબ્રન્ટ–૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ જેટલા જેટલા એમ.ઓ.યુ. કરી લીધા. આ બિલ પછી જો ક્યાંય એમ.ઓ.યુ. કરવાના આવ્યા હોત તો કેટલાય ઉદ્યોગપતિઓને સસ્તા ભાવે જમીન દેત, કરવેરામાં લાભ દેત તો પણ મુઠ્ઠીઓ વાળીને ભાગી જાત. ૩૦૦ ટકાનો સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો સામાન્ય કરાર માટે થઇને. આર્ટીકલ–૨૩ એકસાઇઝનો બોન્ડ પણ આ સરકારે મોંઘો કર્યો છે. આર્ટીકલ–૨૫ તરફ આપના મારફતે સભાગૃહનું ધ્યાન દોરવા માંગું છું. જીવને જોડવાનું કામ એ આપણા સૌના હાથે થાય. પરમકૃપાળુ પરમેશ્વર આપણને શક્તિ આપે. આ ગૃહમાં પ્રાર્થના કરું છું. રખેને ક્યાંક સરકારી નીતિની નિષ્ફળતાને કારણે વેપાર, ધંધા, ઉદ્યોગ ભાંગીને ભૂક્કો થઇ જાય, આ રાજ્યનું ભવિષ્ય એવો યુવાન માણસ પરસેવો પાડવા દરદર ભટકે, ક્યાંય રોજગાર ન મળે અને બેરોજગાર થઇ જાય. આવો જમાઇ બેરોજગાર થાય તો દીકરીના ઘરનું ભરણપોષણ કરવા આ રાજ્યનો યુવાન સક્ષમ ન રહે એટલે ઘરની અંદર કંકાસ થાય, છોકરાને ભણાવવા માટે બહુ મોંઘી ફીની માગણી કરે, પોતાના બચ્ચાની સારવાર માટે દવાખાને જવા માં ધણી પાસે માગણી કરે અને કારમી મંદીનો સામનો કરતો સામાન્ય માણસ તેના આવકના સ્ત્રોત બંધ થાય એટલે ઘરની જરૂરિયાતોને પૂરી ન કરી શકે ત્યારે ઘરમાં કંકાસનું બીજ રોપાય. બાપુ, આ કંકાસનું બીજ રોપાય એ કંકાસને કાઢવાનું કામ સરકારે કરવાનું હતું પણ સરકારી નિષ્ફળતાને કારણે આજે મંદી ભરડો લઇ ગઇ છે. વેપાર, ધંધા, ઉદ્યોગ ભાંગીને ભૂક્કો થઇ ગયા છે. આઝાદીના વીતેલા

૪૫ વર્ષની અંદર સૌથી વધુ બેરોજગારીનો સામનો આજે મારું રાજ્ય અને રાષ્ટ્ર, રાજ્યનો યુવાન અને દેશનો યુવાન કરી રહેલ છે. ઘરમાં બે છેડા ભેગા ન થાય એટલે તાવડી તેરવાના માંગતી હોય, તાવડી તેર વાના માંગે, રખેને એની જરૂરિયાતો પૂરી ન થાયને એટલે કંકાસ થાય. આ કંકાસ છે એ બે જીવને જુદા પાડવાનું કામ કરે છે. ચાલો આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કંકાસને કાઢવા માટે જીવનની જરૂરિયાતો એના કુટુંબનું ભરણપોષણ કરવા ભારતના ભવિષ્ય સમાન યુવાનને સક્ષમ બનાવીએ. આ સરકારે એ નથી કરવું. પણ પેલા કંકાસના કારણે તાવડી તેર વાના માગતી હોય, ૩ વાના મળે, ૧૦ વાના ચૂકાઇ જાય. ક્યાંક છૂટાછેડાની નોબત આવે. જયશેભાઇ, આ ભાજપની સરકારે હવે છૂટાછેડા મોંઘા કર્યા છે.

સભાપતિશ્રી : આપ ઝડપથી મુદ્દા લઇ લો.

શ્રી પરેશ ધાનાણી : ઇશ્વરને પ્રાર્થના કરું આપણે સૌ સાથે મળી જીવને જોડવાનું કામ કરીએ. આ જીવને જોડી રાખવા માટે થઇને ક્યાંક મધ્યસ્થી કરવાનું થાય. અગાઉ કહ્યું હવે કોઇ જીવને છોડવા માટે મધ્યસ્થી કરવાનું થશે તો મધ્યસ્થી કરાર સરકારે મોંઘું કરી દીધું છે. છૂટાછેડા કરવાના થાય, ના છૂટકે રથના બે વ્હીલ ભેગા ન થાય, રથ આગળ ન વધે, જીવન રથ ખોટકાઇ અને રખેને રથનું રિપેરિંગ કરવું પડે, છૂટાછેડા કરવાના થાય(અંતરાય) ચિંતા ન કરો, પડોશી છીએ. વિનામૂલ્યે મધ્યસ્થી થવા આવીશું.

સભાપતિશ્રી : પડોશી માટે સારું વિચારો.

શ્રી પરેશ ધાનાણી : ના છૂટકે જીવનરથના બે પૈડાં ભેગા ન થાય. કમનસીબે તે જીવને જુદા પડવાનો સમય ખૂબ કપરો કાળ છે. ગમે એટલો વિવાદ હોય, એકી સાથે જીવન જીવવાના સમ જેણે લીધા હોય, નાછૂટકે જુદા થવાનું થાય, દુ:ખ બંનેને થતું હોય છે, રાજ્ય સરકારે રાજીખુશીથી જ્યારે કોઇ છૂટું પડતું હોય ત્યારે જીવનના બંને પૈડા ખુશ થાય, એના માટે સરકારે આયોજન કરવું જોઇએ, એના બદલે આ છૂટાછેડા કરાર સરકારે મોંઘા કર્યા છે. આર્ટીકલ-૨૯થી મિલકત ઇન્સ્પેક્ટશીપ. બાપુ, આ ઇન્સ્પેક્ટશીપનું ગુજરાતી શું થાય તે હું સમજ્યો નથી. પ્રદિપસિંહ તમારા ઇન્સ્પેક્ટર તો નથી ને? જમીન ઇન્સ્પેક્ટર હોય, રેવન્યુના ઇન્સ્પેક્ટર હોય, પાઠશાળામાં ભણ્યા હોય અને પહેલા નિશાળમાં મોનિટર થવાતું. ભણીગણીને ક્યાંક મેળ પડી જાય અને એ પછી ઇન્સ્પેક્ટર થાય. આ હામી ખત કરવાના થાય તો ભાજપની સરકારમાં હામી ખત ૩૦૦ ટકા મોંઘો થયો છે. આર્ટીકલ-૩૩થી લાઇસન્સ પત્ર પણ મોંઘું થયું છે. એક તરફ આપણે વાત કરીએ છીએ કે મુક્ત વાતાવરણની વચ્ચે આપણું ગુજરાત ફૂલે ફાલે અને આગળ વધે એટલે લાઇસન્સ રાજમાંથી મુક્તિ આપવી જોઇએ.(અંતરાય) મિનિટ મે ગણી નથી. બાપુ, એટલા માટે આ ગૃહની એક-એક મિનિટથી ગુજરાતનું ભવિષ્ય નક્કી થવાનું છે, ત્યારે સરકારે જરૂર આ મુદ્દા ઉપર વિચારવું જોઇએ, એટલા માટે આ ગૃહનો એક-એક મિનિટનો સદુપયોગ થાય. આ સરકાર જે બિલ લાવી છે, એનાથી ગુજરાતના વિવિધ વર્ગોને, વિવિધ ક્ષેત્રમાં જોડાયેલા લોકોને કેટલુ મોટું નુકસાન થવાનું છે તેનાથી સરકાર સભાન થઇ આ અંગે યોગ્ય પુનઃવિચાર કરે એના માટે વિરોધપક્ષ તરીકે સરકારનું ધ્યાન દોરી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ કળાને ખીલવવા માટે થઇને મુક્ત વાતાવરણ આપવું પડે. ભયના ઓથાર નીચે ક્યારેય નવી રચનાઓ થતી નથી. કમનસીબે વીતેલા વર્ષોમાં ગુજરાતમાં સામાન્ય માણસના મનમાં ભય પેસી ગયો છે. સામાન્ય માણસ તેની કુશળતાઓ રાજ્યના કાજે સમર્પિત કરવા માગતો હોય, તેની કુશળતાથી ક્યાંક નવી રચના કરવા માગતો હોય અને સામાન્ય માનવીની રચનાથી સામાન્ય માણસનું ભવિષ્ય સુધરવાનું હોય, તેને ક્યાંય દુકાન ચાલુ કરવી હોય, ક્યાંય તેને નવો ધંધો ચાલુ કરવો હોય, ક્યાંય સરકારી યોજનાથી, સરકારી કાર્યક્રમો અને સરકારી નીતિઓથી તેને લાઇસન્સ લેવા મજબૂર થવું પડતું હોય તો આ તમામ કામોની અંદર સરકારે લાઇસન્સ ફીમાં ૩૦૦ ટકાનો વધારો કર્યો. એક તો લાઇસન્સથી કંટાળેલો સામાન્ય માણસ, વેપારી, નાનો ઉદ્યોગકાર હવે તો મોટા મોટા ઉદ્યોગવાળા મૂઠ્ઠીઓ વાળીને ભાગ્યા છે, દાખલા છે પણ મારે તેમાં પડવું નથી. આજે ગુજરાતની અંદર મુક્ત વાતાવરણની વાતો વચ્ચે લાઇસન્સ રાજે કબજો કરી લીધો છે. સામાન્ય માણસે ઇમાનદારીથી તેનો ધંધો રોજગાર કરવો હોય તો તે ગુજરાતમાં દોહ્યલો થઇ ગયો છે. એટલે જ ગુજરાતમાં ઉદ્યોગો બંધ થતાં ગયા છે. નવા ઉદ્યોગો ઘટતા ગયા, ઉત્પાદન ઘટ્યું, રોજગારી ઘટી અને નાણામંત્રી અહીં હાજર નથી નહીં તો હું જરૂર યાદ કરાવત કે આ રાજ્યમાં ગયા વર્ષે વેરાની આવકો પણ ઘટી છે. મારે સરકારને વિનંતી કરવી છે કે ચાલો, સૌ સાથે મળી આ ગુજરાતનું ભવિષ્ય જેના હાથમાં છે, જે કૌશલ્ય છે તેને ખીલવવા માટેનો અવસર આપીએ. આપણે સૌ સામૂહિક સંકલ્પ કરીએ અને લાઇસન્સ રાજમાંથી, અધિકારી રાજમાંથી આપણાં ગુજરાતને મુક્ત કરી કોઇ માણસ તેની કુશળતા મુજબ, કોઇ તનથી, કોઇ મનથી અને કોઇ ધનથી આ રાજ્ય અને રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપે તેવું વાતાવરણ ઉભું કરીએ. આજે કમનસીબે સરકારે સામાન્ય માણસની સુખાકારીની ચિંતા નથી કરવી. રાત અને દિ પ્રદિપભાઇ સરકારમાં બેઠેલા લોકો મિનિટ ગણે છે, મિનિટની દરેક પળ ક્યાં કરવેરા વધારી શકાય, ક્યાં આવક વધારી શકાય અને સામાન્ય માણસની પરસેવાની કમાણીમાંથી કરની આવકમાંથી રાજ્યની તિજોરી ભરાય તેમાંથી કયા મેળા કરી શકાય, કયા ઉત્સવો કરી શકાય અને રાઘવજીકાકા આ બાજુ બધું કહેતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ગુજરાતની અંદર, ગાંધી અને સરદારનું ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે તેવા ગુજરાતની અંદર મુક્ત વાતાવરણ લાઇસન્સમુક્ત રાજ્ય કરવું જોઇએ. આ લાઇસન્સ રાજને ખતમ કરવું જોઇએ તેના બદલે સરકાર લાઇસન્સ ઉપર પણ ૩૦૦ ટકાની સ્ટેમ્પ ડ્યુટી વધારી છે.

## તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯

માનનીય અધ્યક્ષશ્રી, હું આર્ટિકલ–૩૪ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. આ ભારતીય જનતા પાર્ટીના રાજમાં હવે પછી કોઇ લગ્ન કરશે તો તે લગ્ન પણ મોંઘા થશે. કોઇના રહી ગયા હોય તો બિલ લાગુ પડે તે પહેલાં કરી લેજો. લગ્ન નોંધણીમાં ૨૦૦ ટકા વધારો કર્યો છે. સૌરભભાઇ આજે છાપામાં આવ્યું છે બીજી વખતનો કોઇકે અખતરો કર્યો હતો તો કોર્ટના ધક્કા ખાવાના થયા છે. આ દેશની નારીશક્તિનું સન્માન જાળવવા માટે ગાડાના બે વ્હીલ બરાબર જવાબદારી નિભાવે એટલે લગ્ન નોંધણી ખૂબ જરૂરી છે. જીવનના પથ ઉપર ચડાવ ઉતાર આવતા રહે, બધા દિવસો સરખા હોતા નથી પણ જ્યારે આ છૂટાછેડાની નોબત આવે ત્યારે લગ્નના કરાર યાદ આવે છે. આ લગ્નના કરાર યાદ આવે છે. બાપુ, આઝાદી પહેલા બહુપત્નીત્વ ધારો હતો. છૂટ હતી. સારું થયું આઝાદ થયા, લોકશાહી સ્થપાઇ, સંવિધાનનું રાજ આવ્યું અને એમાં સ્ત્રીને પુરુષ સમોવડી સમજવાનો તત્કાલીન સરકારોએ નિર્ણય કર્યો એટલે આજે આ દેશની દીકરી પરગ્રહ ઉપર પગ મૂકવા થનગની રહી છે. મારે સરકારનું ધ્યાન દોરવું છે, આજે ૧૮ વરસે દિકરીના લગ્ન થાય છે, ૨૧ વરસે આપણે યુવાનને લગ્ન કરવાની કાયદાકીય મંજૂરી આપી છે તેમ છતાં જવાહરભાઇ, જૂનાગઢ જિલ્લો, અમરેલી જિલ્લો, ભાવનગર જિલ્લો અમારા ગામડા ગામનો નંદો એને ગામડા ગામમાં દીકરી ન મળી એટલે જીવનભર વાંઢા રહેવું પડ્યું. ખોટું નહીં લગાડતા બીજાં અર્થમાં નથી. અમે બધા મત લેવા જઇએ છીએ, લોકોની વચ્ચે જઇએ છીએ ત્યારે આજે સમાજમાં નવી સમસ્યા ઉભી થઇ છે. ગામડે ગામડે ૫૦–૫૦ વાંઢા રખડે છે. માનનીય જીતુભાઇ આપણી વચ્ચે ઉપસ્થિત થયા છે એને હું આવકારું છું. જીતુભાઇ, ફલોર ઉપર આવ્યા, જૂનાગઢના જંગમાં જીત્યા એટલે અભિનંદન. સાહેબ, એકડો મૂકીને આવ્યા છે એની પાછળ બે મીંડા ક્યારે લાગે એ ભવિષ્ય કોઇના હાથમાં નથી એટલે મારી વિનંતી છે કે ધીરી બાપુડીયા. અમ વિતી તમ વિતશે. રખેને તમે વિરોધ પક્ષના સૂચનો–રજૂઆતો છે એને વ્યક્તિગત ટીકા સમજી અને વિરોધના અવાજને દબાવવાનો પ્રયાસ કરશો તો આજે અમારો એકડો છે તેની પાછળ બે મીંડા લાગતા વાર નહીં લાગે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બિલ ઉપર જ કહેવું હતું પણ અભિનંદન આપ્યા છે. અમે ગામડા ગામમાં પ્રવાસે જતા હોઇએ છીએ. આ જ ગામડામાં આપણે ગોકૂળિયા ગામનું સ્વપ્નું કર્યું હતું એ ગામડા ગામમાં સામાન્ય માણસને પરસેવો પાડવો હોય તો ક્યાંયને ક્યાંય એના કામના વાજબી દામ મળે એવી વ્યવસ્થા આપણે કરવાની જરૂર હતી. અમારો ગામડાનો યુવાન, ગામડામાં ઉછરતું ભારતનું ભવિષ્ય એનું જે કૌશલ્ય છે એને ગામડામાં ઉડવાનો અવકાશ પૂરો પાડયો હોત તો ક્યાંયને ક્યાંય ગામડા ખાલી ન થાત, શહેરોમાં ભારણ ન વધત. આજ આખાય ગુજરાતમાં ૪૪ ટકા કરતા વધુ શહેરોમાં વસતિ છે એને કારણે ગીચતાની સમસ્યાઓ-પ્રશ્નો વધતા જાય છે. ગુજરાતનું શહેરીકરણ થઇ રહ્યું છે, ગુજરાતના ગામડાઓ ખાલી થઇ રહ્યા છે અને એમાં એક માત્ર ગ્રામ્ય અર્થતંત્રને ધબકતું રાખતું ક્ષેત્ર એ ખેતી. આજે ખેતીની જમીન ઘટી છે, ખેડૂતોની સંખ્યા ઘટી, નાના ખેડૂતોની સંખ્યા વધી છે. આજે રાજ્યમાં ૫૪.૪૮ લાખ ખેડૂતો છે અને ૬૮ લાખ કરતા વધુ ખેત મજૂરો છે, કુદરત ઉપર વિશ્વાસ મૂકી પરસેવાના ટીંપે એના જીવનનું ભરણપોષણ કરવું એ દોહ્યલું થઇ ગયું છે અને આવી સ્થિતિમાં ગામડાનો કોઇ યુવાન, ભારતનું ભવિષ્ય એના પરિવારને ટેકો પૂરો પાડવા, એના પરિવારનું ભરણપોષણ થાય એના માટે ધંધા રોજગારની શોધમાં શહેર તરફ એણે દોટ મૂકી છે અને એને લીધે શહેરીકરણ વધ્યું છે. બીજી બાજુ ગામડા ગામમાં જમીનને ધાવીને ધાન પકવી જગતના લોકોનું, ભૂખ્યા લોકોનો જઠરાગ્ની ઠારવાનું કામ કરે છે એવા કેટલાય ખેડૂતના દીકરા છે, ખેડૂતની કોઇ નાત નથી, અઢારેય વર્ણ ખેતી વ્યવસાય સાથે જોડાયેલો છે, પણ આજ ગુજરાતના ૧૮ હજાર ગામડા છે. ગામેગામ ઓછામાં ઓછાં પચાસ વાંઢા રખડે છે, એમનું દાંપત્ય નથી મંડાતું. એની વય મર્યાદા વટી ગયા પછી પણ દાંપત્ય જીવનમાં પ્રવેશ દોહ્યલો થઇ ગયો છે. ગામડા ગામની અંદર કોઇ ઝૂંપડીમાં ઉછરતી નારી શક્તિ છે એના વાલીઓએ પણ એની દીકરી ગામડા ગામમાં દેવી નથી, શહેરમાંથી જમાઇ ગોતવો છે, શહેરમાં મકાન હોવું જોઇએ, સરકારી નોકરી હોવી જોઇએ, ગાડી, મોટર, એ.સી., ટી.વી., ફ્રીજ હોવું જોઇએ અને તોય પાછા પૂછે કે જમાઇને કેટલી ખેતી છે? દીકરી શહેરમાં દેવી છે, જમાઇ નોકરીયાત જોઇએ છે, ગાડી, બંગલા, મોટર જોઇએ છીએ, ગામડા ગામમાં ખેતી કેટલી એવો સવાલ પૂછીને પાછા છેલ્લે કાનમાં કહેતા જાય કે મારી દીકરી ખેતી નહિ કરે. આખું ગુજરાત આ સમસ્યાનો સામનો કરી રહેલ છે અને એટલે ગામે ગામ એની વયમર્યાદા વટ્યા પછી પણ કેટલાય મારા ગુજરાતના યુવાનો કુંવારા રખડે છે. દાંપત્ય જીવનમાં એનો પ્રવેશ દોહ્યલો બન્યો છે અને એમાંય રખે બાપુ ક્યાંક મેળ પડી જાય, લગ્ન નોંધણી કરવાની થાય, આખા ગુજરાતે આશીર્વાદ આપવા જોઇએ કે એક રથમાં બે પૈડા જોડાયા. એના બદલે હવે આ ગુજરાતમાં મારો કોઇ કુંવારો યુવાન, વાંઢો યુવાન એને લગ્ન કરવાના થાયન તો ય એ મોંઘા થવાના છે, ૨૦૦ ટકા સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો થવાનો છે. આર્ટીકલ–૩૮ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. નોટરીનું લખાણ, આજે સમાજના સામાન્ય માણસને ક્યાંયને ક્યાંય નોટરીનો દરવાજો ખટખટાવવો પડે એવી સ્થિતિ છે. આપસમાં વિશ્વાસની જે મજબૂત રેખા હતી એ સમાજમાં ક્યાંયને ક્યાંય તૂટી છે. હવે કોઇને કોઇના ઉપર ભરોસો રહ્યો નથી, સરકાર અને સામાન્ય માણસ વચ્ચે જે ભરોસાની દિવાર હતી, એક જમાનો હતો કે ગામનો સરપંચ કોઇ સામાન્ય માણસને કહી દેને કે ભાઇ સૂઇ જા, તારું રેશનકાર્ડ કાલ સવારે આવી જશે, એ માણસ રાતે નિરાંતે ઉંઘી જતો હતો, એને વિશ્વાસ હતો કે ગામના સરપંચે કહ્યું છે કે કાલ તારું રેશન કાર્ડ આવી જશે. અત્યારે સંસદસભ્યને ભરોસો નથી કે મારી ભલામણ પછી કાલ રેશનકાર્ડ આવશે કે કેમ? મફતમાં આવશે કે કેમ? રેશનકાર્ડ માટે આપણે માગણી કરવા જઇએ એટલે સ્ટેમ્પનો ઉપયોગ કરવાનો, નોટરી કરવાનું. ૫૦૦ કરતાં વધુ એવી યોજનાઓ, કાર્યક્રમો, સરકારી યોજનાઓ હશે એમાં સામાન્ય માણસને આપણે આ વિધાનસભામાં બજેટથી સપનાઓ વેચીએ, એની અધૂરી ઇચ્છાઓને પૂરી કરવા માટે કરોડો રૂપિયા આપણે ફાળવ્યા છે, એને ખાતરી

અપાવીએ અને કોઇને કોઇ માણસની વેદનાને વાચા આપવાનું કામ સરકારી તંત્ર દ્વારા થતું હોય છે અને આવી સમસ્યાઓના સમાધાન માટે સામાન્ય માણસ જ્યારે સરકારી કચેરીના પગથીયા ચડે તો સાદી અરજીમાં પણ ક્યાંયને ક્યાંય નોટરીનો પત્ર જોડવાનું દિવસે- દહાડે ફરજિયાત થતું જાય છે. સામાન્ય માણસની મજબૂરીનો આ સરકાર દુરૂપયોગ શું કામ કરે છે એ મારો સરકારને સવાલ છે. ક્યાંયને ક્યાંક નોટરીનું લખાણ, જીવનના કોઇપણ કરારમાં ઓછામાં ઓછો નોટરીનો કરાર એ આવશ્યક બની ગયો છે. તમામ પ્રકારના વ્યવહારોને કાગળમાં કંડારવા માટે થઇને ૨૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર આજદિન સુધી નોટરીનો કરાર થતો હતો. સ્ટેમ્પ ૨૦ રૂપિયાનો વાપરવાનો પછી ઝેરોક્ષનો ખર્ચો આપવાનો અને નોટરી સાહેબની ફી તો જુદી. ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ વાપરવાનો હતો તે હવે ૫૦ રૂપિયાનો સ્ટેમ્પ વાપરવો પડશે. અઢીસો ગણો વધારો સરકારે નોટરીના લખાણમાં પણ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્ટીકલ-૩૮ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. આપણાં સૌના મોંઢે ચિઠ્ઠી શબ્દ આવે અને એક ગીત સૌના મનની અંદર ગુંજતુ હશે કે ચિઠ્ઠી આયી હૈ, આયી હૈ, ચીઠ્ઠી આયી હૈ. વતન સે ચિઠ્ઠી આયી હૈ. આ ભાજપની સરકારે પણ હવે ચિઠ્ઠી લખવામાં મોંઘવારી વધારી. આર્ટીકલ-૩૮માં હવે આ રાજ્યની અંદર કોઇ માણસ ચિઠ્ઠી અથવા યાદી કાં તો કોઇએ કરાર કર્યો હશે તો એ ચિઠ્ઠી કે એવી કાચી યાદી પર પણ હવે ૩૦૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી વધારી અને હવે વતનમાંથી ચિઠ્ઠી આવશે કે કેમ તે સવાલ સામાન્ય માણસના મનમાં થાય. આવો કરવેરાનો બોજ લાદવાનું પાપ ક્યાંક આ ગૃહ મારફત તો નથી થતું ને તેની આપણે ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્ટીકલ-૪૧ આ ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટર કરતા વધુ લાંબો દરિયા કિનારો છે. આ ગુજરાતનો ગૌરવવંતો ઇતિહાસ. મારો ગુજરાતી આઝાદી પહેલાંથી વિશ્વની સાથે વેપારમાં રોકાયેલો હતો. મને અને તમને, આપણને સૌને ગર્વ થાય કે આઝાદી કાળથી પહેલાં મારૂં ગુજરાત છે તે વિશ્વની સાથે વ્યાપારથી જોડાયેલું હતું. વહાણવટુ કરનારો આ ગુજરાતનો સાહસખેડુ માણસ, દરિયાખેડુ માણસ આ દેશમાં આઝાદી નહોતી આવી, સંવિધાન નહોતું, અધિકારની યાત્રા આગળ નહોતી ચાલી એ પહેલાં એણે વિશ્વની સાથે વહાણથી તાણાં વાણા જોડ્યા હતા. હવે આવું વહાણવટુ કરનારો કોઇ માસ્ટર છે તેને કોઇ નોટ નોંધાવવી હશે તો એ વહાણના માસ્ટરે કરેલી નોટ છે તે ૩૦૦ ટકા મોંઘી થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ ગુજરાતના સમુદ્રને વિશ્વની સાથે જોડવાનો આપણે સંકલ્પ કરીએ અને બીજી બાજુ આ ગુજરાતનો સાહસખેડુ જે વહાણવટુ કરનારો માણસ છે તેણે ક્યાંય કાગળ નોંધાવાનો થાય તો તેના ઉપર ૩૦૦ ટકા વેરો, સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાનુ કામ સરકાર શું કામ કરી રહી છે એવો સવાલ સાગરખેડુ પૂછી રહ્યો છે.મારે આર્ટીકલ-૪૫ તરફ આપનું ધ્યાન દોરવું છે મુખત્યારનામું. અધ્યક્ષશ્રી રજા આપે તો બેન બા તમારી બદલે કોઇક હાજરી પૂરે કુલ મુખત્યારનામું કરી આપો તો.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ માણસ માંદો પડ્યો હોય, ખોડ-ખાંપણ હોય અને એ દવાખાનામાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો હોય અને જીવન જીવવા માટે સરકારી દવાખાને, ખાનગી દવાખાને ખાટલા ઉપર સંઘર્ષ કરી રહેલો સામાન્ય માણસ એના વતી વ્યવહાર કરવા માટે થઇને તેને મુખત્યારનામું આપવાનું થાય અને જીવ કરતા, પોતાના કરતા વધુ વિશ્વાસ હોય એવા વ્યક્તિને આપણે કુલમુખત્યાર તરીકે નીમતા હોઇએ છીએ અને નીતિનકાકા તમે આ પાડોશીના કુલમુખત્યારનામાથી ગુજરાતની વિધાનસભામાં દરેક સવાલના જવાબ આપો છો અને હવે મારો ગુજરાતનો કોઇ સામાન્ય માણસ ખાટલે પડ્યો હશે અને રખેને એના પરિવારનો વ્યવહાર અટકતો હશે અને એને કુલમુખત્યારનામું કરવાનું થશે તો આવું કુલમુખત્યારનામું પણ આ ભારતીય જનતા પાર્ટીના રાજમાં આ બિલથી ૩૦૦ ટકા મોંઘું કરવાનું કામ આ સરકાર કરી રહી છે. આ બિલના આર્ટીકલ-૪૬ તરફ આપનું ધ્યાન દોરૂં છું. આર્ટીકલ-૪૬થી વિનિમય પત્ર અને પ્રોમીસરી નોટનો અનાદર થયો છે. એના અંગે ક્યાંય કરાર કરવાના થશે તો પ્રોમિસરી નોટ પણ મોંઘી થવાની છે. વિનિમય પત્ર પણ મોંઘા થવાના છે. એક તરફ આપણે વ્યવસ્થામાં સરળીકરણની વાત કરીએ અને બીજી તરફ આવી દરેક વ્યવસ્થામાં કરનું ભારણ વધારીને વ્યવસ્થા ક્યાંકને ક્યાંક ગૂંચવાય એવી વ્યવસ્થા ઊભી કરીએ. આપણું ગુજરાત, દેશનું ગ્રોથ એન્જિન એવું ગુજરાત ક્યાં ખોટકાયું એનું નિદાન ખુલ્લા મને કરતાં નથી. પ્રોમિસરી નોટ એટલે વચન-બદ્ધતા. આ દેશમાં આ વ્યવસ્થા હૂંડીથી ચાલુ થઇ હતી. નરસિંહ મહેતાની હૂંડી શામળિયાએ ભરી ત્યારથી આ કરારની યાત્રા ચાલુ થઇ. દેશની બેંકોનું રાષ્ટ્રીયકરણ થયું એ પહેલાં કોઇને જીવનના બે છેડાં ભેગા કરવા માટે, જીવનનું સપનું પૂરૂં કરવા માટે, પરિવારને આગળ ધપાવવા માટે જરૂરિયાત ઊભી થાય, ક્યાંક ઉછીના રૂપિયા લેવાના થાય તો વગર વ્યાજે પ્રોમિસરી નોટ ઉપર કોઇ પરિવારના સભ્યો મદદ આપતા, સગા-વહાલાં આપતા, પડોશીઓ આપતા. આ એક સામાન્ય ગુજરાતી બીજાં ગુજરાતીને ટેકો કરવાનો સંકલ્પ કરે, મદદ કરવાનો સંકલ્પ કરે અને આ મદદની ભાવનાને પણ સ્ટેમ્પ ડ્યુટી વધારી અને મોંઘી કરવાનું કામ આ સરકારે કર્યું છે. આર્ટીકલ-૪૭ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. સૌથી મોટો દરિયાકિનારો આપણા ગુજરાતનો છે. આપણો સાગરખેડુ સમગ્ર વિશ્વને જોડે એવું આપણું સામૂહિક સપનું છે. ગુજરાતનો ૧૬૦૦ કિ.મી. કરતાં પણ વધારે દરિયા કિનારો આ વિશ્વના દરવાજા ખોલવા માટે સક્ષમ છે અને એના માટે આપણે સાગરખેડુ યોજના લાવ્યા. કરોડો રૂપિયાની ફાળવણીની જોગવાઇ કરી. ગુજરાતના દરિયાકિનારાથી વાહનમાં આખા ભારતનો માલ ભરાય અને વિશ્વમાં એક્ષપોર્ટ થાય એવી અમે ઇચ્છા રાખી છે. આવા કોઇ પગલાં ભરવામાં આવે તો આ ગુજરાતનું ગૃહ સત્તા પક્ષ અને વિપક્ષથી ઉપર ઉઠીને નિષ્પક્ષ રીતે સામૂહિક- સર્વાનુમતે નિર્ણય કરવા એણે ચીલો ચાતર્યો છે.

આર્ટીકલ-૪૭થી વાહનમાં માલ ચડાવવા અને ઉતારવાનો કરાર પણ મોંઘો થયો છે. ૩૦૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી કરવામાં આવી. એક તરફ આપણા ગુજરાતમાંથી આખા વિશ્વમાં માલ એક્ષપોર્ટ થાય એવું સપનું જોઇએ અને બીજી તરફ આવો માલ વાહનમાં ચડાવવા અને ઉતારવા માટેનો કરાર મોંઘો કર્યો. આ માલ ચડાવવા અને ઉતારવાનું મોંઘુ થશે તો વિશ્વની હરિફાઇમાં આપણું ગુજરાત નહિ ટકે. એટલે મારી વિનંતી છે કે આ સ્ટેમ્પ ડ્યુટી વધારવાનો નિર્ણય પડતો મૂકવો જોઇએ. આર્ટીકલ-૪૮ તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ગીરવે મૂકેલ મિલકત છોડાવવાનો માંડ માંડ મેળ પડ્યો હોય એમાં આ ગીરવે મૂકેલ મિલકતનો કરાર સરકારે મોંઘો કર્યો છે. આર્ટીકલ-૪૮થી ગીરવે મૂકેલ મિલકતો ફરી પાછી ફેર માલિકને ફેર ખત કરવી હશે તો એની ઉપર ૩૦૦ ટકા સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કર્યો છે. બધા પોતાનું સર્વસ્વ ક્યારે ગીરવે મૂકે કે જ્યારે જીવનના બે છેડાં ભેગા ન થતાં હોય, પોતાના પરિવારમાં ઉછરતું બાળક એનું ભવિષ્ય બગડતું હોય, સરકારી શાળામાં પ્રવેશ ન મળતો હોય અને ખાનગી શાળા સામાન્ય વાલીના પરસેવાની કમાણીના પૈસા હોય એ મોંઘી ફી વસૂલે, એના પરસેવાના ટીંપા પણ ચૂસતા હોય, એ ફીના કારણે બાળકનું ભવિષ્ય ન બગડે એટલા માટે એનો વાલી એનું ઘર, મકાન, એની જમીન ગીરવે મૂકે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીને જેટલું બોલવું હોય એટલું બોલવાની છૂટ છે પણ એની પણ મર્યાદા હોય છે. મર્યાદા બે રીતે હોય કે હું આવ્યો ત્યારથી અત્યાર સુધી મેં ઓછામાં ઓછી દસ વખત સાંભળ્યું કે ૩૦૦ ટકા-૩૦૦ ટકા વધારો બોલે છે. ૧૯ વર્ષ પછી ૨૦ રૂપિયા હતા એના ૫૦ રૂપિયા કર્યા છે એમ કહે તો અમારા માનનીય સભ્યશ્રીઓને ખબર પડે. માનનીય પરેશભાઇ ૩૦૦-૩૦૦ ટકા કરીને બિહામણું ચિત્ર ઉભું કરે છે. સ્ટીમર ઉપર માલ ચડાવવા ઉતારવાના કરાર ખતની વાત કરે છે એમાં ૧૦૦ રૂપિયામાંથી ૩૦૦ રૂપિયા કર્યા છે. આ સ્ટીમરમાંથી તો કરોડો રૂપિયાનો માલ ઉતરવાનો અને ચડાવવાનો હોય છે એટલે આ ગૃહને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે. ટાંકણીને તોપ બનાવવાની વાત ન કરો, ટાંકણીને ટાંકણી જ રહેવા દો. આ રીતે ગૃહને ગેરમાર્ગે દોરે છે. અમે ૧૯ વર્ષ પછી ૨૦ રૂપિયાના ૫૦ રૂપિયા કર્યા છે એ પણ સાથે બોલવાનું રાખે તો બધાને ખબર પડે.

સભાપતિશ્રી : આ એમનું સૂચન છે. ૩૦૦ ટકા કહો છો એમાં કેટલામાંથી કેટલા કર્યા એની પણ સ્પષ્ટતા કરો તો વધારે સારું રહેશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રી નીતિનકાકાએ ગૃહમાં હાજરી પૂરાવી દીધી છે. ભાજપના ચૂંટાયેલા બધા સભ્યોને કહેલ હશે કે કેટલા રૂપિયા વધાર્યા. કેટલા ટકા વધાર્યા એ ગુજરાતની જનતાને આ વિધાનસભાગૃહ શું કરે છે એ જાણવાનો અધિકાર છે. હું આપની મારફત આર્ટીકલ-૪૮ તરફ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે ગુજરાતનું ભવિષ્ય જે માની કૂખમાં ઉછરે છે એને ગીરવે મૂકવાનું પાપ ન થાય એની તકેદારી રાખજો. મને અસંસદીય શબ્દો બોલવાની આદત નથી તેમ છતાં એવું હોય તો માનનીય નીતિનભાઇ ડસ્ટર લઇને ભૂંસી નાખે. પણ સાહેબ એટલા માટે રાજ્યના કરની આવકો વધી, તેમ છતાં રાજ્યનું દેવું વધ્યું, રાજ્યનું ભારણ વધ્યું, દેવું વધે, ભારણ વધે, કરની આવક વધે અને તોય મારા ગુજરાતના ગામડાના છેવાડાના માનવીના સપનાંઓ આજે ૨૫-૨૫ વર્ષના શાસન પછી સાકાર નથી થયાં. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના વિકાસનું ફળ એ ગુજરાતના ગામડાના દલિતને, પછાતને, ખેતમજદૂરને, ખેડૂને નથી મળ્યું. એના આવકના સ્ત્રોત ઘટયા છે અને તેની જીવન જરૂરિયાતની વસ્તુઓ મોંઘી થઇ છે. આજની પેઢી તો ભોગવી રહી છે. એની માના કોખમાં ઉછરતું બાળક છે એનું ભવિષ્ય ન રૂંધાય, એને શિક્ષણ મળે, આરોગ્યની સારી સુવિધા મળે, દરેક માંની આવી ચિંતા હોય છે. શિક્ષણ કે આરોગ્ય માટે થઇને જ્યારે કોઇ વ્યક્તિએ પોતાનું ઘર કે મકાન, જમીન જાયદાદ કે મિલકત ગીરવે મૂકવાની થાય એ ગુજરાત વિધાનસભા ગૃહના તમામ ધારાસભ્યો માટે શરમજનક ઘટના છે. મારો ગુજરાતી સમૃદ્ધ બને સશક્ત બને અને આ ગુજરાતી એના પરસેવાની કમાણીથી વિશ્વની અંદર ભારતને મહાસત્તા બનાવવા માટે થઇને સક્ષમ બને એના માટે ગુજરાતના લોકોએ અપેક્ષા રાખીને ભાજપની સરકારને વારંવાર સમર્થન આપ્યું છે. આ ગૃહના પૂર્વ નેતા, ગુજરાતના પનોતા પુત્ર, આ ગૃહના પૂર્વ મુખ્યમંત્રી અને પનોતા પુત્ર જ્યારથી પ્રધાનમંત્રી બન્યા છે ત્યારથી પરાયા થઇ ગયા છે. ગુજરાત પર એની જે અમી દ્રષ્ટિ હતી, એ અમી દ્રષ્ટિમાં ક્યાંકને ક્યાંક ઉણપ આવી છે. બીજી બાજુ નાણાંના સુયોગ્ય આયોજનનો અભાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફરી પોઇન્ટ ઓફ ઓર્ડર, આ બિલ સ્ટેમ્પ ડ્યુટીનું છે, એમાં વડાપ્રધાન પરાયા થયા, આ વિષય આવી શકે નહીં. રેકર્ડ પરથી આ શબ્દો રદ કરવા જોઇએ. તમે બિલ પર આખી રાત બોલો, બિલ પર બોલો, વાંઢા ક્યાંથી આવ્યા અને વાંઢા ક્યાં ગયા. વાંઢાને અને સ્ટેમ્પ ડ્યુટીને શું લેવા દેવા છે. આવી રીતે વાતને ગમે ત્યાંથી ગમે ત્યાં લઇ જાય. એની મર્યાદામાં બોલવું હોય તે બોલે. આખી રાત અમે બેસવા તૈયાર છીએ. બિલના સ્કોપમાં બોલે.

શ્રી પરેશ ધાનાણી : એના બે છેડા ભેગા થતા નથી.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇ, મેં વારંવાર તમને યાદ કરાવ્યું છે કે તમે બિલ પર જ બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાનનું મંદિર, એવી સરકારી શાળાઓ ઘટતી ગઇ અને ખાનગી શાળાઓ શિક્ષણ માફીયાઓ.

સભાપતિશ્રી : મારી પાસે બિલ નથી.

શ્રી પરેશ ધાનાણી : શિક્ષણ માફીયાઓ અને આવી ફી ભરવા માટે થઇને કદાચ કોઇએ પોતાનું ઘર, મિલકત જમીન ગીરવે મૂકવી પડે તો સરકારે આવી સ્થિતિ નિર્માણ ન થાય એની તકેદારી રાખવી જોઇએ તેના બદલે ઘર તો ગીરવે મૂક્યું હોય, માંડ–માંડ રાત ઉજાગરા કરી એ ગીરોખત છોડાવવાની ત્રેવડ થાય એ ગીરો ખત છોડાવવાનું કામ પણ આ ભાજપની સરકારમાં મોંઘું બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્ટિકલ્સ–૨૯ તરફ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. આર્ટિકલ્સ–૨૯થી ફારગતિ. આ ફારગતિ પણ હવે મોંઘી. શ્રી ચેતનભાઇ (અંતરાય)

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ, આ બાજુ આર્ટિકલ્સ–૪૯.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આર્ટિકલ્સ–૪૯.

સભાપતિશ્રી : માનનીય પરેશભાઇને સૂચના છે કે બિલ ઉપર જ બોલો, ગૃહની શાંતિ જળવાઇ રહે તે માટે બિલ ઉપર જ વાત કરો. તમે વિરોધપક્ષના નેતા છો, ગૃહની શાંતિ જળવાય તે જરૂરી છે. તમે વ્યવસ્થિત મુદ્દાસર જ વાત કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્યો ફરિયાદ લઇને આવ્યા કે વારંવાર ૩૦૦ ટકા અને ૨૫૦ ટકા બોલે છે, પણ તમારી સરકારે જેટલી વખત લખ્યું છે હું એટલી જ વાર બોલ્યો છું. એક પણ વાર વધારે નથી બોલ્યો. તમે બિલ વાંચીને આવ્યા હોત, એટલી બધી જગ્યાએ ૩૦૦ ટકાનો વધારો કર્યો તો મારે કહેવું પડે છે. આર્ટિકલ–૪૯થી સરકારે ફારગતી દસ્તાવેજમાં પણ ૨૦૦ ટકાનો વધારો કર્યો છે. આર્ટિકલ–૪૯ મુજબ ફારગતિ એટલે કે કલમ–૨૪ થીજોગવાઇ કર્યા પ્રમાણે એની ફારગતિ ન હોય તેવા કોઇ પણ લેખ ઉપર અથવા કોઇ પણ નિર્દિષ્ટ કરેલ મિલકત ઉપરનો દાવો છોડી દેવો. આજે સમગ્ર રાજ્યમાં બધાયને ક્યાંય ને ક્યાંય આ ફારગતિ દસ્તાવેજની જરૂર પડી હશે. આજે સામાન્ય માણસની જમીન, મિલકત, ઘરવખરી, બિન અધિકૃત રીતે કોઇ ઘૂસી જાય, તેની મિલકત બચાવવા માટે સરકારના પગથીયા ચડે, સરકારમાં રેવન્યુ કોર્ટમાં ન્યાય ન મળે, નામદાર કોર્ટ પાસે જાય અને તોય ક્યાંક મૌખિક કરારોથી, ક્યાંક નકલી બાનાખતથી, ક્યાંય નકલી કુલમુખત્યારનામાથી આ રાજ્યના લાખો એવા કેસ હશે કે તેની મિલકતમાં ગૂંચવાણો ઉભી કરવાનું જમીન માફીયાઓનું એક વ્યવસ્થિત ષડયંત્ર ચાલે છે. પરસેવાની કમાણીમાંથી ન્યાય માગવા દરદર ભટકતો સામાન્ય માણસ એ સરકારમાં રેવન્યુની કોર્ટમાં લડે, જીતે, ન્યાય પાલિકામાં જાય લડે અને જીતે અને પછી પોતાની આવી મિલકત હોય તેમાંથી બિન અધિકૃત હિસ્સો છે તેનો ફારગતિ દસ્તાવેજ કરાવવાનો થાય તો પણ હવે પોતાની મિલકત બચાવવા માટે રેવન્યુની કોર્ટ, નામદાર ન્યાયપાલિકા, વર્ષો સુધીનો સંઘર્ષ, પરસેવાના રૂપિયાનું રોકાણ અને કિંમતી દિવસો બરબાદ કર્યા પછી પણ એની મિલકત એની પાસે આવશે, તો આવી પોતાની મિલકત પાછી મેળવવા માટે ફારગતિ કરાર કરાવવાનો થશે તે પણ આ સરકારે મોંઘો કર્યો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા : ફારગતિ કે લગ્નની ફારગતિ રોજ રોજ ન હોય, એ જીવનમાં ક્યારેક એકાદ વખત હોય અને ૨૦૦ ટકા ૨૦૦ ટકા કરે છે. આ રીતે સમય વ્યતિત કરે છે.

શ્રી પરેશ ધાનાણી : હું એક પણ અસંસદીય શબ્દ નથી બોલ્યો, બિલના દાયરાની બહાર નથી બોલ્યો અને બિલ ઉપર બોલવાનો મારો અધિકાર છે. માનનીય મંત્રીશ્રી એમ ન કહી શકે કે સમય વ્યતિત કરે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેમ્પ ડ્યુટી બિલ છે.

શ્રી પરેશ ધાનાણી : બાપુ, તમે બિલ બનાવ્યું છે એકવાર બિલ વાંચી લે અને બિલ બહારનો કોઇ શબ્દ હોય તો કહે. ફારગતિ શબ્દ તમે લખ્યું છે અને હું બોલ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપવામાં આવે.

સભાપતિશ્રી : તમે બિલ ઉપર બોલો.

શ્રી પરેશ ધાનાણી : આર્ટિકલ ૪૯(ક)થી વારસાગત મિલકત અને તેના ભાગનો પણ ફારગતિ લેખ કરવાનો થશે તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં હવે મોંઘો થવાનો છે. કાલે બાપુ કહેતા હતા કે પરિવારનો આંબો બનાવવો હોય તો તેના કાયદેસરના સીધી લીટીના વારસદાર તેમાંથી કોઇ બેન, તેનો હથેળીમાં ઉછેર કરનારો તેનો પરિવાર, તેનો ભાઇ તેના માટે થઇને વારસાઇ મિલકત જતી કરવી હશે તો હવે બેન તેનો હક્ક જતો કરવાનો દસ્તાવેજ છે એ બેનના અધિકાર ઉપર આ સરકારે તરાપ મારીને આવો વારસાઇ કરાર છે તેમાં ૨૦૦ ટકાનો વધારો કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આર્ટિકલ–૫૧ તરફ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ બિલની અનુસૂચિનું આર્ટિકલ–૫૮, જામીનખત અને ગીરોખતને પણ ૩૦૦ ટકા મોંઘો કર્યો છે.

સભાપતિશ્રી : કેટલા હતા અને કેટલા કર્યા તેમ બોલો ને તો બધાને સમજ પડે. (અંતરાય) તમે જવાબ ન આપો. હું શ્રીપરેશભાઇ સાથે વાત કરું છું. કોઇએ પણ વચ્ચે બોલવાનું નથી.

શ્રી પરેશ ધાનાણી : સરકારે બિલમાં જે જણાવ્યું કે હવે જામીનખત અથવા ગીરોખત. એટલે કોઇ હોદ્દાનું કામ યોગ્ય રીતે કરવા વિષેના અથવા હોદ્દાની રૂએ જે નાણાં અથવા બીજી મિલકત મળે તેનો હિસાબ આપવા વિશેની જામીનગીરી તરીકે કરી આપ્યું હોય તે અથવા કરારના યોગ્ય પાલન માટે જામીને કરી આપ્યું હોય તેવું કોઇ પણ જામીનખત કે ગીરોખત છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

## તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નક્કી થયા મુજબ આજના એજન્ડા ઉપરના તમામ બિલો પૂર્ણ થાય અને મતદાન થાય ત્યાં સુધી હું સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

સભાપતિશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ આજના એજન્ડા ઉપરના તમામ બિલો પૂર્ણ થાય અને મતદાન થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આર્ટિકલ-૫૧થી આ સરકારે હવે જામીનગીરી મોંઘી કરી. ફરીવાર દોહરાવવા માગું છું કે કોઇ સામાન્ય માણસને ક્યાંય ખાનગી લોન લેવી હશે, તેણે ક્યાંય સરકારી લોન લેવી હશે. કોઇ સરકારી યોજનામાં સરકાર દ્વારા કાયદેસરની સમયસરની ચૂકવણી માટે થઇને જામીન માગવામાં આવ્યા હશે તો હવે જામીનગીરી પણ મોંઘી થઇ છે. એટલે હવે કોઇ મિત્રને, પરિવારને, પડોશીને જામીનગીરીથી ઉભો કરવાનો પ્રયાસ કરતા હશે તો આવા કોઇ લથડેલા માણસને ઉભો કરવાનો પ્રયાસ કરનારો જામીન પણ પાછું પગલું ભરવા મજબૂર થાય એ રીતે જામીનગીરી આ ભાજપના રાજમાં ૨૦૦ ટકા મોંઘી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્ટિકલ-૫૫ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. સરકારે પટ્ટો છોડી દેવાનો દસ્તાવેજ ૩૦૦ ટકા મોંઘો કર્યો. એક તો આપણે કરોડો ચોરસમીટર સરકારી જમીન ટૂંકાગાળાના અથવા લાંબા ગાળાના ભાડા કરારથી ખાનગી ઉદ્યોગપતિઓને ખોળે ધરીએ છીએ. જમીનના દરોમાં રાહત આપીએ છીએ. કરવેરામાં રાહત આપીએ છીએ અને જે હેતુ માટે આપણે એ જમીન ફાળવી હોય, રખે ને આવો હેતુ સિદ્ધ કરવામાં આવા ઉદ્યોગગૃહો નિષ્ફળ જાય, વ્યક્તિઓ નિષ્ફળ જાય તો નિયત કરેલા કાયદા મુજબ આવી જમીનો ખાલસા કરવાની થાય, શ્રીસરકાર કરવાની થાય અથવા ખાનગી જમીનો પ્રવર્તમાન બજાર કિંમતે તેના મૂળ માલિકને રીગ્રાન્ટ કરવાની આ રાજ્યમાં વ્યવસ્થા છે, જોગવાઇ છે. હવે એક તો પટ્ટો મફતના ભાવે દીધો હોય, રાજ્યમાં ભવિષ્યમાં આવનાર કંપનીઓ, ઉદ્યોગો એનું યોગદાન વધશે એવા ગણિત સાથે દીધો હોય પણ આવા હેતુઓ સિદ્ધ થતા નથી અને આપણે સરકારી અસ્કયામતોનો કર રાહતો અને બીજી રાહતો રૂપે રોકાણ કરીએ છીએ એમાં સરકારનો સ્વાર્થ છે. કોઇપણ સરકાર ઇચ્છતી હોય કે આ સરકારી સંપત્તિને ક્યાંય દાવ ઉપર લગાવવાથી ગુજરાતનું ભવિષ્ય એવા યુવાનો માટે રોજગારનું સર્જન થશે. ઉત્પાદનથી રાજ્યની કરઆવકોમાં વધારો થશે અને ગુજરાત એ વાયબ્રન્ટ ગુજરાત બનશે પણ જે હેતુસર આપણે જમીનો આપી છે એ હેતુ સિદ્ધ ન થતા હોય અને આવો પટ્ટો છોડી દેવા માટે અને આવો પટ્ટો કરારભંગથી કદાચ પરત લેવાનો થશે તો પણ આપણે આપેલી મિલકત એ પરત લેવાનો કરાર, આપણે ભાડેથી આપેલો પટ્ટો એને પરત લેવાનો કરાર એમાં ૩૦૦ ટકાનો આ ભા.જ.પ.ની સરકારે વધારો કર્યો છે. આર્ટિકલ-૫૬ તરફ આ સન્માનનીય ગૃહનું આપના મારફત ધ્યાન દોરવા માંગું છું. આર્ટિકલ-૫૬ની પેટા કલમ-ખ મુજબ બોન્ડ ગીરોખત અથવા વીમાની પોલીસી ઉપરથી તારણ આપેલ કોઇ હિતની વાત હોય તેમાં પણ હવે સ્ટેમ્પ ડ્યુટીમાં ૩૦૦ ટકાનો વધારો થયો. કલમ-ઘ મુજબ એક ટ્રસ્ટી પાસેથી બીજા ટ્રસ્ટીને અથવા ટ્રસ્ટી પાસેથી કોઇ હિતાધિકારીને અવેજ વગર કરેલી કોઇ ટ્રસ્ટની મિલકત હોય, ટ્રાન્સફર કરેલ મિલકત હોય તો આવી મિલકત ઉપર પણ ૩૦૦ ટકાનો સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. આર્ટિકલ-૫૮ એટલે ટ્રસ્ટ. ટ્રસ્ટ એટલે વિશ્વાસ. કોઇ સાર્વજનિક ટ્રસ્ટ એના હેતુઓને સિદ્ધ કરવા માટે ''વિના નફો, અને વિના નુકસાનના'' ધોરણે સતત કામ કરતા આવે છે એને આપણે એન.જી.ઓ. કહીએ છીએ. આવા ટ્રસ્ટમાં બે ટ્રસ્ટીઓ વચ્ચેનો સંલગ્ન ટ્રસ્ટનો આંતરિક વિવાદ એ પણ મોંઘો થવાનો છે. ટ્રસ્ટે કોઇ કાર્યક્રમોને ચલાવવા માટે જવાબદારીઓ એને નિહિત કરવાની થશે તો આવા કરારોની અંદર પણ ૩૦૦ ટકા કરતા વધુનો વધારો કર્યો છે. આ જે બિલ સરકાર ગૃહ સમક્ષ લઇને આવી છે એ બિલથી માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ ચાલુ વર્ષના અંદાજપત્રના ભાગ-ખનો ઉલ્લેખ કર્યો હતો. રાજ્ય સરકારે ચાલુ વર્ષના અંદાજપત્રના ભાગ-ખમાં કરેલ રજૂઆત મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રના ભાગ-ખમાં જણાવ્યા મુજબ સૂચિત દરખાસ્તના પરિણામે રાજકીય કરવેરાની વાર્ષિક આવકમાં અંદાજિત ૧૬૦ કરોડનો વાર્ષિક વધારો થવાનો એમણે ઉલ્લેખ કર્યો છે એટલે હવેથી આ રાજ્યમાં આવતા વર્ષથી અંદાજીત રકમ છે આખરી નહીં, ઓછામાં ઓછા ૧૬૦ કરોડ રૂપિયાનો બોજ ગુજરાતના ગરીબ, સામાન્ય માણસ, સરકારી સુવિધાઓ લેવા મજબુરીવશ સરકારી કચેરીઓમાં લાઇનની અંદર ઉભા રહેતા માણસ ઉપર બોજ વધવાનો છે. વેરો હોય, પ્રજાનું તંત્ર છે, પ્રજા સ્વાભિમાનથી, પરસેવાની કમાણી મેળવે અને એમાંથી એ રાજ્યને કર ચૂકવે અને એ કરની આવકોમાંથી પ્રજાની સુખાકારી વધે, રાજ્યની સુખાકારી વધે. ભારતના ભવિષ્ય સમાન યુવાધન છે એના સપનાઓ પૂરા કરવા માટે આ રૂપિયાનું આયોજન થાય એવી સરકાર પાસે પ્રજાની અપેક્ષા હોય છે. શ્રી નીતિનભાઇ સાહેબ જાણતા હશે, આઝાદી પહેલા રાજ્ય વ્યવસ્થાઓ હતી. દરેક રાજનું કર માળખું અલગ હતું. કર ઉઘરાવવાની વ્યવસ્થાઓ અલગ હતી. કરવેરાઓ અલગ હતાં. મેં ક્યાંક વાંચ્યું છે, અત્યારે પાકું યાદ નથી પણ આઝાદ ભારત પહેલા રજવાડાઓમાં ક્યાંક મુશક વેરો પણ ઉઘરાવવામાં આવતો હતો. રાજ્યના દરબારમાં જનતા ગઇ કે મહારાજ, અમારા કોઠાર ખાલી થઇ ગયા છે. ઘર ખાલી થઇ ગયા છે. હવે કાવડિયા ચૂકવવાની ત્રેવડ નથી. રાજાએ પૂછ્યું કે તમારા ઘરમાં શું છે? તો કહે મહારાજ, ઉંદરડાનો ત્રાસ છે. અમારા કોઠારમાં ચૂલે ધાન ચડતું નથી અને અનાજ પણ આ ચૂહા ખાઇ ગયા છે. મહારાજે નગરજનોને આદેશ કર્યો કે જાઓ જેના ઘરમાં જેટલા ચૂહા હોય એટલો મુશકવેરો. મારે સરકારને વિનંતી કરવી છે. વેરો વધારો, સક્ષમ લોકો પાસેથી લઇ અને જેની જરૂરિયાત છે એવા ક્ષેત્રોમાં, એવા લોકોમાં સરકાર સેવાના સંકલ્પ સાથે રાજ્યની તિજોરીને

ખોલે. આજે સ્ટેમ્પ ડ્યુટી વધારી. હવે ફરિયાદ લઇને આવશે, ગેનીબેને કહ્યું કે પાકિસ્તાનથી તીડનું આક્રમણ થયું છે તો ત્યાં તીડ વેરો નહીં આવે ને? ગુજરાતના ખેડૂતો કહે છે કે અમારા ખેતરોમાં રોઝડા અને ભૂંડ નુકસાન કરે છે તો રોઝડા–ભૂંડ વેરો તો આવતા દિવસોમાં નહીં લાવો ને? દરેક શહેરમાં રસ્તે રઝળતી ગાયો જોવા મળે છે. ગાય આપણી માતા છે. (અંતરાય) શહેરોમાં રખડતા ઢોરો છે, આપણી માં સમાન ગાય છે. રખડતી ગાયો ઉપર સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા વેરો વસુલવાની શરૂઆત થઇ છે ત્યારે (અંતરાય)

સભાપતિશ્રી : બધી કલમોની વાત કરી છે. બધું આવી ગયું છે. હવે કન્કલુડ કરો તો સારું.

શ્રી પરેશ ધાનાણી : છેલ્લી વાત સાથે મારી વાતને પૂરી કરવી છે. મેં કોઇ રાજકીય ટીકા–ટિપ્પણ નથી કરી. બહુમતીએ શાસન ચલાવવાની જવાબદારી સરકારની છે. લઘુમતી છે એ સરકારી કાયદાઓ, યોજનાઓ અને વ્યવસ્થાઓની અંદર જે ઉણપ છે, અમે તો વગર પૈસે અરીસો દેખાડીએ છીએ. આપણે કોઇ યોજનાનું મૂલ્યાંકન કરવું હોય તો એજન્સી રોકીએ અને કેટલા રૂપિયા ચૂકવવા પડે છે? આ કાના માતર વગર વ્યવસ્થાને સુધારવામાં સૂચનો તરીકે વિરોધ પક્ષ સરકારને પોતાની વાત રજૂ કરે છે ત્યારે હમણાં રામાયણનું યુદ્ધ છે એનો કોઇ ભાગ જોઇ રહ્યો હતો. લંકામાં રાવણરાજની સમાપ્તિ પછી જ રામરાજ્યની સ્થાપના થઇ હતી. કુંભકર્ણનો લંકાની અંદર જન્મ થયો.

સભાપતિશ્રી : બિલને અને કુંભકર્ણને શું લાગું પડે? સાવ આઉટ ઓફ લિમિટ કેવી કેવી વાતો લઇને આવો છો? બધા સન્માનનીય સભ્યો બેઠાં છે. બિલ ઉપર કોઇ સૂચનો હોય તો કરો.

શ્રી પરેશ ધાનાણી : આ કુંભકર્ણની ભૂખથી રાજના કોઠાર ખાલી થઇ ગયા. લંકાધિપતિ ચિંતામાં મૂકાયા. કોઠાર ભરવા માટે પ્રજા ઉપર કરવેરા નાખ્યા. પ્રજા ઉપર ભારણ વધ્યું. જનાક્રોશ વધ્યો પછી લંકાધિપતિએ પરિવાર સાથે આકરી તપસ્યા કરી. ટૂંકમાં જ કહું છું. ભગવાન પ્રસન્ન થયા. સમસ્યા એવી છે કે અમારા લઘુબંધુ કુંભકર્ણ આખો દિવસ ખાધા રાખે છે. રાજ્યના કોઠાર ખાલી થઇ ગયા છે એમાંથી છૂટકારો આપો. ઇતિહાસ એનો સાક્ષી છે કે પ્રસન્ન થયેલા ભગવાને એનો હલ શોધીને દીધો. એને ૬ મહિના નિદ્રાનું વચન આપ્યું. ૬ મહિના સૂવાનું, ૬ મહિના જાગવાનું. જ્યારે જ્યારે કુંભકર્ણ જાગતા ત્યારે કોઠાર ખાલી થતા એનાથી રાજ્યની જનતા ઉપર કરવેરા વધતા અને આક્રોશ વધતો, પણ ૬ મહિના કુંભકર્ણ નિદ્રામાં જાય એટલે કરવેરાનું ભારણ કમ સે કમ વધે તો નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત સરકારને વિનંતી છે કે કરવેરા વસૂલવાના થાય ત્યારે આ ઘડિયાળની દરેક મિનિટ સામાન્ય માણસ પાસેથી કર વસૂલી શકાય એની સરકાર ચિંતા કરે છે અને જ્યારે જવાબદારીઓ નિભાવવાની આવે, ક્યાંય સેવાઓ આપવાની આવે, કોઇ સમસ્યા હલ કરવાની આવે ત્યારે સરકાર આંખો મીંચી જાય છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ રાજ્યની પ્રજા ભારે મોટા કરવેરાના બોજ નીચે દબાયેલી છે અને એમાંય મંદી, મોંઘવારી, બેરોજગારીના આપણે સૌ સાક્ષી છીએ ત્યારે ગુજરાતના સામાન્ય માણસ ઉપર વેરો વધારવો હિતાવહ નથી. આ એનો યોગ્ય સમય પણ નથી ત્યારે આપના મારફત મંત્રીશ્રીને વિનંતી છે કે આ વેરા વધારાનું બિલ સરકાર લઇને આવી છે એ પરત ખેંચે અને બિનજરૂરી જે સોગંદનામા અને સ્ટેમ્પનો ઉપયોગ કરવા માટે સામાન્ય માણસની મુશ્કેલીમાંથી સરકાર લાભ લઇ રહી છે એમાં ગુજરાતના ગરીબને, ગામડાના સામાન્ય માણસને મુક્તિ આપે એવી પ્રાર્થના સાથે આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

પોઇન્ટ ઓફ ઓર્ડર

બિલ પર કરવામાં આવેલ પ્રવચનમાંથી રિપિટેશન દૂર કરવા અંગે

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે ભાષણ કર્યું છે એમાં એકની એક વાત ૭ વાર, ૮ વાર, ૪ વાર કરી છે એને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, ૪૨ મિનિટના પ્રવચનમાં રિપિટેશન કરેલ છે એને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ. માનનીય ડો. સી. જે. ચાવડાજી. (અંતરાય) શ્રી પરેશભાઇ, આપ બેસો.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૦૬ જે મૂળભૂત કાયદો છે એમાં ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક ૨૦૧૯ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપતો નથી. કારણ કે ઉતાવળે આ બિલ રજૂ થયું છે. ખરેખર તો વિધાનસભાની પ્રવર સમિતિને સોંપવું જોઇએ અને આગામી વિધાનસભામાં રજૂ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા બિલનો જે ઉદ્દેશ છે એની સામે અમને સખત વાંધો છે. આ ઉદ્દેશમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગુજરાતની પ્રજાને જ્યારે સરકાર આટલી બધી સેવાઓ આપતી હોય ત્યારે ચોક્કસ કર માળખામાં ફેરફાર કરવો જરૂરી છે પણ આ જે રકમ ૧૬૦ કરોડ વધે છે એનાથી ગુજરાતનું કંઇ વધારે ભલું થઇ જવાનું છે અને વધારે વિકાસ થઇ જવાનો છે એવું નથી એવું હોવું ચોક્કસપણે કહું છું. ગજરાત રાજ્યની રાજવિત્તિય જવાબદારી અધિનિયમ ૨૦૦૫માં જે પત્રકો આપ્યા છે એ પત્રકોમાં કર માળખા વિષે જણાવ્યું છે. આજે ૨૦૧૮–૧૯માં ૧,૪૦,૦૦૦ કરોડ રૂપિયાની મહેસૂલી કરની આવક છે. ૨૦૦૪–૦૫માં ૨૦,૨૬૫ કરોડ હતી. જ્યારે ૨૦,૦૦૦ કરોડની આવક હતી ત્યારે રૂ.૧૬૦ કરોડ વધારવાની સરકારને જરૂર ના પડી. ૧,૪૦,૦૦૦ કરોડની આવક ઊભી થઇ છે ત્યારે રૂ.૧૬૦ કરોડ વધારીને ગુજરાતની સવા છ કરોડની જનતાને, તમામને આ વસ્તુની જરૂર પડે. માનનીય નાણામંત્રીશ્રીએ વિનંતી કરી હોત કે ૧૬૦ કરોડ રૂપિયા અમારે જોઇએ છે

તો અમે સંમત થાત કે નાણામંત્રીશ્રી જે આ વર્ષના બજેટમાં ૪૩૦૦૦ કરોડ રૂપિયાનું દેવું કરવાના છે તો રૂ. ૧૬૦ કરોડનું વધારે કરો, જાહેર દેવું, પણ દરેક વ્યક્તિને જેનો દરરોજ ઉપયોગ કરવો પડવાનો છે જાહેર સેવાનો એમાં ૧૦૦ના ૩૦૦ અને ૨૦ના ૨૫૦ એનાથી શું ફેર પડવાનો છે આ સરકારને? એટલે આ કાયદામાં જે સુધારો કર્યો છે એની સાથે હું સંમત થતો નથી. માનનીય મંત્રશ્રીએ જણાવ્યું કે અમે કેટલી બધી સેવાઓ આપીએ છીએ. રોડ આપીએ છીએ, રસ્તાઓ આપીએ છીએ. મારો એમને સીધો પ્રશ્ન છે. ગુજરાતનું આ બજેટ ૧૯૬૧માં રૂ. ૫૦૦૦ કરોડનું હતું ત્યારથી માંડીને ગુજરાતમાં જયાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી દરેક નદી ઉપર ડેમ બની ગયા. તમારે હાલ ડેમની જરૂર છે? ડેમ અટકી ગયો છે? નર્મદા ડેમ બનાવ્યો ગુજરાતમાં કોંગ્રેસની સરકારે, સાબરમતી ઉપર ધરોઇ ડેમ, વાત્રક ડેમ, ઉકાઇ ડેમ, મહીસાગર ડેમ, મચ્છુ, ભાદર તમામ નદીઓ ઉપર જ્યારે સરકારે ડેમ બનાવ્યા ત્યારે આવા કરવેરા નહોતા નાખ્યા. અત્યારે ગુજરાતમાં કોઇ ડેમ બનતો નથી કે તાત્કાલિક પૈસાની જરૂર પડે અને જરૂર પડે તો માનનીય ચીમનભાઇ પટેલની જેમ નર્મદા શ્રીનીધિ ફંડ જેવા ફંડ ઉભા કરીને પૈસા માંગશે તો પણ ગુજરાતના લોકો આપશે પણ આ રીતે કરવેરા નાખવા વ્યાજબી નથી. ખાલી નાણામંત્રીને વિનંતી કરી હોત અથવા પાણી પુરવઠા મંત્રીને વિનંતી કરી હોત કે ૨૦૦ કરોડ રૂપિયા ફક્ત પાણી વેરાના એસ્સાર કંપનીના બાકી છે. ટાટાના, રિલાયન્સના અને અદાણીનો જે પાણી વેરો લેવાનો છે એના ૧૦૦૦ કરોડ રૂપિયા બાકી છે. આ ચાર જણા પાસે વિનંતી કરી હોત કે ૧૬૦ કરોડ રૂપિયા જમા કરાવી દો ને તો અમારે કરવેરા નાખવા ન પડે, તો પણ પ્રશ્ન સોલ્વ થઇ ગયો હોત પણ આવી કંપનીઓ પાસેથી વેરા ઉઘરાવવા નથી અને દબાણ કરીને કહેવું નથી. ૩૦૦૦૦ કરોડ રૂપિયા સેલ્સ ટેક્સના, જી.એસ.ટી.ના વન નેશન વન ટેક્સ બાકી છે, ઉઘરાવાતા નથી, બિલીયા રાજાઓ ઉપર પગલાં લેવાતા નથી અને તમામ પ્રજા ઉપર ૧૦૦ના ૩૦૦ અને ૨૦ના ૫૦ કરવા વ્યાજબી નથી એટલે કોઇપણ સંજોગોમાં બિલને પરત ખેંચવું જોઇએ. એક ઉત્સવ ઓછો કરો તો ન ચાલે? શાળા પ્રવેશ ઉત્સવ, પતંગ ઉત્સવ, નવરાત્રી મહોત્સવ, રણ ઉત્સવ, શરદ ઉત્સવ, વરસાદ પડે તો વધામણાનો મહોત્સવ, ના પડે તો મનામણાનો મહોત્સવ, ગુણોત્સવ. એક તારાંકિત પ્રશ્નનો જવાબ આપ્યો છે કે પતંગ ઉત્સવમાં દર વર્ષે ૧૦૦ કરોડ રૂપિયા ખર્ચાય છે. જો આટલું એક વર્ષ પતંગ ઉત્સવ ન કર્યો હોત તો પણ ચાલત અને આ સરકાર નહોતી બની ત્યારે આ રાજ્યમાં નવરાત્રિ મહોત્સવ નહોતો થતો? પતંગ મહોત્સવ નહોતો ઉજવાતો? (અંતરાય) એ તો તમે દર ત્રણ મહિને ઉજવો છો. તમારે જે કરવું હોય એ કરો, જે ઉત્સવો ઉજવવા હોય એ ઉજવો પણ આ રીતે પ્રજા ઉપર કરવેરો નાખીને નહીં મારી એટલી વિનંતી છે. હું તમને એમ કહું છું કે તમારા રાજ્યમાં વધ્યું શું? તમારા રાજ્યમાં દેવું વધ્યું. જયારે કોંગ્રેસની સરકાર ગઇ ત્યારે ૧૦૦૦૦ કરોડ રૂપિયા બેલેન્સ મૂકીને ગઇ હતી શંકરસિંહ વાઘેલાની સરકાર અને આજે ૨,૪૦,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું? તમારા રાજમાં દેવું વધ્યું. તમારા રાજમાં દારૂ વધ્યો. દારૂની પરમિટ વધી, દારૂની રેલમછેલ થઇ. સસ્તા દારૂ, મહેંગા તેલ નહીં મહેંગા પાણી. હવે તો પાણી ઉપર વેરો આવશે. રૂપિયાથી પાણી. રૂપાણી સાહેબ એટલે શું? રૂપિયાથી પાણી, રૂપાણી. આ પરિસ્થિતિનું નિર્માણ આ સરકારમાં થઇ રહ્યું છે એટલે અમને ચિંતા છે કે તમે ટેક્સ ઘટાડો. નેશનલ યોજનાઓ કેટલીય છે એના ઉપર મૂલ્યાંકન કરો. એક વ્યક્તિની ખાલી વાહવાહ કરવામાં કે એક સમૂહની વાહવાહ કરવામાં જે નિષ્ફળ યોજનાઓ છે એ શું કામ ચલાવો છો? ફક્ત સૂત્રો આપવાના અને સરકાર ચલાવવાની. મને ઘણા સૂત્રો યાદ છે. પહેલા એકવાર સૂત્ર આપ્યું હતું. નાણામંત્રીશ્રી સાહેબ, અમારા રાજમાં હાથ ઉંચો કરો અને બસમાં બેસો. ક્યાં હાથ ઉંચો કરવાનો? એસ.ટી. જ આવતી નથી. પછી સૂત્ર આપ્યું હતું કંડક્ટર વગરની બસ. જાતે ટિકિટ લેજો. અત્યારે શું થયું? બસ વગરનો કંડક્ટર થઇ ગયો. કંડક્ટર રખડતો થઇ ગયો.(અંતરાય)

સભાપતિશ્રી : આપ બિલ ઉપર આવો તો સારું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડો.સી.જે.ચાવડા સિનિયર નિવૃત્ત અધિકારી– કલેકટર છે. આવા સ્ટેમ્પ ડ્યુટી અને બસ ઉભી રાખવાના, શ્રી શંકરસિંહની સરકારને અને આને શું લેવાદેવા? શંકરસિંહજી સરસ રાજ કરતા હતા તો તમે ટેકો પાછો ખેંચ્યો હતો. તમે જ એમના કાર્યાલયમાં હતા. તમે બધા ઘરભેગા થયા હતા. આ તમારું જ કરેલું તમને નડે છે. તમારું કરેલું જ છે.(અંતરાય)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : દાખલો આપવાનો અધિકાર છે.

સભાપતિશ્રી : પ્લીઝ, શ્રી બળદેવજી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : શ્રી નીતિનભાઇ, ૨ કલાકથી કેટલું શાંતિથી ચાલતું હતું. શાંતિથી ચલાવો તમે. તકલીફ છે?

સભાપતિશ્રી : શ્રી બળદેવજી, આપ બેસો. શ્રી ચાવડાજી, આપ વાત કરો. (અંતરાય)

ડો. સી. જે. ચાવડા : દાખલા એટલા માટે આપવા પડ્યા. માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કરવેરા કેમ વધારવા પડ્યા. કરવેરા વધારવા માટે જે સુવિધાની વાત કરી તે સુવિધા સરકાર નથી આપી રહી એમ કહું છું.

**( માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

એટલે આ રૂ.૧૬૦ કરોડનો બોજો ગુજરાતની પ્રજા ઉપર ન નાખ્યો હોત તો આ સરકારને ફેર નહોતો પડતો, એટલા માટે કે રાજ્યમાં કરની આવકો ઘણી છે. ઘણી રીતે આપણે આવકો પ્રાપ્ત કરી શકીએ છીએ. બધી જ પ્રજા ઇન્વોલ્વ થાય અને

સરકારને અને વહીવટી તંત્રને ગાળો ભાંડે એવી પરિસ્થિતિ શા માટે ઉભી કરી, એટલા માટે તમારા હિતમાં સમજાવું છું કે કોઇ ગાળો ન દે. એટલા માટે અમે કહીએ છીએ. જે કંઇ બિલો લાવી રહ્યા છો. પાણી ઉપર મિટર પ્રથા આવે. પાણી પણ મોંઘુ થવાનું છે. આ રાજમાં ન ચલાવી લેવાય. ગુજરાત તો વિકાસશીલ રાજ્ય છે. આખા દેશમાં પ્રથમ નંબરે, પ્રથમ નંબરે વાતો કરીએ છીએ, ત્યારે આવા કરવેરા નાખીને પ્રજાને કરબોજથી દબાવી દેવાય નહીં તેવી વિનંતી કરવા માટે ખાસ ઉભો થયો છું. અમારા વિપક્ષના નેતા પરેશભાઇએ એકએક આર્ટિકલ વિગતવાર સમજાવ્યો છે. બાપુ સાહેબ, સમજી ગયા છો કે ફરીથી સમજાવું?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આમાંથી કોઇ નથી સમજ્યું. બે કલાક સુધી કોઇ સમજે (અંતરાય) એમના પ્રવચનમાં માત્ર વાંઢા, ફારગતી એ શબ્દો ૨૫ વખત આવ્યા. માત્ર સમય પસાર ન કરો. સબજેક્ટ ઉપર આવો. એ સબ્જેક્ટ ઉપર નહોતા આવ્યા. તમે તો આવો.(અંતરાય) માનનીય પરેશભાઇને પાંચ વખત કહ્યું કે આ સ્ટેમ્પ ડ્યુટીનું બિલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇનો બે સ્પીકરે લાભ લીધો. હું ત્યાં અંદર સાંભળતો હતો. અહીંયા બહેન સાંભળતા હતા. માનનીય ચાવડાજી, મારી આપને વિનંતી છે..

ડો. સી. જે. ચાવડા : હું સમજી ગયો એડવાન્સમાં.

અધ્યક્ષશ્રી : જલ્દીનો સવાલ નથી. સચોટ વાત તમારે જે કહેવી હોય તે ૪ લીટીમાં કહો કે ૪૦ લીટીમાં કહો. ફરક નથી પડતો. એની અસર ૪ લીટીમાં વધારે થશે.

ડો. સી. જે. ચાવડા : એટલે મારી રાજ્યના મંત્રીશ્રીને વિનંતી છે કે જે રાજ્યના કરવેરાની આવક છે, તેમાં ૧,૪૦,૦૦૦ કરોડમાંથી ૮,૦૦૦ કરોડની સ્ટેમ્પ ડ્યુટીની આવક છે. એમાં ૪.૯૦ ટકા પ્રમાણે સ્ટેમ્પ ડ્યુટી લેવાની છે. એમાં કોઇ વધારો સરકારે અત્યારે નથી કર્યો. પછી શું ઇરાદો છે ખબર નથી. અત્યારે કર્યો નથી. પણ ૧૬૦ કરોડ માટે આખું વિધેયક લઇને આવ્યા. ૮,૦૦૦ કરોડની આવક તો છે. એમાં ૧૬૦ કરોડની આવક ઉમેરવા માટે આ જે સુધારા વિધેયક લાવ્યા છે, તે પ્રવર સમિતિને સોંપવું જોઇએ. ઉતાવળે લાવ્યા છે. અભ્યાસ કરીને ફરીથી મૂકવામાં આવે. ૨૦ વર્ષ સુધી વધારવાની જરૂર નથી પડી તો અત્યારે કેમ પડી? તો ઉતાવળે નિર્ણય થયો છે એ પરત ખેંચવામાં આવે તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આપની અસર થઇ.

અધ્યક્ષશ્રી : ના, અસર તમને પણ થવી જોઇએ. એ જે વાત કરે છે એની અસર આપણને બધાને થવી જોઇએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સાહેબ, થોડાં વહેલાં આવ્યા હોય તો વધારે સારું હતું.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ સુધારા વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહમાં ચર્ચા થઇ અને માનનીય મંત્રીશ્રીએ વિધેયક રજૂ કર્યું. ૧૬૦ કરોડના કરવેરા વધારાનું આ વિધેયક છે. ચાણક્ય નીતિમાં કહ્યું છે કે પ્રજા ઉપર કરનું ભારણ એટલું હોવું જોઇએ કે જેમ ભમરો ફૂલો ઉપર એટલું જ રસપાન કરે છે કે જેનાથી ફૂલ કરમાઇ ના જાય. આજે આપણે પ્રજાની અંદર વહીવટ કરવા બેઠાં છીએ. આપ અધ્યક્ષશ્રી છો, મંત્રીમંડળ પણ અહીં ઉપસ્થિત છે અને અમે વિપક્ષના સભ્યો છીએ. પ્રજા અમને પણ પ્રશ્ન કરે છે કે તમે અમારા મુદ્દે અમારા પ્રશ્નો માટે, અમારા ન્યાય અને હક્ક-અધિકારો માટે શું વાત કરી? અમારા વિરોધપક્ષના નેતાએ બે કલાક તમામ ૧ થી ૫૮ લેખો ઉપર ખૂબ વિસ્તૃત માહિતી સાથે ચર્ચા કરી છે. હું માત્ર એટલી જ વાત કહીશ કે જુદા જુદા કરવેરા વધાર્યા છે તેની અંદર વારસાઇ અધિનિયમ ૧૯૨૫ હેઠળ કરવેરા વધારવામાં આવ્યા છે. આ એવી બાબત છે કે કોઇ કુટુંબમાં કે પરિવારમાં કોઇ અવસાન પામે અને તેમાં તેને વારસાઇના હક્ક માટે સ્ટેમ્પ લેવો પડે. એક તો તેને પરિવારમાંથી સ્વજન ગુમાવ્યો હોય અને જ્યારે કોઇપણ કાયદાકીય બાબતોની અંદર કરનું ભારણ તે કુટુંબ ઉપર પડે તો હું માનું છું કે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે તે બરાબર નથી. આ ટોકન રેટે હોવી જોઇએ, નહીં કે તેનું ભારણ સામાન્ય વ્યક્તિ ઉપર પડે. તેની સાથે સાથે દત્તક લેવાની જે નીતિઓ છે, અનાથ અને સામાજિક રીતે તરછોડાયેલ વ્યક્તિઓને દત્તક લેવાની નીતિ હોય તેના ઉપર પણ સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. આ બધી બાબતોમાં સમાજના સામાન્ય લોકો, આર્થિક રીતે નબળા, મધ્યમ વર્ગના જે લોકો હોય તેમને દિનપ્રતિદિન સ્પર્શ કરતા મુદ્દાઓ છે. આ બધી બાબતોની અંદર સરકાર કરકસરયુક્ત વહીવટ કરે. સરકાર અનેક ટેક્સ લોકો પાસેથી વસૂલ કરે છે. ગઇકાલે નાણામંત્રી વાત કરતા હતા અને કહેતા હતા કે તમે દેવાની ચિંતા ના કરો. આપણે દેવા માટે સક્ષમ છીએ. હું એ વાત યાદ અપાવું છું કે આપણે બધા જ અહીં ટેક્સ પેયર છીએ. આપણને બધાને કરવેરા, ટેક્સની વસ્તુઓ લાગુ પડતી હોય છે. અત્યારે લોકો અનેક કરવેરાના ભારણથી ત્રસ્ત છે. આપણા આર્મીના જે જવાનો છે, વિમાનદળના લશ્કરના જવાનો છે એ દેશના રક્ષણ માટે બાહ્ય અને આંતરિક શત્રુઓ સામે જાનના જોખમે દેશની સુરક્ષા અને સલામતી માટે કામ કરે છે, દેશની સરહદોની સલામતી માટે પોતાના પ્રાણની આહુતિ આપી રહ્યા છે ત્યારે એમને પણ છોડવામાં આવ્યા નથી. આ સંવેદનશીલ સરકાર માટે સંવેદનશીલ મુદ્દો છે. આપ ટેક્સના નાણા છે તે આર્થિક સંપન્ન લોકો હોય, આર્થિક આવક ઉપર તમે કાપ મૂકી શકો. કરવેરા વસૂલ કરી શકો તેવા અનેક લોકો છે પણ સામાન્ય લોકો છે કે જે સમાજ, રાષ્ટ્ર સાથે જોડાયેલા લોકો છે તેમાંથી ટોકન રેટે કરમાફી આપવી જોઇએ તેવી મારી લાગણી છે. ધાર્મિક ટ્રસ્ટો હોય,

સામાજિક સંસ્થાઓ હોય કે જે એવું કાર્ય કરતી હોય કે સરકાર અને ચૂંટાયેલા પ્રતિનિધિ કરતા પણ વિશેષ સમાજ માટે બહુ જ આશીર્વાદ સમાન જે સંસ્થા હોય એ સંસ્થાઓને પણ આમાં આવરી લેવામાં આવેલ છે. આ એક બાબત છે એ અંગે સરકારે ખૂબ ગંભીરતાથી વિચારવાની જરૂર છે કેમ કે આમાં જન્મથી લઇને મૃત્યુ સુધી કોઇ પણ બાબતને સરકારે બાકી નથી રાખી. તમામને એમાં આવરી લીધા છે. ગરીબ વિધવા હોય, પેન્શન ધારકો હોય, સૈનિકો હોય કે કોઇ પણ ધાર્મિક સંસ્થાઓ હોય એ તમામ લોકોને આની અંદર આવરી લીધા છે. સરકાર સંવેદનશીલ હોવી જોઇએ. આ ગુજરાતની પ્રજાએ આપ લોકોને સત્તા ઉપર બેસાડ્યા છે અને સત્તાનું સુકાન સોંપ્યું છે. સાથે સાથે વિપક્ષને પણ જવાબદારી આપી છે કે પ્રજાનો અવાજ, પ્રજાના હક્ક, અધિકારો અને પ્રજાના ન્યાય માટે અમે અહીંયા વાત કરતા રહીએ. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વાત થઇ સરકારમાં સત્તા ઉપર બેઠાં હોય. આજે આપ અહીંયા બેઠાં છો. પહેલાં કોંગ્રેસનું અહીંયા શાસન હતું પણ જે કોઇ શાસનકર્તા હોય એ પ્રજાલક્ષી કાર્યો કરતા હોય છે. માનનીય મંત્રીશ્રીએ અહીંયા અનેક વાતો કરી છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે કોંગ્રેસના શાસનમાં સન્માનનીય મનમોહનસિંહજી વડા પ્રધાન હતા અને એમની સરકાર હતી ત્યારે એમણે આ દેશમાં ઐતિહાસિક કાર્યો સમાજના નાનામાં નાના વર્ગો માટે ગ્રામિણ રોજગાર યોજના હોય, શિક્ષણનો અધિકાર આર.ટી.આઇ. હોય, આરોગ્યનો અધિકાર હોય, ફૂડનો અધિકાર હોય, આ ચર્ચા થઇ છે. માનનીય મંત્રીશ્રી દ્વારા આ બિલ રજૂ કરતી વખતે એટલે વાત કરું છું કે આ તમામ બાબતો જ્યારે જ્યારે અમારી સરકાર હતી ત્યારે અમે પ્રજાલક્ષી કાર્યોને પ્રાધાન્ય આપ્યું છે. નાનામાં નાનો માણસ રોજગાર વગર ન રહે, શિક્ષણ વગર ન રહે, આરોગ્યની સારવાર એને મળતી રહે આ તમામ બાબતોની પણ અમે ખૂબ ચિંતા કરી છે. અમારી સરકારોએ કામ કર્યું છે ત્યારે આજના સમયમાં આર્થિક મારના કારણે બેકારી, બેરોજગારી, મોંઘવારી દિન–પ્રતિદિન વધી રહી છે અને પેટ્રોલ–ડિઝલ, ગેસ, જીવન જરૂરિયાતની વસ્તુઓ એ તમામ માર કોમન લોકો ઉપર પડી રહ્યો છે. એક તરફ જી.એસ.ટી.ની અંદર વિસંગતતાના કારણે ધંધા રોજગાર ઉપર મોટી અસર પડી છે. કાપડ ઉદ્યોગ, રેડીમેડ ઉદ્યોગ, એમ્બ્રોડરી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ વગેરેમાં લાખો લોકો બેકાર અને બેરોજગાર થયા છે ત્યારે આવી પરિસ્થિતિમાં આર્થિક રીતે બેરોજગારી વધી હોય, મોંઘવારી વધી હોય એવા સમયે લોકો ઉપર આ ટેક્સ અને સ્ટેમ્પ ડ્યુટીનું કરનું ભારણ વધે એ હું માનુ છું કે સરકાર માટે સુસંગત નથી. આ બધી બાબતોમાં સરકારે કરકસરયુક્ત વહીવટ કરવો જોઇએ. આપ અહીંયા અધ્યક્ષ સ્થાને બેઠાં છો. અહીંયા ઘણાં વારસાઓ આપણને મળ્યા છે કે જેમાં સરકારે કરકસરયુક્ત વહીવટ કરીને કામ કર્યું છે. આજે આપણે અનેક જગ્યાએ કાપ મૂકી શકીએ છીએ અને જે ખોટા ખર્ચાઓ છે એને અટકાવી શકીએ છીએ. સામાન્ય લોકોને કરના ભારણમાં ન નાંખીએ એ જોવાની સરકારની જવાબદારી છે. એક દાખલો આપું કે હું જ્યારે અમદાવાદ શહેરમાં મેયર હતો તો જ્યારે અમારા સરકારી કાર્યક્રમો થાય ત્યારે લાખો કરોડો રૂપિયાના ખર્ચા થતા હતા, ત્યારે મેં કહ્યું કે આ કાર્યક્રમોમાં કરકસર કરો. કારણ વગરના ખર્ચા ન કરવા જોઇએ. મેં ફૂલોના બુકે અને મોટા મોટા હારથી કાર્યક્રમો થતા હતા એ બંધ કરાવ્યા અને મેં નક્કી કર્યું કે સૂતરની આંટી મહાત્મા ગાંધીજી આપણને વારસામાં આપી ગયા છે. આપણે કોરપોરેશનમાં પ્રજાના પૈસાથી વહીવટ કરીએ છીએ. આજે રાજ્યનો હોય કે ગમે તે વહીવટ હોય એ પ્રજાના ટેક્સના નાણાના આપણે ટ્રસ્ટીઓ છીએ. એનાથી રાજ્યનો વહીવટ ચાલતો હોય ત્યારે પ્રજાનો એક એક પૈસો છે એ પૈસાનો કરકસરથી વહીવટ કરવો જોઇએ અને અમે સૂતરની આંટીનો ઉપયોગ કરીને લાખો રૂપિયાની બચત કરીને દાખલો બેસાડ્યો છે. ત્યારે અત્યારે સરકારમાં ઉત્સવો થાય, મહોત્સવો થાય, જરૂરી છે. એની ના નથી પણ એની અંદર હજારો–કરોડો રૂપિયા વેડફાય છે ત્યારે હું માનુ છું કે એ ન વેડફાવા જોઇએ. એની પણ તમે બચત કરી શકો છો. બીજાં આવકના ઘણા સ્ત્રોતો છે ત્યાં તમે આવકના સ્ત્રોતો ઉભાં કરી શકો છો પણ આ મધ્યમ વર્ગ, ગરીબ વર્ગના પ્રજાજનો ઉપર સીધી જ અસર પડતી બાબતો છે, માણસને ડગલે ને પગલે આ સ્ટેમ્પ લેવાની જરૂર પડતી હોય અને એ પણ સામાન્ય લોકોને જરૂર પડતી હોય છે, આપ તો વકીલ સાહેબ પણ રહ્યા છો. આપને ખબર છે, અત્યારે વકીલોની ફી પણ મોંઘી થતી જાય છે કેમ કે મોંઘવારી છે એટલે..

અધ્યક્ષશ્રી : વકીલો ધર્માદા કાર્યો પણ ખૂબ કરે છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : અમે બિરદાવીએ છીએ, વકીલો બહુ સેવા પણ કરે છે, ઘણાં વકીલો પણ સમાજ માટે, ગરીબ લોકો માટે અને અનેક સંસ્થાઓ માટે ફ્રીમાં સેવા આપીને સારું કાર્ય પણ કરે છે એટલે આજે એના ઉપર તો આ સમાજ અને રાષ્ટ્ર ટકી રહ્યો છે. એવા વિદ્વાનો છે એને બિરદાવીએ છીએ પણ આજે સામાન્ય લોકો ઉપર જેની અસર પડે છે, આપનો એક કાયદો કે એક નિયમ આજે ગુજરાતની છ કરોડ કરતા વધારે જનતા ઉપર એની સીધી અસર પડે છે. ત્યારે મારો આપના માધ્યમથી આ ગૃહને અને મંત્રીશ્રીને અનુરોધ છે કે આપણે કાયદા એવા બનાવો કે જેની અસર સામાન્ય લોકો ઉપર ના પડે. જેનું કરનું ભારણ સામાન્ય લોકો ઉપર ના પડે એવી નીતિ સાથે તમે સરકારની અંદર વિચારશો એવી મારી લાગણી છે. કેમકે આજે શિક્ષણ મોંઘું થતું ગયું છે, આરોગ્યની દૃષ્ટિએ જોઇએ તો સારવાર માટે માણસોને મુશ્કેલી પડી રહી છે, ખૂબ ખર્ચાળ સારવાર થઇ ગઇ છે, મોંઘવારીનું ભારણ પણ વધ્યું છે. માણસ ચારેય તરફથી ઘેરાયેલો છે. મ્યુનિસિપલ ટેક્સો પણ દરેક શહેરોની અંદર ખૂબ વધ્યા છે, જુદા જુદા ટેક્સો ખૂબ વધ્યા છે એટલે આ બધી બાબતોના કારણે ટેક્સનું ભારણ ખૂબ વધ્યું છે અને કરના ભારણથી લોકો ખૂબ ત્રસ્ત છે. (અંતરાય) એટલે મારી ખાસ આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી છે કે આપના માધ્યમથી પ્રજા કલ્યાણ રાજનો એક મેસેજ આપો, વેલ્ફેર સ્ટેટ તરીકેની નામના મેળવો અને આપે જે આ એક થી લઇ

અઠ્ઠાવન સુધીના લેખો ઉપર જે કર વધારો કર્યો છે એ કર વધારો પાછો ખેંચીને ગુજરાતની જનતાના હિતમાં અમે આપને અભિનંદન આપીએ, અમે લોકો વતી શુભેચ્છા આપીશું. સરકાર સારા કાર્યો કરે તો એ બિરદાવવાની આપણી પરંપરા છે, પણ સરકાર ક્યાંક ચૂક કરતી હોય, સરકાર ક્યાંક લોકો ઉપર કરનું ભારણ નાંખતી હોય તો ક્યારેક ચોક્કસરીતે વિપક્ષના એક ધારાસભ્ય તરીકે લોકો વતી અવાજ ઉઠાવવો એ પણ અમારી ફરજનો એક ભાગ છે ત્યારે ફરીથી મંત્રીશ્રીને હું વિનંતી કરીશ કે ગુજરાતની જનતાના હિતમાં આ ૧૬૦ કરોડ રૂપિયાનો તમે કર અને સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો મૂક્યો છે એને પાછો ખેંચો અને લોકોને એમાંથી રાહત આપો એટલી વાત કરીને હું વિરમું છું, આભાર.

અધ્યક્ષશ્રી : આભાર શ્રી હિંમતસિંહભાઇ, માનનીય સભ્યશ્રી લાખાભાઇ ભરવાડ,

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧, સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક લઇને સન્માનનીય ગૃહમાં આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. રાજ્યમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની અનુસૂચિ-૧માં સમાવિષ્ટ અલગ અલગ લેખના પ્રકાર પ્રમાણે સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવામાં આવે છે. આમ તો મહેસૂલ વિભાગ વહીવટીતંત્રનો મુખ્ય વિભાગ છે. એનું વિશેષ મહત્વ છે. એમાંય મહેસૂલ વિભાગના સ્ટેમ્પ તંત્રનું સવિશેષ મહત્વ છે કારણકે મહેસૂલી આવકમાં સ્ટેમ્પની આવકનો સિંહફાળો છે. એટલે સ્ટેમ્પ તંત્ર એ સરકારની દૂઝણી ગાય બરાબર છે, ત્યારે આ અનુસૂચિમાં સમાવિષ્ટ સ્થાવર મિલકતોના લેખો સહિત જે લેખો ઉપર ટકાવારીના ધોરણે સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવે છે તેમાં કોઇ ફેરફાર કર્યો નથી. પણ જે લેખો ઉપર ફિક્સ રકમના દરે સ્ટેમ્પ ડ્યુટી વસૂલવામાં આવે છે તેમાં સ્ટેમ્પ ડ્યુટીમાં ધરખમ વધારો કરીને, ગરીબ પ્રજા, ગામડાંના ખેડૂતો, સામાન્ય વર્ગ અને વિદ્યાર્થી આલમ ઉપર ખૂબ મોટો બોજ આ સરકારે ઉભો કર્યો છે ત્યારે જંત્રી દ્વારા પણ સરકાર ખૂબ કમાણી કરી શકે છે. સોગંદનામા તથા નોટરીના લખાણના લેખો માટે હાલ રૂપિયા ૨૦ના દરનો સ્ટેમ્પ વાપરવામાં આવે છે જેમાં દોઢસો ગણો વધારો કરીને એ દરને ૫૦નો કરવાનો સુધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો, ગરીબ વર્ગ, મધ્યમ વર્ગ માટે આ પડતા ઉપર પાટુ બરાબર આ સ્ટેમ્પ ડ્યુટીનો વધારો છે. વિશેષમાં કહું તો મોટાભાગે ગુજરાતના તાલુકા મથકોએ ગામડાંનો ખેડૂત વર્ગ પોતાની વારસાઇની નોંધ પડાવવા આવતો હોય છે. પોતાની બાપદાદાની જમીનની વારસાઇની નોંધ પડાવવામાં તેને સોગંદનામા કરવાની ફરજ પડતી હોય છે ત્યારે મારે તો આ ગૃહ સમક્ષ કહેવું છે કે એક સમયમાં બે પંચને સાથે રાખીને વારસાઇની નોંધ તે વખતમાં ખેડૂતોના હિતમાં કરવામાં આવતી હતી. એવા ખેડૂતોને મદદ કરવાની જગ્યાએ તેને ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ વાપરવાની ફરજ પાડવામાં આવી પણ આ જે ૧૫૦ ગણો ભાવ-વધારો સ્ટેમ્પ ડ્યુટીમાં કરીને ખેડૂતની કમ્મર તોડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આજે ગામડાંમાં જોઇએ તો વિદ્યાર્થીઓને જે પેલા જાતિ પ્રમાણપત્રો, આવકના દાખલા અનેક પ્રમાણપત્રો લેવા માટે પણ આજે નીતિ નહોતી એવી સ્ટેમ્પ વાપરવાની નીતિ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કરવામાં આવી છે. તેના કારણે આજે ખેડૂતો ઉપર બોજ પડ્યો છે, વિદ્યાર્થી આલમ ઉપર બોજ પડ્યો છે સાથે સાથે મારે તો ત્યાં સુધી કહેવું છે કે એક સમય એવો હતો ત્યારે મોઢાના કરારે પણ ખેડૂતોની વારસાઇ એન્ટ્રીઓ પાડવામાં આવતી હતી. બે પંચની રૂબરૂમાં મોઢાના કરારે જયારે એન્ટ્રી પાડીને તેને સર્ટીફાઇડ કરવામાં આવતી હતી ત્યારે કોઇ સ્ટેમ્પ ડ્યુટી વાપરવામાં આવતી નહોતી. ત્યારે મામલતદાર કચેરીમાં આજે જોઇએ તો ખેડૂતો પોતાની વારસાઇની એન્ટ્રીઓ પડાવવા માટે ધક્કા ખાય છે. સોગંદનામાઓ કરવા પડે છે. એમને નામમાં ફેરફાર કરવો હોય, એને કંઇ એફિડેવીટ કરવી હોય, નામ કે અટકમાં ફેરફારો કરવા હોય કે બીજાં નાના મોટાં ફેરફારો કરવામાં ખેડૂત વર્ગ, ગામડાંના લોકો અને વિદ્યાર્થી આલમને જે નાના મોટાં સોગંદનામામાં જે ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ વપરાતો હતો તે ૫૦નો વધારો કરીને ખૂબ મોટું ભારણ આવા વર્ગો ઉપર કર્યું છે ત્યારે ગુજરાતના ખેડૂતો અને ગરીબ મધ્યમ વર્ગના હિતમાં જો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વિચારતી હોત તો આવો સ્ટેમ્પ ડ્યુટીનો વધારો આ વિધેયકમાં લાવવામાં ના આવ્યો હોત. ત્યારે મારે કહેવું છે કે તેનાથી આગળ વાત કરીએ તો અગાઉ કહેવામાં આવ્યું દત્તક પત્ર. દત્તક પત્ર લેખમાં પણ સરકારે સ્ટેમ્પ ડ્યુટી માફ કરીને તેને પ્રોત્સાહન આપવાની જરૂર હતી અને લગ્ન નોંધણીનો લેખ પણ મોંઘો કરવામાં આવ્યો છે. લગ્ન એ તો આપણું સામાજીક બંધન છે અને લગ્નમાં તો આપણે સામાજીક પ્રસંગમાં જ્યારે જઇએ ત્યારે, સગાં-વહાલાં જ્યારે જાય ત્યારે સામેથી લગ્ન કરનારને આપણે તો ચાંદલો કરવાનો રિવાજ છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લગ્ન કરનારને કંઇ પ્રોત્સાહનના ભાગરૂપે, ચાંદલાના ભાગરૂપે આ સ્ટેમ્પ ડ્યુટીમાંથી બાકાત રાખવાનું કામ કર્યું હોત તો આ વિધેયકને હું પણ વખાણત. વારસાગત મિલકતોમાં કૌટુંબિક સભ્ય દ્વારા તેઓની તરફેણમાં હક્ક જતો કરવાના લેખ ઉપર ૧૦૦ રૂપિયાનો સ્ટેમ્પ વાપરવામાં આવતો હતો એ સ્ટેમ્પમાં પણ બે ગણો વધારો કરીને ૨૦૦ રૂપિયાનો સ્ટેમ્પ વાપરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જે ઉપર મુજબના વકતવ્યોમાં જણાવ્યા તે સિવાયના તમામ ફિક્સ રકમવાળા લેખો ઉપર સ્ટેમ્પ ડ્યુટીનો દર ૧૦૦ હતો તેની જગ્યાએ ૩૦૦ કરવામાં આવ્યો છે એટલે કે ૩૦૦ ગણો વધારો કરવામાં આવ્યો છે. ત્યારે મારે કહેવું છે કે હમણાં મારી જાણકારી મુજબ એક જ વર્ષમાં ૨૧,૯૯૧ દસ્તાવેજ ફક્ત અમદાવાદમાં જ થયા છે અને સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં રૂ. ૩૫૫ કરોડનો વધારો થયો છે. રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી પેટે થતી કુલ આવકમાંથી માત્ર અમદાવાદના પ્રોપર્ટી માર્કેટનો ૨૨ થી ૨૩ ટકા જેટલો હિસ્સો રહ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં અમદાવાદમાં ૨,૦૯,૭૪૭

દસ્તાવેજોની નોંધણી પેટે રૂ.૨,૦૯૪ કરોડ ૯૩ લાખ જેટલી સ્ટેમ્પ ડ્યુટી વસૂલાઇ હતી ત્યારે સમગ્ર રાજ્યમાંથી સરકારને રૂપિયા ૭૨૫૪ કરોડની આવક મળી હતી. તેવી જ રીતે ૨૦૧૮-૧૯માં અમદાવાદમાં ૨,૩૧,૭૩૮ દસ્તાવેજોની નોંધણીમાં સ્ટેમ્પ ડ્યુટી પેટે રૂપિયા ૨૪૫૦ કરોડ ૭ લાખ જેટલી રકમ જમા થઇ છે. ત્યારે રાજ્યની કુલ આવક રૂપિયા ૮,૦૧૧ કરોડ થવાનો અંદાજ છે. શહેરી મિલકતો જેવી કે રહેઠાણ હોય કે કોમર્શિયલ હોય કે પછી મિલકતના દસ્તાવેજની વાત હોય અને એના કરવેરાની વાત હોય કે અન્ય વેરાની વાત હોય એમાંથી કરોડોની આવક રાજ્ય સરકારને થતી હોય છે. શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રવચનમાં કહ્યું હતું કે સ્થાવર મિલકતમાં કોઇ ફેર નથી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું દસ્તાવેજની વાત કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ના કોઇ ફેર નથી. મેં repeatedly કહ્યું છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું કરવેરાની વાત કરું છું. એ તો વધારે જ છે. મારે કહેવું છે કે સરકારના ખજાનામાં એવી તો શું ખોટ પડી કે આ વિધેયકમાં ૧૫૦ થી ૩૦૦ ટકા જેવો સ્ટેમ્પ ડ્યુટીનો અસહ્ય વધારો કરીને આ ગરીબ, સામાન્ય ખેડૂતોના ખિસ્સા ખંખેરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આનો જવાબ આપવો પડશે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે ગામડાના ખેડૂતો ઉપર બોજો પડ્યો હોય, વિદ્યાર્થી આલમ હેરાન હોય અને ખાસ કરીને અઢારે આલમને આ વધારાનો બોજો પડ્યો હોય ત્યારે આ ગૃહમાં આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આટલી મોટી આવક ધરાવતી હોય તો આવી નજીવી રૂ.૧૬૦ કરોડ જેવી સ્ટેમ્પ ડ્યુટીની આવક જતી કરીને લોકોને ઉપયોગી થવાનું કામ કરીને આ વિધેયક પાછું ખેંચવા અપીલ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય લાખાભાઇ, આપનું પ્રવચન સારું હતું. આવી રીત ખરેખર અન્ય ધારાસભ્યશ્રીઓએ શીખવી જોઇએ.

શ્રી પરેશ ધાનાણી : સરકાર બોલવા દે તો બધા સારું જ બોલે છે.

અધ્યક્ષશ્રી : બધા બોલવા જ દે છે. કોઇ રોકે નહિ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ સુધારા વિધેયક લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું અને આ બિલ સાથે હું સહમત થતો નથી.

ગુજરાતમાં કહેવત છે કે જેના રાજા વેપારી એની પ્રજા ભીખારી. બંધારણની અંદર આજે સ્ટેમ્પ ડ્યુટી છે એ રાજ્યનો વિષય છે. સ્ટેમ્પ ડ્યુટી વધારવી જોઇએ. રાજ્યના વહીવટ માટે પૈસાની જરૂર પડતી હોય છે અને એના માટે સરકારે સ્ટેમ્પ ડ્યુટી, રેવન્યુ એ બધામાંથી આવક મેળવવી જોઇએ, પરંતુ જે રીતે આ સ્ટેમ્પ ડ્યુટીની અંદર ૧૦૦ થી ૩૦૦ ટકા વધારો કર્યો છે એ નાના માણસો માટે, મધ્યમ વર્ગના પરિવારો માટે અને ખાસ કરીને એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.અને ઇ.ડબલ્યુ એસ. વર્ગના વિદ્યાર્થીઓ હોય કે ખેડૂતો હોય એના માટે એના બજેટ ઉપર અસર કરનાર છે.

મારી અગાઉ માનનીય વિરોધપક્ષના નેતા શ્રી પરેશભાઇએ અને અમારા સભ્યશ્રી લાખાભાઇએ વાત કરી કે અગાઉ મોઢે કરાર થતા હતા. અગાઉ સ્ટેમ્પ કરવાની વારંવાર જરૂર પડતી નહોતી. પરંતુ અત્યારે બાળક જન્મે ત્યારથી મરે ત્યાં સુધી એને વારંવાર સ્ટેમ્પ વાપરવો પડે છે. સ્ટેમ્પની જરૂરિયાતનું પ્રમાણ વધ્યું છે અને ખાસ કરીને મેં કહ્યું એમ જે લોકો મોટા ઉદ્યોગપતિઓ છે, જેને સરકારી લાભ લેવાનો નથી એને આ બોજો ન નડે પણ જે ગરીબ વિદ્યાર્થીઓ છે જે એસ.સી., એસ.ટી.,ઓ.બી.સી. અને ઇ. ડબલ્યુ.એસ.ના વિદ્યાર્થીઓ છે એમને વારંવાર સ્ટેમ્પનો ઉપયોગ કરવો પડે છે. અમારા સાથી મિત્ર લાખાભાઇએ વાત કરી કે આમાંથી માત્ર ૧૬૦ કરોડ રૂપિયા વધારાના મળવાના છે. જયારે કેગના રિપોર્ટમાં ૭૦૦ કરોડ રૂપિયાની ગેરરીતિ બતાવી છે એ અટકાવી હોત તો આ જે ૧૬૦ કરોડ રૂપિયાનો વધારો કરવો પડે છે એ કરવો ન પડ્યો હોત. આપણે વિકાસશીલ અને નંબર ૧ ગુજરાતની વાતો કરીએ છીએ. આપણી બાજુમાં રાજસ્થાન છે ત્યાં એફિડેવીટના દસ રૂપિયા હતા એ ૨૦૧૭માં વધારીને ૨૦ રૂપિયા કરવામાં આવ્યા છે. એ જ રીતે અન્ય રાજ્યોની સરખામણીમાં આપણી સ્ટેમ્પ ડ્યુટી વધારે છે. દિલ્હીમાં ૩ ટકા, સિક્કીમમાં ૪ ટકા, રાજસ્થાનમાં ૪ ટકા, ઓરિસ્સામાં ૪ ટકા, ઝારખંડમાં ૪ ટકા, હરિયાણામાં ૪ ટકા આ બધા પછાત રાજ્યો છે છતાં પણ ત્યાં સ્ટેમ્પના ભાવ અને સ્ટેમ્પ ડ્યુટી ઓછી છે. હરિયાણામાં ગયા વર્ષની સ્ટેમ્પની આવક જોઇએ તો ૪૨૬૫ કરોડ રૂપિયા હતી. મહારાષ્ટ્રની એક હજાર કરોડ રૂપિયા હતી જ્યારે ગુજરાતની આવક સાત હજાર કરોડ કરતાં વધારે છે. એટલે જયારે સ્ટેમ્પ ડ્યુટીની આટલી બધી આવક થતી હોય ત્યારે નાના અને ગરીબ વિદ્યાર્થીઓ માટે આ સ્ટેમ્પનો ભાવ વધારો ન કર્યો હોત તો સારું કહેવાત.

આર્ટિકલ ૩,૩૪, ૪૪ અને ૪૯માં સો રૂપિયાના ૨૦૦ રૂપિયા કર્યા છે. જ્યારે બાકીમાં સો રૂપિયાના ૩૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. અત્યાર સુધીનો આપણો અનુભવ છે કે ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ લેવા જતા હોય તો એ મોટે ભાગે મળતો નહોતો એની જગ્યાએ ૫૦ રૂપિયા કે સો રૂપિયાનો સ્ટેમ્પ વાપરવો પડે છે. ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ લઇએ અને પછી નોટરી કરાવવા જોઇએ તો એના ઉપર બીજાં ૨૦૦ રૂપિયા થતા હોય છે.

## ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯

વિદ્યાર્થીઓને કોલેજમાં એડમિશન લેવું હોય કે ટ્રાન્સફર લેવી હોય દરેક જગ્યાએ સ્ટેમ્પ વાપરવો પડે છે. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને ઇ.ડબલ્યુ.એસ.નો લાભ લેવા માટે વારંવાર સોગંદનામું કરવું પડતું હોય છે ત્યારે એમાં કદાચ ૧૦-૧૫ ટકા વધારો કર્યો હોત તો એની સામે અમે સંમત થાત. આર્ટિકલ ૨,૩,૫ અને ૯ આમાં ૫૦ રૂપિયાથી માંડીને ૧૦૦ રૂપિયા અને ૩૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આર્ટિકલ ૨, ૩, ૫ અને ૯ એ મોટે ભાગે ખેડૂતો સાથે સંકળાયેલ છે. એકંદરે મોટે ભાગે આ સ્ટેમ્પ ખેડૂતો વાપરતા હોય છે. ગુજરાતના ૬૦ ટકાથી વધારે લોકો ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો હોય છે. ત્યારે એમના માટે આ સ્ટેમ્પની અંદર સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કર્યો છે એ પ્રમાણમાં બહુ મોટો છે. આ જે વધારો કર્યો એની જગ્યાએ જે મોટા મોટા ટ્રાન્જેક્શન થાય છે, મોટા બિલ્ડરો અમુક રકમથી ઉપરની જે જમીનોની લે-વેચ થતી હોય તો એવામાં પોઇન્ટ પાંચ ટકાનો વધારો કર્યો હોત તો પણ આ ૧૬૦ કરોડની આવક સરકારને મળી હોત. નાના માણસો અને ગરીબો માટે જે સ્ટેમ્પ ડ્યુટીમાં ભાવ વધારો કર્યો છે તે પરત ખેંચી જે ભાવ હતા તેની અંદર મામુલી ૧૦ કે ૧૫ ટકાનો વધારો કરવા માટે હું અપીલ કરું છું.

અધ્યક્ષશ્રી : મારી પાસે પરવાનગી માગવામાં આવી છે. માનનીય સૌરભભાઇ જાહેરાત કરવા માગે છે.

ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

### **વરસાદ ન હોય તેવા વિસ્તારોમાં બે કલાક વિજળી વધારે આપવા અંગે**

શ્રી સૌરભ પટેલ (ઊર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને પરવાનગી આપી તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા દિવસોથી આપણે જોઇએ છીએ કે આખા રાજ'યમાં જુદી જુદી જગ્યાએ વરસાદનું પ્રમાણ જુદું જુદું છે. ઘણાં બધા ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી હતી કે અમારા વિસ્તારમાં વરસાદ ઓછો છે તો વીજળીના બે કલાકો વધારી આપો. હમણાં જ આદણીય મુખ્યમંત્રીશ્રીએ મને સૂચના કરી છે કે ભાઇ, જે જે વિસ્તારની અંદર વરસાદ ઓછો પડ્યો છે એ વિસ્તારની અંદર બે કલાક વીજળી તાત્કાલિક વધારી આપવી જોઇએ જરૂરીયાત પ્રમાણે અને આપણા ઉદાર નાણામંત્રીશ્રીએ પણ આની મંજૂરી આપી દીધી છે. એટલે કાલથી જરૂરીયાત વાળા વિસ્તારની અંદર અને જ્યાં સુધી જરૂર પડે ત્યાં સુધી બે કલાક વીજળીનો આપણે વધારો કરી આપીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સૌરભભાઇએ જાહેરાત કરી, સીધો રૂ.૫૦૦ કરોડનો ખર્ચો વીજળીની સબસિડીમાં વધશે. આ રૂ.૧૮૦ કરોડમાં તમે આટલું બધું લાંબુ લાંબુ ચલાવો છો.

અધ્યક્ષશ્રીઃ માનનીય રાજેશભાઇ ગોહિલ.(અંતરાય)

શ્રી લલીત વસોયા : જયાં વરસાદ થઇ ગયો છે ત્યાં ૨૪ કલાક આપો. ત્યાં શું વાંધો છે. વપરાવાની તો નથી.

શ્રી રાજેશભાઇ હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક ક્રમાંક-૧૧- સન ૨૦૧૮નું લઇને આવ્યા છે, તેમાં મારા હું મારા વિચારો રજૂ કરું છું.

સ્ટેમ્પ અધિનિયમ એ રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યુટીની આવકને લગતો ભાગ છે. આથી સ્ટેમ્પ અધિનિયમ ૧૮૯૯ તથા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ અને તે હેઠળના નિયમોના અમલ સ્ટેમ્પ ખાતા મારફતે હાથ ધરવામાં આવે છે. ગુજરાત સરકારની સ્ટેમ્પ ડ્યુટીની આવક જીએસટીની આવક પછી બીજાં નંબરે છે. સરકારની પાયાની ફરજ છે કે લોકોને સુખ-સુવિધા આપીએ. પાણી, ગટર, રોડ, રસ્તા, આરોગ્ય, શિક્ષણ આ તમામ પાછળ ખર્ચ કરવો એ સરકારની જવાબદારી છે અને પાયાની ફરજ છે. અત્યાર સુધી સોગંદનામું ૨૦ રૂપિયાના સ્ટેમ્પ પર થતું હતું. ગુજરાતમાં તમામ નાગરિકોને વર્તમાન સમયમાં દરેક જગ્યાએ જેમકે આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, નોનક્રિમીલેયર સર્ટિફીકેટ, દરેક જગ્યાએ નામની સ્પષ્ટતા માટે, રેશન કાર્ડમાં સુધારો કરવા માટે, વારસાઇ કરવા માટે, ટોચ-મર્યાદના સોગંદનામા કરવા માટે, મકાનની સહાય માટે, ગામના તલાટીઓ પણ સોગંદનામા વગર મકાનનું ફોર્મ સ્વીકારતા નથી. એમ દરેક જગ્યાએ સોગંદનામું ફરજિયાત છે. ત્યારે અરજદારને હવે ૫૦ રૂપિયાનો સ્ટેમ્પ, નોટરી એની પર ૫૦ રૂપિયાની ટિકિટ વાપરશે એટલે ૧૦૦ રૂપિયા અને ટાઇપ સાથે નોટરી જે ૧૫૦ રૂપિયામાં થતું હતું તે હવે ૩૦૦ રૂપિયામાં થશે. ગરીબોને, સામાન્ય વર્ગને, મધ્યમવર્ગને સહાય કે મદદ કરવાના બદલે આપણે એના પર ભાર મૂકીએ છીએ તેવું લાગે છે. અત્યાર સુધી નોંધણી થતાં દસ્તાવેજોની અંદર ડુપ્લીકેટ દસ્તાવેજ, ઇન્ડેક્સ નકલ, તેમજ જુદી જુદી બાબતોમાં જે ૧૦૦ રૂપિયાની ટિકિટ લગાવવામાં આવતી હતી એમાં હવે ૩૦૦ રૂપિયા લેવામાં આવશે. જે પણ આપણે લોકોને ભારરૂપ થતાં હોય તેવું લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગીરોની સ્ટેમ્પ ડ્યુટીમાં પણ વધારો કરી ૩૦૦ કર્યા છે. સામાન્ય માણસ પોતાના બાળ-બચ્ચાને ભણાવવા કે વ્યવહાર પ્રસંગ માટે કે કોઇ પણ જરૂરિયાત ઉભી થતી હોય ત્યારે પોતાની કિંમતી મિલકત ગીરો મૂકી અને નાણાકીય વ્યવહાર કરતા હોય છે. પણ જ્યારે મહા મહેનત કરી, મજૂરી કરી અને પોતાની મિલકત છોડાવવા માટે જાય અને પોતાની મિલકત પાછી લેવા માટે હવે તેમને ૩૦૦ રૂપિયાનો સટેમ્પ વાપરવો પડશે. બીજી મહત્વની બાબત એ છે કે જ્યારે આવી ગીરો મિલકત થતી હોય ત્યારે હંમેશા ગીરો મુકતનાર વ્યક્તિ હોય તેની પાસેથી જ આ નાણાકીય વસૂલાત થતી હોય છે. જે મેં અનુભવેલું છે. એક તો વ્યાજ પણ લેતા હોય તેમ છતાં પણ આવી નાણાકીય જવાબદારી સ્ટેમ્પ અને નોટરી ચાર્જ બધું ગીરો જે મિલકત મૂકતો હોય તેની પાસેથી જ વસૂલ કરવામાં આવતી હોય છે. એટલે ગરીબોને આનાથી પણ વધારે નુકસાન થવાની શકયતા છે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ મુજબ

આખા ગુજરાતમાં એક સરખી સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાની હોય છે. પરંતુ ધોલેરાના અમારા ૨૨ ગામ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીઝીયન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ ૨૨ ગામોમાં જંત્રીની ૩ ગણી સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવામાં આવે છે અને ખેડૂતો જયારે અંદરો અંદર વહેંચણી કરતા હોય, જૂની કોઇ વારસાઇમાં ભૂલ હોય અને એ ભૂલ સુધારવાની હોય, એમાં દસ્તાવેજ કરવા પડતા હોય તો આવા બનાવોની અંદર રહેઠાણ વિસ્તાર હોય, એસ.આઇ.આર.માંથી એમને સર્ટિફિકેટ લાવવું પડે છે અને રેસીડેન્ટ માટે ડબલ સ્ટેમ્પ ડ્યુટી, ઇન્ડસ્ટ્રીયલ ઝોનમાં હોય તો ૩ ગણી અને કોમર્શીયલ વિસ્તારમાં આવતું હોય તો ૪ ગણી સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મહેસૂલનો હવાલો સંભાળે છે ત્યારે મારી વિનંતી છે કે ધોલેરામાં ખેડૂતો માટે વિચારી અને આમાં કંઇક સુધારે કરે. સીટી સર્વેમાં તાલુકા કક્ષાએ સીટી સર્વે હોય છે, સીટી સર્વેમાં તમામની મિલકતોની નોંધણી થયેલ હોય છે. એવામાં પણ જ્યારે ભાઇઓ ભાગની એન્ટ્રી થયેલ હોય અથવા વારસાઇ થયેલ હોય અને ચાર ભાઇઓ હોય અને એક ભાઇનું અવસાન થયેલ હોય અને એના વારસદારોના નામ જ્યારે દાખલ થયેલા હોય તો એ હક્ક કમીમાં પણ જંત્રી મુજબ જ સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવામાં આવે છે. એમાં ૧૦૦ના કે ૩૦૦ના સ્ટેમ્પ ઉપર વસૂલ કરવામાં નથી આવતું એટલે એમાં પણ મારું સૂચન છે કે થોડો સુધારો થાય. આટલી મારી વિનંતી છે અને માનનીય મંત્રીશ્રી જે કંઇ વધારાના બોજ નાખવાનું બિલ લાવ્યા છે એમાં થોડો ઘણો સુધારો કરવા માટે આ બિલ પરત ખેંચે તેવી વિનંતી કરું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ સને ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧, સને ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપું છું. લગભગ અઢી કલાકથી આ એક જ વિધેયક ઉપર ખૂબ લાંબી ચર્ચા થઇ છે. આ વિધેયકની અંદર ખૂબ જ સ્પષ્ટ મુદ્દા છે. મિલકતની ફેરબદલી, જમીનની ફેરબદલી, એની અંદર કોઇપણ જાતનો વધારો નથી. રાજ્ય સરકારે જે દર ૪.૯૦ ટકા નક્કી કરેલા છે એમાં એક પણ રૂપિયાનો ફેરફાર કરવામાં આવતો નથી. તેની સાથે સાથે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે મહિલા સશક્તિકરણના નાતે જે એક ટકાનો સ્ટેમ્પ ડ્યુટીનો દર ઓછો રાખેલો છે એમાં પણ કોઇ ફેરફાર કરવામાં આવતો નથી. આમાં ફક્ત અને ફક્ત જે આપણે સ્ટેમ્પ લઇએ છીએ, ફીક્સ સ્ટેમ્પ, જેની કિંમત ફીક્સ છે ફક્ત તેની અંદર જ ફેરફાર એટલે કે સુધારો કરવામાં આવ્યો છે. તેમાં વહીવટી ખર્ચ, છૂટાછેડાનો લેખ, બાંયધરીપત્ર, કુલમુખત્યારનામુ આની અંદર જે કર લેવામાં આવે છે એ હાલના સંજોગો પ્રમાણે સરકારે જે નક્કી કર્યો છે તેમાં ફક્તને ફક્ત ૧૦૦ રૂપિયા લેખે લેવામાં આવે છે. તેમાં માનનીય મંત્રીશ્રીએ જે સુધારો સૂચવ્યો છે એ ૧૦૦ રૂપિયાની જગ્યાએ ખાલી ૩૦૦ રૂપિયા એ પ્રમાણેનો સુધારો સૂચવ્યો છે. અહીં વિપક્ષના માનનીય નેતાશ્રીએ પણ વારંવાર એકને એક વાત ઘણી બધી વખત તેમના પ્રવચનમાં તેનું અવલોકન પણ કર્યું. માનનીય સી.જે. ચાવડા સાહેબે કર્યું, કીરીટભાઇએ કર્યું. આ મારે એટલા માટે કહેવું છે કે આપણે બધા અહીં ગુજરાતની સાડા છ કરોડની જનતાના પ્રતિનિધિ તરીકે આ વિધાનસભા ગૃહમાં બેસીએ છીએ. એક સુધારા માટે આ વિધાનસભાનો જે સમય છે એ સમય અને મુદ્દો એ ખૂબ મહત્વનો હોય છે. તેની ટકાવારીની વાત કરવી હોય તેમાં પણ ખૂબ સભાન અવસ્થામાં આપણે આપની સમક્ષ રજૂ કરવું જોઇએ. એવો જ બીજો સુધારો અહીં કર્યો છે. દત્તક પત્ર, લગ્નની નોંધણી અને તેની સાથે ભાગીદારી પેઢીમાં ફેરફાર. ભાગીદારી પેઢીમાં પણ સ્થાવર મિલકત અથવા તો તેની અંદર કોઇ નાણાં સિવાયની ભાગીદારી કરી હોય તેમાં પણ ૧૦૦ રૂપિયાનો સ્ટેમ્પ પેપર ઉપયોગમાં લેવામાં આવે છે. તેની જગ્યાએ અત્યારે ૨૦૦ રૂપિયા એટલે ૧૦૦ રૂપિયાના બદલે ૨૦૦ રૂપિયા કરવાનો માનનીય મંત્રીશ્રીએ અહીં સુધારો સૂચવ્યો છે. આપણે બધાં ગણિતમાં ખૂબ વિદ્વાન છીએ. ભાગાકાર, ગુણાકાર લગભગ બધાને ખબર પડે છે. આને આપણે ૩૦૦ ટકા કહીએ એ કેટલું હિતાવહ છે, એ આપના માધ્યમથી સન્માનનીય સભાગૃહના સૌ સભ્યોને આ બાબતમાં જાણ કરું છું. એ જ પ્રમાણે ૨૦ રૂપિયાનો સ્ટેમ્પ અત્યારે વાપરીએ છીએ. તેની અંદર સોગંદનામુ છે. નોટરી સમક્ષ જે સ્ટેમ્પ કરીએ છીએ તેમાં ૨૦ રૂપિયાના સ્ટેમ્પનો ઉપયોગ કરીએ છીએ. માનનીય મંત્રીશ્રીએ ૨૦ રૂપિયાના બદલે ૫૦ રૂપિયાનો સ્ટેમ્પ એ પ્રમાણેનો સુધારો સૂચવ્યો છે. આપણે નક્કી કરીએ કે આમાં ૩૦૦ ટકા થાય, ૧૦૦ ટકા થાય, ૨૦૦ ટકા થાય. આ વાત એટલા માટે કરવી છે કે ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવા માટે જે અહીંથી પ્રવચન કરવામાં આવ્યું છે એ મારી દ્રષ્ટિએ બિલકુલ અસંગત છે એવું આપના માધ્યમથી ગુજરાતની પ્રજાના ધ્યાન ઉપર મૂકવા માગું છું. અહીં બેઠેલાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ સાહેબે આના પહેલાં વિધેયક સન્માનનીય સભાગૃહમાં મૂક્યું હતું. જે પ્રમાણે ભારતીય જનતા પાર્ટીના અમારા વિચારો છે, અમારો સંકલ્પ છે. દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૌનો સાથ સૌનો વિકાસ અને અત્યારે તો સૌનો વિશ્વાસ એ સંપાદન કરી છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની વિચારધારાવાળી સરકાર 'અમારું શાસન સુશાસન'. તેના આધારે એક તરફી એટલે સતત એકતરફી બહુમતી ટકાવારીથી મત મળે તેનાથી વિશેષ ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મતદાન કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ક્યાંક બીઝનેસ કરીએ અને અકાળે ક્યાંક મોટું નુકસાન આવે અને એનો જે આઘાત આપણને લાગે એ આઘાતની અંદર ક્યાંક કોઇક માણસ આપણને મળવા આવે તો ત્યારે એ શું આપણને પૂછે એનું ભાન આપણને રહેતું નથી. આપણે એનો કેવો જવાબ આપીએ એ ભાન રહેતું નથી. તાજેતરની ૨૦૧૯ની ચૂંટણીમાં ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ૨૬માંથી ૨૬ સીટ, એ પણ ૨૦૧૪ની ચૂંટણીની અંદર જે ટકાવારીથી અમને મતદાન કર્યું હતું, અમને મત મળ્યા હતા એનાથી વિશેષ મત એ ભારતીય જનતા પાર્ટીને મળ્યા છે. એના આધારે આ વખતે આ વિધાનસભાની અંદર જે પ્રવચન કરવામાં આવ્યું એનો આઘાત હું માનું

છું ત્યાં સુધી બહુ મોટો લાગ્યો હોય એવું અહીંયાથી સ્પષ્ટ દેખાય છે. આ ગુજરાતની જનતા દિનપ્રતિદિન અમારું જે વિકાસનું ગ્રોથ એન્જિન છે એને આગળ ધપાવવા માટે અને પ્રજાની પણ એટલી ભૂખ છે કે આજે તમે એક રોડ બનાવ્યો હોય તો બીજો રોડ, આપણા વિસ્તારમાં એક અંડરબ્રિજ બનાવ્યો હોય તો બીજો અંડરબ્રિજ, આપણે એક કલાક પીવાનું પાણી આપતા હોઇએ તો પ્રજાની એવી ડીમાન્ડ છે કે એક નહીં પણ અમને ચોવીસ કલાક પીવાનું પાણી મળે અને એમાં પણ નર્મદાનું શુદ્ધ પાણી મળે. પહેલાંના સમયમાં તો ૧૮૦૦ ટીડીએસ વાળું પાણી પીતા હતા. આજે એ રોગોમાંથી છૂટકારો મેળવવા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે નર્મદાનું પાણી ગુજરાતના છ હજાર ગામડાઓમાં, લગભગ તમામ મહાનગરોની અંદર અને તમામ નગરપાલિકાઓની અંદર પાણી પહોંચાડવા માટેનું આ ભગીરથકાર્ય છે અને એના માટે કર લેવો એ ખૂબ જરૂરી છે. ઘણાં બધાં મિત્રો અહીંયા બેઠાં છે, કોઇ બીઝનેસમાં જોડાયેલ છે, કોઇ અલગ અલગ સંસ્થાઓમાં જોડાયા છે. એ સંસ્થાના હિસાબનો પણ સરવાળો કરવા માટે આવક અને જાવક આ બંન્નેનું સરવૈયુ ભેગું કરવા માટે એ કાયમ એના ઉપર ખૂબ ધ્યાન રાખતો હોય છે. હમણાં જ શ્રી પરેશભાઇએ કીધું કે દેશને વિશ્વગુરૂ ઉપર લઇ જવો હોય તો એમને એમ શક્ય નથી. ગુજરાતની અંદર કર અથવા તો એના માટેની આપણી યોજના, આપણી વહીવટી કુશળતા, જો આપણે સક્ષમ ન હોઇએ તો ક્યારેય એ શક્ય બનતું નથી. હું પણ એક ગામડાના મધ્યમ પરિવારમાં જન્મીને અહીંયા ઉપસ્થિત થયો છું. ૧૯૮૦ પહેલાંની આપણે વાત કરીએ. ગુજરાતની અંદર આ જ પ્રમાણે કર લેવાનું માળખું ખાલી ભારતીય જનતા પાર્ટીની સરકાર કે એના શાસનમાં નથી કર્યું. આ કર લેવાનું માળખું એ વર્ષોથી જ્યારે આપણા દેશમાં અંગ્રેજોનું શાસન હતું, રાજા રજવાડાઓનું શાસન હતું એ વખતે એમણે પ્રજાની સેવા માટે, પ્રજાની સુખાકારી માટે આ કર માળખાનું આયોજન કર્યુ હતું. જેમ જેમ વસ્તીનો વધારો થતો ગયો, જેમ જેમ લોકોની વિકાસની ભૂખ વધતી ગઇ, આજે ગામડામાં રહેતો દીકરો એમ સમજે છે કે મારે સારી સ્કૂલમાં ભણવું છે, મારે ડોક્ટર થવું છે, મારે એન્જિનિયર થવું છે, મારે વિદેશમાં ભણવા જવું છે પણ સાહેબ, આ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર જવાબદારીપૂર્વક એ કામ કરે છે અને દીકરાને વિદેશમાં ભણવા માટે એ પરિવાર પોતે પૈસાની વ્યવસ્થા નથી કરી શકતો એના હિસાબે અમારી સરકાર એને વિદેશમાં ભણવા માટે અને એમાં પણ એ વખતે ખેડૂતને જો લોન લેવી હોય ને તો એણે ૧૮ ટકા વ્યાજ ભરવું પડતું હતું. ઘણી વખત મિત્રો વાત કરતા હોય છે ધરતીપુત્રોની કે એ વખતે ૧૮ ટકા વ્યાજ ભરવું પડતું હતું અને ધીરાણ સમયસર મળતું નહોતું. આજે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોને ત્રણ લાખ રૂપિયા સુધીના ધીરાણ ઉપર ઝીરો ટકા વ્યાજ એ પણ અમારી સરકાર ભરપાઇ કરે છે. આ અમારું કામ છે અને આ અમારી સિદ્ધિ છે. એવા તો અનેક દાખલાઓ અમે પૂરવાર કરીએ. અમારી યોજનાઓ છે. ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં શાસન કરે છે, એકે એક યોજનાનું મૂલ્યાંકન કરો. આજે ગુજરાત નહીં દેશમાં નંબર વન તરીકે સ્થાન પ્રાપ્ત કરતું હોય તો એ ગુજરાત છે. અહીંયા ઘણા બધા મિત્રોએ વાત કરી. પીવાના પાણીની વ્યવસ્થા, સારામાં સારું એજ્યુકેશન પ્રાપ્ત થયું એની વાત કરી. અમદાવાદથી ગામડે જવું હોય અને ૫૦ કિલોમિટરનું અંતર હોય તો ત્રણ કલાકનો સમય થતો હતો. આજે ગમે તે બસસ્ટેન્ડ ઉપર ઉભા રહો. અમારી સરકારની એસ.ટી.નું કામ હોય, રોડ રસ્તા હોય, પૂરેપૂરી સગવડો સાથે અને પૂરેપૂરી વ્યવસ્થા સાથે અમારી સરકાર આ કામ કરી રહી છે. એ પ્રમાણે પહેલાં આપણે જોયું છે કે માણસ ખૂબ મોટા રોગમાં સપડાય અને એને સારવાર કરવી હોય તો નાના મોટા ઘરેણાં, ઘર કે જમીન હોય એ ગીરવે મૂકવા પડતા હતા. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે માં અને માં વાત્સલ્ય કાર્ડ યોજના બનાવી અને એનાથી પણ વિશેષ દેશના લોકપ્રિય વડાપ્રધાન અને વિશ્વમાં જેમને નામના પ્રાપ્ત થઇ છે એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશના ૧૦ કરોડ પરિવારો માટે આયુષ્યમાન ભારતની યોજનાનો અમલ કરી અને એ યોજના આજે નાના મોટા ગરીબ, મધ્યમવર્ગ, છેવાડાના માનવી એમ કહે છે કે આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી જેવા જ હોવા જોઇએ અને એવા આશીર્વાદ સાથે આજે અમારી સરકાર સતત કામ કરી રહી છે.

અધ્યક્ષશ્રી : અમારી નહીં, આપણી કહો.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : સોરી, માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકાર કામ કરી રહી છે. જે અહીંયા સુધારા બિલ લઇને માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ આવ્યા છે એને હું સમર્થન આપું છું. અમારું સૂત્ર છે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ સાથોસાથ હર હાથ કો કામ ઔર હર ખેત કો પાની. આ સૂત્રને ચરિતાર્થ કરવા માટે અમે જે સંસ્કાર લઇને આવ્યા છીએ એ આગળ વધે એ જ અભ્યર્થના.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૌશિકભાઇ બિમાર હોવાના કારણે માનનીય મહેસૂલ ખાતાના ઇન્ચાર્જ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ જે બિલ લઇને આવ્યા છે તે અંગે મારા વિચારો રજૂ કરવા માટે અને આ બિલ બહુ ઉતાવળે રજૂ કરવાના બદલે સામા પક્ષેથી બજેટ સત્ર શરૂ થયું ત્યારથી હું જે સૂત્રો સાંભળી રહ્યો છું તે પ્રમાણે આ બિલને મુલતવી રાખીને ફરી વખત વધારે આ બાબતમાં ચર્ચા વિચારણા કરીને મૂકવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર શ્રીઅરવિંદભાઇ હમણાં કહેતા હતા કે ૧૮ ટકા વ્યાજ ખેડૂતોએ ચૂકવવું પડતું હતું. હું સાંસદ રહી ચૂક્યો છું. ડો. મનમોહનસિંહજીની સરકાર વખતે ૭ ટકા વ્યાજ અને ૩ ટકા વ્યાજ એમાં રિબેટ આપીને ટૂંકી મુદ્દતનું ધિરાણ આપવાનું કામ કર્યું છે. એમાં કાંઇ ખોટું હોય તો શ્રી વિરજી ઠુમ્મર જાહેર જીવન છોડી દેવા તૈયાર છે. માત્ર વખાણ કરવા, વખાણમાં વાંધો ન હોઇ શકે. સૂત્રો બોલો છો સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ. અમારા વિસ્તારમાં નહીં,

માનનીય મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયા બેઠાં છે એમના વિસ્તારનું ગામડું પસંદ કરીએ અને હું અને અરવિંદભાઇ ગામડે જઇને કહીએ કે અમે આવો સુધારો વિધાનસભામાં દાખલ કરવા માગીએ છીએ. જો એકી અવાજે હા પાડશે (અંતરાય)

અધ્યક્ષશ્રી : તો વિધાનસભાની જરૂર જ નહીં. પછી વિધાનસભાની જરૂર નહીં, ધારાસભ્યોની જરૂર નહીં. આવું તો થોડું હોય.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, એ કહે છે એનો હું જવાબ આપું છું. અહીંયા જે હાઉસમાં બોલે છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : આવું ના હોય. આપની દલીલ જોરદાર રજૂ કરો ને.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : આવડા મોટા સુધારાઓ વિગતવાર લઇને આવ્યા છે એમાં આર્ટિકલ ૩૪, ૩૯, ૪૪ અને ૪૫. આર્ટિકલ ૪૫ ના ખંડ–૬ પેટાખંડ–૨ કલમ–ક ૧૦૦ રૂપિયાના બદલે ૩૦૦ મૂકવા તેવું જણાવ્યું છે. તેની સાથે 'જ' નામનો પણ વધારાનો પેઇજ નં.૧૩ ઉપર ઉલ્લેખ છે. આમાં ચોખવટ થઇ નથી. ઇંગ્લીશ વર્ઝન છે એમાં એચ કલમમાં ૧૦૦ના ૩૦૦ કર્યા છે. એટલે મને સમજાતું નથી કે તમે 'જ'માં ૩૦૦ કરવા માગો છો કે કેમ? આટલી ઉતાવળ કરીને બિલ લાવીને ૧૬૦ કરોડ રૂપિયાની શું જરૂર હતી? પાર્લામેન્ટનું સેશન ચાલે છે. પાર્લામેન્ટના સત્રમાં ગુજરાત ઉપર ૨૪૩ કરોડનું દેવું છે એવું પાર્લામેન્ટમાં કહેવામાં આવ્યું છે. આ ગૃહના નાણામંત્રીશ્રી કહેતા હતા કે પૈસા એને મળે જેની સાખ હોય. ૬ કરોડની જનતા છે. ઉત્તર પ્રદેશની ૨૨ કરોડની જનતા છે. ઉત્તર પ્રદેશ ઉપર ૪૧૪ કરોડનું દેવું છે અને આપણાં વિકાસશીલ ગુજરાત ઉપર ૨૪૩ કરોડનું દેવું? આ પાર્લામેન્ટનો આંકડો છે, શ્રી વિરજી ઠુમ્મરનો આંકડો નથી. વડાપ્રધાનશ્રીના આર્થિક સલાહકાર રૂપીન પોતે આર્થિક વ્યવસ્થા માટે જણાવી રહ્યાં છે કે આ દેશ ખૂબ જ આર્થિક સમસ્યા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે આટલો બધો બોજો નાખવાની શું ઉતાવળ છે? ખેડૂતોને આમાં જરૂરિયાત પડશે, ૬ કરોડની જનતાને જરૂરિયાત પડશે, કોઇને પાસપોર્ટ કઢાવવો હોય, કોઇને આવકનો દાખલો લેવો હોય, કોઇને કોઇ નાની–મોટી બીજી બાબતો હશે ત્યારે પણ દાખલો લેવાની જરૂર પડશે ત્યારે એફિડેવિટ કરવું પડશે. વિદ્યાર્થીઓ રોજ દાખલો લેવા માટે ઇ–ધરા કેન્દ્રમાં ઊભા હોય છે. ખેડૂતો સતત લાઇનમાં ઊભા હોય છે. રોજ અમારે ત્યાં ફોન આવી જાય છે કે વિરજીભાઇ લાઠીમાં આવડી મોટી લાઇન છે તમે કેમ બહાર પાડતા નથી? દાખલાઓ માટે સતત લોકો લાઇનમાં ઊભા રહે છે. એના સીધા ૨૦ રૂપિયાની એફિડેવિટના ૫૦ રૂપિયા કરી દેવાના? એના ઉપર પાછું સ્ટેમ્પ ફ્રેકિંગ કરવા જાશે. જો એની આવક વધી હશે તો બેંકવાળા ફ્રેકિંગમાં વધારે પૈસા લેવાના છે. ખેડૂતોને આવકના દાખલામાંથી બચાવવાના બદલે આ પ્રકારની જે કામગીરી શરૂ થઇ છે તેમાં માનનીય અધ્યક્ષશ્રી, હું સંમત થઇ શકતો નથી. અનેક ખંડોના આર્ટિકલ છે. બધા આર્ટિકલનો મેં પણ અભ્યાસ કર્યો છે પણ પરેશભાઇએ બહુ ડિટેઇલમાં સમજાવ્યું છે એટલે હું બહુ લાંબો સમય નહિ લઉં. એકે એક આર્ટિકલ્સની વાત થઇ શકે એમ છે. આપણે વાત કરીએ છીએ કે છૂટાછેડા ૧૦૦ રૂપિયામાં લઇ આવતા હતા. ત્રણ તલાકની રોજ વાતો થાય છે. ત્રણ તલાકના સતત દાખલાઓ આપવામાં આવે છે ત્યારે અમુક કોમ્યુનિટીને ત્રણ તલાકમાં છૂટાછેડા મળતા હતા એના બદલે હવે તો ૩૦૦ રૂપિયા ભરીને છૂટાછેડા લેવાશે આ કેવી રીતે કાયદો લાવવા માગો છો? (અંતરાય) છૂટાછેડા નહીં થયા હોય તો અમે શ્રી ગોવિંદભાઇની પણ સલાહ લેશું. આ પ્રકારની પરિસ્થિતિ લઇને આવ્યા છે ત્યારે આટલી મોટી આવક વધારવા માટેની જે વાત કરી છે ત્યારે એન.એસ.એસ.નો અહેવાલ તાજેતરમાં બહાર પડ્યો છે. હિન્દુસ્તાનની ૫૦% વસતિ આજે રોજગાર ગોતી રહી છે આ એન.એસ.એસ.નો રિપોર્ટ છે. (અંતરાય) તમેય બાપુ બોલ્યા છો. આપ કહો છો કે રસ્તાઓના વિકાસ માટે, રોજગારીની તકો ઊભી કરવા માટે, સ્કૂલમાં બાળકોને ભણાવવા માટે આ પૈસાની જરૂર છે. ત્યારે જે લોકો બેકાર થઇ રહ્યા છે અને એના માટે આપણે આઉટ સોર્સીંગથી કામ કરાવીએ છીએ, નિવૃત્તોને પાછા પગાર આપીને લેવામાં આવે છે ત્યારે આ નવજુવાન જે માત્ર ૫૦૦૦માં નોકરી કરે છે એની ચિંતા કરીને ૧૬૦ કરોડ લાવ્યા હોત તો મારે વિરોધ કરવાની જરૂર નહોતી. આવડું મોટું આ દેશનું, રાજ્યનું કરજ વધી ગયું છે એવી પણ વાત થઇ છે ત્યારે જો કરજ વધતું હોય તો થોડો કરજમાં વધારો કરીને ૧૬૦ કરોડનો જે બોજો નાખવા માટેની વાત લઇને આવ્યા છે ત્યારે કેવડા મોટા ઉદ્યોગગૃહોના પૈસા બાકી છે? તાજેતરમાં જે પ્રશ્નો થયા, ખાણખનીજના જે દંડ થયા કરોડો રૂપિયા, માત્ર અમરેલી જિલ્લાનો મેં પ્રશ્ન પૂછ્યો હતો. ૭૮ કરોડ રૂપિયા તો ખાણ ખનીજમાં જે દંડ કર્યો છે એ ઉઘરાવવાનો બાકી છે. આ બજેટમાં નીતિપૂર્વક એ વસૂલ કરવા માટેનું લાવ્યા હોત તો અમે ટેકો આપવા તૈયાર હતા. એસ્સારમાં કેટલા રૂપિયા બાકી છે? સી.જે.ચાવડા વાત કરતા હતા. કુંવરજીભાઇ નથી. એમના વિભાગના કરોડો રૂપિયા બાકી છે. આ કરોડો રૂપિયા વસૂલ કરવાને બદલે સામાન્ય માણસ, વિદ્યાર્થી જે ભણવા જતો હોય અને એને દાખલાની જરૂર પડે તો ૨૦ રૂપિયામાં પડતું હતું એના ૫૦ રૂપિયા કરી નાખ્યા. નાનામોટા દાખલા માટેના પૈસા વધાર્યા છે એટલા માટે આ જે બિલ લઇ આવ્યા છે એમાં સંમત થઇ શકાય તેમ નથી અને મારે માનનીય ભૂપેન્દ્રસિંહજીને વિનંતી કરવી છે કે કૌશિકભાઇની પાસે આપણે બધા જ પ્રાર્થના કરીએ કે આ ખાતાના મહેસૂલ પ્રધાન, એક દોઢ વર્ષથી કામગીરી કરે છે એને બરાબર ખ્યાલ હશે. પોતાની તબિયતના કારણે કદાચ અભ્યાસ નથી કર્યો. એ પાછા આવે ત્યારે એમની સાથે ચર્ચાવિચારણા કરીએ અને આ બિલ ત્યાં સુધી આપણે બાકી રાખીએ અને એને વિચારણામાં ન લાવીએ. બીજા અનેક બિલો આપણી પાસે છે. એવી વિચારણા સાથે ભૂપેન્દ્રસિંહભાઇ ગંભીર રીતે વિચારશે. (અંતરાય) શ્રી કૌશિકભાઇ જલદી સાજા થાય એ તો મેં પહેલાં કીધું. આખું હાઉસ વિચારીએ છીએ. આખું હાઉસ વિચારે છે એટલી ચિંતા કરે છે ત્યારે એટલો સમય આ બિલને મુલતવી રાખો એવી લાગણી વ્યકત કરું છું.

## ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): સાહેબ, શ્રી કૌશિકભાઇ આવશે એટલે બીજું બિલ લઇને આવશે. રૂ.૧૬૦ કરોડ માટે ત્રણ કલાક કે સાડા ત્રણ કલાક થયા. અમારા શ્રી સૌરભભાઇએ, રાજ્ય સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણામંત્રીશ્રીએ બે જ મિનિટમાં ગુજરાતના ખેડૂતો માટે ૩૦૦ કરોડ રૂપિયા આપ્યા. અમારા શ્રી અરવિંદભાઇએ કહ્યું...

અધ્યક્ષશ્રી : અહીંયા સત્તાધારી પક્ષવાળા પાટલી થપથપાવે એના કરતા જોરથી થપથપાવો તો ખબર પડે. થપથપાવોને પણ. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અરવિંદભાઇએ કહ્યું કે સબ કા સાથ, સબ કા વિકાસ, સબકા વિશ્વાસ સાહેબ એ યથાર્થ કહ્યું છે. માનનીય પરેશભાઇ, સી.જે. અને બાકી બધા લોકો અહીંયા કહો છો એ ૧૪ વર્ષથી કહો છો. અહીંયા કહો છો, બહાર કહો છો, દેશમાં પણ છેલ્લા પાંચ વર્ષથી કહેતા હતા. સવાલ વિશ્વાસનો છે સાહેબ. જી.એસ.ટી.નો કેટલો વિરોધ કર્યો? નોટબંધીમાં લોકો દિવસો સુધી લાઇનમાં ઉભા રહ્યા પણ એક વિશ્વાસ કે આ પ્રધાનમંત્રી જે કરે છે એ દેશ માટે કરે છે. સવાલ વિશ્વાસનો છે અને આ બિલમાં પણ લોકોને વિશ્વાસ છે જ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર જે કંઇ કામ કરે છે એ અમારા માટે કરે છે, અમારા લાભ માટે કરે છે. માનનીય પરેશભાઇ, જરા સુધારો કરું છું. આપે કહ્યું કે લગ્ન નોંધણીની સ્ટેમ્પ ડ્યુટી, વાંઢાઓ માટે ખૂબ લાગણી બતાવી. શ્રી પ્રતાપભાઇ, તમે સાંભળતા હશો. અનેકવાર બોલતા હતા. પીન ચોંટી ગઇ હતી. ૧૯૯૩ સુધી ૧૦ રૂપિયા હતા. ૧૯૯૩માં તમારા ટેકાથી શ્રી ચીમનભાઇની સરકાર હતી. તમે ૧૦ રૂપિયામાંથી તા. ૫–૪–૧૯૯૩ના દિવસે ૨૫૦ રૂપિયા કર્યા હતા. હું તો અંગ્રેજીનો વિદ્યાર્થી છું. શ્રી સૌરભભાઇ કેટલા ટકા થયા કહો? આ હું તારીખ સાથે કહું છું. ફરીથી નરેન્દ્રભાઇની અમારી સરકાર હતી તા.૧–૪–૨૦૦૬ના સુધારાથી ૨૫૦માંથી અમે ૧૦૦ કર્યા અને આજે ૨૦૦ કરીએ છીએ. પેલા ૧૦ના ૨૫૦ એટલે કેટલા ગણા? માનનીય અધ્યક્ષશ્રી, અમારા શ્રી ગોવિંદભાઇએ સાચું કહ્યું કે વધારે હોય તો છૂટાછેડા ઓછા થાય. સમાજ માટે સારું કહેવાય. આમાં કંઇ ખોટું નહિ. ૨૦૦૬ પહેલા ૫૦૦ હતા, પછી અમે ૧૦૦ કર્યા એના અમે ૩૦૦ કરીએ છીએ. સી.જે. ચાવડા અહીંયા હું વિગતવાર કહી ગયો છું. દરેક ઉત્સવમાં. હજુ કહું છું અભ્યાસ કરો. ઠેકડી ન ઉડાડો. જઇને પૂછો કે નવરાત્રિ દરમ્યાન એક નાનો મંડપવાળો આખા વર્ષની કમાણી કરે છે. એક નાના એવા ટાઉનમાં એક નાની ગાયિકા, એક ગાયક, તબલાવાળો, એક ભજિયાવાળો ૧૦ દિવસની આવકમાંથી ૬ મહિના ટૂંકા કરે છે, કોઇ ૧૨ મહિના ટૂંકા કરે છે. ફરીવાર કહું છું તમે ઠેકડીના સ્વરૂપમાં ન લેતા. લોકોને ગમતું નથી. તમારા હિત માટે કહું છું. ગ્યાસુદીનભાઇ, ઇમરાનભાઇ ક્યાં ગયા? પતંગ ઉત્સવમાં ૩૦–૩૫ કરોડમાંથી ૩૦૦ કરોડનું ટર્નઓવર. ૯૮ ટકા મારા મુસલમાન ભાઇઓ એમાંથી કમાય છે. પહેલા ૩ મહિનાની મજૂરી મળતી હતી. હવે ૧૨ મહિનાની મજૂરી મળે છે. તમે શાને ઠેકડી ઉડાડો છો. ઉત્સવ, ઉત્સવ કરીને. રણોત્સવ. કચ્છના લોકોને પૂછો. એની ઇકોનોમી કેટલી? બીજું, શ્રી પરેશભાઇ, તમે ખેડૂતોનો ઉલ્લેખ કર્યો કે પૈસા આપવા પડશે. રાજ્યના ખાતેદારો પોતાની જમીન હક્ક સંબંધી વિગતોથી અપડેટ રહે તે હેતુસર ગામ નમૂના નં. ૭ અને ૮ની નકલો દર વર્ષે એક વખત પછી એ રાખી મૂકે. એક વખત ખાતેદારોને વિનામૂલ્યે વિતરણ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય છે. આ બધી જ બાબતો(અંતરાય) ઓફિશિયલ કહું છું. આમાંથી કોઇને તકલીફ પડે તો તમે આવજો. જેમ ગઇકાલે બંને મિત્રોને બોલાવ્યા હતા. સોમવારે મને કહેજો અને આજે હું કહું છું. એમાં કંઇ અમલ થતો નથી. લાખાભાઇ, તમે જે સ્થાવર મિલકતની વાત કરી. એમાં પણ પેલા ૧૦ થી ૧૪.૮૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી હતી. અમે ક્રમશઃ એમાંથી ૧૧.૨૦ કરી, ૮.૪૦ કરી, ૫.૯૫ કરી અને આજે ૪.૯૦ છે. હું મારા પ્રીએમ્બલ પ્રવચનમાં કહી રહ્યો છું. આમાં અમે કોઇ વધારો કરતા નથી. હજુ ૭ બિલો બાકી છે એટલે વધારે સમય લઉં એ વ્યાજબી નથી. આજે સવારે પ્રશ્નોત્તરીમાં બે ધારાસભ્યો શ્રી અજિતસિંહ બીજા મિત્ર શ્રી ઇન્દ્રજિત કદાચ હશે. અમારે જી.આઇ.ડી.સી. જોઇએ છીએ. આ બધી સગવડો એ બધા જ કરવેરા ભેગા થઇ તિજોરીમાં જમા થાય છે અને એમાંથી બધા જ વહીવટમાં તમે જુઓ છેલ્લા કેટલાંક વર્ષોથી સમાજ જીવન છે, સમાજનો સ્વભાવ છે, પણ એમાંથી કોઇ લીકેજ ન રહે અને ૮૦–૮૫ રૂપિયા અને ૧૫ પૈ. જૂની કહેવત. જૂની વાત થઇ ગઇ. એમાંથી અમે શીખ્યા છીએ. ગરીબ કલ્યાણ મેળામાંથી અમે શીખ્યા. ૫૦ કેમેરા અને ૫ હજાર લોકોની વચ્ચે હાથોહાથ અમે લાભો આપ્યા. કોઇ ગરબડ ન થાય પેલી ૮૫ પૈસા અને ૧૫ પૈસામાં. આમાં પણ અમે શીખ્યા છીએ. હું ફરીવાર કહું છું કે સમાજનો સ્વભાવ હોય અને આદત હોય તેમાં કોઇપણ છીંડુ ન રહે, અમે એન.એ. હોય, કોમ્પ્યુટરાઇઝેશન હોય, દબાણ હોય આપ કલ્પના તો કરો આ બધી જ પ્રક્રિયા અમે પારદર્શક કરી છે. લોકોને પચ્ચીસ વર્ષથી વિશ્વાસ હોય ને તો તેનું એક જ કારણ છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર કેન્દ્રમાં અને રાજ્યમાં પારદર્શક છે. રાજકારણમાં કહેવત છે કે એન્ટી ઇન્કમબન્સી. આ દેશના ઇતિહાસમાં આઝાદી પછી પહેલીવાર અને રાજકારણના બધા જાણકારો એમણે કબૂલ કરવું પડ્યું કે હવે રાજકારણમાં બીજો શબ્દ પણ છે અને તે પ્રોઇન્કમબન્સી છે. ૨૦૧૯ના લોકસભાના પરિણામોએ તે સાબિત કરી બતાવ્યું છે. એટલે આ જે બિલ છે તેમાં જે કંઇ વધારો ૧૬૦ થી ૧૭૦ કરોડનો થશે તે પૈસા અમે પ્રજાકીય કામમાં જ વાપરવાના છીએ. તેમાં ક્યાંય કોઇ ગરબડ ન થાય, પારદર્શક રીતે થાય તે કરીશું. મેં કહ્યું અને આપે કહ્યું કે અમારે રસ્તા જોઇએ છે. શરૂઆતમાં આપણને બધાને ખબર છે કે સિંગલ રસ્તા હતા. અમદાવાદથી વડોદરા જવું હોય તો ખેડામાં શું હતું? આપણે બધા સાક્ષી છે. ખેડામાં શું હતું? દસ કિલોમિટર આમ હશે, દસ કિલોમિટર આમ હશે. આજે ગુજરાતના સિંગલ રસ્તા ડબલ થયા, ડબલ રસ્તા ફોરલેન થયા અને ફોરલેન રસ્તા સીકસ લેન થવા જઇ રહ્યા છે. સરકારની તિજોરીમાં જે કંઇ આવક

મળે છે તેનું પરિણામ છે. નર્મદા ડેમ પૂરો થયો તો કેવી રીતે થયો? અનેક વિકાસની વાતો હું ગણાવું તો અને માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીના શાસનમાં શરૂ થયેલી નવી આઇટમો ગણાવું તો તેમાં એક કલાકથી વધારે સમય જોઇએ. તે બધી વિકાસની વાતોના અમલીકરણ માટે આ બિલ લઇને આવ્યા છીએ. મારી તમને બધાને વિનંતી અને અનુરોધ છે કે સર્વસંમતિથી આ બિલ પસાર કરો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧ સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ-૨, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૧ સન ૨૦૧૯નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૧૯ના ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**(વિરામ સાંજના ૬.૩૪ થી ૭.૦૦ વાગ્યા સુધી )**

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૭**
**ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા)વિધેયક, ૨૦૧૯**
**ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી સૌરભ પટેલ(ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૭, સન-૨૦૧૯ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૭, સન-૨૦૧૯ના ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી એમના બજેટના પ્રપોઝલ્સમાં રાજ્યના વિકાસ માટે ઉદ્યોગો જે વીજળી વાપરે છે અને એમાં ખાસ કરીને કેપ્ટીવ ઇન્ડસ્ટ્રીઝ એના ઉપર ૫ પૈસા વીજળીની ડ્યુટી વધારવાનો નિર્ણય લીધો અને એટલે હું આ બિલ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જોવા જઇએ તો બિલ સ્વયં સ્પષ્ટ છે એટલે હું બહુ સમય નહીં લઉં અને કેમ લેવામાં આવે છે એની થોડી માહિતી આપું, વીજળીની જેટલી વપરાશ હોય એના ઉપર ઇ.ડી. લેવામાં આવે છે અને આ ઇ.ડી.જે લઇએ છીએ એ રાજ્યની તિજોરીમાં આવક તરીકે જમા થતી હોય છે. હવે બે ટાઇપની ઇલેક્ટ્રિસિટી ડ્યુટી લેવામાં આવે છે, એક એડવેલોરમ. એડવેલોરમ એટલે કે જેમ વીજળીના ભાવ વધતા જાય એમ ઇલેક્ટ્રિસિટી ડ્યુટી વધતી જાય. એટલે દાખલા તરીકે ૧૫ ટકા ઇ.ડી. હોય તો ૫ રૂપિયાનો ભાવ હોય તો ૧૫ ટકા લેખે ૭૫ પૈસા થાય, ૬ રૂપિયાનો ભાવ હોય તો ૯૦ પૈસા થાય એ પ્રમાણેની ઇલેક્ટ્રિસિટી ડ્યુટી વધારે રાજ્ય સરકારને મળતી હોય છે અને આ સામાન્ય રીતે જે આપણી ચારેય કંપનીઓ છે યુ.જી.વી.સી.એલ., એમ.જી.વી.સી.એલ., પી.જી.વી.સી.એલ. અને ડી.જી.વી.સી.એલ. એ સરકારી કંપનીઓ જે વીજળી વેંચે છે એમાં એડવેલોરમ લે છે અને એ ઉપરાંત ખાનગી ક્ષેત્રમાં ટૉરેન્ટ સુરત અને અમદાવાદમાં સરકારના વતી ડ્યુટી લે છે અને સરકારને આપે છે. એક બીજી ડ્યુટી જે લેવામાં આવે છે એ કેપ્ટીવ પાસેથી લેવામાં આવે છે, કેપ્ટીવ એટલે પોતે વીજ ઉત્પાદન

---

* વિધેયક તા.૨૪મી જુલાઇ, ૨૦૧૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરે છે, પોતે મૂડી રોકાણ કરે છે, પોતે પ્લાન્ટ નાંખે છે અને પોતે વીજળી વાપરે છે. એ કેપ્ટીવવાળા પોતાને માટે વીજળી વાપરવા માટે એ પ્લાન્ટ નાંખતા હોય છે. હવે એની અંદર આપણે ફીક્સ રેટ લઇએ છીએ, ફીક્સ રેટ એટલે પૈસા નક્કી થઇ ગયા હોય છે કે ૫૫ પૈસા નક્કી હતા તો ૫૫ પૈસા ડ્યુટી આપણે એમની પાસેથી લેતા હતા. હવે એ ફીક્સ લેવાનું કારણ શું હતું? તો આવી ૨૦–૨૫ ફેક્ટરીઓ હોય કે ૨૫–૫૦ ફેક્ટરીઓ પોતાનું કેપ્ટીવ ઉત્પાદન કરતા હોય દરેકનું ફ્યુઅલ જુદું હોય. કોઇ કોલસામાંથી વીજ ઉત્પાદન કરતા હોય, કોઇ ગેસમાંથી કરતા હોય, કોઇ ડોમેસ્ટીક કોલમાંથી કરતું હોય તો આ જુદા જુદા ફ્યુઅલના કારણે દરેકની પડતર જુદી હોય છે અને એટલે વર્ષોથી કેપ્ટીવ માટે આપણે ફીક્સ રેટ રાખતા હતા. હવે ફીક્સ રેટ રાખવાના કારણે આપણે આવક ચોક્કસ થતી હતી પરંતુ જે એડવેલોરમ છે, જે જી.યુ.એન.એલ.ની કંપનીઓ કલેક્ટ કરે છે અને જે કેપ્ટીવ છે એમાં તફાવત ઘણો હતો અને એ તફાવત ઓછો કરવા માટે અને રાજ્યની આવક વધારવા માટે આ વખતે રાજ્યના આદરણીય નાણાં મંત્રીશ્રીએ પાંચ પૈસાનો વધારો કર્યો છે અને આ પાંચ પૈસાના વધારાના કારણે આપણને આશરે ૮૦ કરોડ રૂપિયાની આવકમાં વધારો થવાનો છે. મારે આ ગૃહને કેપ્ટીવ જનરેશન ગુજરાતમાં કેટલી ઇન્સ્ટોલ કેપેસીટી છે એની ખાલી માહિતી આપવા માગું છું. કેપ્ટીવ એક જમાનામાં ૨૦૦૬–૦૭ની અંદર ૫૩૧૪ મેગાવોટ હતું, હવે ૨૦૧૮–૧૯ની અંદર એ ૧૩૩૦૬ મેગાવોટની આપણી ઇન્સ્ટોલ કેપેસીટી છે. જરૂરી નથી કે આ બધું ચાલુ હોય, જરૂરિયાત પ્રમાણે ચલાવે, એટલે એની અંદર જે યુનિટ જનરેટેડ છે એ ૨૦૦૬–૦૭માં ૧૪૭૯૩ હતા જે આજે વધીને ૩૩૮૧૬ થયાં છે. એટલે આની અંદર જે શરૂઆતના યુનિટો નંખાયા એ યુનિટો એકઝેમ્ટેડ હોય એટલે એ બાદ કર્યા પછી ચાર્જેબલ યુનિટ્સ હોય એટલે આજની તારીખમાં ૨૦૧૭–૧૮માં ૧૬૨૫૪ હતું જે અત્યારે ૨૦૧૮–૧૯માં ૧૯૬૬૩ યુનિટ થયું છે. એટલે આપણી આવક ૨૦૧૮–૧૯માં ૧૩૮૮ કરોડ રૂપિયા આ કેપ્ટીવ દ્વારા થાય છે. એટલે આ કેપ્ટીવમાં પાંચ પૈસાના વધારાના કારણે જે અત્યારે ૫૫ પૈસા છે એના ૬૦ પૈસા કરવામાં આવેલ છે અને ૬૦ પૈસાના કારણે આશરે ૮૦ કરોડ રૂપિયાની આપણને વધારે આવક મળશે. પહેલાં કેટલા ઇ.ડી. હતા એ આપને કહું, ૧૯૮૩માં ૧૦ પૈસા હતો, ૧૯૯૯માં ૪૦ પૈસા હતો, ૨૦૧૩માં ૫૫ પૈસા કર્યો અને અત્યારે ૬૦ પૈસા કર્યો છે. એટલે આ ૬૦ પૈસાની પ્રપોઝલ લઇને હું આવ્યો છું અને મને વિશ્વાસ છે કે રાજ્યની તિજોરી માટે આ ૭૦–૮૦ કરોડ રૂપિયા વિકાસના કામો માટે જરૂરી છે, ખેડૂતો માટે જરૂરી છે, જેમ હમણાં જ મેં કહ્યું કે આપણે બે કલાક વધારે વીજળી આપીશું, કેટલા કલાકો આપીએ છીએ એનાથી ૩૦૦ કરોડ કે ૫૦૦ કરોડ રૂપિયાનો વધારે ખર્ચ સરકારથી થઇ શકે છે એટલે જ્યાં જ્યાં પાણી છે ત્યાં એનો લાભ મળવાનો છે, જ્યાં પાણી નથી એમાં આપણે કંઇ કરી શકતા નથી પણ મારે આપ સૌને એટલી જ વિનંતી કરવાની કે આનું ભારણ કોઇ નાના વ્યક્તિ ઉપર નથી, કોઇ ઘર વપરાશ ઉપર નથી, કોઇ નાના ઉદ્યોગ ઉપર નથી, જે વ્યક્તિ રાજ્ય સરકાર પાસેથી વીજળી ખરીદે છે, એને કોઇ ભારણ નથી. આ માત્રને માત્ર ૮૦ કરોડ રૂપિયાનું ભારણ. જે મોટા ઉદ્યોગો છે એ પોતાની જાતે મથકો નાંખે છે અને પોતે વાપરે છે એના ઉપર જ આનું ભારણ છે. બીજાં કોઇના પર ભારણ નથી આટલી મારી વાત અને આટલી સ્પષ્ટતા મારે આ હાઉસને કરવી હતી.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યુત શુલ્ક સુધારા બિલ લઇને ઉર્જાવાન ઉર્જામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ આવ્યા છે ત્યારે હું મારા અવલોકનો આપના મારફત ગૃહ સમક્ષ મૂકવા માગું છું. નથી ગમતું ઘણું બધું, પણ કંઇક એવું ગમે છે જેને કારણે ગૃહની ચર્ચામાં ભાગ લેવાનું પણ ગમે છે. વિદ્યુત શુલ્ક સુધારાના આ બિલ ઉપર આવતા પહેલાં હું થોડોક ફ્લેશ બેકમાં જવા માગું છું. માનનીય નીતિનભાઇ નથી પણ આપની અનુમતિથી થોડીક હળવી શૈલીમાં વાત કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : હળવી શૈલીની વાત છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના ઉપનેતા અને નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલે બજેટ ખૂબ હોંશ અને ઉમળકાભેર રજૂ કર્યું. સૌરભભાઇએ કહ્યું એમ, બજેટના 'ખ' ભાગમાં એમણે ૫૫ પૈસાના ૭૦ પૈસા લેવાની વાત કરેલી, માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે એમણે જે કોટી પહેરી હતી એના ચાર ખિસ્સા પ્રજા માટે બજેટમાં ખાલી કરી દેવાના મૂડમાં લાગ્યા હતા. પણ બજેટના 'ખ' ભાગમાં કેપ્ટીવ પાવરની ડ્યુટી માટે ૫૫ પૈસામાંથી ૭૦ પૈસા કરીને કોટીના • (xxx) એમણે જાહેરાત કરી,

અધ્યક્ષશ્રી : આ *(xxx) વાત કાઢી નાંખવામાં આવે છે. શોભતું નથી. ચાલો આગળ વધો.

શ્રી બ્રિજેશ મેરજા : રાજ્યના ખિસ્સા, રાજ્યની તિજોરીના ખિસ્સા, લેખાં જોખાંમાં માહેર નાણા મંત્રીશ્રી, એક હાથે,

અધ્યક્ષશ્રી : બધા કોટી પહેરવાનું બંધ કરી દેશે મારા ભાઇ,

શ્રી બ્રિજેશ મેરજા : એક હાથે દો.. નથી પહેરતા ભાઇ,

અધ્યક્ષશ્રી : તો માનનીય મોહનભાઇ પાસેથી કંઇ શીખોને,

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી ગુજરાતની તિજોરી ભરવા માટે એક હાથે દો અને બીજા હાથે લો એમાં માનતા હોય છે સારી વાત છે. હું બજેટના લેવડ દેવડની વાત કરું છું. કોઇ ભળતું ના સમજી લે. એક હાથે ખૂબ આપ્યું બીજા હાથે લેવાનું ઓછું રાખ્યું આ વાત અત્યારે હું દોહરાવું છું. આમ તો આપણા માનનીય નીતિનભાઇ,

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભાગૃહના અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૯

## ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા)વિધેયક, ૨૦૧૯

અધ્યક્ષશ્રી : તમે માનનીય નીતિનભાઇ ઉપર બોલો છો કે બિલ ઉપર બોલો છો ?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આવું છું સાહેબ.

અધ્યક્ષશ્રી : ના, ના, ના આવશો, તમે બિલ ઉપર તરત આવી જાવ.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે મને મોકો મળ્યો છે દસ મિનિટથી વધારે વાત પણ નહીં કરું હું સમયની કિંમત સારી રીતે સમજું છું પણ આજે માંડ અમારી ગાડી ગીયરમાં પડે છે.

અધ્યક્ષશ્રી : સમયની કિંમત હોતી જ નથી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, સ્પીડ બ્રેકર આવે છે કે સમય પૂરો થાય છે પણ આજે તો એ સ્પીડ બ્રેકરમાંથી મુકિત મળી છે.

અધ્યક્ષશ્રી : જરૂરી નથી, તમને હું ક્લોઝર આપી શકું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, કવિ નર્મદની શૂરાતનભરી શૈલી જેવું એક વાક્ય છે ''ડગલું ભર્યુ કે ના હટવું,'' એવા અડગ નિર્ધારવાળા માનનીય નીતિનભાઇ, હું ખૂબ હળવાશથી કહેવા માગું છું કે આમાં પીછેહઠ કેમ કરી? ૫૫ પૈસામાંથી ૭૦ પૈસા લેવાના હતા અને પાછાં ૬૦ પૈસે કેમ આવી ગયા ? એની વે, વે રાઝ કો રાઝ રહેને દો.

માનનીય અધ્યક્ષશ્રી, હું એમ નહીં કહું કે ઉદ્યોગ ગૃહ સામે ઝૂકી ગયા પણ હું એટલું તો જરૂર કહીશ કે સોફ્ટકોર્નર દાખવ્યો છે. વાત પાવરની કરી રહ્યો છું ત્યારે જરૂર કહીશ કે અમારા નાણામંત્રીશ્રી અને અમારા પાવર મંત્રીશ્રી બન્ને પાવરફૂલ છે, પાટીદારો છે. હું અહીં કોઇ જ્ઞાતિની વાત કરવા માગતો નથી પણ પાટીદાર પ્રતિભાની વાત કરું છું કોઇ પણ જ્ઞાતિમાં પ્રતિભા પાણીદાર હોઇ શકે. ખેર, મુદ્દા ઉપર આવું.

અધ્યક્ષશ્રી : અત્યાર સુધી શેના ઉપર હતા ?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી સમજણ કંઇક એવી છે ઉદ્યોગકારો પોતાનું ઔદ્યોગિક યુનિટ ચલાવવા માટે બે પ્રકારે પાવર મેળવે છે.

અધ્યક્ષશ્રી : આ ગદ્ય અને પદ્યની અંદર મજા નથી આવતી. તમે કાં તો ગદ્ય કહો અને કાં તો પદ્ય કહો બેમાંથી એક કહો. આ તો તમે મિક્સ કરો છો.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, ગદ્ય ઉપર આવી જાઉં ચાલો. ઉદ્યોગકારો પોતાનું ઔદ્યોગિક યુનિટ ચલાવવા માટે બે પ્રકારે પાવર મેળવે છે. એક ડિસ્ટ્રીબ્યુશન કરતી પાવર કંપની પાસેથી, તે સરકારી ઇલેકટ્રિક કંપની હોઇ શકે. હમણાં સૌરભભાઇએ વાત કરી તેમ પીજીવીસીએલ હોઇ શકે, મિન્સ કે જીઇબીની કોઇ પણ કંપની હોઇ શકે. ઉપરાંત ખાનગી ટૉરેન્ટ કંપની અને સુરતની ઇલેકટ્રિક કંપની પણ હોઇ શકે. એ કન્ઝમ્પ્શન જે કરે છે તે કંપનીની વાત થઇ. બીજું, ઔદ્યોગિક એકમો ઉદ્યોગના વપરાશ માટે સ્વયં પોતાનો પાવર જનરેટ કરે તેને કેપ્ટીવ પાવર કહેવાય. જે ઔદ્યોગિક ગૃહો ખરીદીને પાવર વાપરે તેમાં ઇલેકટ્રિક ડ્યુટીની વાત કરીએ તો હમણાં માનનીય સૌરભભાઇએ વાત કરી એડવોલેરમ ધોરણે એટલે કે ટેરિફ વધે તો ઇલેકટ્રિક ડ્યુટી ઓટોમેટિક વધે. મે આઇ રાઇટ, સૌરભભાઇ ? એ રીતે કેપ્ટીવ પાવરના વપરાશમાં ફિક્સ ઇલેકટ્રિક ડ્યુટી સુનિશ્ચિત કરાતી હોય છે. ચાહે ખાનગી વીજ ઉત્પાદક ઉદ્યોગો યુનિટને પડતર કિંમતે જો વધે કે ઘટે, ભારત સરકારનો જે મોંઘવારી દર છે તે ઘટે તો એ રીતે તેની પડતર કિંમત વધતી–ઘટતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ઇલેકટ્રિક ડ્યુટી પ્રતિ યુનિટ જે ૫૫ પૈસા છે તે ૭૦ પૈસા કરવાની વાત હતી. હવે ૬૦ પૈસા કરવાની વાત છે ત્યારે મારે એટલું કહેવાનું છે, રસ પડે એવો વિષય છે. કોઇએ આપને પૂછ્યું કે તમે આટલા બધા ખુશ કેવી રીતે રહી શકો છો ?

અધ્યક્ષશ્રી : મારી પત્ની પરદેશ છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇએ આપને પૂછ્યું કે તમે આટલા બધા ખુશ કેવી રીતે રહી શકો છો, આપે કહ્યું કે કેટલાકનું સાંભળી લઉં છું અને કેટલાકને સંભાળી લઉં છું.

અધ્યક્ષશ્રી : થેંકયુ.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો રાજ્ય સરકાર નવા ઔદ્યોગિક યુનિટને પાંચ વર્ષ માટે ઇલેકટ્રિક ડ્યુટી માફી આપે છે. સારી વાત છે એડિશનલ એમાં એકસ્પાન્સન કરે તો તેને પણ પાંચ વર્ષ માટે ઇલેકટ્રિક ડ્યુટી માફી આપે છે. ઉદ્યોગોને આ રીતે આર્થિક ઉત્તેજન આપે છે. સારી વાત હશે તેની અમે સરાહના કરીશું.

શ્રી બ્રિજેશ મેરજા : એને અમે આવકારીએ છીએ. આથી આગળ કહું કે સારી વાતને સ્વીકારવાની અમારી ખેલદિલી તો છે પણ ખેડૂતોને મીટરને બદલે હોર્સ પાવર આધારિત ટેરિફની સગવડ આપવામાં આવે તો અમે એમના ઉપર વધુ આફરીન થઇ જઇશું. અમારી પ્રજા વતી સરકાર પાસે આ પણ અપેક્ષા છે. આખરે જગતના તાતની વાત છે. દિવસે આઠ કલાક વીજળી અપાય એવી અમારી લાગણી છે. હું એડવોલેરમ અને કેપ્ટીવ પાવરના ધોરણ અંગેની વાત કરતો હતો. આ એક ટેક્નિકલ અને ગહન વિષય છે. હું મારી મર્યાદા પણ સમજું છું. કારણ કે, ઉર્જામાં પી.એચ.ડી. થયેલા સૌરભ ભાઇ પટેલ સામે હું દલીલ કરી રહ્યો છું પણ મને એ નથી સમજાતું કે WPI (wholesale price index)ને કેપ્ટીવ પાવર ડ્યુટીને જોડવાની બજેટમાં જાહેરાત કરી હતી એમાંથી પણ કેમ મુક્તિ આપવા માગો છો? કેન્દ્ર સરકાર ડી.એ. જાહેર કરે એવી રીતે પ્રતિ વર્ષ

WP I પ્રમાણે એમાં વધારો થતો હોય છે તો આ લાભ કેપ્ટીવ પાવરમાં મેળવાતો હતો પણ આ સુધારો થવાથી એ મળતો બંધ થઇ જશે. તિજોરીની આવક ઘટી જશે કે મળનાર સંબંધિત આવક નહિ લઇ શકીએ. જે રીતે ઇલેક્ટ્રીક ડ્યુટીમાં ફિક્સ ડ્યુટી હોય છે એના બદલે જે આવક વધે છે એની સૌરભ ભાઇએ વાત કરી. મારે એ પણ કહેવું છે કે મારો મત વિસ્તાર માળિયા–મિયાણા નગરપાલિકા છે. આપના મારફત હું મારી લાગણી વ્યક્ત કરું છું. આ નગરપાલિકા વિસ્તારમાં પણ ક્યાંક ઘરેલુ વીજળી આજે પણ મળતી નથી અને જો માગણી કરીએ તો એક લાખથી વધારેનું એસ્ટીમેટ આપવા માગે છે. Hand to mouth છે. એના ઘરમાંથી અંધારા ઉલેચાતા નથી. આ વિસ્તારમાં કોઇ આવક નથી. માળિયા એક એવું નગર છે કે જેમાં કોઇ આર્થિક સંભાવના નથી. અમે આ માટે પી.જી.વી.સી.એલ.ને કરગરીએ. પી.જી.વી.સી.એલ. અમને એક લાખથી ઓછો એસ્ટીમેટ ન કરી આપે. અમારા ત્યાંના આવા લાભાર્થીઓ નાછૂટકે હાઇકોર્ટમાં ગયા. હાઇકોર્ટે પણ કીધું કે આમાં કંઇક કરી આપો. તો એનો અમલ થાય એવી માનનીય સૌરભભાઇ, આપની પાસેથી આશા રાખું છું. પાવરની બાબત છે ત્યારે પ્રજા માટે અવશ્ય એટલી અપેક્ષા રાખી શકું કે વીજધારકોને ગુણવત્તાભર્યો અને અવિરત વીજ પુરવઠો સતત મળતો રહે. છેલ્લી વાત કહી દઉં કે 'અંધને અંધકાર નડતો નથી પણ દેખતાને ઉજાસ મળે એની ચીવટ પણ આપણે રાખીએ. દિલનો નેક છું, દિલનો નેક છું શરારત કરું છું. સાજિશ નહિ ઘણાંને સમજાતો નથી અને ઘણાંને ભૂલાતો પણ નથી. પ્રજાએ અમને ખૂબ મોટી જવાબદારી આપી છે ત્યારે પ્રજાની આ જવાબદારીનું ઉત્તરદાયિત્વ અમે બખૂબી બેઅદબ નિભાવી શકીએ એવું બળ અમને મળતું રહે. પ્રાથમિક શાળામાં ભણતો ત્યારે હું પ્રાર્થના કરતો હતો કે, 'ઉંડા અંધારેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા' ચાલો આપણે સૌ સાથે મળી અંધકારને ઉલેચીએ અને પ્રકાશને ઉજાસીએ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી માનનીય મંત્રીશ્રી વિદ્યુત શુલ્ક સુધારા વિધેયક એટલે કે ગુજરાત ઇલેક્ટ્રીસીટી ડ્યુટી એમેડમેન્ટ બિલ લઇને આવ્યા છે એના માટે મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : ૮:૩૦ થી ૯:૩૦ રીસેસ પાડીશું. આ તો તમારી જાણકારી માટે કહું છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે રાજ્યની આવકમાં વધારો થાય એટલા માટે એક યુનિટના ૫૫ પૈસા હતા એ વધારીને ૬૦ પૈસા કરવામાં આવ્યા છે અને આના લીધે સરકારને ૮૦ કરોડ રૂપિયાનો ફાયદો થવાનો છે. પરંતુ હું જે પ્રમાણે માનું છું એ પ્રમાણે સી.પી.પી. એટલે કેપ્ટીવ પાવર પ્લાન્ટ જે લોકો જાતે વીજળી ઉત્પન્ન કરે છે અને જાતે વાપરે છે એના માટે આ ભાવ વધારો કરેલો છે એ લોકોને ફેર પડવાનો નથી. એક બાજુ સોલર પાવર, વિન્ડ પાવર રીન્યુએબલ સોર્સીસ દ્વારા એનર્જી પેદા થાય એના માટે પ્રોત્સાહન આપીએ છીએ એટલે જે વધારો રીન્યુએબલ સોર્સીસ જેવી કે પવન ઉર્જા, સોલર પાવર એના દ્વારા આ વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. એમાં કરવામાં આવશે તો નાના નાના ઉદ્યોગો છે એને નુકસાન થશે. અનરીન્યુએબલ સોર્સીસથી વીજળી પેદા થાય છે એમાં વધારો કરવામાં આવે તો વાંધો ન હોઇ શકે. એકબાજુ આપણે કેરોસીન અને ડિઝલ મુક્ત ગુજરાતની વાત કરીએ છીએ એટલે જો અનરીન્યુએબલ વીજળી પેદા થાય છે એમાં વધારો કરવામાં આવે તો એવા ઉદ્યોગકારો રીન્યુએબલ સોર્સ તરફ વળશે અને ગુજરાતને ફાયદો થશે. હમણાં માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે ફંડ મેળવવા માટે કરેલ છે. રાજ્યને નાણાંની જરૂર છે એટલે ૮૦ કરોડ રૂપિયા મેળવવા માટે આપણે આ પાંચ પૈસાનો વધારો કર્યો છે. પરંતુ આપણે જોઇએ કે જે રીતે વધારો કરવામાં આવ્યો છે એના લીધે જે નાના ઉદ્યોગો છે એને નુકસાન થવાનું છે એ બંધ થશે. ગુજરાતની અંદર કુલ ૨,૫૭૩૯૩ નાના ઉદ્યોગો હતા. એમાંથી ૧,૧૮૭૯૬ એકમો છેલ્લા પાંચ વર્ષમાં બંધ થયા છે. જો એમણે નાણા જ મેળવવા હતા તો જે ખાનગી કંપનીઓ છે એ ખાનગી કંપનીઓના કરોડો રૂપિયાની ડ્યુટી અને એના બિલો માફ કર્યા છે. સામાન્ય ખેડૂત હોય એ એના ખેતરમાં ૫૦ હોર્સ પાવર મોટર વાપરતો હોય અને જો વરસાદ ન પડવાના લીધે પાણીની તળ ઉંડા ગયા હોય એની મોટર ૫૫નો લોડ લેતી હોય તો એવા ખેડૂતને ૫૦–૫૦ હજાર કે એક એક લાખ જેવો દંડ આપવામાં આવે છે. એના બદલે એસ્સાર કંપની પાસેથી ૨૦૨ કરોડ રૂપિયા વસૂલ કરવાના હતા એના તમે હપ્તા કરી આપ્યા છે. જો એ હપ્તા ન કરી આપ્યા હોત તો આ ડ્યુટી વધારવાની જરૂર ન પડત.

હમણાં મારા સાથી સભ્યશ્રી મેરજા સાહેબે વાત કરી. ખાનગી કંપનીઓને પ્રોત્સાહન આપવાની સરકારની નીતિ રહી છે એના લીધે જે સરકારી વીજ મથકો છે એ ૨૦૦૧ થી ૨૦૧૫ સુધી છેલ્લા પંદર વર્ષની અંદર આ કંપનીઓનું ઉત્પાદન જોઇએ તો સન ૨૦૦૧–૦૨માં ૪૫૮૪ મેગાવોટ વીજળી પદા કરતી હતી એ વર્ષ ૨૦૧૮ સુધીમાં છેલ્લા પંદર વર્ષમાં વધીને ૫૫૧૭ મેગાવોટનો વધારો થયો છે એટલે એટલે કે છેલ્લા પંદર વર્ષમાં એમાં ફક્ત ૯૩૩ મેગાવોટનો જ વધારો કરી શકયા છીએ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બિલ ઉપર બોલે.

અધ્યક્ષશ્રી : હું વિચાર કરતો હતો, મેં લખ્યુ પણ ખરું કે આપને જણાવું. માનનીય સભ્યશ્રી આપ તો સમજદાર છો એટલે હવે બિલ ઉપર જ બોલજો.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ ઉપર જ આવું છું. પાંચ પૈસાનો જે વધારો કરવો પડ્યો એ આ સરકારી કંપનીઓ છે એમાં ખાસ કોઇ વધારો કર્યો નથી. પરંતુ જે ખાનગી કંપનીઓ છે એમાં વધારો કર્યો છે. સન ૨૦૦૧–૦૨માં ખાનગી કંપનીઓ દ્વારા ૧૫૦૫ મેગાવોટ વીજ ઉત્પાદન કરતી હતી. વર્ષ ૨૦૧૮ સુધીમાં ૭૨૦૭ મેગાવોટ વીજળી ઉત્પાદન કરી. એટલે જે રીતે ખાનગી કંપનીઓને રાહત આપવામાં આવી, જો સરકારી કંપનીઓને પ્રોત્સાહન આપ્યું હોત તો જે આજે વધારો કરવો પડ્યો છે તે કરવાની જરૂર ન પડત. હમણાં જ ડોમેસ્ટિક ઇલેક્ટ્રીકસીટી એલ.ટી. ટેરિફ એન્ડ

રેઇટસ ફોર ઓલ સ્ટેટ ૨૦૧૯ના જે આંકડા પ્રસિદ્ધ થયા. એક બાજુ ગુજરાતમાં એવી વાતો કરીએ છીએ કે સૌથી સસ્તી વીજળી ગુજરાતની અંદર આપીએ છીએ. આંધ્રપ્રદેશ સૌથી સસ્તી વીજળી આપવામાં પહેલા નંબરે છે. આંદામાન-બીજા નંબરે, અરૂણાચલ-ત્રીજા નંબરે, આસામ-ચોથા નંબરે, બિહાર-પાંચમાં નંબરે, છત્તીસગઢ-છઠ્ઠા નંબરે, દિવ-દમણ-સાતમા નંબરે, દિલ્હી-આઠમાં નંબરે, ગોવા-નવમા અને ગુજરાત દશમા નંબરે છે. આંધ્રપ્રદેશની અંદર રૂ.૧.૪૫ પૈસાની અંદર પર યુનિટ વીજળી આપવામાં આવે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ તમને શું થયું? (અંતરાય) એક મિનિટ શ્રી કીરીટભાઇ. બાપુ એક મિનિટ. આપનો વાંધો નથી. મને શ્રી લલીતભાઇનો વાંધો છે. માનનીય લલીતભાઇ શું હતું. (અંતરાય) એ તો ક્યારના કરો છો તમે, મૂકોને. આપણે વહેલા નથી જવું? વહેલા નથી પૂરું કરવું? માનનીય કીરીટભાઇને બોલવા દો. બિલ પર બોલો.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : આ ૮૦ કરોડ રૂપિયાનો જો બચાવ કર્યો હોત તો એસ.આર. કંપની સાથે સરકારે ૨૫ વર્ષ માટે યુનિટ દીઠ રૂ.૨.૪૦ પૈસા પી.પી.એ. એટલે કે પાવર પરચેઇઝ એગ્રીમેન્ટ કર્યો હતો. એમાં જે ૪૪ પૈસાનો એગ્રીમેન્ટ હતો. એના કરતાં ૪૪ પૈસા વધુ આપી અને વીજળી ખરીદી જેના લીધે સરકારને છેલ્લા પાંચ વર્ષની અંદર ૧૮૩૯.૯૮ કરોડનો રૂપિયાનો બોજ પડ્યો છે. આ જો આપે સાચવ્યું હોત અને જે પ્રમાણે કરાર કર્યા હતા એ પ્રમાણે વીજળી ખરીદી હોત તો આ ૮૦ કરોડ રૂપિયા માટે આ પાંચ પૈસાનો વધારો કરવાની જરૂર ન પડત. બીજું, છત્તીસગઢની જી.એમ.આર.ઇલેક્ટ્રીક કંપની પાસેથી છેલ્લા ત્રણ મહિનામાં ઉર્જા વિકાસ નિગમે જે કરાર કર્યા હતા, રૂ.૩.૧૬ પૈસાના ભાવે વીજળી ખરીદવાના કરાર કર્યા હતા પણ એ વીજળી પણ રૂ.૪.૦૯ પૈસે ખરીદી, આથી ઓક્ટોબરથી ડિસેમ્બર, ૨૦૧૮ સુધી આ ત્રણ મહિનાની અંદર સરકારને ૧૭૫ કરોડનું નુકશાન થયું છે. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, (અંતરાય) સાહેબ આ આંકડા.

અધ્યક્ષશ્રી : તમે શ્રી કીરીટભાઇને કહો છો ને. શ્રી નૌશાદભાઇ છે ને અહીંના સભ્યોને પણ કહેતા હતા. હવે એમને પણ કહે છે કે આ બિલની બહાર ન બોલો.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : મારી મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે ૮૦ કરોડ રૂપિયા મેળવવા માટે જે નાના ઉદ્યોગો પર આ પાંચ પૈસા એમની ડ્યુટી વધારવાને બદલે આ તમે જે પાવર પરચેઇઝ કરો છો તેમાં ખ્યાલ રાખો તો તમારે આ પાંચ પૈસાનો વધારો કરવાની જરૂર નહીં પડે.

અધ્યક્ષશ્રી : હમણાં બધાની વાત હું કવિતામાં કહું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી આંકડાના માહીર એવા શ્રી સૌરભભાઇ પટેલ સન-૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૭- ગુજરાત વિદ્યુતશુલ્ક સુધારા વિધેયક-૨૦૧૯ લાવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

વીજળીમાં યુનિટ દીઠ ૫૫ પૈસાના ૬૦ પૈસા એટલે કે પાંચ પૈસાનો વધારો સૂચવતું આ બિલ છે. માનનીય નાણામંત્રીશ્રીએ સન ૨૦૧૯-૨૦ના રજૂ કરેલ અંદાજપત્રમાં ઔદ્યોગિક એકમો પાસેથી લેવાતા વીજ દરમાં હાલના ૫૫ પૈસાના દરમાં વધારો કરીને યુનિટ દીઠ ૭૦ પૈસા કરવા સૂચવેલ હતું. અંદાજપત્રમાં ૧૫ પૈસાનો વધારો સૂચવેલ હતો તેમાં અચાનક ફેરફાર કરીને ઉદ્યોગ જગતને ફાયદો કરાવી માત્ર ૫ પૈસા વધારો સૂચવતું બિલ લાવેલ છે તો આવું કયા કારણોસર કરવું પડેલ તેની સ્પષ્ટતા કરવી જોઇએ. કાલે માનનીય નાણા મંત્રીશ્રી નીતિનભાઇએ આ બિલ વિષે થોડીક ચર્ચા કરી હતી. માનનીય મંત્રીશ્રી એવું કહેતા હતા કે પાંચ ઉદ્યોગપતિઓએ આવીને રજૂઆત કરી એટલે અમારે સુધારો કરવો પડ્યો. તો હું એ કહેવા માગું છું કે ૫ ઉદ્યોગપતિઓ કોણ કોણ હતા એની સ્પષ્ટતા થાય. એમણે કાર્યાલયે આવીને રજૂઆત કરી હતી કે ઓફિસે આવીને રજૂઆત કરી હતી કે બંગલે આવીને રજૂઆત કરી હતી તેની પણ સ્પષ્ટતા થાય. વીજ દરની જ વાત થાય છે ત્યારે એ-ટુ કેટેગરી અને એ-ફાઇવ કેટેગરીના ખેડૂતના વીજ જોડાણના ૬૦ પૈસા ભાવ છે. એ- થ્રી કેટેગરી એટલે તત્કાલ, એના એક યુનિટના ૮૦ પૈસા ભાવ છે, તો ઉદ્યોગમાં ૬૦ પૈસા કર્યા છે તો ખેતીમાં ૮૦ પૈસા કેમ? એમાં જો ૩૦ પૈસાનો સુધારો લાવ્યા હોત તો મને એમ લાગત કે મારા જગતના તાત માટે તમે કંઇક લાવ્યા. ઉદ્યોગની વાત કરીએ તો આ બિલ લાવ્યા છે ત્યારે માનનીય વલ્લભભાઇ કાકડીયા અહીં બેઠાં છે, એમને પણ ખબર છે, આ ગુજરાતમાં બે લાખ કરોડ વિદેશી હૂંડિયામણ કમાવી આપતો ડાયમન્ડ ઉદ્યોગ છે, દસ લાખ રત્ન કલાકારો આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ડાયમન્ડ ઉદ્યોગ છે તેના ઉપર આખું સુરત અને સૌરાષ્ટ્ર નભે છે, આજે હીરા ઉદ્યોગ ભાંગી રહ્યો છે. ત્યારે આ બિલમાં ડાયમન્ડ ઉદ્યોગને ૫૦ ટકા રાહત કરવામાં આવી હોત તો મને લાગત કે સૌરાષ્ટ્રના લોકો માટે અને આ રત્ન કલાકારો માટે તમે કંઇક કર્યું છે. ઘણી વીજળીની વાત કરી, સૌરાભભાઇ આંકડા બહુ કહે છે. માનનીય મંત્રીશ્રી બિલ એવું લાવો કે ૩૦-૩૦ વર્ષ જૂની આપણી એલ.ટી. ની ઇલેવન કે.વી. લાઇનો છે. વરસાદ વાવાઝોડાથી આવી લાઇનો પડે છે અને ફોલ્ટ થાય છે એમાં કંઇક સુધારો લાવો તો સારું. મેં ઘણીવાર રજૂઆત કરી છે કે અમારો જગતનો તાત, ખેડૂતનો દીકરો રાતે પાણી વાળવા જાય, રાતે અમારા ગીર બોર્ડર ઉપર આવો તમને ખબર પડે, સિંહની રંઝાડ , દીપડા, વીંછી, સાપ, સવારના ચાર વાગ્યે કડકડતી ઠંડીમાં અમારા ખેડૂતનો દીકરો પોષ માસમાં પાણી વાળે, અમે એટલું જ કહીએ છીએ કે તમે દિવસે લાઇટ આપો તો તમને વાંધો શું છે? આવું કોઇ બિલ લાવ્યા હોત તો હું એમને ટેકો આપત. આ બિલમાં એવું લાવવાની જરૂર હતી, બિલ એવું કંઇક લાવવું જોઇએ જેથી ખેડૂતોને ફાયદો થાય.

અધ્યક્ષશ્રી : જે બિલ લાવ્યા છે તેની વાત કરો ને. જે નથી લાવ્યા તેની ક્યાં વાત કરો છો.

ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા)વિધેયક, ૨૦૧૯

શ્રી હર્ષદકુમાર રીબડીયા : હું એ જ કહું છું કે એવું કંઇક લાવો, હાઇ વોલ્ટેજ લાઇનો ખેડૂતોના ખેતરમાં એવી નીકળી છે, ૬૬ કે. વી. ૪૨૦ કે.વી. ખેડૂતનું અડધું ખેતર હાઇ વોલ્ટેજ લાઇનમાં જતું રહે. જેમ મોબાઇલ કંપનીઓ ખેડૂતના ખેતરમાં ટાવર નાખે તો ભાડું આપે. તો એવું કંઇક લાવો ને. તમે જેટકો વાળાને કમાવો છો તો અમારા ખેડૂતના દીકરાને ભાડું મળે તેવું બિલ લાવો ને. આમાં કોઇને રસ નથી. અમારા સભ્યશ્રીએ વાત કરી કે મીટર પણ કાઢી નાખવા પડે એમ છે, એ મારે રીપીટ નથી કરવું. માનનીય મંત્રીશ્રીએ હમણા જ વાત કરી કે અમે બે કલાક ખેડૂતોને પાવર વધારી દીધો. આઠ કલાકના દસ કલાક કર્યા.

અધ્યક્ષશ્રી : એમાં ય વાંધો?

શ્રી હર્ષદકુમાર રીબડીયા : ના, વાંધો નથી. હવે આજે સૌરાષ્ટ્ર અને ગુજરાતની હાલત જુઓ, જયાં પાણી નથી, જયાં વરસાદ નથી એવા વિસ્તારમાં બે કલાક આપવાનું. હવે જ્યાં પાણી જ નથી ત્યાં તમે ઘડો લઇને જાઓ કે લો આ ભરીને પાણીનો સ્ટોક કરી લો એવી વાત થઇ. આપવું હતું જ્યારે જરૂર હોય ત્યારે. ખેડૂતને જ્યારે ઓરવતો હોય, ઘઉંનું વાવેતર કરતો હોય, કોરવાડ કાઢતો હોય ત્યારે તેને ૧૦ કલાકની જરૂર પડે. તેમાં આંકડાની વાત કરો કે ૩૦૦ કરોડનો ખેડૂતને ફાયદો થાય તો આમાં ક્યાં ૩૦૦ કરોડનો ખેડૂતને ફાયદો થાય? આવા કંઇક બિલ લાવો. બહુ લાંબી વાત નથી કરવી. અનેક બાબતો છે, ગૃહ વિભાગ, ઉર્જા વિભાગની. પણ અમારા ખેડૂતો છે, રત્ન કલાકારો છે, નાના ઉદ્યોગને ફાયદો થાય આવું બિલ લાવ્યા હોત તો ૧૦૦ ટકા હું વિચારત અને તેમાં તમને ટેકો જાહેર કરત પણ આ બિલ તમે પાછું ખેંચી લો એવી મારી વિનંતી છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગના માનનીય મંત્રી આ સભાગૃહમાં ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ–૧૯૫૯ના સુધારા બાબતનું વિધેયક લઇને આવ્યા છે. મારે તેના વિષે બે–ત્રણ મુદ્દા ઉપર જ વાત કરવી છે. કોઇ પણ રાજ્યની પ્રાથમિક જવાબદારી રાજ્યના જે વપરાશકારો છે તેને સસ્તી, સતત વીજળી મળે એ તેની પ્રાથમિક ફરજ છે, તેમાંથી સરકાર છટકી ન શકે. આમ તો હું રાજ્યના કુલ વીજ વપરાશની વાત કરું તો ઔદ્યોગિક અને વાણિજ્યિક હેતુ માટે ૪૭,૪૪૦ મિલિયન યુનિટ એટલે કે ૫૫ ટકા જેટલો વપરાશ કરે છે. બીજું, ખેતીમાં જે વપરાશ થાય છે ૧૮,૩૩૮ મિલિયન યુનિટ. એટલે તેમાં પણ હમણાં જ અમારા શ્રી હર્ષદભાઇ કહેતા હતા કે એમાં ૮૦ ટકા વીજળી આપણે વધારે લઇએ છીએ. આમાં પણ ટકાવારીની દૃષ્ટિએ કહું તો ૨૧.૪૬ ટકા વપરાશ થાય છે. ઘરગથ્થુમાં ૧૪,૭૧૪ મિલિયન યુનિટ એટલે કે ૧૭.૨૨ ટકા, જાહેર દીવા બત્તી અને વોટર વર્કસ પાછળ ૨૪૫૩ મિલિયન યુનિટ અને અન્ય વપરાશ માટે ૨૫૦૦ યુનિટ. આમ કુલ લગભગ જે વપરાશ થાય છે એ ૮૨,૪૪૫ મિલિયન યુનિટ વપરાશ છે. જ્યારે રાજ્યનું કુલ ઉત્પાદન ૩૨,૩૨૨ મિલિયન યુનિટ છે. એટલે કહેવાનો મતલબ એ છે કે ઉત્પાદન કરતા વપરાશ વધારે છે. એનો ગાળો છે લગભગ ૨૦૦૦ મિલિયન યુનિટ. આ જે ગેપ પડે છે એ એમાંથી જ આવે છે. કારણ કે આપણે જે વીજળીનું ઉત્પાદન કરીએ છીએ એ તો ગુજરાત રાજ્ય વીજ કોર્પોરેશન લી. છે એ લગભગ ૨૩,૬૮૩ મિલિયન યુનિટનું ઉત્પાદન કરે છે. ખાનગી ક્ષેત્રે એટલે કે રાજ્યના જે સ્વતંત્ર વીજ ઉત્પાદકો છે એ લગભગ ૫૪,૦૮૪ મિલિયન યુનિટનું ઉત્પાદન કરે છે. કેન્દ્રનો હિસ્સો લગભગ ૩૨,૭૭૬ યુનિટનો છે. આમ કુલ મળીને ૭૩,૨૨૨ મિલિયન યુનિટનું ઉત્પાદન છે. તો મારે એ કહેવું છે કે ભલે તમે ૫૫ના ૬૦ પૈસા કરો છો પણ ગામડાંમાં ઘરનું બિલ આવે છે તેમાં ૨૫ પૈસા તો લગભગ વિદ્યુત શુલ્ક આવે છે. એ પણ તમે જેટલા યુનિટ બાળો તેના પર આવે છે. તેનો મતલબ છે કે ઘરેલુ વપરાશ છે તેના પર સરચાર્જ તો છે જ. સાથે સાથે યુનિટ વધારે કેમ આવે છે તે પણ આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહું છું. તમારા જે મીટરો બેસાડવામાં આવે છે એ એટલા બધા ઝડપથી ફરે છે કે ગરીબની ઝૂંપડીમાં બે બલ્બ બળે ત્યાં પણ હજારો રૂપિયાના બિલ આવે છે એ કેવી રીતે આવે છે? એમાં પણ સાહેબ આ સત્ય વાત કહું છું. ખાલી બોલવા ખાતર નથી બોલતો. આટલા મોટા બિલ આવે છે તો ગરીબોને તમે એમાંથી રાહત કેવી રીતે આપો? કાં તો તમે જે કંપનીમાંથી મીટર ખરીદતા હોવ એ બરાબર ચકાસો અને ધીમે ફરે એવું કંઇ કરો તો ગરીબને એમાં રાહત મળે. આ વાત છે મારી. બીજી કોઇ વાત નથી. આમ તો મારે ખાલી એટલું જ કહેવું છે કે બે હજાર મિલિયન યુનિટનો ગેપ પડે છે એ ક્યાંથી લો છો અને કેવા ભાવે લો છો એ મને કહેશો તો આનંદ થશે. ધન્યવાદ.

શ્રી જગદીશ પંચાલ(નિકોલ) : સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંકઃ ૨૭–સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુતશુલ્ક (સુધારા ) વિધેયક જે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન પણ આપું છું.

અધ્યક્ષશ્રી : તમારા પહેલાં હું વિપક્ષની એક વાત કરી દઉં, મને એમ થયું કે આ બધા કવિતા કરે મારે પણ કંઇક કરવું પડે.

''વધારો કરો તોય વાંધો અને ઘટાડો કરો તોય વાંધો
વાંધાનો ઘટાડો કે ઘટાડાનો વાંધો,
ગમે તે કરોને, અમો બોલીએ તોય વાંધો.''

( કોંગ્રેસ પક્ષના સભ્યો તરફ જોઇને) આ તમારા માટે બોલ્યો, કોઇક તો પાટલી થપથપાવો. આ બાજુવાળા થપથપાવે છે.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળદેવજી એમ કહે છે કે અમે ટેકો આપવા માટે તૈયાર છીએ. બળદેવજી, ખૂબ ખૂબ અભિનંદન. કારણ કે બળદેવજી, આ હાઉસમાં બેઠેલા તમામ સભ્યો એવા છે કે જેમની ગામડા સાથે

કનેકટીવીટી રહેલી છે. વર્ષો પહેલાં એવું હતું કે સાંજે ૭ વાગે એટલે બા બરકે કે હર્ષદ, હાલ, રોટલો ખઇ લે, વાળું કરી લે, નહીં તો લાઇટ જતી રહેશે. શ્રી બળદેવજી, આ પરિસ્થિતિ તમે અને મેં ગુજારેલી છે. કેરોસીનના દીવા આપણા વડવાઓ કરતા હતા અને કેરોસીનના દીવાના અજવાળે આપણે સાંજે વાળુ કરતા હતા અને એમાંથી મુકિત જો કોઇએ અપાવી હોય તો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે અપાવી છે. માનનીય નરેન્દ્રભાઇની સરકારે અપાવી છે. અઢાર હજાર ગામડામાં વીજળી પણ અમારી સરકારે પહોંચાડી છે. આ જે વધારો માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એનાથી ચોક્કસ સરકારની તિજોરીમાં એ આવક જમા થશે. માનનીય કીરીટભાઇ, પરિસ્થિત એવી છે કે હમણાં જ માનનીય નાણામંત્રી અને વીજમંત્રીએ જાહેરાત કરી કે આવતી અષાઢી બીજ સુધીમાં જે પણ પેન્ડીંગ વીજ કનેક્શનો આપવાના છે, લગભગ સવા લાખ કનેક્શનો એ માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર, માનનીય નીતિનભાઇ પટેલની સરકાર આપવાની છે. આ જે વીજ વધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એ ન તો કોઇ રહેઠાણ ઉપર લાવ્યા છે, ન તો કોઇ સામાજીક સંસ્થા ઉપર લાવ્યા છે, ન તો કોઇ હોસ્પિટલ ઉપર લાવ્યા છે પણ જે યુનિટો કમાય છે એમાં માત્ર પાંચ પૈસાનો વધારો અમારા માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી સૌરભ પટેલ (ઊર્જામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ હું જે બિલ લઇને આવ્યો એના ઉપર એમના વિચારો રજૂ કર્યા છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે પાંચ ઉદ્યોગપતિઓએ રજૂઆત કરી છે. મારે સભ્યશ્રીને એટલું જ કહેવું છે કે આદરણીય નાણામંત્રીશ્રી એવું બોલ્યા જ નથી કે પાંચ ઉદ્યોગપતિઓએ રજૂઆત કરી છે. એમણે સ્પષ્ટપણે કીધું હતું કે ઉદ્યોગના એસોસીએશનો મારી પાસે આવ્યા હતા. ઉદ્યોગના એસોસીએશને અમને માહિતી આપી અને એમણે રજૂઆત કરી અને પછી એમણે નિર્ણય લીધો. આ કેપ્ટીવ ડ્યુટી એ માત્ર ગુજરાતમાં નથી લેવાતી, આજુબાજુ બીજા રાજ્યોમાં પણ લેવાય છે. માહિતી આપી કે હરીફાઇમાં ઉદ્યોગોને ઉભા રાખવા હોય તો વ્યાજબી રેટ લેશો તો અમે હરીફાઇમાં ઉભા રહીશું. જો તમે વધારે રેટ લેશો તો અમને ભારણ વધુ પડશે. અને એ ભારણના કારણે અમે હરિફાઇમાં ઉભા ન રહી શકીએ. એમણે સ્પષ્ટ કહ્યું કે આંધ્રપ્રદેશ જે ઇન્ડસ્ટ્રીયલાઇઝડ સ્ટેટ છે એમાં ૨૫ પૈસા ડ્યુટી છે. આપણી ૫૫ પૈસા છે. ૫૫ના ૭૦ પૈસા કરશો તો અમે ઉભા નહીં રહી શકીએ. કર્ણાટકમાં ૨૦ પૈસા ડ્યુટી છે. મહારાષ્ટ્રમાં ૩૦ પૈસા ડ્યુટી છે. તામિલનાડુમાં ૧૦ પૈસા ડ્યુટી છે. આ ચાર ઇન્ડસ્ટ્રીયલાઇઝડ સ્ટેટ છે. આ ચારેયમાં ઉદ્યોગો બહુ મોટા પ્રમાણમાં આવેલા છે. આમની જોડે હરિફાઇ કરવાની છે. એમણે વિનંતી કરી કે ૭૦ પૈસા કરશો તો આવતા દિવસોમાં અમારે આ લોકો જોડે હરિફાઇમાં તકલીફ પડશે. બીજું, એમણે એમ કહ્યું કે આજની તારીખમાં અત્યારે વાતાવરણ ઇન્ટરનેશનલ કોમ્પીટિશનની અંદર અમારે ઉભું રહેવું પડે છે. આ ઇલેક્ટ્રિસિટી ડ્યુટી આજની તારીખમાં જી.એસ.ટી.માં આવતી નથી એટલે એમને મજરે મળતી નથી. આજની તારીખમાં જી.એસ.ટી.ના રેટ છે એ દરેક રાજ્યમાં સમાન રેટ છે. એટલે કર્ણાટકમાં પણ સરખું હોય, ગુજરાતમાં પણ સરખું હોય, મહારાષ્ટ્રમાં સરખું હોય એટલે એ લોકોને ઇનપુટ તરીકે જી.એસ.ટી. મજરે મળે છે. ઇલેક્ટ્રિસિટી ડ્યુટી જી.એસ.ટી.માં આવતી નથી. એટલે ઇનપુટ મળે નહીં. એટલે બીજાં રાજ્યો સાથે અને ઇન્ટરનેશનલી કોમ્પિટિશન કરવાનું આ લોકોને અઘરું પડતું હોય છે. આ બધા વિષય બાબતે નાણા વિભાગે ચકાસણી કરી અને પછી નક્કી કર્યું કે આ બધા ઉદ્યોગો આડકતરી રીતે ઘણાં બધા ટેક્સ આપે છે. અહીંયા ઉત્પાદન કરે તો ટેક્સ મળતો હોય છે. રોજગારી આપે તો એનો લાભ થતો હોય છે. એટલે અંગ્રેજીમાં કહેવત છે કે, why to kill hen giving golden eggs for you. આપ સમજ્યા? જે મરઘી આપણે સોનાના ઇંડા આપતી હોય એને મારી ના નખાય. એટલે નાણા વિભાગે, મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું કે ના, એમની વાત સાચી છે. એટલે ૫ પૈસા વધાર્યા. ૫ પૈસા વધારાથી ૮૦ કરોડ મળશે. બીજું કહેવું છે કે આનાથી એમને સસ્તી વીજળી પડતી નથી. કારણ કે એમાં બે ટાઇપની કોસ્ટ હોય છે. એક ફિક્સ કોસ્ટ હોય અને બીજી વેરિએબલ કોસ્ટ હોય. ફિક્સ કોસ્ટ છે એમાં ૧૦૦ ટકા યુનિટ ચાલતું હોય તો ચાલે, પણ આજે ફિક્સ કોસ્ટ ઉપર ચાલતું નથી એટલે એમને ફિક્સ કોસ્ટ પણ વધારે આવે છે. બીજું, મોટાભાગે ઇમ્પોર્ટેડ કોલ છે અને મોટાભાગના ગેસ ઉપર ચાલે છે. આ લોકો એટલા માટે નથી લેતા કે સસ્તી વીજળી પડે છે. એ લોકોએ કેપ્ટિવ એટલા માટે નાખ્યું છે કે એમને કન્ટીન્યુઅસ ફ્રિકવન્સીવાળી વીજળી જોઇએ છે. દા.ત. પેટ્રોકેમિકલ્સ યુનિટ હોય, એમાં જો ફ્રિકવન્સી ડ્રોપ થાય તો એમના પ્લાન્ટ ઉપર ટેકિનકલી બહુ જ મોટી અસર પડતી હોય છે. એટલે એ લોકોને ગુણવત્તાવાળી વીજળી મળે એટલે કેપ્ટિવ નાખતા હોય છે. આજની તારીખમાં ઇમ્પોર્ટેડ કોલ, આજે ગુજરાત સરકારને ગેસ પોષાતો નથી એટલે ગેસના સ્ટેશનો બંધ કરેલા છે. ત્યારે એ લોકો ગેસના મથકો પણ ચલાવે છે અને મોંઘો ગેસ લઇને ચલાવે છે. એટલે જરૂરી નથી કે સસ્તી વીજળી હોવાના કારણે ચલાવે છે. મારે કહેવું છે કે ઇ.ડી. આપણે ૫ પૈસા વધારી એનું મૂળ કારણ આ હતું. બીજો વિષય કહ્યો કે હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ સાથે આ નાણા વિભાગે વધારા બોલાવ્યા હતા. પણ હોલસેલ પ્રાઇસ દર વર્ષે ૩, ૪, ૫ ટકા વધતું જાય છે. એટલે કાલે ઉઠીને સંપૂર્ણપણે ન પોષાય એ પ્રમાણે વ્યવસ્થા ઉભી થાય એટલે એ લોકોએ ડ્રોપ કર્યું. આપણે ચોક્કસ ખાતરી આપીએ છીએ કે આવતા દિવસોમાં કદાચ આપણને લાગે કે ૨ પૈસા આમાંથી મળતા હોય અને બીજાં રાજ્યોએ આમાં વધારો કર્યો છે અને બીજાં રાજ્યો હરિફાઇમાં આવશે. કાલે ઉઠીને કેન્દ્ર સરકાર જી.એસ.ટી.માં એનર્જીનો સમાવેશ કરે તો આપણે નિર્ણય બદલીશું. આપણી રાજ્ય સરકારની તિજોરીની અંદર આવકો વધે એ જરૂરી છે. સાથોસાથ જે આવક આપે છે એને મારી ન નાખો એ પણ જરૂરી છે. આ પ્રમાણે આપણે નિર્ણય લીધો. બીજાં ઘણા બધા મુદ્દા ઉપર વાત કરી છે. શ્રી કીરીટભાઇએ રિન્યુએબલ એનર્જીની વાત કરી. એમાં કોઇ ઇ.ડી. નથી એટલે ચિંતા કરતા નથી. ઇ.ડી. લાવીશું ત્યારે કાયદામાં જોગવાઇ કરીને વિધાનભામાં આવવું પડશે. બીજું, ૬૦ પૈસાની વીજળીની વાત કરી. આ

લોકોને સ્પષ્ટ કહેવું છે કે ખેડૂતોને આપણે ૬૦ પૈસાએ વીજળી આપીએ છીએ. ૫ રૂપિયાની પડતર સામે આપીએ છીએ. એના કારણે રાજ્ય સરકાર ૭ હજાર કરોડની સબસિડી આપે છે. એટલે એ લોકોને બીજું મારે કહેવું છે કે એ એગ્રીકલ્ચરની ઇ.ડી. છે જ નહિ. વર્ષોથી ઇ.ડી. લેતા હતા. અહીંયા જેટલી આપના વખતમાં બેસીને સરકારો ચલાવીને કરતા હતા ને એ વખતે એગ્રીકલ્ચરમાં ૫% ઇ.ડી. હતી એનો પણ જવાબ આપું છું. શ્રી અનિલભાઇ જોષીયારાજી, એગ્રીકલ્ચર સેક્ટરમાં ૫% ની ડ્યુટીમાંથી જો ૦% ડ્યુટી કરી હોય તો એનો જશ ભારતીય જનતા પાર્ટીને જાય છે આપને નથી જતો. મારે વધારે વિગતે વાત નથી કરવી. તેમાં કેપ્ટિવની છે પણ હું આપના સવાલનો જવાબ આપું છું. બિલની બહાર બોલું છું પણ આપના સવાલનો જવાબ આપું છું. એ જશ ભારતીય જનતા પાર્ટીને જાય છે. બીજું, મારે એટલું જ કહેવું છે કે, ટેરિફ+ઇ.ડી. એ ફાયનલ પ્રાઇસ થાય. એટલે આપની ગેરસમજ દૂર કરવા માટે વાત કરી. હોર્સ પાવર અને મિટરની વાત કરી. માનનીય શીવાભાઇએ આ વિષય ઊર્જા વિભાગની માગણીમાં લાવ્યા હતા, એમાં મેં બહુ જ વિગતવાર જવાબ આપ્યો હતો. સમજાવવાની પણ કોશિશ કરી. મને એવું લાગે છે કે મને સફળતા મળી નથી. પાછું કહું છું કે આજની તારીખમાં કોઇ પણ વ્યક્તિ, કોઇ પણ રાજ્યની અંદર, આખા દેશની અંદર કોઇને પણ કનેકશન આપવું હોય તો એને મિટર દ્વારા જ ફરજિયાત આપવું પડે, એ ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ની અંદર કાયદો બનાવવામાં આવ્યો છે. એટલે કોઇ સંજોગોની અંદર કોઇ પણ કંપની આખા દેશની અંદર હોર્સ પાવર ટેરિફ દ્વારા નવું વીજળીનું કનેકશન આપી શકતું નથી. એટલે આ કાયદો સુધારવો હોય તો કેન્દ્ર સરકારમાં ૨૦૦૩માં લાવ્યા હતા અને કોણ લાવ્યું હતું? એ આપ વિચારી જોજો. માનનીય અધ્યક્ષશ્રી, એક લાખ એસેસમેન્ટની વાત કરી અમારા મોરબીના ધારાસભ્યશ્રીએ. મારે ખાલી એમને એટલું જ કહેવું છે કે અત્યારે તો હાઉસમાં નથી પણ કદાચ આવા કેસો ક્યા આવે? એ મારું ધ્યાન દોરજો તો હું જોઇ લઇશ. એ પ્રમાણે નિયમ પ્રમાણે સરકાર ચલાવવાની છે. નિયમ બહાર ચલાવવાની નથી. જે પણ બિલના એસેસમેન્ટ કરતા હોય, એસ્ટીમેટ આપતા હોય એની અંદર ગણતરી કરીને કારણ આપવું પડે. એટલે શું કારણો છે? એ આપણે જોઇ લઇશું. આમ તો મોટાભાગના બિલના વિષય પર સંપૂર્ણપણે મેં સભ્યશ્રીઓને માહિતી આપી દીધી છે. બાકીના ઘણાં બધા વિષયો હતા, મને યોગ્ય નથી લાગતું. બિલની બહારના વિષયો હતા. ઊર્જા વિભાગની અંદર ચર્ચા થઇ ગઇ હતી. મારે ખાલી વિરોધ પક્ષના નેતાને એટલું જ કહેવું છે કે આ બિલની અંદર આવક વધારવા માટે કે ૮૦ કરોડ વધારવા માટે બિલ લાવ્યા છે. કોઇને રાહત આપવા માટેનું બિલ નથી. એટલે રાહત મનમાંથી કાઢી નાખજો. આ ટેક્સ વધારવાનું બિલ લાવ્યા છીએ એટલે સર્વાનુમતે બિલ પસાર કરો એવી મારી આપ સૌને વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુતશુલ્ક (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧ દીર્ઘ સંજ્ઞા અને ઇનેક્ટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨૭-સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫**

ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૯

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સને ૨૦૧૯નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા)વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૧૯નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સહકાર એટલે સમાનતા, હકારાત્મક વલણ, કાર્યશીલતા અને રચનાત્મક પ્રવૃત્તિ. સહકારી સંસ્થા એવા પ્રકારનું સંગઠન છે જેમાં લોકો પોતાના આર્થિક હિતો અને સમાનતાના ધોરણે સ્વેચ્છાએ એકત્રિત થાય છે. એમના સાધનોને એકત્રિત કરી પરસ્પર સહાય દ્વારા પોતાના ધ્યેયને સિદ્ધ કરે છે. રાજ્યમાં ખાંડ

* વિધેયક ૧૮મી જુલાઇ ૨૦૧૯ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ઉદ્યોગ મોટા પાયા ઉપર ચાલી રહ્યો છે. આ ખાંડ ઉદ્યોગો સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકળાયેલા ખેડૂતોને કૃષિ પેદાશના ખૂબ જ સારા ભાવ પ્રાપ્ત થાય અને પરિણામ સ્વરૂપ દક્ષિણ ગુજરાતમાં અંદાજે ૧,૫૦,૦૦૦ હેક્ટર વિસ્તારની અંદર ખેડૂતો શેરડીની વાવણી કરે છે. ખાંડ ઉદ્યોગની સાથે અંદાજીત ૪,૫૦,૦૦૦ ખેડૂત કુટુંબો પણ આમાં જોડાયેલા છે. સહકારી ખાંડ ઉદ્યોગ માત્ર ખેડૂતો જ નહીં પરંતુ સાથેસાથે ૧,૫,૦૦૦ જેટલા કર્મચારીઓને રોજગારી આપવાનું કામ કરી રહ્યો છે. એની સાથે અંદાજીત ૫,૫૦,૦૦૦ લોકોને રોજગારી પણ પૂરી પાડે છે.

અધ્યક્ષશ્રી : પછી આ લોકો પણ રોજગારી માટે બોલશે ત્યારે હું રોકીશ નહીં.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : જી. સાહેબ. રાજ્યમાં હાલ ૩૪૮ નિર્દિષ્ટ સહકારી મંડળીઓ આવેલી છે. આ તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી પ્રક્રિયા આ મંડળીના બોર્ડની મુદત પૂરી થયાના એક મહિના પહેલા કરવાની હોય છે. આ તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણીની કાર્યવાહી જિલ્લા કલેક્ટર દ્વારા કરવાની રહે છે. જિલ્લા કલેક્ટરશ્રી પાસે નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચૂંટણી સિવાય જિલ્લાના અન્ય અગત્યના કામો પણ હોય છે. એવા સંજોગોમાં ચૂંટણીની પ્રક્રિયા વિલંબિત ન થાય અને સહકારી ખાંડ મંડળીનું નવું ચૂંટાયેલું વ્યવસ્થાપક મંડળ એની અવધિ પહેલા કાર્યરત થાય એ ખૂબ જ અગત્યનું હોય છે. ગૃહના ધ્યાને એ બાબત લાવવી જરૂરી છે કે પ્રાથમિક સહકારી મંડળી, નાગરિક સહકારી મંડળી અને ખાંડ સહકારી મંડળીમાં મોટાભાગે વ્યક્તિગત સભાસદો હોય છે. દા.ત. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોના મતદારો પ્રાથમિક સહકારી મંડળી હોય છે તે જ રીતે જિલ્લા દૂધ સહકારી સંઘો કે એના જે મતદારો છે એ પણ સહકારી મંડળીઓ હોય છે. આ અન્ય નિર્દિષ્ટ મંડળીઓની જેમ ખાંડ મંડળીઓ પણ ત્રિસ્તરીય સહકારી માળખાનો ભાગ નથી. ચૂંટણી પાછળ ખૂબ મોટો ખર્ચ પણ આ સહકારી સંસ્થાઓ વહન કરી રહી છે. નાગરિક સહકારી બેંકની માફક ખાંડ સહકારી મંડળીઓને પણ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ કલમ–૭૪(સી)ની પેટા કલમ–૧ ના ખંડ–૫માંથી દૂર કરવા ખાંડ સહકારી મંડળી તરફથી તેમજ રાજ્ય ખાંડ ઉદ્યોગ સંઘ તરફથી પણ રજૂઆત આવી હતી. રાજ્યની નાગરિક સહકારી બેંકોનો સમાવેશ તે નિર્દિષ્ટ સહકારી મંડળી તરીકે એટલે કે સહકારી કાયદાની કલમ–૭૪(સી)ની નીચે થયેલ નથી. એ જ રીતે નાગરિક સહકારી બેંકો, પ્રાથમિક મંડળી તરીકે જ એમના વ્યવસ્થાપક મંડળની ચૂંટણી તેમના પેટા નિયમોને આધિન કરે છે. નાગરિક સહકારી બેંકોના સભાસદો પણ વ્યક્તિ સભાસદો હોય છે. આમ ખાંડ મંડળીઓ અને નાગરિક બેંકના સભ્યમાં સામ્યતા છે. રાજ્યની ખાંડ સહકારી મંડળીઓ કાર્યના વિસ્તારમાં પણ સમગ્ર જિલ્લો કે તાલુકો આવતો નથી. એક ખાંડ મંડળીના વિસ્તારના એક કરતા વધુ તાલુકાઓ કે એક કરતા વધુ જિલ્લાઓ અંદર આવે છે. પ્રવર્તમાન ચૂંટણી પ્રક્રિયા મુજબ ખાંડ સહકારી મંડળીઓ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમની કલમ–૭૪(સી)ની પેટા કલમ–૧ના ખંડ–૫ હેઠળ સહકારી મંડળી હોવાથી ચૂંટણીની પ્રક્રિયા પાછળ ખર્ચ મોટા પ્રમાણમાં થાય છે. આ જે સુગર ફેક્ટરી છે, ત્યારે મોટા ભાગે વ્યક્તિ સભાસદો સંકળાયેલ હોવાથી ખાંડ મંડળીને પણ પ્રાથમિક કક્ષાની ગણી શકાય. રાજ્ય સરકાર દ્વારા ખાંડ સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા ખેડૂતોના હિત જળવાય છે, ત્યારે આ ખાંડ મંડળીઓને પણ ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ની કલમ–૭૪–સી, પેટા કલમ–૧ના ખંડ–૫ની જોગવાઇઓના કાર્યક્રમમાંથી બહાર લાવવાનું જરૂર જણાય છે. તેથી આપના દ્વારા આ સુધારા વિધેયક લઇને આવ્યો છું ત્યારે આ સુધારા વિધેયકને સર્વાનુમતિ મંજૂર કરવા સન્માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓને હું આપના મારફત વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહના તમામ માનનીય સભ્યો જે આ વિષય ઉપર બોલશે તે તમામને કહીશ કે હું ચોક્કસ પ્રમાણે જોઇશ કે તેઓ માત્ર અધિનિયમ કલમ–૭૪ (ગ)નો સુધારો પેટા કલમ–૧ માં ખંડ–૫ કમી કરો એ બાબત ઉપર જ બોલશે. પ્લીઝ. માનનીય લલીતભાઇ વસોયા.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીને કંઇ આઘુંપાછું બોલવા દીધા નથી.

શ્રી લલીત વસોયા : એ સભ્યશ્રી ડીંડોરને કહો, છાનામાના રહે, નહિતર હું બોલીશ. ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક લઇને માનનીય સહકાર મંત્રીશ્રી આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના છે એટલે વિષય બહારનું બીજું નહિ બોલું.

અધ્યક્ષશ્રી : આભાર, આભાર.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી,* (XXX )

અધ્યક્ષશ્રી : ના, ના એ નહિ. *( XXX) કોઇ વાત મારે સાંભળવી નથી. મારે કાંઇ સાંભળવું નથી.

શ્રી લલીત વસોયા : હું વિષય ઉપર જ બોલું છું.

અધ્યક્ષશ્રી:આના અંગે જે કંઇ બોલવું હોય તે છૂટ.(અંતરાય)તમારા શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી લલીત વસોયા : શ્રી નીતિનભાઇ, * (XXX)

અધ્યક્ષશ્રી : તમારા શબ્દો કાઢી નાખવામાં આવે છે. આગળ બોલો.

શ્રી લલીત વસોયા : શ્રી નીતિનભાઇએ* (XXX) (અંતરાય)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : કાઢી નાખ્યું બધું. અરે, અટકાવી દીધા. આગળ કહોને.

શ્રી લલીત વસોયા : અરે, આખી આખી વાત કહી હતી. મને અટકાવજો ને. હું બોલું છું.

અધ્યક્ષશ્રી : કલમમાં સુધારો બોલો.

શ્રી લલીત વસોયા : * ( XXX)...

અધ્યક્ષશ્રી : આ વાત કાઢી નાખવામાં આવે છે અને (અંતરાય) માનનીય લલીતભાઇનું માઇક બંધ કરવામાં આવે, પ્લીઝ. (અંતરાય) કોઇ શબ્દો લેવામાં નહિ આવે. મને ખબર છે. આ જે બોલવા જઇ રહ્યા છે તે અસંસદીય છે. નહિ આવે. બીજું બોલવું છે કંઇ આપને? હું વિનંતી કરું છું અને આપને ફરીવાર વિનંતી કરું છું. (અંતરાય)આપ સમજો છો કે ન બોલાય અને હું ના પાડું છું છતાંય આપ સાંભળતા નથી? આપ સાંભળો પહેલાં. અધ્યક્ષ બોલે એ તો સાંભળો? માનનીય પરેશભાઇ, એ બોલશે. એમનું માઇક ચાલુ કરો, પ્લીઝ.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હાથે હાથે પોતાના અંગત હિત માટે વિધાનસભામાં * (XXX )

અધ્યક્ષશ્રી : *(XXX ) શબ્દ કાઢી નાખવામાં આવે છે.(અંતરાય) એવું બોલાતું નથી, અસંસદીય છે. આગળ કહો.

શ્રી લલીત વસોયા : *(XXX )

અધ્યક્ષશ્રી : *(XXX ) કાઢી નાખવામાં આવે છે.

શ્રી લલીત વસોયા : સહકારી ક્ષેત્ર ઉપર કબજો જમાવવા માટેનું આ વિધેયક લઇ આવવામાં આવ્યું છે. માનનીય સહકાર મંત્રીશ્રી પંડવાઇ સુગરના ચેરમેન છે અને ગુજરાત રાજ્ય ગુજરાત ખાંડ ઉદ્યોગ સહકારી સંઘના પણ પોતે ચેરમેન છે. આપ મને રક્ષણ આપવાના બદલે રોકો છો, એટલે લાંબી વાત મારે નથી કરવી.

અધ્યક્ષશ્રી : માફ કરજો. માફ કરજો. તમને પૂરેપૂરું રક્ષણ છે. જ્યાં ભૂલ કરશો ત્યાં રોકીશ.

શ્રી લલીત વસોયા : ભૂલ કરશો એટલે બીજા દાખલા આપ્યા..(અંતરાય)

અધ્યક્ષશ્રી : સામે દલીલ ના હોય, સામે દલીલ ના હોય. (અંતરાય) એમને પૂરેપૂરું રક્ષણ પણ..

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, અમારા માનનીય સભ્યશ્રી બિલનું જે હાર્દ છે. આજ સુધી આ સહકારી ચૂંટણીઓ રેવન્યુ વિભાગ દ્વારા થતી હતી. હવે ઘરના ઘરના જ લોકો આવી ચૂંટણી પ્રક્રિયા કરવાના આ બિલનું હાર્દ છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં ક્યાં અટકાવ્યા છે? એમણે કહ્યું કે કબજો જમાવવા તે બોલ્યા ને..

શ્રી પરેશ ધાનાણી : આપ રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : પૂરેપૂરું રક્ષણ.

શ્રી લલીત વસોયા : એ બોલ્યા, કોઇને ન રોક્યા.

અધ્યક્ષશ્રી : એમની વાત સ્વીકારું છું. રક્ષણ પૂરેપૂરું દરેક સભ્યને.(અંતરાય) માનનીય મંત્રીશ્રીને રોક્યા ને. માનનીય મંત્રીશ્રીને રોક્યા.

શ્રી લલીત વસોયા : માનનીય મંત્રીશ્રીને, *(XXX) કે આ આવશે. માનનીય અધ્યક્ષશ્રી, ૭૪(ગ) થી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ અધ્યક્ષ ઉપર આક્ષેપ કરો છો?

શ્રી લલીત વસોયા : ના, હું આક્ષેપ કંઇ બોલ્યો જ નથી?

અધ્યક્ષશ્રી : મને ખબર હતી એટલે? *(xxx) આ તમારા બોલેલા શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી લલીત વસોયા : કાઢી નાખો.

અધ્યક્ષશ્રી : ફરીવાર આવું બોલશો નહિ. હું આપને વિનંતી કરું છું. આપ સારી રીતે બોલી શકો એમ છો. છતાં પણ તમે જાણી જોઇને..

શ્રી લલીત વસોયા : પણ બીજા સભ્યોને.. મારી તમારી સામે આરગ્યુમેન્ટ એ છે કે આ ગૃહમાં બેઠેલાં..

અધ્યક્ષશ્રી : આરગ્યુમેન્ટ ના થાય. આપ જે કહેવું હોય તે કહો. સામે આરગ્યુમેન્ટ ના થાય.

શ્રી લલીત વસોયા : મને એકને જ નહિ બોલવા દેવાનો?

અધ્યક્ષશ્રી : આપને બોલવા દેવામાં આવશે.

શ્રી પરેશ ધાનાણી : અમારા સદસ્યશ્રી આ ચેરનો કાયમી રિસ્પેક્ટ કરે છે.

અધ્યક્ષશ્રી : ક્યાં તમે, અરે કીધાં છતાં બેસતા નથી. એમને એવું છે કે ગમે તે બોલે તે ચાલે. એ તો ન ચલાવી લેવાય. ત્યારે મેં તમને પહેલાં કહ્યું, તમામને વિનંતી કરી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રસ્તાવના બાંધી તેમાં કલેક્ટરશ્રી એટલે કે...

---

* માનનીય ધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : બધું કહે મને, ક્યાં ના છે?

શ્રી પરેશ ધાનાણી : એટલે સાહેબ તેણે એક વાત કરી, વાડી રે વાડી દલા તરવાડીની વાડી.

અધ્યક્ષશ્રી : એ ના આવે બધું પણ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એનો કહેવાનો સાર તમે કાઢી નાખ્યો. જે બિલ છે તેનો મૂળ હાર્દ સાહેબ એ હતો..

અધ્યક્ષશ્રી : પણ કહેવાની રીત બદલે ને.

શ્રી પરેશ ધાનાણી : ઘરના લોકો ચૂંટણી કરે, સાહેબ, ક્યાંય ભૂલ થતી હોય તો તમે સુધારજો.

અધ્યક્ષશ્રી : પણ સુધારું, કેટલીવાર સુધારું. સુધરે જ નહીં તો શું સુધારું? કોઇ સુધરવા જ ન માગતું હોય.

શ્રી પરેશ ધાનાણી : ટીકાઓ ઉપરથી ગુણવત્તા સુધરશે.

અધ્યક્ષશ્રી : માનનીય લલીતભાઇ, બોલો.

શ્રી પરેશ ધાનાણી : સકારાત્મક રીતે આ ગૃહ ચલાવશે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : તમામ માનનીય ધારાસભ્યો જોક્સ અને બીજી વાત કરે છે.

અધ્યક્ષશ્રી : ક્યાં આગળ?

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : આ બાજું.

અધ્યક્ષશ્રી : બન્ને અંદરોઅંદર વાતો કરતા હોય તો મને શું વાંધો? મને ડિસ્ટર્બ ના થવું જોઇએ. અત્યારે પ્રવચન ચાલે છે. શ્રી પ્રવિણભાઇ, પ્રવચન ચાલે છે. અરે અંદરોઅંદર વાત કરે તેને મારે કંઇ...

શ્રી લલીત વસોયા : અંદરો અંદર વાતને પણ..

અધ્યક્ષશ્રી : તમે ફરિયાદ કરો ને પણ. અરે તમે પણ બોલો છો. આપ પણ બોલો છો. પ્લીઝ, તમે બેસી જાઓ. શ્રી લલીતભાઇ બોલો.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૭૪-ગથી સહકારી મંડળીની સમિતિના સભ્યોની ચૂંટણી યોજવામાં આવે છે અને આ અધિનિયમની કલમ-૧૪૫-ગ પ્રમાણે સહકારી ખાંડ કારખાનાઓની ચૂંટણીઓ જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના સંબંધિત અધિકારીઓને ચૂંટણી અધિકારી તરીકે નિમી સહકારી કાયદા તળે યોજવામાં આવતી હતી. પરંતુ ચૂંટણીનો ખર્ચ વધી જાય છે તે બહાના હેઠળ કલેક્ટરશ્રી જે રેવન્યુ વિભાગ છે અને અત્યાર સુધી કાયદા અનુસાર કાયદેસર ચૂંટણી કરાવતા આવ્યા છે. તેને એક બાજુ હડસેલી આ વિધેયક લઇ આવ્યા છે તેમાં કલેક્ટર ચૂંટણી નહીં કરે પણ ક્યા અધિકારી કરશે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ખાંડ ઉદ્યોગોનું નહીં, ફક્ત પોતાનું હિત જાળવવા માટે આ ગૃહની અંદર સહકાર મંત્રી આ બિલ લઇને આવ્યા છે તેવું સ્પષ્ટપણે મારું માનવું છે. કોઇપણ સંજોગોમાં કાયદાની અંદર ફેરફાર કરી કાયમી ધોરણે સહકારી સંસ્થાઓ ઉપર પોતાનું પ્રભુત્વ જાળવવા માટેનો તેમનો પ્રયત્ન છે. સહકાર ખાતાના અધિકારીઓ દ્વારા ચૂંટણી કરાવવા માગતા હોય તો સહકાર ખાતાની અંદર હાલમાં ૧૦૦થી વધારે અધિકારીઓની જગ્યા ખાલી પડી છે. ૬૦૦થી વધારે વર્ગ-૩ના કર્મચારીઓની જગ્યાઓ ખાલી પડી છે. સહકાર ખાતાના અધિકારીઓ દ્વારા ચૂંટણી કરી તેના દ્વારા મતદાર યાદી બનાવી, તેના દ્વારા મતદારોના બ્લોક બનાવી પોતાની રીતે ધાર્યું કરી ચૂંટણી લડવા માટેનો આ પ્રયત્ન છે. સહકારી કાયદો ઘઉંના લોટ જેવો છે. રસોડાની અંદર ઘઉંનો લોટ હોય તો ઘરવાળી તેમાંથી રોટલી બનાવે, ભાખરી બનાવે, પૂરી બનાવે આમ ઓલું થાતું હોય તો આ પણ કાઢી નાખજો કાઢવું હોય તો...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ મશ્કરી કરો છો તમે અધ્યક્ષની. આ તમારી વાત યોગ્ય નથી. તમને ઠપકો આપવામાં આવે છે.

શ્રી લલીત વસોયા : સોરી. ભાખરી બનાવે, પૂરી બનાવે, રોટલી બનાવે તેમ સહકારી કાયદાનો ભરપૂર દૂરુપયોગ સહકાર ખાતા દ્વારા કરવામાં આવી રહ્યો છે. શરૂઆતથી જ બોલવાનો મૂડ ભાંગ્યો નહીંતર હું વિગતવાર ચર્ચા કરત.

અધ્યક્ષશ્રી : કરો ને, હજી કરો.

શ્રી લલીત વસોયા : આ ગૃહની અંદર નજીવા સ્વાર્થ માટે [*](XXX) જેવા વર્ષોથી પાર્ટીને સમર્પિત માણસ...

અધ્યક્ષશ્રી : જે સભ્ય અહીં હાજર ન હોય.

શ્રી લલીત વસોયા : પાર્ટીને સમર્પિત...

અધ્યક્ષશ્રી : એક મિનિટ.

શ્રી લલીત વસોયા : પાર્ટીને સમર્પિત માણસ ન હોય તો તેનું નામ કાઢી નાખીએ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, જે માનનીય સભ્ય અહીં હાજર ન હોય તેનો ઉલ્લેખ ન થાય.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલનો વિરોધ કરું છું અને મારી વાત પૂરી કરું છું.

---

[*] માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૯

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૫, ગુજરાત સહકારી મંડળી (સુધારા)વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી માળખું એ આ દેશની કરોડરજ્જુ છે અને જો કરોડરજ્જુ સુરક્ષિત હોય તો જ વ્યક્તિ તંદુરસ્ત રીતે હરીફરી શકે, રહી શકે. એ જ રીતે સહકારી માળખું જો સુરક્ષિત નહીં હોય તો આગામી સમયમાં ક્યાંકને ક્યાંક દેશ માટે પણ પરિસ્થિતિ ઘણી બધી અઘરી થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ ખેતી પ્રધાન દેશ છે, ખેડૂતના ઘરમાં પૈસો આવશે તો જ અન્ય લોકોના ઘરમાં પૈસો આવશે એ વાત આજે પણ ખૂબ પ્રસ્તુત છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું એટલું કહેવા માગું છું કે, આવી સહકારી સંસ્થાઓને પણ જુદા જુદા નિયમો હેઠળ એની સત્તાની પાંખો યોગ્ય અધિકારીઓ પાસેથી કાપી અને પોતાના લાગતા-વળગતા માણસોને જો આપવામાં આવશે તો ક્યાંકને ક્યાંક આ ગૃહ અને આ સરકાર એવા લોકોને પીળો પરવાનો આપી રહી છે કે જે આગામી સમયમાં બધું જ પોતાનું ધાર્યું કરવા ઇચ્છે છે. જો સહકારી માળખામાં આ વસ્તુ ગંભીરતાથી નહીં લઇને આને જ હાજી-હાજી કરવામાં આવશે તો આગામી સમયમાં આવી બધી જ સહકારી પ્રવૃત્તિઓ ઉપરથી લોકોનો જે ભરોસો છે એ ક્યાંકને ક્યાંક ઉઠતો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ ગૃહનું ધ્યાન ખેંચવા માગું છું કે, આ સહકારી માળખું મજબૂત હોવું જોઇએ, પારદર્શી હોવું જોઇએ અને ભૂતકાળમાં એક વૈદ્યનાથ કમિટીની ભલામણનો જે રીપોર્ટ હતો એ બાબતની અમલવારી સ્પષ્ટપણે જોગવાઇ સાથે જો કરવામાં આવે તો જ આગામી સમયમાં જે રીતે અત્યારે ગૃહના સભ્યોને આપની પાસે રક્ષણ માગવું પડે છે તેમ આવી બધી મંડળીઓ માટે પણ રક્ષણ માગવાની ફરજ પડશે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું, આ ગૃહને વિનંતી કરું છું કે, વૈદ્યનાથ કમિટની જે ભલામણ હતી એની સ્પષ્ટપણે જોગવાઇઓ સાથે અમલવારી કરવામાં આવે. ક્યાંકને ક્યાંક આ અમલવારીમાં પોતાને જે ગમે છે એ નિયમો આપણે અપનાવ્યા છે. ભૂતકાળમાં કે ભવિષ્યમાં આપને જે નુકસાનકર્તા રાજકીય રીતે અવલોકનોમાં જે નડતા હતા એને આપણે અમલવારી કરાવી શકયા નથી એટલા માટે આપના માધ્યમથી હું વિનંતી કરું છું કે, આગામી સમયમાં આ બધા જ માળખાઓના પુનર્ગઠનની સાથેસાથે એનું રક્ષણ કરવાની જવાબદારી મારીને તમારી છે ત્યારે આવનારા સમયમાં એને આપણે યોગ્ય રીતે પ્રજા સમક્ષ નહીં લઇ જઇએ તો એવું જ થશે કે જીસકે હાથ મેં દંડ ઉસકી ભેંસ, જેના હાથમાં દંડ હશે એની જ ભેંસ. આ બધી જ પ્રવૃતિઓને જો આપણે નહીં અટકાવી શકીએ તો આગામી સમયમાં ખેડૂત બિચારો વધુ બાપડો થતો જશે અને આવી મંડળીઓ જે છે એ ક્યાંકને ક્યાંક તૂટતી જશે, ભાંગતી જશે અથવા તો એવા જ લોકોના હાથમાં આ મંડળીનો દોર આવશે કે જે સત્તા સ્થાને બેઠેલાં લોકોની હામાં હા પુરાવે. એના માટે જો આપણે જવાબદાર થઇશું તો ખેડૂતો વધુ દુઃખી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું આ ગૃહનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે, જે રીતે જુદી જુદી સહકારી સંથાઓમાં ચૂંટણીઓ થાય છે. માનો કે માર્કેટીંગ યાર્ડ હોય, ખરીદ વેચાણ સંઘ હોય તો આની અંદર આ મંડળીના બધા જ સભાસદો મત આપતા હોય છે. આપણે હજુ પરદર્શકતા લાવવા ઇચ્છતા હોઇએ, હજુ વધુ ખેડૂતોને સત્તા આપવા ઇચ્છતા હોઇએ તો જેટલા ખેડૂતો જે તે યાર્ડમાં કે જે તે સંઘમાં નોંધાયેલા હોય એ આવી ચૂંટણીઓમાં બધા જ લોકો જો લાભ લે તો ચોક્કસપણે ખ્યાલ આવશે કે ખેડૂતો શું કરવા ઇચ્છે છે. એક વાત બહુ સારી રીતે પ્રવર્તે છે કે જીન્સ પેન્ટ પહેરેલા લોકો આજે ખેડૂતોને સમજાવી રહ્યા છે, જે ખેતીથી ઘણાં બધા દૂર છે એ બધા લોકો આવા લોકોને સમજાવી રહ્યા છે. કદાચ એટલા માટે ખેતી દિવસેને દિવસે ભાંગતી રહી છે ત્યારે આવનારા સમયમાં આ સહકારી મંડળીઓનું જે વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું વિનંતી કરું છું કે આગામી સમયમાં આ બધું યોગ્ય રીતે સુપેરે પાર પાડવું આપણી જવાબદારી છે કારણ કે, આપણે બધા વિશિષ્ટ પ્રતિભાઓ સાથે અહીંયા આવ્યા છીએ. જેને કુદરતે કાંઇ વિશિષ્ટતા આપી હોય એની નમ્રપણે ફરજ બને છે કે જે વંચિત છે, શોષિત છે એનું રક્ષણ કરવામાં આવે. એટલા માટે ફરી વખત આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બિલ છે એને પરત ખેંચી અને આગામી સમયમાં ચોક્કસપણે જે યોગ્ય રીતે થઇ શકે એમ હોય એ કરે અને આગળ વધે તો બધા માટે સારું થશે. "આભાર"

શ્રી વિરજીભાઇ ઠુમ્મર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી જે સહકારી સુધારા વિધેયક લઇને આવ્યા છે તે બિલ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે અને અત્યારે જે મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ એક્ટ દેશમાં લાગુ પડ્યો છે, તેની અમલવારી કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય છે, ત્યારે ૭૪(સી) પ્રમાણેનો જે સુધારો લઇને આવ્યા છે તે મુલત્વી રાખે તેવી વિનંતી કરવા માટે ઉભો થયો છું. માનનીય મંત્રીશ્રી આંકડા આપતા હતા, બહુ આનંદ સાથે મારે કહેવું છે કે એમને આંકડા આપતા આપે અટકાવ્યા. કર્મચારીઓનું હિત અને બીજી બધી વાતો કરતા હતા, કલેક્ટરશ્રી જો ચૂંટણી કરાવે તો કર્મચારીઓનું હિત જોખમાતું હતું? મારો આટલો પ્રશ્ન તો જરૂર થાય છે. આટલા કર્મચારીઓ કામ કરતા હતા. કલેક્ટરશ્રી ચૂંટણી કરતા હતા એમાં તો વધારે તંદુરસ્તી હોય છે. હવે તમારી કોઇપણ સરકારી એજન્સી મારફતે અથવા જે આ ખાંડ કારખાના છે એ પોતાની રીતે ચૂંટણી કરશે તો મને લાગે છે કે આપ સહકારીકરણ નહિ પણ ખાનગીકરણ તરફ આગળ વધી રહ્યા છો. આ સહકારીકરણને ભાંગી નાંખવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. સહકાર તો એક મોટો ઉદ્દેશ છે. આપણે યાદ કરીએ અમૂલને, આપણે યાદ કરીને ઉદયભાણસિંહજી જેવા આપણા પોરબંદરના પનોતા પુત્ર જેમણે જમીન વિકાસ બેન્કની પ્રથમ સ્થાપના કરી અને ગુજરાતમાં જ નહિ, પરંતુ દેશની પ્રથમ સહકારી પ્રવૃત્તિ સ્થાપી હોય તો તે સ્થાપનાર ગુજરાત છે. ઇફકો જેવી સંસ્થા સ્થાપવા

માટેનું જો કોઇએ કામ કર્યું હોય તો એ પોરબંદરના પનોતા પુત્ર ઉદયભાણસિંહજીએ કર્યું છે. હું કોટી કોટી વંદન કરું છું આ પોરબંદરના પનોતા પુત્રને કે જેમણે ગાંધીજીના વિચારોને ગહન કરીને સહકારી પ્રવૃત્તિ સ્થાપી. આ ઇફકો સંસ્થા ભારત દેશની નંબર-૧ નહિ, પરંતુ ૨૦૦૩ પછી દુનિયાની નંબર-૧ સંસ્થા બની છે. આવી કોઇ કો-ઓપરેટીવ પ્રવૃત્તિ થતી હોય તો ભારત દેશમાં ઇફકો સંસ્થા ગુજરાતમાં ધારણ કરે છે. ક્રિભકો સંસ્થા એમાંથી સ્થપાઇ. અમૂલની પણ મેં વાત કરી, વિઠ્ઠલભાઇનું તે વખતનું સ્વપનું અને તેના કારણે આ અમૂલ. આપણે ફોરેન જતા હોઇએ ને આપણને પ્લેનમાં જે ચીઝ, બટર આપવામાં આવે છે એમાં પણ અમૂલ. ફોરેનથી ક્યારેક પાછા પ્લેનમાં ફરતા હોઇએ અને બટર આપવામાં આવે છે એ પણ અમૂલનું. હિંદુસ્તાનમાં પાછા આવીએ ત્યારે એના માટે ગર્વ થાય છે. આ સહકારી પ્રવૃત્તિ આવા ઉદ્દેશ સાથે આગળ વધી છે ત્યારે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે એવું તો કયું કારણ ઉભું થયું છે કે તમે આ ખાંડ કારખાનાને ૭૪(સી)માંથી બાદ કરો છો. આપે દાખલા આપ્યા, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે સીધા જ એ વ્યક્તિ સભ્યો છે, નાગરિક બેન્કના વ્યક્તિ સભ્યો છે એટલે તમે ૭૪(સી) લગાવતા નથી, જમીન વિકાસ બેન્કના સીધા વ્યક્તિ સભ્યો છે. એને ૭૪(સી)થી ચૂંટણી કરીએ છીએ. મારે દુઃખ સાથે કહેવું છે કે, રાજ્ય સરકારના રજીસ્ટ્રારશ્રીએ એના બાયલોઝ સુધાર્યા પછી એ બાયલોઝને પણ બંધ રાખવાનું કામ સહકાર મંત્રીશ્રી, આપના વિભાગ મારફતે થયું છે. રજીસ્ટ્રાર એટલે કોણ, આઇ.એ.એસ. ઓફિસર, જેમણે આ બાયલોઝ સુધાર્યા. ૧૮ લાખ રૂપિયા જેવો બેન્કે ખર્ચ કર્યો અને આ બાયલોઝ સુધાર્યા અને અપીલ મારફતે એ બાયલોઝ રદ કરી એની ચૂંટણી બંધ રાખી રહ્યા છો ત્યારે સહકારી પ્રવૃત્તિ બંધ નથી થતી, જે હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું અનુકૂળતા પ્રમાણે ચાલતી આ સહકારી પ્રવૃત્તિ બનાવવા માગો છો? ખાનગીકરણ તરફ આગળ વધતા હોઇ અને આ ખાંડ કારખાનાઓ, ભૂતકાળમાં ઘણી ખાંડ ફેકટરીઓ બંધ થઇ છે એટલે બંધ કરવા માટેની ઇચ્છાથી આ સુધારા બિલ લાવ્યા છે અને એની પછી મિલકત જે વધે એ ખાનગી રીતે વેચી નાંખવા માટે આ બિલ લાવ્યા હોય એવું મને તો લાગે છે. વૈદ્યનાથન કમિટી આવ્યા પછી બહુ સ્વતંત્રતા મળી છે. કોઇપણ સહકારી પ્રવૃત્તિને એટલી બધી સ્વતંત્રતા અપાઇ છે. જ્યારે વૈદ્યનાથન કમિટીનો અમલ નહોતો ત્યારે હું એક સહકારી સમિતિના પ્રેસીડેન્ટ તરીકે કામગીરી કરતો હતો. મેં ઇફકો જેવી સંસ્થામાં ચાળીસ લાખ રૂપિયાનું એ સંસ્થામાંથી રોકાણ કર્યું, મને સસ્પેન્ડ કરવામાં આવ્યો. ઇફ્કો સંસ્થા એટલે કોણ? તમે અહીં મંજૂરી નથી લીધી એટલા માટે તમને સસ્પેન્ડ કરવામાં આવે છે. ઇફ્કો સંસ્થા સહકારી પ્રવૃત્તિ હેઠળ છેલ્લાં ૧૫ વરસથી ૨૦ ટકા ડિવિડન્ડ એના સભાસદોને આપે છે. જે સભાસદો છે એ બધી જ મંડળીઓ છે. એમાં વ્યક્તિ સભાસદો કોઇ નથી. તે દિવસે આ કાયદો હતો. વૈદ્યનાથન કમિટી પછી સહકારી પ્રવૃત્તિને કેટલી બધી સ્વતંત્રતા મળી છે? એટલી બધી સ્વતંત્રતા મળી છે કે કોઇપણ સહકારી સંસ્થાને પોતાના નાણાં ક્યાં રોકવા એ એની કમિટીને અધિકાર મળ્યો છે ત્યારે ૭૪(સી) તરીકે સુગર ફેક્ટરીઓને બંધ રાખવાનું આપના તરફથી એવું કહેવામાં આવ્યું છે કે દાખલા દલીલો ટાંકી છે એની સાથે પણ સુમેળ બંધાતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ પોતાના ઉદેશ્ય અને કારણોમાં લખ્યું છે, અન્ય અધિકારીઓની પણ કલેક્ટર દ્વારા નિમણૂક કરવામાં આવે છે. ચૂંટણી અધિકારીઓ તરીકે પ્રાંત અધિકારીને નીમાય છે, સાચી વાત છે. સમય જતાં કાયદાના અમલીકરણ માટે કલેક્ટર એ સરકાર અને લોકો વચ્ચેની મહત્વની કડીરૂપ વ્યકિત હોવાથી તેમના કાર્યભારમાં એકધારો વધારો થતો રહ્યો છે. તમે બધા જ્યારે કોઇ નાના મોટા કાર્યક્રમો હોય, મંત્રીશ્રીઓના કોઇ કાર્યક્રમો હોય ત્યારે કલેક્ટરશ્રીઓને ભીડ ભેગી કરવા માટેની કામગીરી સોંપો છો ત્યારે અસર થતી નથી. ત્યારે લોકો ત્યાં જાય છે અને કેટલી મુશ્કેલી પડે છે. એને આપેલી તારીખ, આજે તો મંત્રીશ્રી આવ્યા છે એટલે કલેક્ટરશ્રીને ભીડ ભેગી કરવા માટેની જવાબદારી સોંપાણી છે ત્યારે અસર થતી નથી, પરંતુ જ્યારે આવી સહકારી સંસ્થાઓની ચૂંટણી કરવાની થાય છે ત્યારે તેમાં લખ્યું છે, કાર્યનીતિને નિયત સમયમાં પુરવાર કરવા માટે કલેક્ટર અસમર્થ રહે. કલેક્ટરશ્રી અસમર્થ રહેશે ? કલેક્ટરશ્રી જો અસમર્થ રહેતાં હોય તો સરકારને તેને ડિસમીસ કરવાનો પણ અધિકાર છે, એને સસ્પેન્ડ કરવાનો પણ અધિકાર છે. આજે તમે જોયું હશે. મેં જોયુ, મેં વાંચ્યુ. હમણાં મારી પાસે એક એસ.એમ.એસ.આવ્યો છે. એક આઇ.એ.એસ.ઓફિસરે લગ્ન કર્યા હતા અને પાછાં કંઇક ઇલુ ઇલુ કરતા હતા. આજે એમાં એક કમિટી બનાવીને તેની તપાસ કરવા માટેનો પણ સરકારે નિર્ણય કર્યો હોય તો આવા કલેક્ટરશ્રી કે જે ચૂંટણી ના કરી શકતા હોય તો એને સસ્પેન્ડ ના કરી શકે, સરકાર એટલી નબળી બની ગઇ છે ? ત્યારે આ ૧૪૫-ચની જોગવાઇ અને ૭૪-સીની જોગવાઇ બહુ તંદુરસ્ત ચર્ચાઓ કર્યા પછી સરકારશ્રી લાવી છે અને આ કાયદાઓ અમલમાં લાવ્યા છે. અત્યારે તાત્કાલિક અસરથી આવા કાયદાઓ બદલી અને અધિકાર મંડળીઓને આપવા માટે તો મલ્ટી સ્ટેટ કો.ઓપરેટીવ એક્ટનો જે કાયદો કેન્દ્ર સરકાર લાવી છે તે લૂલો બનાવવા માટેનું મને લાગે છે. તે લૂલો બનાવવાને બદલે ગુજરાતની સહકારી પ્રવૃત્તિ નંબર-૧ બની છે. હિંદુસ્તાનમાં સહકારી પ્રવૃત્તિ નંબર-૧ હોય તો મહારાષ્ટ્ર અને ગુજરાતની છે. મહારાષ્ટ્ર પણ આપણું ભાઇ છે. આ મહારાષ્ટ્રનું આપણું જે કો-ઓપરેટીવ માળખું આવ્યું હતું અને આ કો-ઓપરેટીવ માળખું બન્યું છે ત્યારે મેં અભ્યાસ કર્યો છે તેની સાથે કહેવું છે કે આજથી વર્ષો પહેલાં, આ સહકારી એક્ટ આજથી લાગુ નથી પડયો. અંગ્રેજોના વખતમાં ૧૮૯૯માં સહકારી પ્રવૃત્તિ દાખલ થઇ છે. રોશન નામનું ઇંગ્લેન્ડનું એક ગામ છે. તેની વિઝિટ પણ હું કરી ચૂક્યો છું. રોશનમાં ત્યારે ભૂખમરો આવ્યો, માણસને કાંઇ મળે નહીં એવા સંજોગોમાં ૧૧ જણાં ભેગાં થઇને સહકારી પ્રવૃત્તિની સ્થાપના કરી. એ રોશનની સહકારી પ્રવૃત્તિ હિંદુસ્તાનમાં લાગુ પડી અને સહકારી પ્રવૃત્તિ ગુજરાતમાં નંબર-૧ બની છે અને તેની ચૂંટણી કલેક્ટરશ્રી કરે ત્યારે માનનીય મંત્રીશ્રી આ ચિંતા વ્યક્ત કરી અને બંધ કરાવવા માગે છે તેવા સંજોગોમાં મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, તમે પણ સહકારી પ્રવૃત્તિ સાથે

જોડાયેલાં છો, આપ પણ ઘણી સંસ્થાઓના ચેરમેન બનો અને હજુ પણ બનો, પણ તમારા આ કલેક્ટરશ્રીના વડપણ નીચે ચૂંટણી થતી હતી તે અટકાવીને આ સહકારી પ્રવૃત્તિને ભાંગી નાંખવા માટેની કામગીરી ચાલતી હોય એવું મને લાગે છે. *(XXX) એમને કોઇ યુનિયન આવીને સમજાવી ગયા હોય એવું લાગે છે. એટલા માટે એવું લાગે છે કે ઘણી સહકારી પ્રવૃત્તિની ચૂંટણીઓ થઇ શકી નથી. તમે જો દાખલા દલીલ સાથે કહ્યું હોય કે વ્યકિત સભ્યો આમાં જોડાયેલાં હતા તો વ્યકિત સભ્યો નાગરિક બેંકમાં જોડાયેલાં છે અને તેની ચૂંટણી નહોતી થતી. આની ચૂંટણી ૭૪-સી પ્રમાણે દાખલ કરવા માટેનો તે વખતે કરાયેલો નિર્ણય ત્યારે શું ગંભીરતા પ્રમાણેનો નિર્ણય નહોતો ? એટલે મને લાગે છે કે માનનીય મંત્રીશ્રી બહુ ઉતાવળે આ બિલ લાવ્યા છો. સહકારી પ્રવૃત્તિ નંબર-૧ છે. ગુજરાત પર વિશ્વાસ છે અને વિશ્વાસ સાથેની સહકારી પ્રવૃત્તિ ચાલે છે ત્યારે આ જે ખાંડ ઉત્પાદન કરતી સહકારી પ્રવૃત્તિઓમાં અનેક ખેડૂતો જોડાયેલાં છે અને તેના નાણા પણ ચૂકવતા નથી. ઉત્તર પ્રદેશમાં કે કેટલાય ખાંડના કારખાનામાં..

અધ્યક્ષશ્રી : માનનીય ઠુમ્મર જી, બિલ ઉપર આવી જાવ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, તેની શેરડીના પૈસા મળતાં નથી. ગુજરાતમાં મળી રહ્યાં છે. ગુજરાતમાં જ્યારે મળી રહ્યાં છે ત્યારે આ સહકારી પ્રવૃત્તિની ચૂંટણી ૭૪-સીની કલમ જે રદ કરવા માટેનો નિર્ણય કર્યો છે તે પાછો ખેંચવામાં આવે અને આ બિલ પાછું ખેંચવામાં આવે તેવી હું વિનંતી કરૂં છું. નહીંતર મને લાગે છે સહકારી પ્રવૃત્તિ ભાંગવાની આ શરૂઆત થશે અને એ શરૂઆત થશે ત્યારે ઇશ્વરસિંહ, તમે તો સિંહ સાથે જોડાયેલાં છો. *(XXX)

અધ્યક્ષશ્રી : માનનીય ઠુમ્મરજી, આ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આપને નિયમ પ્રમાણેની સહકારી પ્રવૃત્તિ ૭૪-સી પ્રમાણેની ચૂંટણી માટેની હતી તે પ્રમાણે ચાલુ રાખવામાં આવે તેવી હું માગણી કરૂં છું અને બિલનો વિરોધ કરું છું.

અધ્યક્ષશ્રી : *(xxx)તે શબ્દો પણ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સુધારા વિધેયક માટે મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતના ખેડૂતોના વિકાસમાં ખાંડ મંડળીઓનું યોગદાન મહત્ત્વનું રહ્યું છે અને ખેડૂતોને શેરડીનું ઉત્પાદન કરીને ખાંડ તેમજ જુદી-જુદી પ્રોડક્ટમાં રૂપાંતર કરીને ખેડૂતોને ઉંચા ભાવ મળી રહે એ પ્રમાણે આ બિલ આપવામાં આવ્યું છે. આજે જ્યારે આપણે ગૃહમાં ચર્ચા કરીએ છીએ ત્યારે આપણાં સૌ માટે ગૌરવની બાબત એ છે કે ગુજરાતમાં ખાંડ મંડળીઓ સહકારી ધોરણે ચાલતી હોઇ, અન્ય રાજ્યો કરતાં ખાંડની રીકવરી નીચી હોવા છતાં રાજ્ય સરકારની નીતિ, વિશ્વસનીયતા, પ્રમાણિકતા અને કરકસરના કારણે દુનિયાની અંદર ગુજરાતમાં શેરડીનો ભાવ ઉંચો છે. હું કહેતા આનંદની લાગણી અનુભવું છું કે વૈશ્વિકરણ, ઉદારીકરણ, ખાનગીકરણ, આર્થિક નીતિના કારણે વિવિધ ઉદ્યોગોમાં હરિફાઇનું વાતાવરણ ઊભું થયું છે. ગુજરાતની સહકારી સંસ્થાઓમાં હરિફાઇનો સામનો સક્ષમ બન્યો છે. ખાસ કરીને ગુજરાતની સહકારી ધોરણે ચાલતી ખાંડ મંડળીઓ ઓછું ઉત્પાદન ખર્ચ, ઓછો વહીવટ ... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : બિલ ઉપર આવો.

શ્રી અરૂણસિંહ અ. રણા : બિલ ઉપર જ છું.

અધ્યક્ષશ્રી : બિલ ઉપર નથી.

